૩



# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

- મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.

## દ્રવ્યાનુયોગ પરામર્શ
- પંન્યાસ યશોવિજય



દ્રવ્યની જે નિર્મળ પરિણતિ બાહ્યનિરપેક્ષ પરિણામ.....
......जिम-आया सामइए..
અનંતશક્તિમય પરિણતિ...
સમત્વ પરિણતિ...
ચિદાનંદ પરિણતિ
...જ્ઞાયક પરિણતિ...
નિરંજન નિરાકાર પરિણતિ
શુદ્ધ આત્મ દ્રવ્ય

...તે પણિ નિશ્ચયનયનો અર્થ જાણવો.

...आया सामाइअस्स अट्ठे (ભગવતી સૂત્ર : ૧/૯/૨૪) (રાસ : ૮/૨૨ સ્વોપજ્ઞ ટબો)

બાહ્ય કોઈ પણ પરિબળથી
નિરપેક્ષ જે સમત્વસ્વભાવ તે જ

**આત્મા !**

આ રીતે આત્માની
નિર્મળ પરિણતિને પકડનાર
નિશ્ચયનય છે.


પરમ પૂજ્ય સકલ સંઘ હિતચિંતક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા
समर्पणम्
त्वदीयं तुभ्यं समर्पयामि
द्रव्य गुण पर्यायनो रास
अष्टोत्तरशतश्रेणि-
तपोभूत्या प्रभास्वरम्।
भुवनभानुसूरीशम्,
भीमे भावाद्व्रजे भवे।।3।।

## પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

૩

વિકલ્પો અને વિભાવોથી બનાવે ઉદાસ
શુદ્ધ આત્મદ્રવ્યનો કરાવે પ્રતિભાસ
આનંદઘનસ્વરૂપમાં જે કરાવે નિવાસ
એવો છે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

વધાર્યો વ્યર્થ વાતો ને વિકથાઓનો વ્યાસ
માટે જ વેઠ્યો કર્મોનો અનહદ ત્રાસ
હવે પ્રગટી છે પરમપદની પાવન પ્યાસ
તેથી જ વાંચવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.

॥ શ્રીઆદિનાથાય નમઃ ॥

।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

પંન્યાસ યશોવિજય રચિત

દ્રવ્યાનુયોગપરામર્શ-દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા-કર્ણિકાસુવાસથી વિભૂષિત

**મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત**

**સ્વોપજ્ઞટબાર્થ યુક્ત**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ-૩

• દિવ્યાશિષ •

પરમ પૂજ્ય ન્યાયવિશારદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

• શુભાશિષ •

પરમ પૂજ્ય સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવેશ

શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• દ્રવ્યાનુયોગપરામર્શાદિકાર + ગુર્જરવિવેચનકાર + સંપાદક •

પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક પંન્યાસ પ્રવર

**શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજના શિષ્યાણુ

પંન્યાસ યશોવિજય


• પ્રકાશક •

**શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**

ઈર્લાબ્રીજ, ૧૦૬, એસ.વી.રોડ, વિલેપાર્લા (વેસ્ટ),

મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : (૦૨૨) ૨૬૭૧૯૩૫૭

* ગ્રન્થનું નામ : દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

* મૂળકાર + સ્વોપજ્ઞ ટબાકાર : મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.સા.

* દ્રવ્યાનુયોગપરામર્શ : નવનિર્મિત સંસ્કૃત પદ્યો

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા : સ્વોપજ્ઞ ટબાર્થ અનુસારી વિસ્તૃત સંસ્કૃતવ્યાખ્યા

* દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ / કર્ણિકાસુવાસ : ગુર્જર વિવેચન

* સંશોધક : પ.પૂ.આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ

* આવૃત્તિ : પ્રથમ * કુલ ભાગ : સાત

* મૂલ્ય : સંપૂર્ણ સેટના ₹ ૫૦૦૦/-

* પ્રકાશન વર્ષ : વિ.સં.૨૦૬૯ • વી.સં.૨૫૩૯ • ઈ.સ.૨૦૧૩ *

* © સર્વ હક્ક શ્રમણ પ્રધાન જૈન સંઘને આધીન છે *

* પ્રાપ્તિ સ્થાન : (૧) પ્રકાશક

(૨) શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯ કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦.
જિ.અમદાવાદ.ફોન : ૦૨૭૧૪-૨૨૫૪૮૨

(૩) શ્રી સતીષભાઈ બી. શાહ
૫, મૌલિક ફ્લેટ્સ, ઓપેરા ફ્લેટ્સની સામે, સુખીપુરા,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. : ૯૮૨૫૪૧૨૪૦૨

(૪) ડૉ. હેમન્તભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહનગર બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૭૮૦૩૨૬૫

(૫) શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી
૫૦૨, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, અતિથિ ચોકની પાસે,
કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. મો.૯૮૨૫૧૬૮૮૩૪

* મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૫૪૬૦૨૯૫, મો.૯૯૦૯૪૨૪૮૬૦ *

# ક્યાં શું નિહાળશો ?

પૃષ્ઠ

❖ પ્રકાશકીય નિવેદન ........................................................ 6

❖ શ્રુત અનુમોદના ........................................................ 7

❖ પ્રસ્તાવના :
પૂજ્ય આચાર્યદેવ શ્રીમુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. ........................................ 8-15

❖ તૃતીય ભાગની વિષયમાર્ગદર્શિકા ........................................ 16-32

❖ ઢાળ-૬ ........................................................ ૬૭૫ - ૮૧૪

❖ ઢાળ-૭ ........................................................ ૮૧૫ - ૯૦૪

❖ ઢાળ-૮ ........................................................ ૯૦૫ - ૧૧૦૪

॥ ઈર્લામંડન શ્રીઆદિનાથાય નમઃ ॥

# પ્રકાશકીય નિવેદન

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ** વિરચિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** તથા તે ઉપર વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજ દ્વારા વિરચિત વિસ્તૃત નૂતન રચના વગેરેને ૭ ભાગમાં પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણોમાં સમર્પિત કરતા અનહદ આનંદ અનુભવીએ છીએ. આ નવલા ગ્રંથના પ્રકાશનનો લાભ અમારા શ્રીસંઘને પ્રાપ્ત થયાનો અમોને અનેરો આનંદ છે.

ભગવાનના વચનો સાંભળવા, તેના ઉપર ગહન વિચાર કરવો, નિરંતર વાગોળવા, સતત ઘૂંટવા જેથી આત્મા તદ્રૂપ બની જાય તે શુભ પ્રવૃત્તિ છે. અર્થાત્ જીવ અશુભથી દૂર થઈ શુભમાં જોડાય છે અને જીવને પુણ્ય બંધાય છે. આ પુણ્યબંધ એવા પ્રકારનો પડે છે કે જેના ફળ સ્વરૂપે જીવને મોક્ષ (=શાશ્વત સુખ) પ્રાપ્ત થાય છે. વળી, શાશ્વત સુખ પ્રાપ્ત થતાં જેટલા ભવો લાગે તે દરમ્યાન જીવને અનુકૂળ સામગ્રી અને સંયોગો પ્રાપ્ત થતા રહે છે - **આ પ્રમાણે પરમ શ્રદ્ધેય ગુરુભગવંતો પાસેથી જાણ્યું છે.**

પ્રસ્તુત ગ્રંથ જિનવચન સાપેક્ષ છે. તેમ જ આ ગ્રંથનું ઉદ્ગમ સ્થાન પણ જિનવચન જ છે. તેથી આ સંપૂર્ણ ગ્રંથનું શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરે શુભ પ્રવૃત્તિ રૂપ જ છે. આ કારણે અમારા શ્રીસંઘને પ્રકાશનનો લાભ પ્રાપ્ત થયાનો વિશિષ્ટ આનંદ હોય એ સ્વાભાવિક છે.

સંસ્કૃત ભાષામાં રચાયેલા અનેક ગ્રંથોના ગુજરાતી ભાષામાં અનુવાદ થયેલ છે. પરંતુ આ ગ્રંથની વિશેષતા એ છે કે તેની રચના ગુજરાતી ભાષામાં થયેલ છે અને તેના ઉપર એકથી વધુ સંસ્કૃત ભાષામાં અનુવાદ થયેલ છે. પ્રાચીન ૩૦૦ વર્ષ જૂની ભાષાના ભલે આપ જાણકાર હો, તેમ છતાં ગુરુગમ તેમ જ શાસ્ત્રના ઉચ્ચ કક્ષાના અભ્યાસ વિના, પ્રસ્તુત ગ્રંથનો સમ્યક્ બોધ થવો સરલ નથી. કેમ કે આ ગ્રંથનો વિષય દ્રવ્યાનુયોગ છે.

જૈન-જૈનેતર દર્શનના અનેક ગ્રંથોનું વિશદ વાંચન, ગહન ચિંતન અને અદ્ભુત ઉપસ્થિતિ જેઓશ્રીને પ્રાપ્ત છે એવા વિશિષ્ટ ક્ષયોપશમથી યુક્ત વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય પંન્યાસ શ્રીયશોવિજયજી મહારાજે એક માત્ર પરમાર્થના હેતુથી, સર્વે જિજ્ઞાસુ યોગ્ય જીવોને બોધ સુગમ બની રહે તે માટે ૭ વર્ષથી અધિક સમયનો પરિશ્રમ લઈ આ પ્રમાણે ગ્રંથનું આંતરિક સ્વરૂપ ગોઠવેલ છે :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ - મૂળ ગ્રંથ. (૨) તે ઉપર સ્વોપજ્ઞ (ઉપા.કૃત) વ્યાખ્યા - ટબો. (૩) તેના ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાય રાસને અનુસરતો શ્લોકબદ્ધ દ્રવ્યાનુયોગ પરામર્શ. (૪) તથા સ્વોપજ્ઞ ટબાને અનુસરતી દ્રવ્યાનુયોગ-પરામર્શકર્ણિકા નામની સંસ્કૃત વ્યાખ્યા. (૫) કર્ણિકા સુવાસ નામક ગુજરાતી વિવેચન (આધ્યાત્મિક ઉપનય વગેરે સહિત).

પ.પૂ.પંન્યાસજી મહારાજે અથાગ પ્રયત્નથી ૩૬ હસ્તપ્રતો દ્વારા મૂળ ગ્રંથ તથા સ્વોપજ્ઞ ટબાનું સંશોધન કરેલ છે. જે અત્યંત સ્તુતિને પાત્ર છે. અમારો શ્રીસંઘ તેઓશ્રીનો સદાય ઋણી રહેશે.

પરમશ્રદ્ધેય સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ **શ્રીપ્રેમસૂરીશ્વરજી** મહારાજ, પરમારાધ્યપાદ સકલસંઘહિતચિંતક આચાર્યદેવ **શ્રીભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજની દિવ્યકૃપા અમારા શ્રીસંઘ ઉપર સદૈવ વરસતી રહે છે. પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ **શ્રીજયઘોષસૂરીશ્વરજી** મહારાજ અમારા શ્રીસંઘનું સદૈવ યોગક્ષેમ કરી રહ્યા છે. પરમ પૂજ્ય તર્કનિપુણમતિ આચાર્યદેવ **શ્રીજયસુંદરસૂરીશ્વરજી** મહારાજનું મંગલ માર્ગદર્શન અમારા શ્રીસંઘને સતત મળતું રહે છે. પરમ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીવિશ્વકલ્યાણવિજયજી** મહારાજનું પણ આ અવસરે અમે અત્યંત આદરભાવે સ્મરણ કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ-પ્રકાશન વગેરે કાર્યોમાં સાક્ષાત્ કે પરોક્ષ સહકાર આપનારા નામી-અનામી સૌનો અમારો શ્રીસંઘ આભાર માને છે.

સર્વે વાચકોને આ ગ્રંથ કલ્યાણકારી બની રહે તેવા પ્રકારની મંગલ કામના. તથા વધુને વધુ આવા અણમોલ લાભ અમારા શ્રીસંઘને મળતા રહે તેવી શાસનદેવને પ્રાર્થના.

✍ **શ્રેયસ્કર શ્રીઅંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા-મુંબઈ**

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ભાગ - ૧ થી ૭

* સંપૂર્ણ લાભાર્થી *

## શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

ઈર્લા, મુંબઈ

ધન્ય શ્રુતભક્તિ !

ધન્ય શ્રુતપ્રેમ !

ધન્ય શ્રુતલગની !

ભૂરિ - ભૂરિ અનુમોદના...

નોંધ :- આ સાતેય પુસ્તકો જ્ઞાનદ્રવ્યમાંથી છપાયેલ હોવાથી
મૂલ્ય ચૂકવ્યા વિના ગૃહસ્થે માલિકી કરવી નહી.

# ❀ પ્રસ્તાવના ❀

✍...... **શ્રીમદ્ વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

**મહોપાધ્યાય શ્રીયશોવિજય** ગણિવરની **"દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ"** નામે પ્રખ્યાત કૃતિ છે. સ્વોપજ્ઞ ટબો, ગણિવર શ્રીયશોવિજયજી મ. કૃત રાસનું સંસ્કૃત રૂપાંતર, ટબાનુસારી વિસ્તૃત સંસ્કૃત ટીકા અને ગુજરાતી વિવેચન સાથે તે કૃતિ આજે પ્રસિદ્ધ થઈ રહી છે. તે ઘણા આનંદનો વિષય છે.

**● નામકરણ ●**

આ કૃતિની આદ્ય કડી આ પ્રમાણે છે :- **'શ્રીગુરુ જીતવિજય મન ધરી શ્રીનયવિજય સુગુરુ આદરી; આતમ-અર્થિનઈ ઉપગાર, કરું દ્રવ્યઅનુયોગ વિચાર.'** આ પ્રમાણે આ કૃતિનું 'દ્રવ્યઅનુયોગ વિચાર' એવું નામ ગ્રંથકારને અભિપ્રેત હોય એમ જણાય છે. ગ્રંથના અંતે કે સમગ્ર ગ્રંથમાં ક્યાંય **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** એવું નામ સૂચિત નથી. છતાં આ જ નામ સર્વત્ર પ્રચલિત બન્યું છે એ વાત ચોક્કસ છે. તથા આ નામ મહોપાધ્યાયજીએ પોતે જ પ્રચલિત કર્યું હોય તેમ જણાય છે.

મહોપાધ્યાયજીએ લખેલા ત્રણ પત્રો મળે છે. એક સંસ્કૃતમાં અને બે ગુજરાતી ભાષામાં લખાયેલા છે. ગુજરાતીમાં લખાયેલ પ્રથમ કાગળ વિ.સ. ૧૭૩૧ કે તે પછી લખાયેલો છે. શા. હરરાજ અને શા. દેવરાજ ઉપર પ્રશ્નના ઉત્તર તરીકે લખાયેલા આ વિસ્તૃત કાગળમાં પૃ. ૧૦૧ ઉપર 'દ્રવ્ય-ગુણ -પર્યાયનો રાસ' નો ઉલ્લેખ છે.

ઉપાધ્યાયજીના જીવન અને કવન વિષે અનેક ગ્રંથો દ્રષ્ટવ્ય છે. **'યશોવંદના'**, **'શ્રુતાંજલી'**, **'મહો. યશોવિજય સ્મૃતિગ્રંથ'**, **'મહોપાધ્યાય યશોવિજય સ્વાધ્યાયગ્રંથ'**, **'અમર ઉપાધ્યાય'**, **'યશોવિજય પ્રવચનમાળા'**, **'યશોભારતી'** આદિ.

**માનવિજય**કૃત **નયવિચાર** - સાત નયનો રાસ, **હેમરાજ**કૃત સં. ૧૭૨૬ માં **નયચંદ્રરાસ** પ્રસ્તુત રાસ પછી રચાયા છે. એવી રીતે ઉપદેશ અને અધ્યાત્મ વિષયક **ઉપદેશરત્નકોશ, ધ્યાનદીપિકા, અધ્યાત્મ-કલ્પદ્રુમ** ચોપાઈ વગેરે રચાયા છે. આવી ઘણી કૃતિઓ પર આ રાસની છાયા કે અસર જોઈ શકાય છે.

પ્રસ્તુત રાસની ચોથી ઢાળનું વિવેચન કરતાં થયેલ વિશેષ સ્ફુરણાઓને સંકલિત કરવા આ. **અભયશેખરસૂરિજી**એ **'સપ્તભંગી વિંશિકા'** સ્વોપજ્ઞ ટીકા સાથે રચી છે.

**● મહોપાધ્યાયજી અને તેઓશ્રીની કૃતિઓ ●**

મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરના નામ-કામ જૈન જગતમાં જાણીતા છે. 'યશોદોહન' વગેરે પુસ્તકોના લેખોમાં શ્રીહીરાલાલ ર. કાપડિયા વગેરેએ ઉપાધ્યાયજીના જીવન અને ગ્રંથો વિષે વિગતે લખ્યું છે. અહીં એ બધાના આધારે ઉપયોગી થોડીક વિગતો જોઈએ.

મહોપાધ્યાયશ્રીની સંસ્કૃતમાં ૧૩૦ જેટલી, પ્રાકૃતમાં ૧૦, ગુજરાતીમાં ૧૦૦ જેટલી, હિન્દીમાં ૧૫ જેટલી રચનાઓની નામાવલિ **યશોદોહન** પુસ્તકમાં (પૃ.૪૦૪ થી) અપાયેલી છે. આમાં પ્રગટ,

અપ્રગટ, અનુપલબ્ધ, ઉપલબ્ધ બધી રચનાઓના નામ છે. હિન્દીમાં માત્ર પદ્યરચનાઓ જ મળે છે. બાકી ત્રણેય ભાષામાં ગદ્ય-પદ્ય બન્નેમાં રચનાઓ છે.

**● દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ●**

મહોપાધ્યાયજીની આ કૃતિ અનેક રીતે અનોખી છે. સામાન્ય રીતે રાસ સાહિત્યમાં કોઈને કોઈ કથાની ગૂંથણી હોય છે. જ્યારે આ રાસમાં દાર્શનિક બાબતો આવરી લેવાઈ છે. પ્રાકૃત અને સંસ્કૃત ગ્રંથો ઉપર ગુજરાતીમાં ટબા વગેરે સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં રચાયું છે. પરંતુ ગુજરાતી કૃતિ ઉપરથી સંસ્કૃતમાં રૂપાંતર થયું હોય એવો આ એકમાત્ર ગ્રંથ છે.

તપાગચ્છના વિનીતસાગરના શિષ્ય **ભોજસાગરે** દ્રવ્ય-ગુણ-પર્યાય રાસના આધારે **'દ્રવ્યાનુયોગ તર્કણા'** ની રચના વિ.સં. ૧૭૮૫-૧૮૦૯ દરમ્યાન કરી છે.

આ રાસની ૧૭ મી ઢાળની ૯ મી અને ૧૦ મી કડીમાં ગુરુ **નયવિજય** મ. એ સ્વસમય -પરસમયના અભ્યાસ માટે પોતાને કાશી મોકલ્યાની અને ગુરુકૃપાથી **ચિંતામણિ** ગ્રંથ ભણ્યાની વાત જણાવી છે.

વિ.સં. ૧૭૧૧ ના **સિદ્ધપુર**માં રચાયેલા આ ગ્રંથનો પ્રથમાદર્શ કર્તાના (મહોપાધ્યાયજીના) ગુરુ પૂ. નયવિજયજી મ.સા.એ કર્યો છે. તેમાં અંત ભાગે તેઓએ જણાવ્યું છે કે "चेतश्चमत्कारकारकोऽयं ग्रन्थः" શિષ્યોએ ગુરુના ગ્રંથના પ્રથમાદર્શ લખ્યા હોય એવા ઘણાં ગ્રંથો છે. પણ શિષ્યના ગ્રંથની નકલ ગુરુ કરે એ વિરલ ઘટના છે.

પ્રસ્તુત રાસમાં પ્રસંગે પ્રસંગે નૈયાયિક, યોગાચાર આદિ અન્ય દર્શનીઓની સમાલોચના સાથે દિગંબર જૈનોના મતની પણ સમાલોચના, ખંડન અને મંડન છે. એટલું જ નહીં, શ્વેતાંબર પરંપરાના મહાન દિગ્ગજ આચાર્યો **સિદ્ધસેનદિવાકરસૂરિ** અને **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** જેવાના નયોની સંખ્યા બાબતના મતભેદોની પણ ચર્ચા છે.

ષડ્દ્રવ્યની ચર્ચા પ્રસંગે કાળદ્રવ્ય વિષે બે ભિન્ન વિચારધારાની વાત વિચારી છે. દિગમ્બર માન્યતાનો **યોગશાસ્ત્ર**ના આંતરશ્લોકમાં સ્વીકાર થયો છે. તથા **ધર્મસંગ્રહણિ**માં ઉભયમતનો ઉલ્લેખ થયો છે વગેરે બાબતો સ્પષ્ટ કરી છે.

રાસમાં નામોલ્લેખ કરાયેલા ૨૦ જેટલા ગ્રંથોની અકારાદિ સૂચિ **યશોદોહન**માં અપાઈ છે. નવમી ઢાળના પાંચમી કડીના ટબામાં નવ્યન્યાયની છાંટ જોવા મળે છે.

**● દ્રવ્યાનુયોગનું મહત્ત્વ ●**

***"વિના દ્રવ્ય અનુયોગ વિચાર, ચરણ-કરણનો કો નહીં સાર"***

દ્રવ્યાનુયોગનો મહિમા જિન-પ્રવચનમાં ઘણો બધો વર્ણવ્યો છે. મહોપાધ્યાયજીએ ઉપરોક્ત પંક્તિમાં આ મહિમાને સરસ વાચા આપી છે.

ષડ્દ્રવ્યનું વિવેચન આગમ અને પ્રકરણ સાહિત્યમાં અનેક સ્થળે જોવા મળે છે. પરંતુ ષડ્દ્રવ્યને દાર્શનિક દૃષ્ટિકોણથી ચર્ચી અન્ય દર્શનોના મતનું નિરૂપણ અને તેના ખંડન પૂર્વક ષડ્દ્રવ્યનું વિવેચન

કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્રસૂરિ** મ.સા. ના શિષ્ય આ. **શ્રીરામચન્દ્રસૂરિજી** એ **'દ્રવ્યાલંકાર'** માં કર્યું છે. અને નવી ભાત પાડી છે. (આનું સંપાદન પૂ. **જંબૂવિજય** મ.સા. એ કર્યું છે.) તેમ ગુજરાતી ભાષામાં પ્રસ્તુત રાસ જેવી દ્રવ્યાનુયોગની ગહન ચર્ચા કરતી કૃતિ મહોપાધ્યાયજીએ સહુ પ્રથમ રચી છે, તે અપૂર્વ ઘટના છે. એના ઉપરનો સ્વોપજ્ઞ ટબો પણ ગુજરાતી ભાષામાં છે એ પણ આવી જ એક વિરલ ઘટના છે. આ ટબો (= બાલાવબોધ) મૂળ ગાથાનું વિવરણ હોવાની સાથે મૂળના અર્થનો વિસ્તાર પણ છે.

એમ કહેવાય છે કે રાસ-સાહિત્ય પ્રત્યે કેટલોક વર્ગ તિરસ્કાર વ્યક્ત કરતો હતો. 'રાસડા તો ફાસડા' જેવા શબ્દો તે વર્ગ વાપરતો હતો. ત્યારે મહોપાધ્યાયજીએ આ રાસ રચી પડકાર ફેંક્યો કે આ રાસને વાંચો, ભણો, અર્થ કરો. જો કે આ દંતકથા પણ હોય.

## • ગ્રન્થ વિષય •

દ્રવ્ય અને ગુણ બે શબ્દો અન્ય દર્શનોમાં પણ જાણીતા છે. પરંતુ 'પર્યાય'શબ્દની ચર્ચા જૈન ગ્રંથોમાં જ મળે છે. કહો કે એ જૈનોનો પારિભાષિક શબ્દ છે.

પં. સુખલાલજીએ વિવિધ દાર્શનિક બાબતોની ચર્ચા કરી છે. અહીં **'दर्शन और चिंतन'** (પૃ.૩૫૦-૩૫૧) ના આધારે કેટલીક બાબતો ટૂંકમાં આ પ્રમાણે છે.

ભારતીય દર્શનોની મુખ્ય બે ધારા છે. એક વાસ્તવવાદી, બીજી અવાસ્તવવાદી.

વાસ્તવવાદીના મતે બાહ્ય દૃશ્ય જગત્ સત્ય છે. અને વાણી દ્વારા વર્ણવી શકાય છે. ન્યાય-વૈશેષિક, પૂર્વમીમાંસા, સાંખ્ય-યોગ, વૈભાષિક-સૌત્રાંતિક બૌદ્ધ, મધ્વાદિ વેદાંત વગેરે વાસ્તવવાદી દર્શનો છે.

અવાસ્તવવાદીની માન્યતા છે કે - "લૌકિક પ્રમાણોથી ગમ્ય, વાણી દ્વારા પ્રકાશન યોગ્ય બાહ્ય જગત મિથ્યા છે. પારમાર્થિક સત્ય નથી." શૂન્યવાદી-વિજ્ઞાનવાદી બૌદ્ધ અને શાંકર વેદાંત વગેરે અવાસ્તવવાદી દર્શનો છે.

પણ જૈન દર્શન વાસ્તવવાદી દર્શન છે. જૈન મતે કેવલજ્ઞાન દ્વારા સર્વ દ્રવ્યના સર્વ પર્યાયો જાણી શકાય છે. તથા મતિજ્ઞાન કે જે ઈન્દ્રિયજન્ય છે, તેના દ્વારા કેટલાક દ્રવ્યોના કેટલાક પર્યાયો તો જાણી શકાય જ છે. અનેક સૂક્ષ્મ ભાવો અનિર્વચનીય હોવા છતાં જે નિર્વચનીય ભાવો છે, તેને યથાર્થ માનવાના કારણે જૈનદર્શન વાસ્તવવાદી દર્શન છે.

ખૂબીની વાત એ છે કે અન્ય દર્શનોએ ક્યાંક પોતાની વિચારધારાને ઉલટાવી નાંખી છે. જ્યારે જૈન દર્શન હંમેશા વાસ્તવવાદી દર્શન રહ્યું છે. જ્યારે બૌદ્ધપરંપરાએ પ્રારંભમાં વાસ્તવવાદ માન્ય રાખ્યો. પરંતુ મહાયાનની વિજ્ઞાનવાદી અને શૂન્યવાદી શાખાએ ધરમૂળથી વિચારપલટો કર્યો. એવી જ રીતે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર આદિમાં વાસ્તવવાદી માન્યતાના સ્પષ્ટ સૂચનો છતાં શંકરાચાર્યે વેદાંતમાં 'જગત્ મિથ્યા' કહી અવાસ્તવવાદને જ પ્રમાણ માન્યો છે.

સતત વાસ્તવવાદી જૈનદર્શનમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની ચર્ચા હોય તે સ્વાભાવિક છે.

## ● [1]દ્રવ્ય-ગુણ-પર્યાય ●

દ્રવ્ય શબ્દ તદ્ધિત પ્રત્યયોથી અને કૃત્ પ્રત્યયોથી પણ બને છે.

દ્રુ = ઝાડ. ઝાડનો વિકાર કે અવયવ અર્થમાં + ય = દ્રવ્ય.

દ્રુ + ય = ભાવિ ગુણોના આધાર અર્થમાં પણ 'દ્રવ્ય'શબ્દ વપરાય છે. ગત્યર્થક દ્રુ + કર્માર્થક ય = દ્રવ્ય કૃદંત શબ્દ બને છે. = પ્રાપ્તિ યોગ્ય.

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિજીએ **પ્રમાણ મીમાંસા** (પૃ.૨૪) માં **कृत्** પ્રત્યયથી 'દ્રવ્ય'શબ્દસિદ્ધિ કરી છે.

દ્રવ્યની વ્યાખ્યા **તત્ત્વાર્થ ભાષ્ય** (અ.૫ / સૂત્ર ૨૯, ૩૦, ૩૭) અને **વિશેષાવશ્યકભાષ્ય** (ગા.૨૮) માં જોવા મળે છે. તેવી વ્યાખ્યા **પાતંજલ મહાભાષ્ય** (પૃ.૫૮), **યોગસૂત્રના વ્યાસભાષ્ય** (૩.૧૧), **શ્લોકવાર્તિક** (વ.ન.શ્લો.૨૧,૨૨) વગેરેમાં પણ જોવા મળે છે.

**સિદ્ધસેન દિવાકરજીએ** ગુણ અને પર્યાયને અભિન્ન માન્યા છે. એમણે દલીલ કરી છે કે ગુણ અને પર્યાય જો ભિન્ન હોય તો ભગવાનની દેશના દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે જ પ્રકારની નહીં પણ ગુણાર્થિક એવા ત્રીજા પ્રકારની પણ હોવી જોઈએ. કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિજી પણ દિવાકરજીને અનુસર્યા છે.

જો કે - **ઉત્તરાધ્યયન** (૨૮/૧૩), **તત્ત્વાર્થસૂત્ર** (૫/૩૭) **પ્રમાણનયતત્ત્વાલોક** (૫/૭-૮) વગેરેમાં ગુણ-પર્યાય વચ્ચે ભેદ બતાવાયો છે. દિગંબર પરંપરામાં પણ **કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદ, વિદ્યાનંદ** વગેરે પણ બન્ને વચ્ચે ભેદ સ્વીકારે છે.

જ્યારે શ્વેતાંબર પરંપરામાં આ. **હરિભદ્રસૂરિજી**, તત્ત્વાર્થસૂત્રના ટીકાકાર **સિદ્ધસેનગણીજી**, દિગંબર પરંપરાના **અકલંક, અમૃતચન્દ્ર** આદિ વિદ્વાનોએ ગુણ-પર્યાય વચ્ચે ભેદાભેદ માન્યો છે. (આ બાબતે સંદર્ભ સાથે વધુ જાણવા પં. **સુખલાલજી** સંપાદિત **સન્મતિટીકા** પૃ.૬૩૧ ટિ.૪ જોવું.)

ઉપા. **યશોવિજયજી** ગુણ-પર્યાય વચ્ચે અભેદ મતના પુરસ્કર્તા રહ્યા છે.

દ્રવ્ય અને ગુણ પરસ્પર ભિન્ન કે અભિન્ન એ ચર્ચામાં વિવિધ દર્શનકારોએ પોતપોતાના અભિપ્રાયો બતાવેલા છે.

ન્યાય, વૈશેષિક વગેરે દર્શનો ભેદ પક્ષને સ્વીકારે છે. સાંખ્ય, વેદાંત વગેરે અભેદ સ્વીકારનારા છે. **પાતંજલ મહાભાષ્ય** (૫.૧, પૃ.૧૧૯) માં પણ દ્રવ્ય-ગુણના ભેદાભેદની વિશદ ચર્ચા મળે છે.

## ● [2]કાળ-દ્રવ્ય ●

કાળ સ્વતંત્ર દ્રવ્ય છે કે નહીં એ પ્રશ્ને વૈદિક અને (શ્વેતાંબર) જૈન દર્શનમાં બે વિચારધારા ચાલે છે. વૈશેષિક દર્શન (અ.૨, આ.૨, સૂત્ર ૬-૧૦) અને ન્યાયદર્શન કાળને સર્વવ્યાપી સ્વતન્ત્ર દ્રવ્ય માને છે.

દિગંબર જૈનો પણ કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે જ માને છે. જ્યારે શ્વેતાંબર પરંપરામાં બન્ને મતો જોવા મળે છે.

---

૧. આધાર : '**दर्शन और चिंतन**' (પૃ.૧૪૩-૧૪૬.) ૨. આધાર : '**दर्शन और चिंतन**' (પૃ.૩૩૧-૪)

**જીવાભિગમસૂત્ર**માં કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે સ્વીકારેલ નથી. પરંતુ જીવ અને અજીવ દ્રવ્યના પર્યાયનો પ્રવાહ તે કાળ છે - એવું નિરૂપણ છે. **ભગવતીસૂત્ર**માં કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે પણ જણાવાયું છે.

પછીના પ્રકરણ-આદિ ગ્રંથોમાં ઉપરોક્ત બન્ને માન્યતાઓનો ઉલ્લેખ જોવા મળે છે. ઉભયમતનો ઉલ્લેખ કરનારા ગ્રંથોમાં **તત્ત્વાર્થસૂત્ર, દ્વાત્રિંશિકા (સિદ્ધસેન દિવાકરસૂરિ**કૃત), **વિશેષાવશ્યક ભાષ્ય, ધર્મસંગ્રહણિ (હરિભદ્રસૂરિ**કૃત), **યોગશાસ્ત્ર, દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ, લોકપ્રકાશ, નયચક્રસાર** અને **આગમસાર (દેવચન્દ્રજી**કૃત) વગેરે ગ્રંથો મુખ્ય છે.

કાળને સ્વતંત્ર દ્રવ્ય ન માનનાર વિદ્વાનોનું કહેવું છે કે - પર્યાય એ જીવ-અજીવની ક્રિયા છે. એમાં કોઈ અન્ય તત્ત્વ પ્રેરક નથી. જીવ-અજીવ આપોઆપ પર્યાયોમાં પરિણામ પામતાં રહે છે. એટલે કાળ એ સ્વતંત્ર દ્રવ્ય નથી પણ જીવ-અજીવનો પર્યાયપુંજ છે.

કાળને સ્વતંત્ર દ્રવ્ય માનનારાઓની દલીલ એ છે કે - જીવ અને પુદ્ગલનો ગતિ અને સ્થિતિ કરવાનો સ્વભાવ છે. છતાં એમાં સહાયક બનતાં નિમિત્તકારણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને સ્વતંત્ર દ્રવ્ય તરીકે સ્વીકાર્યા છે તો પર્યાયપરિણમન સ્વભાવવાળા જીવ-અજીવના પર્યાયપરિણમનમાં નિમિત્તકારણ બનતા કાળને પણ સ્વતંત્ર દ્રવ્ય તરીકે સ્વીકારવો જોઈએ.

કાળને સ્વતંત્ર દ્રવ્ય માનનારાઓમાં પણ બે અલગ-અલગ માન્યતાઓ છે. આચાર્ય હરિભદ્રસૂરિજી વગેરે (**ધર્મસંગ્રહણિ**માં) જણાવે છે કે - અઢી દ્વીપમાં જ્યાં જ્યોતિષ્ચક્ર ગતિમાન છે, ત્યાં જ કાળદ્રવ્ય વર્તમાન છે.

બીજો મત જે મોટા ભાગના દિગંબર પરંપરાના જૈન ગ્રંથોમાં જોવા મળે છે તે પ્રમાણે - કાળ લોકવ્યાપી છે. પરંતુ તે સ્કંધ નહીં પણ અણુસ્વરૂપ છે. લોકાકાશના પ્રદેશ જેટલા જ કાલાણુઓ છે. કાલાણુ ગતિહીન હોય છે. તે જે તે આકાશપ્રદેશ પર સ્થિર રહે છે. એનો સ્કંધ બનતો નથી. આ કાલાણુમાં સતત પર્યાય પ્રગટ થતા રહે છે. આ પર્યાય તે જ સમય. આ સમય-પર્યાયો જીવ-અજીવના પર્યાયોનું નિમિત્તકારણ છે. એક સમય-પર્યાયમાં એક પરમાણુ એક આકાશપ્રદેશથી બીજા આકાશપ્રદેશ ઉપર અત્યંત મંદગતિથી પહોંચે છે.

શ્વેતાંબરાચાર્ય કલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિ** મ.એ પણ કાલાણુનો સ્વીકાર કરી મુખ્ય કાળ એને જ બતાવ્યો છે. સમય-આવલિકા-માસ-વર્ષ વગેરેને વ્યવહાર કાળ બતાવાયો છે. આ વાત જણાવતાં **યોગશાસ્ત્રવૃત્તિ**ના આંતર શ્લોકો આ પ્રમાણે છે.

**लोकाकाशप्रदेशस्था भिन्नाः कालाणवस्तु ये ।**
**भावानां परिवर्ताय मुख्यः कालः स उच्यते ।। (यो.शा. १/१६ वृ.५२)**

**ज्योतिःशास्त्रे यस्य मानमुच्यते समयादिकम् ।**
**स व्यावहारिकः कालः कालवेदिभिरामतः ।। (यो.शा. १/१६ वृ.५३)**

## • મહોપાધ્યાયજીનું અન્ય સાહિત્ય •

પ્રસ્તુત રાસમાં ચર્ચાયેલા વિષયો જો કે મહોપાધ્યાયજીએ પોતાના સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથમાં અન્યત્ર ગૂંથ્યા પણ છે. જેમ કે નયની ચર્ચા **સપ્તભંગીનયપ્રદીપ, નયરહસ્ય, નયોપદેશ** અને તેની ટીકા **નયામૃત-તરંગિણી**માં કરી છે.

**'ઉત્પાદાદિ સિદ્ધિ'** નામનો ગ્રંથ આચાર્ય **ચન્દ્રસૂરિજી**એ સ્વોપજ્ઞટીકા સાથે રચ્યો છે. (ઋષભદેવ કેશરમલ શ્વે. સંસ્થા દ્વારા રતલામથી ઈ.સ. ૧૯૩૬ માં પ્રકાશિત થયો છે.) આ ગ્રંથ ઉપર મહોપાધ્યાયજીએ ટીકા રચી છે. પરંતુ કમભાગ્યે એનો બહુ જ થોડો અંશ મળે છે. એના ત્રીજા પદ્યના વિવરણનો અંશ જોતા આ ટીકામાં પણ વિશદ દાર્શનિક ચર્ચા હશે - એ પ્રમાણે અનુમાન કરી શકાય.

ઉપાધ્યાયજીના અનુપલબ્ધ ગ્રંથોમાં **'દ્રવ્યાલોક'** નામની રચનાનો ઉલ્લેખ જોવા મળે છે. જો કે ઉપાધ્યાયજી મ.એ સ્વયં પોતે આ ગ્રંથને ટાંક્યો ન હોવાથી આનું કર્તૃત્વ ઉપાધ્યાયજી જોડે સાંકળતા પહેલાં અન્ય પ્રમાણો તપાસવા જોઈએ એવું હી.ર.કાપડિયાનું માનવું છે. (યશોદોહન પૃ.૧૭૯).

જો કે યશોદોહન (પૃ.૧૭૯ ટિ.૧) માં એના સંપાદક આ. યશોદેવસૂરિ મ. સા. ઉમેરે છે કે - "આ કૃતિ (દ્રવ્યાલોક - ટીકા) ઉપાધ્યાયજીની જ છે. એનો પુરાવો મળ્યો છે. ઉપાધ્યાયજીના જીવનકવન ઉપર હું કંઈક લખવા ધારું છું ત્યારે તે પુરાવો રજૂ થશે" **ત્રિસૂત્ર્યાલોક** જેમાં તત્ત્વાર્થના ત્રણ સૂત્રો પર વિવેચન હશે તે પણ અનુપલબ્ધ છે.

એટલે ઉપાધ્યાયજીએ દ્રવ્યાલોક નામની કદાચ સ્વોપજ્ઞ ટીકા સહિતની રચના કરી હોય તો પણ એ વિષે અત્યારે અમને કશી જાણકારી નથી.

**મોહનલાલ દ. દેસાઈ** લખે છે કે - "ઉપાધ્યાય યશોવિજયે મલ્લવાદીના નયચક્રને બરાબર ગોઠવી કરેલ. સં. ૧૭૧૪ નો લખેલો પાટણના હાલાભાઈ ભંડાર દા. ૫૯ માં વિદ્યમાન છે." (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ પૃ.૪૩૩, પારા ૯૭૦) ગણિવર યશોવિજયજીને વિનંતી કરીએ કે ઉપાધ્યાયજી મ.ના આ ગ્રંથને સરસ રીતે સજાવી સંઘને અર્પણ કરે.

**તત્ત્વાર્થસૂત્ર** ઉપર એક **બાલાવબોધ** મળે છે. પં.સુખલાલજીના મતે આના કર્તા અન્ય યશોવિજયજી છે. જ્યારે હીરાલાલ કાપડિયાના મતે આ બાલાવબોધ ઉપાધ્યાય શ્રીયશોવિજય કૃત છે. (**યશોદોહન** પૃ.૧૭૭-૮)

મહોપાધ્યાયજીએ દિગંબર જૈન સાહિત્યનું પણ ઊંડુ પરિશીલન કર્યું છે. એમની દૃષ્ટિ હંમેશા સારગ્રાહી રહી છે. દિગંબરોમાં પણ સારું હોય તો એનાથી આભડછેટ શા માટે રાખવી ? એનો સ્વીકાર કેમ ન કરવો ? આ તેઓશ્રીનું વલણ છે. એટલે જ નયના ઉપભેદોનું વર્ણન દિગંબરગ્રંથોમાંથી રાસમાં લીધું છે. **અષ્ટસહસ્રી** જેવા દિગંબર ગ્રંથ ઉપર વિવરણ લખવાનું કાર્ય પણ ઉપાધ્યાયજી જેવા જ કરી શકે.

તત્ત્વાર્થસૂત્ર શ્વેતાંબર-દિગંબર બન્ને પરંપરાને માન્ય ગ્રંથ છે. થોડાક સૂત્રોમાં ફરક આવે છે. ઉપાધ્યાયજીએ દિગંબર પરંપરા માન્ય સૂત્રનો પાઠ સ્વીકારીને એનો અર્થ શ્વેતાંબર પરંપરામાં પ્રચલિત પદ્ધતિ મુજબનો તત્ત્વાર્થ ઉપરના બાલાવબોધમાં કર્યો છે.

## • રાસના વિવિધ પ્રકાશનો •

**'યશોમંગલ પ્રશસ્તિ સંગ્રહ'** નું આ. **યશોદેવસૂરિજીએ** સંપાદન કર્યું છે. યશોભારતી જૈન પ્રકાશન સમિતિ (પાલીતાણા) દ્વારા પ્રકાશિત આ ગ્રંથમાં પ્રસ્તુત રાસનો પરિચય અને પ્રકાશનોની વિગત આ પ્રમાણે આપી છે.

"**द्रव्य-गुण-पर्यायनो रास - स्वोपज्ञ टबार्थ सह**

**(अपरनाम - द्रव्यअनुयोग विचार)**

| **मूलग्रन्थ** | **टबार्थग्रन्थ** |
|---|---|
| **भाषा** - **गुजराती** | **भाषा** - **गुजराती** |
| **पद्यसंख्या** - २८४, **ढाल** - १७ | **श्लोकमान** - १२०० |
| **रचनासमय** - १७११ | **रचनासमय** - १७११ |
| **धर्मसाम्राज्य** - **विजयदेवसूरि अने विजयसिंहसूरि** (?) | **धर्मसाम्राज्य** - **विजयदेवसूरि अने विजयसिंहसूरि** (?) |

**विषय : तत्त्वज्ञान**

**प्रकाशित** : (१) **प्रकरणरत्नाकर भा.१, श्रावक भीमसिंह माणेक, मुंबई, ई.स.१८७६ (मूल तथा टबार्थ)।**

(२) **द्रव्य, गुण ने पर्यायनो रास, प्रका. श्री जैन विजय प्रेस, सं.१९६४ (सारांश)।**

(३) **प्राचीन स्तवनादि संग्रह, प्रका. जैन ग्रंथ प्रकाशक सभा, अमदावाद, वि.सं.१९९६ (मूलमात्र)।**

(४) **गुर्जर साहित्य संग्रह भा.२, संशो. श्री जैन श्रेयस्कर मंडल, महेसाणा, प्रका. उपाध्याय श्रीयशोविजयजी गुर्जर साहित्य संग्रह समिति, मुंबई, ई.स. १९३८ (मूल तथा टबार्थ)।**

(५) **द्रव्य-गुण-पर्यायनो रास, विजयधर्मधुरंधरसूरिना विवेचन सहित, प्रका. जैन साहित्य वर्धक सभा, अमदावाद सं.२०२० (मूल, स्वोपज्ञ तथा धुरंधरविजयगणीना विवरण सहित)।**

(६) **द्रव्य-गुण-पर्यायनो रास, प्रका. तथा विवेचनकार पं.शांतिलाल केशवलाल, अमदावाद, ई.स.१९८९ (मूल तथा टबार्थ)।"**

આ પછી પણ કેટલાક પ્રકાશનો થયા છે. તેમાં આ. **અભયશેખરસૂરિ** મ.સા. ના વિવેચન સાથે દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત રાસનો પ્રથમ ભાગ અને પં. ધીરુભાઈના વિવેચનપૂર્વકનું પ્રકાશન ભા.૧-૨ ગણી શકાય.

## • પ્રસ્તુત પ્રકાશન •

રાસ અને એના વિવેચનના અનેક પ્રકાશનો થયા હોવા છતાં પ્રસ્તુત પ્રકાશન એ બધામાં વિશેષ ભાતવાળું કહી શકાય.

**મહોપાધ્યાય યશોવિજયજી** ગણિવરની આ કૃતિના રૂપાંતરકાર, ટીકાકાર, વિવેચક મુનિ યશોવિજયજી ગણિવર છે. નામના સામ્ય ઉપરાંત ગણિવરનો ગહન અભ્યાસ અને ઊંડુ ચિંતન તેમને આવા કાર્યના અધિકારી બનાવે છે. આ પૂર્વે ગણીશ્રીએ **ષોડશક, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા** વગેરે ગ્રંથો ઉપર અતિવિસ્તારવાળી

અને સેંકડો ગ્રંથસંદર્ભોથી ખચિત ટીકા રચીને અભ્યાસી વિદ્વાનોને એક સ્થળે અનેક ગ્રંથોનો અર્ક પ્રાપ્ત કરાવી પ્રસન્ન કર્યા છે. એના ગુજરાતી વિવેચનોએ સામાન્ય અભ્યાસીઓને પણ ગ્રંથના હાર્દને સમજવામાં ઘણી સહાય કરી છે. આ ઉપરાંત **'ભાષારહસ્ય'**, **'સ્યાદ્વાદરહસ્ય'** (ભાગ ૧-૨-૩), **'વાદમાલા'**, **'ન્યાયાલોક'** જેવા ગ્રંથ ઉપર નવ્યન્યાયની છાંટથી ભરપૂર ટીકા રચવા દ્વારા ટીકાકારશ્રીનું નવ્યન્યાયનું ગહન અધ્યયન પણ જાણીતું બન્યું જ છે.

પ્રસ્તુત પ્રકાશનમાં રાસની પ્રત્યેક કડીનું સંસ્કૃત-રૂપાંતર પદ્યમાં અપાયું છે. એક કડી ઉપર વિવેચન કરવું અપેક્ષાએ સરળ છે. પણ એક પદ્યમાં કડીના હાર્દને પૂરેપૂરું સમાવવું એ કઠિન કાર્ય છે. લેખકશ્રી માટે પણ આવું કાર્ય કરવાનું પ્રાયઃ પ્રથમવાર આવ્યું હશે. છતાં આપણે કડી અને પદ્યને વાંચીએ ત્યારે 'રચનાકાર અહીં સફળ થયા છે' - એવી ખાતરી થાય છે.

સંસ્કૃત ટીકા રચતી વખતે ટીકાકારશ્રી વાચકોને તે તે વિષયની ગહનતામાં લઈ જવા માટે વિષય-સંબંધિત અનેક ગ્રન્થસંદર્ભો રજૂ કરી રાસ અને ટબાના હાર્દ સુધી પહોંચાડે છે.

મહોપાધ્યાયજીએ જે જે ગ્રંથોનો ઉલ્લેખ કરીને કે જે જે સંદર્ભોને નજર સામે રાખીને વિષયની રજૂઆત કરી છે, ખંડન-મંડન કર્યા છે તે તે સંદર્ભો અને એની ચર્ચા આમાં થઈ હોવાના કારણે વિષયના એક-એક તાણા-વાણાને સ્પષ્ટ રીતે સમજવામાં ઘણી સહાય મળે છે.

રાસ અને ટબાના પાઠનિર્ણય માટે ગણીશ્રીએ ૩૬ હસ્તલિખિત પ્રતિઓનો અને અન્ય મુદ્રિત રાસના ત્રણ પુસ્તકોનો ઉપયોગ કર્યો છે. ગણીશ્રીએ કરેલી પાઠશુદ્ધિનો લાભ આ.અભયશેખરસૂરિજીને પણ મળ્યો છે.

ગણિવરશ્રી ગુજરાતી વિવેચન દ્વારા રાસ અને ટબાના અર્થને સરસ ખોલી આપે છે. ટીકાનો સરળ ભાવવાહી અનુવાદ પૂર્વપક્ષ-ઉત્તરપક્ષની સ્પષ્ટ સમજ તો આપે જ છે અને છેલ્લે ચર્ચાના અંતે આધ્યાત્મિક ઉપનય આપી સરસ ઉપસંહાર કરે છે. જે વાંચતાં આવી લાંબી ચર્ચા દ્વારા જે તારણ નીકળ્યું તે કેટલું મહત્ત્વનું અને લાભદાયી છે ? એ સમજાઈ જાય છે.

મુનિ યશોવિજયજીએ ભગવતીસૂત્રના જોગ કર્યા છે. પદસ્થ બન્યા છે. વર્ષોથી તેઓ મોટા ક્ષેત્રોમાં ચાતુર્માસ-વ્યાખ્યાન આદિ જવાબદારીઓ સંભાળે જ છે. શિષ્યાદિને અધ્યાપનાદિ કરાવે છે. વર્ધમાનતપની ૯૪ ઓળીઓ કરી છે અને સાથે સાથે ઉત્કૃષ્ટ પ્રકારની સાહિત્યિક પ્રવૃત્તિ, સંશોધન, સંપાદન, ટીકા રચના, અનુવાદાદિ દ્વારા અભ્યાસીઓ ઉપર ખૂબ ખૂબ ઉપકાર કરેલ છે. ગણિવરશ્રીને લાખ લાખ અભિનંદન. એમના આ સાહિત્યનો અભ્યાસીઓ ખૂબ ઉપયોગ કરી સ્વ-પરનું કલ્યાણ કરે એજ મંગળકામના.

મૌન અગિયારસ,<br>સિદ્ધપુર, વિ.સં. ૨૦૬૩,<br>ભાભર-તારંગા છ'રીપાલિતસંઘનો પડાવ.

આ. વિજય **ભદ્રસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન<br>મુનિરાજ શ્રી**જિનચન્દ્ર** વિજય મ.ના શિષ્ય<br>આ. વિજય **મુનિચન્દ્રસૂરિ**

# વિષયમાર્ગદર્શિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **શાખા - ૬ :** | |
| **दिगम्बरसम्मतनयनिरूपणम्** | **૬૭૫-૮૧૪** |
| ટૂંકસાર (શાખા - ૬) | ૬૭૬ |
| अनादिनित्यपर्यायार्थिकनयनिरूपणम् | ૬૭૭ |
| અવસર સંગતિની ઓળખાણ | ૬૭૭ |
| પર્યાયાર્થિકનયનું નિરૂપણ | ૬૭૭ |
| पर्यायार्थिकव्याख्या | ૬૭૮ |
| પર્યાયાર્થિકનયના પ્રથમ ભેદને સમજીએ | ૬૭૮ |
| मेरुपर्वतादिः अनादिः | ૬૭૯ |
| મેરુપર્વતની અનાદિ-નિત્યતા વિશે શંકા-સમાધાન | ૬૭૯ |
| પુદ્ગલસ્થિતિ અસંખ્યકાળ | ૬૭૯ |
| संस्थाननित्यताविमर्शः | ૬૮૦ |
| પુદ્ગલસ્થિતિ અનિત્ય, આકાર નિત્ય | ૬૮૦ |
| अनादिनित्यपर्यायस्य पारमार्थिकता | ૬૮૧ |
| અનાદિનિત્યપર્યાય પારમાર્થિક | ૬૮૧ |
| રત્નપ્રભા પૃથ્વીની નિત્યતા અંગે વિચારણા | ૬૮૧ |
| રત્નપ્રભા દ્રવ્યાર્થથી નિત્ય, પર્યાયાર્થથી અનિત્ય : પૂર્વપક્ષ | ૬૮૧ |
| रत्नप्रभानित्यतामीमांसा | ૬૮૨ |
| વિરોધપરિહાર અંગે શંકા / સમાધાન - પૂર્વપક્ષ ચાલુ | ૬૮૨ |
| जीवाजीवाभिगमसूत्रादिविरोधविमर्शः | ૬૮૩ |
| ઉદ્દેશ્યતાઅવચ્છેદકભેદનું આપાદન | ૬૮૩ |
| अनादिनित्यपर्यायपरामर्शः | ૬૮૪ |
| રત્નપ્રભા દ્રવ્ય - સંસ્થાનથી નિત્ય, વર્ણાદિથી અનિત્ય : ઉત્તરપક્ષ | ૬૮૪ |
| નિત્યત્વ પણ અનેક અપેક્ષાએ સંભવે | ૬૮૪ |
| अनादिनित्यपर्यायविरोधपरिहारः | ૬૮૫ |
| નિત્ય પર્યાયનું સમર્થન | ૬૮૫ |
| संस्थानापेक्षया रत्नप्रभानित्यता | ૬૮૬ |
| સંસ્થાનસાપેક્ષ નિત્યતા | ૬૮૬ |
| ઉદ્દેશ્યતાઅવચ્છેદકભેદ નિરવકાશ | ૬૮૬ |
| रत्नप्रभानित्यतामीमांसा | ૬૮૭ |
| પુદ્ગલવૃદ્ધિ-હાનિથી કૃતકત્વ અપ્રસક્ત | ૬૮૭ |
| शशि-सूर्यादिनित्यताविमर्शः | ૬૮૮ |
| ચંદ્ર-સૂર્યની નિત્યતા અંગે વિચારણા | ૬૮૮ |
| વિશેષાવશ્યકવૃત્તિમાં પ્રથમપર્યાયાર્થિક દષ્ટિગોચર | ૬૮૮ |
| प्रथमपर्यायार्थिकनामविमर्शः | ૬૮૯ |
| અભવ્યનો અસિદ્ધત્વ પર્યાય નિત્ય | ૬૮૯ |
| પાઠભેદ વિચારણા | ૬૮૯ |
| मनुष्यत्वादिविनश्वरपर्यायप्रीतेः परिहार्यताः | ૬૯૦ |
| નિત્ય પર્યાયને નિહાળીએ | ૬૯૦ |
| केवलशब्दभेदे परकीयवचनेषु द्वेषः न कार्यः | ૬૯૧ |
| અર્થધર પ્રમાણભૂત : નિશીથ ભાષ્ય | ૬૯૧ |
| દષ્ટિસંમોહ દોષથી બચીએ | ૬૯૧ |
| परकीयसद्वचनसमन्वयः कार्यः | ૬૯૨ |
| બીજાની સાચી વાત આદરણીય | ૬૯૨ |
| बीजपदोत्पन्नं श्रुतम् अर्थसमम् | ૬૯૩ |
| બીજાની સાચી વાતના ખંડનમાં જિનમતનું ખંડન | ૬૯૩ |
| અર્થ એટલે ગણધર ભગવંત : ધવલા | ૬૯૩ |
| साम्प्रदायिकतादिकं त्याज्यम् | ૬૯૪ |
| સાંપ્રદાયિક ઝનૂનને દેશવટો આપીએ | ૬૯૪ |
| सिद्धपर्यायः साद्यनन्तः | ૬૯૫ |
| પર્યાયાર્થિકનયનો દ્વિતીય ભેદ જાણીએ | ૬૯૫ |
| राजपर्यायद्वयोपदर्शनम् | ૬૯૬ |
| સિદ્ધપર્યાય પર્યાયોમાં રાજા | ૬૯૬ |
| દ્રવ્ય-ભાવકર્મ વિકૃતિજનક | ૬૯૬ |
| સિદ્ધમાં ઉત્તરકોટિ સાપેક્ષ નિત્યત્વ | ૬૯૬ |
| द्वितीयपर्यायार्थिकनामविमर्शः | ૬૯૭ |
| સિદ્ધ ભગવંતો શાશ્વત : શ્યામાચાર્યજી | ૬૯૭ |
| કેવલિપર્યાય પર્યાયોમાં રાજા | ૬૯૭ |
| પાઠભેદ વિચારણા | ૬૯૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| सिद्धत्वपर्यायप्रकटीकरणमेव परमप्रयोजनम् | ६९८ |
| પર્યાયાર્થિકનયના ત્રીજા ભેદને સમજીએ | ૬૯૮ |
| અવિનશ્વર પર્યાયને પ્રગટાવીએ | ૬૯૮ |
| अनित्यशुद्धपर्यायार्थिकनयनिदर्शनम् | ६९९ |
| ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમકાલીન | ૬૯૯ |
| अनित्याऽशुद्धपर्यायार्थिकनयप्रतिपादनम् | ७०० |
| પર્યાયાર્થિકનયના ચોથા ભેદનું પ્રતિપાદન | ૭૦૦ |
| चतुर्थपर्यायार्थिकनये सत्तायाः शब्दतो गौणभावेन ग्रहणम् | ७०१ |
| ત્રીજા-ચોથા પર્યાયાર્થિકની ભેદરેખા જાણીએ | ૭૦૧ |
| ध्रौव्यरूपेण पर्यायावलोकनम् | ७०२ |
| સપ્તભંગીનયપ્રદીપનો સંવાદ | ૭૦૨ |
| नयान्तरविषयग्राहकत्वं नयगतमशुद्धत्वम् | ७०३ |
| ચોથા પર્યાયાર્થિકનું નવું ઉદાહરણ | ૭૦૩ |
| પાઠભેદ વિચારણા | ૭૦૩ |
| ज्ञानादिमदः त्याज्यः | ७०४ |
| તૃતીય પર્યાયાર્થિકનય વૈરાગ્યજનક | ૭૦૪ |
| તૃતીય પર્યાયાર્થિકનય સહાયક | ૭૦૪ |
| हतोत्साहता त्याज्या | ७०५ |
| शुद्धपर्यायाणां नित्यता | ७०६ |
| પર્યાયાર્થિકનો પાંચમો ભેદ ઓળખીએ | ૭૦૬ |
| संसारिणः सिद्धसदृशाः | ७०७ |
| ઉપાધિ કર્મજન્ય | ૭૦૭ |
| પાંચમા પર્યાયાર્થિકના નામ અંગે વિવાદ | ૭૦૭ |
| विषयधर्मस्य विषयिणि उपचारः | ७०८ |
| દિગંબર - શ્વેતાંબર કથનભેદનું સમાધાન | ૭૦૮ |
| શુદ્ધ પર્યાયો નિત્ય | ૭૦૮ |
| विभिन्ननामकरणसमर्थनम् | ७०९ |
| મહોપાધ્યાયજીની કલમની કમાલ | ૭૦૯ |
| શિષ્ટકર્તવ્યનું પાલન | ૭૦૯ |
| નયશુદ્ધિ સ્વરૂપસાપેક્ષ અને વિષયસાપેક્ષ | ૭૦૯ |
| मलिनपर्यायोपसर्जनम् | ७१० |
| કર્મજન્ય પર્યાય પ્રત્યે મધ્યસ્થતા કેળવીએ | ૭૧૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| कर्मापेक्षः अनित्याऽशुद्धपर्यायार्थिकः | ७११ |
| પર્યાયાર્થિકના છઠ્ઠા ભેદનું વિવરણ | ૭૧૧ |
| मोक्षप्रतिपन्थिपर्यायाः नाश्याः | ७१२ |
| દેહ સાથે આત્માના પણ જન્મ-મરણ | ૭૧૨ |
| जन्म-मरणादय आत्मनोऽशुद्धाऽनित्यपर्यायाः | ७१३ |
| ..તો અજન્મા થવાની સાધના પ્રાણવંતી બને | ૭૧૩ |
| नैगमस्य नानाप्रमाणग्राहकता | ७१४ |
| નૈગમનયનું નિરૂપણ | ૭૧૪ |
| गम-निगमनिरूपणम् | ७१५ |
| સામાન્ય-વિશેષગ્રાહી નૈગમ | ૭૧૫ |
| નૈગમ પાસે વિવિધ પદાર્થપ્રકાશપંથ | ૭૧૫ |
| नानासम्प्रदायानुसारेण नैगमनयस्वरूपवैविध्यम् | ७१६ |
| નૈગમનયના ત્રણ વિષય | ૭૧૬ |
| जयधवलादिमतप्रकाशनम् | ७१७ |
| નૈગમનયના ત્રણ ભેદ | ૭૧૭ |
| અન્ય રીતે નૈગમના ત્રણ ભેદ | ૭૧૭ |
| नानासम्प्रदायानुसारेण नैगमनयप्रकारवैविध्यम् | ७१८ |
| દેવસેનમતદર્શન | ૭૧૮ |
| અનેક પ્રકારે નૈગમનયના ત્રણ ભેદ | ૭૧૮ |
| નૈગમના બે ભેદ : હરિભદ્રસૂરિજી | ૭૧૮ |
| कूपमण्डूकवृत्तेः परिहार्यता | ७१९ |
| દેશ-સર્વપરિક્ષેપી નૈગમ : ઉમાસ્વાતિજી | ૭૧૯ |
| ...તો સમન્વયદષ્ટિ અને સમત્વદષ્ટિ પ્રગટે | ૭૧૯ |
| अतीते वर्तमानताऽऽरोपणम् | ७२० |
| ભૂતનૈગમનયની ઓળખાણ | ૭૨૦ |
| પ્રથમ પ્રકારે આરોપ : ભૂતનૈગમનય | ૭૨૦ |
| वर्तमाने अतीताऽऽरोपणम् | ७२१ |
| બીજા પ્રકારે આરોપ : ભૂતનૈગમનય | ૭૨૧ |
| ત્રીજા પ્રકારે આરોપ : ભૂતનૈગમનય | ૭૨૧ |
| काले कालान्तरीयक्रियाद्युपचारः | ७२२ |
| નિમિત્ત અને પ્રયોજન હોય તો લક્ષણા માન્ય | ૭૨૨ |
| लक्षणामूलकव्यञ्जनावर्णनम् | ७२३ |
| લક્ષણામૂલક શાબ્દી વ્યંજનાની વિચારણા | ૭૨૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| આલંકારિકમતનું તાત્પર્ય | ૭૨૩ |
| आद्यनैगमप्रयोजनोपदर्शनम् | ૭૨૪ |
| ભક્તિ માટે શાબ્દી વ્યંજના આવશ્યક | ૭૨૪ |
| વર્તમાન દીવાળીમાં વીરમુક્તિગમનની પ્રતીતિ | ૭૨૪ |
| पञ्चाशकसंवादोपदर्शनम् | ૭૨૫ |
| ઉપચારની સફળતાને સમજીએ | ૭૨૫ |
| સર્વગુણપ્રસાધક તપની વિચારણા | ૭૨૫ |
| द्रव्य-क्षेत्राद्यनुवेधेन आरोपविचारः | ૭૨૬ |
| દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુવેધથી વિવિધ ઉપચાર | ૭૨૬ |
| આરોપના ચાર નિમિત્ત : પતંજલિ | ૭૨૬ |
| वैयाकरणमहाभाष्यप्रभृतिसंवादः | ૭૨૭ |
| न्यायसूत्रादिसंवादः | ૭૨૮ |
| ઉપચારના પાંચ નિમિત્ત : નાગેશભટ્ટ | ૭૨૮ |
| આરોપના દશ નિમિત્ત : અક્ષપાદ | ૭૨૮ |
| वात्स्यायनभाष्यसंवादः | ૭૨૯ |
| उपचारसाफल्यबीजविचारः | ૭૩૦ |
| ભૂત નૈગમનયનો ઉપયોગ | ૭૩૦ |
| तीर्थङ्करोऽपि सिद्धः | ૭૩૧ |
| નૈગમનયના બીજા ભેદને સમજીએ | ૭૩૧ |
| विशेषावश्यकभाष्यमलधारवृत्त्यनुसरणम् | ૭૩૨ |
| પ્રસ્થક ઉદાહરણ ભાવી નૈગમનો વિષય | ૭૩૨ |
| भाविनैगमारोपितपर्यायविमर्शः | ૭૩૩ |
| ભાવિનૈગમમાં અનેક પ્રકારે આરોપ | ૭૩૩ |
| આજે સીમંધરસ્વામીનું નિર્વાણકલ્યાણક ! | ૭૩૩ |
| वर्त्तमानेऽनागताऽऽरोपः | ૭૩૪ |
| સાધુ પણ આચાર્ય ! | ૭૩૪ |
| નૈગમના ત્રીજા ભેદનું પ્રતિપાદન | ૭૩૪ |
| अंश-कार्त्स्न्याभ्यां समारोपस्याद्वादः | ૭૩૫ |
| નૈગમના ત્રણેય ભેદની ભેદરેખા સમજીએ | ૭૩૫ |
| શુભચંદ્રમતની સમાલોચના | ૭૩૫ |
| भाविनैगमारोपितपर्यायः साम्प्रतं नास्ति | ૭૩૬ |
| ભાવિનૈગમ હતાશાને દૂર કરે | ૭૩૬ |
| नैगमतृतीयभेदनिरूपणम् | ૭૩૭ |
| નૈગમનયના ત્રીજા ભેદનું ઉદાહરણ | ૭૩૭ |
| ભૂત-ભાવી પણ વર્તમાન | ૭૩૭ |
| वर्त्तमाननैगमनयतात्पर्यप्रकाशनम् | ૭૩૮ |
| पक्व-पक्ष्यमाणानां प्रबन्धेन पच्यमानत्वम् | ૭૩૯ |
| દેશ-સાકલ્યથી પાકવિચાર | ૭૩૯ |
| 'पचति' ના સ્થાને 'अपाक्षीत्' પ્રયોગ વિચાર | ૭૩૯ |
| पच्यमाने पक्ष्यमाणत्वमसंमतम् | ૭૪૦ |
| આરોપસામગ્રી મુજબ આરોપ થાય | ૭૪૦ |
| क्रियमाणत्वस्वरूपविद्योतनम् | ૭૪૧ |
| અંશભેદથી ત્રણ કાળનો સંસ્પર્શ માન્ય | ૭૪૧ |
| સ્થૂલ-સૂક્ષ્મ કાળ મુજબ ત્રૈકાલ્યસ્પર્શ માન્ય | ૭૪૧ |
| वर्त्तमानक्रियायां त्रैकाल्यस्पर्शः | ૭૪૨ |
| પાકક્રિયામાં પાંચ પ્રકારની વિવક્ષા | ૭૪૨ |
| निश्चयनयमतप्रकाशनम् | ૭૪૩ |
| વર્તમાનકાલીન વસ્તુ પણ કથંચિત્ અતીત | ૭૪૩ |
| ભગવતીસૂત્રપ્રબંધનો પરામર્શ | ૭૪૩ |
| ક્રિયાભેદ અસિદ્ધ | ૭૪૩ |
| वर्तमानेऽतीतत्वादिकं सम्मतम् | ૭૪૪ |
| કાલભેદ અસિદ્ધ | ૭૪૪ |
| આશ્રયભેદ અસિદ્ધ | ૭૪૪ |
| नयभेदेन वाक्यप्रयोगभेदविचारः | ૭૪૫ |
| पच्यमान અને पक्व ધાન્યાંશમાં ભેદ અસિદ્ધ | ૭૪૫ |
| કાલાન્તરનો વ્યવચ્છેદ બાધિત | ૭૪૫ |
| स्थूलकालव्यापिनि अतीतादिव्यवच्छेदाऽयोगः | ૭૪૬ |
| અતીતત્વાદિ અંગે નૈયાયિકમત | ૭૪૬ |
| सामुदयिकोत्पादविमर्शः | ૭૪૭ |
| નૈયાયિકમતમાં સ્થૂલ વ્યવહારનો એકાંત | ૭૪૭ |
| એકીસાથે ત્રૈકાલ્યસંબંધ સંમત | ૭૪૭ |
| पच्यमानेषु पक्वत्वस्वीकारः | ૭૪૮ |
| 'किञ्चित् पक्वं, किञ्चित् पच्यते' પ્રયોગ વિચાર | ૭૪૮ |
| प्रकारान्तरेण नैगमनयस्य त्रिविधत्वम् | ૭૪૯ |
| સિદ્ધ-અસિદ્ધસાધારણ વર્તમાનતા | ૭૪૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| નૈગમના આરોપ-અંશ-સંકલ્પસ્વરૂપ ત્રણ ભેદ | ૭૪૯ |
| **कालारोपनैगमस्य षड्भेदाः** | ૭૫૦ |
| કાલારોપ નૈગમના છ ભેદ | ૭૫૦ |
| **नैगमस्य त्रयोदश अवान्तरभेदाः** | ૭૫૧ |
| નયચક્રસારનો સંવાદ | ૭૫૧ |
| **चतुर्विधनैगमस्वरूपविचारः** | ૭૫૨ |
| ચાર પ્રકારે આરોપનૈગમ | ૭૫૨ |
| નૈગમનયના નવ ભેદ | ૭૫૨ |
| **नैगमनयस्य नवविधत्वम्** | ૭૫૩ |
| નૈગમભેદ અંગે વાદિદેવસૂરિમતપ્રદર્શન | ૭૫૩ |
| વર્તમાનનૈગમ સાધનાને પ્રાણવંતી બનાવે | ૭૫૩ |
| **साधनासाफल्यसुनिश्चायकः तृतीयनैगमः** | ૭૫૪ |
| સાધનાસાફલ્યનો સુનિશ્ચય | ૭૫૪ |
| **सङ्ग्रहनयपरामर्शः** | ૭૫૫ |
| સંગ્રહનયની સમજણ | ૭૫૫ |
| **सङ्गृहीत-पिण्डितार्थविचारः** | ૭૫૬ |
| સંગ્રહનયના બે ભેદ | ૭૫૬ |
| **विशेषसङ्ग्रहोपदर्शनम्** | ૭૫૭ |
| **अपरसङ्ग्रहनयस्य व्यवहारत्वापत्तिनिवारणम्** | ૭૫૮ |
| વિશેષધર્મ પણ સંગ્રાહક | ૭૫૮ |
| વ્યવચ્છેદ અભિપ્રાયસાપેક્ષ | ૭૫૮ |
| **सत्त्वं न द्रव्यत्वम्** | ૭૫૯ |
| ઉત્પાદાદિ ગુણાદિમાં પણ અબાધિત | ૭૫૯ |
| **देवसेनमतानुसारेण सङ्ग्रहोपदर्शनम्** | ૭૬૦ |
| શુદ્ધસંગ્રહનયવચન પ્રદર્શન | ૭૬૦ |
| **वादिदेवसूरिमतप्रकाशनम्** | ૭૬૧ |
| દ્વિવિધ સંગ્રહ અંગે લબ્ધિસૂરિજીનું મંતવ્ય | ૭૬૧ |
| પર-અપરસંગ્રહમતવિચાર | ૭૬૧ |
| **सङ्ग्रहवैविध्योपदर्शनम्** | ૭૬૨ |
| સંગ્રહનય શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ | ૭૬૨ |
| **नयचक्रसारसंवादः** | ૭૬૩ |
| મૂલસામાન્ય અવધિદર્શનાદિગમ્ય | ૭૬૩ |
| સંગ્રહનયના ચાર ભેદ - શ્રીદેવચન્દ્રજી | ૭૬૩ |
| **षडुलूकतन्त्रपरामर्शः** | ૭૬૪ |
| વૈશેષિકતન્ત્ર મુજબ ત્રિવિધસામાન્યવિમર્શ | ૭૬૪ |
| **विविधसामान्यविमर्शः** | ૭૬૫ |
| બીજી રીતે ત્રિવિધ સામાન્યની વિચારણા | ૭૬૫ |
| દિગંબરમતે દ્વિવિધ સત્તા | ૭૬૫ |
| મહાસત્તા-અવાન્તરસત્તા અંગે પ્રદ્મપ્રભમત | ૭૬૫ |
| **सङ्ग्रहनयस्य 'वसुधैव कुटुम्बकमि'ति भावनाप्रापकत्वम्** | ૭૬૬ |
| સાંખ્ય સંગ્રહનયાનુયાયી : શ્રીશીલાંકાચાર્ય | ૭૬૬ |
| સંગ્રહનય સમત્વભાવને પ્રગટાવે | ૭૬૬ |
| **सङ्ग्रहनयसम्मतसिद्धसुखसन्दर्शनम्** | ૭૬૭ |
| **सङ्ग्रहार्थभेदको व्यवहारः** | ૭૬૮ |
| વ્યવહાર નયની વ્યાખ્યા | ૭૬૮ |
| **व्यवहारे विधिपूर्वं विभजनम्** | ૭૬૯ |
| વ્યવહારનયના ચાર સ્વરૂપ | ૭૬૯ |
| વ્યવહારનય વિધિપૂર્વક વિભાજન કરે | ૭૬૯ |
| **स्थानाङ्गवृत्तिसंवादः** | ૭૭૦ |
| વિશેષ જ પારમાર્થિક : વ્યવહારનય | ૭૭૦ |
| **भगवतीसूत्रसंवादोपदर्शनम्** | ૭૭૧ |
| વ્યવહારનયના બે પ્રકારની છણાવટ | ૭૭૧ |
| **पूर्वापरविवक्षया सामान्य-विशेषात्मकता** | ૭૭૨ |
| સામાન્ય-વિશેષરૂપતા વિવક્ષાવશ : વ્યવહારનય | ૭૭૨ |
| વ્યવહારનયમાં સામાન્ય-વિશેષરૂપતા સાપેક્ષ | ૭૭૨ |
| **व्यवहारगतशुद्धत्वादिबीजोपदर्शनम्** | ૭૭૩ |
| આલાપપદ્ધતિ ગ્રંથનો સંવાદ | ૭૭૩ |
| વ્યવહારનયની આવશ્યકતા | ૭૭૩ |
| **सूत्रकृताङ्गवृत्तिसंवादः** | ૭૭૪ |
| વ્યવહારનય વિશે શીલાંકાચાર્યમત | ૭૭૪ |
| **वस्तुगत-साधनशुद्धव्यवहारनयविचारः** | ૭૭૫ |
| દ્વિવિધ શુદ્ધ વ્યવહારનય : શ્રીદેવચન્દ્રજી | ૭૭૫ |
| દ્વિવિધ અશુદ્ધ વ્યવહારનય : શ્રીદેવચન્દ્રજી | ૭૭૫ |
| **विभजन-प्रवृत्तिव्यवहारनयविमर्शः** | ૭૭૬ |
| અન્ય પ્રકારે વ્યવહારનયવિભાગ સમજીએ | ૭૭૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ભજીએ લોકોત્તર સાધનપ્રવૃત્તિ વ્યવહારને | ૭૭૬ |
| आगमसारानुसारेण षड्विधव्यवहारविभजनम् | ૭૭૭ |
| અન્ય પ્રકારે છ વ્યવહાર | ૭૭૭ |
| व्यवहारे विषयविभागपूर्वकप्रतिपादनमुचितम् | ૭૭૮ |
| દેવસેનમતસમીક્ષા | ૭૭૮ |
| સ્પષ્ટ વક્તા બનો | ૭૭૮ |
| वस्तुगतवक्रत्वव्याख्यानम् | ૭૭૯ |
| ઋજુસૂત્રનયની ઓળખાણ | ૭૭૯ |
| निष्प्रयोजनमसत् | ૭૮૦ |
| અતીત-અનાગત-પરકીય વસ્તુ અસત્ : ઋજુસૂત્ર | ૭૮૦ |
| तत्त्वार्थश्लोकवार्तिकमतविद्योतनम् | ૭૮૧ |
| દિગંબરમત મુજબ ઋજુસૂત્રનયનો પરિચય | ૭૮૧ |
| मनुष्यत्वपर्यायक्षणिकत्वविमर्शः | ૭૮૨ |
| ઋજુસૂત્રનયના બે ભેદનું નિરૂપણ | ૭૮૨ |
| અસ્તિત્વ નશ્વરતાનું નિમિત્ત | ૭૮૨ |
| स्थूलवर्त्तमानार्थविचारः | ૭૮૩ |
| સ્થૂલ ઋજુસૂત્રનયનું નિરૂપણ | ૭૮૩ |
| स्थिराऽस्थिरपर्यायनिरूपणम् | ૭૮૪ |
| સ્થૂલ ઋજુસૂત્ર અને વ્યવહારનય અસંકીર્ણ | ૭૮૪ |
| પર્યાય પણ સ્થિર હોય છે - શાંતિસૂરિજી | ૭૮૪ |
| ऋजुसूत्रे ध्रौव्यग्राहकत्वमीमांसा | ૭૮૫ |
| સ્થૂલપર્યાય દીર્ઘકાલીન | ૭૮૫ |
| દ્વિવિધ ઋજુસૂત્રનયમાં શુદ્ધિ-અશુદ્ધિ | ૭૮૫ |
| ऋजुसूत्रनये ध्रुवत्वमपि क्षणिकम् | ૭૮૬ |
| ઋજુસૂત્રમાં અસદ્વિષયકત્વ આપત્તિનો પરિહાર | ૭૮૬ |
| વ્યંજનપર્યાય - અર્થપર્યાયનો વિચાર | ૭૮૬ |
| जयधवलाकारमते ऋजुसूत्रसूत्रणम् | ૭૮૭ |
| 'पच्यमानः पक्वः' - ઋજુસૂત્રનય | ૭૮૭ |
| ऋजुसूत्रनये दह्यमानत्वाऽवच्छेदेन दग्धत्वम् | ૭૮૮ |
| दह्यमानं दग्धम् : ઋજુસૂત્રસ્પષ્ટીકરણ | ૭૮૮ |
| ઋજુસૂત્રને અનુકૂળ ઉક્તિઓ | ૭૮૮ |
| आत्मकेन्द्रितविचारधारा अभ्यसनीया | ૭૮૯ |
| ઋજુસૂત્રનયનો આધ્યાત્મિક ઉપયોગ | ૭૮૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| प्रकृतिप्रत्ययसिद्धशब्दः शब्दनयः | ૭૯૦ |
| શબ્દ-સમભિરૂઢ નયનું પ્રતિપાદન | ૭૯૦ |
| અર્થભેદક પાંચ તત્ત્વની પ્રરૂપણા | ૭૯૦ |
| लिङ्ग-वचनादिभेदेन अर्थभेदः | ૭૯૧ |
| શબ્દનયની ત્રણ વિશેષતા | ૭૯૧ |
| त्रिविधवैशिष्ट्यशाली शब्दनयः | ૭૯૨ |
| ઋજુસૂત્ર-શબ્દનય-પ્રમાણના વિષયની વિચારણા | ૭૯૨ |
| शब्दनयविषयविद्योतनम् | ૭૯૩ |
| સ્થાનાંગવૃત્તિકારનું વક્તવ્ય | ૭૯૩ |
| શબ્દનયનો ઋજુસૂત્રને ઠપકો | ૭૯૩ |
| यादृशो ध्वनिः तादृशोऽर्थः | ૭૯૪ |
| વિશેષાવશ્યકભાષ્યનો સંવાદ | ૭૯૪ |
| ઉપસર્ગાદિભેદથી અર્થભેદ શબ્દનયસંમત : શ્રીલબ્ધિસૂરિજી | ૭૯૪ |
| ઉપગ્રહાદિભેદથી અર્થભેદ શબ્દનયસંમત : શ્રીશીલાંકાચાર્યજી | ૭૯૪ |
| धवला-जयधवलाद्यनुसारेण शब्दनयप्रज्ञापना | ૭૯૫ |
| દિગંબરમત મુજબ શબ્દનયની પ્રજ્ઞાપના | ૭૯૫ |
| डित्थादिशब्दैः व्यवहाराऽभावः | ૭૯૬ |
| શબ્દનય અંગે બે મંતવ્ય | ૭૯૬ |
| શબ્દનય મિથ્યાદષ્ટિ | ૭૯૬ |
| समभिरूढस्य संज्ञान्तरविमुखत्वम् | ૭૯૭ |
| સમભિરૂઢનયનું પ્રકાશન | ૭૯૭ |
| शब्दारूढः अर्थः, अर्थारूढश्च शब्दः | ૭૯૮ |
| સમભિરૂઢ : અર્વાચીન દિગંબરસમ્પ્રદાયની દૃષ્ટિએ | ૭૯૮ |
| સમભિરૂઢનયની બે વિશેષતા | ૭૯૮ |
| व्युत्पत्तिभेदे वाच्यभेदः | ૭૯૯ |
| સમભિરૂઢનય : પ્રાચીન દિગંબરસંપ્રદાયની દૃષ્ટિએ | ૭૯૯ |
| नयकर्णिकासंवाद | ૮૦૦ |
| સમભિરૂઢનો શબ્દનયને ઉપાલંભ | ૮૦૦ |
| પર્યાયવાચી શબ્દ ગેરહાજર : સમભિરૂઢ | ૮૦૦ |
| ध्वनिभेदेऽर्थभेदः समभिरूढनये | ૮૦૧ |
| મિથ્યાસંસ્કારવશ એકાર્થક શબ્દની પ્રસિદ્ધિ | ૮૦૧ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| સમભિરૂઢ મિથ્યાદષ્ટિ : શ્રીશીલાંકાચાર્ય | ૮૦૧ | उपनयस्य नयशाखा-प्रशाखात्मकता | ८१८ |
| क्षमाश्रमण-मुनि-दान्तादिपदार्थ-परिणमनोद्यम आवश्यकः | ८०२ | દિગંબરસંપ્રદાયમાં ઉપનયનો ઉદ્ભવ | ૮૧૮ |
| સમભિરૂઢનયનો આધ્યાત્મિક ઉપદેશ | ૮૦૨ | ज्ञानचौर्यदोषोपदर्शनम् | ८१९ |
| शब्दवाच्यक्रियायुक्तमेव वस्तु सत् | ८०३ | નિવેદનમાં પ્રામાણિકતા રાખીએ | ૮૧૯ |
| એવંભૂતનયનું પ્રતિપાદન | ૮૦૩ | सद्भूतव्यवहारोपनयः द्विविधः | ८२० |
| चरमनयाऽनङ्गीकारे संशय-विपर्ययादिप्रसङ्गः | ८०४ | સદ્ભૂત વ્યવહારનું નિરૂપણ | ૮૨૦ |
| એવંભૂતમતમાં ચાર દોષનો ત્યાગ | ૮૦૪ | શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયને જાણીએ | ૮૨૦ |
| भावनिक्षेप एव एवम्भूतनयसम्मतः | ८०५ | आलापपद्धतिसंवादप्रदर्शनम् | ८२१ |
| એવંભૂતનું મંતવ્ય | ૮૦૫ | અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયને સમજીએ | ૮૨૧ |
| એવંભૂતનય : દિગંબરમતની દૃષ્ટિમાં | ૮૦૫ | સદ્ભૂત વ્યવહારના બે ભેદ | ૮૨૧ |
| क्रियान्तरपराङ्मुख एवम्भूतः | ८०६ | अशुद्धकथन-मननादित्यागोपदेशः | ८२२ |
| જયધવલા-ધવલા-સર્વાર્થસિદ્ધિ વગેરેમાં એવંભૂતનય | ૮૦૬ | સદ્ભૂત વ્યવહાર ઉપનયનું પ્રયોજન | ૮૨૨ |
| સર્વ શબ્દો ક્રિયાવાચક : એવંભૂત | ૮૦૬ | શુદ્ધ ગુણ-પર્યાયોનો પરિચય કરીએ | ૮૨૨ |
| नवनयनिरूपणोपसंहारः | ८०७ | आत्म-केवलज्ञानयोः भेदप्ररूपणा | ८२३ |
| એવંભૂતનય મિથ્યાદષ્ટિ : શીલાંકાચાર્ય | ૮૦૭ | શુદ્ધ-અશુદ્ધ સદ્ભૂત વ્યવહારના ઉદાહરણ | ૮૨૩ |
| લઘીયસ્ત્રય સંવાદ | ૮૦૭ | आत्म-मतिज्ञानादीनां भेदः | ८२४ |
| મુખ્ય ૯ નય, અવાન્તર ૨૮ નય : દિગંબર | ૮૦૭ | ગુણ-ગુણીનો ભેદ વાસ્તવિક | ૮૨૪ |
| नवनयानाम् अष्टाविंशतिः अवान्तरभेदाः | ८०८ | સદ્ભૂત વ્યવહારના બીજા ભેદની ઓળખ | ૮૨૪ |
| ૨૯ નયભેદ : અન્ય વિવક્ષાથી | ૮૦૮ | વ્યવહારમાં સદ્ભૂતપણાનું બીજ જાણીએ | ૮૨૪ |
| विरतिधरादिपदार्थरूपेण परिणमनमावश्यकम् | ८०९ | 'आत्मनो ज्ञानम्' इति वाक्यविमर्शः | ८२५ |
| એવંભૂતનયનો આધ્યાત્મિક ઉપદેશ | ૮૦૯ | 'જ્ઞાન આત્માનો ગુણ' વાક્યવિચાર | ૮૨૫ |
| श्रुतार्थपरीक्षणोपदेशः | ८१० | शुद्धसद्भूतव्यवहारे पार्थसारथिमिश्रोक्तिसमावेशः | ८२६ |
| दिगम्बरसम्मतनयावान्तरभेदकोष्ठकम् | ८११ | મીમાંસકમંતવ્ય વિશે વિચારણા | ૮૨૬ |
| દિગંબર સંમત મૂળનય અને અવાન્તર નયોનું કોષ્ટક | ૮૧૧ | गुणशोधनविमर्शः | ८२७ |
| परोक्तं समीचीनं ग्राह्यम् | ८१२ | સદ્ભૂતવ્યવહાર ઉપનયનું પ્રયોજન | ૮૨૭ |
| શાખા - ૬ અનુપ્રેક્ષા | ૮૧૩ | भेददृष्टिः गुणलाभप्रेरिका | ८२८ |
| **શાખા - ૭ : ઉપનયપરામર્શઃ ........૮૧૫-૯૦૪** | | શુદ્ધ-અશુદ્ધ ગુણોમાં સાધ્ય-સાધનભાવ | ૮૨૮ |
| ટૂંકસાર (શાખા - ૭) | ૮૧૬ | गुण-गुण्यादिभेदः सद्भूतव्यवहारविषयः | ८२९ |
| उपनयविभागप्रदर्शनम् | ८१७ | સદ્ભૂત વ્યવહારના વિષયો | ૮૨૯ |
| ઉપનયમીમાંસા | ૮૧૭ | नानाकारकोपदर्शनम् | ८३० |
| | | તદ્દ્રવ્ય-અતદ્દ્રવ્યકારણ વગેરે કારકપ્રકારો | ૮૩૦ |
| | | દશ ભેદક તત્ત્વનું નિરૂપણ | ૮૩૦ |
| | | गुण-गुण्यादिभेदसिद्धिः | ८३१ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| द्रव्य-गुणभेदनिमित्तवैविध्यम् | ८३२ |
| સદ્ભૂત શુદ્ધ વ્યવહારના ઉદાહરણ | ૮૩૨ |
| भेदनयस्य आध्यात्मिकोद्यमप्रेरकत्वम् | ८३३ |
| સદ્ભૂત વ્યવહારનો ઉપયોગ | ૮૩૩ |
| द्वितीयोपनयोपदर्शनम् | ८३४ |
| અસદ્ભૂત વ્યવહારનું પ્રતિપાદન | ૮૩૪ |
| असद्भूतव्यवहारबीजप्रदर्शनम् | ८३५ |
| અન્યત્ર ઉપચાર અસદ્ભૂત વ્યવહાર | ૮૩૫ |
| 'ઉપચાર' શબ્દના ૪૦ અર્થ | ૮૩૫ |
| नानाशास्त्रानुसारेण उपचारवैविध्यप्रदर्शनम् | ८३६ |
| अग्निपुराणादिसंवादेन उपचारवैविध्यवर्णनम् | ८३७ |
| उपचारस्य भेदप्रतीतितिरोहकत्वम् | ८३८ |
| भगवतीसूत्रादिसंवादेन उपचारवैविध्यवर्णनम् | ८३९ |
| स्वमते उपचारपदार्थप्रदर्शनम् | ८४० |
| ગ્રંથકારસંમત 'ઉપચાર' પદાર્થ | ૮૪૦ |
| उपचारस्य भावसत्यसाधकता | ८४१ |
| દ્રવ્ય-અસત્યત્વ પણ ભાવસત્યસાધક | ૮૪૧ |
| द्रव्ये द्रव्योपचारः | ८४२ |
| અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ | ૮૪૨ |
| જીવમાં શરીરનો ઉપચાર | ૮૪૨ |
| द्रव्ये विजातीयद्रव्योपचारः | ८४३ |
| જીવને પુદ્ગલ કહેવાય : ભગવતીસૂત્ર | ૮૪૩ |
| શરીરમાં જીવનો ઉપચાર | ૮૪૩ |
| શરીરમાં ચૈતન્ય નથી | ૮૪૩ |
| भेदप्रतीतौ सत्याम् अभेदोपचारः | ८४४ |
| શરીરમાં જીવનો અસદ્ભૂત વ્યવહાર | ૮૪૪ |
| લોકવ્યવહાર બળવાન | ૮૪૪ |
| प्रभाकरमिश्रमतद्योतनम् | ८४५ |
| ભિન્નમાં અભેદબુદ્ધિ | ૮૪૫ |
| આત્મા વિભુ નથી | ૮૪૫ |
| यो यत्र दृष्टगुणः स तत्रैव | ८४६ |
| દેહમાત્રવ્યાપી આત્મા | ૮૪૬ |
| કર્મને છોડી આત્માને પકડીએ | ૮૪૬ |
| अभेदोपचारतः परपीडापरिहारादियत्नः | ८४७ |
| અભેદ ઉપચારનું પ્રયોજન | ૮૪૭ |
| गुणे गुणोपचारः | ८४८ |
| અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ | ૮૪૮ |
| ભાવલેશ્યા અરૂપી | ૮૪૮ |
| આત્મપરિણામ લેશ્યા | ૮૪૮ |
| असद्भूतव्यवहारोक्तिप्रयोजनोपदर्शनम् | ८४९ |
| આત્મગુણમાં પુદ્ગલગુણનો ઉપચાર | ૮૪૯ |
| 'કૃષ્ણ લેશ્યા' - અસદ્ભૂત વ્યવહાર | ૮૪૯ |
| गोम्मटसारसमीक्षा | ८५० |
| ગુણશબ્દ પરમાર્થથી પર્યાયવાચક | ૮૫૦ |
| યોગાન્તર્ગતદ્રવ્યાત્મક લેશ્યા ઔદાયિકભાવ છે | ૮૫૦ |
| आत्मवञ्चनं त्याज्यम् | ८५१ |
| લેશ્યાનો વર્ણ દેખાડવાનું પ્રયોજન | ૮૫૧ |
| पर्याये पर्यायोपचारः | ८५२ |
| અસદ્ભૂત વ્યવહારનો ત્રીજો ભેદ | ૮૫૨ |
| अनुयोगद्वारसूत्रविमर्शः | ८५३ |
| સચિત્ત દ્રવ્યસ્કંધની વિચારણા | ૮૫૩ |
| પરિપૂર્ણ દ્રવ્યસ્કંધની સમજણ | ૮૫૩ |
| असद्भूतव्यवहारवासना त्याज्या | ८५४ |
| ઉન્માર્ગનિવારણનો આશય | ૮૫૪ |
| द्रव्ये गुणोपचारः | ८५५ |
| અસદ્ભૂત વ્યવહારનો ચોથો-પાંચમો ભેદ | ૮૫૫ |
| द्रव्ये पर्यायारोपः | ८५६ |
| આત્મા મૂર્ત છે ! | ૮૫૬ |
| જીવ 'કામ'સ્વરૂપ - ભગવતીસૂત્ર | ૮૫૬ |
| અસદ્ભૂત વ્યવહારના પાંચમા ભેદનું દૃષ્ટાન્ત | ૮૫૬ |
| देहात्मोपचारस्य व्यामोहकत्वम् | ८५७ |
| અસદ્ભૂત વ્યવહારમાં સાવધાની | ૮૫૭ |
| गुणे द्रव्योपचारः | ८५८ |
| અસદ્ભૂત વ્યવહારનો છઠ્ઠો-સાતમો ભેદ | ૮૫૮ |
| शब्दभेदसमाधानम् | ८५९ |
| 'ગોરો હું' - ઉપચારવિચાર | ૮૫૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉદ્દેશ્ય-વિધેયભાવમાં ફેરફાર | ૮૫૯ |
| ઉદ્દેશ્ય-વિધેયભાવ સ્વૈચ્છિક | ૮૫૯ |
| 'ज्ञानम् आत्मा' इति वाक्यविमर्शः | ८६० |
| ભગવતીસૂત્ર સંદર્ભની વિચારણા | ૮૬૦ |
| સિંહાવલોકન ન્યાયથી વિચારણા | ૮૬૦ |
| पर्याये द्रव्योपचारः | ८६१ |
| આરોપ નૈગમ ભલો | ૮૬૧ |
| અસદ્ભૂત વ્યવહારના સાતમા ભેદનું ઉદાહરણ | ૮૬૧ |
| પાંચમો અને સાતમો પ્રકાર વિલક્ષણ | ૮૬૧ |
| असद्भूतव्यवहारप्रयोजनप्रकाशनम् | ८६२ |
| લોકવ્યવહારમાં સાવધાન બનો | ૮૬૨ |
| गुणे पर्यायारोपः | ८६३ |
| અસદ્ભૂત વ્યવહારનો આઠમો-નવમો ભેદ | ૮૬૩ |
| મતિજ્ઞાન શરીર જ છે | ૮૬૩ |
| અસદ્ભૂત વ્યવહારના નવમા ભેદનું ઉદાહરણ | ૮૬૩ |
| पर्याये गुणारोपः | ८६४ |
| આઠમો-નવમો વ્યવહાર વિલક્ષણ | ૮૬૪ |
| ભેદવિજ્ઞાનને ભૂલીએ નહિ | ૮૬૪ |
| प्रकारान्तरेण असद्भूतव्यवहारोपवर्णनम् | ८६५ |
| અસદ્ભૂત વ્યવહારના ત્રણ ભેદ | ૮૬૫ |
| तथाव्यवहाराऽसद्भूतत्वोपयोगावश्यकता | ८६६ |
| અસદ્ભૂતપણું ખ્યાલમાં રાખીએ | ૮૬૬ |
| स्वजातीयाऽसद्भूतव्यवहारवर्णनम् | ८६७ |
| અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ | ૮૬૭ |
| અસંખ્યકાળમાં પરમાણુ અવશ્ય સ્કંધ બને | ૮૬૭ |
| पुद्गलविभावपर्यायविचारः | ८६८ |
| પરમાણુ બહુપ્રદેશી ! | ૮૬૮ |
| સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીય પર્યાયનો આરોપ | ૮૬૮ |
| प्रतिबिम्बे मुखारोपः | ८६९ |
| પ્રતિબિંબ પુદ્ગલસજાતીયપર્યાય | ૮૬૯ |
| ગુણમાં દ્રવ્યનો ઉપચાર | ૮૬૯ |
| 'बोधः घटाकार' इत्युपचारविचारः | ८७० |
| ગુણમાં પર્યાયનો ઉપચાર | ૮૭૦ |
| વિભાવ પર્યાયમાં સજાતીય દ્રવ્યનો આરોપ | ૮૭૦ |
| 'उत्तमं रूपम्' इत्युपचारविचारः | ८७१ |
| પર્યાયમાં સજાતીય ગુણનો આરોપ | ૮૭૧ |
| સ્વજાતીય-વિજાતીય ઉદાહરણોમાં ભેદ | ૮૭૧ |
| અસદ્ભૂત વ્યવહારનું ઉમદા પ્રયોજન | ૮૭૧ |
| उपचारप्रयोजनविमर्शः | ८७१ |
| विजातीयाऽसद्भूतव्यवहारविचारः | ८७३ |
| અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ | ૮૭૩ |
| मूर्त्तस्याऽमूर्त्ताऽव्याघातकता | ८७४ |
| મતિજ્ઞાન મૂર્ત્ત છે | ૮૭૪ |
| સાધુગુણ કથંચિત્ મૂર્ત્ત : વિશેષાવશ્યકવૃત્તિ | ૮૭૪ |
| मतिज्ञानोत्कर्षमदः त्याज्यः | ८७५ |
| કર્મ વેદના છે ! | ૮૭૫ |
| મતિજ્ઞાન ઉપર મુસ્તાક ન બનો | ૮૭૫ |
| मिश्राऽसद्भूतव्यवहारप्रतिपादनम् | ८७६ |
| અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ત્રીજો ભેદ | ૮૭૬ |
| જીવાજીવાત્મક જ્ઞાન | ૮૭૬ |
| 'जीवाजीवौ ज्ञानम्' इत्युपचारविमर्शः | ८७७ |
| विषयतासम्बन्धस्य वृत्त्यनियामकत्वम् | ८७८ |
| વિષયતાસંબંધ ઉપચરિત | ૮૭૮ |
| ઉપચરિત સંબંધનો વિચાર | ૮૭૮ |
| विषयतासम्बन्धस्योपचारनियामकत्वम् | ८७९ |
| જીવાજીવાત્મક દર્શન : સજાતીય-વિજાતીય આરોપ | ૮૭૯ |
| જ્ઞેયમાં જ્ઞાનનો ઉપચાર સપ્રયોજન | ૮૭૯ |
| વિષયતાસંબંધથી જ્ઞાનનો ઉપચાર | ૮૭૯ |
| वीतरागज्ञाने वीतरागपरिणतिः | ८८० |
| જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાનો સંબંધ સમજીએ | ૮૮૦ |
| उपचरिताऽसद्भूतव्यवहारवर्णनम् | ८८१ |
| ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર : ત્રીજો ઉપનય | ૮૮૧ |
| આરોપ પરંપરા ન વધારીએ | ૮૮૧ |
| ममतया समारोपा न कार्याः | ८८२ |
| उपचरिताऽसद्भूतव्यवहारभेदप्रज्ञापनम् | ८८३ |
| ત્રીજા ઉપનયના ત્રણ ભેદ | ૮૮૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અન્ય પ્રકારે ત્રીજા ઉપનયના ત્રણ ભેદ | ૮૮૩ |
| सत्याऽसत्य-मिश्रारोपविमर्शः | ૮૮૪ |
| ત્રીજા ઉપનયનો પ્રથમ ભેદ સમજીએ | ૮૮૪ |
| 'मदीयाः पुत्रा' इत्यारोपविमर्शः | ૮૮૫ |
| એક ઉપચાર પછી બીજો ઉપચાર | ૮૮૫ |
| 'पुत्रः अहम्' इत्युपचारमीमांसा | ૮૮૬ |
| પિતા પુત્ર વચ્ચે ભેદ-અભેદ ઔપચારિક | ૮૮૬ |
| पुत्रादिपर्यायाः कल्पिताः | ૮૮૭ |
| નિત્ય આત્મામાં પુત્રત્વ કાલ્પનિક | ૮૮૭ |
| સ્વશરીરજન્યત્વ પુત્રત્વનિયામક નથી | ૮૮૭ |
| રાગાદિ પરિણામોને તજીએ | ૮૮૭ |
| दीक्षान्तरायस्य त्याज्यता | ૮૮૮ |
| विजातीयोपचरिताऽसद्भूतव्यवहारप्रज्ञापनम् | ૮૮૯ |
| ત્રીજા ઉપનયના બીજા ભેદને સમજીએ | ૮૮૯ |
| આત્મા સ્વગુણ-પર્યાયનો જ સ્વામી | ૮૮૯ |
| मिथ्यात्वदार्ढ्यविचारः | ૮૯૦ |
| વસ્ત્ર કેવલ પુદ્ગલપર્યાયસ્વરૂપ નથી | ૮૯૦ |
| वस्त्रनिक्षेपविमर्शः | ૮૯૧ |
| નામ-સ્થાપનાદિ વસ્ત્રો પ્રસ્તુતમાં અનુપયોગી | ૮૯૧ |
| वस्त्रादेः कल्पितत्वम् | ૮૯૨ |
| શરીરઆચ્છાદકને પણ વસ્ત્ર ન કહેવાય | ૮૯૨ |
| निक्षेपचतुष्टयस्वरूपप्रज्ञापना | ૮૯૩ |
| ચાર નિક્ષેપનો પરિચય | ૮૯૩ |
| ત્રીજા ઉપનયના ત્રીજા ભેદને સમજીએ | ૮૯૩ |
| राजगृहस्वरूपविमर्शः | ૮૯૪ |
| રાજગૃહ નગર સજીવ-નિર્જીવઉભયસ્વરૂપ | ૮૯૪ |
| स्थानाङ्गसूत्रातिदेशः | ૮૯૫ |
| સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનો મત | ૮૯૫ |
| उपचारप्रसङ्गेन सम्बन्धवैविध्यविमर्शः | ૮૯૬ |
| ઉપચારનિયામક અનેકવિધ સંબંધ | ૮૯૬ |
| स्वामित्वव्यामोहः त्याज्यः | ૮૯૭ |
| 'મારું ગામ-નગર' - આવી બુદ્ધિ એ મૂઢતા | ૮૯૭ |
| શું માલિકીને ઓળખીએ છીએ ખરા ? | ૮૯૭ |
| मिश्रोपचरिताऽसद्भूतव्यवहारोपयोगः सावधानतया कार्यः | ૮૯૮ |
| ફોતરા છોડો, ધાન્ય સ્વીકારો | ૮૯૮ |
| व्यवहारसत्यत्वप्रतिपादनम् | ૮૯૯ |
| પરીક્ષા કરવામાં મધ્યસ્થતા જરૂરી | ૮૯૯ |
| વિશેષ દૃષ્ટિકોણથી દરેક ઉપચાર સત્ય | ૮૯૯ |
| नवविधनयपरिभाषायाः परीक्षणीयता | ૯૦૦ |
| પરીક્ષા કરવાની ત્રણ શરતને ઓળખીએ | ૯૦૦ |
| प्रवचनप्रभावनाकामिकर्तव्योपदेशः | ૯૦૧ |
| ....તો યશ અને વિજય મળે | ૯૦૧ |
| શાખા - ૭ - અનુપ્રેક્ષા | ૯૦૨ |

## शाखा - ८ आध्यात्मिकनयनिरूपणं देवसेनमतस्य च समीक्षा........९०५-११०४

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ટૂંકસાર (શાખા - ૮) | ૯૦૬ |
| शुद्धाऽशुद्धभेदेन निश्चयद्वैविध्यम् | ૯૦૭ |
| આધ્યાત્મિક પરિભાષા મુજબ નયવિચાર | ૯૦૭ |
| अभेद-भेदविषयकत्वेन नयभेदनिरूपणम् | ૯૦૮ |
| આત્મલક્ષી વિચારણા કરીએ | ૯૦૮ |
| आध्यात्मिकाऽऽय-व्ययौ अवलम्बनीयौ | ૯૦૯ |
| केवलज्ञानात्मनोः तादात्म्यस्थापनम् | ૯૧૦ |
| આધ્યાત્મિક નિશ્ચયના બે ભેદ | ૯૧૦ |
| आध्यात्मिकनिश्चयनये गुण-गुण्यभेदविधायकता | ૯૧૧ |
| વિશેષાવશ્યકભાષ્યની સ્પષ્ટતા | ૯૧૧ |
| અન્વયદ્રવ્યાર્થિક અને શુદ્ધ-અશુદ્ધનિશ્ચય વચ્ચે ભેદ | ૯૧૧ |
| ज्ञाननाशेऽपि कथञ्चिद् जीवाऽनाशः | ૯૧૨ |
| એક પર્યાયરૂપે નાશ છતાં અન્યપર્યાયરૂપે ધ્રૌવ્યાદિ અવ્યાહત | ૯૧૨ |
| શુદ્ધ-અશુદ્ધ નિશ્ચય વિચારણા | ૯૧૨ |
| निरुपाधिकगुण-गुण्याद्यभेदः | ૯૧૩ |
| મતિજ્ઞાનાદિ શુદ્ધ છતાં અશુદ્ધ | ૯૧૩ |
| ભગવતીસૂત્ર આદિના સંદર્ભનો વિમર્શ | ૯૧૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ज्ञानोपयोगकाले ज्ञानाऽभिन्नः ज्ञानी | ૧૧૪ |
| નિરુપાધિક-સોપાધિક ગુણની સમજણ | ૧૧૪ |
| विकृतज्ञानदशा विभावगुणपर्यायः | ૧૧૫ |
| વિભાવગુણપર્યાયને ઓળખીએ | ૧૧૫ |
| વિભાવગુણ તુચ્છ-નશ્વર | ૧૧૫ |
| शुद्धज्ञाने आत्मास्तित्वानुसन्धानम् | ૧૧૬ |
| સ્વભાવગુણપર્યાયની વિચારણા | ૧૧૬ |
| કૈવલ્યજ્યોતિસ્વરૂપ આત્માને ઓળખીએ | ૧૧૬ |
| व्यवहारस्य भेदग्राहित्वम् | ૧૧૭ |
| આધ્યાત્મિક વ્યવહારનયના બે ભેદનું પ્રતિપાદન | ૧૧૭ |
| सद्भूताऽसद्भूतव्यवहारनयोपयोगातिदेशः | ૧૧૮ |
| ગુણ-ગુણીમાં ભેદદર્શનનું પ્રયોજન | ૧૧૮ |
| 'जीवस्य मतिज्ञानमि'ति व्यवहारविचारः | ૧૧૯ |
| સદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું નિરૂપણ | ૧૧૯ |
| 'खलु' શબ્દના વિવિધ અર્થો | ૧૧૯ |
| सोपाधिकगुण-गुणिभेदोपदर्शनप्रयोजनम् | ૧૨૦ |
| સોપાધિક ગુણ ઉપર મદાર ન બાંધવો | ૧૨૦ |
| उपाधिराहित्यं निरुपचारत्वम् | ૧૨૧ |
| સદ્ભૂત વ્યવહારના બીજા ભેદનું પ્રતિપાદન | ૧૨૧ |
| गुण-गुणिभेदव्यवहारप्रयोजनोपदर्शनम् | ૧૨૨ |
| ભેદ ઉપચારનું પ્રયોજન | ૧૨૨ |
| અનંત ગુણપિંડસ્વરૂપ આત્મા | ૧૨૨ |
| आधाराधेयभावः पारमार्थिकः | ૧૨૩ |
| આધારાધેયભાવ વાસ્તવિક છે : સ્યાદ્વાદકલ્પલતા | ૧૨૩ |
| ક્ષાયોપશમિક ગુણનો ભરોસો ન કરવો | ૧૨૩ |
| निरुपाधिकगुणोपलब्धये यतितव्यम् | ૧૨૪ |
| સમ્યક્ ઉદ્યમથી મોક્ષપ્રાપ્તિ | ૧૨૪ |
| असंश्लिष्टगोचरोऽसद्भूतोपचरितव्यवहारः | ૧૨૫ |
| અસદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું પ્રકાશન | ૧૨૫ |
| 'देवदत्तस्य धनमि'ति व्यवहारविचारः | ૧૨૬ |
| દેવદત્ત-ધન વચ્ચે ઔપચારિક સંબંધ | ૧૨૬ |
| દેવદત્ત-ધન વચ્ચે ભેદસિદ્ધિ | ૧૨૬ |
| निश्चयदृष्ट्या व्यवहारपालनम् | ૧૨૭ |
| સંશ્લેષશૂન્યમાં ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર | ૧૨૭ |
| લોકવ્યવહારમાં ગળાડૂબ ન બનીએ | ૧૨૭ |
| विपरीतभावनानाश्यत्वमुपचरितभावस्य | ૧૨૮ |
| અસદ્ભૂત વ્યવહારના બીજા ભેદને સમજીએ | ૧૨૮ |
| अनुपचरिताऽसद्भूतव्यवहारस्य संश्लिष्टगोचरताविमर्शः | ૧૨૯ |
| દેહાત્મસંબંધ વાસ્તવિક છે | ૧૨૯ |
| દિગંબરમત સમર્થન | ૧૨૯ |
| નયચક્ર આલાપપદ્ધતિનું ઉપલક્ષક | ૧૨૯ |
| अनुपचरिताऽसद्भूतव्यवहारप्रवृत्तौ सावधानतया भाव्यम् | ૧૩૦ |
| દેહસંશ્લેષ ન છૂટે તો પણ દેહાધ્યાસને તો છોડીએ જ | ૧૩૦ |
| परिभाषाविपर्यासविमर्शः | ૧૩૧ |
| દિગંબરમત સમાલોચના | ૧૩૧ |
| असमञ्जसदर्शनतः सज्जनचित्तसन्तापः | ૧૩૨ |
| અનુચિત પ્રવૃત્તિ ખેદજનક | ૧૩૨ |
| उत्सूत्रभाषणादेः दारुणविपाकः | ૧૩૩ |
| શ્રુતની આશાતના અત્યંત દારુણ | ૧૩૩ |
| परदोषदर्शने सज्जनानां करुणाविर्भावः | ૧૩૪ |
| દુર્ગૃહીત શાસ્ત્ર-શસ્ત્ર સ્વનાશક : ચરકસંહિતા | ૧૩૪ |
| દોષદર્શન કરાવવાનું તાત્પર્ય સમજીએ | ૧૩૪ |
| मूलनयविभागद्वैविध्यप्रदर्शनम् | ૧૩૫ |
| સાત અને પાંચ નયના વિભાગને સમજીએ | ૧૩૫ |
| स्थानाङ्गवृत्तिस्पष्टीकरणम् | ૧૩૬ |
| શબ્દનયના ત્રણ ભેદ | ૧૩૬ |
| નયના ૭૦૦, ૬૦૦, ૫૦૦ વગેરે ભેદો | ૧૩૬ |
| मलधारव्याख्योपदर्शनम् | ૧૩૭ |
| વિવક્ષાભેદથી નયભેદ | ૧૩૭ |
| एकधर्मपर्यवसिताभिप्रायस्य नयरूपता | ૧૩૮ |
| નયના ૫૦૦ ભેદનું સમર્થન | ૧૩૮ |
| મધ્યમવિવક્ષાથી નયવિભાગપ્રદર્શન | ૧૩૮ |
| વિસ્તાર વિવક્ષાથી નયો અનન્તા છે | ૧૩૮ |
| गोम्मटसारादिसंवादः | ૧૩૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અનન્તનયનું સમર્થન | ૯૩૯ |
| વચનપદ્ધતિતુલ્ય નયસંખ્યા | ૯૩૯ |
| मतिविशेषाणां श्रुतरूपता | ९४० |
| શ્રુતાનુસારી નયવાદો શ્રુતજ્ઞાનસ્વરૂપ | ૯૪૦ |
| પ્રાચીન આગમિક શૈલી ન છોડીએ | ૯૪૦ |
| नवनयनिरूपणमन्याय्यम् | ९४१ |
| ખફા થવાના બદલે ખેદને વ્યક્ત કરીએ | ૯૪૧ |
| अर्पितानर्पितनयापादनम् | ९४२ |
| દેવસેનમત દોષગ્રસ્ત | ૯૪૨ |
| દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયની સમજણ | ૯૪૨ |
| अर्पितादिनयप्रदर्शनम् | ९४३ |
| અર્પિતાદિ નયનું આપાદન નિરાધાર : દિગંબર | ૯૪૩ |
| अर्पिताऽनर्पितनययोः उभयसम्प्रदायसम्मतता | ९४४ |
| અર્પિતાદિ નયનું આપાદન શાસ્ત્રસાપેક્ષ : શ્વેતાંબર | ૯૪૪ |
| અર્પિત-અનર્પિતનયની સ્પષ્ટતા | ૯૪૪ |
| अर्पितत्वादेर्ज्ञेयगत्वसाधनम् | ९४५ |
| ...તો મૂલનય સાત જ થશે, નવ નહિ | ૯૪૫ |
| અર્પિતત્વાદિ વાસ્તવિક છે | ૯૪૫ |
| देवसेनस्य चतुर्दशमूलनयापत्तिः | ९४६ |
| દિગંબરમત મુજબ અર્પિત-અનર્પિતવિચાર | ૯૪૬ |
| ચૌદ નયની આપત્તિ | ૯૪૬ |
| अर्थ-व्यञ्जन-शुद्धाऽशुद्धनयविचारणम् | ९४७ |
| અર્થનય તાર્કિકમતે ત્રણ, સિદ્ધાંતમતે ચાર | ૯૪૭ |
| દેવસેનજીને સોળ મૂલનયની આપત્તિ | ૯૪૭ |
| नाम-स्थापनादिनयविमर्शः | ९४८ |
| શુદ્ધ-અશુદ્ધનયની અન્ય વિચારણા | ૯૪૮ |
| ૨૦ મૂળનય થવાની આપત્તિ | ૯૪૮ |
| नानाप्रकारेण मूलनयद्वैविध्यद्योतनम् | ९४९ |
| ૨૩ મૂળનયની આપત્તિ | ૯૪૯ |
| देवसेनस्य चतुश्चत्वारिंशन्मूलनयापत्तिः | ९५० |
| અતીતાદિનય અવશ્ય સ્વીકાર્ય | ૯૫૦ |
| ઢગલાબંધ મૂળનયોની આપત્તિ | ૯૫૦ |
| विमर्शपूर्वा योगसाधना सफला | ९५१ |
| આધ્યાત્મિકનયવિભાગમાં પણ ન્યૂનતા દોષ | ૯૫૧ |
| પ્રમાણથી દૂર ન જઈએ | ૯૫૧ |
| विमृश्यकारित्वं श्रेयः | ९५२ |
| नयसप्तके द्रव्यार्थिकादिसमावेशौचित्यम् | ९५३ |
| અર્પિત-અનર્પિતનયના અંતર્ભાવની વિચારણા | ૯૫૩ |
| सप्तविधनयविभागसमर्थनम् | ९५४ |
| દિગંબરમત પ્રતિબંદિગ્રસ્ત | ૯૫૪ |
| આગમિક પરંપરાનો લોપ ન કરીએ | ૯૫૪ |
| द्रव्यार्थादिनयान्तर्भावप्रक्रियाप्रदर्शनम् | ९५५ |
| દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો સાત નયમાં અંતર્ભાવ | ૯૫૫ |
| ऋजुसूत्रे द्रव्यार्थिकत्वसमर्थनम् | ९५६ |
| ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક છે - અનુયોગદ્વાર | ૯૫૬ |
| સિદ્ધાન્તમતે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક | ૯૫૬ |
| શ્રીજિનભદ્રગણિમતે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક | ૯૫૬ |
| परिमित-पथ्य-पवित्रपदानि प्रयोक्तव्यानि | ९५७ |
| શ્રીદેવચંદ્રમતાનુસાર નયવિભજન | ૯૫૭ |
| આંધળા તર્કથી આગમદૃષ્ટિનો પરાભવ ન થાય | ૯૫૭ |
| વ્યર્થ વિસ્તાર ટાળીએ | ૯૫૭ |
| ऋजुसूत्रे पर्यायार्थत्वनिरूपणम् | ९५८ |
| ઋજુસૂત્ર પર્યાયાર્થિકનય છે : તાર્કિક મત | ૯૫૮ |
| ऋजुसूत्रे पर्यायार्थिकत्वसमर्थनम् | ९५९ |
| આગમિક ટીકાકારાદિના મતે પણ ઋજુસૂત્ર પર્યાયાર્થિક નય | ૯૫૯ |
| आगमटीकाकृताम् ऋजुसूत्रः पर्यायार्थिकतया सम्मतः | ९६० |
| ઋજુસૂત્ર વિશે શાંતિસૂરિજીનું મંતવ્ય | ૯૬૦ |
| ઋજુસૂત્ર અંગે હેમચંદ્રસૂરિજીનો અભિપ્રાય | ૯૬૦ |
| द्रव्यार्थिकलक्षणम् | ९६१ |
| ઋજુસૂત્રનય પર્યાયાર્થિક છે : દિગંબર મત | ૯૬૧ |
| દ્રવ્યાર્થિકનયનું મંતવ્ય | ૯૬૧ |
| ऋजुसूत्रस्य शुद्धाऽर्थपर्यायग्राहकत्वम् | ९६२ |
| પર્યાયાર્થિકનયનું મંતવ્ય | ૯૬૨ |
| દિવાકરજીના આશયની સ્પષ્ટતા | ૯૬૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| अनुयोगद्वारसूत्रविरोधमीमांसा | १६३ |
| દિવાકરમત અસંગત : જિનભદ્રગણી | १६३ |
| नयेषु निक्षेपचतुष्टयग्राहकत्वविमर्शः | १६४ |
| તાર્કિકસિદ્ધાન્તથી તાર્કિકમતની સમીક્ષા | १६४ |
| સૈદ્ધાન્તિકમતથી તાર્કિકમતની સમાલોચના | १६४ |
| ऋजुसूत्रमतेऽतिरिक्ताधारस्य कल्पितत्वम् | १६५ |
| ત્રિવિધ દ્રવ્યાંશની વિચારણા | १६५ |
| श्रीजिनभद्रगणिमतद्योतनम् | १६६ |
| પર્યાયાર્થિકનયમાં દ્રવ્યાંશ અસ્વીકાર્ય | १६६ |
| अनुपयोगलक्षणद्रव्यांशप्रतिपादनम् | १६७ |
| ઋજુસૂત્રવ્યાખ્યામાં પરિષ્કાર | १६७ |
| ચોથા દ્રવ્યાંશનું નિરૂપણ | १६७ |
| ऋजुसूत्रे द्रव्यनिक्षेपग्राहकत्वसमर्थनम् | १६८ |
| સૈદ્ધાન્તિકમતનું સમર્થન | १६८ |
| नयोपदेशवृत्तिसंवादप्रदर्शनम् | १६९ |
| તાર્કિકમતનું નિરાકરણ : નયોપદેશવૃત્તિ | १६९ |
| तार्किकमते उद्देश्य-विधेयभावसमर्थनम् | १७० |
| તાર્કિકમતનું સમર્થન : નયોપદેશવૃત્તિ | १७० |
| ઉદ્દેશ્ય-વિધેયભાવની વિચારણા | १७० |
| नयोपदेशवृत्तिकल्पान्तरविमर्शः | १७१ |
| 'વિવરણ'ની સમજણ | १७१ |
| સમ્યક્ ક્ષયોપશમની વિવિધતા | १७१ |
| अनेकविधप्ररूपणाबीजप्रकाशनम् | १७२ |
| शुद्धाऽशुद्धभेदेन ऋजुसूत्रद्वैविध्यद्योतनम् | १७३ |
| દ્રવ્યાવશ્યક અંગે શ્રીમલયગિરિસૂરિજીનો અભિપ્રાય | १७३ |
| पर्यायनये गुणसमूहात्मकद्रव्यग्राहकत्वम् | १७४ |
| ઋજુસૂત્રસંમત દ્રવ્યાવશ્યક અંગે નવી વિચારણા | १७४ |
| शब्दनये तद्व्यतिरिक्तद्रव्यनिक्षेपस्वीकारः | १७५ |
| પર્યાયાર્થિકનયમાં દ્રવ્યનિક્ષેપ માન્ય - અનુયોગદ્વારચૂર્ણિ | १७५ |
| पर्यायार्थनये द्रव्यनिक्षेपग्राहकत्वं धवलाकारसम्मतम् | १७६ |
| દ્રવ્યાવશ્યક પર્યાયસ્વરૂપ | १७६ |
| ધવલાવ્યાખ્યાકારનું મંતવ્ય | १७६ |
| ऋजुसूत्रः पर्यायार्थिकलक्षणान्वितः | १७७ |
| ઋજુસૂત્રમાં પર્યાયાર્થિકનયનું લક્ષણ વિદ્યમાન | १७७ |
| चूर्णिकारादिमते ऋजुसूत्रः पर्यायार्थिकः | १७८ |
| આગમચૂર્ણિ-ટીકાકારના મતે પણ ઋજુસૂત્ર પર્યાયાર્થિક | १७८ |
| ऋजुसूत्रे अन्वयद्रव्यार्थिकस्थानीयत्वविमर्शः | १७९ |
| શ્રીજિનભદ્રગણીના મતનું સમર્થન | १७९ |
| દ્રવ્યાવશ્યક એક-અનેક : ઋજુસૂત્રનય | १७९ |
| कर्तृभेदे कार्यभेदः ऋजुसूत्रसम्मतः | १८० |
| વ્યવહાર-ઋજુસૂત્ર વચ્ચે ભેદ | १८० |
| यथास्वमावश्यकभजनापरामर्शः | १८१ |
| ઋજુસૂત્રમાન્ય દ્રવ્યનિક્ષેપપૃથક્ત્વ - દ્રોણાચાર્ય | १८१ |
| ઋજુસૂત્રમાન્ય એક દ્રવ્યાવશ્યકની સંગતિ | १८१ |
| ऋजुसूत्र उभयात्मकनयः | १८२ |
| ઋજુસૂત્ર-સંગ્રહ વચ્ચે ભેદ પ્રદર્શન | १८२ |
| ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ઉભયસ્વરૂપ | १८२ |
| सर्वथाशुद्धद्रव्यार्थिकादिः नास्ति | १८३ |
| કોઈ પણ નય કેવલ દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક નથી | १८३ |
| ઋજુસૂત્ર માત્ર દ્રવ્યાર્થિક નથી | १८३ |
| ભાવ અનુષ્ઠાનના સાત પ્રાણને સમજીએ | १८३ |
| भावानुष्ठानोपलब्धये यतितव्यम् | १८४ |
| સિદ્ધિસુખને સમજીને અનુભવીએ | १८४ |
| नवनयनिरूपणं निष्प्रयोजनम् | १८५ |
| સાત નયથી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ભિન્ન નથી | १८५ |
| साम्प्रतादिनयेऽतिरिक्तार्थग्राहकता | १८६ |
| દ્રવ્યાર્થિકાદિ સ્વતન્ત્ર નય : દિગંબર | १८६ |
| સાત નયથી ભિન્ન વિષય દ્રવ્યાર્થિકાદિમાં અસંભવ | १८६ |
| अतिरिक्तार्थग्राहकता द्रव्यार्थिकादौ नास्ति | १८७ |
| પાછલા ત્રણ નયમાં ભેદ-અભેદની સિદ્ધિ | १८७ |
| દ્રવ્યાર્થિકાદિમાં વિષયભેદ છે : પૂર્વપક્ષ | १८७ |
| द्रव्यार्थिकभेदानां सङ्ग्रहादिनये समावेशः | १८८ |
| દ્રવ્યાર્થિકાદિમાં વિષયભેદ નથી : ઉત્તરપક્ષ | १८८ |
| व्यावृत्तिपरद्रव्यार्थस्य व्यवहारे निवेशः | १८९ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પર્યયાર્થિકભેદાનામ્ ઋજુસૂત્રાદૌ સમાવેશઃ | ૯૯૦ |
| દેવસેનદર્શિત પર્યાયાર્થિકવિભાગ પણ અનુચિત | ૯૯૦ |
| તેર પર્યાયાર્થિકનયની આપત્તિ | ૯૯૦ |
| षट्पर्यायार्थिककल्पनाऽनुचिता | ૯૯૧ |
| સર્વ પર્યાયોનો ચાર પર્યાયમાં સમાવેશ | ૯૯૧ |
| देवसेनस्य न्यूनतादोषः | ૯૯૨ |
| પર્યાયાર્થિકના સત્તર ભેદની સમસ્યા | ૯૯૨ |
| નિક્ષેપ પણ વસ્તુપર્યાય છે | ૯૯૨ |
| षड्विधपर्यायार्थिकेऽतिरिक्तविषयग्राहकत्वाऽभावः | ૯૯૩ |
| સત્તર પર્યાયાર્થિકનયનો નિર્દેશ | ૯૯૩ |
| पर्यायार्थिकाणाम् ऋजुसूत्रादौ समवतारः | ૯૯૪ |
| પર્યાયાર્થિકનયના છ ભેદ પણ સ્વતંત્ર નથી | ૯૯૪ |
| नवधा मूलनयविभागोऽनुचितः | ૯૯૫ |
| નવનયકલ્પના અયોગ્ય | ૯૯૫ |
| देवसेनमते कोटिभङ्गीप्रसङ्गः | ૯૯૬ |
| 'ગો-બલિવર્દ' ન્યાયની સ્પષ્ટતા | ૯૯૬ |
| દિગંબરમતમાં સપ્તમૂલનયપ્રક્રિયાભંગનો પ્રસંગ | ૯૯૬ |
| गो-बलिवर्दन्यायेन नानाभङ्गाऽऽपादनम् | ૯૯૭ |
| દ્રવ્યસાપેક્ષ અસ્તિત્વ કરતાં ક્ષેત્રાદિસાપેક્ષ અસ્તિત્વ પૃથક્ | ૯૯૭ |
| પ્રથમ ભંગના સ્થાનમાં અનેક ભંગની આપત્તિ | ૯૯૭ |
| आगमानुसारतः तत्त्वं विचारणीयम् | ૯૯૮ |
| ગો-બલિવર્દન્યાય કોટિભંગીઆપાદક | ૯૯૮ |
| દેશનાપદ્ધતિ અંગે કાંઈક સૂચન | ૯૯૮ |
| व्यामोहकारिणी देशनापद्धतिः त्याज्या | ૯૯૯ |
| સિદ્ધસ્વરૂપની નિકટ પહોંચીએ | ૯૯૯ |
| नैगमनयस्वातन्त्र्यमीमांसा | ૧૦૦૦ |
| નૈગમનયનો સંગ્રહ-વ્યવહારમાં અંતર્ભાવ | ૧૦૦૦ |
| विशेषावश्यकभाष्यादिसंवादः | ૧૦૦૧ |
| છ નયમતદર્શનનું રહસ્ય | ૧૦૦૧ |
| સંગ્રહાદિમાં નૈગમનયનો સમાવેશ | ૧૦૦૧ |
| प्रस्थकाद्युदाहरणेषु नैगमाभिप्रायभेदः | ૧૦૦૨ |
| પ્રદેશ ઉદાહરણમાં નૈગમ-સંગ્રહનયનું મંતવ્ય વિભિન્ન | ૧૦૦૨ |
| પ્રદેશ દૃષ્ટાંતમાં વ્યવહારનયનું પ્રતિપાદન | ૧૦૦૨ |
| प्रदेशदृष्टान्तविमर्शः | ૧૦૦૩ |
| પ્રાચીન શાસ્ત્રસંદર્ભની સ્પષ્ટતા | ૧૦૦૩ |
| देश-देशिभेदः समभिरूढाऽसम्मतः | ૧૦૦૪ |
| प्रस्थकोदाहरणविचारः | ૧૦૦૫ |
| પ્રસ્થક દૃષ્ટાંતમાં નૈગમનયનું મંતવ્ય | ૧૦૦૫ |
| सङ्ग्रहनये कार्योपचारानङ्गीकारः | ૧૦૦૬ |
| પ્રસ્થક દૃષ્ટાંતમાં વ્યવહારનયનો અભિપ્રાય | ૧૦૦૬ |
| 'વસતિ' દૃષ્ટાંતથી સાત નયનો વિચાર | ૧૦૦૬ |
| वसतिदृष्टान्तविमर्शः | ૧૦૦૭ |
| તર-તમભાવથી શુદ્ધિ-અશુદ્ધિવિચાર | ૧૦૦૭ |
| સંગ્રહનયમાં ઉપચાર અમાન્ય | ૧૦૦૭ |
| 'स्वात्मनि वसामि' नैगमसम्मतविकल्पः | ૧૦૦૮ |
| વસતિ દૃષ્ટાંતમાં નૈગમમંતવ્ય : વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા | ૧૦૦૮ |
| વસતિદૃષ્ટાન્તમાં શુદ્ધનયમત | ૧૦૦૮ |
| નૈગમનયનો સંગ્રહ-વ્યવહારથી બહિર્ભાવ | ૧૦૦૮ |
| वादिदेवसूरिमतप्रकाशनम् | ૧૦૦૯ |
| સંગ્રહ-વ્યવહાર કરતાં નૈગમ સ્વતંત્રનય : શ્રીવાદિદેવસૂરિ | ૧૦૦૯ |
| ત્રિવિધ નરકપ્રતિષ્ઠાન વિચાર | ૧૦૦૯ |
| सामायिकाधिकरणादौ नैगम-सङ्ग्रहाद्यभिप्रायभेदविद्योतनम् | ૧૦૧૦ |
| સામાયિકના અધિકરણને વિશે નયમતભેદ | ૧૦૧૦ |
| सामायिककरणकाले नयमतभेदनिरूपणम् | ૧૦૧૧ |
| સામાયિકકાળમાં નયમતભેદ | ૧૦૧૧ |
| નૈગમની સ્વતંત્રતા અબાધિત | ૧૦૧૧ |
| नैगमद्वितीयभेदस्वातन्त्र्यविचारः | ૧૦૧૨ |
| સામાન્ય-વિશેષગ્રાહી નૈગમનય સ્વતંત્ર | ૧૦૧૨ |
| દિગંબરમતે પણ નૈગમનય સ્વતંત્ર | ૧૦૧૨ |
| द्रव्यार्थिकादौ नैगमादिसमावेशः | ૧૦૧૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સાત નયથી દ્રવ્યાર્થિકાદિ પૃથક્ નથી | ૧૦૧૩ |
| निश्चयादिनयेषु नैगमादिसमवतारः | ૧૦૧૪ |
| જ્ઞાન-ક્રિયાનયમાં સાત નયનો સમવતાર | ૧૦૧૪ |
| जयधवलासंवादेन देवसेनमतसमीक्षा | ૧૦૧૫ |
| દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકથી નૈગમાદિ સ્વતંત્ર નથી | ૧૦૧૫ |
| દેવસેનમતમાં વિરોધાદિ દોષ | ૧૦૧૫ |
| સાત નયોનો સમવતાર : શીલાંકાચાર્ય | ૧૦૧૫ |
| स्वमतिकल्पना-मतावेशादेः त्याज्यता | ૧૦૧૬ |
| નિજઅકલ્યાણ કરીને પરકલ્યાણ કર્તવ્ય નથી | ૧૦૧૬ |
| स्वाऽकल्याणतः परकल्याणम् अकर्तव्यम् | ૧૦૧૭ |
| સિદ્ધસુખનો મહિમા પ્રગટાવીએ | ૧૦૧૭ |
| नवनयनिरूपणं निष्प्रयोजनम् | ૧૦૧૮ |
| દેવસેનમતમાં વિભક્તવિભાગ દોષ | ૧૦૧૮ |
| एकादशधा नयविभागाऽऽपादनम् | ૧૦૧૯ |
| નવનય વિભાગમાં દોષની સ્પષ્ટતા | ૧૦૧૯ |
| વિભાગ પ્રક્રિયા પ્રદર્શન | ૧૦૧૯ |
| जीव-नयविभागप्रदर्शनसाम्यम् | ૧૦૨૦ |
| દેવસેનજીને ધવલા-જયધવલા સાથે વિરોધ | ૧૦૨૦ |
| नयबाहुल्यविचारः | ૧૦૨૧ |
| વીરસેનાચાર્યસંમત નયવિભાગ | ૧૦૨૧ |
| શુદ્ધિ-અશુદ્ધિ દ્વારા નયબાહુલ્ય | ૧૦૨૧ |
| नवनयविभागव्यवच्छेदः | ૧૦૨૨ |
| નવનયસમર્થન : પૂર્વપક્ષ | ૧૦૨૨ |
| નવનયનિરાકરણ : ઉત્તરપક્ષ | ૧૦૨૨ |
| तत्त्वविभागनानात्वप्रयोजनाऽऽवेदनम् | ૧૦૨૩ |
| મૂળનયવિભજન પદ્ધતિને સમજીએ | ૧૦૨૩ |
| विभाज्यतावच्छेदकव्याप्यधर्माणाम् असमानाधिकरणत्वम् आवश्यकम् | ૧૦૨૪ |
| સપ્તનયવિભાગનું સમર્થન | ૧૦૨૪ |
| देवसेनमते व्याप्यत्वासिद्धिः | ૧૦૨૫ |
| ....તો વિભાગવાક્ય નિરર્થક બને | ૧૦૨૫ |
| વ્યર્થવિશેષણઘટિત હેતુથી નિગ્રહસ્થાન આપત્તિ | ૧૦૨૫ |
| त्रयोविंशतिनयविभागापादनम् | ૧૦૨૬ |
| ૨૩ કે ૪૪ મૂળ નયની આપત્તિ | ૧૦૨૬ |
| देवसेनस्य बाधाऽसिद्धिप्रसङ्गः | ૧૦૨૭ |
| દેવસેનમતમાં બાધ, સ્વરૂપઅસિદ્ધિ અને સત્પ્રતિપક્ષ | ૧૦૨૭ |
| देवसेनमतसमीक्षा | ૧૦૨૮ |
| અસંકીર્ણ ધર્મ વિભાજ્યતાઅવચ્છેદક બને | ૧૦૨૮ |
| तत्त्वविभागवैविध्यं सप्रयोजनम् | ૧૦૨૯ |
| તત્ત્વવિભાગવૈવિધ્ય સપ્રયોજન છે | ૧૦૨૯ |
| तत्त्वविभागविचारः | ૧૦૩૦ |
| સ્વર્ગ સહિત મોક્ષ માટે જરૂરી તત્ત્વબોધ | ૧૦૩૦ |
| નવતત્ત્વનિરૂપણ | ૧૦૩૦ |
| नवतत्त्वप्रकाशः | ૧૦૩૧ |
| ભગવતીસૂત્રાદિમાં નવ તત્ત્વનો નિર્દેશ | ૧૦૩૧ |
| नवतत्त्वप्रकाशक ग्रन्थप्रकाशनम् | ૧૦૩૨ |
| નવતત્ત્વપ્રદર્શક ગ્રંથોની ઝલક | ૧૦૩૨ |
| જયધવલામાં આઠ તત્ત્વનો નિર્દેશ | ૧૦૩૨ |
| अष्टधा तत्त्वविभागकल्पना निष्प्रयोजना | ૧૦૩૩ |
| અષ્ટતત્ત્વનિર્દેશ નિષ્પ્રયોજન | ૧૦૩૩ |
| દશ પ્રકારે તત્ત્વવિભાગ | ૧૦૩૩ |
| નવ નયનું નિરૂપણ નિરર્થક | ૧૦૩૩ |
| सूत्राऽऽशातनायाः त्याज्यता | ૧૦૩૪ |
| આગમઆશાતનાને ટાળીએ | ૧૦૩૪ |
| કઠોરતાને છોડીએ | ૧૦૩૪ |
| कठोरपरिणामत्यागः | ૧૦૩૫ |
| સંસારસુખ બિંદુ, સિદ્ધસુખ સિંધુ | ૧૦૩૫ |
| नवनयविभागमीमांसा | ૧૦૩૬ |
| મૂળ નય સાત : અનુયોગદ્વાર | ૧૦૩૬ |
| देवसेनस्योत्सूत्रभाषिता | ૧૦૩૭ |
| દિગંબરસંપ્રદાયમાં પણ સાત નય માન્ય છે | ૧૦૩૭ |
| उत्सूत्रभाषणस्य महानर्थकारिता | ૧૦૩૮ |
| ઉત્સૂત્રપ્રરૂપણા મોટો દોષ | ૧૦૩૮ |
| પોતાનું શાસ્ત્ર-શસ્ત્ર પોતાના વધ માટે | ૧૦૩૮ |
| બોલતા પૂર્વે સાવધાની | ૧૦૩૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| विमृश्य भाषणं श्रेयः | ૧૦૩૯ |
| द्रव्यार्थिकदशभेदादीनामुपलक्षणत्वम् | ૧૦૪૦ |
| પ્રદેશાર્થનય વિચારણા | ૧૦૪૦ |
| प्रदेशार्थनयविमर्शः | ૧૦૪૧ |
| નવનયવિભાગમાં પણ ન્યૂનતા | ૧૦૪૧ |
| સોમિલ વક્તવ્યતા વિચાર | ૧૦૪૧ |
| सोमिलवक्तव्यताविमर्शः | ૧૦૪૨ |
| પ્રદેશાર્થનયવિચાર | ૧૦૪૨ |
| अपरमभावग्राहकादिद्रव्यार्थिकापादनम् | ૧૦૪૩ |
| દેવસેનીય નયવિભાગમાં ન્યૂનતા | ૧૦૪૩ |
| देवसेनमते नैगमभेदाऽसङ्ग्रहः | ૧૦૪૪ |
| પ્રસ્થક ઉદાહરણમાં નૈગમનયના વિવિધ અભિપ્રાયો | ૧૦૪૪ |
| प्रस्थकोदाहरणप्रदर्शनम् | ૧૦૪૫ |
| 'વસતિ' દૃષ્ટાંતથી નૈગમનયનું નિરૂપણ | ૧૦૪૫ |
| अनुयोगद्वारसूत्रानुसारेण वसतिदृष्टान्तोपदर्शनम् | ૧૦૪૬ |
| वसतिदृष्टान्ते सङ्ग्रहादिमतोपदर्शनम् | ૧૦૪૭ |
| વસતિ દૃષ્ટાંતથી સંગ્રહાદિનયનું પ્રતિપાદન | ૧૦૪૭ |
| પ્રદેશ દૃષ્ટાંતથી નૈગમાદિ નયનું પ્રતિપાદન | ૧૦૪૭ |
| प्रदेशोदाहरणे अनुयोगद्वारसंवादः | ૧૦૪૮ |
| प्रदेशोदाहरणे ऋजुसूत्रादिनयमतद्योतनम् | ૧૦૪૯ |
| પ્રદેશ દૃષ્ટાંતથી ઋજુસૂત્રનયનું નિરૂપણ | ૧૦૪૯ |
| પ્રદેશ દૃષ્ટાંતથી શબ્દનયનું નિરૂપણ | ૧૦૪૯ |
| प्रदेशोदाहरणे शब्दनयाभिप्रायप्रकाशनम् | ૧૦૫૦ |
| 'નોજીવ' શબ્દપ્રયોગના તાત્પર્યની સ્પષ્ટતા | ૧૦૫૦ |
| रोहगुप्तमतप्रवेशपरिहारः | ૧૦૫૧ |
| નૈગમાદિના ભેદો ઉપનય નહિ, નય છે | ૧૦૫૧ |
| स्वात्मवासः कर्तव्यः | ૧૦૫૨ |
| નિજસ્વભાવમાં વસવાટ કરીએ | ૧૦૫૨ |
| अतिरिक्तोपनयनिराकरणम् | ૧૦૫૩ |
| નૈગમાદિ નયમાં ઉપચાર વિચાર | ૧૦૫૩ |
| अतिरिक्तोपप्रमाणापादनम् | ૧૦૫૪ |
| વ્યવહારનયમાં ઉપચાર વૈવિધ્ય | ૧૦૫૪ |
| ઉપનયની જેમ ઉપપ્રમાણ પણ સ્વીકાર્ય બનશે | ૧૦૫૪ |
| प्रमाणलक्षणपरामर्शः | ૧૦૫૫ |
| मूलनयमार्गच्छिद्रकरणम् अनुचितम् | ૧૦૫૬ |
| ઉપનયોનો વિવિધ વ્યવહારનયોમાં સમાવેશ | ૧૦૫૬ |
| મૂલનય સાત જ વ્યાજબી છે | ૧૦૫૬ |
| निष्प्रयोजनाङ्गीकारो निरर्थकः | ૧૦૫૭ |
| ભિનઅધિકૃત ચેષ્ટા છોડીએ | ૧૦૫૭ |
| निश्चयस्योपचारग्राहकता | ૧૦૫૮ |
| નિશ્ચય-વ્યવહાર બન્નેમાં ઉપચાર સંમત છે | ૧૦૫૮ |
| ऋजुसूत्र-शब्दादिनयेषु अपि उपचारावलम्बनम् | ૧૦૫૯ |
| આવશ્યકનિર્યુક્તિવચન સ્પષ્ટીકરણ | ૧૦૫૯ |
| સર્વ નયોમાં ઉપચાર માન્ય | ૧૦૫૯ |
| अर्धजरतीयन्यायापादनम् | ૧૦૬૦ |
| બન્ને નય ગૌણ બને છે | ૧૦૬૦ |
| નિશ્ચયનયમાં ઉપચારની આપત્તિ | ૧૦૬૦ |
| स्याद्वादरत्नाकरातिदेशः | ૧૦૬૧ |
| નયવાક્ય પણ સકલાદેશ સ્વરૂપ | ૧૦૬૧ |
| નિશ્ચયનયમાં પણ ઉપચાર માન્ય | ૧૦૬૧ |
| निश्चयेऽपि लक्षणा सम्मता | ૧૦૬૨ |
| નિશ્ચયનયમાં અભેદગોચર ઉપચારવૃત્તિ | ૧૦૬૨ |
| નિશ્ચયનયમાં પણ લક્ષણા માન્ય | ૧૦૬૨ |
| सर्वनयेषु स्वार्थसत्यत्वाभिमानसाम्यम् | ૧૦૬૩ |
| દિગંબરમત પ્રતિબંદીગ્રસ્ત | ૧૦૬૩ |
| સર્વ નયમાં સ્વવિષય સત્યત્વનું અભિમાન | ૧૦૬૩ |
| अन्यनयोत्खनने नयानां मिथ्यात्वम् | ૧૦૬૪ |
| સ્વવિષયમુખ્યતા મિથ્યાત્વપ્રયોજક નથી | ૧૦૬૪ |
| દુર્નયખંડન શાસ્ત્રસંમત | ૧૦૬૪ |
| સર્વ નયો મિથ્યા : પ્રવાદવિશેષ | ૧૦૬૪ |
| फलतः नयवादानां सत्यत्वमीमांसा | ૧૦૬૫ |
| સમ્યગ્દર્શન દ્વારા નયવાદ પ્રમાણ | ૧૦૬૫ |
| असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते | ૧૦૬૬ |
| મિથ્યાનય પણ અવસ્થાવિશેષમાં ઉપયોગી | ૧૦૬૬ |
| શિષ્યમતિવિસ્ફારણ માટે નયવાદ આવકાર્ય | ૧૦૬૬ |
| नयवादप्रवृत्तिः आपवादिकी | ૧૦૬૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉત્સર્ગથી સ્યાદ્વાદદેશના, અપવાદથી નયદેશના | ૧૦૬૭ |
| સ્વતન્ત્ર નિશ્ચય-વ્યવહારપ્રદર્શન અનુચિત | ૧૦૬૭ |
| सम्यक्त्वयोग-क्षेमाद्यभिप्रायेण द्रव्यानुयोगः परिशीलनीयः | ૧૦૬૮ |
| સ્યાદ્વાદ અને નયવાદ વચ્ચે વિશેષતા | ૧૦૬૮ |
| ગ્રંથિભેદનો માર્ગ અપનાવીએ | ૧૦૬૮ |
| निश्चय-व्यवहारलक्षणद्योतनम् | ૧૦૬૯ |
| નિશ્ચય-વ્યવહાર નયને ઓળખીએ | ૧૦૬૯ |
| स्वरूपेणैव निश्चय-व्यवहारविषयिताभेदः | ૧૦૭૦ |
| પ્રમાણ અને નિશ્ચયનય વચ્ચે તફાવત | ૧૦૭૦ |
| નિશ્ચય-વ્યવહારની બોધશૈલી વિલક્ષણ | ૧૦૭૦ |
| निश्चय-व्यवहारस्वरूपादिवैलक्षण्यम् | ૧૦૭૧ |
| વિષયતાભેદ વિષયિતાભેદને સાપેક્ષ | ૧૦૭૧ |
| मणिप्रभा-मणिबुद्धिन्यायविमर्शः | ૧૦૭૨ |
| તાત્ત્વિક-અતાત્ત્વિક ગોચર વ્યવહાર | ૧૦૭૨ |
| मुमुक्षुप्रवृत्ति-परिणतिप्रकाशनम् | ૧૦૭૩ |
| જ્ઞાનની વિવિધ વિષયિતા વિલક્ષણ છે | ૧૦૭૩ |
| મુમુક્ષુ બાહ્ય વ્યવહારમાં ઉદાસીન, નિશ્ચયમાં સુલીન | ૧૦૭૩ |
| निश्चयस्य बाह्यतोऽभ्यन्तरस्वरूपदर्शकत्वम् | ૧૦૭૪ |
| નિશ્ચય નયના ત્રણ વિષયનો પરિચય | ૧૦૭૪ |
| सूत्रकृताङ्गसूत्रविशेषविभावना | ૧૦૭૫ |
| સમતાનો પરિચય | ૧૦૭૫ |
| પુંડરીક અધ્યયનનું તાત્પર્ય | ૧૦૭૫ |
| 'एगे आया' सूत्रपरामर्शः | ૧૦૭૬ |
| અનેકમાં એકતા નિશ્ચયનયગમ્ય | ૧૦૭૬ |
| આત્મા, દંડ, ક્રિયા એક છે : સમ્મતિતર્ક | ૧૦૭૬ |
| शुद्धसङ्ग्रहनयः निश्चयात्मकः | ૧૦૭૭ |
| વેદાંતદર્શન નિશ્ચયનયાનુગામી | ૧૦૭૭ |
| निर्मलपरिणतिः निश्चयनयार्थः | ૧૦૭૮ |
| આત્મા જ સામાયિક : નિશ્ચયનય | ૧૦૭૮ |
| लोकोत्तरार्थभावना आविर्भावनीया | ૧૦૭૯ |
| નિર્મળ પરિણતિ : નિશ્ચયવિષય | ૧૦૭૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| લોકાતિક્રાંત તત્ત્વ દ્વારા લોકોત્તર-ભાવના પ્રગટે | ૧૦૭૯ |
| નિશ્ચયનયવિષયના આઠ પ્રકાર | ૧૦૭૯ |
| લૌકિક-લોકોત્તર ગુણસૌંદર્ય પ્રગટાવીએ | ૧૦૭૯ |
| शुद्धाध्यात्मलाभविमर्शः | ૧૦૮૦ |
| व्यवहारो नानात्वनिरूपणप्रवणः | ૧૦૮૧ |
| વ્યવહારનયના વિષયને ઓળખીએ | ૧૦૮૧ |
| નિશ્ચય-વ્યવહારથી ભમરાનું નિરૂપણ | ૧૦૮૧ |
| न्यग्भूतस्य अनुपलब्धिः | ૧૦૮૨ |
| અનુપલબ્ધિના ૨૧ કારણો | ૧૦૮૨ |
| अनुपलब्धिकारणपरामर्शः | ૧૦૮૩ |
| व्यवहारनये लोकनिश्चयानुसारिता | ૧૦૮૪ |
| વ્યવહારનય ઉત્કટગુણગ્રાહી | ૧૦૮૪ |
| अविवक्षितस्य व्युदासेऽतात्पर्यम् | ૧૦૮૫ |
| ભમરા વિશે દ્વિવિધનય : ભગવતીસૂત્ર | ૧૦૮૫ |
| વ્યવહારનય અનુદ્ભૂત વર્ણાદિનો અનિષેધક | ૧૦૮૫ |
| કૃષ્ણપદ ઉત્કટકૃષ્ણરૂપપરક | ૧૦૮૫ |
| व्यवहारनयतृतीयभेदोपदर्शनम् | ૧૦૮૬ |
| એક જ વાક્ય પ્રમાણ - અપ્રમાણ | ૧૦૮૬ |
| કાર્ય-કારણમાં ઐક્ય વ્યવહારગમ્ય | ૧૦૮૬ |
| औपचारिकप्रयोगनिर्देशः | ૧૦૮૭ |
| અભેદઉપચાર અન્યદર્શનસંમત | ૧૦૮૭ |
| વિવિધ ઔપચારિક પ્રયોગોનો નિર્દેશ | ૧૦૮૭ |
| एकनयग्राहिव्यवहारः मिथ्या | ૧૦૮૮ |
| વ્યાવહારિક અભેદ નૈશ્ચયિક ભેદનો અવિરોધી | ૧૦૮૮ |
| નિશ્ચય-વ્યવહારની વિલક્ષણ વ્યાખ્યા | ૧૦૮૮ |
| सकलनयग्राहकत्वेन निश्चयस्य प्रमाणत्वम् | ૧૦૮૯ |
| વ્યવહાર દુર્નય, નિશ્ચય પ્રમાણાત્મક | ૧૦૮૯ |
| સકલનયગ્રાહક પ્રમાણ : શ્રીદેવચન્દ્રજી | ૧૦૮૯ |
| व्यवहारोऽभूतार्थः पर्यायाश्रितश्च | ૧૦૯૦ |
| ભૂતાર્થ નિશ્ચય, અસદ્ભૂતાર્થ વ્યવહાર | ૧૦૯૦ |
| દ્રવ્યાશ્રિત નિશ્ચય, પર્યાયાશ્રિત વ્યવહાર : હર્ષવર્ધનજી | ૧૦૯૦ |

| विषय | पृष्ठ |
|---|---|
| अष्टविधव्यवहारविचारः | १०९१ |
| નિશ્ચય-વ્યવહાર અંગે શ્રીવાદિદેવસૂરિમત | १०९१ |
| देवसेनमतसमीक्षा | १०९२ |
| દેવસેનમતમાં અન્ય બે દોષ | १०९२ |
| सङ्ग्रहविषयभेदे व्यवहारशुद्धिप्रकर्षः | १०९३ |
| વ્યવહારનયશુદ્ધિના પ્રકર્ષની વિચારણા | १०९३ |
| દેવસેનમતમાં ન્યૂનતા દોષ દુર્વાર | १०९३ |
| નિશ્ચય-વ્યવહારની આગવી ઓળખ | १०९३ |
| द्रव्यदृष्टिः स्वसमयः, पर्यायदृष्टिश्च परसमयः | १०९४ |
| ઔપચારિક પ્રયોગોનો આધ્યાત્મિક ઉદ્દેશ | १०९४ |
| व्यवहारनयोपयोगोपदर्शनम् | १०९५ |
| વિશુદ્ધ પુણ્યનો સંચય આદરણીય | १०९५ |
| देवसेनमतसमीक्षणम् | १०९६ |
| દેવસેનમત સંકોચદોષગ્રસ્ત | १०९६ |

| विषय | पृष्ठ |
|---|---|
| निन्दा निन्द्यं निन्दितुं न प्रयुज्यते | १०९७ |
| શુદ્ધનયાર્થ શ્વેતાંબરસંપ્રદાયગમ્ય | १०९७ |
| નિંદા પણ પ્રશંસા માટે !!!! | १०९७ |
| ...તો મૌન વધુ શ્રેયસ્કર | १०९७ |
| मौनं सर्वार्थसाधनम् | १०९८ |
| બહુશ્રુતને આધીન રહીએ | १०९८ |
| गर्हाविरहविद्योतनम् | १०९९ |
| મધ્યસ્થભાવે સમાલોચના નિર્દોષ | १०९९ |
| वस्तुनः त्रैविध्यसमर्थनम् | ११०० |
| ઊહાપોહ દ્વારા તત્ત્વઅવધારણ | ११०० |
| આધ્યાત્મિક તૃપ્તિની ઓળખાણ | ११०० |
| તામસિક આનંદ છોડીએ | ११०० |
| आध्यात्मिकाऽऽनन्द आविर्भावनीयः | ११०१ |
| શાખા - ૮ - અનુપ્રેક્ષા | ११०२ |

# દિગંબરસંમત નયનું નિરૂપણ



# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૬

## द्रव्यानुयोगपरामर्शः शाखा-६

दिगम्बरसम्मतनयनिरूपणम्

# शाखा - ६ : दिगम्बरसम्मतनयनिरूपणम्

षड्विधपर्यायार्थिकनयनिरूपणम् (६/१-६)

(i) अनादिनित्यग्राहकः पर्यायार्थिकनयः (६/१)

नित्यत्वस्वरूपविचारः (६/२)

(ii) सादिनित्यपर्यायार्थिकनयः (६/३)

(iii) अनित्यशुद्धपर्यायार्थिकनयः (६/४)

(iv) अनित्याऽशुद्धपर्यायार्थिकनयः (६/४)

(v) कर्मोपाधिनिरपेक्षनित्यशुद्धनयः (६/५)

(vi) कर्मोपाधिसापेक्षानित्याऽशुद्धपर्यायार्थिकः (६/६)

नैगमनयभेददर्शनम् (६/७-१०)

(i) भूतकालीनार्थे वर्तमानाऽऽरोपः (६/७)

उपचारस्य चत्वारि दश वा निमित्तानि (६/८)

(ii) भाविपदार्थे भूतकालाऽऽरोपः (६/९)

(iii) वर्तमाननैगमनयः (६/१०)

सङ्ग्रहनयनिरूपणम् (६/११)

व्यवहारनयस्य व्याख्या-प्रकारादिदर्शनम् (६/१२)

स्थूल-सूक्ष्मत्वेन द्विधा ऋजुसूत्रनयः (६/१३)

शब्द-समभिरूढनयोपदर्शनम् (६/१४)

एवम्भूतनयप्रदर्शनम् (६/१५)

अष्टाविंशतिनयनिगमनम् (६/१५)

नवमूलनयनिरूपणोपसंहारः (६/१६)

## ❀ ટૂંકસાર ❀

: શાખા - ૬ :

અહીં પર્યાયાર્થિકનયનું નિરૂપણ કરેલ છે.

પહેલો પર્યાયાર્થિકનય 'અનાદિનિત્ય' સ્વરૂપે વસ્તુને સ્વીકારે છે. આત્મત્વ પર્યાય અનાદિનિત્ય છે. તેથી મનુષ્યત્વ, શ્રીમન્તત્વ વગેરેથી આપણને બહાર કાઢવાનું તે કામ કરે છે. (૬/૧-૨)

બીજો પર્યાયાર્થિકનય સિદ્ધત્વ સ્વરૂપ સાદિ-નિત્ય-શુદ્ધ પર્યાયને સ્વીકારે છે. તે નય ભવસાગરમાં દીવાદાંડી સમાન છે. ત્રીજો પર્યાયાર્થિકનય સત્તાને ગૌણ કરી ઉત્પાદ-વ્યયને મુખ્યરૂપે ગ્રહણ કરે છે. તે જીવને પુણ્યોદય, ક્ષાયોપશમિક જ્ઞાન વગેરેમાં મુસ્તાક ન બનવા ચેતવણી આપે છે. (૬/૩)

ચોથો પર્યાયાર્થિકનય વસ્તુના ધ્રુવસ્વરૂપને ગ્રહણ કરે છે. 'સત્તા દ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ છે, નહિ કે પર્યાયો'- આ તેનું મન્તવ્ય છે. તે પર્યાયવિરક્તિની અને સ્વરૂપરતિની દિશા બતાવે છે. (૬/૪)

પાંચમો શુદ્ધ નિત્ય પર્યાયાર્થિકનય કર્મોપાધિથી નિરપેક્ષ છે. તે સંસારી જીવમાં સિદ્ધપર્યાયને દેખાડે છે અને દુર્ગુણીના દોષોને જોઈ તેનો તિરસ્કાર કરતા બચાવે છે. (૬/૫)

છઠ્ઠો કર્મોપાધિસાપેક્ષ અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિકનય સંસારી જીવના જન્મ, વ્યાધિ, મરણ વગેરે પર્યાયોને સ્વીકારે છે. તે અશુદ્ધ પર્યાયોથી છૂટવાની પ્રેરણા આપે છે. (૬/૬)

મૂલ નવ નયમાં ત્રીજો નૈગમનય ત્રણ પ્રકારે છે. તેમાં પહેલો નૈગમ ભૂતકાળને વર્તમાનસ્વરૂપે જણાવે છે. તેનાથી સુકૃતોની અનુમોદના વગેરેની પ્રેરણા મળે છે.(૬/૭-૮)

બીજો નૈગમનય ભવિષ્યકાળને વર્તમાનરૂપે જણાવે છે. આ નય હતાશા છોડાવે છે. (૬/૯)

ત્રીજો નૈગમનય ચાલુ ક્રિયામાં પૂર્ણક્રિયાનો ઉપચાર કરે છે. આ નય આધ્યાત્મિક સાધનાની સફળતા માટે અભ્રાન્ત વિશ્વાસ પ્રગટાવે છે. (૬/૧૦)

સંગ્રહનય વિવિધ વસ્તુને સમાનસ્વરૂપે સ્વીકારે છે. મનુષ્ય, પશુ, પંખી વગેરેમાં જીવત્વરૂપે સમાનતાને તે જુવે છે. તે જીવમાત્ર પ્રત્યે વાત્સલ્ય અને જડમાત્રનો વૈરાગ્ય રાખવાનું કહે છે.(૬/૧૧)

વ્યવહારનય દરેક જીવ અને જડ પદાર્થને તેના નામથી અને રૂપથી ઓળખે છે. તે દોષોનું અને ગુણોનું વિભાજન કરીને દોષમુક્ત બનવાની દિશા દેખાડે છે. (૬/૧૨)

વર્તમાન કાળમાં પોતાની પાસે જે હોય તેને જ વાસ્તવિક માનતો ઋજુસૂત્રનય 'હું કાલે ધર્મ કરીશ' - આવા વિચારો દ્વારા જીવને આત્મવંચના કરતો અટકાવે છે. (૬/૧૩)

શબ્દનય પર્યાયવાચી શબ્દોને સ્વીકારે છે. સમભિરૂઢનય દરેક શબ્દના અર્થ જુદા માને છે. જે મૌન હોય તે મુનિ. જે ઈન્દ્રિયોને કાબુમાં રાખે તે સંયમી. આથી આપણને મળતા બિરૂદો કેટલા સંગત છે ? તે આ નયથી વિચારવું. (૬/૧૪)

એવંભૂતનય વિદ્યમાન ક્રિયાને સાપેક્ષ રહી વસ્તુને વાચ્યાર્થરૂપે સ્વીકારે છે. માટે જ્યારે ધર્મના પરિણામ અને ધર્મની પ્રવૃત્તિ હોય ત્યારે આપણે ધર્મી છીએ - આવું તે જણાવે છે. (૬/૧૫)

આ રીતે નવ નયની વાત પૂર્ણ થાય છે. ત્રણ ઉપનય આગળ કહેવાશે. (૬/૧૬)

ઢાળ - ૬

(તુંગિયા ગિરિ સિહર સોહે - **એ દેશી.**♦)

હવેં આગલિ ઢાલ - છ ભેદ જે પર્યાયાર્થિકના, તે દેખાડઇ છઈ -

**ષટ્ ભેદ નય પર્યાયઅર્થો✡, ❐પહિલો અનાદિક નિત્ય રે;**

**પુદ્ગલતણો❖ પર્યાય કહિઈ, જિમ મેરુગિરિમુખ નિત્ય રે ॥૬/૧॥ (૭૪)**

• **द्रव्यानुयोगपरामर्शः** •

**शाखा - ६**

देवसेनमतानुसारेण द्रव्यार्थिकनयो दशधा व्याख्यातः। अधुनाऽवसरसङ्गतिप्राप्तं पर्यायार्थनयं निरूपयति - '**पर्यायार्थ**' इति।

**पर्यायार्थो हि षड्भेद आदिमोऽनादिनित्यगः।**

**यथा पुद्गलपर्यायः मेरुरनादिनित्यकः।।६/१।।**

❈ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ** ❈

**અવતરણિકા** :- દિગંબર **દેવસેન**જીના મત અનુસાર પાંચમી શાખામાં દશ દ્રવ્યાર્થિકનયની વ્યાખ્યા કરવામાં આવી. હવે અવસર સંગતિથી પ્રાપ્ત પર્યાયાર્થિકનયનું નિરૂપણ ગ્રંથકારશ્રી કરે છે કે :-

卐 **અવસર સંગતિની ઓળખાણ** 卐

**સ્પષ્ટતા** :- દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, નૈગમ વગેરે નયના નવ ભેદ છે. આવું જણાવ્યા પછી સૌપ્રથમ જો પર્યાયાર્થિકનયનું નિરૂપણ કરવામાં આવે તો શિષ્ય કે શ્રોતા તરત જ પોતાની જિજ્ઞાસાને પ્રગટ કરે કે 'દ્રવ્યાર્થિકનયનું સ્વરૂપ, તેના ભેદ, ઉદાહરણ વગેરે કેવા પ્રકારે છે ? - આ વાત તો અમને સમજાવો. પછી પર્યાયાર્થિકનયને સમજાવજો.' આવી જિજ્ઞાસા દ્રવ્યાર્થિકનયનું નિરૂપણ કર્યા વિના પર્યાયાર્થિકનયનું નિરૂપણ કરવામાં પ્રતિબંધક બને છે. તેથી ગુરુ કે વક્તા સૌપ્રથમ દ્રવ્યાર્થિકનયને સમજાવે તે જરૂરી છે. તેનાથી ઉપરોક્ત જિજ્ઞાસા રવાના થાય છે. તથા ત્યાર બાદ ક્રમપ્રાપ્ત પર્યાયાર્થિકનયનું પ્રતિપાદન કરવું આવશ્યક બની જાય છે. કારણ કે પ્રતિબંધકીભૂત જિજ્ઞાસા રવાના થવાથી પર્યાયાર્થિક-નયને કહેવાનો સુયોગ્ય અવસર ઉપસ્થિત થવાથી પર્યાયાર્થિકનય અવશ્ય વક્તવ્ય બને છે. તેથી 'प्रतिबन्धकीभूतशिष्यजिज्ञासानिवृत्तौ अवश्यवक्तव्यत्वं अवसरसंगतत्वम् (= अवसरसंगतिप्राप्तत्वं)' - આ પ્રમાણે અવસર સંગતિનું લક્ષણ અહીં પર્યાયાર્થિકનયમાં સંગત થાય છે. કારણ કે પાંચમી શાખામાં દ્રવ્યાર્થિકનયનું નિરૂપણ થઈ ચૂકેલું છે.

❀ **પર્યાયાર્થિકનયનું નિરૂપણ** ❀

**શ્લોકાર્થ** :- પર્યાયાર્થિકનય છ પ્રકારનો છે. પહેલો પર્યાયાર્થિક અનાદિનિત્યગ્રાહક છે. જેમ કે

♦ 'એકવાર દર્શન આપી ગુરુજી. એ **દેશી' પાલિ૦** માં પાઠ. ✡. મ.માં 'અરથો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ❐ પુસ્તકોમાં 'પહલો' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ❖ મ.માં 'તણા' પાઠ. કો.(૬+૭+૮+૯+૧૨+૧૩) + આ.(૧) + સિ.નો પાઠ લીધો છે.

**બહુભાંતિ •ફઈલી ❖જૈન શઈલી, સાચલૂં મનિ ધારિ* રે;**
**□ખોટડૂં જે કાંઈ જાણઈ, તિહાં ચિત્ત નિવારિ રે ॥૬/૨॥ (૭૫) બહુ. (યુગ્મ)**

**પર્યાયાર્થનય** છ ભેદ જાણવો. તિહાં [ꕥ]**પહિલો અનાદિ નિત્ય** શુદ્ધપર્યાયાર્થિક કહિઈ.

**जैनी गीर्बहुधा व्याप्ता, सत्यं मनसि धार्यताम्।**
**ज्ञायते यत्तु मिथ्यैव, ततश्चित्तं निवार्यताम्।।६/२।। (युग्मम्)**

**• द्रव्यानुयोगपरामर्शकर्णिका •**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – पर्यायार्थः षड्भेदः हि। आदिमोऽनादिनित्यगः। यथा 'पुद्गलपर्यायः मेरुरनादिनित्यकः' (इति वचनम्)।।६/१।। जैनी गीर्बहुधा व्याप्ता। सत्यं मनसि धार्यताम्। यत्तु मिथ्यैव ज्ञायते ततश्चित्तं निवार्यताम्।।६/२।। (युग्मम्)

आशाम्बरमते **पर्यायार्थो** नयः **षड्भेदः हि**=एव ज्ञेयः। "हि हेताववधारणे" (अ.स.परिशिष्ट-२३) इति पूर्वोक्ताद् (२/१ + ३/८ + ५/९) **अनेकार्थसङ्ग्रह**वचनात्। [1]"वत्थुं पज्जवनयस्स पज्जाओ" (वि.आ.भा.३५८८) इति **विशेषावश्यकभाष्य**वचनम्, "पर्याया एव वस्तुतः सन्ति, न द्रव्यमित्यभ्युपगमपरः पर्यायास्तिकः" (अनु.सू. ९७/पृ.७१) इति **अनुयोगद्वारसूत्रमलधारवृत्ति**वचनम्, "पर्यायनयस्य तु पर्याया एव वस्तु, न द्रव्यम्" (ऋ.प.४० वृ.) इति **ऋषभपञ्चाशिकावृत्तौ प्रभानन्दसूरि**वचनम्, "पर्याय एवार्थः = प्रयोजनमस्येति पर्यायार्थिकः" (ध.पुस्तक-१/१/१/ पृ.८४ + आ.प.पृ.१८) इति च **धवलाऽऽलापपद्धति**वचनमत्र स्मर्तव्यम्।

'પુદ્ગલપર્યાયસ્વરૂપ મેરુ અનાદિ નિત્ય છે' - આ પ્રમાણેનું વચન. **(૬/૧)**

**[illegible]** :- આ પ્રમાણે જૈન વાણી અનેક પ્રકારે ફેલાયેલી છે. તેમાંથી સાચું હોય તે મનમાં ધારવું. જે કાંઈ ખોટું જ જણાય, તેનાથી આપણા ચિત્તને દૂર કરવું. **(૬/૨) (યુગ્મ)**

### ❋ પર્યાયાર્થિકનયના પ્રથમ ભેદને સમજીએ ❋

**[illegible]** :- દિગંબરમતે પર્યાયાર્થિકનય છ પ્રકારનો જ જાણવો. "હેતુ, અવધારણ અર્થમાં 'हि' વપરાય" - આમ પૂર્વે (૨/૧, ૩/૮, ૫/૯) **અનેકાર્થસંગ્રહ**ના સંદર્ભ દ્વારા જણાવેલ છે. તે મુજબ અહીં 'हि' નો 'જ' અર્થ કર્યો છે. "પર્યાયાર્થિકનયના મતે પર્યાય જ વસ્તુ છે" - આ **વિશેષાવશ્યકભાષ્ય**નું વચન અહીં યાદ કરવા યોગ્ય છે. તેમજ "વાસ્તવમાં પર્યાયો જ વિદ્યમાન છે, દ્રવ્ય નહિ - આવો સ્વીકાર કરવામાં તત્પર પર્યાયાસ્તિક છે" - આ **અનુયોગદ્વારસૂત્રમલધારવૃત્તિ**વચન પણ સ્મર્તવ્ય છે. આ અંગે **ઋષભપંચાશિકાવૃત્તિ**માં **પ્રભાનંદસૂરિ**જીનો પણ આ જ અભિપ્રાય છે. પ્રસ્તુતમાં પર્યાયાર્થિકનયનું લક્ષણ બતાવનાર **ષટ્ખંડાગમ**ની **ધવલા** વ્યાખ્યાનું તથા **આલાપપદ્ધતિ**નું વચન પણ સ્મરણ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'પર્યાય જ જેનું પ્રયોજન હોય, તે પર્યાયાર્થિકનય કહેવાય.'

● (ફેલી) ફઈલી = ફેલાઈ. આધારગ્રંથ- નરસિંહ **મહેતાની કાવ્યકૃતિઓ**. પ્રકા. સાહિત્યસંશોધન પ્રકાશન, અમદાવાદ.
❖ મ.માં 'जइन' પાઠ. આ.(૧)+ કો.(૨+૧૨)નો પાઠ અહીં લીધો છે. * કો.(૫)માં 'ધાર... નિવાર' પાઠ.
□ ધ.માં 'ખોડટૂં' અશુદ્ધ પાઠ. ꕥ પુસ્તકોમાં 'પહલો' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. 1. वस्तु पर्यवनयस्य पर्यायः।

**જિમ પુદ્ગલનો પર્યાય મેરુ(ગિરિ)પ્રમુખ**, પ્રવાહથી અનાદિ, નઈં **નિત્ય** છઈ.
અસંખ્યાત કાલઈં અન્યાન્યપુદ્ગલ સંક્રમઈં પણિ સંસ્થાન તેહ જ છઈ.

तत्र **आदिमः अनादिनित्यगः** = अनाद्यनन्तपदार्थग्राहकः शुद्धपर्यायार्थिकः। "अनादिनित्यपर्याय एव अर्थः = प्रयोजनम् अस्य इति अनादिनित्यपर्यायार्थिकः" (आ.प.पृ.१८) इति **आलापपद्धतौ देवसेनः**। **यथा 'पुद्गलपर्यायः मेरुः अनादिनित्यकः'** इति वचनम्। तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "अनादिनित्यपर्यायार्थिकः, यथा पुद्गलपर्यायो नित्यः मेर्वादिः" (आ.प.पृ.७ + का. अ.गा.२७०/वृ.पृ.१९४) इति।

***न च*** पर्यायार्थिकस्य क्षणिकपर्यायमात्रप्रेक्षित्वे मेरोः अनादिनित्यता कथम्? इति ***शङ्कनीयम्***, मेरुपर्वतपर्यायस्य प्रातिस्विकस्वरूपतोऽनित्यत्वेऽपि लौकिकप्रमाणापेक्षया सदृशपर्यायप्रवाहतोऽनादिनित्यता जैनाऽऽम्नायप्रसिद्धेत्यवधेयम्।

***यद्यपि*** पुद्गलस्थितेरुत्कृष्टतोऽसङ्ख्यातकालमानता **भगवत्यां** प्रदर्शिता, तदुक्तं **भगवतीवृत्तौ**

**(तत्र.)** છ પ્રકારના પર્યાયાર્થિકનયમાં સૌ પ્રથમ પ્રકાર અનાદિનિત્ય-પદાર્થગ્રાહક શુદ્ધ પર્યાયાર્થિકનય છે. **દેવસેનજીએ આલાપપદ્ધતિ**માં પર્યાયાર્થિકનયના પ્રથમ ભેદની વ્યુત્પત્તિને દર્શાવતા કહેલ છે કે 'અનાદિનિત્ય પર્યાય એ જ જેનું પ્રયોજન છે તે અનાદિનિત્યપર્યાયાર્થિકનય કહેવાય.' જેમ કે 'પુદ્ગલપર્યાયસ્વરૂપ મેરુ પર્વત અનાદિ નિત્ય છે' - આ પ્રમાણેનું વચન પર્યાયાર્થિકનયનો પ્રથમ પ્રકાર છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં જણાવેલ છે કે "અનાદિનિત્ય પર્યાયાર્થિક પ્રથમ ભેદ છે. જેમ કે 'પુદ્ગલપર્યાયસ્વરૂપ મેરુ પર્વત વગેરે નિત્ય છે' - આ વચન."

[illegible] :- પુદ્ગલ દ્રવ્ય છે. ઘટ, કપડું, પર્વત વગેરે તેની અવસ્થા = પર્યાય કહેવાય છે. તેથી મેરુ પર્વત પુદ્ગલદ્રવ્યના પર્યાયસ્વરૂપે જણાવેલ છે. આમ મેરુ પર્વત પર્યાયરૂપ હોવાથી પર્યાયાર્થિકનયનો વિષય બને છે. મેરુ પર્વત પર્યાય અનાદિઅનંતકાલીન છે. આ પ્રમાણે પ્રથમ શુદ્ધ પર્યાયાર્થિકનય જણાવે છે. તેથી તે અનાદિનિત્યપદાર્થગ્રાહક બને છે.

### ❋ મેરુપર્વતની અનાદિ-નિત્યતા વિશે શંકા-સમાધાન ❋

[illegible] :- **(न च.)** પર્યાયાર્થિકનય તો ક્ષણિક પર્યાયો ઉપર જ પોતાની દૃષ્ટિને કેન્દ્રિત કરે છે. તો તેની દૃષ્ટિએ મેરુપર્વત નામનો પર્યાય અનાદિ નિત્ય કઈ રીતે સંભવે ?

[illegible] :- **(मे.)** વાત સાચી છે. મેરુ પર્વત પર્યાય વ્યક્તિગત સ્વરૂપથી અનિત્ય હોવા છતાં લૌકિક ચાક્ષુષાદિ પ્રમાણની અપેક્ષાએ એકસરખા પર્યાયપ્રવાહની દૃષ્ટિએ મેરુ પર્વત અનાદિનિત્ય છે. આજે મેરુ પર્વત જેવો દેખાય છે તેવો જ ભૂતકાળમાં દેખાતો હતો અને ભવિષ્યકાળમાં દેખાવાનો છે. જૈન આમ્નાયમાં સમાનપર્યાયપ્રવાહને આશ્રયીને મેરુ પર્વત અનાદિનિત્ય છે. એમ ખ્યાલમાં રાખવું.

### ❋ પુદ્ગલસ્થિતિ અસંખ્યકાળ ❋

**(यद्यपि.)** જો કે કોઈ પણ પુદ્ગલ દ્રવ્યની સ્થિતિ ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ પ્રમાણ જ છે. આ પ્રમાણે ભગવતીસૂત્રમાં બતાવેલ છે. **ભગવતીસૂત્ર**ની વ્યાખ્યામાં **શ્રીઅભયદેવસૂરિ** મહારાજે જણાવેલ છે કે "કોઈ

**श्रीअभयदेवसूरिभिः** "स्थितिसमयानां च पुद्गलानाश्रित्याऽनन्तानामभावाद्" (भ.सू.१४/७/५२३ वृ.) इति। ततः परतः पुद्गलानां परमाण्वादीनाम् अन्याऽन्यपुद्गलेषु सङ्क्रमो भवत्येवेति मेरुगिरि-देवविमानादि-पुद्गलानां नाऽनाद्यनन्तकालस्थितिः सम्भवति ***तथापि*** तत्संस्थानस्याऽनाद्यनन्तकालं यावदपरावृत्तेः मेरुगिरिप्रमुखानामनाद्यनन्तत्वं सङ्गच्छत एव। इदमेवाऽभिप्रेत्य **जीवसमासमलधारवृत्तौ** "मेर्वादिस्कन्धानां तु अनादिकालात् तेन तेन स्वभावेन परिणामाद्" (जी.स.२७० वृ.पृ.२८९) इत्युक्तम्।

---

પણ પુદ્ગલનો સ્થિતિસમય અનંત નથી." આનાથી ફલિત થાય છે કે કોઈ પણ પુદ્ગલ દ્રવ્ય એકની એક અવસ્થામાં વધુમાં વધુ અસંખ્ય કાળચક્ર સુધી જ રહી શકે છે. ત્યાર બાદ તે સ્કંધમાં રહેલા તમામ પરમાણુ વગેરે પુદ્ગલ દ્રવ્યનો અન્ય અન્ય પુદ્ગલ દ્રવ્યમાં સંક્રમ થાય જ છે. તેથી મેરુ પર્વત, દેવવિમાન વગેરે અવસ્થામાં રહેલા પુદ્ગલ દ્રવ્યોની અનાદિ અનંત કાળ સુધીની સ્થિતિ સંભવી શકતી નથી. તેમ છતાં પણ પ્રથમ શુદ્ધ પર્યાયાર્થિકનયને પ્રસ્તુતમાં મેરુ પર્વત વગેરે પુદ્ગલપર્યાયને અનાદિ નિત્ય તરીકે માન્ય છે. એનું કારણ એ છે કે વર્તમાનમાં જે મેરુ પર્વત વગેરે દેખાય છે, તેમાં રહેલા પરમાણુઓનું અનંતકાળ પૂર્વે કે અનંતકાળ પછી મેરુપર્વતરૂપે અસ્તિત્વ ન હોવા છતાં પણ વર્તમાનમાં મેરુ પર્વત જે આકારે રહેલો છે તે આકાર = સંસ્થાન અનાદિકાલીન છે અને અનંતકાળ સુધી તે આકાર બદલાવાનો નથી. તેથી 'સંસ્થાનની અપેક્ષાએ મેરુ પર્વત વગેરે પર્યાય અનાદિ નિત્ય છે' - આવું શુદ્ધ પર્યાયાર્થિકનયનું તાત્પર્ય હોવાથી 'મેરુ પર્વત અનાદિ નિત્ય છે' - આ પ્રમાણે શુદ્ધ પર્યાયાર્થિકનયની વાત સંગત જ છે. આ જ અભિપ્રાયથી **જીવસમાસવૃત્તિ**માં મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'મેરુ વગેરે સ્કંધો તો અનાદિ કાળથી તે તે (સંસ્થાનાદિ) સ્વભાવરૂપે પરિણમે છે.'

### ❋ પુદ્ગલસ્થિતિ અનિત્ય, આકાર નિત્ય ❋

**સ્પષ્ટતા** :- પુદ્ગલસ્વરૂપે પુદ્ગલ દ્રવ્ય નિત્ય છે. પરંતુ કોઈ પણ પુદ્ગલ દ્રવ્ય એકની એક અવસ્થામાં અનંતકાળ સુધી રહી શકતું નથી. અસંખ્ય કાળચક્ર પસાર થાય એટલે તમામ પુદ્ગલોએ પોતાની અવસ્થા છોડવી જ પડે. અસંખ્ય કાળચક્ર પૂરા થાય એટલે મેરુ પર્વત વગેરે અવસ્થામાં રહેલા પુદ્ગલસ્કંધે પણ જુદા-જુદા પરમાણુ વગેરે રૂપે બનવું જ પડે. અનંત કાળ પસાર થાય તેની પૂર્વે દરેક પુદ્ગલસ્કંધદ્રવ્ય અવશ્ય સ્વતંત્ર પરમાણુ બને. અર્થાત્ મેરુ પર્વતમાં રહેલા તમામ પુદ્ગલોએ અસંખ્ય કાળચક્ર પછી અવશ્ય સ્વતંત્ર પરમાણુ અવસ્થાને ધારણ કરવી જ પડે. તેથી અનંત કાળચક્ર પૂર્વે મેરુપર્વતમાં જે પરમાણુ વગેરે પુદ્ગલ દ્રવ્યો હતા, તે તમામ વર્તમાનકાલીન મેરુ પર્વતમાં હોય જ - તેવું તો ન જ બને. તેમ છતાં લાખ યોજનનો મેરુ પર્વત જે આકારે અનંત કાળ પૂર્વે હતો, તે જ આકારમાં વર્તમાન કાળે છે અને અનંત કાળ પછી પણ તે જ આકારે રહેવાનો છે. મેરુ પર્વતમાં રહેલા પુદ્ગલો કાળક્રમે રવાના થતા જાય તથા મેરુ પર્વતનો જે આકાર છે તે આકારરૂપે નવા-નવા પરમાણુ વગેરે પુદ્ગલદ્રવ્યો પરિણમતા જાય. આમ મેરુ પર્વતમાં રહેલા પરમાણુ વગેરે પુદ્ગલ દ્રવ્યો બદલાય છે પણ આકાર બદલાતો નથી. તેથી આકારની દૃષ્ટિએ મેરુપર્વત અનાદિ-અનંત છે.

इदञ्चात्राऽवधेयम् – अनादिनित्यपर्यायार्थिकनयेन पर्याये नित्यत्वं न विधीयते किन्तु यथा द्रव्यार्थिकनयो नित्यद्रव्यं सत्स्वरूपेण अभ्युपगच्छति प्रतिपादयति च तथैव पर्यायार्थिकप्रथमभेदो हि अनादिनित्यपर्यायं सत्स्वरूपेण अभ्युपैति, प्ररूपयति च। ततश्चाऽयं मेरुगिरि-देवविमानादिलक्षणस्य पुद्गलपर्यायस्य अनादिनित्यतया परमार्थसद्रूपतामभ्युपैति प्रतिपादयति च।

***एतेन*** रत्नप्रभादिपृथिवीलक्षणाः पुद्गलपर्याया अपि ***व्याख्याताः***, पुद्गलस्थित्यपेक्षयाऽनित्यत्वेऽपि तथाविधसंस्थानापेक्षया नित्यत्त्वेन एतन्नये परमार्थसद्रूपत्वात्।

[1]***ननु*** रत्नप्रभापृथिव्या द्रव्यार्थिकनयेनैव नित्यत्वमुक्तम्, न तु पर्यायार्थिकनयेन। तदुक्तं जीवा-

## અનાદિનિત્યપર્યાય પારમાર્થિક

(इद.) પ્રસ્તુતમાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. તે એ છે કે અનાદિનિત્યપર્યાયાર્થિકનય પર્યાયમાં નિત્યત્વનું વિધાન નથી કરતો. પરંતુ જેમ દ્રવ્યાર્થિકનય નિત્યદ્રવ્યને સત્ સ્વરૂપે = વાસ્તવિકરૂપે = અનુપચરિતરૂપે સ્વીકારે છે તથા અનાદિનિત્યત્વરૂપે તેની પ્રરૂપણા પણ કરે છે તેમ પર્યાયાર્થિકનયનો પ્રથમ ભેદ = પ્રકાર અનાદિનિત્ય એવા પર્યાયને સત્સ્વરૂપે સ્વીકારે છે તથા અનાદિનિત્યત્વરૂપે તેનું પ્રતિપાદન પણ કરે છે. તેથી મેરુ પર્વત, દેવવિમાન વગેરે સ્વરૂપ પૌદગલિક પર્યાય અનાદિનિત્ય હોવાથી પ્રસ્તુત અનાદિનિત્યપર્યાયાર્થિકનય તેને પરમાર્થથી સત્ સ્વરૂપે સ્વીકારે છે, સમજાવે છે. 'મેરુ પર્વત વગેરે પર્યાયો પરમાર્થતઃ અનાદિનિત્યસ્વરૂપે સત્ છે' - આ પ્રમાણે પર્યાયાર્થિકનયનો પ્રથમ ભેદ પ્રરૂપણા પણ કરે છે.

## રત્નપ્રભા પૃથ્વીની નિત્યતા અંગે વિચારણા

(एतेन.) 'મેરુ પર્વત વગેરે પુદ્ગલપર્યાયો અનાદિ અનંત છે' - આ બાબતની છણાવટ કરી તેનાથી રત્નપ્રભા વગેરે પૃથ્વી સ્વરૂપ પુદ્ગલપર્યાયોની પણ છણાવટ થઈ ગઈ તેમ સમજી લેવું. કારણ કે રત્નપ્રભા વગેરે પૃથ્વીઓ પુદ્ગલસ્થિતિની અપેક્ષાએ અનિત્ય હોવા છતાં તથાવિધ સંસ્થાનની અપેક્ષાએ તો નિત્ય જ છે. તેથી રત્નપ્રભાપૃથ્વી વગેરે પર્યાયો પર્યાયાર્થિકના પ્રથમ ભેદની દૃષ્ટિએ પરમાર્થસત્ છે.

**સ્પષ્ટતા** :- રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા વગેરે સાત પૃથ્વીઓ શાસ્ત્રમાં નિત્ય કહેવાયેલ છે. હકીકત એ છે કે સાતે પૃથ્વીમાં ગોઠવાયેલા પુદ્ગલ દ્રવ્યો અસંખ્ય કાળચક્ર પછી બદલાઈ જાય છે. કારણ કે દરેક પુદ્ગલ દ્રવ્યો એકની એક અવસ્થામાં અસંખ્ય કાળચક્રો સુધી જ ઉત્કૃષ્ટથી રહી શકે છે. તેથી સાતે ય પૃથ્વીમાં રહેલા પુદ્ગલ દ્રવ્યો અનાદિ અનંત કાળ સુધી તેના તે જ હોય તેવું શક્ય નથી. પરંતુ સાતે ય પૃથ્વીમાં રહેલા તમામ પુદ્ગલ દ્રવ્યો પોતાનો નિવૃત્ત થવાનો સમય આવતા તેમાંથી નિવૃત્ત થાય છે અને નવા પુદ્ગલ દ્રવ્યો તે જ આકારે સાતેય પૃથ્વીમાં પરિણમે છે. તેથી રત્નપ્રભા વગેરે પૃથ્વીનો આકાર બદલાતો નથી. આમ 'સાતેય પૃથ્વી પોતપોતાના સંસ્થાનની અપેક્ષાએ અનાદિ-અનંત છે' - તેમ સમજવું. આ પ્રમાણે અનાદિ-અનંત પદાર્થને ગ્રહણ કરનાર શુદ્ધપર્યાયાર્થિકનય કહે છે.

## રત્નપ્રભા દ્રવ્યાર્થથી નિત્ય, પર્યાયાર્થથી અનિત્ય : પૂર્વપક્ષ

**દીર્ઘપૂર્વપક્ષ** :- (ननु.) 'રત્નપ્રભા પૃથ્વી નિત્ય છે' - આ વાત આગમમાં દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી

1. 'ननु' इत्यनेन आरब्धस्य पूर्वपक्षस्य समाधानं 'मैवम्' इत्यनेन अग्रे ६८४ तमे पृष्ठे बोध्यम्।

ઇમ રત્નપ્રભાદિક પૃથ્વીપર્યાય પણિ જાણવા. ॥૬/૧॥

**जीवाभिगमे** [1]"इमा णं भंते ! रयणप्पभा पुढवी किं सासया असासया ? गोयमा ! सिय सासया सिय असासया। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ – सिय सासया सिय असासया ? गोयमा ! दव्वट्ठयाए सासता, वण्णपज्जवेहिं, गंधपज्जवेहिं, रसपज्जवेहिं, फासपज्जवेहिं असासता। से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चति - सिय सासता सिय असासता" (जीवा. प्रति. ३/१/७८) इति। अत्र तु–पर्यायार्थिकनयेन रत्नप्रभापृथिव्या नित्यत्वमुच्यत इति कथं न विरोधः ?

***अथै***कस्यैव घटस्य मृद्द्रव्यापेक्षया पर्यायत्वं रक्तत्वादिगुणापेक्षया च द्रव्यत्वमिव एकस्या एव रत्नप्रभापृथिव्या द्रव्यार्थिकनयापेक्षया द्रव्यत्वं पर्यायार्थिकनयापेक्षया च पर्यायत्वमित्यभ्युपगमे तु न कोऽप्यत्र विरोधः प्रतिभासते, जीवाभिगमे द्रव्यलक्षणाया रत्नप्रभापृथिव्या नित्यत्वोक्तेः इह च पर्यायार्थिकप्रथमभेदेन पर्यायलक्षणायाः तस्या एव नित्यत्वोक्तेः। एवञ्च जीवाभिगमे रत्नप्रभापृथिवी-

---

જ જણાવેલ છે, પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી નહિ. જ્યારે તમે તો પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી રત્નપ્રભા પૃથ્વીને નિત્ય કહો છો. તેથી તમારી વાતને આગમની સાથે વિરોધ આવશે. આગમના પાઠો આ પ્રમાણે છે. **જીવાજીવાભિગમ** નામના આગમમાં પ્રશ્નોત્તરી સ્વરૂપે નીચે મુજબ જણાવેલ છે કે -

**પ્રશ્ન** :- 'હે ભગવંત ! આ રત્નપ્રભા પૃથ્વી શાશ્વત છે કે અશાશ્વત ?'

**ઉત્તર** :- 'હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે.'

**પ્રશ્ન** :- હે ભગવંત ! કઈ અપેક્ષાએ આવું કહેવામાં આવે છે કે 'રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે ?'

**ઉત્તર** :- 'હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વી દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ શાશ્વત છે. તથા વર્ણપર્યાયથી, ગંધપર્યાયથી, રસપર્યાયથી અને સ્પર્શપર્યાયથી અશાશ્વત છે. તે અપેક્ષાએ, હે ગૌતમ ! એવું કહેવાય છે કે 'રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે.'

આ પ્રમાણે **જીવાજીવાભિગમસૂત્ર**માં રત્નપ્રભા પૃથ્વીને દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી નિત્ય તરીકે જણાવેલ છે, પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી નહિ. જ્યારે તમે તો પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી રત્નપ્રભા પૃથ્વીને નિત્ય કહો છો. તેથી તમારી વાતનો આગમ સાથે વિરોધ કેમ ન આવે?

## ❈ વિરોધપરિહાર અંગે શંકા / સમાધાન - પૂર્વપક્ષ ચાલુ ❈

**શંકા** :- (**અથૈ.**) અમને તો અહીં વિરોધ જેવું લાગતું જ નથી. કારણ કે જેમ એક જ ઘડો માટીદ્રવ્યની અપેક્ષાએ પર્યાય છે તથા લાલ વર્ણ વગેરે ગુણની અપેક્ષાએ દ્રવ્ય છે; તેમ એક જ રત્નપ્રભા પૃથ્વી દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દ્રવ્ય છે તથા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ પર્યાય છે - આવું સ્વીકારીએ તો પ્રસ્તુતમાં કોઈ પણ પ્રકારના વિરોધને અવકાશ જ રહેતો નથી. જુઓ, જીવાજીવાભિગમ વગેરે શાસ્ત્રોમાં

---

1. इयं णं भदन्त ! रत्नप्रभा पृथ्वी किं शाश्वती अशाश्वती ? गौतम ! स्यात् शाश्वती, स्याद् अशाश्वती। अथ केनार्थेन भदन्त ! एवं उच्यते - स्यात् शाश्वती, स्याद् अशाश्वती ? गौतम ! द्रव्यार्थतया शाश्वती; वर्णपर्यवैः, गन्धपर्यवैः, रसपर्यवैः, स्पर्शपर्यवैः अशाश्वती। अथ तेनार्थेन गौतम ! एवम् उच्यते - स्यात् शाश्वती, स्याद् अशाश्वती।

लक्षणद्रव्यस्य नित्यत्वं प्रतिपादितं तद् द्रव्यार्थिकनयापेक्षया बोध्यम्, तन्नये द्रव्यस्य नित्यत्वात्। प्रकृतपर्यायार्थिकनयस्तु रत्नप्रभापृथिवीलक्षणपर्यायस्य नित्यत्वमाचष्टे। इत्थञ्च द्रव्यार्थिकनयेन यद् द्रव्यं तस्यैव पर्यायार्थिकनयेन पर्यायत्वम्, उभयनयतश्च तन्नित्यत्वमेव। रत्नप्रभा पृथिवी तु वर्णादिपर्यायैरनित्येत्यत्र को विरोध इति **चेत्** ?

**न**, उद्देश्यतावच्छेदकभेदापत्तेः। तथाहि – 'रत्नप्रभापृथिवीलक्षणं द्रव्यं द्रव्यार्थिकनयतो नित्यम्, रत्नप्रभापृथिवीलक्षणश्च पुद्गलपर्यायः पर्यायार्थिकनयतो नित्यः, रत्नप्रभा तु वर्णादिपर्यायतोऽनित्या' इत्येवमभ्युपगमे पर्यनुयोग-प्रत्युत्तरयोः उद्देश्यतावच्छेदकभेदो दुरपह्नवः। न हि यस्मिन्नेव नित्यत्व-मनित्यत्वञ्चाऽऽशङ्क्येते तस्मिन्नेव तौ विधीयेते भवता किन्तु एकस्मिन् नित्यत्वं विधीयतेऽन्यत्र चाऽनित्यत्वमिति उद्देश्यतावच्छेदकभेदापत्तिः दुर्निवारैव भवन्मते। तत्परिहाराय च जीवाऽजीवाभिगमा-

---

દ્રવ્યસ્વરૂપ રત્નપ્રભાપૃથ્વીને નિત્ય જણાવેલ છે. તથા અહીં પર્યાયાર્થિકનયના પ્રથમ ભેદની દૃષ્ટિએ તે જ રત્નપ્રભા પૃથ્વીને પર્યાયસ્વરૂપે નિત્ય બતાવેલ છે. મતલબ કે જીવાભિગમ વગેરેમાં જે રત્નપ્રભા પૃથ્વીની નિત્યતા અંગે વાત છે તે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ રત્નપ્રભાપૃથ્વીસ્વરૂપ દ્રવ્યની વાત જાણવી. કેમ કે દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય નિત્ય છે. તથા રત્નપ્રભાપૃથ્વી જ પુદ્ગલનો પર્યાય પણ છે, જેને અહીં પર્યાયાર્થિકના પ્રથમ ભેદથી નિત્ય જણાવેલ છે. આમ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય કહો કે પર્યાયાર્થિકનયથી પુદ્ગલનો પર્યાય કહો - બન્ને અહીં એક જ વસ્તુ છે. તથા તેને જ અહીં ઉપરોક્ત બન્ને નયથી નિત્ય બતાવેલ છે. તથા રત્નપ્રભા પૃથ્વી તો વર્ણાદિપર્યાયથી અનિત્ય છે. તેથી અહીં પર્યાયાર્થિકનયનો પ્રથમ ભેદ જે કહે છે તેને **જીવાજીવાભિગમ** વગેરે આગમસૂત્રો સાથે લેશ પણ વિરોધ જણાતો નથી.

## ❈ ઉદ્દેશ્યતાઅવચ્છેદકભેદનું આપાદન ❈

**સમાધાન** :- (न, उद्दे.) ના, તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે તે મુજબ માનવામાં તો ઉદ્દેશ્યતાઅવચ્છેદક ધર્મમાં ભેદ આવી પડશે. તે આ રીતે સમજવું. તમે કહો છો તે મુજબ અર્થ એવો ફલિત થશે કે 'રત્નપ્રભાપૃથ્વીસ્વરૂપ દ્રવ્ય દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે. તથા રત્નપ્રભાપૃથ્વીસ્વરૂપ પુદ્ગલપર્યાય પર્યાયાર્થિકનયથી નિત્ય છે. જ્યારે રત્નપ્રભા પૃથ્વી તો વર્ણાદિ પર્યાયથી અનિત્ય છે.' **જીવાજીવાભિગમ**-સૂત્રસંદર્ભનું અને **આલાપપદ્ધતિ** સંદર્ભનું ઉપરોક્ત રીતે અર્થઘટન તમારા કથન મુજબ કરવામાં આવે તો - ઉદ્દેશ્યતાઅવચ્છેદકભેદ દોષને તમે છુપાવી નહિ શકો. કારણ કે 'રત્નપ્રભા પૃથ્વી શાશ્વત છે કે અશાશ્વત ?' આ પ્રમાણે જીવાજીવાભિગમમાં જેને ઉદ્દેશીને નિત્યત્વની અને અનિત્યત્વની શંકા પ્રશ્નાર્થરૂપે કરવામાં આવેલ છે, તેને જ ઉદ્દેશીને તે બન્નેનું વિધાન તમારા દ્વારા કરવામાં નથી આવતું. પણ એકને ઉદ્દેશીને નિત્યત્વનું વિધાન થાય છે તથા બીજાને ઉદ્દેશીને અનિત્યત્વનું વિધાન થાય છે. 'રત્નપ્રભા પૃથ્વીસ્વરૂપ દ્રવ્ય દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે તથા રત્નપ્રભા પૃથ્વી તો વર્ણાદિપર્યાયથી અનિત્ય છે' આ રીતે જવાબ આપવામાં પ્રશ્નમાં અને પ્રત્યુત્તરમાં ઉદ્દેશ્યતાઅવચ્છેદક બદલાઈ જાય છે. આ વાત એકદમ સ્પષ્ટ છે. ઉદ્દેશ્યતાઅવચ્છેદકભેદની આપત્તિના નિવારણ માટે **જીવાજીવાભિગમ** વગેરેનો સંદર્ભ આ પ્રમાણે યોજવો જોઈએ કે - 'રત્નપ્રભાપૃથ્વી' એવા શબ્દથી પ્રતિપાદ્ય વસ્તુ દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે

दिसन्दर्भ इत्थं योज्यः यदुत रत्नप्रभापृथिवीशब्दवाच्यं वस्तु द्रव्यार्थिकतो नित्यं पर्यायार्थिकनयतश्चाऽनित्यम्। इह तु अनादिनित्यपर्यायार्थिकनयतो रत्नप्रभापृथिवीशब्दवाच्यं वस्तु नित्यमुच्यते इति कथं न जीवाऽजीवाभिगमादिना साकं विरोधः ? ***इति चेत्*** ?

***मैवम्***, जीवाजीवाभिगमादौ द्रव्यार्थतासापेक्षनित्यत्वविशिष्टायाः रत्नप्रभापृथिव्याः वर्ण-गन्ध-रस-स्पर्शपर्यायैरेवाऽशाश्वतत्वमुक्तं न तु संस्थानपर्यायापेक्षयाऽपि न वा सर्वपर्यायापेक्षया। इह तु रत्नप्रभापृथिव्याः पर्यायार्थादेशात् संस्थानपर्यायापेक्षयैव नित्यत्वमुक्तं न तु वर्ण-गन्धादिपर्यायापेक्षयेति न विरोधावकाशः। न ह्येकपर्यायापेक्षयाऽनित्यत्वशालिनः पर्यायान्तरापेक्षया नित्यत्वे विरोधं प्रतियन्ति विद्वांसः, अपेक्षाभेदेन विरोधपरिहारात्। 'रत्नप्रभा द्रव्यार्थिकनयेन अनित्या' यद्वा 'वर्ण-गन्धादिपर्यायैः नित्या' इत्येवं प्रतिपादन एव आगमविरोधः सम्भवेत्। न तु 'संस्थानापेक्षया रत्नप्रभा नित्या' इत्येवं प्रतिपादने विरोधावकाशः।

एकस्याऽपि पदार्थस्य नानाविधापेक्षया नित्यत्वं सम्भवत्येव। आत्मनः स्वप्रदेशार्थापेक्षया

---

તથા પર્યાયાર્થિકનયથી અનિત્ય છે. તથા આ ગ્રંથમાં તો "અનાદિનિત્યપર્યાયાર્થિકનયથી 'રત્નપ્રભાપૃથ્વી' શબ્દથી પ્રતિપાદ્ય વસ્તુ નિત્ય છે" - આવું જણાવેલ છે. આ રીતે માનવામાં આવે તો આ ગ્રંથની વાતનો **જીવાજીવાભિગમ** વગેરે સાથે વિરોધ કેમ ન આવે ? કારણ કે **જીવાજીવાભિગમસૂત્ર** જેને વર્ણાદિપર્યાયથી અનિત્ય કહે છે, તેને તમે આ ગ્રંથમાં પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ નિત્ય કહો છો. તેથી વિરોધ દુર્વાર બનશે.

### ॐ રત્નપ્રભા દ્રવ્ય - સંસ્થાનથી નિત્ય, વર્ણાદિથી અનિત્ય : ઉત્તરપક્ષ ॐ

**ઉત્તરપક્ષ** :- (मैवम्.) તમારી વાત વ્યાજબી નથી. કારણ કે **જીવાજીવાભિગમ** વગેરેમાં દ્રવ્યાર્થતાની અપેક્ષાએ નિત્યતાને ધારણ કરનારી રત્નપ્રભા પૃથ્વીને પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાયની અપેક્ષાએ જ અનિત્યસ્વરૂપે જણાવેલ છે. 'સંસ્થાન પર્યાયની અપેક્ષાએ કે સર્વ પર્યાયની અપેક્ષાએ રત્નપ્રભા પૃથ્વી અનિત્ય છે' - એવું ત્યાં જણાવેલ નથી. આ ગ્રંથમાં તો રત્નપ્રભા પૃથ્વીને પર્યાયાર્થિકનયના અભિપ્રાયથી સંસ્થાન પર્યાયની અપેક્ષાએ જ નિત્ય જણાવેલ છે, નહિ કે વર્ણ-ગંધ વગેરે પર્યાયની અપેક્ષાએ. વર્ણાદિ અમુક પર્યાયની અપેક્ષાએ અનિત્યતાને ધારણ કરનાર રત્નપ્રભા પૃથ્વીમાં સંસ્થાનાત્મક અન્ય પર્યાયની અપેક્ષાએ નિત્યતાનું વિધાન કરવામાં આવે તો વિદ્વાનો વિરોધનું ઉદ્ભાવન કરતા નથી. અપેક્ષાભેદથી વિરોધનો પરિહાર થઈ જાય છે. તેથી અમારી વાતને આગમની સાથે વિરોધ આવવાનો અવકાશ નથી. 'રત્નપ્રભા દ્રવ્યાર્થિકનયથી અનિત્ય છે' અથવા 'રત્નપ્રભા વર્ણ આદિ પર્યાયની અપેક્ષાએ નિત્ય છે' - આ પ્રમાણે કહેવામાં આવે તો આગમવિરોધ દોષ અવશ્ય લાગુ પડે. પરંતુ પ્રથમ પર્યાયાર્થિકનય તેમ જણાવતો નથી. તે તો એમ કહે છે કે 'સંસ્થાન પર્યાયની અપેક્ષાએ રત્નપ્રભા નિત્ય છે.' તેથી આગમવિરોધને અહીં અવકાશ રહેતો નથી.

### નિત્યત્વ પણ અનેક અપેક્ષાએ સંભવે

(एक.) કોઈ એક વસ્તુ એક જ અપેક્ષાથી નિત્ય હોય તેવો નિયમ નથી. અનેક અપેક્ષાએ પણ

द्रव्यत्वाऽऽत्मत्व-चैतन्याऽऽद्यपेक्षया च नित्यत्वं सम्मतमेव। ततश्च नाऽत्राऽऽगमविरोधलेशोऽपि।

न च सर्वपर्यायापेक्षया रत्नप्रभापृथिव्या अनित्यत्वमागमसम्मतम्, अन्यथा [1]'रयणप्पभा पुढवी पज्जयट्ठयाए असासता' इत्युक्तं स्यात्, न तु [2]"वण्णपज्जवेहिं, गंधपज्जवेहिं, रसपज्जवेहिं, फासपज्जवेहिं असासता" (जीवा.प्रतिपत्ति - ३/१/७८) इत्युक्तं भवेत्। ततश्च पर्यायत्वावच्छिन्नापेक्षया रत्नप्रभापृथिव्या नाऽशाश्वतत्वं किन्तु वर्णादिकतिपयपर्यायापेक्षयैवेति सिद्धम्। द्रव्यार्थिकनयतः द्रव्यापेक्षयेव पर्यायार्थिकनयतः संस्थानापेक्षया रत्नप्रभापृथिवीपदवाच्यार्थस्य नित्यत्वे नैवाऽऽगमविरोधः।

न वा बाधः, संस्थानविशेषसापेक्षनित्यत्वस्य रत्नप्रभायां सत्त्वात्। न हि व्यवहारतः रत्न-

---

એક જ પદાર્થમાં નિત્યત્વ સંભવી શકે છે. જેમ કે 'આત્મા સ્વપ્રદેશાર્થની અપેક્ષાએ નિત્ય છે. દ્રવ્યત્વ, આત્મત્વ વગેરે જાતિની અપેક્ષાએ નિત્ય છે. ચૈતન્ય વગેરે ગુણોની અપેક્ષાએ પણ નિત્ય છે' - આ વાત આગમસંમત જ છે. આત્માના અસંખ્ય પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ ક્યારેય ઓછો થતો નથી. તેથી આત્મા આત્મપ્રદેશની અપેક્ષાએ નિત્ય છે. દ્રવ્યત્વ જાતિ, આત્મત્વ જાતિ વગેરેની અપેક્ષાએ પણ આત્મા નિત્ય છે. કારણ કે દ્રવ્યત્વરૂપે કે આત્મત્વરૂપે આત્માનો ક્યારેય નાશ થતો નથી. તે જ રીતે ચૈતન્ય વગેરે ગુણની અપેક્ષાએ પણ આત્મા નિત્ય છે. કારણ કે ચૈતન્યનો આત્મામાંથી ક્યારેય ઉચ્છેદ થતો નથી. તેથી જેમ આત્માને અનેક અપેક્ષાએ નિત્ય કહી શકાય છે, તેમ રત્નપ્રભા પૃથ્વીને પણ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ અને સંસ્થાનવિશેષની અપેક્ષાએ નિત્ય કહેવામાં કોઈ આગમવિરોધ આવતો નથી.

## ❋ નિત્ય પર્યાયનું સમર્થન ❋

**(ન ચ.)** 'પર્યાયાર્થનયથી સર્વ પર્યાયની અપેક્ષાએ રત્નપ્રભા પૃથ્વીમાં અનિત્યત્વ માન્ય છે' - આ વાત આગમસંમત નથી. કેમ કે પર્યાયાર્થિકનયના આદેશથી રત્નપ્રભા પૃથ્વીમાં સર્વ પર્યાયોની દૃષ્ટિએ જો અનિત્યત્વ આગમમાન્ય હોત તો 'રત્નપ્રભા પૃથ્વી પર્યાયાર્થથી અશાશ્વત છે' - આમ **જીવાજીવાભિગમસૂત્ર** વગેરે આગમોમાં સામાન્યવિધાન જણાવેલ હોત. પરંતુ તેવું તો જણાવેલ નથી. ત્યાં તો 'રત્નપ્રભા પૃથ્વી વર્ણપર્યાય, ગંધપર્યાય, રસપર્યાય, સ્પર્શપર્યાય - આ ચાર પર્યાયની અપેક્ષાએ અશાશ્વત છે' - આમ વિશેષવિધાન જ કરેલ છે. જો સર્વ પર્યાયની અપેક્ષાએ રત્નપ્રભા પૃથ્વીમાં અનિત્યત્વ આગમસંમત હોત તો પર્યાયસામાન્યસાપેક્ષ અનિત્યતાનું વિધાન કર્યું હોત, વર્ણાદિપર્યાયવિશેષસાપેક્ષ અનિત્યતાનું વિધાન કર્યું ન હોત. પરંતુ હકીકત એ છે કે આગમની અંદર રત્નપ્રભાદિ પૃથ્વીમાં પર્યાયવિશેષસાપેક્ષ અનિત્યતાનું વિધાન કરવામાં આવેલ છે. તેથી સિદ્ધ થાય છે કે રત્નપ્રભા પૃથ્વીમાં સર્વ પર્યાયની અપેક્ષાએ અશાશ્વતત્વ માન્ય નથી. પરંતુ વર્ણાદિ અમુક વિશેષ પર્યાયની દૃષ્ટિએ જ અનિત્યતા આગમસંમત છે. 'રત્નપ્રભાપૃથ્વી' શબ્દથી પ્રતિપાદન કરવા યોગ્ય પદાર્થ જેમ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, તેમ પર્યાયાર્થિક-નયથી સંસ્થાનની અપેક્ષાએ પણ નિત્ય છે - આવું પ્રતિપાદન કરવામાં કોઈ આગમવિરોધ આવતો નથી.

**(ન વા.)** વળી, વ્યવહારથી રત્નપ્રભા પૃથ્વી વગેરેનું સંસ્થાન ક્યારેય પણ બદલાતું નથી. તેથી સંસ્થાનની અપેક્ષાએ રત્નપ્રભા પૃથ્વીને નિત્ય માનવાની વાતમાં કોઈ બાધ આવતો નથી. આમ

---

1. रत्नप्रभा पृथिवी पर्यायार्थतया अशाश्वती। 2. वर्णपर्यवैः, गन्धपर्यवैः, रसपर्यवैः, स्पर्शपर्यवैः अशाश्वती।

प्रभापृथिव्यादेः संस्थानं कदाचिदनीदृशं भवेत्।

***एतेन*** असङ्ख्येयकालात् परतो रत्नप्रभापृथिव्याः परमाणूनां भेदात् कथं द्रव्यार्थतया शाश्वतत्वम् ? इत्यपि ***समाहितम्,***

रत्नप्रभापृथिव्यवयवानां पुद्गलत्वापेक्षया ध्वंसाऽप्रतियोगित्वेन द्रव्यार्थादेशतः तन्नित्यत्वोपपत्तेः, परमाणुभेदेऽपि संस्थानाऽभेदेन अनादिनित्यपर्यायार्थादेशतः तदपेक्षया तन्नित्यत्वोपपत्तेश्च।

इत्थञ्च 'रत्नप्रभापृथिवीपदवाच्यार्थः द्रव्यार्थिकनयतः द्रव्यापेक्षया पर्यायार्थिकनयतश्च संस्थानाऽपेक्षया नित्यः, पर्यायार्थिकनयतो वर्णाद्यपेक्षया तु अनित्य' इत्यभ्युपगमे उद्देश्यतावच्छेदकभेदापत्तिः अपि अनुत्थानपराहता द्रष्टव्या।

प्रकृते "तदाकारमात्रतयैव हि तेऽवतिष्ठमानाः शाश्वता उच्यन्ते। पुद्गलास्तु असङ्ख्येयकालाद् ऊर्ध्वं

---

આગમવિરોધ ન હોવાથી તથા સંસ્થાનસાપેક્ષ નિત્યત્વ રત્નપ્રભા પૃથ્વીમાં વિદ્યમાન હોવાથી પર્યાયાર્થિકનયની ઉપરોક્ત વાત વ્યાજબી છે - તેમ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન** :- **(एतेन.)** શાસ્ત્રનો એક નિયમ છે કે અસંખ્ય કાળચક્ર પછી તમામ બાદર-સૂક્ષ્મ સ્કંધોના તમામ પરમાણુઓ અવશ્ય બદલાય છે. રત્નપ્રભા પૃથ્વી પણ પૌદ્ગલિક બાદર સ્કંધદ્રવ્યસ્વરૂપ છે. તેથી અસંખ્ય કાળચક્ર પછી રત્નપ્રભા પૃથ્વીના તમામ પરમાણુઓ બદલાઈ જવાના છે. રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા અનંતકાળ પૂર્વેના તમામ પરમાણુઓ આજે રત્નપ્રભા પૃથ્વીમાં હોતા નથી. તો પછી રત્નપ્રભા પૃથ્વીને દ્રવ્યાર્થઆદેશથી કઈ રીતે શાશ્વત કહેવામાં આવે છે ? સર્વ અવયવો બદલાય પછી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ એ અવયવીને નિત્યસ્થાયી કઈ રીતે કહી શકાય ?

### ✡ સંસ્થાનસાપેક્ષ નિત્યતા ✡

**પ્રત્યુત્તર** :- **(रत्न.)** ભાગ્યશાળી ! તમારી વાત સાચી છે. અસંખ્ય કાળચક્ર પૂર્વે રત્નપ્રભા પૃથ્વીમાં જે પરમાણુઓ હતા તે બધા આજે રત્નપ્રભા પૃથ્વીમાં નથી. આ વાત આગમસંમત જ છે. પરંતુ રત્નપ્રભા પૃથ્વીના અવયવોનો પુદ્ગલત્વસ્વરૂપે તો કદાપિ નાશ નથી જ થવાનો. આ અપેક્ષાએ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ રત્નપ્રભા પૃથ્વીમાં નિત્યત્વ સંગત થઈ શકે છે. તદુપરાંત, રત્નપ્રભા પૃથ્વીના પરમાણુઓ અસંખ્યકાળે બદલાવા છતાં તેનું સંસ્થાન = આકાર બદલાતો નથી. તેથી અનાદિનિત્યપર્યાયાર્થિકનયની દૃષ્ટિથી સંસ્થાનની અપેક્ષાએ રત્નપ્રભા પૃથ્વીને શાશ્વત કહેવાની વાત સંગત છે.

### ☫ ઉદ્દેશ્યતાઅવચ્છેદકભેદ નિરવકાશ ☫

**(इत्थ.)** આ રીતે 'રત્નપ્રભાપૃથ્વી' શબ્દથી પ્રતિપાદન કરવા યોગ્ય પદાર્થ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યની અપેક્ષાએ તથા પર્યાયાર્થિકનયથી સંસ્થાનની અપેક્ષાએ નિત્ય છે. તથા તે જ પદાર્થ પર્યાયાર્થિકનયથી વર્ણ, ગંધ વગેરેની અપેક્ષાએ તો અનિત્ય છે - આ મુજબ સ્વીકારવામાં આવે તો પૂર્વે જણાવેલી ઉદ્દેશ્યતાઅવચ્છેદકભેદની આપત્તિ અનુત્થાનપરાહત જ બને છે. કારણ કે દ્વિવિધ નિત્યતાનું અને અનિત્યતાનું ઉદ્દેશ્યતાઅવચ્છેદક રત્નપ્રભાપૃથ્વીશબ્દવાચ્યત્વ જ છે. અહીં જુદા-જુદા ઉદ્દેશ્યતાઅવચ્છેદક નથી.

**(प्रकृ.)** **અનુયોગદ્વારસૂત્રવૃત્તિ**માં મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ જણાવેલ એક સંદર્ભ અહીં અનુસંધાન

न तेषु त एव अवतिष्ठन्ते किन्तु अपराऽपरे तद्भावेन परिणमन्ति" (अनु.द्वा.सू.२४९/पृ.२९८ हे.वृ.) इति **अनुयोगद्वारसूत्रमलधारवृत्ति**सन्दर्भोऽनुसन्धेयः। 'ते = रत्नप्रभादयः'। शिष्टं स्पष्टम्।

***न च*** रत्नप्रभापृथिवीगतपर्वतादिषु चयापचयभावेन संस्थानापेक्षयाऽपि रत्नप्रभाया अनित्यत्वमेव पर्यायार्थनयादेशात् स्यादिति ***शङ्कनीयम्,***

तथाविधचयाऽपचयसद्भावेऽपि अशीतिसहस्राधिकयोजनलक्षपरिमाणबाहल्यैकरज्जुपरिमाणवर्तुलाकारलक्षणसंस्थानभेदविरहात्, तदीयवर्णादिषु तु षट्स्थानपतितवृद्धि-हानिभावेन वर्णाद्यपेक्षयैव रत्नप्रभाया अनित्यत्वं पर्यायार्थनयादेशाद् युज्यते, न तु संस्थानापेक्षया।

पुद्गलचयापचयमात्रेण कृतकत्वापत्त्या रत्नप्रभादौ अनित्यत्वापत्तिस्तु अनुद्घोषणीयैव, कृतकत्वलक्षणस्य तत्र विरहात्। तदुक्तं **न्यायबिन्दौ धर्मकीर्त्तिना दिङ्नागप्रणीतन्यायप्रवेशकशास्त्रस्य** च

કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'તે રત્નપ્રભા પૃથ્વી વગેરે (તેના તે જ પુદ્ગલરૂપે નહિ, પણ ફક્ત તેના) તે જ આકાર સ્વરૂપે રહે છે. તેથી તે શાશ્વત કહેવાય છે. તેના પુદ્ગલો તો અસંખ્યકાળ પછી તેમાં તેના તે જ રહેતા નથી. પરંતુ નવા-નવા પુદ્ગલો રત્નપ્રભાદિ સ્વરૂપે પરિણમે છે.'

**શંકા** :- **(न च.)** રત્નપ્રભા પૃથ્વીમાં તો શત્રુંજય, ગિરનાર, હિમાલય વગેરે અનેક પર્વતો આવેલા છે. તથા તે પર્વતો તો નાના-મોટા થયા જ કરે છે. તેથી રત્નપ્રભા પૃથ્વીનો આકાર પણ કાળક્રમે બદલાયા જ કરશે. એટલે પર્યાયાર્થનયના આદેશથી, સંસ્થાનની અપેક્ષાએ પણ, રત્નપ્રભા પૃથ્વી અનિત્ય જ બનશે.

**સમાધાન** :- **(तथावि.)** પુણ્યશાળી ! રત્નપ્રભા પૃથ્વી ઉપર આવેલા પર્વતોની ઊંચાઈમાં વધ-ઘટ થવાથી રત્નપ્રભા પૃથ્વીના આકારમાં સામાન્ય ફેરફાર થાય. એ વાત સાચી છે. તેમ છતાં પણ શાસ્ત્રમાં રત્નપ્રભા પૃથ્વીનો જે આકાર બતાવેલ છે તે આકારમાં/લંબાઈ-પહોળાઈ-જાડાઈમાં તો ફેરફાર નથી જ થતો. **ઠાણાંગ-સમવાયાંગ** વગેરે આગમોમાં જણાવેલ છે કે રત્નપ્રભા પૃથ્વી ૧ રાજલોક લાંબી-પહોળી વર્તુળાકાર છે. તથા મધ્યમાં તેની જાડાઈ ૧ લાખ, એંશી હજાર યોજન છે. રત્નપ્રભાપૃથ્વીના પર્વતોની ઊંચાઈમાં સામાન્ય ફેરફાર થવા છતાં પણ ઉપર મુજબનું રત્નપ્રભાપૃથ્વીનું આગમોક્ત સંસ્થાન બદલાતું નથી જ. હિમાલય પર્વત વગેરેની ઊંચાઈમાં ફેરફાર થવાથી રત્નપ્રભાના આકારમાં જે ફેરફાર થાય છે, તે શાસ્ત્રીય દૃષ્ટિએ તદ્દન નગણ્ય છે. જ્યારે રત્નપ્રભાપૃથ્વીના વર્ણ-ગંધ વગેરેમાં તો અનંતગુણ-અસંખ્યગુણ-સંખ્યાતગુણ વગેરે રૂપે ષટ્સ્થાનપતિત હાનિ-વૃદ્ધિ થતી રહે છે. તેથી રત્નપ્રભા વર્ણ-ગંધ વગેરે પર્યાયની અપેક્ષાએ જ અનિત્ય-છે, સંસ્થાનની દૃષ્ટિએ નહિ.

## ❖ પુદ્ગલવૃદ્ધિ-હાનિથી કૃતકત્વ અપ્રસક્ત ❖

**(पुद्.)** "પુદ્ગલની વધ-ઘટ થવા માત્રથી રત્નપ્રભા વગેરેમાં કૃતકત્વ આવી પડે. તેમજ તેના લીધે રત્નપ્રભા વગેરેમાં અનિત્યતાની આપત્તિ આવશે" - આવી ઉદ્ઘોષણા તો ન જ કરવી. કારણ કે રત્નપ્રભા વગેરેમાં કૃતકત્વનું લક્ષણ જ રહેતું નથી. આપાદક જ ન હોય તો આપાદન કઈ રીતે થઈ શકે ? કૃતકત્વનું લક્ષણ બતાવતા **ધર્મકીર્ત્તિ** નામના બૌદ્ધ વિદ્વાને **ન્યાયબિંદુ** ગ્રંથમાં તથા **દિઙ્નાગ**રચિત **ન્યાયપ્રવેશકશાસ્ત્રની શિષ્યહિતા** વ્યાખ્યામાં શ્રી**હરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'જે પદાર્થ પોતાના

**शिष्यहितायां वृत्तौ** श्री**हरिभद्रसूरिभिः** "अपेक्षितपरव्यापारो हि भावः स्वभावनिष्पत्तौ कृतक" (न्या.बि.३/१४ + न्या.प्र.शा.सू.४ वृ.पृ.२४) इति। अत्र व्यापारपदेन प्रयत्नजन्यचेष्टा बोध्या। इदमेवाभिप्रेत्य **पार्श्वदेवगणिना न्यायप्रवेशकवृत्तिपञ्जिकायां** "अपेक्षितः परेषां कुलालादीनां व्यापारो येन घटादिना स तथा" (न्या.प्र.प.पृ.७४) इत्युक्तम्।

***एतेन*** शशि-सूर्यादिविमानलक्षणाः पर्याया अपि ***व्याख्याताः***। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"अक्किट्टिया अणिहणा ससि-सूराईय पज्जया गाही। जो सो अणाइणिच्चो जिणभणिओ पज्जयत्थिणओ।।" (न.च.२७, द्र.स्व.प्र.२००) इति।

***यदपि* विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "यद् अनादिकालसिद्धं तद् नित्यं दृष्टम्, यथा चन्द्रार्कविमानादयः" (वि.आ.भा.२८१८ वृ.) इत्युक्तं ***तदपीह*** प्रथमपर्यायार्थिकनयानुपाति द्रष्टव्यम्, चन्द्रविमानादीनाम् अनादिनित्यपर्यायरूपत्वात्। **प्रवचनसारे** [2]"पज्जाएण दु केणवि अट्ठो खलु होदि सब्भूदो" (प्र.सा.१८) इति **कुन्दकुन्दो**क्तिरत्र स्मर्तव्या। तत्र 'सद्भूतः = सत्ताभूतः = शाश्वत' इत्यर्थः वृत्तिकृतोः सम्मतः।

સ્વરૂપની નિષ્પત્તિ માટે અન્ય કારણોના વ્યાપારની અપેક્ષા રાખે તે પદાર્થ કૃતક કહેવાય.' અહીં 'વ્યાપાર' શબ્દનો અર્થ પ્રયત્નજન્ય ચેષ્ટા સમજવો. આ જ આશયથી શ્રી**પાર્શ્વદેવગણી**એ **ન્યાયપ્રવેશકવૃત્તિપંજિકા**માં જણાવેલ છે કે 'કુંભાર વગેરે અન્ય કર્તાની પ્રવૃત્તિની અપેક્ષા રાખનાર ઘટાદિ પરવ્યાપારસાપેક્ષ કહેવાય.'

### ❋ ચંદ્ર-સૂર્યની નિત્યતા અંગે વિચારણા ❋

(**एतेन.**) 'મેરુ પર્વત અને રત્નપ્રભા પૃથ્વી પર્યાય સંસ્થાનની અપેક્ષાએ નિત્ય છે' - એવી છણાવટ કરવા દ્વારા 'ચંદ્ર-સૂર્ય વગેરે વિમાન સ્વરૂપ પર્યાય પણ સંસ્થાનની અપેક્ષાએ નિત્ય છે' - આવી છણાવટ પણ થઈ ગઈ તેમ સમજી લેવું. **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં આ બાબતને જણાવતા કહેલ છે કે "ચંદ્ર અને સૂર્ય સ્વરૂપ પર્યાયો અકૃત્રિમ = અનાદિ અને અનંત છે. આ પ્રમાણે જે નય ગ્રહણ કરે છે તે પર્યાયાર્થિકનય અનાદિ નિત્ય છે. આ પ્રમાણે જિનેશ્વર ભગવંતે કહેલ છે."

**સ્પષ્ટતા** :- ચંદ્ર, સૂર્ય, ચૌદ રાજલોક વગેરે પર્યાયો અનાદિ નિત્ય છે. તેને કોઈએ બનાવેલ નથી. અનાદિ કાળથી તે વિદ્યમાન છે. તથા ભવિષ્યમાં સદા માટે તે વિદ્યમાન રહેવાના છે. આવા અનાદિ નિત્ય પર્યાયને ગ્રહણ કરનાર નય અનાદિ-નિત્ય પર્યાયાર્થિકનય કહેવાય છે.

### ❋ વિશેષાવશ્યકવૃત્તિમાં પ્રથમપર્યાયાર્થિક દૃષ્ટિગોચર ❋

(**यद.**) **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં મલધારી શ્રી**હેમચંદ્રસૂરિજી**એ જે જણાવેલ છે કે 'જે અનાદિકાળથી સિદ્ધ = હાજર હોય તે નિત્ય દેખાય છે. જેમ કે ચંદ્ર, સૂર્યના વિમાન વગેરે' - તે કથન પણ અનાદિનિત્યપર્યાયને ગ્રહણ કરનાર પ્રસ્તુત પ્રથમ પર્યાયાર્થિકનયમાં અંતર્ભાવ પામે છે - તેમ સમજવું. કેમ કે ચંદ્રવિમાન વગેરે અનાદિ-નિત્ય પર્યાય છે. 'કોઈક પર્યાયથી પણ પદાર્થ ખરેખર સદ્ભૂત થાય છે' - આ મુજબ **પ્રવચનસાર**માં **કુંદકુંદસ્વામી**નું વચન પણ અહીં યાદ કરવા યોગ્ય છે. ત્યાં 'સદ્ભૂત

1. अकृत्रिमान् अनिधनान् शशि-सूर्यादीनां पर्यायान् गृह्णाति। यः सोऽनादिनित्यो जिनभणितः पर्यायार्थिकनयः।।
2. पर्यायेण तु केनाप्यर्थः खलु भवति सद्भूतः।

उपलक्षणाद् अभव्यानामसिद्धत्वपर्यायोऽपि अनादिनित्यशुद्धपर्यायार्थविषयतया ज्ञेयः। प्रकृते [1]"कम्माण विप्पमुक्को जाव न, तावदु असिद्धत्तं" (भा.त्रि.१८) इति **भावत्रिभङ्ग्युक्तिः**, "कर्ममात्रोदयादेवाऽसिद्धत्वं प्रणिगद्यते" (त.श्लो.वा.२/१/१०) इति **तत्त्वार्थश्लोकवार्त्तिको**क्तिश्च स्मर्तव्या।

***अथ*** नित्यपर्यायग्राहकत्वे पर्यायार्थिकस्याऽशुद्धत्वं प्रसज्येत, नयान्तरविषयग्राहकत्वात्। अतः 'शुद्धे'ति विशेषणं न सङ्गच्छते। किञ्च दिगम्बरमतानुसारेणाऽत्र नया निरूप्यन्ते। **आलापपद्धति-नयचक्रादौ** 'शुद्धे'ति विशेषणं नोपलभ्यत इत्यनुपदमेव दर्शितम्। किञ्च श्वेताम्बरशिरोमणिमहोपाध्यायश्री**यशोविजयगणिवरै**रपि **अनेकान्तव्यवस्था**प्रकरणे **सप्तभङ्गी-नयप्रदीपप्रकरणे** च दिगम्बरप्रक्रियया पर्यायार्थिकनयनिरूपणे "अनादिनित्यपर्यायार्थिकः, यथा पुद्गलपर्यायो मेर्वादिर्नित्यः" (अ.व्य.भा.२/पृ.२८६ + स.न.प्र.पृ.४९) इत्याद्युक्तम्। ततश्चात्र भवद्भिः 'शुद्धे'ति विशेषणं कस्मादुक्तम् ? इति ***चेत्*** ?

---

= સત્તાભૂત = શાશ્વત' આવો અર્થ **પ્રવચનસારવૃત્તિકાર અમૃતચન્દ્ર**ને અને **જયસેન**ને સંમત છે.

### અભવ્યનો અસિદ્ધત્વ પર્યાય નિત્ય

**(उपलक्षणा.)** હમણાં ચંદ્ર, સૂર્ય વગેરેની જે વાત કરી તે ઉપલક્ષણ છે. અર્થાત્ તે સિવાયના અન્ય પર્યાયો પણ અનાદિ નિત્ય સંભવી શકે છે. જેમ કે અભવ્યનો અસિદ્ધત્વ પર્યાય. અભવ્ય જીવ ક્યારેય પણ સિદ્ધ થવાનો નથી. તેથી અભવ્યનો અસિદ્ધત્વ પર્યાય પણ અનાદિ નિત્ય શુદ્ધપર્યાયાર્થિકનયના વિષય તરીકે જાણવો. પ્રસ્તુત બાબતમાં **ભાવત્રિભંગી** ગ્રંથનું વચન સ્મરણ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "જીવ જ્યાં સુધી કર્મોથી પૂરેપૂરો મુક્ત થાય નહિ ત્યાં સુધી જીવમાં અસિદ્ધત્વ રહે છે." **તત્ત્વાર્થશ્લોકવાર્ત્તિક** ગ્રંથમાં દિગંબર **વિદ્યાનંદસ્વામી**એ જે વાત કરી છે તે પણ અહીં યાદ કરવા યોગ્ય છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "કોઈ પણ કર્મનો જ્યાં સુધી ઉદય હોય ત્યાં સુધી તે કર્મોદયના કારણે જ જીવમાં અસિદ્ધત્વ કહેવાય છે."

### ● પાઠભેદ વિચારણા ●

**જિજ્ઞાસા** :- **(अथ.)** પ્રસ્તુત પ્રથમ પર્યાયાર્થિકનય જો મેરુ પર્વત વગેરેને નિત્યપર્યાય તરીકે માનતો હોય તો તે અશુદ્ધ પર્યાયાર્થિક બની જશે. કારણ કે નિત્યત્વ એ તો દ્રવ્યાર્થિકનયનો વિષય છે. અન્ય નયના વિષયને ગ્રહણ કરવું એ તો નયની અશુદ્ધિ કહેવાય. તેથી પ્રથમ પર્યાયાર્થિકનયમાં 'શુદ્ધ' એવું વિશેષણ સંગત થતું નથી. વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે દિગંબરમત મુજબ અહીં નયનું નિરૂપણ ચાલી રહ્યું છે. **આલાપપદ્ધતિ, નયચક્ર** વગેરે દિગંબરીય ગ્રંથોમાં તો 'શુદ્ધ' એવું વિશેષણ પ્રથમ પર્યાયાર્થિક નયને લગાડવામાં નથી આવ્યું. આ બાબત તો હમણાં જ **આલાપપદ્ધતિ** વગેરેના સંવાદ જણાવ્યા તેમાં દર્શાવેલ જ છે. જો તમે બધું જ નિરૂપણ દિગંબરપ્રક્રિયા પ્રમાણે કરી રહ્યા હો તો આવો ફેરફાર અહીં કેમ કરી શકાય ? વળી, શ્વેતાંબરશિરોમણિ **મહોપાધ્યાયશ્રી શ્રીયશોવિજયજી** ગણિવરે પણ **અનેકાન્તવ્યવસ્થા** તથા **સપ્તભંગી-નયપ્રદીપ** પ્રકરણમાં દિગંબરપ્રક્રિયા મુજબ પર્યાયાર્થિકનયનું નિરૂપણ કરવાના અવસરે જણાવેલ છે કે 'પ્રથમ પર્યાયાર્થિક અનાદિનિત્યપર્યાયાર્થિકનય છે, જેમ કે પુદ્ગલપર્યાય મેરુ પર્વત વગેરે

---

1. कर्मणां विप्रमुक्तः यावद् न, तावद् असिद्धत्वम्।

***सत्यम्,*** तथापि महोपाध्यायश्रीयशोविजयगणिवरविरचितस्य 'द्रव्य-गुण-पर्यायरासे'त्यभिधानस्य अपभ्रंशभाषानिबद्धग्रन्थस्य स्वोपज्ञस्तबकविभूषितस्य षट्त्रिंशत्प्राचीनहस्तादर्शेषु अर्वाचीनमुद्रितपुस्तकेषु च प्रथमपर्यायार्थिकनयविशेषणविधया 'शुद्धे'ति पदं दृश्यत इति तदनुसारिणि अस्मिन् ग्रन्थेऽस्माभिः तथैवोक्तम्। **तत्त्वनिर्णयप्रासादे**ऽप्यत्र 'शुद्धे'ति विशेषणमुपलभ्यते। यद्वा महोपाध्यायश्रीयशोविजयकारिते **द्रव्य-गुण-पर्यायरासस्तबक**मूलहस्तादर्शे लिपिकृत्प्रमादात् 'शुद्धे'ति पाठनिवेशेन तदुत्तरकालीनहस्तप्रतिषु तदनुवृत्त्या भाव्यम्। तत्त्वं तु बहुश्रुता विदन्ति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'मनुष्यत्व-धनिकत्वादिविनश्वरपर्यायप्रीतिं विमुच्य आत्मत्व-चैतन्य-शुद्धसत्त्वाद्यविनश्वरपर्यायेषु प्रीत्या निजदृष्टिः स्थाप्या' इत्युपदेशं नयोऽयं ददाति। तद्बलेना-

---

નિત્ય છે.' તમે પણ દિગંબરપ્રક્રિયા મુજબ અહીં નયનું નિરૂપણ કરો છો. તો પછી 'શુદ્ધ' એવું વિશેષણ પ્રથમ પર્યાયાર્થિકનયમાં શા માટે જણાવેલ છે? એ અમને સમજાતું નથી.

**સમાધાન** :- **(सत्यम्.)** એક દૃષ્ટિએ તમારી વાત સાચી છે. છતાં અમે 'શુદ્ધ' વિશેષણ પ્રથમપર્યાયાર્થિકમાં લગાડેલ છે. તેનું કારણ એ છે કે 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' અને તેનો સ્વોપજ્ઞ ટબો - આ બન્નેને અનુસરીને દ્રવ્યાનુયોગપરામર્શ અને પરામર્શકર્ણિકા ગ્રંથ રચવામાં આવેલ છે. તથા **મહોપાધ્યાય શ્રીયશોવિજયગણિવરે** રચેલ ઉપરોક્ત રાસ અને ટબો - બન્ને ગ્રંથની પ્રાચીન ૩૬ હસ્તપ્રતોમાં પ્રથમ પર્યાયાર્થિકનયના વિશેષણ તરીકે 'શુદ્ધ' એવું પદ જોડવામાં આવેલ છે. લહિયાની ભૂલ હોય તો એકાદ હસ્તપ્રતમાં ભૂલ હોય. પરંતુ ખંભાત, ધાંગધ્રા, સુરત, લિંબડી, આગ્રા, અમદાવાદ, રાધનપુર, પાલી, માંડલ વગેરે જુદા-જુદા સ્થળે, જુદા-જુદા સમયે લખાયેલી અમારી પાસે રહેલી બધી જ હસ્તપ્રતોની અંદર જુદા-જુદા લહિયાઓ એકસરખી ભૂલ કરે તેવું માનવા દિલ તૈયાર નથી. તેથી પ્રાચીન ૩૫ હસ્તપ્રતોમાં અને મુદ્રિતપુસ્તકોમાં ઉપલબ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ સ્તબક ગ્રંથમાં પ્રથમ પર્યાયાર્થિકનું 'શુદ્ધ' વિશેષણ હોવાથી અમે તદનુસારી પ્રસ્તુત ગ્રંથમાં તે મુજબ ઉલ્લેખ કરેલો છે. **તત્ત્વનિર્ણયપ્રાસાદ**માં પણ પ્રસ્તુતમાં 'શુદ્ધ' વિશેષણ જોવા મળે છે. અહીં ઘણા પ્રશ્નો ઉદ્ભવે છે કે મહોપાધ્યાયજી પાસે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ રચતી વખતે નયચક્ર વગેરેની જે પ્રત હશે તેમાં શું તેવો પાઠ હશે ? તથા **અનેકાન્તવ્યવસ્થા પ્રકરણ** વગેરે રચતી વખતે મહોપાધ્યાયજી મહારાજ પાસે નયચક્ર વગેરે ગ્રંથની જે પ્રત હશે તેમાં શું 'શુદ્ધ' વિશેષણ નહિ હોય ? કે બીજું કોઈ કારણ હશે ? અથવા મહોપાધ્યાયશ્રી યશોવિજય મહારાજે લહિયા પાસે લખાવેલ દ્રવ્ય-ગુણ-પર્યાય રાસના ટબાની મૂળ હસ્તપ્રતમાં લહિયાની ભૂલથી 'શુદ્ધ' આવો પાઠ નોંધાયો હોય અને તેની જ નકલ ઉત્તરકાલીન હસ્તપ્રતોમાં બધે થઈ હોવાથી તેમાં પણ તેવો જ પાઠ આવ્યો હોય તેવી પણ શક્યતા જણાય છે. પરંતુ અહીં રહસ્યભૂત તત્ત્વ શું છે ? તે તો બહુશ્રુત પુરુષો જાણે. આધુનિક ઈતિહાસવિદ્ વિદ્વાનો માટે આ સંશોધનનો વિષય છે.

### ❖ નિત્ય પર્યાયને નિહાળીએ ❖

**આધ્યાત્મિક ઉપનય** :- આત્મત્વ વગેરે પર્યાય પણ અનાદિ અનંત છે. મનુષ્યત્વ, શ્રીમંતત્વ વગેરે પર્યાયો ક્યારેક તો નાશ પામવાના જ છે. તેથી વિનશ્વર પર્યાયોની પ્રીતિ છોડીને આત્મત્વ, ચૈતન્ય,

ઘણઇં પ્રકારઇં (=**બહુભાંતિ**) **જૈનશૈલી ફઈલી** છઇં. દિગમ્બરમત પણિ જૈનદર્શન નામ *ધરાવી, એહવી નયની અનેક શૈલી પ્રવર્તાવઇ છઈ. તેહમાંહિં વિચારતાં જે **સાચું** હોઈ, તેહિ **મનમાંહિં ધારિઇં.**

તિહાં **જેહ કાંઈ ખોટડું* જાણઈ, તેહિ**□ જ **ચિત્તમાંહિં (નિવારી=)** ન ધરઇ. પણિ શબ્દફેરમાત્રઇં

ऽऽत्मार्थी "निर्वाणं परमानन्दं" (प्र.सारो.४५६ वृ.) **प्रवचनसारोद्धारवृत्ति**दर्शितं लभते।।६/१।।

**जैनी गीः** नयादिविषयिणी क्षीर-नीरन्यायेन **बहुधा** = नानाप्रकारैः शास्त्रेषु **व्याप्ता** वर्तते, यतः दिगम्बरमतमपि जैनदर्शननाम्ना स्वप्रसिद्धिं कृत्वा 'अतिपरिचयादवज्ञा' इति न्यायेन एतादृशीं नयादिसम्बन्धिनीं नानापद्धतिं प्रवर्तयति। तत्र च घुणाक्षरन्यायेन सत्यं वचनं क्वचिद् वर्तते। ततश्च गुणग्राहितया हंसक्षीरन्यायेन जैनसिद्धान्तानुसारेण विचारविमर्शं कृत्वा यत् पूर्वापरानुसन्धानेन **सत्यं** विज्ञायते तद् **मनसि धार्यताम्**; सत्यवचनस्वीकारेण श्रुतज्ञानाऽभिवृद्धेः, कदाग्रहविमुक्तेश्च।

**यत्तु** तत्र **मिथ्यैव** = जिनोक्तराद्धान्तविरुद्धमेव **ज्ञायते** = मध्यस्थदृष्ट्या निश्चीयते **ततः** = जिनमतविरुद्धवचनात् स्वकीयं **चित्तं निवार्यताम्**, किन्तु शब्दमात्रभेदे लेशतोऽपि द्वेषो न कर्तव्यः,

શુદ્ધ સત્ત્વ આદિ અવિનાશી પર્યાયો ઉપર દૃષ્ટિને રુચિપૂર્વક સ્થાપિત કરવાની પ્રેરણા આ નય કરે છે. તેના બળથી **પ્રવચનસારોદ્ધારવૃત્તિ**માં દર્શાવેલ પરમાનંદરૂપ નિર્વાણને આત્માર્થી મેળવે છે. **(૬/૧)**

**નોંધ** :- પ્રસ્તુત છઠ્ઠી શાખાના પ્રથમ અને દ્વિતીય શ્લોક યુગ્મરૂપે છે. તેથી તે બન્ને શ્લોકના અર્થ પૂર્વે એકીસાથે જણાવેલ છે. આથી અહીં બીજા શ્લોકની વ્યાખ્યાનો અર્થ જણાવવામાં આવે છે.

## * અર્થધર પ્રમાણભૂત : નિશીથ ભાષ્ય *

**વ્યાખ્યાર્થ** :- **(જૈની.)** નય વગેરે સંબંધી જૈન વાણી અનેક પ્રકારે શાસ્ત્રોમાં ફેલાયેલી છે. કારણ કે દિગંબર મત પણ જૈનદર્શન નામને ધારણ કરે છે. આ રીતે પોતાની પ્રસિદ્ધિ 'જૈનદર્શન' નામથી કરીને પહેલેથી જ મળેલ શ્વેતાંબર જૈનદર્શનના સિદ્ધાન્તની 'અતિપરિચયથી અવજ્ઞા થાય' - આ કહેવત મુજબ અવહેલના કરે છે. તથા ઉપરોક્ત રીતે નય વગેરે સંબંધી અનેક પ્રકારની પદ્ધતિને તેઓ પ્રવર્તાવે છે. જેમ દૂધમાં પાણી ભળી જાય, તેમ જૈનદર્શનમાં દિગંબરશાસ્ત્રો ભળી ગયા છે. આથી નય વગેરે બાબતમાં જૈન શૈલી અનેક પ્રકારે વ્યાપેલી છે. જેમ લાકડાના કીડા લાકડાને ખાતાં-ખાતાં સાચા અક્ષર બનાવી બેસે, તેમ દિગંબરમતમાં ક્યાંક સત્ય વચન પણ મળે છે. તેથી ગુણગ્રાહિતાથી જેમ જલમિશ્રિત દૂધમાંથી હંસ પાણી છોડીને દૂધને ગ્રહણ કરે છે, તેમ દિગંબરકથિત નયપદ્ધતિમાં જૈન સિદ્ધાંત અનુસારે વિચાર-વિમર્શ કરીને, મિથ્યા બાબત છોડી, પૂર્વાપર અનુસંધાનથી જે વાત સત્ય લાગે તેને મનમાં ધારણ કરવી જોઈએ. કારણ કે સત્ય વાતને સ્વીકારવાથી શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થાય છે. તથા કદાગ્રહમાંથી આપણો છૂટકારો પણ થાય છે.

## * દૃષ્ટિસંમોહ દોષથી બચીએ *

**(યત્તુ.)** પરંતુ મધ્યસ્થદૃષ્ટિથી વિચારતાં તેમાં જે વાત જિનકથિત સિદ્ધાંતથી વિરુદ્ધ જ છે - તેવો નિશ્ચય થઈ જાય તો જિનમતથી વિરુદ્ધ એવી વાતથી આપણા ચિત્તને દૂર રાખવું. પરંતુ જે બાબતમાં

* કો.(૭)માં 'ધરાવે છેં' પાઠ. * પુસ્તકોમાં 'ખોટું' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે. □ પુસ્તકોમાં 'તે' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

દ્વેષ ન કરવો, અર્થ જ પ્રમાણ છઈ[⊠]. ॥૬/૨॥

अर्थस्यैव तीर्थङ्करमुखोद्गतत्वेन प्राधान्येन प्रमाणत्वात्। अत एव **निशीथभाष्ये** [1]"अत्थधरो तु पमाणं, तित्थगरमुहुग्गतो तु सो जम्हा" (नि.भा.२२) इत्युक्तम्। अत एव शब्दमात्रतो भिन्नेऽप्यर्थतो जिनवचनाऽभिन्ने परकीयवचने प्रद्वेषो दृष्टिसम्मोहलक्षणो हि तीर्थकराऽऽशातनायां तत्सम्मत-द्वादशाङ्ग्याशातनायां च पर्यवस्यतीति समाम्नातम्।

***एतेन*** [2]"जं अत्थओ अभिन्नं अण्णत्था सद्दओ वि तह चेव। तम्मि पओसो मोहो विसेसओ जिणमयठियाणं।।" (उ.प.६९३) इति **उपदेशपद**वचनम्, "गुणतः तुल्ये तत्त्वे संज्ञाभेदागमान्यथादृष्टिः। भवति यतोऽसावधमो दोषः खलु दृष्टिसम्मोहः।।" (षोड.४/११) इति **षोडशक**वचनम्,

માત્ર શબ્દનો જ ભેદ હોય અને અર્થમાં કશોયે ફરક પડતો ન હોય તેવી બાબતમાં બિલકુલ દ્વેષ ન કરવો. કારણ કે તીર્થંકર ભગવંતના મુખારવિંદમાંથી અર્થ જ પ્રગટ થયેલ છે. તેથી જિનપ્રરૂપિત અર્થ જ મુખ્યતયા પ્રમાણભૂત છે. તેથી જ **નિશીથભાષ્ય**માં જણાવેલ છે કે "અર્થને ધારણ કરનાર વ્યક્તિ પ્રમાણભૂત છે. કારણ કે અર્થ તીર્થંકર ભગવાનના મુખેથી નીકળેલ છે." આનાથી નિશ્ચિત થાય છે કે શબ્દ અલગ હોવા છતાં જો અર્થની દૃષ્ટિએ દિગંબરની વાતમાં જિનોક્ત સિદ્ધાંતનો વિરોધ ન આવતો હોય તો તે વાત પ્રમાણભૂત જ છે. પરમાર્થથી તે વાત ભગવાનની વાતથી જુદી પડતી નથી. આ જ કારણસર માત્ર શબ્દથી ભેદ ધરાવવા છતાં પણ અર્થની અપેક્ષાએ તીર્થંકર ભગવાનના વચનથી અન્ય દર્શનકારોનું વચન ભિન્ન ન હોય તો તેના ઉપર દ્વેષ કરવો યોગ્ય નથી. તેમ છતાં જો તેના ઉપર દ્વેષ કરવામાં આવે તો તે દૃષ્ટિસંમોહ નામનો દોષ જાણવો. તથા આ દૃષ્ટિસંમોહ દોષ તીર્થંકર ભગવંતની આશાતનામાં અને તીર્થંકરસંમત દ્વાદશાંગીની આશાતનામાં પરિણમે છે. આ પ્રમાણે પૂર્વાચાર્યોને માન્ય છે.

## 卐 બીજાની સાચી વાત આદરણીય 卐

**(एतेन.)** ઉપરોક્ત બાબતમાં સંવાદ આપનારા શાસ્ત્રવચનો પણ ઉપલબ્ધ થાય છે. **ઉપદેશપદ** ગ્રંથમાં **હરિભદ્રસૂરિજી** મહારાજે પ્રસ્તુત બાબત અંગે બહુ સુંદર વાત કરેલી છે. ત્યાં તેમણે જણાવેલ છે કે "અન્ય દર્શનની જે વાત ભગવાને બતાવેલા અર્થથી ભિન્ન ન હોય તથા તેમની બીજી જે વાતો શબ્દથી પણ ભગવાનની વાતથી જુદી પડતી ન હોય તેના ઉપર દ્વેષ કરવો તે મૂઢતા છે. જિનમતમાં રહેલા જીવો માટે તો તેવો દ્વેષ વિશેષ પ્રકારની મૂઢતારૂપ સમજવો." શ્રી**હરિભદ્રસૂરિ** મહારાજે **ષોડશક** ગ્રંથમાં જણાવેલ છે કે "પરદર્શનમાં જણાવેલ જે તત્ત્વ = પરમાર્થ ગુણની અપેક્ષાએ જિનમતતુલ્ય હોય તેમ છતાં તે તત્ત્વને દર્શાવનારા શબ્દ જિનાગમપ્રસિદ્ધ શબ્દ કરતાં જુદા હોય અથવા તો તે શબ્દ અન્યદર્શનના શાસ્ત્રનો હોય એટલા માત્રથી તેના પ્રત્યે અણગમાની દૃષ્ટિ જે દોષના લીધે થાય છે, તે દોષ દૃષ્ટિસંમોહ દોષ કહેવાય છે. આ દોષ ખરેખર, અત્યંત અધમ દોષ છે."

⊠ કો.(૧૩)માં 'છઈ' ના બદલે 'જાણવઓ' પાઠ.

1. अर्थधरस्तु प्रमाणम्, तीर्थकरमुखोद्गतः तु स यस्मात्।

2. यद् अर्थतोऽभिन्नम् अन्यत्र शब्दतोऽपि तथा चैव। तस्मिन् प्रद्वेषो मोहो विशेषतो जिनमतस्थितानाम्।।

"अविसंवादिनः अर्थस्य दृष्टिवादमूलकत्वात् तन्निराकरणे दृष्टिवादस्यैव तत्त्वतो निराकरणम्" (द्वा.द्वा.२/१४ वृ.) इति **द्वात्रिंशिकावृत्ति**वचनं च ***व्याख्यातम्,*** 'राग-द्वेषौ न कार्यौ, कस्याऽपीर्ष्यादिकं न कार्यम्' इत्यादिः अर्थः जिनेश्वरसम्मतः घुणाक्षरन्यायेन अन्यदर्शनकारैरुच्यते तदा परोक्तत्वमात्रेण तत्खण्डने जिनेश्वर-गणधर-द्वादशाङ्ग्याद्याशातना मूढता च प्रसज्येतामिति भावनीयम्।

प्रकृते [1]"अत्थो = गणहरदेवो, आगमसुत्तेण विणा सयलसुदणाणपज्जाएण परिणदत्तादो। तेण समं सुदणाणं अत्थसमं। अथवा अत्थो बीजपदं, तत्तो उप्पण्णं सयलसुदणाणं अत्थसमं" (ध.१४/५, ध.११/८/८) इति **धवला**वचनमपि अनुसन्धेयम्।

## ❯ બીજાની સાચી વાતના ખંડનમાં જિનમતનું ખંડન ❯

(**"अवि.) द्वात्रिंशद्द्वात्रिंशिका** નામના ગ્રંથની **સ્વોપજ્ઞવૃત્તિ**માં **મહોપાધ્યાય યશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે "અન્યદર્શનમાં જણાવેલા જે અર્થનો જિનવચન સાથે વિસંવાદ ન આવતો હોય તે અર્થ દૃષ્ટિવાદમાંથી ઉત્પન્ન થયેલો છે - તેમ જાણવું. તેથી જિનવચનની સાથે વિસંવાદ ન ધરાવતા અન્યદર્શનના પદાર્થનું નિરાકરણ કરવામાં આવે તો પરમાર્થથી તે નિરાકરણ દૃષ્ટિવાદનું = જિનાગમનું જ નિરાકરણ = ખંડન બની જાય છે. કેમ કે તે અર્થ જિનાગમમૂલક જ છે." અમે ઉપર જે બાબત જણાવેલ છે તેના દ્વારા પ્રસ્તુત **ઉપદેશપદ** વગેરે ત્રણે ગ્રંથની વાતોની છણાવટ થઈ જાય છે - તેમ સમજવું. પ્રસ્તુતમાં 'રાગ-દ્વેષ ન કરવા.' 'કોઈની ઈર્ષ્યા કે નિંદા ન કરવી' - આ અર્થ કહેવાય. આ અર્થ જિનેશ્વર ભગવાનને સંમત છે. આ જ અર્થને ઘુણાક્ષરન્યાયથી અન્યદર્શનકાર જુદા શબ્દ દ્વારા જણાવે એટલા માત્રથી તેની વાતનું ખંડન કરવા બેસી જવું તે જિનેશ્વર ભગવંતની જ આશાતના છે, ગણધર ભગવંતની પણ આશાતના છે, જિનસંમત દ્વાદશાંગીની પણ આશાતના છે. તથા આ ખંડન કરવાનું વલણ જીવની મૂઢ મનોદશાને સૂચવે છે. માટે તેવું ન કરવાની અહીં સૂચના મળે છે.

## ❋ અર્થ એટલે ગણધર ભગવંત : ધવલા ❋

(**प्रकृते.**) પ્રસ્તુત બાબતમાં **ધવલા** ગ્રંથનું વચન પણ અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "અર્થ તો ગણધર ભગવાન છે. કારણ કે આગમશાસ્ત્ર વિના જ ગણધર ભગવંત સમસ્ત શ્રુતજ્ઞાનના પર્યાયથી પરિણમેલા હોય છે. તેના સમાન જે શ્રુતજ્ઞાન હોય તે અર્થસમાન શ્રુતજ્ઞાન જાણવું. અથવા બીજપદને અર્થ કહેવાય. તેનાથી જે સમસ્ત શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય તે અર્થસમાન શ્રુતજ્ઞાન જાણવું."

**સ્પષ્ટતા** :- ગણધર ભગવંતને શબ્દાત્મક દ્વાદશાંગીનો અભ્યાસ કરવો પડતો નથી. આગમશાસ્ત્ર વિના જ ગણધર ભગવંત સમસ્ત શ્રુતજ્ઞાનના પર્યાયથી પરિણમે છે. આ વાત અર્થમાં પણ લાગુ પડે છે. 'કોઈની ઈર્ષ્યા કે નિંદા ન કરવી' આવો અર્થ આગમશાસ્ત્ર વિના પણ શ્રુતજ્ઞાનના પર્યાયથી પરિણમે છે. મતલબ કે શબ્દાત્મક આગમશાસ્ત્ર વિના શ્રુતજ્ઞાનના પર્યાયથી પરિણમેલા ગણધર દેવો જેમ ભાવશ્રુત સ્વરૂપ છે, તેમ ઉપરોક્ત અર્થ પણ શબ્દાત્મક આગમશાસ્ત્ર વિના શ્રુતજ્ઞાનના પર્યાયથી પરિણત થયેલ હોવાથી ભાવશ્રુત સ્વરૂપ છે. આ અર્થ એટલે સાધકની તેવા પ્રકારની અંતરંગ શ્રુતજ્ઞાનીય પરિણતિ.

1. अर्थः = गणधरदेवः, आगमसूत्रेण विना सकलश्रुतज्ञानपर्यायेण परिणतत्वात्। तेन समं श्रुतज्ञानम् अर्थसमम्। अथवा अर्थः बीजपदम्। तत उत्पन्नं सकलश्रुतज्ञानम् अर्थसमम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'सत्यं मनसि धार्यताम्' इत्यनेनेदं बोध्यं यदुत तीर्थङ्करसम्मतवस्तुनः तीर्थान्तरीयप्रतिपादितत्वेऽपि अभ्युपगम एव श्रेयान्, न तु अपलापः। अविमृश्य दृष्टिरागादिना तत्खण्डनं न तीर्थङ्करसम्मतम्। 'अस्मदुक्तमेव सत्यम्, न तु परोक्तम्' इत्यभ्युपगमो मताग्रहं कदाग्रहं हठाग्रहञ्च दर्शयति। एतादृशोऽभ्युपगमः तीर्थङ्कराऽऽशातनात्वेन परिणम्य अनन्तकालं यावद् भवभ्रमणहेतुः भवति। एतद् विज्ञाय आत्मार्थिना साम्प्रदायिकाऽऽवेशाऽभिनिवेशादिकं दूरतः परिहृत्य यत्र यत् तीर्थङ्करसम्मतं वस्तु दृश्यते ततः तत् समादृत्य यथोचितन्यायेन समन्वयगोचरतामापादनीयम्। एतादृशौदार्यमवश्यमेवोररीकर्तव्यम्। ततश्च "तत्र महानन्दं सुखमद्वैतमव्ययम्। रूपञ्च शाश्वतं ज्योतिः केवलालोकभास्करम्।।" (त्रि.श.पु.१/३/५७६) इति **त्रिषष्टिशलाकापुरुषचरित्र**दर्शितम् उदारं सिद्धसुखं प्रादुर्भवेत्।।६/२।।

---

તેને સૂચવનારા અન્યદર્શનના વચનનું ખંડન કરવામાં આવે તો તે પ્રવૃત્તિ ગણધર ભગવંતની આશાતનારૂપ જ બને છે. કારણ કે તે અર્થ તો ગણધર ભગવંતની જેમ ભાવશ્રુત સ્વરૂપ જ છે.

### ❋ સાંપ્રદાયિક ઝનૂનને દેશવટો આપીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'સાચું હોય તે મનમાં ધારવું' - આ કથનનું તાત્પર્ય ત્યાં સુધી સમજવું કે તીર્થંકર ભગવાનને માન્ય એવી જે બાબત અન્યદર્શનકારો કહે તો પણ તેનો આદરથી સ્વીકાર કરવો એ જ કલ્યાણકર છે, તેનો તિરસ્કાર નહિ. વગર વિચાર્યે દૃષ્ટિરાગથી કે દૃષ્ટિદ્વેષથી આડેધડ ખંડન કરવાની પ્રવૃત્તિ તારક તીર્થંકર પરમાત્માને માન્ય નથી. 'અમે કહેલ છે તે જ સત્ય, બીજાએ કહેલ છે તે મિથ્યા'; 'મારી વાડીમાં ઉગે તે જ ગુલાબ, બીજાની વાડીમાં ઉગે તે ધતૂરો'- આવી નાદીરશાહી તો મતાગ્રહને, કદાગ્રહને અને હઠાગ્રહને સૂચવે છે. આવું વલણ તારક તીર્થંકર ભગવંતની આશાતનામાં પરિણમીને જીવને અનંત કાળ સુધી સંસારમાં રખડાવે છે. આવું જાણીને આત્માર્થી સાધકે સાંપ્રદાયિક ઝનૂન, અભિનિવેશ વગેરેથી સદા દૂર રહી, જ્યાં જ્યાં તીર્થંકરસંમત જે જે બાબત જોવા મળે તેનો આદર કરી તેને યથોચિત ન્યાય આપવાની અને તેનો સમન્વય કરવાની ઉદારતા કેળવવી જ રહી. તેનાથી ઉદાર એવું સિદ્ધસુખ પ્રગટે. **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં સિદ્ધસુખને જણાવતા કહેલ છે કે 'સિદ્ધગતિમાં મહાઆનંદયુક્ત અવિનાશી અનુપમ સુખ છે. તથા શાશ્વતજ્યોતિસ્વરૂપ કેવલજ્ઞાનસ્વરૂપ સૂર્ય ત્યાં ઝળહળે છે.' (૬/૨)

લખી રાખો ડાયરીમાં.....

- **બાલકક્ષાવાળા જીવોને કેવળ સાધનાનું આકર્ષણ રહે છે.**
  **ઉત્તમકક્ષાવાળા જીવોને ઉપાસનાનું આકર્ષણ રહે છે.**
- **બુદ્ધિ એક જાતનો માનસિક ભાર-બોજ છે.**
  **શ્રદ્ધા ભારવિહીન હળવાશ છે.**

**સાદિ-નિત્ય♦ □પર્યાયઅરથો, જિમ સિદ્ધનો પર્યાય✿ રે;**
**ગહઈ શુદ્ધ અનિત્ય સત્તા, ગૌણ વ્યય-ઉપ્પાય♦ રે ॥૬/૩॥ (૭૬) બહુ.**

**સાદિ નિત્ય** શુદ્ધપર્યાયાર્થનય બીજો ભેદ ૨, **જિમ સિદ્ધનો પર્યાય**. તેહની આદિ છઈ, સર્વ કર્મક્ષય● થયો તિવારઈં સિદ્ધપર્યાય ઉપનો, તે વતી. પણિ તેહનો અંત નથી, જે માટઈં સિદ્ધભાવ સદા કાલ છઈ.

---

पर्यायार्थद्वितीय-तृतीयभेदावावेदयति – '**सादि**'रिति।

**सादिर्नित्यो द्वितीये सन् पर्यायः सिद्धता यथा।**
**गृह्णाति सदनित्योऽस्तिगौणत्वेनोदय-व्ययौ।।६/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्वितीये (नये) सादिर्नित्यः सन् पर्यायः (गृह्यते), यथा सिद्धता (पर्यायः)। (तृतीयः) सदनित्यः (नयः) अस्तिगौणत्वेन उदय-व्ययौ गृह्णाति।।६/३।।

**द्वितीये** पर्यायार्थिकनये **सादिर्नित्यः सन्** = शुद्धः **पर्यायः** गृह्यते, "सादिनित्यपर्याय एव अर्थः = प्रयोजनम् अस्य इति सादिनित्यपर्यायार्थिकः" (आ.प.पृ.१८) इति **आलापपद्धति**वचनात्। **यथा 'सिद्धता पर्यायः सादिः नित्यः'** इति वचनं सादि-नित्यपर्यायार्थिकनय उच्यते। सर्वकर्मक्षये सिद्धपर्यायः उत्पन्नः परं तस्यान्तो नास्ति, उत्पादानन्तरं सार्वदिकत्वात्। तदुक्तं **भगवतीसूत्रे** [1]"सिद्धा गतिं पडुच्च साइया अपज्जवसिया" (भ.सू.६/३/२३४) इति। सिद्धपर्यायस्य प्रागभावप्रतियोगित्वे सति ध्वंसाऽप्रतियोगित्वात् तद्ग्राहकः पर्यायार्थिको नयः सादिनित्यपर्यायगोचर उच्यते।

---

**અવતરણિકા** :- પર્યાયાર્થિકનયના પ્રથમ ભેદનું નિરૂપણ કર્યા બાદ પર્યાયાર્થિકનયના બીજા અને ત્રીજા ભેદને ગ્રંથકારશ્રી જણાવે છે :-

## પર્યાયાર્થિકનયનો દ્વિતીય ભેદ જાણીએ

**શ્લોકાર્થ** :- બીજા પર્યાયાર્થિકનયમાં સાદિ નિત્ય શુદ્ધ પર્યાય વિષય બને છે. જેમ કે સિદ્ધ પર્યાય. સદ્અનિત્ય પર્યાયાર્થિકનય અસ્તિત્વને ગૌણ કરી ઉત્પાદ-વ્યયને ગ્રહણ કરે છે. (૬/૩)

**વ્યાખ્યાર્થ** :- બીજા પર્યાયાર્થિકનયમાં સાદિ નિત્ય શુદ્ધ પર્યાયને ગ્રહણ કરવામાં આવે છે. આ અંગે **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'સાદિ-નિત્ય = અવિનાશી પર્યાય એ જ જેનું પ્રયોજન છે. તે સાદિ-નિત્ય પર્યાયાર્થિકનય કહેવાય.' જેમ કે 'સિદ્ધતા પર્યાય નિત્ય છે' - આવું વચન સાદિનિત્ય પર્યાયાર્થિકનય કહેવાય. સર્વ કર્મોનો ક્ષય થાય ત્યારે સિદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. પરંતુ તેનો અંત થતો નથી. કારણ કે ઉત્પત્તિ પછી તે સર્વકાલીન છે. તેથી સિદ્ધ પર્યાય સાદિ અનંત કહેવાય છે. **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'ગતિની અપેક્ષાએ સિદ્ધો સાદિ અપર્યવસિત = અનંત છે.' નવ્યન્યાયની પરિભાષામાં આ બાબતને જણાવવી હોય તો કહી શકાય કે સિદ્ધ પર્યાય પ્રાગભાવનો પ્રતિયોગી છે.

---

♦ પુસ્તકોમાં 'નિતિ' પાઠ.કો.(૪+૧૩)માં 'નિત્ય' પાઠ. □ B(૧)માં 'સત્તા પર્યાય' પાઠ. ✿ મ.+શાં.માં 'પજ્જાઉ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ♦ મ.+શાં.માં 'ઉપ્પાઉ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ● કો.(૯)માં 'કર્મક્ષય સર્વથા' પાઠ. 1. सिद्धाः गतिं प्रतीत्य सादिका अपर्यवसिकाः।

એ રાજપર્યાય❖ સરખો સિદ્ધ દ્રવ્યપર્યાય ભાવવો.

**સત્તાગૌણત્વઈં ઉત્પાદ-વ્યય**(ગહઈં=)ગ્રાહક **અનિત્ય શુદ્ધ**પર્યાયાર્થિક કહિયઈં. ॥૬/૩॥

---

सिद्धपर्यायस्य राजपर्यायतुल्यता भावनीया। राजदन्तवद् राजपर्यायशब्दस्य साधुत्वं बोध्यम्।

तदुक्तम् **आलापपद्धतौ** "सादिनित्यपर्यायार्थिकः, यथा सिद्धपर्यायो नित्यः" (आ.प.पृ.७) इति। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"कम्मखयादु पत्तो अविणासी जो हु कारणाभावे। इदमेवमुच्चरंतो भण्णइ सो साइणिच्चणओ।।" (न.च.२८, द्र.स्व.प्र.२०१) इति। ज्ञानावरणादिबहिरङ्गद्रव्यकर्म-रागाद्यन्तरङ्गभावकर्मविरहेण पुनर्विकृत्युत्पादाऽसम्भवात् सिद्धत्वपर्यायस्य सादित्वेऽपि अनन्तत्वलक्षणं नित्यत्वमवसेयम्।

***यत्तु* नेमिचन्द्राचार्येण गोम्मटसारे** जीवकाण्डे [2]"अट्ठविहकम्मवियला सीदीभूदा णिरंजणा णिच्चा। अट्ठगुणा किदकिच्चा लोयग्गणिवासिणो सिद्धा।।" (गो.सा.जी.का.६८) इत्युक्त्या सिद्धानां नित्यत्वमुक्तम्, ***तत्तु*** उत्तरकोट्यपेक्षया बोध्यम्, न तु पूर्वोत्तरोभयकोट्यपेक्षया, सर्वथा नित्यमुक्तात्मनः अनभ्युपगमात्,

---

પરંતુ ધ્વંસનો પ્રતિયોગી નથી. માટે સિદ્ધ પર્યાયને ગ્રહણ કરનાર પર્યાયાર્થિકનય સાદિનિત્યપર્યાયવિષયક કહેવાય છે.

### સિદ્ધપર્યાય પર્યાયોમાં રાજા

**(सिद्धप.)** સિદ્ધ પર્યાય રાજપર્યાય = પર્યાયોના રાજા સમાન છે - આ પ્રમાણે વિચારવું. જેમ 'રાજદંત' શબ્દ દાંતોના રાજાને જણાવે છે, તેમ 'રાજપર્યાય' શબ્દ પર્યાયોના રાજાને જણાવે છે. માટે 'રાજદંત' શબ્દની જેમ 'રાજપર્યાય' શબ્દ પણ સમ્યક્ છે - તેમ સમજવું.

### ❋ દ્રવ્ય-ભાવકર્મ વિકૃતિજનક ❋

**(तदु.)** **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "સાદિનિત્ય પર્યાયાર્થિકનય બીજો ભેદ છે. જેમ કે 'સિદ્ધ પર્યાય નિત્ય છે' - આવું વચન." **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "જે પર્યાય કર્મના ક્ષયથી ઉત્પન્ન થવાથી સાદિ છે તથા વિનાશનું કારણ ન હોવાથી અવિનાશી છે, તેવા સાદિ નિત્ય પર્યાયને ગ્રહણ કરનાર સાદિનિત્ય પર્યાયાર્થિકનય છે." જ્ઞાનાવરણાદિ બહિરંગ દ્રવ્યકર્મ તથા રાગ-દ્વેષાદિ અંતરંગ ભાવકર્મ ન હોવાથી સિદ્ધ ભગવંતમાં ફરીથી કોઈ વિકૃતિ ઉત્પન્ન થવાની સંભાવના રહેતી નથી. આથી સિદ્ધત્વપર્યાય સાદિ હોવા છતાં નિત્ય છે - એમ જાણવું.

### ❁ સિદ્ધમાં ઉત્તરકોટિ સાપેક્ષ નિત્યત્વ ❁

**(यत्तु.)** દિગંબરાચાર્ય **નેમિચન્દ્રજીએ ગોમ્મટસાર** ગ્રંથના જીવકાંડમાં "આઠ પ્રકારના કર્મથી રહિત, શાંતિમય, નિરંજન, નિત્ય, આઠ ગુણવાળા, કૃતકૃત્ય સિદ્ધ ભગવંતો લોકાગ્રભાગમાં વસનારા છે" - આવું કહેવા દ્વારા સિદ્ધોમાં જે નિત્યત્વનું વિધાન કરેલું છે, તે ઉત્તરકોટિની અપેક્ષાએ સમજવું, પૂર્વોત્તરઉભયકોટિની અપેક્ષાએ નહિ. મતલબ કે સિદ્ધો સાદિ-અનંતસ્વરૂપે નિત્ય છે, નહિ કે અનાદિ

---

❖ લા.(૨)માં 'રાજપર્યાય'ના બદલે 'પર્યાય' પાઠ. 1. कर्मक्षयात्प्राप्तोऽविनाशी यो हि कारणाभावे। इदमेवमुच्चरन् भण्यते स सादिनित्यनयः।। 2. अष्टविधकर्मविकलाः शीतीभूता निरञ्जनाः नित्याः। अष्टगुणाः कृतकृत्या लोकाग्रनिवासिनः सिद्धाः।।

असम्भवाच्च। यथा चैतत् तथा व्यावर्णितमस्माभिः द्वात्रिंशिकावृत्तौ **नयलतायां** (द्वा.द्वा. ४/७-८-९) विस्तरतः। जिज्ञासुभिः अधिकं ततो विज्ञेयम्।

इदमेवाऽभिप्रेत्य **प्रज्ञापनायां** [1]"तत्थ सिद्धा..... सासयमणागयद्धं कालं चिट्ठंति" (प्र.पद ३६/सू.३४९/पृ.६०८) इत्युक्तम्। प्रवाहाऽपेक्षया उभयकोटिनित्यत्वेऽपि प्रतिस्वमुत्तरकोटिनित्यत्वं सिद्धेषु विज्ञेयम्।

सिद्धपर्यायस्योपलक्षणत्वात् केवलिपर्यायस्याऽपि राजपर्यायतुल्यता दृश्या। तदुक्तं **सम्मतितर्के** [2]"रायसरिसो उ केवलिपज्जाओ" (स.त. २/४१/पृ.६२४) इति। सदेहदशायां केवलिपर्यायस्य विदेहदशायां च सिद्धपर्यायस्य राजपर्यायतुल्यता भावनीयेत्यभिप्रायः।

***यद्यपि*** **आलापपद्धति-नयचक्र-कार्त्तिकेयानुप्रेक्षावृत्ति-द्रव्यस्वभावप्रकाशाऽनेकान्तव्यवस्था-सप्तभङ्गी-नयप्रदीप**प्रकरणेषु द्वितीयपर्यायार्थिके 'शुद्धे'ति विशेषणं नास्ति ***तथापि*** द्रव्य-गुण-पर्यायरासस्तबकसत्क-षट्त्रिंशत्प्राचीनहस्तादर्शादौ **तत्त्वनिर्णयप्रासादे** च तदुपलब्धेः तथैवेहोक्तमस्माभिः। शुद्धक्षायिकभाव-

---

-અનંતસ્વરૂપે નિત્ય. કારણ કે અનાદિ-અનંતકાળની સ્થિતિ મુક્તાત્મામાં તો જ સંભવે જો આત્મા સર્વથા નિત્ય મુક્ત હોય. પરંતુ સર્વથા નિત્ય મુક્ત આત્માનો તો જૈનદર્શનમાં સ્વીકાર જ કરવામાં નથી આવ્યો. તથા તેવું સંભવિત પણ નથી. આ બાબતનું વિસ્તારથી વર્ણન અમે **દ્વાત્રિંશિકાપ્રકરણ**ની **નયલતા** નામની વ્યાખ્યામાં કરેલ છે. જિજ્ઞાસુવર્ગે આ બાબતમાં અધિક જાણકારી ત્યાંથી મેળવી લેવી.

### ❀ સિદ્ધ ભગવંતો શાશ્વત : શ્યામાચાર્યજી ❀

(इद.) આ જ અભિપ્રાયથી **શ્યામાચાર્યજી**એ **પન્નવણાસૂત્ર**માં જણાવેલ છે કે "લોકાન્તે રહેલા સિદ્ધ ભગવંતો.... શાશ્વત કાળ સુધી સમસ્તભવિષ્યકાળપર્યન્ત સ્થિર રહે છે." પ્રવાહની અપેક્ષાએ સિદ્ધોમાં ઉભયકોટિસાપેક્ષ (= ભૂત-ભાવી ઉભય કાળની અપેક્ષાએ) નિત્યતા હોવા છતાં પણ વ્યક્તિગત એક -એક સિદ્ધોમાં ઉત્તરકોટિસાપેક્ષ (= કેવળ ભાવી કાળની અપેક્ષાએ) નિત્યતા જાણવી.

### ✡ કેવલિપર્યાય પર્યાયોમાં રાજા ✡

(सिद्ध.) 'સિદ્ધપર્યાય પર્યાયોના રાજા સમાન છે' - આ પ્રમાણે જે કહેલ છે તે ઉપલક્ષણ છે. તેથી કેવલિપર્યાય પણ પર્યાયોના રાજા સમાન સમજી લેવો. **સમ્મતિતર્ક**માં આ અંગે જણાવેલ છે કે 'કેવલિપર્યાય રાજપર્યાય જેવો છે.' મતલબ કે સદેહદશામાં મુખ્ય પર્યાય તરીકે કેવલિપર્યાય આદરણીય છે અને વિદેહદશામાં સિદ્ધપર્યાય રાજપર્યાય તરીકે માન્ય છે, ગ્રાહ્ય છે, આદરણીય છે.

### ♆ પાઠભેદ વિચારણા ♆

(यद्यपि.) જો કે **આલાપપદ્ધતિ, નયચક્ર, કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ, દ્રવ્યસ્વભાવપ્રકાશ, અનેકાંતવ્યવસ્થા** અને **સપ્તભંગીનયપ્રદીપ પ્રકરણ** ગ્રંથમાં પ્રસ્તુત બીજા પર્યાયાર્થિકનયના વિશેષણ તરીકે 'શુદ્ધ' એવું પદ નથી, છતાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ અને તેના ટબાની પ્રાચીન ૩૬ હસ્તપ્રતોમાં તથા અર્વાચીન મુદ્રિત પુસ્તકોમાં તેમજ **તત્ત્વનિર્ણયપ્રાસાદ**માં (પૃ.૭૧૯) બીજા પર્યાયાર્થિકનયના વિશેષણ તરીકે 'શુદ્ધ' એવું પદ ઉપલબ્ધ થાય છે. તથા પ્રસ્તુત દ્રવ્યાનુયોગપરામર્શ ગ્રંથ તેને અનુસરનારો હોવાથી બીજા

---

1. तत्र सिद्धाः...... शाश्वतम् अनागताद्धं कालं तिष्ठन्ति। 2. राजसदृशः तु केवलिपर्यायः।

विषयकत्वेनात्र शुद्धिरवसेया मनीषिभिः।

तृतीयं पर्यायार्थिकनयभेदमाह – '**गृह्णाती**'ति। **अस्तिगौणत्वेन** = सत्तोपसर्जनभावेन **उदय-व्ययौ** = उत्पाद-विनाशौ **गृह्णाति** यः स **सदनित्यः** = शुद्धोऽनित्यः, अनित्यशुद्धपर्यायार्थिक इति यावत्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सिद्धपर्यायस्य साद्यनन्ततया तदुत्पत्तिकृते बाह्याऽभ्यन्तर-सत्पुरुषकारस्याऽतीवाऽऽवश्यकता। उपलब्ध्युत्तरं यन्न व्येति अपैति वा तदेव प्राप्तव्यम्। सिद्ध-सुखमपि साद्यनन्तं सर्वातिशायि च। यदाहुः **शिवार्यकृता भगवती आराधना, वीरभद्रसूरिकृता आराधनापताका, जिनचन्द्रसूरिकृता च संवेगरङ्गशाला** [1]"परमिड्ढिं पत्ताणं मणुसाणं णत्थि तं सुहं लोए। अव्वाबाधमणोवम-परमसुहं तस्स सिद्धस्स।।" (भ.आ.२१४७/भाग-२/पृ.१८४२ + आ.प.९५७ + सं.र.शा.९७८३)। अतः सिद्धत्वपर्यायप्रकटीकरणमेव अस्मदीयं परमप्रयोजनमिति न विस्मर्तव्यम्।।६/३।।

પર્યાયાર્થિકનયના વિશેષણ તરીકે અહીં 'શુદ્ધ' એવું પદ અમે જણાવેલું છે. બીજા પર્યાયાર્થિકનયનું 'શુદ્ધ' એવું વિશેષણ સાર્થક પણ છે. કારણ કે તેનો વિષય શુદ્ધ ક્ષાયિકભાવસ્વરૂપ સિદ્ધ અવસ્થા છે. આ રીતે બીજા પર્યાયાર્થિકનયમાં શુદ્ધિ રહેલી છે - તેમ પંડિતોએ વિચારવું.

### પર્યાયાર્થિકનયના ત્રીજા ભેદને સમજીએ

(**तृतीयं**) પર્યાયાર્થિકનયના ત્રીજા ભેદને ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા જણાવે છે. સત્તાને = અસ્તિત્વને ગૌણ કરીને ઉત્પાદ-વ્યયને મુખ્યરૂપે ગ્રહણ કરે, તે નય શુદ્ધ અનિત્ય = અનિત્યશુદ્ધપર્યાયાર્થિકનય કહેવાય. (આનું ઉદાહરણ આગળના શ્લોકમાં બતાવવામાં આવશે.)

### અવિનશ્વર પર્યાયને પ્રગટાવીએ

**આધ્યાત્મિક ઉપનય** :- સિદ્ધપર્યાય સાદિ-અનંત છે. માટે તેને ઉત્પન્ન કરવા માટે બાહ્ય-આંતરિક સમ્યક્ પુરુષાર્થ કરવાની અત્યંત આવશ્યકતા રહે છે. જે આવે પછી કદાપિ નાશ ન પામે કે ન જાય તે જ વસ્તુ મેળવવા યોગ્ય કહેવાય. સિદ્ધ ભગવંતનું સુખ પણ સાદિ-અનન્ત અને બધા સુખ કરતાં ચઢિયાતું છે. આ અંગે દિગંબરીય **શિવાર્યકૃત ભગવતી આરાધના** તથા શ્વેતાંબરીય **વીરભદ્રસૂરિકૃત આરાધનાપતાકા** અને **જિનચંદ્રસૂરિકૃત સંવેગરંગશાલા** ગ્રંથ જણાવે છે કે "પરમ ઋદ્ધિઓને પ્રાપ્ત કરનારા મનુષ્યો પાસે દુનિયામાં જે સુખ નથી તેવું પીડારહિત અનુપમ પરમસુખ તે સિદ્ધ ભગવંતને હોય છે." તેથી સિદ્ધત્વપર્યાયનું પ્રગટીકરણ એ જ આપણું પરમ પ્રયોજન બને. આ લક્ષ્ય કદાપિ ચૂકાવું ન જોઈએ.(૬/૩)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ બાહ્ય લાભ જુએ છે.**
  **શ્રદ્ધા આંતરિક સ્થાયી લાભોને જુએ છે.**

1. परमर्द्धिं प्राप्तानां मनुष्याणां नास्ति तत् सुखं लोके। अव्याबाधमनुपम-परमसुखं तस्य सिद्धस्य।।

**જિમ §સમયમઈં પર્યાય નાશી, છતિં ગહત અનિત્ય❒ અશુદ્ધ રે;**
**એક ♦સમયઈં યથા પર્યાય, ત્રિતયરૂપઈં રુદ્ધ✿ રે ॥૬/૪॥ (૭૭) બહુ.**

**જિમ** એક (**સમયમઈં=**) સમયમધ્યે **પર્યાય વિનાશી** છઈં, ઈમ કહિયઈં.ઈહાં **નાશ** કહતાં ઉત્પાદઈં આવ્યો, પણિ ધ્રુવતા તે ગૌણ કરી, દેખાડીઈં નહીં.

तृतीयपर्यायार्थनयोदाहरणमुपदर्शयति – '**समय**' इति।

**समये पर्ययध्वंसोऽनित्योऽशुद्धोऽस्तिबोधतः।**
**एकदा त्रितयाऽऽक्रान्तः स्वपर्यायो यथोच्यते।।६/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – समये पर्ययध्वंसः (सदनित्यनये उदाहृतः)। अस्तिबोधतः अनित्योऽशुद्धः (चतुर्थः ज्ञेयः)। यथा एकदा स्वपर्यायः त्रितयाऽऽक्रान्त उच्यते।।६/४।।

यथा **समये** = एकसमयमध्ये **पर्ययध्वंसः** = पर्यायत्वावच्छिन्नस्य ध्वंसो भवति। 'ध्वंस' इति उत्पादस्योपलक्षकमवसेयम्। तथा च 'प्रतिक्षणं पर्यायमात्रस्य विनाशोत्पादौ' इति अनित्यशुद्धपर्यायार्थिकनयो वक्ति। एतन्नये प्रतीतौ पदप्रयोगे वा न सत्तावाचकपदस्योल्लेखो भवति। इत्थञ्च अत्र तृतीयभेदे सत्ताया अनुल्लेखेन उपसर्जनीभावात् पर्यायस्य चानुपसर्जनीभावात् शुद्धत्वं ज्ञेयम्। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"सत्ताअमुक्खरूवे उप्पाद-वयं हि गिण्हए जो हु। सो हु सहावाऽणिच्चो

**અવતરણિકા** :- ત્રીજા શ્લોકના ઉત્તરાર્ધમાં ત્રીજા પર્યાયાર્થિકનયનું લક્ષણ બતાવ્યું. હવે ચોથા શ્લોકમાં ગ્રંથકારશ્રી તેના ઉદાહરણને દેખાડે છે :-

### ❋ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમકાલીન ❋

**શ્લોકાર્થ** :- એક સમયમાં પર્યાયનો ધ્વંસ થાય છે. સત્તાને ગ્રહણ કરવાથી અનિત્ય અશુદ્ધપર્યાયાર્થિક જાણવો. જેમ કે 'એકીસાથે સ્વપર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી વ્યાપ્ત હોય છે' આવું કથન. (૬/૪)

**વ્યાખ્યાર્થ** :- ત્રીજા પર્યાયાર્થિકનયનું ઉદાહરણ આ મુજબ જાણવું. જેમ કે એક સમયની અંદર પર્યાયત્વાવચ્છિન્નનો = સર્વ પર્યાયનો નાશ થાય છે. 'ધ્વંસ' શબ્દ ઉત્પાદનું ઉપલક્ષક = સૂચક છે - તેમ સમજવું. તેથી અર્થ એવો ફલિત થશે કે 'પ્રતિસમય પર્યાયમાત્રનો = સર્વ પર્યાયનો વિનાશ અને ઉત્પાદ થાય છે' - આ પ્રમાણે અનિત્યશુદ્ધપર્યાયાર્થિકનય કહે છે. પ્રસ્તુત તૃતીય પર્યાયાર્થિકનયના મતે પ્રતીતિમાં કે શબ્દપ્રયોગમાં = વ્યવહારમાં સત્તાવાચક પદનો ઉલ્લેખ થતો નથી. આ રીતે પ્રસ્તુત અનિત્યત્વગ્રાહી શુદ્ધપર્યાયાર્થિકનયસ્વરૂપ પર્યાયાર્થિકના ત્રીજા ભેદમાં સત્તાનો ઉલ્લેખ ન થવાથી સત્તા ગૌણ બને છે અને ઉત્પાદ-વ્યયસ્વરૂપ પર્યાય મુખ્ય બને છે. તેથી પર્યાયાર્થિકનયના ત્રીજા ભેદને શુદ્ધ જાણવો. આ બાબતને જણાવતા **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં કહેલ છે કે 'સત્તાને ગૌણ

§ M(૧)માં 'સમયનઈં' પાઠ. ❒ પ્રસ્તુતમાં પુસ્તકોમાં તથા અનેક હસ્તપ્રતોમાં 'નિત્ય' પાઠ. ફક્ત મો.(૧) + પાલ.માં 'અનિત્ય' પાઠ. ♦ પુસ્તકોમાં 'સમઈં' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ✿ કો.(૧)માં 'વિરુદ્ધ' પાઠ. 1. सत्ताऽमुख्यरूपेण उत्पाद-व्ययौ हि गृह्णाति यः तु। स तु स्वभावानित्यः ग्राही खलु शुद्धपर्यायः।।

**છતિ** કહતાં સત્તા, તે **ગ્રહતો** ❏**નિત્ય*****અશુદ્ધ**પર્યાયાર્થિક કહિયઈ. જિમ (=**યથા**) **એક** (**સમયઈ**=) સમયમધ્યે **પર્યાય ત્રિતયરૂપઈ** = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણઇં †**રુદ્ધ** છઈં, એહવું બોલિયઇં‡.

---

गाही खलु सुद्धपज्जाओ।।" (न.च. २९, द्र.स्व.प्र.२०१) इति। यथोक्तम् **आलापपद्धतौ** अपि "सत्तागौणत्वेनोत्पाद-व्ययग्राहकस्वभावोऽनित्यशुद्धपर्यायार्थिकः, यथा समयं समयं प्रति पर्याया विनाशिनः" (आ.प.पृ.७) इति। "शुद्धपर्याय एव अर्थः = प्रयोजनम् अस्य इति शुद्धपर्यायार्थिकः" (आ.प.पृ.१८) इति **आलापपद्धति**वचनमप्यत्राऽनुसन्धेयम्। उत्पाद-व्ययवत् सत्ताया अपि मुख्यत्वेन ग्रहणे तु प्रमाणत्वमेव स्यात्, न नयत्वम्। अतः 'सत्तागौणत्वेन' इत्युक्तम्। सत्तावाचकपदानुल्लेखेन न प्रमाणत्वापत्तिरित्याशयः। केवलम् उत्पाद-व्यययोरनुपसर्जनभावेन ग्रहणादस्य पर्यायार्थिकत्वं भवति। यावतामेव पर्यायाणां क्षणभङ्गुरत्वप्रतिपादनादस्य अनित्यशुद्धपर्यायार्थिकत्वमपि सङ्गच्छते इत्यादिकं स्वधियोहनीयम्। एतन्नयोपयोगः त्रयोदशशाखायां द्वितीयश्लोके (१३/२) वक्ष्यत इत्यवधेयम्।

उक्तः तृतीयः पर्यायार्थिकः। अधुना तस्य चतुर्थं प्रकारं निरूपयति – '**अनित्य**' इति। वस्तुनि **अस्तिबोधतः** = सत्ताग्रहणाद् **अनित्योऽशुद्धः** = अनित्याऽशुद्धपर्यायार्थिकनयः चतुर्थः ज्ञेयः। **यथा एकदा** = एकस्मिन् समये **स्वपर्यायः** = स्वविषयीभूतपर्यायः **त्रितयाऽऽक्रान्तः** = उत्पाद-व्यय

---

કરીને ઉત્પાદ-વ્યયને જે નય મુખ્યરૂપે ગ્રહણ કરે છે તેને અનિત્યસ્વભાવગ્રાહી શુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે.' **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "સત્તાને ગૌણ કરીને ઉત્પાદ-વ્યયને ગ્રહણ કરવાના સ્વભાવવાળો નય અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક કહેવાય છે. જેમ કે 'પ્રત્યેક સમયે પર્યાયો નાશ પામે છે' - આવું વચન." 'શુદ્ધ પર્યાય એ જ જેનું પ્રયોજન હોય તે શુદ્ધપર્યાયાર્થિકનય કહેવાય' - આ પ્રમાણે **આલાપપદ્ધતિ** ગ્રંથનું વચન પણ પ્રસ્તુતમાં યાદ કરવા લાયક છે. ઉત્પાદ-વ્યયની જેમ સત્તાને = ધ્રૌવ્યને પણ મુખ્યરૂપે ગ્રહણ કરવામાં આવે તો આ નય નયસ્વરૂપે રહેવાના બદલે પ્રમાણસ્વરૂપ બની જાય. તેથી સત્તાને ગૌણ કરવાની વાત અહીં જણાવેલ છે. મતલબ કે સત્તાવાચક પદનો ઉલ્લેખ ન કરવાથી આ નયમાં પ્રમાણત્વની આપત્તિને અવકાશ નથી. ફક્ત ઉત્પાદ-વ્યયને મુખ્યરૂપે ગ્રહણ કરવાના લીધે આ નય પર્યાયાર્થિક કહેવાય છે. બધા જ પર્યાયને ક્ષણભંગુરરૂપે જણાવવાના લીધે ત્રીજો પર્યાયાર્થિકનય શુદ્ધ બને છે. અનિત્યરૂપે પર્યાયને ગ્રહણ કરવાથી આ નય અનિત્યત્વગ્રાહક પણ બને છે. આમ પ્રસ્તુત નયમાં અનિત્યશુદ્ધપર્યાયાર્થિકપણું સંગત થાય છે. ઈત્યાદિ બાબત વાચકવર્ગે પોતાની બુદ્ધિથી વિચારવી. પ્રસ્તુત તૃતીય પર્યાયાર્થિકનયનો ઉપયોગ તેરમી શાખાના બીજા શ્લોકમાં આવશે.

### ❋ પર્યાયાર્થિકનયના ચોથા ભેદનું પ્રતિપાદન ❋

(उक्तः) ત્રીજા પર્યાયાર્થિકનયનું પ્રતિપાદન કર્યું. હવે પર્યાયાર્થિક નયના ચોથા ભેદને ગ્રંથકારશ્રી બતાવે છે. વસ્તુમાં રહેલા અસ્તિત્વને = સત્તાને = ધ્રૌવ્યને ગ્રહણ કરવાથી અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિક નય જાણવો. જેમ કે પ્રસ્તુત ચોથો પર્યાયાર્થિકનય સ્વવિષયીભૂત પર્યાયને એક સમયમાં ઉત્પાદ-વ્યય

---

❏ પ્રસ્તુતમાં 'અનિત્ય' પાઠ જોઈએ. * લા.(૨)માં 'નિત્યશુદ્ધ' પાઠ. † મ.માં 'રૂદ્ધે' પાઠ. કો.(૭) + કો.(૯) + સિ.+આ.(૧)નો પાઠ લીધો છે. ‡ મ.માં 'બોલિઈ' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે

પર્યાયનું શુદ્ધ રૂપ, તે જે સત્તા ન દેખાડવી. ઇહાં સત્તા દેખાવી તે માટઇં અશુદ્ધ ભેદ થયો. ॥६/४॥

-ध्रौव्यव्याप्तः **उच्यते** अनेन नयेन। ध्रौव्यलक्षणा सत्ता हि द्रव्यस्य शुद्धस्वरूपम्, न तु पर्यायस्य। इह स्वगोचरीभूतपर्याये शब्दोल्लेखपूर्वं सत्ताया ग्रहणादशुद्धत्वं विज्ञेयम्, शब्दोल्लेखतो नयान्तर-विषयग्राहकत्वस्यैव तल्लक्षणत्वात्। तृतीयपर्यायार्थिकनयेन सत्ताया उल्लेखो न क्रियत इति स शुद्धः अयञ्च सत्तोल्लेखकारीत्यशुद्धः। सत्तायाश्च शब्दाद् उल्लेखेऽपि न मुख्यता किन्तु उत्पाद-व्यययोरेव सेति अयम् अनित्याऽशुद्धपर्यायार्थिकनय उच्यते।

***नन्वेवं*** तृतीय-चतुर्थयोरभेदः, सत्तोपसर्जनभावस्योभयत्र तुल्यत्वाद् इति ***चेत्*** ?

***न,*** उभयत्रैव सत्ताया गौणत्वाऽविशेषेऽपि तृतीयपर्यायार्थिकनये सत्तायाः शब्दतोऽनुल्लेखः इह चोल्लेख इति विशेषात्। गौणरूपेण सत्ताया ग्रहणेऽपि शब्दतः तदनुल्लेखादेव तृतीयस्य शुद्धत्वम्, अस्य च शब्दतो गौणभावेन सत्ताग्रहणादशुद्धत्वमित्याशयः। इह सत्ताया उत्पाद-व्ययवत् शब्दोल्लिखितत्वेन मुख्यत्वेऽभ्युपगम्यमानेऽस्य प्रमाणत्वापत्त्या नयत्वमुच्छिद्येतेति।

-ધ્રૌવ્યથી વ્યાપ્તરૂપે જણાવે છે. સત્તા = ધ્રૌવ્ય તો દ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ છે. તે પર્યાયનું શુદ્ધ સ્વરૂપ નથી. તેમ છતાં પ્રસ્તુત ચોથો પર્યાયાર્થિકનય સ્વવિષયીભૂત પર્યાયમાં શબ્દોલ્લેખપૂર્વક સત્તાનું ગ્રહણ કરે છે. તેથી આ પર્યાયાર્થિકનય અશુદ્ધ જાણવો. કારણ કે નયાન્તરવિષયને શબ્દોલ્લેખપૂર્વક ગ્રહણ કરવો તે જ નયનિષ્ઠ અશુદ્ધિનું લક્ષણ છે. ત્રીજો પર્યાયાર્થિકનય શબ્દથી સત્તાનો ઉલ્લેખ કરતો નથી. આથી તે શુદ્ધ છે. પ્રસ્તુત ચોથો પર્યાયાર્થિકનય સત્તાનો ઉલ્લેખ કરે છે. તેથી તે અશુદ્ધ પર્યાયાર્થિક છે. ચોથો પર્યાયાર્થિકનય શબ્દથી સત્તાનો ઉલ્લેખ કરે છે. તેમ છતાં તેની દૃષ્ટિએ વસ્તુમાં મુખ્યતા સત્તાની = ધ્રૌવ્યની નથી પણ ઉત્પાદ-વ્યયની જ છે. તેથી આ નય દ્રવ્યાર્થિક નહિ પણ પર્યાયાર્થિક કહેવાય છે. આમ 'અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય' નામ સાર્થક સમજવું.

**શંકા** :- (नन्वे.) આ રીતે માનવામાં આવશે તો ત્રીજો અને ચોથો પર્યાયાર્થિકનય એક થઈ જવાની આપત્તિ આવશે. કારણ કે તે બન્ને નયમાં સત્તાનું ગૌણભાવે ગ્રહણ થવાની વાત તો એકસરખી જ છે.

### ❀ ત્રીજા-ચોથા પર્યાયાર્થિકની ભેદરેખા જાણીએ ❀

**સમાધાન** :- (न, उभ.) તમારી આ શંકા વ્યાજબી નથી. કારણ કે ત્રીજા અને ચોથા પર્યાયાર્થિક નયમાં સત્તાનું = ધ્રૌવ્યનું ગૌણરૂપે ગ્રહણ થવા છતાં પણ ત્રીજા પર્યાયાર્થિકનયમાં સત્તાનો શબ્દથી ઉલ્લેખ થતો નથી. જ્યારે ચોથા પર્યાયાર્થિકનયમાં સત્તાનો શબ્દથી ઉલ્લેખ થાય છે. આટલો તે બન્નેમાં તફાવત છે. ગૌણરૂપે સત્તાને ગ્રહણ કરવા છતાં પણ પ્રતીતિમાં કે શબ્દપ્રયોગમાં = વ્યવહારમાં શબ્દથી સત્તાનો ઉલ્લેખ ન કરવાના લીધે જ ત્રીજો પર્યાયાર્થિકનય શુદ્ધ કહેવાય છે. તથા ચોથો પર્યાયાર્થિક નય સત્તાનો શબ્દથી ઉલ્લેખ કરીને સત્તાને ગૌણરૂપે પોતાનો વિષય બનાવે છે. તેથી ચોથો પર્યાયાર્થિક નય અશુદ્ધ કહેવાય છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં તાત્પર્ય છે. ચોથો પર્યાયાર્થિકનય સત્તાનો શબ્દથી ઉલ્લેખ કરે છે. પરંતુ ઉત્પાદ-વ્યયની જેમ સત્તાને તે મુખ્યરૂપે ગ્રહણ કરતો નથી. બાકી તો તે પ્રમાણ થવાની આપત્તિ આવે અને તેમાંથી નયપણું ઉચ્છેદ પામી જાય.

अत एव **देवसेनेन आलापपद्धतौ** "सत्तासापेक्षस्वभावोऽनित्याऽशुद्धपर्यायार्थिकः, यथा एकस्मिन् समये त्रयात्मकः पर्यायः" (आ.प.पृ.७) इत्युक्तम्। अत्र च स्वभावपदस्य 'स्वविषय' इत्यर्थः। सत्तासापेक्षः स्वभावः = स्वविषयः = स्वार्थः उत्पाद-व्ययलक्षणो यस्य नयस्य स सत्तासापेक्षस्वभाव इति व्युत्पत्त्या व्ययोत्पादयोरेव मुख्यविषयताऽत्राऽभिप्रेता।

***एतेन*** "सत्तासापेक्षस्वभावोऽनित्याऽशुद्धपर्यायार्थिकः, यथा – एकस्मिन् समये उत्पाद-व्यय-ध्रौव्यात्मकः पर्यायः" (स.न.प्र.पृ.५०) इति **सप्तभङ्गीनयप्रदीपप्रकरणे** महोपाध्याय**यशोविजय**गणिवचनं ***व्याख्यातम्***, एक-समयावच्छिन्नः पर्यायः उत्तरपर्यायोत्पादेन उत्पादात्मकः, पूर्वपर्यायनाशेन व्ययात्मकः अन्वयिरूपेण ध्रुवात्मकश्चेत्येवं ध्रौव्यसापेक्षस्वविषयदर्शकोऽयमनित्याऽशुद्धपर्यायार्थिकः। एकसमयावच्छिन्नध्रौव्य-पर्यायग्रहणान्नाऽस्य प्रमाणत्वापत्तिरिति तदाशयात्।

अनेनैव अभिप्रायेण **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** चापि [1]"जो गहेइ एगसमये उप्पाद-व्वय-धुवत्तसंजुत्तं। सो सब्भावाऽणिच्चो असुद्ध पज्जयत्थिओ णेओ।।" (न.च.३०, द्र.स्व.प्र.२०२) इत्युक्तम्। उत्पाद-व्ययवद्

(**अत.**) તેથી જ **દેવસેનજીએ આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "સત્તાસાપેક્ષસ્વભાવવાળો અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય ચોથો જાણવો. જેમ કે 'એક જ સમયે પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે' - આવું વચન." પ્રસ્તુતમાં દેવસેનજીએ 'सत्तासापेक्षस्वभावः' આ પ્રમાણે જે ઉલ્લેખ કરેલ છે તેમાં 'સ્વભાવ' શબ્દ 'સ્વવિષય' અર્થમાં પ્રયોજાયેલ છે. તેથી અર્થ એવો થશે કે સત્તાસાપેક્ષ છે સ્વભાવ = સ્વવિષય જેનો તે નય સત્તાસાપેક્ષસ્વભાવવાળો કહેવાય. પ્રસ્તુત પર્યાયાર્થિકનયનો વિષય છે ઉત્પાદ અને વ્યય. આમ સત્તાસાપેક્ષ ઉત્પાદ-વ્યયવિષયક ચોથો અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય સમજવો. ઉપરોક્ત વ્યુત્પત્તિ મુજબ પ્રસ્તુત નયમાં ઉત્પાદ અને વ્યય જ મુખ્યવિષયરૂપે અભિપ્રેત છે.

### ❀ સપ્તભંગીનયપ્રદીપનો સંવાદ ❀

(**एतेन.**) હમણા અહીં જે વાત જણાવી તેનાથી **સપ્તભંગીનયપ્રદીપ** પ્રકરણના એક સંદર્ભની પણ સ્પષ્ટતા થઈ જાય છે. ત્યાં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે જણાવેલ છે કે "સત્તાસાપેક્ષ સ્વભાવ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક જાણવો. જેમ કે 'એક સમયમાં પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે' - આવું વચન." આનું અર્થઘટન આ પ્રમાણે સમજવુ કે "એકસમયવિશિષ્ટ પર્યાય એ ઉત્તરપર્યાયના ઉત્પાદસ્વરૂપ છે, પૂર્વપર્યાયના નાશથી વ્યયસ્વરૂપ છે તથા અન્વયસ્વરૂપે ધ્રૌવ્યાત્મક છે" - આ પ્રમાણે ધ્રૌવ્યસાપેક્ષ પોતાના વિષયનું પ્રદર્શન કરનાર પર્યાયાર્થિકનય એ અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિકનય છે. તથા એકસમયવિશિષ્ટ = એકસમયવર્તી ધ્રૌવ્યપર્યાયનું ગ્રહણ કરવાના લીધે આ પર્યાયાર્થિકનયમાં પ્રમાણરૂપતાની આપત્તિને અવકાશ નથી. આ મુજબ મહોપાધ્યાયજી મહારાજનો આશય સમજવો.

(**अने.**) આવા જ આશયથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત પર્યાયને જે નય ગ્રહણ કરે છે, તે સ્વભાવઅનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય જાણવો.' અહીં ઉત્પાદ-વ્યય જ મુખ્ય વિષય છે - આ વાત ખાસ ખ્યાલમાં રાખવી. ચોથો પર્યાયાર્થિકનય

1. यो गृह्णाति एकसमये उत्पाद-व्यय-ध्रुवत्वसंयुक्तम्। स स्वभावाऽनित्योऽशुद्धः पर्यायार्थिको ज्ञेयः।।

ध्रौव्यरूपेणाऽपि पर्यायाऽवलोकनादस्य पर्यायार्थिकस्याऽशुद्धत्वमवसेयम्। शब्दोल्लेखपूर्वं नयान्तरविषयग्राहकत्वलक्षणा अशुद्धिरिहाऽपरिहार्येति भावनीयम्।

'ध्रुवमपि ज्ञायमानं वस्तु उत्पाद-व्ययात्मकम्' इति वाक्यमपि अनित्याऽशुद्धपर्यायार्थिकनयविधया बोध्यम्, ध्रौव्यस्य उद्देश्यतावच्छेदकतया गौणत्वाद् उत्पाद-व्यययोश्च विधेयतया मुख्यत्वात्। 'वस्तु उत्पाद-व्यय-ध्रौव्यात्मकम्' इति वाक्यन्तु प्रमाणमेव, त्रितयस्य विधेयतया भानादिति भावनीयम्।

***यद्यपि*** **महोपाध्यायश्रीयशोविजय**गणिविरचितस्य **'द्रव्य-गुण-पर्यायरासे'**त्यभिधानस्य अपभ्रंशभाषानिबद्धग्रन्थस्य स्वोपज्ञस्तबकविभूषितस्य पञ्चत्रिंशत्प्राचीनहस्तप्रतिषु अर्वाचीनमुद्रितपुस्तकेषु **तत्त्वनिर्णयप्रासादे** (पृ.७१९) च चतुर्थपर्यायार्थिकनयस्य 'नित्याऽशुद्धपर्यायार्थिकनय' इत्यभिधानमेव दृश्यते ***तथापि*** **अमृतविजय**जैनज्ञानकोश-**मोरबी**सत्क**द्रव्य-गुण-पर्यायरास**हस्तप्रतौ **आलापपद्धति-नयचक्र-द्रव्यस्वभावप्रकाशा**ऽभिधानेषु दिगम्बरग्रन्थेषु, अर्वाचीन**नयचक्रविवरणा**दिषु **सप्तभङ्गीनयप्रदीपप्रकरणे** च "अनित्याऽशुद्धपर्यायार्थिकनय" इत्यभिधानोपलब्धेः अस्माभिः तथैवेहोल्लेखः कृतः, क्षणिकोत्पादादिपर्यायप्राधान्यार्पणेन 'अनित्याऽशुद्धपर्यायार्थिके'त्यभिधानस्य सार्थकत्वाच्च।

---

પર્યાયને ઉત્પાદ-વ્યયની જેમ ધ્રૌવ્યરૂપે પણ જુએ છે. તેથી આ પર્યાયાર્થિક અશુદ્ધ બની જાય. શબ્દોલ્લેખપૂર્વક નયાન્તરવિષયગ્રાહકત્વસ્વરૂપ અશુદ્ધિ અહીં અપરિહાર્ય છે - આ પ્રમાણે વિચારવું.

### ❋ ચોથા પર્યાયાર્થિકનું નવું ઉદાહરણ ❋

(**'ध्रुव.'**) 'ધ્રુવ એવી પણ જણાતી વસ્તુ ઉત્પાદ-વ્યયસ્વરૂપ છે' આ વાક્ય પણ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય તરીકે સમજવું. કેમ કે અહીં ધ્રૌવ્ય ઉદ્દેશ્યતાઅવચ્છેદક હોવાથી ગૌણ છે. તથા ઉત્પાદ-વ્યય વિધેય હોવાથી મુખ્ય છે. 'વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.' આ વાક્ય તો પ્રમાણ જ છે. કારણ કે ઉત્પાદાદિ ત્રણેયનું વિધેય તરીકે ત્યાં ભાન થાય છે. ત્રણેય મુખ્ય બનવાથી તેને પ્રમાણ વાક્ય જ માનવું પડે. આ પ્રમાણે અહીં વિભાવના કરવી.

### ❧ પાઠભેદ વિચારણા ❧

(**यद्यपि.**) **મહોપાધ્યાય યશોવિજયજી** ગણિવરશ્રીએ અપભ્રંશભાષામાં 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' રચેલો છે. તેમજ સ્વોપજ્ઞ ટબાથી તેને વિભૂષિત કરેલ છે. જો કે તે ગ્રંથની પ્રાચીન ૩૫ હસ્તપ્રતોમાં, વર્તમાનકાલીન પુસ્તકોમાં અને **તત્ત્વનિર્ણયપ્રાસાદ**માં પ્રસ્તુત ચોથા પર્યાયાર્થિકનયનું 'નિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય' એવું જ નામ દેખાય છે. છતાં **અમૃતવિજયજી** જૈન જ્ઞાનભંડાર **મોરબી**માં રહેલી દ્રવ્ય-ગુણ-પર્યાયરાસની (ક્રમાંક-૩૮૬) હસ્તપ્રતમાં, **આલાપપદ્ધતિ, નયચક્ર, દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથોમાં, નયચક્રના આધુનિક વિવરણોમાં તથા **સપ્તભંગીનયપ્રદીપ પ્રકરણ**માં 'અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય' આ મુજબ જ ચોથા પર્યાયાર્થિકનું નામ મળે છે. તેથી અમે દ્રવ્યાનુયોગપરામર્શ અને દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા ગ્રંથમાં 'અનિત્ય અશુદ્ધ' એવું ચોથા પર્યાયાર્થિકનું નામ દર્શાવેલ છે. વળી, ચોથા પર્યાયાર્થિકમાં ક્ષણિક ઉત્પાદ વગેરે પર્યાયોની જ મુખ્યતા રહેલી છે. ક્ષણિકપર્યાયવિષયક હોવાથી પ્રસ્તુત નયનું 'અનિત્યઅશુદ્ધ

**महोपाध्यायश्रीयशोविजय**कारिते **द्रव्य-गुण-पर्यायरासस्तबक**मूलहस्तादर्शे लिपिकृत्प्रमादाद् 'नित्ये'ति पाठनिवेशेन तदुत्तरकालीनहस्तप्रतिषु तदनुवृत्त्या भाव्यम्।

***यद्वा*** उत्तरकालीनहस्तप्रतिषु अपि अकारप्रश्लेषेण 'अनित्याऽशुद्धे'त्यभिधानं वाच्यम्।

यत्तु **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** "सत्तासापेक्षस्वभावनित्यशुद्धपर्यायार्थिकः" (का.अ.२७० वृ.) इति तन्नाम निर्दिष्टं तच्चिन्त्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – क्षणभङ्गुरपर्यायप्रतिपादकतृतीयपर्यायार्थिकनयं चेतसिकृत्य स्वकीयक्षायोपशमिकज्ञान-पुण्योदयाऽऽरोग्याद्यवलम्बनेन न मदितव्यम्, न वा व्याधि-दुर्भाग्या-ऽपयशोऽपकीर्त्यादित उद्वेजितव्यम्, तेषामपि क्षणभङ्गुरत्वात्। त्रैकालिकसांसारिकसुखपर्यायाणां वर्त्तमानसिद्धसुखक्षणात् तुच्छत्वेन सांसारिकसुखतृष्णा त्याज्या। इदमेवाभिप्रेत्याह **भगवती आराधना** [1]"तीसु वि कालेसु सुहाणि जाणि माणुस-तिरिक्ख-देवाणं। सव्वाणि ताणि ण समाणि तस्स खणमित्तसोक्खेण।।" (भ.आ.२१५१/भाग-२/पृ.१८४४) इति।

किञ्च, इष्टसंयोगक्षणिकत्वविचारो वैराग्यं जनयति, अनिष्टसंयोगक्षणिकत्वविमर्शः समाधिं

---

પર્યાયાર્થિક' આવું નામ સાર્થક હોવાથી અમે ઉપરોક્ત નામોલ્લેખ કરેલ છે.

**(महो.) અથવા** મહોપાધ્યાયજી મહારાજે લહિયા પાસે લખાવેલ દ્રવ્યગુણપર્યાયરાસના ટબાની મૂળ પ્રતમાં લહિયાની ભૂલથી 'નિત્ય' આવો પાઠ નોંધાયો હોય અને તેની જ નકલ ઉત્તરકાલીન હસ્તપ્રતોમાં બધે થઈ હોવાથી તેમાં પણ તેવો પાઠ આવ્યો હોય તેવી શક્યતા વધુ જણાય છે.

**(यद्वा.) અથવા** ઉત્તરકાલીન તે હસ્તપ્રતોમાં પણ અકારનો પ્રશ્લેષ = ઉમેરો કરીને રાસમાં પણ 'અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય' આ મુજબ નામ કરી શકાય.

**(यत्तु.) કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં 'સત્તાસાપેક્ષ સ્વભાવ નિત્યશુદ્ધ પર્યાયાર્થિક' - આ મુજબ ચોથા પર્યાયાર્થિકનું નામ જણાવેલ છે, તે વિચારણીય છે.

### તૃતીય પર્યાયાર્થિકનય વૈરાગ્યજનક

**આધ્યાત્મિક ઉપનય** :- પર્યાયની ક્ષણભંગુરતાને દેખાડનાર ત્રીજા પર્યાયાર્થિકનયને લક્ષમાં રાખીને પોતાના ક્ષાયોપશમિક જ્ઞાન, પુણ્યોદય, આરોગ્ય વગેરેના ભરોસે મુસ્તાક બનીને ફરવું ન જોઈએ. તથા રોગ, દુર્ભાગ્ય, અપયશ, અપકીર્ત્તિ વગેરેની ક્ષણભંગુરતા વિચારી તેવા કાળમાં અત્યંત ઉદ્વિગ્ન ન થવું. ત્રણેય કાળના સાંસારિક સુખપર્યાયો વર્ત્તમાન એક સિદ્ધસુખક્ષણ કરતાં અતિનિમ્ન છે. તેથી સાંસારિક સુખની તૃષ્ણા ત્યાજ્ય છે. આ જ અભિપ્રાયથી **ભગવતી આરાધના** ગ્રંથમાં જણાવેલ છે કે "મનુષ્ય,તિર્યંચ અને દેવો - આ ત્રણેયના ત્રણેય કાળમાં જેટલા સુખો છે તે સર્વને ભેગા કરીએ તો પણ સિદ્ધ ભગવંતના માત્ર એક ક્ષણના સુખની તુલનાને ત્રૈકાલિક સાંસારિક સુખો કરી શકતા નથી.

### તૃતીય પર્યાયાર્થિકનય સહાયક

**(किञ्च.)** વળી, ઈષ્ટસંયોગની ક્ષણિકતાનો વિચાર વૈરાગ્યપ્રેરક બને છે. અનિષ્ટસંયોગની ક્ષણિકતાનો

---

1. त्रिषु अपि कालेषु सुखानि यानि मानुष-तिर्यग्-देवानाम्। सर्वाणि तानि न समानि तस्य क्षणमात्रसौख्येन।।

सम्पादयति। इत्थं राग-द्वेषादिसङ्क्लेशेभ्य आत्मार्थिनः संरक्षकः तृतीयः पर्यायार्थिकनयः सम्पद्यते।

'ज्ञाननाशे मे किं भविष्यति?' इत्येवं हतोत्साहं जीवं चतुर्थः पर्यायार्थिकः संरक्षति।।६/४।।

---

વિચાર સમાધિપ્રેરક બને છે. આ રીતે રાગ-દ્વેષના તોફાનમાંથી બચવા માટે ત્રીજો પર્યાયાર્થિકનય સહાયક બને છે.

(ज्ञान.) 'હાય ! મારું જ્ઞાન નાશ પામશે તો મારું શું થશે ?' આ રીતે હતાશાના વમળમાં ફસાતા જીવને ગૌણરૂપે ધ્રૌવ્યદર્શક ચોથો પર્યાયાર્થિકનય બચાવે છે. (૬/૪)

**લખી રાખો ડાયરીમાં.....**

- વાસના ચેતનાને લાગણીહીન અને સંવેદનશૂન્ય કરી મૂકે છે.
  ઉપાસના ચેતનાને લાગણીસભર, સંવેદનપૂર્ણ અને પરમાત્મમય બનાવે છે.
- પોતાની ઈચ્છા ઊભી રાખીને સાધના શક્ય છે.
  પોતાની તમામ ઈચ્છાના બલિદાન વિના ઉપાસના અધૂરી છે.
- બુદ્ધિને લેવામાં રસ છે.
  શ્રદ્ધાને આપવામાં રુચિ હોય છે.
- સાધના વિનાશી છે.
  ઉપાસના અવિનાશી રહેવાને સર્જાયેલી છે.
- બુદ્ધિ બીજાના સુખને જોઈને સળગે છે.
  શ્રદ્ધા બીજાના સુખને જોઈને રાજી થાય છે.
- સાધના માર્ગની હોય.
  ઉપાસના માર્ગદર્શકની હોય.
- બુદ્ધિ હક્ક ભોગવવાનું વલણ ધરાવે છે.
  શ્રદ્ધા ફરજ બજાવવા બદ્ધકક્ષ છે.

**♦પર્યાયઅર્થો નિત્ય શુદ્ધો રહિત કર્મોપાધિ રે;**
**જિમ સિદ્ધના પર્યાય સરખા✡, ભવજંતુના નિરુપાધિ❖ રે ॥૬/૫॥ (૭૮) બહુ.**

**કર્મોપાધિરહિત નિત્યશુદ્ધપર્યાયાર્થિક** પાંચમો ભેદ.

---

पञ्चमं पर्यायार्थिकप्रकारं प्रदर्शयति – '**कर्मे**'ति।

**कर्मोपाध्यनपेक्षे तु सन्नित्यः पर्ययार्थिकः।**
**यथा संसारिपर्याये सिद्धपर्यायतुल्यता।।६/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – कर्मोपाध्यनपेक्षे तु पर्ययार्थिकः सन्नित्यः (ज्ञेयः), यथा संसारिपर्याये सिद्धपर्यायतुल्यता।।६/५।।

**कर्मोपाध्यनपेक्षे** = कर्मजन्योपाधिनिरपेक्षतायां **तु पर्यायार्थिकः** नयः **सन्नित्यः** = शुद्धो नित्यो ज्ञेयः। "तु भेदावधारणयोः" (वै.को.८/७/४/पृ.२१५) इति **वैजयन्तीकोशा**नुसारेण विशेषार्थे तुः ज्ञेयः। अयं भावः – उपाधीयते = व्यपदिश्यते येनेति उपाधिः = विशेषणमुपलक्षणं वा। स उपाधिः कर्मणा ज्ञानावरणीयादिना जायते। तदुक्तम् **आचाराङ्गे** [1]"कम्मुणा उवाही जायइ" (आचा.१/३/१/११०) इति। नृ-नारकादीन् कर्मजन्योपाधीन् सतोऽप्युपेक्ष्य शुद्धं स्वाभाविकं पर्यायं गृह्णाति यः स शुद्धनित्यपर्यायार्थिकनयः।

---

[illegible] :- હવે પાંચમા પર્યાયાર્થિકનયનું ગ્રંથકારશ્રી નિરૂપણ કરે છે :-

### ❋ પર્યાયાર્થિકનો પાંચમો ભેદ ઓળખીએ ❋

[illegible] :- કર્મોપાધિથી નિરપેક્ષ હોય તે પર્યાયાર્થિક શુદ્ધ નિત્ય જાણવો. જેમ કે 'સંસારી પર્યાયમાં સિદ્ધપર્યાયતુલ્યતા છે' - આવું વચન. (૬/૫)

[illegible] :- કર્મજન્ય ઉપાધિથી નિરપેક્ષતા આવે તો તે પર્યાયાર્થિકનય શુદ્ધ નિત્ય જાણવો. "ભેદ = વિશેષ = તફાવત તથા અવધારણ અર્થમાં 'तु' વપરાય" - આમ **વૈજયંતીકોશ**માં કહેલ છે. તે મુજબ 'तु' શબ્દ અહીં ચોથા પર્યાયાર્થિક કરતાં તફાવત દર્શાવવાના અર્થમાં વપરાયેલ છે. આશય એ છે કે 'उपाधीयते = व्यपदिश्यते अनेन इति उपाधिः' - આ વ્યુત્પત્તિ એવું કહે છે કે જેના દ્વારા વ્યવહાર થાય તે ઉપાધિ કહેવાય. વસ્તુનો વ્યવહાર વિશેષણ કે ઉપલક્ષણ દ્વારા થાય. તેથી વિશેષણને અને ઉપલક્ષણને ઉપાધિ તરીકે સમજવા. સ્થાયી ગુણધર્મ હોય તે વિશેષણ કહેવાય. અલ્પકાલીન ગુણધર્મ હોય તે ઉપલક્ષણ કહેવાય. જીવમાં વિશેષણ કે ઉપલક્ષણ સ્વરૂપ ઉપાધિ જ્ઞાનાવરણ વગેરે કર્મ દ્વારા ઉત્પન્ન થાય છે. કારણ કે **આચારાંગસૂત્ર**માં જણાવેલ છે કે 'કર્મથી ઉપાધિ ઉત્પન્ન થાય છે.' આત્માના મનુષ્ય-નરક વગેરે પર્યાયો કર્મજન્ય ઉપાધિ છે. સંસારી જીવમાં કર્મજન્ય ઉપાધિ = ઔપાધિકભાવો હોવા છતાં તેની ઉપેક્ષા કરીને જે શુદ્ધ સ્વાભાવિક પર્યાયને ગ્રહણ કરે તે શુદ્ધ નિત્ય પર્યાયાર્થિકનય કહેવાય છે.

---

♦ લા.(૨)+મ.માં 'અરથો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ લા.(૨)+મ.માં 'સરિખા' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ❖ કો.(૩)માં 'પર્યાય રે' પાઠ. 1. कर्मणा उपाधिः जायते।

**જિમ ભવજંતુના** = સંસારીજીવના **પર્યાય** તે **સિદ્ધ** જીવના **સરખા** કહિઈ. (**નિરુપાધિ**=) કર્મોપાધિભાવ☸ છતા છઈ તેહની વિવક્ષા ન કરી●, જ્ઞાન-દર્શન-ચારિત્ર શુદ્ધપર્યાયની જ વિવક્ષા કરી❖. ॥૬/૫॥

उदाहरणमुपदर्शयति – **यथा संसारिपर्याये** = भवस्थप्राणिपर्याये **सिद्धपर्यायतुल्यता** = सिद्धपर्यायेण साकं समानता 'प्राधान्येन व्यपदेशा भवन्ती'ति न्यायाद् अनेनाऽभ्युपगम्यते, नृ-नारकादिपर्यायेषु सतोऽपि कर्मजन्योपाधित्वस्याऽविवक्षणेन स्वाभाविकज्ञान-दर्शन-चारित्रादिलक्षणशुद्धपर्यायाणां विवक्षणात्। शुद्धपर्यायाणां स्वाभाविकत्वेन नित्यत्वात् तद्ग्राहिणोऽस्य नित्यशुद्धपर्यायार्थिकत्वं सङ्गच्छते।

***ननु* देवसेनेन आलापपद्धतौ** "कर्मोपाधिनिरपेक्षस्वभावोऽनित्यशुद्धपर्यायार्थिकः, यथा सिद्धपर्यायसदृशाः शुद्धाः संसारिणां पर्यायाः" (आ.प.पृ.७) इत्येवमस्य अनित्यशुद्धपर्यायार्थिकनाम दर्शितम्। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** चाऽपि [1]"देहीणं पज्जाया सुद्धा सिद्धाण भणइ सारित्था। जो इह अणिच्च सुद्धो पज्जयगाही हवे स णओ।।" (न.च.३१, द्र.स्व.प्र.२०३) इति। अत्र च नयनिरूपणं देवसेनमतानुसारेणैव

**❈ ઉપાધિ કર્મજન્ય ❈**

(**उदाह.**) શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રી પાંચમા પર્યાયાર્થિકનયનું ઉદાહરણ બતાવે છે. જેમ કે 'સંસારી જીવના પર્યાય સિદ્ધ ભગવંતના પર્યાય જેવા છે' - આવું વચન શુદ્ધ નિત્ય પર્યાયાર્થિકનય છે. સંસારી જીવના મનુષ્ય-નરક વગેરે પર્યાયો કર્મજન્ય ઉપાધિ સ્વરૂપ છે. આ હકીકત છે. તેમ છતાં તે પર્યાયો તુચ્છ, નિર્મૂલ્ય અને નિર્માલ્ય છે. પરંતુ 'વ્યવહાર તો મુખ્ય સ્વરૂપને લક્ષમાં રાખીને જ થાય' - આ ન્યાય મુજબ પ્રસ્તુત નય સંસારીપર્યાયોમાં રહેલ કર્મજન્યઉપાધિપણાની ઉપેક્ષા કરે છે. ઔપાધિક ભાવોમાં રહેલ ઔપાધિકપણાની વિવક્ષા કર્યા વિના જીવમાં રહેલ સ્વાભાવિક જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે શુદ્ધ પર્યાયોને જ આ નય જુએ છે. આ રીતે સંસારી જીવમાં સત્તારૂપે રહેલા શુદ્ધ પર્યાયોની વિવક્ષા કરીને પાંચમો પર્યાયાર્થિકનય સંસારી જીવના પર્યાયને સિદ્ધ ભગવંતના પર્યાય જેવા કહે છે. શુદ્ધ પર્યાયો સ્વાભાવિક હોવાથી નિત્ય છે. નિત્ય શુદ્ધ પર્યાયોને ગ્રહણ કરવાથી પ્રસ્તુત નય નિત્યશુદ્ધપર્યાયાર્થિક છે - આ વાત સંગત થાય છે.

**❈ પાંચમા પર્યાયાર્થિકના નામ અંગે વિવાદ ❈**

[illegible] :- (**ननु.**) આપની ઉપરોક્ત વાતનો **દેવસેનજી**ની વાત સાથે વિરોધ આવે છે. આનું કારણ એ છે કે **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તેમણે જણાવેલ છે કે "કર્મોપાધિનિરપેક્ષસ્વભાવવાળો અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય પાંચમો છે. જેમ કે 'સંસારી જીવના પર્યાયો સિદ્ધપર્યાય જેવા શુદ્ધ છે'- આવું વચન." આવું કહેવા દ્વારા તેમણે પાંચમા પર્યાયાર્થિકનું 'અનિત્ય-શુદ્ધ પર્યાયાર્થિક' આ પ્રમાણે નામ દર્શાવેલ છે. **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** નામના ગ્રંથમાં પણ કહેવામાં આવેલ છે કે 'દેહધારી જીવોના પર્યાયો સિદ્ધોના પર્યાય જેવા શુદ્ધ છે - આ પ્રમાણે જે નય કહે તે અનિત્ય શુદ્ધ પર્યાયગ્રાહકનય થાય છે.' મતલબ નયચક્ર વગેરેમાં પણ પાંચમા પર્યાયાર્થિકનયનું નામ અનિત્યશુદ્ધ પર્યાયાર્થિક છે. તથા

☸ લી.(૩)માં 'ભાવ જીવ છતા' પાઠ. ● કો.(૧૨)માં 'કરવી' પાઠ. ❖ કો.(૭)માં 'કરવી' પાઠ.

1. देहिनां पर्यायाः शुद्धाः सिद्धानां भणति सदृशाः। य इहाऽनित्यः शुद्धः पर्ययग्राही भवेत् स नयः।।

क्रियते। ततोऽस्याभिधानं किं 'नित्यशुद्धपर्यायार्थिकनय' इति सङ्गच्छते 'अनित्यशुद्धपर्यायार्थिकनय' इति वा ? इति संशय उपतिष्ठते ***इति चेत्*** ?

***अत्रोच्यते*** – अस्य पञ्चमस्य पर्यायार्थिकनयस्य शुद्धत्वेन क्षणभिदेलिमपर्यायग्राहकत्वाद् 'अनित्यशुद्धपर्यायार्थिकनय' इत्यभिधानमिति देवसेनाभिप्रायः सम्भाव्यते। किन्तु महोपाध्याययशोविजयगणिवरैः 'द्रव्य-गुण-पर्यायरास'नाम्नि अपभ्रंशभाषानिबद्धे प्रबन्धे पञ्चमस्य पर्यायार्थिकनयस्य 'नित्यशुद्धपर्यायार्थिकनय' इत्यभिधानं दर्शितमिति तदनुसारेण रचिते द्रव्यानुयोगपरामर्शप्रकरणेऽस्माभिः पञ्चमपर्यायार्थिकप्रतिपादनावसरे 'सन्नित्यः पर्ययार्थिकः' इत्युक्तं तथैव चेह यथाश्रुतग्रन्थसङ्गतिकृते द्रव्यानुयोगपरामर्शकर्णिकायां विवृतम्। **देवसेनानुयायिना शुभचन्द्रेण** रचितायां **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (गा.२७०/वृ.पृ.१९४) **विजयानन्दसूरिकृते** च **तत्त्वनिर्णयप्रासादे** (पृ.७१९) "नित्यशुद्धे"त्युपलभ्यत इत्यवधेयम्।

शुद्धपर्यायाणां ज्ञान-दर्शनादिलक्षणानां सहजतया नित्यत्वाद् विषयगतं नित्यत्वलक्षणं धर्मं विषयिणि उपचर्य तस्य नित्यशुद्धपर्यायार्थिकत्वं महोपाध्याययशोविजयैरभिहितम्। देवसेनेन तु

---

તમે અહીં જે પર્યાયાર્થિકનયનું નિરૂપણ કરી રહ્યા છો તે દિગંબર દેવસેનજીના મત મુજબ જ કરી રહ્યા છો. તેથી પાંચમા પર્યાયાર્થિકનું નામ 'અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક' છે કે 'નિત્ય શુદ્ધપર્યાયાર્થિક'? આવા પ્રકારનો સંશય અહીં ઉપસ્થિત થાય છે.

## ❋ દિગંબર - શ્વેતાંબર કથનભેદનું સમાધાન ❋

[redacted] :- (अत्रो.) તમારી વાત સાચી છે. 'અનિત્ય-શુદ્ધ પર્યાયાર્થિક' આમ આનું નામ રાખવાની પાછળ દેવસેનજીનો આશય એવો જણાય છે કે - પ્રસ્તુત નય શુદ્ધ પર્યાયાર્થિક છે. તેથી તે ક્ષણભંગુર પર્યાયનો જ ગ્રાહક છે. આમ અનિત્ય શુદ્ધ પર્યાયનો ગ્રાહક હોવાથી દેવસેનજીને પ્રસ્તુત નયનું 'અનિત્ય શુદ્ધપર્યાયાર્થિકનય' આવું નામ વ્યાજબી જણાય છે. પરંતુ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ 'દ્રવ્ય-ગુણ -પર્યાયનો રાસ' નામના પ્રબંધ ગ્રંથમાં પ્રસ્તુત પાંચમા નયનું નામ 'નિત્યશુદ્ધપર્યાયાર્થિક નય' આ પ્રમાણે જણાવેલ હોવાથી તેને અનુસરીને રચાયેલ પ્રસ્તુત '**દ્રવ્યાનુયોગપરામર્શ**' પ્રકરણમાં અમારા દ્વારા (**મુનિ યશોવિજય** ગણી દ્વારા) પાંચમા પર્યાયાર્થિકનયનું પ્રતિપાદન કરવાના અવસરે 'નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય' આ પ્રમાણે ઉલ્લેખ કરાયેલ છે. તેમ જ પ્રસ્તુતમાં યથાશ્રુત '**દ્રવ્યાનુયોગપરામર્શ**' ગ્રંથની સંગતિ કરવા માટે '**દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા**' વ્યાખ્યામાં તે રીતે જ અમે વિવરણ = 'નિત્યશુદ્ધપર્યાયાર્થિકનય' નામનું સમર્થન કરેલ છે. વળી, **દેવસેન**ના અનુયાયી **શુભચન્દ્ર** દ્વારા રચાયેલ **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં તથા **વિજયાનંદસૂરિ** દ્વારા રચાયેલ **તત્ત્વનિર્ણયપ્રાસાદ**માં પણ 'નિત્ય શુદ્ધ' આવું વિશેષણ મળે છે - આ ધ્યાનમાં રાખવું.

## ❋ શુદ્ધ પર્યાયો નિત્ય ❋

(शुद्ध.) જ્ઞાન-દર્શન વગેરે પર્યાયો શુદ્ધ છે. તે પર્યાયો સહજ હોવાના લીધે નિત્ય છે. તે પાંચમા પર્યાયાર્થિકનયનો વિષય છે. તેથી વિષયગત નિત્યત્વ નામના ગુણધર્મનો વિષયીમાં = પાંચમા પર્યાયાર્થિકનયમાં

नित्यपर्यायग्राहित्वे शुद्धपर्यायार्थिकत्वाऽसम्भवात् शुद्धज्ञानादिपर्यायाणामपि क्षणिकत्वेनैव ग्रहणादस्या-नित्यशुद्धपर्यायार्थिकत्वं विवक्षितमिति सम्भाव्यते।

**महोपाध्याययशोविजयैः** तु निरुपाधिकपर्यायाणामेव शुद्धपर्यायत्वात् तेषाञ्च नित्यत्वादेव पञ्चमपर्यायार्थिकस्य नित्यपर्यायग्राहित्वेऽपि विषयगतां शुद्धिं विषयिणि उपचर्य तस्य शुद्धत्वं विवक्षितमिति 'नित्यशुद्धपर्यायार्थिक' इत्यभिधानं सङ्गच्छतेतराम्। इत्थञ्च पञ्चमे पर्यायार्थिके निजशुद्धस्वरूपसापेक्षमनित्यत्वं स्वविषयस्वरूपसापेक्षं तु नित्यत्वमित्यत्राऽपि भगवान् स्याद्वाद एव विजयतेतराम्।

इत्थमभिधानभेदबीजोपदर्शनेन उभयत्र यथार्थाभिधानता 'सिद्धस्य गतिः चिन्तनीया' इति न्यायतः समर्थिता।

---

ઉપચાર = આરોપ કરીને **'द्रव्य-गुण-पर्यायरास'** ગ્રંથમાં પાંચમા પર્યાયાર્થિકનયનું 'નિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય' આવું નામ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ હોય તેમ જણાય છે. તથા **દેવસેનજી**એ તો 'નિત્ય પર્યાયને ગ્રહણ કરે તો પાંચમો પર્યાયાર્થિક વાસ્તવમાં શુદ્ધપર્યાયાર્થિક ન બની શકે. તેથી પાંચમો પર્યાયાર્થિક જ્ઞાનાદિ શુદ્ધ પર્યાયોને પણ ક્ષણિકત્વરૂપે જ ગ્રહણ કરે' - આવા આશયથી પાંચમા પર્યાયાર્થિકમાં અનિત્યશુદ્ધપર્યાયાર્થિકત્વની વિવક્ષા કરીને 'અનિત્યશુદ્ધપર્યાયાર્થિકનય' આવું નામ પ્રસ્તુત નયનું રાખેલ હોય તેવી સંભાવના જણાય છે.

### ❁ મહોપાધ્યાયજીની કલમની કમાલ ❁

**(महो.) મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજનો અભિપ્રાય એવો જણાય છે કે નિરુપાધિક પર્યાયો જ શુદ્ધ પર્યાય કહેવાય. તથા કર્મ વગેરે ઉપાધિથી જન્ય ન હોવાના કારણે નિરુપાધિક પર્યાયોનો ઉચ્છેદ થવાને કોઈ અવકાશ નથી. આમ આત્માના નિરુપાધિક = સ્વાભાવિક કેવલજ્ઞાનાદિ પર્યાયો નિત્ય છે. તથા પાંચમો પર્યાયાર્થિકનય નિત્યપર્યાયનો ગ્રાહક હોવા છતાં પણ વિષયગત શુદ્ધિનો વિષયીમાં = પાંચમા પર્યાયાર્થિકનયમાં ઉપચાર કરીને તેમણે પાંચમા પર્યાયાર્થિકમાં શુદ્ધત્વની વિવક્ષા કરી હોવાથી 'નિત્યશુદ્ધપર્યાયાર્થિક' આવું નામ સંગત જ છે - આવું જણાય છે. આમ પાંચમા પર્યાયાર્થિકનયમાં પોતાના શુદ્ધ સ્વરૂપની અપેક્ષાએ અનિત્યત્વ અને પોતાના વિષયના સ્વરૂપની અપેક્ષાએ નિત્યત્વ માની શકાય છે. તેથી સર્વત્ર વિજયી ભગવાન સ્યાદ્વાદ જ પ્રસ્તુતમાં અત્યંત વિજય પામે છે.

### ❁ શિષ્ટકર્તવ્યનું પાલન ❁

**(इत्थ.) મહોપાધ્યાયજી**એ અને **દેવસેનજી**એ પાંચમા પર્યાયાર્થિકનયના જે વિભિન્ન નામો દર્શાવેલા છે, તેનું 'सिद्धस्य गतिः चिन्तनीया' - ન્યાયથી ઉપરોક્ત રીતે સમર્થન અહીં અમે નામભેદનું કારણ દર્શાવવા દ્વારા કરેલ છે. જે બાબત પ્રસિદ્ધ હોય તેનો વિવેકદૃષ્ટિથી સમન્વય થાય તો તેનું યોગ્ય સમર્થન કરવું એ શિષ્ટ પુરુષનું કર્તવ્ય છે. તે રીતે પ્રસિદ્ધ નામભેદનું અહીં સમર્થન કરેલ છે.

### ❁ નયશુદ્ધિ સ્વરૂપસાપેક્ષ અને વિષયસાપેક્ષ ❁

**સ્પષ્ટતા** :- પર્યાયાર્થિકનય શુદ્ધ તો જ કહેવાય જો તે ક્ષણિક પર્યાયને ગ્રહણ કરે. આમ પર્યાયાર્થિકનયના શુદ્ધ સ્વરૂપની અપેક્ષાએ પાંચમા પર્યાયાર્થિકમાં અનિત્યતા આવે. આમ દેવસેનજીનું

[1]"सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा" (नि.सा.४९) इति **नियमसारोक्तिः**, "संसारिणाञ्च सिद्धानां न शुद्धनयतो भिदा" (अ.सा.१८/१५४) इति पूर्वोक्ता (५/१०) **अध्यात्मसारोक्तिः**, "स्वरूपाऽवस्थितः शुद्धः सिद्धः शिवे भवेऽप्यहो" (अ.गी.२३/२) इति च **अर्हद्गीतोक्तिश्च** स्मर्तव्याः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'संसारिपर्यायः सिद्धपर्यायसम' इति पञ्चमपर्यायार्थिकनयाभिप्रायं चेतसिकृत्य कस्यचित् कर्मजन्यमलिनपर्यायाणां दर्शने तान् उपसर्जनीकृत्य उपेक्ष्य च तदात्मगतशुद्धाऽऽवृतपर्यायान् प्रकृतनयदृष्ट्या प्रेक्ष्य जीवद्वेषादिभावाः प्रतिरोध्याः। इत्थञ्चेन्द्रियसुखातिशायि स्वकीयसिद्धदशासुखं प्रादुर्भवति। सिद्धसुखञ्च **भगवती आराधना** [2]"अव्वाबाधं च सुहं सिद्धा जं अणुहवंति लोगग्गे। तस्स हु अणंतभागो इंदियसोक्खं तयं होज्ज।।" (भ.आ.२१४९/भाग-२/पृ.१८४३) इत्येवमुपदर्शयति।।६/५।।

---

તાત્પર્ય જણાય છે. મહોપાધ્યાયજીનું તાત્પર્ય એવું લાગે છે કે "નિરુપાધિક પર્યાયો જ શુદ્ધ કહેવાય. નિરુપાધિક પર્યાયો તો નિત્ય જ હોય. આમ પ્રસ્તુતનયવિષયીભૂત શુદ્ધપર્યાયના સ્વરૂપની અપેક્ષાએ પ્રસ્તુત નયમાં નિત્યત્વ આવે છે. આથી સ્વવિષયસ્વરૂપની અપેક્ષાએ પાંચમા પર્યાયાર્થિકનયમાં નિત્યત્વ આવે છે. તેથી તેનું 'નિત્યશુદ્ધપર્યાયાર્થિકનય' નામ વ્યાજબી છે." આમ સ્વશુદ્ધસ્વરૂપસાપેક્ષ અનિત્યત્વ અને સ્વવિષયસ્વરૂપસાપેક્ષ નિત્યત્વ - બન્ને ગુણધર્મો તેમાં સંગત થાય છે.

("स.) 'શુદ્ધનયથી સંસારમાં સર્વે જીવો સિદ્ધસ્વભાવી છે' - આવી **નિયમસાર**ની ગાથા પણ પ્રસ્તુતમાં યાદ કરવા યોગ્ય છે. પૂર્વોક્ત (૫/૧૦) **અધ્યાત્મસાર** શ્લોકમાં તથા **અર્હદ્ગીતા**માં પણ આ પ્રકારની જ વાત કરેલી છે.

### ❋ કર્મજન્ય પર્યાય પ્રત્યે મધ્યસ્થતા કેળવીએ ❋

[illegible] :- 'સંસારી પર્યાય સિદ્ધપર્યાય સમાન છે' - પાંચમા પર્યાયાર્થિકનયની આ વાત હૃદયગત કરીને કોઈ પણ વ્યક્તિના કર્મજન્ય નબળા પર્યાય જોવા મળે ત્યારે તેને ગૌણ કરી, તેની ઉપેક્ષા કરી, આત્મગત શુદ્ધ આવૃત પર્યાયોને પ્રસ્તુત નયદૃષ્ટિથી નિહાળી તે વ્યક્તિ પ્રત્યે મનમાં ઊભા થતા ધિક્કાર-તિરસ્કાર આદિ ભાવોને અટકાવવા. આમ કરવાથી ઈન્દ્રિયજન્ય સુખો કરતાં ચઢિયાતું પોતાની સિદ્ધદશાનું સુખ પ્રગટ થાય છે. સિદ્ધ ભગવંતના સુખને **ભગવતી આરાધના** ગ્રંથ આ રીતે જણાવે છે કે 'લોકાગ્ર ભાગમાં રહેલા સિદ્ધ ભગવંતો જે અવ્યાબાધ સુખને અનુભવે છે તેનો અનંતમો ભાગ ઈન્દ્રિયજન્ય સુખ બને.' આ સિદ્ધસુખને પ્રગટ કરવાની હિતશિક્ષા અહીં મળે છે. (૬/૫)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ એ બંધન તરફની આંધળી દોટ છે.**
  **શ્રદ્ધા એ મુક્તિ તરફનું વિરાટ ઉડ્ડયન છે.**

---

1. सर्वे सिद्धस्वभावाः शुद्धनयात् संसृतौ जीवाः।
2. अव्याबाधञ्च सुखं सिद्धा यद् अनुभवन्ति लोकाग्रे। तस्य हि अनन्तभाग इन्द्रियसौख्यं तद् भवेत्।।

**પર્યાયઅર્થો♦ ※અનિત્ય✡અશુદ્ધો, સાપેક્ષ કર્મોપાધિ રે;**
**સંસારવાસી જીવનઈં જિમ, જનમ-મરણહ-વ્યાધિ રે ॥૬/૬॥ (૭૯) બહુ.**

**કર્મોપાધિસાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક** એહ છઠો ભેદ ✱જાણવો. **જિમ "સંસારવાસી જીવનઈં જનમ-મરણ-વ્યાધિ** છઈ" - ઈમ કહિયઈં. ઈહાં જન્માદિક પર્યાય જીવના કર્મસંયોગજનિત અનિત્ય♦ અશુદ્ધ

---

षष्ठं पर्यायार्थिकभेदं प्रतिपादयति – '**अनित्ये**'ति।

**अनित्याऽशुद्धपर्यायनय उपाध्यपेक्षकः।**
**संसारिणो यथा जन्म-मरण-व्याधिपर्ययाः।।६/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – उपाध्यपेक्षकः अनित्याऽशुद्धपर्यायनयः, यथा 'संसारिणः जन्म-मरण-व्याधिपर्ययाः'।।६/६।।

**उपाध्यपेक्षकः** = कर्मजन्योपाधिसापेक्षः **अनित्याऽशुद्धपर्यायनयः** = अनित्याऽशुद्धविषयग्राहकः पर्यायार्थिको नय उच्यते। **यथा 'संसारिणो** जीवस्य **जन्म-मरण-व्याधिपर्ययाः** भवन्ति' इति अनेनोच्यते। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"भणइ अणिच्चाऽसुद्धा चउगइजीवाण पज्जया जो हु। होइ विभाव-अणिच्चो असुद्धओ पज्जयत्थिणओ।।" (न.च. ३२, द्र.स्व.प्र. २०४) इति। **यथोक्तम् आलापपद्धतौ** अपि "कर्मोपाधिसापेक्षस्वभावोऽनित्याऽशुद्धपर्यायार्थिकः, यथा संसारिणामुत्पत्ति-मरणे स्तः" (आ.प.पृ.७) इति। जन्म-मरणप्रभृतिलक्षणानां कर्मजन्योपाधीनामनित्यत्वादशुद्धत्वाच्चाऽस्य अनित्याऽशुद्धपर्यायार्थिकत्वं

---

[illegible] :- દેવસેનસંમત પર્યાયાર્થિકનયના છઠ્ઠા ભેદને ગ્રંથકારશ્રી છઠ્ઠા શ્લોકમાં દર્શાવે છે :-

### ❁ પર્યાયાર્થિકના છઠ્ઠા ભેદનું વિવરણ ❁

[illegible] :- કર્મોપાધિસાપેક્ષ અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે. જેમ કે 'સંસારી જીવના જન્મ-મરણ-વ્યાધિ વગેરે પર્યાયો હોય છે' - આવું વાક્ય. (૬/૬)

[illegible] :- કર્મજન્ય ઉપાધિની અપેક્ષાથી પોતાનું મંતવ્ય રજુ કરનાર નય અનિત્ય-અશુદ્ધ વિષયગ્રાહક પર્યાયાર્થિકનય કહેવાય છે. જેમ કે 'સંસારી જીવના જન્મ, મરણ, રોગ વગેરે પર્યાયો હોય છે' - આવું કર્મોપાધિસાપેક્ષ અનિત્યઅશુદ્ધ-પર્યાયાર્થિકનય કહે છે. **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ચારેય ગતિમાં રહેલા જીવોના અનિત્ય અને અશુદ્ધ પર્યાયોને જે નય કહે તે વિભાવ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય જાણવો.' **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "કર્મોપાધિસાપેક્ષસ્વભાવવાળો અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિકનય છઠ્ઠો ભેદ છે. જેમ કે 'સંસારી જીવોના જન્મ અને મરણ થાય છે' - આવું વચન." જન્મ, મરણ વગેરે અવસ્થાઓ કર્મજન્ય ઉપાધિસ્વરૂપ

---

♦ મ.માં 'અર્થ' પાઠ. શાં.માં 'અરથો' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ※ મો.(૧)માં 'નિત્ય' અશુદ્ધ પાઠ. ✡ પુસ્તકોમાં 'અનિતિ' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ✱ પુસ્તકોમાં 'જાણવો' પાઠ નથી. કો.(૧૩)માં છે. ♦ પુસ્તકોમાં 'અનિત્ય' પાઠ નથી. કો.(૭+૧૩)+ લી.(૨+૩)માં છે. 1. भणत्यनित्याऽशुद्धांश्चतुर्गतिजीवानां पर्यायान् यो हि। भवति विभावाऽनित्योऽशुद्धपर्यायार्थिको नयः।।

છઈ, તે કહિયા. તે જન્માદિક પર્યાય છઈ, તો તેહના નાશનઈં અર્થઈં મોક્ષાર્થઈ જીવ પ્રવર્ત્તઈ છઈ.
*ઈત્યાદિક ઈમ એ ભાવાર્થ જાણવો. ઈતિ ૭૯ ગાથાનો અર્થ પૂર્ણ.* ॥६/६॥

---

सङ्गच्छत एव। मोक्षप्रतिपन्थिनां जन्माद्यशुद्धाऽनित्यपर्यायाणां तज्जनककर्मणाञ्च नाश्यत्वं ज्ञात्वा मोक्षार्थी तन्नाशार्थं प्रवर्तते। न हि मोक्षप्रतिपन्थिविगमविरहे शुद्धपर्यायः पञ्चमपर्यायार्थिकनयेनोपदिष्टो जीवात्मनि प्रादुर्भवति। ततश्च तदुच्छेदे यत्नः श्रेयान्।

यदपि **पौष्करागमे पशुपटले** "न देहस्यैव जन्माद्याः, देहाद्यैः सह चात्मनाम्" (पौ.प.प.७९) इत्युक्तम्, तदप्यत्रानुयोज्यं यथानयम्।

इत्थमत्र (१) अनादि-नित्यः पर्यायार्थिकनयः, (२) सादि-नित्यः पर्यायार्थिकनयः, (३) सत्तागौणत्वेनोत्पाद-व्ययग्राहकस्वभावोऽनित्यशुद्धपर्यायार्थिकनयः, (४) सत्तासापेक्षोत्पाद-व्ययग्राहकः अनित्याऽशुद्धपर्यायार्थिकनयः, (५) कर्मोपाधिनिरपेक्षस्वभावो नित्यशुद्धपर्यायार्थिकनयः (६) कर्मोपाधिसापेक्षो विभावाऽनित्याऽशुद्धपर्यायार्थिकनयः इति षड्विधः पर्यायार्थिकनयः सोदाहरणं व्याख्यातः।

---

છે. માટે જ તે અનિત્ય અને અશુદ્ધ છે. તેને છઠ્ઠો પર્યાયાર્થિકનય પોતાનો વિષય બનાવે છે. તેથી તેનું અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિક નામ સાર્થક જ છે. જન્મ-મરણ વગેરે પર્યાયો અનિત્ય છે, અશુદ્ધ છે. તથા તે મોક્ષના પ્રતિબંધક છે. જન્મ-મરણ વગેરે જ્યાં સુધી થયા કરે ત્યાં સુધી મોક્ષ થવો શક્ય નથી. વળી, તે જન્મ-મરણાદિ ઉપાધિઓનો તથા તેને ઉત્પન્ન કરનાર કર્મોનો નાશ થવો શક્ય છે. તે નાશ કરવા યોગ્ય છે. આ પ્રમાણે જાણીને મોક્ષાર્થી જીવ તેના નાશ માટે પ્રવર્તે છે. આવું થવું વ્યાજબી જ છે. કારણ કે જ્યાં સુધી મોક્ષના વિરોધી તત્ત્વનો વિચ્છેદ ન થાય ત્યાં સુધી પાંચમા નિત્યશુદ્ધ પર્યાયાર્થિક નય દ્વારા દર્શાવાયેલ શુદ્ધ પર્યાય આત્મામાં પ્રગટ થઈ શકતો નથી. તેથી મોક્ષપ્રતિબંધક તત્ત્વોના ઉચ્છેદ માટે પ્રયત્ન કરવો તે શ્રેયસ્કર છે.

### ❀ દેહ સાથે આત્માના પણ જન્મ-મરણ ❀

(यदपि.) **પશુપટલ** નામના **પૌષ્કરઆગમ**માં જે જણાવેલ છે કે 'ફક્ત શરીરના જ જન્મ-મરણ વગેરે થતા નથી પરંતુ શરીર વગેરેની સાથે આત્માના પણ જન્મ-મરણ વગેરે થાય છે' - તે વાત પણ અહીં છઠ્ઠા પર્યાયાર્થિકનય અનુસાર સંગત કરવી.

**સ્પષ્ટતા** :- અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય આત્મામાં જન્મ-મરણ વગેરે અનિત્ય-અશુદ્ધ પર્યાયોને સ્વીકારે છે. પશુપટલ ગ્રંથનું ઉપરોક્ત વચન અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિકનયના અભિપ્રાયને અનુસરનારું છે.

(इत्थ.) આ રીતે પ્રસ્તુત છઠ્ઠી શાખામાં (૧) અનાદિ-નિત્ય પર્યાયાર્થિકનય, (૨) સાદિ-નિત્ય પર્યાયાર્થિકનય, (૩) સત્તાને ગૌણ કરીને ઉત્પાદ-વ્યયગ્રાહકસ્વભાવ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય, (૪) સત્તાસાપેક્ષ ઉત્પાદ-વ્યયગ્રાહક અનિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનય, (૫) કર્મોપાધિનિરપેક્ષસ્વભાવ નિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય, (૬) કર્મોપાધિસાપેક્ષ વિભાવ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય - આમ છ પ્રકારના

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

**देवसेनानुयायिना शुभचन्द्रेण कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (गा.२७०) इत्थमेव सोदाहरणं षड्विधः पर्यायार्थिकः कथञ्चिन्नामभेदेन निरूपितः। **देवचन्द्रवाचकेन आगमसारे** (पृ.१६) **बुद्धिसागरसूरिभिश्च षड्द्रव्यविचारे** (पृ.२१) कथञ्चिन्नामभेदेन क्वचिदर्थभेदेन च षड्विधः पर्यायार्थिक उपदर्शित इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – **(१)** 'जन्म-जरा-मरण-रोगोपद्रवादयः औपाधिकपर्याया विनश्वरा' इत्यभ्युपगमो निरुत्साहताऽऽवर्तादात्मार्थिनम् उद्धरति, **(२)** आशामोदकतृप्तिन्यायेन च स्वजन्ममहोत्सवादिपरायणम् आत्मानं निवारयति। **(३)** 'औपाधिकपर्यायकारणं कर्म' इति कृत्वा कर्मोच्छेदेनैव औपाधिकपर्याया उच्छेत्तुमर्हन्ति, नान्यथा तन्मोक्षसम्भवः। इत्थमौपाधिकपर्याय-जनककर्मोच्छेदकाऽऽराधनोत्साहः प्रादुर्भवति। तदर्थमादौ अजन्मन आत्मनः जन्म कलङ्कतया प्रत्येतव्यम्। 'नैकमपि अभिनवं जन्म मया धारणीयम्' इति प्रणिधातव्यम्। इत्थमऽजाऽजराऽ-मरात्मस्वरूपसाधना वेगवती संवेगवती च सञ्जायते इति षष्ठपर्यायार्थिकनयोपदेशः इह ग्राह्यः। ततश्च "उपाधिजनिता भावा ये ये जन्म-जरादिकाः। तेषां तेषां निषेधेन सिद्धं रूपं परात्मनः।।" (प.प.१८) इत्येवं **परमात्मपञ्चविंशतिका**प्रदर्शितं सिद्धस्वरूपमाविर्भवति।।६/६।।

---

પર્યાયાર્થિકનયની ઉદાહરણસહિત છણાવટ થઈ.

(देव.) **દેવસેનના** (વિ.સં.૯૯૦) અનુયાયી **શુભચન્દ્રજીએ** (વિ.સં. ૧૫૭૩ થી ૧૬૧૩) **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યામાં** આ જ મુજબ ઉદાહરણસહિત છ પ્રકારના પર્યાયાર્થિકનું આંશિક નામભેદથી નિરૂપણ કરેલ છે. પરંતુ **દેવચન્દ્રજી** ઉપાધ્યાયે **આગમસાર** પ્રકરણમાં તથા શ્રી**બુદ્ધિસાગરસૂરિજીએ ષડ્દ્રવ્યવિચાર** ગ્રંથમાં આંશિક નામભેદથી તથા ક્યાંક અર્થભેદથી છ પ્રકારના પર્યાયાર્થિકનયનું પ્રતિપાદન કરેલ છે. તેનો ખ્યાલ રાખવો.

### ❀ ...તો અજન્મા થવાની સાધના પ્રાણવંતી બને ❀

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) 'જન્મ-મરણ-રોગ-ઉપદ્રવો વગેરે પર્યાયો વિનાશી છે' - આ સ્વીકાર હતાશાના વમળમાં ફસાતા સાધકને બચાવે છે. (૨) તેમજ કલ્પનાના લાડુ ખાવામાં મશગૂલ શેખચલ્લીની જેમ પોતાના જન્મદિનની ઉજવણી (Birthday Party) વગેરેમાં ગળાડૂબ જીવને તેમાંથી અટકાવવાનું કામ પણ આ સ્વીકાર કરે છે. (૩) તે ઔપાધિક પર્યાયોનું કારણ કર્મ છે. તેથી કર્મને હટાવવા દ્વારા જ જન્મ-મરણ વગેરે પર્યાયોને હટાવી શકાય. અન્યથા તેનાથી આત્માનો છૂટકારો = મોક્ષ થઈ ન શકે. આ વાત ઔપાધિક જન્મ-મરણાદિ પર્યાયને ઉત્પન્ન કરનારા કર્મોનો નાશ કરનારી સાધના કરવા માટે ઉત્સાહ પ્રગટાવે છે. આ માટે સૌપ્રથમ અજન્મા આત્મા માટે જન્મ એ કલંક છે - આવી પ્રતીતિ થવી જોઈએ. 'હવે એક પણ નવો જન્મ લેવો મને પોષાય તેમ નથી' - આવો સૂર અંતરમાંથી પ્રગટે તો અજન્મા થવાની, અજર-અમર આત્મસ્વરૂપને પ્રગટ કરવાની સાધના સારી રીતે વેગવંતી અને સંવેગવાળી બને. આવો ઉપદેશ છઠ્ઠા પર્યાયાર્થિકનય દ્વારા મેળવવા જેવો છે. તેનાથી **પરમાત્મપંચવિંશતિકા**માં વર્ણવેલ સિદ્ધસ્વરૂપ પ્રગટે છે. ત્યાં જણાવેલ છે કે 'જે જે જન્મ, ઘડપણ વગેરે ઉપાધિજન્ય ભાવો છે તે તમામનો નિષેધ કરવાથી પરમાત્માનું સ્વરૂપ પ્રસિદ્ધ બને છે.' (૬/૬)

**બહુમાનગ્રાહી નઈ[❒] કહિઓ નઈગમ, ભેદ [♦]તસ છઈ તીન રે;**
**વર્તમાનારોપ કરવા, ભૂત અર્થઈ લીન રે ॥૬/૭॥ (૮૦) બહુ.**

**બહુમાનગ્રાહી**[✡] કહેતાં ઘણાં પ્રમાણ સામાન્ય-વિશેષજ્ઞાનરૂપ તેહનો ગ્રાહી **નૈગમનય કહિઈ.**

अवसरसङ्गतिप्राप्तं तृतीयं नैगमनयं निरूपयति – '**नाने**'ति।

**नानामानग्रहादुक्तो नैगमस्तद्विधास्त्रयः।**
**भूतार्थे साम्प्रताऽऽरोपकरणे लीन आदिमः।।६/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नानामानग्रहाद् नैगम उक्तः। तद्विधाः त्रयः। भूतार्थे साम्प्रताऽऽरोपकरणे लीन आदिमः।।६/७।।

**नानामानग्रहाद्** = बहुविधानां सामान्य-विशेषज्ञानरूपाणां प्रमाणानां ग्रहणाद् नयो **नैगम उक्तः** शास्त्रकृद्भिः। नैकैर्गमैर्मानैर्मिनोति इति नैकगमः। ककारलोपात् नैगम इति व्युत्पत्तिः। तदुक्तम् **आवश्यकनिर्युक्तौ** [1]"णेगेहिं माणेहिं मिणइ त्ति णेगमस्स निरुत्ती" (आ.नि.७५५) इति। नैगमो हि नैकगमः नैकपरिच्छेदः किन्तु विचित्रपरिच्छेदो भवति, यतः स सामान्य-सामान्यविशेष-विशेषग्राहकज्ञानैः वस्तु

:- પૂર્વે 'મૂલનય નવ છે' - આ પ્રમાણે દિગંબરમતાનુસાર જણાવેલ હતું. તેમાંથી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયનું નિરૂપણ થઈ ગયું. હવે ત્રીજા મૂલનયસ્વરૂપ નૈગમનયનું નિરૂપણ કરવાનો અવસર આવ્યો છે. પ્રસ્તુત છઠ્ઠી શાખાના પ્રથમ શ્લોકની અવતરણિકાની સ્પષ્ટતામાં જે અવસરસંગતિનું લક્ષણ બતાવી ગયા છીએ, તે અવસરસંગતિથી પ્રાપ્ત નૈગમનયનું ગ્રંથકારશ્રી નિરૂપણ કરે છે :-

## ❁ નૈગમનયનું નિરૂપણ ❁

:- અનેક પ્રમાણને ગ્રહણ કરવાથી નૈગમનય કહેવાય છે. તેના ત્રણ ભેદ છે. ભૂતકાલીન અર્થમાં વર્તમાનકાલીનતાનો આરોપ કરવામાં લીન નય એ નૈગમનયનો પ્રથમ પ્રકાર છે. (૬/૭)

:- સામાન્યજ્ઞાન, વિશેષજ્ઞાન સ્વરૂપ અનેક પ્રકારના પ્રમાણોને ગ્રહણ કરવાના લીધે શાસ્ત્રકારોએ તેવા દૃષ્ટિકોણને નૈગમનય કહેલ છે. નૈક = ન એક = અનેક એવા ગમથી = પ્રમાણથી વસ્તુને જાણે તે 'નૈકગમ' કહેવાય. વચ્ચે રહેલ 'ક' વર્ણનો લોપ કરવાથી 'નૈગમ' શબ્દ તૈયાર થયો છે. આ પ્રમાણે 'નૈગમ' શબ્દની વ્યુત્પત્તિ છે. **આવશ્યકનિર્યુક્તિ** ગ્રંથમાં 'નૈગમ' શબ્દની વ્યુત્પત્તિ દર્શાવતા જણાવેલ છે કે "નૈક = અનેક એવા માનથી = પ્રમાણથી વસ્તુને જાણે તે નૈગમ - આ પ્રમાણે 'નૈગમ' શબ્દની નિરુક્તિ = વ્યુત્પત્તિ છે." નૈગમનય એકગમવાળો = એકનિશ્ચયવાળો નથી. પરંતુ અનેકવિધ નિશ્ચયવાળો છે. વસ્તુના સ્વરૂપ અંગે નૈગમનયનો નિર્ણય = અભિપ્રાય અનેક પ્રકારનો છે. કારણ કે નૈગમનય તો સામાન્યગ્રાહક જ્ઞાન, સામાન્ય-વિશેષગ્રાહક જ્ઞાન, વિશેષગ્રાહક જ્ઞાન દ્વારા

❒ પુસ્તકોમાં 'નઈ' (=નય) પાઠ નથી. કો.(૧૩)માં છે. ♦ લી.(૨) + લા.(૨)માં 'તસ'ના બદલે 'વસઈ' પાઠ.
✡ પુસ્તકોમાં 'ગ્રાહી' પદ નથી. કો.(૯)+સિ.માં છે. 1. नैकैः मानैः मिनोतीति नैगमस्य निरुक्तिः।

♦"**नैकर्मानैर्मिनोति इति नैकगमः, ककारलोपात् नैगमः इति व्युत्पत्तिः**"।

मिनोति, मिमीते वा। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"णेगाइं माणाइं सामन्नोभयविसेसनाणाइं। जं तेहिं मिणइ तो णेगमो णओ णेगमाणो त्ति।।" (वि.आ.भा.२१८६) इति। ***एतेन*** "नैकं गमः = नैगमः" (अ.स. १०/१०४) इति **अष्टसहस्र्यां विद्यानन्द**वचनं ***व्याख्यातम्***।

अत एव **श्रीविनयविजय**वाचकैः **नयकर्णिका**यां "नैगमो मन्यते वस्तु तदेतदुभयात्मकम्। निर्विशेषं न सामान्यं विशेषोऽपि न तद् विना।।" (न.क.५) इत्युक्तम्।

प्रकृते "नैकेन सामान्य-सामान्यविशेष-विशेषग्राहकत्वात् तस्याऽनेकेन ज्ञानेन मिनोति परिच्छिनत्तीति नैकमः = नैगमः। अथवा निगमाः निश्चितार्थबोधाः। तेषु कुशलो भवो वा नैगमः। अथवा नैको गमः = अर्थमार्गो यस्य स प्राकृतत्वेन नैगमः" (स्था. ३/३/१९२ वृ.पृ.२५७) इति **स्थानाङ्गसूत्रवृत्ति**वचनम् अनुसन्धेयम्।

વસ્તુને માપે છે, પરખે છે, જાણે છે, નિશ્ચિત કરે છે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'સામાન્યવિષયક જ્ઞાન, સામાન્ય-વિશેષવિષયક જ્ઞાન તથા વિશેષવિષયક જ્ઞાન એમ અનેકવિધ માન = પ્રમાણ જાણવા. તેના દ્વારા જે નય વસ્તુનો નિશ્ચય કરે તે નૈગમનય કહેવાય. કારણ કે તે નૈકગમવાળો અભિપ્રાય છે.' 'અનેકગમવાળો નય નૈગમ કહેવાય' - આ પ્રમાણે **વિદ્યાનંદસ્વામીએ અષ્ટસહસ્રી** ગ્રંથમાં જણાવેલ છે. તેની પણ છણાવટ ઉપરોક્ત વિવરણ દ્વારા થઈ જાય છે.

### ❋ સામાન્ય-વિશેષગ્રાહી નૈગમ ❋

**(अत एव.)** સામાન્ય-વિશેષગ્રાહક જ્ઞાન દ્વારા નૈગમનય વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરે છે. આ કારણે જ શ્રી**વિનયવિજયજી** ઉપાધ્યાયે **નયકર્ણિકા** ગ્રંથમાં જણાવેલ છે કે 'નૈગમનય વસ્તુને સામાન્ય -વિશેષ ઉભયાત્મક માને છે. કારણ કે વિશેષધર્મ વિના સામાન્યધર્મ નથી હોતો તથા સામાન્યધર્મ વિના વિશેષધર્મ નથી રહેતો.'

### ❋ નૈગમ પાસે વિવિધ પદાર્થપ્રકાશપંથ ❋

**(प्रकृ.)** પ્રસ્તુતમાં **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે જણાવેલી વાત યાદ કરવા યોગ્ય છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "અનેક માનથી = જ્ઞાનથી વસ્તુનો નિર્ણય કરે તે નૈકમ (નૈગમ) નય કહેવાય. આ નય વસ્તુના સામાન્યસ્વરૂપનો, સામાન્ય-વિશેષસ્વરૂપનો અને વિશેષસ્વરૂપનો ગ્રાહક હોવાથી અનેકવિધ જ્ઞાનથી વસ્તુનો નિર્ણય કરે છે. અથવા આ નયની બીજી વ્યુત્પત્તિ આ પ્રમાણે સમજવી. નિગમ = નિશ્ચિત એવો અર્થબોધ. તેને વિશે નિપુણ હોય તે નૈગમ કહેવાય. અથવા નિશ્ચિત અર્થબોધ વિશે જે ઉત્પન્ન થાય તે નૈગમ કહેવાય. અથવા ગમ = અર્થબોધનો માર્ગ. અર્થબોધ કરવા માટેના અનેક માર્ગ = પ્રકાર પ્રસ્તુત નય પાસે હોવાથી તેને નૈગમ કહેવાય છે. 'नैकः गमः यस्य स नैगमः' આ પ્રમાણે વ્યુત્પત્તિ મુજબ 'નૈકગમ' નય કહેવાય. પ્રાકૃત ભાષામાં 'ક' નો લોપ થવાથી 'નૈગમ'નય જાણવો."

♦ શાં.માં 'नैकर्मौनै' અશુદ્ધ પાઠ. મ.+કો.(૭)નો પાઠ લીધો છે.

1. नैकानि मानानि सामान्योभय-विशेषज्ञानानि। यत् तैः मिनोति ततो नैगमो नयो नैकमानः।।

श्री**शीलाङ्काचार्य**स्तु **सूत्रकृताङ्गसूत्रवृत्तौ** "सामान्य-विशेषात्मकस्य वस्तुनः नैकेन प्रकारेण अवगमः = परिच्छेदः निगमः। तत्र भवः = नैगमः। नैकगमो वा नैगमः = महासामान्याऽपान्तरालसामान्य-विशेषाणां परिच्छेदकः। तत्र (१) महासामान्यं = सर्वपदार्थानुयायिनी सत्ता, (२) अपान्तरालसामान्यं = द्रव्यत्व -जीवत्वाऽजीवत्वादिकम्, (३) विशेषाः = परमाण्वादयः तद्गता वा शुक्लादयो गुणाः। तदेतत्त्रितयम् अपि असौ इच्छति" (सू.कृ.श्रु.स्क.२/अ.७/सू.८१ वृ.पृ.४२६) इत्याहेत्यवधेयम्।

"निगमो हि सङ्कल्पः। तत्र भवः तत्प्रयोजनो वा नैगमः।" (प्र.क.मा.पृ.६७६) इति **प्रमेयकमलमार्तण्डे प्रभाचन्द्रः**। ***एतेन*** "नैकं गच्छतीति निगमः। निगमः = विकल्पः। तत्र भवः = नैगमः" (आ.प.पृ.१५) इति **आलापपद्धतौ देवसेन**वचनं ***व्याख्यातम्,*** वस्तुनोऽनुत्पादेऽपि तत्सङ्कल्पमात्रमपि वस्तुतयाऽभ्युपगच्छन् नैगम इत्यर्थः। इदमेवाऽभिप्रेत्य **विद्यानन्दस्वामिना तत्त्वार्थश्लोकवार्त्तिके** नयविवरणे "सङ्कल्पो निगमः तत्र भवोऽयं तत्प्रयोजनः। तथा प्रस्थादिसङ्कल्पः तदभिप्राय इष्यते।।" (त.श्लो.१/३५/३२) इत्युक्तम्। अयमेव क्रमशो विशुध्यन् वक्ष्यमाणे भाविनैगमे साम्प्रतनैगमे च समाविशतीत्यवधेयम्।

---

## ❋ નૈગમનયના ત્રણ વિષય ❋

(**श्रीशी.**) **શ્રીશીલાંકાચાર્યજી** તો **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં નૈગમનયનો પરિચય આ રીતે આપે છે કે "વસ્તુ સામાન્ય-વિશેષ ઉભયસ્વરૂપ છે. આવી વસ્તુનો અનેક પ્રકારે નિશ્ચય કરવો તે નિગમ કહેવાય. આવા નિશ્ચયને વિશે પ્રવર્તવાથી જે અભિપ્રાય ઉત્પન્ન થાય તે નૈગમ. અથવા અનેક પ્રકારોનો = વસ્તુધર્મોનો ગમ = નિશ્ચય નૈગમ કહેવાય. (૧) મહાસામાન્ય, (૨) અવાન્તર સામાન્ય અને (૩) વિશેષ - આ વસ્તુગત ત્રણ ગુણધર્મોનો નિશ્ચય નૈગમનય કરે છે. આ ત્રણ ગુણધર્મોમાં (૧) સર્વ પદાર્થમાં રહેનારી સત્તા તે મહાસામાન્ય કહેવાય છે. (૨) સત્તાના વ્યાપ્ય દ્રવ્યત્વ, જીવત્વ, અજીવત્વ વગેરે સામાન્યધર્મો અવાન્તરસામાન્ય કહેવાય છે. (૩) તથા પરમાણુ વગેરે દ્રવ્યો કે તેના શુક્લરૂપ વગેરે ગુણો વિશેષ કહેવાય છે. નૈગમનય વસ્તુગત આ ત્રણેય ગુણધર્મોને માન્ય કરે છે."

(**"नि.**) **પ્રમેયકમલમાર્તંડ** ગ્રંથમાં **પ્રભાચંદ્ર** નામના દિગંબર વિદ્વાને જણાવેલ છે કે 'નિગમ એટલે સંકલ્પ. સંકલ્પને ઉદ્દેશીને જે પ્રવર્તે અથવા સંકલ્પ જ જેનું પ્રયોજન હોય તે નૈગમનય કહેવાય. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ છે કે 'જે એકને ન પામે તે નિગમ કહેવાય. નિગમનો અર્થ છે વિકલ્પ. તેનાથી જે ઉત્પન્ન થાય તે નૈગમ કહેવાય.' મતલબ કે જે વસ્તુ હજુ ઉત્પન્ન ન થઈ હોય તો પણ તેના સંકલ્પમાત્રને જે વસ્તુસ્વરૂપે ગ્રહણ કરે તે નૈગમનય કહેવાય છે. આ જ અભિપ્રાયથી **તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં **નયવિવરણપ્રકરણ**માં **વિદ્યાનંદસ્વામી**એ જણાવેલ છે કે "નિગમનો અર્થ સંકલ્પ છે. સંકલ્પને ઉદ્દેશીને જેની ઉત્પત્તિ થઈ હોય તે નૈગમ કહેવાય. અથવા સંકલ્પ જેનું પ્રયોજન હોય તે નૈગમનય કહેવાય. તેથી 'લાકડા વગેરેમાં પ્રસ્થક વગેરેનો સંકલ્પ એ પણ પ્રસ્થક જ છે' - આવો અભિપ્રાય નૈગમનયને માન્ય છે." પ્રસ્થકના સંકલ્પને પ્રસ્થકસ્વરૂપે સ્વીકારનાર પ્રસ્તુત નૈગમ ક્રમશઃ શુદ્ધ થતો જાય છે. તથા આગળ બતાવવામાં આવશે તે ભાવિનૈગમમાં અને વર્તમાનનૈગમમાં તે શુદ્ધ નૈગમ સમાઈ જાય છે. તે વાતને ખ્યાલમાં રાખવી.

(**तस**=) તે● નૈગમ નયના ૩ **ભેદ** છઈ. પ્રથમ નૈગમ **ભૂતાર્થઈ વર્તમાનનો આરોપ કરવાનઈ લીન** કહતાં તત્પર સાવધાનપણિ❖ છઈ. ॥૬/૭॥

**तद्विधाः** = तस्य नैगमस्य प्रकाराः **त्रयो** भवन्ति, भूत-भावि-वर्तमानभेदात्। **नियमसारवृत्तौ** (गा.१९) **पद्मप्रभेणा**ऽपि एवं नैगमत्रैविध्यमुक्तम्।

**प्रमाणनयतत्त्वालोके** तु "धर्मयोः धर्मिणोः धर्म-धर्मिणोश्च प्रधानोपसर्जनभावेन यद् विवक्षणं स नैकगमो नैगमः" (प्र.न.त.७/७) इत्येवं नैगमनयत्रैविध्यं **वादिदेवसूरिभि**रुपदर्शितम्। तदुक्तं **विद्यानन्दस्वामिना**ऽपि **अष्टसहस्रीवृत्तौ** "स हि त्रेधा प्रवर्त्तते। (१) द्रव्ययोः, (२) पर्याययोः, (३) द्रव्य-पर्याययोः वा गुण-प्रधानभावेन विवक्षायां नैगमत्वात्, 'नैकं गमः = नैगम' इति निर्वचनाद्" (आ.मी.परि.१० श्लो.१०४ अ.स.वृ.) इति।

**कषायप्राभृतस्य जयधवलावृत्तौ वीरसेनाचार्येण** तु "(१) द्रव्यार्थिकनैगमः, (२) पर्यायार्थिकनैगमः, (३) द्रव्य-पर्यायार्थिकनैगमश्च इत्येवं त्रयः नैगमाः। (१) 'सर्वम् एकम्, सदविशेषात्। सर्वं द्विविधम्, जीवाजीवभेदाद्' इत्यादियुक्त्यवष्टम्भबलेन विषयीकृतसङ्ग्रह-व्यवहारनयविषयः द्रव्यार्थिकनैगमः। (२) ऋजुसूत्रादिनयचतुष्टयविषयं युक्त्यवष्टम्भबलेन प्रतिपन्नः पर्यायार्थिकनयः। (३) द्रव्यार्थिकनयविषयं पर्यायार्थिक-

### ✻ નૈગમનયના ત્રણ ભેદ ✻

(**तद्विधाः**) ભૂત, ભાવી અને વર્તમાન કાળના ભેદથી નૈગમનયના ત્રણ પ્રકાર છે. **નિયમસારવૃત્તિમાં** દિગંબરાચાર્ય **પદ્મપ્રભે** પણ આ જ રીતે નૈગમના ત્રણ ભેદ કહેલા છે.

(**प्रमा.**) **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં **વાદિદેવસૂરિજી**એ તો નૈગમનયના નીચે પ્રમાણે ત્રણ ભેદ બતાવેલ છે. "(૧) વસ્તુગત બે ગુણધર્મોમાં મુખ્ય-ગૌણભાવથી જે વિવક્ષા થાય તે નૈગમનય છે. (૨) બે વસ્તુમાં મુખ્ય-ગૌણભાવથી જે વિવક્ષા થાય તે નૈગમ છે. (૩) વસ્તુ અને તેના ગુણધર્મ વચ્ચે મુખ્ય-ગૌણભાવથી જે વિવક્ષા થાય તે નૈગમ છે. કારણ કે નૈગમનયના વસ્તુને જાણવાના માર્ગ અનેક છે." **વિદ્યાનંદસ્વામી**એ પણ **અષ્ટસહસ્રીવ્યાખ્યા**માં આ મુજબ નૈગમના ત્રણ ભેદ જણાવેલ છે.

### ❈ અન્ય રીતે નૈગમના ત્રણ ભેદ ❈

(**कषा.**) **કષાયપ્રાભૃત**ની **જયધવલા** વ્યાખ્યામાં દિગંબરાચાર્ય **વીરસેનજી**એ તો જુદી જ રીતે નૈગમનયના ત્રણ ભેદ દર્શાવેલ છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "(૧) દ્રવ્યાર્થિકનૈગમ, (૨) પર્યાયાર્થિકનૈગમ અને (૩) દ્રવ્ય-પર્યાયાર્થિકનૈગમ. આમ નૈગમના ત્રણ પ્રકાર છે. આ ત્રણ ભેદોમાં (૧) દ્રવ્યાર્થિકનૈગમ તે છે કે જે (ક) 'સર્વ પદાર્થ એક છે. કેમ કે સદ્રૂપતાની અપેક્ષાએ તેમાં કોઈ તફાવત નથી' - આ રીતે યુક્તિસ્વરૂપ આધારના બળથી સંગ્રહનયના વિષયને સ્વીકારનાર છે. તથા (ખ) 'સર્વ પદાર્થ બે પ્રકારે છે.કારણ કે જીવ અને અજીવ - આમ તેના બે ભેદ પડે છે' - આ રીતે યુક્તિસ્વરૂપ આધારના બળથી વ્યવહારનયના વિષયને માન્ય કરનાર પણ દ્રવ્યાર્થિકનૈગમ છે. (૨) ઋજુસૂત્ર વગેરે ચાર નયના વિષયને યુક્તિસ્વરૂપ આધારના બળથી સ્વીકારનાર પર્યાયાર્થિકનૈગમ જાણવો. (૩) દ્રવ્યાર્થિકનયના

● પુસ્તકોમાં 'તે' નથી. કો.(૧૨+૧૩)માં છે. ❖ પુસ્તકોમાં 'સાવધાનપણિ' નથી. ફક્ત લા.(૨)માં છે.

नयविषयञ्च प्रतिपन्नो द्रव्य-पर्यायार्थिकनैगमः" (क.प्रा.पुस्तक-१/ गा.१२ ज.ध.पृ.२२२) इत्युक्तमित्यवधेयम्।

अत्र तु देवसेनमतानुसारेण नैगमनयत्रैविध्यमुक्तमित्यवधेयम्। तत्र **आदिमः** = भूतनैगमः हि **भूतार्थे** = अतीतपदार्थे **साम्प्रतारोपकरणे** = वर्तमानत्वसमारोपविधाने **लीनः** = तत्परः भवति इति भावार्थो ज्ञेयः।

इदञ्चात्रावधेयम् – नैगमनयत्रैविध्यं दिगम्बरसम्प्रदाये अतीतादिकालभेदात्; द्रव्यादिगौण-मुख्यभावाऽर्पणात्, द्रव्यार्थिकादिविषयाऽभ्युपगमाद् वा बोध्यम्। श्वेताम्बरसम्प्रदाये तु तद् **विशेषावश्यकभाष्यकारा**भिप्रायेण सामान्य-विशेष-तदुभयग्राहकत्वलक्षणविषयभेदात्, **श्रीशीलाङ्काचार्य**तात्पर्यानुसारेण महासामान्याऽपान्तरालसामान्य-विशेषलक्षणविषयभेदात्, **वादिदेवसूरि**मतेन गौणमुख्यारोपविषयभेदात्, **प्रमाणमीमांसायां** (२/२/२) **हेमचन्द्राचार्य**दृष्ट्या द्रव्य-पर्याय-तदुभयप्ररूपणभेदात्, खरतरगच्छीय**देवचन्द्रवाचका**शयेन च आरोपांश-सङ्कल्पभेदाद् बोद्धव्यम्।

**हरिभद्रीयावश्यकवृत्त्य**नुसारेण (आ.नि.गा.८८८) **विशेषावश्यकभाष्यमलधारवृत्त्य**नुसारेण (वि.आ.भा.२८०६) च नैगमः द्विभेदः - (१) सर्वसङ्ग्राही, (२) देशसङ्ग्राही च। तत्राऽऽद्यः अशुद्धः,

---

વિષયને તથા પર્યાયાર્થિકનયના વિષયને સ્વીકારનાર દ્રવ્ય-પર્યાયાર્થિકનૈગમ જાણવો." વીરસેનાચાર્યની આ અલગ શૈલીને પણ વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### દેવસેનમતદર્શન

(अत्र.) પ્રસ્તુત **દ્રવ્યાનુયોગપરામર્શ** ગ્રંથમાં તો દેવસેનમત મુજબ નૈગમનયના ત્રણ ભેદ બતાવવામાં આવેલ છે. આ વાત ખ્યાલમાં રાખવી. દિગંબરમતપ્રસિદ્ધ ત્રિવિધ નૈગમમાં પ્રથમ નૈગમ નય ભૂતનૈગમ છે. તે અતીત પદાર્થમાં વર્તમાનપણાનો આરોપ કરવામાં તત્પર થાય છે. આ પ્રમાણે શ્લોકનો ભાવાર્થ જાણવો.

### * અનેક પ્રકારે નૈગમનયના ત્રણ ભેદ *

(इद.) અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે (૧) દિગંબરમતમાં અતીતાદિ કાળભેદથી અથવા દ્રવ્યાદિની ગૌણ-મુખ્યભાવે વિવક્ષા કરવાથી અથવા દ્રવ્યાર્થિક વગેરેનો વિષય સ્વીકારવાથી નૈગમનયના ત્રણ ભેદ છે. (૨) શ્વેતાંબરમતમાં **વિશેષાવશ્યકભાષ્યકાર**ના અભિપ્રાય મુજબ સામાન્ય-વિશેષ-તદુભયગ્રાહકત્વલક્ષણ વિષયભેદથી નૈગમનયના ત્રણ ભેદ પડી શકે છે. (૩) શ્રી**શીલાંકાચાર્ય**ના તાત્પર્ય મુજબ મહાસામાન્ય, અપાન્તરાલસામાન્ય અને વિશેષ સ્વરૂપ વિષયના ભેદથી નૈગમના ત્રણ ભેદ થાય છે. (૪) **શ્રીવાદિદેવસૂરિજી** મહારાજના આશય મુજબ ગૌણ-મુખ્યભાવે ધર્મ-ધર્મી વિશે આરોપવિષયભેદથી નૈગમનયના ત્રણ ભેદ છે. (૫) **પ્રમાણમીમાંસા**માં શ્રી**હેમચન્દ્રસૂરિજી**ની દૃષ્ટિએ દ્રવ્યપ્રરૂપણા, પર્યાયપ્રરૂપણા અને ગૌણ-મુખ્યભાવથી દ્રવ્ય-પર્યાયપ્રરૂપણા - આ રીતે નૈગમના ત્રણ ભેદ છે. તથા (૬) ખરતરગચ્છના શ્રી**દેવચંદ્રવાચક**ના આશય મુજબ આરોપ-અંશ-સંકલ્પભેદથી નૈગમનયના ત્રણ ભેદ છે. આ પ્રમાણે જાણવું.

### નૈગમના બે ભેદ : હરિભદ્રસૂરિજી

(हरि.) શ્રી**હરિભદ્રસૂરિજી**એ રચેલ **આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા** તથા મલધારી **હેમચંદ્રસૂરિજી**એ રચેલ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા** મુજબ નૈગમનયના બે ભેદ છે (૧) સર્વસંગ્રાહી અને (૨) દેશસંગ્રાહી.

सत्तामात्रावलम्बित्वात्। द्वितीयश्च शुद्धः, विशेषग्राहित्वात्।

**तत्त्वार्थसूत्रस्वोपज्ञभाष्ये** "स द्विभेदः - (१) देशपरिक्षेपी, (२) सर्वपरिक्षेपी च" (त.सू.भा.१/३५) इत्युक्तम्। "देशपरिक्षेपी = विशेषग्राही, सर्वपरिक्षेपी = सामान्यग्राही" (त.सू.भा.१/३५ वृ.) इति **तद्वृत्तौ सिद्धसेनगणिवराः**।

"अन्याऽन्यगुण-प्रधानभूतभेदाऽभेदप्ररूपणो नैगमः" (स्या.भा.पृ.३) इति **स्याद्वादभाषायां शुभविजयः**।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – नानापद्धत्या विविधदृष्ट्या अनेकालम्बनैश्च वस्तु-व्यक्ति-सिद्धान्तादिविचारणे व्यापकवस्तुस्वरूपावबोधाद् आत्मार्थी माध्यस्थ्यमाप्नोति, उदाराशयेन सकलवस्तु-व्यक्ति-सिद्धान्तादीन् न्याय्यतामापादयति, सङ्कुचितकूपमण्डूकवृत्तिं परित्यजति, व्यक्त्यन्तराभिप्रायावगमाऽभ्युपगमादितः वैचारिकीं सहिष्णुतामाप्नोति, समन्वयदृष्टि-समत्वदृष्टिप्रभृतिकम् चाऽऽविर्भावयति। इत्थं नैगमनयावलम्बनेनाऽऽदौ साधकः मोक्षमार्गेऽभिसर्पति। तत्प्रकर्षे च "सदानन्दमयं शुद्धं निराकारं निरामयम्। अनन्तसुखसम्पन्नं सर्वसङ्गविवर्जितम्।।" (प.प.१३) इति **परमानन्दपञ्चविंशति-प्रदर्शितं** निजपरमात्मतत्त्वमविलम्बेनाऽऽविर्भवति।।६/७।।

---

તેમાં પ્રથમ સર્વસંગ્રાહી નૈગમ અશુદ્ધ છે. કારણ કે તે સત્તા માત્રનું (સામાન્યમાત્રનું) ગ્રહણ કરે છે. જ્યારે દેશસંગ્રાહી નૈગમનય શુદ્ધ છે. કેમ કે તે વસ્તુમાં રહેલા વિશેષગુણધર્મનું ગ્રહણ કરે છે.

### ❖ દેશ-સર્વપરિક્ષેપી નૈગમ : ઉમાસ્વાતિજી ❖

**(तत्त्वा.)** **ઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થસ્વોપજ્ઞભાષ્ય**માં નૈગમનયના દેશપરિક્ષેપી અને સર્વપરિક્ષેપી - આમ બે ભેદ જણાવેલ છે. '(૧) દેશપરિક્ષેપી = વિશેષસંગ્રાહક નૈગમ અને (૨) સર્વપરિક્ષેપી = સામાન્યસંગ્રાહક નૈગમનય' - આ મુજબ તેની વ્યાખ્યામાં **શ્રીસિદ્ધસેનગણિવરે** જણાવેલ છે.

**("अन्या.)** 'અલગ-અલગ રીતે ગૌણ-મુખ્ય બનેલા ભેદ અને અભેદ - આ બન્નેની પ્રરૂપણા કરનાર નૈગમ છે.' આ મુજબ **સ્યાદ્વાદભાષ્ય**માં **શુભવિજયજી** જણાવે છે.

### ✡ ...તો સમન્વયદૃષ્ટિ અને સમત્વદૃષ્ટિ પ્રગટે ✡

[redacted] :- કોઈ પણ વસ્તુને, વ્યક્તિને, સિદ્ધાન્તને કે વાતને ફક્ત એક જ રીતે, ફક્ત એક જ માધ્યમથી, ફક્ત એક જ દૃષ્ટિકોણથી જોવાના બદલે વિવિધ પદ્ધતિ, અનેક માધ્યમ અને વિભિન્ન દૃષ્ટિકોણથી વિચારવાથી વસ્તુ-વ્યક્તિ-સિદ્ધાન્ત વગેરેના બહુમુખી સ્વરૂપનો પરિચય થવાથી મધ્યસ્થભાવ જાગે છે. તથા સર્વ વસ્તુ-વ્યક્તિ-સિદ્ધાન્તને યથાયોગ્ય રીતે ન્યાય આપવાની ઉદારતા આવે છે. વસ્તુ, વ્યક્તિ કે સિદ્ધાન્તના વિવિધ પાસાનો પરિચય થવાથી મનની સંકુચિતતા અને કૂપમંડૂકવૃત્તિ રવાના થાય છે. અન્ય વ્યક્તિના વિચારોને સમજવાથી અને સ્વીકારવાથી વૈચારિક સહિષ્ણુતા પ્રગટે છે. આના માધ્યમથી સમન્વયદૃષ્ટિનો અને સમત્વદૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે. આ રીતે નૈગમનયના સહારે જીવ પ્રાથમિક તબક્કામાં મોક્ષમાર્ગે આગળ વધે છે. તથા તેનો પ્રકર્ષ થતાં **પરમાનંદપંચવિંશતિ**માં જણાવેલ નિજપરમાત્મતત્ત્વ વિના વિલંબે પ્રગટ થાય છે. ત્યાં જણાવેલ છે કે 'સદા આનંદમય, શુદ્ધ, નિરાકાર, રોગરહિત, અનંતસુખયુક્ત સર્વસંગશૂન્ય પરમાત્મતત્ત્વ હોય છે.' (૬/૭)

તે પ્રથમ ભેદનું ઉદાહરણ દેખાડઈ છઈ -

**ભૂત નઈગમ ♦કહિઉ પહિલો, દીવાલી દિન આજ રે;**

**યથા સ્વામી વીરજિનવર, ✿લહિઆ શિવપુરરાજ રે ॥૬/૮॥ (૮૧) બહુ.**

(**ભૂત નઈગમ પહિલો કહિઉ, યથા**=) જિમ કહિઈ - "**આજ દીવાલી દિનનઈ** વિષઈ **શ્રીમહાવીર**

---

भूतनैगमोदाहरणमाह – '**भूते**'ति।

**भूतनैगम आज्ञप्तो दीपावलिदिनेऽद्य रे।**

**यथा वीरजिनेशो हि श्रीशिवराज्यमाप रे।।६/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यथा 'अद्य दीपावलिदिने वीरजिनेशः हि श्रीशिवराज्यम् आप' - (अयं) भूतनैगमः आज्ञप्तः।।६/८।।

आरोपकरणेन भूतकालीनार्थप्रतिपादकत्वाद् नैगमस्य आद्यभेदः **भूतनैगम** इति **आज्ञप्तः**। तच्च (१) अतीते वर्तमानत्वाऽऽरोपणाद्, (२) वर्तमानेऽतीतत्वारोपणाद्, (३) वर्तमानकालेऽतीतपर्याया-रोपणादित्यादिना नानारूपेण सम्भवति।

अतीतकाले वर्तमानत्वारोपणमुदाहरति – **यथा** (१) '**अद्य दीपावलिदिने वीरजिनेशः** = श्रीमहावीरजिनेश्वरो **हि श्रीशिवराज्यं** = श्रीमुक्तिपुरराज्यम् **आप** = अवाप्तवान्। अतः श्रीवीर-निर्वाणकल्याणकदिनः अद्य' इति येन कथ्यते स **भूतनैगमः** = आद्यनैगमभेद **आज्ञप्तः** शास्त्रकृद्भिः। अत्र 'अद्ये'ति शब्दः वर्तमानदिनवाचकः तथापि मुख्यार्थान्वयबाधेन अतीतकालीनप्रथमदीपोत्सवदिने

---

**અવતરણિકા** :- નૈગમનયના ત્રણ ભેદમાંથી પ્રથમ ભેદનું ઉદાહરણ ગ્રંથકારશ્રી બતાવે છે કે :-

**❖ ભૂતનૈગમનયની ઓળખાણ ❖**

**શ્લોકાર્થ** :- જેમ કે 'આજે દીવાળીના દિવસે શ્રીવીર જિનેશ્વર શિવપુરનું રાજ્ય પામ્યા' આવું વચન ભૂતનૈગમ = નૈગમનો પહેલો ભેદ કહેવાયેલ છે. (૬/૮)

**વ્યાખ્યાર્થ** :- નૈગમનયનો પ્રથમ ભેદ આરોપ કરવા દ્વારા ભૂતકાલીન અર્થનું પ્રતિપાદન કરે છે. તેથી તે ભૂતનૈગમનય કહેવાયેલ છે. અતીત પદાર્થનું નિરૂપણ તો અનેક રીતે સંભવે છે. જેમ કે (૧) અતીતકાળમાં વર્તમાનકાલત્વનો આરોપ કરવાથી, (૨) વર્તમાનકાળમાં અતીતકાલત્વનો આરોપ કરવાથી, (૩) વર્તમાન-કાળમાં અતીતપર્યાયનો આરોપ કરવાથી.. વગેરે અનેક પ્રકારે ભૂતકાલીન અર્થનું પ્રતિપાદન સંભવે છે.

**❊ પ્રથમ પ્રકારે આરોપ : ભૂતનૈગમનય ❊**

(**अती.**) અતીતકાળમાં વર્તમાનત્વનો આરોપ કરવાનું ઉદાહરણ મૂળ ગ્રંથમાં આ મુજબ છે. જેમ કે (૧) 'આજે દીપાલિકાના દિવસે તીર્થંકર શ્રીમહાવીરસ્વામી ભગવાને શ્રીમોક્ષપુરીનું રાજ્ય મેળવ્યું. તેથી શ્રીવીરનિર્વાણકલ્યાણકદિવસ આજે છે' - આવું જે કહેવાય છે, તે નૈગમનયનો ભૂતનૈગમ સ્વરૂપ પ્રથમ ભેદ છે. આ પ્રમાણે શાસ્ત્રકાર પરમર્ષિઓએ જણાવેલ છે. પ્રસ્તુત 'अद्य'શબ્દ = 'આજે'શબ્દ 'વર્તમાન

---

♦ કો.(૨)માં 'કહિયો' પાઠ. ✿ કો.(૪)માં 'લહ્યા' પાઠ.

**(જિનવર) શિવપુરનું રાજ્ય (લહિઆ=)** પામ્યા." ઈહાં અતીત દીવાલી દિનનઈ વિષયઈ વર્તમાન દીવાલી દિનનો આરોપ કરિઇં છઇં.

स सङ्कल्प्यते। अतीते वर्तमानत्वारोपणादस्य नयस्य भूतनैगमत्वं कथ्यते। इदमेवाभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** "अतीते वर्तमानारोपणं यत्र स भूतनैगमः, यथा – अद्य दीपोत्सवदिने श्रीवर्धमानस्वामी मोक्षं गतः" (आ.प. पृ.८) इति। प्रकृते **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (गा.२७१) **शुभचन्द्र**स्याऽप्यभिप्रायः समानः।

यथा अतीते वर्तमानोपचारो भवति तथा वर्तमानेऽपि अतीतारोपो भवति भूतनैगमाभिप्रायेण। तथाहि – (२) 'अद्य श्रीवीरनिर्वाणकल्याणकदिनः' इत्यत्र वर्त्तमानदिनेऽतीतवीरनिर्वाणकल्याणकदिनत्वमुपचर्य वर्त्तमानदीपोत्सवदिनः वीरनिर्वाणकल्याणकदिनत्वेन व्यवह्रियते भूतनैगमनयेन। यथोक्तं **नयचक्रे** [1]"णिव्वित्तदव्वकिरिया वट्टणकाले दु जं समाचरणं। तं भूयणइगमणयं जह अज्ज णिव्वुइदिणं वीरे।।" (न.च. ३३) इति। प्रकृते वर्त्तमानदीपोत्सवदिनेऽतीतदीपावलिदिनत्वं समारोप्यते।

वर्त्तमानकालेऽतीतत्वारोपवद् अतीतकालीनक्रियाद्यारोपोऽपि भूतनैगमसम्मतः, काले कालान्त-

દિવસ' અર્થનો વાચક છે. પરંતુ વર્તમાન દીવાળીદિવસે તો મહાવીરસ્વામી ભગવાન મોક્ષમાં નથી ગયા. તે પ્રભુ તો ૨૫૩૬ વર્ષ પૂર્વે મોક્ષમાં ગયા છે. તેથી 'આજ' શબ્દના મુખ્યાર્થમાં વીરમુક્તિગમનના અન્વયનો બાધ થવાથી તેની લક્ષણા કરવી જરૂરી છે. ૨૫૩૬ વર્ષ પૂર્વે થયેલી પ્રથમ દીવાળીના દિવસમાં 'આજ' શબ્દના અર્થનો સંકલ્પ = આરોપ કરીને 'આજે શ્રીવીરનિર્વાણકલ્યાણકદિવસ છે' - આમ બોલવામાં આવે છે. અતીત દીપાલિકાપર્વમાં વર્તમાનત્વનો આરોપ કરવાના લીધે આ નય ભૂતનૈગમ કહેવાય છે. આ જ અભિપ્રાયથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેન**જીએ જણાવેલ છે કે "અતીતકાળમાં વર્તમાનનો આરોપ જે નયમાં કરાય તે ભૂતનૈગમ જાણવો. જેમ કે 'આજે દીપોત્સવ- દિવસે શ્રીવર્ધમાનસ્વામી મોક્ષમાં ગયા' - આ પ્રમાણેનું વાક્ય ભૂતનૈગમ કહેવાય." **કાર્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં **શુભચન્દ્ર**જીનો પણ અભિપ્રાય આ અંગે સમાન જ છે.

### ✻ બીજા પ્રકારે આરોપ : ભૂતનૈગમનય ✻

**(યથા.)** જેમ અતીતકાળમાં વર્તમાનનો ઉપચાર = આરોપ = સંકલ્પ = લક્ષણા ભૂતનૈગમના અભિપ્રાય મુજબ થાય છે તેમ વર્તમાનકાળમાં પણ અતીતત્વનો ઉપચાર ભૂતનૈગમનયને અભિપ્રેત છે. તે આ મુજબ - (૨) 'આજે શ્રીવીરનિર્વાણકલ્યાણકનો દિવસ છે' - આ વાક્યમાં વર્તમાન દિવસમાં અતીતકાલીન વીરનિર્વાણકલ્યાણક દિવસ તરીકેનો ઉપચાર = આરોપ કરીને વર્તમાનકાલીન દીવાળીના દિવસનો શ્રીવીરપ્રભુના નિર્વાણકલ્યાણકના દિવસ તરીકે વ્યવહાર થાય છે. ભૂતનૈગમનયને આ વ્યવહાર માન્ય છે. આ અંગે **નયચક્ર** ગ્રંથમાં જણાવેલ છે કે "દ્રવ્યની જે ક્રિયા થઈ ચૂકી હોય તેનો વર્તમાન કાળમાં સમ્યગ્ આરોપ કરવો તે ભૂતનૈગમનય છે. જેમ કે 'આજે શ્રીવીરસ્વામીનો મોક્ષ દિવસ છે' - આવું વાક્ય." પ્રસ્તુતમાં વર્તમાન દીપાવલિ દિવસમાં અતીતદીપાવલિદિનત્વ = વીરનિર્વાણકલ્યાણકદિનત્વ નામના ગુણધર્મનો આરોપ થાય છે. આ રીતે બીજા પ્રકારનો આરોપ ભૂતનૈગમનય કરે છે.

### ✻ ત્રીજા પ્રકારે આરોપ : ભૂતનૈગમનય ✻

**(વર્ત્ત.)** જેમ વર્તમાનકાળમાં ભૂતકાળત્વ = અતીતત્વ આરોપિત થાય છે તેમ વર્તમાનકાળમાં

1. निर्वृत्तद्रव्यक्रियाया वर्तनकाले तु यत् समाचरणम्। स भूतनैगमनयो यथा अद्य निर्वृत्तिदिनः वीरे।।

વર્તમાન દિનનઈં વિષયઈં ભૂતદિનનો આરોપ કરિઈં, દેવાગમનાદિ-મહાકલ્યાણભાજનત્વપ્રતીતિ પ્રયોજનનઈં અર્થિં. જિમ "**गङ्गायां घोषः**." ઈહાં ગંગાતટનઈં વિષયઈં ગંગાનો આરોપ કરિઈં♦ છઈં, શૈત્ય-પાવનત્વાદિપ્રત્યાયન પ્રયોજન ભણી.

रोपचारवत् कालान्तरीयक्रियाद्युपचारस्यापि प्रयोजनविशेषप्रयुक्तस्य न्याय्यत्वात्। तथाहि – (३) 'अद्य श्रीवीरः निर्वृत्त' इति वाक्यम्। अत्र वर्त्तमानदीपावलिदिनेऽतीतकालीनश्रीवीरमुक्तिगमनक्रिया समारोप्यते। प्रकृततृतीयोपचारं दर्शयता **माइल्लधवलेन द्रव्यस्वभावप्रकाशे** [1]"णिव्वत्तअत्थकिरिया वट्टण-काले तु जं समायरणं। तं भूदणइगमणयं जह अज्जदिणं णिव्वुओ वीरो।।" (द्र.स्व.प्र.२०६) इत्युक्तम्। इत्थमतीतनैगमे सामान्यतया त्रिविध उपचारो ज्ञेयः।

प्रकृते देवागमनादि-महाकल्याणभाजनत्वादिप्रतीतिप्रयोजनवशाद् भूतनैगमनयेन (१) अतीत-दीपावलिदिने वर्तमानदीपावलिदिनत्वम्, (२) वर्त्तमानदीपावलिदिनेऽतीतदीपावलिदिनत्त्वम्, (३) वर्त्तमान-काले वाऽतीतकालीनक्रियादिकमुपचर्यते, यथा शैत्य-पावनत्वादिप्रत्यायनप्रयोजनवशाद् 'गङ्गायां घोष' इत्यादौ गङ्गातटे गङ्गात्वमारोप्यते।

અતીતકાલીન ક્રિયા વગેરેનો ઉપચાર પણ ભૂતનૈગમનયને માન્ય છે. એક કાળમાં અન્યકાળના ઉપચારની જેમ કાલાન્તરીય ક્રિયા વગેરેનો પ્રયોજનવિશેષથી આરોપ કરવામાં આવે તો તે પણ સમાન યુક્તિથી ન્યાયસંગત જ છે. જેમ કે (૩) 'આજે શ્રીવીરસ્વામી મુક્તિગામી થયા' - આવું વચન. અહીં વર્તમાનદીપાવલિ દિવસમાં અતીતકાલીન શ્રીવીરમુક્તિગમન ક્રિયાનો આરોપ કરવામાં આવે છે. પ્રસ્તુત ત્રીજા ઉપચારને દર્શાવતા **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે કામ થઈ ચૂકેલું હોય તેનો વર્તમાન કાળે આરોપ કરવો તે ભૂતનૈગમનય છે. જેમ કે "આજના દિવસે શ્રીમહાવીરસ્વામી ભગવાનનું નિર્વાણ થયું હતું' - આવું વચન." આ રીતે સામાન્યથી ત્રણ પ્રકારે ઉપચાર ભૂતનૈગમમાં સમજવા.

## 卐 નિમિત્ત અને પ્રયોજન હોય તો લક્ષણા માન્ય 卐

(**प्रकृते.**) "ભૂતકાલીન દીવાળીના દિવસે (૧) સ્વર્ગમાંથી દેવોનું પૃથ્વી ઉપર અવતરણ થયું હતું. (૨) મહાવીર સ્વામી ભગવાન મહાકલ્યાણના ભાગી બન્યા હતા. (૩) પ્રભુ વીરની ભક્તિથી પૌષધ વગેરે કરનારા ૧૮ ગણરાજા વગેરે પણ મહાકલ્યાણના ભાજન બન્યા હતા. (૪) આજે પણ દીવાળીએ છઠ્ઠ-પૌષધ-જાપ-ભક્તિ વગેરે કરનારા સાધકો મહાકલ્યાણના ભાજન બને છે" - ઈત્યાદિ પ્રતીતિ શ્રોતાને કરાવવાના પ્રયોજનથી (૧) અતીત દીવાળીના દિવસમાં વર્તમાન દીપાવલિદિનત્વ ધર્મનો આરોપ કરીને અથવા (૨) વર્તમાન દીવાળીના દિવસમાં ભૂતકાલીન દીવાળીદિનત્વ ધર્મનો આરોપ કરીને અથવા (૩) વર્તમાન દીપોત્સવ દિનમાં અતીતકાલીન વીરનિર્વાણગમનક્રિયા વગેરેનો વિવિધ પ્રકારે આરોપ કરીને પ્રસ્તુતમાં ભૂતનૈગમનય દ્વારા વિવિધ પ્રકારે એમ કહેવામાં આવે છે કે 'આજે દિવાળી દિને પ્રભુ વીર મોક્ષે પધાર્યા' ઈત્યાદિ. જેમ ઘોષમાં શીતળતા, પવિત્રતા વગેરે ગુણધર્મોની શ્રોતાને પ્રતીતિ કરાવવાના પ્રયોજનથી ગંગા નદીના કિનારામાં ગંગાપણાનો આરોપ કરીને 'गंगायां घोषः' - આ પ્રમાણે

♦ પુસ્તકોમાં 'કીજઈં' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે.

1. निर्वृत्तार्थक्रियाया वर्तनकाले यत् समाचरणम्। स भूतनैगमनयो यथाऽद्यदिने निर्वृत्तः वीरः।।

इह लक्षणामूला शाब्दी व्यञ्जना लब्धावसरा, अभिधा-लक्षणयोः प्रकृतार्थप्रत्यायनाऽसमर्थत्वात्। तदुक्तं **साहित्यदर्पणे विश्वनाथकविना** "लक्षणोपास्यते यस्य कृते तत्तु प्रयोजनम्। यया प्रत्याय्यते सा स्याद् व्यञ्जना लक्षणाऽऽश्रया।।" (सा.द.२/१५) इति। **तद्वृत्तिस्त्वेवम्** "गङ्गायां घोषः - इत्यादौ जलमयाद्यर्थबोधनाद् अभिधायां तटाद्यर्थबोधनाच्च लक्षणायां विरतायां यया शीतत्व-पावनत्वाद्यतिशयादिः बोध्यते सा लक्षणमूला व्यञ्जना" (सा.द.२/१५ वृ.) इति।

आलङ्कारिकाणामिदमाकूतम् - 'तीरे घोषः' इति प्रयोगे स्वाधीने सम्भवत्यपि 'गङ्गायां घोषः' इत्यनन्वितप्रयोगकरणं घोषगतशैत्य-पावनत्वादिव्यञ्जनार्थम्। तत्र गङ्गापदेन जहल्लक्षणया

---

કહેવામાં આવે છે, તેમ ઉપરોક્ત વાત સમજવી.

## ✡ લક્ષણામૂલક શાબ્દી વ્યંજનાની વિચારણા ✡

**(इह.)** અહીં જણાવેલ અર્થને દર્શાવવા માટે પ્રસ્તુતમાં લક્ષણામૂલક શાબ્દી વ્યંજનાને અવસર મળે છે. કારણ કે શબ્દની અભિધાશક્તિ કે લક્ષણાશક્તિ અહીં ઉપરોક્ત અર્થને જણાવવા માટે અસમર્થ છે. **વિશ્વનાથ**કવિરાજે **સાહિત્યદર્પણ** ગ્રંથમાં આ અંગે જણાવેલ છે કે 'જેના માટે લક્ષણાનો આશ્રય કરવામાં આવે છે તે પ્રયોજન શબ્દની જે શક્તિ દ્વારા પ્રતીત થાય તે શબ્દશક્તિ અહીં વ્યંજના = લક્ષણામૂલક વ્યંજના કહેવાય છે.' "પ્રસ્તુત 'गंगायां घोषः' ઈત્યાદિ સ્થળોમાં શબ્દની અભિધા નામની પ્રથમ મુખ્ય શક્તિ 'ગંગા' પદથી જલમય પ્રવાહવિશેષ સ્વરૂપ મુખ્યાર્થનો બોધ કરાવીને અટકી જાય છે. તથા શબ્દની લક્ષણા નામની દ્વિતીય ગૌણ (ઉપચરિત) શક્તિ 'ગંગા' પદથી કિનારા સ્વરૂપ લક્ષ્યાર્થને જણાવીને શાન્ત થઈ જાય છે. આ અવસરે ગંગાતટવર્તી ઘોષમાં શીતલતા અને પવિત્રતા વગેરે સ્વરૂપ અતિશય = આધિક્ય = અધિકાર્થ = અર્થાન્તર જણાવવા માટે શબ્દની વ્યંજના નામની ત્રીજી શક્તિ કામ કરે છે. પ્રસ્તુતમાં શીતલતા વગેરે અધિક અર્થની પ્રતીતિ શબ્દની જે શક્તિ દ્વારા થાય છે તે લક્ષણામૂલક વ્યંજના કહેવાય છે." આ પ્રમાણે **સાહિત્યદર્પણવૃત્તિ**માં જણાવેલ છે.

## ☫ આલંકારિકમતનું તાત્પર્ય ☫

**(आल.)** અલંકારશાસ્ત્રના નિષ્ણાતોનો અહીં એવો અભિપ્રાય છે કે 'तीरे घोषः' આ પ્રમાણે વાક્યપ્રયોગ કરવો એ વક્તાને આધીન છે. તે મુજબ બોલવા માટે વક્તા સ્વતંત્ર હોવા છતાં તે 'गङ्गायां घोषः' આવો પ્રયોગ કરે છે. વાસ્તવમાં ઘોષ ગંગામાં નથી. પણ તેના કિનારે છે. તેથી ઘોષનો જેમાં અન્વય થાય તેવા પ્રકારનું આ વાક્ય નથી. અન્વિત વાક્યપ્રયોગના બદલે અનન્વિત વાક્યપ્રયોગ કરવાની પાછળ આર્યજનોનું કોઈક પ્રયોજન હોવું જોઈએ. નિષ્પ્રયોજન અનન્વિત વાક્યપ્રયોગ શિષ્ટ પુરુષો ન કરે. પ્રસ્તુતમાં 'गङ्गायां घोषः' આવા અનન્વિત વાક્યપ્રયોગને કરવાનું પ્રયોજન છે ગંગાતટવર્તી ઘોષમાં શૈત્ય, પાવનત્વ આદિ અતિશયોની અભિવ્યક્તિ. 'ગંગાના કિનારે ઘોષ હોવાથી તેમાં શૈત્ય, પાવનત્વ વગેરે છે' - આ બાબતનું શ્રોતાને ભાન કરાવવા માટે વક્તા 'गङ्गायां घोषः' આવો વાક્યપ્રયોગ કરે છે. જો કે 'ગંગા' શબ્દ જહદ્ લક્ષણા (= મુખ્ય અર્થને છોડીને તાત્પર્યાર્થને જણાવનારી લક્ષણા) દ્વારા કિનારાનો બોધ કરાવી શકે છે. તેમ છતાં પણ ઘોષગત શીતલતા, પવિત્રતા વગેરે ગુણધર્મોની શ્રોતાને

તો ઈ ઘટમાન છઈ, જો વીરસિદ્ધિગમનનો અન્વય ભક્તિ ભણી પ્રાતીતિક માનિઈં. એ અલંકારના

तीरबोधे सत्यपि शीतत्वादिप्रतीत्यर्थं प्रकृते लक्षणामूला शाब्दी व्यञ्जना अवश्यम् अङ्गीकर्तव्या। तद्वत् प्रकृते योज्यमिति भूतनैगमनयाभिप्रायः।

यदि श्रीवीरस्वामिसिद्धिगमनान्वयोऽद्यदिनेऽतीतदीपावलित्वमारोप्य क्रियमाणः तीर्थकरभक्ति-तपः-पौषधप्रभृतिकृते प्रातीतिक इति मन्यते तर्हि स उपचारो घटमानक एवाऽवगन्तव्यः **काव्यानुशासन-काव्यप्रकाश-काव्यादर्श-काव्यालङ्कारसूत्र-काव्यविलास-सरस्वतीकण्ठाभरण-कविकण्ठाभरण-चन्द्रालोक-प्रतापरुद्रीय**

પ્રતીતિ કરાવવા માટે પ્રસ્તુતમાં લક્ષણામૂલક શાબ્દી વ્યંજનાને અવશ્ય સ્વીકારવી જોઈએ. તે રીતે 'આજે વીરપ્રભુનો નિર્વાણકલ્યાણક દિવસ છે' - આ સ્થળમાં પણ લક્ષણામૂલક શાબ્દી વ્યંજનાની સંગતિ કરીને ભૂતનૈગમનય દ્વારા અર્થબોધ કરવાની વાચકવર્ગને દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકામાં ભલામણ કરેલ છે.

## ❀ ભક્તિ માટે શાબ્દી વ્યંજના આવશ્યક ❀

**સ્પષ્ટતા** :- અલંકારશાસ્ત્રના મતે શબ્દમાં ત્રણ પ્રકારની શક્તિ છે - (૧) અભિધા, (૨) લક્ષણા અને (૩) વ્યંજના. જો 'तटे घोषः' આટલું જ કહેવામાં આવે તો ઘોષમાં ઠંડક છે, પવિત્રતા છે... વગેરે બાબતનો બોધ ન થાય. તેવો બોધ કરાવવા 'गंगायां घोषः' આવું બોલવામાં આવે છે. આથી અહીં કિનારામાં ગંગાપણાનો આરોપ સર્વ લોકોને માન્ય છે. 'ગંગા' પદથી અભિધા શક્તિ દ્વારા જલપ્રવાહવિશેષનો બોધ થાય છે. તેની લક્ષણા દ્વારા ગંગાતટનો બોધ થાય છે. તથા ઘોષગત ઠંડક, પવિત્રતા વગેરેનો બોધ વ્યંજના દ્વારા થાય છે. બરાબર આ જ રીતે ૨૫૩૬ વર્ષ પૂર્વેની દીવાળીના દિવસે પ્રભુ મહાવીર મોક્ષે પધાર્યા હતા. તે જ દિવસે દેવો સ્વર્ગથી નીચે ઉતર્યા હતા. નિર્વાણ કલ્યાણકની ઉજવણી કરી હતી. તેથી 'પ્રભુ વીર પ્રત્યેના ભક્તિભાવથી આપણે પણ આજે નિર્વાણ કલ્યાણકની ઉજવણી કરવી જોઈએ.' આ બાબતની શ્રોતાને વિશેષરૂપે પ્રતીતિ થાય તે માટે '૨૫૩૬ વર્ષ પૂર્વે શ્રમણ ભગવાન મહાવીર મોક્ષે પધાર્યા હતા' - આવું કહેવાના બદલે લક્ષણાનો આશ્રય કરીને 'આજે મહાવીરસ્વામી ભગવાનનો નિર્વાણદિન છે' - આમ કહેવાય છે. આવું સાંભળવાથી લક્ષણામૂલક શાબ્દી વ્યંજના દ્વારા નિર્વાણકલ્યાણકનો ચિતાર ખડો થતાં શ્રોતાને 'ઓહ ! આજે વીરપ્રભુનો નિર્વાણદિવસ છે. હું ભગવદ્ભક્તિ કરું, છઠ્ઠ કરું, પૌષધ કરું, જિનવાણીશ્રવણ કરું....' ઈત્યાદિ મનોરથો જાગે છે. આ પ્રયોજનથી વર્તમાન દિવાળીમાં અતીત દીપાવલિત્વનો આરોપ કરીને 'આજે વીરપ્રભુનો નિર્વાણદિન છે' - આવું કહેવામાં આવે છે. આ પ્રમાણે ભૂતનૈગમનયનો અભિપ્રાય છે. શબ્દની અભિધાશક્તિ, લક્ષણા, વ્યંજના, શાબ્દી વ્યંજના, આર્થી વ્યંજના વગેરેનું નિરૂપણ પૂર્વે (૫/૧) કરેલ છે.

## ❀ વર્તમાન દીવાળીમાં વીરમુક્તિગમનની પ્રતીતિ ❀

(**यदि.**) તીર્થંકર ભગવંતની ભક્તિ, તપશ્ચર્યા, પૌષધ વગેરે આરાધના માટે આજની દીવાળીમાં અતીતદીપાવલિત્વનો આરોપ = ઉપચાર કરીને આજની દીવાળીમાં શ્રીમહાવીરસ્વામી ભગવાનના મોક્ષગમનનો અન્વય આર્યજનોને પ્રતીતિમાં ભાસતો (= પ્રતીતિસિદ્ધ = પ્રાતીતિક) હોય છે - તેવું સ્વીકારવામાં આવે તો અત્યંત પ્રસિદ્ધ અને હૃદયંગમ એવા **કાવ્યાનુશાસન, કાવ્યપ્રકાશ, કાવ્યાદર્શ, કાવ્યાલંકારસૂત્ર, કાવ્યવિલાસ, સરસ્વતીકંઠાભરણ, કવિકંઠાભરણ, ચન્દ્રાલોક, પ્રતાપરુદ્રીય,**

જાણ પંડિત હોઈ[□], તે વિચારજો. *બહુશ્રુતો શાસ્ત્રોના જાણ સમજ્યો.* ॥૬/૮॥

-रसगङ्गाधर-रसतरङ्गिणी-वृत्तालङ्कार-साहित्यदर्पण-ध्वन्यालोकाद्यलङ्कारशास्त्रज्ञैः पण्डितैः, दीपावलित्व-भगवद्भक्तिलक्षणयोः उपचारनिमित्त-प्रयोजनयोः सद्भावात्।

***एतावता*** सर्वगुणप्रसाधकं तपः ***समर्थितम्,*** यन्मास-तिथिषु ऋषभस्वाम्यादीनां निष्क्रमण-केवलज्ञान-निर्वाणाख्यानि कल्याणकानि यत्तपसा सम्पन्नानि तन्मास-तिथिषु तन्निष्क्रमणादिस्मरणतः तत्तपःकरणात्, मतान्तरेणेत्थं पञ्चाशके एतत्तपःप्रदर्शनात्। तदुक्तं **पञ्चाशके** [1]"अण्णे तम्मास-दिणेसु बेंति लिङ्गं इमस्स" (पञ्चा.१९/९) इति। साम्प्रतकालेऽतीतकल्याणकतिथ्युपचारस्य सम्मतत्वादेवैतस्य

**રસગંગાધર, રસતરંગિણી, વૃત્તાલંકાર સાહિત્યદર્પણ, ધ્વન્યાલોક** વગેરે અલંકારશાસ્ત્રના જાણકાર એવા પંડિતોએ 'તે ઉપચાર = આરોપ સંગત છે' - તેમ માનવું જ જોઈએ. કારણ કે આરોપ કરવાનું નિમિત્ત અને પ્રયોજન ત્યાં વિદ્યમાન જ છે. નિમિત્ત છે દીપાવલિત્વ અને પ્રયોજન છે ભગવદ્ભક્તિ આદિ.

### ❀ ઉપચારની સફળતાને સમજીએ ❀

**સ્પષ્ટતા** :- જો કે શ્રમણ ભગવાન મહાવીર તો ૨૫૩૬ વર્ષ પૂર્વે મોક્ષમાં ગયા છે. તેમ છતાં પ્રતિવર્ષ દીવાળીના દિવસે શિષ્ટ પુરુષો કહે છે કે 'આજે ભગવાન મહાવીરનો નિર્વાણ દિવસ છે.' આ વ્યવહાર જણાવે છે કે આજની દીવાળીમાં અતીત દીપાવલિત્વનો આરોપ = ઉપચાર કરીને (અર્થાત્ આજની દીવાળીને અતીત દીવાળી માનીને) 'આ દીવાળીનો દિવસ શ્રમણ ભગવાન મહાવીરનો નિર્વાણગમનદિન છે' - આ પ્રમાણે થતી પ્રતીતિ શિષ્ટ પુરુષોને માન્ય છે. આથી જ અલંકારવેત્તા પંડિતોએ ઉપરોક્ત આરોપને અસંગત કહેવાનું કોઈ કારણ રહેતું નથી. ગમે તે દિવસે 'આજે વીરનિર્વાણદિન છે' - તેવું બોલાતું નથી. કારણ કે દીપાવલિત્વસ્વરૂપ આરોપનિમિત્ત અન્ય દિવસોમાં નથી હોતું. પણ દીવાળીના દિવસે જ તેવું બોલાય છે. તથા આજે દીવાળીનો છઠ્ઠ, જાપ, પૌષધ, જિનવાણીશ્રવણ વગેરે કરવા દ્વારા ભગવાનની ભક્તિ કરવી તે આ ઉપચારનું પ્રયોજન છે. ભગવદ્ભક્તિના પ્રયોજનથી ઉપચાર થતો હોવાથી તેમજ તેના દ્વારા લોકોને તથાવિધ પ્રતીતિ થતી હોવાથી લક્ષણા યોગ્ય છે, સફળ છે.

### ❯ સર્વગુણપ્રસાધક તપની વિચારણા ❯

(**एतावता.**) આવું કહેવા દ્વારા સર્વગુણપ્રસાધક તપનું સમર્થન થાય છે. સર્વગુણપ્રસાધક તપ એ રીતે કરવામાં આવે છે કે - જે મહિનાની જે તિથિએ ઋષભદેવ ભગવાન વગેરેના દીક્ષા-કેવલજ્ઞાન-નિર્વાણ કલ્યાણકો જે તપથી થયા હોય તે મહિનાની તે તિથિએ તે તે તીર્થંકર ભગવંતોના દીક્ષાકલ્યાણક વગેરેને યાદ કરીને તે તે છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપ કરવામાં આવે તે સર્વગુણપ્રસાધક તપ કહેવાય છે. આ પ્રમાણે પંચાશક ગ્રંથમાં મતાંતરથી સર્વગુણપ્રસાધક તપ બતાવેલ છે. **પંચાશકજીમાં શ્રીહરિભદ્રસૂરિજીએ** જણાવેલ છે કે "અન્ય આચાર્ય ભગવંતો એમ કહે છે કે - તે તે મહિનાની તે તે તિથિએ દીક્ષાદિપ્રસંગે ભગવાને કરેલો તપ કરવો તે સર્વગુણપ્રસાધક તપની સિદ્ધિનું લક્ષણ છે." આજના દિવસે અતીત

□ કો.(૧૩)માં 'તો' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

1. अन्ये तन्मास-दिनेषु ब्रुवन्ति लिङ्गम् अस्य।

शास्त्रविहितत्वमित्याशयः।

इदञ्चात्रावधेयम् – काले कालान्तर-कालान्तरीयपर्यायाऽऽरोपकरणेन यः त्रिविध उपचारः अत्रोपदर्शितः तस्य उपलक्षणत्वाद् द्रव्ये अतीतपर्यायोपचारोऽपि भूतनैगमसम्मतः द्रष्टव्यः, काले इव द्रव्येऽपि कालान्तरीयपर्यायारोपस्य शिष्टलोकेऽविगानेनोपलब्धेः। तथाहि – 'कुत्र मम घटः ?' इति पर्यनुयोगे सति घटान्वेषका लोका घटभङ्गोत्तरकालीनकपालाद्यवस्थापन्नमृत्तिकाद्रव्यं दृष्ट्वा 'अत्राऽयं भवदीयो घटः' इति प्रत्युत्तरयन्तीति दृश्यत एव। वर्तमानकालीनमृद्द्रव्येऽतीतघटपर्यायारोपणेन भूतकालीनार्थप्रतिपादकत्वादस्य व्यवहारस्य भूतनैगमनयेऽन्तर्भावो न्याय्यः। इत्थं द्रव्य-क्षेत्र -काल-भावानुवेधेन अतीतारोपणं भूतनैगमनये यथाशास्त्रं प्रसिद्धलोकव्यवहारानुसारतो भावनीयम्।

इदमप्यत्राऽवधेयम् – यदुतोपचारः निमित्ते प्रयोजने च सति सम्मतः, नान्यथा। अतः साम्प्रतं प्रसङ्गतो निमित्तानि यथाशास्त्रं दर्शयामः। तथाहि – सङ्क्षेपतः चत्वारि उपचारनिमित्तानि। तदुक्तं **वैयाकरणमहाभाष्ये पतञ्जलिना** "चतुर्भिः प्रकारैस्तस्मिन् स इत्येतद् भवति – तात्स्थ्यात्, ताद्धर्म्यात्,

---

કલ્યાણકતિથિનો ઉપચાર માન્ય હોવાથી જ આ તપ શાસ્ત્રવિહિત છે. આ મુજબ અહીં અભિપ્રાય છે.

### ❋ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુવેધથી વિવિધ ઉપચાર ❋

(**इदञ्चा.**) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે કાલમાં કાલાન્તરનો અને કાલાન્તરીય પર્યાયનો આરોપ કરીને ભૂતનૈગમનયમાં ત્રણ પ્રકારે જે ઉપચાર દેખાડેલ છે તે ઉપલક્ષણ છે, તે પ્રકારાન્તરનું સૂચક છે. તેથી દ્રવ્યમાં અતીત પર્યાયનો ઉપચાર = આરોપ પણ ભૂતનૈગમનયને માન્ય છે - તેમ સમજવું. આનું કારણ એ છે કે કાળની જેમ દ્રવ્યમાં પણ કાલાન્તરીય પર્યાયનો આરોપ નિર્વિવાદરૂપે શિષ્ટ લોકોમાં જોવા મળે છે. તે આ રીતે - પોતાનો ઘડો શોધનાર માણસ લોકોને પ્રશ્ન પૂછે છે કે 'મારો ઘડો ક્યાં છે ? તો ઘડાની તપાસ કરનારા લોકો ઘડો ભાંગી ગયા પછી કપાલ અવસ્થામાં રહેલ માટી દ્રવ્યને જોઈને 'આ અહીં રહ્યો આપનો ઘડો' - આ પ્રમાણે જવાબ આપે છે. આ મુજબ વ્યવહારમાં જોવા મળે જ છે. અહીં વર્તમાનકાલીન માટીદ્રવ્યમાં ભૂતકાલીન ઘટપર્યાયનો આરોપ કરવા દ્વારા ભૂતકાલીન અર્થનું પ્રતિપાદન થતું હોવાથી આ વ્યવહારનો પ્રસ્તુત ભૂતનૈગમનયમાં સમાવેશ થવો ન્યાયસંગત જ છે. આ રીતે પ્રસિદ્ધ લોકવ્યવહારને અનુસરીને શાસ્ત્ર મુજબ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સંવેધ કરીને અતીતના આરોપની ભૂતનૈગમમાં ઊંડાણથી વિચારણા પ્રાજ્ઞ પુરુષોએ કરવી.

### ● આરોપના ચાર નિમિત્ત : પતંજલિ ●

(**इदमप्य.**) પ્રસ્તુતમાં એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે ઉપચારનું નિમિત્ત હોય અને ઉપચાર કરવાનું કોઈ પ્રયોજન હોય તો જ તે ઉપચાર શાસ્ત્રકારોને માન્ય છે. તેથી હવે પ્રાસંગિક રીતે ઉપચારના નિમિત્તોને શાસ્ત્ર મુજબ અમે દેખાડીએ છીએ. તે આ રીતે - સંક્ષેપથી વિચારીએ તો ઉપચાર = આરોપ કરવાના નિમિત્તો ચાર છે. આ બાબતને જણાવતા **પતંજલિ ઋષિએ વૈયાકરણમહાભાષ્યમાં** કહેલ છે કે "ચાર પ્રકારે એક પદાર્થમાં બીજા પદાર્થનો ઉપચાર થાય છે. તાત્સ્થ્ય, તાદ્ધર્મ્ય, તત્સામીપ્ય, તત્સાહચર્ય - આ ચાર નિમિત્તથી ઉપચાર થાય છે.

तत्सामीप्यात्, तत्साहचर्यादिति। (१) तात्स्थ्यात् – तावद् 'मञ्चा हसन्ति', 'गिरिर्दह्यते'। (२) ताद्धर्म्यात् - जटिनं यान्तं 'ब्रह्मदत्त' इत्याह। ब्रह्मदत्ते यानि कार्याणि जटिन्यपि तानि क्रियन्त इत्यतो 'जटी ब्रह्मदत्त' इत्युच्यते। (३) तत्सामीप्याद् – 'गङ्गायां घोषः', 'कूपे गर्गकुलम्'। (४) तत्साहचर्यात् – 'कुन्तान् प्रवेशय', 'यष्टीः प्रवेशय' (वै.म.पा.सू.४/१/४८, वार्तिक ४)" इति।

---

તે આ રીતે સમજવા - (૧) સૌપ્રથમ તાત્સ્થ્ય એટલે તેમાં રહેવું. તે સ્થાનમાં રહેવાના લીધે આધેયભૂત પદાર્થમાં આધારનો જે અભેદ આરોપ થાય તે તાત્સ્થ્યનિમિત્તક આરોપ કહેવાય. જેમ કે 'માંચડાઓ હસે છે', 'પર્વત બળે છે' વગેરે ઉપચાર. પ્રસ્તુતમાં માંચડાઓ હસતા નથી. પણ માંચડા ઉપર રહેલા માણસો હસે છે. તેમ છતાં આધારભૂત માંચડાનો આધેયભૂત પુરુષોમાં અભેદ ઉપચાર કરીને માણસોનો માંચડા તરીકે ઉલ્લેખ કરીને 'માંચડાઓ હસે છે' - આમ કહેવાય છે. તેનો મતલબ એ છે કે 'માંચડા ઉપર રહેલા પુરુષો હસે છે.' તે જ રીતે પર્વત ઉપર રહેલા વૃક્ષ-પર્ણ-તૃણ વગેરે બળતા હોય ત્યારે પર્વત અને વૃક્ષાદિ વચ્ચે અભેદ ઉપચાર કરીને 'પર્વત બળે છે' - આવું કહેવામાં આવે છે. એનો અર્થ એ છે કે 'પર્વત ઉપર રહેલ વૃક્ષાદિ બળે છે.' આ રીતે આધેયમાં જે અભેદસંબંધથી આરોપ થાય તે તાત્સ્થ્યનિમિત્તક આરોપ કહેવાય છે.

(૨) તાદ્ધર્મ્ય એટલે તેના ગુણધર્મ = કાર્ય. એક વ્યક્તિ વિષે બીજી વ્યક્તિના કાર્યો કરાય ત્યારે બીજી વ્યક્તિ તરીકેનો અભેદ આરોપ પ્રથમ વ્યક્તિમાં કરવામાં આવે તે તાદ્ધર્મ્યનિમિત્તક આરોપ કહેવાય. જેમ કે જટી = જટાધારી તાપસ જતો હોય તો તેને જોઈને 'બ્રહ્મદત્ત' કહેવામાં આવે તો તે તાદ્ધર્મ્યનિમિત્તક આરોપ કહેવાય. આ ઉપચાર થવાનું કારણ એ છે કે જે જે કાર્યો બ્રહ્મદત્તને વિશે કરવાના હોય તે તે કાર્યો (બહુમાન-સત્કાર આદિ) જટીને વિશે કરાય છે. તેથી જટીમાં બ્રહ્મદત્તનો અભેદ ઉપચાર કરીને જટાધર વ્યક્તિને બ્રહ્મદત્ત કહેવાય છે. (અત્યંત ઉદાર માણસને ઉદ્દેશીને 'આ કર્ણ છે', 'આ જગડુશા છે' - આવો વ્યવહાર પણ તાદ્ધર્મ્યનિમિત્તક આરોપ સમજવો.)

(૩) તત્સામીપ્ય એટલે તેની સમીપમાં વિદ્યમાનતા. બે પદાર્થો નજીક હોય તેવા સ્થળે સામીપ્યના લીધે એક પદાર્થનો બીજા પદાર્થમાં અભેદ ઉપચાર = આરોપ = લક્ષણા થાય છે. જેમ કે 'ગંગામાં ઘોષ', 'કૂવામાં ગર્ગકુળ' વગેરે. ગંગા અને ગંગાનો કિનારો નજીક હોવાથી ગંગાના કિનારામાં ગંગાનો અભેદ ઉપચાર કરીને 'ગંગા' શબ્દથી ગંગાતટને જણાવવામાં આવે છે. તે જ રીતે ગર્ગનું કુળ કૂવાના કાંઠે રહેતું હોવા છતાં કૂવો અને કૂવાનો કાંઠો સમીપ હોવાથી કાંઠામાં કૂવાનો અભેદ ઉપચાર કરીને 'કૂવામાં ગર્ગનું કુળ રહે છે' - આ પ્રમાણે બોલવામાં આવે છે.

(૪) તત્સાહચર્ય એટલે તેની સાથે ફરવું. અમુક પદાર્થને લઈને કોઈ વ્યક્તિ બધે ફરતી હોય ત્યારે તે પદાર્થમાં તે વ્યક્તિનો અભેદ ઉપચાર કરવામાં આવે છે. દા.ત. 'ભાલાઓને આવવા દો', 'દંડાઓને આવવા દો' - આ પ્રમાણે થતો વાક્યપ્રયોગ તત્સાહચર્યનિમિત્તક આરોપ કહેવાય છે. ચોકીદાર વગેરે માણસો કાયમ ભાલા કે દંડ લઈને ફરતા હોય છે. તેથી ભાલાધારીમાં કે દંડધારીમાં ક્રમશઃ ભાલાનો અને દંડનો અભેદ ઉપચાર કરીને ઉપરોક્ત વાક્યપ્રયોગ કરવામાં આવે છે." આ પ્રમાણે **પતંજલિ ઋષિ**એ સંક્ષેપથી ચાર પ્રકારના ઉપચારની વાત **વૈયાકરણ મહાભાષ્ય** ગ્રંથમાં જણાવેલ છે.

**नागेशमते** पञ्चविधानि लक्षणानिमित्तानि। तदुक्तं तेन **परमलघुमञ्जूषायाम्** उद्धरणरूपेण "(१) तात्स्थ्यात् तथैव (२) ताद्धर्म्यात् (३) तत्सामीप्यात् तथैव च। (४) तत्साहचर्यात् (५) तादर्थ्याद् विज्ञेया लक्षणा बुधैः।।" (प.ल.म. लक्षणाविचारः पृ.१७) इत्यादिकं पूर्वोक्तं (५/१) प्रकृतेऽनुसन्धेयम्। प्रस्थकार्थं काष्ठं छिन्दन् 'प्रस्थकं छिनद्मी'ति यत् प्रयुङ्क्ते तत् पूर्वोक्तं (४/१३ पृष्ठ-४९३) वक्ष्यमाणं (६/९,८/१८) च नैगमनयवाक्यं प्रकृते तादर्थ्योपचारविधया विज्ञेयम्।

**न्यायसूत्रे** तु "[१]सहचरण-[२]स्थान-[३]तादर्थ्य-[४]वृत्त-[५]मान-[६]धारण-[७]सामीप्य-[८]योग-[९]साधना-[१०]ऽऽधिपत्येभ्यो [१]ब्राह्मण-[२]मञ्च-[३]कट-[४]राज-[५]सक्तु-[६]चन्दन-[७]गङ्गा-[८]शाटक-[९]अन्न-[१०]पुरुषेषु अतद्भावेऽपि तदुपचारः" (न्या.सू.२/२/६१) इति विस्तरतः दश उपचारनिमित्तानि उक्तानि।

तद्विवरणं तु **वात्स्यायनभाष्ये**

"(१) सहचरणाद् – 'यष्टिकां भोजयेः' इति यष्टिकासहचरितो ब्राह्मणोऽभिधीयत इति।

---

### ❀ ઉપચારના પાંચ નિમિત્ત : નાગેશભટ્ટ ❀

**(नागे.)** **નાગેશભટ્ટ** નામના વૈયાકરણના મતે લક્ષણાના પાંચ નિમિત્તો છે. તેમણે ઉદ્ધરણરૂપે **પરમલઘુમંજૂષા**માં જણાવેલ છે કે '(૧) તાત્સ્થ્ય, (૨) તાદ્ધર્મ્ય, (૩) તત્સામીપ્ય, (૪) તત્સાહચર્ય તેમજ (૫) તાદર્થ્ય - આ પાંચ નિમિત્તના લીધે લક્ષણા પંડિતોએ જાણવી.' અહીં ચાર ભેદ તો પતંજલિમતમાં ઉપર જણાવ્યા મુજબ સમજવા. તથા પાંચમો ભેદ તાદર્થ્ય એટલે તેના માટે હોવાપણું. પૂર્વે પાંચમી શાખાના પ્રથમ શ્લોકની વ્યાખ્યામાં આ બાબત વિસ્તારથી દર્શાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું. પ્રસ્તુતમાં પ્રસ્થક (ધાન્યમાપવિશેષ) બનાવવા માટે લાકડાને કોઈ માણસ છેદી રહ્યો હોય ત્યારે તેને પૂછવામાં આવે કે 'તું શું છેદી રહ્યો છે ?' તો તે 'હું કાષ્ઠને છેદું છું' - આમ બોલવાના બદલે 'હું પ્રસ્થકને છેદું છું' - આમ બોલે છે. પૂર્વે (૪/૧૩) જણાવેલ અને આગળ (૬/૯, ૮/૧૮) જે જણાવવામાં આવશે, તે નૈગમમાન્ય ઉપરોક્ત વાક્ય અહીં તાદર્થ્યઉપચાર તરીકે જાણવું.

### ❀ આરોપના દશ નિમિત્ત : અક્ષપાદ ❀

**(न्याय.)** **ન્યાયસૂત્ર** ગ્રંથમાં તો **અક્ષપાદ** ઋષિએ વિસ્તારથી ૧૦ પ્રકારના આરોપનિમિત્તો જણાવેલા છે. તે આ પ્રમાણે "(૧) સહચરણથી (= તત્સાહચર્યથી) બ્રાહ્મણમાં, (૨) સ્થાનથી (= તાત્સ્થ્યથી) માંચડામાં, (૩) તાદર્થ્યથી કટમાં, (૪) વૃત્તથી (= આચરણથી) રાજામાં, (૫) માપથી સાથવામાં, (૬) ધારણથી ચંદનમાં, (૭) સામીપ્યથી ગંગામાં, (૮) યોગથી શાટકમાં, (૯) સાધનથી અન્નમાં, (૧૦) આધિપત્યથી પુરુષમાં તે તે વસ્તુ ન હોવા છતાં તે તે વસ્તુનો અભેદસંબંધથી ઉપચાર થાય છે."

**(तद्वि.)** ઉપરોક્ત ન્યાયસૂત્રનું વિવેચન **વાત્સ્યાયનભાષ્ય**માં (= **વાત્સ્યાયન** ઋષિએ રચેલા **ન્યાયસૂત્રભાષ્ય**માં) નીચે મુજબ ઉપલબ્ધ થાય છે. "(૧) સહચરણથી = તત્સાહચર્યથી આરોપ થાય છે. જેમ કે લાકડીને લઈને કાયમ ફરનારા બ્રાહ્મણને ભોજન કરાવવાનું હોય તેવા અવસરે લાકડીસહચરિત બ્રાહ્મણમાં લાકડીનો ઉપચાર કરીને 'લાકડીને જમાડો' - આ પ્રમાણે સાહચર્યનિમિત્તક આરોપ કરવામાં આવે છે. અહીં 'લાકડી' શબ્દથી લાકડીના સાહચર્યવાળા બ્રાહ્મણને જણાવવામાં આવે છે.

(२) स्थानाद् – 'मञ्चाः क्रोशन्ति' इति मञ्चस्थाः पुरुषा अभिधीयन्ते।

(३) तादर्थ्यात् – कटार्थेषु वीरणेषु व्यूह्यमानेषु 'कटं करोति' इति भवति।

(४) वृत्ताद् – 'यमो राजा', 'कुबेरो राजा' इति तद्वद् वर्तत इति।

(५) मानाद् – आढकेन मिताः सक्तव 'आढकसक्तव' इति।

(६) धारणात् – तूलायां धृतं चन्दनं 'तुलाचन्दनम्' इति।

(७) सामीप्याद् – 'गङ्गायां गावश्चरन्ति' इति देशोऽभिधीयते सन्निकृष्टः।

(८) योगात् – कृष्णेन रागेण युक्तः शाटकः 'कृष्ण' इत्यभिधीयते।

---

(૨) સ્થાનથી = તાત્સ્થ્યથી 'માંચડાઓ ચીસાચીસ કરે છે. માંચડાઓ કોલાહલ કરે છે' - આવા પ્રકારનો આરોપ થાય છે. અહીં માંચડો કોલાહલ નથી કરતો. પરંતુ માંચડા ઉપર ચઢેલા - રહેલા માણસો અવાજ કરે છે. તેથી 'માંચડો' શબ્દથી માંચડા ઉપર રહેલા પુરુષોને જણાવવામાં આવે છે. (વ્યાખ્યાન સમયે ગેલેરીમાં રહેલા માણસો શોર-બકોર મચાવતા હોય ત્યારે 'આ ગેલેરી કેમ અવાજ કરે છે ?' આ પ્રમાણે વાક્યપ્રયોગ થાય છે તે પ્રસ્તુત તાત્સ્થ્યનિમિત્તક આરોપ સમજવો.)

(૩) તાદર્થ્ય એટલે તેના માટે પોતાનું હોવાપણું. કટ = સાદડી (કે ચટાઈ) માટે વીરણ (તંતુ કે સળીઓ) વણવામાં આવે ત્યારે 'આ માણસ કટને કરે છે' - આ પ્રમાણે બોલવામાં આવે છે. અહીં કટ માટે વીરણ વણાતા હોવાથી વીરણમાં કટનો અભેદ ઉપચાર કરીને આ વાક્યપ્રયોગ થાય છે.

(૪) વૃત્ત એટલે આચરણ. રાજા યમ જેવું ક્રૂર આચરણ કરે ત્યારે રાજાને 'યમ' કહેવામાં આવે છે. તથા રાજા જ્યારે કુબેર જેવું ઉદાર આચરણ કરે ત્યારે રાજાને 'કુબેર' કહેવામાં આવે છે. આ વૃત્તનિમિત્તક ઉપચાર જાણવો.

(૫) માન એટલે માપ. આઢકથી માપેલા સાથવાને આઢક કહેવાય છે. ('આઢક' જૂના કાળનું એક માપ છે. જેમ વર્તમાનમાં કીલો, અડધો કીલો, ૧૦૦ ગ્રામ વગેરે માપથી અનાજ મપાય છે. તેમ પૂર્વના કાળમાં આઢક, દ્રોણ વગેરે માપથી ધાન્યને માપવાનું કામ થતું હતું.) આઢકપ્રમાણ સાથવામાં આઢકનો અભેદ આરોપ કરીને તે સાથવાને (= ચણાના સેકેલા લોટને) આઢક કહેવાય છે.

(૬) ધારણનિમિત્તક પણ આરોપ થાય છે. જેમ કે તુલામાં = ત્રાજવામાં ધારણ કરાયેલા ચંદનને લાવવું હોય તો ત્રાજવાનો ચંદનમાં આરોપ કરીને 'ત્રાજવું લાવ' આ પ્રમાણે જે વ્યવહાર થાય છે. તે ધારણનિમિત્તક આરોપ કહેવાય છે. અહીં 'ત્રાજવું' શબ્દથી 'ત્રાજવામાં ધારણ કરાયેલા ચંદન' - એવો અર્થ ગ્રહણ કરવો અભિપ્રેત છે.

(૭) સામીપ્યથી 'ગંગામાં ગાયો ચરે છે' - આ પ્રમાણે ઉપચાર થાય છે. પ્રસ્તુતમાં ગંગા નદીની અંદર ગાયો ચરતી નથી. પરંતુ ગંગાનદીની બાજુમાં રહેલ મેદાનમાં ગાયો ચરે છે. તેમ છતાં તે મેદાન ગંગાની બાજુમાં હોવાથી તેમાં ગંગાનો ઉપચાર કરીને ઉપરોક્ત વાક્યપ્રયોગ કરવામાં આવે છે. અહીં 'ગંગા' શબ્દથી ગંગાસમીપવર્તી મેદાન અર્થ અભિપ્રેત છે.

(૮) યોગની અપેક્ષાએ પણ ઉપચાર થાય. જેમ કે કાળા રંગથી રંગેલા કપડાને 'શ્યામ' કહેવાય. તે યોગનિમિત્તક ઉપચાર સમજવો. વાસ્તવમાં તો રંગ = વર્ણ કાળો છે, વસ્ત્ર નહિ. છતાં શ્યામરૂપના યોગથી વસ્ત્રને શ્યામ કહેવાય છે. અહીં 'શ્યામ' શબ્દની શ્યામરૂપવાન વસ્ત્રમાં લક્ષણા કરવી અભિમત છે.

(९) साधनाद् – 'अन्नं प्राणा' इति।

(१०) आधिपत्याद् - 'अयं पुरुषः कुलम्', 'अयं गोत्रम्' (न्या.सू.२/२/६१)" इत्येवं वर्तते। ततश्चोपचारनिमित्तसत्त्वे सति च प्रयोजने उपचारस्य सार्थकत्वं तत्र तत्र बहुश्रुतैः बोध्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – तीर्थङ्करकल्याणकपर्वाराधनया भूतनैगम आत्मानं भगवद्भक्तिनिर्भरं करोति। 'अद्य मे दीक्षादिनः' इति स्मृत्वा दशादिवार्षिकसंयमपर्यायवन्तो महात्मान उपवास-वैयावृत्त्याद्याराधनायाम् उल्लसन्तो दृश्यन्त एव। इत्थं स्वस्य पूर्वमहापुरुषादेः वा अतीतकालीन-प्रशस्तोदन्तादिकं तत्तत्तिथिसंलग्नं स्मृत्वा वर्तमानतिथौ तत्तिथ्यभेदमुपचर्य यथावसरं विशिष्टाराधनामार्गे सोत्साहतया गन्तव्यम्। इत्थमतीतनैगमः प्रयोक्तव्यः। ततो "निरञ्जनं निराकारं सहजानन्दनन्दितम्" (कु.प्र.प्र.५३४/पृ.२०७) इति **कुमारपालप्रबोधप्रबन्धोक्तं** सिद्धस्वरूपं सद्यः सम्पद्येत॥६/८॥

---

(૯) સાધનની દૃષ્ટિએ આરોપ થાય છે. જેમ કે પ્રાણને ટકાવવાનું સાધન હોવાથી અન્નને પ્રાણ કહેવાય છે. (લોભીયાના ધનને એના પ્રાણ કહેવાય છે. તે પણ સાધનનિમિત્તક ઉપચાર છે.)

(૧૦) આધિપત્યથી પણ આરોપ થાય છે. જેમ કે કોઈ માણસનું કુલમાં કે ગોત્રમાં આધિપત્ય = વર્ચસ્વ હોય તો તે માણસને કુલ કે ગોત્રરૂપે જણાવાય છે. દા.ત. ઠક્કર કુલનો મુખ્ય માણસ લગ્નપ્રસંગમાં આવે ત્યારે 'ઠક્કર કુલ આવી ગયું' - આ પ્રમાણે જે ઉપચાર થાય તે આધિપત્યનિમિત્તક આરોપ કહેવાય"- આ પ્રમાણે દશ ઉપચાર **ન્યાયસૂત્રભાષ્ય**માં **વાત્સ્યાયન** ઋષિએ સમજાવેલા છે. તેથી ઉપચારનું નિમિત્ત હાજર હોય તથા ઉપચાર કરવાનું પ્રયોજન વિદ્યમાન હોય ત્યારે ઉપચારને તે તે સ્થળે સાર્થક માનવામાં આવે છે. આ પ્રમાણે સ્વ-પરદર્શનના જાણકાર બહુશ્રુત પુરુષોએ જાણવું.

**સ્પષ્ટતા** :- ઉપચારનું નિમિત્ત હોય એટલે ઉપચાર કરી દેવો - એટલું પર્યાપ્ત નથી. પરંતુ ઉપચાર કરવાનું કોઈક ઉમદા પ્રયોજન હોય ત્યારે ઉપરોક્તમાંથી કોઈ પણ એક નિમિત્તને શોધીને, પકડીને ઉપચાર કરાય છે. તો જ ઉપચાર શિષ્ટસંમત બને, અન્યથા નહિ.

## ❈ ભૂત નૈગમનયનો ઉપયોગ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- કલ્યાણકપર્વની આરાધના દ્વારા ભૂતનૈગમ આત્માને પ્રભુભક્તિમય બનાવે છે. દીક્ષાના ૧૦ વર્ષ પછી પણ 'આજે મારો દીક્ષાદિવસ છે' - આવો વ્યવહાર દીક્ષાતિથિના દિવસે થતો જોવા મળે છે. આ ઉપચારથી મહાત્મા પોતાનો ભૂતકાલીન દીક્ષાદિવસ યાદ કરીને ઉપવાસ, વૈયાવચ્ચ આદિ આરાધના કરવા માટે ઉલ્લસિત થતા હોય છે. આ રીતે આપણા કે મહાપુરુષોના જીવનના ભૂતકાલીન સારા પ્રસંગોને તે તે તિથિના દિવસે યાદ કરી, વર્તમાન વિશિષ્ટ તિથિઓમાં જૂની સુંદર ઘટનાવાળા દિવસનો અભેદ ઉપચાર કરી વર્તમાન કાળે પણ વિશિષ્ટ આરાધનાના માર્ગે ઉલ્લાસથી આગેકૂચ કરીએ - આ મુજબ ભૂતનૈગમનો ઉપયોગ કરવો. તેનાથી **કુમારપાળપ્રબોધપ્રબંધ**માં દર્શાવેલ નિરંજન, નિરાકાર, પરમાનંદથી પ્રમુદિત સિદ્ધસ્વરૂપ ઝડપથી મળે. (૬/૮)

**ભૂતવત કહઈં ભાવિ નૈગમ, ભાવિ જિમ જિન સિદ્ધ રે;**
**સિદ્ધવત્ છઈં વર્તમાનઈં કાંઇ સિદ્ધ અસિદ્ધ રે ॥૬/૯॥ (૮૨) બહુ.**

(ભાવિ ભૂતવત કહઈં=) **भाविनि भूतवदुपचारः** એ બીજો (=ભાવિ) નૈગમ. **જિમ** (ભાવિ સિદ્ધ) **જિનનઈં સિદ્ધ** કહિઈં, કેવલીનઈં **સિદ્ધપણું** અવશ્યંભાવી છઈ તે માટઈં.

---

नैगमनयस्य द्वितीयभेदं तृतीयभेदञ्च निरूपयति – '**भाव्य**' इति।

**भाव्ये भूतोपचारोक्तेः द्वितीयः सिद्धवज्जिनः।**
**सिद्धाऽसिद्धेऽस्त्युपारोपे साम्प्रतो नैगमः स्मृतः।।६/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – भाव्ये भूतोपचारोक्तेः द्वितीयः (नैगमः ज्ञेयः)। 'जिनः सिद्धवत्' (इति वचनम्)। सिद्धाऽसिद्धे अस्त्युपारोपे (तृतीयः) साम्प्रतः नैगमः स्मृतः।।६/९।।

**भाव्ये** = भाविनि **भूतोपचारोक्तेः** = सद्भूतत्वाऽऽरोपवचनाद् **द्वितीयो** = नैगमनयद्वितीयभेदः = भाविनैगमः **स्मृतः**, आरोपकरणेन भाविपर्यायप्रतिपादकत्वात्। यथा **जिनः** = भवस्थकेवली **सिद्धवत्** कथ्यते। अत्र हि भवस्थकेवलिनः सिद्धत्वं नियमेन आसन्नानागतकाले इह भवे भविष्यतीति कृत्वा भाविनि निष्पन्नवदुपचारः कृतः। तदुक्तम् – **आलापपद्धतौ** अपि "भाविनि भूतवत्कथनं यत्र स भाविनैगमः, यथा – अर्हन् सिद्ध एव" (आ.प.पृ.८) इति।

---

**અવતરણિકા** :- નૈગમનયના પ્રથમ ભેદનું નિરૂપણ કર્યા બાદ હવે ગ્રંથકારશ્રી નૈગમનયના બીજા ભેદનું અને ત્રીજા ભેદનું નિરૂપણ કરે છે :-

### ❖ નૈગમનયના બીજા ભેદને સમજીએ ❖

**શ્લોકાર્થ** :- ભવિષ્યકાલીન પદાર્થને વિશે સદ્ભૂતપણાનો આરોપ કરનાર વાણીની અપેક્ષાએ બીજો નૈગમ સમજવો. જેમ કે "જિનેશ્વર ભગવંતને '**સિદ્ધ**' તરીકે જણાવનાર વચન." નિષ્પન્ન અને અનિષ્પન્નમાં વિદ્યમાનતાનો આરોપ કરવામાં આવે તો ત્રીજો = સાંપ્રત નૈગમ કહેવાય છે. (૬/૯)

**વ્યાખ્યાર્થ** :- ભવિષ્યકાલીન પદાર્થને વિશે સદ્ભૂતપણાનો આરોપ કરનાર વાણીની અપેક્ષાએ નૈગમનો બીજો ભેદ = ભાવી નૈગમ સમજવો. કારણ કે તે નય આરોપ કરવા દ્વારા ભવિષ્યકાલીન પર્યાયનું પ્રતિપાદન કરે છે. જેમ કે ૧૩મા - ૧૪મા ગુણસ્થાનકે રહેલા કેવલજ્ઞાની ભગવંતને 'સિદ્ધ ભગવંત' તરીકે જણાવનાર વચન ભાવી નૈગમનય કહેવાય. પ્રસ્તુતમાં કેવલજ્ઞાની ભવસ્થ છે, મન -વચન-કાયા-અઘાતિકર્મોદય વગેરે સ્વરૂપવાળા સંસારમાં કેવલજ્ઞાની રહેલા છે. હજુ સુધી સિદ્ધશિલાએ પહોંચેલા નથી, સિદ્ધ થયા નથી. તેમ છતાં નજીકના ભવિષ્યકાળમાં આ ભવમાં તેઓ અવશ્ય સિદ્ધ થવાના છે. તેથી ભવિષ્યકાલીન વસ્તુમાં નિષ્પન્ન = હાજર = સદ્ભૂત વસ્તુની જેમ ઉપચાર કરવામાં આવે છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "ભાવી વસ્તુમાં નિષ્પન્ન = હાજર = સદ્ભૂત વસ્તુની જેમ કથન જે નયમાં કરવામાં આવે તે નય ભાવિનૈગમ કહેવાય છે. જેમ કે 'અરિહંત પરમાત્મા સિદ્ધ જ છે' - આવું વચન." (અરિહંતદશા પૂર્ણ થયા પછી જ સિદ્ધ દશા આવે છે. અરિહંતદશા

"भाविनि भूतवदुपचारः" (न्या.स.१/९) इति **हेमहंसगणिना न्यायसङ्ग्रहे** दर्शितः न्यायोऽपि एतदनुकूल एवेत्यवधेयम्।

एवमेव प्रस्थेऽनिष्पन्नेऽपि निष्पन्नमिवाऽयं दर्शयति, अचिरकालभावित्वात्।

यथोक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"णिप्पण्णमिव पयंपदि भाविपयत्थं णरो अणिप्पण्णं। अप्पत्थे जह पत्थं भण्णइ सो भाविणइगमुत्ति णओ।।" (न.च.३५, द्र.स्व.प्र.२०५) इति।

प्रस्थकः काष्ठघटितो धान्यमानविशेषः। तद्योग्यं काष्ठमटव्यां छिन्दानस्तक्षा 'किं करोषि ?' इति पृष्टः सन् प्राह – 'प्रस्थकं छिनद्मि।' मार्गे चाऽऽगच्छन् पृष्टः - 'किमिदं स्कन्धे त्वयाऽऽरोपितम्?' स आह – 'प्रस्थकः'। एवमप्रस्थकेऽपि नैगमः प्रस्थकव्यपदेशं मन्यत इति **विशेषावश्यकभाष्यमलधारवृत्त्य**नुसारेण (गा.२१८८ वृ.) इह भाविनैगमाभिप्राये प्रस्थकपर्यायसिद्धिपूर्वं प्रस्थकप्रयोगो यथासम्भवं बहुश्रुतैः विमृश्य योजनीयः। तदुक्तं **प्रमाणमीमांसा**यामपि "अनिष्पन्नपर्यायस्य सङ्कल्पमात्रग्राही नैगमः" (प्र.मी.२/२/३) इति।

---

વિદ્યમાન હોય ત્યારે નહિ. છતાં ઉપરોક્ત કથનમાં ભાવી સિદ્ધપર્યાયને નિષ્પન્નસ્વરૂપે બતાવવામાં આવે છે. તેથી તે કથન ભાવી નૈગમનય કહેવાય છે.)

**("भावि.) ન્યાયસંગ્રહ** ગ્રંથના પ્રથમ વક્ષસ્કારમાં શ્રી**હેમહંસગણી**એ 'ભાવિ કાર્યને નિષ્પન્ન માનીને તેનો ઉપચાર કરવો' - આ અર્થને સૂચવવા માટે '**भाविनि भूतवद् उपचारः**' આવો ન્યાય જણાવેલ છે. તે ન્યાય પણ પ્રસ્તુત નૈગમનયના બીજા ભેદને અનુકૂળ જ છે. આ વાત ખ્યાલમાં રાખવી.

**(एवमेव.)** આ જ રીતે પ્રસ્થક નિષ્પન્ન ન થયો હોય તેમ છતાં નિષ્પન્ન થયેલો હોય તે પ્રમાણે ભાવી નૈગમનય બતાવે છે. કારણ કે નજીકના ભવિષ્યકાળમાં પ્રસ્થક ઉત્પન્ન થવાનો છે.

**(यथोक्तं.) નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'અનિષ્પન્ન ભાવી પદાર્થને નિષ્પન્નવત્ જે નય જણાવે છે તે ભાવી નૈગમનય કહેવાય છે. જેમ કે અપ્રસ્થકને પ્રસ્થક કહેવું.'

## ❋ પ્રસ્થક ઉદાહરણ ભાવી નૈગમનો વિષય ❋

**(प्रस्थकः.)** જૂના કાળમાં કાષ્ઠથી બનાવેલું ધાન્યને માપવાનું સાધન પ્રસ્થક (પાલી) કહેવાતું હતું. જંગલમાં પ્રસ્થક બનાવવાનું લાકડું છોલતા સુથારને કોઈ પૂછે કે 'શું કરો છો ?' તો તે જવાબ આપે છે કે 'હું પ્રસ્થકને છોલું છું.' પ્રસ્થકયોગ્ય લાકડાને લઈને આવતા સુથારને કોઈ પૂછે કે 'તમે ખભે શું ચઢાવેલ છે ?' તો તે જવાબ આપે છે કે 'પ્રસ્થક.' આ રીતે પ્રસ્થકસ્વરૂપે વર્તમાનમાં તૈયાર ન થયેલા કાષ્ઠમાં પણ પ્રસ્થક તરીકેનો વ્યવહાર નૈગમનયને સંમત છે. આ પ્રમાણે **વિશેષાવશ્યકભાષ્ય**ની **શ્રીમલધારી-હેમચંદ્રસૂરિ**રચિત **વૃત્તિ**માં જણાવેલ છે. તે મુજબ બહુશ્રુત પુરુષોએ વિચારીને પ્રસ્થકપર્યાયની ઉત્પત્તિની પૂર્વે ભાવી નૈગમનયના અભિપ્રાયમાં યથાસંભવ રીતે તે પ્રસ્થકવ્યવહારની વાત લાગુ પાડવી. **પ્રમાણમીમાંસા**માં પણ જણાવેલ છે કે 'જે પર્યાય નિષ્પન્ન થયેલ ન હોય તેમ છતાં તેને ઉત્પન્ન કરવાનો

---

1. निष्पन्नमिव प्रजल्पति भाविपदार्थं नरोऽनिष्पन्नम्। अप्रस्थे यथा प्रस्थो भण्यते स भाविनैगम इति नयः।।

इदञ्चाऽत्रावधेयं यदुत साम्प्रतकाले भाविपर्यायप्ररूपणा द्रव्ये इव कालादावपि अनागतपर्यायारोपणेन सम्भवति। तथाहि – श्रावणशुक्लतृतीयायां तिथौ विहरमानजिनकल्याणकाराधकाः पठन्ति यदुत 'अद्य **सीमन्धरजिनः** निर्वाणगामी' इति। प्रकृते 'अद्ये'तिशब्दवाच्ये इदानीन्तनश्रावणशुक्लतृतीयादिने सीमन्धरजिननिर्वाणगमनाऽर्थान्वयबाधेन अनागतोत्सर्पिणीकाली**नोदय-पेढाला**ऽभिधानयोः सप्तमाऽष्टमतीर्थङ्करयोः अन्तराले श्रावणशुक्लतृतीयादिनविशेषे 'अद्ये'तिशब्दः सङ्कल्प्यते। 'मञ्चाः क्रोशन्ती'त्यत्र पुरुषेषु मञ्चारोपवत् प्रकृते अनागते वर्तमानत्वाऽऽरोपणादस्य भाविनैगमत्वं समर्थनीयम्।

एवं वर्तमानेऽपि अनागतारोपो भवति। तथाहि – 'अद्य सीमन्धरजिननिर्वाणकल्याणकदिनः' इत्यत्र विवक्षाविशेषवशतः 'अद्य'शब्दवाच्ये वर्तमानकालीनश्रावणशुक्लतृतीयादिने अनागतसीमन्धरजिननिर्वाणकल्याणकदिनत्वमुपचर्य वर्तमानदिनः सीमन्धरजिननिर्वाणकल्याणकदिनत्वेन व्यवह्रियते

---

સંકલ્પ કરવામાં આવે તો તેના માત્ર સંકલ્પને પણ વસ્તુ તરીકે નૈગમનય ગ્રહણ કરે છે.'

### ❀ ભાવિનૈગમમાં અનેક પ્રકારે આરોપ ❀

(**इद.**) અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે - વર્તમાનકાળે ભાવી પર્યાયની પ્રરૂપણા જેમ અરિહંતદ્રવ્યમાં કે કાષ્ઠદ્રવ્યમાં ભવિષ્યકાલીન સિદ્ધ કે પ્રસ્થક પર્યાયનો આરોપ કરવાથી સંભવે છે, તેમ કાળ વગેરેમાં પણ ભાવી પર્યાયનું આરોપણ કરવાથી ભાવીપર્યાયપ્રરૂપણા સંભવે છે. તે આ રીતે સમજવું - શ્રાવણ સુદ ત્રીજની તિથિ આવે ત્યારે વિહરમાન જિનેશ્વર ભગવંતના કલ્યાણકની આરાધના કરનારાઓ બોલે છે કે 'આજે સીમંધર જિન મોક્ષમાં જશે.' પ્રસ્તુતમાં 'આજે' શબ્દનો અર્થ છે વર્તમાનકાલીન શ્રાવણ શુક્લ ત્રીજ દિન. તેમાં તો સીમંધરસ્વામીના મોક્ષગમનનો અન્વય બાધિત થાય છે. સીમંધર જિન કાંઈ હમણાં મોક્ષે જવાના નથી. તેઓ તો આવતી ઉત્સર્પિણીકાલની ચોવીસીમાં થનારા **ઉદય** નામના સાતમા તીર્થંકર અને **પેઢાલ** નામના આઠમા તીર્થંકરના આંતરામાં મોક્ષે જવાના છે. મુખ્યાર્થનો અન્વય બાધિત થવાથી પ્રસ્તુતમાં લક્ષણા માનવી જરૂરી છે. તેથી 'આજે' શબ્દનો ભવિષ્યકાલીન શ્રાવણ શુક્લ તૃતીયાદિનવિશેષમાં સંકલ્પ = આરોપ કરવામાં આવે છે. 'માંચડાઓ અવાજ કરે છે' - આ વાક્ય દ્વારા જેમ પુરુષોમાં માંચડાનો આરોપ કરવામાં આવે છે, તેમ પ્રસ્તુતમાં અનાગતમાં વર્તમાનપણાનો આરોપ કરીને 'આજે સીમંધરજિન મોક્ષમાં જશે' - આવું બોલવામાં આવે છે. તેથી આ વ્યવહાર ભાવિનૈગમનયસ્વરૂપ છે - આવું સમર્થન કરવા યોગ્ય છે.

### ❀ આજે સીમંધરસ્વામીનું નિર્વાણકલ્યાણક ! ❀

(**एवं.**) એ જ રીતે વર્તમાન કાળમાં પણ ભવિષ્યકાલત્વનો આરોપ થાય છે. તે આ રીતે - 'આજે શ્રીસીમંધરસ્વામી વિહરમાન ભગવાનનો નિર્વાણકલ્યાણકદિવસ છે' - આ વાક્યમાં 'આજે' શબ્દનો અર્થ છે વર્તમાનકાલીન શ્રાવણ સુદ ત્રીજનો દિવસ. તેમાં સીમંધરસ્વામીના અનાગતનિર્વાણકલ્યાણકદિનત્વ નામના ગુણધર્મનો વિવક્ષાવિશેષવશ ઉપચાર કરીને પ્રસ્તુત ભાવિનૈગમનય જિનભક્તિ-તપ વગેરે આરાધના માટે આજે જે શ્રાવણસુદ ત્રીજ છે, તેનો સીમંધરસ્વામી ભગવાનના નિર્વાણકલ્યાણકદિવસ

**કાંઈ સિદ્ધ**, અનઈં **કાંઈ અસિદ્ધનઈં વર્તમાન(ઈં સિદ્ધવત્) કહઈં** (છઈં) તેહનઈં વર્તમાનનૈગમ ભાખિઈં.

भाविनैगमनयेन जिनभक्त्यादिकृते। अत्र हि वर्त्तमानदिनमुद्दिश्य सीमन्धरजिनस्य अनागतनिर्वाणदिनत्वं विधीयते।

एवं साधुमुद्दिश्य 'अयम् आचार्यः', 'अयं देवः' इत्यादयः प्रसिद्धव्यवहारा अपि प्रकृतभाविनैगमनयविधया विज्ञेयाः। भावसाधौ आचार्यादिपर्यायाः यद्यपि शक्तिरूपेणैव तिष्ठन्ति तथापि भाविनैगमनयापेक्षया तु तत्र ते व्यक्तिरूपेण सन्तीति **बृहद्द्रव्यसङ्ग्रहव्याख्या**नुसारेण (गा.१४) बोध्यम्। **अर्हद्गीता**यां "बद्धदेवायुषो देवो वाच्यः सति नृजन्मनि" (अ.गी.१०/१८) इति **मेघविजयो**पाध्यायवचनमपि भाविनैगमसंमतं दृश्यम्। इत्थं भूतनैगमवद् यथाशास्त्रं प्रसिद्धलोकव्यवहारानुसारतो द्रव्य-क्षेत्र-काल-भावानुवेधेन भाविनैगमेऽनागतारोपणं बहुश्रुतैः भावनीयम्।

तृतीयं वर्त्तमाननैगमनयं निरूपयति – '**सिद्धे**'ति। **सिद्धाऽसिद्धे** = कथञ्चिद् निष्पन्ने कथञ्चिच्चाऽनिष्पन्ने अर्थे **अस्त्युपारोपे** = कात्स्न्येन अस्तित्वसमारोपकरणे हि **साम्प्रतो नैगमः स्मृतः**। कथञ्चिदसिद्धत्वपर्याये सत्यपि तदुपेक्षया कथञ्चिन्निष्पन्नत्वपर्यायमेव वर्तमानं सम्पूर्णे वस्तुनि समारोप्यते

---

તરીકે વ્યવહાર કરે છે. પ્રસ્તુત વાક્ય વર્તમાન દિવસને ઉદ્દેશીને અનાગતનિર્વાણદિનત્વનું વિધાન કરે છે. અર્થાત્ વર્તમાનકાલીન શ્રાવણસુદ ત્રીજનો દિવસ સીમંધરસ્વામીના ભવિષ્યકાલીન મોક્ષકલ્યાણકદિવસ રૂપે જણાવાય છે. આ છે વર્તમાનકાલમાં ભાવિપર્યાયનો કે અનાગત કાળનો આરોપ.

### ❖ સાધુ પણ આચાર્ય ! ❖

(एवं.) આ રીતે સાધુને ઉદ્દેશીને થતા 'આ આચાર્ય છે', 'આ દેવ છે' - ઈત્યાદિ શાસ્ત્રપ્રસિદ્ધ વ્યવહારો પણ પ્રસ્તુત ભાવિનૈગમનયરૂપે સમજવા. જો કે ભાવસાધુમાં આચાર્યાદિ પર્યાયો શક્તિસ્વરૂપે જ રહે છે. તો પણ ભાવિનૈગમનયની અપેક્ષાએ તો તેમાં તે પર્યાયો વ્યક્તિસ્વરૂપે = અભિવ્યક્તિસ્વરૂપે રહે છે. આ વાત **બૃહદ્દ્રવ્યસંગ્રહવ્યાખ્યા** મુજબ સમજવી. **અર્હદ્ગીતામાં મેઘવિજય**ઉપાધ્યાયજીએ 'મનુષ્ય ભવ હાજર હોય ત્યારે દેવાયુષ્ય બાંધનારને દેવ કહેવો' - આમ જણાવેલ છે. તે ભાવી નૈગમનયને સંમત છે. આમ ભૂતનૈગમનયની જેમ શાસ્ત્ર મુજબ, પ્રસિદ્ધ લોકવ્યવહારને અનુસરીને, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સંવેધ = અનુવેધ કરીને ભાવી પર્યાયનો કે અનાગત કાળનો આરોપ ભાવિનૈગમની વિચારણામાં બહુશ્રુત પુરુષોએ ઊંડાણથી વિચારવો.

### ❀ નૈગમના ત્રીજા ભેદનું પ્રતિપાદન ❀

(तृतीयं.) નૈગમનયના ત્રીજા ભેદને ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા સમજાવે છે. કથંચિત્ તૈયાર થયેલા અને કથંચિત્ તૈયાર ન થયેલા પદાર્થમાં સંપૂર્ણતયા અસ્તિત્વનો આરોપ કરવામાં આવે તો તે વચન સાંપ્રતનૈગમ = વર્તમાનનૈગમ નય કહેવાયેલ છે. મતલબ કે કથંચિત્ અનિષ્પન્નત્વ પર્યાય હોવા છતાં પણ તેની ઉપેક્ષા કરીને પદાર્થના અમુક ભાગમાં વિદ્યમાન એવા કથંચિત્ નિષ્પન્નત્વ પર્યાયને જ સંપૂર્ણ પદાર્થમાં આરોપિત કરવાનું કામ જે નય કરે છે તે સાંપ્રતનૈગમનય કહેવાય - ત્યાં સુધીનું

*બહુશ્રુત ઇમ વિચારીનઈ તુમ્હે જોયઉ.* ॥૬/૯॥

इति यावत् तात्पर्यम् अत्र बहुश्रुतैः विज्ञेयम्।

***ननु*** नैगमनयत्रितयभेदमध्ये को भेदः ? इति ***चेत्*** ?

***श्रृणु,*** भूतनैगमे आरोप्यमाणः पर्यायः देशतः कात्स्न्र्येन वा प्रकटरूपेण वस्तुनि साम्प्रतकाले नास्ति एव किन्तु अतीतकाले आसीत्। भाविनैगमे तु समारोप्यमाणः पर्यायः साम्प्रतकाले देशतः कात्स्न्र्येन वा प्रकटरूपेण वस्तुनि नास्ति एव किन्तु अनागतकाले भविष्यति। साम्प्रतनैगमे तु समारोप्यमाणः पर्यायः यद्यपि साम्प्रतकाले द्रव्यसमूहात्मके वस्तुनि अंशतः अस्ति किन्तु कात्स्न्र्येन = कृत्स्नावयवापेक्षया नास्ति, तथापि प्रयोजनवशात् स तत्र कात्स्न्र्येन समारोप्यते। अयमाशयः :- साम्प्रतनैगमे समारोप्यमाणः पर्यायः साम्प्रतं राशिगतानां सर्वद्रव्याणां केषुचिद् अवयवेषु सिद्धः केषुचिच्च अवयवेषु साध्यमानः तथापि प्रयोजनवशतः स तत्र कात्स्न्र्येन समारोप्यते इति त्रयाणां नैगमभेदानां मिथो न साङ्कर्यमित्यवधेयम्।

***यत्तु* शुभचन्द्रेण कार्त्तिकेयाऽनुप्रेक्षावृत्तौ** (गा.२७१) प्रस्थकोदाहरणं वर्त्तमाननैगमे दर्शितम्, ***तदसत्,***

તાત્પર્ય પ્રસ્તુતમાં બહુશ્રુત વિદ્વાનોએ સમજવું.

**શંકા** :- (ननु.) નૈગમનયના ત્રણ ભેદમાં પરસ્પર શું તફાવત છે ?

## નૈગમના ત્રણેય ભેદની ભેદરેખા સમજીએ

**સમાધાન** :- (श्रृणु.) સાંભળો. નૈગમનયના પ્રથમભેદ સ્વરૂપ ભૂતનૈગમના મતે વસ્તુમાં જે પર્યાયનો આરોપ થાય છે તે પર્યાય આંશિક રીતે કે સંપૂર્ણતયા પ્રગટપણે વસ્તુમાં વર્તમાનકાળે રહેતો નથી જ. પરંતુ 'ભૂતકાળમાં તે પર્યાય હતો' એટલું જ તે સૂચન કરે છે. વીરનિર્વાણકલ્યાણકદિનત્વ ગુણધર્મ ભૂતકાલીન દીપાવલિદિનમાં હતો. નૈગમનયના બીજા ભેદ સ્વરૂપ ભાવી નૈગમનયના આશય મુજબ, વસ્તુમાં જે પર્યાયનો આરોપ કરવામાં આવે છે, તે પર્યાય વર્તમાનકાળે આંશિક રીતે કે સંપૂર્ણપણે પ્રગટપણે વસ્તુમાં રહેતો નથી જ. પરંતુ ભવિષ્યકાળમાં તે પર્યાય તે વસ્તુમાં પ્રગટ થવાનો છે. કેવલજ્ઞાની ભવિષ્યમાં અવશ્ય સિદ્ધ થવાના છે. પ્રસ્થક પર્યાય પણ ભવિષ્યમાં વિવક્ષિત પ્રસ્થકયોગ્ય કાષ્ઠમાં અવશ્ય નિષ્પન્ન થવાનો છે. જ્યારે સાંપ્રતનૈગમસ્વરૂપ ત્રીજા ભેદના અભિપ્રાય મુજબ તો વસ્તુમાં = દ્રવ્યસમૂહમાં જે પર્યાયનો આરોપ કરવામાં આવે છે તે પર્યાય યદ્યપિ સાંપ્રતકાળે = વર્તમાનકાળે સામૂહિક વસ્તુમાં આંશિક રીતે રહેલો છે, કેટલાક અવયવોની અપેક્ષાએ રહેલો છે. પરંતુ સંપૂર્ણતયા સર્વ અવયવોની અપેક્ષાએ રહેતો નથી. અર્થાત્ સમૂહગત દરેક દ્રવ્યના કેટલાક અવયવોમાં તે પર્યાય સિદ્ધ છે તથા કેટલાક અવયવોમાં તે પર્યાય સાધ્યમાન છે. તેમ છતાં તે પર્યાયનો તે સામૂહિક વસ્તુમાં = દ્રવ્યસમૂહમાં પ્રયોજનવિશેષના લીધે સંપૂર્ણતયા આરોપ થાય છે. આમ નૈગમના ત્રણેય પ્રકારોમાં પરસ્પર સાંકર્ય નથી આવતું. આ વાત ખ્યાલમાં રાખવી.

## શુભચંદ્રમતની સમાલોચના

(यत्तु.) દિગંબર **શુભચંદ્રજીએ કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં પ્રસ્થકદષ્ટાન્ત વર્ત્તમાનનૈગમમાં બતાવેલ છે.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

काष्ठाऽऽनयनाय वनगमनकाले बाह्यप्रस्थकस्य लेशतोऽप्यनिष्पन्नतया तत्र वर्त्तमाननैगमगोचरतायाः विरहात्, तदानीं प्रस्थकस्य भविष्यत्कालीनत्वेन भाविनैगमविषयताया एव तत्र न्याय्यत्वादिति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – हतोत्साहताऽऽवर्तनिमग्नसाधकोद्धारकृते आसन्नभाविसम्यग्दृष्टि-देशविरति-सर्वविरति-क्षपकश्रेणि-केवलित्वादिपर्यायेषु साधकदृष्टिं दीर्घकालं यावत् स्थापयति भाविनैगमनयः। ततश्चाऽऽराधनोत्साहप्राबल्यमुपजायते, अतिचाराश्च हीयन्ते। आसन्नभाविनीं सर्वदोषमुक्त-सकलगुणयुक्त-स्वकीयक्षायिकदशामादरेण आकलयन् आत्मार्थी कथं दम्भादिदोषाऽऽवर्तनिमग्नः स्यात् ? इत्थं भाविनैगमनयसहायेन आत्मार्थी निःशल्यनिरतिचाराऽऽराधनामार्गे सोत्साहतया द्रुतम् अभिसर्पति अपवर्गञ्चाऽऽसादयति कृत्स्नात्मस्वरूपलाभलक्षणम्। यथोक्तम् **अकलङ्कस्वामिना सिद्धिविनिश्चये** "आत्मलाभं विदुर्मोक्षं जीवस्याऽन्तर्मलक्षयाद्" (सि.वि.७/१९) इति।।६/९।।

---

તે બરાબર નથી. કારણ કે જંગલમાં લાકડું લેવા જતી વખતે બાહ્ય પ્રસ્થક લેશ પણ ઘડાયેલ નથી, આંશિક પણ નિષ્પન્ન નથી. તેથી વર્તમાનનૈગમમાં તેનો સમાવેશ થઈ ન શકે. આંશિક પણ અનિષ્પન્ન વસ્તુ વર્તમાનનૈગમનયનો વિષય બની ન શકે. ત્યારે પ્રસ્થક ભવિષ્યકાલીન હોવાથી ભાવિનૈગમનયની વિષયતા જ તે સ્થળે માનવી વ્યાજબી છે. મતલબ કે વનગમનકાલે 'પ્રસ્થક લેવા જાઉં છું' - આ જવાબ ભાવિનૈગમનયનું ઉદાહરણ બને, વર્તમાનનૈગમનું ઉદાહરણ નહિ. આ દિગ્દર્શન મુજબ હજુ આગળ ઘણો ઊહાપોહ વિજ્ઞ વાચકવર્ગ કરી શકે છે.

## ભાવિનૈગમ હતાશાને દૂર કરે

**આધ્યાત્મિક ઉપનય** :- હતાશાના કે નિરાશાના વમળમાં અટવાયેલા સાધકને તેમાંથી ઉગારવા માટે નજીકના ભવિષ્યમાં પ્રગટ થનારા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, સર્વવિરતિ, ક્ષપકશ્રેણિ, કેવલીપણું, સિદ્ધત્વ વગેરે પર્યાય ઉપર ભાવિનૈગમનય સાધકની દૃષ્ટિ સ્થિર કરાવે છે. આસન્નકાલીન મુક્તિ વગેરે ઉપર નજર પહોંચવાથી સાધકને સાધનામાં પ્રાણ પૂરનારો ઉત્સાહ પ્રગટ થાય છે, સાધના ઘાલમેલ વિનાની થાય છે. નજીકના સમયમાં થનારી પોતાની સર્વદોષમુક્ત, સર્વગુણયુક્ત ક્ષાયિકદશાને અહોભાવથી નિહાળતો સાધક કઈ રીતે દંભ-બનાવટ-લુચ્ચાઈ વગેરેના વમળમાં ફસાઈ શકે ? આ રીતે ભાવિનૈગમનયની સહાયથી નિઃશલ્ય, નિરતિચાર સાધનામાર્ગે ઉત્સાહપૂર્વક આગળ વધીને આત્માર્થી ઝડપથી સંપૂર્ણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ સ્વરૂપ મોક્ષને મેળવે છે. **અકલંકસ્વામીએ સિદ્ધિવિનિશ્ચય**માં જણાવેલ છે કે 'આંતરિક દોષોના સંપૂર્ણ ઉચ્છેદથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય તેને શાસ્ત્રકારો મોક્ષ સમજે છે.' (૬/૯)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના વસંતને વિખેરી પાનખર સર્જે છે.**
  **ઉપાસના પાનખરને વસંત બનાવે છે.**

**ભાખિઈં જિમ "ભક્ત ♦પચિઈં" વર્તમાનારોપ રે;**

**કરઈં કિરિયા ભૂત લેઈ, ભૂતવચન વિલોપ રે ॥૬/૧૦॥ (૮૩) બહુ.**

**જિમ** (**ભાખિઈં**=) કહિયઈં "**ભક્ત** (**પચિઈં**=) ✡રાંધિયઈં છઈં." ઈહાં ભક્તના કેતલાઈક અવયવ સિદ્ધ થયા છઈ, અનઈં કેતલાઈક સાધ્યમાન છઈં, પણિ પૂર્વાપરીભૂતાવયવક્રિયાસંતાન એક બુદ્ધિં આરોપીનઈં તેહનઈં વર્તમાન કહિયઈં (= **વર્ત્તમાનારોપ કરઈં**) છઈં.

---

वर्तमाननैगमनयोदाहरणमाह – '**प्रयोग**' इति।

**प्रयोगः 'पचति व्रीहीन्' साम्प्रताऽऽरोपतो यथा।**

**क्रियते भूतकार्याद्धि भूतोक्तिस्तु विलीयते।।६/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यथा साम्प्रताऽऽरोपतः 'व्रीहीन् पचति' (इति) प्रयोगः क्रियते (सः साम्प्रतः नैगमः)। भूतकार्याद्धि भूतोक्तिस्तु विलीयते।।६/१०।।

**यथा** '**व्रीहीन् पचति**' इति **प्रयोगः क्रियते** साम्प्रतनैगमनयेन। प्रकृते 'भाजनगताः कियन्तो व्रीहयः सर्वथा पक्वाः कियन्तश्च न तथा' इत्यर्थः न बोध्यः किन्तु 'प्रत्येकं व्रीहिषु कियन्तोऽवयवाः पक्वाः कियन्तश्च अपक्वाः पच्यमानाः सन्ति' इत्यर्थो बोध्यः। तथापि पूर्वापरीभूतावयवक्रियासन्तानं वर्त्तमानत्वाऽवगाहिन्यां बुद्धावारोप्य तत्र वर्तमानत्वं प्रकृतप्रयोगेन कथ्यते।

---

[illegible] :- નવમા શ્લોકના ઉત્તરાર્ધમાં નૈગમનયના ત્રીજા ભેદનું લક્ષણ બતાવેલ હતું. દશમા શ્લોકમાં ગ્રંથકારશ્રી તેના ઉદાહરણને દર્શાવે છે :-

**❖ નૈગમનયના ત્રીજા ભેદનું ઉદાહરણ ❖**

[illegible] :- જેમ કે વર્તમાનતાના આરોપથી 'તે ચોખાઓને પકાવે છે' - આવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે. (તે સાંપ્રત નૈગમનય છે. તેના અભિપ્રાયથી) અતીત ક્રિયાથી ભૂતકાળના પ્રત્યયથી ઘટિત વચન વિલીન થાય છે. (૬/૧૦)

**卐 ભૂત-ભાવી પણ વર્તમાન 卐**

[illegible] :- જેમ કે 'તે ચોખાઓને પકાવે છે'- આ પ્રમાણે શબ્દપ્રયોગ સામ્પ્રતનૈગમનય કરે છે. પ્રસ્તુતમાં તપેલીમાં રહેલા અમુક ચોખા પૂરેપૂરા રંધાઈ ગયા છે અને અમુક ચોખા બિલકુલ રંધાયા નથી - આ અર્થ સમજવાનો નથી. પરંતુ એ અર્થ સમજવાનો છે કે 'પ્રત્યેક ચોખાના કેટલાક અવયવો પાકી ગયા છે, કેટલાક અપક્વ અવયવો પાકી રહ્યા છે.' તેમ છતાં આગળ-પાછળની તંદુલાત્મક અંશોમાં રહેલી અનેક ક્રિયાઓના સમૂહનો વર્ત્તમાનત્વનું અવગાહન કરનારી એક બુદ્ધિમાં આરોપ કરીને ક્રિયાસમૂહમાં ઉપરોક્ત વાક્યપ્રયોગ વર્તમાનતાને જણાવે છે. આશય એ છે કે તપેલીમાં રહેલ ચોખાના કેટલાક અવયવો પાકી ગયા છે, કેટલાક અપક્વ અવયવો પાકી રહેલા છે, કેટલાક અપક્વ અવયવોમાં પાકક્રિયા થવાની બાકી છે. ક્રિયા ક્ષણભંગુર છે. આથી અનેક ચોખાઓમાં અનેક પાકક્રિયા થાય. તેમ

---

♦ કો.(૧૨+૧૩)માં 'પયઈ' પાઠ. ✡ પુસ્તકોમાં 'રાંધિઈં' પાઠ. કો.(૧૩)માં પાઠ. કો.(૮)નો પાઠ લીધો છે.

"वर्त्तमानसामीप्ये वर्त्तमानवद् वा" (अ.सू.३/३/१३१) इति **पाणिनिप्रणीताऽष्टाध्यायीसूत्र**दर्शितेन न्यायेन यद्वा "सत्सामीप्ये सद्वद्वा" (सि.हे.श.५/४/१) इति **सिद्धहेमशब्दानुशासन**प्रदर्शितेन न्यायेन वर्त्तमानाऽऽसन्नतमाऽतीताऽनागतकालव्यापकपाकक्रियासन्ततिं वर्त्तमानकालावच्छिन्नपाकक्रियाविषयिण्यां बुद्धौ वर्त्तमानत्वरूपेण समारोप्य तादृशाऽतीतादिकालव्यापकपाकक्रियासन्ततौ वर्त्तमानत्वमिह वर्त्तमाननैगमनयेन प्रतिपाद्यत इत्याशयः।

इदमेवाभिप्रेत्य **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"पारद्धा जा किरिया पचणविहाणादि कहइ जो सिद्धा। लोएसु पुच्छमाणो भण्णइ तं वट्टमाणणयं।।" (न.च.३४, द्र.स्व.प्र.२०७) इति दर्शितम्। तदुक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "कर्तुमारब्धमीषन्निष्पन्नमनिष्पन्नं वा वस्तु निष्पन्नवत् कथ्यते यत्र स वर्त्तमाननैगमो यथा – ओदनः पच्यते" (आ.प.पृ.८ + का.अ.गा.२७१/वृ.पृ.१९४) इति। अत्र निष्पन्नत्वं विद्यमानक्रियत्वं बोध्यम्। अनिष्पन्नत्वञ्च अविद्यमानक्रियत्वम्, तत्क्रियाया अनुत्पन्नत्वाद् विनष्टत्वाद्

---

છતાં વર્તમાનકાળે પાક ચાલુ જ છે. પરંતુ વર્ત્તમાનકાળની અત્યંત નજીકના ભૂતકાળમાં તથા ભવિષ્યકાળમાં પણ નિરંતરપણે ચોખાના વિવિધ અવયવોમાં પાકક્રિયાઓ ગોઠવાયેલી જ છે. વર્ત્તમાનકાળની આગળ - પાછળ ફેલાયેલ તે ક્રિયાસમૂહને બે વિભાગમાં ગોઠવી શકાય. અતીત પાકક્રિયા અને અનાગત પાકક્રિયા. આગળની ક્રિયા = થઈ ચૂકેલી પાકક્રિયા = અતીત પાકક્રિયા. પાછળની પાકક્રિયા = થનારી પાકક્રિયા = ભાવી પાકક્રિયા. જેને પકાવવા માટે રસોઈયાનું લક્ષ છે, તે તંદુલરાશિના અમુક અંશોમાં રહેલી અનેક અતીત પાકક્રિયાના અને અમુક અંશોમાં થનારી અનેક ભાવી પાકક્રિયાના સમૂહને વર્ત્તમાનકાલીન-પાકગોચર એક જ બુદ્ધિમાં વર્ત્તમાનત્વસ્વરૂપે આરોપિત કરીને તે દ્વિવિધપાકક્રિયાસમૂહમાં વર્ત્તમાનપણાનો વ્યવહાર કરવા સાંપ્રતનૈગમનય કહે છે કે 'ચોખા પાકી રહ્યા છે.'

(**"वर्त्त.**) ઉપરોક્ત દ્વિવિધ પાકક્રિયાસમૂહમાં વર્ત્તમાનત્વનું આરોપણ કરવા માટે, **પાણિનિવ્યાકરણ**માં = **અષ્ટાધ્યાયીસૂત્ર**માં 'वर्त्तमानसामीप्ये वर्त्तमानवद् वा' - આ ન્યાય બતાવેલ છે, તે ઉપયોગી બને છે. અથવા **સિદ્ધહેમશબ્દાનુશાસન**માં 'सत्सामीप्ये सद्वद् वा' - આ ન્યાય બતાવેલ છે, તે ઉપયોગી બને છે. તેનો અર્થ એ છે કે વર્ત્તમાનકાળની નજીક હોય તેવા અતીત-અનાગત પદાર્થમાં વર્ત્તમાન કાળનો પણ પ્રયોગ કરી શકાય. તેથી આ ન્યાય મુજબ વર્ત્તમાનકાળની અત્યંત નિકટવર્તી એવા અતીત-અનાગત કાળમાં નિરંતર વ્યાપ્ત એવી પાકક્રિયાના સમૂહમાં વર્ત્તમાનત્વનો આરોપ વર્ત્તમાનનૈગમનય કરે છે.

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "પાક વગેરે પ્રારબ્ધ ક્રિયાને ઉદ્દેશીને લોકોમાં પૂછાતો જે નય 'પકાવું છું' - આમ કહે તે વર્ત્તમાનનૈગમ કહેવાય." **આલાપપદ્ધતિ**માં તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં જણાવેલ છે કે "જે કાર્ય કરવાનું શરૂ કર્યું હોય તેમાંથી અમુક અંશમાં કાર્ય તૈયાર થઈ ગયું હોય, અમુક અંશમાં અનિષ્પન્ન હોય છતાં નિષ્પન્નની જેમ જે નય વ્યવહાર કરે તે વર્ત્તમાનનૈગમ કહેવાય. જેમ કે 'ભાત પકાવાય છે' - આ વચન." અહીં નિષ્પન્ન = વિદ્યમાન ક્રિયાથી વિશિષ્ટ એવી વસ્તુ. તેમાં નિષ્પન્નત્વ રહે. તથા અનિષ્પન્નત્વ એટલે ક્રિયાશૂન્યતા.

---

1. प्रारब्धां यां क्रियां पचनविधानादि कथयति यः सिद्धाम्। लोकेषु पृच्छ्यमानः स भण्यते वर्तमाननयः।।

वा। निष्पन्नपदस्य अतीतक्रियार्थपरत्वे तु 'ओदनः अपच्यत' इति प्रयोगापत्तेः दुर्वारत्वमेव।

पच्यमानानामपि व्रीहीणां देशेन पक्वत्वाद् देशेन च पक्ष्यमाणत्वात् किन्तु प्रबन्धेन = साकल्येन पच्यमानत्वाद् 'व्रीहीन् पचति' इति प्रयोगस्य समीचीनता **स्याद्वादकल्पलतो**क्तदिशा (स्या. क.ल.स्त.७/का.१/पृ.१६) भावनीया।

***एतेन*** कतिपयव्रीह्यंशानां पक्वत्वेन 'व्रीहीन् अपाक्षीद्' इति प्रयोगो भवतु तत्रेति ***निरस्तम्,*** कतिपयव्रीह्यंशानां पक्ष्यमाणत्वेन तत्र 'व्रीहीन् पक्ष्यति, न तु पचति' इति प्रयोगस्यापि

---

વસ્તુમાં ક્રિયાશૂન્યતા બે રીતે સંભવે. (૧) ક્રિયા ઉત્પન્ન ન થઈ હોવાથી અથવા (૨) ક્રિયા વિનષ્ટ થઈ હોવાથી. આ અભિપ્રાયથી **આલાપપદ્ધતિ**માં કાંઈક નિષ્પન્ન કે અનિષ્પન્ન વસ્તુને નિષ્પન્નની જેમ બતાવવાનું જણાવેલ છે. તથા 'ओदनः पच्यते' - આ ઉદાહરણ દર્શાવેલ છે. જેમાં ક્રિયા વિનષ્ટ થઈ હોય તેવી વસ્તુને બતાવવાની ઈચ્છાથી જો 'નિષ્પન્ન' શબ્દ **આલાપપદ્ધતિ**માં **દેવસેને** જણાવેલ હોય તો 'ओदनः पच्यते' ના સ્થાનમાં 'ओदनः अपच्यत' આવા પ્રયોગની આપત્તિ દુર્વાર બને. કેમ કે તે વાક્યપ્રયોગમાં વિનષ્ટ ક્રિયાવાળા જ ભાત જણાવાય છે.

## ❀ દેશ-સાકલ્યથી પાકવિચાર ❀

**(पच्यमा.)** ચૂલા ઉપર પકાવાઈ રહેલા ચોખાઓ અમુક અંશે પાકી ચૂકેલા છે તથા અમુક અંશે પાકવાના બાકી છે. પરંતુ પ્રબંધથી = સાકલ્યથી = તમામ ચોખાઓની અપેક્ષાથી પૂછવામાં આવે તો ચોખાઓ પકાવાઈ રહેલા છે. તેથી 'તે ચોખાઓને પકાવી રહ્યો છે' - આવો વાક્યપ્રયોગ વ્યાજબી છે - આ પ્રમાણે **સ્યાદ્વાદકલ્પલતા** ગ્રંથમાં દર્શાવેલી પદ્ધતિ મુજબ ઊંડાણથી વિચારવું.

[illegible] :- દેશભેદથી = દેશવિશેષથી તથા સાકલ્યભેદથી ક્રિયા વિભિન્નકાલીન બની જાય છે. અમુક અંશની અપેક્ષા = દેશવિશેષ અપેક્ષા કહેવાય. સમૂહની અપેક્ષા સાકલ્યવિવક્ષા કહેવાય. ચોખાના અમુક અંશોમાં પાકક્રિયા ભૂતકાલીન છે. અમુક અંશોમાં પાકક્રિયા ભવિષ્યકાલીન છે. સમૂહની અપેક્ષાએ જોઈએ તો પાકક્રિયા વર્તમાનકાલીન છે. આથી 'તે ચોખાને પકાવી રહ્યો છે' આ પ્રમાણે વર્તમાનનૈગમનયની વાત સંગત જ છે - તેમ સિદ્ધ થાય છે. **સ્યાદ્વાદકલ્પલતા**ના સાતમા સ્તબકમાં 'उत्पन्नम् उत्पत्स्यमानम् उत्पद्यमानम्' વગેરેની એકીસાથે એકત્ર સિદ્ધિ કરવા માટે જે પદ્ધતિ જણાવેલ છે, તે પદ્ધતિ મુજબ ઉપર વર્તમાન નૈગમનયના મતનું પ્રતિપાદન કરેલ છે.

## ❀ 'पचति' ના સ્થાને 'अपाक्षीत्' પ્રયોગ વિચાર ❀

**પ્રશ્ન** :- **(एतेन)** ઉપરોક્ત સ્થળે તપેલીમાં રહેલા ચોખાના કેટલાક અંશો પાકી ગયા છે. તથા કેટલાક પાકી રહ્યા છે. તમે પાકી રહેલા અંશની અપેક્ષાએ જેમ 'पचति' પદનો પ્રયોગ કરો છો, તેમ પાકી ગયેલા અંશની અપેક્ષાએ 'अपाक्षीत्' અર્થાત્ 'ચોખાને પકાવી દીધા' આ પ્રમાણેનો પ્રયોગ પણ થવો જોઈએ. આવો પ્રયોગ ત્રીજો નૈગમનય કેમ કરતો નથી ?

**પ્રત્યુત્તર** :- **(कति.)** રસોઈઓ ચોખાને પકાવી રહેલો હોય તેવા સ્થળે ચોખાના કેટલાક અવયવો પાકી ગયા હોવાથી જો 'अपाक्षीत्' અર્થાત્ 'ચોખા પાકી ગયા' - આવો પ્રયોગ થઈ શકતો હોય તો

એ આરોપસામગ્રી મહિમાઈં કોઈ ♦અવયવની **ભૂતક્રિયા લેઈ**, "**पचति**" એ ઠામઈં (**ભૂતવચન**=) "**अपाक्षीत्**" એ પ્રયોગ (**વિલોપ કરઈ**=) નથી કરતા.

---

दुर्वारत्वापत्तेः। तस्माद् **भूतकार्याद्** = अतीतक्रियातो **हि** चिकीर्षिता **भूतोक्तिः** = 'अपाक्षीद्' इत्यतीतोक्तिः **तु** 'पक्ष्यति, न तु पचति' इति प्रयोगापत्तिभिया अनुत्थानपराहता **विलीयते** इति स्वीकर्तव्यम्। "तु विशेषेऽवधारणे" (अ.स.परिशिष्ट-१३) इति **अनेकार्थसङ्ग्रह**तः तुः विशेषे बोध्यः।

न च 'पक्ष्यती'तीष्टापत्तिः कर्तुं शक्या, लोकव्यवहारविरोधात्। न हि पाचके व्रीहीन् पचति सति 'पाचको व्रीहीन् अपाक्षीद्' इति, 'पाचको व्रीहीन् पक्ष्यती'ति वा लोके प्रयुज्यते।

इत्थञ्च क्षुधाऽऽतुरनरसन्निधानादिलक्षणाऽऽरोपसामग्रीमहिम्नैव तत्र न भूतक्रियामादाय 'अपाक्षीद्' इति प्रयोगः, बुभुक्षुमनुष्याऽऽगमनापत्तेः। न वाऽनागतक्रियामुपादाय 'पक्ष्यती'ति प्रयोगः, क्षुत्प्रपीडितस्य आकुलत्वापत्तेः। किन्तु अतीतानागतक्रिययोरुभयत्रैव **साम्प्रतारोपतः** = वर्तमानत्वसमारोपतः क्रियमाणः

---

કેટલાક અવયવો પાકવાના બાકી છે. તેથી તેની અપેક્ષાએ તેવા સ્થળે 'તે રસોઈઓ ચોખાને પકવશે, અત્યારે પકવી રહેલ નથી' - આ પ્રમાણે પણ વાક્યપ્રયોગ થવાની આપત્તિ દુર્વાર બનશે. પરંતુ આ પ્રમાણે વાક્યપ્રયોગ થતો નથી. તેથી માનવું જોઈએ કે અતીત પાકક્રિયાની અપેક્ષાએ તમે 'अपाक्षीत्' આ પ્રમાણે અદ્યતનભૂતકાળના પ્રત્યયથી ઘટિત જે વાક્યનો પ્રયોગ કરવા ઈચ્છો છો તે વાક્ય તો 'पक्ष्यति, न तु पचति' આવા વ્યવહારની આપત્તિના ભયથી અનુત્થાનપરાહત (ઉત્થાન = ઉત્પત્તિ થયા વિના જ ભગ્ન) થઈને રવાના થઈ જશે - એમ સ્વીકારવું જોઈએ. વિશેષ, અવધારણ અર્થમાં 'तु' **અનેકાર્થસંગ્રહ**માં જણાવેલ છે. તે મુજબ અહીં વિશેષ અર્થમાં 'तु' જાણવો.

[illegible] :- ગોળીબારના-બોંબધડાકાના અવાજને સાંભળીને, આગના ભડકા દેખીને સિંહ જ્યાં આવ્યા વિના જ રવાના થઈ જાય, ત્યાં 'સિંહઆગમન અનુત્થાનપરાહત' કહેવાય. તે રીતે 'पचति' ના સ્થાને 'अपाक्षीत्' પ્રયોગની કલ્પના 'पक्ष्यति' પ્રયોગની આપત્તિના ભયથી અનુત્થાનપરાહત છે.

(**न च.**) રસોઈઓ ચોખાને રાંધતો હોય તેવા સ્થળે લોકવ્યવહારમાં 'पाचकः व्रीहीन् पचति' આવો શબ્દપ્રયોગ થતો જોવા મળે છે. પરંતુ 'पाचकः व्रीहीन् अपाक्षीत्' આવો પ્રયોગ કે 'पाचकः व्रीहीन् पक्ष्यति' આવો પ્રયોગ થતો નથી. તેથી ઉપરોક્ત સ્થળે 'पक्ष्यति' આવા શબ્દપ્રયોગની આપત્તિને ઈષ્ટાપત્તિસ્વરૂપે માની ન શકાય. કારણ કે તેમ કરવાથી લોકવ્યવહારનો વિરોધ ઉપસ્થિત થાય.

## ✠ આરોપસામગ્રી મુજબ આરોપ થાય ✠

(**इत्थञ्च.**) આ રીતે ભૂખ્યા માણસની હાજરી વગેરે સ્વરૂપ આરોપસામગ્રીના પ્રભાવે ઉપરોક્ત સ્થળમાં અતીત પાકક્રિયાને લઈને 'अपाक्षीत्' આવો શબ્દપ્રયોગ નથી થતો. બાકી તો ભૂખ્યો માણસ 'રસોઈ થઈ ગઈ છે' - એમ જાણીને જમવા માટે આવી જાય. તથા અનાગત પાકક્રિયાને લઈને 'पक्ष्यति' આવો પદપ્રયોગ પણ નથી થતો. બાકી તો ભૂખથી અત્યંત પીડિત થયેલો માણસ 'રાંધવાનું બાકી છે' - એમ જાણીને આકુળ-વ્યાકુળ થઈ જાય. તેથી ભૂખ્યો માણસ પ્રશ્ન પૂછે કે 'રસોઈ થઈ ગઈ

♦ કો.(૧૩)માં 'અવયવીની' પાઠ.

'**व्रीहीन् पचती**'त्येव **प्रयोगः** दर्शितरीत्या समीचीनः, तथैव इष्टसाधनात्।

प्रकृते "क्रियमाणता नाम सङ्कल्पादेः कारकप्रयत्नात् प्रभृति आसमाप्तेः" (त.वा.३/८/२२) इति **तन्त्रवार्त्तिके कुमारिलभट्ट**वचनमपि स्मर्तव्यम्।

वस्तुतस्तु प्रकृते व्रीहीणां (१) बहिर्भागः पक्वः, (२) मध्यभागः पच्यमानः, (३) अन्तर्भागश्च पक्ष्यमाण इति देशभेदग्राहिसूक्ष्मेक्षिकया कालत्रयगर्भपाकक्रियायासंस्पर्शः अनाविल एव।

एवमेव तादृशस्थले वर्तमानक्रियाकाले कालस्य स्थूलत्व-सूक्ष्मत्वाभ्यां त्रैकाल्यं नयविशेषेण

---

કે નહિ ?' - ત્યારે અતીત અને અનાગત બન્ને પાક ક્રિયામાં વર્તમાનત્વનો આરોપ કરીને 'पचति' આવો વાક્યપ્રયોગ થાય છે. આ પ્રમાણે થતો શબ્દપ્રયોગ ઉપર જણાવેલી પદ્ધતિ મુજબ સંગત જ છે. કારણ કે 'રાંધવાનું ચાલુ છે' - એમ જાણીને ભૂખ્યો માણસ જમવા માટે રસોડામાં ઘૂસી નથી જતો તથા તેને આકુળતા-વ્યાકુળતા પણ નથી થતી. આમ વક્તાના ઈષ્ટ પ્રયોજનની તેવા વાક્યપ્રયોગથી જ સિદ્ધિ થાય છે. માટે વર્તમાન નૈગમનય તે સ્થળે તેવો વાક્યપ્રયોગ કરે છે.

(प्रकृते.) પ્રસ્તુત બાબત અંગે મીમાંસકમૂર્ધન્ય **કુમારિલભટ્ટ**નું વચન પણ યાદ કરવા યોગ્ય છે. તેમણે **તંત્રવાર્ત્તિક** ગ્રંથમાં જણાવેલ છે કે 'કારકના = કર્તા વગેરેના સંકલ્પ વગેરે પ્રયત્નથી માંડીને કાર્યસમાપ્તિ સુધી વિવક્ષિત કાર્ય ક્રિયમાણ કહેવાય છે.'

**સ્પષ્ટતા** :- **કુમારિલભટ્ટે** જણાવેલ છે કે કર્તા વગેરે કારકના પ્રયત્નથી માંડીને કાર્ય સમાપ્ત ન થાય ત્યાં સુધી તે કાર્ય ક્રિયમાણ જ કહેવાય. મતલબ કે કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી ક્રિયા વર્તમાનકાલીન જ કહેવાય. તેથી રસોઈઓ ચોખાને પકાવવાનો સંકલ્પ-પ્રયત્ન-સાવધાની છોડે નહિ, ચૂલો બંધ કરે નહિ કે ભાતની તપેલી ચુલા ઉપરથી નીચે ઉતારે નહિ ત્યાં સુધી 'व्रीहीन् पचति' વાક્યનો પ્રયોગ યોગ્ય જ છે. આવું **કુમારિલભટ્ટ**ના વચનથી પણ સિદ્ધ થાય છે. આ રીતે યથાશ્રુત ગ્રંથની સંગતિ કરી શકાય છે.

### ❀ અંશભેદથી ત્રણ કાળનો સંસ્પર્શ માન્ય ❀

(वस्तुत.) "રસોઈઓ ચોખાને રાંધતો હોય ત્યારે 'ચોખા રંધાઈ ગયા' - આવો શબ્દપ્રયોગ નથી જ થતો. પરંતુ 'રસોઈઓ ચોખાને રાંધે છે', 'ચોખા રંધાય છે' - આ પ્રમાણે જ વાક્યપ્રયોગ થાય છે" - આ પ્રમાણે ગ્રંથકારશ્રીએ જે કહ્યું છે, તે વર્તમાનનૈગમનયની દૃષ્ટિએ જાણવું. વાસ્તવમાં તો ચોખાને પકવવાની ક્રિયા ચાલી રહી હોય ત્યારે (૧) ચોખાઓનો બાહ્ય ભાગ પકવ છે. (૨) મધ્યભાગ પાકી રહેલ છે. તથા (૩) અંદરનો ભાગ પકાવવાનો બાકી છે. તે ભવિષ્યમાં પકાવાશે. આમ અંશભેદને ગ્રહણ કરનારી સૂક્ષ્મદૃષ્ટિથી ચોખામાં કાલત્રયગર્ભિત પાકક્રિયાનો દેશભેદથી સંસ્પર્શ નિરાબાધ જ છે, માન્ય જ છે.

### ❖ સ્થૂલ-સૂક્ષ્મ કાળ મુજબ ત્રૈકાલ્યસ્પર્શ માન્ય ❖

(एव.) જે રીતે ઉપરોક્ત સ્થળે દેશભેદથી પાકક્રિયામાં ત્રૈકાલ્યસ્પર્શ માન્ય છે, તે જ રીતે સૂક્ષ્મ કાળભેદથી પાકક્રિયામાં ત્રૈકાલ્યસ્પર્શ માન્ય જ છે. પ્રસ્તુતમાં 'કાળની સ્થૂલતા અને સૂક્ષ્મતા દ્વારા જુદા

यौक्तिकमेव। अतः तादृशस्थले कालसौक्ष्म्यमपेक्ष्याऽतीतक्रियामादाय 'अपाक्षीत्', अनागतक्रियामुपादाय 'पक्ष्यति', वर्त्तमानक्रियामुद्दिश्य 'पचति' इति स्थूलकालमपेक्ष्य तु वर्त्तमानपाकक्रियां समुपादाय केवलं 'पचति' इति प्रयोगः सम्भवत्येव, तथैव अनारोपितस्य प्राज्ञलोकव्यवहारस्याऽप्यविगानेनोपलब्धेः इति श्वेताम्बरमतम्।

इदमत्राकूतम् – **(A)** वर्त्तमाननैगमनयो दशक्षणव्यापके पाकक्रियासन्ताने वर्त्तमानत्वमारोप्य स्थूलकालापेक्षया 'पचति' इत्येव व्यवहरति। दशक्षणव्यापिनि पाकक्रियाप्रबन्धे सति **(B)** कालसौक्ष्म्यग्राही नयस्तु (१) पञ्चमक्षणावच्छेदेन आद्यक्षणचतुष्टयाऽपेक्षया 'अपाक्षीद्' इति प्रयोगम्, (२) पञ्चमक्षणविवक्षया 'पचति' इति प्रयोगम्, (३) अन्त्यक्षणपञ्चकाऽर्पणया च 'पक्ष्यति' इति व्यवहारं करोति। **(C)** वक्ष्यमाण**श्रीभगवतीसूत्र**सन्दर्भानुसारेण तु पञ्चमक्षणावच्छेदेन पञ्चमक्षणमुद्दिश्य 'पचती'तिवद् 'अपाक्षीद्' इति व्यवहारोऽप्यनाविल एव, 'पच्यमानं पक्वमि'ति न्यायेन।

---

-જુદા નયની અપેક્ષાએ ત્રણેય કાળ સાથે તે ક્રિયા સંકળાયેલી છે' - આમ માનવું યુક્તિસંગત જ છે. તેથી ચોખાને પકવવાનો પ્રયત્ન રસોઈઓ કરી રહ્યો હોય તેવા સ્થળે **(A)** કાળની સૂક્ષ્મતાની અપેક્ષાએ અતીત પાકક્રિયાને લઈને 'अपाक्षीत्' આવો વચનપ્રયોગ તથા અનાગત પાકક્રિયાને લઈને 'पक्ष्यति' આ મુજબ શબ્દપ્રયોગ તેમજ વર્ત્તમાન પાકક્રિયાને ઉદ્દેશીને 'पचति' આવો વાક્યપ્રયોગ સંભવી શકે છે. તથા **(B)** સ્થૂળકાળની અપેક્ષાએ વર્તમાન પાકક્રિયાને લઈને ફક્ત 'पचति' આ પ્રમાણે પદપ્રયોગ સંભવી શકે જ છે. કારણ કે તે પ્રમાણે જ નિર્વિવાદપણે નિરુપચરિત પ્રાજ્ઞજનવ્યવહાર પણ ઉપલબ્ધ થાય છે. તેથી સ્થૂલ અને સૂક્ષ્મ કાળની અપેક્ષાએ ત્રણેય પ્રકારના ઉપરોક્ત વાક્યપ્રયોગ સાચા ઠરી શકે છે. આ પ્રમાણે શ્વેતાંબરોનો મત છે.

### ✡ પાકક્રિયામાં પાંચ પ્રકારની વિવક્ષા ✡

(इद.) અહીં આશય એ છે કે **(A)** દશ ક્ષણ સુધી સતત ચોખાને રાંધવાની ક્રિયા જે સ્થળે થતી હોય તે સ્થળે વર્તમાનનૈગમનય દશક્ષણવ્યાપક પાકક્રિયાસમૂહમાં વર્તમાનપણાનો આરોપ કરીને સ્થૂલકાળની અપેક્ષાએ 'पचति' આ પ્રમાણે જ વાક્યપ્રયોગ કરે છે. પરંતુ દશક્ષણવ્યાપક પાકક્રિયાસમૂહ હોય ત્યારે **(B)** કાલગત સૂક્ષ્મતાને પકડનારો નય તો (૧) પ્રથમ ચાર ક્ષણની અપેક્ષાએ પાંચમી ક્ષણે 'अपाक्षीत्' - આવો વાક્યપ્રયોગ કરશે. તથા (૨) પાંચમી ક્ષણની અપેક્ષાએ 'पचति' - આવા પ્રયોગને ત્યારે કરશે. તથા (૩) છેલ્લી પાંચ ક્ષણોની અપેક્ષાએ 'पक्ष्यति' - આવા વાક્યપ્રયોગને પણ ત્યારે તે કરશે. આ પ્રમાણે કાલસૂક્ષ્મતાગ્રાહક નય કાલભેદને સાપેક્ષ રહીને કાલત્રયગર્ભિત પાકક્રિયાને જણાવનાર વિવિધ વ્યવહાર કરે છે. **(C)** હમણાં દર્શાવવામાં આવશે તે **ભગવતીસૂત્ર**ના સંદર્ભ મુજબ તો, ઉપરોક્ત સ્થળે પાંચમી ક્ષણે પાંચમી ક્ષણને ઉદ્દેશીને 'पचति' આ વાક્યપ્રયોગની જેમ 'अपाक्षीत्' આવો વાક્યપ્રયોગ પણ નિર્દોષ જ છે. કેમ કે 'પકાવાઈ રહેલા ચોખા પાકી ગયા છે' - આ મુજબનો નિયમ ભગવતીસૂત્રસંમત છે. આ રીતે **(A)** **(B)** અને **(C)** વચ્ચે સૂક્ષ્મ ભેદરેખા રહેલી છે.

इत्थमेव [1]"गोयमा ! (१) चलमाणे चलिए, (२) उदीरिज्जमाणे उदीरिए, (३) वेइज्जमाणे वेइए, (४) पहिज्जमाणे पहीणे, (५) छिज्जमाणे छिन्ने, (६) भिज्जमाणे भिन्ने, (७) डज्झमाणे दड्ढे, (८) मिज्जमाणे मए, (९) निज्जरिज्जमाणे निज्जिन्ने" (भ.सू.१/१/२) इति **भगवतीसूत्र**वचनसङ्गतेः।

ततश्च 'पचती'त्यत्र 'अपाक्षीद्' इति व्यवहारः निश्चयदृष्ट्या आगमसम्मत एवेति सिध्यति। निश्चयनयतः क्रियाप्रारम्भकाल एव क्रियासमाप्तिकालः। तेन निश्चयाभिप्रायतः वर्तमानकालीना क्रिया अतीतोच्यते, न त्वनागता। निश्चयतः कृतं तु कृतमेवोच्यते, क्रियमाणमपि कृतमुच्यते किन्तु क्रियमाणं करिष्यमाणं नोच्यते।

***न च*** क्रियाभेदात् क्रियमाणं कृतत्वेन वक्तुं नार्हतीति ***शङ्कनीयम्,***

प्रकृते क्रियाया अभेदात्।

### वर्तमानकालीन वस्तु पण कथंचित् अतीत

**(इत्थमेव.)** આ પ્રમાણે માનવામાં આવે તો જ **ભગવતીસૂત્ર**નો પ્રબંધ સંગત થઈ શકે. તે પ્રબંધ ત્યાં આ પ્રમાણે જણાવેલ છે. "હે ગૌતમ ! (૧) ચાલતી વસ્તુ 'ચાલી ગઈ' - એમ કહેવાય. તે જ રીતે (૨) ઉદીરણા થતા કર્મની ઉદીરણા થઈ ગઈ. (૩) વેદાતી વસ્તુ વેદાઈ ગઈ. (૪) પ્રકૃષ્ટ રીતે ઘટી રહેલી વસ્તુ ઘટી ગઈ. (૫) છેદાતી વસ્તુ છેદાઈ ગઈ. (૬) ભેદાતી વસ્તુ ભેદાઈ ગઈ. (૭) બળી રહેલી વસ્તુ બળી ગઈ. (૮) મરી રહેલી વ્યક્તિ મરી ગઈ. (૯) નિર્જરી રહેલા કર્મો નિર્જરી (= ખરી) ગયા. આ પ્રમાણે વ્યવહાર કરવા યોગ્ય છે."

### ભગવતીસૂત્રપ્રબંધનો પરામર્શ

**(तत.)** **ભગવતીસૂત્ર**નો ઉપરોક્ત પ્રબંધ સિદ્ધ કરે છે કે જે ક્રિયા ચાલી રહેલી હોય તે ક્રિયા નિશ્ચયનયની દૃષ્ટિથી થઈ ગઈ = અતીતકાલીન કહેવાય. મતલબ કે વર્તમાનકાલીન ક્રિયામાં નિશ્ચયનયની દૃષ્ટિથી અતીતપણું સંભવી શકે છે. તેથી 'पचति' ના સ્થાને 'अपाक्षीत्' આ પ્રમાણેનો વ્યવહાર નિશ્ચયનયના અભિપ્રાયથી આગમસંમત છે - તેવું સિદ્ધ થાય છે. નિશ્ચયનયથી જે કાળ ક્રિયાનો પ્રારંભકાળ છે, તે જ ક્રિયાની સમાપ્તિનો કાળ છે. તેથી 'વર્તમાનકાલીન ક્રિયા એ ભૂતકાલીન છે' આવો વાક્યપ્રયોગ થઈ શકે. પરંતુ 'તે ભવિષ્યકાલીન છે' - આવો વ્યવહાર નિશ્ચયનયના અભિપ્રાયથી ન થાય. નિશ્ચયનયથી જે અતીતકાલીન છે, તે તો અતીત કહેવાય છે જ. પરંતુ ક્રિયમાણ પણ કૃત કહેવાય છે. પરંતુ 'જે કરાય છે, તે કરાશે' આ મુજબ નિશ્ચયનયના અભિપ્રાયથી કહેવાતું નથી.

**પ્રશ્ન** :- (न च.) 'क्रियमाणं' પ્રયોગ વર્તમાનકાલીન ક્રિયાને જણાવે છે તથા 'कृतम्' પદ અતીતક્રિયાને દર્શાવે છે. વર્ત્તમાનક્રિયા અને અતીતક્રિયા જુદી હોવાથી ક્રિયમાણ ને કૃત કઈ રીતે કહી શકાય ?

### ક્રિયાભેદ અસિદ્ધ

**પ્રત્યુત્તર** :- (प्रकृ.) તમારો પ્રશ્ન અસ્થાને છે. કારણ કે નિશ્ચયનયસંમત 'क्रियमाणं कृतम्' આવા

1. गौतम ! (१) चलत् चलितम्, (२) उदीर्यमाणम् उदीरितम्, (३) वेद्यमानं वेदितम्, (४) प्रहीयमाणं प्रहीणम्, (५) छिद्यमानं छिन्नम्, (६) भिद्यमानं भिन्नम्, (७) दह्यमानं दग्धम्, (८) म्रियमाणं मृतम्, (९) निर्जीर्यमाणं निर्जीर्णम्।

***न च*** पाकादिक्रियाया दीर्घकालव्यापितया क्रियाभेदस्याऽनपलपनीयत्वमिति ***वाच्यम्,***

निश्चयनयतः प्रतिसमयं तत्तदवयवावच्छेदेन जायमानायाः पाकादिक्रियायाः कात्स्न्येन परिसमाप्ततया पच्यमानानां व्रीह्यंशानां पक्वत्वाऽबाधात्।

***एतेन*** कालभेदात् क्रियाभेदोऽपि ***प्रत्याख्यातः,***

पच्यमानसमये एव पक्वत्वाऽभिधानात्।

***न च*** आश्रयभेदात् 'क्रियमाणं कृतमि'ति वक्तुं न युज्यत इति ***आरेकणीयम्,***

यतः अत्र हि य एव क्रियमाणत्वाश्रयः स एव कृतत्वाश्रयतयोक्तः।

---

વાક્યપ્રયોગમાં ક્રિયાભેદ છે જ નહિ. બે ક્રિયા હોય તો ક્રિયાભેદ સંભવે. અહીં તો ક્રિયા એક જ છે. તેથી ક્રિયાભેદનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.

**આક્ષેપ** :- (न च पा.) અરે ! તમે કેવી વાત કરો છો ? પાકાદિ ક્રિયા તો દીર્ઘકાળવ્યાપી છે. તથા ક્રિયા તો ક્ષણભંગુર છે. તેથી દીર્ઘકાલીન પાકાદિ ક્રિયામાં અનેકપણાનો અપલાપ થઈ શકે તેમ નથી.

**સમાધાન** :- (निश्चय.) ના, તમારો આ આક્ષેપ પણ વ્યાજબી નથી. કેમ કે નિશ્ચયનયની અપેક્ષાએ તો પ્રત્યેક સમયે તે તે અવયવોમાં ઉત્પન્ન થતી પાકક્રિયા પ્રત્યેક સમયે પરિપૂર્ણતયા સમાપ્ત થાય છે. તેથી પાકી રહેલા ચોખાના અંશોમાં ત્યારે પક્વત્વ (= સમાપ્ત પાકક્રિયા = અતીતકાલીન પાકક્રિયા) અબાધિત જ છે. તેથી નિશ્ચયનયનો 'क्रियमाणं कृतम्' - આ સિદ્ધાન્ત અવ્યાહત જ રહે છે.

**દલીલ** :- (एतेन.) 'पच्यमान' પ્રયોગમાં વર્તમાનકાળ જણાવાય છે. તથા 'पक्व' શબ્દમાં ભૂતકાળ દેખાડાય છે. આમ કાળભેદ હોવાથી બન્ને સ્થળે ક્રિયા જુદી છે - તેમ સિદ્ધ થાય છે.

### ❀ કાલભેદ અસિદ્ધ ❀

**નિરાકરણ** :- (पच्य.) ભાગ્યશાળી ! અમે નિશ્ચયનયવાદી જે સમયે 'पच्यमानाः व्रीहयः' બોલીએ છીએ, તે જ સમયે 'पक्वा व्रीहयः' - આમ બોલીએ છીએ. જુદા-જુદા સમયે 'पच्यमान' અને 'पक्व' - આવા બે પ્રયોગ કરતા નથી. મતલબ કે પ્રયોગમાં કાળભેદ ન હોવાથી કાલભેદનિમિત્તક ક્રિયાભેદની સિદ્ધિ કરી શકાતી નથી. તથા જે સમયે ચોખામાં 'पच्यमानत्व' માન્ય છે, તે જ સમયે पक्वत्व તેમાં માન્ય છે. માટે 'पच्यमानं पक्वम्', 'कियमाणं कृतम्' આ નિશ્ચયસંમત સિદ્ધાન્ત વ્યાજબી જ છે. આમ 'कियमाणं कृतम्' આવો પ્રયોગ કરવામાં કોઈ દોષ નથી.

**જિજ્ઞાસા** :- (न च.) તમારી વાત સાચી લાગે છે. પરંતુ 'क्रियमाणत्व'નો આશ્રય અને 'कृतत्व' નો આશ્રય જુદા-જુદા હોવાથી 'क्रियमाण' ને 'कृत' કઈ રીતે કહી શકાય ? આ જિજ્ઞાસા સંતોષાતી નથી.

### ❀ આશ્રયભેદ અસિદ્ધ ❀

**શમન** :- (यतः.) તમારી જિજ્ઞાસાને આ રીતે સંતોષી શકાય કે નિશ્ચયનયની દૃષ્ટિએ પ્રસ્તુતમાં 'જે વસ્તુ ક્રિયમાણત્વનો આધાર છે, તે જ કૃતત્વનો આધાર છે' - આ મુજબ જણાવાયેલ છે. તેથી આધારભેદનિમિત્તક ક્રિયાભેદની વાત પણ અસિદ્ધ જ બને છે. આમ पच्यमान જ પક્વ બને છે.

***न चैवं*** पच्यमान-पक्वव्रीह्यभेदेऽपि पच्यमानानां व्रीह्यंशानां पक्वेभ्यो व्रीह्यंशेभ्यः सूक्ष्मेक्षिकया भिन्नत्वान्न पच्यमानानां पक्वत्वं वक्तुं युज्यते इति ***शङ्क्यम्,***

प्रकृतनिश्चयनयमतानुसारेण यदा ये व्रीह्यंशाः पच्यमानाः तदैव तेषामेव पक्वत्वाऽभ्युपगमात्, क्रियाकाल-निष्ठाकालयोः ऐक्यात्। अधिकम् अत्रत्यं तत्त्वं वक्ष्यते नवम्यां शाखायाम् (९/११-१२)। अतः क्रियाभेदात्, कालभेदात्, आश्रयभेदात्, अवयवभेदाद्वा दर्शितप्रयोगासिद्धिर्न आपादयितुं शक्या, क्रियाभेदाद्यसिद्धेः। इत्थं निश्चयनयतः 'पच्यमाना व्रीह्यंशाः पक्वाः' इति प्रयोगो निराबाधः। वर्त्तमाननैगमनयस्तु प्रथमक्षणत आरभ्य आसमाप्तेः 'व्रीहीन् पचति' इत्येव केवलं प्रयुङ्क्ते। सूक्ष्मकालभेदग्राहकनयमते तु कालगतसौक्ष्म्यापेक्षया 'पचति', 'अपाक्षीद्' इतिप्रयोगौ युगपत् सम्भवतः। कालसौक्ष्म्यापेक्षयैवाऽनागतपाकक्रियामुपादाय च 'पक्ष्यती'ति प्रयोगोऽपि तदा तत्र न विरुध्यते, प्रयोजनविशेषसद्भावे इत्यवधेयम्।

परं तादृशस्थले (१) 'अपाक्षीत्, न तु पचति', (२) 'पक्ष्यति, न तु पचति', (३) 'पक्ष्यति,

---

**શંકા** :- (न चैवं.) આ રીતે पच्यमान અને પક્વ ચોખા વચ્ચે ભલે અભેદ સિદ્ધ થાય. પરંતુ પક્વ ચોખાના અંશો કરતાં पच्यमान એવા ચોખાના અંશો સૂક્ષ્મદૃષ્ટિથી જુદા જ છે. તેથી पच्यमान અંશોને પક્વ તો ન જ કહી શકાય. આથી 'પાકી રહેલા ધાન્યાંશો પાકી ગયા છે' - તેવું તો ન જ બોલી શકાય.

### ❊ पच्यमान અને पक्व ધાન્યાંશમાં ભેદ અસિદ્ધ ❊

**સમાધાન** :- (प्रकृ.) તમારી વાત વ્યાજબી નથી. કેમ કે **ભગવતીસૂત્ર**માં જણાવેલ પ્રસ્તુત નિશ્ચયનયના મત મુજબ તો 'જે સમયે જે ધાન્યાંશો = ચોખાના અવયવો પાકી રહેલા છે, તે જ સમયે તે જ અવયવો પાકી ગયેલા છે'- આવું સંમત છે. કેમ કે નિશ્ચયમતે ક્રિયાકાલ અને નિષ્ઠાકાળ વચ્ચે અભેદ છે. આ બાબત નવમી શાખામાં વિસ્તારથી જણાવવામાં આવશે. તેથી ક્રિયાભેદથી કે કાળભેદથી કે આશ્રયભેદથી કે અવયવભેદથી 'पच्यमानं पक्वम्' - આ વાક્યપ્રયોગની અસિદ્ધિની આપત્તિ આપી શકાય તેમ નથી. કેમ કે ક્રિયાભેદ વગેરે હેતુ જ સ્વયં અસિદ્ધ છે. મતલબ કે 'क्रियमाणं कृतम्' અહીં 'क्रियमाण' માં જે ક્રિયા છે, તે 'कृतम्' દ્વારા સૂચિત ક્રિયાથી ભિન્ન નથી. તેથી જ ઉત્પત્તિક્રિયાના પ્રથમ સમયે જે ઉત્પદ્યમાન છે, તે જ નિશ્ચયનયથી ઉત્પન્ન છે. આ રીતે (૧) નિશ્ચયનયમતે રંધાતા ચોખાના જે અવયવો 'पच्यमान' છે, તે જ નિરાબાધપણે 'पक्व' છે. (૨) વર્ત્તમાન નૈગમનય તો રાંધવાની ક્રિયાની પ્રથમ ક્ષણથી માંડીને રાંધવાની ક્રિયા સમાપ્ત થાય, ત્યાં સુધી માત્ર 'ચોખાને રસોઈઓ પકાવે છે' - આવો જ વ્યવહાર કરશે. (૩) સૂક્ષ્મકાળભેદગ્રાહક નયમતે તો કાલગત સૂક્ષ્મતાની દૃષ્ટિએ 'पचति' આવો વ્યવહાર અને 'अपाक्षीत्' આવો વ્યવહાર એકીસાથે સંભવી શકે છે. તેમજ (૪) વિશેષ પ્રકારનું પ્રયોજન હોય તો કાલગત સૂક્ષ્મતાની દૃષ્ટિએ જ ભવિષ્યકાલીન પાકક્રિયાને લઈને ત્યારે ત્યાં 'પકવશે' આવો વાક્યપ્રયોગ કરવામાં પણ વિરોધ નથી. આ ખ્યાલમાં રાખવું.

### ❖ કાલાન્તરનો વ્યવચ્છેદ બાધિત ❖

(परं.) પરંતુ અહીં એક બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે રસોઈઓ ચોખાને ચૂલા ઉપર

જે *નૈયાયિકાદિક* ઇમ કહઇ છઇ "ચરમક્રિયાધ્વંસ અતીતપ્રત્યયવિષય"-

न तु अपाक्षीत्', (४) 'पचति, न तु पक्ष्यति', (५) 'अपाक्षीत्, न तु पक्ष्यति', (६) 'पचति, न तु अपाक्षीद्' इति प्रयोगाः न सम्भवन्ति, पाकक्रियायाः सूक्ष्माऽतीतत्वाऽनागतत्वगुम्फित-विवक्षितस्थूलवर्त्तमानकालव्यापित्वेनाऽतीतादिव्यवच्छेदस्य बाधितत्वात्। ततश्चेदं फलितं यदुत 'पचति, अपाक्षीद्' इत्यादयो व्यवहारा न केवलं द्रव्यवर्तिपर्यायाऽपेक्षया भवन्ति, किन्तु कालगतस्थूलत्व-सूक्ष्मत्वाद्यपेक्षयाऽपीति।

**यत्तु** आद्यक्रियाप्रागभावं चरमक्रियाध्वंसं चादाय भविष्यत्त्वमतीतत्वञ्च वाच्यमिति न वर्त्तमान-क्रियाकाले कालत्रयवाचिप्रत्ययप्रयोगसम्भवः। अत एव प्रकृते 'पचति, न तु अपाक्षीत्, न वा पक्ष्यति' इति वाक्यप्रयोगः सङ्गच्छते इति नैयायिकादीनां मतम्,

પકવી રહેલો હોય તેવા સ્થળે સ્થૂળ કાળની દૃષ્ટિએ 'पचति' તથા સૂક્ષ્મ કાળની દૃષ્ટિએ 'अपाक्षीत्' કે 'पक्ष्यति' પ્રયોગ સંભવિત હોવા છતાં પણ (૧) 'अपाक्षीत्, न तु पचति' - આવો પ્રયોગ, (૨) 'पक्ष्यति, न तु पचति' - આવો પ્રયોગ, (૩) 'पक्ष्यति, न तु अपाक्षीत्' - આવો પ્રયોગ, (૪) 'पचति, न तु पक्ष्यति' - આવો પ્રયોગ, (૫) 'अपाक्षीत्, न तु पक्ष्यति' - આવો પ્રયોગ, (૬) 'पचति, न तु अपाक्षीत्' - આવો પ્રયોગ સંભવતો નથી. કારણ કે પાકક્રિયા સૂક્ષ્મ અતીતત્વથી અને સૂક્ષ્મ અનાગતત્વથી વિશિષ્ટ એવા વિવક્ષિત સ્થૂળ વર્તમાન કાળમાં ફેલાયેલી છે. પાકક્રિયાના કાળમાં સૂક્ષ્મદૃષ્ટિથી અતીતત્વ-અનાગતત્વ તથા સ્થૂલદૃષ્ટિથી વર્તમાનત્વ હાજર જ હોવાથી અતીત આદિ કાળનો વ્યવચ્છેદ (= બાદબાકી કે નિષેધ) બાધિત થાય છે. મતલબ એ છે કે તપેલીના ચોખા કોઈક અંશે પાકી ગયા છે, કોઈક અંશે પાકવાના બાકી છે, કોઈક અંશે પાકી રહ્યા છે. તેથી (૧) 'તેણે ચોખાને પકાવી દીધા. પરંતુ તે પકાવી રહ્યો નથી' - આવું બોલવું કે (૨) 'તે પકવશે, પણ પકાવી રહ્યો નથી' - આવું બોલવું કે (૩) 'તે ચોખાને પકવશે, પરંતુ પકાવી દીધા નથી' - આવું બોલવું કે (૪) 'તે પકવે છે, પણ પકાવવાનો નથી' - આવું બોલવું કે (૫) 'તેણે ચોખાને પકાવી દીધા, પણ પકવવાનો નથી' - આવું બોલવું કે (૬) ' તે ચોખાને પકાવે છે, પણ પકાવી દીધા નથી' - આવું બોલવું યોગ્ય નથી. કારણ કે નિષેધ અંશ ત્યાં બાધિત થાય છે. આથી અહીં ફલિત થાય છે કે 'पचति, अपाक्षीत्' વગેરે વ્યવહારો ફક્ત દ્રવ્યગત પર્યાયની અપેક્ષાએ નથી થતા, પરંતુ કાળની સ્થૂલતા-સૂક્ષ્મતા વગેરેની અપેક્ષાએ પણ થાય છે.

### ❋ અતીતત્વાદિ અંગે નૈયાયિકમત ❋

**નૈયાયિક** :- (यत्तु.) જે ક્રિયા શરૂ થઈ ન હોય પરંતુ ભવિષ્યમાં થવાની હોય તેવી આદ્ય ક્રિયાના પ્રાગભાવને લઈને અનાગતત્વ કહેવાય. તથા ચરમ ક્રિયાના ધ્વંસને લઈને અતીતત્વ કહેવાય. તેથી વર્તમાન કાળમાં ચાલુ હોય તેવી ક્રિયાને દર્શાવનાર ક્રિયાપદની પાછળ અતીત-અનાગત-વર્તમાન ત્રણેય કાળના વાચક પ્રત્યયોનો પ્રયોગ સંભવિત નથી. આથી જ પ્રસ્તુતમાં 'રસોઈઓ ચોખાને પકાવે છે. પણ પકાવી દીધા નથી કે પકાવવાનો નથી' - આ વાક્યપ્રયોગ સંગત થઈ શકે છે.

***तत्तु*** स्थूलव्यवहारैकान्ताभिनिवेशविजृम्भितम्, नयविशेषेणैकदा एकत्र त्रैकाल्यस्पर्शस्य सर्वशिष्टसम्मतत्वात्,

अन्यथोत्पत्तिकाले उत्पन्नत्वप्रत्ययस्य भ्रान्तत्वापत्तेः, सामुदयिकोत्पादे स्थूलकालभाविनि ऐकत्विकोत्पादानां सूक्ष्मकालस्पर्शिनां त्रैकाल्यस्पर्शे तु न काचिदनुपपत्तिरिति वक्ष्यते नवम्यां शाखायाम् (९/२०)। न चोत्पत्तिकाले वस्तुनि उत्पन्नत्वमस्ति वर्त्तमानपाककाले च तन्दुलेषु पक्वत्वं नास्तीत्यत्र

**સ્પષ્ટતા** :- ક્રિયાનો પ્રારંભ થયો ન હોય પરંતુ ક્રિયા થવાની હોય તો તે ક્રિયાને ભવિષ્યકાલીન એટલા માટે કહેવામાં આવે છે કે પ્રથમ ક્રિયાનો પ્રાગભાવ ત્યાં વિદ્યમાન છે. ક્રિયાની ઉત્પત્તિ પૂર્વે તેનો જે અભાવ હોય તેને તે ક્રિયાનો પ્રાગભાવ કહેવાય. તથા ક્રિયા સંપૂર્ણ થઈ જાય એટલે તે ક્રિયાને અતીત ક્રિયા એટલા માટે કહેવામાં આવે છે કે ચરમ ક્રિયાનો ધ્વંસ ત્યાં વિદ્યમાન છે. રસોઈયો જ્યારે ચોખાને પકાવી રહ્યો હોય ત્યારે આદ્ય પાક ક્રિયાનો પ્રાગભાવ નષ્ટ થઈ ચૂકેલ હોવાથી પાકક્રિયામાં ભવિષ્યકાલીનત્વ વિદ્યમાન નથી. તેથી તેવા સ્થળે 'पक्ष्यति' આ પ્રમાણે અનાગતકાળવાચક પ્રત્યયથી ઘટિત વાક્યપ્રયોગ થઈ શકતો નથી. તેમ જ ચોખાને પકાવવાની ક્રિયા ચાલુ હોવાથી ચરમ પાકક્રિયાનો ધ્વંસ ત્યાં ઉત્પન્ન થયેલ નથી. તેથી ચરમપાકક્રિયાધ્વંસ સ્વરૂપ અતીતત્વ પણ ત્યાં વિદ્યમાન નથી. આ કારણસર 'अपाक्षीत्' આ પ્રમાણે અતીતકાળવાચક પ્રત્યયથી ઘટિત વાક્યપ્રયોગ પણ તેવા સ્થળે થઈ શકતો નથી. પરંતુ 'पचति' આટલો જ વાક્યપ્રયોગ તેવા સ્થળે થઈ શકે છે. આમ 'पचति, न तु अपाक्षीत्, न वा पक्ष्यति' - આ પ્રમાણેનો વાક્યપ્રયોગ તેવા સ્થળે યોગ્ય માનવો જરૂરી છે. આ પ્રમાણે નૈયાયિકોનું મંતવ્ય છે.

### ❋ નૈયાયિકમતમાં સ્થૂલ વ્યવહારનો એકાંત ❋

**જૈન** :- (**तत्तु**.) નૈયાયિકે ઉપર જે વાત જણાવી છે તે સ્થૂળ વ્યવહારના એકાંત આગ્રહનો વિલાસ છે. કારણ કે વિશેષ પ્રકારના નયની અપેક્ષાએ એક જ સમયે એક જ ક્રિયામાં ત્રણેય કાળનો સંબંધ સર્વ શિષ્ટ પુરુષોને સંમત છે. મતલબ કે સ્થૂળ કાળની અપેક્ષાએ જે ક્રિયા વર્તમાનકાલીન છે, તે ક્રિયાનું સૂક્ષ્મકાળની અપેક્ષાએ વિભાજન કરવામાં આવે તો તે ક્રિયાનો પૂર્વ અંશ અતીત છે અને ઉત્તર અંશ અનાગત છે. તેથી કાળગત સૂક્ષ્મતાની અને સ્થૂલતાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો એક જ ક્રિયામાં અતીત-અનાગત-વર્તમાન ત્રણેય કાળનો સંબંધ માન્ય બને છે. તેથી તેવા સ્થળે ઉપરોક્ત વિવિધ અપેક્ષાથી पचति, अपाक्षीत् તથા पक्ष्यति આવો વચનપ્રયોગ વ્યાજબી જ છે - તેવું સિદ્ધ થાય છે.

### ❋ એકીસાથે ત્રૈકાલ્યસંબંધ સંમત ❋

(**अन्यथो.**) જો ક્રિયાનો સંબંધ એકીસાથે અનેક કાળની સાથે માન્ય કરવાને બદલે ફક્ત એક જ કાળ સાથે ક્રિયાનો સંબંધ માન્ય કરવામાં આવે તો વસ્તુ જ્યારે ઉત્પદ્યમાન હોય ત્યારે તેને ઉદ્દેશીને ઉત્પન્નપણાની જે બુદ્ધિ થાય છે તેને ભ્રાન્ત માનવાની આપત્તિ આવશે. 'उत्पद्यमानम् उत्पन्नम्, छिद्यमानं छिन्नम्, भिद्यमानं भिन्नम्....' ઇત્યાદિ પ્રતીતિ અને વ્યવહાર પ્રામાણિક છે. આ વાત આપણે હમણાં જ **ભગવતીસૂત્ર**ના સંદર્ભ દ્વારા સમજી ગયા છીએ. તેથી તેવી પ્રતીતિને ભ્રાન્ત માનવાની આપત્તિ ઈષ્ટાપત્તિરૂપે માન્ય કરવી વ્યાજબી નથી. સ્થૂલકાળભાવી સામુદાયિક ઉત્પત્તિક્રિયામાં સૂક્ષ્મકાળસ્પર્શી

તેહનઈં "**किञ्चित्पक्वम्, किञ्चित्पच्यते**" એ પ્રયોગ ન થયો જોઈઈ. તે માટઈં એ વર્તમાનારોપનૈગમ ભેદ જ ભલો જાણવો **इत्यर्थः*** ॥૬/૧૦॥

---

विशेषकारणं पश्यामः, युक्तेरुभयत्र तुल्यत्वात्।

प्रत्युतैवं चरमक्रियाध्वंसस्यैवाऽतीतक्रियाविषयत्वाऽभ्युपगमे तु 'किञ्चित् पक्वं किञ्चिच्च पच्यते' इति निर्धारणानुपपत्तिः, चरमपाकक्रियाध्वंसस्याऽनुत्पादात्। तस्मात् 'पचति, न तु अपाक्षीद्' इति स्वाभिप्रेतव्यवहारसमर्थनार्थं 'चरमपाकक्रियाध्वंसः = पाकगतम् अतीतत्वम्' इति सिद्धान्ताश्रयणं न युक्तं किन्तु वर्तमानत्वारोपकारकनैगमनयसिद्धान्तसमाश्रयणमेव श्रेयः। प्रधानमल्लनिबर्हणन्यायेनेदम् अवसेयम्।

---

ઐકત્વિક ઉત્પત્તિ ક્રિયાઓનો ત્રિકાળ સંબંધ માનવામાં કોઈ પણ સમસ્યા આવતી નથી. આ વાત નવમી શાખાના વીસમા શ્લોકમાં વિસ્તારથી સમજાવવામાં આવશે.

**શંકા** :- ઉત્પત્તિસમયે ક્રિયામાં ઉત્પન્નપણું રહેલું છે. તેથી 'उत्पद्यमानम् उत्पन्नं' - આવો પ્રયોગ કરી શકાય. પરંતુ પાક ક્રિયા જ્યારે ચાલી રહેલી હોય ત્યારે ચોખામાં પક્વત્વ રહેલ નથી. તેથી 'पच्यमानाः तण्डुलाः पक्वाः' - આવો પ્રયોગ કઈ રીતે કરી શકાય ?

**સમાધાન** :- 'ઉત્પત્તિકાળે વસ્તુમાં ઉત્પન્નત્વ છે અને પાકકાળે ચોખામાં પક્વત્વ નથી'- આ પ્રમાણે માનવામાં અમને વિશેષ કારણ દેખાતું નથી. તેથી 'उत्पद्यमानं वस्तु उत्पन्नं' આવા વાક્યપ્રયોગની જેમ 'पच्यमानाः तण्डुलाः पक्वाः' - આવો વાક્યપ્રયોગ પણ સમાન રીતે જ માન્ય કરવો જોઈએ. યુક્તિ તો ઉભયત્ર તુલ્ય છે. તેથી એકનો સ્વીકાર અને બીજાનો અસ્વીકાર અસંગત છે.

### ❀ 'किञ्चित् पक्वं, किञ्चित् पच्यते' પ્રયોગ વિચાર ❀

(प्रत्युतै.) ઊલટું, ચરમક્રિયાધ્વંસને જ અતીત ક્રિયાનો વિષય માનવામાં આવે તો 'किंचित् पक्वं, किंचित् च पच्यते' - આ પ્રકારે નિર્ધારણ કરવું અસંગત થશે. કારણ કે ચરમ પાક ક્રિયાનો ધ્વંસ ત્યારે ઉત્પન્ન થયેલ નથી. (રસોઈયો દશ મિનિટથી ચોખાને પકાવવાનો પ્રયત્ન કરી રહ્યો હોય, હજુ પંદર મિનિટ પકાવવાની ક્રિયા ચાલવાની હોય ત્યારે કોઈ પ્રશ્ન પૂછે કે 'ચોખા પાકી ગયા ?' તો જવાબ આપવામાં આવે છે કે 'કંઈક અંશે ચોખા પાકી ગયા છે અને કંઈક અંશે ચોખા પાકી રહ્યા છે.' આ જવાબ સર્વજનપ્રસિદ્ધ છે. તેથી તેને પ્રામાણિક માનવો વ્યાજબી છે. પરંતુ 'ચરમક્રિયાધ્વંસ = અતીતત્વ' - આવું માનવામાં આવે તો 'किंचित् पक्वं, किंचित् च पच्यते' - આમ અવધારણ કરવું અસંગત બની જશે. કારણ કે ચરમ પાકક્રિયાનો ધ્વંસ ત્યારે ઉત્પન્ન થયેલ નથી.) તેથી 'पचति, न तु अपाक्षीत्' એવા સ્વસંમત વ્યવહારના સમર્થન માટે 'ચરમ પાકક્રિયાનો ધ્વંસ = પાકક્રિયાગત અતીતત્વ' - આવા સિદ્ધાંતનો નૈયાયિકે આશ્રય કરવો વ્યાજબી નથી. પરંતુ તેવા પ્રયોગના સમર્થન માટે વર્તમાનપણાનો આરોપ કરનાર ત્રીજા નૈગમનયના સિદ્ધાંતનો આશ્રય કરવો તે જ શ્રેયસ્કર છે. 'મુખ્ય મલ્લને પહેલાં હરાવવો' - આ ન્યાયે અહીં નૈયાયિકમતનું નિરાકરણ કર્યું છે - તેમ જાણવું.

---

* 'ઈત્યર્થઃ' પાઠ ફક્ત કો.(૧૩)માં છે.

"सिद्धाऽसिद्धसाधारणक्रमाश्रयणपरित्यागेन क्रियाविवेकस्य क्रियावत्त्रैकाल्यस्पर्शपक्षपातित्वात्। तस्माद् वर्तमानक्रियाकाले कालस्य स्थूलत्व-सूक्ष्मत्वाभ्यां त्रैकाल्यं नयविशेषेण यौक्तिकमेवेति" (अ.स.परि.१/का.११/पृ.१६८) अधिकम् **अष्टसहस्रीतात्पर्यविवरणे** अनुसन्धेयम्।

प्रकारान्तरेणापि नैगमनयस्य त्रैविध्यं बोध्यम्। तथाहि – (क) आरोपनैगमः, (ख) अंशनैगमः, (ग) सङ्कल्पनैगमः। तत्रारोपनैगमः (=क) चतुर्विधः – (१) द्रव्यारोपनैगमः, गुणादौ द्रव्यारोपकारी, यथा [1]"णाणे पुण नियमं आया" (भ.सू.१२/१०/सू.४६८) इति **भगवतीसूत्र**वचनम्। (२) गुणारोपनैगमः, द्रव्ये गुणाद्यारोपकारी, यथा [2]"आया सिय नाणे" (भ.सू.१२/१०/सू.४६८) इति **भगवतीसूत्र**वचनम्। (३) कालारोपनैगमः, काले कालान्तरारोपकारी। (४) कार्याद्यारोपनैगमः, कारणादौ कार्याद्यारोपकारी,

## ❀ સિદ્ધ-અસિદ્ધસાધારણ વર્તમાનતા ❀

(**"सिद्धा.**) "ચૂલા ઉપર ચઢાવેલ ચોખાનો જે અંશ સીઝી ગયેલ છે તથા જે અંશ સીઝી ગયેલ નથી - તેવા બન્ને અંશોમાં અનુગત એવા સ્થૂલકાળક્રમનો આશ્રય કરવામાં આવે તો 'पचति' આવા પ્રકારનો પ્રયોગ યુક્તિસંગત બને છે. પરંતુ સીઝેલા અને ન સીઝેલા ચોખાના અંશોમાં અનુગત એવા સ્થૂલ કાળના સંબંધનો ત્યાગ કરીને સીઝવાની ક્રિયાને અને ન સીઝવાની ક્રિયાને જુદી પાડવામાં આવે તો તેવો ક્રિયાસંબંધી વિવેક (ભેદજ્ઞાન) કાળની સૂક્ષ્મતાને અભિમુખ બને છે. તેથી આવો ક્રિયાવિવેક અતીત-અનાગત-વર્તમાન ત્રણેય કાળનો પાક ક્રિયામાં સંબંધ કરનારા પક્ષનો હિમાયતી બને છે. તેથી સૂક્ષ્મકાળની દૃષ્ટિએ ચોખાના જે અંશો સીઝી ગયા છે તેની અપેક્ષાએ (૧) 'किंचित् पक्वं' કે 'अपाक्षीत्' - આવો વાક્યપ્રયોગ તથા ચોખાના જે અંશો સીઝી રહ્યા છે તેની અપેક્ષાએ (૨) 'किंचित् पच्यते' કે 'पचति' - આવો વાક્યપ્રયોગ તેમજ ચોખાના જે અંશો સીઝવાના બાકી છે તેની અપેક્ષાએ (૩) 'पक्ष्यति' - આવો વાક્યપ્રયોગ થવો વ્યાજબી જ છે. તેથી 'ક્રિયા જે સમયે ચાલી રહી હોય ત્યારે કાળની સ્થૂલતા અને સૂક્ષ્મતા દ્વારા ક્રિયા ત્રણેય કાળને સ્પર્શે છે' - તેવું નયવિશેષના અભિપ્રાયથી માનવું યુક્તિસંગત જ છે." આ બાબતમાં અધિક જાણકારી માટે **અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ**નું અનુસંધાન વાચકવર્ગે કરવું.

## ❀ નૈગમના આરોપ-અંશ-સંકલ્પસ્વરૂપ ત્રણ ભેદ ❀

(**प्रकारा.**) બીજી રીતે પણ નૈગમનયના ત્રણ ભેદ જાણવા. તે આ રીતે - (ક) આરોપ નૈગમ, (ખ) અંશનૈગમ (ગ) સંકલ્પનૈગમ.

(ક) આરોપ નૈગમનયના ચાર ભેદ છે. તે આ મુજબ (૧) દ્રવ્યારોપ નૈગમ. ગુણાદિમાં દ્રવ્યનો આરોપ કરે તે દ્રવ્યારોપ નૈગમનય જાણવો. જેમ કે 'વળી, જ્ઞાન નિયમા આત્મા છે' - આવું **ભગવતીસૂત્ર**વચન (૨) ગુણારોપ નૈગમનય. દ્રવ્યમાં ગુણ વગેરેનો આરોપ કરે તેને ગુણારોપ નૈગમનય સમજવો. જેમ કે 'આત્મા અપેક્ષાએ જ્ઞાન છે' - આવું **ભગવતીસૂત્ર**વચન (૩) કાળારોપ નૈગમ. કાળમાં કાલાન્તરનો આરોપ કરે તે કાલારોપ નૈગમ તરીકે ઓળખવો. (૪) કાર્યાદિઆરોપ નૈગમ. કારણ વગેરેમાં કાર્ય વગેરેનો આરોપ

1. ज्ञानं पुनः नियमेन आत्मा। 2. आत्मा स्यात् ज्ञानम्।

'बाह्यानुष्ठानं धर्म' इत्यादिः।

तत्र कालारोपनैगमस्य (**क**-३) षड् भेदाः। तथाहि – (१) वर्तमानेऽतीतारोपः, 'अद्य श्रीवीरनिर्वाणकल्याणकदिन' इति। (२) वर्त्तमानेऽनागतारोपः, 'अद्य श्रीसीमन्धरजिननिर्वाणकल्याणकदिन' इति। (३) अतीते वर्तमानारोपः, 'अद्य दीपोत्सवे श्रीवीरजिनः मोक्षं गत' इति। प्रकृते वर्त्तमानदीपोत्सवदिने वीरमुक्तिगमनान्वयबाधेन विवक्षाविशेषवशतः वीरमुक्तिगमनान्वयिनि अतीतदीपोत्सवदिने अद्यपदसङ्केतः कक्षीक्रियते। इत्थम् इह अतीतकाले वर्त्तमानत्वाऽऽरोपो भावनीयः पूर्वोक्तरीत्या (६/८)। एवमग्रेऽपि स्वयमूहनीयम्। (४) अतीतेऽनागतारोपः, 'ह्यः श्रीसीमन्धरजिननिर्वाणकल्याणकदिन आसीदि'ति। (५) अनागतेऽतीतारोपः, 'श्वः श्रीवीरजिननिर्वाणकल्याणकदिन' इति। (६) अनागते वर्तमानारोपः, 'अद्य श्रीसीमन्धरजिनः निर्वाणगामी' इति।

(**ख**) अंशनैगमः द्विविधः ज्ञेयः – (१) भिन्नांशगोचरः, यथा 'पट-तन्तूनामविभाग' इति।

કરે તેને કાર્યાદિઆરોપવિષયક નૈગમનય માનવો. જેમ કે બાહ્ય ક્રિયાને ધર્મ કહેવો વગેરે.

## ❀ કાલારોપ નૈગમના છ ભેદ ❀

(**तत्र.**) આરોપનૈગમના આ રીતે જે ચાર ભેદ બતાવ્યા તેમાંથી કાલારોપ નામના ત્રીજા આરોપ નૈગમનયના છ ભેદ પડે છે. તે આ રીતે - (૧) વર્તમાનકાળમાં ભૂતકાળનો આરોપ, જેમ કે 'આજે શ્રીમહાવીર સ્વામીનો નિર્વાણકલ્યાણકદિવસ છે' - આવું વચન. (૨) વર્તમાનકાળમાં ભવિષ્યકાળનો આરોપ, જેમ કે 'આજે શ્રીસીમંધરસ્વામીનો મોક્ષકલ્યાણકદિવસ છે' - આવું વાક્ય. (૩) ભૂતકાળમાં વર્તમાનકાળનો આરોપ, જેમ કે 'આજે દીવાળીના દિવસે શ્રીમહાવીરસ્વામી ભગવાન મોક્ષે ગયા' - આવું કથન. પ્રસ્તુતમાં વર્ત્તમાનકાલીન દીપોત્સવદિવસમાં વીરમુક્તિગમનક્રિયાનો અન્વય બાધિત થાય છે. તેથી વિશેષ પ્રકારની વિવક્ષાના આધારે પ્રભુ વીરની મુક્તિગમનક્રિયાનો જેમાં અન્વય નિર્વિવાદપણે કરી શકાય છે, તેવા અતીતકાલીન પ્રથમ દીપોત્સવદિવસમાં 'આજે' પદનો સંકેત સ્વીકારવામાં આવે છે. આ રીતે અહીં અતીતકાળમાં વર્ત્તમાનકાલત્વનો આરોપ સ્પષ્ટ છે. પૂર્વે આ જ છઠ્ઠી શાખાના આઠમા શ્લોકમાં ભૂતનૈગમમાં ત્રણ પ્રકારે આરોપ બતાવ્યા હતા. તેમાં જે પ્રથમ પ્રકાર જણાવેલ તે મુજબ પ્રસ્તુતમાં વિભાવના કરવી. આ જ રીતે આગળ વાચકવર્ગે સ્વયમેવ વિચારણા કરી લેવી. (૪) ભૂતકાળમાં ભવિષ્યકાળનો આરોપ, જેમ કે 'ગઈકાલે શ્રીસીમંધરસ્વામીનો મોક્ષકલ્યાણકદિવસ હતો' - આ પ્રમાણેનું વચન. કળિયુગમાં શ્રાવણ સુદ ચોથના દિવસે આ પ્રમાણે બોલાતું વચન અતીતકાળમાં અનાગતકાળનો આરોપ કરે છે. (૫) ભવિષ્યકાળમાં ભૂતકાળનો આરોપ, જેમ કે 'આવતીકાલે મહાવીરસ્વામીનો નિર્વાણ કલ્યાણક દિવસ છે' - આવું વચન. કાળી ચૌદસના દિવસે બોલાતું ઉપરોક્ત વાક્ય ભવિષ્યકાળમાં ભૂતકાળનો આરોપ સૂચવે છે. તથા (૬) ભવિષ્યકાળમાં વર્તમાનકાળનો આરોપ, જેમ કે 'આજે સીમંધરસ્વામી મોક્ષે જવાના છે' - આવું વચન. કળિયુગમાં શ્રાવણસુદ ત્રીજના દિવસે ઉપર મુજબ બોલવું, તે ભવિષ્યકાળમાં વર્તમાનકાળનો આરોપ જાણવો.

(ખ) અંશનૈગમનયના બે ભેદ જાણવા. તે આ રીતે (૧) ભિન્નાંશવિષયક નૈગમનય. જેમ કે

(२) अभिन्नांशगोचरश्च, यथा 'आत्म-तत्प्रदेश-ज्ञानादीनामप्रविभाग' इति।

(ग) सङ्कल्पनैगमोऽपि द्विधा – (१) स्वपरिणामगोचरः, यथा 'मदीयं ज्ञानम्' इति सङ्कल्पः, (२) कार्यान्तरपरिणामगोचरश्च यथा 'मदीयो देहः, पुत्रः, पटो वा' इति सङ्कल्पः, ज्ञानादिलक्षण-निजपरिणामस्वरूपकार्याद् भिन्ने देहपुत्रादिलक्षणे कार्ये स्वत्वसङ्कल्पनादिति।

तत्स्थापना चेयम् –




प्रकृते **देवचन्द्र**वाचकेन **नयचक्रसारे** यदुक्तं तदनुसन्धेयम्। तदुक्तं तत्र "नैगमः त्रिप्रकारः आरोपांश-

---

'પટ અને તંતુઓ વચ્ચે અવિભાગ છે' - આ વાક્ય ભિન્નાંશગોચર નૈગમ છે. કારણ કે પટમાંથી તંતુઓ છૂટા પડી શકે તેમ હોવા છતાં આતાન-વિતાનસ્વરૂપ સંયોગના લીધે તે બન્ને વચ્ચે અવિભાગ જણાય છે. અવયવીમાંથી ભિન્ન કરી શકાય તેવા અંશોને પોતાનો વિષય કરવાના લીધે આ વાક્ય ભિન્નાંશગોચર નૈગમ કહેવાય છે. (૨) અભિન્નાંશવિષયક નૈગમનય. જેમ કે 'આત્મા અને તેના પ્રદેશો, જ્ઞાન વગેરે વચ્ચે અવિભાગ છે' - આ વાક્ય અભિન્નાંશવિષયક નૈગમ છે. આત્મામાંથી આત્મપ્રદેશો કે જ્ઞાનાદિ ગુણો ક્યારેય છૂટા કરી શકાતા નથી, ભિન્ન કરી શકાતા નથી. તેથી તદ્વિષયક આ વાક્યને અભિન્નાંશગોચર નૈગમનય તરીકે ઓળખવું.

(ગ) સંકલ્પનૈગમનયના પણ બે ભેદ છે. (૧) સ્વપરિણામવિષયક. 'મારું જ્ઞાન' - આવો સંકલ્પ એ સ્વપરિણામગોચર સંકલ્પનૈગમનય છે. કારણ કે જ્ઞાન એ આત્માનો જ પરિણામ છે. તથા (૨) કાર્યાન્તરપરિણામવિષયક. 'મારો દેહ, પુત્ર કે વસ્ત્ર' - આવો સંકલ્પ એ કાર્યાન્તરપરિણામવિષયક સંકલ્પનૈગમનય છે. કારણ કે જ્ઞાનાદિસ્વરૂપ સ્વપરિણામાત્મક કાર્યથી ભિન્ન એવા દેહ, પુત્ર વગેરે કાર્યને વિશે (= કાર્યાન્તરને વિશે) સ્વત્વનો = મમત્વનો સંકલ્પ અહીં કરવામાં આવે છે. આ રીતે નૈગમનયના આરોપ-અંશ-સંકલ્પ સ્વરૂપ ત્રણ ભેદ પણ વાચકવર્ગે વિચારવા.

**(तत्स्था.)** આ ભેદ-પ્રભેદોની સ્થાપના પરામર્શકર્ણિકામાં સ્પષ્ટ છે. તેથી તેને અહીં દર્શાવતા નથી.

**❈ નયચક્રસારનો સંવાદ ❈**

**(प्रकृते.)** બીજી રીતે નૈગમના જે ત્રણ ભેદનું નિરૂપણ કર્યું તે અંગે **દેવચન્દ્રજી** વાચકવર્યે **નયચક્રસાર**માં જે કહેલ છે, તેનું અનુસંધાન કરવું. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "(ક) આરોપ, (ખ) અંશ અને

सङ्कल्पभेदात्। **विशेषावश्यके** तूपचारस्य भिन्नग्रहणात् चतुर्विधः। नैके गमा आशयविशेषा यस्य स नैगमः।

तत्र चतुःप्रकारा आरोपाः द्रव्यारोप-गुणारोप-कालारोप-कार्या(कारणा ?)द्यारोपभेदात्। तत्र (१) गुणे द्रव्यारोपः, पञ्चास्तिकायवर्तनागुणस्य कालस्य द्रव्य(त्व)कथनम्। एतद् गुणे द्रव्यारोपः। (२) आत्मैव ज्ञानम् (ज्ञानमेवात्मा ?) अत्र द्रव्ये गुणारोपः। (३) वर्तमानकाले अतीतकालारोपः 'अद्य दीपोत्सवे **वीर**निर्वाणम्'। वर्तमानकाले अनागतकालारोपः 'अद्य **पद्मनाभ**निर्वाणम्'। एवं षड् भेदाः। (४) कारणे कार्यारोपः, 'बाह्यक्रियाया धर्मत्वं' धर्मकारणस्य धर्मत्वेन कथनम्।

अंशो द्विविधः – भिन्नोऽभिन्नश्च। सङ्कल्पोऽपि द्विविधः – स्वपरिणामरूपः कार्यान्तरपरिणामश्चेत्यादिः। शतभेदो नैगमः" (न.च.सा. पृ.१००) इति।

त्रिधा नैगम इत्युपलक्षणम्, अन्यथाऽपि नैगमभेदानां शास्त्रे उपलम्भात्। तथाहि – **तत्त्वार्थ-**

---

(ग) સંકલ્પના ભેદથી નૈગમના ત્રણ ભેદ છે. **વિશેષાવશ્યકભાષ્ય**માં તો ઉપચારને આરોપ વગેરેથી ભિન્ન બતાવેલ છે. તેમાં ઉપચાર ઉમેરીએ તો નૈગમના ચાર ભેદ થાય. ન એક = અનેક ગમ = અભિપ્રાયવિશેષ જેમાં હોય તે નૈગમ. મતલબ કે નૈગમનય અનેકઆશયી છે.

### ❀ ચાર પ્રકારે આરોપનૈગમ ❀

(**तत्र.**) તેમાં (ક) આરોપનૈગમના ચાર ભેદ છે. (૧) દ્રવ્યારોપ, (૨) ગુણારોપ, (૩) કાલારોપ, (૪) કાર્યાદિ આરોપ . (૧) તેમાંથી ગુણને વિશે જે દ્રવ્યારોપ કરવો તે દ્રવ્યારોપ. જેમ કે પંચાસ્તિકાયનો જે વર્તનાપરિણામ ગુણધર્મ છે, તે જ કાળ છે. આવા ગુણધર્મસ્વરૂપ કાળને દ્રવ્ય કહેવું તે આરોપિત કથન છે. પરંતુ વસ્તુતઃ કાળ એ કાંઈ સ્વતંત્ર દ્રવ્ય નથી. તેથી ઉપરોક્ત આરોપિત કથનને દ્રવ્યારોપ નૈગમનય સ્વરૂપે જાણવું. (૨) 'આત્મા એ જ જ્ઞાન છે' - આ વાક્યમાં આત્મદ્રવ્યમાં તાદાત્મ્યસંબંધથી જ્ઞાનગુણનો આરોપ થાય છે. તેથી આ ગુણારોપ નૈગમનય કહેવાય. (૩) કાલારોપ. તેના છ ભેદ છે. સૌપ્રથમ છે વર્તમાનકાળમાં અતીતકાળનો આરોપ. જેમ કે 'આ દીપોત્સવ **મહાવીર** મહારાજાનો નિર્વાણકલ્યાણકદિવસ છે' - આ વાક્ય વર્તમાનકાળમાં અતીતકાળનો આરોપ કરે છે. તથા 'આજે **પદ્મનાભ** તીર્થંકરનો નિર્વાણકલ્યાણકદિવસ છે' - આવું કથન તે વર્તમાનકાળમાં ભવિષ્યકાળનો આરોપ કરે છે. તેથી એ કાલારોપનો બીજો ભેદ કહેવાય. પદ્મનાભ તીર્થંકર આવતી ચોવીશીમાં થવાના છે. તેથી તેમનું નિર્વાણ પણ ભવિષ્યકાલીન છે. અહીં તેમના ભાવી નિર્વાણકલ્યાણકદિવસનો વર્તમાનમાં ઉપચાર કર્યો છે. આ રીતે ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળના બે - બે ભેદ કરવાથી કાલારોપના છ ભેદ થાય. (૪) 'બાહ્યક્રિયા એ ધર્મ છે' - આવું કથન કરવું તે ધર્મના કારણને ધર્મ તરીકે જણાવવાના લીધે કારણમાં કાર્યનો આરોપ કરનાર આરોપનૈગમનો ચોથો ભેદ છે.

(**अंशो.**) તથા (ખ) અંશના બે પ્રકાર છે - ભિન્ન અને અભિન્ન. તેમજ (ગ) સંકલ્પના પણ બે ભેદ છે - સ્વપરિણામરૂપ અને કાર્યાન્તરપરિણામ સ્વરૂપ. આ રીતે અનેક ભેદ-પ્રભેદ પડવાથી નૈગમનયના સેંકડો ભેદ છે." આ રીતે **નયચક્રસાર** ગ્રંથમાં ખરતરગચ્છીય શ્રી**દેવચન્દ્ર** ઉપાધ્યાયજીએ જણાવેલ છે.

### ⁂ નૈગમનયના નવ ભેદ ⁂

(**त्रिधा.**) નૈગમનયના અન્ય જે ત્રણ ભેદ અહીં જણાવેલ છે, તે પણ ઉપલક્ષણ સમજવું. મતલબ

**श्लोकवार्तिके विद्यानन्दस्वामिना** "(१) शुद्धद्रव्यनैगमः, (२) अशुद्धद्रव्यनैगमः, (३) अर्थपर्यायनैगमः, (४) व्यञ्जनपर्यायनैगमः, (५) अर्थ-व्यञ्जनपर्यायनैगमः, (६) शुद्धद्रव्यार्थपर्यायनैगमः, (७) अशुद्धद्रव्यार्थपर्यायनैगमः, (८) शुद्धद्रव्यव्यञ्जनपर्यायनैगमः, (९) अशुद्धद्रव्यव्यञ्जनपर्यायनैगमश्चेति नवधा नैगमः" (त.श्लो.वा.१/३३/३७) इत्युक्तमित्यवधेयम् ।

**स्याद्वादरत्नाकरे श्रीवादिदेवसूरिभिः** अपि तदनुसारेण "(१) पर्यायनैगमः, (२) द्रव्यनैगमः, (३) द्रव्य-पर्यायनैगमः" (प्र.न.त.७/१०/ स्या.र.पृ.१०५०) इत्येवं त्रिधा नैगममुपदर्श्य प्रथमस्य त्रयो भेदाः, द्वितीयस्य द्वौ भेदौ, तृतीयस्य च चत्वारो भेदा इत्येवं नैगमस्य नव प्रभेदाः सोदाहरणमुपदर्शिता इत्यधिकं ततोऽवसेयम् ।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'कथञ्चिन्निष्पन्नाऽनिष्पन्नवस्तु समग्रतया निष्पद्यमानमि'ति ज्ञापकं वर्तमाननैगमनयमवलम्ब्य तपस्त्याग-तितिक्षामयाराधनया जायमानां कतिपयक्लिष्टकर्मनिर्जरा-मांशिकमोक्षलक्षणामवगम्य 'मदीयः मोक्षः साम्प्रतं समग्रतया सञ्जायते' इत्यन्तःस्फुरणतः साधनामार्गे अपूर्वोत्साहसम्भृतहृदयतया साधकः द्रुतमभिसर्पति ।

---

કે નૈગમનયના ફક્ત ઉપરોક્ત રીતે ત્રણ જ ભેદ નથી. નૈગમનયના બીજા ભેદો પણ શાસ્ત્રોમાં ઉપલબ્ધ થાય છે. તે આ રીતે - **તત્ત્વાર્થશ્લોકવાર્ત્તિક** ગ્રંથમાં **શ્રીવિદ્યાનંદસ્વામીજી**એ નૈગમનયના નવ ભેદો દર્શાવેલ છે. "(૧) શુદ્ધ દ્રવ્યનૈગમ, (૨) અશુદ્ધ દ્રવ્યનૈગમ, (૩) અર્થપર્યાય નૈગમ, (૪) વ્યંજનપર્યાય નૈગમ, (૫) અર્થવ્યંજનપર્યાય નૈગમ, (૬) શુદ્ધદ્રવ્યાર્થપર્યાય નૈગમ, (૭) અશુદ્ધ દ્રવ્યાર્થપર્યાય નૈગમ, (૮) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય નૈગમ અને (૯) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય નૈગમ." આ વાત ધ્યાનમાં રાખવી.

## ❖ નૈગમભેદ અંગે વાદિદેવસૂરિમતપ્રદર્શન ❖

(स्याद्वाद.) **સ્યાદ્વાદરત્નાકર**માં **વાદિદેવસૂરિજી**એ પણ તેને અનુસરીને નૈગમનયના ત્રણ મૂળભેદો દર્શાવેલ છે. (૧) પર્યાયનૈગમ, (૨) દ્રવ્યનૈગમ અને (૩) દ્રવ્ય-પર્યાયનૈગમ. પર્યાયનૈગમના ત્રણ ભેદ, દ્રવ્યનૈગમનયના બે ભેદ અને દ્રવ્ય-પર્યાયનૈગમના ચાર ભેદ - આમ મૂળ ત્રણ નૈગમનયના કુલ નવ પ્રભેદ ત્યાં ઉદાહરણસહિત દર્શાવેલ છે. વાચકવર્ગે અધિક જાણકારી ત્યાંથી મેળવવી.

## ❁ વર્તમાનનૈગમ સાધનાને પ્રાણવંતી બનાવે ❁

[illegible] :- કેટલાક અંશમાં નિષ્પન્ન અને કેટલાક અંશમાં અનિષ્પન્ન વસ્તુને સમગ્રતયા નિષ્પદ્યમાન તરીકે જણાવનાર વર્તમાનગ્રાહી નૈગમનયનો અભિપ્રાય આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી છે કે તપ-ત્યાગ-તિતિક્ષામય સાધનામાર્ગના આલંબને અમુક ક્લિષ્ટ કર્મોની નિર્જરા થવાથી સાધકને 'મારો મોક્ષ સમગ્રતયા થઈ રહ્યો છે' - આવા પ્રકારનો આંતરિક સૂર ઉઠવાથી સાધનામાર્ગે હરણફાળ ભરવામાં ઉલ્લાસ અને ઉમંગ પ્રગટે છે. નિર્જરા એટલે આંશિક મોક્ષ. તેથી જેટલા અંશમાં નિર્જરા થઈ હોય તેટલા અંશમાં સાધકને કર્મમુક્તિ મળી કહેવાય. તેથી વર્તમાનતાનો આરોપ કરનાર ત્રીજા નૈગમનયના અભિપ્રાયથી તેવા સમયે 'સમગ્રતયા મારો મોક્ષ થઈ રહ્યો છે'- આવી પ્રતીતિ થવામાં શાસ્ત્રીય દૃષ્ટિએ કોઈ બાધ નથી.

इत्थं नयसापेक्षशास्त्राऽबाधितप्रतीत्या साधनासाफल्यसुनिश्चयं साधकः समवाप्नोति। ततश्च तत्राऽभ्रान्तविश्वासः सम्पद्यते। एवं वर्त्तमाननैगमनयोऽध्यात्ममार्गेऽत्यन्तमुपयुज्यते। ततश्च "यद्बोधाऽनन्तभागेऽपि द्रव्य-पर्यायसम्भृतम्। लोकाऽलोकं स्थितिं धत्ते स स्याल्लोकत्रयीगुरुः।।" (ज्ञा.३१/३४) इति **ज्ञानार्णवे श्रीशुभचन्द्राचार्येण** दर्शितं परमात्मस्वरूपं झटिति प्राप्नुयात् प्रव्रजितः।।६/१०।।

## ✡ સાધનાસાફલ્યનો સુનિશ્ચય ✡

(**इत्थं.**) આ રીતે નયસાપેક્ષ શાસ્ત્રઅબાધિત પ્રતીતિના માધ્યમથી સાધકને સાધનાની સાર્થકતાનો સમ્યક્ નિશ્ચય થાય છે. આમ આધ્યાત્મિક સાધનાની સફળતા અંગે અભ્રાન્ત આત્મવિશ્વાસ પ્રગટાવવા દ્વારા ત્રીજો નૈગમનય સાધક ઉપર મહાન ઉપકાર કરે છે. તેના લીધે **જ્ઞાનાર્ણવ**માં દેખાડેલ પરમાત્મસ્વરૂપને મહામુનિ શીઘ્રતાથી સંપ્રાપ્ત કરે છે. ત્યાં **શ્રીશુભચંદ્રાચાર્યજી**એ જણાવેલ છે કે 'જેમના કેવળજ્ઞાનના અનંતમા ભાગ માત્રમાં પણ અનંત દ્રવ્ય-પર્યાયથી પરિપૂર્ણ એવો સમગ્ર લોક અને અલોક વ્યવસ્થિત છે, પ્રતિબિંબિત છે, તે પરમાત્મા જ ત્રણ લોકના ગુરુ છે.' (૬/૧૦)

લખી રાખો ડાયરીમાં.....

- જાતનું સમર્પણ કરીને પણ ઘણું મેળવી લેવાનું, ભોગવી લેવાનું, નીચોવી લેવાનું
  વાસનાનું વલણ છે.

  બિનશરતી આત્મસમર્પણ કરવા તત્પર
  ઉપાસનાનું વલણ સ્વાર્થની દુર્ગંધ વગરનું છે.
- ઘણી સાધના હઠીલી છે,
  પોતાનું ધાર્યું કરવા તત્પર છે.

  ધારણામુક્ત ઉપાસના આજ્ઞાંકિત છે.
- સાધનાને બાહ્ય ક્રિયાના નિરીક્ષણની અભિલાષા છે.
  ઉપાસનાને આત્મ-સંશોધનની ઝંખના છે.
- સાધનામાં ક્રિયાયોગની મુખ્યતા છે.
  દા.ત. પ્રતિમાધારી સાધુ

  ઉપાસનામાં ભક્તિયોગની મુખ્યતા છે.
  દા.ત. આનંદઘનજી.

**સંગ્રહઈં નય સંગ્રહો, તે દ્વિવિધ - ઓઘ વિસેસ રે;**
**"દ્રવ્ય ♦સર્વ અવિરોધિયાં" જિમ, તથા "જીવ અસેસ રે" ॥૬/૧૧॥ (૮૪) બહુ.**

જે **સંગ્રહઈં,તે સંગ્રહનય** કહિયઇં.

---

साम्प्रतमवसरप्राप्तं सङ्ग्रहनयं निरूपयति – '**सङ्ग्रह**' इति।

**सङ्गृह्णन् सङ्ग्रहः प्रोक्त ओघ-विशेषतो द्विधा।**
**द्रव्याणि ह्यविरोधीनि यथा जीवास्तथा समाः।।६/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सङ्गृह्णन् सङ्ग्रहः प्रोक्तः। (स च) ओघ-विशेषतः द्विधा। यथा – (१) द्रव्याणि हि अविरोधीनि तथा (२) जीवाः समाः।।६/११।।

**सङ्गृह्णन्** = सामान्यरूपतया सर्वं सङ्गृह्णातीति **सङ्ग्रहः प्रोक्तः**। तदुक्तं **तत्त्वार्थसूत्रवृत्तौ श्रीसिद्धसेनगणिवरैः** "अभेदेन सङ्ग्रहणात् सर्वस्य सङ्गृह्णाति इति सङ्ग्रहः" (त.सू.१/३४) इति। **देवचन्द्रवाचकैः नयचक्रसारे** "(१) सङ्ग्रहणं = सामान्यरूपतया सर्ववस्तूनाम् आक्रोडनं = सङ्ग्रहः। (२) अथवा सामान्यरूपतया सर्वं गृह्णातीति सङ्ग्रहः। (३) अथवा सर्वेऽपि भेदाः सामान्यरूपतया सङ्गृह्यन्ते अनेनेति सङ्ग्रहः" (न.च.सा.पृ.१८९) इत्येवं त्रिविधा सङ्ग्रहव्युत्पत्तिः दर्शिता।

यथोक्तं **प्रमाणमीमांसायाम्** "अभेदरूपतया वस्तुजातस्य सङ्ग्राहकः सङ्ग्रहः" (प्र.मी.२/२/४) इति। तदुक्तम् **आलापपद्धतौ** अपि "अभेदरूपतया वस्तुजातं सङ्गृह्णातीति सङ्ग्रहः" (आ.प.पृ.२२) इति। स

---

:- હવે ગ્રંથકારશ્રી અવસરસંગતિથી પ્રાપ્ત સંગ્રહનયનું નિરૂપણ કરે છે :-

**❋ સંગ્રહનયની સમજણ ❋**

:- બધી વસ્તુનો સંગ્રહ કરનાર સંગ્રહનય બે પ્રકારનો કહેવાય છે. (૧) સામાન્યરૂપે અને (૨) વિશેષરૂપે. જેમ કે (૧) 'દ્રવ્યો પરસ્પર અવિરોધી છે.' તથા (૨) 'જીવો પરસ્પર સમાન (= અવિરોધી) છે.' (૬/૧૧)

:- સામાન્યરૂપે સર્વ વસ્તુનો સંગ્રહ કરવાના લીધે ચોથો નય સંગ્રહનય કહેવાય છે. **તત્ત્વાર્થસૂત્રવ્યાખ્યા**માં **શ્રીસિદ્ધસેનગણિવરે** જણાવેલ છે કે "બધાનો અભેદસ્વરૂપે = અભિન્નત્વરૂપે સંગ્રહ કરવાના લીધે સંગ્રહનય કહેવાય છે. કારણ કે 'સમ્યક્ ગ્રહણ = સંગ્રહ કરે તે સંગ્રહ' - આવી વ્યુત્પત્તિ છે." ખરતરગચ્છીય ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી**એ **નયચક્રસાર**માં સંગ્રહની ત્રણ પ્રકારે વ્યુત્પત્તિ જણાવેલી છે કે "(૧) સંગ્રહણ = એકઠું કરવું. એક ઉપયોગમાં સામાન્યસ્વરૂપે સર્વ વસ્તુઓનું આક્રોડન = ગ્રહણ કરવું તે સંગ્રહ. (૨) અથવા સામાન્યરૂપે સર્વને એક જ અધ્યવસાયમાં ગ્રહણ કરે તેને સંગ્રહ સમજવો. (૩) અથવા તમામ ભેદો = વિશેષો જેના દ્વારા સામાન્યરૂપે જણાય તે સંગ્રહ."

(**યથો.**) **પ્રમાણમીમાંસા**માં તથા **આલાપપદ્ધતિ**માં પણ જણાવેલ છે કે 'અભેદસ્વરૂપે વસ્તુસમૂહનો જે સંગ્રહ કરે તે સંગ્રહનય કહેવાય છે.' તે સંગ્રહનયના બે પ્રકાર શાસ્ત્રમાં જણાવેલ છે. (૧) ઓઘરૂપે

---

♦ કો.(૪)માં 'સવિ' પાઠ મ.માં 'સબ' પાઠ. કો.(૨) + કો(૭)નો પાઠ લીધો છે.

તેહના બે ભેદ (=**દ્વિવિધ**) **ઓઘ-વિશેષ**થી. ઓઘ કહિઈં સામાન્ય. એતલઈં એક સામાન્ય સંગ્રહ, એક વિશેષ સંગ્રહ - એવં ૨ ભેદ જાણવા.✡ (**જિમ**) "**द्रव्याणि सर्वाणि अविरोधीनि**" એ પ્રથમ ભેદનું ઉદાહરણ.

---

च **ओघ-विशेषतः** = सामान्य-विशेषप्रकारतः यद्वा सङ्गृहीत-पिण्डितार्थस्वरूपतः **द्विधा** = द्विप्रकारः **प्रोक्तः**। तदुक्तम् **आवश्यकनिर्युक्तौ** [1]"संगहिय-पिंडियत्थं संगहवयणं" (आ.नि.७५६) इति। तद्विवरणं तु **विशेषावश्यकभाष्ये** [2]"संगहणं संगिण्हइ संगिज्झंते व तेण जं भेया। तो संगहो त्ति संगहिय-पिंडियत्थं वओ जस्स।।" (वि.आ.भा.२२०३) इति। "सत्ताख्यं महासामान्यं सङ्गृहीतम्, जीवत्वादिकमवान्तरसामान्यं तु पिण्डितार्थमुच्यते। ततः सङ्गृहीतपिण्डितार्थं = पराऽपरसामान्यार्थं सङ्ग्रहवचः" (वि.आ.भा.२२०५ वृ.) इति **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरयः**।

यथोक्तं **प्रमाणनयतत्त्वालोके स्याद्वादभाषायाञ्च** "सामान्यमात्रग्राही परामर्शः सङ्ग्रहः" (प्र.न.त.७/१३, स्या.भा.पृ.३)। अग्रे च **प्रमाणनयतत्त्वालोके** "अयमुभयविकल्पः परोऽपरश्च" (प्र.न.त.७/१४) इति। परसामान्यार्थकः सङ्ग्रहः परसङ्ग्रहनयः सामान्यसङ्ग्रहनयोऽपि वा कथ्यते, अपरसामान्यार्थकः सङ्ग्रहः अपरसङ्ग्रहनयः विशेषसङ्ग्रहनयो वाऽप्युच्यते। सामान्यसङ्ग्रहापराभिधानस्य परसामान्य-वाचकसङ्ग्रहनयस्योदाहरणमाह – **यथा** '**द्रव्याणि** सर्वाणि **हि** = एव **अविरोधीनि**' इति। द्रव्यत्वेन

---

= સામાન્યરૂપે અને (૨) વિશેષરૂપે. અથવા તો (૧) સંગૃહીત અર્થ સ્વરૂપે તથા (૨) પિંડિત અર્થ સ્વરૂપે. આ બાબતને જણાવતા **આવશ્યકનિર્યુક્તિ**માં જણાવેલ છે કે 'સંગૃહીત-પિંડિત અર્થને સંગ્રહ વચન બતાવે છે.' આનું વિવરણ કરતાં **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "વસ્તુનો સંગ્રહ કરે છે તે માટે સંગ્રહનય કહેવાય છે. અથવા તો જે કારણસર તે નય દ્વારા ભેદોનો (વિશેષોનો) સંગ્રહ થાય છે, તેથી સંગ્રહનય કહેવાય છે. તેથી સંગ્રહનયના વચનનો અર્થ સંગૃહીત અને પિંડિત કહેવાય છે." **શ્રીહેમચંદ્રસૂરિ**એ **વિશેષાવશ્યકભાષ્યની વ્યાખ્યા**માં જણાવે છે કે "સત્તા નામે મહાસામાન્ય = પરસામાન્ય = વ્યાપક જાતિ સંગૃહીત અર્થ કહેવાય. તથા જીવત્વ વગેરે અવાન્તર સામાન્ય = અપર-સામાન્ય = વ્યાપ્ય જાતિ પિંડિત અર્થ કહેવાય છે. તેથી 'સંગ્રહનયનું વચન સંગૃહીત-પિંડિતાર્થક છે' - આનો અર્થ એ થશે કે સંગ્રહનયનું વચન પર-અપરસામાન્યાર્થક = વ્યાપક-વ્યાપ્યજાતિવિષયક છે."

## ❀ સંગ્રહનયના બે ભેદ ❀

(**यथोक्तं.**) **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં **વાદિદેવસૂરિ**એ તથા **સ્યાદ્વાદભાષા**માં **શુભવિજયજી**એ જણાવ્યું છે કે "સામાન્ય માત્રને ગ્રહણ કરનારો પરામર્શ સંગ્રહનય કહેવાય." **પ્રમાણનયતત્ત્વાલોક**માં આગળ જણાવેલ છે કે "સંગ્રહના બે ભેદ છે - પર અને અપર." પરસામાન્યવિષયક સંગ્રહને 'પરસંગ્રહનય' અથવા 'સામાન્ય સંગ્રહનય' કહેવાય છે. તથા અપરસામાન્યવિષયક સંગ્રહ એ 'અપરસંગ્રહનય' અથવા 'વિશેષસંગ્રહનય' તરીકે ઓળખાય છે. સામાન્યસંગ્રહ જેનું બીજું નામ છે એવા પરસામાન્યવાચક

---

✡ શાં.માં 'જાણવા' પાઠ નથી. મ.+લી.(૨)+કો.(૨+૭+૯)+સિ.માં છે. 1. सङ्गृहीत-पिण्डितार्थं सङ्ग्रहवचनम्।
2. सङ्ग्रहणं सङ्गृह्णाति सङ्गृह्यन्ते वा तेन यद् भेदाः। ततः सङ्ग्रह इति सङ्गृहीत-पिण्डितार्थं वचो यस्य।।

**તથા** "**जीवाः सर्वेऽविरोधिनः**" એ દ્વિતીય ભેદનું ઉદાહરણ. *બહુશ્રુત ઇમ વિચારીનઈ તુમ્હે જોયો.* ॥६/११॥

रूपेण सर्वेषामेव जीवाऽजीवादिद्रव्याणामविरोधमेवाऽयं प्रतिपादयति। अत्र हि क्रोडीकृतसर्वविशेषं सामान्यमेव सर्वैः प्रकारैः सामान्यसङ्ग्रहवचनाभिधेयतया भणितमिति यावत् तात्पर्यम्। अस्य शुद्धसङ्ग्रह इत्यपि नामान्तरमवसेयम्, द्वितीयस्य चाऽशुद्धसङ्ग्रह इति।

***यत्तु*** **स्थानाङ्गसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "सङ्ग्रहणं भेदानां सङ्गृह्णाति वा तान् सङ्गृह्यन्ते वा ते येन स सङ्ग्रहो महासामान्यमात्राभ्युपगमपर इति" (स्था.३/३/१९२, वृ.पृ.२५८) इत्युक्तं ***तत्तु*** परसङ्ग्रह-नयाऽपेक्षया अवगन्तव्यम्।

**तथा** '**जीवाः** सर्वे **समाः** = अविरोधिनः' इति विशेषसङ्ग्रहनयः प्रतिपादयति, जीवत्वेन रूपेण अवान्तरसामान्येन नृ-नारक-नाकिप्रभृतीनामविरोधमेवाऽयं दर्शयति।

***न च*** जीवत्वस्य विशेषरूपतया सङ्ग्रहत्वं व्याहन्येत, विशेषस्य व्यावर्तकत्वादिति ***शङ्कनीयम्,***

સંગ્રહનયના ઉદાહરણને ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા જણાવે છે :- જેમ કે 'બધા જ દ્રવ્ય અવિરોધી છે' - આવું વચન પરસામાન્યસંગ્રહ કહેવાય. દ્રવ્યત્વરૂપે જીવ-અજીવ વગેરે તમામ દ્રવ્યોમાં પ્રસ્તુત સામાન્ય સંગ્રહનય અવિરોધનું પ્રતિપાદન કરે છે. પ્રસ્તુતમાં જીવાદિ દ્રવ્યમાં રહેલ તમામ વિશેષ ગુણધર્મોને પોતાનામાં સમાવી દેનારા એવા સામાન્ય ધર્મને જ તમામ પ્રકારે પોતાના વિષય તરીકે સામાન્ય સંગ્રહનયનું વચન જણાવે છે. દ્રવ્યત્વ જાતિની અપેક્ષાએ સર્વ દ્રવ્યોનું એકરૂપે ગ્રહણ કરવું તે સામાન્ય સંગ્રહનયનું કાર્ય છે - ત્યાં સુધી તાત્પર્ય સમજવું. સામાન્ય સંગ્રહનયનું બીજું નામ 'શુદ્ધ સંગ્રહનય' જાણવું. તથા વિશેષસંગ્રહ સ્વરૂપ બીજા ભેદનું નામાન્તર 'અશુદ્ધ સંગ્રહનય' જાણવું.

**(यत्तु.) સ્થાનાંગસૂત્રની વ્યાખ્યામાં શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે "(૧) ભેદોનો સંગ્રહ તે સંગ્રહ-નય કહેવાય. અથવા (૨) ભેદોનો સંગ્રહ કરે તે સંગ્રહનય કહેવાય. અથવા (૩) જેના વડે ભેદોનો સંગ્રહ = સમાવેશ કરવામાં આવે તે સંગ્રહનય કહેવાય. અર્થાત્ ફક્ત મહાસામાન્યનો = અસ્તિત્વમાત્રનો સ્વીકાર કરવામાં પરાયણ હોય તે સંગ્રહનય કહેવાય." આ પ્રમાણે જે નિરૂપણ કરેલ છે તે સંગ્રહનયની અપેક્ષાએ નહિ પણ પરસંગ્રહનયની = સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ નિરૂપણ કરેલ છે - તેમ જાણવું.

**(तथा.)** તથા સંગ્રહનયના બીજા ભેદનું ઉદાહરણ આ પ્રમાણે છે - 'સર્વે જીવો પરસ્પર અવિરોધી = સમાન છે.' દ્રવ્યત્વ ધર્મની અપેક્ષાએ-જીવત્વ ધર્મ અવાન્તરસામાન્ય = વ્યાપ્યજાતિવિશેષ કહેવાય છે. મનુષ્ય, નારક, દેવ વગેરે જીવોમાં જીવત્વરૂપે અવિરોધને જ વિશેષસંગ્રહનય જણાવે છે. દ્રવ્યત્વની અપેક્ષાએ જીવત્વ ધર્મ વિશેષરૂપ હોવાથી પ્રસ્તુત સંગ્રહનય વિશેષ સંગ્રહનય તરીકે ઓળખાય છે.

**શંકા** :- **(न च.)** સંગ્રહનય તો સામાન્યધર્મરૂપે વસ્તુઓને ગ્રહણ કરે છે. તેથી જ તો તે સંગ્રહનય કહેવાય છે. દ્રવ્યત્વની અપેક્ષાએ જીવત્વ તો વિશેષ પ્રકારનો ધર્મ છે. તેથી દ્રવ્યત્વરૂપ સામાન્યધર્મને છોડી, જીવત્વરૂપ વિશેષગુણધર્મરૂપે જો સંગ્રહનય જીવોને ગ્રહણ કરે તો તે નય સંગ્રહનય કઈ રીતે

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી.ફક્ત લા.(૨)માં છે.

द्रव्यत्वापेक्षया जीवत्वस्य सामान्यरूपत्वाऽभावेऽपि नृ-नारकत्वाद्यपेक्षया सामान्यरूपतानतिक्रमात्। अत एवास्याऽवान्तरसामान्यविषयत्वमुच्यते। अवान्तरसामान्यतया जीवत्वस्य विशेषरूपत्वेऽपि प्रकृते सर्वेषां जीवानां जीवत्वेन रूपेण अन्वय एव अभिप्रेतः, न तु व्यावृत्तिः। अतो नात्र सङ्ग्रहत्वोच्छेदापत्तिः न वा व्यवहारत्वप्रसक्तिरित्यवधेयम्।

इदमेवाभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** अपि "सङ्ग्रहो द्विविधः। सामान्यसङ्ग्रहः, यथा 'सर्वाणि द्रव्याणि परस्परमविरोधीनि'। विशेषसङ्ग्रहः, यथा - सर्वे जीवाः परस्परमविरोधिनः" (आ.प.पृ.८) इति। इत्थञ्च नावान्तरसामान्यग्राहकत्वमात्रादेव विशेषसङ्ग्रहनये सङ्ग्रहत्वोच्छेदापत्तिः, अन्यथा 'सर्वाणि द्रव्याणि द्रव्यत्वेन रूपेण अविरोधीनि', इति वाक्येऽपि सङ्ग्रहत्वमुच्छिद्यते; सत्त्वापेक्षया तु द्रव्यत्वस्याप्य-

---

કહી શકાય ? વિશેષ ધર્મના પુરસ્કારથી વસ્તુનું ગ્રહણ કરવામાં તો સંગ્રહપણાનો ઉચ્છેદ થઈ જશે. કેમ કે વિશેષ ગુણધર્મ તો વ્યાવર્તક છે, સંગ્રાહક નહિ.

### ✻ વિશેષધર્મ પણ સંગ્રાહક ✻

**[illegible]** :- (द्रव्य.) દ્રવ્યત્વની અપેક્ષાએ જીવત્વ ધર્મ સામાન્યરૂપ નથી, પરંતુ વિશેષસ્વરૂપ છે - આ તમારી વાત સાચી છે. તેમ છતાં મનુષ્યત્વ, નારકત્વ વગેરે અવાન્તરવિશેષ ગુણધર્મોની અપેક્ષાએ જીવત્વ ધર્મ સામાન્ય જ કહેવાય, વિશેષ ધર્મ નહિ. આમ દ્રવ્યત્વની અપેક્ષાએ જીવત્વમાં સામાન્યરૂપતા ન હોવા છતાં પણ મનુષ્યત્વ, નારકત્વ વગેરે વિશેષ ગુણધર્મોની અપેક્ષાએ તો જીવત્વમાં સામાન્યરૂપતા અબાધિત જ રહે છે. તેથી જ પ્રસ્તુત બીજા સંગ્રહનયનો વિષય મહાસામાન્ય નહિ, પરંતુ અવાન્તરસામાન્ય કહેવાય છે. જીવત્વ ધર્મ અવાન્તરસામાન્ય હોવાથી વિશેષરૂપ છે. તેમ છતાં પ્રસ્તુતમાં તમામ જીવોનો જીવત્વરૂપે અન્વય = અનુગમ = સમન્વય = સંગ્રહ કરવો જ અભિપ્રેત છે. જીવોમાં પરસ્પર વ્યાવૃત્તિ = વ્યવચ્છેદ = બાદબાકી = ભેદ કરવાનું અહીં અભિપ્રેત નથી. તેથી જ પ્રસ્તુત નયમાં ન તો સંગ્રહપણાનો ઉચ્છેદ થવાની આપત્તિ નહિ આવી શકે કે ન તો પ્રસ્તુત વાક્ય વ્યવહારનયસ્વરૂપ બનવાની આપત્તિ આવી શકે. આ વાત ધ્યાનમાં રાખવી.

### ✡ વ્યવચ્છેદ અભિપ્રાયસાપેક્ષ ✡

**(इदमेवा.)** આવા અભિપ્રાયથી જ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "સંગ્રહનયના બે પ્રકાર છે. (૧) સામાન્ય સંગ્રહનય, જેમ કે 'સર્વ દ્રવ્યો પરસ્પર વિરોધરહિત છે' - આવું વચન. (૨) વિશેષ સંગ્રહનય, જેમ કે 'સર્વ જીવો પરસ્પર વિરોધરહિત છે' - આવું વચન." આમ દ્રવ્યત્વની જેમ જીવત્વ નામના અવાન્તરસામાન્ય ધર્મની અપેક્ષાએ અન્વય કરવાની વાત અહીં અભિપ્રેત છે, નહિ કે વ્યવચ્છેદની વાત. તેથી દ્રવ્યત્વની અપેક્ષાએ જીવત્વ અવાન્તરસામાન્ય ધર્મ હોવા છતાં પણ જીવત્વને પોતાનો વિષય બનાવવા માત્રથી પ્રસ્તુત વિશેષસંગ્રહનયમાં (= સંગ્રહનયના બીજા ભેદમાં) સંગ્રહપણાનો વ્યવચ્છેદ થવાની વાત વ્યાજબી નથી. અવાન્તરસામાન્ય ધર્મને ગ્રહણ કરવા માત્રથી જો સંગ્રહપણાનો ઉચ્છેદ થઈ જતો હોય તો 'सर्वाणि द्रव्याणि अविरोधीनि' આવી વાત કરનાર પરસંગ્રહનયમાં પણ સંગ્રહપણાનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. કારણ કે સત્ત્વ (= સત્તા = અસ્તિત્વ = વિદ્યમાનતા)

वान्तरसामान्यरूपत्वात्।

न हि सत्त्वमेव द्रव्यत्वम्, द्रव्यत्वस्य सत्त्वन्यूनवृत्तित्वात्, द्रव्यत्व-गुणत्व-पर्यायत्वानां सत्ताव्याप्यत्वेन सम्मतत्वादिति भावः।

***न च*** "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्" (त.सू.५/२९) इति **तत्त्वार्थसूत्रेण** द्रव्यत्वलक्षणमेव सत्त्वमभिहितमिति ***वाच्यम्***,

तस्य उत्पादादित्रितययुक्तत्त्वरूपेण वस्तुसत्त्वप्रतिपादनपरत्वात्, द्रव्य इव गुणादौ अपि उत्पादादिभावात्, द्रव्यत्वं विनाऽपि सत्त्वभावाच्च न द्रव्यत्व-सत्त्वयोः ऐक्यमिति सिद्धम्।

***एतावता*** "शुद्धद्रव्यं सन्मात्रम् अभिमन्यमानः परसङ्ग्रहः" (प्र.न.त.७/१५) इति **प्रमाणनयतत्त्वालोकालङ्कारसूत्रमपि** ***व्याख्यातम्***, तत्र द्रव्यपदस्य वस्तुपरत्वात्। अत एव तत्र "विश्वमेकं सदविशेषात्" (प्र.न.त.७/१६) इत्येवं सामान्यसङ्ग्रहाऽपराऽभिधानपरसङ्ग्रहनयोदाहरणमुपदर्शितम्, न तु 'द्रव्यमेकं

---

નામના ધર્મની અપેક્ષાએ દ્રવ્યત્વ નામનો ગુણધર્મ પણ અવાન્તરસામાન્ય જ છે. તેથી અવાન્તરસામાન્યવિષયક હોવા માત્રથી નયમાં સંગ્રહપણાનો ઉચ્છેદ માનવો વ્યાજબી નથી.

**(न हि.)** પ્રસ્તુતમાં સત્ત્વ = સત્તા એ જ દ્રવ્યત્વ નથી. કારણ કે સત્તા કરતાં દ્રવ્યત્વ એ ન્યૂનવૃત્તિ = વ્યાપ્ય છે. શાસ્ત્રમાં દ્રવ્યત્વ, ગુણત્વ અને **પર્યાયત્વ** સત્તાના વ્યાપ્યસ્વરૂપે માન્ય છે.

[illegible] :- **(न च.) તત્ત્વાર્થસૂત્ર**માં **ઉમાસ્વાતિજી** મહારાજે 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત હોય તે સત્ કહેવાય' - આવું કહેવા દ્વારા દ્રવ્યત્વનું લક્ષણ જ સૂચિત કરેલ હોય તેમ જણાય છે. કારણ કે દ્રવ્યમાં જ ઉત્પાદાદિ ત્રણ થતા હોય છે. તેથી ઉત્પાદાદિ ત્રણથી યુક્તતા એ જ સત્ત્વ = દ્રવ્યત્વ છે - એમ ફલિત થાય છે.

## ✻ ઉત્પાદાદિ ગુણાદિમાં પણ અબાધિત ✻

[illegible] :- **(तस्य.)** ના. તમારી વાત વ્યાજબી નથી. કારણ કે 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' આવું **તત્ત્વાર્થાધિગમસૂત્ર** 'વસ્તુની સત્તા ઉત્પાદાદિ ત્રણથી યુક્ત હોવા સ્વરૂપે છે' - આ મુજબ પ્રતિપાદન કરવામાં તત્પર છે. ઉત્પાદાદિ ત્રણ જેમાં ન હોય તે સત્ ન હોય. ઉત્પાદાદિ ત્રણ જેમાં હોય તે જ સત્ હોય. આથી 'વસ્તુનું અસ્તિત્વ = સત્ત્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવિશિષ્ટત્વસ્વરૂપે જ હોય છે' - આવું જણાવવાનું તે સૂત્રનું તાત્પર્ય છે. કારણ કે માત્ર દ્રવ્યમાં જ ઉત્પાદાદિ થાય છે - તેમ નથી. દ્રવ્યની જેમ ગુણમાં અને પર્યાયમાં પણ ઉત્પાદ-વ્યયાદિ થાય જ છે. જ્યાં દ્રવ્યત્વ નથી, ત્યાં પણ સત્ત્વ રહે છે. માટે 'દ્રવ્યત્વ અને સત્ત્વ - આ બન્ને એક નથી પણ અલગ છે' - તેમ સિદ્ધ થાય છે.

**(एतावता.)** ઉપરોક્ત વિચાર-વિમર્શના આધારે **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** નામના ગ્રંથના એક સૂત્રની પણ વ્યાખ્યા થઈ જાય છે. તે ગ્રંથમાં જણાવેલ છે કે 'શુદ્ધ દ્રવ્યને કેવળ સત્ સ્વરૂપે માનનાર અભિપ્રાયવિશેષને પરસંગ્રહનય તરીકે જાણવો.' અહીં 'દ્રવ્ય' પદ વસ્તુબોધક છે. એટલે તે સૂત્રનો અર્થ એમ થશે કે 'શુદ્ધ વસ્તુને કેવળ સત્સ્વરૂપે માનનાર અભિપ્રાયવિશેષને પરસંગ્રહનય તરીકે જાણવો.' તેથી ઉપરોક્ત સૂત્રથી 'શુદ્ધ દ્રવ્યત્વ = સત્ત્વ' આવું ફલિત થતું નથી. તેથી જ તે ગ્રંથમાં પરસંગ્રહ

सदविशेषादि'ति। सत्तायाः परसामान्यत्वम्, द्रव्यत्वादीनाञ्चाऽपरसामान्यत्वमिति **रत्नाकरावतारिका**भिधानतद्वृत्तिविलोकनादवसीयते।

वस्तुतस्तु शुद्धपरसङ्ग्रहनयवाक्यं 'सर्वं सद्' इत्येवाऽवगन्तव्यम्, सत्तायाः परसामान्यमात्ररूपत्वात्। अत एव **देवसेनेन नयचक्रे** [1]"अवरे परमविरोहे सव्वं अत्थित्ति सुद्धसंगहणो। होइ तमेव असुद्धो इगजाइविसेसगहणेण।।" (न.च.३६) इत्येवम् अस्तित्वाऽपराभिधानसत्त्वलक्षणमहासामान्यपुरस्कारेण 'सर्वम् अस्ति' इति शुद्धपरसङ्ग्रहनयवाक्यमुदाहृतमिति।

इह तु **आलापपद्धतिमनुसृत्य महोपाध्याययशोविजयगणिवरैः द्रव्य-गुण-पर्यायरासस्तबके** सत्सामान्यग्राहकसङ्ग्रहनयमुपेक्ष्य यदुदाहृतं तदनुसारेणोक्तमस्माभिरित्यवधेयं मनीषिभिः।

---

નયના ઉદાહરણ તરીકે 'द्रव्यम् एकम्, सदविशेषात्' - આવું કહેવાના બદલે 'विश्वम् एकम्, सदविशेषात्' - આવું જણાવેલ છે. પરસંગ્રહનું બીજું નામ સામાન્યસંગ્રહનય છે. તેનું ઉદાહરણ દર્શાવનાર પ્રસ્તુત સૂત્રનો અર્થ આ પ્રમાણે છે - સમસ્ત વિશ્વ એકરૂપે છે. કારણ કે સત્સ્વરૂપે તે સમાન છે. અર્થાત્ સત્તાથી અભિન્ન હોવાથી સમગ્ર વિશ્વ એકરૂપ છે. પ્રસ્તુત સૂત્રની **રત્નાકરાવતારિકા** નામની વ્યાખ્યા જોવાથી ખ્યાલ આવે છે કે સત્તા = સત્ત્વ = અસ્તિત્વ એ પરસામાન્ય છે તથા દ્રવ્યત્વ વગેરે અપરસામાન્ય છે. તેથી દ્રવ્યત્વ એટલે સત્ત્વ એવો અર્થ શાસ્ત્રસંમત નથી. પરંતુ દ્રવ્યત્વ એ સત્તાનું વ્યાપ્ય = ન્યૂનવૃત્તિ = અવાન્તર સામાન્ય છે.

### ❖ શુદ્ધસંગ્રહનયવચન પ્રદર્શન ❖

**(वस्तु.)** સત્તા ધર્મની અપેક્ષાએ દ્રવ્યત્વ પણ અવાન્તરસામાન્ય હોવાથી વાસ્તવમાં તો શુદ્ધ પર સંગ્રહનયનું વાક્ય 'सर्वं सत्' - આ પ્રમાણે જાણવું. કારણ કે સત્તા ધર્મ કેવલ પરસામાન્યસ્વરૂપ = ફક્ત વ્યાપક જાતિ સ્વરૂપ છે. તેથી **નયચક્ર** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ છે કે "સંગ્રહનયના બે ભેદ છે - શુદ્ધ અને અશુદ્ધ. શુદ્ધ સંગ્રહ પરસામાન્યવિષયક છે. અશુદ્ધ સંગ્રહ અપરસામાન્યવિષયક છે. 'अविरोधेन सर्वम् अस्ति' અર્થાત્ 'સર્વ વસ્તુ પરસ્પર અવિરોધથી વિદ્યમાન છે' - આ પ્રમાણે શુદ્ધ સંગ્રહનયનું વચન છે. એક અવાન્તર જાતિને ગ્રહણ કરવા દ્વારા વિષયને ગ્રહણ કરવાથી તે નય અશુદ્ધ સંગ્રહનય બને છે." મતલબ કે અસ્તિત્વ જેનું બીજું નામ છે તે સત્તા સ્વરૂપ મહાસામાન્ય ધર્મને આગળ કરીને 'सर्वम् अस्ति' - આ પ્રમાણે શુદ્ધ પરસંગ્રહનયનું વાક્ય ઉદાહરણરૂપે **નયચક્ર**માં જણાવેલ છે.

**(इह.)** **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ સામાન્યસંગ્રહ નયના વિષયરૂપે 'સર્વ દ્રવ્યો પરસ્પર અવિરોધી છે' - આ પ્રમાણે જણાવેલ છે. તથા **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરે **આલાપપદ્ધતિ** ગ્રંથને અનુસરીને દ્રવ્યગુણપર્યાયરાસના ટબામાં તે પ્રમાણે સામાન્યસંગ્રહનયનો વિષય જણાવેલ છે. તથા સત્ સામાન્યગ્રાહી શુદ્ધસંગ્રહનયની ઉપેક્ષા કરેલ છે. તેથી અમે દ્રવ્યાનુયોગપરામર્શ + કર્ણિકા વ્યાખ્યામાં દ્રવ્યગુણપર્યાયરાસને અનુસરીને તે મુજબ નિરૂપણ કરેલ છે. આ વાતને વિજ્ઞ વાચકવર્ગે ખાસ ધ્યાનમાં રાખવી. મહોપાધ્યાયજી મહારાજે દ્રવ્ય-ગુણ-પર્યાયરાસમાં દેવસેનસંમત નવ નયની અને ત્રણ ઉપનયની

---

1. अपरे परमविरोधे सर्वम् अस्ति इति शुद्धसङ्ग्रहणम्। भवति स एवाऽशुद्धः एकजातिविशेषग्रहणेन।।

प्रकृते **तत्त्वन्यायविभाकरे लब्धिसूरिभिः** नयप्रस्तावे “स्वव्याप्ययावद्विशेषेषु औदासीन्यपूर्वकं सामान्यविषयकाभिप्रायविशेषः सङ्ग्रहः। स द्विविधः परापरभेदात्।

परसामान्यम् अवलम्ब्य, विधाय औदासीन्यं तद्विशेषेषु अर्थानाम् एकतया ग्रहणाभिप्रायः परसङ्ग्रहः। यथा – विश्वम् एकम्, सदविशेषादिति। अनेन वक्त्रभिप्रायेण सत्त्वरूपसामान्येन विश्वस्य एकत्वं गृह्यते। एवं शब्दानाम् अप्रयोगाच्च विशेषेषु उदासीनता प्रतीयते।

अपरसामान्यम् अवलम्ब्य तथाभिप्रायः अपरसङ्ग्रहः। यथा – धर्माधर्माकाशकालपुद्गलजीवानाम् ऐक्यम्, द्रव्यत्वाविशेषादिति। अनेन अपि अभिप्रायेण द्रव्यत्वरूपापरसामान्येन धर्मादीनाम् एकत्वं तद्विशेषेषु उदासीनत्वञ्च गृह्यते” (त.न्या.वि.पृ.९१/९२) इति यदुक्तं तदपि स्मर्तव्यम्।

**वादिदेवसूरिभिः** तु **प्रमाणनयतत्त्वालोके** “अशेषविशेषेष्वौदासीन्यं भजमानः शुद्धद्रव्यं सन्मात्रमभिमन्यमानः परसङ्ग्रहः” (प्र.न.त.७/१५)। “विश्वमेकं सदविशेषादिति यथा” (प्र.न.त.७/१६)। “द्रव्यत्वादीनि अवान्तरसामान्यानि मन्वानः तद्भेदेषु गजनिमीलिकामवलम्बमानः पुनरपरसङ्ग्रहः” (प्र.न.त.७/१९)। “धर्माऽधर्माऽऽकाश-काल

---

વાત કરેલ છે. તેનું નિરૂપણ અહીં પ્રસ્તુત છે. આ વાત તો વાચકવર્ગને ખ્યાલમાં જ હશે. અસ્તુ !

## ✿ દ્વિવિધ સંગ્રહ અંગે લબ્ધિસૂરિજીનું મંતવ્ય ✿

**(प्रकृ.)** પ્રસ્તુતમાં **તત્ત્વન્યાયવિભાકર** ગ્રંથનો પ્રબંધ પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં કવિકુલકીરિટ શ્રી**લબ્ધિસૂરિજી** મહારાજે જણાવેલ છે કે “સ્વવ્યાપ્ય = સામાન્યવ્યાપ્ય એવા તમામ વિશેષ ગુણધર્મોને વિશે ઉદાસીનતા રાખીને સામાન્યવિષયક જે વિશેષ પ્રકારનો અધ્યવસાય પ્રવર્તે છે તે સંગ્રહનય છે. તે બે પ્રકારે છે. પરસંગ્રહ અને અપરસંગ્રહ.

**(पर.)** પરસામાન્યને = વ્યાપકસામાન્યધર્મને પકડીને, તેના વ્યાપ્ય એવા વિશેષ ગુણધર્મોને વિશે ઉદાસીનતા = ઉપેક્ષા રાખીને પદાર્થોનો એકસ્વરૂપે ગ્રહણ કરવાનો અભિપ્રાય તે પરસંગ્રહનય જાણવો. જેમ કે ‘વિશ્વ એક છે. કારણ કે સત્સ્વરૂપે તેમાં કોઈ તફાવત નથી.’ વક્તાના પ્રસ્તુત અભિપ્રાયથી સત્ત્વરૂપ સામાન્ય ગુણધર્મની અપેક્ષાએ એકરૂપતાનું ભાન થાય છે. તથા આ રીતે વિશેષવાચક શબ્દોનો પ્રયોગ ન કરવાથી વિશેષ ગુણધર્મો પ્રત્યે ઉદાસીનતા અહીં જણાય છે.

**(अपर.)** અપરસામાન્યને આશ્રયીને તેવા પ્રકારનો અભિપ્રાય એ અપરસંગ્રહનય જાણવો. જેમ કે ‘ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલ-જીવોમાં એકતા છે. કારણ તે તમામમાં રહેનાર દ્રવ્યત્વમાં કોઈ તફાવત નથી.’ આ અભિપ્રાયથી પણ દ્રવ્યત્વાત્મક અપરસામાન્યરૂપે ધર્માસ્તિકાય વગેરેમાં ઐક્ય જણાય છે તથા ધર્માસ્તિકાય વગેરેના વિશેષ ગુણધર્મો પ્રત્યે ઉદાસીનતા જણાય છે.”

## ✻ પર-અપરસંગ્રહમતવિચાર ✻

**(वादि.)** **વાદિદેવસૂરિજી**એ તો **પ્રમાણનયતત્ત્વાલોક**માં શ્વેતાંબર આમ્નાયને અનુસરીને સંગ્રહનયની છણાવટ કરતાં જણાવેલ છે કે “તમામ વિશેષ ગુણધર્મોમાં ઉદાસીનતાને ધારણ કરનાર તથા શુદ્ધ દ્રવ્યને સન્માત્રરૂપે માનનાર પરસંગ્રહનય છે. જેમ કે સમગ્ર વિશ્વ એક છે. કારણ કે વિશ્વઘટકીભૂત તમામ વસ્તુ સત્ રૂપે સમાન છે. દ્રવ્યત્વ વગેરે અવાન્તરસામાન્ય ધર્મોને સ્વીકારનાર અપરસંગ્રહનય છે. તે

-पुद्गल-जीवद्रव्याणामैक्यं द्रव्यत्वाभेदादित्यादिर्यथा" (प्र.न.त.७/२०) इत्युक्तं श्वेताम्बराम्नायमनुसृत्येत्यवधेयम्।

**देवचन्द्रवाचकैस्तु नयचक्रसारे** नानाभिप्रायतः "सामान्यवस्तुसत्तासङ्ग्राहकः सङ्ग्रहः। स द्विविधः – (१) सामान्यसङ्ग्रहः (२) विशेषसङ्ग्रहश्च। सामान्यसङ्ग्रहो द्विविधः – (१-क) मूलतः (१-ख) उत्तरतश्च। (१-क) मूलतः अस्तित्वादिभेदतः षड्विधः। (१-ख) उत्तरतः जाति-समुदायभेदरूपः। (१-ख-१) जातितः गवि गोत्वम्, घटे घटत्वम्, वनस्पतौ वनस्पतित्वम्। (१-ख-२) समुदायतः सहकारात्मके वने 'सहकारवनम्', मनुष्यसमूहे 'मनुष्यवृन्द' इत्यादिसमुदायरूपः। अथवा (१) 'द्रव्यमि'ति सामान्यसङ्ग्रहः। (२) 'जीव' इति विशेषसङ्ग्रहः" (न.च.सा.पृ.१८९) इत्येवं सङ्ग्रहनयविभजनम् अकारि।

इह अस्तित्वादिभेदाः '(१) अस्तित्वम्, (२) वस्तुत्वम्, (३) द्रव्यत्वम्, (४) प्रमेयत्वम्, (५) सत्त्वम्, (६) अगुरुलघुत्वञ्च' इत्येवं षड्विधा ज्ञेयाः। अस्तित्वादीनां स्वरूपम् अग्रे (११/१) वक्ष्यते।

---

દ્રવ્યત્વાદિના અવાન્તર સામાન્યભેદોમાં (જીવત્વ, પુદ્ગલત્વ, મનુષ્યત્વ, ઘટત્વ વગેરેમાં) આંખમીચામણા કરે છે. જેમ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલ અને જીવદ્રવ્ય એક છે. કારણ કે તમામમાં દ્રવ્યત્વ સમાનરૂપે રહેલ છે." આ રીતે **વાદિદેવસૂરિજી**એ પરસંગ્રહનયમાં સત્તા સ્વરૂપ મહાસામાન્ય ધર્મને જ આગળ કરીને પરસંગ્રહનયનું ઉદાહરણ બતાવેલ છે. તે ધ્યાનમાં રાખવું.

## ❋ સંગ્રહનય શ્રીદેવચન્દ્રજીની દૃષ્ટિએ ❋

(देव.) ખરતરગચ્છીય ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી** મહારાજે જુદા-જુદા અભિપ્રાયથી **નયચક્રસાર** ગ્રંથમાં સંગ્રહનયનું વ્યાખ્યાસહિત વિભાજન નિમ્નોક્ત સ્વરૂપે કરેલ છે. "સામાન્યસ્વરૂપે વસ્તુની સત્તાનો સંગ્રહ કરે તે સંગ્રહનય કહેવાય. તેના બે ભેદ છે. (૧) સામાન્યસંગ્રહ અને (૨) વિશેષસંગ્રહ. વળી, સામાન્યસંગ્રહનયના બે ભેદ છે.(૧-ક) મૂલસામાન્યસંગ્રહ અને (૧-ખ) ઉત્તરસામાન્યસંગ્રહ. (૧-ક) મૂલસામાન્યસંગ્રહ અસ્તિત્વ વગેરેને ગ્રહણ કરવાથી છ ભેદવાળો છે. તથા (૧-ખ) ઉત્તરસામાન્યસંગ્રહનયના બે ભેદ છે - (૧-ખ-૧) જાતિસામાન્યગ્રાહક અને (૧-ખ-૨) સમુદાયસામાન્યગ્રાહક. (૧-ખ-૧) સર્વ ગાયમાં ગોત્વસામાન્યને, તમામ ઘડામાં ઘટત્વસામાન્યને તથા સઘળી વનસ્પતિઓમાં વનસ્પતિત્વસામાન્યને ગ્રહણ કરે તે જાતિસામાન્યગ્રાહક સંગ્રહનય. તથા (૧-ખ-૨) આંબાઓના સમૂહને વિશે 'આ આમ્રવન છે' - આવું જે કહે અને માણસોના ટોળાને ઉદ્દેશીને 'આ મનુષ્યવૃંદ છે' - આમ જે કહે તે સમુદાય-સામાન્યગ્રાહક સંગ્રહનય કહેવાય. અથવા સર્વ દ્રવ્યને સામાન્યરૂપે ગ્રહણ કરે તે સામાન્યસંગ્રહનય તથા સર્વ જીવોને જીવ તરીકે સ્વીકારીને અજીવથી તેને જુદો પાડે તે વિશેષસંગ્રહનય કહેવાય."

(इह.) અહીં મૂલસામાન્યસંગ્રહ દ્વારા ગ્રાહ્ય અસ્તિત્વાદિ છ ગુણધર્મોને આ મુજબ જાણવા - (૧) અસ્તિત્વ, (૨) વસ્તુત્વ,(૩) દ્રવ્યત્વ, (૪) પ્રમેયત્વ, (૫) સત્ત્વ અને (૬) અગુરુલઘુત્વ. અસ્તિત્વાદિનું સ્વરૂપ આગળ (૧૧/૧) જણાવાશે.

श्रीदेवचन्द्रदर्शितसङ्ग्रहविभागः कोष्ठकरूपेण एवं बोध्यः –

- **सङ्ग्रहः**
  - **सामान्यसङ्ग्रहः**
    - **मूलसामान्यसङ्ग्रहः**
      - (१) **अस्तित्वग्राहकः**
      - (२) **वस्तुत्वग्राहकः**
      - (३) **द्रव्यत्वग्राहकः**
      - (४) **प्रमेयत्वग्राहकः**
      - (५) **सत्त्वग्राहकः**
      - (६) **अगुरुलघुत्वग्राहकः**
    - **उत्तरसामान्यसङ्ग्रहः**
      - **जातिसामान्यग्राहकः**
      - **समुदायसामान्यग्राहकः**
  - **विशेषसङ्ग्रहः**

तत्र मूलसामान्यम् अवधिदर्शन-केवलदर्शनग्राह्यम्, उत्तरसामान्यञ्च चक्षुर्दर्शनाऽचक्षुर्दर्शनग्राह्यम् इति तैरेव **नयचक्रसारस्वोपज्ञविवरणे** दर्शितम् ।

**नयचक्रसारे** एवाऽग्रे तैः "(१) सामान्याऽऽभिमुख्येन ग्रहणं सङ्गृहीतसङ्ग्रह उच्यते। (२) पिण्डितं तु एकजातिम् आनीतम् अभिधीयते पिण्डितसङ्ग्रहः। (३) अथ सर्वव्यक्तिषु अनुगतस्य सामान्यस्य प्रतिपादनम् अनुगमसङ्ग्रहोऽभिधीयते। (४) व्यतिरेकस्तु तदितरधर्मनिषेधाद् ग्राह्यधर्मसङ्ग्रहकारकं व्यतिरेकसङ्ग्रहो भण्यते।

---

(श्रीदे.) ઉપાધ્યાય **શ્રીદેવચન્દ્રજી** મહારાજે સંગ્રહનયનો જે વિભાગ દેખાડેલ છે, તે કોઠાસ્વરૂપે પરામર્શકર્ણિકામાં બતાવેલ છે. તે સુગમ હોવાથી ગુજરાતી વિવરણમાં દર્શાવવામાં નથી આવતો.

### ❀ મૂલસામાન્ય અવધિદર્શનાદિગમ્ય ❀

(तत्र.) ત્યાં શ્રીદેવચન્દ્રજી મહારાજે **નયચક્રસારસ્વોપજ્ઞવિવરણ**માં જણાવેલ છે કે 'અસ્તિત્વ વગેરે છ મૂલ સામાન્યસ્વભાવ અવધિદર્શન અને કેવલદર્શન વડે જોવાય છે. તથા ગોત્વાદિ ઉત્તરસામાન્યસ્વભાવ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન વડે દેખાય છે.'

### ❀ સંગ્રહનયના ચાર ભેદ - શ્રીદેવચન્દ્રજી ❀

(नय.) **નયચક્રસાર** ગ્રંથમાં ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી** મહારાજે જ આગળ ઉપર સંગ્રહનયના ચાર ભેદ નીચે મુજબ જણાવેલ છે. "(૧) વિભાગ કર્યા વિના સામાન્યસ્વરૂપની જ સન્મુખ રહીને વસ્તુનું ગ્રહણ = જ્ઞાન થાય તે સંગૃહીતસંગ્રહનય કહેવાય. (૨) આત્મા વગેરે વસ્તુ અનંતી હોવા છતાં પણ આત્મત્વાદિ એક જાતિથી સર્વનો 'एगे आया', 'एगे पुग्गले' ઇત્યાદિસ્વરૂપે સંગ્રહ થાય તે પિંડિતસંગ્રહ જાણવો. (૩) સર્વ વ્યક્તિઓમાં અનુગત એવા સામાન્યનું પ્રતિપાદન કરવું તે અનુગમસંગ્રહ કહેવાય છે. (૪) વિવક્ષિત ગુણધર્મથી અન્ય ગુણધર્મનો નિષેધ કરવાથી વિવક્ષિત ગુણધર્મનો સર્વસંગ્રહસ્વરૂપે

यथा अजीवे 'अजीव (न जीवः)' इति निषेधे (सति) जीवसङ्ग्रह एव जातः। अतः सङ्ग्रह-पिण्डितार्थाऽनुगम -व्यतिरेकभेदात् चतुर्विधः" (न.च.सा.पृ.१९०) इत्यादिकमुक्तं ततोऽवसेयम्।

इदमप्यत्रावधेयम् – **षड्लूक**तन्त्रानुसारेण सामान्यं त्रिविधम्। तदुक्तं श्री**शान्तिसूरि**भिः **उत्तराध्ययनबृहद्वृत्तौ** त्रैराशिकमतनिरूपणावसरे [1]"सामण्णं तिविहं – (१) महासामन्नं, (२) सत्तासामन्नं, (३) सामन्नविसेससामन्नं। तत्र (१) महासामान्यं षट्स्वपि पदार्थेषु पदार्थत्वबुद्धिकारि। (२) सत्तासामान्यं त्रिपदार्थसद्बुद्धिविधायि। (३) सामान्यविशेषसामान्यं = द्रव्यत्वादि। अन्ये तु व्याचक्षते (१) त्रिपदार्थसत्करी सत्ता, (२) सामान्यं = द्रव्यत्वादि, (३) सामान्यविशेषसामान्यं = पृथिवीत्वादि" (उत्त.बृ.वृ.अ.३/निर्यु. गा.१७४/पृ.१७२) इति प्राचीन-नवीनवैशेषिकतन्त्रानुसारेण भावनीयम्। अन्त्यसामान्यद्वयग्रहणं तु सङ्ग्रहनयद्वितीयभेदेऽन्तर्भावनीयम्।

---

જ્ઞાન કરાવે તે વ્યતિરેકસંગ્રહ કહેવાય છે. જેમ કે અજીવને ઉદ્દેશીને 'આ અજીવ છે, જીવ નથી' એવો નિષેધ કરવામાં આવે તો 'કોઈક પદાર્થ જીવ છે' - એમ વ્યતિરેક વચનથી નક્કી થઈ જ જાય છે. પ્રતિષેધાત્મક ઉપયોગથી સર્વ જીવનું ગ્રહણ કરાવવાના લીધે તે વ્યતિરેકસંગ્રહનય કહેવાય છે. આમ સંગૃહીત, પિંડિત,અનુગમ અને વ્યતિરેક - આ ચાર ભેદથી સંગ્રહનય ચાર પ્રકારે જાણવો." આ અંગે હજુ ઘણી વિગતો ત્યાં શ્રી**દેવચન્દ્રજી**એ જણાવેલ છે. અધિક જાણકારી ત્યાંથી મેળવવી.

## ❯ વૈશેષિકતન્ત્ર મુજબ ત્રિવિધસામાન્યવિમર્શ ❯

(**इदम.**) પ્રસ્તુતમાં એક વાત એ પણ ધ્યાનમાં રાખવી કે ષડુલૂકતન્ત્ર (= પ્રાચીનવૈશેષિકદર્શન) મુજબ સામાન્યના બે નહિ પણ ત્રણ ભેદ છે. આ અંગે વાદિવેતાલ શ્રી**શાંતિસૂરિજી** મહારાજે **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **બૃહદ્વૃત્તિ**માં **રોહગુપ્ત**ના ત્રૈરાશિકમતનું નિરૂપણ કરવાના અવસરે જણાવેલ છે કે "સામાન્યના ત્રણ ભેદ છે. (૧) મહાસામાન્ય, (૨) સત્તાસામાન્ય અને (૩) સામાન્યવિશેષસામાન્ય. આ ત્રણમાંથી (૧) મહાસામાન્ય છે તે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય - આ છ પદાર્થોમાં '**अयं पदार्थः**' - આ પ્રમાણે પદાર્થત્વપ્રકારક બુદ્ધિને ઉત્પન્ન કરે છે. (૨) તથા દ્રવ્ય, ગુણ અને કર્મમાં (= ક્રિયામાં) '**अयं सन्**' આ મુજબ સત્ બુદ્ધિને = સત્ત્વપ્રકારક બોધને જન્માવે તે સત્તાસામાન્ય કહેવાય. (૩) તથા દ્રવ્યત્વ, ગુણત્વ વગેરે જાતિઓ 'સામાન્યવિશેષાત્મક સામાન્ય' તરીકે જાણવા યોગ્ય છે. અન્ય નવીન વિદ્વાનો તો ત્રિવિધ સામાન્ય વિશે એમ કહે છે કે - (૧) દ્રવ્ય, ગુણ અને કર્મ - આ ત્રણ પદાર્થને સત્ કરનારી સત્તા જાતિ એ મહાસામાન્ય છે. (૨) દ્રવ્યત્વ, ગુણત્વ વગેરે સામાન્ય છે. તથા (૩) પૃથ્વીત્વ, જલત્વ વગેરે જાતિઓ એ સામાન્યવિશેષાત્મક સામાન્ય છે." **શ્રીશાંતિસૂરિજી** મહારાજે આ મુજબ જે કહેલ છે તેને પ્રાચીન વૈશેષિકતંત્ર અને નવીન વૈશેષિકતંત્ર મુજબ ઊંડાણથી વિચારવું. તથા દ્રવ્યત્વાદિ અને પૃથ્વીત્વાદિ સ્વરૂપ છેલ્લા બે સામાન્યને ગ્રહણ કરનાર વચન સંગ્રહનયના બીજા ભેદમાં = વિશેષસંગ્રહનયમાં = અપરસંગ્રહનયમાં અંતર્ભાવ કરવા યોગ્ય છે.

---

1. सामान्यं त्रिविधम् – (१) महासामान्यम्, (२) सत्तासामान्यम्, (३) सामान्य-विशेषसामान्यम्।

**विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिस्तु *षडुलूक*** सम्मतसामान्यनिरूपणम् इत्थं दर्शितं यदुत "सामान्यं त्रिविधम्, तद्यथा – सत्ता, सामान्यम्, सामान्यविशेषश्चेति। तत्र द्रव्य-गुण-कर्मलक्षणेषु त्रिषु पदार्थेषु सद्बुद्धिहेतुः सत्ता, सामान्यं द्रव्यत्व-गुणत्वादि, सामान्यविशेषस्तु पृथिवीत्व-जलत्व-कृष्णत्व-नीलत्वाद्यवान्तर-सामान्यरूप इति। अन्ये तु इत्थं सामान्यस्य त्रैविध्यम् उपवर्णयन्ति – अविकल्पं महासामान्यम्, त्रिपदार्थसद्बुद्धिहेतुभूता सत्ता, सामान्यविशेषो द्रव्यत्वादि। महासामान्य-सत्तयोः विशेषणव्यत्यय इति अन्ये। द्रव्य-गुण-कर्मपदार्थत्रयसद्बुद्धिहेतुः सामान्यम्, अविकल्पा सत्ता इति अर्थः। सामान्यविशेषस्तु द्रव्यत्वादिरूप एव" (वि.आ.भा.२४९३ वृ.) इति।

**पञ्चास्तिकायसङ्ग्रहवृत्तौ अमृतचन्द्र**मते तु "द्विविधा हि सत्ता - महासत्ता अवान्तरसत्ता च। (१) तत्र सर्वपदार्थसार्थव्यापिनी सादृश्यास्तित्वसूचिका महासत्ता प्रोक्तैव। (२) अन्या तु प्रतिनियतवस्तुवर्तिनी स्वरूपास्तित्वसूचिका अवान्तरसत्ता" (प.स.वृ.८) इति।

"समस्तवस्तुविस्तरव्यापिनी महासत्ता, प्रतिनियतवस्तुविस्तरव्यापिनी ह्यवान्तरसत्ता। समस्तव्यापकरूप-

---

### ❀ બીજી રીતે ત્રિવિધ સામાન્યની વિચારણા ❀

(विशे.) **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ તો **ષડુલૂકસંમત** સામાન્યનું નિરૂપણ આ મુજબ દર્શાવેલ છે કે "સામાન્ય ત્રણ પ્રકારે છે. તે આ મુજબ - સત્તા, સામાન્ય અને સામાન્યવિશેષ. તેમાં (૧) સત્તા તે કહેવાય છે કે જે દ્રવ્ય, ગુણ અને કર્મ સ્વરૂપ ત્રણ પદાર્થોમાં 'આ સત્ છે' - આવી બુદ્ધિનું કારણ હોય. (૨) દ્રવ્યત્વ, ગુણત્વ વગેરે સામાન્ય કહેવાય છે. (૩) સામાન્યવિશેષ તો પૃથ્વીત્વ, જલત્વ, કૃષ્ણત્વ, નીલત્વ વગેરે અવાન્તરસામાન્ય સ્વરૂપ છે. અન્ય વિદ્વાનો તો ત્રણ પ્રકારના સામાન્યનું નિરૂપણ આમ કરે છે કે - (૧) મહાસામાન્ય અવિકલ્પ છે. (૨) દ્રવ્ય-ગુણ-કર્મસ્વરૂપ ત્રણ પદાર્થમાં 'આ સત્ છે' - આવી બુદ્ધિનું કારણ હોય તે સત્તા. તથા (૩) દ્રવ્યત્વ વગેરે સામાન્યવિશેષાત્મક સામાન્ય છે. અમુક વિદ્વાનો મહાસામાન્ય અને સત્તાના સ્વરૂપમાં વિપરીતપણું જણાવે છે. મતલબ કે દ્રવ્ય, ગુણ અને કર્મ - આ ત્રણ પદાર્થમાં 'આ સત્ છે' - આવી બુદ્ધિ કરાવે તે સામાન્ય (= મહાસામાન્ય) છે. તથા અવિકલ્પ હોય તે સત્તા - આ મુજબ અમુક વિદ્વાનોનું તાત્પર્ય છે. જ્યારે સામાન્યવિશેષ નામનું ત્રીજું સામાન્ય (જાતિ) તો દ્રવ્યત્વાદિ (અવાન્તરજાતિ) સ્વરૂપ જ છે."

### ❀ દિગંબરમતે દ્વિવિધ સત્તા ❀

(पञ्चा.) **પંચાસ્તિકાયસંગ્રહવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **અમૃતચન્દ્ર**નો મત અહીં થોડોક જુદો પડે છે. તેના મતે તો "બે પ્રકારની સત્તા છે. મહાસત્તા અને અવાન્તરસત્તા. તેમાં (૧) સર્વ પદાર્થના સમૂહમાં વ્યાપનારી, સાદૃશ્યઅસ્તિત્વને સૂચવનારી મહાસત્તા (સત્તાસામાન્ય) તો પૂર્વે કહેવાઈ ગયેલ જ છે. (૨) પ્રતિનિયત એક-એક વસ્તુમાં રહેનારી, સ્વરૂપઅસ્તિત્વની સૂચક અવાન્તરસત્તા છે."

### ❀ મહાસત્તા-અવાન્તરસત્તા અંગે પદ્મપ્રભમત ❀

("सम.) **નિયમસારવ્યાખ્યા**માં દિગંબર **પદ્મપ્રભજી** આ અંગે જણાવે છે કે "(૧) સમસ્ત વસ્તુના વિસ્તારમાં વ્યાપેલી મહાસત્તા છે. (૨) પ્રતિનિયત વસ્તુના વિસ્તારને વ્યાપનારી અવાન્તર સત્તા છે.

व्यापिनी महासत्ता, प्रतिनियतैकरूपव्यापिनी ह्यवान्तरसत्ता। अनन्तपर्यायव्यापिनी महासत्ता प्रतिनियतैकपर्यायव्यापिनी ह्यवान्तरसत्ता" (नि.सा.३४) इति **नियमसारवृत्तौ पद्मप्रभः**। एवं नानातन्त्रानुसारेण भावनीयम्।

**श्रीशीलाङ्काचार्यस्तु सूत्रकृताङ्गसूत्रव्याख्यायाम्** "सम्यक् = पदार्थानां सामान्याकारतया ग्रहणं = सङ्ग्रहः। तथाहि – अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावमेव सत्तारूपं वस्तु असौ अभ्युपगच्छति। सत्तातो व्यतिरिक्तस्य अवस्तुत्वम्, खरविषाणस्येव। स च सङ्ग्रहः सामान्य-विशेषात्मकस्य वस्तुनः सामान्यांशस्यैव आश्रयणाद् मिथ्यादृष्टिः, तन्मताश्रितसाङ्ख्यवद्" (सू.कृ.श्रु.स्क.२/अ.७/सू.८१/पृ.४२६) **इत्याह**।

**कार्त्तिकेयानुप्रेक्षावृत्तिकृत् शुभचन्द्रो**ऽपि सङ्ग्रहनयप्रकारोदाहरणादौ **देवसेन**मतानुपाती एवेत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सकलजीवद्रव्यैक्यग्राहकः सङ्ग्रहो नयः भेदभावगर्भसङ्कुचितसीमतः साधकं बहिः निष्काशयति, 'वसुधैव कुटुम्बकमि'त्यमृतभावनारसं पाययति। इत्थं शुद्धसङ्ग्रहनयाभिप्रायपरिणामने 'इदं मदीयम्, तत् त्वदीयम्, एतत् परकीयम्, अयं सुहृद्, स शत्रुः, अयम् उच्चतरः, स तु नीचः, ममाऽनुकूलोऽयम्, स तु प्रतिकूलव्यवहारकारी' इत्यादिः रत्यरतिद्वन्द्वजनको व्यामोहः नैव साधकं बाधते। इत्थं शुद्धसङ्ग्रहः जीवद्रव्येषु भेदबुद्धिमपाकृत्य अभेदबुद्धिमाधाय

---

**(A)** સમસ્ત વ્યાપક સ્વરૂપમાં ફેલાનારી મહાસત્તા છે. **(B)** પ્રતિનિયત એક સ્વરૂપમાં વ્યાપનારી ખરેખર અવાન્તર સત્તા છે. **(I)** અનન્ત પર્યાયોમાં વ્યાપનારી મહાસત્તા છે. **(II)** પ્રતિનિયત એક પર્યાયમાં વ્યાપનારી અવાન્તર સત્તા છે." અલગ-અલગ દર્શનશાસ્ત્રસિદ્ધાંત મુજબ આ વિષયની વિભાવના વિદ્વાનોએ કરવી.

### ❀ સાંખ્ય સંગ્રહનયાનુયાયી : શ્રીશીલાંકાચાર્ય ❀

**(શ્રીશી.)** **શ્રીશીલાંકાચાર્યજી** તો **સૂયગડાંગસૂત્રવ્યાખ્યાના** અંતે સંગ્રહનયનું નિરૂપણ આ રીતે કરે છે કે "પદાર્થોને સમ્યક્ = સામાન્યઆકારરૂપે ગ્રહણ કરે તે સંગ્રહ કહેવાય. તે આ રીતે - સંગ્રહનય વસ્તુને અવિનષ્ટ-અનુત્પન્ન કેવલસ્થિરસ્વભાવવાળી સત્તા સ્વરૂપ જ માને છે. સત્તાથી ભિન્ન જે હોય તે ગધેડાના શીંગડાની જેમ અવસ્તુ = મિથ્યા છે. વસ્તુ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. તેમ છતાં વસ્તુના સામાન્ય અંશને જ ગ્રહણ કરવાના લીધે સંગ્રહનય મિથ્યાદૃષ્ટિ છે. જેમ સંગ્રહનયને આશ્રયીને રહેલ સાંખ્ય મિથ્યાદૃષ્ટિ છે તેમ સંગ્રહનય મિથ્યાદૃષ્ટિ છે."

**(का.)** **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યાકાર શુભચન્દ્રજી** પણ પ્રસ્તુત સંગ્રહનયના પ્રકાર-દૃષ્ટાન્ત વગેરે બાબતમાં **દેવસેન**ના મતને જ અનુસરે છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### ● સંગ્રહનય સમત્વભાવને પ્રગટાવે ●

**આધ્યાત્મિક ઉપનય** :- સર્વ દ્રવ્યોમાં અને સર્વ જીવોમાં અવિરોધનું, એકરૂપતાનું ભાન કરાવનાર સંગ્રહનય ભેદભાવના સંકુચિત સીમાડામાંથી આપણને બહાર કાઢી, 'વસુધૈવ કુટુમ્બકમ્' આવી અમૃત ભાવનાનું રસપાન કરાવે છે. મારા-તમારાપણાનો વિકલ્પ, પારકાપણાનો વિકલ્પ, મિત્ર-શત્રુ તરીકેની બુદ્ધિ, ઉચ્ચ-નીચપણાની બુદ્ધિ, ગમા-અણગમાના વમળ, રતિ-અરતિના દ્વન્દ્વને ઉત્પન્ન કરનાર અનુકૂળતા-પ્રતિકૂળતાનો વ્યામોહ વગેરે ક્યારેય પણ શુદ્ધસંગ્રહનયના અભિપ્રાયને આત્મસાત્ કરનાર વ્યક્તિને નડતા નથી. આ રીતે શુદ્ધ સંગ્રહનય ભેદભાવની બુદ્ધિને દૂર કરવા દ્વારા તથા અભેદબુદ્ધિનું આધાન

साधकं समत्वभावशिखरमारोहयति। ततश्च सकलाऽऽवरणोच्छेदेन व्यङ्ग्यं सङ्ग्रहनयसम्मतं **द्वात्रिंशिकाप्रकरणे** (द्वा.प्र.३१/१९) दर्शितं **नयलतायां** च व्यावर्णितं जन्म-जरा-मरण-रोगादिव्याबाधापेतं मुक्तिरूपं सिद्धसुखम् अनुत्तरं प्रादुर्भवति। सिद्धसुखञ्च **भगवती आराधना** [1]"जं सव्वे देवगणा अच्छरसहिया सुहं अणुहवंति। तत्तो वि अणंतगुणं अव्वाबाहं सुहं तस्स।।" (भ.आ.२१५०/भाग-२/पृ.१८४३) इत्येवं वर्णयति ।।६/११।।

કરવા દ્વારા સાધકને સમત્વ ભાવના શિખર સુધી પહોંચાડે છે. તે મુજબ કરવાથી સકલ આવરણનો ઉચ્છેદ થાય છે. તેનાથી સંગ્રહનયસંમત, **દ્વાત્રિંશિકાપ્રકરણ**માં નિર્દિષ્ટ, તેની **નયલતા** વ્યાખ્યામાં વર્ણિત એવું જન્મ-જરા-મરણ-રોગ વગેરે પીડાઓથી રહિત મુક્તિસ્વરૂપ સર્વોત્કૃષ્ટ સિદ્ધસુખ પ્રગટ થાય છે. સિદ્ધસુખનું વર્ણન **ભગવતી આરાધના** ગ્રંથ આ મુજબ કરે છે કે 'અપ્સરાઓની સાથે સર્વ દેવોનો સમૂહ જે સુખને માણે છે, તેના કરતાં એક સિદ્ધ ભગવંતનું સુખ અનંતગુણ ચઢિયાતું છે તથા તમામ પીડાઓથી રહિત છે.' (૬/૧૧)

લખી રાખો ડાયરીમાં.....

- **સમજણના અભાવમાં સાધના વેદના પેદા કરે, સંવેદના ખતમ કરે. દા.ત. કુરુટ-ઉત્કુરુટ મુનિ બાહ્ય વેદના વચ્ચે પણ ઉપાસના સંવેદના પ્રગટાવે. દા.ત. અર્ણિકાપુત્ર આચાર્ય.**
- **વાસના શક્તિ ખતમ કરીને ક્ષણિક મજાને મેળવે છે. ઉપાસના અનંતશક્તિ મેળવીને અવિનશ્વર આનંદના મહાસાગરને માણે છે.**
- **વાસના સ્વપ્નમાં પણ વિજાતીયના રૂપ-સૌંદર્યમાં આથડે છે. ઉપાસના સપનામાં ય પરમાત્માના ગુણસૌંદર્યમાં મહાલે છે.**
- **વાસનાનું કારણ લાલસા છે. ઉપાસનાનું ઉદ્ભવસ્થાન સમર્પણવૃત્તિ છે.**
- **પ્રવૃત્તિની અલ્પતા ઉગ્ર સાધનાને ખૂંચે છે. પરિણામની અલ્પતા શુદ્ધ ઉપાસનાને ડંખે છે.**

1. यत् सर्वे देवगणा अप्सरःसहिताः सुखमनुभवन्ति। ततोऽपि अनन्तगुणम् अव्याबाधं सुखं तस्य।।

**♦વ્યવહાર સંગ્રહવિષયભેદક, તિમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે;**
**દ્રવ્ય જીવાજીવ ભાખઈ, જીવ ભવિયા સિદ્ધ રે ॥૬/૧૨॥ (૮૫) બહુ.**

**સંગ્રહ**નયનો જે **વિષય** તેહના ભેદનો દેખાડણહાર (=**ભેદક**) તે **વ્યવહાર**નય (**ભાખઈ**=) કહિઈં.

---

अधुनाऽवसरसङ्गतिकं व्यवहारनयं प्रतिपादयति – '**सङ्ग्रहे**'ति।

**सङ्ग्रहार्थविभेदी च व्यवहारो द्विधा भवेत्।**
**जीवाऽजीवौ यथा द्रव्यं जीवाः संसारिणः शिवाः।।६/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सङ्ग्रहार्थविभेदी व्यवहारो द्विधा भवेत्। यथा (१) द्रव्यं द्विधा - जीवाऽजीवौ, (२) जीवाः द्विधा – संसारिणः शिवाश्च।।६/१२।।

सदादिरूपतया सङ्ग्रहनयेन विषयीकृतस्य वस्तुनः प्रातिस्विकार्थक्रियासम्पादनायाऽविशेषेण ग्रहणाऽयोगात् प्रतिनियतप्रसिद्धलोकव्यवहारनिर्वाहाय **सङ्ग्रहार्थविभेदी** = क्रोडीकृतसर्वविशेषस्य पुरस्कृतसामान्यधर्मावच्छिन्नस्य सङ्ग्रहनयविषयस्य विशेषेण = विशेषधर्मपुरस्कारेण विभाजनकारी = भेदग्राही **व्यवहारः** = व्यवहारनयो भवति।

---

**અવતરણિકા** :- હવે અવસરસંગતિથી પ્રાપ્ત વ્યવહારનયનું ગ્રંથકારશ્રી નિરૂપણ કરે છે :-

**❋ વ્યવહાર નયની વ્યાખ્યા ❋**

**શ્લોકાર્થ** :- સંગ્રહનયના વિષયનું વિભાજન કરનાર વ્યવહારનય બે પ્રકારે છે. જેમ કે (૧) જીવ અને અજીવ દ્રવ્ય છે. (૨) સંસારી અને મુક્ત - આ રીતે જીવો બે પ્રકારના છે. (૬/૧૨)

**વ્યાખ્યાર્થ** :- સત્ વગેરે સ્વરૂપે સંગ્રહનય દ્વારા ગ્રહણ કરાયેલ વસ્તુ અલગ-અલગ ક્રિયાઓ કરે છે. પરંતુ ચોક્કસ પ્રકારની ક્રિયાનું સંપાદન કરવા માટે સંગ્રહવિષયીભૂત તમામ વસ્તુને સમાન રીતે લેવાની પ્રવૃત્તિ કોઈ કરતું નથી. (મતલબ એ છે કે ઘટ-પટ વગેરે સત્ સ્વરૂપે સમાન હોવા છતાં જેને પાણી પીવાની ક્રિયા કરવી છે તે માણસ ઘટને લેવાની પ્રવૃત્તિ કરે છે. તથા જેને ઠંડી લાગે છે તે વ્યક્તિ પટને લેવાની પ્રવૃત્તિ કરે છે. તેથી સન્માત્રરૂપે કે દ્રવ્યત્વરૂપે ઘટ-પટ વગેરે એક સરખા હોવા છતાં તે તમામની ક્રિયા એકસરખી નથી હોતી. એક વસ્તુનું કાર્ય બીજી વસ્તુ કરતી નથી.) તેથી સંગ્રહનય તમામ વિશેષ ગુણધર્મોને ગૌણ કરીને સામાન્ય ધર્મને મુખ્ય કરી જે પદાર્થને પોતાનો વિષય બનાવે છે, તે પદાર્થમાં વિશેષ ધર્મને આગળ કરવાનું કાર્ય વ્યવહારનય કરે છે. ચોક્કસ પ્રકારની લોકપ્રસિદ્ધ ક્રિયાનું સંપાદન કરવા માટે સંગ્રહનયના વિષયનું ઉપરોક્ત રીતે વિશેષ ગુણધર્મના પુરસ્કારથી વિભાજન કરનારો નય વ્યવહારનય બને છે. ટૂંકમાં, સંગ્રહનય જે પદાર્થોમાં અભેદનું જ્ઞાન કરાવે છે, તે જ વિષયમાં વ્યવહારનય ભેદનું જ્ઞાન કરાવે છે. (સંગ્રહનય બધા પદાર્થોને સમાન રીતે જુએ છે. વ્યવહારનય તમામ પદાર્થોને વિલક્ષણરૂપે જુએ છે. તેથી સંગ્રહનય અન્વય કરવામાં પરાયણ છે. જ્યારે વ્યવહારનય વ્યવચ્છેદ = વ્યતિરેક = બાદબાકી કરવામાં કુશળ છે.)

---

♦ આ ગાથા અને તેનો ટબો કો.(૧૩)માં નથી.

तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"ववहरणं ववहरए स तेण वऽवहीरए व सामन्नं। ववहारपरो व जओ विसेसओ तेण ववहारो।।" (वि.आ.भा.२२१२) इति। ततश्च प्रयोजनवशतः (१) 'अयं घटः, स पटः' इति विशेषसापेक्षं व्यवहरणं व्यवहारनय उच्यते। (२) तादृशव्यवहारकारि वाक्यं ज्ञानं वा व्यवहारनय उच्यते। (३) 'घट-पट-मठाः न समाना' इति सामान्यव्यवच्छेदकारी व्यवहारो हि व्यवहारनय उच्यते। (४) 'घट-पट-मठाः मिथो विभिन्ना' इति भेदव्यवहारपरो नयो हि व्यवहारनय उच्यते, विशेषप्राधान्यादिति।

यथोक्तं **प्रमाणनयतत्त्वालोके** "सङ्ग्रहेण गोचरीकृतानामर्थानां विधिपूर्वकमवहरणं येनाऽभिसन्धिना क्रियते स व्यवहारः (प्र.न.त.७/२३)। यथा 'यत् सत् तद् द्रव्यं पर्यायो वे'त्यादिः" (प्र.न.त.७/२४) इति। इदमेवाभिप्रेत्य **प्रमाणमीमांसायां हेमचन्द्रसूरिभिः** "सङ्ग्रहगृहीतार्थानां भेदरूपतया विधिपूर्वकं व्यवहरणं = व्यवहारः" (प्र.मी.२/२/५) इत्युक्तम्। **स्याद्वादभाषायां शुभविजयेन** "सद्विशेषप्रकाशको व्यवहारः" (स्या.भा.पृ.३) इत्युक्तं सङ्क्षेपतः। **लब्धिसूरिभिः** अपि **तत्त्वन्यायविभाकरे** "प्रतिषेधपरिहारेण सङ्ग्रहविषयीभूताऽर्थविषयक-विभागप्रयोजकाऽभिप्रायः व्यवहारनयः" (त.न्या.वि.पृ.९२) इत्युक्तम्।

## ❋ વ્યવહારનયના ચાર સ્વરૂપ ❋

(तदुक्तं.) **વિશેષાવશ્યકભાષ્ય**માં વ્યવહારનયની ઓળખાણ આપતા જણાવેલ છે કે "(૧) વસ્તુનો વ્યવહાર કરવો તે વ્યવહારનય જાણવો, (૨) જે વસ્તુઓનો વ્યવહાર કરે તેને વ્યવહારનય જાણવો, (૩) જેનાથી સામાન્ય ધર્મની બાદબાકી થાય તેને વ્યવહાર જાણવો, (૪) વ્યવહાર કરવામાં તત્પર હોય તેને વ્યવહાર જાણવો. જે કારણે વિશેષરૂપે વ્યવહાર કરવામાં આ નય તત્પર છે તે કારણે તે વ્યવહારનય કહેવાય છે." તેથી તેવું ફલિત થાય છે કે (૧) 'આ ઘટ છે, તે પટ છે' - આ પ્રમાણે પ્રયોજનવશ વિશેષસાપેક્ષ થતો વ્યવહાર તે વ્યવહારનય. (૨) આવો વ્યવહાર કરનાર વાક્ય કે જ્ઞાન એટલે વ્યવહારનય. (૩) 'ઘટ-પટ-મઠ સમાન નથી' - આવો સામાન્યવ્યવચ્છેદકારી વ્યવહાર તે વ્યવહારનય. (૪) 'ઘટ-પટ વગેરે પરસ્પર જુદા છે' - આ રીતે ભેદવ્યવહાર કરવામાં તત્પર નય એટલે વ્યવહારનય. આ ચારેયને વ્યવહારનય કહેવાનું કારણ એ છે કે તે વિશેષધર્મને મુખ્ય બનાવે છે.

## ❋ વ્યવહારનય વિધિપૂર્વક વિભાજન કરે ❋

(यथोक्तं.) **વાદિદેવસૂરિજીએ પ્રમાણનયતત્ત્વાલોક**માં જણાવેલ છે કે "સંગ્રહનયના વિષયીભૂત પદાર્થોનું વિધિપૂર્વક અવહરણ (= વિભજન) જે અભિપ્રાય કરે છે તેને વ્યવહારનય જાણવો. જેમ કે 'જે સત્ છે તે દ્રવ્ય કે પર્યાય હોય' - ઈત્યાદિ." આ જ અભિપ્રાયથી **હેમચન્દ્રસૂરિજીએ પ્રમાણમીમાંસા**માં જણાવેલ છે કે 'સંગ્રહનય વડે ગ્રહણ કરાયેલ પદાર્થોનો ભિન્નરૂપે વિધાન કરવા પૂર્વક વ્યવહાર કરે તે વ્યવહારનય છે.' **શુભવિજયજીએ સ્યાદ્વાદભાષા**માં સંક્ષેપથી જણાવેલ છે કે 'સદ્ વસ્તુના ભેદને પ્રકાશે તે વ્યવહારનય.' **લબ્ધિસૂરિજીએ** પણ **તત્ત્વન્યાયવિભાકર**માં કહેલ છે કે "નિષેધ કર્યા વિના સંગ્રહવિષયીભૂત અર્થગોચર વિભાગ કરવામાં પ્રયોજક અભિપ્રાય = વ્યવહારનય."

1. व्यवहरणं व्यवहरति स तेन वाऽवह्रियते वा सामान्यम्। व्यवहारपरो वा यतो विशेषतः तेन व्यवहारः।।

तदुक्तं **सर्वार्थसिद्धौ** अपि "सङ्ग्रहेण गृहीतानामर्थानां विधिपूर्वकमवहरणं = व्यवहारः" (**तत्त्वार्थसूत्र** १/३३ स.सि.वृत्ति) इति। **धवला**भिधानायां **षट्खण्डागमवृत्तौ वीरसेना**चार्येणाऽपि "सङ्ग्रहनयाऽऽक्षिप्तानाम् अर्थानां विधिपूर्वकम् अवहरणं = भेदनं = व्यवहारः, व्यवहारपरतन्त्रो व्यवहारनय इत्यर्थः" (ष.ख.पुस्तक-१/१-१-१/पृ.८४) इत्युक्तम्। **तत्त्वार्थश्लोकवार्तिके विद्यानन्दस्वामि**नाऽपि "सङ्ग्रहेण गृहीतानामर्थानां विधिपूर्वकः। योऽवहारो विभागः स्याद् व्यवहारो नयः स्मृतः।।" (त.श्लो.१/३३/५८) इत्युक्तम्।

तन्मते विशेष एव तात्त्विकः। अनेन सामान्यं निराक्रियते, अर्थक्रियाकारित्वविरहात्। तदुक्तं **विनयविजय**वाचकैः **नयकर्णिका**यां "विशेषात्मकमेवाऽर्थं व्यवहारश्च मन्यते। विशेषभिन्नं सामान्यमसत् खरविषाणवत्।।" (न.क.८) इति। तदुक्तं **स्थानाङ्गवृत्तौ** अपि "व्यवहरणं व्यवह्रियते वा स व्यवह्रियते वा तेन विशेषेण वा सामान्यमवह्रियते निराक्रियतेऽनेनेति लोकव्यवहारपरो वा व्यवहारो विशेषमात्राऽभ्युपगमपरः" (स्था.३/३/१९२, वृ.पृ.२५८) इति। विशेषस्यैवार्थक्रियाकारित्वात् तद्ग्रहणपरताऽस्य विज्ञेया।

(**तदुक्तं.**) **तत्त्वार्थसूत्र** ઉપર દિગંબરસંપ્રદાયમાં **સર્વાર્થસિદ્ધિ** નામની વ્યાખ્યા ઉપલબ્ધ થાય છે. ત્યાં પણ જણાવેલ છે કે "સંગ્રહનય દ્વારા ગ્રહણ કરાયેલ વિષયોનું વિધિપૂર્વક અવહરણ = વિભજન કરે તે વ્યવહારનય." **ષટ્ખંડાગમ**ની **ધવલા** વ્યાખ્યામાં શ્રી**વીરસેનાચાર્ય**એ પણ જણાવેલ છે કે "સંગ્રહનયથી ગ્રહણ કરાયેલા પદાર્થોમાં વિધિપૂર્વક ભેદ કરવો તે વ્યવહાર કહેવાય. તે વ્યવહારને આધીન ચાલવાવાળો નય એટલે વ્યવહારનય." **तत्त्वार्थश्लोकवार्तिक**માં શ્રી**વિદ્યાનંદસ્વામી**એ પણ આ જ વાત કરેલ છે.

**સ્પષ્ટતા** :- વિધિપૂર્વક એટલે નિષેધ કર્યા વિના વિધાન કરવા પૂર્વક. મતલબ કે સંગ્રહનયના વિષયનું વિધાન કરવા પૂર્વક વિભજન કરવાનું કાર્ય વ્યવહારનય કરે છે.

### ❀ વિશેષ જ પારમાર્થિક : વ્યવહારનય ❀

(**तन्म.**) વ્યવહારનયના મતે વિશેષ પદાર્થ જ તાત્ત્વિક છે. તે સામાન્યનું નિરાકરણ કરે છે. કારણ કે સામાન્ય અર્થક્રિયાને કરતું નથી. તેથી **નયકર્ણિકા**માં **વિનયવિજયજી** ઉપાધ્યાયે જણાવેલ છે કે "વ્યવહારનય વિશેષસ્વરૂપ પદાર્થને માને છે. વિશેષથી સ્વતંત્ર = જુદો સામાન્ય ધર્મ ગધેડાના શીંગડાની જેમ અસત્ છે." તેથી જ **સ્થાનાંગસૂત્રવ્યાખ્યા**માં પણ જણાવેલ છે કે "(૧) વ્યવહાર કરવો તે વ્યવહારનય કહેવાય. અથવા (૨) જેનો વ્યવહાર થાય તે વ્યવહાર. અથવા (૩) જેના વડે વ્યવહાર થાય તે વ્યવહારનય. (૪) જે વિશેષ વડે સામાન્યનું નિરાકરણ થાય તે વિશેષ એટલે વ્યવહાર. અથવા (૫) લોકવ્યવહારમાં પરાયણ હોય તે નય વ્યવહારનય કહેવાય. પ્રસ્તુત વ્યવહારનય માત્ર વિશેષનો સ્વીકાર કરવામાં પરાયણ છે." વિશેષ પદાર્થ અર્થક્રિયાકારી છે, કાર્યસાધક છે. તેથી વ્યવહારનય વિશેષને જ પારમાર્થિક સત્ સ્વરૂપે સ્વીકારે છે - તેમ જાણવું. પાણી લાવવાનું કામ દ્રવ્યસામાન્ય નથી કરતું પણ દ્રવ્યવિશેષ = ઘડો જ કરે છે. તેથી વિશેષ સત્ છે, સામાન્ય નહિ - એમ વ્યવહારનયનું તાત્પર્ય છે.

**સ્પષ્ટતા** :- વિશેષ ધર્મ કરતાં સામાન્ય ધર્મ જુદો હોય તો તે કાલ્પનિક છે. સામાન્ય જો વિશેષાત્મક હોય તો તે વાસ્તવિક છે. પછી સામાન્ય કહો કે વિશેષ કહો. અર્થમાં કોઈ ફરક નથી. ફક્ત શબ્દમાં તફાવત છે. આમ વ્યવહારનયના મતે મૌલિક સ્વરૂપે વિશેષ પદાર્થ જ પરમાર્થ સત્ છે.

તે **તિમજ** = સંગ્રહનયની પરિં **દ્વિવિધ (પ્રસિદ્ધ)** કહિઇં. એક સામાન્યસંગ્રહભેદક વ્યવહાર ૧, એક વિશેષસંગ્રહભેદક વ્યવહાર ૨. એવં ૨ ભેદ જાણવા. "**द्रव्यं जीवाजीवौ**" એ સામાન્યસંગ્રહભેદક વ્યવહાર.

**स हि द्विधा** = द्विप्रकारो भवेत्। तथाहि – (१) सामान्यसङ्ग्रहविषयभेदको व्यवहारनयः, (२) विशेषसङ्ग्रहविषयभेदकारी व्यवहारनय इति। आद्यं व्यवहारनयमुदाहरति – **यथा** '**द्रव्यं द्विधा जीवाऽजीवौ**' इति। 'सर्वाणि द्रव्याणि अविरोधीनि' इत्येवं सामान्यसङ्ग्रहेण द्रव्यत्वपुरस्कारतः प्रदर्शितं विषयं विचार्य द्रव्यत्वव्याप्यजीवत्वाऽजीवत्वलक्षणविशेषधर्मार्पणया तदाश्रयौ विभिन्नतया गृहीत्वा 'द्रव्यं द्विधा – जीवाऽजीवौ' इति यो व्यवहारनयो दर्शयति स सामान्यसङ्ग्रहविषयभेदको विज्ञेयः। विशेषसङ्ग्रहविषयभेदकारी व्यवहारनयस्तु ब्रूते '**जीवाः द्विधा संसारिणः शिवाः च**'।

***एतेन*** [1]"गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा - संसारसमावन्नगा य असंसारसमावन्नगा य" (भ.सू.श.१, सू.१६, पृ.३१, प्र.प.२२/सू.२८०) इति **भगवतीसूत्र-प्रज्ञापनासूत्रयोः** वचनमपि ***व्याख्यातम्***, तस्य विशेषसङ्ग्रहविषयभेदकव्यवहारनयाभिप्रायप्रसूतत्वात्। द्रव्यत्वाऽवान्तरसामान्यात्मकं जीवत्वं पुरस्कृत्य 'जीवाः सर्वेऽविरोधिनः' इत्येवं ब्रुवतो विशेषसङ्ग्रहस्य विषयं विचार्य जीवत्वव्याप्यसंसारित्व

### વ્યવહારનયના બે પ્રકારની છણાવટ

(**स हि.**) તે વ્યવહારનય બે પ્રકારે છે. તે આ પ્રમાણે - (૧) સામાન્યસંગ્રહનયના વિષયનો ભેદ કરનાર વ્યવહારનય, (૨) અવાન્તરસામાન્યગ્રાહક વિશેષસંગ્રહનયના વિષયનો ભેદ કરનાર વ્યવહારનય. બારમા શ્લોકના ઉત્તરાર્ધમાં વ્યવહારનયના ઉદાહરણને જણાવેલ છે. જેમ કે 'દ્રવ્યના બે પ્રકાર છે - જીવ અને અજીવ.' સામાન્યધર્મગ્રાહક સંગ્રહનયે દ્રવ્યત્વને મુખ્ય કરીને 'સર્વ દ્રવ્યો પરસ્પર અવિરોધી છે' - આ પ્રમાણે પોતાનો વિષય દર્શાવેલ હતો. સંગ્રહનયદર્શિત પ્રસ્તુત વિષયને વિચારીને, દ્રવ્યત્વવ્યાપ્ય જીવત્વ અને અજીવત્વ નામના બે વિશેષ ગુણધર્મોને મુખ્ય કરીને જીવત્વઆશ્રય અને અજીવત્વઆશ્રય દ્રવ્યને ભિન્નરૂપે પ્રથમ (=પર) વ્યવહારનય ગ્રહણ કરે છે. તથા ત્યાર બાદ 'દ્રવ્ય બે પ્રકારના છે - જીવ અને અજીવ' - આ પ્રમાણે દ્રવ્યનો વિભાગ વ્યવહારનય દેખાડે છે. આ વ્યવહારને સામાન્યગ્રાહક સંગ્રહનયના વિષયનો ભેદક જાણવો. વિશેષસંગ્રહનયના વિષયનો ભેદ કરનાર દ્વિતીય (=અપર) વ્યવહારનય જણાવે છે કે 'જીવોના બે પ્રકાર છે - સંસારી અને મુક્ત.'

(**एतेन.**) આવું કહેવા દ્વારા **ભગવતીસૂત્ર**ની તથા **પ્રજ્ઞાપનાસૂત્ર**ની એક વાતની પણ છણાવટ થઈ જાય છે. ત્યાં જણાવેલ છે કે 'હે ગૌતમ ! જીવો બે પ્રકારના કહેવાયેલ છે. તે આ રીતે - સંસારમાં રહેલા અને મોક્ષમાં ગયેલા.' ઉપર જણાવ્યા મુજબ ભગવતીસૂત્ર-પ્રજ્ઞાપનાસૂત્રનું પ્રસ્તુત વચન પણ અવાન્તરસામાન્યગ્રાહી વિશેષસંગ્રહનયના વિષયનો ભેદ કરનારા દ્વિતીય (=અપર) વ્યવહારનયના અભિપ્રાયમાંથી પ્રગટ થયેલું છે - એમ જાણવું. દ્રવ્યત્વના અવાન્તરસામાન્યસ્વરૂપ જીવત્વને આગળ કરીને 'સર્વે જીવો પરસ્પર અવિરોધી = સમાન છે' - આ પ્રમાણે બોલનાર વિશેષસંગ્રહનયના વિષયનો

1. गौतम ! जीवाः द्विविधाः प्रज्ञप्ताः, तद् यथा - संसारसमापन्नकाः च असंसारसमापन्नकाः च।

"**जीवाः संसारिणः (= भविकाः = भविनः) सिद्धाश्च**" એ વિશેષસંગ્રહભેદક વ્યવહાર (ભાખઈ). ઈમ ઉત્તરોત્તરવિવક્ષાઈં સામાન્ય-વિશેષપણું ભાવવું ॥૬/૧૨॥

-सिद्धत्वलक्षणविशेषधर्मार्पणया तदाश्रयौ विभिन्नतया गृहीत्वा 'जीवाः द्विधा - संसारिणः सिद्धाश्चे'त्येवं यो व्यवहारनयः प्रदर्शयति स विशेषसङ्ग्रहविषयभेदग्राही व्यवहारनयोऽवसेयः।

एवं संसारित्वव्याप्यस्थावरत्व-त्रसत्वपुरस्कारेण 'संसारिणो जीवा द्विधा – स्थावराः त्रसाश्च' इत्येवम्, पुनः स्थावरत्वव्याप्यपृथिवीकायत्व-जलकायत्व-वह्नित्व-वायुत्व-वनस्पतित्वलक्षणविशेषधर्मपुरस्कारेण 'स्थावराः पञ्चधा - पृथिवी-जल-वह्नि-वायु-वनस्पतयः' इत्येवम्, त्रसत्वव्याप्यदेवत्व-मनुजत्व-तिर्यक्त्व-नारकत्वलक्षणविशेषधर्मपुरस्कारेण च 'त्रसाः चतुर्धा - देव-मनुज-तिर्यग्-नारकाः' इत्येवमुत्तरोत्तरं पूर्वापरविवक्षया सामान्य-विशेषात्मकतामालम्ब्य द्वितीयव्यवहारनयविषयो विचारणीयः।

વિચાર કરીને જીવત્વવ્યાપ્ય સંસારિત્વ અને સિદ્ધત્વ નામના બે વિશેષગુણધર્મને સ્વીકારી તેની મુખ્યત્વરૂપે વિવક્ષા કરી સંસારિત્વ અને સિદ્ધત્વ ગુણધર્મના આશ્રયને જુદા સ્વરૂપે બીજો વ્યવહારનય માને છે. તથા આવું માનીને 'જીવો બે પ્રકારના છે - સંસારી અને સિદ્ધ' - આ પ્રમાણે જે વ્યવહારનય જીવવિભાગ દેખાડે છે તે વિશેષસંગ્રહનયના વિષયને વિભિન્નરૂપે ગ્રહણ કરનાર બીજો વ્યવહારનય જાણવો.

### ✡ સામાન્ય-વિશેષરૂપતા વિવક્ષાવશ : વ્યવહારનય ✡

(एवं.) આ રીતે ઉત્તરોત્તર વિશેષ ગુણધર્મોની વિવક્ષાથી પ્રસ્તુત વ્યવહારનયમાં સામાન્ય-વિશેષપણું વિચારવું. તે આ રીતે - સંસારી જીવના બે ભેદ પડે, ત્રસ અને સ્થાવર. કેમ કે સંસારિત્વવ્યાપ્ય સ્થાવરત્વ અને ત્રસત્વ નામના બે ગુણધર્મો ઉપલબ્ધ થાય છે. તેથી તે બન્ને ધર્મને આગળ કરવાથી સંસારી જીવના ત્રસ અને સ્થાવર એવા બે ભેદ કરવા વ્યાજબી છે. વળી, સ્થાવરત્વવ્યાપ્ય પૃથ્વીકાયત્વ, જલકાયત્વ, વહ્નિત્વ, વાયુત્વ અને વનસ્પતિત્વ સ્વરૂપ વિશેષગુણધર્મને આગળ કરવાથી સ્થાવર જીવના પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય - આ પ્રમાણે પાંચ પ્રકારે વિભાગ પ્રાપ્ત થાય છે. તથા ત્રસત્વવ્યાપ્ય દેવત્વ, મનુષ્યત્વ, તિર્યક્ત્વ અને નારકત્વ સ્વરૂપ વિશેષગુણધર્મને આગળ કરવાથી દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક - એમ ચાર પ્રકારે ત્રસ જીવોનો વિભાગ પ્રાપ્ત થાય છે. આ રીતે ઉત્તરોત્તર આગળ-પાછળના વિભાગની અપેક્ષાએ સામાન્યરૂપતા અને વિશેષરૂપતા તે તે ગુણધર્મોમાં પ્રાપ્ત થાય છે. આવા સામાન્ય-વિશેષ ગુણધર્મનું આલંબન લઈ બીજા (અપર) વ્યવહારનયનો વિષય વિચારવો.

### ❀ વ્યવહારનયમાં સામાન્ય-વિશેષરૂપતા સાપેક્ષ ❀

**સ્પષ્ટતા** :- 'દ્રવ્ય જીવાજીવસ્વરૂપે દ્વિવિધ છે' - આ વાક્ય સામાન્યસંગ્રહભેદક વ્યવહારનય છે. તથા 'જીવ સંસારી અને મુક્ત' - આ વાક્ય વિશેષસંગ્રહભેદક વ્યવહારનય છે. પરંતુ સંસારી જીવના ત્રસ અને સ્થાવર રૂપે ભેદ પાડવામાં આવે તો જીવના સંસારી અને મુક્ત એવા ભેદને દર્શાવનાર વ્યવહાર પ્રથમ પ્રકારનો વ્યવહાર બની જાય અને ત્રસ-સ્થાવર ભેદ બતાવનાર વ્યવહાર બીજા પ્રકારનો વ્યવહાર બની જાય. આ રીતે અલગ અલગ અપેક્ષાએ વ્યવહારનય પ્રથમપણાને અને દ્વિતીયપણાને પામે છે.

तदुक्तम् **आलापपद्धतौ** "व्यवहारोऽपि द्वेधा। सामान्यसङ्ग्रहभेदको व्यवहारः, यथा 'द्रव्याणि जीवाऽजीवाः'। विशेषसङ्ग्रहभेदको व्यवहारः, यथा – 'जीवाः संसारिणो मुक्ताश्चे'ति" (आ.प.पृ.८) इति। **कार्त्तिकेयानुप्रेक्षावृत्तिकृतो**ऽपि (गा.२७३) एवमेवाऽत्राऽभिप्रायः। प्रथमो व्यवहारनयः शुद्धसङ्ग्रहनयाऽपराऽभिधानसामान्यसङ्ग्रहनयविषयभूतशुद्धार्थभेदकरः द्वितीयश्चाऽशुद्धसङ्ग्रहाऽपराऽभिधानविशेषसङ्ग्रहनयविषयभूताऽशुद्धार्थभेदकरः। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"जं संगहेण गहियं भेयइ अत्थं असुद्धं सुद्धं वा। सो ववहारो दुविहो असुद्ध-सुद्धत्थभेयकरो।।" (न.च. ३७, द्र.स्व.प्र.२०९) इति।




## આલાપપદ્ધતિ ગ્રંથનો સંવાદ

(तदु.) **આલાપપદ્ધતિ**માં જણાવેલ છે કે "વ્યવહારનયના પણ બે ભેદ છે. (૧) સામાન્યસંગ્રહનો ભેદક વ્યવહાર. જેમ કે 'જીવ અને અજીવ - આ પ્રમાણે દ્રવ્યના બે ભેદ છે.' (૨) વિશેષસંગ્રહનો ભેદક વ્યવહાર. જેમ કે 'જીવ બે પ્રકારે છે - સંસારી અને મુક્ત' - આ પ્રમાણે વ્યવહાર પણ બે પ્રકારે છે." **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિકાર**નો પણ વ્યવહારનય અંગે આવો જ અભિપ્રાય છે. પ્રથમ વ્યવહારનય શુદ્ધસંગ્રહ = સામાન્યસંગ્રહનયના વિષયભૂત શુદ્ધ અર્થના ભેદોને દેખાડે છે અને બીજો વ્યવહારનય અશુદ્ધસંગ્રહ = વિશેષસંગ્રહનયના વિષયભૂત અશુદ્ધ પદાર્થોનું વિભાજન કરે છે. આ અંગે **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "સંગ્રહનય દ્વારા ગ્રહણ કરાયેલ શુદ્ધ કે અશુદ્ધ અર્થનો જે નય વિભાગ કરે છે તે નય વ્યવહારનય છે. તેના પણ બે ભેદ છે. (૧) શુદ્ધ અર્થના વિભાગને કરવાવાળો અને (૨) અશુદ્ધ અર્થના વિભાગને કરવાવાળો."

## વ્યવહારનયની આવશ્યકતા

**સ્પષ્ટતા** :- સત્ કે દ્રવ્ય આટલું કહેવાથી લોકવ્યવહાર ચાલી શકતો નથી. તેથી સંગ્રહનય

1. यः सङ्ग्रहेण गृहीतं भिनत्ति अर्थम् अशुद्धं शुद्धं वा। स व्यवहारो द्विविधोऽशुद्ध-शुद्धार्थभेदकरः।।

प्रकृते "व्यवहारनयस्य तु स्वरूपम् इदम्। तद् यथा - यथालोकग्राहम् एव वस्तु। यथा च शुष्कतार्किकैः स्वाभिप्रायकृतलक्षणानुगतं तथाभूतं वस्तु न भवति एव। न हि प्रतिक्षणम् अर्थानाम् आत्मभेदो भवति। किं तर्हि ? यथा यथा लोकेन विशिष्टभूयिष्ठतया अर्थक्रियाकारि वस्तु व्यवह्रियते तथैव वस्तु इति, आगोपालाऽङ्गनादिप्रसिद्धत्वाद् वस्तुस्वरूपस्येति। अयम् अपि उत्पाद-व्यय-ध्रौव्ययुक्तस्य वस्तुनः अनभ्युपगमाद् मिथ्यादृष्टिः, तथाविधरथ्यापुरुषवद्" (सू.कृ.श्रु.स्क.२/अ.७/सू.८१/पृ.४२६) इति **सूत्रकृताङ्गसूत्रव्याख्यायां श्रीशीलाङ्काचार्य**वचनमपि भावनीयम्।

---

લોકવ્યવહાર ચલાવવા માટે અસમર્થ છે. આથી જ વ્યવહારનયની આવશ્યકતા ઉભી થાય છે. વ્યવહારનય દ્વારા જ લોકવ્યવહાર ચાલી શકે છે. કારણ કે સંગ્રહનયના વિષયનું યથાવસ્થિત વિભજન = વિભાગ = ભેદ કરવાનું કાર્ય વ્યવહારનય કરે છે. જેમ કે જે સત્ હોય તે દ્રવ્ય હોય કે પર્યાય હોય. જે દ્રવ્ય હોય તે પણ જીવ કે અજીવ હોય. પરંતુ ફક્ત જીવ કે અજીવ કહેવાથી તમામ લોકવ્યવહાર ચાલી શકતા નથી. તેથી તેના પણ ત્રસ, સ્થાવર, દેવ, મનુષ્ય વગેરે તથા ઘટ, પટ વગેરે ભેદ કરવા જરૂરી બની જાય છે. આ રીતે પ્રસિદ્ધ લોકવ્યવહારના સમર્થન માટે પ્રસ્તુત વ્યવહારનય ત્યાં સુધી ભેદને = વિભાગને દર્શાવે છે કે જેનાથી આગળ ભેદ કે વિભાગ દર્શાવવો લોકવ્યવહારમાં ઉપયોગી ન હોય.

## ❀ વ્યવહારનય વિશે શીલાંકાચાર્યમત ❀

(प्रकृ.) પ્રસ્તુતમાં **શ્રીશીલાંકાચાર્યજી**એ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં વ્યવહારનય વિશે જણાવેલ છે કે "વ્યવહારનયનું સ્વરૂપ આ પ્રમાણે છે. જે રીતે લોકો વસ્તુના સ્વરૂપને ગ્રહણ કરે છે તે મુજબ જ વસ્તુ હોય છે. પરંતુ જે રીતે શુષ્કતાર્કિક લોકોએ પોતાના અભિપ્રાયથી જે રીતે વસ્તુના લક્ષણો બનાવેલા છે તેવા લક્ષણવાળી તેવી વસ્તુ નથી જ હોતી. જેમ કે બૌદ્ધ લોકો 'પ્રતિક્ષણ વસ્તુનું સ્વરૂપ પૂર્ણપણે બદલાઈ જાય છે' - તેમ માને છે. પણ હકીકત તેવી નથી. 'તો વસ્તુ કેવા પ્રકારની હોય છે ?' સાંભળો. જેવા જેવા પ્રકારે સામાન્ય લોકો વિશિષ્ટ આકારવાળી વસ્તુને ઘણા સમય સુધી રહેનારી માનીને ચોક્કસ પ્રકારના કાર્યને કરનારી વસ્તુને માને છે, તેવા પ્રકારનો વ્યવહાર કરે છે તે જ પ્રકારે વસ્તુ વિદ્યમાન હોય છે. ઘડો ખરીદી કરીને લાવ્યા પછી ૪/૬ મહિના સુધી ઘડા તરીકે ટકીને ઘડો જલધારણાદિ કાર્યને કરે છે - ઈત્યાદિરૂપે વસ્તુનું સ્વરૂપ નાના બાળક, ગોવાળ, સ્ત્રી વગેરે સ્વીકારે જ છે. તેથી ઘટાદિ વસ્તુ બીજી જ ક્ષણે સર્વથા નાશ પામી જવાની વાત વ્યાજબી નથી. આ પ્રમાણે વ્યહારનય માને છે. આ વ્યવહારનય પણ મિથ્યાદષ્ટિ છે. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત વસ્તુનો તે સ્વીકાર કરતો નથી. જેમ શેરીમાં ફરનારો મૂઢ માણસ સૂક્ષ્મબુદ્ધિગમ્ય વસ્તુસ્વરૂપનો સ્વીકાર ન કરવાથી મિથ્યાદષ્ટિ છે તેમ ફક્ત સ્થૂલ લોકવ્યવહારગ્રાહ્ય એવી જ વસ્તુને માનવાના લીધે આ વ્યવહારનય પણ મિથ્યાદષ્ટિ છે." **શ્રીશીલાંકાચાર્યજી**નું આ કથન વાચકવર્ગે વિચારવું.

**नयचक्रसारे श्रीदेवचन्द्रवाचकैस्तु** "सङ्ग्रहगृहीतवस्तुभेदान्तरेण विभजनं व्यवहरणं प्रवर्त्तनं वा व्यवहारः। स द्विविधः शुद्धोऽशुद्धश्च। **(क)** शुद्धो द्विविधः – **(१)** वस्तुगतव्यवहारः धर्मास्तिकायादिद्रव्याणां स्व-स्वचलनसहकारादिः जीवस्य लोकाऽलोकादिज्ञानादिरूपः। **(२)** स्वसम्पूर्णपरमात्मभावसाधनरूपः गुणसाधकाऽवस्थारूपः गुणश्रेण्यारोहादिः साधनशुद्धव्यवहारः।

**(ख)** अशुद्धोऽपि द्विविधः सद्भूताऽसद्भूतभेदात्। **(ख-१)** सद्भूतव्यवहारो ज्ञानादिगुणः परस्परं भिन्नः। **(ख-२)** असद्भूतव्यवहारः कषायात्मादिः, 'मनुष्योऽहम्', 'देवोऽहम्'। सोऽपि द्विविधः। **(ख-२/१)** संश्लेषिताऽशुद्धव्यवहारः 'शरीरं मम', 'अहं शरीरी'। **(ख-२/२)** असंश्लेषिताऽसद्भूतव्यवहारः पुत्र-कलत्रादिः। तौ चोपचरिताऽनुपचरितव्यवहारभेदाद् द्विविधौ" (नयच.सा.पृ.१९४) इत्यादिरूपेण व्यवहारनयः व्यभाजि।

इहैवाऽग्रे सप्तम्याम् अष्टम्याञ्च शाखायां सद्भूताऽसद्भूत-संश्लेषिताऽसंश्लेषितोपचरिताऽनुपचरितत्वादिकं स्पष्टीभविष्यति।

### ❀ દ્વિવિધ શુદ્ધ વ્યવહારનય : શ્રીદેવચન્દ્રજી ❀

**(नय.)** **નયચક્રસાર** ગ્રંથમાં ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી**એ તો વિવિધ ગ્રંથોના આધારે જુદા-જુદા સ્વરૂપે વ્યવહારનયનું વિભાજન કરેલ છે. તે આ મુજબ સમજવું - "સંગ્રહનયે ગ્રહણ કરેલી વસ્તુને વિશે અલગ-અલગ ભેદથી = પ્રકારથી વિભાગ કરવો, વહેંચણી કરવી કે પ્રવર્તન કરવું તે વ્યવહારનય જાણવો. એના બે ભેદ છે - **(ક)** શુદ્ધ અને **(ખ)** અશુદ્ધ. શુદ્ધ વ્યવહારનયના બે પ્રકાર છે - **(ક-૧)** વસ્તુગત શુદ્ધવ્યવહાર અને **(ક-૨)** સાધનશુદ્ધવ્યવહાર. **(ક-૧)** ધર્માસ્તિકાય દ્રવ્યમાં ચલનસહાયકતા, અધર્માસ્તિકાયમાં સ્થિતિસહકાર, આકાશમાં અવગાહસહાયતા, જીવમાં લોકાલોક વગેરેની જ્ઞાપકતા વગેરે શુદ્ધપ્રવૃત્તિને વસ્તુગત શુદ્ધવ્યવહારનય કહેવાય. **(ક-૨)** આત્મદ્રવ્યનો શુદ્ધ ઉત્સર્ગ (=ઔત્સર્ગિક સ્વભાવ) પ્રગટાવવા માટે, પોતાના સંપૂર્ણ પરમાત્મભાવને સાધવા માટે, રત્નત્રયીશુદ્ધતા સ્વરૂપ ગુણસાધક અવસ્થા, ગુણસ્થાનક શ્રેણીઆરોહણ વગેરે સ્વરૂપ સાધનશુદ્ધવ્યવહાર જાણવો.

### ❖ દ્વિવિધ અશુદ્ધ વ્યવહારનય : શ્રીદેવચન્દ્રજી ❖

**(अशु.)** અશુદ્ધ વ્યવહારનય પણ બે પ્રકારે છે **(ખ-૧)** સદ્ભૂત અશુદ્ધ વ્યવહારનય અને **(ખ-૨)** અસદ્ભૂત અશુદ્ધ વ્યવહારનય. **(ખ-૧)** એક જ ક્ષેત્રમાં અવસ્થાન કરવાથી અભિન્ન બની જતા એવા જ્ઞાનાદિ ગુણોને પરસ્પર ભિન્ન કહે તે સદ્ભૂત અશુદ્ધ વ્યવહારનય. **(ખ-૨)** 'હું ક્રોધી છું', 'હું મનુષ્ય છું', 'દેવ હું છું' - ઈત્યાદિ કથનને અસદ્ભૂત અશુદ્ધ વ્યવહારનય જાણવો. કર્મોદયસ્વરૂપ પરભાવને યથાર્થભેદજ્ઞાનશૂન્ય જીવ પોતાનું સ્વરૂપ માને છે. તેથી ઉપરોક્ત કથન અશુદ્ધ છે, અસદ્ભૂત છે. અસદ્ભૂત અશુદ્ધ વ્યવહારનયના પણ બે પ્રકાર છે - **(ખ-૨/૧)** સંશ્લેષિત અસદ્ભૂત અશુદ્ધ વ્યવહારનય તે છે કે જે - 'શરીર મારું છે', 'હું શરીરી છું' - ઈત્યાદિ કથન કરે છે. **(ખ-૨/૨)** 'આ પુત્ર મારો, પત્ની મારી' ઈત્યાદિ કથન કરવું તે અસંશ્લેષિત અસદ્ભૂત અશુદ્ધ વ્યવહારનય છે. વળી,તેના ઉપચરિત અને અનુપચરિત એમ બે ભેદ જાણવા."

**(इहै.)** આ જ ગ્રંથમાં આગળ સાતમી અને આઠમી શાખામાં સદ્ભૂતત્વ, અસદ્ભૂતત્વ, સંશ્લેષિતત્વ, અસંશ્લેષિતત્વ, ઉપચરિતત્વ, અનુપચરિતત્વ વગેરેની વિસ્તારથી છણાવટ કરવામાં આવશે. **દેવચન્દ્રજી**એ

देवचन्द्रवाचकदर्शितव्यवहारनयविभागः कोष्ठकरूपेणैवं ज्ञेयः।

**व्यवहारनयः**

- **शुद्धव्यवहारः**
  - **वस्तुगतशुद्धव्यवहारः**
  - **साधनशुद्धव्यवहारः**
- **अशुद्धव्यवहारः**
  - **सद्भूताऽशुद्धव्यवहारः**
  - **असद्भूताऽशुद्धव्यवहारः**
    - **संश्लेषिताऽसद्भूताऽशुद्धव्यवहारः**
      - **उपचरितसंश्लेषिताऽसद्भूताशुद्धः**
      - **अनुपचरितसंश्लेषिताऽसद्भूताशुद्धः**
    - **असंश्लेषिताऽसद्भूताऽशुद्धव्यवहारः**
      - **उपचरिताऽसंश्लेषिताऽसद्भूताऽशुद्धः**
      - **अनुपचरिताऽसंश्लेषिताऽसद्भूताऽशुद्धः**

तत्र चाऽग्रे तैरेव प्रकारान्तरेण व्यवहारनयमुद्दिश्य "स द्विविधः - विभजन-प्रवृत्तिभेदात्। प्रवृत्तिव्यवहारः त्रिविधः - (१) वस्तुप्रवृत्तिः, (२) साधनप्रवृत्तिः, (३) लौकिकप्रवृत्तिश्च। साधनप्रवृत्तिः त्रेधा - लोकोत्तर-लौकिक-कुप्रावचनिकभेदादिति व्यवहारनयः **श्रीविशेषावश्यकभाष्ये**" (न.च.सा.पृ.१९४) इत्युक्तमित्यवधेयम्। कोष्ठकरूपेणैतद्विभाग एवं बोध्यः।

---

દર્શાવેલ વ્યવહારનયનો વિભાગ કોઠાસ્વરૂપે 'પરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં દર્શાવેલ છે તે સ્પષ્ટ હોવાથી ગુજરાતી વિવરણમાં તે કોઠો દર્શાવેલ નથી.

### ❋ અન્ય પ્રકારે વ્યવહારનયવિભાગ સમજીએ ❋

(तत्र.) **નયચક્રસાર** ગ્રંથમાં આગળ ઉપર ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી** મહારાજે બીજી રીતે વ્યવહારનયને ઉદ્દેશીને નીચે મુજબ વાત કરેલ છે કે "વ્યવહારનયના બે પ્રકાર છે. (ક) વિભજનવ્યવહારનય અને (ખ) પ્રવૃત્તિવ્યવહારનય. (જીવના ૨, ૫ કે ૫૬૩ ભેદ પાડીને જીવવિભાગ દર્શાવે તે વિભજનવ્યવહારનય.) પ્રવૃત્તિવ્યવહારના ત્રણ ભેદ છે. (ખ-૧) વસ્તુપ્રવૃત્તિ વ્યવહાર, (ખ-૨) સાધનપ્રવૃત્તિ વ્યવહાર અને (ખ-૩) લૌકિકપ્રવૃત્તિ વ્યવહાર. તેમાં સાધનપ્રવૃત્તિ વ્યવહારના ત્રણ ભેદ છે. (ખ/૨-A) લોકોત્તર સાધનપ્રવૃત્તિ વ્યવહાર. (ખ/૨-B) લૌકિક સાધનપ્રવૃત્તિ વ્યવહાર અને (ખ/૨-C) કુપ્રાવચનિક સાધનપ્રવૃત્તિ વ્યવહાર. આ ભેદો શ્રી**વિશેષાવશ્યક**ભાષ્ય ગ્રંથમાં જણાવેલ છે." કોઠારૂપે ઉપરોક્ત વ્યવહારવિભાગ 'પરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં દર્શાવેલ છે. તે સ્પષ્ટ હોવાથી પ્રસ્તુત ગુજરાતીવિવરણમાં જણાવવામાં નથી આવતો.

### ❋ ભજીએ લોકોત્તર સાધનપ્રવૃત્તિ વ્યવહારને ❋

**સ્પષ્ટતા** :- (ખ/૨-A) જિનોક્ત શુદ્ધ સાધનામાર્ગમાં, નિયાણું કર્યા વગર, પરભાવત્યાગસહિત રત્નત્રયીની પ્રવૃત્તિને લોકોત્તર સાધનપ્રવૃત્તિ વ્યવહારનય તરીકે સમજવી.(ખ/૨-B) પોતપોતાના દેશ, કુળ, સમાજ, જ્ઞાતિ વગેરેની મર્યાદા-પદ્ધતિ મુજબ લોકવ્યવહારની જે પ્રવૃત્તિ હોય તેને લૌકિક સાધનપ્રવૃત્તિ વ્યવહારનય તરીકે જાણવી. (ખ/૨-C) સ્યાદ્વાદની પરિણતિ વિના મિથ્યા અભિનિવેશથી તપ-ત્યાગાદિ

- व्यवहारनयः
  - विभजनव्यवहारः
  - प्रवृत्तिव्यवहारः
    - वस्तुप्रवृत्तिव्यवहारः
    - साधनप्रवृत्तिव्यवहारः
      - लोकोत्तरसाधनप्रवृत्तिव्यवहारः
      - लौकिकसाधनप्रवृत्तिव्यवहारः
      - कुप्रावचनिकसाधनप्रवृत्तिव्यवहारः
    - लौकिकप्रवृत्तिव्यवहारः

**आगमसारे** तु **देवचन्द्रवाचकैः** "(१) शुद्धव्यवहारः = निम्नतरगुणस्थानकत्यागेन उच्चतरगुणस्थानकाऽऽरोहणम्, यद्वा अभिन्नानामपि ज्ञान-दर्शन-चारित्रादिगुणानां लोकप्रतिपादनाय मिथो भिन्नत्वकथनम्। (२) अशुद्धव्यवहारः = उच्चतरगुणस्थानकाद् निम्नगुणस्थानकप्राप्तिः = राग-द्वेषाऽज्ञानादियोग-क्षेम-वृद्धिश्च। (३) शुभव्यवहारः = पुण्यबन्धजनिका प्रवृत्तिः। (४) अशुभव्यवहारः पापबन्धजनिका क्रिया। (५) उपचरितव्यवहारः = निजात्मभिन्ने धन-गृह-कुटुम्बादौ पौद्गलिकपदार्थे अज्ञानवशतः ममत्वभावनम्। (६) अनुपचरितव्यवहारः = स्वात्माऽन्यत्वेऽपि क्षीर-नीरन्यायेन निजात्ममिलिते देह-कर्मादौ अज्ञानवशतः स्वत्वभावनम्" (आ.सा.पृ.२०) इत्येवं प्रकारान्तरेण षड्विधो व्यवहारो व्यभाजि।

---

સાધનામાર્ગમાં થતી પ્રવૃત્તિને કુપ્રાવચનિક સાધનપ્રવૃત્તિ વ્યવહારનય તરીકે માનવી.

### ❀ અન્ય પ્રકારે છ વ્યવહાર ❀

(आगम.) **આગમસાર**માં તો ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી** મહારાજે બીજા પ્રકારે વ્યવહારનયનું નીચે મુજબ છ ભેદથી વિભાજન કરેલ છે.

"**(૧) શુદ્ધ વ્યવહાર** :- નીચેના ગુણસ્થાનકને છોડીને ઉપરના ગુણસ્થાનક ઉપર ચઢવું તે શુદ્ધ વ્યવહાર. અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણો પરસ્પર અભિન્ન-એકરૂપ હોવા છતાં પણ લોકોને સમજાવવા માટે તેને પરસ્પર જુદા-જુદા કહેવા તે શુદ્ધ વ્યવહાર.

**(૨) અશુદ્ધ વ્યવહાર** :- ઉપરના ગુણસ્થાનકમાંથી નીચેના ગુણસ્થાનકે આવવું તે અશુદ્ધ વ્યવહાર. ઊંચી આત્મદશામાંથી નીચે આવી જવું તે અશુદ્ધ વ્યવહાર. તથા રાગ, દ્વેષ, અજ્ઞાન વગેરેની પ્રાપ્તિ -રક્ષા-વૃદ્ધિ થાય તે અશુદ્ધ વ્યવહાર.

**(૩) શુભ વ્યવહાર** :- જે ક્રિયા કરવાથી પુણ્યનો બંધ થાય તે ક્રિયા એટલે શુભ વ્યવહાર.

**(૪) અશુભ વ્યવહાર** :- જે ક્રિયા કરવાથી પાપકર્મ બંધાય તે ક્રિયા એટલે અશુભ વ્યવહાર.

**(૫) ઉપચરિત વ્યવહાર** :- ધન, ઘર, કુટુંબ વગેરે પૌદ્ગલિક પદાર્થો પોતાના આત્માથી જુદા છે. તેમ છતાં પણ અજ્ઞાનના લીધે જીવ તેમાં મમત્વને ધારણ કરે છે. તે ઉપચરિત વ્યવહાર સમજવો.

**(૬) અનુપચરિત વ્યવહાર** :- શરીર, કર્મ વગેરે વસ્તુઓ આપણા આત્માથી ભિન્ન છે. તેમ છતાં ક્ષીર-નીરન્યાયથી તે આત્માની સાથે મળેલ છે. તેથી તે શરીર વગેરેમાં જીવ અજ્ઞાનવશ 'હું'-પણાની બુદ્ધિ કરે છે. આ અનુપચરિત વ્યવહાર સમજવો."

वस्तुतः अशुद्धाऽनेकद्रव्याभ्युपगमाद् नैगम-व्यवहारौ अशुद्धद्रव्यार्थिकतया ज्ञेयौ, सङ्ग्रहश्च शुद्धद्रव्यार्थिकतया ज्ञेयः, शुद्धाऽखण्डद्रव्याभ्युपगमपरत्वात्। इदमभिप्रेत्य **अनुयोगद्वारवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** "द्रव्यास्तिकोऽपि सामान्यतो द्विविधः – (१) अविशुद्धः, (२) विशुद्धश्च। तत्र नैगम-व्यवहाररूपोऽविशुद्धः, सङ्ग्रहरूपस्तु विशुद्धः" (अनु.यो.सू.९७ वृ.) इत्युक्तम्। ततश्च नवधा मूलनयकल्पना न युक्ता। अधिकन्तु अष्टमशाखायां (८/९-१७) देवसेनमतसमीक्षायां वक्ष्यामः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रसिद्धलोकव्यवहारसमर्थनानुकूलजीवद्रव्यादिविभागदर्शकव्यवहारनयाभिप्रायमवगम्य यथा परैः स्पष्टम् अवबुध्येत तथा विषयविभागपूर्वं सर्वत्र वक्तव्यम्। दुर्गमाऽस्पष्टसन्दिग्धौघकथनं तु स्पष्टतयाऽनवगमतः अन्यान् सङ्क्लेशावर्त्ते निमज्जयति, यथावस्थितरीत्या अन्यैः कार्याऽसम्पादनाच्चाऽस्मान् अपि सङ्क्लेशावर्त्ते निमज्जयति। अत एतादृशं न वक्तव्यम्। यद् यत्र यदा यावत् स्पष्टतया कथयितुमर्हति तत् तत्र तदा तावत् स्पष्टतया वक्तव्यमिति व्यवहारनयोपदेशः। तदनुसरणेन स्व-परसङ्क्लेशाऽनुत्पादाद् व्यवहारनयसम्मतः प्रयत्नसाध्यः सकलकर्मक्षयलक्षणो मोक्षः **द्वात्रिंशिकाप्रकरणोक्तः** (द्वा.प्र.३१/२०) **नयलतायां** च व्यावर्णितः अञ्जसा लभ्येत।।६/१२।।

## ✡ દેવસેનમતસમીક્ષા ✡

**(वस्तु.)** વાસ્તવમાં તો નૈગમ અને વ્યવહાર અશુદ્ધ-અનેક દ્રવ્યને સ્વીકારતા હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપે જાણવા. તથા શુદ્ધ-અખંડ દ્રવ્યને સ્વીકારવામાં તત્પર હોવાથી સંગ્રહને શુદ્ધદ્રવ્યાર્થિક તરીકે જાણવો. આ જ અભિપ્રાયથી શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ **અનુયોગદ્વારવૃત્તિ**માં જણાવેલ છે કે 'દ્રવ્યાસ્તિક પણ સામાન્યથી બે પ્રકારે છે. (૧) અવિશુદ્ધ અને (૨) વિશુદ્ધ. તેમાં નૈગમ-વ્યવહારસ્વરૂપ દ્રવ્યાર્થિક અવિશુદ્ધ છે. તથા સંગ્રહસ્વરૂપ દ્રવ્યાર્થિક તો વિશુદ્ધ છે.' તેથી મૂળનયના નવ ભેદની કલ્પના યોગ્ય નથી. આ અંગે વિશેષ બાબત અમે આઠમી શાખામાં દેવસેનમતની સમીક્ષાના અવસરે જણાવશું.

## ❀ સ્પષ્ટ વક્તા બનો ❀

**આધ્યાત્મિક ઉપનય** :- વ્યવહારનય પ્રસિદ્ધ લોકવ્યવહારના સમર્થન માટે જીવદ્રવ્ય વગેરેના વિભાગ દર્શાવે છે. આ બાબત આધ્યાત્મિક જગતમાં એ રીતે ઉપયોગી છે કે આપણે પણ સામેની વ્યક્તિ આપણી વાતને સ્પષ્ટપણે સમજી શકે તે રીતે વિષયવિભાગપૂર્વક વ્યવહારમાં પ્રતિપાદન કરવું જોઈએ. સામેની વ્યક્તિને સમજાય નહિ તે પ્રમાણે ગોળ-ગોળ રીતે અસ્પષ્ટપણે, મોઘમ કહેવું ઉચિત ન કહેવાય. કારણ કે તેનાથી સામેની વ્યક્તિને સમજણ ન પડવાથી સંક્લેશ થાય છે. દા.ત. 'તમે બધા જમશો કે નહિ ?' આ પ્રશ્નના ઉત્તરમાં 'અમે જમીએ તો જમીએ, બાકી નક્કી નહિ' - આમ બોલવાથી સામેની વ્યક્તિને વ્યામોહ-સંક્લેશાદિ થાય. તથા વ્યવસ્થિત રીતે કામ ન થઈ શકવાથી આપણને પણ સંક્લેશ થાય છે. તેથી જ્યારે જ્યાં જેટલું જે સ્પષ્ટપણે કહેવું જરૂરી હોય ત્યારે, ત્યાં, તેટલું તે કથન સ્પષ્ટપણે કરવું જોઈએ. આ રીતે વ્યવહારનયનો ઉપદેશ છે. તેને અનુસરવાથી સ્વ-પરને સંક્લેશ થતો નથી. તેના લીધે વ્યવહારનયસંમત મોક્ષ ઝડપથી મળે. વ્યવહારનયમતે પ્રયત્નસાધ્ય સર્વકર્મક્ષય એ જ મોક્ષ છે. આ વાત **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે **દ્વાત્રિંશિકાપ્રકરણ**માં કરેલ છે. તથા તેની **નયલતા** વ્યાખ્યામાં અમે તેનું વિવેચન પણ કરેલ છે. (૬/૧૨)

**વર્તતો ઋજુસૂત્ર ભાખઈ, અર્થ નિજઅનુકૂલ રે;**
**♦ક્ષણિક ✡પર્યાય કહઈ સૂક્ષ્મ♦, મનુષ્યાદિક થૂલ રે ॥૬/૧૩॥ (૮૬) બહુ.**

ઋજુસૂત્રનય **વર્તતો અર્થ** ભાખઈ, પણિ અતીત અનાગત અર્થ ન માનઈ. વર્તમાન પણિ **નિજ**

---

अवसरसङ्गतिकम् ऋजुसूत्रं लक्षयति – '**साम्प्रतमि**'ति।

**साम्प्रतं स्वानुकूलञ्चर्जुसूत्रस्तु प्रभाषते।**
**क्षणिकपर्ययं सूक्ष्मः, स्थूलश्च मनुजादिकम्।।६/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ऋजुसूत्रः तु साम्प्रतं स्वानुकूलञ्च प्रभाषते। सूक्ष्मः (ऋजुसूत्रः) क्षणिकपर्ययं, स्थूलश्च मनुजादिकं (प्रभाषते)।।६/१३।।

**ऋजुसूत्रो** नयः तु **साम्प्रतं** = वर्त्तमानम्, न त्वतीतमनागतं वा, **स्वानुकूलञ्च**, न तु परकीयं, वस्तु मन्यते **प्रभाषते** च। अतीताऽनागतपरकीयवस्तूनामसत्त्वेनाकिञ्चित्करत्वेन च वक्रत्वादनभ्युपगमोऽत्र। अत एव **आवश्यकनिर्युक्तौ भद्रबाहुस्वामिपादैः** [1]"पच्चुप्पन्नग्गाही उज्जुसुओ नयविही मुणेयव्वो" (आ.नि. ७५७) इति दर्शितम्। एनमेवार्थं विवृण्वद्भिः **श्रीजिनभद्रगणिक्षमाश्रमणैः विशेषावश्यकभाष्ये** [2]"पच्चुप्पन्नं संपयमुप्पन्नं जं च जस्स पत्तेयं। तं रुजु, तदेव तस्स त्थि उ वक्कमन्नं ति जमसंतं।। [3]न विगयमणागयं

---

**અવતરણિકા** :- હવે દિગંબરમતમાં પ્રસિદ્ધ નવ નયની અપેક્ષાએ છઠ્ઠા ઋજુસૂત્રનયને સમજાવવાનો અવસર આવેલ છે. માટે અવસરસંગતિથી પ્રાપ્ત ઋજુસૂત્રનયને ગ્રંથકારશ્રી સમજાવે છે :-

## ❋ ઋજુસૂત્રનયની ઓળખાણ ❋

**શ્લોકાર્થ** :- ઋજુસૂત્રનય તો વર્તમાનકાલીન અને પોતાને અનુકૂલ એવા વિષયને કહે છે. સૂક્ષ્મ ઋજુસૂત્રનય ક્ષણિક પર્યાયને કહે છે. તથા સ્થૂલ ઋજુસૂત્રનય મનુષ્ય વગેરે પર્યાયને કહે છે.(૬/૧૩)

**વ્યાખ્યાર્થ** :- ઋજુસૂત્રનય તો વર્તમાન વસ્તુને માને છે તથા કહે છે. અતીત કે અનાગત વસ્તુને ઋજુસૂત્રનય સ્વીકારતો નથી. પોતાને અનુકૂલ એવી વસ્તુને ઋજુસૂત્રનય સ્વીકારે છે તથા તેનું પ્રતિપાદન કરે છે. અતીત, અનાગત અને પારકી વસ્તુ અસત્ છે તથા અકિંચિત્કર છે. તેથી તે વસ્તુ ઋજુ નહિ પરંતુ વક્ર કહેવાય. તેથી ઋજુસૂત્રનય તેનો સ્વીકાર કરતો નથી. તેથી જ **આવશ્યકનિર્યુક્તિ**માં **શ્રીભદ્રબાહુસ્વામીજી** મહારાજે પણ જણાવેલ છે કે "પ્રત્યુત્પન્ન = વર્તમાનકાલીન વસ્તુને ગ્રહણ કરનાર નયવાક્ય ઋજુસૂત્ર રૂપે જાણવું." આ બાબતનું વિવરણ કરતાં **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "પ્રત્યુત્પન્ન = વર્તમાનસમયે જે ઉત્પન્ન થયેલ હોય તથા જે જેનું પ્રત્યેક = સ્વકીય હોય તે વસ્તુ ઋજુ (= સરલ) કહેવાય. આ ઋજુ વસ્તુ જે નયમાં રહેલ હોય

---

♦ લા.(૨)+મ.માં 'ખ્યણિક... સૂષિમઃ' પાઠ. કો.(૨+૪+૧૨)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'પર્યય' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. ♦ મ.મો 'સૂષિમ' પાઠ છે. કો.(૧)+(૭)નો પાઠ લીધો છે. 1. प्रत्युत्पन्नग्राही ऋजुसूत्रः नयविधिः ज्ञातव्यः। 2. प्रत्युत्पन्नं साम्प्रतमुत्पन्नं यच्च यस्य प्रत्येकम्। तद् ऋजु तदेव तस्याऽस्ति तु वक्रमन्यदिति यदसत्।। 3. न विगतमनागतं वा भावोऽनुपलम्भतः खपुष्पमिव। न च निष्प्रयोजनात् परकीयं परधनमिवाऽस्ति।।

**અનુકૂલ*** = આપણા કામનો અર્થ માનઈં, પણિ પરકીય ન માનઈં.

वा भावोऽणुवलंभओ खपुप्फं व। न य निप्पओयणाओ परकीयं परधणमिव त्थि।।" (वि.आ.भा.२२२३-२४) इत्युक्तम्। **प्रमाणमीमांसा**यामपि "वर्तमानमात्रपर्यायग्राही ऋजुसूत्रः" (प्र.मी.२/२/६) इत्युक्तम्।

तदुक्तं **प्रमाणनयतत्त्वालोके**ऽपि "ऋजु = वर्तमानक्षणस्थायि पर्यायमात्रं प्राधान्यतः सूत्रयन्नभिप्रायः = ऋजुसूत्रः" (प्र.न.त.७/२८)। "यथा 'सुखविवर्त्तः सम्प्रत्यस्ति' इत्यादिः" (प्र.न.त.७/२९)। "ऋजु = अवक्रमभिमुखं श्रुतं = श्रुतज्ञानं यस्येति ऋजुश्रुतः, ऋजु वा अतीतानागतवक्रपरित्यागाद्वर्तमानं वस्तु सूत्रयति = गमयति इति ऋजुसूत्रः, स्वकीयं साम्प्रतं च वस्तु, नान्यदित्यभ्युपगमपरः" (स्था.३/३/१९२, वृ.पृ.२५८) इति **स्थानाङ्गसूत्रवृत्ति**कारः। तदुक्तं **नयकर्णिका**याम् अपि "ऋजुसूत्रनयो वस्तु नाऽतीतं नाप्यनागतम्। मन्यते केवलं किन्तु वर्त्तमानं तथा निजम्।। अतीतेनाऽनागतेन परकीयेन वस्तुना। न कार्यसिद्धिरित्येतदसद् गगनपद्मवद्।।" (न.क.११-१२) इति।

તે ઋજુસૂત્ર કહેવાય. જે ઋજુ ન હોય તે વક્ર કહેવાય. અતીત, અનાગત અને પરકીય વસ્તુ વક્ર હોવાથી અસત્ છે. તે આ રીતે - અતીત કે અનાગત ભાવ વિદ્યમાન નથી. કારણ કે તેની ક્યાંય ઉપલબ્ધિ થતી નથી. તેથી આકાશપુષ્પની જેમ તે અસત્ છે. તથા પરકીય વસ્તુ પોતાના માટે અસત્ છે. જેમ પારકા ધનથી પોતાનું કશું કામ થઈ શકતું નથી, તેમ પારકી વસ્તુથી પોતાનું કોઈ પ્રયોજન સિદ્ધ થઈ શકતું નથી. આમ નિષ્પ્રયોજન હોવાથી પારકા ધનની જેમ પારકી વસ્તુ અસત્ છે - આમ ઋજુસૂત્ર માને છે." **પ્રમાણમીમાંસા**માં પણ ઋજુસૂત્રને માત્ર વર્તમાનપર્યાયનો ગ્રાહક દર્શાવેલ છે.

## અતીત-અનાગત-પરકીય વસ્તુ અસત્ : ઋજુસૂત્ર

(તદુ.) **પ્રમાણનયતત્ત્વાલોક** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "ઋજુ = વર્તમાનક્ષણસ્થાયી કેવલ પર્યાયને જ મુખ્યરૂપે જણાવનારો અભિપ્રાય ઋજુસૂત્રનય કહેવાય છે. જેમ કે 'સુખવિવર્ત (= આનંદપર્યાય) વર્તમાનકાળે છે.'... ઈત્યાદિ વચન." **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં **અભયદેવસૂરિજી**એ 'ઋજુશ્રુત' અને 'ઋજુસૂત્ર' આ પ્રમાણે પ્રસ્તુત નયના બે નામ દર્શાવી બે વ્યાખ્યા જણાવેલ છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "ઋજુ = અવક્ર = અભિમુખ એવું શ્રુત = શ્રુતજ્ઞાન જે નય ધારણ કરે તે નય ઋજુશ્રુતનય કહેવાય. અથવા અતીત અને અનાગત વસ્તુ વક્ર કહેવાય. તેનો ત્યાગ કરીને ઋજુ = અવક્ર = વર્તમાન વસ્તુ જણાવે તે નય ઋજુસૂત્રનય કહેવાય. જે પદાર્થ પોતાનો હોય તથા વર્તમાન કાળે વિદ્યમાન હોય તે જ પદાર્થ સત્ = વાસ્તવિક છે. પારકી ચીજ કે અતીત-અનાગત વસ્તુ ઉપયોગી નથી. આ પ્રમાણેની માન્યતા ધરાવવામાં પરાયણ એવો નય ઋજુસૂત્ર કહેવાય." **નયકર્ણિકા** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "ઋજુસૂત્રનય અતીત કે અનાગત વસ્તુને માનતો નથી. પરંતુ ફક્ત વર્તમાનકાલીન તથા પોતાની વસ્તુને ઋજુસૂત્રનય સ્વીકારે છે. અતીત, અનાગત કે પરકીય વસ્તુથી પોતાના કાર્યની સિદ્ધિ થતી નથી. તેથી અતીત આદિ વસ્તુ આકાશકમલની જેમ અસત્ છે."

* પુસ્તકોમાં 'અનુકુલ' પાઠ અશુદ્ધ. કો. (૧૩)નો પાઠ લીધો છે.

यथोक्तं **सर्वार्थसिद्धौ** अपि "ऋजु = प्रगुणं सूत्रयति = तन्त्रयते इति ऋजुसूत्रः। पूर्वान् परांस्त्रिकालविषयानतिशय्य वर्तमानकालविषयानादत्ते, अतीतानागतयोर्विनष्टानुत्पन्नत्वेन व्यवहाराभावात्। तच्च वर्तमानं समयमात्रम्। तद्विषयपर्यायमात्रग्राही अयमृजुसूत्रः" (त.सू.१/३३ स.सि.वृ.) इति। तदुक्तं **विद्यानन्दस्वामिना** अपि **तत्त्वार्थश्लोकवार्त्तिके नयविवरणे** "ऋजुसूत्रं क्षणध्वंसि वस्तु सत् सूत्रयेद् ऋजु। प्राधान्येन गुणीभावाद् द्रव्यस्यानर्पणात् सतः।।" (त.श्लो.वा.न.वि.७५) इति।

## ❀ દિગંબરમત મુજબ ઋજુસૂત્રનયનો પરિચય ❀

(**यथोक्तं**.) દિગંબરોના ગ્રંથમાં પણ ઋજુસૂત્રનયનું નિરૂપણ ઉપલબ્ધ થાય છે. **તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ** નામની વ્યાખ્યામાં પણ જણાવેલ છે કે "ઋજુ = પ્રકૃષ્ટગુણવાળી = અર્થક્રિયાકારી વસ્તુને સત્રૂપે દર્શાવે, નિયંત્રિત કરે તે ઋજુસૂત્રનય કહેવાય. પૂર્વાપરકાલીન વિષયોને છોડી કેવલ વર્તમાનકાલીન વિષયોને ઋજુસૂત્રનય ગ્રહણ કરે છે. અતીત વસ્તુ વિનષ્ટ થઈ ચૂકેલ છે તથા અનાગતકાલીન વસ્તુ હજુ સુધી ઉત્પન્ન થઈ નથી. તેથી અતીત, અનાગત વસ્તુથી કોઈ પણ લેવડ-દેવડ વગેરે વ્યવહાર થઈ શકતો નથી. તેથી વર્તમાનકાલીન જ વસ્તુ સત્ છે. વર્તમાન વસ્તુની સ્થિતિ કેવલ એક સમયની જ છે. તેથી એકસમયસ્થિતિક પર્યાય માત્રને આ ઋજુસૂત્રનય ગ્રહણ કરે છે." દિગંબર આચાર્ય **વિદ્યાનંદસ્વામીજીએ** પણ **તત્ત્વાર્થશ્લોકવાર્તિકમાં નયવિવરણ** નામના પ્રકરણમાં જણાવેલ છે કે "ક્ષણધ્વંસી = ક્ષણિક વસ્તુ ઋજુ કહેવાય. ઋજુ વસ્તુને સત્ રૂપે જે નય જણાવે તે ઋજુસૂત્રનય કહેવાય. દ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ ઋજુસૂત્રનય તેની વિવક્ષા કરતો નથી. આમ દ્રવ્યને ગૌણ બનાવી ક્ષણિક પર્યાયને મુખ્યતયા દર્શાવનાર ઋજુસૂત્રનય જાણવો."

**સંવાદ** :- મોન્ટુ : તારી પાસે ૧૦૦ રૂપિયા છે ?

પિન્ટુ : હા.

મોન્ટુ : મને ૫૦ રૂપિયા આપીશ ?

પિન્ટુ : પણ આ રૂપિયા મારા મિત્રના છે, મારા નથી.

મોન્ટુ : તમે મીઠાઈવાળા છો ને ?

પિન્ટુ : હા.

મોન્ટુ : મને મીઠાઈ આપીશ ?

પિન્ટુ : મારી પાસે ગઈ કાલે મીઠાઈ હતી. અત્યારે નથી.

મોન્ટુ : તું ચશ્મીશ છે ને ?

પિન્ટુ : હા.

મોન્ટુ : મને તારા ચશ્મા આપીશ ?

પિન્ટુ : મારા જૂના ચશ્મા તૂટી ગયા છે. નવા ચશ્મા ખરીદવાના બાકી છે.

ઉપરોક્ત સંવાદમાં આપણે જોઈ શકીએ છીએ કે પિન્ટુના જવાબમાં વક્રતા રહેલી છે. પારકી, અતીત અને અનાગત વસ્તુનો સત્રૂપે સ્વીકાર કરવો તે ઋજુતા નથી, પણ વક્રતા છે. ઋજુસૂત્રનય આવી વક્રતા કરતો નથી. તે વર્તમાનકાલીન અને પોતાની માલિકીની વસ્તુને જ સત્ માને છે. કારણ

તેહ ઋજુસૂત્રનય દ્વિભેદ કહવો - એક સૂક્ષ્મ, બીજો સ્થૂલ. **સૂક્ષ્મ** તેહ **ક્ષણિક પર્યાય** માનઈં (+કહઈ). **સ્થૂલ** તે **મનુષ્યાદિ** પર્યાય માનઈં (+કહઈ). પણિ કાલત્રયવર્તી પર્યાય ન માનઈં. વ્યવહારનય □તે ત્રિકાલ પર્યાય માનઈં. તે માટઈં સ્થૂલ ઋજુસૂત્ર, વ્યવહારનયનઈં ⌛સંકર ન જાણવો.॥૬/૧૩॥

---

सोऽपि द्वेधा – सूक्ष्म-स्थूलभेदात्। तथाहि – **सूक्ष्मो** हि आद्यः **ऋजुसूत्रो** नयः **क्षणिकपर्ययं** = समयमात्रस्थितिकं पर्यायं सद्रूपेण मन्यते **प्रभाषते** च। **स्थूलश्च** ऋजुसूत्रो **मनुजादिकं** दीर्घकालीनं स्थूलं पर्यायं सद्रूपेण मन्यते **प्रभाषते** च। सूक्ष्मर्जुसूत्रनयमतानुसारेण पर्यायत्वावच्छिन्नस्य क्षणिकत्वाद् मनुजादिकः पर्यायः परमार्थतः समयमात्रस्थितिकः, न तु दीर्घकालीनो न वा कालत्रितयव्यापी।

***एतेन*** मनुष्यत्वस्य पर्यायत्वे क्षणिकत्वं कथं सूक्ष्मर्जुसूत्रनयमतेन ? इति ***प्रत्याख्यातम्,***

सत्त्वेन तत्सिद्धेः, 'यत् सत् तत् क्षणिकमि'ति व्याप्तेः। तथाहि – वक्ष्यमाणशब्दनयमते लिङ्ग-कारकादिभेदेन पदार्थभेदवद् ऋजुसूत्रनयमते कालभेदेन वस्तुभेदस्य सम्मतत्वम्। प्रतिक्षणं कालः भिद्यते इति प्रतिक्षणं वस्तु भिद्यते। वस्तुनः सत्त्वमेव प्रतिक्षणं नश्वरत्वे निमित्तम्। ततश्च मनुष्यत्वपर्यायोऽपि प्रतिक्षणं भिद्यते सूक्ष्मर्जुसूत्रनयमते।

---

કે તેનાથી જ પોતાનું કામ કાયદેસર રીતે થઈ શકે છે.

### ❖ ઋજુસૂત્રનયના બે ભેદનું નિરૂપણ ❖

(सोऽपि.) તે ઋજુસૂત્રનય પણ સંગ્રહ અને વ્યવહારનયની જેમ બે પ્રકારે છે - (૧) સૂક્ષ્મ ઋજુસૂત્રનય અને (૨) સ્થૂલ ઋજુસૂત્રનય. તે આ પ્રમાણે - પ્રથમ સૂક્ષ્મ ઋજુસૂત્રનય માત્ર એક સમયની સ્થિતિવાળા ક્ષણભંગુર પર્યાયને સદ્રૂપે માને છે અને કહે છે. બીજો સ્થૂલ ઋજુસૂત્રનય મનુષ્ય વગેરે દીર્ઘકાલીન સ્થૂલ પર્યાયોને સદ્રૂપે માને છે અને કહે છે. સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાય મુજબ, સર્વ પર્યાયો ક્ષણિક છે. મનુષ્યત્વ વગેરે પણ પર્યાયસ્વરૂપ જ છે. તેથી મનુષ્ય વગેરે પર્યાયો પરમાર્થથી માત્ર એક સમયની સ્થિતિવાળા છે. એક જ મનુષ્ય વગેરે પર્યાય ત્રણેય કાળમાં વ્યાપીને રહેતો નથી.

**શંકા** :- (एतेन.) જો મનુષ્યત્વ એ પર્યાય હોય તો તે સૂક્ષ્મ ઋજુસૂત્રનયની દૃષ્ટિએ ક્ષણિક કેવી રીતે ઘટી શકે ? ૫૦, ૬૦ વર્ષ સુધી મનુષ્યત્વ અવસ્થા તો સ્થાયી દેખાય છે.

### ❖ અસ્તિત્વ નશ્વરતાનું નિમિત્ત ❖

**સમાધાન** :- (सत्त्वेन.) મનુષ્ય પર્યાય સત્ = વાસ્તવિક હોવાથી તેમાં ક્ષણિકત્વ સૂક્ષ્મ ઋજુસૂત્રનયની દૃષ્ટિએ સિદ્ધ થશે. કારણ કે સૂક્ષ્મ ઋજુસૂત્રનય એવું માને છે કે જે જે પદાર્થ સત્ = વાસ્તવિક હોય તે તે ક્ષણિક હોય - આવો નિયમ છે. કહેવાનો આશય એ છે કે આગળ શબ્દનય બતાવવામાં આવશે તે જેમ લિંગ, કારક વગેરેના ભેદથી વસ્તુભેદ માને છે, તેમ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી કાલભેદથી વસ્તુભેદ માન્ય છે. પ્રતિક્ષણ કાળ બદલાય છે. તેથી પ્રતિક્ષણ વસ્તુ પણ બદલાય છે. મતલબ કે વસ્તુનું અસ્તિત્વ = સત્ત્વ એ જ વસ્તુને પ્રતિક્ષણ નશ્વર = વિનાશી બનવામાં નિમિત્ત છે. મનુષ્યત્વ પર્યાય પણ સત્ છે, વાસ્તવિક છે, કાલ્પનિક નહિ. તેથી મનુષ્યત્વ પર્યાય પણ પ્રતિક્ષણ બદલાય છે. આટલી

---

□ કો.(૧૩)માં 'તો' પાઠ. ⌛ B(૨)માં 'સંકેત' પાઠ.

***अनेन*** प्रथमस्य ऋजुसूत्रभेदस्य मनुष्यपर्यायग्राहकत्त्वे सूक्ष्मत्त्वं कथम् ? सूक्ष्मत्त्वं चेत्, मनुष्यपर्यायग्राहकत्त्वं कथम् ? इति ***प्रत्याख्यातम्,***

शुद्धवर्त्तमानक्षणमात्रस्थितिकतया मनुष्यपर्यायग्राहकत्वेन तदुपपत्तेः।

प्रकृते स्थूलर्जुसूत्रनयस्तु सजातीयपर्यायसन्ततिकालं यावत् तदन्तःपातिपर्यायं वर्तमानकालीनतया अभ्युपगच्छति। अत एव मनुष्यायुःप्रमाणकालं यावद् मनुष्यपर्यायसन्तानगतैकत्वं प्रतिसन्धाय 'अयं मनुष्यः, अयं मनुष्य' इति ब्रूते स्थूलर्जुसूत्रः। इत्थं स्थूलर्जुसूत्रः स्थूलवर्तमानकालीनपर्यायं सत्त्वेन गृह्णाति।

***न च*** क्षणमात्रस्थितिकातिरिक्तार्थग्रहणेन ऋजुसूत्रसीमाऽतिक्रमणात् स्थूलर्जुसूत्र-व्यवहारनययोः साङ्कर्यं प्रसज्येतेति ***शङ्कनीयम्,***

---

વાત સૂક્ષ્મ ઋજુસૂત્રનયની દૃષ્ટિમાં સુનિશ્ચિત છે.

**સમસ્યા** :- (अनेन.) ઋજુસૂત્રનો પ્રથમ ભેદ મનુષ્યપર્યાયને માને તો તે સૂક્ષ્મ કઈ રીતે કહી શકાય ? કારણ કે મનુષ્યપર્યાય તો દીર્ઘકાલીન છે. જો ઋજુસૂત્રનો પ્રથમ ભેદ સૂક્ષ્મ હોય તો દીર્ઘકાલીન એવા મનુષ્યપર્યાયને કઈ રીતે ગ્રહણ કરી શકે ?

**સમાધાન** :- (शुद्ध.) ઋજુસૂત્રનો પ્રથમભેદ સર્વ પર્યાયની સ્થિતિને માત્ર શુદ્ધ વર્ત્તમાનક્ષણ પૂરતી જ માને છે. આ વાત હમણાં જ બતાવી ગયા છીએ. તેથી પ્રથમ ઋજુસૂત્ર મનુષ્યપર્યાયને પણ ફક્ત શુદ્ધ વર્ત્તમાન ક્ષણમાં જ વિદ્યમાન હોવા સ્વરૂપે ગ્રહણ કરશે. આ કારણસર તેને સૂક્ષ્મ કહેવો યુક્તિયુક્ત જ છે.

### ❋ સ્થૂલ ઋજુસૂત્રનયનું નિરૂપણ ❋

(प्रकृते.) સૂક્ષ્મ ઋજુસૂત્રનય જે મનુષ્ય પર્યાયને ક્ષણિક માને છે, તે મનુષ્ય પર્યાય બીજી ક્ષણે નાશ પામે છે અને નૂતન મનુષ્ય પર્યાય ઉત્પન્ન થાય છે. આમ મનુષ્યઆયુષ્યકાળ પર્યન્ત મનુષ્ય પર્યાયનો પ્રવાહ ચાલે છે. પ્રવાહ, પરંપરા, ધારા, સ્રોત, સંતાન, સંતતિ વગેરે સમાનાર્થક શબ્દો છે. મનુષ્ય-આયુષ્યપ્રમાણ કાળ સુધી એકસરખી મનુષ્યપર્યાયસંતતિ ચાલે છે. તે સજાતીય સંતતિ કહેવાય છે. તથા મનુષ્ય આયુષ્યની સમાપ્તિ થતાં વિજાતીય પર્યાયની ધારા ચાલે છે. પ્રસ્તુતમાં સ્થૂલ ઋજુસૂત્રનય સજાતીયપર્યાયસંતાનકાળ સુધી તે સંતાનમાં રહેલા પર્યાયને વર્તમાનકાલીનરૂપે ગ્રહણ કરે છે. તેથી જ મનુષ્યઆયુષ્યપ્રમાણ કાળ સુધી મનુષ્યપર્યાયપ્રવાહગત એકત્વનું અનુસંધાન કરીને 'આ માણસ છે, આ માણસ છે' - આ પ્રમાણે સ્થૂલ ઋજુસૂત્રનય બોલે છે. આમ સ્થૂલ ઋજુસૂત્રનય જે વર્તમાનકાલને માને છે તે સૂક્ષ્મ = ૧ ક્ષણ નથી પરંતુ સ્થૂલ = મનુષ્યઆયુષ્યપ્રમાણ ૮૦-૯૦ વર્ષ સ્વરૂપ છે. આવા સ્થૂલવર્તમાનકાલીન પર્યાયને સ્થૂલ ઋજુસૂત્રનય સત્ = વાસ્તવિક સ્વરૂપે માને છે.

**શંકા** :- (न च.) ઋજુસૂત્રનયનો વિષય તો ક્ષણિક પર્યાય છે. જો ઉપર જણાવ્યા મુજબ જીવનપર્યન્ત સ્થાયી મનુષ્યપર્યાયને સ્થૂલ ઋજુસૂત્રનય માને તો ઋજુસૂત્રનયની વિષયમર્યાદાનું અતિક્રમણ થઈ જશે. આવું થવાથી સ્થૂલ ઋજુસૂત્રનય અને વ્યવહારનય સંકીર્ણ = એકમેક બનવાની આપત્તિ આવશે.

स्थूलर्जुसूत्रस्य स्थूलवर्तमानकालीनपर्यायग्राहकत्त्वेऽपि कालत्रयवर्तिपर्यायाऽग्राहकत्वात्, व्यवहारस्य तु त्रैकालिकपर्यायग्राहकत्वान्नानयोः साङ्कर्यम्। तथाविधलक्षण-ज्ञानिपुरुषवचनादिना व्यवहारनयवादी तु 'अस्मिन् आत्मनि अतीतभवावच्छेदेन पशुपर्यायाः, वर्तमानभवावच्छेदेन मनुष्यपर्यायः, अनागत-भवावच्छेदेन च नारकपर्याय' इति व्यवहरत्यपि, न त्वेवं स्थूलर्जुसूत्रनय इत्यवधेयम्।

***ननु*** मनुष्यत्वादिः पर्यायश्चेत्, स्थिरः कथम् ? स्थिरश्चेत्, पर्यायः कथं सम्भवेत् ? पर्यायत्वावच्छिन्नस्य अनित्यत्वाद् इति ***चेत्*** ?

***न,*** स्थिरपर्यायस्याऽपि शास्त्रकृतां सम्मतत्वात्। तदुक्तम् **उत्तराध्ययनसूत्रबृहद्वृत्तौ वादिवेताल-श्रीशान्तिसूरिभिः** "उभये हि पर्यायाः – स्थिराः अस्थिराश्च। यदुक्तम् "स्थिरः कालान्तरस्थायी पर्यायोऽक्षण-भङ्गुरः। क्षणिकश्च क्षणादूर्ध्वमतिष्ठन्नस्थिरो मतः।।" [ ] इति" (उत्त. बृ.वृ.३/निर्यु.१७०-पृ.१६४)। ततश्च मनुष्यत्वादेः पर्यायत्वेऽपि मनुष्यायुःप्रमाणकालपर्यन्तं स्थिरत्वेऽपि न कोऽपि दोष इति।

---

## ❀ સ્થૂલ ઋજુસૂત્ર અને વ્યવહારનય અસંકીર્ણ ❀

**સમાધાન** :- (स्थूल.) તમારી શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે સ્થૂલ ઋજુસૂત્રનય ઉપર જણાવ્યા મુજબ સ્થૂલવર્તમાનકાલવ્યાપી પર્યાયને માનવા છતાં કાલત્રયવ્યાપી પર્યાયને માનતો નથી. જ્યારે વ્યવહારનય તો અતીત-અનાગત-વર્તમાનકાલવર્તી એવા પર્યાયને માને છે. માટે સ્થૂલ ઋજુસૂત્રનય અને વ્યવહારનય વચ્ચે સાંકર્ય = સંકીર્ણતા = મિશ્રણ થવાની આપત્તિને અહીં અવકાશ નથી. તથાવિધ લક્ષણ દ્વારા કે વિશિષ્ટજ્ઞાની પુરુષના વચન વગેરે દ્વારા નિર્ણય કરીને વ્યવહારનયવાદી તો એવો વ્યવહાર પણ કરે છે કે 'આ આત્મા ગયા ભવમાં પશુ હતો, વર્તમાનકાળે મનુષ્ય છે, ભવિષ્યમાં નરકમાં જશે. અતીત-વર્તમાન-અનાગતકાળની અપેક્ષાએ એક જ આત્મામાં આવા પર્યાયને વ્યવહારનય માનશે તથા બોલશે. જેમ કે 'મરીચિ મહાવીર થયા. શ્રેણિક પદ્મનાભ તીર્થંકર થશે. મહાવીર પ્રભુ ત્રિપૃષ્ઠવાસુદેવ હતા' - આવું પ્રતિપાદન વ્યવહારનય કરશે. જ્યારે સ્થૂલઋજુસૂત્રનય આ પ્રમાણે માનશે પણ નહિ અને બોલશે પણ નહિ. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

**શંકા** :- (ननु.) મનુષ્યપણું વગેરે જો પર્યાય હોય તો સ્થિર કઈ રીતે હોઈ શકે ? તથા જો તે સ્થિર હોય તો તેને પર્યાય કઈ રીતે કહી શકાય ? કારણ કે તમામ પર્યાય અનિત્ય જ હોય છે.

## ❀ પર્યાય પણ સ્થિર હોય છે - શાંતિસૂરિજી ❀

**સમાધાન** :- (न, स्थि.) ના. તમારી વાત વ્યાજબી નથી. કારણ કે સ્થિરપર્યાય પણ શાસ્ત્રકારોને માન્ય છે. **ઉત્તરાધ્યયનસૂત્ર બૃહદ્વૃત્તિ**માં વાદિવેતાલશ્રી **શાંતિસૂરીશ્વરજી** મહારાજે પ્રાચીન સંદર્ભ ટાંકવાપૂર્વક જણાવેલ છે કે "પર્યાય બે પ્રકારના હોય છે - (૧) સ્થિર અને (૨) અસ્થિર. તેથી જ પૂર્વાચાર્યોએ આ બાબતમાં કહેલ છે કે 'કાલાન્તરમાં રહેનારો પર્યાય સ્થિર કહેવાય છે. તે ક્ષણભંગુર નથી હોતો. તથા જે પર્યાય ક્ષણિક હોય, ઉત્પત્તિ ક્ષણ પછી ટકે નહિ, તે પર્યાય અસ્થિર પર્યાય તરીકે માન્ય છે' - આ પ્રમાણે જાણવું." શ્રીશાંતિસૂરિજી મહારાજે આ પ્રમાણે જે જણાવેલ છે તેનાથી સિદ્ધ થાય છે કે મનુષ્યત્વ વગેરે પર્યાય હોવા છતાં તે મનુષ્યઆયુષ્યકાળ પર્યન્ત રહે - ટકે તો પણ કોઈ દોષ નથી.

***एतेन*** प्राग् (६/१) मेरुप्रमुखाणां यन्नित्यत्वमुक्तं तदपि ***समर्थितम्,*** तदीयसंस्थानपर्यायस्य स्थिरत्वादित्यवधेयम् ।

अत्र **आलापपद्धतौ** "ऋजुसूत्रो द्विविधः। सूक्ष्मर्जुसूत्रः, यथा – एकसमयावस्थायी पर्यायः। स्थूलर्जुसूत्रः, यथा – मनुष्यादिपर्यायाः तदायुःप्रमाणकालं तिष्ठन्ति" (आ.प.पृ.८) इति **देवसेनो**क्तिरपि स्मर्तव्या, सूक्ष्मर्जुसूत्रनयतः प्रतिक्षणं पर्यायविपरिवर्तनेऽपि स्थूलर्जुसूत्रमते तत्सन्तानापेक्षया तावन्तं कालं तेषां स्थायित्वोक्तेः। **कार्त्तिकेयानुप्रेक्षाव्याख्याकृतो**ऽपि (गा.२७४) अत्रैवमेवाऽभिप्रायः।

इदञ्चात्रावधेयम् – ऋजुसूत्रः अर्थनयः। अर्थनयत्वेऽपि व्यञ्जनपर्यायग्राहकत्वात् स्थूलर्जुसूत्रस्याऽशुद्धत्वम्, अर्थपर्यायमात्रग्राहकत्वात् सूक्ष्मर्जुसूत्रस्य तु शुद्धत्वमिति।

***न च*** ध्रौव्यपर्यायग्राहकत्वे ऋजुसूत्रस्याऽध्रुवपर्यायग्राहकत्वराद्धान्तव्याकोपः तदग्राहकत्वे चाऽसद्विषयकत्वापत्तिः, उत्पाद-व्यय-ध्रौव्ययुक्तस्यैव सल्लक्षणत्वादिति व्याघ्र-तटीन्यायापात इति ***वाच्यम्,***

---

(एते.) અહીં પર્યાયને સ્થિર પણ જણાવેલ છે. તેથી આ જ છઠ્ઠી શાખાના પ્રથમ શ્લોકમાં મેરુ પર્વત વગેરેને નિત્ય કહેલ હતા તેનું પણ સમર્થન થઈ જાય છે. કારણ કે મેરુ પર્વત વગેરેના સંસ્થાન પર્યાય સ્થિર છે. આ વાત ખ્યાલમાં રાખવી.

## ✻ સ્થૂલપર્યાય દીર્ઘકાલીન ✻

(अत्र.) પ્રસ્તુતમાં **આલાપપદ્ધતિનું** ઋજુસૂત્રસંબંધી વચન પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં **દેવસેનજી** જણાવે છે કે "ઋજુસૂત્રનયના બે પ્રકાર છે. (૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર; જેમ કે 'પર્યાય એક સમય રહે છે.' (૨) સ્થૂલ ઋજુસૂત્ર; જેમ કે 'મનુષ્ય પર્યાય મનુષ્યના આયુષ્ય સુધી રહે છે' - આ પ્રમાણે ઋજુસૂત્રના બે ભેદ છે." સૂક્ષ્મ દૃષ્ટિએ પ્રતિક્ષણ સર્વ પર્યાય બદલાવા છતાં મનુષ્યપર્યાયના પ્રવાહની અપેક્ષાએ, સ્થૂલ ઋજુસૂત્રનયના મતે, તેટલા કાળ સુધી (=મનુષ્ય જીવન પર્યન્ત) મનુષ્યપર્યાય સ્થાયી કહેવાય છે. આ અંગે **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિકાર**નો પણ અભિપ્રાય સમાન જ છે.

## ❁ દ્વિવિધ ઋજુસૂત્રનયમાં શુદ્ધિ-અશુદ્ધિ ❁

(**इदञ्चा.**) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે ઋજુસૂત્રનય એ અર્થનય છે, વ્યંજનનય નથી. તેથી સ્થૂલ અને સૂક્ષ્મ બન્ને ઋજુસૂત્રનો વિષય અર્થપર્યાય બનવા જોઈએ. પરંતુ સ્થૂલ ઋજુસૂત્ર તો અર્થનય હોવા છતાં વ્યંજનપર્યાયનો = દીર્ઘકાલસ્થાયી પર્યાયનો ગ્રાહક છે. તેથી સ્થૂલ ઋજુસૂત્ર અશુદ્ધ અર્થનય કહેવાય. તથા સૂક્ષ્મ ઋજુસૂત્રનય તો માત્ર અર્થપર્યાયને = ક્ષણિકપર્યાયને માને છે. તેથી તે શુદ્ધ અર્થનય છે.

[illegible] :- (न च.) સત્ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત હોય છે. તેથી ઉત્પાદ-વ્યય પર્યાયની જેમ ધ્રૌવ્ય નામના પર્યાયને પણ ઋજુસૂત્રનયે સ્વીકારવો જોઈએ. અન્યથા ઋજુસૂત્રવિષયમાં સત્નું લક્ષણ સંગત થઈ ન શકે. જો ઋજુસૂત્રનય ધ્રૌવ્ય પર્યાયને સ્વીકારે તો ક્ષણભંગુર પર્યાયને સ્વીકારવાની પોતાની આગવી માન્યતાને તેણે તિલાંજલિ આપવી પડે. તથા તેને ન સ્વીકારવામાં આવે તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પદાર્થ સત્ હોવાથી ઋજુસૂત્રના વિષયમાં સત્નું લક્ષણ ન જવાથી ઋજુસૂત્રનયને અસદ્વિષયક માનવાની આપત્તિ આવે. આમ 'એક બાજુ ગંગા નદી અને બીજી બાજુ વાઘ' આવી જટિલ પરિસ્થિતિનું નિર્માણ થશે.

ध्रौव्यग्राहकत्वेऽपि द्विविधस्याऽपि ऋजुसूत्रस्य साम्प्रतपर्यायग्राहकत्वराद्धान्ताऽव्याकोपात्। द्रव्ये ध्रुवत्वपर्यायोऽपि सूक्ष्मर्जुसूत्रतः समयमात्रस्थितिकः सन्, स्थूलर्जुसूत्रतश्च ध्रुवत्वपर्यायसन्तानं व्यावहारिकघटादिस्थितिकालं यावत् सदित्यप्यनयोः नययोः विशेषो द्रष्टव्यः।

***इत्थञ्च*** "[1]जो एगसमयवट्टी गिण्हइ दव्वे धुवत्तपज्जायं। सो रिउसुत्तो सुहुमो सव्वं पि सदं जहा (?जम्हा) खणियं।। [2]मणुजाइयपज्जाओ मणुसुत्ति सगट्ठिदीसु वट्टंतो। जो भणइ तावकालं सो थूलो होइ रिउसुत्तो।।" (न.च.३८-३९, द्र.स्व.प्र.२१०-२११) इति **नयचक्र-द्रव्यस्वभावप्रकाश**गाथेऽपि ***व्याख्याते***, सूक्ष्म-स्थूलर्जुसूत्रनययोः क्रमेण क्षणिकार्थपर्यायलक्षणसन्तानि-दीर्घकालीनव्यञ्जनपर्यायलक्षणसन्तानगोचरत्व-

**❊ ઋજુસૂત્રમાં અસદ્વિષયકત્વ આપત્તિનો પરિહાર ❊**

[illegible] :- (ध्रौव्य.) ઉપરોક્ત આપત્તિને પ્રસ્તુતમાં અવકાશ નથી. કારણ કે સ્થૂલ-સૂક્ષ્મ બન્ને ય ઋજુસૂત્ર ધ્રૌવ્યને ગ્રહણ કરવા છતાં પણ વર્તમાનકાલીનસ્વરૂપે જ તેનો સ્વીકાર કરે છે. તેથી તેમાં વર્તમાનપર્યાયગ્રાહકત્વનો સિદ્ધાંત ભાંગી પડતો નથી. સૂક્ષ્મ ઋજુસૂત્રનયના મતે દ્રવ્યમાં રહેનાર ધ્રુવત્વ પર્યાય પણ ફક્ત વર્તમાનકાલીન એક સમયની સ્થિતિવાળો છે. અર્થાત્ ધ્રુવત્વ પર્યાય પણ ક્ષણભંગુર હોવાથી જ સત્ સ્વરૂપે સૂક્ષ્મ ઋજુસૂત્રનયને માન્ય છે. જ્યારે સ્થૂલ ઋજુસૂત્રનયની અપેક્ષાએ ઘટાદિમાં રહેનાર ધ્રુવત્વ પર્યાયની સંતતિ અમુક કાળ સુધી ચાલુ રહેશે. જ્યાં સુધી વ્યાવહારિક ઘટાદિ પદાર્થનું અસ્તિત્વ હોય ત્યાં સુધી તે ધ્રુવત્વ પર્યાયની સંતતિ ચાલુ રહેશે. તેથી તેની દૃષ્ટિએ વ્યાવહારિક ઘટાદિની સ્થિતિ જેટલો સમય રહે તેટલા સ્થૂલ વર્તમાનકાળ સુધી તે ધ્રુવત્વપર્યાયસંતાન સત્ છે. આ રીતે ધ્રુવત્વ પર્યાયનો સ્વીકાર કરવા છતાં પણ બન્ને પ્રકારના ઋજુસૂત્રનય પોતાના સિદ્ધાન્તથી પરાઙ્મુખ બનતા નથી. તથા ઋજુસૂત્રના વિષયમાં સત્નું લક્ષણ જવાથી ઋજુસૂત્રનયને અસદ્વિષયક માનવાની આપત્તિને અવકાશ રહેતો નથી. તેમ જ સૂક્ષ્મ ઋજુસૂત્રનય અને સ્થૂલ ઋજુસૂત્રનય - આ બન્ને વચ્ચે ભેદ પણ જળવાઈ રહે છે.

**❊ વ્યંજનપર્યાય - અર્થપર્યાયનો વિચાર ❊**

(इत्थ.) "દ્રવ્યમાં ધ્રુવત્વ પર્યાયને (પણ) જે નય એકસમયવર્તી તરીકે ગ્રહણ કરે છે, તે સૂક્ષ્મ ઋજુસૂત્રનય જાણવો. જેમ કે (? કારણ કે) 'બધું જ સત્ ક્ષણિક છે.' તથા પોતાની સ્થિતિપર્યન્ત (= આયુષ્ય પર્યન્ત) રહેવાવાળા મનુષ્ય આદિ પર્યાયને તેટલા સમય સુધી, જે નય, મનુષ્યરૂપે ગ્રહણ કરે છે તે સ્થૂલ ઋજુસૂત્રનય બને છે" - આ પ્રમાણે **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જે બે ગાથા જણાવેલ છે તેની છણાવટ અમારા ઉપરોક્ત કથન દ્વારા થઈ જાય છે. કારણ કે 'સૂક્ષ્મ ઋજુસૂત્રનય સંતાનિગોચર = ક્ષણિકપર્યાયવિષયક છે. ક્ષણિક પર્યાય અર્થપર્યાય કહેવાય છે. તથા સ્થૂલ ઋજુસૂત્રનય તો સંતાનગોચર = ક્ષણિકપર્યાયપ્રવાહવિષયક છે. ક્ષણિક એવા પર્યાયોનો દીર્ઘકાલીન પ્રવાહ વ્યંજનપર્યાય સ્વરૂપ છે' - આવું કહેવા દ્વારા 'સૂક્ષ્મ ઋજુસૂત્રનય શુદ્ધ છે, જ્યારે સ્થૂલ ઋજુસૂત્રનય અશુદ્ધ છે' - આ પ્રમાણે પ્રતિપાદન કરવામાં તે બન્ને ગાથા તત્પર છે. હજુ આ વિષયમાં ઘણું વિચારી શકાય

1. य एकसमयवर्तिनं गृह्णाति द्रव्ये ध्रुवत्वपर्यायम्। स ऋजुसूत्रः सूक्ष्मः सर्वमपि सद् यथा (? यस्मात्) क्षणिकम्।।
2. मनुजादिकपर्यायो मनुष्य इति स्वकस्थितिषु वर्तमानः। यो भणति तावत्कालं स स्थूलो भवति ऋजुसूत्रः।।

प्रकाशनद्वारा तच्छुद्धाऽशुद्धत्वप्रतिपादनपरत्वात् तद्गाथयोरिति दिक्।

प्रकृते "ऋजु = प्रगुणं सूत्रयति = सूचयति इति ऋजुसूत्रः। अस्य विषयः पच्यमानः पक्वः। पक्वस्तु स्यात् पच्यमानः, स्यादुपरतपाक इति। 'पच्यमान इति वर्त्तमानः, पक्व इति अतीतः। तयोः एकस्मिन् अवरोधः विरुद्धः' इति चेत् ? न, पाकप्रारम्भप्रथमक्षणे निष्पन्नांशेन पक्वत्वाऽविरोधात्। न च तत्र पाकस्य सर्वांशैः अनिष्पत्तिः एव, चरमावस्थायाम् अपि पाकनिष्पत्तेः अभावप्रसङ्गात्। ततः पच्यमान एव पक्व इति सिद्धम्। तावन्मात्रक्रियाफलनिष्पत्त्युपरमाऽपेक्षया स एव पक्वः स्यादुपरतपाकः इति, अन्त्यपाकापेक्षया निष्पत्तेः

---

છે. અહીં જે કંઈ કહેવાયેલ છે, તે તો એક દિગ્દર્શન માત્ર છે. આ દિશાસૂચન મુજબ વિજ્ઞવાચકવર્ગે તત્ત્વમીમાંસાના માર્ગે આગળ વધવું.

**સ્પષ્ટતા** :- પ્રત્યેક વસ્તુ પ્રતિસમય પરિણમનશીલ છે. તેથી વાસ્તવમાં તો એક પર્યાય એક સમય સુધી જ રહે છે. તે એક સમયવર્તી પર્યાય અર્થપર્યાય કહેવાય છે. તે અર્થપર્યાય સૂક્ષ્મ ઋજુસૂત્રનયનો વિષય છે. પરંતુ તે અર્થપર્યાયના આધારે લોકવ્યવહાર ચાલી શકતો નથી. વ્યવહારમાં તો જ્યાં સુધી એક સ્થૂલ પર્યાય રહે, ત્યાં સુધી લોકો તેને વર્તમાન પર્યાય કહે છે. જેમ કે મનુષ્ય પર્યાય આયુષ્ય પર્યન્ત રહે છે. આવા સ્થૂલ પર્યાયને સ્થૂલ ઋજુસૂત્રનય ગ્રહણ કરે છે. પ્રસ્તુત સ્થૂલ પર્યાય વ્યંજન પર્યાય કહેવાય છે. ઋજુસૂત્રનય અર્થનય છે. તેમ છતાં સ્થૂલ ઋજુસૂત્રનય વ્યંજનપર્યાયને ગ્રહણ કરે છે, તે તેની અશુદ્ધિ છે. જ્યારે સૂક્ષ્મ ઋજુસૂત્રનય કેવલ અર્થપર્યાયનો ગ્રાહક હોવાથી શુદ્ધ છે. આમ 'સૂક્ષ્મ ઋજુસૂત્રનય શુદ્ધ છે અને સ્થૂલ ઋજુસૂત્રનય અશુદ્ધ છે' - તેવું ફલિત થાય છે.

### ❋ 'पच्यमानः पक्वः' - ઋજુસૂત્રનય ❋

(प्रकृ.) પ્રસ્તુતમાં **કષાયપ્રાભૃત**ની **જયધવલા** વ્યાખ્યાનો એક પ્રબંધ પણ અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં દિગંબરાચાર્ય **વીરસેનજી**એ જણાવેલ છે કે "ઋજુ = પ્રગુણ = એકસમયવર્તી પર્યાયને જે સૂત્રિત કરે = સૂચિત કરે તે ઋજુસૂત્રનય છે. તેનો વિષય 'पच्यमानः पक्वः' છે. અર્થાત્ પાકી રહેલ હોય તે પાકી ચૂકેલ છે. જ્યારે પક્વ તો કથંચિત્ પાકી રહેલ છે, કથંચિત્ ઉપરતપાક = વિશ્રાન્તપાક (= પાકી ચૂકેલ) છે.

**શંકા** :- 'पच्यमान' શબ્દ વર્તમાનકાલીન પાકક્રિયાને જણાવે છે. જ્યારે 'पक्व' શબ્દ તો અતીત પાકક્રિયાને દર્શાવે છે. તેથી બન્નેનું એક પદાર્થમાં રહેવું એ વિરોધગ્રસ્ત છે. તેથી पच्यमान ને पक्व કહી ન શકાય.

**નિવારણ** :- ના, તમારી વાત બરાબર નથી. આનું કારણ એ છે કે પાકપ્રારંભની પ્રથમ ક્ષણે પાકેલા અંશની અપેક્ષાએ પદાર્થને પક્વ હોવામાં કોઈ વિરોધ નથી. 'પાકપ્રારંભની પ્રથમ ક્ષણે પાક બિલકુલ થયો જ નથી' - એવું તો માની શકાતું નથી. કારણ કે તેવું માનવામાં તો પાકની અંતિમ દશામાં પણ પાકની નિષ્પત્તિ થઈ નહિ શકે. તેથી જ पच्यमान = પાકી રહેલ છે તે જ पक्व = પાકી ચૂકેલ પણ છે - આમ સિદ્ધ થાય છે. તથા જેટલા અંશમાં પાકક્રિયાના ફળની ઉત્પત્તિ સમાપ્ત થઈ ચૂકેલ છે. અર્થાત્ ચૂલા ઉપર ચઢેલા ચોખા વગેરે જેટલા અંશમાં પાકી ચૂકેલ = પક્વ છે તે અંશની અપેક્ષાએ ચોખા પકવ છે, કથંચિત્ ઉપરતપાક છે. તથા અંતિમ પાકક્રિયાની સમાપ્તિનો અભાવ

अभावात् स एव पच्यमान इति सिद्धम्" (कषा.प्रा.पेज्जदोसविहत्ती ज.ध.पुस्तक १/गा.१४/पृ.२०४) इति **कषायप्राभृतजयधवलावृत्ति**प्रबन्धोऽपि अनुसन्धेयः।

***एतेन*** [1]"नियमेण डज्झमाणं दड्ढं, दड्ढं तु होइ भयणीज्जं। किंचिदिह डज्झमाणं उवरयदाहं च होज्जाहि।।" (वि.आ.भा.२३३१) इत्यादि**विशेषावश्यकभाष्य**प्रबन्धोऽपि ***व्याख्यातः,*** दह्यमानत्वाऽवच्छेदेन दग्धत्वात्, दग्धत्वसामानाधिकरण्येन कथञ्चिद् दह्यमानत्वात् कथञ्चिच्च उपरतदाहत्वात्। अग्रे नवम्यां शाखायां (९/११) चेमौ उपयोक्ष्येते इत्यवधेयम्।

(१) "यदतीतं तदतीतम्, भाविनि लाभे च नास्ति बहुमानः" (कु.म.६४४) इति **कुट्टनीमतो**क्तिः, (२) "ह्यो भुक्तं नाऽद्य तृप्तिकरम्" (स.मा.८/१३४) इति **समयमातृको**क्तिः, (३) "वरमद्य कपोतः, श्वो मयूराद्" (का.सू.१/२) इति **कामसूत्रो**क्तिः, (४) "क्षणं क्षणं यन्नवतामुपैति, तदेव रूपं रमणीयतायाः" (शि.पा.व.४/१७) इति **शिशुपालवधो**क्तिश्च ऋजुसूत्रनयानुकूला इत्यवधेयं नर्ममर्मज्ञैः।

---

હોવાથી અર્થાત્ પાકક્રિયા સંપૂર્ણ થઈ ન હોવાથી તે જ ચોખા વગેરે પદાર્થ पच्यमान = પાકી રહેલા પણ છે - તેવું સિદ્ધ થાય છે. આમ ઋજુસૂત્રનયથી 'पच्यमानः पक्वः' છે. જ્યારે પક્વ કથંચિત્ पच्यमान તથા કથંચિત્ ઉપરતપાક = વિશ્રાન્તપાક છે."

### ✡ दह्यमानं दग्धम् : ઋજુસૂત્રસ્પષ્ટીકરણ ✡

(एते.) **જયધવલા**પ્રબંધની છણાવટ દ્વારા **વિશેષાવશ્યકભાષ્ય**ના એક પ્રબંધની પણ છણાવટ થઈ જાય છે. ત્યાં શ્રી**જિનભદ્ર**ગણિક્ષમાશ્રમણે જમાલિનિહ્નવમતનિરાસ પ્રસંગે જણાવેલ છે કે 'જે બળી રહેલ હોય તે નિયમા બળી ચૂકેલ છે. પરંતુ જે બળી ચુકેલ છે, તે અમુક બળતું હોય તથા અમુક બળી ગયેલ હોય- આવી ભજના છે.' મતલબ કે બળી રહેલ સર્વ પદાર્થમાં અવશ્ય દગ્ધત્વ રહે છે. પરંતુ દગ્ધત્વના અમુક આશ્રય બળતા હોય છે તથા અમુક આશ્રય વિશ્રાન્તદાહવાળા = અતીતદાહવાળા = અતીતકાલાવચ્છેદેન દાહયુક્ત હોય છે. આગળ નવમી શાખાના અગિયારમા શ્લોકમાં ઉપરોક્ત બન્ને ગ્રંથપ્રબંધો ઉપયોગમાં આવવાના છે. આ વાતનો વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલ રાખવો.

### ❋ ઋજુસૂત્રને અનુકૂળ ઉક્તિઓ ❋

("यद.) ઋજુસૂત્રનય માત્ર વર્તમાનકાલીન પોતાની ચીજને જ પારમાર્થિક માને છે. તેથી તેને તેવા પ્રકારની ઉક્તિઓ, કહેવતો, શાસ્ત્રવચનો અનુકૂળ લાગે છે. દા.ત.(૧) 'જે વસ્તુ અતીતકાલીન છે, તે નષ્ટ થઈ ચૂકેલ છે. તથા ભવિષ્યકાલીન લાભ અસત્ હોવાથી તેના વિશે બહુમાન નથી' - આ પ્રમાણે **કુટ્ટનીમત** કાવ્યમાં આવતું **દામોદરગુપ્ત**નું વચન. (૨) 'ગઈકાલે ખાધેલું અન્ન આજે તૃપ્તિને કરતું નથી' - આ મુજબ **સમયમાતૃકા** ગ્રંથનું વચન. (૩) 'કાલે મોર આપો તે કરતાં આજે કબૂતર આપો તે સારું છે' - આવી **કામસૂત્ર**માં **વાત્સ્યાયન**ની ઉક્તિ. (૪) 'ક્ષણે ક્ષણે જે નવીનતાને ધારણ કરે તે જ રમણીયતાનું સ્વરૂપ છે' - આ મુજબ **શિશુપાલવધ**માં **માઘ** કવિની ઉક્તિ. ક્રીડારહસ્યવેત્તાઓએ 'ઉપરોક્ત વચનો ઋજુસૂત્રનયને અનુસરનારા છે' - આ વાત ખ્યાલમાં રાખવી.

---

1. नियमेन दह्यमानं दग्धम्, दग्धं तु भवति भजनीयम्। किञ्चिदिह दह्यमानमुपरतदाहञ्च भवेत्।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'साम्प्रतकालीन-स्वकीयमेकं वस्तु एव परमार्थसत्, स्वकार्यकरणादि'त्यभिप्रायवान् ऋजुसूत्रनय एवमुपदिशति - सत्यामपि आराधनाशक्तौ वर्त्तमानकाले आराधनामकृत्वा अन्यसकाशे अतीतकालीनस्वीयाराधनाविकत्थने अनागतभवकालीनदीक्षाग्रहणादिभावनाप्रकाशने शुष्कभावतः परकीयाऽऽराधनाप्रशंसने वा नाऽऽध्यात्मिकद्वारिद्र्यविगमसम्भवः, अतीताऽनागत-परकीयाराधनायाः साम्प्रतं स्वकार्याऽकरणेन असत्त्वात्। न ह्यतीतानागतपरकीयाराधनातः स्वकीयमोक्षः सम्भवति, अन्यथा इदानीम् अतीताऽनागत-तीर्थङ्कराद्याराधनातोऽस्मदीयापवर्गापत्तेः। अतोऽतीताऽनागतकालीनाराधनाविचारावर्ते न निमज्जनीयम् किन्तु साम्प्रतकाले स्वशक्तिम् अनिगूह्य स्वभूमिकोचितयोगसाधनायां निमज्जनीयम्। एवं परकेन्द्रितविचारधारामपहाय साम्प्रतकालीनस्वकेन्द्रितमीमांसापद्धतिरभ्युपगन्तव्या, यतः साम्प्रतं स्वकीयमेव परमार्थसत्। एतादृशः ऋजुसूत्रोपदेशः समादरणीयः समाचरणीयश्चाऽऽत्मार्थिभिः। ततश्च ऋजुसूत्रनयसम्मता विशुद्धज्ञान-सुखादिपरम्परालक्षणा मुक्तिः **द्वात्रिंशिकाप्रकरणोक्ता** (द्वा.प्र.३१/१९) **नयलतायां** च विवेचिता प्रत्यासन्ना स्यादित्यवधेयम् ।।६/१३।।

## ऋजुसूत्रनयनो आध्यात्मिक उपयोग

[illegible] :- 'वर्तमानकालीन स्वकीय वस्तु ज कायदेसर रीते पोतानुं कार्य करवाथी वास्तविक छे' - आवी ऋजुसूत्रनयनी वात आध्यात्मिक दृष्टिए ए रीते विचारवी के वर्तमानकाळमां तप-त्याग-स्वाध्याय-सेवा करवानी पुष्कळ शक्ति होवा छतां उत्साहपूर्वक साधना करवाना बदले केवळ पोतानी भूतकाळनी साधनानी बडाई हांकवामां आवे अथवा 'आवता भवमां दीक्षा लईश' - तेवी लुखी भावना व्यक्त करवामां आवे के बीजानी आराधनानी फक्त होठथी प्रशंसा करवामां आवे तो तेनाथी आत्मानी आध्यात्मिक दरिद्रता रवाना थई शकती नथी. केम के अतीत, अनागत अने परकीय साधना वर्तमानकाळे आपणुं काम न करवाथी असत् छे. असत् एवी अतीत-अनागत-परकीय साधनाथी आपणो मोक्ष केवी रीते थई शके ? अन्यथा अतीत साधनाथी, अनागत साधनाथी के तीर्थंकर भगवंतोनी (=परकीय) साधनाथी पण हमणां ज आपणो मोक्ष थई जाय. तेथी भूतकाळमां के भविष्यकाळमां खोवाई जवाने बदले वर्तमानकाळमां शक्ति छूपाव्या विना स्वभूमिकाने योग्य साधनामां गळाडूब रहेवुं. तथा परलक्षी विचारधाराने खसेडी आत्मलक्षी विचारधाराने अपनाववी. आ ज वस्तु परमार्थ सत् छे. ऋजुसूत्रनयनो आ उपदेश आदरवा लायक अने अपनाववा लायक छे. तेनाथी ऋजुसूत्रनयसंमत मुक्ति नजीक आवे. ऋजुसूत्रनयमते विशुद्ध ज्ञान-सुख वगेरे पर्यायोनी परंपरा = प्रवाह ए ज मोक्ष छे. आ वात **द्वात्रिंशिकाप्रकरण**मां **महोपाध्यायजी**ए दर्शावेल छे. तथा तेनी **नयलता** व्याख्यामां अमे तेनुं विवेचन पण करेल छे. **(६/१३)**

**શબ્દ પ્રકૃતિ-♦પ્રત્યયાદિકસિદ્ધ માનઈ શબ્દ રે;**
**સમભિરૂઢ વિભિન્ન અર્થક, કહઈં ભિન્ન જ શબ્દ રે ॥૬/૧૪॥ (૮૭) બહુ.**

શબ્દનય તે **પ્રકૃતિ-પ્રત્યયાદિક** વ્યાકરણવ્યુત્પત્તિ **સિદ્ધ શબ્દ માનઈં**. પણિ લિંગ-વચનાદિભેદઈં અર્થનો

---

साम्प्रतं शब्द-समभिरूढनयावाह – '**प्रकृत्यवयवै**'रिति ।

**प्रकृत्यवयवैस्सिद्धं शब्दं शब्दो हि मन्यते ।**
**शब्दभेदेऽर्थभेदं तु समभिरूढसंज्ञकः ।।६/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – प्रकृत्यवयवैस्सिद्धं शब्दं हि शब्दः (=शब्दनयः) मन्यते । समभिरूढ-संज्ञकः (नयः) तु शब्दभेदे अर्थभेदं (मन्यते) ।।६/१४।।

**प्रकृत्यवयवैः** = नाम-धातुलक्षणयोः प्रकृत्योः स्यादि-तिवादिलक्षणैः अवयवैः = प्रत्ययैः व्याकरणव्युत्पत्तिपुरस्कारेण **सिद्धं** = निष्पन्नं विभक्त्यन्तं **शब्दं** = पदं **हि** = एव **शब्दो** नयो **मन्यते** । यथोक्तम् **आलापपद्धतौ कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** च "शब्दाद् = व्याकरणात् प्रकृति-प्रत्ययद्वारेण सिद्धः शब्दः = शब्दनयः" (आ.प.पृ.१८, का.अ.गा.२७५/वृ.पृ.१९८) इति ।

एतन्नये पर्यायशब्दभेदेऽर्थभेदो नाऽनुमतः । तदुक्तं **विनयविजयवाचकैः नयकर्णिकायां** "अर्थं शब्दनयोऽनेकैः पर्यायैरेकमेव च । मन्यते कुम्भ-कलश-घटाद्येकार्थवाचकाः ।।" (न.क.१४) इति । परं लिङ्ग

---

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી શબ્દનયને અને સમભિરૂઢનયને જણાવે છે :-

### ✻ શબ્દ-સમભિરૂઢ નયનું પ્રતિપાદન ✻

**શ્લોકાર્થ** :- પ્રકૃતિના અવયવોથી સિદ્ધ થયેલા શબ્દને શબ્દનય માને છે. સમભિરૂઢ નામનો નય તો શબ્દભેદે અર્થભેદ માને છે. (૬/૧૪)

**વ્યાખ્યાર્થ** :- નામ અને ધાતુ પ્રકૃતિ કહેવાય છે. **સિદ્ધહેમશબ્દાનુશાસન** વ્યાકરણ મુજબ નામને 'सि', 'औ', 'जस्' વગેરે પ્રત્યયો લાગે છે. તથા ધાતુસ્વરૂપ પ્રકૃતિને 'तिव्', 'तस्' વગેરે પ્રત્યયો લાગે છે. આ પ્રત્યયો પ્રકૃતિના અવયવ તરીકે પણ ઓળખાય છે. વ્યાકરણશાસ્ત્રમાં દર્શાવેલ વ્યુત્પત્તિને આગળ કરીને પ્રકૃતિના પ્રત્યયોથી નિષ્પન્ન થયેલ વિભક્તિવાળા પદને જ શબ્દનય સ્વીકારે છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં તથા **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં જણાવેલ છે કે "શબ્દથી અર્થાત્ વ્યાકરણથી પ્રકૃતિ-પ્રત્યય દ્વારા સિદ્ધ = નિષ્પન્ન થયેલ શબ્દને (ગ્રહણ કરવાવાળા નયને) શબ્દનય સમજવો."

### ✡ અર્થભેદક પાંચ તત્ત્વની પ્રરૂપણા ✡

(एतन्न.) શબ્દનયના મતે પર્યાયશબ્દ બદલાય તો અર્થ બદલાય જ - તેવું માન્ય નથી. તેથી તો **વિનયવિજયજી** વાચકે **નયકર્ણિકા** ગ્રંથમાં જણાવેલ છે કે "અનેક પર્યાયવાચી શબ્દોથી શબ્દનય એક જ અર્થને માને છે. જેમ કે કુંભ-કલશ-ઘટ વગેરે શબ્દો એક જ અર્થના વાચક છે." પરંતુ શબ્દના

---

♦ શાં.+મ.માં 'પ્રત્યાદિક' ત્રુટક પાઠ. લી.(૧+૨+૩+૪) + કો.(૧+૧૩) + P(૩)નો પાઠ લીધો છે.

ભેદ માનઈ. જિમ "**तटः, तटी, तटम्**" એ ૩ લિંગભેદઈં અર્થભેદ, તથા "**आपः, जलम्**" ઈહાં એકવચન -બહુવચનભેદઈં અર્થભેદ.

-वचन-काल-कारक-पुरुषभेदैः नियमेनाऽर्थभेदमसौ मन्यते, यथा (१) 'तटः, तटी, तटमि'ति पुं -स्त्री-नपुंसकलिङ्गभेदेऽर्थभेदः, (२) 'आपः, जलमि'त्यादौ बह्वेकवचनभेदेऽर्थभेदः, (३) 'गच्छति, अगच्छत्, गमिष्यति' इत्यादौ कालभेदेऽर्थभेदः, (४) 'घटः, घटं, घटेन, घटाय' इत्यादौ कारकभेदेऽर्थभेदः, (५) 'गच्छामि, गच्छसि, गच्छति' इत्यादौ पुरुषभेदेऽर्थभेद इत्यस्याऽभ्युपगमः।

तदुक्तं **प्रमाणनयतत्त्वालोके स्याद्वादभाषायाञ्च** "कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपद्यमानः शब्दः" (प्र.न.त. ७/३२)। **प्रमाणनयतत्त्वालोके** चाग्रे "यथा बभूव, भवति, भविष्यति सुमेरुरित्यादिः" (प्र.न.त.७/३३) इत्युक्तम्। **प्रमाणमीमांसाकृतो**ऽपि (२/२/७) एवमाशयः।

***एतेन*** [1]"इच्छइ विसेसियतरं पच्चुप्पण्णं णओ सद्दो" (अनु.द्वा.सू.१४५, आ.नि.७५७) इति **अनुयोगद्वारसूत्राऽऽवश्यकनिर्युक्ति**वचनं ***व्याख्यातम्,*** ऋजुसूत्रतः शब्दनये विशेषिततरत्वस्य लिङ्ग -वचन-काल-कारक-पुरुषभेदनियतार्थभेदकत्वाऽपेक्षया, केवलभावनिक्षेपाऽभ्युपगमापेक्षया, स्वपर्यायसद्भाव

(૧) લિંગ, (૨) વચન, (૩) કાળ, (૪) કારક અને (૫) પુરુષ બદલાઈ જાય તો અવશ્ય અર્થ પણ બદલાઈ જાય. અર્થાત્ લિંગાદિના ભેદથી અવશ્ય અર્થભેદ થાય - તેવું શબ્દનય માને છે. જેમ કે (૧) 'तटः, तटी, तटं' પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ બદલાવાથી અર્થ બદલાઈ જાય છે. (૨) 'आपः जलं' ઈત્યાદિ સ્થળમાં બહુવચન અને એકવચન રૂપે વચનભેદ હોવાથી અર્થભેદ થાય છે. (૩) 'જાય છે, ગયો, જશે...' ઈત્યાદિ સ્થળમાં કાળભેદ હોવાથી અર્થભેદ થાય છે. (૪) 'ઘડો, ઘડાને, ઘડાથી, ઘડા માટે' વગેરે સ્થળમાં કારકભેદ હોવાથી અર્થભેદ થાય છે. (૫) 'હું જાઉં છું, તે જાય છે' વગેરેમાં પુરુષભેદથી અર્થભેદ થાય છે. આ પ્રમાણે શબ્દનયનો સિદ્ધાન્ત છે.

(तदुक्तं.) **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં તથા **સ્યાદ્વાદભાષા**માં જણાવેલ છે કે "કાલ વગેરેના ભેદથી શબ્દના અર્થમાં ભેદને સ્વીકારનારા નયને શબ્દનય કહેવામાં આવે છે." **પ્રમાણનયતત્ત્વાલોક**માં આગળ તેના ઉદાહરણરૂપે જણાવેલ છે કે "જેમ કે '(૧) સુમેરુ પર્વત હતો. (૨) સુમેરુ પર્વત છે. (૩) સુમેરુ પર્વત રહેશે......' ઈત્યાદિ વાક્યનો અર્થ જુદો છે - તેવું શબ્દનય માને છે." **પ્રમાણમીમાંસાકાર**નો પણ શબ્દનય અંગે આ જ અભિપ્રાય છે.

## ✡ શબ્દનયની ત્રણ વિશેષતા ✡

(एते.) **અનુયોગદ્વારસૂત્ર**માં તથા **આવશ્યકનિર્યુક્તિ**માં 'વિશેષિતતર પ્રત્યુત્પન્નને = વર્તમાનકાલીન વસ્તુને શબ્દનય માને છે' - આ પ્રમાણે જે જણાવેલ છે તેની પણ સ્પષ્ટતા અમારા ઉપરોક્ત વિવરણથી થઈ જાય છે. મતલબ કે ઋજુસૂત્ર જેમ વર્તમાનકાલીન વસ્તુને માને છે તેમ શબ્દનય પણ અમુક વિશેષતાથી યુક્ત હોય તેવી વર્તમાનકાલીન વસ્તુને માને છે. તે વિશેષતા ત્રણ પ્રકારે છે. (૧) 'લિંગ, વચન, કાલ, કારક, પુરુષ - આ પાંચનો ભેદ થાય એટલે અર્થમાં અવશ્ય ભેદ થઈ જ જાય' - આવી શબ્દનયની

1. इच्छति विशेषिततरं प्रत्युत्पन्नं नयः शब्दः।

-परपर्यायाऽसद्भावाद्यपेक्षया चाऽभ्युपगमात्।

यथोक्तं **विशेषावश्यकभाष्ये** शब्दनयनिरूपणावसरे [1]"तं चिय रिउसुत्तमयं पच्चुप्पन्नं विसेसिययरं सो। इच्छइ भावघडं चिय जं न उ नामादए तिन्नि।।" (वि.आ.भा.२२२८), [2]"अहवा पच्चुप्पन्नो रिउसुत्तस्साऽविसेसिओ चेव। कुम्भो विसेसिययरो सब्भावाईहिं सद्दस्स।।" (वि.आ.भा.२२३१) इति। "स्याद्वाददृष्टं सप्तभेदं घटादिकम् अर्थं यथाविवक्षम् एकेन केनाऽपि भङ्गकेन विशेषिततरम् असौ शब्दनयः प्रतिपद्यते, नयत्वात्, ऋजुसूत्राद् विशेषिततरवस्तुग्राहित्वाच्च। स्याद्वादिनस्तु सम्पूर्णसप्तभङ्ग्यात्मकमपि प्रतिपद्यन्ते" (वि.आ.भा.२२३२ वृ.) इति **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरयः**। ततश्च ऋजुसूत्रनयगोचरस्य साम्प्रतकालीन-स्वकीयार्थस्य समानलिङ्ग-वचन-काल-कारकादिशब्दप्रतिपाद्यत्वे भावनिक्षेपात्मकत्वे सप्तभङ्गान्यतरयुक्तत्वे च शब्दनयग्राह्यत्वमित्याशयः।

---

જે માન્યતા છે તે ઋજુસૂત્રનયની માન્યતા કરતાં તેની વિશેષતા છે. (૨) ઋજુસૂત્રનય નામ-સ્થાપના -દ્રવ્ય-ભાવ ચારેય નિક્ષેપને માને છે. જ્યારે શબ્દનય માત્ર ભાવનિક્ષેપને સ્વીકારે છે. આ અપેક્ષાએ શબ્દનયમાં વિશેષતા છે. તથા (૩) સ્વપર્યાયથી અસ્તિત્વની વિવક્ષા, પરપર્યાયથી નાસ્તિત્વની વિવક્ષા વગેરેની દૃષ્ટિએ પણ શબ્દનયમાં ઋજુસૂત્રવિષય કરતાં વિશેષતા = તફાવત રહેલ છે.

## ❖ ઋજુસૂત્ર-શબ્દનય-પ્રમાણના વિષયની વિચારણા ❖

(**યથો.**) શબ્દનયનું નિરૂપણ કરવાના અવસરે **વિશેષાવશ્યકભાષ્ય**માં **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે જણાવેલ છે કે 'ઋજુસૂત્રસંમત તે જ પ્રત્યુત્પન્ન = વર્તમાનકાલીન વસ્તુને તે શબ્દનય વિશેષસ્વરૂપે ઈચ્છે છે. કેમ કે શબ્દનય ભાવઘટને જ ઈચ્છે છે. નામઘટ, સ્થાપનાઘટ, દ્રવ્યઘટ - આ ત્રણ નિક્ષેપને તે ઈચ્છતો નથી. અથવા વર્તમાનકાલીન ઘટ પદાર્થને ઋજુસૂત્રનય સામાન્યરૂપે જ ઈચ્છે છે. જ્યારે સ્વદ્રવ્યથી સદ્ભાવ વગેરેથી વિવક્ષિત વિશિષ્ટ ઘટ શબ્દનયનો વિષય બને છે.' આ અંગે વધુ સ્પષ્ટતા મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજીએ વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં આ પ્રમાણે જણાવેલ છે કે "સ્યાદ્વાદમાં પ્રસિદ્ધ સપ્તભંગીમાં દર્શાવેલ સાત પ્રકારવાળા ઘટાદિ પદાર્થ છે.વિવક્ષા મુજબ સપ્તભંગીના કોઈ પણ એક ભાંગાથી વિશિષ્ટસ્વરૂપે ઘટાદિ પદાર્થને શબ્દનય સ્વીકારે છે. કારણ કે તે નય છે. (તેથી એકીસાથે સાતેય પ્રકારોથી યુક્ત હોવા સ્વરૂપે વસ્તુનો અંગીકાર શબ્દનય કરતો નથી.) તથા ઋજુસૂત્ર કરતાં વધુ વિશિષ્ટત્વવાળી વસ્તુને તે સ્વીકારે છે. (તેથી સપ્તભંગશૂન્ય અર્થને નહિ, પરંતુ સપ્તભંગીના કોઈ પણ એક ભાંગાથી યુક્ત એવા પદાર્થને શબ્દનય માન્ય કરે છે. જ્યારે ઋજુસૂત્રનય તે સાત ભાંગાની ઉપેક્ષા કરીને સામાન્યરૂપે ચારેય નિક્ષેપમાં રહેલા અર્થને સ્વીકારે છે.) સ્યાદ્વાદીઓ તો સંપૂર્ણ સપ્તભંગીસ્વરૂપ પદાર્થને પણ પોતાના વિષય તરીકે સ્વીકારે છે." તેથી ઉપરોક્ત વિચારવિમર્શથી એવું ફલિત થાય છે કે ઋજુસૂત્રનયનો વિષય વર્તમાનકાલીન સ્વકીય પદાર્થ છે. તે જો સમાન લિંગ-વચન-કાલ-કારકાદિ યુક્ત એવા શબ્દથી વાચ્ય હોય, ભાવનિક્ષેપસ્વરૂપ હોય તથા સપ્તભંગીમાંથી કોઈ પણ એક ભાંગામાં

---

1. तच्चैव ऋजुसूत्रमतं प्रत्युत्पन्नं विशेषिततरं सः। इच्छति भावघटमेव यद् न तु नामादीन् त्रीन्।।

2. अथवा प्रत्युत्पन्नः ऋजुसूत्रस्याऽविशेषित एव। कुम्भो विशेषिततरः सद्भावादिभिः शब्दस्य।।

ऋजुसूत्रनयनई ए ईम कहई जे "कालभेदई अर्थभेद तुं मानई छई, तो लिंगादिभेदई भेद कां न मानई ?"

---

प्रकृते "शपथमभिधानं शप्यते वा यः शप्यते वा येन वस्तु स शब्दः, तदभिधेयविमर्शपरो नयोऽपि शब्द एवेति, स च भावनिक्षेपरूपं वर्त्तमानमभिन्नलिङ्गवाचकं बहुपर्यायमपि च वस्त्वभ्युपगच्छति" (स्था.३/३/१९२, वृ.पृ.२५८) इति **स्थानाङ्गवृत्तिकृद्वचनमनुसन्धेयम्** ।

ऋजुसूत्रनयवादिनं शब्दनयो ह्येवं वक्ति – 'हे ऋजुसूत्रनयवादिन् ! यदि तव मते विगताऽनुत्पन्न-वर्तमानाः घटादयो भिन्नाः, कालभेदात्; तर्हि 'तटः तटी तटम्, आपो जलमि'त्यादौ लिङ्ग-वचन-कारक-पुरुषभेदात् कथं नाऽर्थभेदः सम्मतः ? ततश्च यस्य शब्दस्य लिङ्ग-वचनादयः अभिन्नाः तस्यैवाऽभिन्नार्थकत्वम् । न पुनरेकस्यैवार्थस्य लिङ्गत्रयवृत्तिशब्दवाच्यत्वम्, वचनत्रिकवृत्तिशब्दवाच्यत्वम्, कालत्रितयविशिष्टशब्दाभिधेयत्वम्, कारकषट्कान्वितपदार्थत्वम्, पुरुषत्रिकोपेतपदप्रतिपाद्यत्वं वे'ति शब्दनयाभिप्रायः ।

---

રહેલ હોય તો શબ્દનયનો તે વિષય બને એવો અહીં આશય છે.

### ❖ સ્થાનાંગવૃત્તિકારનું વક્તવ્ય ❖

**(प्रकृ.)** પ્રસ્તુતમાં **સ્થાનાંગવૃત્તિનું** વચન પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં વ્યાખ્યાકારશ્રી **અભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "શપથ એટલે શબ્દ = નામ. (૧) શબ્દ એટલે જ શબ્દનય. અથવા (૨) જે કહેવાય તે શબ્દ. અથવા (૩) જેના વડે વસ્તુ કહેવાય તે શબ્દ. તેથી શબ્દથી પ્રતિપાદન કરવા યોગ્ય એવા અર્થની વિચારણા કરવામાં પરાયણ એવો નય પણ શબ્દ જ કહેવાય છે. તે શબ્દનય ભાવનિક્ષેપસ્વરૂપ વસ્તુને સ્વીકારે છે. શબ્દનયવિષયભૂત વસ્તુ વર્તમાનકાલીન હોય છે. તથા વર્ત્તમાનકાલીન એક જ વસ્તુના વાચક એવા શબ્દના લિંગ (પુલ્લિંગ-સ્ત્રીલિંગ વગેરે) જુદા-જુદા નથી હોતા. શબ્દના લિંગ વગેરે બદલે એટલે અર્થ બદલાઈ જાય. તથા તે એક જ અર્થના વાચક અનેક પર્યાયશબ્દો પણ હોઈ શકે છે." આ વાતનું અહીં અનુસંધાન કરવું.

### ❋ શબ્દનયનો ઋજુસૂત્રને ઠપકો ❋

**(ऋजुसूत्र.)** શબ્દનય ઋજુસૂત્રનયવાદીને આ પ્રમાણે કહે છે કે 'હે ઋજુસૂત્રનયવાદી ! જો અતીત, અનાગત અને વર્તમાન એવા ઘટાદિ પદાર્થ કાળનો ભેદ થવાથી તમારા મતે ભિન્ન હોય તો 'तटः, तटी, तटं', 'आपः, जलं,' વગેરે સ્થળમાં લિંગ, વચન, કારક અને પુરુષના ભેદથી શા માટે અર્થભેદ તમને સંમત નથી ? અર્થાત્ કાળ બદલાય ત્યારે જેમ અર્થ બદલાઈ જાય છે તેમ લિંગ વગેરે બદલાઈ જાય ત્યારે અર્થમાં ભેદ સ્વીકારવો ન્યાયસંગત છે. કેમ કે એક વાતનો સ્વીકાર અને બીજી વાતનો અસ્વીકાર કરવામાં કોઈ નિયામક નથી. તેથી જે શબ્દના લિંગ, વચન વગેરે અભિન્ન હોય તે જ શબ્દનો અર્થ અભિન્ન છે - તેવું માનવું જોઈએ. એક જ અર્થને ત્રણ લિંગવાળા શબ્દથી વાચ્ય માનવો કે એકવચન, દ્વિવચન કે બહુવચનવાળા શબ્દથી વાચ્ય માનવો કે અતીત-અનાગત-વર્ત્તમાનકાળથી વિશિષ્ટ એવા શબ્દનો વિષય માનવો કે છ કારકવાળા શબ્દથી વાચ્ય માનવો કે પ્રથમ પુરુષ, દ્વિતીય પુરુષ, તૃતીય પુરુષવાળા

तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"धणिभेयाओ भेओ त्थी-पुंलिङ्गाभिहाणवच्चाणं। पड-कुंभाणं व जओ तेण भिन्नत्थमिट्ठं तं।।" (वि.आ.भा.२२३४) इति। यादृशो ध्वनिस्तादृश एवार्थोऽस्येष्टः। अन्यलिङ्ग-वचन-कालादिवृत्तेस्तु शब्दस्य नाऽन्यलिङ्गादियुक्तमर्थं वाच्यमिच्छत्यसाविति भावः।

लिङ्गादिपञ्चकस्योपलक्षणात् 'सन्तिष्ठते, अवतिष्ठते' इत्यादौ उपसर्गभेदेन अर्थभेदः, 'पचति, पचते, कथयति, कथयते' इत्यादौ चोपग्रहभेदेन अर्थभेदः शब्दनयसम्मत इति द्रष्टव्यम्। तदुक्तं **श्रीलब्धिसूरिणा तत्त्वन्यायविभाकरे** "काल-कारक-लिङ्ग-सङ्ख्या-पुरुषोपसर्गाणां भेदेन सन्तम् अपि अभेदम् उपेक्ष्य अर्थभेदस्य शब्दप्राधान्यात् प्रदर्शकोऽभिप्रायविशेषः शब्दनयः" (त.न्या.वि.पृ.९३) इति।

तदुक्तं **श्रीशीलाङ्काचार्येण** अपि **सूत्रकृताङ्गसूत्रवृत्तौ** "शब्दनयस्वरूपं तु इदम्, तद् यथा – शब्दद्वारेणैव

---

શબ્દથી પ્રતિપાદ્ય માનવો - આ વાત વ્યાજબી નથી.' આ પ્રમાણે શબ્દનયનો અભિપ્રાય છે.

## ● વિશેષાવશ્યકભાષ્યનો સંવાદ ●

(**तदुक्तं विशे.**) **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે "શબ્દના ભેદથી પટ અને કુંભ વચ્ચે ભેદ છે તેમ સ્ત્રીલિંગ, પુલ્લિંગ વગેરે વિભિન્ન લિંગવાળા શબ્દથી વાચ્ય એવા અર્થમાં પણ ભેદ છે. તેથી ભિન્ન લિંગવાળા શબ્દોના અર્થ ભિન્ન છે - તેવું શબ્દનયને સંમત છે." મતલબ કે શબ્દનય શબ્દપ્રધાન છે. જેવા પ્રકારનો શબ્દ હોય તેવા પ્રકારનો જ અર્થ શબ્દનયને માન્ય છે. અન્યવિધ લિંગ, વચન અને કાળ વગેરેની સાથે સંકળાયેલ શબ્દનો અર્થ તેનાથી જુદા લિંગ, વચન આદિથી યુક્ત હોય તેવું શબ્દનય સ્વીકારતો નથી. આ પ્રમાણે **શ્રીજિનભદ્રગણિ**ક્ષમાશ્રમણજીનું તાત્પર્ય છે.

## ❊ ઉપસર્ગાદિભેદથી અર્થભેદ શબ્દનયસંમત : શ્રીલબ્ધિસૂરિજી ❊

(**लिङ्गा.**) 'લિંગ વગેરે પાંચ તત્ત્વ અર્થભેદક છે' - આવું જે શબ્દનયના અભિપ્રાયથી જણાવેલ છે તે ઉપલક્ષણ હોવાથી ઉપસર્ગ વગેરેના ભેદથી પણ શબ્દનય અર્થભેદને માને છે તેમ સમજી લેવું. 'सन्तिष्ठते' = તે સારી રીતે રહે છે, 'अवतिष्ठते' = તે નીચે તરફ રહે છે - આ મુજબ ઉપસર્ગભેદથી અવશ્ય અર્થભેદ શબ્દનયને માન્ય છે. તે જ રીતે ઉપગ્રહભેદ = આત્મનેપદ-પરસ્મૈપદભેદ હોય તો પણ શબ્દનય અર્થભેદને અવશ્ય સ્વીકારે છે. पचति = બીજા માટે રાંધે છે. पचते = પોતાના માટે રાંધે છે. આ રીતે 'कथयति, कथयते' વગેરે સ્થળે સમજી લેવું. નિમ્નોક્ત બે શાસ્ત્રના સંદર્ભનો ઉપરોક્ત બાબતમાં ટેકો મળે છે. જેમ કે **શ્રીલબ્ધિસૂરિજીએ તત્ત્વન્યાયવિભાકર** ગ્રંથમાં જણાવેલ છે કે 'કાલ, કારક,લિંગ, સંખ્યા, પુરુષ, ઉપસર્ગ - આ છ માં ભેદ થવાથી = ફેરફાર થવાથી, અર્થમાં વિદ્યમાન એવા પણ અભેદની ઉપેક્ષા કરીને, શબ્દને મુખ્ય બનાવીને અર્થમાં ભેદને જણાવનાર વિશેષ પ્રકારનો અધ્યવસાય એટલે શબ્દનય.' અહીં ઉપસર્ગનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

## ⚘ ઉપગ્રહાદિભેદથી અર્થભેદ શબ્દનયસંમત : શ્રીશીલાંકાચાર્યજી ⚘

(**तदु.**) શ્રી**શીલાંકાચાર્યજી**એ પણ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં અંતે જણાવેલ છે કે "શબ્દનયનું સ્વરૂપ આ છે. તે આ મુજબ સમજવું. શબ્દનય શબ્દ દ્વારા = શબ્દને મુખ્ય બનાવવા દ્વારા જ અર્થની પ્રતીતિનો

---

1. ध्वनिभेदाद् भेदः स्त्री-पुंलिङ्गाभिधानवाच्यानाम्। पट-कुम्भानामिव यतस्तेन भिन्नार्थमिष्टं तत्।।

अस्य अर्थप्रतीत्यभ्युपगमाद् लिङ्ग-वचन-साधनोपग्रह-कालभेदाभिहितं वस्तु भिन्नमेव इच्छति" (सू.कृ.श्रु.स्क. २/अ.७/सू.८१/पृ.४२६) इत्यादिकम्।

**षट्खण्डागमधवलावृत्तौ वीरसेनाचार्येण** "शब्दपृष्ठतः अर्थग्रहणप्रवणः शब्दनयः लिङ्ग-सङ्ख्या-काल-कारक-पुरुषोपग्रहव्यभिचारनिवृत्तिपरत्वाद्" (ष.ख.जीवस्थान. पुस्तक-१/१-१-१ ध.पृ.८७) इति व्याख्यातम्। तेनैव **कषायप्राभृतस्य जयधवलावृत्तौ** "शपति = अर्थम् आह्वयति = प्रत्याययति इति शब्दः। लिङ्ग-सङ्ख्या-काल-कारक-पुरुषोपग्रहव्यभिचारनिवृत्तिपरोऽयं नयः" (क.प्रा.पुस्तक-१/गा.१४ ज.ध.पृ.२१३) इत्युक्तम्।

यथोक्तं **सर्वार्थसिद्धौ** अपि "लिङ्ग-सङ्ख्या-साधनादिव्यभिचारनिवृत्तिपरः शब्दनयः" (त.सू.१/३३ स.सि.) इति। **लघीयस्त्रयकारिकायामपि अकलङ्कस्वामिना** "काल-कारक-लिङ्गानां भेदाच्छब्दोऽर्थभेदकृद्" (ल.त्र. का.४४) इति दर्शितम्। तदुक्तं **विद्यानन्दस्वामिना** अपि **तत्त्वार्थश्लोकवार्त्तिके नयविवरणे** "कालादिभेदतोऽर्थस्य भेदं यः प्रतिपादयेत्। सोऽत्र शब्दनयः शब्दप्रधानत्वादुदाहृतः।।" (त.श्लो.वा.न.वि.पृ.२७२) **इति। प्रमेयकमलमार्त्तण्डे प्रभाचन्द्राचार्येणा**ऽपि "काल-कारक-लिङ्ग-सङ्ख्या-साधनोपग्रहभेदाद् भिन्नम् अर्थं शपतीति

---

સ્વીકાર કરે છે. તેથી (૧) લિંગ, (૨) વચન, (૩) સાધન, (૪) ઉપગ્રહ અને (૫) કાળ - આ પાંચમાંથી કોઈ એકનો પણ ભેદ થાય તો તેના દ્વારા જણાવેલ વસ્તુ જુદી જ હોય છે - આમ શબ્દનય માને છે." અહીં લિંગાદિભેદથી અર્થભેદ તો પૂર્વે જણાવી જ ગયેલ છીએ. તેથી ફરીથી તેનું વિશ્લેષણ કરવામાં નથી આવતું. ફક્ત સાધનભેદ એટલે પ્રથમપુરુષ, દ્વિતીય પુરુષ અને તૃતીયપુરુષનો ભેદ સમજવો. मि, सि, ति પ્રત્યય બદલાય એટલે અર્થ બદલાય. આવું શબ્દનયનું તાત્પર્ય છે.

### ❯ દિગંબરમત મુજબ શબ્દનયની પ્રજ્ઞાપના ❯

**(षट्.)** દિગંબર સંપ્રદાયમાં પણ ઉપરોક્ત વાત શબ્દનય અંગે દર્શાવેલ છે. દિગંબરાચાર્ય **વીરસેનજી**એ **ષટ્ખંડાગમ**ની **ધવલા** વ્યાખ્યામાં જણાવેલ છે કે 'શબ્દને ગ્રહણ કર્યા પછી તદનુસાર અર્થને ગ્રહણ કરવામાં કુશળ શબ્દનય છે. કારણ કે તે (૧) લિંગ, (૨) સંખ્યા, (૩) કાળ, (૪) કારક, (૫) પુરુષ, (૬) ઉપગ્રહ - આ છના વિસંવાદની નિવૃત્તિ કરવામાં પરાયણ છે.' મતલબ કે લિંગાદિના ભેદથી અર્થભેદને શબ્દનય માને છે. **કષાયપ્રાભૃત**ની **જયધવલા** વ્યાખ્યામાં પણ **વીરસેનાચાર્ય**એ જ જણાવેલ છે કે 'જે પદાર્થને બોલાવે = કહે = જણાવે તે શબ્દનય છે. તે (૧) લિંગ, (૨) સંખ્યા, (૩) કાલ,(૪) કારક,(૫) પુરુષ અને (૬) ઉપગ્રહ - આ છ ના વ્યભિચારને = વિસંવાદને = ફેરફારને દૂર કરવામાં પરાયણ છે.' આનો અર્થ પૂર્વવત્ સમજવો.

**(यथो.)** દિગંબરીય **સર્વાર્થસિદ્ધિ** ગ્રંથમાં જણાવેલ છે કે "લિંગ, સંખ્યા, સાધન વગેરેના વ્યભિચારને રવાના કરવામાં શબ્દનય તત્પર છે." વ્યભિચાર = ફેરફાર. મતલબ કે એક જ અર્થના વાચક એવા શબ્દના લિંગ વગેરેમાં થતો ફેરફાર શબ્દનયને માન્ય નથી. **લઘીયસ્ત્રયકારિકા**માં પણ દિગંબર આચાર્ય **અકલંકસ્વામી**એ જણાવેલ છે કે "કાળ, કારક, લિંગના ભેદથી શબ્દનય અર્થમાં ભેદ કરે છે." **તત્ત્વાર્થશ્લોકવાર્ત્તિક**માં **નયવિવરણ** પ્રકરણમાં દિગંબર આચાર્ય **વિદ્યાનંદસ્વામી**એ જણાવેલ છે કે "કાળ વગેરેના ભેદથી અર્થના ભેદનું જે નય પ્રતિપાદન કરે તે નય અહીં શબ્દનય તરીકે કહેવાયેલ છે. કારણ કે તે નય શબ્દને મુખ્ય બનાવે છે." **પ્રમેયકમલમાર્તંડ** ગ્રંથમાં દિગંબરાચાર્ય **પ્રભાચંદ્ર** પણ જણાવે

शब्दो नयः" (प्र.क्र.मा.पृ.२०६) इत्युक्तम्।

***यद्यपि*** शब्दनयस्य न शब्दप्रधानत्वम्, अन्यथा पर्यायशब्दभेदेऽपि तन्मते अर्थभेद आपद्येत ***तथापि*** शब्दगतकालादौ शब्दोपचारादत्र शब्दप्रधानत्वमुदाहृतमित्यवधेयम्।

**नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च "[1]जो वट्टणं ण मण्णइ एयत्थे भिन्नलिंगआइणं। सो सद्दणओ भणिओ णेओ पुंसाइयाण जहा।। [2]अहवा सिद्धे सद्दे कीरइ जं किंपि अत्थववहारं। तं खलु सद्दे विसयं देवो सद्देण जह देवो।।" (न.च.४०-४१, द्र.स्व.प्र.२१२-२१३) इत्युक्तम्। अत्र कल्पान्तरे शब्दे सिद्धे = व्याकरण-व्युत्पत्तिसिद्धे सति तेन अर्थव्यवहारं शब्दनयः करोतीत्युक्त्या डित्थ-डवित्थादिशब्दैरर्थव्यवहारं शब्दनयो नाऽभ्युपैतीति सूचितं **देवसेन-माइल्लधवलाभ्यामित्यवधेयम्**।

"अयम् अपि अर्थ-व्यञ्जनपर्यायोभयरूपस्य वस्तुनः व्यञ्जनपर्यायस्य एव समाश्रयणाद् मिथ्यादृष्टिः" (सू.कृ.श्रु.स्क.२/अ.७/सू.८१/पृ.४२७) इति **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्यः**।

---

છે કે "(૧) કાલ, (૨) કારક, (૩) લિંગ, (૪) સંખ્યા, (૫) સાધન, (૬) ઉપગ્રહ - આ છ ના ભેદથી અર્થને ભિન્ન જણાવે તે શબ્દનય કહેવાય છે."

**(યદ્ય.)** જો કે શબ્દનય શબ્દને મુખ્ય નથી બનાવતો. બાકી તો પર્યાયવાચી શબ્દ બદલાય તો પણ શબ્દનયના મતે અર્થ બદલાઈ જવાની આપત્તિ આવે. પરંતુ શબ્દના કાળ, લિંગ વગેરેને જ તે મુખ્ય બનાવે છે. તેમ છતાં પણ શબ્દગત કાળ, લિંગ વગેરેમાં શબ્દનો અભેદ ઉપચાર કરીને પ્રસ્તુતમાં શબ્દનયને શબ્દપ્રધાન કહેવામાં આવેલ છે.

### ❋ શબ્દનય અંગે બે મંતવ્ય ❋

**(નયચ.) નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "જે નય એક જ અર્થમાં ભિન્ન લિંગવાળા શબ્દોની પ્રવૃત્તિનો સ્વીકાર કરતો નથી તે શબ્દનય તરીકે કહેવાય છે. જેમ કે પુલ્લિંગવાળો 'तटः' શબ્દ અને સ્ત્રીલિંગવાળો 'तटी' શબ્દ અને નપુંસકલિંગવાળો 'तटं' શબ્દ - આ ત્રણેયના અર્થમાં ભેદ છે. અથવા વ્યાકરણ આદિથી સિદ્ધ એવા શબ્દમાં જે કાંઈ અર્થનો વ્યવહાર થાય તે ખરેખર, શબ્દનયનો વિષય બને. જેમ કે 'દેવ' શબ્દથી દિવ્યક્રિયા કરનાર વ્યક્તિ ઓળખાવાય છે." ઉપરોક્ત બન્ને ગ્રંથમાં અથવા કહેવા દ્વારા શબ્દનય અંગે જે બીજો વિકલ્પ દર્શાવેલ છે તેનું તાત્પર્ય એ છે કે 'જો શબ્દ વ્યાકરણની વ્યુત્પત્તિથી સિદ્ધ થયેલો હોય તો જ તેવા શબ્દ દ્વારા અર્થનો વ્યવહાર શબ્દનય કરે છે.' અહીં **દેવસેનજીએ માઈલ્લ ધવલજીએ** એવું સૂચિત કરેલ છે કે ડિત્થ, ડવિત્થ વગેરે શબ્દો દ્વારા કોઈ પણ અર્થનો વ્યવહાર શબ્દનય સ્વીકારતો નથી. આ વાતને ધ્યાનમાં રાખવી.

### ❋ શબ્દનય મિથ્યાદૃષ્ટિ ❋

**("અય.)** 'આ શબ્દનય પણ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે અર્થપર્યાય અને વ્યંજનપર્યાય ઉભયસ્વરૂપ વસ્તુ હોવા છતાં તે વસ્તુના વ્યંજનપર્યાયને = શબ્દવાચ્ય પરિણામને જ ગ્રહણ કરે છે' - આ પ્રમાણે

---

1. यो वर्तनं न मन्यते एकार्थे भिन्नलिङ्गादीनाम्। स शब्दनयो भणितः ज्ञेयः पुमादिकानां यथा।।
2. अथवा सिद्धे शब्दे क्रियते यत् किमपि अर्थव्यवहरणम्। स खलु शब्दे विषयः (देवः?) देवशब्देन यथा देवः।।

**સમભિરૂઢનય ઇમ કહઈ જે "ભિન્ન શબ્દ ભિન્નાર્થક જ હોઈ."**

अष्टममाह - **समभिरूढसंज्ञको** नयः **तु** शब्दवृत्तिलिङ्ग-वचनादिभेदे इव **शब्दभेदे** सत्यपि **अर्थभेदम्** एव **मन्यते**, संज्ञान्तरवैमुख्येन तत्तच्छब्दवाच्यार्थविशेषसमभिरोहणात्। "तु विशेषेऽवधारणे" (अ.स.परिशिष्ट-१३) इति पूर्वोक्त(१/३ + ६/१०)रीत्या **अनेकार्थसङ्ग्रहा**नुसारेण तुः शब्दनयाऽपेक्षया विशेषद्योतनार्थम्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"जं जं सण्णं भासइ तं तं चिय समभिरोहए जम्हा। सण्णंतरविमुहो तओ तओ समभिरूढो त्ति।।" (वि.आ.भा.२२३६) इति। तदुक्तं **प्रमाणनयतत्त्वालोके** "पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं समभिरोहन् समभिरूढः (प्र.न.त.७/३६)। इन्दनादिन्द्रः, शकनाच्छक्रः, पूर्दारणात् पुरन्दर इत्यादिषु यथा" (प्र.न.त.७/३७) इति। ततश्च शब्दनयमते कलत्र-पत्नीप्रमुखशब्दानामिव इन्द्र-शक्र-पुरन्दरादिशब्दानामपि वाच्यार्थो भिन्न एवैतन्मते।

तदुक्तं **स्थानाङ्गसूत्रवृत्तौ** "वाचकं वाचकं प्रति वाच्यभेदं समभिरोहति आश्रयति यः स समभिरूढः।

**સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં શ્રી**શીલાંકાચાર્યજી** ફરમાવે છે.

### ❊ સમભિરૂઢનયનું પ્રકાશન ❊

(अष्ट.) ગ્રંથકારશ્રી સમભિરૂઢનયનું પ્રતિપાદન કરે છે. દિગંબર સંપ્રદાય મુજબ સમભિરૂઢનય આઠમો છે. જેમ શબ્દનય શબ્દના લિંગ, વચન વગેરે બદલાઈ જાય તો અર્થભેદ માને છે, તેમ શબ્દ બદલાઈ જાય તો પણ સમભિરૂઢનય અર્થને જુદો જ માને છે. કારણ કે એક અર્થની એક જ સંજ્ઞા સમભિરૂઢનય સ્વીકારે છે. એક જ અર્થની બીજી સંજ્ઞા (= પર્યાય શબ્દ) સ્વીકારવા માટે સમભિરૂઢ તૈયાર નથી. આ રીતે પર્યાયશબ્દથી પરાઙ્મુખ થઈને તે તે શબ્દના વિશેષ પ્રકારના વાચ્યાર્થમાં સમ્યક્ રીતે (= सम्) સામે ચાલીને (= अभि) આરૂઢ (= रूढ) થવાથી સમભિરૂઢનય શબ્દભેદે અર્થભેદને માને છે. વિશેષ, અવધારણ વગેરે 'तु' ના અર્થ **અનેકાર્થસંગ્રહ**માં જણાવેલ છે. પૂર્વે (૧/૩ + ૬/૧૦) જણાવેલ પ્રસ્તુત સંદર્ભ મુજબ શબ્દનય કરતાં સમભિરૂઢમાં વિશેષતા જણાવવા માટે 'तु' મૂળ શ્લોકમાં જણાવેલ છે. આ વિશેષતાને દર્શાવતા **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "વક્તા જે જે શબ્દને બોલે તે જ શબ્દ ઉપર જે નય અન્ય-પર્યાયશબ્દથી વિમુખ થઈને આરૂઢ થાય છે તે કારણે તે નય સમભિરૂઢ કહેવાય છે." **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં જણાવેલ છે કે "નિરુક્તિ = વ્યુત્પત્તિ બદલાઈ જવાથી પર્યાયશબ્દોના અર્થ બદલાય છે - તેવું સ્વીકારનાર નય સમભિરૂઢનય કહેવાય છે. જેમ કે ઈન્દ્ર, શક્ર અને પુરંદર વગેરે શબ્દના અર્થ જુદા જ છે. ઐશ્વર્યના ભોગવટા સ્વરૂપ ઈંદન ક્રિયાના લીધે ઈન્દ્ર કહેવાય. નવી-નવી શક્તિથી યુક્ત હોવાથી શક્ર કહેવાય. પુર નામના રાક્ષસને ફાડેલ હોવાથી પુરંદર કહેવાય છે. આ રીતે શબ્દની વ્યુત્પત્તિ બદલાઈ જવાથી પર્યાયવાચી શબ્દોના અર્થ બદલાય છે." તેથી જેમ શબ્દનયના મતે કલત્ર, પત્ની વગેરે શબ્દના અર્થ જુદા જુદા હોય છે તેમ ઈન્દ્ર, શક્ર, પુરંદર વગેરે શબ્દના પણ અર્થ સમભિરૂઢનયના મતે ભિન્ન જ હોય છે.

(तदु.) **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં આ જ બાબતને સ્પષ્ટ કરતાં શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ

1. यां यां संज्ञां भाषते तामेव समभिरोहति यस्मात्। संज्ञान्तरविमुखस्ततः सकः समभिरूढः।।

स ह्यनन्तरोक्तविशेषणस्यापि वस्तुनः शक्र-पुरन्दरादिवाचकभेदेन भेदमभ्युपगच्छति घट-पटादिवद्" (स्था.३/३/१९२, वृ.पृ.२५८) इति। "निरुक्तिभेदजन्यभिन्नपर्यायवाचकशब्दात् पदार्थनानात्वनिरूपकः समभिरूढः" (प्र.मी. २/२/८) इति **प्रमाणमीमांसाकृतः**। "पर्यायध्वनिभेदाद् अर्थनानात्वनिरूपकः समभिरूढः" (स्या.भा.पृ.३) इति **स्याद्वादभाषाकारः**। **जैनतर्कभाषायां** महोपाध्यायश्री**यशोविजय**गणिवरैरपि "पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नम् अर्थं समभिरोहन् समभिरूढः" (जै.त.भा.पृ.२२) इत्युक्तम्।

तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"सद्दारूढो अत्थो अत्थारूढो तहेव पुण सद्दो। भणइ इह समभिरूढो जह इंद पुरंदरो सक्को।।" (न.च.४१, द्र.स्व.प्र.२१४) इति।

प्रकृते समभिरूढस्य द्वौ स्वरूपविशेषौ लभ्येते। तथाहि – (१) अनेकार्थकशब्दस्थले मुख्यतया रूढमेकमर्थमङ्गीकृत्य शेषान् अर्थान् परित्यज्य रूढार्थे शब्दसमभिरोहणाद् अर्थारूढः समभिरूढ

છે કે "પ્રત્યેક શબ્દના જુદા-જુદા અર્થનો આશ્રય જે નય કરે તે સમભિરૂઢનય કહેવાય. તેનું મંતવ્ય એવું છે કે લિંગ-વચન-વિભક્તિ વગેરે સમાન હોય તેવા જ શબ્દ દ્વારા ઓળખાવી શકાય તેવી વસ્તુ એક હોય - તેવી શબ્દનયની વાત સાચી છે. પરંતુ તે વસ્તુને દર્શાવનાર શબ્દ જો બદલાઈ જાય તો પણ તે શબ્દ દ્વારા જણાવાતો પદાર્થ અવશ્ય બદલાઈ જાય છે. જેમ ઘટ, પટ વગેરે શબ્દો જુદા છે તો તેના અર્થ પણ જુદા છે. તેમ શક્ર, પુરન્દર વગેરે શબ્દો જુદા છે. તેથી તેના અર્થ પણ જુદા જ હોય." મતલબ કે કોઈ પણ બે શબ્દના અર્થ સમાન ન જ હોય. **પ્રમાણમીમાંસામાં શ્રીહેમચન્દ્રસૂરિજીએ** જણાવેલ છે કે 'નિરુક્તિ = શબ્દવ્યુત્પત્તિ બદલવાથી અલગ-અલગ પર્યાયના વાચક એવા શબ્દોની નિષ્પત્તિ થાય છે. તેવા શબ્દના આધારે પદાર્થ પણ બદલાય છે. આવું નિરૂપણ સમભિરૂઢનય કરે છે.' **સ્યાદ્વાદભાષામાં શુભવિજયજીએ** પણ દર્શાવેલ છે કે 'પર્યાયધ્વનિના ભેદથી અર્થમાં ભેદની પ્રરૂપણા કરે તે સમભિરૂઢનય.' **મહોપાધ્યાય શ્રીયશોવિજયગણિવરે** પણ **જૈનતર્કભાષામાં** જણાવેલ છે કે 'પર્યાયવાચી શબ્દોમાં વ્યુત્પત્તિ બદલાય એટલે જુદા અર્થ ઉપર સવાર થાય, આરૂઢ થાય તે સમભિરૂઢ.' મતલબ કે પર્યાયવાચક શબ્દ સમભિરૂઢનયને માન્ય નથી.

### ❋ સમભિરૂઢ : અર્વાચીન દિગંબરસમ્પ્રદાયની દૃષ્ટિએ ❋

(तदुक्तं नय.) **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "શબ્દ ઉપર અર્થ આરૂઢ થાય છે. તે જ રીતે અર્થ ઉપર શબ્દ આરૂઢ થાય છે. આ પ્રમાણે જે કહે તે સમભિરૂઢનય છે. જેમ કે ઈન્દ્ર, પુરંદર, શક્ર - આ ત્રણેય શબ્દના અર્થ જુદા છે."

### ❋ સમભિરૂઢનયની બે વિશેષતા ❋

(प्रकृते.) પ્રસ્તુતમાં સમભિરૂઢનયની બે વિશેષતા **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથ દ્વારા જાણવા મળે છે. તે આ રીતે (૧) અનેકાર્થકશબ્દસ્થળે શબ્દના અન્ય અનેક અર્થોને છોડી કોઈ એક અર્થમાં મુખ્યપણે રૂઢ સ્વરૂપે શબ્દનો સ્વીકાર કરે છે તે સમભિરૂઢનય કહેવાય છે. જેમ કે 'ગો' શબ્દના ગાય, વાણી, ભૂમિ, કિરણ વગેરે અનેક અર્થ શબ્દકોષમાં પ્રસિદ્ધ છે. પરંતુ સમભિરૂઢનય વાણી, ભૂમિ વગેરે

1. शब्दारूढोऽर्थोऽर्थारूढस्तथैव पुनः शब्दः। भणति इह समभिरूढो यथा इन्द्रः पुरन्दरः शक्रः।।

उच्यते, यथा भाषा-भूमि-भानुप्रभृतिनानार्थान् विहाय सास्नादिमन्तं पशुविशेषं प्रकरणाद्यनुसारेण गोशब्दवाच्यतयाऽयमङ्गीकरोति। (२) नानापर्यायशब्दस्थले च विवक्षितक्रियावाचकं शब्दम् अभिमतार्थविशेषेऽङ्गीकृत्याऽवशिष्टशब्दान् अभिमतार्थवाचकतया परित्यज्य प्रातिस्विकशब्देऽभिमतार्थसमभिरोहणात् शब्दारूढः समभिरूढ उच्यते, यथा इन्द्र-शक्र-पुरन्दरादिशब्दानां स्वर्गस्वामिवाचकतया प्रसिद्धत्वेऽपि शक्रादिशब्दान् विहाय इन्दनक्रियोपेतस्वर्गस्वामिवाचकतया इन्द्रशब्दमेवायमभ्युपगच्छतीति।

तदुक्तं **जयधवलायाम्** अपि "नानाऽर्थसमभिरोहणात् समभिरूढः, इन्दनादिन्द्रः, शकनाच्छक्रः, पूर्दारणात् पुरन्दरः" (ज.ध.भाग-१ पृष्ठ-२१७) इति। तदुक्तं **सर्वार्थसिद्धौ** अपि "नानार्थसमभिरोहणात् समभिरूढः" (स.सि.१/३३) इति। यथोक्तं **तत्त्वार्थराजवार्त्तिके**ऽपि "यतो नानार्थान् समतीत्य एकमर्थं आभिमुख्येन रूढः = समभिरूढः" (त.सू.१/३३ रा.वा.) इति। तदुक्तम् **अकलङ्केनैव लघीयस्त्रयकारिका**यामपि "पर्यायभेदादभिरूढोऽर्थभेदकृद्" (ल.त्र.का.७२) इति। यथोक्तं **विद्यानन्दस्वामिना** अपि **तत्त्वार्थश्लोकवार्त्तिके नयविवरणे** "पर्यायशब्दभेदेन भिन्नार्थस्याधिरोहणात्। नयः समभिरूढः स्यात् पूर्ववच्चास्य निश्चयः।।" (त.श्लो.वा.१/३३

---

અર્થોને છોડી, પ્રકરણ વગેરે મુજબ ગાય સ્વરૂપ રૂઢ = પ્રસિદ્ધ અર્થમાં જ 'गो' શબ્દને સારી રીતે આરૂઢ કરે છે. આ ઉદાહરણ શબ્દને અર્થારૂઢ માનનાર સમભિરૂઢનયનું છે. (૨) એક અર્થના અનેક પર્યાયવાચી શબ્દો શબ્દકોષમાં પ્રસિદ્ધ હોય તેવા સ્થળે અનેક પર્યાયવાચી શબ્દોમાંથી વિવક્ષિત ક્રિયાને બતાવનાર ચોક્કસ શબ્દમાં તે અર્થને રૂઢ કરવાનું સ્વીકારી, બાકીના શબ્દોનો વિવક્ષિતક્રિયાયુક્ત અર્થના વાચક તરીકે ત્યાગ કરી, ચોક્કસ શબ્દમાં અભિમત અર્થને સારી રીતે આરૂઢ કરનાર હોવાથી આ બીજો ભેદ શબ્દઆરૂઢ સમભિરૂઢનય કહેવાય. સમભિરૂઢનયની આ બીજી વિશેષતા છે. જેમ કે ઈન્દ્ર, શક્ર, પુરંદર - આ ત્રણ શબ્દ સ્વર્ગના સ્વામીના વાચક છે. તથા ત્રણેય શબ્દ પુલ્લિંગવાળા જ છે. તેમ છતાં ત્રણેય શબ્દ, તેના મતે, વિભિન્ન અર્થના વાચક છે. તેથી ઐશ્વર્ય ભોગવનાર તરીકે સ્વર્ગના સ્વામીનો ઉલ્લેખ કરવાનું જ્યાં અભિપ્રેત હોય ત્યાં તે ફક્ત 'ઈન્દ્ર' શબ્દનો જ પ્રયોગ કરે છે. સ્વર્ગના સ્વામીને દર્શાવનારા શક્ર, પુરંદર, શતક્રતુ, આખણ્ડલ વગેરે શબ્દનો તેવા સ્થળે પ્રયોગ કરવો સમભિરૂઢને માન્ય નથી. આ રીતે અર્થને ચોક્કસ શબ્દમાં આરૂઢ કરવાનું કામ તે કરે છે.

## સમભિરૂઢનય : પ્રાચીન દિગંબરસંપ્રદાયની દૃષ્ટિએ

(**तदुक्तं जय.**) **જયધવલા** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "(જુદા જુદા શબ્દને) જુદા જુદા અર્થમાં આરૂઢ કરવાના કારણે સમભિરૂઢનય કહેવાય છે. જેમ કે ઈંદન ક્રિયા કરે તે ઈન્દ્ર, સમર્થ હોય તે શક્ર, પુર નામના રાક્ષસને ફાડે તે પુરંદર. આ રીતે શબ્દભેદે ભિન્ન અર્થ ઉપર આરૂઢ થવાથી સમભિરૂઢનય કહેવાય છે." **સર્વાર્થસિદ્ધિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "શબ્દભેદે ભિન્ન અર્થ ઉપર આરૂઢ થવાથી સમભિરૂઢ નય કહેવાય છે." **તત્ત્વાર્થરાજવાર્તિક** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "શબ્દના અનેક અર્થોને છોડીને પ્રસિદ્ધ એક અર્થને અભિમુખ થવા દ્વારા રૂઢ હોવાથી સમભિરૂઢનય કહેવાય." **અકલંકસ્વામી**એ જ **લઘીયસ્ત્રયકારિકા**માં પણ જણાવેલ છે કે "પર્યાયશબ્દના ભેદથી અર્થભેદ કરનારો નય અભિરૂઢ = સમભિરૂઢનય છે." **વિદ્યાનંદસ્વામી**એ પણ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં **નયવિવરણ**માં જણાવેલ છે કે "પર્યાયશબ્દ બદલાય એટલે

✡શબ્દનયનઈં એ ઈમ કહઈં, જે- "જો તું ❋લિંગાદિભેદઈં અર્થભેદ માનઈં છઈં, તો શબ્દભેદઈં અર્થભેદ કાં ન માનઈં ?" તે માટઈં ઘટશબ્દાર્થ ભિન્ન કુંભશબ્દાર્થ ભિન્ન ઈમ એ માનઈં.

---

न.वि. ९०) इति। **कार्त्तिकेयानुप्रेक्षाव्याख्याकारस्य** (गा.२७६) अप्यत्रैवमेवाऽभिप्रायः।

समभिरूढनयो हि शब्दनयमेवं वक्ति – 'हे शब्दनयवादिन् ! यदि लिङ्ग-वचन-कालादिभिन्नानां पत्नी-कलत्रादिशब्दवाच्यानामिवाऽर्थानां ध्वनिभेदात् तव भेदोऽनुमतः तर्हि घट-कुट-कुम्भादि-शब्दवाच्यानामर्थानां भेदः किमिति नेष्टः ? ध्वनिभेदस्योभयत्र तुल्यत्वात्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"धणिभेयाओ भेओऽणुमओ जइ लिंग-वयणभिन्ना। घड-पडवच्चाणं पिव घड-कुडवच्चाण किमणिट्ठो ?।।" (वि.आ.भा.२२४०) इति।

पर्यायशब्दभेदेऽप्यर्थाऽभेदे लिङ्गादिभेदेऽपि अर्थभेदो न स्यात्। तदुक्तं **विनयविजयो**पाध्यायेन **नयकर्णिका**यां "ब्रूते समभिरूढोऽर्थं भिन्नं पर्यायभेदतः। भिन्नार्थाः कुम्भ-कलश-घटा घट-पटादिवत्।। (न.क.१५) यदि पर्यायभेदेऽपि न भेदो वस्तुनो भवेत्। भिन्नपर्याययोर्न स्यात् स कुम्भ-पटयोरपि।।" (न.क.१६) इति। तस्माद् घटशब्दाभिधेयार्थभिन्न एव कुम्भ-कुट-कलशादिशब्दवाच्यार्थः स्वीकर्तव्यः। ततश्च समभिरूढनयमते

---

જુદા અર્થમાં આરૂઢ થવાના કારણે આ નય સમભિરૂઢનય બને છે. કાળાદિભેદથી અર્થભેદ માનનાર શબ્દનયની જેમ પર્યાયશબ્દભેદથી અર્થ બદલાય જ છે - આવો નિશ્ચય સમભિરૂઢનય સ્વરૂપ છે." **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યાકાર શુભચન્દ્રજી**નો પણ પ્રસ્તુતમાં સમભિરૂઢ માટે આ મુજબ જ અભિપ્રાય છે.

## ❀ સમભિરૂઢનો શબ્દનયને ઉપાલંભ ❀

**(समभिरूढ.)** સમભિરૂઢનય શબ્દનયને આ પ્રમાણે કહે છે કે 'હે શબ્દનયવાદી ! લિંગ, વચન, કાળ વગેરે બદલાવાથી પત્ની, કલત્ર વગેરે શબ્દોના અર્થ તમારા મતે બદલાઈ જાય છે, તો ઘટ, કુટ, કુંભ વગેરે શબ્દોના વાચ્યાર્થમાં ભેદ શા માટે તમે નથી માનતા ? કારણ કે પત્ની, કલત્ર વગેરે શબ્દો જેમ જુદા છે, તેમ ઘટ, કુટ, કુંભ વગેરે શબ્દો પણ જુદા જ છે. શબ્દભેદ બન્ને સ્થળે સમાન હોવાથી બન્ને સ્થળે અર્થભેદ સ્વીકારવો વ્યાજબી છે.' **વિશેષાવશ્યકભાષ્ય**માં પણ જણાવેલ છે કે "જો ભિન્ન લિંગવાળા અને ભિન્ન વચનવાળા શબ્દના ભેદથી અર્થમાં ભેદ (શબ્દનયને) અભિમત હોય તો ઘટ, વસ્ત્ર વગેરે શબ્દના અર્થની જેમ ઘટ અને કુટ વગેરે શબ્દના અર્થમાં ભેદ શા માટે ઈષ્ટ ન હોય ?"

## 卐 પર્યાયવાચી શબ્દ ગેરહાજર : સમભિરૂઢ 卐

**(पर्याय.)** જો પર્યાયશબ્દ બદલાય તેમ છતાં અર્થ બદલાતો ન હોય તો શબ્દના લિંગ વગેરે બદલાય છતાં અર્થમાં ભેદ થઈ ન શકે. તેથી ઉપાધ્યાય શ્રી**વિનયવિજયજી**એ **નયકર્ણિકા** ગ્રંથમાં જણાવેલ છે કે "પર્યાયશબ્દના ભેદથી અર્થ પણ ભિન્ન બની જાય છે. આ પ્રમાણે સમભિરૂઢનય કહે છે. જેમ ઘટ અને પટ શબ્દના અર્થ જુદા છે, તેમ કુંભ, કલશ અને ઘટ શબ્દના અર્થ પણ ભિન્ન જ છે. જો પર્યાયશબ્દો બદલાવા છતાં વસ્તુનો ભેદ ન થતો હોય તો ભિન્નશબ્દવાચ્ય એવા કુંભ અને પટ વચ્ચે પણ ભેદ નહીં

---

✡ આ.(૧)માં 'સમભિરૂઢ નૈગમને' પાઠ. ❋ લી.(૧)માં 'પુંલિ...' પાઠ.

1. ध्वनिभेदाद् भेदोऽनुमतो यदि लिङ्ग-वचनभिन्नानाम्। घट-पटवाच्यानामिव घट-कुटवाच्यानां किमनिष्टः?।।

એકાર્થપણું પ્રસિદ્ધ છઈં, તે [♦]શબ્દાદિનયની વાસના થકી.॥૬/૧૪॥

न कश्चित् पर्यायशब्दो जगति विद्यत इति सिद्धम्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"घड-कुडसद्दत्थाणं जुत्तो भेओऽभिहाणभेआओ। घड-पटसद्दत्थाण व तओ न पज्जायवयणं ति।।" (वि.आ.भा.२२३९) इति।

***न चैवं*** पर्यायवचनस्यैवाऽसत्त्वे कथं जगति घट-कुम्भादिशब्दानामेकार्थतायाः प्रसिद्धिरिति ***शङ्कनीयम्***, शब्दादिनयाऽऽहितवितथवासनाविलासवशादेव तस्याः प्रसिद्धेरिति नैकार्थवाचका अनेकाः शब्दाः, न वैकशब्दवाच्या नाना अर्थाः इति समभिरूढनयमन्तव्यमूहनीयमागमानुसारेण मनीषिभिः।

"अयम् अपि मिथ्यादृष्टिः, पर्यायाऽभिहितधर्मवद्वस्तुनः अनाश्रयणात्, गृहीतप्रत्येकावयवान्धहस्तिज्ञानवद्" (सू.कृ.२/७/८१/पृ.४२७) इति **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्यः**।

થઈ શકે." તેથી ઘટ શબ્દના વાચ્યાર્થ કરતાં કુટ, કલશ વગેરે શબ્દનો વાચ્યાર્થ ભિન્ન જ છે - તેવું સ્વીકારવું જોઈએ, એવું સમભિરૂઢનું માનવું છે. આ કારણસર સમભિરૂઢનયના મતે દુનિયામાં કોઈ પણ પર્યાયવાચી શબ્દ હોતો નથી - તેવું સિદ્ધ થાય છે. આ બાબતને દર્શાવવા માટે **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે "ઘટ અને કુટ શબ્દના અર્થમાં ભેદ માનવો યુક્તિસંગત છે. કારણ કે ઘટ અને કુટ શબ્દ જુદા છે. જેમ ઘટ અને પટ શબ્દ જુદા હોવાથી તેના અર્થ જુદા છે, તેમ ઘટ અને કુટ શબ્દો જુદા હોવાથી તેના અર્થ જુદા છે - એવું સિદ્ધ થાય છે. તેથી એક પણ પર્યાયવાચી શબ્દ વિશ્વમાં વિદ્યમાન નથી."

[illegible] :- (न चै.) જો તમારા જણાવ્યા મુજબ પર્યાયવાચી શબ્દ દુનિયામાં હોય જ નહિ તો 'ઘટ, કુંભ, કુટ, કલશ વગેરે શબ્દોના અર્થ એક જ છે' - આવી પ્રસિદ્ધિ જગતમાં કઈ રીતે સંભવે ?

### મિથ્યાસંસ્કારવશ એકાર્થક શબ્દની પ્રસિદ્ધિ

[illegible] :- (**शब्दा.**) વાસ્તવમાં એક જ અર્થને જણાવનારા બે જુદા જુદા શબ્દો વિશ્વમાં વિદ્યમાન નથી. તેમ છતાં શબ્દનય, ઋજુસૂત્રનય વગેરે દ્વારા ઉભા કરાયેલા ખોટા સંસ્કારોના પ્રભાવથી જ 'ઘટ, કુટ, કુંભ, કલશ વગેરે શબ્દો એકાર્થક છે' - આવી પ્રસિદ્ધિ વિશ્વમાં ફેલાયેલી છે. આ પ્રમાણે સમભિરૂઢ નયના મતે કોઈ પણ એક અર્થના વાચક અનેક શબ્દ નથી. તથા કોઈ પણ એક શબ્દના અનેક વાચ્યાર્થ નથી. પંડિતોએ આગમ અનુસાર સમભિરૂઢના મંતવ્ય ઉપર ઊહાપોહ કરવો.

### સમભિરૂઢ મિથ્યાદૃષ્ટિ : શ્રીશીલાંકાચાર્ય

("अय.) "આ સમભિરૂઢનય પણ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે એક જ વસ્તુમાં રહેલા પર્યાયશબ્દવાચ્ય ગુણધર્મોનો તે સ્વીકાર કરતો નથી. અનેક આંધળા માણસો હાથીના એક-એક અવયવને પકડીને 'હાથી સૂપડા જેવો જ છે', 'હાથી થાંભલા જેવો જ છે' - ઈત્યાદિ વાક્ય બોલે તો હાથીના અન્યસ્વરૂપનો અપલાપ કરવાના લીધે તે અંધજનોની વાત જેમ મિથ્યા છે, તેમ સમભિરૂઢનય ઈન્દ્રશબ્દવાચ્ય ગુણધર્મથી વિશિષ્ટ વ્યક્તિમાં શક્ર-પુરંદરાદિશબ્દવાચ્ય ગુણધર્મોનો અપલાપ કરવાથી મિથ્યાદૃષ્ટિ છે" - આ પ્રમાણે

♦ શબ્દનયની. પા૦ + સિ. + કો.(૯)માં પાઠ.

1. घट-कुटशब्दार्थानां युक्तो भेदोऽभिधानभेदात्। घट-पटशब्दार्थानामिव ततो न पर्यायवचनमिति।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'जिनवाणीं शृणोमीत्यहं श्रावकः सञ्जातः। श्रावकत्वादेव चाऽहं देशविरतः श्रमणोपासकः पञ्चमगुणस्थानकवर्ती च सञ्जातः' इत्येवं न जातु मन्तव्यमिति समभिरूढनय उपदिशति। यो जिनवाणीं शृणोति स श्रावकः, श्रावकाणुव्रतानि धारयति स देशविरतिधरः, श्रमणान् उपास्ते स श्रमणोपासकः। इत्थं ज्ञानगर्भितप्रवृत्त्या अप्रत्याख्यानावरण-कषायक्षयोपशमे सञ्जाते स पञ्चमगुणस्थानकवर्ती इति व्यपदिश्यते इति समभिरूढनयमतमवगम्य सद्गृहस्थैः केवलां जिनवाणीं श्रुत्वा नोपरन्तव्यम्, अपि तु देशविरत-श्रमणोपासकादिशब्दवाच्यार्थता-सम्पत्तये यतितव्यमादरेण।

एवमेव दीक्षाग्रहणमात्रेण 'अहं दीक्षित' इति कृत्वा 'अहं क्षमाश्रमण-मुनि-दान्त-यति-महात्म -योगि-निर्ग्रन्थाऽनगार-वाचंयमादितया संवृतः' इति न मन्तव्यं दीक्षितैः किन्तु क्षमा-मौन-हृषिक-दमनादिगुणपरिप्राप्तिपरायणतया भवितव्यम्। एतादृशसमभिरूढनयोपदेशग्रहणतः "तनुकरणादिविरहितं तच्चाऽचिन्त्यगुणसमुदयं सूक्ष्मम्। त्रैलोक्यमस्तकस्थं निवृत्तजन्मादिसङ्कलेशम्।।" (षो.प्र.१५/१३) इति **षोडशकप्रकरणे श्रीहरिभद्रसूरि**व्यावर्णितं मोक्षं शीघ्रं दीक्षितो लभते ।।६/१४।।

---

**શ્રીશીલાંકાચાર્યજી**એ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં અંતે જે જણાવેલ છે તેનું અહીં વાચકવર્ગે અનુસંધાન કરવું.

### ❀ સમભિરૂઢનયનો આધ્યાત્મિક ઉપદેશ ❀

[redacted] :- 'હું જિનવાણી સાંભળું છું. માટે શ્રાવક છું. તથા શ્રાવક હોવાથી જ હું દેશવિરતિધર, શ્રમણોપાસક, પંચમગુણસ્થાનવર્તી થઈ ગયો' - આવું માનવાની કદાપિ ભૂલ ન કરવી. આવો બોધપાઠ સમભિરૂઢનય આપે છે. જિનવાણી સાંભળે તેને શ્રાવક કહેવાય. શ્રાવકના અણુવ્રત આદિ સ્વીકારે તેને દેશવિરતિધર કહેવાય. સાધુ ભગવંતોની ઉપાસના કરે તે શ્રમણોપાસક કહેવાય. આમ જ્ઞાનગર્ભિત સાધના કરતાં કરતાં અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ થતાં પાંચમા ગુણસ્થાનકે પહોંચે તેને પંચમગુણસ્થાનકવર્તી કહેવાય. તેથી માત્ર જિનવાણી સાંભળીને અટકી ન જવું. પણ દેશવિરતિધર વગેરે શબ્દના વાચ્યાર્થરૂપે પરિણમવા માટે પણ સક્રિય રહેવું જોઈએ.

(**एव.**) આ જ રીતે સાધુ ભગવંતોએ પણ સમજી લેવું કે 'મેં દીક્ષા લીધી. માટે હું દીક્ષિત થયો. પરંતુ એટલા માત્રથી જ હું ક્ષમાશ્રમણ, મુનિ, દાંત, યતિ, મહાત્મા, યોગી, નિર્ગ્રન્થ, અણગાર, વાચંયમ, સંયત, ષષ્ઠ-સપ્તમગુણસ્થાનવર્તી બની નથી ગયો. ક્ષમાશ્રમણ વગેરે શબ્દના વાચ્યાર્થસ્વરૂપે પરિણમવા માટે મારે ક્ષમા, મૌન, ઈન્દ્રિયદમન વગેરે ગુણોને આત્મસાત્ કરવાનો દૃઢ પ્રયત્ન કરવો જરૂરી છે' - આવો સમભિરૂઢનયનો ઉપદેશ જે ગ્રહણ કરે, તે ઝડપથી મોક્ષે પહોંચે. **ષોડશકપ્રકરણ**માં **શ્રીહરિભદ્ર-સૂરિજી**એ મોક્ષના સ્વરૂપને જણાવતાં કહેલ છે કે 'તે મુક્તાત્મસ્વરૂપ શરીર-ઈન્દ્રિયાદિરહિત, અચિંત્યગુણસમુદાયાત્મક, સૂક્ષ્મ, ત્રૈલોક્યમસ્તકભાગવર્તી જન્માદિસંક્લેશશૂન્ય હોય છે.' (૬/૧૪)

**ક્રિયાપરિણત અર્થ જ♦ માનઈ સર્વ એવંભૂત રે;**
**નવઈ નયના ભેદ ઈણિ પરિ, અઠાવીસ પ્રભૂત રે ॥૬/૧૫॥ (૮૮) બહુ.**

**એવંભૂતનય સર્વ અર્થ, ક્રિયાપરિણત** (જ) ક્રિયાવેલાઈ **માનઈ**, અનઈ✝ અન્યદા ન માનઈ. જિમ રાજઈ = છત્ર-ચામરાદિકઇં શોભઇ, તે રાજા. ✿તે પર્ષદામાંહિં બઇઠાં ચામર ⚹ઢલાઈ, તિવારઈ.
સ્નાનાદિક વેલાઈ તે અર્થ વિના રાજા ન કહિયઈ.

---

चरमनयप्रतिपिपादयिषयाऽह – '**शब्दे**'ति।

**शब्दवाच्यक्रियायुक्तमेवम्भूतोऽखिलं नयः।**
**नव नयप्रकारा हि प्रभूता गजनेत्रगाः।।६/१५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एवम्भूतः नयः शब्दवाच्यक्रियायुक्तमेवाऽखिलं (मन्यते)। (एवं) नव हि गजनेत्रगाः प्रभूताः नयप्रकाराः (भवन्ति)।।६/१५।।

**एवम्भूतो नयः अखिलं** = सर्वम् अर्थं **शब्दवाच्यक्रियायुक्तं हि** = तत्तत्पदप्रतिपाद्यार्थक्रियापरिणतमेव सद्रूपतया 'मन्यते' इति पूर्वतोऽत्राऽप्यन्वीयते। "हि हेताववधारणे" (अ.को.३/२५७) इति पूर्वोक्ताद् (३/२) **अमरकोश**वचनाद् अवधारणार्थकेन हिशब्देन शब्दवाच्य-क्रियाशून्यकालेऽयमर्थमसद्रूपतयाऽभिमन्यत इति लभ्यते। यथा छत्र-चामरादिविभूत्या राजते = शोभत इति राजपदव्युत्पत्त्या सभायां सिंहासनारूढं छत्र-चामरादित्तो राजमानमेव राजशब्दवाच्यतया एवम्भूतनयो मन्यते, न तु स्नानादिकाले,

---

[redacted] :- છેલ્લા = નવમા નયનું પ્રતિપાદન કરવાની ઈચ્છાથી ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**✽ એવંભૂતનયનું પ્રતિપાદન ✽**

[redacted] :- એવંભૂતનય તમામ વસ્તુને શબ્દથી પ્રતિપાદ્ય એવી ક્રિયાથી યુક્ત માને છે. આ રીતે નવ નયના (અવાન્તર) ઘણાં = અઠ્ઠાવીસ ભેદ થાય છે. **(૬/૧૫)**

[redacted] :- એવંભૂતનય તમામ વસ્તુને તે તે શબ્દ દ્વારા પ્રતિપાદ્ય એવી અર્થક્રિયાથી પરિણમેલ હોય તો જ સત્ સ્વરૂપે માને છે. મૂળ શ્લોકમાં 'मन्यते' શબ્દ રહેલો નથી. પરંતુ આગળના ચૌદમા શ્લોકમાંથી તેનો અહીં પણ અન્વય થાય છે. તેથી ઉપરોક્ત અર્થ પ્રાપ્ત થાય છે. "હેતુ અને અવધારણ અર્થમાં 'हि' વપરાય" - આ મુજબ પૂર્વોક્ત (૩/૨) **અમરકોશ** સંદર્ભમાં જણાવેલ છે. તે મુજબ મૂળ શ્લોકમાં દર્શાવેલ 'हि' અવધારણ અર્થમાં અહીં દર્શાવેલ છે. તેથી પ્રસ્તુતમાં એવો અર્થ પ્રાપ્ત થાય છે કે શબ્દથી પ્રતિપાદ્ય ક્રિયા ગેરહાજર હોય તેવા સમયે, એવંભૂતનય તે અર્થને અસત્ સ્વરૂપે માને છે. જેમ કે 'છત્ર, ચામર વગેરે વિભૂતિથી રાજે = શોભે તે રાજા' - આ પ્રમાણે 'રાજા' શબ્દની વ્યુત્પત્તિ છે. તેથી સભામાં સિંહાસન ઉપર બેસેલા, છત્ર, ચામર, વગેરે વિભૂતિથી શોભતાં માણસને જ એવંભૂતનય રાજા કહેશે. સ્નાન વગેરે સમયે તે માણસને, એવંભૂતનય રાજા માનવા તૈયાર નથી.

---

♦ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૧૩) + આ.(૧)માં છે. ✝ ફક્ત કો.(૧૩)માં 'અનઈ' પાઠ છે. ✿ મ.માં 'તિં' પાઠ. અહીં સિ.+ કો.(૭+૯) + આ.(૧)નો પાઠ લીધો છે. ⚹ કો.(૧૩)માં 'ઢાલઈ' પાઠ.

राजशब्दवाच्यक्रियाऽनाविष्टत्वात्। तथापि तस्य राजत्वे भिक्षुकादीनामपि राजत्वं स्यात्, अविशेषात्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"एवं जह सद्दत्थो संतो भूओ तदन्नहाऽभूओ। तेणेवंभूयनओ सद्दत्थपरो विसेसेणं।।" (वि.आ.भा.२२५१) इति।

अयमस्याभिप्रायः – यदि राजनक्रियाविकलोऽपि राजा स्यात् तर्हि (१) राजशब्दे समुच्चारिते किमनेन राजनक्रियाऽऽविष्टोऽर्थोऽभिहितः यदुत भिक्षुकादिः ? इति संशयः प्रसज्येत। (२) यद्वा भिक्षुकादिस्तेनाऽभिहितो न राजा इति विपर्ययः स्यात्। (३) तथा 'भिक्षुः' इत्युक्ते राजनि 'राजा' इत्युक्ते च भिक्षुके प्रत्ययात् पदार्थानामेकत्वम्, (४) साङ्कर्यं वा भवेत्। ततः शब्दाभिधेय-क्रियाऽऽविष्टमेव वस्तु तच्छब्दाभिधेयतया सदित्यभ्युपगन्तव्यम्।

---

કારણ કે 'રાજા' શબ્દથી જણાવાતી ક્રિયા ત્યારે તેનામાં નથી. જો છત્ર, ચામર વગેરે વિભૂતિથી જે વ્યક્તિ શોભતી ન હોય તેને પણ રાજા કહેવામાં આવે તો ભિખારી વગેરે પણ રાજા થઈ જશે. કારણ કે તે પણ છત્ર, ચામર વગેરે વિભૂતિની શોભાથી રહિત છે. **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "एवं = જે પ્રમાણે શબ્દનો વાચ્યાર્થ ભૂત = હાજર હોય તે પ્રમાણે તે શબ્દના વાચ્યાર્થરૂપે વસ્તુ સત્ કહેવાય. અન્યથા અસત્ કહેવાય. આવી માન્યતા અંતિમ નય ધરાવે છે. તેથી તેને એવંભૂતનય કહેવાય છે. આ રીતે એવંભૂતનય શબ્દવાચ્ય ક્રિયાને વસ્તુમાં જોવા માટે વિશેષરૂપે તત્પર છે."

## એવંભૂતમતમાં ચાર દોષનો ત્યાગ

(अयम.) એવંભૂતનયનો અભિપ્રાય એવો છે કે છત્ર, ચામર આદિ નિમિત્તક શોભા સ્વરૂપ રાજન ક્રિયાથી રહિત વ્યક્તિ પણ જો રાજા તરીકે માન્ય હોય તો અમુક વ્યક્તિને ઉદ્દેશીને રાજા શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યારે (૧) શ્રોતાને એવો સંશય પડશે કે 'આ વક્તા રાજન ક્રિયાથી યુક્ત એવા પદાર્થને કહે છે (જણાવે છે) કે તેવી ક્રિયાથી શૂન્ય ભિખારી વગેરેને ?' કારણ કે 'રાજન ક્રિયાથી રહિત વ્યક્તિને પણ રાજા તરીકે ઓળખાવી શકાય' - આવુ તમારું મંતવ્ય છે. (૨) અથવા તો 'વક્તાએ ભિખારીને જણાવેલ છે, રાજાને નહિ'- આ પ્રમાણે વિપર્યય = ગેરસમજ શ્રોતાને થઈ શકે છે. કારણ કે 'રાજનક્રિયાશૂન્ય વ્યક્તિને રાજા તરીકે ઓળખાવી શકાય' - આવો તમારો અભિગમ શ્રોતાને ખબર છે. (૩) અથવા તો 'ભિક્ષુ' શબ્દ કહેવામાં આવશે ત્યારે રાજાની બુદ્ધિ અને 'રાજા' કહેવામાં આવશે ત્યારે ભિખારીની બુદ્ધિ થવાથી 'રાજા' શબ્દનો અર્થ અને 'ભિખારી' શબ્દનો અર્થ એક = અભિન્ન થવાની આપત્તિ આવશે. (૪) અથવા તે બન્ને શબ્દના અર્થ પરસ્પર સંકીર્ણ થવાની આપત્તિ આવશે. કારણ કે 'રાજન ક્રિયાથી યુક્ત હોય કે ન હોય તેવી અવસ્થામાં પણ (શ્રેણિક, કૃષ્ણ, રામચંદ્રજી વગેરે) વ્યક્તિને રાજા તરીકે ઓળખાવી શકાય' - આવો તમારો અભિપ્રાય શ્રોતાને ખ્યાલમાં છે. મતલબ કે રાજન ક્રિયા વિનાની વ્યક્તિને પણ જો રાજા કહી શકાય તો રાજા અને ભિખારીમાં ફરક શું પડે ? તે બન્ને એક જ થઈ જશે. અથવા રાજાનું સ્વરૂપ ભિખારીમાં પણ રહેવું જોઈએ. તેવું બને તો રાજાનું અને ભિખારીનું સ્વરૂપ સંકીર્ણ જ બની જાય. આમ ઉપરોક્ત ચાર દોષ આવવાના કારણે, તે તે

---

1. एवं यथा शब्दार्थः सन् भूतः तदन्यथाऽभूतः। तेनैवम्भूतनयः शब्दार्थपरो विशेषेण।।

तदुक्तं **प्रमाणनयतत्त्वालोके**ऽपि "शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाऽऽविष्टमर्थं वाच्यत्वेनाऽभ्युपगच्छन्नेवम्भूतः" (प्र.न.त.७/४०)। "यथेन्दनमनुभवन्निन्द्रः, शकनक्रियापरिणतः शक्रः, पूर्दारणप्रवृत्तः पुरन्दरः इत्युच्यते" (प्र.न.त.७/४१) इति। "अयं हि भावनिक्षेपादिविशेषणोपेतं व्युत्पत्त्यर्थाविष्टमेवार्थमिच्छति, जलाहरणादिचेष्टावन्तं घटमिव" (स्था.३/३/१९२, वृ.पृ.२५८) इति **स्थानाङ्गवृत्ति**कारः। "शब्दप्रवृत्तिनिमित्तभूतक्रियायुक्तस्य अर्थस्य तच्छब्दवाच्यत्वेन प्ररूपक एवम्भूतः" (प्र.मी.२/२/९) इति **प्रमाणमीमांसाकृतः**। "क्रियाश्रयेण भेदप्ररूपणम् एवम्भूतः" (स्या.भा.पृ.३) इति **स्याद्वादभाषाकारः**।

एवम्भूतनयो हि समभिरूढनयमेवं शिक्षयति – 'हे समभिरूढनयवादिन् ! यदि शब्दभेदात् तवाऽर्थभेदप्रतिपत्तिः तर्हि कुतो न क्रियाभेदात् तथा। ततश्च यां यां क्रियां यो जीवः कुरुते

---

શબ્દથી વાચ્ય એવી ક્રિયાથી યુક્ત હોય તે જ વસ્તુને તે તે શબ્દના વાચ્યાર્થરૂપે સત્ માનવી જોઈએ. (શબ્દપ્રતિપાદ્ય ક્રિયાથી રહિત વસ્તુને તે શબ્દના વાચ્યાર્થરૂપે સત્ ન કહી શકાય. ભિખારીને રાજારૂપે સત્ ન કહેવાય.)

## ❋ એવંભૂતનું મંતવ્ય ❋

(**तदुक्तं.**) આ બાબતને જણાવતા **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'શબ્દની પ્રવૃત્તિનિમિત્તભૂત ક્રિયાથી યુક્ત એવા અર્થને જ તે શબ્દના વાચ્યાર્થરૂપે સ્વીકારનાર નય એવંભૂત કહેવાય છે. જેમ કે ઈન્દન ક્રિયાનો અનુભવ કરતો હોય તેને ઈન્દ્ર કહેવાય. શકન ક્રિયામાં પરિણત થયેલો હોય તેને શક્ર કહેવાય. પુર નામના દૈત્યનો નાશ કરવામાં પ્રવૃત્ત થયેલો હોય તેને પુરંદર કહેવાય.' **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં પણ જણાવેલ છે કે "ભાવનિક્ષેપ વગેરે વિશેષણથી યુક્ત હોય તેવા વ્યુત્પત્તિઅર્થયુક્ત એવા જ પદાર્થને એવંભૂતનય સ્વીકારે છે. જેમ કે જલાહરણ આદિ પ્રવૃત્તિવાળા કંબુગ્રીવાદિમાન પદાર્થને જ ઘડો કહેવાય." **પ્રમાણમીમાંસાકાર શ્રીહેમચંદ્રસૂરિજી** કહે છે કે 'શબ્દની પ્રવૃત્તિ થવામાં નિમિત્ત બનનારી ક્રિયાથી યુક્ત હોય એવા જ પદાર્થને તે શબ્દના વાચ્યરૂપે દર્શાવે તે એવંભૂતનય.' **સ્યાદ્વાદભાષાકાર શ્રીશુભચંદ્રજી** કહે છે કે 'ક્રિયાને આશ્રયીને અર્થભેદની પ્રરૂપણા કરે તે એવંભૂતનય.'

**સ્પષ્ટતા** :- 'જે વસ્તુમાં જે પ્રકારની ક્રિયા વિદ્યમાન હોય તે ક્રિયાને દર્શાવનાર શબ્દનો તે વસ્તુમાં પ્રયોગ કરવો' - એવું એવંભૂતનયનું મંતવ્ય છે. રસોઈ કરતો હોય તેને રસોઈયો કહેવો વ્યાજબી છે. કેમ કે ત્યારે તે વ્યક્તિ 'રસોઈઓ' શબ્દનો ભાવનિક્ષેપ છે. પૈસા ખર્ચીને જે માણસને રસોઈ કરવા માટે લાવવામાં આવે તે જો રસોઈ ન કરે તો તેને રસોઈયા તરીકે માનવાનો અર્થ શું ? આ પ્રમાણે એવંભૂતનયનું તાત્પર્ય છે. તેથી રસોઈ ન કરે તેને રસોઈઓ કહેવા તે તૈયાર નથી.

## ❖ એવંભૂતનય : દિગંબરમતની દૃષ્ટિમાં ❖

(**एव.**) એવંભૂતનય પ્રસ્તુતમાં સમભિરૂઢનયને આ પ્રમાણે હિત શિક્ષા આપે છે કે 'હે સમભિરૂઢનયવાદી ! જો શબ્દના ભેદથી અર્થનો ભેદ તમે માનતા હો, તો ક્રિયાભેદથી અર્થનો ભેદ શા માટે તમે નથી સ્વીકારતા ?' મતલબ કે 'શબ્દભેદથી જેમ વસ્તુ બદલાઈ જાય છે, તેમ ક્રિયાભેદથી પણ વસ્તુ બદલાઈ જાય છે' - તેવું માનવું વ્યાજબી છે. તેથી 'જે જીવ જે જે ક્રિયાને કરે તે તે ક્રિયાનું પ્રતિપાદન કરનારા

तत्तत्क्रियावाचकं नाम तस्मिन् प्रयोक्तुमर्हतीति सिद्धम्। तदुक्तं **नयचक्रे** अपि [1]"जं जं करेइ कम्मं देही मण-वयण-कायचिट्ठाहिं। तं तं खु णामजुत्तो एवंभूओ हवे स णओ।।" (न.च.४३) इति।

"एवम्भवनाद् एवम्भूतः" (क.प्रा.पुस्तक-१/गा.१४ ज.ध.पृ.२१९) इति **कषायप्राभृतस्य जयधवलावृत्तौ वीरसेनाचार्यः**। तेनैव **षट्खण्डागमस्य धवलावृत्तौ** "एवं भेदे भवनाद् एवम्भूतः" (ष.ख.भाग-१/१-१-१/ध.पृ.९०) इत्युक्तम्। **सर्वार्थसिद्धौ तत्त्वार्थराजवार्त्तिके** च "येन आत्मना भूतः तेनैव अध्यवस्यतीति एवम्भूतः" (स.सि.१/३३, त.रा.वा.१/३३) इत्युक्तम्। "एवम् = इत्थं विवक्षितक्रियापरिणामप्रकारेण भूतं = परिणतम् अर्थं योऽभिप्रैति स एवम्भूतो नयः" (प्र.क.मा.पृ.२०६) इति **प्रमेयकमलमार्त्तण्डे प्रभाचन्द्राचार्यः**।

"जाति-गुण-सम्बन्ध-यदृच्छाबलेन प्रवर्त्तमानाः अपि अश्व-शुक्ल-दण्डि-देवदत्तादिशब्दाः क्रियामेव दर्शयन्ति, अन्ततो गत्वा सर्वत्र अस्ति-भूप्रभृतिक्रियासामान्यसौलभ्याद्" (त.नि.प्रा.स्तम्भ-३६/पृ.७३६) इति एवम्भूतनयमतप्रदर्शनावसरे **तत्त्वनिर्णयप्रासादे विजयानन्दसूरयः**।

શબ્દનો તે જીવમાં પ્રયોગ કરવો વ્યાજબી છે' - તેવું સિદ્ધ થાય છે. તેથી **નયચક્ર**માં પણ જણાવેલ છે કે "દેહધારી જીવ મન-વચન-કાયાની ચેષ્ટાથી જે જે ક્રિયાને કરે છે તે તે ક્રિયાના વાચક એવા શબ્દથી ઓળખાવા યોગ્ય છે. આ પ્રમાણે જે નય કહે તે એવંભૂતનય બને."

### ❀ જયધવલા-ધવલા-સર્વાર્થસિદ્ધિ વગેરેમાં એવંભૂતનય ❀

("एव.) **કષાયપ્રાભૃત**ની **જયધવલા** વ્યાખ્યામાં **વીરસેનાચાર્ય**એ જણાવેલ છે કે 'શબ્દના અર્થ મુજબ પદાર્થના પરિણમનને મુખ્ય બનાવવાના લીધે એવંભૂતનય કહેવાય છે.' તેમણે જ **ષટ્ખંડાગમની ધવલા** વ્યાખ્યામાં જણાવેલ છે કે 'શબ્દવાચ્ય ક્રિયાથી વિશિષ્ટરૂપે અર્થપરિણામને મુખ્ય બનાવવાથી એવંભૂતનય જાણવો.' **તત્ત્વાર્થસૂત્ર**ની **સર્વાર્થસિદ્ધિ** વ્યાખ્યા અને **રાજવાર્ત્તિક**વ્યાખ્યામાં પણ જણાવેલ છે કે 'જે સ્વરૂપે પદાર્થ હાજર હોય તે જ સ્વરૂપે તેનો નિશ્ચય કરે તે એવંભૂતનય કહેવાય.' આ જ બાબતને **પ્રમેયકમલમાર્તંડ** ગ્રંથમાં **પ્રભાચંદ્રાચાર્ય**એ વધુ સ્પષ્ટ કરતાં જણાવેલ છે કે 'एवं = અમુક ચોક્કસ પ્રકારની ક્રિયાના પરિણામસ્વરૂપે भूत = પરિણત એવા અર્થને જે નય સ્વીકારે છે, તે એવંભૂતનય કહેવાય છે.'

### ❋ સર્વ શબ્દો ક્રિયાવાચક : એવંભૂત ❋

("जाति.) **તત્ત્વનિર્ણયપ્રાસાદ** ગ્રંથમાં **વિજયાનંદસૂરિજી**એ (= આત્મારામજી મહારાજે) એવંભૂતનયનો મત જણાવવાના અવસરે કહેલ છે કે "(૧) જાતિના બળથી પ્રવર્તતા અશ્વ વગેરે શબ્દો, (૨) ગુણના યોગે પ્રવર્તતા શુક્લ, નીલ આદિ શબ્દો, (૩) સંબંધના પ્રભાવે પ્રવર્તતા દંડી, કુંડલી, શિખી વગેરે શબ્દો, (૪) યદચ્છાવશ પ્રયોજાતા દેવદત્ત વગેરે શબ્દો પણ ક્રિયાને જ જણાવે છે. છેવટે 'अस्ति, भवति વગેરે સામાન્ય ક્રિયા તો દરેક શબ્દોની વ્યુત્પત્તિમાં મળવી સુલભ જ છે. (૧) आशुगामित्वाद् अश्वः, (૨) शुचिः भवतीति शुक्लः, (૩) दण्डोऽस्याऽस्तीति दण्डी, (૪) देव एनं देयात् = देवदत्तः આ રીતે ઉપરોક્ત ચારેય પ્રકારના શબ્દો ક્રિયાને જ જણાવે છે. આ મુજબ એવંભૂતનય માને છે."

1. यद् यत् करोति कर्म देही मनो-वचन-कायचेष्टाभिः। तत् तत् खलु नामयुक्त एवम्भूतो भवेत् स नयः।।

▸દ્રવ્યાર્થિક-૧૦, પર્યાયાર્થિક-૬, નિગમ-૩, સંગ્રહ-૨, વ્યવહાર-૨, ૠજુસૂત્ર-૨, શબ્દ-૧, સમભિરૂઢ-૧, એવંભૂત-૧◂ (ઈણિ પરિ=) ઈમ **નવઈ નયના અઠાવીસ ભેદ પ્રભૂત** કહતાં ઘણા થયા. *ઈતિ ભાવાર્થ. ઈમ બહુશ્રુતવંત હઉયઈ તે સમજી લેવો.* ॥૬/૧૫॥

---

तदुक्तं **तत्त्वार्थश्लोकवार्तिके** अपि **नयविवरणे** "तत्क्रियापरिणामोऽर्थस्तथैवेति विनिश्चयात्। एवम्भूतेन नीयेत क्रियान्तरपराङ्मुखः।।" (न.वि.९२) इति।

"अयम् अपि अनन्तधर्माध्यासितस्य वस्तुनः अनाश्रयणाद् मिथ्यादृष्टिः, रत्नावल्यवयवे पद्मरागादौ कृतरत्नावलीव्यपदेशपुरुषवद्" (सू.कृ.२/७/८१/पृ.४२७) इति **सूत्रकृताङ्गवृत्तौ श्रीशीलाङ्काचार्यः**।

चरमनयत्रिकलक्षणं तु **लघीयस्त्रये अकलङ्कस्वामिना** "काल-कारक-लिङ्गानां भेदाच्छब्दोऽर्थभेदकृत्। अभिरूढस्तु पर्यायैरित्थम्भूतः क्रियाश्रयः।।" (ल.त्र.४४) इत्थमुपदर्शितम्।

इत्थमत्र मुख्यरूपेण देवसेनोक्तपद्धत्या मूलभूता **नव नयप्रकाराः** प्रतिपादिताः। अवान्तरभेदेन

---

**(तदु.) તત્ત્વાર્થશ્લોકવાર્તિક** ગ્રંથમાં પણ **નયવિવરણ** પ્રકરણમાં જણાવેલ છે કે "વિવક્ષિત ક્રિયાના પરિણામવાળી વસ્તુ વિવક્ષિત ક્રિયાને જણાવનાર શબ્દથી જ વાચ્ય છે. આ જ રીતે વિશેષ પ્રકારનો નિશ્ચય કરવાના કારણે અંતિમ નય એવંભૂત કહેવાય છે. શબ્દાન્તરવાચ્ય ક્રિયાથી પરાઙ્મુખ બનેલી વસ્તુ એવંભૂતનય દ્વારા વિવક્ષિત શબ્દથી વાચ્યરૂપે શ્રોતાના કાન સુધી પહોંચાડાય છે."

[redacted] :- રાજા સ્નાન કરતો હોય, ઉંઘતો હોય ત્યારે રાજા સિવાયના શબ્દની ક્રિયાથી તે પરાઙ્મુખ નથી. 'રાજા' શબ્દથી પ્રતિપાદ્ય એવી ક્રિયામાં તે પરિણત નથી. તેથી ત્યારે તેને રાજા ન કહેવાય.

### ✡ એવંભૂતનય મિથ્યાદૃષ્ટિ : શીલાંકાચાર્ય ✡

**("अय.)** "આ એવંભૂતનય પણ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે અનન્ત ગુણધર્મથી યુક્ત વસ્તુનો તે આશ્રય કરતો નથી. રત્નમાળાના એક અવયવભૂત પદ્મરાગ વગેરે એકાદ રત્નમાં જ 'આ રત્નની માળા છે' - એવો વ્યવહાર કરનાર માણસ જેમ મિથ્યાદૃષ્ટિ છે, તેમ વસ્તુના એકાદ ચોક્કસ પર્યાયમાં જ સમગ્ર વસ્તુનો આરોપ કરીને અન્ય પર્યાયોમાં રહેલ વિવક્ષિત વસ્તુત્વનો અપલાપ કરનાર એવંભૂતનયને મિથ્યાદૃષ્ટિ જાણવો" - આ મુજબ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**ના અંતે શ્રી**શીલાંકાચાર્યજી**એ જણાવેલ છે.

### ❈ લઘીયસ્ત્રય સંવાદ ❈

**(चरम.)** છેલ્લા ત્રણ નયનું લક્ષણ **અકલંકસ્વામી**એ **લઘીયસ્ત્રય**માં આ પ્રમાણે જણાવેલ છે કે 'શબ્દનય કાલ-કારક-લિંગના ભેદથી અર્થભેદને કરે છે. પર્યાયશબ્દોથી અભિરૂઢ = સમભિરૂઢનય અર્થભેદને કરે છે. તથા ઈત્થંભૂત = એવંભૂતનય ક્રિયાના આધારે અર્થભેદને કરે છે.

### ❋ મુખ્ય ૯ નય, અવાન્તર ૨૮ નય : દિગંબર ❋

**(इत्थ.)** આ રીતે આ ગ્રંથમાં દિગંબર **દેવસેનજી**એ જણાવેલી પદ્ધતિ મુજબ મૂળભૂત નવ પ્રકારના નયનું અહીં મુખ્યરૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જો મૂળ નયના અવાન્તર ભેદોની ગણતરી કરવામાં આવે તો તે બધા ભેગા થઈને ઘણા બધા થઈ જાય. ઘણા એટલે અઠ્ઠાવીસ ભેદ સમજવા. મૂળ શ્લોકના

---

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લી.(૧)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

सम्मीलितास्तु ते **प्रभूताः** = बहवः **गजनेत्रगाः** = अष्टाविंशतिभेदाः भवन्ति, यतः गजपदेन अष्टत्वसङ्ख्या, नेत्रपदेन च द्वित्वसङ्ख्या बोध्यते। तथाहि – (१) द्रव्यार्थिकनयस्य दश भेदाः, (२) पर्यायार्थिकनयस्य षड्भेदाः, (३) नैगमनयस्य त्रयो भेदाः, (४-५-६) सङ्ग्रह-व्यवहारर्जुसूत्रनयानां प्रत्येकं द्वौ द्वौ भेदौ, (८-९-१०) शब्द-समभिरूढैवम्भूतनयानां च प्रत्येकमेकैकः प्रकारः इति सर्वसङ्ख्यया अष्टाविंशतिः भेदाः नयानामवान्तरभेदतो ह्यत्र प्रतिपादिता अवसेयाः।

तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"दव्वत्थं दहभेयं छब्भेयं पज्जयत्थियं णेयं। तिविहं च णेगमं तह दुविहं पुण संगहं तत्थ।। ववहारं रिउसुत्तं दुवियप्पं सेसमाहु एक्केक्का। उत्ता इह णयभेया...." (न.च.१३-१४, द्र.स्व.प्र.१८५-१८६) इति।

समभिरूढस्य अर्थारूढ-शब्दारूढभेदकरणे एकोनत्रिंशद् अवान्तरनयभेदा इत्यवधेयम्।

ચોથા પાદમાં રહેલ 'ગજ' શબ્દથી આઠ સંખ્યા અને 'નેત્ર' શબ્દથી દ્વિત્વ સંખ્યા જાણવી. કારણ કે ગજ = દિગ્ગજ આઠ છે તથા નેત્ર = આંખ બે છે. (સંસ્કૃત ભાષામાં સંખ્યાને જણાવવા માટે આંકડાને બદલે આ રીતે અલગ અલગ શબ્દનો પ્રયોગ કરવાની પ્રણાલિકા પ્રસિદ્ધ છે. પરંતુ તે શબ્દથી પ્રતિપાદ્ય સંખ્યાને ઊલટા ક્રમથી સમજવાની પ્રણાલિકા સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. તેથી 'ગજ-નેત્ર' કહેવાથી ૮૨ નહિ પણ ૨૮ સંખ્યા સમજવી.) પ્રસ્તુતમાં નયના અવાન્તર ભેદો કુલ અઠ્ઠાવીસ થાય છે. ઉપરોક્ત રીતે અવાન્તર ભેદની અપેક્ષાએ કુલ અઠ્ઠાવીસ નયનું અહીં પ્રતિપાદન થયેલું છે - તેમ સમજવું.

(तदु.) **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "દ્રવ્યાર્થિક નયના દશ ભેદ, પર્યાયાર્થિક નયના છ ભેદ, નૈગમના ત્રણ ભેદ, સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રના બે-બે ભેદ અને છેલ્લા ત્રણ નયના એક-એક ભેદ જાણવા. આ રીતે નવ નયના કુલ અઠ્ઠાવીસ અવાન્તર ભેદ કહેલા છે."

| *મૂળ નય* | *અવાન્તર ભેદ* |
|---|---|
| (૧) દ્રવ્યાર્થિક | ૧૦ |
| (૨) પર્યાયાર્થિક | ૬ |
| (૩) નૈગમ | ૩ |
| (૪) સંગ્રહ | ૨ |
| (૫) વ્યવહાર | ૨ |
| (૬) ઋજુસૂત્ર | ૨ |
| (૭) શબ્દ | ૧ |
| (૮) સમભિરૂઢ | ૧ |
| (૯) એવંભૂત | ૧ |
| કુલ = ૯ | કુલ = ૨૮ |

## ❋ ૨૯ નયભેદ : અન્ય વિવક્ષાથી ❋

(सम.) પૂર્વે (૬/૧૪) જણાવ્યા મુજબ સમભિરૂઢનયના અર્થારૂઢ અને શબ્દારૂઢ - એમ બે ભેદ કરવામાં આવે તો અવાન્તરનયના કુલ ૨૯ ભેદો પડે - આ વાત ખ્યાલમાં રાખવી.

1. द्रव्यार्थो दशभेदः षड्भेदः पर्यायार्थिको ज्ञेयः। त्रिविधश्च नैगमस्तथा द्विविधः पुनः सङ्ग्रहस्तत्र।। व्यवहारर्जुसूत्रौ द्विविकल्पौ शेषानाहुः एकैकान्। उक्ता इह नयभेदाः....।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – व्यञ्जनप्रतिपाद्यक्रियोपेतार्थप्रतिपादकैवम्भूतनयाभिप्रायतः विराधना-विराधकभावविरमणपरिणतिसत्त्वे विरतिधरः, मोक्षमार्गसाधनप्रवृत्तिपरायणत्वे साधुः, पुद्गलेष्वौदासीन्याध्यवसाये सति मुनिः, दुर्गतिगमनप्रवृत्तं स्वात्मानं धारयन् धर्मात्मा इत्येवं ज्ञात्वा तत्तत्परिणामाऽपरिणतत्वदशायां स्वात्मानं विरतत्व-साधुत्वादिबुद्ध्या न मन्तव्यं रजोहरणादिधारिणा। अयमेवम्भूतनयोपदेशः ग्राह्यः दीक्षितैः। तादृशोपदेशाऽनुसरणतश्च "सर्वथा कृतकृत्यश्च सूक्ष्मोऽव्यक्तो निरञ्जनः। सर्वकर्मफलाभावात् संसिद्धः सिद्ध उच्यते।।" (ब्र.सि.स. २७) इति **ब्रह्मसिद्धान्तसमुच्चये श्रीहरिभद्रसूरिभिः** दर्शितं सिद्धस्वरूपं प्रत्यासन्नं स्यात्।।६/१५।।

### ❋ એવંભૂતનયનો આધ્યાત્મિક ઉપદેશ ❋

[redacted]: એવંભૂતનય શબ્દપ્રતિપાદ્ય ક્રિયાથી યુક્ત વસ્તુને જ તે શબ્દના વાચ્યાર્થરૂપે સત્ માને છે. આ બાબત એ રીતે ઉપયોગી છે કે વિરાધનાથી અને વિરાધકભાવથી અટકવાની પરિણતિથી પરિણત હોઈએ ત્યારે જ આપણે વિરતિધર છીએ. મોક્ષમાર્ગને સાધી રહ્યા હોઈએ ત્યારે જ આપણે આપણને સાધક કે સાધુ માનવા. સાધુજીવનમાં અંતરંગ પરિણામના સ્તરે પુદ્ગલોને વિશે ઉદાસીનતા - મૌન આવે તો જ આપણે મુનિ સાચા. દુર્ગતિ તરફ જતી આપણી જાતને અટકાવી સદ્ગતિના માર્ગે આત્માને આગળ ધપાવી રહ્યા હોઈએ તો જ આપણે ધર્માત્મા કહેવાઈએ. તેવી ક્રિયાથી કે પરિણામથી પરિણત થયા ન હોઈએ ત્યારે આપણને વિરતિધર-સાધક-સાધુ-મુનિ-ધર્માત્મા માનવાની ભૂલ ન કરવી. આ પ્રમાણે એવંભૂતનયનો ઉપદેશ રજોહરણાદિધારકે ગ્રહણ કરવા યોગ્ય છે. તેવા ઉપદેશને અનુસરવાથી **બ્રહ્મસિદ્ધાંત સમુચ્ચય**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે છે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે "(૧) સર્વથા કૃતકૃત્ય, (૨) સૂક્ષ્મ, (૩) અવ્યક્ત, (૪) નિરંજન, (૫) સર્વ કર્મના ફળથી રહિત થવાના લીધે સારી રીતે જે સિદ્ધ થયા હોય, સંસારમાંથી સીઝી ગયા હોય તે સિદ્ધ કહેવાય છે." (૬/૧૫)

લખી રાખો ડાયરીમાં.....

- **તાવની ગરમીને હટાવવા બુદ્ધિ પ્રયત્નશીલ છે.**
  **મગજની ગરમીને દૂર કરવા શ્રદ્ધા સક્રિય છે.**
- **આંખનો અંધાપો બુદ્ધિને ખૂંચે છે.**
  **આંખનો વિકાર શ્રદ્ધાને ડંખે છે.**
- **પરમાત્માની વાતમાં બુદ્ધિ HOW & WHY કરે છે.**
  **શ્રદ્ધા કહે છે - O.K., ALL RIGHT, DON'T WORRY, THANKS.**

**નવઈ નય ઈમ કહિયા, ઉપનય તીન કહિઈં સાર[ૐ] રે;**

**સાચલો શ્રુત ♦અર્થ પરખી, લહો ❖જસ ⊡વિસ્તાર રે ॥૬/૧૬॥ (૮૯) બહુ.**

ઈમ *ઈણી પરઈ* ✠**નવઈ નય કહિયા.** હિવઇ ૩ **ઉપનય (સાર) કહઈ** છઈ.તિહાં પણિ દિગંબર પ્રક્રિયાઇં કહિઇં છઈ. *નવ નયના અઠ્ઠાવીસ ભેદ પ્રભૂત કહઈતા.* એહમાંહિ **સાચો શ્રુત**નો **અર્થ** તે **પરખી**✦ *સમ્યગ્ પણ* કરીઇનઇં, બહુશ્રુતપણાના **યશનો વિસ્તાર** *તિહ પ્રતઈ* ✦પામો (= **લહો**). ▸હિવે ૩ ઉપનય દિગંબરપ્રક્રિયાઈ લખિઈ છઈ.◂ "**नयानां समीपे उपनयाः**" ॥૬/૧૬॥

उपसंहरति – '**प्रोक्ता**' इति।

**प्रोक्ता नव नया वक्ष्येऽधुना ह्युपनयत्रिकम्।**

**सुश्रुतार्थं परीक्ष्याऽत्र यशःश्रीविस्तरं नय।।६/१६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नव नयाः प्रोक्ताः। अधुना उपनयत्रिकं वक्ष्ये। अत्र सुश्रुतार्थं परीक्ष्य यशःश्रीविस्तरं नय।।६/१६।।

एवं **नव नया** देवसेनोक्तरीत्या **प्रोक्ताः** कथञ्चिच्चाऽस्माकं प्रक्रियया समर्थिताश्चागमयुक्त्यनुसारतः। **अधुना** = साम्प्रतं **हि उपनयत्रिकम्** अवसरसङ्गतिप्राप्तं दिगम्बरप्रक्रियया **वक्ष्ये**। नयानां समीपे = उपनयाः उच्यन्ते। **अत्र सुश्रुतार्थं** = समीचीनम् आगमपदार्थं कषच्छेद-ताप-ताडनपरीक्षाभिः **परीक्ष्य** भोः ! भव्य ! **यशःश्रीविस्तरं** = बहुश्रुतयशोलक्ष्मीवितानं **नय**। 'यशः'पदेन ग्रन्थकृता 'यशोविजये'ति स्वनामनिर्देशोऽकारीत्यवधेयम्।

[redacted] :- ગ્રંથકારશ્રી પ્રસ્તુત છઠ્ઠી શાખાનો ઉપસંહાર કરે છે કે :-

[redacted] :- નવ નયો કહ્યા. હવે ત્રણ ઉપનયને કહીશ. સુંદર આગમિક પદાર્થની અહીં પરીક્ષા કરીને યશોલક્ષ્મીના વિસ્તારને લઈ જાવ (=પામો). (૬/૧૬)

[redacted] :- આ રીતે નવ નયોનું **દેવસેનજી**એ જણાવેલી પદ્ધતિ મુજબ પ્રતિપાદન કર્યું. તથા કથંચિત્ અમારી શ્વેતાંબરોની પ્રક્રિયા મુજબ આગમને અને યુક્તિને અનુસરીને અહીં તેનું સમર્થન પણ કર્યું છે. નવ નયનું નિરૂપણ સમાપ્ત થયા બાદ હવે દિગંબરપ્રક્રિયા મુજબ ત્રણ ઉપનયના નિરૂપણનો અવસર આવ્યો છે. તેથી અવસરસંગતિથી પ્રાપ્ત ત્રણ ઉપનયને જણાવીશું. નયોની સમીપ રહે તેને ઉપનય કહેવાય. અહીં સમ્યગ્ એવા આગમના અર્થને સારી રીતે વિચારી, ઊહાપોહ કરી, કષ-છેદ -તાપ-તાડન પરીક્ષાથી પરીક્ષા કરીને હે ભવ્યાત્મા ! તમે બહુશ્રુતપણાના યશરૂપી લક્ષ્મીના વિસ્તારને પામો. શ્લોકમાં 'યશઃ'શબ્દ દ્વારા ગ્રંથકારશ્રીએ 'યશોવિજય' આ પ્રમાણે પોતાના નામનો નિર્દેશ કરેલો છે. આ વાત ખ્યાલમાં રાખવી. દિગંબરસંમત નવ નયના પ્રભેદોનું કોષ્ઠક પાછળ દર્શાવેલ છે.

ૐ કો.(૧૩)માં 'સંસાર' પાઠ. ♦ મ.માં 'અરથ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ❖ કો.(૧૩)માં '**સુજસ**' પાઠ. ⊡ લી.(૨)માં 'નિસ્તાર' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. ✠ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત. ✦ કો.(૧૩)માં 'પરખ્યા' પાઠ. ✦ આ.(૧)માં 'પામ્યો' પાઠ. કો.(૭)માં 'પામ્યો' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે.

# ❋ દિગંબર સંમત મૂળનયોનું અને અવાન્તર નયોનું કોષ્ટક ❋

| મૂળનય→ | (૧) દ્રવ્યાર્થિકનય | (૨) પર્યાયાર્થિકનય | (૩) નૈગમનય | (૪) સંગ્રહનય | (૫) વ્યવહારનય | (૬) ઋજુસૂત્રનય | (૭) શબ્દનય | (૮) સમભિરૂઢ | (૯) એવંભૂત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ વા ન્ત ર ન યો | (૧)કર્મોપાધિ-નિરપેક્ષ શુદ્ધ (૨)સત્તા-ગ્રાહક શુદ્ધ (૩)ભેદકલ્પ-નાશૂન્ય શુદ્ધ (૪)કર્મોપાધિ-સાપેક્ષ શુદ્ધ (૫)ઉત્પાદ-વ્યયસાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ (૬)ભેદ-કલ્પના સાપેક્ષ અશુદ્ધ (૭)અન્વય દ્રવ્યાર્થિક (૮)સ્વદ્રવ્યા-દિગ્રાહક (૯)પરદ્રવ્યા-દિગ્રાહક (૧૦)પરમ-ભાવગ્રાહક | (૧)અનાદિ-નિત્ય શુદ્ધ (૨)સાદિ-નિત્ય શુદ્ધ (૩)અનિત્ય-શુદ્ધ (૪)અનિત્ય અશુદ્ધ (૫) કર્મો-પાધિરહિત નિત્ય શુદ્ધ (૬) કર્મો-પાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ | (૧)ભૂત નૈગમ (૨)ભાવી નૈગમ (૩)વર્તમાન નૈગમ | (૧) ઓઘ સંગ્રહ (પર સંગ્રહ) (શુદ્ધ સંગ્રહ) (૨)વિશેષ સંગ્રહ (અપર સંગ્રહ) (અશુદ્ધ સંગ્રહ) | (૧) સામાન્ય-સંગ્રહભેદક (૨) વિશેષ-સંગ્રહભેદક | (૧) સ્થૂલ-પર્યાયગ્રાહી (૨)સૂક્ષ્મ-પર્યાયગ્રાહી | (૧) | (૧) | (૧) |
| કુલ | ૧૦ + | ૬ + | ૩ + | ૨ + | ૨ + | ૨ + | ૧ + | ૧ + | ૧ = ૨૮ |

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – श्वेताम्बरसम्प्रदाये मूलनयाः सप्त, दिगम्बरसम्प्रदाये च नवेति आशाम्बरसम्प्रदायानुसारेण नवनयनिरूपणे यत्र यत्र श्वेताम्बरशास्त्र-युक्तिभ्यां तत्समर्थनमर्हति तत्समर्थनमपि ग्रन्थकृताऽकारि। ततः अयमुपदेशः ग्राह्यः यदुत (१) अन्यदीयाभिप्रायोपदर्शने समुचितरीत्या तत्समर्थनसम्भवे तत्समर्थनौदार्यमस्माभिः दर्शयितव्यम्। (२) 'मदुक्तमेव सत्यम्, अन्योक्तं मिथ्यैवे'ति सङ्कुचिताऽभिनिविष्टाभिप्रायः न जातुचिद् अङ्गीकार्यः। (३) पूर्वग्रहं विनैव अन्यवक्तव्यं श्रोतव्यम्, येन अन्यस्मै न्यायो दातुं शक्येत। (४) अन्यवक्तव्यं सूक्ष्मेक्षिकया विमृश्यम्, येन तत्परीक्षा कर्तुं शक्येत। (५) मध्यस्थवृत्तिः परीक्षकवृत्तिः समन्वयवृत्तिश्च आत्मसात् कर्तव्या, येन **तत्त्वार्थसूत्रोक्तः** "कृत्स्नकर्मक्षयो मोक्षः" (त.सू.१०/३) मङ्क्षु उपतिष्ठेत।।६/१६।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-
पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**
शिष्यमुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो
**द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ
षष्ठशाखायां **दिगम्बरसम्मतनयनिरूपण**नामकः
षष्ठोऽधिकारः।।६।।

---

[redacted] :- શ્વેતાંબરસંપ્રદાય મુજબ મૂલ નય સાત છે. દિગંબરસંપ્રદાય મુજબ મૂલ નય નવ છે. દિગંબરમતાનુસાર નવ નયનું નિરૂપણ કરતાં-કરતાં જ્યાં શ્વેતાંબર શાસ્ત્રો અને યુક્તિ દ્વારા તેનું સમર્થન થઈ શકે તેમ હોય ત્યાં તે પ્રમાણે તેનું સમર્થન પણ ગ્રંથકારશ્રીએ ટબામાં કરેલ છે. આના ઉપરથી એટલો બોધપાઠ લેવા જેવો છે કે (૧) બીજાની વાતને જણાવતી વખતે તેનું યોગ્ય રીતે સમર્થન થઈ શકે તેમ હોય તો તે રીતે તેનું સમર્થન કરવાની ઉદારતા આપણે દાખવવી જોઈએ. (૨) 'મારી જ વાત સાચી. બીજાની વાત ખોટી જ' - આવો સંકુચિત અને કદાગ્રહી અભિપ્રાય કદાપિ અપનાવવા જેવો નથી. (૩) કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ બાંધ્યા વિના જ સામેની વ્યક્તિની વાતને આપણે સાંભળવી જોઈએ. તો જ સામેની વ્યક્તિને આપણે સાચો ન્યાય આપી શકીએ. (૪) બીજાની વાત સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવી જોઈએ. તો જ તેની યોગ્ય પરીક્ષા કરી શકાય. (૫) મધ્યસ્થવૃત્તિ, પરીક્ષકવૃત્તિ અને સમન્વયવૃત્તિ - આ ત્રણ પ્રકારની વૃત્તિને આત્મસાત્ કરવાથી **તત્ત્વાર્થસૂત્ર**માં દર્શાવેલ સંપૂર્ણકર્મક્ષયસ્વરૂપ મોક્ષ ઝડપથી ઉપસ્થિત થાય.(૬/૧૬)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પંન્યાસપ્રવર
શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી દ્વારા સ્વરચિત
***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (*દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ* અનુસારી) ગ્રંથની ***'પરામર્શકર્ણિકા'*** નામની
સ્વરચિત વૃત્તિની છઠ્ઠી શાખાના ***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં
***'દિગંબરસંમત નયનિરૂપણ'*** નામનો છઠ્ઠો અધિકાર પૂર્ણ થયો.

*** છઠ્ઠી શાખા સમાપ્ત ***

## ❁ શાખા - ૬ અનુપ્રેક્ષા ❁

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. અશુદ્ધ પર્યાયાર્થિકનયનું સ્વરૂપ જણાવો.
૨. સમભિરૂઢનયનું સ્વરૂપ, વિશેષતા તથા શબ્દનય કરતાં તેની ભિન્નતા જણાવો.
૩. એક પદાર્થનો બીજા પદાર્થમાં ઉપચાર કયા ચાર પ્રકારે થાય છે ?
૪. એવંભૂતનય કયા ચાર દોષોનો ત્યાગ કરે છે ?
૫. નૈગમનયના ત્રણ પ્રકાર ઉદાહરણ સહિત સમજાવો.
૬. શબ્દનયનું સ્વરૂપ અને ઋજુસૂત્રનય કરતાં તેની ભિન્નતાને જણાવો.
૭. આ શાખામાં બતાવેલ નયોના પ્રભેદ સહિત ચાર્ટ બનાવો.
૮. શુદ્ધ પર્યાયાર્થિકનયનું સ્વરૂપ તથા તેને શુદ્ધ કહેવાનું કારણ જણાવો.
૯. વાત્સ્યાયન ભાષ્યને અનુસારે દસ પ્રકારના ઉપચાર = આરોપ વિશે માહિતી આપો.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. કર્મોપાધિનિરપેક્ષ સ્વભાવનિત્યશુદ્ધ પર્યાયાર્થિકનયની માહીતિ આપો.
૨. વ્યવહારનયના ચાર પ્રકાર ઉદાહરણ સાથે જણાવો.
૩. દૃષ્ટિસંમોહ દોષ કોને કહેવાય ?
૪. એવંભૂતનયની વ્યાખ્યા જણાવો.
૫. છઠ્ઠી શાખામાં શેનું નિરૂપણ કરાયેલ છે ?
૬. સંગ્રહનયના બે ભેદ ઉદાહરણ સહિત જણાવો.
૭. ઉપનય કોને કહેવાય ?
૮. ત્રીજા અને ચોથા પર્યાયાસ્તિકનય વચ્ચે ભેદ જણાવો.
૯. ઋજુસૂત્રનયનું સ્વરૂપ જણાવો. તથા તેના પ્રકાર સમજાવો.
૧૦. અવસરસંગતિ એટલે શું ?

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. માંચડા ચીસાચીસ કરે છે. અહીં માંચડાનો ઉપચાર પુરુષમાં કરેલ છે.
૨. સિદ્ધપર્યાય ધ્વંસનો પ્રતિયોગી છે.
૩. અર્થ એટલે ગણધર ભગવંત.
૪. સ્થૂલઋજુસૂત્રનય અને વ્યવહારનય એક જ છે.
૫. કાળભેદથી અર્થભેદને શબ્દનય માને છે.
૬. રાજકુમારમાં રાજાનો આરોપ વ્યવહારનય કરે છે.
૭. સામાન્ય સંગ્રહનયને અશુદ્ધ સંગ્રહનય પણ કહેવાય.

૮. વર્તમાનમાં ચાલતી ક્રિયાને ભૂતકાલીન કહી શકાય.
૯. પર્યાયશબ્દના ભેદથી અર્થભેદ કરનારો નય અભિરૂઢનય છે.
૧૦. વિશેષાવશ્યકભાષ્યવૃત્તિકારના મતે સામાન્યના ત્રણ ભેદ છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. પ્રત્યુત્પન્ન | (૧) છ પ્રકાર |
| ૨. નૈગમનય | (૨) વ્યાપ્યજાતિગોચર સંગ્રહનય |
| ૩. અભિરૂઢ | (૩) વર્તમાનકાલીન |
| ૪. સિદ્ધ | (૪) અનાદિ-નિત્ય |
| ૫. અપરસામાન્યવિષયક સંગ્રહનય | (૫) ત્રણ પ્રકાર |
| ૬. મેરુ | (૬) બે પ્રકાર |
| ૭. વ્યવહારનય | (૭) સાદિ-અનંત |
| ૮. પરસામાન્યવિષયક સંગ્રહનય | (૮) વસ્ત્ર |
| ૯. પર્યાયાસ્તિકનય | (૯) સમભિરૂઢ |
| ૧૦. શાટક | (૧૦) વ્યાપકજાતિગોચર સંગ્રહનય |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. પુર નામનો રાક્ષસને ફાડે તે -----. (ઈન્દ્ર, શક્ર, પુરંદર)
૨. ----- લોકવ્યવહાર ચલાવવા માટે અસમર્થ છે. (નૈગમનય, વ્યવહારનય, સંગ્રહનય)
૩. દિગંબર દેવસેનમતે નય ----- પ્રકારે છે. (પાંચ, સાત, નવ)
૪. શુદ્ધ ઋજુસૂત્રનય ---- પર્યાયનો ગ્રાહક છે. (અર્થ, વ્યંજન, ઉભય)
૫. પુદ્ગલદ્રવ્યની સ્થિતિ ઉત્કૃષ્ટથી ----- કાળ પ્રમાણ છે. (સંખ્યાત, અસંખ્યાત, અનંત)
૬. ઈન્દ્ર, શક્ર, પુરંદર ને ----- નય એક માને છે, ----- નય ભિન્ન માને છે. (શબ્દ, સમભિરૂઢ, એવંભૂત)
૭. સત્ ક્ષણિક ધ્રુવત્વ પર્યાયને ----- નય સ્વીકારે છે. (ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ)
૮. છેદાતી વસ્તુ છેદાઈ ગઈ એવું ----- ગ્રંથમાં આવે છે. (ભગવતીસૂત્ર, આલાપપદ્ધતિ, નયચક્ર)
૯. સંગ્રહનય ----- કરવામાં કુશળ છે. (અન્વય, વ્યતિરેક, ઉભય)

---

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ-૧૭.


ઉપનય પરામર્શ
ઉપનય પરામર્શ
ઉપનય પરામર્શ ઉપનય પરામર્શ ઉપનય પરામર્શ

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૭

द्रव्यानुयोगपरामर्शः शाखा-७

उपनयपरामर्शः

# शाखा - ७ : उपनयपरामर्शः

उपनयभेदनिरूपणम् (७/१)

सोदाहरणसद्भूतनयदर्शनम् (७/२-३)

सद्भूतव्यवहारनयस्य विषयः (७/३)

संज्ञादिद्वारेण भेदस्य दशविधत्वम् (७/४)

असद्भूतव्यवहारनयस्य व्याख्या प्रकाराश्च (७/५)

एकविंशतिः उपचाराः (७/५)

असद्भूतव्यवहारनयस्य भेदाः

(i) द्रव्ये द्रव्योपचारः (७/६)

(ii) गुणे गुणोपचारः (७/७)

(iii) पर्याये पर्यायाऽऽरोपः (७/८)

(iv) द्रव्ये गुणोपचारः (७/९)

(v) द्रव्ये पर्यायाऽऽरोपः (७/९)

(vi) गुणे द्रव्याऽऽरोपः (७/१०)

(vii) पर्याये द्रव्याऽऽरोपः (७/१०)

(viii) गुणे पर्यायारोपः (७/११)

(ix) पर्याये गुणोपचारः (७/११)

त्रिधा असद्भूतव्यवहारनयः (७/१२)

(i) स्वजातीयः असद्भूतव्यवहारनयः (७/१३)

(ii) विजातीयः असद्भूतव्यवहारनयः (७/१४)

(iii) स्वजातीय-विजातीयः असद्भूतव्यवहारनयः (७/१५)

त्रिधा उपचरिताऽसद्भूतव्यवहारनयः (७/१६)

(i) स्वजातीयः उपचरिताऽसद्भूतनयः (७/१७)

(ii) विजातीयः उपचरिताऽसद्भूतनयः (७/१८)

(iii) स्वजातीय-विजातीयः उपचरिताऽसद्भूतनयः (७/१८)

उपनयनिरूपणोपसंहारः (७/१९)

## ❋ ટૂંકસાર ❋

**: શાખા - ૭ :**

અહીં ઉપનયની વિચારણા કરેલ છે. ઉપનય ત્રણ છે. પ્રથમ સદ્ભૂત વ્યવહાર ઉપનય ધર્મ અને ધર્મી વચ્ચે ભેદ માને છે. શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય અને અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય અશુદ્ધ ગુણોને શુદ્ધ ગુણમાં રૂપાંતર કરવાની પ્રેરણા કરે છે. (૭/૧-૨-૩-૪)

બીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય દ્રવ્ય-ગુણ-પર્યાયનો એકબીજામાં ઉપચાર કરે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ ઉપકારી એવા ઉપચારો શાસ્ત્રકારોને પણ માન્ય છે. તે આના પરથી જણાય છે. (૭/૫)

સૌ પ્રથમ દ્રવ્યનો દ્રવ્યમાં (= જીવનો પુદ્ગલમાં) ઉપચાર કરીને 'જીવ જ શરીર છે' - એમ જણાવેલ છે. આ દૃષ્ટિ પ્રાણીહિંસા વગેરેથી અટકવામાં સહાયક છે. (૭/૬)

ગુણમાં ગુણનો ઉપચાર (ભાવલેશ્યામાં કૃષ્ણ, નીલ વગેરે પુદ્ગલોના વર્ણનો ઉપચાર) કરીને ભાવલેશ્યાને કૃષ્ણલેશ્યા વગેરે કહેલ છે. જીવ કષાય કરે ત્યારે કાષાયિક ભાવોથી ભાવિત થાય છે. (૭/૭)

અશ્વપર્યાયમાં સ્કંધપર્યાયનો ઉપચાર કરી 'ઘોડો સ્કંધ છે' - આમ બોલવું તે ત્રીજો ઉપચાર. (૭/૮)

'હું ગોરો છું' - અહીં દ્રવ્યમાં ગુણનો ઉપચાર છે. તેમજ 'હું શરીર છું' - અહીં દ્રવ્યમાં પર્યાયનો આરોપ છે. અહીં શુદ્ધાત્માને લક્ષમાં રાખવા જણાવેલ છે. (૭/૯)

'ગોરો હું છું' - અહીં ગુણમાં દ્રવ્યનો ઉપચાર છે. 'શરીર એ હું છું' - અહીં પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર છે. આ ઔપચારિક ભાષા બોલતી વખતે 'સિદ્ધ એ જ હું છું' - આ વાસ્તવિકતાને લક્ષમાં રાખવી. (૭/૧૦)

'મતિજ્ઞાન શરીર છે' - આ બુદ્ધિ ગુણમાં પર્યાયના આરોપથી થાય. 'શરીર જ મતિજ્ઞાન છે' - આ બુદ્ધિ પર્યાયમાં ગુણના આરોપથી થાય. આવો વ્યવહાર કરતી વખતે ભેદજ્ઞાનને ટકાવવું. (૭/૧૧)

આમ નવ પ્રકારે અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે. બીજી રીતે તેના ત્રણ પ્રકાર છે. (૭/૧૨)

સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર ઉપનય નિરંશ પરમાણુને બહુપ્રદેશી જણાવે છે. આ ઉપનય પાપ કરતી વખતે 'હું પશુતુલ્ય છું' - આવી દૃષ્ટિ આપી પાપત્યાગનું બળ આપે છે તથા પાપી વ્યક્તિમાં 'તે સિદ્ધ છે' - એવા વિચાર દ્વારા દ્વેષત્યાગનું બળ આપે છે. (૭/૧૩)

વિજાતીય અસદ્ભૂત વ્યવહાર ઉપનયના મતે 'રૂપી દ્રવ્યથી ઉત્પન્ન મતિજ્ઞાન રૂપી છે.' (૭/૧૪)

સ્વ-પરજાતિની અપેક્ષાવાળો ત્રીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જ્ઞાનને જીવ-અજીવસ્વરૂપ માને છે. આનાથી 'જેવું જ્ઞાન તેવો જીવ' - આ વાત સિદ્ધ થાય છે અને પોતાના જ્ઞાનને નિર્મળ કરવાનું સૂચન મળે છે. (૭/૧૫)

ઉપનયનો ત્રીજો ભેદ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર એક ઉપચારમાં બીજો ઉપચાર કરે છે. (૭/૧૬)

તેના ત્રણ પ્રકાર છે. સ્વજાતિથી, પરજાતિથી અને ઉભયજાતિથી. સ્વજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય બોલે છે કે 'હું પુત્ર છું, પુત્ર વગેરે મારા છે' - અહીં એક ઉપચારમાં (= પુત્રત્વમાં) બીજો ઉપચાર (= હુંપણું કે મારાપણું) જણાવેલ છે. મુમુક્ષુએ આવા ઉપચારોના વમળોમાં ફસાઈ ન જવું. (૭/૧૭)

'આ મારાં વસ્ત્ર' - આવું વાક્ય વિજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય બોલે છે. 'કિલ્લો, દેશ વગેરે મારા છે' - આ વાક્ય સ્વજાતિ-વિજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય બોલે છે. આમ અનેક ઉપચારવાળા જીવનવ્યવહાર મહામિથ્યાત્વમાં ખેંચી ન જાય તેનું લક્ષ રાખવું. (૭/૧૮)

આ રીતે નવ નય પછી ત્રણ ઉપનયની વાત પૂરી થાય છે. (૭/૧૯)

ઢાળ - ૭

(રાગ - ગોડી♦ ▸એણી પરિ રાજિ કરત - એ દેશી◂)

હિવઇ - સદ્ભૂતપ્રમુખભેદ વર્ણન દ્વારે કરીનેં વર્ણવઇ છઇ –

**સદ્ભૂત ✡વ્યવહાર ⁸રે, ભેદ પ્રથમ તિહાં; ધર્મ-ધર્મિના ભેદથી એ ॥૭/૧॥ (૯૦)**

▸*દિગંબર* પ્રક્રિયાઈ લખીઈ છે.◂ *'नयसमीपे उपनयाः।'*

---

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ७**

सद्भूतप्रमुखभेदान् उपनयानत्राऽऽचष्टे – '**उपनया**' इति।

**उपनयास्त्रयस्तत्र, धर्म-धर्मिविभेदतः।**

**सद्भूतव्यवहारो हि, प्रथमो भेद उच्यते।।७/१।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – उपनयाः त्रयः। तत्र प्रथमो भेदः हि सद्भूतव्यवहारः उच्यते। धर्मधर्मिविभेदतः (अयं ज्ञेयः)।।७/१।।

नयानां समीपे **उपनयाः**। ते च **त्रयः**। तथाहि – (१) सद्भूतव्यवहारः, (२) असद्भूतव्यवहारः, (३) उपचरिताऽसद्भूतव्यवहारश्चेति। अत्र आद्यो द्विभेदः, द्वितीयो नवविधः प्रकारान्तरेण त्रिविधश्च, तृतीयश्च त्रिविध इति वक्ष्यते।

---

❋ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા સુવાસ** ❋

[redacted] :- નવ નયોનું વર્ણન થઈ ગયું. હવે ગ્રંથકારશ્રી અહીં સદ્ભૂત વગેરે જેના પ્રકારો છે તેવા ઉપનયોનું વર્ણન કરે છે :-

**❋ ઉપનયમીમાંસા ❋**

[redacted] :- ઉપનય ત્રણ છે. તેમાં પ્રથમ ભેદ સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. ધર્મ-ધર્મી વચ્ચે ભેદને ગ્રહણ કરવાની અપેક્ષાએ આ સદ્ભૂત વ્યવહાર સમજવો. (૭/૧)

[redacted] :- નયોની સમીપવર્તી હોય તે ઉપનય કહેવાય છે. તે ઉપનય ત્રણ છે. તે આ પ્રમાણે - (૧) સદ્ભૂત વ્યવહાર, (૨) અસદ્ભૂત વ્યવહાર, (૩) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર. પ્રથમ ઉપનયના બે ભેદ છે. બીજા ઉપનયના નવ ભેદ છે. અન્ય રીતે બીજા ઉપનયના ત્રણ ભેદ છે. ત્રીજા ઉપનયના ત્રણ ભેદ છે. આ વાત આ જ શાખામાં આગળ કહેવામાં આવશે.

---

♦ ચક્ર ઉપન્યું સાર રે - **એ દેશી** પાલિ૦ + કો.(૧૨)માં પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. ✡ આ.(૧) 'વિવહાર રે' પાઠ. ⁸ ફક્ત કો.(૧૨)માં 'રે' પાઠ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)માં છે.

**તિહાં - સદ્ભૂત વ્યવહાર પ્રથમ** ઉપનયનો **ભેદ** ♦જાણવો. તે **ધર્મ** અનઈં **ધર્મી** તેહના **ભેદ** દેખાડવાથી હોઈ. ॥૭/૧॥

---

तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"सब्भूयमसब्भूयं उवयरियं चेव दुविहं सब्भूयं। तिविहं पि असब्भूयं उवयरियं जाण तिविहं पि।।" (न.च.१५, द्र.स्व.प्र.१८७) इति, [2]"सब्भूयाऽसब्भूए उवयरिए च दु नव तियत्था" (न.च.१६, द्र.स्व.प्र.१८८) इति च।

**तत्र** = त्रिषु उपनयभेदेषु मध्ये **प्रथमो भेदः हि सद्भूतव्यवहारः** = सद्भूतव्यवहारोपनय **उच्यते**। स च **धर्म-धर्मिविभेदतः** = धर्म-धर्मिणोः विशेषरूपेण भेदमवलम्ब्य भवति।

इदञ्चात्रावधेयम् - उपनयविचारः श्वेताम्बरपरम्परायां नोपलभ्यते किन्तु दिगम्बरसम्प्रदाये एव। तत्राऽपि तावत् **समन्तभद्राचार्येण आप्तमीमांसायां** "नयोपनयैकान्तानाम्" (आ.मी.परि.१७/का.१०७) इत्येवम् उपनयोल्लेखोऽकारि। तदुपरि **अष्टशतीभाष्ये अकलङ्कस्वामि**ना "सङ्ग्रहादिः नयः, तच्छाखाप्रशाखात्मोपनयः" (आ.मी.१०७, अ.श.भा.पृ.६८८) इत्येवं तद्विवरणं कृतम्। **अमृतचन्द्राचार्या**दिभिः स्वकृतौ न कुत्राऽपि उपनयविमर्शः कृतः। **देवसेनेन आलापपद्धति-नयचक्रयोः** उपनयाः विवेचिताः। तदुत्तरकालीनैश्च दिगम्बरैः **जयसेनाचार्या**दिभिः स्वकृतौ उपनयविवेकः कृतः। **देवसेनानुयायिना शुभचन्द्रेण**

---

(**तदु.**) **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં ઉપનયને જણાવતાં કહેલ છે કે "(૧) સદ્ભૂત, (૨) અસદ્ભૂત અને (૩) ઉપચરિત - આમ ત્રણ પ્રકારના ઉપનય છે. સદ્ભૂત ઉપનયના બે ભેદ છે. અસદ્ભૂત ઉપનયના ત્રણ ભેદ છે. તથા ઉપચરિત ઉપનયના પણ ત્રણ ભેદ છે." તે બન્ને ગ્રંથોમાં આગળ એવું જણાવેલ છે કે 'સદ્ભૂતના બે ભેદ છે. અસદ્ભૂતના નવ ભેદ છે. તથા ઉપચરિતના ત્રણ ભેદ છે.'

(**तत्र.**) તે ત્રણ ઉપનયના પ્રકારોની અંદર પ્રથમ ભેદ સદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. ધર્મ અને ધર્મી વચ્ચે વિશેષરૂપે ભેદની વિવક્ષાથી સદ્ભૂત વ્યવહાર ઉપનય પ્રાપ્ત થાય છે.

### ✿ દિગંબરસંપ્રદાયમાં ઉપનયનો ઉદ્ભવ ✿

(**इदञ्च.**) અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે 'ઉપનય'ની ચર્ચા શ્વેતાંબર પરંપરામાં ઉપલબ્ધ નથી. દિગંબર સંપ્રદાયમાં સૌપ્રથમ ઉપનયનો ઉલ્લેખ **'આપ્તમીમાંસા'** ગ્રંથની ૧૦૭ મી કારિકામાં **સમન્તભદ્રાચાર્યજી**એ કરેલ છે. **અકલંક સ્વામી**એ આપ્તમીમાંસા ઉપર **'અષ્ટશતી'** નામની વ્યાખ્યા રચેલ છે. તેમાં સંગ્રહાદિને નય તથા તેની શાખા-પ્રશાખાઓ ભેદ-પ્રભેદો ઉપનય તરીકે દર્શાવેલ છે. પરંતુ ઉપનયના ભેદોની કોઈ ચર્ચા ત્યાં ઉપલબ્ધ નથી. **અમૃતચંદ્રાચાર્ય** વગેરે દિગંબર વિદ્વાનોએ પણ પોતાના ગ્રંથોમાં ઉપનય અંગે વિચાર-વિમર્શ કરેલ નથી. **આલાપપદ્ધતિ** અને **નયચક્ર** ગ્રંથમાં **દેવસેનજી**એ સૌપ્રથમ ઉપનયના ભેદોની ચર્ચા કરેલ છે. દેવસેનના ઉત્તરકાલીન દિગંબર **જયસેનાચાર્ય** વગેરેએ પોતાના ગ્રંથોમાં ઉપનયના ભેદોની ચર્ચા કરેલ છે. **દેવસેન**ના અનુયાયી **શુભચંદ્રજી**એ **કાર્ત્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યા**માં 'ઉપનયો

---

♦ ફક્ત લા.(૨)માં 'જાણવો' પાઠ છે. 1. सद्भूतमसद्भूतमुपचरितं चैव द्विविधं सद्भूतम्। त्रिविधमप्यसद्भूतमुपचरितं जानीहि त्रिविधमपि।। 2. सद्भूताऽसद्भूते उपचरिते च द्वि-नव-त्रिकार्थाः।

**कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** "उपनयैश्च जीवादिवस्तु व्यवहरति" (का.अ.२७८/वृ.पृ.२००) इत्येवं केवलं तन्निर्देशोऽकारि। ततश्चात्र दिगम्बराऽऽम्नायाऽनुसारेण उपनया विव्रियन्ते।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – श्वेताम्बराऽऽम्नाये उपनयमीमांसाया असत्त्वेऽपि आशाम्बरसम्प्रदाये तदुपलब्धेः तदनुसारेण निरूपणं ग्रन्थकृता क्रियते। एतावताऽयमुपदेश इह ग्राह्यो यदुत (१) अन्यवक्तव्यस्य अन्यदीयशब्दद्वारा यथावन्निरूपणं निष्कपटभावेन कर्तव्यम्। (२) अन्यदीयमीमांसा अन्योक्तत्वेन दर्शनीया न त्वस्मदुक्तत्वेन, अन्यथा ज्ञानचौर्यदोषापत्तेः। (३) केन कदा कुत्र ग्रन्थे किं कथितं ? तदन्वेषणीयं प्रयत्नतः अस्माभिः, येन श्रोतॄणां यथावत् तत्तद्गोचराऽवबोधः स्यात्। इत्थञ्च "कृत्स्नकर्मक्षयान्मुक्तिः भोगसङ्क्लेशवर्जिता" (यो.बि.१३६) इति **योगबिन्दौ हरिभद्रसूरि**वर्णिता मुक्तिः सुलभा स्यात्।।७/१।।

---

વડે જીવાદિ વસ્તુઓનો વ્યવહાર પ્રાજ્ઞ કરે છે' - આટલો જ ફક્ત નિર્દેશ કરેલો છે. તેથી અહીં દિગંબર આમ્નાય મુજબ ઉપનયનું વિવેચન કરવામાં આવે છે.

**સ્પષ્ટતા** :- ઉપનયના ભેદ-પ્રભેદો નીચે મુજબ સમજવા.




આ જ શાખામાં આગળ ઉપનયના ઉપરોક્ત ભેદ-પ્રભેદોની ક્રમશઃ છણાવટ કરવામાં આવશે.

## ❈ નિવેદનમાં પ્રામાણિકતા રાખીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- શ્વેતાંબર પરંપરામાં 'ઉપનય'ની વિચારણા ન હોવા છતાં દિગંબર સંપ્રદાયમાં તે ઉપલબ્ધ થાય છે. તેથી તે મુજબ તેની વિચારણા ગ્રંથકાર શ્રીમહોપાધ્યાયજી મહારાજ અહીં કરી રહ્યા છે. તેનાથી એટલો બોધપાઠ લેવા જેવો છે કે (૧) બીજાની વાત તેના શબ્દોમાં યથાવત્ રીતે રજૂ કરવાની પ્રામાણિકતા આપણે રાખવી જોઈએ. (૨) બીજાના વિચારો આપણા નામથી કોઈની પાસે રજૂ કરવા ન જોઈએ પરંતુ તેના નામથી જ રજૂ કરવા જોઈએ. અન્યથા જ્ઞાનની ચોરીનો દોષ લાગુ પડે. (૩) કોણે ક્યારે કયા ગ્રંથમાં કઈ વાત કહી છે ? તેની તપાસ કરવાની મહેનત આપણે કરવી જોઈએ. જેથી બીજાને તે-તે બાબતમાં સાચી માહિતી મળી શકે. આ રીતે પ્રામાણિકતા રાખવાથી **યોગબિંદુ**માં જણાવેલ મોક્ષ સુલભ બને. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'સર્વ કર્મનો ક્ષય થવાથી જે મુક્તિ થાય છે, તે ભોગના સંક્લેશથી રહિત હોય છે. (૭/૧)

**શુદ્ધ અશુદ્ધ દ્વિભેદ [§]રે, શુદ્ધ-અશુદ્ધના; ❖તેહ ✠અર્થના ભેદથી એ ॥૭/૨॥ (૯૧)**

તે વલી (**દ્વિભેદ**=) બે પ્રકારિ હોઈ - ૧ **શુદ્ધ** અનઈ બીજો **અશુદ્ધ** ૨. **શુદ્ધ** (**અર્થના**=) ધર્મ-ધર્મિના **ભેદથી** શુદ્ધ સદ્ભૂત વ્યવહાર.

---

सद्भूतव्यवहाराभिधानादिमोपनयभेदावाचष्टे - 'शुद्धे'ति।

**शुद्धाऽशुद्धद्विभेदः स विशुद्धधर्म-धर्मिणोः।**
**भेदाच्छुद्धः स विज्ञेयोऽशुद्ध इतरतः खलु।।७/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् - सः (=आद्यः उपनयः) शुद्धाऽशुद्धद्विभेदः विज्ञेयः। विशुद्धधर्म-धर्मिणोः भेदात् सः शुद्धः, इतरतः खलु अशुद्धः।।७/२।।

**सः** = सद्भूतव्यवहाराख्य आद्य उपनयः **शुद्धाऽशुद्धद्विभेदः** = शुद्धसद्भूतव्यवहारोपनयः अशुद्धसद्भूतव्यवहारोपनय इत्येवं द्विप्रकारो **विज्ञेयः**।

**विशुद्धधर्म-धर्मिणोः भेदाद्** = भेदोपदर्शनात् **स** सद्भूतव्यवहारोपनयः **शुद्धो विज्ञेयः**। अत्र हि एकस्मिन् एव द्रव्ये धर्मभेदो गृह्यते, भिन्नद्रव्यसंयोगानपेक्षणात्। अत एवाऽस्य सद्भूतत्त्वमुच्यते। शुद्धधर्मपुरस्कारेण प्रवृत्तेश्चाऽस्य शुद्धत्वमवसेयम्। इत्थञ्चाऽत्र सद्भूतत्वं स्वरूपसापेक्षम्, शुद्धत्वञ्च विषयसापेक्षम्। विषयगतं शुद्धत्वमस्मिन् उपचर्यत इत्याशयः। धर्म-धर्मिणोः भेदस्य ग्रहणादस्य

---

**અવતરણિકા** :- સદ્ભૂતવ્યવહાર નામના પ્રથમ ઉપનયના બે ભેદોને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ❖ સદ્ભૂત વ્યવહારનું નિરૂપણ ❖

**શ્લોકાર્થ** :- પ્રથમ ઉપનય શુદ્ધ અને અશુદ્ધ - બે પ્રકારે છે. વિશુદ્ધ ધર્મ-ધર્મીમાં ભેદને ગ્રહણ કરવાથી શુદ્ધ સદ્ભૂત જાણવો. અશુદ્ધ ધર્મ-ધર્મીમાં ભેદને ગ્રહણ કરવાથી અશુદ્ધ સદ્ભૂત જાણવો. (૭/૨)

**વ્યાખ્યાર્થ** :- સદ્ભૂત વ્યવહાર નામના પ્રથમ ઉપનયના બે ભેદ જાણવા - (૧) શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય અને (૨) અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય.

### ❀ શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયને જાણીએ ❀

(विशुद्ध.) વિશુદ્ધ એવા ધર્મ અને ધર્મી વચ્ચે ભેદને દેખાડવાના લીધે તે સદ્ભૂતવ્યવહાર ઉપનય શુદ્ધ જાણવો. શુદ્ધ સદ્ભૂતવ્યવહારની વિચારણા કરવામાં આવે તો એક જ દ્રવ્યમાં ધર્મના ભેદને ગ્રહણ કરવામાં આવે છે. આ ઉપનય ભિન્ન દ્રવ્યના સંયોગની અપેક્ષા રાખતો નથી. પરદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયેલા અશુદ્ધ, સાંયોગિક, ઔપાધિક કે ઔપચારિક ગુણધર્મોની વિચારણા પ્રસ્તુત ઉપનય કરતો ન હોવાથી જ આ ઉપનય સદ્ભૂત કહેવાય છે. નિરુપાધિક, સ્વાભાવિક, વાસ્તવિક શુદ્ધ એવા ગુણધર્મને આગળ કરીને પ્રસ્તુત ઉપનય પ્રવૃત્તિ કરે છે. તેથી જ તેને શુદ્ધ જાણવો. આ રીતે આ ઉપનયમાં સદ્ભૂતત્વ સ્વરૂપસાપેક્ષ છે જ્યારે શુદ્ધત્વ વિષયસાપેક્ષ છે. વિષયગત શુદ્ધત્વનો પ્રસ્તુત ઉપનયમાં ઉપચાર કરવામાં આવે છે. આવું અહીં તાત્પર્ય સમજવું. ધર્મ-ધર્મી વચ્ચે ભેદનું ગ્રહણ કરવાથી આ ઉપનયને

---

§ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. ❖ કો.(૧૩)માં 'તેહના' પાઠ. ✠ મ.માં 'અરથના' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે.

**અશુદ્ધ** (**અર્થના**=) ધર્મ-ધર્મિના **ભેદથી** અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર. સદ્ભૂત તે માટઈં ♦છે જે એક✿ જ દ્રવ્ય છઈ, ભિન્ન દ્રવ્ય સંયોગાપેક્ષા નથી. વ્યવહાર તે માટઈં જે ભેદ ❐દેખાડિઈં છઈં. ॥૭/૨॥

व्यवहारत्वं ज्ञेयम्, व्यवहारस्य भेदकत्वात्।

**इतरतः** = अशुद्धधर्म-धर्मिणोः भेदाश्रयणात् **खलु अशुद्धः** = अशुद्धसद्भूतव्यवहारोपनयो विज्ञेयः। अशुद्धधर्मपुरस्कारेण भेदग्राहकत्वादस्याऽशुद्धव्यवहारत्वमवगन्तव्यम्। अत्रापि अन्यद्रव्य-संयोगनैरपेक्ष्येण एकत्रैव धर्मिणि धर्मभेदग्रहात् सद्भूतत्वं योज्यम्।

अत्र "उपनयभेदा उच्यन्ते। सद्भूतव्यवहारो द्विधा। शुद्धसद्भूतव्यवहारो यथा – शुद्धगुण-शुद्धगुणिनोः, शुद्धपर्याय-शुद्धपर्यायिणोः भेदकथनम्। अशुद्धसद्भूतव्यवहारो यथा – अशुद्धगुणाऽशुद्धगुणिनोः अशुद्धपर्याया-ऽशुद्धपर्यायिणोः भेदकथनम्। इति सद्भूतव्यवहारोऽपि द्विधा" (आ.प.पृ.९) इति **आलापपद्धतिवचनं** स्मर्तव्यम्।

अयमाशयः – गुण-गुणिनोः पर्याय-पर्यायिणोः च भेदप्रतिपादनं सद्भूतव्यवहारोपनयः, एकस्मिन् धर्मिणि भेदग्रहणप्रवणत्वात्। तद्विषयस्य शुद्धत्वाऽशुद्धत्वाभ्यां तस्य द्वैविध्यमाम्नातम्। तच्चाऽग्रे उदाहरणतः स्पष्टीभविष्यति।

વ્યવહાર કહેવામાં આવે છે. કારણ કે વ્યવહાર ભેદકારી છે.

### ❊ અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયને સમજીએ ❊

(**इतरतः.**) અશુદ્ધ એવા ધર્મ અને ધર્મી વચ્ચે ભેદનો આશ્રય કરે તે અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. અશુદ્ધ ધર્મને આગળ કરીને ધર્મીમાં ભેદનું જ્ઞાન કરવાના લીધે આ ઉપનયને અશુદ્ધ વ્યવહારરૂપે જાણવો. પ્રસ્તુત ઉપનયમાં પણ અન્ય દ્રવ્યના સંયોગની અપેક્ષા નથી રહેતી. પરદ્રવ્યસંયોગ પ્રત્યે તે ઉદાસીન છે. અન્ય દ્રવ્યના સંયોગથી નિરપેક્ષ રહીને એક જ દ્રવ્યમાં = ધર્મીમાં ધર્મના ભેદને આ ઉપનય ગ્રહણ કરે છે. તેથી જ તેમાં સદ્ભૂતપણું યોજવા લાયક બને છે.

### ❊ સદ્ભૂત વ્યવહારના બે ભેદ ❊

(**अत्र.**) પ્રસ્તુત બાબતમાં **આલાપપદ્ધતિ**નો પ્રબંધ પણ યાદ કરવા લાયક છે. ત્યાં **દેવસેનજી**એ જણાવેલ છે કે "ઉપનયના ભેદ કહેવાય છે. સદ્ભૂત વ્યવહાર ઉપનયના બે ભેદ છે. (૧) શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય. જેમ કે શુદ્ધ ગુણ અને શુદ્ધ ગુણી વચ્ચે તથા શુદ્ધ પર્યાય અને શુદ્ધપર્યાયવાળા પદાર્થ (= શુદ્ધપર્યાયી) વચ્ચે ભેદને કહેવો તે શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય. (૨) અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય. જેમ કે અશુદ્ધ ગુણ અને અશુદ્ધ ગુણી વચ્ચે તથા અશુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાયી વચ્ચે ભેદને કહેવો તે અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય. આ રીતે સદ્ભૂત વ્યવહાર ઉપનયના બે પ્રકાર છે."

(**अयमा.**) ગુણ-ગુણી વચ્ચે તથા પર્યાય-પર્યાયી વચ્ચે ભેદનું કથન કરવું તે સદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય. કારણ કે તે એક જ ધર્મીમાં ભેદગ્રહણ કરવામાં પરાયણ છે. તેનો વિષય શુદ્ધ પણ હોય છે તથા અશુદ્ધ પણ હોય છે. તેથી સદ્ભૂત વ્યવહાર ઉપનયના બે ભેદ થાય છે. આગળના શ્લોકમાં

♦ ફક્ત કો.(૧૩)માં 'છે' પાઠ છે. ✿ પુસ્તકોમાં 'એક દ્રવ્ય જ' પાઠ. કો.(૧૩)નો પાઠ લીધો છે. ❐ મ.માં 'દેષાંડિ' પાઠ.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - अयं सद्भूतव्यवहारोपनयो हि आध्यात्मिकोपासनाऽऽरम्भे शरीर-स्वजन-सम्पदादिषु असद्भूतस्वामित्वं शिथिलीकृत्य स्वकीयकेवलज्ञानादिक्षायिकगुणवैभवे स्वामित्वमुपदर्शयति, श्रद्धां जनयति, तन्माहात्म्यमाविर्भावयति, तदाविर्भावचिकीर्षाञ्चोपजनयति। ततश्च पुण्योदयप्राप्यपौद्गलिकसमृद्धिसमादरो विलीयते, क्षायिकगुणवैभवस्वामिनि अर्हदादौ भूयान् भक्ति-बहुमानादिभावः सम्प्रवर्धते, क्षायिकगुण-वैभवाविर्भावसाधनीभूतक्षायोपशमिकाऽशुद्धगुणेष्वपि स्वकीयसद्भूतस्वामित्वबुद्धिमुपजनयति, तद्योग-क्षेम-शुद्धि-वृद्धि-प्रकर्षगोचरप्रयत्नञ्चोपस्थापयति। ततश्च आध्यात्मिकोपासको मोक्षमार्गे एव सम्प्रवर्तते। एतद्धि सद्भूतव्यवहारोपनयप्रयोजनमत्राऽवसातव्यम्।

किञ्च, कथन-मननयोः विषयो यदि शुद्धः स्यात्, तर्हि वाग्विचारयोः शुद्धिः प्रादुर्भवेत्, अन्यथा तयोरशुद्धिः स्यात्। अतः परचिन्ता-विकथादिकं परिहृत्य स्वकीयशुद्धगुण-पर्याया एव स्ववाग्विचारविषयतामादरेणाऽऽपादनीयाः। ततश्च **ज्ञानमञ्जर्यां देवचन्द्रवाचकोक्तं** "निरावरणात्यन्तिकैकान्तिक-निर्द्वन्द्व-निरामयाऽविनाशि सिद्धस्वरूपम्" (ज्ञा.सा.११/८ वृ.) आसन्नं स्यात्।।७/२।।

---

આના ઉદાહરણ દેખાડવામાં આવશે. તેના દ્વારા ઉપરોક્ત બાબત એકદમ સ્પષ્ટ થઈ જશે.

### ❁ સદ્ભૂત વ્યવહાર ઉપનયનું પ્રયોજન ❁

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રસ્તુત સદ્ભૂતવ્યવહાર ઉપનય આધ્યાત્મિક ઉપાસનાના પ્રારંભમાં શરીર, સ્વજન, સંપત્તિ વગેરે વિશે રહેલા અસદ્ભૂત સ્વામિત્વને શિથિલ કરે છે. ત્યાર બાદ તે સાધકને પોતાના કેવલજ્ઞાન વગેરે ક્ષાયિકગુણવૈભવને વિશે સ્વામિત્વ = માલિકી દેખાડે છે. 'ક્ષાયિક ગુણવૈભવ એ જ પ્રગટ કરવા યોગ્ય છે. મારે તેને ઝડપથી પ્રગટ કરવો છે' - આવી રુચિ-શ્રદ્ધાને સદ્ભૂતવ્યવહાર ઉપનય જગાડે છે. ક્ષાયિકગુણવૈભવનો મહિમા પ્રગટાવે છે. તેમજ તેને પ્રગટ કરવા માટેની ઈચ્છા ઉભી કરે છે. તેથી પુણ્યોદયથી પ્રાપ્ય-પ્રાપ્ત એવી ભૌતિક ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ પ્રત્યેનો આદરભાવ અંદરથી તૂટે છે. તેમજ ક્ષાયિકગુણવૈભવના સ્વામી એવા અરિહંત પરમાત્મા, સિદ્ધ ભગવંત, કેવલી ભગવંત ઉપર પુષ્કળ ભક્તિ-બહુમાન-આદરભાવ સમ્યક્ રીતે પ્રકૃષ્ટપણે વધતો જાય છે. તદુપરાંત, ક્ષાયિક ગુણવૈભવને પ્રગટ કરવાના ઉપાયભૂત ક્ષાયોપશમિક અશુદ્ધ ગુણોને વિશે પણ સ્વકીય સદ્ભૂત માલિકીપણાનો ભાવ-બોધ સાધકમાં આ ઉપનય જગાડે છે. તથા ક્ષાયોપશમિક ગુણોની પ્રાપ્તિ-સુરક્ષા-શુદ્ધિ-વૃદ્ધિને વિશે પણ તે પ્રયત્ન કરાવે છે. તેનાથી આધ્યાત્મિક ઉપાસક મોક્ષમાર્ગે જ સારી રીતે પ્રવર્તે છે. આ જ પ્રસ્તુત સદ્ભૂત વ્યવહાર ઉપનયનું અહીં તાત્ત્વિક પ્રયોજન સમજવું.

### ❁ શુદ્ધ ગુણ-પર્યાયોનો પરિચય કરીએ ❁

(कि.) વળી, કથનનો કે મનનનો વિષય શુદ્ધ હોય તો વચનશુદ્ધિ અને વિચારશુદ્ધિ પ્રગટે. તે અશુદ્ધ હોય તો વચન અને મન અશુદ્ધ બને. તેથી પારકી પંચાત, વિકથા વગેરેથી દૂર રહી, પોતાના શુદ્ધ ગુણ-પર્યાયોને જ આદરથી પોતાની વાણીનો અને વિચારનો વિષય બનાવવા. તેના લીધે **જ્ઞાનસારની જ્ઞાનમંજરી** વૃત્તિમાં ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી**એ બતાવેલ નિરાવરણ આત્યંતિક ઐકાંતિક નિર્દ્વન્દ્વ નિરામય અવિનાશી સિદ્ધસ્વરૂપ નજીક આવે. (૭/૨)

જિમ જગિ કેવલજ્ઞાન♦, ✡આત્મદ્રવ્યનું; ♦મઈનાણાદિક તેહનું એ ॥૭/૩॥ (૯૨)
જિમ (જગિ=) જગમાંહિ "આત્મદ્રવ્યનું કેવલજ્ઞાન" - ઈમ ષષ્ઠીઈ પ્રયોગ કીજઈ.

शुद्धाऽशुद्धसद्भूतव्यवहारोपनयोदाहरणं दर्शयति – 'आत्मन' इति।

**आत्मनः केवलज्ञानं भूतव्यवहृतिः सती।**
**मतिज्ञानादि तस्यैवाऽशुद्धा सा जगति स्मृता।।७/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – (यथा) जगति 'आत्मनः केवलज्ञानम्' (इति) भूतव्यवहृतिः सती स्मृता। 'तस्य (=आत्मनः) एव मतिज्ञानादि' सा (व्यवहृतिः) अशुद्धा (स्मृता)।।७/३।।

यथा **जगति** '**आत्मनः** = आत्मद्रव्यस्य **केवलज्ञानम्**' इति उक्तिः **भूतव्यवहृतिः** = सद्भूतव्यवहृतिः **सती** = शुद्धा **स्मृता**। अत्र हि व्यवहारे केवलज्ञानात्मकशुद्धगुण-शुद्धात्मद्रव्ययोः षष्ठ्या भेदस्योपदर्शनात् शुद्धसद्भूतव्यवहारोपनयत्वमव्याहतम्।

***न चा***त्म-केवलज्ञानयोरभेदाद् भेदग्राहकस्याऽसद्भूतत्वमेव स्यात्, औपाधिकस्येव अविद्यमानस्य ग्रहणे असद्भूतत्वाऽविशेषादिति ***वाच्यम्,***

**અવતરણિકા** :- બીજા શ્લોકમાં જણાવેલ શુદ્ધ અને અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયના ઉદાહરણને ગ્રંથકારશ્રી ત્રીજા શ્લોકમાં જણાવે છે :-

### ❈ શુદ્ધ-અશુદ્ધ સદ્ભૂત વ્યવહારના ઉદાહરણ ❈

**શ્લોકાર્થ** :- જેમ કે આ જગતમાં 'આત્માનું કેવલજ્ઞાન' - આ વચન શુદ્ધ સદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય છે. 'આત્માનું મતિજ્ઞાન વગેરે' - આ વચન અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય છે. (૭/૩)

**વ્યાખ્યાર્થ** :- જેમ કે જગતમાં 'આત્મદ્રવ્યનું કેવલજ્ઞાન' - આ વચન શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાયેલ છે. કેવલજ્ઞાન આત્માનો શુદ્ધ ગુણ છે. કેવલજ્ઞાનવાળો આત્મા શુદ્ધ દ્રવ્ય છે. કેવલજ્ઞાનાત્મક શુદ્ધ ગુણ અને આત્મદ્રવ્યાત્મક શુદ્ધ ગુણી - આ બન્ને વચ્ચે ભેદને દર્શાવનાર છઠ્ઠી વિભક્તિ ('નું' પ્રત્યય) નો ઉપરોક્ત વ્યવહારમાં = વચનપ્રયોગમાં ઉલ્લેખ જોવા મળે છે. આથી શુદ્ધ સદ્ભૂત વ્યવહાર તરીકે પ્રસ્તુત ઉપનયને જણાવવામાં કોઈ બાધ નથી.

**સ્પષ્ટતા** :- જેમ 'ચૈત્રનું ઘર' આવા છઠ્ઠી વિભક્તિથી ગર્ભિત વાક્યપ્રયોગ દ્વારા ચૈત્ર અને ઘર વચ્ચે ભેદનું કથન થાય છે, તેમ 'આત્માનું કેવલજ્ઞાન' આવા છઠ્ઠી વિભક્તિથી ગર્ભિત વાક્યપ્રયોગ દ્વારા આત્મા અને કેવલજ્ઞાન વચ્ચે ભેદનું કથન થાય છે.

**શંકા** :- (न चा.) વાસ્તવમાં તો આત્મા અને કેવલજ્ઞાન વચ્ચે અભેદ જ રહેલ છે, ભેદ નહિ. તેમ છતાં પ્રસ્તુત વ્યવહાર તે બન્ને વચ્ચે ભેદને ગ્રહણ કરે છે. તેથી આ વ્યવહાર અસદ્ભૂત

♦ પુસ્તકોમાં 'ગ્યાન' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'આતમ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.
♦ મ.+ધ.માં 'લઈ' પાઠ. કો.(૨+૧૨+૧૩)માં 'મઇ' પાઠ. મો.(૨)માં 'ઈમ' પાઠ. P(૨+૩)+કો.(૫+૬+૧૩)+B(૧+૨)+P(૧) નો પાઠ લીધો છે.

તથા "**મતિજ્ઞાનાદિક** (તેહનું=) આત્મદ્રવ્યના ગુણ" ઈમ બોલાવિયઈ, ▸ધર્મ-ધર્મીના ૨ ભેદથી(એ).◂ ॥૭/૩॥

अन्यद्रव्यसंयोगाऽनपेक्षणेन प्रकृतव्यवहारेऽसद्भूतत्वाऽयोगात् संज्ञादिभेदेन तयोः भेदस्य व्यवहारतः सद्भूतत्वात्।

अशुद्धसद्भूतव्यवहाराभिधानोपनयोदाहरणमाह – '**मतिज्ञानादि तस्यैव** आत्मन' इति या **भूतव्यवहृतिः सा अशुद्धा स्मृता** शास्त्रादौ। अत्र हि सद्भूतव्यवहारे मतिज्ञानादिलक्षणाऽशुद्धगुणात्मद्रव्ययोः षष्ठ्या भेदोपदर्शनादशुद्धत्वं विज्ञेयम्।

दर्शितयोः उभयोः शुद्धाऽशुद्धव्यवहारयोरेकस्मिन्नेवात्मद्रव्ये प्रवृत्तेः द्रव्यान्तरसंयोगानपेक्षणात्

જ બની જશે. જેમ સાંયોગિક-ઔપાધિક ગુણધર્મને ગ્રહણ કરનાર ઉપનય અસદ્ભૂત કહેવાય, તેમ વસ્તુમાં અવિદ્યમાન ગુણધર્મનો આરોપ કરનાર ઉપનયને પણ અસદ્ભૂત જ કહેવો જોઈએ. તેથી આત્મા અને કેવલજ્ઞાન વચ્ચે ભેદને જણાવનાર પ્રસ્તુત ઉપનયને 'અસદ્ભૂત' કહેવો વ્યાજબી જણાય છે.

## ✵ ગુણ-ગુણીનો ભેદ વાસ્તવિક ✵

**સમાધાન** :- (अन्य.) 'આત્માનું કેવલજ્ઞાન' - આવા વાક્યપ્રયોગમાં પરદ્રવ્યસંયોગની અપેક્ષા ન હોવાથી તેનો અસદ્ભૂતવ્યવહાર તરીકે કહી શકાય તેમ નથી. વળી, નિશ્ચયથી આત્મા અને કેવલજ્ઞાન વચ્ચે અભેદ હોવા છતાં પણ વ્યવહારનયથી તે બન્ને વચ્ચે રહેલો ભેદ પણ વાસ્તવિક છે. આનું કારણ એ છે કે આત્મા અને કેવલજ્ઞાન - આ બન્નેના વાચક શબ્દ જુદા જુદા છે. બન્નેના કાર્ય વગેરે પણ જુદા છે. જો આત્મા અને કેવલજ્ઞાન વચ્ચે સર્વથા અભેદ હોય તો બધા જ આત્મા કેવલજ્ઞાની કહેવાવા જોઈએ. પણ વ્યવહારમાં તેવું થતું નથી. તેમજ તે બન્નેના નામ, કાર્ય વગેરેમાં પણ ભેદ ન હોવો જોઈએ. પણ તે ભેદ તો સર્વજનવિદિત જ છે. તેથી વ્યવહારનયના દૃષ્ટિકોણથી, આત્મા અને કેવલજ્ઞાન વચ્ચે ભેદ સદ્ભૂત = વાસ્તવિક છે. સદ્ભૂત ભેદને જણાવનાર હોવાથી ઉપરોક્ત વ્યવહારને સદ્ભૂત માનવો વ્યાજબી જ છે.

## ❁ સદ્ભૂત વ્યવહારના બીજા ભેદની ઓળખ ❁

(अशुद्ध.) પ્રથમ ઉપનયનો બીજો ભેદ અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર છે. તેના ઉદાહરણને ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા જણાવે છે. 'આત્માના જ મતિજ્ઞાનાદિ ગુણો છે' - આ પ્રમાણે ષષ્ઠી વિભક્તિથી ગર્ભિત જે સદ્ભૂત વ્યવહાર થાય છે, તેને શાસ્ત્ર વગેરેમાં અશુદ્ધ જણાવેલ છે. 'મતિજ્ઞાનાદિ આત્માના ગુણ છે' - આ સદ્ભૂત વ્યવહાર ઉપનય મતિજ્ઞાનાદિ અને આત્મા વચ્ચે ભેદને સૂચવે છે. આ વ્યવહાર અશુદ્ધ હોવાનું કારણ એ છે કે મતિજ્ઞાનાદિ ગુણો અશુદ્ધ છે. મતિજ્ઞાની આત્મા પણ અશુદ્ધ દ્રવ્ય છે. અશુદ્ધ ગુણ અને અશુદ્ધ ગુણી વચ્ચે ષષ્ઠી વિભક્તિ ભેદને જણાવનાર હોવાથી પ્રસ્તુત સદ્ભૂત વ્યવહાર અશુદ્ધ છે - આ પ્રમાણે જાણવું.

## ✵ વ્યવહારમાં સદ્ભૂતપણાનું બીજ જાણીએ ✵

(दर्शित.) 'કેવલજ્ઞાન આત્માનો ગુણ છે', 'મતિજ્ઞાનાદિ આત્માના ગુણ છે'- આ પ્રમાણે જણાવેલ

▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે..

सद्भूतत्वमवसेयम्। न ह्यत्राऽन्यद्रव्येऽपरद्रव्यगुणः आरोप्यते, येन द्रव्यान्तरसंयोगोऽत्राऽपेक्ष्येत, केवलज्ञान-मतिज्ञानादीनामात्मन एव गुणत्वात्।

तदुक्तं **भगवतीसूत्रे** [1]"कतिविहे णं भंते ! नाणे पन्नत्ते ? गोयमा ! पंचविहे नाणे पन्नत्ते, तं जहा– आभिणिबोहियनाणे, सुयनाणे, ओहिनाणे, मणपज्जवनाणे, केवलनाणे" (भ.सू.श. ८ उ.२ सूत्र-३१८) इति। पञ्चविधज्ञानस्यात्मगुणतया न तन्निरूपणार्थमन्यद्रव्योल्लेखावश्यकतेत्याशयः।

'आत्मनो ज्ञानमि'ति वाक्यं तु गुण-गुणिभेदविषयकत्वेन शुद्धाशुद्धत्वनिरपेक्षसद्भूतव्यवहारोपनयतया अवगन्तव्यम्।

***न वा***न्यतरस्मिन्नसमावेशाद् विभागन्यूनताऽऽपत्तिरिति ***वाच्यम्,***

ક્રમશઃ શુદ્ધ અને અશુદ્ધ વ્યવહાર એક જ આત્મદ્રવ્યમાં પ્રવૃત્ત થાય છે. એક દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણને આરોપિત કરીને તેને બતાવવાનું કાર્ય પ્રસ્તુત વ્યવહાર કરતો નથી. કેવલજ્ઞાન કે મતિજ્ઞાન વગેરેને બતાવવા માટે પ્રસ્તુત વ્યવહાર અન્ય દ્રવ્યના સંયોગની અપેક્ષા રાખતો નથી. કેમ કે કેવલજ્ઞાન અને મતિજ્ઞાનાદિ આત્માના જ ગુણો છે, જડ દ્રવ્યના નહિ. તેથી આત્મભિન્ન દ્રવ્યના ઉલ્લેખપૂર્વક કેવલજ્ઞાન કે મતિજ્ઞાનાદિ ગુણોનો ઉપન્યાસ કરવાની આવશ્યકતા પ્રસ્તુતમાં રહેતી નથી. આથી આ વ્યવહાર સદ્ભૂત સમજવો.

(तदु.) **ભગવતીસૂત્ર**માં પ્રશ્નોત્તરસ્વરૂપે કહેલ છે કે 'હે ભગવંત ! જ્ઞાન કેટલા પ્રકારના બતાવેલા છે ? હે ગૌતમ ! જ્ઞાન પાંચ પ્રકારના બતાવેલા છે. તે આ રીતે (૧) આભિનિબોધિક (= મતિ) જ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન.' મતલબ કે જ્ઞાન આત્માનો ગુણ છે તથા તે પાંચ પ્રકારે છે. તેથી તેના નિરૂપણ માટે આત્મભિન્ન અન્ય દ્રવ્યનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા રહેતી નથી.

[illegible] :- 'કેવલજ્ઞાન આત્માનો ગુણ છે' - આ વાક્ય શુદ્ધ સદ્ભૂતવ્યવહાર છે. 'મતિજ્ઞાનાદિ આત્માના ગુણ છે' - આ વચન અશુદ્ધ સદ્ભૂતવ્યવહાર છે. આ સમજાય છે. પરંતુ 'જ્ઞાન આત્માનો ગુણ છે'- આ વાક્ય કયા વ્યવહારરૂપે સમજવું ? કારણ કે અહીં ગુણની શુદ્ધિનો કે અશુદ્ધિનો ઉલ્લેખ નથી.

## ✡ 'જ્ઞાન આત્માનો ગુણ' વાક્યવિચાર ✡

[illegible] ('आत्मनो.) :- 'જ્ઞાન આત્માનો ગુણ છે' - આવું વાક્ય શુદ્ધત્વથી કે અશુદ્ધત્વથી નિરપેક્ષ એવા સદ્ભૂત વ્યવહાર સામાન્ય તરીકે સમજવું. કેમ કે તેના વિષયભૂત જ્ઞાનમાં શુદ્ધત્વનો કે અશુદ્ધત્વનો નિર્દેશ કરવામાં આવેલ નથી. પરંતુ ગુણ-ગુણીના ભેદને તે પોતાનો વિષય બનાવે છે. આ વાક્યમાં ભેદબોધક છઠ્ઠી વિભક્તિનો નિર્દેશ કરવામાં આવેલ છે. તેથી તે વાક્યને સદ્ભૂત વ્યવહાર સામાન્ય તરીકે ઓળખવામાં કોઈ બાધ જણાતો નથી.

[illegible] :- (न वा.) જીવના ભેદ બતાવ્યા પછી કોઈ જીવનો તે વિભાગમાં સમાવેશ ન થઈ શકે તો જેમ તે જીવવિભાગ ન્યૂનતાદોષવાળો કહેવાય. તેમ પ્રસ્તુતમાં સદ્ભૂત વ્યવહાર ઉપનયના બે પ્રકાર દર્શાવ્યા

1. कतिविधानि भदन्त ! ज्ञानानि प्रज्ञप्तानि ? गौतम! पञ्चविधानि ज्ञानानि प्रज्ञप्तानि, तद् यथा – आभिनिबोधिकज्ञानम्, श्रुतज्ञानम्, अवधिज्ञानम्, मनःपर्यवज्ञानम्, केवलज्ञानम्।

एवं सति अशुद्धत्वानुल्लेखेन अशुद्धसद्भूतव्यवहारेऽसमावेशात् पारिशेषन्यायतः शुद्धसद्भूतव्यवहारोपनये तन्निवेश उचितः। "शुद्धसद्भूतव्यवहारः यथा – शुद्धगुण-शुद्धगुणिनोः शुद्धपर्याय-शुद्धपर्यायिणोः भेदकथनम्" (आ.प.पृ.९) इति **आलापपद्धति**वचनाद् अपि शुद्धसद्भूतव्यवहारोपनये तत्समावेश उचितः। परं ज्ञानपदस्य अशुद्धज्ञानपरत्वे शुद्धाऽशुद्धोभयज्ञानपरत्वे वा अशुद्धसद्भूतव्यवहारोपनये तत्प्रवेश उचित इति प्रतिभात्यस्माकम्।

***एतेन*** "ज्ञानं हि कथञ्चिदवस्थारूपेण आत्मनो भिन्नत्वाद् 'मम' इति भेदेन व्यपदिश्यते" (मी. श्लो. वा.आत्मवाद १३० न्या.रत्ना.) इति **मीमांसाश्लोकवार्तिकविवरणे न्यायरत्नाकराभिधाने पार्थसारथिमिश्र**वचनमपि

---

બાદ જે જે વાક્ય સદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય હોય તે તે સર્વ વાક્યનો બેમાંથી એક પ્રકારમાં સમાવેશ થવો જ જોઈએ. અન્યથા સદ્ભૂત વ્યવહારના વિભાગમાં ન્યૂનતા દોષ ઉપસ્થિત થશે. જો આવું ન માનવામાં આવે તો 'જીવના બે ભેદ એકેન્દ્રિય અને પંચેન્દ્રિય' - આ પ્રમાણે જીવવિભાગ પણ સમ્યક્ બની જશે. વિકલેન્દ્રિયને જીવ સામાન્ય તરીકે ઓળખાવી દેવાશે. પણ આવું કોઈને માન્ય નથી. માટે 'જ્ઞાન આત્માનો ગુણ છે' - આ વાક્યનો સદ્ભૂત વ્યવહાર સામાન્ય તરીકે નિર્દેશ કરવો વ્યાજબી નથી.

**સમાધાન** :- (एवं.) જો ઉપરોક્ત રીતે સદ્ભૂત વ્યવહારના વિભાગમાં ન્યૂનતા દોષ જણાતો હોય તો 'જ્ઞાન આત્માનો ગુણ છે' - આ વાક્યનો શુદ્ધ સદ્ભૂત વ્યવહારમાં સમાવેશ કરી શકાય છે. કારણ કે ઉપરોક્ત વાક્યમાં ગુણની અશુદ્ધિનો ઉલ્લેખ થયેલ ન હોવાથી અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયમાં સમાવેશ થઈ શકતો નથી. તેમ જ 'સદ્ભૂત વ્યવહાર' તરીકે તો તે વાક્ય માન્ય છે જ. કારણ કે બીજા દ્રવ્યના સંયોગની અપેક્ષા રાખ્યા વિના એક જ દ્રવ્યમાં ધર્મ-ધર્મીના ભેદનો ઉલ્લેખ તેમાં કરાય છે. ભેદગ્રાહકત્વ હોવાથી તે ઉપનય વ્યવહાર તરીકે માન્ય છે. તેમજ એક જ દ્રવ્યમાં ધર્મ-ધર્મીના ભેદનો ઉલ્લેખ કરવામાં બીજા દ્રવ્યની અપેક્ષા ન હોવાથી તે ઉપનય સદ્ભૂત તરીકે સંમત છે. તેથી પારિશેષ ન્યાયથી તેનો શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયમાં સમાવેશ કરવો ઉચિત જણાય છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "શુદ્ધ ગુણ અને શુદ્ધ ગુણી વચ્ચે ભેદનું કથન કરવું તે અથવા શુદ્ધપર્યાય અને શુદ્ધપર્યાયી વચ્ચે ભેદનું પ્રતિપાદન કરવું તે શુદ્ધસદ્ભૂતવ્યવહાર ઉપનય કહેવાય." આ પ્રમાણે જે જણાવેલ છે તેનાથી પણ એવું જણાય છે કે "જ્ઞાન આત્માનો ગુણ છે" - આ વાક્યનો શુદ્ધસદ્ભૂતવ્યવહાર ઉપનયમાં સમાવેશ કરવો એ ઉચિત છે. પરંતુ વક્તાનો અભિપ્રાય જો અશુદ્ધજ્ઞાનનો હોય કે શુદ્ધ-અશુદ્ધ બન્ને જ્ઞાનનો હોય તો તેવા વાક્યનો અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયમાં સમાવેશ કરવો. તેવું અમને યોગ્ય જણાય છે.

## ❖ મીમાંસકમંતવ્ય વિશે વિચારણા ❖

(एतेन.) **કુમારિલભટ્ટ** નામના મીમાંસક વિદ્વાને **મીમાંસાશ્લોકવાર્તિક** ગ્રંથ બનાવેલ છે. તેના ઉપર **પાર્થસારથિ મિશ્ર** નામના મીમાંસકે **ન્યાયરત્નાકર** નામનું વિવરણ બનાવેલ છે. તેમાં તેણે જણાવેલ છે કે "જ્ઞાન કથંચિત્ આત્માની અવસ્થાવિશેષાત્મક છે. તેથી જ્ઞાન આત્માથી ભિન્ન છે. તેથી 'મારું જ્ઞાન' આ રીતે છઠ્ઠી વિભક્તિથી ગર્ભિત વાક્ય દ્વારા આત્મા અને જ્ઞાન વચ્ચે ભેદનો વ્યવહાર થાય છે." **પાર્થસારથિ**ના આ વાક્યનો પણ ક્યાં સમાવેશ કરવો ? તેની છણાવટ પણ ઉપરોક્ત વિવેચનથી

***व्याख्यातम्***, ज्ञानाऽशुद्धत्वानुल्लेखेन शुद्धसद्भूतव्यवहारोपनये तत्समावेशसम्भवात्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – नश्वरसंसाराऽसारताऽवबोधाद् विरक्तो भवभीतश्च मुमुक्षुः शाश्वततत्त्वान्वेषणपरो गुरुगमतः स्वकीय-शाश्वत-शुद्धकेवलज्ञानादिगुणवैभवं विज्ञाय शक्तिरूपेण स्वात्मनि अवस्थिततया सद्भूतान् क्षायिकगुणान् प्रकटयितुं शास्त्रविहितात्मनिरीक्षणाद्यभ्यन्तरप्रयोगादौ संवेगसारं प्रवर्तते। अशुद्धत्वेऽपि सद्भूततया स्वकीयमतिज्ञानादिलक्षणक्षायोपशमिकचेतना तादृशप्रयोग-शालेत्यवगम्य विरक्ततया अन्तर्मुखीभूय अशुद्धिप्रक्षयाय प्रकृष्टशुद्धिसमुपलब्धये च सर्वदा प्रयतते। इत्थं मुमुक्षुः गुणान् शोधयति।

---

થઈ જાય છે. સદ્ભૂત વ્યવહાર સામાન્યમાં તેનો સમાવેશ કરવામાં વિભાગન્યૂનતા જણાતી હોય તો શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયમાં તેનો સમાવેશ થઈ શકશે. કારણ કે પાર્થસારથિ મિશ્રજીએ પણ જ્ઞાનગુણની અશુદ્ધિને દર્શાવનાર કોઈ પણ શબ્દનો ત્યાં ઉલ્લેખ કરેલો નથી.

**સ્પષ્ટતા** :- જૈનદર્શન ગુણ-ગુણીમાં ભેદાભેદ માને છે. તેમ મીમાંસકદર્શન પણ ગુણ-ગુણીમાં ભેદાભેદ માને છે. **ન્યાયરત્નાકર** વિવરણમાં 'કથઞ્ચિત્' શબ્દનો પ્રયોગ થયેલ છે. તે પણ અત્યંત નોંધપાત્ર બાબત છે. સર્વથા ભેદનો તેના દ્વારા વ્યવચ્છેદ કરવામાં આવે છે. જ્યાં ગુણની શુદ્ધિ-અશુદ્ધિનો ઉલ્લેખ શબ્દતઃ કરવામાં આવેલ ન હોય તથા અન્ય દ્રવ્યના ઉલ્લેખ વિના ગુણ-ગુણીમાં ભેદનો નિર્દેશ ષષ્ઠી વિભક્તિ વગેરે દ્વારા કરવામાં આવેલ હોય તે વાક્યને પારિશેષ ન્યાયથી 'શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય' તરીકે સ્વીકારવું ઉચિત જણાય છે.

### * સદ્ભૂત વ્યવહાર ઉપનયનું પ્રયોજન *

**આધ્યાત્મિક ઉપનય** :- 'સંસાર, સાંસારિક પદાર્થો અનિત્ય છે, અસાર છે' - એવું જાણીને સાધક વિરક્ત બને છે. બિહામણા સંસારનો તેને ભય લાગે છે. 'વિરાટ સંસારમાં પરમાર્થથી પોતાનું કોઈ પણ નથી' - આ ખ્યાલથી તેને કર્મના બંધનમાંથી મુક્ત થવાની ઈચ્છા પ્રગટે છે. તે દશામાં મુમુક્ષુને શાશ્વત તત્ત્વની પરમાર્થથી ગરજ ઊભી થાય છે. શાશ્વત તત્ત્વની ખોજમાં ખોવાયેલો સાધક ગુરુગમથી પોતાના શાશ્વત અને શુદ્ધ એવા કેવલજ્ઞાનાદિ ગુણવૈભવને જાણે છે. 'શક્તિસ્વરૂપે પોતાના આત્મામાં રહેલા હોવાથી ક્ષાયિક ગુણો સદ્ભૂત છે, વાસ્તવિક છે. ફક્ત તેને પ્રગટ કરવાની જરૂર છે, આવરણને હટાવવાની આવશ્યકતા છે' - આ પ્રમાણે જાણીને શુદ્ધ આત્મગુણો પ્રગટ કરવા માટે તે સાધક મુમુક્ષુ આત્મનિરીક્ષણ-તત્ત્વપરીક્ષણ વગેરે શાસ્ત્રોક્ત અભ્યન્તર પ્રયોગોને વિશે ઝળહળતા સંવેગથી પ્રવર્તે છે. મતિજ્ઞાન વગેરે ક્ષાયોપશમિક ગુણો અશુદ્ધ હોવા છતાં પણ સદ્ભૂત છે, વાસ્તવિક છે. તેથી જ 'મતિજ્ઞાન આદિ સ્વરૂપ પોતાની ચેતના એ આત્મનિરીક્ષણ વગેરે પ્રયોગો કરવાની શાળા છે' - એવું જાણીને મુમુક્ષુ મતિજ્ઞાનાદિસ્વરૂપ ઉપયોગાત્મક પ્રયોગશાળામાં, વૈરાગી હોવાથી અંતર્મુખ બનીને, પોતાના ઉપયોગની અશુદ્ધિનો પૂર્ણતયા ક્ષય કરવા માટે તથા પ્રકૃષ્ટ શુદ્ધિની સમ્યક્ પ્રાપ્તિ માટે સર્વદા પ્રયાસ કરે છે. આ રીતે તે ગુણોને શુદ્ધ કરે છે.

आत्मशुद्धगुणोपलब्धेरेव परमप्रयोजनत्वात् तत्साधनविधया आदौ अशुद्धगुणाः प्राप्याः। शुद्धाऽशुद्धगुणोपलब्धिः विना उद्यमेन अशक्या, तयोरात्मभिन्नत्वात्। सद्भूतव्यवहारोपनयाभिप्रेता अधिकृता गुण-गुणिभेददृष्टिः गुणोपलब्धये आत्मार्थिनं प्रेरयति। इत्थमेव क्रमेण "अमूर्त्ताः सर्वभावज्ञास्त्रैलोक्योपरिवर्तिनः। क्षीणसङ्गा महात्मानस्ते सदा सुखमासते।।" (शा.स.११/५४ + उप.भ.प्र.८/२३६) इति **शास्त्रवार्त्तासमुच्चये उपमितिभवप्रपञ्चायां** च **कथायां** प्रदर्शितं मुक्तात्मस्वरूपमाविर्भवेत् ।।७/३।।

## ❀ શુદ્ધ-અશુદ્ધ ગુણોમાં સાધ્ય-સાધનભાવ ❀

(आत्म.) આત્માના શુદ્ધ ગુણોની ઉપલબ્ધિ એ જ ધર્મસાધનાનું મુખ્ય લક્ષ્ય છે. તેથી પ્રારંભમાં તેના સાધનરૂપે અશુદ્ધ આત્મગુણોની ઉપલબ્ધિ કરવી જોઈએ. મતલબ કે શુદ્ધ ગુણ સાધ્ય છે તથા અશુદ્ધ ગુણ સાધન છે. તથા શુદ્ધ કે અશુદ્ધ ગુણોની પ્રાપ્તિ, ઉદ્યમ વિના શક્ય નથી. કારણ કે તે ગુણો આત્માથી ભિન્ન છે. આવા પ્રકારનો આશય સદ્ભૂત વ્યવહાર ઉપનયનો છે. ગુણ-ગુણીના ભેદની દૃષ્ટિ આત્માર્થી સાધકને ગુણોને મેળવવા સાધનામાર્ગે આગળ વધવાની પ્રેરણા કરે છે. આ રીતે જ ક્રમશઃ મોક્ષમાર્ગે આગળ વધતાં મુક્તાત્મસ્વરૂપ પ્રગટ થાય છે. આ અંગે **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય**માં તથા **ઉપમિતિભવપ્રપંચા કથા**માં જણાવેલ છે કે "ત્રણ લોકની ઉપર રહેનારા તે મહાન આત્માઓ (= સિદ્ધ ભગવંતો) અમૂર્ત્ત છે, સર્વ ભાવોને જાણે છે, તેઓએ સર્વ સંગોને ક્ષય કરેલ છે. તેઓ સદા સુખેથી રહે છે.' (૭/૩)

**લખી રાખો ડાયરીમાં.....**

- **દુર્મતિ, દુર્ગતિ, દુષ્ટતા, દુર્ગુણ - આ બધા વાસનાના વિકૃત પરિણામ છે.**
  **ઉપાસનાનું મધુર ફળ છે - સન્મતિ, સદ્ગતિ, સૌજન્યતા, સદ્ગુણ અને સિદ્ધિ.**
- **બુદ્ધિ તો કર્મની જેલમાં બંદી છે.**
  **શ્રદ્ધા મુક્તિ-મહેલની યાત્રા કરનાર મહાયાત્રી છે.**
- **જડ વ્યક્તિને સાધના અઘરી છે. દા.ત. માષતુષ મુનિ.**
  **વક્રને ઉપાસના અઘરી છે. દા.ત. અપરિણત દત્તમુનિ.**
- **વાસના કેવળ તસ્વીર અને તકદીર સુધારવા રાજી છે.**
  **ઉપાસના તાસીરને સુધારવા કટિબદ્ધ છે.**

**ગુણ-પર્યાય-સ્વભાવ-કારક તન્મયનો, ♦ભેદ અરથ છઈં ✡તેહનો એ ॥૭/૪॥ (૯૩)**

ગુણ-ગુણીનો; **પર્યાય**-પર્યાયવંતનો; **સ્વભાવ**-સ્વભાવવંતનો; **કારક** અનઇં **તન્મય** કહતાં કારકી, તેહનો જે એક દ્રવ્યાનુગત ભેદ બોલાવિઇં, તે સર્વ **એ** (**તેહનો**=) ઉપનયનો **અર્થ** જાણવો (**છઈં**). "**घटस्य रूपम्, घटस्य रक्तता, घटस्य स्वभावः, मृदा घटो निष्पादितः**" ઈત્યાદિ પ્રયોગ જાણવા. ॥૭/૪॥

सद्भूतव्यवहारोपनयविषयतामाह – '**द्रव्यस्ये**'ति।

**द्रव्यस्य गुण-पर्याय-स्वभाव-कारकेषु हि।**
**तन्मयस्य विभेदः स्यादुपनयस्य गोचरः।।७/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – गुण-पर्याय-स्वभाव-कारकेषु हि तन्मयस्य द्रव्यस्य विभेदः उपनयस्य गोचरः स्यात्।।७/४।।

**गुण-पर्याय-स्वभाव-कारकेषु हि** = एव **तन्मयस्य** = गुण-पर्याय-स्वभाव-कारकमयस्य **द्रव्यस्य** = स्वद्रव्यस्य **विभेदः** = विशेषरूपेण भेदः **उपनयस्य** = सद्भूतव्यवहारोपनयस्य **गोचरः** = विषयतापन्नः **स्यात्**। गुण-गुणिनोः, पर्याय-पर्यायिणोः, स्वभाव-स्वभाववतोः, कारक-कारकिणोः च एकद्रव्यानुगतं भेदं सद्भूतव्यवहाराख्य उपनयः प्रतिपादयतीति भावः।

तथाहि – 'घटस्य रूपमि'त्यादौ गुण-गुणिनोः, 'घटस्य रक्तता' इत्यादौ पर्याय-पर्यायिणोः, 'घटस्य स्वभावः' इत्यादौ स्वभाव-स्वभाववतोः, 'मृदा घटो निष्पादितः' इत्यादौ च कारक-कारकिणोः षष्ठ्यादितः भेदस्य प्रतिपादके व्यवहाराख्ये उपनये परद्रव्यनैरपेक्ष्येण सद्भूतत्वमवसेयम्।

[redacted] :- સદ્ભૂત વ્યવહાર ઉપનયના વિષયને ગ્રંથકારશ્રી જણાવે છે :-

*** સદ્ભૂત વ્યવહારના વિષયો ***

[redacted] :- ગુણ, પર્યાય, સ્વભાવ અને કારક વિશે તન્મય એવા દ્રવ્યનો વિશેષરૂપે ભેદ કરવો તે સદ્ભૂત વ્યવહાર ઉપનયનો વિષય થાય. (૭/૪)

[redacted] :- ગુણમાં ગુણમય નિજદ્રવ્યનો ભેદ, પર્યાયમાં પર્યાયમય નિજદ્રવ્યનો ભેદ, સ્વભાવમાં સ્વભાવમય નિજદ્રવ્યનો ભેદ અને કારકમાં કારકમય નિજદ્રવ્યનો વિશેષરૂપે ભેદ કરવો તે સદ્ભૂત વ્યવહાર ઉપનયનો વિષય બને. મતલબ એ છે કે સદ્ભૂત વ્યવહાર નામનો ઉપનય ગુણ-ગુણીમાં, પર્યાય-પર્યાયીમાં, સ્વભાવ-સ્વભાવવાનમાં, કારક-કારકીમાં એકદ્રવ્યાનુગત ભેદનું પ્રતિપાદન કરે છે. તે આ રીતે :-

(૧) પરદ્રવ્યથી નિરપેક્ષ બનીને 'ઘડાનું રૂપ' - આ વાક્યમાં ષષ્ઠી વિભક્તિથી સદ્ભૂત વ્યવહાર ગુણ-ગુણીમાં ભેદનું પ્રતિપાદન કરે છે. (૨) 'ઘડાની લાલાશ' - આ વાક્યમાં છઠ્ઠી વિભક્તિથી સદ્ભૂત વ્યવહાર પર્યાય-પર્યાયીમાં ભેદનું પ્રતિપાદન કરે છે. (૩) 'ઘડાનો સ્વભાવ' - આ વાક્યમાં છઠ્ઠી વિભક્તિ દ્વારા સદ્ભૂત વ્યવહાર સ્વભાવ-સ્વભાવીમાં ભેદનું પ્રતિપાદન કરે છે. (૪) 'માટીથી ઘડો (કુંભારે) બનાવ્યો' - આ વાક્યમાં કારક-કારકી વચ્ચે સદ્ભૂત વ્યવહાર તૃતીયા વિભક્તિ દ્વારા ભેદનું

♦ કો.(૮)માં 'અર્થભેદ' પાઠ. ✡ પુસ્તકોમાં 'એહનો' પાઠ. આ.(૧)+કો.(૯)નો પાઠ લીધો છે.

इह कारक-कारकिस्थले इयांस्तु विशेषः – मृत्तिका-तन्तुप्रभृतीनां घट-पटादिकं प्रति तद्द्रव्य-कारणत्वलक्षणं कारकत्वं दण्ड-वेमादीनाञ्चाऽन्यद्रव्यकारणत्वलक्षणं कारकत्वम्। प्रकृते [1]"तद्दव्वकारणं तंतवो पडस्सेह जेण तम्मयया। विवरीयमन्नकारणमिट्ठं वेमादओ तस्स।।" (वि.आ.भा.२१००) इति **विशेषावश्यकभाष्यगाथा** स्मर्तव्या। एवमसमवायि-समवायि-निमित्त-नैमित्तिक-कर्तृत्वादिलक्षणं कारकत्वम् [2]"निक्खेवो कारणम्मी चउव्विहो..." (आ.नि.७३७) इत्यादिरूपेण **आवश्यकनिर्युक्तितः** समवसेयम्। केवलं प्रकृतसद्भूतव्यवहारोपनयस्याऽन्यद्रव्यनिरपेक्षतयाऽन्यद्रव्यकारणादिकारकोपदर्शनमिह न कृतमित्यवधेयम्।

एवं संज्ञा-सङ्ख्या-लक्षण-प्रयोजन-कार्य-कारणाऽधिकरण-प्रकार-स्थिति-विभक्त्यादिभेदेन सद्भूतव्यवहारोपनयो गुण-गुण्यादीनां भेदं प्रतिपादयति। गुण-गुणिनोः तावदेवं विभेदः उपदर्श्यते। तथाहि – (१) जीवद्रव्यस्य 'जीव' इति संज्ञा, ज्ञानगुणस्य च 'ज्ञानमि'ति संज्ञा। ततश्च संज्ञाभेदः।

---

પ્રતિપાદન કરે છે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે જે જે ગુણ-પર્યાય વગેરે જે જે દ્રવ્યના હોય તે સિવાય અન્ય દ્રવ્યનો ઉલ્લેખ ઉપરોક્ત સ્થળે કરવામાં આવતો નથી. તેથી પરદ્રવ્યનિરપેક્ષતા પ્રસ્તુત વ્યવહારમાં અબાધિત રહે છે. આ કારણે તેને સદ્ભૂત તરીકે જાણવો વ્યાજબી જ છે.

### ❀ તદ્દ્રવ્ય-અતદ્દ્રવ્યકારણ વગેરે કારકપ્રકારો ❀

(इह.) પ્રસ્તુતમાં છેલ્લે ચોથા નંબરે કારક-કારકિભાવ સ્થળે આ મુજબ વિશેષતા રહેલી છે કે માટી, તંતુ વગેરેમાં ઘટ-પટાદિ કાર્ય (= કારકી) પ્રત્યે તદ્દ્રવ્યકારણતાસ્વરૂપ કારકત્વ રહેલ છે. જ્યારે દંડ, વેમા વગેરેમાં અતદ્દ્રવ્યકારણતાસ્વરૂપ (= અન્યદ્રવ્યકારણતાસ્વરૂપ) કારકત્વ રહેલ છે. અહીં **વિશેષાવશ્યકભાષ્ય**ની એક ગાથા યાદ કરવા યોગ્ય છે. તેનો અર્થ એ છે કે "તંતુઓ પટના તદ્દ્રવ્યકારણ છે. કારણ કે પટ તંતુમય છે. કાર્ય જે કારણસ્વરૂપ ન હોય તે કારણ અન્યદ્રવ્યકારણ તરીકે માન્ય છે. જેમ કે વેમા પટનું અન્યદ્રવ્યકારણ છે." આ જ રીતે અસમવાયિકારણત્વ, સમવાયિકારણત્વ, નિમિત્તકારણત્વ, નૈમિત્તિકકારણત્વ, કર્તૃત્વ વગેરે સ્વરૂપે પણ કારકત્વને કારણના ચાર નિક્ષેપને દેખાડનાર **આવશ્યકનિર્યુક્તિ**ની 'निक्खेवो कारणम्मी चउव्विहो' ઇત્યાદિ ગાથા દ્વારા જાણવાનો પ્રયાસ વિજ્ઞ વાચકવર્ગે કરવો. પરંતુ પ્રસ્તુતમાં સદ્ભૂત વ્યવહાર ઉપનય તો અન્યદ્રવ્યથી નિરપેક્ષ હોવાના લીધે અન્યદ્રવ્યકારણ વગેરે કારકોનો અહીં ઉલ્લેખ કરવામાં નથી આવેલો. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

### ● દશ ભેદક તત્ત્વનું નિરૂપણ ●

(एवं) આ જ રીતે સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન, કાર્ય, કારણ, અધિકરણ, પ્રકાર, સ્થિતિ, વિભક્તિ વગેરેના ભેદથી સદ્ભૂત વ્યવહાર ઉપનય ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી વગેરેમાં ભેદનું પ્રતિપાદન કરે છે. સૌ પ્રથમ ગુણ-ગુણીમાં સંજ્ઞા વગેરે દ્વારા ભેદ દેખાડવામાં આવે છે. તે આ રીતે :-

(૧) જીવ દ્રવ્યનું નામ = સંજ્ઞા 'જીવ' આ પ્રમાણે છે. જ્ઞાન ગુણનું નામ 'જ્ઞાન' આ પ્રમાણે છે. આમ નામ જુદા-જુદા હોવાથી ગુણ-ગુણીમાં ભેદ છે. આ પ્રમાણે સદ્ભૂત વ્યવહાર ઉપનય માને છે.

---

1. तद्द्रव्यकारणं तन्तवः पटस्येह येन तन्मयता। विपरीतमन्यकारणमिष्टं वेमादयः तस्य।। 2. निक्षेपः कारणे चतुर्विधः।

(२) जीवद्रव्यस्य सङ्ख्या अनन्ता, ज्ञानगुणस्य च ततोऽप्यनन्तगुणा सङ्ख्या, घटादिविषयभेद-दर्शनाद्युपयोगभेद-स्थितिसमाप्ति-मत्यादिप्रकारप्रभृतिभेदैः प्रतिजीवं ज्ञानानन्त्योपगमात्।

(३) चतुर्भिः षड्भिः सप्तभिः अष्टभिः नवभिः दशभिः वा प्राणैः जीवति जीविष्यति अजीवदिति जीवद्रव्यलक्षणम्। ज्ञायते पदार्थोऽनेनेति ज्ञानमिति ज्ञानगुणलक्षणम्।

(४) जीवद्रव्यस्य बन्ध-मोक्षादिपर्यायैः अविनश्वररूपेण परिणमनं प्रयोजनम्। ज्ञानगुणस्य पुनः प्रतिसमयं मोक्षमार्गे आत्माऽभिसर्पणं प्रयोजनम्।

(५) जीवद्रव्यस्य कार्यं परस्परोपग्रहः। ज्ञानगुणस्य कार्यं तु पदार्थपरिच्छित्तिमात्रमेव।

(६) जीवद्रव्यस्य नित्यत्वान्न किमपि कारणम्। ज्ञानगुणस्य पुनरुपादानकारणं जीव एव।

(७) जीवद्रव्यस्याधिकरणं देहादि। ज्ञानगुणस्याधिकरणं तु जीवद्रव्यमेव अविष्वग्भावसम्बन्धेन।

(८) जीवद्रव्यस्य द्वि-त्रिप्रभृति – त्रिषष्ट्युत्तरपञ्चशतपर्यवसानाः प्रकाराः। ज्ञानगुणस्य पुनः

---

(૨) જીવ દ્રવ્યની સંખ્યા અનંત છે. જ્ઞાનગુણ તો જીવ કરતાં પણ અનંતગુણ છે. કારણ કે પ્રત્યેક જીવમાં અનંતા જ્ઞાન ઉત્પન્ન થાય છે. આવું જૈન શાસ્ત્રકારોએ સ્વીકારેલ છે. (क) ઘટ-પટ વગેરે વિષય બદલાય એટલે જ્ઞાન બદલાય છે. (ख) જ્ઞાન-દર્શનસ્વરૂપ ઉપયોગ બદલાય એટલે જ્ઞાન બદલાય છે. (ग) પોતાનો સમય (અંતર્મુહૂર્ત વગેરે કાળ) પૂર્ણ થાય એટલે જ્ઞાન બદલાય છે. (घ) જ્ઞાનના પ્રકાર બદલાય તો પણ જ્ઞાન બદલાય છે. જેમ કે મતિ ઉપયોગમાંથી જીવ શ્રુત ઉપયોગમાં આવે એટલે જૂનું જ્ઞાન નાશ પામે, નવું જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ રીતે પ્રત્યેક જીવમાં અનંતા જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેવું જૈન આગમમાં પ્રસિદ્ધ છે.

(૩) 'ચાર, છ, સાત, આઠ, નવ કે દશ પ્રાણોથી જે જીવે છે, જીવવાના હોય, જીવ્યા હોય તેને જીવ કહેવાય' - આ પ્રમાણે જીવનું લક્ષણ છે. 'જેના દ્વારા પદાર્થ જણાય તેને જ્ઞાન કહેવાય' - આ મુજબ જ્ઞાનનું લક્ષણ છે. આમ જ્ઞાનગુણના અને જ્ઞાનીના = ગુણીના લક્ષણ જુદા હોવાથી પણ તે બન્ને વચ્ચે ભેદ સિદ્ધ થાય છે.

(૪) જ્ઞાન અને આત્મા વચ્ચે ભેદ હોવાનું એક કારણ એ પણ છે કે તે બન્નેના પ્રયોજન જુદા જુદા છે. બંધ-મોક્ષ વગેરે પર્યાયો દ્વારા અવિનાશીરૂપે પરિણમવું તે આત્મદ્રવ્યનું પ્રયોજન છે. જ્ઞાન ગુણનું પ્રયોજન છે પ્રતિસમય આત્માને મોક્ષમાર્ગે આગળ ધપાવવો.

(૫) જીવનું કાર્ય છે પરસ્પર અનુગ્રહ કરવો તે. જ્યારે જ્ઞાનગુણનું કાર્ય છે ફક્ત પદાર્થના સ્વરૂપનો યથાવત્ પ્રકાશ = નિશ્ચય. આમ જ્ઞાન અને આત્મા બન્નેના કાર્ય જુદા-જુદા હોવાથી પણ તે બન્ને જુદા છે.

(૬) આત્મદ્રવ્ય નિત્ય હોવાથી તેનું કોઈ પણ કારણ નથી. જ્યારે જ્ઞાનગુણનું ઉપાદાનકારણ તો જીવ જ છે. આ દૃષ્ટિએ પણ ગુણ-ગુણીનો ભેદ સિદ્ધ થાય છે.

(૭) જીવદ્રવ્યનું અધિકરણ શરીર વગેરે છે. જ્યારે જ્ઞાનગુણનું અધિકરણ તો અવિષ્વગ્ભાવસંબંધથી જીવદ્રવ્ય જ છે. આમ અધિકરણભેદથી પણ આત્મા અને જ્ઞાન વચ્ચે ભેદ સિદ્ધ થાય છે.

(૮) જીવદ્રવ્યના સંસારી અને મુક્ત - એમ બે ભેદ થાય છે. અથવા અભવ્ય, ભવ્ય અને

पञ्च अष्टौ वा। मत्याद्यवान्तरभेदापेक्षया पुनः अष्टाविंशतिः, चतुर्दश, षट्, द्वौ, एकश्चेत्यादि भावनीयम्।

(९) जीवद्रव्यस्य स्थितिः अनाद्यनन्तकालं यावत्। ज्ञानगुणस्य स्थितिस्तूपयोगतः सर्वज्ञेषु एकसामयिकी छद्मस्थेषु चाऽन्तमुहूर्त्तमात्रम्।

(१०) 'जीवद्रव्यस्य ज्ञानगुण' इत्येवं विभक्तिभेदेनाऽपि जीव-ज्ञानयोः भेदः सिध्यति। अनया रीत्या पर्याय-पर्यायिप्रभृतिषु यथासम्भवं यथागमं भावनीयम्।

तदुक्तं **नयचक्रे** [1]"गुण-गुणि-पज्जय-दव्वे कारय-सब्भावदो य दव्वेसु। सण्णाईहि य भेयं कुणइ सब्भूय-सुद्धियरो।।" (न.च.४६) इति।

**माइल्लधवलेन तु द्रव्यस्वभावप्रकाशे** [2]"गुण-पज्जयदो दव्वे कारग-सब्भावदो य दव्वेसु। सण्णाईहि य भेयं कुणइ सब्भूयसुद्धियरो।।" (द्र.स्व.प्र.२१९) इत्युक्तम्। न चार्थभेदः कश्चित्।

---

જાતિભવ્ય-આમ ત્રણ ભેદ થાય છે. યાવત્ **જીવવિચાર** પ્રકરણ અનુસાર ૫૬૩ ભેદ જીવના પ્રસિદ્ધ છે. જ્યારે જ્ઞાન ગુણના મતિ-શ્રુત વગેરે પાંચ પ્રકાર છે. અથવા પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન - આમ કુલ આઠ ભેદ છે. વળી, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરેના અવાંતર ભેદોની અપેક્ષાએ તો ૨૮, ૧૪, ૬, ૨, ૧ એમ ૫૧ ભેદ જ્ઞાનના પડે. વધુ વ્યાપક રીતે મતિના ૩૪૦ ભેદ, શ્રુતના ૨૦ ભેદ પણ લઈ શકાય. ઈત્યાદિ બાબત અહીં વિચારવી. આ રીતે આત્મા અને જ્ઞાનના પ્રકાર વિભિન્ન હોવાથી પણ તે બન્ને વચ્ચે ભેદ સિદ્ધ થાય છે.

(૯) આત્મદ્રવ્યની સ્થિતિ અનાદિ-અનંત કાળ સુધી છે. જ્યારે જ્ઞાન ગુણની સ્થિતિ તો ઉપયોગની અપેક્ષાએ સર્વજ્ઞમાં એક સમયની છે તથા છદ્મસ્થ જીવોમાં અંતર્મુહૂર્તમાત્ર છે. આમ સ્થિતિભેદથી પણ જ્ઞાન અને આત્મા વચ્ચે ભેદ સિદ્ધ થાય છે.

(૧૦) 'જ્ઞાન જીવદ્રવ્યનો ગુણ છે' - આ પ્રમાણેના વાક્યમાં તે બન્ને વચ્ચે વિભક્તિભેદ હોવાથી પણ જીવ અને જ્ઞાન વચ્ચે ભેદ સિદ્ધ થાય છે. આ રીતે પર્યાય-પર્યાયી વગેરેમાં પણ યથાસંભવ આગમ અનુસારે ભેદની ઊંડાણથી વિચારણા કરવી.

### ❯ સદ્ભૂત શુદ્ધ વ્યવહારના ઉદાહરણ ❯

(**तदुक्तं.**) આ બાબતને જણાવતા **નયચક્ર** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ છે કે 'ગુણ-ગુણીમાં, પર્યાય-પર્યાયીમાં જે ભેદને કરે છે, કારક અને સ્વભાવની અપેક્ષાએ દ્રવ્યોમાં જે ભેદને કરે છે તથા સંજ્ઞા વગેરેથી જે ભેદને કરે છે તે શુદ્ધ સદ્ભૂત વ્યવહાર જાણવો.'

(**माइ.**) **માઈલ્લધવલે** તો **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ગુણથી અને પર્યાયથી દ્રવ્યમાં ભેદને જે કરે તથા કારકથી અને સ્વભાવથી દ્રવ્યોમાં ભેદને જે કરે તેમ જ સંજ્ઞા વગેરેથી ભેદને જે કરે (= જણાવે) તે શુદ્ધ સદ્ભૂત વ્યવહાર જાણવો.' ઉપરોક્ત બન્ને ગ્રંથમાં જે વાત જણાવેલ

---

1. गुण-गुणि-पर्याय-द्रव्ये कारक-स्वभावतश्च द्रव्येषु। संज्ञादिभिश्च भेदं करोति सद्भूतशुद्धिकरः।।

2. गुण-पर्यायतो द्रव्ये कारक-स्वभावतश्च द्रव्येषु। संज्ञादिभिश्च भेदं करोति सद्भूतशुद्धिकरः।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'गुण-पर्याय-स्वभावादयः स्वाश्रयाद् भिन्नाः' इति कथनेन सद्भूतव्यवहारोपनय इदं ज्ञापयति यदुत आत्मनो ध्रुवत्वेऽपि तदन्यतया गुणादीनां प्रादुर्भावाय प्रबलोद्यमस्य आवश्यकता वर्तते, अन्यथा अद्यावधि गुणादयः प्रादुर्भूता एव स्युः, आत्मनो ध्रुवत्वेन सदा सन्निहितत्वात्। इत्थं शुद्धाऽशुद्धसद्भूतव्यवहारोपनय आध्यात्मिकोद्यमकृते आत्मार्थिनं प्रेरयति। तद्बलेन च परम्परया [1]"असरीरा जीवघणा उवउत्ता दंसणे य णाणे य। सागारमणागारं लक्खणमेयं तु सिद्धाणं।।" (औ.सू.४४/गाथा-११ प्र.सू.२/२११/ गा.१६९/पृ.७९, ती.प्र.१२२६, दे.स्त.२९४, आ.नि.९७७, स.श.४२, कु.प्र.प्र.पृ.१६८/ गाथा-४२७) इति **औपपातिकसूत्रे**, **प्रज्ञापनासूत्रे**, **तीर्थोद्गालिप्रकीर्णके**, **देवेन्द्रस्तवप्रकीर्णके**, **आवश्यकनिर्युक्तौ**, **सङ्ग्रहशतके** च व्यावर्णितं **कुमारपालप्रबोधप्रबन्धे** चोद्धरणरूपेण प्रोक्तं सिद्धस्वरूपं प्रादुर्भवति।।७/४।।

---

છે તેમાં અર્થની દૃષ્ટિએ કોઈ ભેદ નથી. આ બન્ને ગાથાનો ભાવ પૂર્વે જણાવી જ ગયા છીએ. તેથી તેનો ફરીથી વિસ્તાર નથી કરતા.

### ❋ સદ્ભૂત વ્યવહારનો ઉપયોગ ❋

[redacted] :- 'ગુણ-પર્યાય-સ્વભાવ વગેરે પણ પોતાના આશ્રયથી ભિન્ન છે' - આવું કહેવા દ્વારા સદ્ભૂત વ્યવહાર ઉપનય એવું સૂચિત કરે છે કે નિર્મલ ગુણ-પર્યાય-સ્વભાવ વગેરે પણ આત્માથી ભિન્ન હોવાના લીધે તેના પ્રગટીકરણ માટે ભગીરથ પુરુષાર્થ કરવાની આવશ્યકતા છે. આત્મા હાજર હોવા માત્રથી તે પ્રગટ થઈ જાય તેમ નથી. આત્મા અને ગુણાદિ સર્વથા અભિન્ન હોય તો અત્યાર સુધીમાં આપણામાં તે ગુણાદિ, વગર ઉદ્યમે, પ્રગટ થઈ જ ગયા હોત. કારણ કે આત્મા તો ધ્રુવ હોવાથી સર્વદા હાજર જ છે, પાસે જ છે. આ રીતે શુદ્ધ-અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય પ્રસ્તુતમાં આધ્યાત્મિક ઉદ્યમ કરવાની પ્રેરણા કરે છે. તે ઉદ્યમના બળથી પરંપરાએ સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે. **ઔપપાતિકસૂત્ર**માં, **પ્રજ્ઞાપનાસૂત્ર**માં, **તીર્થોદ્ગાલિપ્રકીર્ણક**માં, **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક**માં, **આવશ્યકનિર્યુક્તિ**માં, **સંગ્રહશતક**માં તેમજ **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં ઉદ્ધૃત કરેલ ગાથામાં સિદ્ધસ્વરૂપને જણાવતા કહેલ છે કે '(૧) અશરીરી, (૨) ઘન = નક્કર જીવપ્રદેશાત્મક, (૩) દર્શનમાં અને જ્ઞાનમાં ઉપયોગવાળા સિદ્ધો હોય છે. તેઓ સાકાર અને અનાકાર ઉપયોગને ધારણ કરે છે. આ સિદ્ધોનું સ્વરૂપ છે.' (૭/૪)

લખી રાખો ડાયરીમાં......

- **સાધના સાંયોગિક છે, ઉપાસના સ્વાભાવિક છે.**
- **વિકૃત વાસના શંકાશીલ છે.**
  **ઉદાર ઉપાસના શ્રદ્ધાળુ છે.**

---

1. अशरीरा जीवघना उपयुक्ता दर्शने च ज्ञाने च। साकारमनाकारं लक्षणमेतत् तु सिद्धानाम्।।

**અસદ્દ્ભૂત ✦વ્યવહાર, પર પરિણતિ ભલ્યઈ●; દ્રવ્યાદિક ઉપચારથી એ ॥૭/૫॥ (૯૪)**

❖પર દ્રવ્યની ♦**પરિણતિ ભલ્યઈ,** (એ=) જે **દ્રવ્યાદિક** નવવિધ **ઉપચારથી** કહિયઈ, તે **અસદ્દ્ભૂત વ્યવહાર** જાણવો. ઇતિ ગાથાર્થ. ॥૭/૫॥

---

सद्भूतव्यवहारोपनयमुक्त्वाऽसद्भूतव्यवहारोपनयमाचष्टे – '**असदि**'ति ।

**असद्भूतावहारस्त्वन्यपरिणतिमिश्रणे ।**

**द्रव्यादेरुपचारेण नवधा भिद्यते परम् ।।७/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अन्यपरिणतिमिश्रणे तु असद्भूतावहारः (भवति)। द्रव्यादेः उपचारेण परं (अयं) नवधा भिद्यते।।७/५।।

**असद्भूतावहारः** = असद्भूतव्यवहारोपनयः, **तुः** पूर्वोक्तापेक्षया विशेषणे, तदेवाह – **अन्यपरिणतिमिश्रणे** = परद्रव्यपरिणामानुस्यूतत्वे सति **द्रव्यादेः** = द्रव्य-गुण-पर्यायाणाम् **उपचारेण** = अपेक्षाविशेषसहकृतेन आरोपेण भवेत्। **परम्** अयम् असद्भूतव्यवहारोपनयः **नवधा** = नवप्रकारेण **भिद्यते** = भेदमापद्यते।

तथाहि – (१) द्रव्ये द्रव्योपचारः, (२) गुणे गुणोपचारः, (३) पर्याये पर्यायोपचारः, (४) द्रव्ये गुणोपचारः (५) द्रव्ये पर्यायोपचारः, (६) गुणे द्रव्योपचारः, (७) पर्याये द्रव्योपचारः, (८)

---

[redacted] :- સદ્દ્ભૂત વ્યવહાર નામના પ્રથમ ઉપનયનું વર્ણન પૂર્ણ થયું. હવે ગ્રંથકારશ્રી ઉપનયના બીજા પ્રકાર સ્વરૂપ અસદ્દ્ભૂત વ્યવહારને પાંચમા શ્લોક દ્વારા જણાવે છે :-

**❋ અસદ્દ્ભૂત વ્યવહારનું પ્રતિપાદન ❋**

[redacted]:- અન્ય પરિણામનું મિશ્રણ કરવામાં આવે તો અસદ્દ્ભૂત વ્યવહાર બને છે. દ્રવ્ય વગેરેનો ઉપચાર કરવાથી તેના નવ પ્રકારે ભેદ પડે છે. (૭/૫)

[redacted]:- મૂળ શ્લોકમાં રહેલ '**तु**' શબ્દ પૂર્વોક્ત સદ્દ્ભૂત વ્યવહાર નામના ઉપનયની અપેક્ષાએ અસદ્દ્ભૂત વ્યવહારમાં વિશેષતા જણાવવા માટે છે. તે જ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે કે પરદ્રવ્યના પરિણામનું મિશ્રણ = સંયોજન = અનુવેધ કરવામાં આવે તો દ્રવ્ય-ગુણ-પર્યાયના ઉપચારથી અસદ્દ્ભૂત વ્યવહાર ઉપનય થાય છે. ઉપચાર એટલે અમુક ચોક્કસ પ્રકારની વિવક્ષાથી સહકૃત એવો આરોપ. આવા પ્રકારના આરોપથી પ્રસ્તુત અસદ્દ્ભૂત વ્યવહાર ઉપનયના નવ પ્રકારે ભેદ પડે છે.

(**तथा.**) તે આ પ્રમાણે - (૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર, (૨) ગુણમાં ગુણનો ઉપચાર, (૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર, (૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર, (૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર, (૬) ગુણમાં દ્રવ્યનો ઉપચાર, (૭) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર, (૮) ગુણમાં પર્યાયનો ઉપચાર, (૯) પર્યાયમાં ગુણનો

---

✦ આ.(૧)માં 'વિવહાર રે' પાઠ. ● કો.(૭)માં 'ભલઈ' પાઠ. ❖ આ.(૧)માં 'પર દ્રવ્યનો ઉપચાર તે જે પર પરિણતિ ભલે છે' પાઠ. ♦ કો.(૧૩)માં 'પરદ્રવ્યનો ઉપચાર તે જે પરપરિણતિ ભલ્યે તે સદ્દ્ભૂત પરદ્રવ્યની પરિણતિ ભલે ઉપચારથી કહિયઈ અસદ્દ્ભૂત વ્યવહાર જાણવો' પાઠ.

गुणे पर्यायोपचारः, (९) पर्याये गुणोपचारः इति नवविधः असद्भूतव्यवहाराभिधानः द्वितीयोपनयः। यथाक्रममनुपदमत्रैवैते विवरिष्यन्ते।

अत्र हि सर्वत्रान्यदीयगुणादिः अन्यत्रोपचर्यते प्रयोजनविशेषेण सम्बन्धविशेषवशाद् इति एषां सर्वेषामेवाऽसद्भूतता ज्ञातव्या। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"अन्नेसिं अन्नगुणो भणइ असब्भूय" (न.च.५०, द्र.स्व.प्र.२२२) इति। अस्य नव भेदास्तु तत्रैव [2]"दव्व-गुण-पज्जयाणं उवयारं होइ ताण तत्थेव। दव्वे गुण-पज्जया गुणे दविय-पज्जया णेया।। [3]पज्जाये दव्व-गुणा उवयरियव्वा हु बंधसंजुत्ता। संबंधो संसिलेसो णाणीणं णेयमादीहिं।।" (न.च.५०-५१-५२, द्र.स्व.प्र.२२३-२४) इत्येवमुक्ताः।

इदञ्चात्रावधेयम् – उपचारपदार्थोऽनेकधा प्रकरणादिवशेन व्याकरण-न्यायादितन्त्रवशेन च प्रसिद्धिमुपागतः। तथाहि – (१) क्वचित् प्रसाधनार्थे उपचारपदं प्रयुज्यते, यथा "प्रकीर्णाभिनवोपचारं... राजमार्गं प्राप" (र.वं.७/४) इति **रघुवंशे**।

(२) क्वचिद् विध्यर्थे, यथा "प्रयुक्तपाणिग्रहणोपचारौ" (कु.स.७/७८) इति **कुमारसम्भवे**।

ઉપચાર. આ મુજબ અસદ્ભૂત વ્યવહાર નામનો બીજો ઉપનય નવ પ્રકારે થાય છે. ક્રમસર આ નવેય ભેદને આગળના શ્લોકોમાં આ જ સાતમી શાખામાં સમજાવવામાં આવશે.

### ❀ અન્યત્ર ઉપચાર અસદ્ભૂત વ્યવહાર ❀

(**अत्र.**) પ્રસ્તુત નવેય ભેદમાં દરેક સ્થળે એક દ્રવ્યના ગુણ વગેરેનો, વિશેષ પ્રકારના પ્રયોજનને આશ્રયીને, અમુક પ્રકારના સંબંધથી અન્યત્ર ઉપચાર કરવામાં આવે છે. તેથી આ નવેય વ્યવહાર અસદ્ભૂત સમજવા. તેથી જ **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'અસદ્ભૂત વ્યવહાર અમુક દ્રવ્યના ગુણને અન્ય દ્રવ્યનો ગુણ કહે છે.' અસદ્ભૂત વ્યવહારના નવ ભેદ તે બન્ને ગ્રંથોમાં આ પ્રમાણે જણાવેલ છે. 'દ્રવ્યમાં દ્રવ્યનો, ગુણમાં ગુણનો, પર્યાયમાં પર્યાયનો, દ્રવ્યમાં ગુણનો તથા પર્યાયનો, ગુણમાં દ્રવ્યનો તથા પર્યાયનો, પર્યાયમાં દ્રવ્યનો અને ગુણનો ઉપચાર કરવો જોઈએ. આ ઉપચાર બંધથી (= સંબંધથી) સંયુક્ત અવસ્થામાં તથા જ્ઞાનીનો જ્ઞેય આદિની સાથે સંશ્લેષાત્મક સંબંધ થાય ત્યારે કરવામાં આવે છે.'

### ❀ 'ઉપચાર' શબ્દના ૪૦ અર્થ ❀

(**इदञ्चा.**) અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે 'ઉપચાર' શબ્દનો અર્થ, પ્રકરણાદિના આધારે તથા વ્યાકરણ તેમ જ ન્યાયાદિ દર્શનોના આધારે, અનેક પ્રકારે પ્રસિદ્ધિને પામેલ છે. તે આ પ્રમાણે :-

(૧) ક્યારેક પ્રસાધન અર્થમાં 'ઉપચાર' શબ્દનો પ્રયોગ થાય છે. જેમ કે **કાલીદાસ** કવિએ **રઘુવંશ** કાવ્યમાં જણાવેલ છે કે 'જ્યાં અભિનવ ઉપચાર ફેલાયેલ હતા તે રાજમાર્ગ ઉપર વહુની સાથે વર પહોંચે છે.' અહીં 'ઉપચાર' શબ્દનો અર્થ પ્રસાધન = સજાવટ છે.

(૨) ક્યારેક વિધિ અર્થમાં 'ઉપચાર' શબ્દનો ઉપયોગ થાય છે. જેમ કે **કાલીદાસ** કવિએ જ

1. अन्येषामन्यगुणं भणत्यसद्भूतः। 2. द्रव्य-गुण-पर्यायाणाम् उपचारो भवति तेषां तत्रैव। द्रव्ये गुण-पर्याया गुणे द्रव्य-पर्याया ज्ञेयाः।। 3. पर्याये द्रव्यगुणा उपचरितव्या हि बन्धसंयुक्ताः। सम्बन्धः संश्लेषो ज्ञानिनां ज्ञेयादिभिः।।

(३) क्वचिद् ज्ञानार्थे, यथा "तदर्थे व्यक्त्याकृतिजातिसन्निधौ उपचारात् संशयः" (न्या.सू.२/१/६१) इति **न्यायसूत्रे**। **तद्विवरणे विश्वनाथेन** उपचारपदं ज्ञानार्थकतया व्याख्यातम्।

(४) क्वचिद् विनीतव्यवहृतौ, यथा "उपचारविधिर्मनस्विनीनां ननु पूर्वाऽभ्यधिकोऽपि भावशून्यः" (मा.अग्नि.३/३) इति **मालविकाग्निमित्रे**।

(५) क्वचित् सेवायाम्, यथा "[1]स मे चिरायाऽस्खलितोपचारां तां भक्तिमेवाऽगणयत् पुरस्ताद्" (र.वं.५/२०) इति **रघुवंशे**।

(६) क्वचित् शक्यार्थत्यागेन लक्षणयाऽन्यार्थबोधने, यथा 'उपचारत उच्यते – मञ्चाः हसन्ति' इति।

(७) क्वचिद् व्यवहारे, यथा "स्मृते उपचाराद्" (जै.सू.शा.भा. ) इति **जैमिनीसूत्रशाबरभाष्ये**।

(८) क्वचित् शिष्टाचारे, यथा "[2]तयोपचाराऽञ्जलिखिन्नहस्तया ननन्द पारिप्लवनेत्रया नृपः" (र.वं.३/११) इति **रघुवंशे**।

---

**કુમારસંભવ** કાવ્યમાં જણાવેલ છે કે 'પાણિગ્રહણનો = વિવાહનો ઉપચાર કરવામાં આવ્યો.' અહીં ઉપચારનો અર્થ છે વિધિ.

(૩) ક્યારેક 'ઉપચાર' શબ્દ જ્ઞાન અર્થમાં આવે છે. જેમ કે **ન્યાયસૂત્ર**માં **અક્ષપાદ** ઋષિએ જણાવેલ છે કે 'શબ્દથી વ્યક્તિ, આકૃતિ અને જાતિના સાન્નિધ્યમાં ઉપચાર થવાથી સંશય થાય છે કે શબ્દનો વાચ્યાર્થ શું છે ?' અહીં વ્યાખ્યાકાર **વિશ્વનાથે** 'ઉપચાર' શબ્દનો અર્થ જ્ઞાન કર્યો છે.

(૪) ક્યારેક 'ઉપચાર' શબ્દ 'વિનીત વ્યવહાર' અર્થમાં પણ વપરાય છે. જેમ કે **માલવિકાગ્નિમિત્ર** નામના નાટ્ય ગ્રંથમાં **કાલીદાસે** જણાવેલ છે કે 'માનિની નાયિકાઓનો ઉપચારવિધિ ખરેખર પહેલાં કરતાં અધિક હોય છે. પરંતુ ભાવશૂન્ય હોય છે.' અહીં 'ઉપચાર' શબ્દ વિનીત વ્યવહારને જણાવે છે.

(૫) ક્યારેક સેવા અર્થમાં 'ઉપચાર' શબ્દ વપરાય છે. જેમ કે **રઘુવંશ** કાવ્યમાં આવે છે કે **વરતનુ** ઋષિએ પોતાના શિષ્યની દીર્ઘકાલીન અસ્ખલિત ઉપચારવાળી ભક્તિને સૌપ્રથમ સ્થાન આપ્યું.' અહીં 'ઉપચાર' શબ્દ સેવાને દર્શાવે છે.

(૬) ક્યારેક શક્યાર્થનો ત્યાગ કરીને લક્ષણાથી બીજા અર્થને જણાવવામાં આવે તે પણ ઉપચાર કહેવાય છે. જેમ કે 'ઉપચારથી કહેવાય છે કે - માંચડાઓ હસે છે' આવા વાક્યમાં 'માંચડા' શબ્દનો ઉપચાર કરવાથી માંચડા ઉપર રહેલા પુરુષોમાં 'માંચડા' શબ્દનો ઉપચાર = લક્ષણા સૂચિત થાય છે.

(૭) ક્યારેક વ્યવહાર અર્થમાં 'ઉપચાર' શબ્દ વપરાય છે. જેમ કે **જૈમિનીસૂત્ર** ઉપર **શાબરભાષ્ય**માં 'સ્મૃત વસ્તુમાં ઉપચાર થવાથી...' ઈત્યાદિ વાક્યમાં 'ઉપચાર' શબ્દ વ્યવહાર અર્થને જણાવે છે.

(૮) ક્યારેક 'ઉપચાર' શબ્દ શિષ્ટાચારને જણાવે છે. જેમ કે '**રઘુવંશ**' કાવ્યમાં 'ઉપચારહેતુ અંજલિ બાંધવામાં શિથિલહાથવાળી તથા આર્દ્રનેત્રવાળી તે સુદક્ષિણા નામની રાણી દ્વારા દિલીપ રાજા

---

1. स = वरतनुः ऋषिः। 2. तया = सुदक्षिणामहिष्या।

(९) क्वचिद् आत्मीयव्यवहारे, यथा "[1]रामभद्र ! इत्येव मां प्रति उपचारः शोभते तातपरिजनस्य" (उ.रा.च. प्रथमः अङ्कः/पृ.३) इति **उत्तररामचरिते**।

(१०) क्वचिद् माधुर्यादौ, यथा "उपचारयुता मृद्वी पाञ्चाली" (अ.पु. ) इति **अग्निपुराणे**।

(११) क्वचित् पदप्रयोगनैपुण्यार्थे, यथा "यत्र लौकिकानाम् उपचारः" (विक्र. ) इति **विक्रमोर्वशीये**।

(१२) क्वचिद् उत्कोचादौ, यथा "मिथ्योपचारैश्च वशीकृतानाम्" (हितो.१/७८) इति **हितोपदेशे**।

(१३) क्वचित् कर्तव्यार्थे, यथा "वैश्य-शूद्रोपचारं च" (म.स्मृ.१/१६) इति **मनुस्मृतौ**।

(१४) क्वचिद् आरोपार्थे, यथा "उपचरितात्मभावस्य देहादेः स्वसमानाकृतिशिलापुत्रकादिवद् ज्ञातृत्वाऽयोगात्" (स.द.स.पृ.४०७) इति **सर्वदर्शनसङ्ग्रहे**।

(१५) क्वचिद् चिकित्सार्थे, यथा "तं शिशिरोपचारेण विबोध्य" (द.कु.च.उच्छ्वास.४/२/पृ.८५)

---

ખુશ થયા.' આ વાક્યમાં 'ઉપચાર' શબ્દ શિષ્ટાચારને જણાવે છે.

(૯) ક્યારેક 'ઉપચાર' શબ્દ આત્મીય વ્યવહાર અર્થને જણાવે છે. જેમ કે **ઉત્તરરામચરિત** ગ્રંથમાં વૃદ્ધ કંચુકીએ જ્યારે 'સ્વામિન્' શબ્દથી **રામચંદ્રજી**ને સંબોધન કર્યું, ત્યારે રામચંદ્રજી તેને કહે છે કે "પિતાના પરિજને મારા માટે 'રામભદ્ર !' આટલું જ કહેવાનો ઉપચાર શોભાસ્પદ છે." આ વાક્યમાં 'ઉપચાર' શબ્દ આત્મીય વ્યવહારને સૂચવે છે.

(૧૦) ક્યારેક માધુર્ય વગેરે અર્થમાં ઉપચાર શબ્દ પ્રયોજાય છે. જેમ કે **અગ્નિપુરાણ** ગ્રંથમાં 'ઉપચારયુક્ત પાંચાલી મૃદુ હતી' - આ વાક્યમાં 'ઉપચાર' શબ્દ માધુર્યને સૂચવે છે.

(૧૧) ક્યારેક શબ્દપ્રયોગની નિપુણતાને પણ 'ઉપચાર' શબ્દ જણાવે છે. જેમ કે **વિક્રમોર્વશીય** ગ્રંથમાં જણાવેલ છે કે 'લોકવ્યવહારમાં કુશળ લોકોનો જ્યાં ઉપચાર જોવા મળે છે.' આ વાક્ય પ્રયોગમાં 'ઉપચાર' શબ્દ શબ્દપ્રયોગની નિપુણતાને જણાવે છે.

(૧૨) ક્યારેક લાંચ અર્થમાં પણ 'ઉપચાર' શબ્દનો પ્રયોગ જોવા મળે છે. જેમ કે **હિતોપદેશ** ગ્રંથમાં 'કપટી લોકોના મિથ્યા ઉપચારથી વશ થયેલા જીવોમાં...' ઈત્યાદિ વાક્યપ્રયોગમાં 'ઉપચાર' શબ્દ લાંચ અર્થમાં વપરાયેલ છે.

(૧૩) ક્યારેક કર્તવ્ય અર્થને પણ 'ઉપચાર' શબ્દ જણાવે છે. જેમ કે **મનુસ્મૃતિ** ગ્રંથમાં જણાવેલ છે કે 'ધર્મશાસ્ત્રોમાં વૈશ્ય તથા શૂદ્ર લોકોના ઉપચારનું વર્ણન જોવા મળે છે.' આ વાક્યમાં 'ઉપચાર' શબ્દ કર્તવ્યને જણાવે છે.

(૧૪) ક્યારેક 'ઉપચાર' શબ્દ 'આરોપ' અર્થમાં વપરાય છે. જેમ કે **સર્વદર્શનસંગ્રહ** ગ્રંથમાં 'જેમાં આત્મત્વનો ઉપચાર કરવામાં આવેલ છે તેવા શરીર વગેરેમાં જ્ઞાતૃત્વનો યોગ થવો શક્ય નથી. જેમ આપણા જેવી આકૃતિ ધરાવનાર ('પ્લાસ્ટર ઓફ પેરિસ'ની બનેલી) પ્રતિમામાં આત્મભાવનો ઉપચાર કરવા છતાં પણ તેમાં જ્ઞાતૃત્વનો યોગ થઈ શકતો નથી, તેમ ઉપરોક્ત બાબત જાણવી.'

(૧૫) ક્યારેક 'ઉપચાર' શબ્દ ચિકિત્સા અર્થને પણ જણાવે છે. જેમ કે **દશકુમારચરિત** ગ્રંથમાં

---

1. वृद्धकञ्चुक्या 'स्वामिन् !' इत्येवं सम्बोधितस्य रामचन्द्रस्येयमुक्तिः।

इति **दशकुमारचरिते**।

(१६) क्वचिद् अयथार्थवाक्येन सन्तोषकरणादौ, यथा "हृदये वसतीति मत्प्रियं यदवोचस्तदवैमि कैतवम्। उपचारपदं न चेदिदम्, त्वमनङ्गः कथमक्षता रतिः ?।।" (कु.स.४/९) इति **कुमारसम्भवे**।

(१७) क्वचित् शब्दप्रयोगार्थे, यथा "अतद्भावेऽपि तदुपचार इति अतच्छब्दस्य तेन शब्देनाभिधानमिति" (न्या.सू.भा.२/२/६१) इति **न्यायसूत्रवात्स्यायनभाष्ये**।

(१८) क्वचित् शब्दकथनमात्रार्थे, यथा "उपचारादनर्थत्वं फलद्वारेण वर्ण्यते" (मी.श्लो.वा.चो.सू.२/२१७) इति **मीमांसाश्लोकवार्त्तिके**।

(१९) **साहित्यदर्पणस्वोपज्ञवृत्तौ विश्वनाथ**स्तु "उपचारो हि नाम अत्यन्तं विशकलितयोः शब्दयोः सादृश्याऽतिशयमहिम्ना भेदप्रतीतिस्थगनमात्रम्, यथा अग्नि-माणवकयोः" (सा.द.२/९ वृ.पृ.५९) इत्याचष्टे।

(२०) "अत्यादरेण सत्कार उपचार इतीरितः" (भा.प्र.५/१०६) इति **भावप्रकाशे शारदातनयः**।

(२१) क्वचित् कामशास्त्रप्रसिद्धपुरुषप्रसाधनव्यवहारार्थे, यथा **विपाकश्रुते** कामध्वजागणिका-

---

'બેભાન માણસને શિશિર ઉપચારથી જગાડીને...' આ વાક્યમાં 'ઉપચાર' શબ્દ ચિકિત્સાને સૂચવે છે. ઠંડા પાણીને છાંટવા સ્વરૂપ ચિકિત્સા કરવાથી બેભાન માણસ ભાનમાં આવે છે. આ વાત પ્રસિદ્ધ છે.

(૧૬) ક્યારેક 'ઉપચાર' શબ્દ અસત્યભાષણ અર્થમાં વપરાય છે. જેમ કે **કુમારસંભવ**માં "હે કામદેવ ! 'તું હૃદયમાં વસે છે' - આ પ્રમાણે મને પ્રિય એવી જે વાત તું કહેતો હતો તે છલનામાત્ર જ હતી - તેમ હું માનું છું. જો તે ઉપચારપદ ન હોત તો તું અનંગ કઈ રીતે બને ? અને રતિ અક્ષત કઈ રીતે બને ?" અહીં 'ઉપચાર' શબ્દ બીજાને ખુશ કરવા માટે અસત્ય ભાષણ અર્થમાં છે.

(૧૭) ક્યારેક તે શબ્દપ્રયોગ અર્થમાં વપરાય. જેમ કે **ન્યાયસૂત્રવાત્સ્યાયનભાષ્ય**માં 'અતદ્ભાવમાં (= શબ્દઅપ્રતિપાદ્યમાં) પણ તે શબ્દનો ઉપચાર થાય છે. તેથી જે શબ્દ જે અર્થનો વાચક ન હોય તે શબ્દથી તે અર્થનું પ્રતિપાદન થાય છે' - આમ જણાવેલ છે. ત્યાં શબ્દપ્રયોગ તેનો અર્થ છે.

(૧૮) ક્યારેક 'ઉપચાર' પદ શબ્દકથનમાત્રને પણ જણાવે છે. જેમ કે **મીમાંસાશ્લોકવાર્ત્તિક** ગ્રંથમાં મીમાંસકમૂર્ધન્ય **કુમારિલભટ્ટે** જણાવેલ છે કે 'શ્યેન વગેરે યજ્ઞોના ફળ દ્વારા ઉપચારથી તે યજ્ઞની અનર્થતા દર્શાવાય છે.' અહીં 'ઉપચાર' શબ્દ શબ્દકથનમાત્રને દર્શાવે છે.

(૧૯) **સાહિત્યદર્પણ**ની **સ્વોપજ્ઞવ્યાખ્યામાં વિશ્વનાથ** કવિ તો ઉપચારનું લક્ષણ બતાવતા કહે છે કે "અત્યંત નિરાકાંક્ષ શબ્દોમાં અત્યંત સાદશ્યના બળથી ભેદપ્રતીતિને કેવળ અટકાવવી તે જ ઉપચાર કહેવાય છે. જેમ કે 'अग्निः माणवकः' સ્થળમાં અગ્નિ અને માણવક નામનો છોકરો અત્યંત ભિન્ન છે. તેમ છતાં અત્યંત સાદશ્યવશ તે બન્ને વચ્ચે ભેદની પ્રતીતિ આવૃત થઈ જાય છે. આ જ માણવકમાં અગ્નિનો ઉપચાર સમજવો."

(૨૦) **ભાવપ્રકાશ**માં **શારદાતનયે** કહેલ છે કે 'અત્યંત આદરપૂર્વકનો સત્કાર એ ઉપચાર કહેવાયેલ છે.'

(૨૧) ક્યાંક પુરુષને વશ કરનાર કામશાસ્ત્રપ્રસિદ્ધ વ્યવહાર અર્થમાં પણ 'ઉપચાર' શબ્દ વપરાય

वर्णनावसरे [1]"बत्तीसपुरिसोवयारकुसला" (वि.श्रु.श्रुतस्क. १/अ.२ पृ.२१) इति।

**(२२)** क्वचित् पूजायाम् [2]"वरकोउय-मंगलोवयारकयसंतिकम्मं" (भ.सू.११/११/४३०/पृ.५४७) इति, [3]"लोगोवयारविणए" (भ.सू.२५/७/८०२/पृ.९२२) इति च **भगवतीसूत्रे**। "उपचारः = व्यवहारः पूजा वा" (भ.सू.२५/७/८०२/पृ.९२५) इति **भगवतीसूत्रवृत्तौ**।

**(२३)** क्वचित् पूजाङ्गादौ, यथा [4]"पंचोवयारजुत्ता पूया" (चै.म.भा.२०९) इति **चैत्यवन्दनमहाभाष्ये**।

**(२४)** क्वचिद् मर्यादार्थे, यथा **अनुयोगद्वारसूत्रे** व्रीडारसनिरूपणे [5]"विणयोवयार..." (अनु.द्वा.सू. २६२/पृ.३२०) इति।

**(२५)** **व्यवहारसूत्रभाष्ये** पीठिकायाम् अनुकूलाऽऽचरणात्मक उपचारः प्रज्ञप्तः (व्य.भा.७८)।

**(२६)** **बृहत्कल्पभाष्ये** (३१६) पीठिकायां जुगुप्साऽपनयनाऽर्थे उपचारशब्दः प्रयुक्तः।

**(२७+२८+२९)** **बृहत्कल्पभाष्ये** एव [6]"उवचरइ को ?" (बृ.क.भा.१८७६) इत्यत्र प्रतिजागरण -पृच्छा-प्रायश्चित्तभयानि उपचाररूपेण दर्शितानि।

**(३०)** **पञ्चवस्तुके** (प.व.१२१९) श्री**हरिभद्रसूरि**भिः तीर्थकरे द्रव्यस्तवरूपो विनयः उपचारविधया दर्शितः।

---

છે. જેમ કે **વિપાકશ્રુત**માં **કામધ્વજા** ગણિકાનું વર્ણન કરવાના અવસરે જણાવેલ છે કે 'તે પુરુષના બત્રીસ પ્રકારના ઉપચારમાં કુશળ હતી.'

**(૨૨)** ક્યારેક 'ઉપચાર' શબ્દ પૂજાને જણાવે છે. જેમ કે **ભગવતીસૂત્ર**માં મહાબલકુમારવિવાહપ્રસંગે શ્રેષ્ઠ કૌતુક અને મંગલ સ્વરૂપ ઉપચારથી = પૂજાથી શાંતિકર્મ કર્યાનો ઉલ્લેખ મળે છે. તેમ જ **ભગવતીસૂત્ર**માં લોકોપચારવિનય જણાવેલ છે. તેમાં ઉપચારનો અર્થ **ભગવતીસૂત્રવૃત્તિ**માં વ્યવહાર કે પૂજા કર્યો છે.

**(૨૩)** ક્યારેક પૂજાના અંગને 'ઉપચાર' શબ્દ જણાવે છે. જેમ કે **ચૈત્યવંદનમહાભાષ્ય**માં **શાંતિસૂરિજી**એ જણાવેલ છે કે 'પાંચ ઉપચારવાળી પૂજા હોય છે.' અહીં 'ઉપચાર' શબ્દ પૂજાના અંગને જણાવે છે.

**(૨૪)** ક્યારેક મર્યાદા અર્થમાં 'ઉપચાર' શબ્દ વપરાય છે. જેમ કે **અનુયોગદ્વારસૂત્ર**માં વ્રીડા (લજ્જા) રસનું નિરૂપણ કરતાં 'વિનિયોપચાર...' જણાવેલ છે. ત્યાં 'વિનયોપચાર = વિનયમર્યાદા' - આવો અર્થ કરવો.

**(૨૫)** **વ્યવહારસૂત્રભાષ્ય**માં **પીઠિકાવિભાગ**માં અનુકૂલ આચરણસ્વરૂપ ઉપચાર જણાવેલ છે.

**(૨૬)** **બૃહત્કલ્પભાષ્ય**માં પીઠિકામાં 'ઉપચાર' શબ્દ જુગુપ્સા દૂર કરવાના અર્થમાં વપરાયેલ છે.

**(૨૭+૨૮+૨૯)** **બૃહત્કલ્પભાષ્ય**માં જ આગળ સારસંભાળ, પ્રશ્ન અને પ્રાયશ્ચિત્તનો ભય ઉપચારરૂપે દર્શાવેલ છે.

**(૩૦)** **પંચવસ્તુક**માં શ્રી**હરિભદ્રસૂરિજી**એ તીર્થંકરને વિશે દ્રવ્યસ્તવાત્મક વિનય ઉપચારરૂપે કહેલ છે.

---

**1**. द्वात्रिंशत्पुरुषोपचारकुशला। **2**. वरकौतुक-मङ्गलोपचारकृतशान्तिकर्म **3**. लोकोपचारविनयः। **4**. पञ्चोपचारयुक्ता पूजा। **5**. विनयोपचार...। **6**. उपचरति कः ?।

(३१) श्रीहरिभद्रसूरिः **दशवैकालिकवृत्तौ** "उपचारम् = आराधनाप्रकारम्" (द.वै.९/२/२० वृ.) उक्तवान्।

(३२) सूत्रगुणनिरूपणावसरे **आवश्यकनिर्युक्तौ** "सोवयारं" (आ.नि.८८५) इत्यत्र ग्राम्यभणितिराहित्यरूप उपचार उक्तः।

(३३) 'आयुर्घृतम्' इत्याद्यारोपलक्षण उपचारः **योगशतकवृत्तौ** (यो.श.४ वृ.) **श्रीहरिभद्रसूरिभिः** प्रोक्तः।

(३४) **योगबिन्दुवृत्तौ** उपचरितवस्तुव्यवहाररूप उपचारः (यो.बि.१५ वृ.) आवेदितः।

(३५) **धर्मबिन्दुवृत्तौ** "उपचारश्च तदुचिताऽन्न-पान-वसनादिना साहाय्यकरणम्" (ध.बि.३/५७ वृ.) इति **श्रीमुनिचन्द्रसूरिः** व्याख्यातवान्।

(३६) **उपदेशरहस्यवृत्तौ** औपचरिकविनयनिरूपणावसरे "उपचारः = लोकव्यवहारः पूजा वा" (उप.र.३४ वृ.) इत्युक्तम्।

(३७) **अध्यात्ममतपरीक्षावृत्तौ** (गा.२९) गौणी वृत्तिः उपचारविधया दर्शिता।

(३८) **नयोपदेशवृत्तौ** तु (श्लो. २४ + २५) गौणव्यवहारोऽपि उपचारतयोक्तः **यशोविजयवाचकेन्द्रैः**।

(३९) **धर्मसङ्ग्रहवृत्तौ** "उपचारः = भक्तिविशेषः" (ध.स.६२ वृ.पृ.३०२) इत्युक्तम्। एवमन्येऽपि तदर्था बोध्याः।

---

(૩૧) **દશવૈકાલિકવ્યાખ્યા**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ આરાધનાના પ્રકારને ઉપચાર દર્શાવેલ છે.

(૩૨) **આવશ્યકનિર્યુક્તિ**માં સૂત્રના ગુણ દેખાડવાના અવસરે 'સોપચાર' આ પ્રમાણે જણાવેલ છે. ત્યાં ઉપચારશબ્દ ગામઠી ભાષાના અભાવને જણાવે છે.

(૩૩) **યોગશતકવૃત્તિ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ 'આયુષ્યને ટકાવવાનું નિમિત્ત હોવાથી ઘીમાં આયુષ્ય તરીકે આરોપ કરવો તે જ ઉપચાર છે' - આમ બતાવેલ છે.

(૩૪) **યોગબિંદુવ્યાખ્યા**માં ઉપચરિતવસ્તુવિષયક વ્યવહાર સ્વરૂપ ઉપચાર દેખાડેલ છે.

(૩૫) **શ્રીહરિભદ્રસૂરિ**રચિત **ધર્મબિંદુ**પ્રકરણની **વ્યાખ્યા**માં **શ્રીમુનિચન્દ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'ઉચ્ચ સાધકોને યોગ્ય એવા અન્ન, પાન, વસ્ત્ર વગેરે દ્વારા તેઓને સહાય કરવી તે ઉપચાર છે.'

(૩૬) **ઉપદેશરહસ્યવૃત્તિ**માં ઔપચારિક વિનયનું નિરૂપણ કરવાના અવસરે **મહોપાધ્યાયજી**એ લોકવ્યવહારસ્વરૂપ અથવા પૂજાસ્વરૂપ ઉપચાર બતાવેલ છે.

(૩૭) **અધ્યાત્મમતપરીક્ષાવ્યાખ્યામાં મહોપાધ્યાયજી**એ ગૌણી વૃત્તિ (લક્ષણા) ઉપચાર તરીકે કહેલ છે.

(૩૮) **નયોપદેશ**ની **નયામૃતતરંગિણી વ્યાખ્યા**માં તો **મહોપાધ્યાયજી**એ ગૌણી વૃત્તિ (શ્લોક-૨૫) અને ગૌણવ્યવહાર ઉપચારરૂપે બતાવેલ છે.

(૩૯) **ધર્મસંગ્રહવૃત્તિ**માં ભક્તિવિશેષ અર્થમાં ઉપચાર શબ્દ વપરાયેલ છે. આ રીતે બીજા પણ 'ઉપચાર' શબ્દના અર્થ સમજવા.

(४०) वयन्तु प्रकृते 'यो यत्र नास्ति तस्य तत्र निमित्त-प्रयोजनवशाऽपेक्षाविशेषसहकृतारोपः उपचारपदार्थ' इत्यावेदयामः।

इह प्रकृतश्लोके **द्रव्यानुयोगतर्कणायां** छन्दोभङ्गो वर्त्तते इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यद् वस्तु यत्स्वरूपेण नास्ति तस्य तद्रूपेण प्रतिपादनस्य असत्यत्वेऽपि शास्त्रीयाऽऽध्यात्मिकोदात्तप्रयोजनसत्त्वे तादृशप्रतिपादनं शास्त्रकृताम् असद्भूतव्यवहारोपनयविधया सम्मतम्, द्रव्यतोऽसत्यत्वेऽपि भावतः सत्यत्वेन मोक्षमार्गप्रगतिसहायकत्वात्। इत्थं भावसत्योपलब्धिकृते क्वचिद् द्रव्याऽसत्यत्वमपि 'असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते' इति न्यायाद् आदरणीयतामापद्यते। परन्तु प्रकृते शास्त्रीयाऽऽध्यात्मिकोदात्तप्रयोजनं नैव विस्मर्तव्यम् आत्मार्थिना। 'चन्द्रमुखी कन्या', 'सुधासारघटितं कन्यानयनाऽरविन्दयुगलमि'त्यादयस्तूपचारा महामोहजनकत्वात् त्याज्या एव। एवं क्रमेण "सञ्जायते नारकिक-तिर्यग्-नृ-द्युसदामिव। न तत्र मरणं भूयो भवभ्रमणकारणम्।।" (त्रि.श.पु.१/३/५७५) इति **त्रिषष्टिशलाकापुरुषचरित्र**व्यावर्णितममरं सिद्धस्वरूपं प्रादुर्भवति।।७/५।।

### ❀ ગ્રંથકારસંમત 'ઉપચાર'પદાર્થ ❀

(૪૦) **(वय.)** અમે તો જણાવીએ છીએ કે પ્રસ્તુતમાં 'ઉપચાર' શબ્દનો અર્થ છે વિશેષ પ્રકારનો આરોપ. જે જ્યાં ન હોય છતાં નિમિત્તવશ અને પ્રયોજનવશ અપેક્ષાવિશેષના સહકારથી તેનો ત્યાં આરોપ કરવો તે અહીં 'ઉપચાર' શબ્દનો અર્થ જાણવો.

(इह.) આ સ્થળે **દ્રવ્યાનુયોગતર્કણા**માં છંદભંગ થાય છે. તેની વાચકવર્ગે નોંધ લેવી.

### ❀ દ્રવ્ય-અસત્યત્વ પણ ભાવસત્યસાધક ❀

[redacted] :- જે વસ્તુ જે સ્વરૂપે ન હોય તેને તે સ્વરૂપે બતાવવી તે સામાન્યથી અસત્ય કહેવાય. તેમ છતાં કોઈ શાસ્ત્રીય આધ્યાત્મિક ઉમદા પ્રયોજન હોય તો જે વસ્તુ જે સ્વરૂપે ન હોય તે વસ્તુને તે સ્વરૂપે બતાવવાનો વ્યવહાર 'અસદ્ભૂત વ્યવહાર ઉપનય' તરીકે શાસ્ત્રકારોને માન્ય છે. અહીં દ્રવ્યતઃ અસત્યપણું હોવા છતાં ભાવતઃ સત્યપણું હોવાથી આવી ભાષા પણ જીવને મોક્ષમાર્ગે આગળ વધવામાં સહાય કરે છે. તેથી ભાવ સત્યની ઉપલબ્ધિ માટે કવચિત્ દ્રવ્ય-અસત્યત્વ પણ 'असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते' ન્યાયથી આદરણીય બને છે. પરંતુ આવા પ્રસંગે શાસ્ત્રસંમત આધ્યાત્મિક ઉમદા પ્રયોજનનું વિસ્મરણ ન થવું જોઈએ. આ વાત આત્માર્થી જીવે ખાસ ધ્યાનમાં રાખવી. તથા 'કન્યા ચંદ્રમુખી છે', 'કન્યાની બન્ને આંખો કમળ જેવી છે, અમૃતના સાર વડે ઘડેલી છે....' ઈત્યાદિ ઉપચારો-આરોપો તો છોડી જ દેવા. કારણ કે તે મહામોહને પેદા કરનારા છે. આ ક્રમથી મોક્ષમાર્ગે વધતાં અમર એવું સિદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે. આ અંગે **ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'નરક, તિર્યંચ, મનુષ્ય, દેવોની જેમ સિદ્ધિગતિમાં ફરીથી ભવભ્રમણ કરાવનાર મરણ આવતું નથી.' (૭/૫)

**દ્રવ્યઈં દ્રવ્ય ઉપચાર, પુદ્ગલ જીવનઈં; જિમ કહિઈં જિનઆગમઈં ♦એ ॥૭/૬॥ (૯૫)**

તિહાં પહેલો **દ્રવ્યઈં દ્રવ્યનો ઉપચાર. જિમ જિન આગમમાંહિં જીવનઈં પુદ્ગલ કહિયઈં.** ક્ષીર-નીર ન્યાયઈં પુદ્ગલસ્યું મિલ્યો છઈ, તે કારણઈં જીવ પુદ્ગલ કહિયઈં.

---

असद्भूतव्यवहारस्य प्रथमप्रकारं सोदाहरणमाह – '**द्रव्य**' इति।

**द्रव्ये द्रव्योपचारस्तु पुद्गलश्लेषतो यथा।**
**पुद्गलत्वेन जीवो हि कथितः श्रीजिनागमे।।७/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्रव्ये द्रव्योपचारस्तु (प्रथमः ज्ञेयः)। यथा पुद्गलश्लेषतः जीवः पुद्गलत्वेन हि श्रीजिनागमे कथितः।।७/६।।

**द्रव्ये द्रव्योपचारः तु** प्रथमोऽसद्भूतव्यवहारोपनयो ज्ञेयः। **यथा पुद्गलश्लेषतः** = औदारिकादिपुद्गलसंश्लेषमपेक्ष्य **जीवः पुद्गलत्वेन हि श्रीजिनागमे कथितः**। जीवो हि क्षीर-नीरन्यायेन औदारिकादिपुद्गलेषु अतिसंश्लिष्टतया मीलित इति जीवे तादात्म्येन पुद्गलद्रव्यमुपचर्यते। इदमेवाभिप्रेत्य **भगवतीसूत्रे** [1]"गोयमा ! आयावि काये" (भ.सू.श. १३ उ.७ सू.४९५) इत्युक्तम्। अत एव **धनञ्जयेन अनेकार्थनाममालायां** "मूर्तिमत्सु पदार्थेषु संसारिण्यपि पुद्गलः" (अ.ना.मा.४१) इत्येवं संसारिजीवे पुद्गलसंज्ञा दर्शितेति सम्भाव्यते।

---

**અવતરણિકા** :- અસદ્ભૂત વ્યવહાર ઉપનયના નવ ભેદનો નામોલ્લેખ પાંચમા શ્લોકમાં કરેલ હતો. હવે ગ્રંથકારશ્રી અસદ્ભૂત વ્યવહાર ઉપનયના પ્રથમ પ્રકારને ઉદાહરણ સાથે જણાવે છે :-

### ☫ અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ ☫

**શ્લોકાર્થ** :- દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર પ્રથમ ભેદ છે. જેમ કે પુદ્ગલદ્રવ્યના સંયોગથી જીવમાં પુદ્ગલ તરીકેનો ઉપચાર (= અભેદઆરોપ) શ્રીજિનાગમમાં જણાવેલ છે. (૭/૬)

### ❀ જીવમાં શરીરનો ઉપચાર ❀

**વ્યાખ્યાર્થ** :- દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર એ પ્રથમ અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. જેમ કે ઔદારિક વગેરે પુદ્ગલના સંશ્લેષની અપેક્ષાએ જીવમાં પુદ્ગલ તરીકેનો ઉપચાર શ્રીજિનાગમમાં કરેલ છે તે અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ જાણવો. દૂધમાં જેમ પાણી ભળી જાય તેમ એકમેક થવા સ્વરૂપે ઔદારિક વગેરે પુદ્ગલોમાં જીવ ભળી ગયેલ છે. તેથી જીવમાં તાદાત્મ્યસંબંધથી પુદ્ગલનો = અજીવનો ઉપચાર = અભેદઆરોપ થાય છે. આ અંગે **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'હે ગૌતમ ! આત્મા પણ શરીર છે.' સંસારી જીવમાં પુદ્ગલતાદાત્મ્ય હોવાથી જ **ધનંજય કવિરાજે** પણ **અનેકાર્થનામમાલા**માં સંસારી જીવમાં 'પુદ્ગલ' એવી સંજ્ઞા દેખાડેલ હોય તેવું સંભવે છે. તેમણે ત્યાં જણાવેલ છે કે "મૂર્ત્તતાયુક્ત પદાર્થોમાં તથા સંસારી જીવમાં પણ 'પુદ્ગલ' શબ્દ પ્રવર્તે છે."

---

♦ પુસ્તકોમાં 'રે' લી.(૩+૪) + M(૨) + આ.(૧)નો પાઠ લીધો છે. 1. गौतम ! आत्मा अपि कायः।

એ જીવ દ્રવ્યઈં પુદ્ગલ દ્રવ્યનો ઉપચાર ૧. ॥૭/૬॥

**भगवतीसूत्रे**ऽपि जीवमाश्रित्य पुद्गलसंज्ञा प्रसिद्धा। तदुक्तं तत्र [1]"जीवं पडुच्च पोग्गले" (भ.सू.८/१०/३६१/पृ.४२३) इति। तदुक्तं **तद्वृत्तौ श्रीअभयदेवसूरि**भिः "पुद्गल इति संज्ञा जीवस्य" (भ.सू.८/१०/३६१ वृ.) इति। "जीव इति पुद्गल इति च पर्याया" (भ.सू.८/१०/३६१-चू.पृ.३२) इति **भगवतीसूत्रचूर्णिकारः**।

उपलक्षणाद् व्यत्ययेन शरीरात्मकपुद्गलेषु जीवद्रव्योपचारोऽपि बोध्यः। यथा असद्भूतव्यवहारनयमाश्रित्य द्रव्ये द्रव्योपचारम् उपदर्शयद्भिः **श्रीहेमचन्द्रसूरि**भिः **विशेषावश्यकभाष्यवृत्तौ** "शरीरसहचरणाऽवस्थानादितः शरीरे जीवोपचारः क्रियते" (वि.आ.भा.१५७६ वृ.) इत्युक्तम्।

वस्तुतः शरीरे चैतन्यं नैव वर्त्तते, प्रत्येकं तदवयवेषु चैतन्यविरहात्। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [2]"पत्तेयमभावाओ न रेणुतेल्लं व समुदाये चेया" (वि.आ.भा.१६५२) इति। तथापि शरीरात्मनोः लोलीभावेन समवस्थानादयं उपचारः प्रवर्त्तते। यथोक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [3]"एइंदियादिदेहा

### ❀ જીવને પુદ્ગલ કહેવાય : ભગવતીસૂત્ર ❀

(भग.) **ભગવતીસૂત્ર**માં પણ જીવને આશ્રયીને 'પુદ્ગલ' આવી સંજ્ઞા પ્રસિદ્ધ છે. ભગવતીસૂત્રના આઠમા શતકમાં 'જીવને આશ્રયીને પુદ્ગલ કહેવાય' - આવો ઉલ્લેખ મળે છે. તેની વ્યાખ્યામાં શ્રી**અભયદેવસૂરિ**જીએ જીવની 'પુદ્ગલ' આવી સંજ્ઞા દર્શાવી છે. **ભગવતીસૂત્રચૂર્ણિકાર** પરમર્ષિએ પણ 'જીવ' અને 'પુદ્ગલ' શબ્દને પર્યાયવાચક જણાવેલ છે.

### ❋ શરીરમાં જીવનો ઉપચાર ❋

(उप.) આત્મામાં તાદાત્મ્યસંબંધથી પૌદ્ગલિક શરીર દ્રવ્યનો = જડદ્રવ્યનો ઉપચાર અહીં જણાવેલ છે તે તો ઉપલક્ષણ છે. તેથી તેનાથી ઊલટો ઉપચાર પણ અહીં સમજી લેવો. અર્થાત્ શરીરાત્મક પુદ્ગલોમાં તાદાત્મ્યસંબંધથી જીવદ્રવ્યનો ઉપચાર પણ સમજી લેવો. જેમ કે મલધારી શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં અસદ્ભૂતવ્યવહારનયનો આશ્રય લઈને એક દ્રવ્યમાં અન્ય દ્રવ્યનો ઉપચાર દેખાડતા જણાવેલ છે કે 'આત્મા શરીરની સાથે જ ચાલે છે. તથા શરીરની સાથે જ આત્મા રહે છે. શરીરમાં જ જીવ રહે છે. ઈત્યાદિ કારણસર શરીરમાં જીવનો ઉપચાર કરવામાં આવે છે.'

### ❀ શરીરમાં ચૈતન્ય નથી ❀

(वस्तु.) વાસ્તવમાં તો શરીરમાં ચૈતન્ય નથી જ રહેતું. કારણ કે શરીરના પ્રત્યેક અવયવોમાં ચૈતન્ય નથી. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'જે વસ્તુ પ્રત્યેકમાં ન હોય, તે તેના સમુદાયમાં પણ ન હોય. જેમ રેતીના એક-એક કણમાં તેલ નથી તો રેતીસમૂહમાં પણ તેલ હોતું નથી, તેમ દેહના પ્રત્યેક અવયવમાં ચૈતન્ય ન હોવાથી અવયવસમૂહાત્મક શરીરમાં પણ ચૈતન્ય હોતું નથી.' તેમ છતાં પણ શરીર અને આત્મા એકમેક બનીને રહેલા હોવાથી 'શરીર આત્મા છે' - આવો ઉપચાર પ્રવર્ત્તે છે. આ અંગે **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'એકેન્દ્રિય

1. जीवं प्रतीत्य पुद्गलः। 2. प्रत्येकमभावाद् न रेणुतैलमिव समुदाये चेतना। 3. एकेन्द्रियादिदेहाः निश्चिताः येऽपि पुद्गलाः कायाः। तान् यः भणति जीवः व्यवहारः सः विजातीयः।

णिच्चत्ता जे वि पोग्गले काये। ते जो भणेइ जीवो ववहारो सो विजातीओ।।" (न.च.५३, द्र.स्व.प्र.२२५) इति। 'णिच्चत्ता = निश्चिताः = चितिशून्याः = चैतन्यरहिता' इति यावत्। एकेन्द्रियादिदेहानामौदारिकादिपुद्गलरूपाणां चैतन्यशून्यत्वेऽपि जीव-शरीरयोरेकीभावेन व्याप्तत्वात् 'शरीरपुद्गला जीवा' इत्येवमुपचारसम्भवात्। अयं विजातीयद्रव्ये विजातीयद्रव्योपचारोऽसद्भूतव्यवहारोपनयो बोध्यः।

***एतेन*** [1]"एइंदियादिदेहा जीवा ववहारदो हु जिणदिट्ठा" (न.च.६५, द्र.स्व.प्र.२३६) इति **नयचक्र-द्रव्यस्वभावप्रकाशयोः** वचनमपि ***व्याख्यातम्,*** तस्य असद्भूतव्यवहारान्तःपातित्वात्।

***न च*** भेदप्रतीतौ सत्यां कथं तदभेदोपचारः सम्भवेत् ? तदभावववत्ताबुद्धेः तद्वत्ताप्रतीतिं प्रति प्रतिबन्धकत्वादिति ***शङ्कनीयम्,***

तथैव बाहुल्येन लौकिक-शास्त्रीयव्यवहारोपलब्धेः।

---

વગેરે જીવના શરીર અચિત્ત હોય છે. તે પુદ્ગલાત્મક કાયાને જે જીવ કહે તે વિજાતીય વ્યવહાર ઉપનય કહેવાય.' નયચક્રની ગાથામાં 'णिच्चत्ता' શબ્દ છે તેનો સંસ્કૃત ભાષામાં અર્થ થાય છે – 'निश्चिताः = चितिशून्याः' અર્થાત્ 'ચૈતન્યશૂન્ય.' મતલબ એ છે કે એકેન્દ્રિય વગેરે જીવોના શરીરો ઔદારિક વગેરે પુદ્ગલ સ્વરૂપ છે. તેથી તે ચૈતન્યશૂન્ય છે. તેમ છતાં જીવ અને શરીર ક્ષીર-નીરન્યાયથી પરસ્પર એકીભાવથી વ્યાપ્ત છે. તેથી 'શરીરપુદ્ગલોમાં જીવ તરીકેનો અભેદ ઉપચાર થવો સંભવિત છે. આ ઉપચાર વિજાતીય દ્રવ્યમાં વિજાતીય દ્રવ્યના ઉપચાર સ્વરૂપ છે. તેને અસદ્ભૂત વ્યવહાર ઉપનય સમજવો.

### ❀ શરીરમાં જીવનો અસદ્ભૂત વ્યવહાર ❀

(एतेन.) **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'એકેન્દ્રિય વગેરે શરીરો જીવ છે - આ પ્રમાણે વ્યવહારથી જિનેશ્વર ભગવંતે જોયેલ છે.' આ બાબતની છણાવટ ઉપરોક્ત રીતે થઈ જાય છે. કેમ કે તે વચનનો અસદ્ભૂત વ્યવહાર ઉપનયમાં સમાવેશ થાય છે.

**શંકા** :- (न च.) શરીર જડ છે. જીવ ચેતન છે. જડ-ચેતનનો ભેદ તો પ્રત્યક્ષસિદ્ધ છે. શરીર અને જીવ વચ્ચે ભેદની પ્રતીતિ થવાથી શરીર અને જીવ વચ્ચે અભેદ ઉપચાર કઈ રીતે સંભવી શકે? કેમ કે તદ્અભાવવત્તાની બુદ્ધિ તદ્વત્તાની બુદ્ધિ પ્રત્યે પ્રતિબંધક છે. (આશય એ છે કે 'શરીર જીવભિન્ન છે' - આવી બુદ્ધિથી શરીરમાં જીવત્વ ગુણધર્મનો અભાવ સિદ્ધ થાય છે. કારણ કે ભેદની સાથે સ્વપ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મનો વિરોધ છે. જીવત્વ હોય ત્યાં જીવભેદ ન હોય અને જીવભેદ હોય ત્યાં જીવત્વ ન હોય. શરીર જીવભિન્ન હોવાથી જીવત્વશૂન્ય તરીકે નિશ્ચિત છે. શરીરમાં જીવત્વઅભાવવત્તાની બુદ્ધિ હોવાથી 'શરીર જીવ છે' - આ પ્રમાણે શરીરમાં જીવત્વવત્તાનું અવગાહન કરનારી પ્રતીતિ થઈ ન શકે. કારણ કે જીવત્વવત્તાબુદ્ધિ પ્રત્યે જીવત્વઅભાવવત્તાબુદ્ધિ પ્રતિબંધક છે.)

### ❀ લોકવ્યવહાર બળવાન ❀

**સમાધાન** :- (तथै.) ભેદની બુદ્ધિ હોય ત્યાં પણ લોકવ્યવહારના બળથી અભેદબુદ્ધિ થઈ શકે છે. કારણ કે તેવા પ્રકારે જ મોટા ભાગે શાસ્ત્રીય અને લૌકિક વ્યવહાર ઉપલબ્ધ થાય છે. મનુષ્ય

---

1. एकेन्द्रियादिदेहाः जीवाः व्यवहारतः खलु जिनदृष्टाः।

यथोक्तं **मीमांसाशाबरभाष्यवृत्तौ बृहत्यां प्रभाकरमिश्रेण** "भेदप्रत्ययेऽपि अभेदोपचारो दृष्टः 'कुन्तान् प्रवेशये'ति" (मी.शा.भा.वृ.१/१/५) इति ।

तदुक्तं **तत्त्वार्थराजवार्तिके अकलङ्काचार्येण** अपि "पर्यायार्थत्वेन आश्रयेण परस्परव्यतिरेकेऽपि एकत्वाध्यारोपः ततश्चाभेदोपचारः" (त.रा.वा.४/४२/१४/२५३) इति । देहच्छेद-भेदादिप्रयुक्तजीववेदना-लक्षणनिमित्ततः अहिंसापालनादिप्रयोजनतश्च प्रवर्त्तमानत्वाद् अयम् उपनयः शास्त्रकृतां सम्मत इति भावनीयम् ।

ये त्वात्मानं विभुं मन्यन्ते तेषां नैयायिकादीनां मते नैतदुपचार-व्यवहाराऽहिंसापालनादिकं सम्भवति ।

---

શરીરને ઉદ્દેશીને 'આ મનુષ્ય આત્મા છે' - આવો સાર્વલૌકિક વ્યવહાર પ્રસિદ્ધ જ છે. સ્વૈચ્છિક રીતે જ આ વ્યવહાર પ્રસિદ્ધ છે. તે રીતે 'એકેન્દ્રિય શરીર જીવ છે' - આવો શાસ્ત્રીય વ્યવહાર પણ પ્રસિદ્ધ છે.

**(यथो.) મીમાંસાશાબરભાષ્યની બૃહતી** નામની વ્યાખ્યામાં **પ્રભાકરમિશ્ર** નામના મીમાંસક વિદ્વાને પણ જણાવેલ છે કે "ભેદની પ્રતીતિ થવા છતાં પણ અભેદ ઉપચાર જોવા મળે છે. જેમ કે ભાલા અને ભાલાધારી વચ્ચે ભેદ હોવા છતાં પણ ભાલાધારીમાં ભાલાનો અભેદ આરોપ કરીને 'ભાલાઓને આવવા દો' - આ પ્રમાણેનો વ્યવહાર જોવા મળે છે."

### ભિન્નમાં અભેદબુદ્ધિ

(तदु.) **તત્ત્વાર્થરાજવાર્તિક** ગ્રંથમાં દિગંબરાચાર્ય શ્રી**અકલંકસ્વામી**એ પણ જણાવેલ છે કે 'પર્યાયાર્થનો આશ્રય કરવામાં આવે તો પરસ્પરભિન્ન વસ્તુમાં પણ એકત્વનો અધ્યારોપ = આરોપ થાય છે. તેના લીધે અભેદ ઉપચાર થાય છે.' આમ ભિન્ન વસ્તુમાં પણ અભેદ ઉપચાર શાસ્ત્રસંમત છે - તેમ સિદ્ધ થાય છે. લક્ષણ-સંજ્ઞા-કાર્ય વગેરેની દૃષ્ટિએ શરીર અને આત્મા પરમાર્થથી જુદા હોવા છતાં પણ જડ એવા શરીરને છેદવામાં-ભેદવામાં આવે તો આત્માને દુઃખનો અનુભવ થાય છે. આથી સંસારી અવસ્થામાં દેહધારી જીવો અને દેહ વચ્ચે કથંચિત્ અભેદ માનવો જરૂરી છે. તો જ જીવદયાપાલન વગેરે શક્ય બને. આમ દેહછેદ-ભેદપ્રયુક્ત જીવવેદનાસ્વરૂપ નિમિત્તવશ અને અહિંસાપાલન વગેરે પ્રયોજનવશ પ્રવર્ત્તવાના લીધે 'પૃથ્વી શરીર જીવ છે' - આ વચન સ્વરૂપ અસદ્ભૂત વ્યવહાર ઉપનય શાસ્ત્રકારોને સંમત છે. આ વાતની ઊંડાણથી વિચારણા કરવી.

### આત્મા વિભુ નથી

(ये.) જે નૈયાયિક વગેરે વિદ્વાનો આત્માને વિભુ = સર્વવ્યાપી માને છે તેમના મત મુજબ તો 'આ દેહ આત્મા છે' - આવો ઉપચાર, દેહોપઘાતથી આત્મપીડાનો વ્યવહાર, અહિંસાપાલન વગેરે સંભવી નહિ શકે. કારણ કે આત્મા શરીરની બહાર પણ હોય તો શરીરને જ ઉદ્દેશીને આત્માનો ઉપચાર કેમ થાય ? ટેબલ, ખુરશી વગેરેને ઉદ્દેશીને આત્માનો ઉપચાર કેમ ન થાય ? શરીરની જેમ મકાન, દુકાન આદિમાં તોડ-ફોડ થાય ત્યારે આત્માને પીડા શા માટે ન થાય ? વગેરે પ્રશ્નોના સંતોષકારક સત્ય સમાધાન નૈયાયિકમત મુજબ મળી શકતા નથી. ઘડાનો નાશ કરવામાં આવે તો પણ આત્માની

परमार्थतः शरीरमात्रव्यापक आत्मा, तत्रैवोपलभ्यमानगुणत्वात्। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"जीवो तणुमेत्तत्थो जह कुंभो तग्गुणोवलंभाओ" (वि.आ.भा.१५८६) इति। यथोक्तं श्री**हेमचन्द्रसूरि**भिरपि **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायां** "यत्रैव यो दृष्टगुणः स तत्र कुम्भादिवद् निष्प्रतिपक्षमेतत्। तथापि देहाद् बहिरात्मतत्त्वमतत्त्ववादोपहताः पठन्ति।।" (अन्ययो.व्य.द्वा.९) इति। अधिकन्त्वस्मत्कृत**नयलता-जयलता-भानुमती**प्रभृतितोऽवसेयम् (द्वा.द्वा.८/१७ न.ल., स्या.र.खण्ड-३/पृ.७९६ ज.ल., न्या.प्रकाश-१ पृ.८४)।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – विषय-कषायाऽज्ञानादिमयपरिणत्या स्थूलीभूतोऽशुद्धोपयोगः प्रकृताऽसद्भूतव्यवहारनयपरिशीलनपरिपुष्टः। ततश्च प्रकृतनयाभिप्रायसंस्कारान् शिथिलीकृत्योपरितनसद्भूत-शुद्धनयपरिणतिपरिकर्मणे मुमुक्षुणा प्रयतितव्यम्। तेन तदर्थं "द्रव्यकर्मविनिर्मुक्तं भावकर्मवि-

---

હિંસા કરવાનું પાપ લાગવું જોઈએ. કારણ કે દેહમાં જેમ આત્મા છે તેમ ઘડામાં પણ આત્મા છે જ. તેથી આત્માને વિભુ માની ન શકાય.

## ✥ દેહમાત્રવ્યાપી આત્મા ✥

(परमा.) વાસ્તવમાં તો આત્મા શરીરમાત્રવ્યાપી છે. કારણ કે શરીરમાં જ આત્મગુણો જણાય છે. તેથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "આત્મા માત્ર શરીરમાં જ રહેલો છે. કારણ કે શરીરમાં જ આત્મગુણો જણાય છે. જેમ કે ઘટ." કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ પણ **અન્યયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા**માં જણાવેલ છે કે "ઘડા વગેરેના ગુણો જ્યાં દેખાય છે ત્યાં જ ઘડા વગેરે પદાર્થો વિદ્યમાન હોય છે. તેથી 'જેના ગુણ જ્યાં જણાય તે ત્યાં જ હોય' - આ નિયમ નિર્વિવાદપણે સિદ્ધ છે. આત્માના ગુણો શરીરમાં જ અનુભવાતા હોવાથી આત્મા શરીરમાં છે તેમ નિશ્ચિત થાય છે. તેમ છતાં અતત્ત્વવાદથી હણાયેલી બુદ્ધિવાળા નૈયાયિક વગેરે આત્મતત્ત્વને દેહની બહાર પણ (વ્યાપકરૂપે) સ્વીકારે છે." આ બાબતના અધિક વિસ્તારને જાણવાની ઈચ્છાવાળા વાચકે અમે બનાવેલી **નયલતા** નામની દ્વાત્રિંશિકાવ્યાખ્યા (આઠમી બત્રીસી), **જયલતા** નામની સ્યાદ્વાદરહસ્યવ્યાખ્યા (ભાગ-૩) તથા **ભાનુમતી** નામની ન્યાયાલોકવ્યાખ્યાનું અવલોકન કરવું.

## ✤ કર્મને છોડી આત્માને પકડીએ ✤

[redacted] :- વિષય, કષાય, અજ્ઞાન વગેરેથી રંગાયેલી પરિણતિના લીધે સ્થૂલ અને અશુદ્ધ બનેલો ઉપયોગ પ્રસ્તુત અસદ્ભૂત વ્યવહારનયના દૃષ્ટિકોણથી અત્યંત કેળવાયેલો હોય છે. તથા તેના જ પરિશીલનથી તે પરિપુષ્ટ બનતો જાય છે. તેથી પ્રસ્તુત નયની વિચારણાઓને, અભિપ્રાયોને અને સંસ્કારોને સાધકે વધુને વધુ શિથિલ કરવા જોઈએ. તથા તેને શિથિલ કરીને ઉપરના સદ્ભૂત નયથી અને શુદ્ધનયથી ઉપયોગને કેળવવા માટે, શુદ્ધનયની પરિણતિના પરિકર્મ માટે મુમુક્ષુએ પ્રયાસ કરવો જોઈએ. તથા તે માટે 'જ્ઞાનસ્વરૂપી આત્માનું સ્વરૂપ દ્રવ્યકર્મમલથી મુક્ત છે, ભાવકર્મથી વિવર્જિત છે, નોકર્મથી (= શરીરાદિથી) પણ રહિત છે - આમ તું જાણ' - આ મુજબ **પરમાનંદપંચવિંશતિકા**ની

---

1. जीवः तनुमात्रस्थः यथा कुम्भः तद्गुणोपलम्भात्।

वर्जितम्। नोकर्मरहितं विद्धि निश्चयेन चिदात्मनः।।" (पर.प.८) इति **परमानन्दपञ्चविंशतिका**कारिका-भावितान्तःकरणतया मत्स्य-कण्टकन्यायेन भाव्यम्। तथा विषय-कषायादिमलोन्मूलनाय नित्यं व्यवहारनयसम्मतचतुश्शरण-दुष्कृतगर्हादिकं सेवनीयम्।

प्रकृते देहे जीवाऽभेदोपचारस्य आध्यात्मिकप्रयोजनन्तु (१) अन्यशरीरपीडापरिहारद्वारा अन्यजीवपीडापरिहारः,

(२) व्याधिग्रस्तमन्यं पुमांसं दृष्ट्वा करुणादिभावप्रादुर्भावः,

(३) स्वशरीरेण प्रमाद-हिंसादिप्रवृत्तौ 'धिक् ! मां प्रमाद-हिंसादिग्रस्तम्' इति पश्चात्तापानला-ऽऽविर्भावश्च। ततश्च [1]"जं देवाणं सोक्खं सव्वद्धापिंडियं अणंतगुणं। ण य पावइ मुत्तिसुहं णंताहिं वग्ग -वग्गूहिं।।" (औ.सू.४४/गाथा-१४/पृष्ठ ११६) इति **औपपातिकसूत्र**दर्शितं सिद्धसुखमविलम्बेनाऽऽविर्भवेत् ।।७/६।।

કારિકાથી મુમુક્ષુએ પોતાના અન્તઃકરણને ભાવિત કરવું. માછલી અને તેના શરીરમાં કાંટા સાથે હોવા છતાં માંસાહારી માણસ કાંટાને છોડી માછલીના માંસને પકડે છે. તે ન્યાયથી = ઉદાહરણથી આત્મા અને દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ સાથે હોવા છતાં મુમુક્ષુ જીવ દ્રવ્યકર્મ વગેરેને છોડી, આત્માને પકડે છે- તેવી વિભાવના કરવી. તેમજ વિષય, કષાય વગેરે મળને ઉપયોગમાંથી ઉખેડવા માટે વ્યવહારનયમાન્ય ચાર શરણાનો સ્વીકાર, દુષ્કૃતગર્હા આદિ ઉપાયોનું નિત્યસેવન કરવું જોઈએ.

## ❀ અભેદ ઉપચારનું પ્રયોજન ❀

**(प्रकृ.)** પ્રસ્તુતમાં દેહમાં જીવનો અભેદ ઉપચાર કરવાનું આધ્યાત્મિક પ્રયોજન એ છે કે (૧) કોઈના શરીરને નુકસાન કરવા દ્વારા બીજા જીવને પીડા પહોંચાડવાનું પાપ આપણે કરી ન બેસીએ.

(૨) 'શરીર જીવ છે' - આવું સમજવાથી કોઈના શરીરમાં રોગ ઉત્પન્ન થાય તો તે શરીરધારી રોગી જીવ પ્રત્યે સહાનુભૂતિ જન્મે. 'જીવ કરતાં શરીર જુદું છે' - તેવું જાણે તો જડ શરીરમાં રોગ થાય ત્યારે અન્ય દર્દી પ્રત્યે શું સહાનુભૂતિ જન્મે ?

(૩) 'શરીર જીવ છે' - એવું જાણી આપણા શરીર દ્વારા પ્રમાદ-હિંસા વગેરે પાપ થઈ જાય ત્યારે 'હાય ! મારાથી આ પ્રમાદ-હિંસા વગેરે પાપ થઈ ગયા !' આ રીતે પશ્ચાત્તાપની પાવક ધારા પ્રગટાવી શકાય. તેના લીધે સિદ્ધસુખ વિના વિલંબે પ્રગટે. **ઔપપાતિકસૂત્ર**માં સિદ્ધસુખને દર્શાવતાં કહેલ છે કે "અનુત્તરવિમાન સુધીના તમામ દેવોનું જે સુખ છે તે ત્રણેય કાળનું ભેગું કરવામાં આવે અને તેને અનંતગુણ અધિક કરવામાં આવે તેમજ અનંત વર્ગ-વર્ગથી ગુણવામાં આવે તો પણ મુક્તિસુખની તુલનાને પ્રાપ્ત કરતું નથી." $૨^૨$ = ૪. $૪^૨$ = ૧૬. તેથી બેનો વર્ગ-વર્ગ સોળ થાય. આ ૧ વખત વર્ગ-વર્ગ કહેવાય. આવા અનંતા વર્ગ-વર્ગ ત્રૈકાલિક સમસ્ત દેવસુખના કરવામાં આવે તો પણ તે સિદ્ધસુખ સમાન બની ન શકે. તેવું પ્રત્યેક સિદ્ધાત્મા પાસે પ્રતિસમય સુખ હોય છે. આ સિદ્ધસુખને લક્ષમાં રાખી સાંસારિક સુખ પ્રત્યે ઉદાસીનતા કેળવવાની સૂચના આડકતરી રીતે અહીં થાય છે. (૭/૬)

1. यद् देवानां सौख्यं सर्वाद्धापिण्डितम् अनन्तगुणम्। न च प्राप्नोति मुक्तिसुखम् अनन्तैः वर्ग-वर्गैः।।

**કાલી લેશ્યા ભાવ, શ્યામગુણઈં ભલી✿; ગુણઉપચાર ગુણઈં કહો એ ॥૭/૭॥ (૯૬)**

❑**ભાવલેશ્યા** આત્માનો અરૂપી ગુણ છઈં.

द्वितीयमसद्भूतव्यवहारोपनयभेदं निरूपयति – '**भावे**'ति।

**भावलेश्या तु कृष्णोक्ता, कृष्णगुणोपचारतः।**

**गुणे गुणोपचारस्तु, स कथितो मुनीश्वरैः।।७/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – कृष्णगुणोपचारतः भावलेश्या तु कृष्णा उक्ता। स तु मुनीश्वरैः गुणे गुणोपचारः कथितः।।७/७।।

**भावलेश्या तु** आत्मनोऽरूपी गुणः। तदुक्तं श्री**हरिभद्रसूरि**भिः **आवश्यकनिर्युक्तिवृत्तौ** "श्लेषयन्ति आत्मानम् अष्टविधेन कर्मणा इति लेश्याः - कायाद्यन्यतमयोगवतः कृष्णादिद्रव्यसम्बन्धाद् आत्मनः परिणामा इत्यर्थः" (आ.नि.१४ पृ.२०) इति। तैरेव "मनो-वाक्-कायपूर्विकाः कृष्णादिद्रव्यसम्बन्धजनिताः खलु आत्म-परिणामाः = लेश्या" (आ.नि.४६० गाथात उत्तरं भा.९६ वृ.पृ.१२३) इत्येवम् **आवश्यकनिर्युक्तिभाष्यविवरणे** उक्तम्।

तदुक्तम् अन्यत्राऽपि "कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामो य आत्मनः। स्फटिकस्येव तत्राऽयं लेश्याशब्दः प्रयुज्यते।।" (आ.नि.भा.वृत्तौ समुद्धृतेयं कारिका-भा.९६) इति। अत एव **भगवतीसूत्रे** [1]"भावलेसं पडुच्च

[illegible] :- અસદ્ભૂત વ્યવહાર ઉપનયના પ્રથમ ભેદની વિચારણા કરી. હવે ગ્રંથકારશ્રી અસદ્ભૂત વ્યવહારના બીજા ભેદને જણાવે છે :-

**❖ અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ ❖**

[illegible] :- 'કૃષ્ણ ગુણના ઉપચારથી ભાવલેશ્યા તો કૃષ્ણ કહેવાયેલી છે' - આવું જે વચન છે તેને મુનીશ્વરોએ ગુણમાં ગુણનો ઉપચાર કહેલો છે. (૭/૭)

**❋ ભાવલેશ્યા અરૂપી ❋**

[illegible] :- ભાવલેશ્યા તો આત્માનો અરૂપી ગુણ છે. તેથી જ શ્રી**હરિભદ્રસૂરિ**જી મહારાજે **આવશ્યકનિર્યુક્તિવૃત્તિ**માં લેશ્યાની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે "આઠ પ્રકારના કર્મ સાથે આત્માને બાંધે તેને લેશ્યા કહેવાય. મન-વચન-કાયા સ્વરૂપ ત્રણ યોગમાંથી કોઈ પણ એક યોગમાં રહેલા આત્માનો કૃષ્ણ-નીલ વગેરે દ્રવ્યના સંબંધથી જે પરિણામ ઉત્પન્ન થાય તે લેશ્યા કહેવાય- આવો અર્થ સમજવો." **આવશ્યકનિર્યુક્તિભાષ્યવિવરણ**માં પણ તેઓશ્રીએ લેશ્યાની આ જ વ્યાખ્યા કરેલ છે.

**❖ આત્મપરિણામ લેશ્યા ❖**

(तदु.) અન્યત્ર પણ જણાવેલ છે કે "સ્ફટિકની જેમ આત્મામાં કૃષ્ણાદિ દ્રવ્યના સાન્નિધ્યથી જે પરિણામ ઉત્પન્ન થાય તેમાં આ લેશ્યા શબ્દનો પ્રયોગ થાય છે." આમ લેશ્યા આત્મપરિણામસ્વરૂપ હોવાના લીધે જ **ભગવતીસૂત્ર**માં 'ભાવલેશ્યાને આશ્રયીને ચતુર્થપદથી જાણવું' - આવું કહેવા દ્વારા

✿ શાં.માં 'ભલા' પાઠ. ❑ લી.(૧)માં 'જીવલેશ્યા' પાઠ. 1. भावलेश्यां प्रतीत्य चतुर्थपदेन।

તેહનઇં જે (**કાલી**=) કૃષ્ણ-નીલાદિક કહિઇં છઇં, તે (**શ્યામગુણઈં ભલી**=) કૃષ્ણાદિ પુદ્ગલદ્રવ્ય ગુણનો ઉપચાર કીજઇ છઈ. **એહ આત્મગુણઈં પુદ્ગલગુણનો** •**ઉપચાર** (**કહો**) જાણવો. **इति भावार्थः** २.॥७/७॥

चउत्थपएणं" (भ.सू.१/९/७४) इत्येवं भावलेश्यायाः चतुर्थपदेन अगुरुलघुत्वमावेदितम्। तदुक्तं **तद्वृत्तौ** श्री**अभयदेवसूरि**भिरपि "भावलेश्या तु जीवपरिणतिः। तस्यास्त्वमूर्त्तत्वादगुरुलघुत्वेन व्यपदेशः" (भ.सू.१/९/७४ वृ.) इति।

तथापि तत्र **कृष्णगुणोपचारतः** = कृष्ण-नीलादिपुद्गलद्रव्यगुणोपचारमाश्रित्य **कृष्णा** उपलक्षणाद् नीलादिस्वरूपा **उक्ता। स तु मुनीश्वरैः गुणे गुणोपचारः कथितः**, आत्मगुणविशेषे पुद्गलगुणविशेष-समारोपात्। "तुर्विशेषेऽवधारणे" (म.को.९७८) इति **मङ्खकोश**वचनानुसारेण तुः पूर्वोक्तापेक्षया विशेषद्योतनार्थः।

परमार्थत आत्मनि तद्गुणे वा रूपादिकं कृष्णत्वादिकं वा नास्त्येव। अतः असदेव अन्यदीयं कृष्णत्वादिकमात्मगुणरूपायां भावलेश्यायामुपचर्यत इति 'कृष्णा लेश्या' इत्यादिव्यवहारस्याऽसद्भूतत्वं युक्तमेवाऽवसेयम्।

જણાવેલ છે કે ભાવલેશ્યા ચતુર્થપદે અગુરુલઘુ છે. **ભગવતીસૂત્ર**ની **વ્યાખ્યામાં શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે 'ભાવલેશ્યા તો જીવની પરિણતિ છે. જીવની પરિણતિ અમૂર્ત્ત હોવાથી ભાવલેશ્યામાં અગુરુલઘુ તરીકેનો વ્યવહાર થાય છે.'

[redacted] :- (૧) ગુરુ, (૨) લઘુ, (૩) ગુરુલઘુ અને (૪) અગુરુલઘુ - આમ ચાર પદમાં = વિભાગમાં પદાર્થોને ગોઠવી શકાય. ભાવલેશ્યાનો સમાવેશ ચોથા પદમાં થાય છે.

## ❀ આત્મગુણમાં પુદ્ગલગુણનો ઉપચાર ❀

(**तथापि.**) ભગવતીસૂત્રના સંદર્ભથી ભાવલેશ્યા આત્માના અરૂપી ગુણ તરીકે સિદ્ધ થાય છે. તો પણ ભાવલેશ્યાસ્વરૂપ અરૂપી ગુણમાં કૃષ્ણ-નીલ વગેરે પુદ્ગલ દ્રવ્યોના ગુણનો ઉપચાર કરવાની અપેક્ષાએ ભાવલેશ્યાને કૃષ્ણ, નીલ, કાપોત વગેરે સ્વરૂપે શાસ્ત્રમાં જણાવેલ છે. આ પ્રમાણે જે વચન છે તેને મુનીશ્વરોએ ગુણમાં ગુણનો ઉપચાર જણાવેલ છે. કારણ કે આત્માના વિશેષ પ્રકારના ગુણમાં વિશેષ પ્રકારના પુદ્ગલના ગુણનો સમારોપ તે વચન કરે છે. "વિશેષ અને અવધારણ અર્થમાં 'तु' વપરાય" - આમ **મંખકોશ**માં જણાવેલ છે. તે મુજબ અહીં મૂળશ્લોકમાં રહેલ 'तु' શબ્દ પૂર્વોક્ત વ્યવહાર કરતાં વિશેષતાને જણાવવાના અર્થમાં વપરાયેલ સમજવો.

## ♆ 'કૃષ્ણ લેશ્યા' - અસદ્ભૂત વ્યવહાર ♆

(**परमा.**) વાસ્તવમાં તો આત્મામાં કોઈ રૂપ, રસ, ગંધ વગેરે છે જ નહિ. તથા આત્માના ગુણમાં કૃષ્ણત્વ, નીલત્વ વગેરે ધર્મ નથી. તેથી આત્મગુણસ્વરૂપ ભાવલેશ્યામાં અવિદ્યમાન એવા જ પરકીય કૃષ્ણત્વ-નીલત્વ વગેરે ધર્મોનો ઉપચાર કરવામાં આવે છે. તેથી 'કૃષ્ણ લેશ્યા' વગેરે વ્યવહાર અસદ્ભૂત છે - આ વાત યુક્તિસંગત જ છે. એમ સમજવું.

• પાઠા૦ પરિણામ કહઈ, તેહિ જ સ્વભાવ, તેહનો ઉપચાર.

इदञ्चात्राऽवधेयम् – रूपादेरत्र गुणत्वं दिगम्बरसम्प्रदायानुसारेणोक्तम्। स्वमते तु तस्य पर्यायत्वमेव। यथोक्तं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "पर्यायाः ज्ञान-दर्शन-चारित्र-रूप-रस-गन्ध-स्पर्श-नव-पुराणादयः" (वि.आ.भा.९४४ मल.वृ.)। क्वचिद् गुणशब्दप्रयोगेऽपि परमार्थतः पर्याये एव तात्पर्यमवसेयं स्वमते। यथा [1]"पेच्छइ चउग्गुणाइं जहण्णओ मुत्तिमंताइं" (वि.आ.भा.८०७) इति **विशेषावश्यकभाष्यस्य व्याख्यायां श्रीहेमचन्द्रसूरिभिः** "भावतस्तु प्रतिद्रव्यं चत्वारो गुणाः = धर्माः = पर्यायाः येषां तानि चतुर्गुणानि पश्यति" (वि.आ.भा.८०७ वृ.) इत्येवम् अवधिज्ञानजघन्यविषयप्रतिपादनम् अकारि।

***यत्तु* गोम्मटसारे** जीवकाण्डे **नेमिचन्द्राचार्येण** [2]"जोगपउत्ती लेस्सा कसायउदयाणुरंजिया होई" (गो.सा.जी.का.४९०) इत्युक्तम्, ***तत्तु*** शुक्ललेश्यावति सयोगिकेवलिनि व्यभिचाराद् अनुपादेयम्। अत एव **प्रज्ञापनावृत्तौ श्रीमलयगिरिसूरिभिः** "योगान्तर्गतकृष्णादिद्रव्यरूपा लेश्या" (प्र.सू.प.१७/उ.१/सू.२०७/वृ.पृ.३३०) व्यावर्णिता। भावापेक्षया लेश्या औदयिकभावरूपा विज्ञेया। तदुक्तं **गोम्मटसारे** एव [3]"भावादो छल्लेस्सा ओदयिया होंति" (गो.सा.जी.का.५५५) इत्यलं चसूर्या।

## ❀ ગુણશબ્દ પરમાર્થથી પર્યાયવાચક ❀

**(इद.)** અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે રૂપ વગેરેનો અહીં ગુણ તરીકે ઉલ્લેખ કર્યો છે તે દિગમ્બરસંપ્રદાય મુજબ સમજવું. અમારા શ્વેતાંબરમત મુજબ તો રૂપાદિ પર્યાય જ છે. તેથી જ **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં જણાવેલ છે કે 'જ્ઞાન, દર્શન, ચારિત્ર, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, નવીનતા, જીર્ણતા વગેરે પર્યાય છે.' ક્યાંક ગુણશબ્દનો પ્રયોગ શ્વેતાંબર ગ્રંથોમાં જોવા મળે તો પણ પરમાર્થથી તેનું તાત્પર્ય પર્યાયમાં જ છે - તેમ શ્વેતાંબરમતાનુસાર સમજવું. જેમ કે **વિશેષાવશ્યકભાષ્ય**માં જ જઘન્યથી અવધિજ્ઞાનના વિષયને જણાવતાં કહેલ છે કે 'જઘન્યથી ચારગુણવાળા મૂર્ત્ત દ્રવ્યોને અવધિજ્ઞાની જુએ છે.' અહીં મલધારી શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ પ્રસ્તુત ગાથાની વ્યાખ્યામાં જણાવેલ છે કે 'ચાર ગુણ = ધર્મ = પર્યાય જેમાં હોય તેવા મૂર્ત્ત દ્રવ્યોને જુએ છે. મતલબ કે અવધિજ્ઞાની જઘન્યથી પ્રત્યેક દ્રવ્યમાં ભાવની દૃષ્ટિએ ચાર પર્યાયોને જુએ છે.'

## ❀ યોગાન્તર્ગતદ્રવ્યાત્મક લેશ્યા ઔદાયિકભાવ છે ❀

**(यत्तु.) ગોમ્મટસાર** ગ્રંથમાં જીવકાંડની અંદર દિગંબરાચાર્ય શ્રી**નેમિચન્દ્ર**જીએ "કષાયોદયથી રંગાયેલી યોગપ્રવૃત્તિ લેશ્યા થાય છે" - આ પ્રમાણે જે જણાવેલ છે તે વાત સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે સયોગી કેવલી ભગવંતમાં ૧૩ મા ગુણસ્થાનકે કષાયોદય ન હોવા છતાં પણ શુક્લ લેશ્યા હોય છે. મતલબ કે વ્યભિચાર = વિસંવાદ હોવાથી તેમની વાત માન્ય બની શકે તેમ નથી. આ જ કારણથી શ્રી**મલયગિરિસૂરિ**જીએ **પ્રજ્ઞાપનાવૃત્તિ**માં જણાવેલ છે કે 'યોગઅન્તર્ગત કૃષ્ણાદિ દ્રવ્યસ્વરૂપ લેશ્યા છે.' આ લેશ્યા ભાવની દૃષ્ટિએ ઔદયિકભાવસ્વરૂપ છે. આ અંગે **ગોમ્મટસાર**માં જ જણાવેલ છે કે 'ભાવની અપેક્ષાએ છ લેશ્યા ઔદયિક હોય છે.' પ્રાસંગિક બાબતની વિસ્તારથી ચર્ચા કરવાથી સર્યું.

1. प्रेक्षते चतुर्गुणानि जघन्यतो मूर्त्तिमन्ति। 2. योगप्रवृत्तिः लेश्या कषायोदयाऽनुरञ्जिता भवति। 3. भावात् षड् लेश्याः औदयिकाः भवन्ति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'आत्मा तु शुद्धः, निरञ्जनः, निराकारः, असङ्गः अलिप्तश्च' इत्युक्त्वा मनसा अन्यजीवद्वेष-तिरस्कारादिकरणं ह्यात्मवञ्चनम्। ततः जीवपरिरक्षणाय असद्भूत-व्यवहारोपनयद्वितीयभेदः आत्मगुणे पुद्गलद्रव्यगुणमुपचर्येदं वक्ति यदुत "परप्रपीडककृष्णलेश्याक्रान्तः कस्माद् भवसि ? अधुना भावपरिणतिरूपा ते लेश्या कृष्णा। त्यज इमाम्। मा 'अहं निरञ्जनोऽस्मि' इति गर्वमुद्वह" इति। इत्थमयमात्मार्थिनमनुशास्ति। राग-द्वेषात्मकगर्वसङ्क्षये एव [1]"रागस्स दोसस्स य संखएणं एगंतसोक्खं समुवेइ मोक्खं" (उत्त.३२/२) इति **उत्तराध्ययनसूत्रोक्तं** मोक्षसुखं प्रादुर्भवेत् ।।७/७।।

## ꖦ લેશ્યાનો વર્ણ દેખાડવાનું પ્રયોજન ꖦ

[redacted] :- 'આત્મા તો શુદ્ધ છે, નિરંજન-નિરાકાર છે, અસંગ અને અલિપ્ત છે' - આવું હોઠથી બોલવાનું અને મનમાં અન્ય જીવો પ્રત્યે દ્વેષ-દુર્ભાવ-ધિક્કાર-તિરસ્કાર રાખવાનો - આવી આત્મવંચનામાંથી જીવને ઉગારવા માટે અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો બીજો પ્રકાર આત્મગુણમાં પુદ્ગલદ્રવ્યગુણનો ઉપચાર કરીને કહે છે કે ''બીજાને ભયંકર નુકસાન પહોંચાડવા તૈયાર થનારી કૃષ્ણ-લેશ્યાનો તું અત્યારે શા માટે શિકાર બની રહ્યો છે ? તારી ભાવપરિણતિસ્વરૂપ લેશ્યા કાળી છે. તેને તું છોડ. 'હું નિરંજન છું' - એવા અભિમાનને ધારણ ન કર.'' આ રીતે અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ સાધકની આંખ ખોલવાનું કામ કરે છે. ખરેખર ગર્વ-અભિમાન તો રાગ-દ્વેષાત્મક છે. તેનો સંપૂર્ણતયા ક્ષય થાય તો જ મોક્ષસુખ પ્રગટ થાય. આ અંગે **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ છે કે 'રાગ અને દ્વેષ પૂરેપૂરા ખપી જાય તો જીવ એકાંતસુખરૂપ મોક્ષને મેળવે છે.' (૭/૭)

લખી રાખો ડાયરીમાં.....

- **કોરી સાધનામાં સફળતાની તાલાવેલી હોય છે.**
  **ઉપાસનામાં સ-રસતાનો અનાહત નાદ સંભળાય છે.**
- **વાસના આધિ-વ્યાધિ-ઉપાધિને આમંત્રે છે.**
  **ઉપાસના ઉપાધિરહિત થવાના માર્ગે ઉડ્ડયન કરે છે.**
- **વાસનામાં અધીરાઈ છે, અસહિષ્ણુતા છે, અસ્થિરતા છે.**
  **ઉપાસના ધીર છે, સહિષ્ણુ છે, સ્થિર છે.**
- **સાધના સ્વગુણદર્શન કરાવે તો અભિમાન પેદા કરે.**
  **ઉપાસના તો સ્વદોષદર્શન કરાવવા દ્વારા નમ્રતા જ પ્રગટાવે છે.**

1. रागस्य द्वेषस्य च सङ्क्षयेण एकान्तसौख्यं समुपैति मोक्षम्।

❖પર્યાયઈં પર્યાય ઉપચરિઈં વલી, હય ગય ખંધ યથા કહિયા □એ. ॥૭/૮॥ (૯૭)

(વલી,) ♦પર્યાયઈં હય ગય પ્રમુખ આત્મદ્રવ્યના* અસમાન✡ જાતીય દ્રવ્ય પર્યાય, તેહનઈં (યથા) **ખંધ કહિઈં** છઈં. તે આત્મપર્યાય ઊપરિ પુદ્ગલપર્યાય જે *ખંધ, તેહનો **ઉપચાર** •કરીનઈં ૩.॥૭/૮॥

तृतीयमसद्भूतव्यवहारोपनयभेदं प्रतिपादयति – '**पर्यय**' इति।

**पर्यये पर्ययाऽऽरोपोऽन्यपर्यायव्यपेक्षया।**
**स्कन्धो हय-गजादिर्हि जीवभावेषु चर्यते।।७/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अन्यपर्यायव्यपेक्षया पर्यये पर्ययाऽऽरोपः (सम्पद्यते)। (यथा) हय-गजादिः स्कन्धः हि जीवभावेषु चर्यते।।७/८।।

**पर्यये पर्ययारोपः** हि तृतीयोऽसद्भूतव्यवहारोपनयो बोध्यः। अयं हि **अन्यपर्यायव्यपेक्षया** = अन्यद्रव्यपर्यायापेक्षया सम्पद्यते। तथाहि – '**हय-गजादिः स्कन्धः**' इति **हि जीवभावेषु** = अश्वादिजीवाऽसमानजातीयपर्यायेषु अश्वादिषु पुद्गलद्रव्यपर्यायात्मकः स्कन्धः **चर्यते** = समारोप्यते तादात्म्यसम्बन्धेन। अयमाशयः – अश्व-गजादयो हि आत्मद्रव्यस्य असमानजातीयाः पर्यायाः सर्वज्ञत्व-सिद्धत्वादयश्च सजातीयाः पर्यायाः। स्कन्धश्च पुद्गलपर्यायः। प्रकृते अश्वादिः जीवपर्यायः विशिष्टैकपरिणामपरिणतत्वात् स्कन्धरूपेण समारोप्यते। अयं हि उपचारः पर्याये पर्यायसमारोपः तृतीयोऽसद्भूतव्यवहारोपनयो बोध्यः।

**અવતરણિકા** :- અસદ્ભૂત વ્યવહારના ત્રીજા ભેદનું ગ્રંથકારશ્રી પ્રતિપાદન કરે છે :-

**❋ અસદ્ભૂત વ્યવહારનો ત્રીજો ભેદ ❋**

**શ્લોકાર્થ** :- પરપર્યાયની અપેક્ષાએ પર્યાયમાં પર્યાયનો આરોપ થાય છે. જેમ કે 'ઘોડો-હાથી વગેરે સ્કંધ છે'- આ પ્રમાણે જીવના પર્યાયમાં ઉપચાર કરવામાં આવે છે. (૭/૮)

**વ્યાખ્યાર્થ** :- પર્યાયમાં પર્યાયનો આરોપ કરવો તે અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ત્રીજો ભેદ જાણવો. અન્યદ્રવ્યના પર્યાયની અપેક્ષાએ અસદ્ભૂત વ્યવહારનો ત્રીજો પ્રકાર બને. તે આ પ્રમાણે - 'ઘોડો, હાથી વગેરે સ્કંધ છે' - આમ અશ્વાદિજીવના અસમાનજાતીય એવા અશ્વાદિ પર્યાયોને વિશે સ્કંધ પર્યાયનો તાદાત્મ્ય સંબંધથી ઉપચાર થાય છે. તે પર્યાયમાં પર્યાયનો ઉપચાર કહેવાય. આશય એ છે કે અશ્વ, હાથી વગેરે જે પર્યાયો છે તે આત્મદ્રવ્યના અસમાનજાતીય પર્યાયો છે અને સર્વજ્ઞત્વ, સિદ્ધત્વ વગેરે આત્માના સજાતીય પર્યાય છે. તથા સ્કંધ એ પુદ્ગલપર્યાય છે. અશ્વ વગેરે જીવપર્યાય પ્રસ્તુતમાં વિશિષ્ટ પ્રકારના એકપરિણામથી સ્કંધની સાથે પરિણત હોવાથી સ્કંધસ્વરૂપે ઉપચરિત થાય છે. આ ઉપચાર પર્યાયમાં પર્યાયનો આરોપ કરનાર ત્રીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો.

❖ 'પરજાઈ વલી ઉપચાર પરજાઈકો, જીઈં હુંડ સંસ્થાનિ નારકી એ' પાઠ કો.(૧)માં છે. □ પુસ્તકોમાં 'રે' પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે. ♦ પાલિ.માં 'પર્યાયનઈં' પાઠ. * કો.(૧૨)માં 'આત્મપર્યાયના' પાઠ. ✡ કો.(૧૩)માં 'સમાન' પાઠ છે. * પુસ્તકોમાં 'સ્કંધ' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. • કો.(૧૩)માં 'કીજૈ' પાઠ.

***एतेन*** "[1]से किं तं सचित्तदव्वखंधे ? सचित्तदव्वखंधे अणेगविहे पण्णत्ते। तं जहा – (१) हयखंधे, (२) गयखंधे, (३) किन्नरखंधे, (४) किंपुरिसखंधे, (५) महोरगखंधे, (६) उसभखंधे। से तं सचित्तदव्वखंधे" (अनु.द्वा. सू.६२) इति **अनुयोगद्वारसूत्र**वचनमपि ***व्याख्यातम्,***

कर्मप्रसूतत्वेन जीवाऽसमानजातीयेषु अश्व-गज-किन्नरादिषु जीवपर्यायेषु औदारिकादिवर्गणा-रचनाविशेषात्मकस्य स्कन्धाभिधानस्य पुद्गलपर्यायस्य समारोपेण 'हयस्कन्धः, गजस्कन्धः' इत्यादि-व्यवहारोपपत्तेः। आत्मपर्यायस्य पुद्गलपर्यायत्वेन ज्ञापनार्थं पर्याये तादात्म्यसम्बन्धेन पर्यायान्तरारोपोऽत्र ज्ञेयः।

यश्च प्रकारान्तरेण ज्ञशरीर-भव्यशरीरव्यतिरिक्तकृत्स्नद्रव्यस्कन्धविधया जीव-तदधिष्ठितशरीराऽवयवलक्षणः समुदायः **विशेषावश्यकभाष्ये** दर्शितः सोऽपीहाऽनुसन्धेयः। तदुक्तं **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरि**भिः "यस्माद् अन्यो बृहत्तरः स्कन्धो नास्ति स कृत्स्नः = परिपूर्णः स्कन्धः = कृत्स्नस्कन्धः। स च (१) हयस्कन्धः, (२) गजस्कन्धः, (३) नरस्कन्धः इत्यादिः" (वि.आ.भा. ८९७ वृ.) इति।

प्रकृतस्कन्धस्य पुद्गलपर्यायरूपता तु "अनन्तानन्तपरमाण्वारब्धोऽपि एकः स्कन्धो नाम पर्यायः"

---

(एते.) આનાથી **અનુયોગદ્વારસૂત્ર**ના સંદર્ભની પણ સ્પષ્ટતા થઈ જાય છે. ત્યાં જણાવેલ છે કે :-

### ❀ સચિત્ત દ્રવ્યસ્કંધની વિચારણા ❀

[illegible] :- 'સચિત્તદ્રવ્યસ્કંધ કેટલા પ્રકારના છે ?'

[illegible] :- 'સચિત્તદ્રવ્યસ્કંધ અનેક પ્રકારના કહેવાયેલા છે. તે આ રીતે - (૧) અશ્વસ્કંધ, (૨) હાથીસ્કંધ, (૩) કિન્નરસ્કંધ, (૪) કિંપુરુષસ્કંધ, (૫) મહોરગસ્કંધ, (૬) વૃષભસ્કંધ. આ સચિત્તદ્રવ્યસ્કંધ છે.'

(**कर्म.**) અશ્વ, હાથી, કિન્નરદેવ વગેરે જીવના પર્યાય છે. તે કર્મજન્ય હોવાથી જીવના અસમાનજાતીયપર્યાય છે. તથા ઔદારિક વગેરે વર્ગણાની વિશિષ્ટ રચના સ્વરૂપ સ્કંધ એ પુદ્ગલનો પર્યાય છે. અશ્વ વગેરે જીવઅસમાનજાતીય પર્યાયોમાં સ્કંધ નામના પુદ્ગલપર્યાયનો આરોપ કરવાથી 'અશ્વસ્કંધ, હાથીસ્કંધ' ઈત્યાદિ વ્યવહાર સંભવે છે. આત્મપર્યાયને પુદ્ગલપર્યાયરૂપે જણાવવા પર્યાયમાં અન્ય પર્યાયનો અભેદસંબંધથી ઉપચાર કરવો તે પર્યાયમાં પર્યાયઉપચાર નામનો તૃતીય અસદ્ભૂત વ્યવહાર જાણવો.

### ❀ પરિપૂર્ણ દ્રવ્યસ્કંધની સમજણ ❀

(**यश्च.**) બીજી રીતે નિરૂપણ કરવાના અવસરે વિશેષાવશ્યકભાષ્યમાં જ્ઞશરીર દ્રવ્યસ્કંધ અને ભવ્યશરીર દ્રવ્યસ્કંધ - આ બન્નેથી ભિન્ન પરિપૂર્ણ દ્રવ્યસ્કંધ તરીકે જીવ અને જીવઅધિષ્ઠિત શરીરના અવયવોસ્વરૂપ જે સમુદાય જણાવેલ છે તેનું પણ અહીં અનુસંધાન કરવું. **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં **શ્રીહેમચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'જેનાથી મોટો બીજો કોઈ સ્કંધ ન હોય તે પરિપૂર્ણ સ્કંધને કૃત્સ્નસ્કંધ જાણવો. તે (૧) અશ્વસ્કંધ, (૨) હસ્તિસ્કંધ, (૩) નરસ્કંધ વગેરે સમજવા.'

(**प्रकृ.**) "અનન્તાનન્ત પરમાણુથી બનેલો હોવા છતાં પણ જે એક હોય તે 'સ્કંધ' નામનો પર્યાય

---

1. अथ कः स सचित्तद्रव्यस्कन्धः ? सचित्तद्रव्यस्कन्धः अनेकविधः प्रज्ञप्तः। तद्यथा – (१) हयस्कन्धः, (२) गजस्कन्धः, (३) किन्नरस्कन्धः, (४) किंपुरुषस्कन्धः, (५) महोरगस्कन्धः, (६) वृषभस्कन्धः। सोऽयं सचित्तद्रव्यस्कन्धः।

(प.स.७५ वृ.पृ.११५) इति **पञ्चास्तिकायसङ्ग्रहवृत्ति**वचनादपि प्रसिद्धा। परमार्थतः पुद्गलपर्यायाणाम् आत्मनि आत्मपर्याये वाऽसत्त्वादेव तत्र तदारोपकारिणोऽस्याऽसद्भूतत्त्वमवसेयम्। आरोपानुयोगि-पर्यायस्याऽसमानजातीयद्रव्यपर्यायत्वादस्य असमानजातीयद्रव्यपर्याये पर्यायाऽऽरोपणाऽसद्भूत-व्यवहारोपनयरूपता विज्ञेया।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सद्भूत-शुद्धनयसुवासितान्तःकरणोपलब्धये प्रकृताऽसद्भूत-व्यवहारनयवासनारुचिरुन्मूलनीया। ततश्च तन्मूलकनिष्प्रयोजनवाणी-विकल्प-वर्तननिवृत्तिः सम्पद्यते। इदं चेतसिकृत्य यावत्तदुन्मूलनं न सम्पद्यते तावत् तत्सदुपयोगः कार्यः। तथाहि– 'शुद्धनिश्चयनयतः चेतनः चैतन्यस्वभावेऽवतिष्ठते, जडद्रव्यपर्यायेभ्यः सर्वथैव स पृथक्' इति ज्ञात्वा कर्म-प्रमादादिवशतः यः कश्चिद् उन्मार्गगामी सम्पद्यते तत्प्रतिबोधाय असद्भूतव्यवहारोपनय एवं वक्ति यदुत 'अयमात्मैव दुराचारादिपारवश्यतः गजाश्वादिपर्यायरूपेण परिणम्य जडपुद्गलस्कन्धरूपतामापन्नः स्वीयकुकर्म-विपाकमनुभवति'। एतच्छ्रुत्वाऽभ्युपगम्य च जीवा दुराचारान् परित्यज्य सदाचारीभूय निर्मल-रत्नत्रयपर्यायान् प्रादुर्भाव्य "सकलकर्मबन्धाद् विनिर्मुक्तिः = मोक्षः" (अ.सा.७/२५ वृ.) इति **अध्यात्मसारवृत्तौ** दर्शितं मोक्षं द्रुतमाप्नोति।।७/८।।

છે" – આ પ્રમાણે **પંચાસ્તિકાયસંગ્રહવ્યાખ્યાકાર**ના વચનથી પણ પ્રસ્તુત સ્કંધ પુદ્ગલપર્યાયરૂપે પ્રસિદ્ધ છે. પરમાર્થથી પુદ્ગલના પર્યાયો આત્મામાં કે આત્માના પર્યાયમાં રહેતા નથી. છતાં આત્માના હાથી, ઘોડા વગેરે અસમાનજાતીય પર્યાયોમાં સ્કંધાત્મક પુદ્ગલપર્યાયનો આરોપ કરવાના લીધે ઉપરોક્ત વ્યવહાર-ઉપનયને અસદ્ભૂત સમજવો. જે હાથી-ઘોડા વગેરે પર્યાયોમાં સ્કંધનો આરોપ કરવામાં આવે છે, તે હાથી વગેરે પર્યાય આત્માના વિજાતીય પર્યાય છે. તેથી આ વ્યવહારને અસમાનજાતીય (વિજાતીય) પર્યાયમાં પર્યાયનું આરોપણ કરનારો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો.

### ❀ ઉન્માર્ગનિવારણનો આશય ❀

**આધ્યાત્મિક ઉપનય** :- સદ્ભૂતનયની તથા શુદ્ધનયોની ભાવનાથી આત્માને ભાવિત કરવા, તેવા સુવાસિત અન્તઃકરણને મેળવવા પ્રસ્તુત અસદ્ભૂત વ્યવહાર ઉપનયની વાસનાને શ્રદ્ધામાંથી તિલાંજલી આપવી. તેની રુચિને મૂળમાંથી ઉખેડવાથી તેના નિમિત્તે થનારા નિષ્પ્રયોજન વચનપ્રયોગ, નિરર્થક માનસિક વિકલ્પો, તુચ્છ પ્રવૃત્તિઓ ઘટવા માંડે છે, રવાના થાય છે. તેથી આત્માર્થી સાધકે આ અસદ્ભૂત વ્યવહારને મૂળમાંથી ઉખેડવાનું લક્ષ્ય રાખીને જ્યાં સુધી તેનું ઉન્મૂલન ન થાય ત્યાં સુધી તેનો સદુપયોગ કરવો. તે આ રીતે – 'શુદ્ધનિશ્ચયથી ચેતન ચૈતન્યસ્વભાવમાં રમે છે. જડ દ્રવ્યના પર્યાયોની સાથે આત્માને કોઈ સંબધ નથી' – આવું જાણીને કોઈ જીવ કર્મવશ કે પ્રમાદાદિવશ ઉન્માર્ગગામી બની જાય, તો તેવા જીવને બોધપાઠ આપવા માટે અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ત્રીજો ભેદ જણાવે છે કે 'આ જીવ જ દુરાચાર-વ્યભિચાર-અનાચારને પરવશ બની હાથી, ઘોડા વગેરે પર્યાય સ્વરૂપે પરિણમીને જડપુદ્ગલસ્કંધસ્વરૂપ બની પોતાના કુકર્મોની સજાને ભોગવે છે.' આ પ્રમાણેનો ઉપદેશ ઝીલી જીવો દુરાચાર વગેરેથી ખસી, સદાચારસન્મુખ બની, રત્નત્રયના પરિણામોને પ્રગટાવી, **અધ્યાત્મસારવૃત્તિ**માં વર્ણવેલા સર્વ કર્મબંધનમાંથી છૂટકારા સ્વરૂપ મોક્ષને ઝડપથી મેળવી લે છે.(૭/૮)

**♦દ્રવ્યઈં ગુણ ઉપચારે, વલી પર્યાયનો; "ગૌર" "દેહ" "હું"[8] બોલતાં એ ॥૭/૯॥(૯૮)**

**द्रव्ये गुणोपचारः** "હું ગૌર" - (એ=) ઈમ **બોલતાં**. "હું" તે આત્મદ્રવ્ય, તિહાં "ગૌર" તે પુદ્ગલનો ઉજ્વલતાગુણ ઉપચરિઓ ૪.

---

चतुर्थ-पञ्चमौ असद्भूतव्यवहारभेदौ दर्शयति – 'द्रव्य' इति।

**द्रव्ये गुणोपचारस्तु 'गौरोऽहमि'ति कथ्यते।**
**'देहोऽहमि'ति पर्यायारोपो द्रव्ये विधीयते।।७/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – द्रव्ये गुणोपचारस्तु 'अहं गौरः' इति कथ्यते। (तथा) 'अहं देह' - इति द्रव्ये पर्यायारोपः विधीयते।।७/९।।

**द्रव्ये गुणोपचारः** = असमानजातीयद्रव्यगुणोपचारः **तु** चतुर्थोऽसद्भूतव्यवहाराख्य उपनयो बोध्यः। अनेन उपनयेन '**अहं गौरः**' **इति कथ्यते**। यद्वैतत्कथनं प्रकृतोपनयतया बोध्यम्। अत्र 'अहमि'ति आत्मद्रव्यम्। गौरत्वं तु पुद्गलद्रव्यस्य गुणः न त्वात्मद्रव्यस्य। तथापि अतिसान्निध्यादिवशाद् आत्मद्रव्ये औदारिकादिदेहगतं गौरत्वादिकमुपचर्य 'अहं गौरः' इत्यादिकं व्यवह्रियते।

औदारिकादिपुद्गलानामात्मद्रव्यवैजात्यात् परमार्थत आत्मनो गौरत्वादिगुणशून्यत्वाच्चाऽस्य उपनयस्य द्रव्येऽसमानजातीयद्रव्यगुणाऽऽरोपणाऽसद्भूतव्यवहारोपनयरूपता समर्थनीया।

---

[illegible] :- ગ્રંથકારશ્રી અસદ્ભૂત વ્યવહાર ઉપનયના ચોથા અને પાંચમા ભેદને જણાવે છે :-

**❊ અસદ્ભૂત વ્યવહારનો ચોથો-પાંચમો ભેદ ❊**

[illegible]:- દ્રવ્યમાં ગુણનો ઉપચાર તો 'હું ગોરો છું' - આ પ્રમાણે કહેવાય છે. તથા 'હું શરીર છું' - આ પ્રમાણે દ્રવ્યમાં પર્યાયનો આરોપ કરવામાં આવે છે. (૭/૯)

[illegible]:- એક દ્રવ્યમાં અસમાનજાતીય અન્ય દ્રવ્યના ગુણનો ઉપચાર એ ચોથો અસદ્ભૂત વ્યવહાર નામનો ઉપનય જાણવો. આ ઉપનય 'હું ગોરો છું' - આ પ્રમાણે કહે છે. અથવા આ કથન સ્વયં જ ચોથો અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે - તેમ સમજવું. ઉપરોક્ત કથનમાં 'હું' શબ્દથી આત્માનો ઉલ્લેખ થાય છે. ગોરાપણું તો પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે, આત્મદ્રવ્યનો ગુણ નથી. કારણ કે આત્મા તો અરૂપી છે. તેમ છતાં આત્મા અને શરીર વચ્ચે અતિસાન્નિધ્ય વગેરે હોવાથી ઔદારિકાદિ શરીરના ગૌર વર્ણ વગેરેનો આત્મામાં ઉપચાર કરીને 'હું ગોરો છું' - આ વ્યવહાર થાય છે.

(**औदा.**) ઔદારિક વગેરે પુદ્ગલો જડ છે. આત્મા ચેતન છે. તેથી તે બન્ને પરસ્પર વિજાતીય છે. તથા આત્મા પરમાર્થથી ગોરાપણું, કાળાપણું વગેરે ગુણોથી રહિત છે. તેથી 'હું ગોરો છું' - આવું કથન દ્રવ્યમાં અસમાનજાતીય દ્રવ્યના ગુણનો આરોપ કરવા સ્વરૂપ અસદ્ભૂત વ્યવહાર નામના ઉપનયરૂપે સિદ્ધ થાય છે. આ મુજબ ઉપરોક્ત વ્યવહારનું સમર્થન કરવું.

---

♦ મો.(૧)માં 'દ્રવ્ય ગુણઉપચાર, પર્યવ દ્રવ્યનો, ગૌર દેહ જિમ આતમા એ.' પાઠ. 8 મો.(૨)માં 'હું બોલતાં' - ના બદલે 'જિમ આતમા' પાઠ.

(વલી) **द्रव्ये पर्यायोपचारः** જિમ "હું દેહ" - ઇમ બોલિઈ. "હું" તે આત્મદ્રવ્ય, તિહાં- "દેહ" તે પુદ્ગલદ્રવ્યનો અસમાન♦ જાતીય દ્રવ્યપર્યાય ઉપચરિઉ **૫**. ॥૭/૯॥

***एतेन*** 'आत्मा मूर्त्त' इत्यपि व्यवहारो ***व्याख्यातः***।

***यदपि*** **भगवत्यां** सप्तमे शतके [1]"गोयमा ! जीवा वि कामा" (भ.सू.७/७/२९०) इत्युक्तं ***तदपि*** आत्मद्रव्येऽसमानजातीयगुणोपचाराद् असद्भूतव्यवहारोपनयचतुर्थभेदरूपं बोध्यम्, मनोज्ञवर्ण-गन्धादि-गुणात्मकानां कामानां कामिसंसारिजीवद्रव्येऽभेदोपचारात्।

पञ्चमस्तु असद्भूतव्यवहारोपनयः **द्रव्ये पर्यायारोपः** विज्ञेयः। यथा '**अहं देह**' **इति** व्यवहारः। अत्र 'अहम्' इति आत्मद्रव्यम्। देहस्तु आत्माऽसमानजातीयपुद्गलद्रव्यपर्यायात्मकः। ततश्चात्मद्रव्येऽतिसान्निध्यादिवशात् तदारोपः प्रकृते **विधीयते**। न हि परमार्थत आत्मनि देहपर्यायोऽस्ति। अत एवाऽस्याऽसद्भूतत्वमपि सङ्गच्छते, अन्यद्रव्यसंयोगाऽपेक्षणात्। आरोपप्रतियोगिपर्यायाऽऽश्रयाणा-

### ❈ આત્મા મૂર્ત્ત છે ! ❈

(एतेन.) 'હું ગોરો છું' - આ વચન દ્રવ્યમાં વિજાતીય દ્રવ્યના ગુણનો આરોપ કરવા સ્વરૂપ અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે - તેમ જણાવેલ છે તેનાથી એવું પણ સમજી લેવું કે 'આત્મા મૂર્ત્ત છે' - આવો વ્યવહાર પણ એક દ્રવ્યમાં અન્ય વિજાતીય દ્રવ્યના ગુણનો આરોપ કરનાર હોવાથી તથાવિધ અસદ્ભૂત વ્યવહાર ઉપનય સ્વરૂપ જ છે. કારણ કે આત્મા પરમાર્થથી અમૂર્ત્ત છે. મૂર્ત્તત્વ તો પુદ્ગલનો ગુણ છે. વિજાતીય દ્રવ્યના ગુણનો આત્મામાં આરોપ થવાના લીધે ઉપરોક્ત કથન દ્રવ્યમાં વિજાતીય દ્રવ્યના ગુણનો ઉપચાર કરવા સ્વરૂપ અસદ્ભૂત વ્યવહાર ઉપનય તરીકે માનવા યોગ્ય છે.

### ❁ જીવ 'કામ'સ્વરૂપ - ભગવતીસૂત્ર ❁

(यदपि.) **ભગવતીસૂત્ર**ના સાતમા શતકમાં જે કહેલું છે કે "હે ગૌતમ ! જીવ પણ 'કામ'સ્વરૂપ છે" - તે પણ આત્મદ્રવ્યમાં વિજાતીય દ્રવ્યના ગુણનો ઉપચાર કરવાના લીધે અસદ્ભૂત વ્યવહાર ઉપનયના ચોથા ભેદસ્વરૂપ જાણવું. 'કામ' શબ્દનો અર્થ છે મનગમતા વર્ણ-ગંધ-સ્પર્શ વગેરે ગુણો. સંસારી જીવમાં તેનો અભેદ ઉપચાર કરવાથી કામી સંસારી જીવને 'કામ'સ્વરૂપ બતાવેલ છે.

### ❀ અસદ્ભૂત વ્યવહારના પાંચમા ભેદનું દૃષ્ટાન્ત ❀

(पञ्चम.) અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો પાંચમો ભેદ દ્રવ્યમાં પર્યાયનો આરોપ કરવા સ્વરૂપે જાણવો. જેમ કે 'હું શરીર છું' - આવો વ્યવહાર. અહીં 'હું' શબ્દ આત્મદ્રવ્યને જણાવે છે. આત્મા ચેતન છે. ઔદારિકાદિ પુદ્ગલો જડ છે. તે જડ પુદ્ગલદ્રવ્યનો પર્યાય શરીર છે. આત્મા અને ઔદારિકાદિ પુદ્ગલદ્રવ્ય અતિસંબદ્ધ છે. તેથી વિજાતીય દ્રવ્યના પર્યાય સ્વરૂપ શરીરનો આત્મદ્રવ્યમાં અભેદ ઉપચાર કરવામાં આવે છે. પરમાર્થથી આત્મામાં શરીરાત્મક પર્યાય રહેતો નથી. તેથી જ 'પાંચમો વ્યવહાર અસદ્ભૂત છે' - આ વાત સંગત થાય છે. કેમ કે અન્યદ્રવ્યસંયોગની અપેક્ષાએ જ તેવો વ્યવહાર થાય છે. પ્રસ્તુતમાં શરીરનો

♦ કો.(૯+૧૨+૧૩) + લી.(૧+૨+૩) + P(૨+૩) + સિ. + લા.(૨)માં 'સમાન' પાઠ.

1. गौतम ! जीवाः अपि कामाः।

मौदारिकादिपुद्गलानाम् आरोपानुयोगिनोऽसमानजातीयद्रव्यत्वादेवाऽस्य द्रव्येऽसमानजातीयद्रव्य-पर्यायाऽऽरोपणाऽसद्भूतव्यवहारोपनयरूपता सम्मता।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रकृताऽसद्भूतव्यवहारोपनयवासनातः शीघ्रं स्वात्मा मोचनीयः, तस्य वस्तुगताऽसत्यार्थप्रदर्शकत्वात्। अत एव लोकव्यवहारे निष्प्रयोजनं स नैव प्रयोक्तव्यः, न वा तदनुसारिणो मानसविकल्पाः कर्तव्याः। इदमभिप्रेत्य **परमात्मप्रकाशे** [1]"हउँ गोरउ, हउँ सामलउ हउँ जि विभिण्णउ वण्णु। हउँ तणुअंगउँ थूलु हउँ एहउँ मूढउ मण्णु।।" (प.प्र.८०) इत्युक्तं **योगीन्द्रदेवेन**। 'अहं गौरः, अहं श्यामः, अहं देहः' इत्यादयः प्रसिद्धव्यवहाराः असावधानं मूढं जीवं राग-द्वेष-व्यामोहाद्यावर्ते नाययन्ति। अतः जगति असद्भूतव्यवहारोपनयचतुर्थ-पञ्चमभेदानुसारेण तादृश-व्यवहारावसरे मिथ्यात्वादिमयभवभ्रमणनिवारणाय निजशुद्धाऽखण्डपरमात्मद्रव्ये आदरेण निजा दृष्टिः स्थापनीया। ततश्च [2]"उम्मुक्ककम्मकवया अजरा अमरा असंगा य" (आ.प्र.४/१४६) इति **आत्मप्रबोधे श्रीजिनलाभसूरिणा** दर्शितं सिद्धस्वरूपं द्रुतमाविर्भवति।।७/९।।

આત્મામાં આરોપ થાય છે. તેથી આરોપનો પ્રતિયોગી બને છે શરીર તથા અનુયોગી બને છે આત્મા. આરોપના પ્રતિયોગીસ્વરૂપ શરીરાત્મક પર્યાયનો આધાર ઔદારિકાદિ પુદ્ગલો છે. તે આરોપના અનુયોગી એવા આત્મદ્રવ્ય કરતાં વિજાતીય દ્રવ્ય છે. તેથી જ આત્મામાં શરીરનો અભેદ આરોપ કરવા સ્વરૂપ પ્રસ્તુત વ્યવહાર દ્રવ્યમાં વિજાતીય દ્રવ્યના પર્યાયનો આરોપ કરનાર અસદ્ભૂત વ્યવહાર તરીકે શાસ્ત્રકારોને સંમત છે.

### ❊ અસદ્ભૂત વ્યવહારમાં સાવધાની ❊

[redacted] :- પ્રસ્તુત અસદ્ભૂતવ્યવહાર ઉપનયની વાસનામાંથી પોતાની જાતને વહેલી તકે છોડાવી લેવા જેવી છે. કારણ કે આ ઉપનય વસ્તુના અસત્યાર્થને - મિથ્યા અંશને દેખાડવામાં તત્પર છે. મિથ્યા બાબત દેખાડવાના લીધે જ લોકવ્યવહારમાં વગર કારણે તેનો પ્રયોગ ન જ કરવો જોઈએ. તેમજ નવરા બેઠા-બેઠા અસદ્ભૂત વ્યવહારને અનુસરનારા માનસિક વિકલ્પો પણ ન કરવાની અહીં ચેતવણી મળે છે. આનું કારણ એ છે કે તેનાથી જીવ મૂઢ બને છે. આ જ અભિપ્રાયથી **પરમાત્મપ્રકાશ**માં **યોગીન્દ્રદેવે** જણાવેલ છે કે "ખરેખર (૧) 'હું ગોરો છું', (૨) 'હું કાળો છું', (૩) હું જ અનેકવર્ણવાળો છું', (૪) 'હું પાતળા દેહવાળો છું', (૫) 'હું સ્થૂલ છું' - આવા પ્રકારની ગેરસમજવાળા આત્માને તું મૂઢ માન." જો આંતરિક સાવધાની રાખવામાં ન આવે તો 'હું ગોરો છું. હું કાળો છું. હું શરીર છું....' ઈત્યાદિ પ્રસિદ્ધ વ્યવહાર રાગ-દ્વેષના તોફાનમાં, વ્યામોહમાં મૂઢ જીવને તાણી જાય છે. માટે દુનિયામાં તેવો વ્યવહાર કરતી વખતે મિથ્યાત્વાદિમય ભવાટવીમાં ભૂલા પડી ન જવાય તે માટે પોતાના શુદ્ધ અખંડ પરમાત્મદ્રવ્ય ઉપર રુચિપૂર્વક દૃષ્ટિને સ્થાપિત કરવાની જરૂર છે. અસદ્ભૂત વ્યવહારના ચોથા-પાંચમા પ્રકારનો લોકવ્યવહારમાં ઉપયોગ કરતી વખતે ઉપરોક્ત બાબત ભૂલાઈ ન જાય તેની કાળજી રાખવી. તેનાથી **આત્મપ્રબોધ**માં દર્શાવેલ સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે છે. ત્યાં **શ્રીજિનલાભસૂરિજી**એ કહેલ છે કે 'સિદ્ધો કર્મકવચથી મુક્ત, અજર, અમર અને અસંગ હોય છે.' (૭/૯)

1. अहं गौरः अहं श्यामः अहमेव विभिन्नः वर्णः। अहं तन्वङ्गः स्थूलः अहम् एतं मूढं मन्यस्व।। 2. उन्मुक्तकर्मकवचा अजरा अमरा असङ्गाश्च।

**ગુણઈં દ્રવ્ય ઉપચાર ♦રે, ✡પર્યાયે દ્રવ્યનો; "ગૌર" "દેહ" જિમ "આતમા" ઓ૦૭/૧૦॥ (૯૯)**

▸**गुणे द्रव्योपचारः**◂ **જિમ** જે "એ ગૌર દીસઈ છઇ તે **આત્મા**." ઈમ ગૌર ✦ઉદ્દેશીનઈં આત્મવિધાન કીજઈં, એ ગૌરતારૂપ પુદ્ગલગુણ ઊપરિ આતમદ્રવ્યનો ઉપચાર ६.

षष्ठ-सप्तमौ असद्भूतव्यवहारौ प्रतिपादयति – '**गुणे**' इति।

**गुणे द्रव्योपचारो हि 'गौरोऽहमि'ति धीर्यथा।**

**द्रव्यारोपस्तु पर्याये देहे 'ऽहमि'ति या मतिः।।७/१०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – गुणे द्रव्योपचारो हि (षष्ठः भेदः)। यथा 'गौरः अहम्' इति धीः। देहे 'अहम्' इति या मतिः, (सा) तु पर्याये द्रव्याऽऽरोपः (विज्ञेयः)।।७/१०।।

**गुणे द्रव्योपचारो हि** षष्ठोऽसद्भूतव्यवहारो ज्ञेयः। **यथा** आदर्शादौ प्रतिबिम्बितं स्वदेहं दृष्ट्वा '**गौरः अहमि'ति धीः**। यद्वा 'योऽयं गौरो दृश्यते स एवाऽहमि'ति धीः। अत्र हि गौरमुद्दिश्य आत्मविधानं क्रियते। न हि परमार्थतो गौरत्वमात्मगुणः किन्तु असमानजातीयपुद्गलगुण इति तत्राऽऽत्मद्रव्योपचारकरणादस्य गुणे द्रव्योपचाराऽसद्भूतव्यवहाररूपता विज्ञेया।

***न च*** द्रव्य-गुण-पर्यायरासस्तबकेऽत्रार्थे 'योऽयं गौरो दृश्यते स आत्मा' इति निर्देशो लभ्यते, इह च 'योऽयं गौरो दृश्यते स एवाहमि'ति उल्लेखः इति कथं न विरोधः ? इति ***शङ्कनीयम्,***

**અવતરણિકા** :- અસદ્ભૂત વ્યવહાર ઉપનયના છઠ્ઠા અને સાતમા ભેદનું પ્રતિપાદન થાય છે :-

**❈ અસદ્ભૂત વ્યવહારનો છઠ્ઠો-સાતમો ભેદ ❈**

**શ્લોકાર્થ** :- ગુણમાં દ્રવ્યનો ઉપચાર છઠ્ઠો ભેદ જાણવો. જેમ કે 'ગોરો હું છું' - આવી બુદ્ધિ. શરીરમાં 'હું' આવી જે બુદ્ધિ થાય છે, તે પર્યાયમાં દ્રવ્યનો આરોપ સમજવો. (૭/૧૦)

**વ્યાખ્યાર્થ** :- ગુણમાં દ્રવ્યનો ઉપચાર કરવો તે છઠ્ઠો અસદ્ભૂત વ્યવહાર ઉપનય સમજવો. જેમ કે અરિસા વગેરેમાં પ્રતિબિંબિત થયેલા પોતાના દેહને જોઈને 'આ ગોરો હું છું' - આવી બુદ્ધિ થાય છે તે ગુણમાં દ્રવ્યનો ઉપચાર જાણવો. અથવા તો અરિસા વગેરેમાં પોતાના પ્રતિબિંબને કે ચિત્રને ઉદ્દેશીને 'જે આ ગોરો દેખાય છે તે જ હું છું' - આ પ્રમાણે જે બુદ્ધિ થાય છે તે ગુણમાં દ્રવ્યઉપચાર જાણવો. અહીં ગૌર વર્ણને ઉદ્દેશીને પોતાની જાતનું = સ્વાત્મદ્રવ્યનું વિધાન કરવામાં આવે છે કે 'આ હું છું.' વાસ્તવમાં ગૌરવર્ણ આત્માનો ગુણ નથી. પરંતુ પુદ્ગલદ્રવ્યનો ગુણ છે. પુદ્ગલ તો આત્માથી વિજાતીયદ્રવ્ય છે. વિજાતીયદ્રવ્યના ગુણમાં આત્મદ્રવ્યનો ઉપચાર કરવાથી આ ઉપચાર ગુણમાં દ્રવ્યનો ઉપચાર કરવા સ્વરૂપ અસદ્ભૂત વ્યવહાર તરીકે જ્ઞાતવ્ય છે.

**શંકા** :- (**न च**.) દ્રવ્ય-ગુણ-પર્યયરાસના ટબામાં પ્રસ્તુતમાં 'એ ગૌર દીસઈ છઈ તે આત્મા' - આવો ઉલ્લેખ કરેલ છે. જ્યારે દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકામાં 'આ ગોરો દેખાય છે તે હું છું' - આવો

♦ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. ✡ મ.માં 'પર્યાય' પાઠ. શાં. + લી.(૧+૪) + આ.(૧)નો પાઠ લીધો છે.
▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૧૨)માં નથી. ✦. પુસ્તકોમાં 'ઉદ્દિ...' પાઠ. કો.(૧૨+૧૩)નો પાઠ અહીં લીધો છે.

अत्र आत्मन एवाऽहंपदार्थत्वात्। अग्रेतनगाथायां द्रव्य-गुण-पर्यायरासस्तबके 'अहं गौर' इत्यत्र आत्मन एवाऽहंपदार्थतया प्रतिपादनात्, **अनेकार्थनिघण्टौ धनञ्जयेना**ऽपि "स्व आत्मा चैव निर्दिष्टः" (अ.नि.४३) इत्येवं दर्शितत्वात्। लोकव्यवहारे तु 'गौर आत्मा' इति न प्रयुज्यते किन्तु 'गौरोऽहमि'ति तथैवोल्लिखितमत्रेति नार्थभेदः कश्चित्।

***न च*** चतुर्थ-षष्ठयोरभेद इति ***शङ्कनीयम्,***

उद्देश्य-विधेयभावभेदेन तदभेदाऽयोगात्। आत्मनो हि चतुर्थे उद्देश्यत्वं षष्ठे च विधेयत्वमिति न तयोरभेद इति भावः।

***न चा***ऽऽत्मन उद्देश्यत्वमेव युक्तम्, न तु विधेयत्वमिति ***शङ्कनीयम्,*** उद्देश्य-विधेयभावस्य

---

નિર્દેશ કરેલ છે. 'આત્મા' શબ્દના સ્થાને 'હું' આવું કથન શા માટે ? બન્ને વચ્ચે વિરોધ આવશે.

**✤ 'ગોરો હું' - ઉપચારવિચાર ✤**

[illegible] :- (अत्र.) અહીં 'હું' આવું જણાવેલ છે, તેનો અર્થ 'આત્મા' જ છે. આગળની નવમી ગાથાના ટબામાં મહોપાધ્યાયજી મહારાજે જ જણાવેલ છે કે 'હું ગૌર'- આવું બોલીએ ત્યારે 'હું' શબ્દનો અર્થ આત્મદ્રવ્ય છે. **ધનંજય**કવિએ પણ **અનેકાર્થનિઘંટુ**માં દર્શાવેલ છે કે 'હું' અને 'આત્મા' આ બન્ને શબ્દો અહીં પર્યાયવાચી જ છે. પરંતુ લોકવ્યવહારમાં પોતાના ગૌરવર્ણવાળા પ્રતિબિંબને કે ફોટાને ઉદ્દેશીને 'આ આત્મા' એવો વ્યવહાર થતો નથી. પરંતુ 'આ હું' એવો વ્યવહાર થાય છે. તેથી કર્ણિકામાં 'આત્મા' ના બદલે 'હું' આમ ઉલ્લેખ છે. ટૂંકમાં, ટબામાં અને કર્ણિકામાં શબ્દભેદ છે, અર્થભેદ નથી.

[illegible] :- (न च चतु.) અસદ્ભૂત વ્યવહારના ચોથા ભેદમાં 'હું ગોરો છું' - આવું જણાવેલ તથા અસદ્ભૂત વ્યવહારના છઠ્ઠા ભેદમાં 'ગોરો હું છું' - આમ જણાવેલ છે. તેથી અસદ્ભૂત વ્યવહારનો ચોથો અને છઠ્ઠો પ્રકાર એક બની જશે. તેથી અસદ્ભૂત વ્યવહારના નવના બદલે આઠ ભેદ બનશે.

**⁂ ઉદ્દેશ્ય-વિધેયભાવમાં ફેરફાર ⁂**

[illegible] :- (उद्दे.) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે અસદ્ભૂત વ્યવહારના ચોથા અને છઠ્ઠા ભાંગામાં ઉદ્દેશ્ય-વિધેયભાવ જુદા પ્રકારનો છે. 'હું ગોરો છું' - આ મુજબ ચોથા પ્રકારમાં 'હું' ઉદ્દેશ્ય છે. 'ગૌર વર્ણ' વિધેય છે. જ્યારે 'ગોરો હું છું' - આ મુજબના છઠ્ઠા પ્રકારમાં 'ગૌર વર્ણ' ઉદ્દેશ્ય છે. 'હું' વિધેય છે. આમ ઉદ્દેશ્ય-વિધેયભાવ બદલાઈ જવાથી ચોથા અને છઠ્ઠા પ્રકારમાં એકતાની આપત્તિને પ્રસ્તુતમાં કોઈ અવકાશ રહેતો નથી.

**✤ ઉદ્દેશ્ય-વિધેયભાવ સ્વૈચ્છિક ✤**

(न चा.) 'આત્માને વિધેય નહિ પણ ઉદ્દેશ્ય જ માનવો જોઈએ' - આ વાત યુક્તિસંગત નથી. કારણ કે ઉદ્દેશ્ય-વિધેયભાવ હંમેશા વક્તાની પોતાની ઈચ્છાને આધીન હોય છે. વક્તા જેને ઉદ્દેશ્ય બનાવવા ઈચ્છે તેને ઉદ્દેશ્ય બનાવી શકે છે. સામાન્યથી પ્રસિદ્ધ હોય તે ઉદ્દેશ્ય બને, અપ્રસિદ્ધ હોય તે વિધેય બને - આવો નિયમ છે. શ્રોતા માટે જે પ્રસિદ્ધ હોય તેને ઉદ્દેશીને અપ્રસિદ્ધ વસ્તુનું વિધાન કરવું વક્તાને અભિપ્રેત હોય છે. આથી વક્તા-શ્રોતાના આધારે ઉદ્દેશ્ય-વિધેયભાવ પરિવર્તનશીલ હોય

स्वेच्छाधीनत्वादिति व्यक्तमुक्तं **वादिदेवसूरिभिः स्याद्वादरत्नाकरे** (प्र.न.त.१/२/स्या.र.पृष्ठ-२०)।

***ननु* भगवतीसूत्रे** [1]"णाणे पुण नियमं आया... दंसणे वि नियमं आया" (भ.सू.१२/१०/४६८) इति यदुक्तं तदपीह गुणे द्रव्योपचारादनुयोज्यम्। न हि सर्वथा धर्मो धर्मिणो भिद्यते। अतः कथञ्चिद-भेदपक्षमाश्रित्य ज्ञानं नियमादात्मेत्युच्यत इति ***चेत्*** ?

***न***, स्वकीयसद्भूतगुण-पर्यायाणां स्वद्रव्येण सहाऽपृथग्भावसम्बन्ध एव भवति। न हि सजातीय-गुणादौ द्रव्यस्य उपचरितः सम्बन्धः सम्भवति। प्रकृतोपचारस्तु विजातीयद्रव्य-गुणादिसम्बन्धे एव सम्भवति। ततश्च 'ज्ञानम् आत्मा' इति वाक्यं भेदकल्पनानिरपेक्षतया तृतीयशुद्धद्रव्यार्थिकनये पूर्वोक्ते (५/१२) एवाऽन्तर्भावनीयम्।

यद्वा प्राग् (६/१०) नैगमनयनिरूपणे **नयचक्रसारा**नुसारेण य आरोपनैगमः उक्तः तस्य प्रथम-भेदेऽस्य समावेशो बोध्यः, गुणे द्रव्यारोपादिति सिंहावलोकनन्यायेन विज्ञेयम्।

---

છે. આ વાત શ્રી**વાદિદેવસૂરિ**જી મહારાજે **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથમાં પ્રારંભમાં જ સ્પષ્ટપણે જણાવેલ છે.

## ❀ ભગવતીસૂત્ર સંદર્ભની વિચારણા ❀

[redacted] :- (ननु.) **ભગવતીસૂત્ર**માં જે જણાવેલ છે કે 'જ્ઞાન નિયમા આત્મા છે. દર્શન પણ નિયમા આત્મા છે' - તે પણ ગુણમાં દ્રવ્યનો ઉપચાર કરવાની દૃષ્ટિએ જણાવેલ છે. તેથી છઠ્ઠા અસદ્ભૂત વ્યવહાર ઉપનયમાં જ આ ઉપચાર સમાવિષ્ટ થાય તે વ્યાજબી છે. કારણ કે ધર્મી કરતાં ધર્મ સર્વથા ભિન્ન નથી. તેથી ધર્મ-ધર્મીના કથંચિત્ અભેદપક્ષને આશ્રયીને 'જ્ઞાન નિયમા આત્મા છે' - આવું કહેવાય.

[redacted] :- (न, स्व.) ના. 'જ્ઞાન આત્મા છે' - આ વાક્યનો પ્રસ્તુત છઠ્ઠા અસદ્ભૂત વ્યવહાર ઉપનયમાં સમાવેશ કરવાની વાત વ્યાજબી નથી. કારણ કે પોતાના સદ્ભૂત ગુણને અને પર્યાયોને સ્વદ્રવ્યની સાથે અપૃથગ્ભાવ = અવિષ્વગ્ભાવ સંબંધ જ હોય. સજાતીય ગુણાદિમાં દ્રવ્યનો ઉપચરિત સંબંધ હોતો નથી. પ્રસ્તુત ઉપચાર તો વિજાતીય દ્રવ્ય-ગુણ વગેરેના સંબંધમાં જ સંભવે છે. તેથી છઠ્ઠા અસદ્ભૂત વ્યવહાર ઉપનયમાં 'જ્ઞાન આત્મા છે' આ વાક્યનો સમાવેશ ન થાય. પરંતુ ભેદકલ્પનાનિરપેક્ષ હોવાથી તેનો પાંચમી શાખામાં જણાવેલ ત્રીજા શુદ્ધદ્રવ્યાર્થિકનયમાં જ સમાવેશ થવો યોગ્ય છે.

## ❃ સિંહાવલોકન ન્યાયથી વિચારણા ❃

(यद्वा.) **અથવા** તો પૂર્વે છઠ્ઠી શાખાના દશમા શ્લોકમાં નૈગમનયનું નિરૂપણ કરવાના અવસરે જે **નયચક્રસાર** ગ્રંથનો સંવાદ જણાવેલ હતો, તેમાં જે આરોપનૈગમ જણાવેલ હતો, તેના પ્રથમ ભેદમાં પ્રસ્તુત વાક્યનો સમાવેશ જાણવો. કારણ કે આ વાક્ય ગુણમાં દ્રવ્યનો આરોપ કરે છે. જેમ સિંહ આગળ જાય ત્યારે પાછળ જોતો હોય છે તેમ અહીં પાછળની શાખામાં (૬/૧૦) જોવા દ્વારા આ બાબત વધુ સ્પષ્ટ રીતે સમજાશે. મતલબ કે જ્ઞાનને આત્મા કહેવાના લીધે ગુણમાં દ્રવ્યનો આરોપ કરનાર નૈગમનય તરીકે ઉપરોક્ત વાક્ય જાણવા યોગ્ય છે.

---

1. ज्ञानं पुनः नियमेन आत्मा.... दर्शनम् अपि नियमेन आत्मा।

"**पर्याये द्रव्योपचारः**" **જિમ** કહિયઈં "**દેહ તે આત્મા.**" ઈહાં દેહરૂપપુદ્ગલપર્યાયનઈં વિષયઈં એ આત્મદ્રવ્યનો ઉપચાર કરિઓ ૭.❖॥૭/૧૦॥

एवमेव [1]"आया नियमं दंसणे" (भ.सू.१२/१०/४६८) इति **भगवतीसूत्र**वचनम्, [2]"आया चेव अहिंसा" (ओ.नि.७५५) इति **ओघनिर्युक्ति**वचनम्, [3]"आया खलु सामाइयं" (आ.नि.७९०) इति **आवश्यकनिर्युक्ति**वचनम्, [4]"आया पच्चक्खाणे" (आतु.प्र.२५) इति **आतुरप्रत्याख्यानप्रकीर्णक**वचनञ्च **नयचक्रसारा**नुसारेण आरोपनैगमस्य द्वितीयभेदेऽन्तर्भावनीयम्, द्रव्ये गुणाद्यारोपात्, देवसेनमतानुसारेण च वक्ष्यमाण (८/२) शुद्धनिश्चयनयेऽन्तर्भावनीयम्, निरुपाधिकगुण-गुण्यभेदविषयकत्वादिति ध्येयम्।

**पर्याये द्रव्यारोपस्तु** सप्तमः असद्भूतव्यवहारः विज्ञेयः। **देहे 'अहमि'ति या मतिः** जायते सा पर्याये द्रव्यारोपतयाऽवसेया, औदारिकादिपुद्गलपर्यायात्मके देहे आत्मद्रव्योपचारात्। अत्र हि देहमुद्दिश्याऽऽत्मविधानं क्रियते।

***एतेन*** पञ्चम-सप्तमयोरभेदप्रसक्तिरपि ***पराकृता,*** देहस्य पञ्चमेऽसद्भूतव्यवहारोपनये विधेयत्वात्

### ✡ આરોપ નૈગમ ભલો ✡

(एव.) તે જ રીતે (૧) 'આત્મા નિયમા દર્શન છે' - આ પ્રમાણે **ભગવતીસૂત્ર**વચન, (૨) 'આત્મા જ અહિંસા છે' - આ મુજબ **ઓઘનિર્યુક્તિ**વચન, (૩) 'આત્મા ખરેખર સામાયિક છે' - આવું **આવશ્યકનિર્યુક્તિ**નું વચન, (૪) 'આત્મા પચ્ચક્ખાણ છે' - આમ જે **આતુરપ્રત્યાખ્યાનપયન્ના**નું વચન છે, તેનો પણ છઠ્ઠી શાખાના દશમા શ્લોકમાં દર્શાવેલ શ્વેતાંબરીય **નયચક્રસાર** ગ્રંથ મુજબ, આરોપનૈગમના બીજા ભેદમાં અંતર્ભાવ કરવો. કારણ કે ઉપરોક્ત કથન આત્મદ્રવ્યમાં દર્શનગુણ, અહિંસાપર્યાય વગેરેનો આરોપ કરે છે. પ્રસ્તુત સાતમી શાખાના નવમા શ્લોકમાં જણાવેલ અસદ્ભૂતવ્યવહારના ચોથા ભેદમાં ઉપરોક્ત **ભગવતીસૂત્ર** વગેરેના કથનનો સમાવેશ ન થાય. કારણ કે ત્યાં સજાતીયદ્રવ્યમાં નહિ પણ વિજાતીયદ્રવ્યમાં ગુણનો આરોપ અભિપ્રેત છે. **નયચક્રસાર** મુજબ આ વાત સમજવી. તથા **દેવસેન**મત મુજબ આ વચનોનો આગળ (૮/૨) જણાવાશે તે શુદ્ધનિશ્ચયનયમાં અંતર્ભાવ કરવો. કારણ કે તે વચનો નિરુપાધિકગુણ-ગુણી વચ્ચે અભેદને પોતાનો વિષય બનાવે છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.

### ✾ અસદ્ભૂત વ્યવહારના સાતમા ભેદનું ઉદાહરણ ✾

(पर्याये.) પર્યાયમાં દ્રવ્યનો આરોપ સાતમો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. જેમ કે શરીરમાં 'હું' એવી જે બુદ્ધિ થાય છે તે. અહીં પુદ્ગલોના પર્યાયસ્વરૂપ દેહમાં આત્મદ્રવ્યનો ઉપચાર થવાથી સાતમો અસદ્ભૂત વ્યવહાર સમજવો. અહીં દેહને ઉદ્દેશીને આત્મદ્રવ્યનું વિધાન કરવામાં આવે છે.

### ❖ પાંચમો અને સાતમો પ્રકાર વિલક્ષણ ❖

(एते.) આવું જણાવવાથી અસદ્ભૂત વ્યવહારના પાંચમા અને સાતમા પ્રકારમાં અભેદ થઈ જવાની આપત્તિનું પણ નિરાકરણ થઈ ગયું - તેમ સમજી લેવું. આનું કારણ એ છે કે અસદ્ભૂત વ્યવહારના 'હું શરીર છું' - આવા પાંચમા ભેદમાં શરીર વિધેય છે. તથા 'શરીર હું છું' - આવા સાતમા ભેદમાં શરીર

❖ કો.(૧૩)માં 'કરી ભેદ' પાઠ.

1. आत्मा नियमेन दर्शनम्। 2. आत्मा चैव अहिंसा । 3. आत्मा खलु सामायिकम्। 4. आत्मा प्रत्याख्यानम्।

सप्तमे चोद्देश्यत्वादिति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'गौरोऽहं, देहोऽहमि'त्यादिव्यवहाराऽवसरे स्वकीयचैतन्यस्वरूपे जागरितव्यम्। अन्यथा तादृशव्यवहारा देहाध्यासपरिपोषणतः जीवं मिथ्यात्वावर्ते निमज्जयेयुः। तदुक्तं **पूज्यपादस्वामिना समाधितन्त्रे** "मूलं संसारदुःखस्य देह एवाऽऽत्मधीस्ततः। त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः।।" (स.त.१५), "गौरः स्थूलः कृशो वाऽहमित्यङ्गेनाऽविशेषयन्। आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम्।।" (स.त.७०) इति। तदर्थञ्च "नलिन्यां च यथा नीरं भिन्नं तिष्ठति सर्वदा। अयमात्मा स्वभावेन देहे तिष्ठति निर्मलः।।" (प.प.७) इति **परमानन्दपञ्चविंशति**कारिका भावनीया। अतो विश्वेऽस्मिन् लोकैः सह लोकभाषया व्यवहारकरणावसरे अन्तरात्मनि अतीव जागरूकतया भाव्यम् आत्मार्थिना। तथाविधलोकव्यवहारनिर्वाहो हि दर्शितवाक्यप्रयोगप्रयोजनम्। परन्तु ततः राग-मोह-ममत्व-देहदशा बलवत्यो न भवेयुः तथा यतितव्यम्, [1]"देहे वसंतु वि ण वि छिवइ, णियमें देहु जि जो जि। देहिं छिप्पइ जो जि ण वि, मुणि परमप्पउ सो जि।।" (प.प्र.३४) इति **योगीन्द्रदेवरचितपरमात्मप्रकाश**वचनस्मरणतः। ततश्च [2]"सासयसोक्खं सया मोक्खं" (धर्मो.मा.७७/२६/पृ.२६२) इति **धर्मोपदेशमालायां जयसिंहसूरिभिः** उक्तं मोक्षं मुनिः लभते।।७/१०।।

ઉદ્દેશ્ય છે. આ રીતે અસદ્ભૂત વ્યવહારના પાંચમા અને સાતમા ભેદમાં તફાવતને શાંતિથી વિચારવો.

## ✡ લોકવ્યવહારમાં સાવધાન બનો ✡

[redacted] :- 'ગોરો હું છું', 'શરીર હું છું' - ઈત્યાદિ વ્યવહારો કરવાના અવસરે આત્માર્થી જીવે પોતાના ચૈતન્યસ્વરૂપને વિશે જાગૃતિ રાખવી જોઈએ. જો સાવધાની ન રાખવામાં આવે તો તેવા વ્યવહારો દેહાધ્યાસને પુષ્ટ કરી જીવને મિથ્યાત્વના વમળમાં ડૂબાડી દે તેવા છે. તેથી જ **પૂજ્યપાદસ્વામી**એ **સમાધિતંત્ર**માં જણાવેલ છે કે "સંસારના દુઃખનું મૂળ દેહમાં આત્મબુદ્ધિ છે. તેથી આને છોડીને, બહારમાં ઈન્દ્રિયોની પ્રવૃત્તિને રોકીને આત્મામાં પ્રવેશ કરવો. 'હું ગોરો છું, જાડો છું, પાતળો છું' - આ રીતે શરીરની સાથે આત્માને એકરૂપ ન કરતાં સદા પોતાના આત્માને માત્ર જ્ઞાનાત્મક શરીરવાળો માનવો." તથા તે માટે **પરમાનંદપંચવિંશતિ**ની કારિકાની વિભાવના કરવી. ત્યાં ચિરંતનાચાર્યે જણાવેલ છે કે 'જેમ કમલિનીમાં પાણી સર્વદા ભિન્ન રહે છે, તેમ આ નિર્મળ આત્મા દેહમાં રહેવા છતાં સ્વભાવથી જ ભિન્ન રહે છે.' આ દુનિયામાં રહેતાં આમજનતા સાથે તેમની ભાષામાં વ્યવહાર કરતી વખતે, ઉપરોક્ત શબ્દપ્રયોગ કરતી વખતે અંતરમાં ખૂબ જાગૃતિ-સાવધાની રાખવાની આવશ્યકતા છે. તથાવિધ લોકવ્યવહારનો નિર્વાહ ઉપરોક્ત શબ્દપ્રયોગનું પ્રયોજન છે. પણ તેમાં રાગદશા-મોહદશા-મમત્વદશા-દેહદશા ઊભી થઈ ન જાય, મજબૂત થઈ ન જાય તેની સાવધાની રાખવી પણ ખૂબ જ જરૂરી છે. તે માટે **યોગીન્દ્રદેવરચિત પરમાત્મપ્રકાશ** ગ્રંથની એક ગાથાને યાદ કરવી. તેનો અર્થ એ છે કે 'શરીરમાં રહેવા છતાં જે નિયમા શરીરને સ્પર્શતો'ય નથી. તથા જે દેહ વડે સ્પર્શાતો પણ નથી. તેને જ પરમ આત્મા તરીકે તું જાણ.' તેવી સાવધાનીથી **ધર્મોપદેશમાલા**માં **શ્રીજયસિંહસૂરિ**એ જણાવેલ, કાયમી ધોરણે શાશ્વતસુખવાળા મોક્ષને મુનિ મેળવે છે. (૭/૧૦)

1. देहे वसन्नपि नैव स्पृशति, नियमेन देहं हि योऽपि। देहेन स्पृश्यते योऽपि नैव, मन्यस्व परमात्मानं तमेव।।
2. शाश्वतसौख्यं सदा मोक्षं (लभते)।

**ગુણિ પર્યવ ઉપચાર ♦રે, ગુણનો ✦પજ્જવઈ; જિમ મતિ તનુ, તનુ મતિ ગુણો એ ॥૭/૧૧॥ (૧૦૦)**

"**गुणे पर्यायोपचारः**" "મતિજ્ઞાન તે (તનુ=) શરીર જ", શરીરજન્ય□ છઈ, તે માટઈ. ઇહાં મતિજ્ઞાનરૂપ આત્મગુણનઈ વિષયઈ શરીરરૂપ પુદ્ગલપર્યાયનો ઉપચાર કરિઉં.❖ ૮.

"**पर्याये गुणोपचारः**" **જિમ** પૂર્વપ્રયોગ જ અન્યથા કરિઇં "(**તનુ**=) **શરીર** તે **મતિજ્ઞાન**રૂપ **ગુણ** જ."

---

अष्टम-नवमौ असद्भूतव्यवहारौ प्रतिपादयति – '**गुण**' इति।

**गुणे हि पर्ययारोपो 'मतिज्ञानं तनुः' यथा।**
**गुणारोपस्तु पर्याये 'तनुरेव मतिः' यथा।।७/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – गुणे हि पर्ययारोपः (अष्टमः भेदः)। यथा 'मतिज्ञानं तनुः' (इति धीः)। (तथा) पर्याये गुणारोपः तु (नवमः भेदः) यथा 'तनुरेव मतिः' (इति धीः)।।७/११।।

**गुणे हि पर्ययारोपः** अष्टमोऽसद्भूतव्यवहारोपनयो बोध्यः। **यथा** '**मतिज्ञानं तनुः** एवे'ति धीः, मतिज्ञानस्य व्यवहारतः तनुजन्यत्वात्। अत्र हि मतिज्ञानात्मके आत्मगुणे शरीरात्मकस्य औदारिकादिपुद्गलपर्यायस्याऽऽरोपकरणात्, परमार्थतो ज्ञानमात्रे पुद्गलपर्यायरूपताया असत्त्वाच्चाऽस्य गुणे पर्यायारोपाऽसद्भूतव्यवहारोपनयरूपता विज्ञेया।

**पर्याये गुणारोपः तु** नवमः असद्भूतव्यवहारोपनयो ज्ञातव्यः। **यथा** '**तनुरेव मतिः**' इति

---

**અવતરણિકા** :- અસદ્ભૂત વ્યવહાર ઉપનયના આઠમા-નવમા ભેદને ગ્રંથકારશ્રી દર્શાવે છે :-

### ❖ અસદ્ભૂત વ્યવહારનો આઠમો-નવમો ભેદ ❖

**શ્લોકાર્થ** :- ગુણમાં પર્યાયનો આરોપ આઠમો ભેદ છે. જેમ કે 'મતિજ્ઞાન શરીર છે' - આવી બુદ્ધિ. પર્યાયમાં ગુણનો આરોપ નવમો ભેદ છે. જેમ કે 'શરીર જ મતિજ્ઞાન છે' - આ બુદ્ધિ.(૭/૧૧)

### ☫ મતિજ્ઞાન શરીર જ છે ☫

**વ્યાખ્યાર્થ** :- ગુણમાં પર્યાયનો આરોપ કરવો તે આઠમો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. જેમ કે 'મતિજ્ઞાન શરીર છે' - આ પ્રમાણેની બુદ્ધિ. મતિજ્ઞાન વ્યવહારથી શરીરજન્ય છે. તથા મતિજ્ઞાન આત્માનો ગુણ છે. તેથી આત્મગુણસ્વરૂપ મતિજ્ઞાનમાં શરીરાત્મક ઔદારિક આદિ પુદ્ગલના પર્યાયનો આરોપ કરવાના લીધે આ ઉપચાર ગુણમાં પર્યાયનો આરોપ સમજવો. પરમાર્થથી કોઈ પણ જ્ઞાન પુદ્ગલના પર્યાય સ્વરૂપ નથી. તેમ છતાં ઉપરોક્ત ઉપચાર મતિજ્ઞાનમાં પૌદ્ગલિક પર્યાયનો આરોપ કરે છે. તેથી તે ઉપચાર અસદ્ભૂત વ્યવહાર ઉપનય તરીકે જાણવો.

### ✻ અસદ્ભૂત વ્યવહારના નવમા ભેદનું ઉદાહરણ ✻

(**पर्याये.**) પર્યાયમાં ગુણનો આરોપ કરવો તે નવમો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. જેમ કે 'શરીર જ મતિજ્ઞાન છે' - આ બુદ્ધિ. અહીં શરીરાત્મક પુદ્ગલપર્યાયમાં મતિજ્ઞાનસ્વરૂપ આત્મગુણનો

---

♦ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. પુસ્તકાદિમાં નથી. ✦ મ.માં 'પજ્જવ' પાઠ. આ.(૧)+કો.(૨)નો પાઠ લીધો છે.
□ લી.(૧)માં 'જઘન્યસ્થિતિ' પાઠ. ❖ આ.(૧)માં 'કીધો' પાઠ. લા.(૨)માં 'કરયઉં' પાઠ.

ઈહાં શરીરરૂપ પર્યાયનઈં વિષયઈં મતિજ્ઞાનરૂપ ગુણનો ઉપચાર કીજઈ છઈ. ૯. ॥૭/૧૧॥

---

धीः। अत्र हि तनुलक्षणे पुद्गलपर्याये मतिज्ञानलक्षणस्याऽऽत्मगुणस्योपचारात्, परमार्थतश्च तनुमात्रे जडत्वेन ज्ञानरूपताया विरहादस्य पर्याये गुणारोपाऽसद्भूतव्यवहारोपनयरूपता बोद्धव्या।

अष्टमे गुणमुद्दिश्य पर्यायविधानम्, नवमे तु पर्यायमुद्दिश्य गुणविधानमिति उद्देश्य-विधेयभाव-भेदान्नाष्टम-नवमयोरसद्भूतव्यवहारयोरैक्यप्रसङ्ग इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – देहात्मनोः संसारदशायामत्यन्तसम्बद्धत्वाद् देहे आत्मगुणारोपः आत्मगुणे च देहारोपः लोकव्यवहारे दृश्यते। किन्तु एतादृशव्यवहारकाले आत्म-पुद्गलद्रव्ययोः भेदः सततं स्थिरतया स्मर्तव्यः, अन्यथा मिथ्यात्वमोहोदयापत्तेः। प्रकृते "व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे। जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे।।" (स.त.७८) इति **समाधितन्त्र**कारिका, [1]"जो सुत्तो ववहारे, सो जोई जग्गए सकज्जम्मि। जो जग्गइ ववहारे, सो सुत्तो अप्पणो कज्जे।।" (मो.प्रा.३१) इति **मोक्षप्राभृत**गाथा चावधातव्या। ततश्च [2]"सव्वुत्तमसोक्खं" (म.नि.३/पृ.६१) इति **महानिशीथे** दर्शितं सिद्धसुखं प्रत्यासन्नं स्यात्।।७/११।।

---

ઉપચાર થાય છે. તેથી આ ઉપચાર પર્યાયમાં ગુણના આરોપસ્વરૂપ જાણવો. પરંતુ પરમાર્થથી શરીર જડ હોવાથી શરીર જ્ઞાનસ્વરૂપ નથી હોતું. આથી આ ઉપનય અસદ્ભૂત વ્યવહારસ્વરૂપે જાણવો.

[redacted] :- આઠમા અને નવમા અસદ્ભૂત વ્યવહારમાં શું તફાવત છે ?

### ❁ આઠમો-નવમો વ્યવહાર વિલક્ષણ ❁

[redacted] :- (**अष्टमे.**) અસદ્ભૂત વ્યવહારના 'મતિજ્ઞાન શરીર છે' - આવા આઠમા ભેદમાં ગુણને ઉદ્દેશીને પર્યાયનું વિધાન કરવામાં આવે છે. જ્યારે 'શરીર મતિજ્ઞાન છે' - આવા નવમા ભેદમાં પર્યાયને ઉદ્દેશીને ગુણનું વિધાન કરવામાં આવે છે. આમ ઉદ્દેશ્ય-વિધેયભાવ બન્ને સ્થળે બદલાય છે. આ જ આ બન્ને વચ્ચે મુખ્ય તફાવત છે. તેથી અસદ્ભૂત વ્યવહારનો આઠમો અને નવમો પ્રકાર એક બની જવાની આપત્તિને પ્રસ્તુતમાં અવકાશ નથી રહેતો. આ વાતને વાચકવર્ગે શાંતિથી વિચારવી.

### ❋ ભેદવિજ્ઞાનને ભૂલીએ નહિ ❋

[redacted] :- શરીર અને આત્મા સંસારી અવસ્થામાં અત્યંત સાથે રહે છે. તેથી શરીરમાં આત્મગુણનો ઉપચાર કે આત્મગુણમાં શરીરનો ઉપચાર લોકવ્યવહારમાં જોવા મળે છે. પરંતુ આ વ્યવહાર વખતે આત્મા અને પુદ્ગલો વચ્ચેનો ભેદ સતત સ્મૃતિપટ ઉપર સ્થિર રહેવો જોઈએ. અન્યથા મિથ્યાત્વમોહનીયનો ઉદય થતાં વાર ન લાગે. પ્રસ્તુતમાં **સમાધિતન્ત્ર**ની કારિકા તથા **મોક્ષપ્રાભૃત**ની ગાથા યાદ કરવી. તે બન્નેનો ભાવાર્થ આ મુજબ છે કે 'જે યોગી વ્યવહારમાં સૂતેલા છે તે આત્માને વિશે, આત્મકાર્યને વિશે જાગે છે. જે વ્યવહારમાં જાગે છે, તે આત્માને વિશે સૂતેલા છે.' તેવી જાગૃતિથી **મહાનિશીથ**માં જણાવેલ સર્વોત્તમ મોક્ષસુખ નજીક આવે. (૭/૧૧)

---

1 यः सुप्तो व्यवहारे स योगी जागर्ति स्वकार्ये। यो जागर्ति व्यवहारे स सुप्त आत्मनः कार्ये।। 2 सर्वोत्तमसौख्यम्।

**અસદ્ભૂતવ્યવહાર ♦રે, ઈમ ઉપચારથી; એહ ત્રિવિધ હિવઈ સાંભલો એ ॥૭/૧૨॥(૧૦૧)**

**ઈમ ઉપચારથી અસદ્ભૂતવ્યવહાર *એહ*** ૯ પ્રકારનો કહિઉ. **હિવઈ *વલી* એહ**ના ૩ ભેદ (=**ત્રિવિધ**) કહિયઇં છઈ, તે *****સમ્યગ્પણઈ ચિત્તસ્થિરતા કરીનઈ*** સાંભલો.** ॥૭/૧૨॥

---

उपसंहरति – '**व्यवहार**' इति।

**व्यवहारस्त्वसद्भूतो नवधैवं विभिद्यते।**

**श्रुणु यथाऽधुना वक्ष्ये स एव भवति त्रिधा।।७/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एवम् असद्भूतः व्यवहारः नवधा विभिद्यते। अधुना श्रुणु, स एव यथा त्रिधा भवति (तथा) वक्ष्ये।।७/१२।।

"एवं प्रकारोपमयोरङ्गीकारेऽवधारणे" (अ.स.परिशिष्ट-४४) इति **अनेकार्थसङ्ग्रह**वचनाद् **एवम्** = अनेन प्रकारेण अन्येषां गुणादीनाम् अन्यत्र उपचारकरणाद् **असद्भूतो व्यवहारस्तु** द्वितीय उपनयो **नवधा विभिद्यते** = विशेषरूपेण भेदमापद्यते।

**अधुना** सम्यग् रीत्या चित्तस्थैर्यं कृत्वा **श्रुणु**, अहं **वक्ष्ये यथा सः** असद्भूतव्यवहाराभिधानो द्वितीय उपनय **एव त्रिधा** = त्रिप्रकारेण **भवति** = सम्पद्यते। तद्यथा – (१) स्वजातीयाऽसद्भूत-व्यवहारः, (२) विजातीयाऽसद्भूतव्यवहारः, (३) स्वजातीय-विजातीयाऽसद्भूतव्यवहारः इति। नवविधेऽसद्भूतव्यवहारे इव त्रिविधेऽप्यत्र अन्येषामन्यगुणा आरोप्यन्त इति असद्भूतत्वमवगन्तव्यम्।

---

[redacted] :- અસદ્ભૂતવ્યવહારના નવ ભેદોને જણાવ્યા. ગ્રંથકારશ્રી તેનો ઉપસંહાર કરે છે કે :-

**● અસદ્ભૂત વ્યવહારના ત્રણ ભેદ ●**

[redacted] :- આ પ્રકારે અસદ્ભૂત વ્યવહાર ઉપનયના નવ ભેદ પડે છે. હવે તમે સાંભળો. તે જ અસદ્ભૂત વ્યવહાર જે રીતે ત્રણ પ્રકારે થાય છે તેમ હું કહું છું. (૭/૧૨)

[redacted] :- "પ્રકાર, ઉપમા, અંગીકાર, અવધારણ અર્થમાં 'एवम्' વપરાય"- આમ **અનેકાર્થસંગ્રહ**માં શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'एवम्' શબ્દ પ્રકાર અર્થમાં જાણવો. તેથી અર્થઘટન એવું થશે કે આ પ્રકારે બીજાના ગુણ વગેરેનો અન્યત્ર ઉપચાર કરવાથી બીજા અસદ્ભૂત વ્યવહાર ઉપનયના નવ પ્રકારે વિશેષરૂપે ભેદો પડે છે. આમ નવ ભેદોનું નિરૂપણ પૂર્ણ થયું.

(**अधुना**) હવે તમે સારી રીતે ચિત્તને સ્થિર કરીને સાંભળો. તે જ અસદ્ભૂત વ્યવહાર નામનો બીજો ઉપનય જે રીતે ત્રણ પ્રકારે થાય છે તેમ હું કહું છું. તે આ પ્રમાણે - (૧) સ્વજાતીય અસદ્ભૂત વ્યવહાર, (૨) વિજાતીય અસદ્ભૂત વ્યવહાર અને (૩) સ્વજાતીય-વિજાતીય અસદ્ભૂત વ્યવહાર. જેમ નવ પ્રકારના અસદ્ભૂત વ્યવહારમાં બીજાના ગુણાદિનો અન્યત્ર આરોપ કરવામાં આવે છે, તેમ ત્રણ પ્રકારના અસદ્ભૂત વ્યવહારમાં પણ બીજાના ગુણાદિનો અન્યત્ર આરોપ કરાય છે. તેથી અહીં પણ અસદ્ભૂતપણું જાણવું. **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે અન્યના ગુણોને

---

♦ ફક્ત કો.(૧૨)માં 'રે' છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"अण्णेसिं अन्नगुणो भणइ असब्भूय तिविहभेदेऽवि। सज्जाइ-इयर -मिस्सो णायव्वो तिविहभेदजुदो।।" (न.च.५०, द्र.स्व.प्र.२२२) इति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – तत्तत्प्रयोजनोद्देशेन जायमाना उपचाराः व्यास-सङ्क्षेपाभ्याम् अनेकविधाः सम्पद्यन्ते। किन्तु तथाविधोपचारावसरे तद्गतमसद्भूतत्वमविस्मृतं स्यात् तर्हि तन्निमित्त-कहर्ष-शोक-राग-द्वेषेष्टत्वाऽनिष्टत्व-रत्यरत्यादिसङ्क्लिष्टद्वन्द्वाऽऽवर्ततः स्वात्मानं विमोच्य आत्मार्थी द्रुतमपवर्गमार्गेऽभिसर्पति। तत्तदुपचारकारिभिः इदं स्मर्तव्यम्। प्रकृते [2]"जा णिसि सयलहँ देहियहँ, जोग्गिउ तहिँ जग्गेइ। जहिँ पुणु जग्गइ सयलु जगु, सा णिसि मणिवि सुवेइ।।" (प.प्र.२/४६) इति **परमात्मप्रकाश**गाथा, "या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी। यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः।।" (भ.गी.२/६९) इति **भगवद्गीता**कारिका, "यत्र सुप्ता जना नित्यं प्रबुद्धः तत्र संयमी। प्रबुद्धा यत्र ते विद्वान् सुषुप्तिं याति योगिराट्।।" (याज्ञ.२२) इति च **याज्ञवल्क्योपनिषत्कारिका** भावनीया। ततश्च **श्रीवासुपूज्यस्वामिचरित्रे श्रीवर्धमानसूरिणा** "क्षीणकर्माऽर्थ-कर्तव्यो विलीनक्लेशसन्ततिः। अनन्तदर्शन-ज्ञान -वीर्याऽऽनन्दो जगद्गुरुः।।" (वा.च.४/१३३१) इत्युक्तं परमात्मस्वरूपमाविर्भवेत्।।७/१२।।

---

બીજાના ગુણો તરીકે આરોપિત કરીને જણાવે તે અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. ત્રિવિધ અસદ્ભૂત વ્યવહારમાં પણ આ રીતે આરોપ જાણવો. તેના ત્રણ ભેદ છે. (૧) સ્વજાતીય, (૨) ઈતર, (૩) મિશ્ર. તથા તે ત્રિવિધ અસદ્ભૂત વ્યવહારમાં પણ પ્રત્યેકના ત્રણ-ત્રણ ભેદ છે.'

### ✻ અસદ્ભૂતપણું ખ્યાલમાં રાખીએ ✻

[illegible] :- તે તે પ્રયોજનોને લક્ષમાં રાખીને થતા જુદા જુદા ઉપચાર વિસ્તૃત અને સંક્ષિપ્ત પદ્ધતિએ વિવિધ પ્રકારે બને છે. પરંતુ તે તે ઉપચાર લોકવ્યવહારમાં થતા હોય ત્યારે પણ તેમાં રહેલું અસદ્ભૂતપણું નજરની બહાર નીકળી ન જાય તેની કાળજી રાખવામાં આવે તો તે તે ઉપચારના નિમિત્તે હર્ષ-શોક, રાગ-દ્વેષ, ગમો-અણગમો, રતિ-અરતિ, આઘાત-પ્રત્યાઘાત, સંકલ્પ-વિકલ્પ વગેરે દ્વન્દ્વોના વમળમાં ફસાયા વગર સાધક મોક્ષમાર્ગે ઝડપથી પ્રગતિ સાધે છે. આ બાબત તે તે ઉપચાર-આરોપ કરનાર પ્રત્યેક સાધકે યાદ રાખવી. **પરમાત્મપ્રકાશ**ની એક ગાથા અહીં વિભાવના કરવા યોગ્ય છે. ત્યાં **યોગીન્દ્રદેવે** જણાવેલ છે કે 'તમામ સંસારી જીવોને જે શુદ્ધાત્મદશા રાતસ્વરૂપ લાગે છે, તેમાં યોગી જાગે છે. વળી, જે દેહાધ્યાસાદિમાં આખું જગત જાગે છે, તેને રાત માનીને યોગી તેમાં ઊંઘે છે.' **ભગવદ્ગીતા** તથા **યાજ્ઞવલ્ક્યોપનિષદ્**માં પણ આ જ પ્રકારનો શ્લોક આવે છે. તેની પણ વિભાવના કરવી. તેના લીધે **શ્રીવાસુપૂજ્યચરિત્ર**માં વર્ણવેલ પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય છે. ત્યાં શ્રી**વર્ધમાનસૂરિ**જીએ જણાવેલ છે કે '(૧) કર્મો, પ્રયોજનો અને કર્તવ્યો જેના સમાપ્ત થયેલા હોય, (૨) સંક્લેશની પરંપરા જેની રવાના થયેલી હોય, (૩) અનંત દર્શન-જ્ઞાન-શક્તિ-સુખ જેની પાસે હોય તે જગદ્ગુરુ પરમાત્મા છે.' (૭/૧૨)

---

1. अन्येषाम् अन्यगुणं भणति असद्भूतः त्रिविधभेदेऽपि। स्वजातीय इतरो मिश्रो ज्ञातव्यः त्रिविधभेदयुतः।।
2. या निशा सकलानां देहिनां योगी तस्यां जागर्ति। यत्र पुनः जागर्ति सकलं जगत् तां निशां मत्वा स्वपिति।।

□**અસદ્ભૂત નિજ જાતિં** ❖**રે, જિમ પરમાણુઓ; બહુપ્રદેશી ભાખિઈ એ ॥૭/૧૩॥ (૧૦૨)**

એક (નિજ=) સ્વ **જાતિ અસદ્ભૂત**વ્યવહાર કહિયઇં. **જિમ 'પરમાણુ બહુપ્રદેશી'** (ભાખિઈ=) કહિઈં,

स्वजातीयाऽसद्भूतव्यवहारं प्रथमभेदं प्रतिपादयति – '**तत्रे**'ति।

**तत्र ज्ञेयः स्वजातीयाऽसद्व्यवहार आदिमः।**

**निरंशत्वेऽप्यणुर्नानाप्रदेशो भाष्यते यथा।।७/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तत्र आदिमः स्वजातीयाऽसद्व्यवहारः ज्ञेयः। यथा निरंशत्वेऽपि अणुर्नानाप्रदेशो भाष्यते।।७/१३।।

**तत्र** = त्रिषु असद्भूतव्यवहारोपनयेषु मध्ये **स्वजातीयाऽसद्भूतव्यवहारः** = स्वजातीयद्रव्ये स्वसमानजातीयपर्यायारोपोऽसद्भूतव्यवहारोपनय **आदिमो ज्ञेयः। यथा निरंशत्वेऽपि** = अप्रदेशत्वेऽपि **अणुः** = परमाणुः **नानाप्रदेशः** = बहुप्रदेशी **भाष्यते**, नानाप्रदेशिभवनयोग्यतया अन्यस्वजातीय-परमाणुप्रभृतिद्रव्यमिलने सति परमाणोः बहुप्रदेशित्वभावात्।

वस्तुतः अणुः अणुदशायाम् अप्रदेश एव। अत एव "(१) अणुः, (२) परमाणुः, (३) निरंशः, (४) निर्भेदः, (५) निरवयवः, (६) निष्प्रदेशः, (७) अप्रदेशः" (वि.आ.भा.४४७) इत्येवं **विशेषावश्यकभाष्य**-

**અવતરણિકા** :- પ્રકારાન્તરથી અસદ્ભૂત વ્યવહાર ઉપનયના જે ત્રણ ભેદ દર્શાવ્યા તેમાંથી પ્રથમ સ્વજાતીય અસદ્ભૂત વ્યવહાર ઉપનયનું ગ્રંથકારશ્રી પ્રતિપાદન કરે છે :-

### ❋ અસદ્ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ ❋

**શ્લોકાર્થ** :- ત્રણ ભેદમાં સૌપ્રથમ સ્વજાતીય અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. જેમ કે અણુ નિરંશ હોવા છતાં પણ અનેકપ્રદેશવાળો કહેવાય છે. (૭/૧૩)

**વ્યાખ્યાર્થ** :- અસદ્ભૂત વ્યવહાર ઉપનયના જે ત્રણ પ્રકારો બતાવ્યા તેની અંદર પ્રથમ પ્રકાર સ્વજાતીયદ્રવ્યમાં સ્વસમાનજાતીય પર્યાયનો આરોપ કરવા સ્વરૂપ અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. જેમ કે પરમાણુ નિરંશ = નિરવયવ = અપ્રદેશ હોવા છતાં પણ બહુપ્રદેશી = અનેકપ્રદેશવાળો કહેવાય છે. આ મુજબનો વ્યવહાર કરવાનું કારણ એ છે કે પરમાણુ સ્વયં અપ્રદેશ હોવા છતાં પણ અનેકપ્રદેશી બનવાની યોગ્યતા તેમાં રહેલી છે. આથી જ સ્વસમાનજાતીય અન્ય પરમાણુ વગેરે દ્રવ્યો ભેગા થાય એટલે પરમાણુ અનેકપ્રદેશી = બહુઅવયવવાળા સ્કંધ સ્વરૂપે પરિણમી જાય છે.

### ✡ અસંખ્યકાળમાં પરમાણુ અવશ્ય સ્કંધ બને ✡

(**વસ્તુ.**) વાસ્તવમાં તો અણુ અણુદશામાં નિષ્પ્રદેશ જ છે. તેથી જ તેના સમાનાર્થક સાર્થક નામો **વિશેષાવશ્યકભાષ્યની મલધારવ્યાખ્યામાં** "(૧) અણુ, (૨) પરમાણુ, (૩) નિરંશ, (૪) નિર્ભેદ, (૫) નિરવયવ, (૬) નિષ્પ્રદેશ, (૭) અપ્રદેશ"- આ મુજબ જણાવેલ છે. તેમ છતાં પણ ઉત્કર્ષથી અસંખ્ય

□ P(૧)માં 'અસદ્ભૂત વ્યવહાર' પાઠ ❖ ફક્ત કો.(૧૨)માં 'રે' છે.

♦પરમાણુનઈં બહુપ્રદેશી થાવાની ✡જાતિ છઇ, તે માટઇં ❖કહીઈં ૧. *એ ગાથા ૧૦૨નો ભાવાર્થ.* ॥૭/૧૩॥

**मलधारवृत्तौ** सार्थकानि तत्समानार्थकनामानि दर्शितानि। केवलम् उत्कर्षतः असङ्ख्यकालचक्रमध्ये द्व्यणुकादिरूपेण सर्वेऽपि परमाणवः प्रतिस्वं परिणमन्त्येवेति योग्यतयाऽत्र 'अणुः बहुप्रदेशी'त्येवं स्वजातीयाऽसद्भूतव्यवहारोपनयाऽपेक्षयोक्तमित्यवधेयम्।

तदुक्तम् **आलापपद्धतौ** "असद्भूतव्यवहारः त्रेधा। स्वजात्यसद्भूतव्यवहारः, यथा परमाणुर्बहुप्रदेशीति कथनमित्यादि" (आ.प.पृ.१०) इति। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"परमाणु एयदेसी बहुप्पदेसी पयंपदे जो दु। सो ववहारो णेओ दव्वे पज्जायउवयारो।।" (न.च.५८, द्र.स्व.प्र.२२९) इति। स्वजातीयद्रव्ये स्वजातीयविभावपर्यायोपचारोऽसद्भूतव्यवहारोपनय इत्येवमप्ययमुच्यते, नानाप्रदेशित्वस्य विभावपर्यायरूपत्वात्, विशकलितानां परस्परानुस्यूतानां च एकप्रदेशि-बहुप्रदेशिनां परमाणूनां पौद्गलिकत्वरूपेण मिथः सजातीयत्वाच्च।

उपलक्षणात् स्वजातीयपर्याये स्वजातीयपर्यायारोपोऽसद्भूतव्यवहारोऽपि अत्रैवान्तर्भावनीयः, यथा

કાળચક્ર પૂરા થાય ત્યારે સર્વ પરમાણુઓ દ્વ્યણુકાદિસ્વરૂપે = સ્કંધસ્વરૂપે અવશ્ય પરિણમે છે. તેથી ફક્ત યોગ્યતાની અપેક્ષાએ પ્રસ્તુતમાં સ્વજાતીય અસદ્ભૂતવ્યવહાર ઉપનયની દૃષ્ટિએ 'પરમાણુ બહુપ્રદેશી' - આ પ્રમાણે જણાવેલ છે. આ વાતને ખ્યાલમાં રાખવી.

### ❊ પરમાણુ બહુપ્રદેશી ! ❊

(**तदुक्त.**) આ જ આશયથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "અસદ્ભૂત વ્યવહારના ત્રણ પ્રકાર છે. તેમાં સ્વજાતિઅસદ્ભૂત વ્યવહાર ઉપનય પ્રથમ છે. જેમ કે 'પરમાણુ બહુપ્રદેશી છે' - આવું કથન." **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'જે ઉપનય એકપ્રદેશી પરમાણુને બહુપ્રદેશી કહે છે તે ઉપનયને દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર કરનાર અસદ્ભૂત વ્યવહાર તરીકે જાણવો.' પ્રસ્તુત ઉપનય સ્વજાતીયદ્રવ્યમાં સ્વજાતીય વિભાવપર્યાયનો ઉપચાર કરનાર અસદ્ભૂત વ્યવહાર તરીકે પણ કહેવાય છે. કારણ કે પરમાણુઓ ભેગા થવાથી જે અનેકપ્રદેશી સ્કંધ બને છે તે પુદ્ગલનો વિભાવ પર્યાય છે. તથા છૂટા-છવાયા પરમાણુઓ અને સ્કંધરૂપે પરિણમેલા પરમાણુઓ પૌદ્ગલિકત્વરૂપે પરસ્પર સજાતીય છે. આમ સ્વસમાનજાતીય પરમાણુસ્વરૂપ પુદ્ગલદ્રવ્યમાં સ્વસમાનજાતીય બહુપ્રદેશિત્વ સ્વરૂપ વિભાવપર્યાયનો ઉપચાર કરીને 'પરમાણુ બહુપ્રદેશી છે' - આવું બોલનાર પ્રસ્તુત ઉપનયનું બીજું નામ પણ યથાર્થ છે.

### ❊ સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીય પર્યાયનો આરોપ ❊

(**उपल.**) અહીં જે વિભાવ પર્યાયના ઉપચારની વાત કરી તે તો ઉપલક્ષણ છે. એક વાત જણાવવાથી બીજી વાત સમજી લેવાની હોય તેને ઉપલક્ષણ કહેવામાં આવે છે. અર્થાત્ પ્રસ્તુતમાં સજાતીય દ્રવ્યમાં

♦ પુસ્તકોમાં 'પરમાણુનઈં' પદ નથી. આ.(૧) + કો.(૧૩)માં છે. ✡ આ.(૧) + કો.(૧૩)માં 'જાતિ'ના બદલે 'શક્તિ' પાઠ. ❖ પુસ્તકોમાં 'કહીઈં' નથી. ફક્ત કો.(૧૩)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

1. परमाणुरेकदेशी बहुप्रदेशी प्रजल्पति यस्तु। स व्यवहारो ज्ञेयो द्रव्ये पर्यायोपचारः।।

प्रतिबिम्बे मुखारोप इति। इदमेवाभिप्रेत्य **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"दट्ठूणं पडिबिंबं लवदि हु तं चेव एस पज्जाओ। सज्जाइ असब्भूओ उवयरिओ णियजाइपज्जाओ।।" (न.च.५६, द्र.स्व.प्र.२२७) इति।

मुखलक्षणबिम्ब-तत्प्रतिबिम्बयोः पुद्गलपर्यायरूपत्वात् सजातीयताऽवगन्तव्या। पुद्गलपर्यायात्मकाऽऽदर्शगतप्रतिबिम्बे मुखत्वाऽसत्त्वादस्याऽसद्भूतता बोध्या।

एवमेव स्वजातीयगुणे स्वजातीयद्रव्यारोपणात्मकोऽसद्भूतव्यवहारोऽप्यत्रैवान्तर्भावनीयः, यथा 'श्वेतः प्रासादः' इति उपचारः। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [2]"रूवं पि भण्णति दव्वं ववहारो अण्णअत्थसंभूदो। सेओ जह पासाओ गुणेसु दव्वाण उवयारो।।" (न.च.५९, द्र.स्व.प्र.२३०) इति। श्वेतरूपलक्षणगुण-प्रासादलक्षणद्रव्ययोः पौद्गलिकत्वात् सजातीयता बोध्या। रूपस्य द्रव्यत्वेनाऽसत्त्वाद् 'रूपं द्रव्यम्, श्वेतः प्रासादः' इत्यादेः व्यवहारस्य असद्भूतता विज्ञेया।

---

વિભાવ પર્યાયના ઉપચારની જે વાત કરી, તેનાથી સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીયપર્યાયનો આરોપ કરવા સ્વરૂપ અસદ્ભૂત વ્યવહારનો પણ પ્રસ્તુત બીજા વ્યવહારમાં જ સમાવેશ કરવો. જેમ કે પ્રતિબિંબમાં મુખનો આરોપ. આ જ અભિપ્રાયથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "પ્રતિબિંબને જોઈને 'આ તે જ પર્યાય છે' - આ પ્રમાણે કહેવાય છે તે સ્વજાતીયપર્યાયમાં સ્વજાતીયપર્યાયનો ઉપચાર કરનાર અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે."

## ❀ પ્રતિબિંબ પુદ્ગલસજાતીયપર્યાય ❀

(**मुख.**) પ્રસ્તુતમાં એક વાત ધ્યાનમાં રાખવી કે દર્પણમાં જે મુખનું પ્રતિબિંબ પડે છે, તે બિંબાત્મક મુખ પુદ્ગલનો પર્યાય છે. તથા તેનું પ્રતિબિંબ પડે છે તે પણ પુદ્ગલનો પર્યાય છે. બન્ને સદૃશ પુદ્ગલપર્યાય સ્વરૂપ હોવાથી દર્પણમાં પ્રતિબિંબિત મુખને = મુખપ્રતિબિંબને જોઈને 'આ મારું જ મોઢું છે' - આ પ્રમાણે જે કહેવું, તે સ્વજાતીયપર્યાયમાં સ્વજાતીયપર્યાયનો ઉપચાર કહેવાય છે. અરીસો પણ પુદ્ગલપર્યાય સ્વરૂપ જ છે. વાસ્તવમાં તેમાં પ્રતિબિંબ રહે છે, બિંબ = મુખ રહેતું નથી. પ્રતિબિંબ કાંઈ મોઢા સ્વરૂપ નથી. મુખત્વ નામનો ધર્મ મુખપ્રતિબિંબમાં રહેતો નથી. તેથી જ આ વ્યવહાર અસદ્ભૂત છે - તેમ જાણવું.

## ❀ ગુણમાં દ્રવ્યનો ઉપચાર ❀

(**एवमेव.**) આ જ રીતે સ્વજાતીય ગુણમાં સ્વજાતીય દ્રવ્યનો આરોપ કરનાર અસદ્ભૂત વ્યવહારનો પણ પ્રસ્તુત ભેદમાં = સ્વજાતીય અસદ્ભૂત વ્યવહારમાં જ સમાવેશ કરવો. જેમ કે 'સફેદ મહેલ' આવો ઉપચાર. આ વાતને જણાવતા **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં કહેલ છે કે "અન્ય અર્થના આલંબનથી ઉત્પન્ન થયેલો વ્યવહાર રૂપને પણ દ્રવ્ય કહે છે. જેમ કે 'સફેદ મહેલ.' આ ગુણમાં દ્રવ્યનો ઉપચાર જાણવો." પ્રસ્તુતમાં શ્વેતરૂપ ગુણ છે. મહેલ દ્રવ્ય છે. બન્ને પૌદ્ગલિક હોવાથી પરસ્પર સજાતીય છે. તેથી પ્રસ્તુત આરોપ સજાતીય ગુણમાં સજાતીય દ્રવ્યના ઉપચાર સ્વરૂપ બને છે. તથા રૂપ ગુણત્વરૂપે વિદ્યમાન છે, દ્રવ્યત્વરૂપે નહિ. તેથી જે જે સ્વરૂપે ન રહેતું હોય તેને તે સ્વરૂપે બતાવનાર 'રૂપ

---

1. दृष्ट्वा प्रतिबिम्बं लपति हि तं चैव एष पर्यायः। स्वजातीयः असद्भूतो निजकजातिपर्यायः।। 2. रूपमपि भण्यते द्रव्यं व्यवहारोऽन्यार्थसम्भूतः। श्वेतो यथा प्रासादो गुणेषु द्रव्याणामुपचारः।।

तथा स्वजातीयगुणे स्वजातीयपर्यायारोपणात्मकोऽसद्भूतव्यवहारोऽप्यत्रान्तर्भाव्यः, यथा 'बोधो घटाकार' इति उपचारः, यद्वा 'ज्ञानं पर्याय' इति उपचारः। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"णाणं पि हि पज्जायं परिणममाणं तु गिण्हए जो हु। ववहारो खलु जंपइ गुणेसु उवयरियपज्जाओ।।" (न.च.६०, द्र.स्व.प्र.२३१) इति। यद्यपि ज्ञानं गुणः तथापि परिणममानत्वात् तस्य पर्यायत्वेनाऽत्रोपचारः क्रियते।

एवं स्वजातीयविभावपर्याये स्वजातीयद्रव्यारोपणात्मकोऽसद्भूतव्यवहारोऽपि अत्र एवान्तर्भावनीयः, यथा 'स्थूलस्कन्धः पुद्गल' इत्युपचारः। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [2]"दट्ठूण थूलखंधं पुग्गलदव्वोत्ति जंपए लोए। उवयारो पज्जाए पोग्गलदव्वस्स भणइ ववहारो।।" (न.च.६१, द्र.स्व.प्र.२३२) इति। मिथःसमनुविद्धनानापुद्गलपरमाणुनिष्पन्नस्य स्थूलस्कन्धस्य पुद्गलद्रव्यविभावपर्यायरूपतया पुद्गलद्रव्यत्वकथनं स्वजातीयविभावपर्याये स्वजातीयद्रव्याऽऽरोपणात्मकाऽसद्भूतव्यवहाररूपेण बोध्यम्।

---

દ્રવ્ય છે. શ્વેત મહેલ છે' - ઈત્યાદિ વ્યવહારને અસદ્દભૂત જાણવો.

### ગુણમાં પર્યાયનો ઉપચાર

**(तथा.)** તેમ જ સ્વજાતીય ગુણમાં સ્વજાતીય પર્યાયનો આરોપ કરનાર અસદ્દભૂત વ્યવહારનો પણ પ્રસ્તુત સ્વજાતીય અસદ્દભૂત વ્યવહારમાં જ સમાવેશ કરવો. જેમ કે 'જ્ઞાન ઘટાકાર છે' - આવો ઉપચાર. અથવા 'જ્ઞાન પર્યાય છે' - આવો ઉપચાર. તેથી જ **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "પરિણમનશીલ જ્ઞાનને પણ જે વ્યવહાર પર્યાયરૂપે ગ્રહણ કરે છે, તે વ્યવહાર ગુણમાં પર્યાયનો ઉપચાર કરનાર અસદ્દભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે." યદ્યપિ જ્ઞાન ગુણ છે. તેમ છતાં તે પરિણમનશીલ છે. તેથી તેનો પર્યાયરૂપે અહીં ઉપચરિત નિર્દેશ કરવામાં આવે છે.

### વિભાવ પર્યાયમાં સજાતીય દ્રવ્યનો આરોપ

**(एवं.)** આ જ રીતે સ્વજાતીય વિભાવ પર્યાયમાં સ્વજાતીય દ્રવ્યનો આરોપ કરનાર અસદ્દભૂત વ્યવહારનો પણ પ્રથમ અસદ્દભૂત વ્યવહારમાં અંતર્ભાવ કરવો. જેમ કે 'સ્થૂલસ્કંધ પુદ્ગલ છે' - આ પ્રમાણેનો આરોપ સજાતીય વિભાવ પર્યાયમાં સજાતીયદ્રવ્યનો ઉપચાર કરવા સ્વરૂપ અસદ્દભૂત વ્યવહાર ઉપનય જાણવો. તેથી જ **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "સ્થૂલ સ્કંધને જોઈને લોકો કહે છે કે 'આ પુદ્ગલ દ્રવ્ય છે.' આને પર્યાયમાં પુદ્ગલદ્રવ્યનો ઉપચાર કરનાર અસદ્દભૂત વ્યવહાર કહેવાય છે." એક-બીજા સાથે વિશેષ પ્રકારે સંકળાયેલા અનેક પરમાણુઓના સમૂહથી નિષ્પન્ન સ્થૂલ સ્કંધ પુદ્ગલદ્રવ્યનો વિભાવ પર્યાય છે. તેથી તેવા સ્થૂલ સ્કંધને પુદ્ગલદ્રવ્યરૂપે કહેવું તે સ્વજાતીય વિભાવ પર્યાયમાં સ્વજાતીય દ્રવ્યનો આરોપ કરનાર અસદ્દભૂત વ્યવહાર તરીકે જાણવા યોગ્ય છે.

---

1. ज्ञानमपि हि पर्यायं परिणममाणं तु गृह्णाति यस्तु। व्यवहारः खलु जल्पति गुणेषूपचरितपर्यायम्।।
2. दृष्ट्वा स्थूलस्कन्धं पुद्गलद्रव्यमिति जल्पति लोके। उपचारम् पर्याये पुद्गलद्रव्यस्य भणति व्यवहारः।।

एवं शरीरसंस्थानम् उद्दिश्य 'उत्तमं रूपमि'त्याद्यालापलक्षणः स्वजातीयपर्याये स्वजातीयगुणाऽऽरोपणात्मकोऽसद्भूतव्यवहारोऽपि प्रकृतान्तर्भूतो दृश्यः। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"दट्ठूणं देहठाणं वण्णंतो होइ उत्तमं रूवं। गुणउवयारो भणिओ पज्जाए णत्थि संदेहो।।" (न.च.६२, द्र.स्व.प्र.२३३) इति। देहसंस्थानस्य पुद्गलपर्यायरूपतया रूपस्य पुद्गलगुणस्य तत्राऽऽरोपः स्वजातीयपर्याये स्वजातीयगुणारोपणात्मकाऽसद्भूतव्यवहारोपनयरूपेण ज्ञातव्यः।

पूर्वं (७/५-११) 'द्रव्ये द्रव्योपचारः', 'गुणे गुणोपचारः' इत्यादिना ये नवविधा असद्भूतव्यवहारा दर्शिताः तदुदाहरणानि नेहान्तर्भवन्ति, तेषां सर्वेषामेव अनुपदमेव (७/१४) वक्ष्यमाणविजातीयाऽसद्भूतव्यवहारान्तःपातित्वात्, इह च स्वजातीयाऽसद्भूतव्यवहारस्य प्रक्रान्तत्वादित्यादिकं सुधिया स्वधियोहनीयमत्र।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ये द्रव्य-गुण-पर्यायाः साम्प्रतं स्वभावरूपेण न सन्ति किन्तु विभावरूपेण सन्ति तान् तद्रूपेण दर्शयन्तं स्वजातीयाऽसद्भूतव्यवहारोपनयं चेतसिकृत्य (१)

### ❀ પર્યાયમાં સજાતીય ગુણનો આરોપ ❀

(एवं.) આ જ રીતે શરીરસંસ્થાનને ઉદ્દેશીને 'ઉત્તમ રૂપ' - ઈત્યાદિ સ્વરૂપે પ્રતિપાદન કરવું તે સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીય ગુણનો આરોપ કરનાર અસદ્ભૂત વ્યવહાર છે. આ વ્યવહારનો પણ પ્રસ્તુત સ્વજાતીય અસદ્ભૂત વ્યવહાર ઉપનયમાં અંતર્ભાવ થાય છે – તેમ જાણવું. તેથી જ **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "શરીરના આકારને જોઈને તેનું વર્ણન કરતાં કહેવું કે 'કેવું ઉત્તમ રૂપ છે !' - તો આ સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીયગુણનો આરોપ કહેવાયેલ છે. તેમાં કોઈ સંદેહ નથી." શરીરની આકૃતિ પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે. તથા રૂપ પુદ્ગલનો ગુણ છે. તેથી દેહાકૃતિમાં રૂપનો આરોપ કરવો તે સ્વજાતીય પર્યાયમાં સ્વજાતીયગુણનો આરોપ કરનાર અસદ્ભૂત વ્યવહાર ઉપનય તરીકે જાણવા યોગ્ય છે.

### ❀ સ્વજાતીય-વિજાતીય ઉદાહરણોમાં ભેદ ❀

(पूर्वं.) સાતમી શાખાના ૫ થી ૧૧ શ્લોક સુધીમાં 'દ્રવ્યમાં દ્રવ્ય ઉપચાર, ગુણમાં ગુણનો ઉપચાર...' ઈત્યાદિ રૂપે જે નવ પ્રકારના અસદ્ભૂત વ્યવહારો દેખાડેલ હતા, તેના ઉદાહરણોનો પ્રસ્તુત સ્વજાતીય અસદ્ભૂત વ્યવહારમાં સમાવેશ થઈ શકતો નથી. કારણ કે તે બધા જ ઉદાહરણોનો વિજાતીય અસદ્ભૂત વ્યવહારમાં સમાવેશ થાય છે. આગળ ચૌદમા શ્લોકની વ્યાખ્યામાં વિજાતીય અસદ્ભૂત વ્યવહાર જણાવવામાં આવશે. અહીં તો સ્વજાતીય અસદ્ભૂત વ્યવહાર પ્રસ્તુત છે. તેથી તેનો અત્ર સમાવેશ થઈ શકતો નથી. આવી બાબતોને બુદ્ધિશાળીએ પોતાની બુદ્ધિથી અહીં વિચારવી.

### ❀ અસદ્ભૂત વ્યવહારનું ઉમદા પ્રયોજન ❀

**આધ્યાત્મિક ઉપનય** :- વર્તમાન કાળે જે દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વભાવસ્વરૂપે ન હોય પણ વિભાવ સ્વરૂપે હોય તેને તે સ્વરૂપે બતાવનાર પ્રસ્તુત સ્વજાતીય અસદ્ભૂત ઉપનયનો આધ્યાત્મિક ઉપયોગ

1. दृष्ट्वा देहस्थानं वर्णयन् भवति उत्तमं रूपम्। गुणोपचारो भणितः पर्याये नास्ति सन्देहः।।

पापप्रवृत्तिसमये तत्फलमभिसन्धाय 'अहं मूढः, अज्ञः' इत्यादिकां धियमुपस्थाप्य पापनिवृत्त्यौपयिकं बलं प्राप्तव्यम्। (२) एवं धर्मप्रवृत्तिकाले 'अहं साधकः, श्रमणोऽहम्' इत्यादिकां प्रज्ञामुत्थाप्य विधिविशुद्धसदनुष्ठानकरणसामर्थ्यं प्राप्यम्। तथा (३) दृष्टशत्रुञ्जयं कर्म-संयोग-काल-नियति-प्रमादादि-पारवश्येन पापप्रवृत्तं भव्यात्मानं दृष्ट्वा तदीयभव्यतां निजचेतसि समारोप्य 'अयं भव्यः, आसन्न-सिद्धिकः' इति बोधमुत्पाद्य तद्विषयकद्वेषादिलक्षणोऽप्रशस्तमनोवृत्तिप्रवाहः ताडनादिलक्षणश्चा-ऽप्रशस्तदेहवृत्तिप्रवाहश्च प्रतिरोध्यः। मैत्र्यादिभावनाश्च तस्मिन् भावयितव्याः प्रयत्नत इत्यत्रोपदेशो लभ्यते। इत्थमप्रशस्तदेह-मनोवृत्तिप्रवाहविरामे सिद्धसुखं सुलभं स्यात्, तस्य कृत्स्नवृत्तिविलया-ऽविनाभावित्वात्। प्रकृते "देह-मनोवृत्तिभ्यां भवतः शारीर-मानसे दुःखे। तदभावात् तदभावे सिद्धं सिद्धस्य सिद्धिसुखम्।।" (प्र.र.२९५) इति **प्रशमरति**कारिका भावनीया।।७/१३।।

---

એવો કરી શકાય કે (૧) પાપ કરતી વખતે તેના ફળરૂપે મળનાર તિર્યંચ, નરક વગેરે ગતિને લક્ષમાં રાખીને 'હું મૂઢ છું', 'હું અજ્ઞાની છું' - ઈત્યાદિ બુદ્ધિ ઉભી કરવા દ્વારા પાપને છોડવાનું બળ મેળવવું. (૨) સામાન્ય ધર્મસાધના કરતી વખતે પણ 'હું સાધક છું. હું સાધુ છું' - આવી બુદ્ધિ ઊભી કરવા દ્વારા વિધિવિશુદ્ધ રીતે ધર્મસાધના કરવાનું સામર્થ્ય સંપ્રાપ્ત કરવું. (૩) તે જ રીતે શત્રુંજયના દર્શન કરનાર કોઈ ભવ્યાત્મા કર્મવશ કે સંયોગવશ કે કાળવશ કે નિયતિવશ કે પ્રમાદાદિવશ પાપ કરી રહ્યો હોય ત્યારે પણ તેની મોક્ષે જવાની યોગ્યતાને લક્ષમાં રાખીને 'આ ભવ્ય છે, આસન્નમુક્તિગામી છે' - આવી બુદ્ધિ ઉભી કરવા દ્વારા તેના પ્રત્યે દ્વેષ, દુર્ભાવ વગેરે સ્વરૂપ અપ્રશસ્ત ચિત્તવૃત્તિપ્રવાહને તથા તમાચો મારવા વગેરે સ્વરૂપ અપ્રશસ્ત દેહવૃત્તિપ્રવાહને અટકાવવો. તથા તેના પ્રત્યે મૈત્રી વગેરે ભાવોને કેળવવા પ્રામાણિકપણે પ્રયત્ન કરવો - આવી પણ પ્રસ્તુતમાં સૂચના મળે છે. આ રીતે અપ્રશસ્ત દેહવૃત્તિ-ચિત્તવૃત્તિના પ્રવાહનો વિરામ થાય તો સિદ્ધસુખ સુલભ થાય. કારણ કે સિદ્ધસુખ તો પ્રશસ્ત -અપ્રશસ્ત તમામ વૃત્તિઓનો ઉચ્છેદ થયા વિના મળતું નથી. પ્રસ્તુતમાં **પ્રશમરતિ** પ્રકરણની એક કારિકાની પણ ઊંડાણથી વિભાવના કરવી. મોક્ષમાં સુખની સિદ્ધિ કરવા માટે ત્યાં **ઉમાસ્વાતિજી** મહારાજે જણાવેલ છે કે 'દેહવૃત્તિથી શારીરિક દુઃખ થાય છે તથા મનોવૃત્તિથી માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે. સિદ્ધ ભગવંતને દેહવૃત્તિ અને મનોવૃત્તિ હોતી નથી. તેથી શારીરિક અને માનસિક દુઃખ હોતું નથી. તેથી સિદ્ધ ભગવંતને સિદ્ધિમાં = મુક્તિમાં સુખ સિદ્ધ થાય છે.' (૭/૧૩)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધનાથી ભગવાન સાથેનું ભૌગોલિક અંતર ઘટી શકે. દા.ત. ગગનગામી મુનિ.**

**ઉપાસનાથી ભગવાન સાથેનું માનસિક અંતર ઘટ્યા વિના રહેતું નથી. દા.ત. શોભન મુનિ.**

**તેહ વિજાતિં જાણો, જિમ મૂરતિ♦ મતિ; મૂરતિ♦ દ્રવ્યઈ□ ઊપની એ ॥૭/૧૪॥ (૧૦૩)**

**તેહ** અસદ્ભૂત **વિજાતિ જાણો જિમ "मूर्त्तं मतिज्ञानम्"** કહિઇં. **મૂર્ત્ત (દ્રવ્યઈ)** તે જે વિષયાલોક -મનસ્કારાદિક✡ તેહથી **ઊપનો**.✦ તે માટઇં. ઇહાં મતિજ્ઞાન આત્મગુણ. તેહનઇં વિષઇં મૂર્ત્તત્વ પુદ્ગલગુણ ●ઉપચરિઓ, તે વિજાત્યસદ્ભૂતવ્યવહાર કહિયઇં. ૨. ॥૭/૧૪॥

द्वितीयमसद्भूतव्यवहारोपनयप्रकारमाचष्टे – '**विजातीये**'ति ।

**विजातीयोपचारादभूतव्यवहृतिः परा।**
**मूर्त्तोत्पन्नं मतिज्ञानं मूर्त्तं स्यादिति निश्चयः।।७/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – विजातीयोपचारात् परा अभूतव्यवहृतिः। (यथा) 'मूर्त्तोत्पन्नं मतिज्ञानं मूर्त्तं स्याद्' - इति निश्चयः।।७/१४।।

**विजातीयोपचारात्** = स्वगुणे विजातीयगुणारोपात् **परा** = द्वितीया **अभूतव्यवहृतिः** = असद्भूतव्यवहारोपनयः स्यात्। यथा **मूर्त्तोत्पन्नं** = विषयाऽऽलोक-मनस्कारादिमूर्त्तवस्तुजन्यम् इति हेतोः **मतिज्ञानं मूर्त्तं स्यादिति निश्चयः**। **अनेकान्तजयपताकास्वोपज्ञवृत्तौ श्रीहरिभद्रसूरिभिः** उद्धरणरूपेण "रूपाऽऽलोक-मनस्कार-चक्षुर्भ्यः सम्प्रवर्त्तते। विज्ञानम्, मणि-सूर्यांशु-गोशकृद्भ्य इवाऽनलः।।" (अ.ज.प.भाग-१/अधिकार-३/पृ.२२८) इति यदुक्तं तदत्र स्मर्तव्यम्।

**અવતરણિકા** :- બીજી રીતે અસદ્ભૂત વ્યવહાર ઉપનયના જે ત્રણ ભેદનો બારમા શ્લોકમાં નિર્દેશ કર્યો હતો તેમાંથી તેના બીજા ભેદનું ગ્રંથકારશ્રી નિરૂપણ કરે છે :-

### ❁ અસદ્ભૂત વ્યવહારનો બીજો ભેદ ❁

**શ્લોકાર્થ** :- વિજાતીયનો ઉપચાર કરવાથી બીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય બને છે. જેમ કે મૂર્ત્ત દ્રવ્યથી ઉત્પન્ન થયેલ હોવાથી 'મતિજ્ઞાન મૂર્ત્ત છે' - આ નિશ્ચય.(૭/૧૪)

**વ્યાખ્યાર્થ** :- સ્વગુણમાં વિજાતીય ગુણનો આરોપ કરવાથી બીજો અસદ્ભૂત વ્યવહાર સંપન્ન થાય છે. જેમ કે વિષય, આલોક (= પ્રકાશ), તેમજ (ગ્રહણ કરેલા મનોવર્ગણાના પુદ્ગલો, મનની ક્રિયા વગેરે સ્વરૂપ) મનસ્કાર વગેરે મૂર્ત્ત વસ્તુથી ઉત્પન્ન થવાના કારણે 'મતિજ્ઞાન મૂર્ત્ત બનશે' - આ પ્રમાણે નિશ્ચય વિજાતીય અસદ્ભૂત વ્યવહાર જાણવો. **શ્રીહરિભદ્રસૂરિજીએ અનેકાન્તજયપતાકાસ્વોપજ્ઞવૃત્તિમાં** ઉદ્ધરણસ્વરૂપે જણાવેલ છે કે 'જેમ સૂર્યકાન્તમણિ, સૂર્યકિરણો અને છાણમાંથી અગ્નિ પ્રગટે છે, તેમ રૂપ (વિષય), આલોક, મનસ્કાર, આંખથી વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન પ્રવર્તે છે.' આ બાબત અહીં યાદ કરવા યોગ્ય છે.

♦ પુસ્તકોમાં 'મૂરત' પાઠ. કો.(૨+૯+૧૨) + લી.(૧) + આ.(૧)+સિ.નો પાઠ લીધો છે. □ કો.(૧૨)માં 'દ્રવ્ય ઈમ' પાઠ. ✡ પ.માં 'મકરાકરાદિક (મકસ્કારાદિક!)' અશુદ્ધ પાઠ છે. મો.(૨)માં 'નમસ્કારાદિક' અશુદ્ધ પાઠ. આ.(૧)માં 'મસિકારા' પાઠ. કો.(૧૨+૧૩) + લી.(૧) નો પાઠ લીધો છે. ✦ પુસ્તકોમાં 'ઉપનું' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ● શાં.માં 'ઉદ્ધરિઓ' પાઠ.

वस्तुतो मतिज्ञानम् आत्मनोऽमूर्त्तस्याऽमूर्त्तो गुणः। तत्र विजातीयपुद्गलगुणस्य मूर्त्तत्वस्योपचारात् स्वगुणे विजातीयगुणोपचारोऽसद्भूतव्यवहारोपनयः कथ्यते। तदुक्तम् **आलापपद्धतौ** "विजात्यसद्भूतव्यवहारः, यथा – 'मूर्त्तं मतिज्ञानम्', यतो मूर्त्तद्रव्येण जनितम्" (आ.प. पृ.१०) इति।

युक्तञ्चैतत्, मतिज्ञानस्य केवलममूर्त्तत्वे प्रतिकूलमूर्त्तद्रव्येण व्याघातो न स्यात्। किन्तु कुड्यादिना व्यवहिते घटादौ मतिज्ञानस्य व्याघातो भवत्येव। अतो तत्र मूर्त्तस्वभावोऽप्रत्याख्येयः। न ह्यमूर्त्तैकस्वभावस्य गगनादेरिव मूर्त्तिमता द्रव्येण व्याघातः सम्भवति। इदमेवाभिप्रेत्य **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च "[1]मुत्तं इह मइणाणं मुत्तिमदव्वेण जणियं जम्हा। जइ ण हु मुत्तं णाणं ता कह खलियं हि मुत्तेण ?।।" (न.च.५४, द्र.स्व.प्र.२२६) इति। त्रैकालिकसमस्तमूर्त्ताऽमूर्त्तद्रव्य-पर्यायगोचरम् आत्मशुद्धस्वभावसम्भूतं हि केवलज्ञानं तु न मूर्त्तम्, मूर्त्तद्रव्याजन्यत्वात्, मूर्त्तेनाऽस्खलनाच्चेत्यादिकमूहनीयम्।

प्रकृते "मूर्त्तसाधुगुणाः हि ज्ञानादयो मूर्त्ताद् अव्यतिरिक्तत्वात् कथञ्चिद् मूर्त्ता अपि शक्यन्ते वक्तुम्।

---

**(वस्तु.)** વાસ્તવમાં તો મતિજ્ઞાન આત્માનો ગુણ છે. આત્મા અમૂર્ત્ત છે. તેથી મતિજ્ઞાન પણ અમૂર્ત્ત ગુણ છે. મૂર્ત્તત્વ તો પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે. પુદ્ગલ જડ છે. આત્મા ચેતન છે. તેથી મતિજ્ઞાન અને મૂર્ત્તત્વ પરસ્પર વિજાતીય દ્રવ્યના ગુણ બને છે. આથી મતિજ્ઞાનમાં મૂર્ત્તત્વ ગુણનો ઉપચાર કરવો તે સ્વગુણમાં વિજાતીય ગુણનો ઉપચાર કરવા સ્વરૂપ અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "વિજાતિ અસદ્ભૂત વ્યવહાર બીજો અસદ્ભૂત જાણવો. જેમ કે 'મતિજ્ઞાન મૂર્ત્ત છે.' કારણ કે મૂર્ત્તદ્રવ્યથી તે ઉત્પન્ન થયેલ છે - આ પ્રમાણેનો વ્યવહાર."

## ❀ મતિજ્ઞાન મૂર્ત્ત છે ❀

**(युक्त.)** આ વાત યોગ્ય છે. કારણ કે જો મતિજ્ઞાન અમૂર્ત્ત જ હોય તો પ્રતિકૂલ મૂર્ત્ત દ્રવ્યથી મતિજ્ઞાનનો વ્યાઘાત થઈ ન શકે. પરંતુ દીવાલ વગેરેથી ઢંકાયેલા ઘડા વગેરેને વિશે મતિજ્ઞાનનો વ્યાઘાત તો થાય જ છે. તેથી મતિજ્ઞાનમાં મૂર્ત્તસ્વભાવનો અપલાપ કરી ન શકાય. કેવલ અમૂર્ત્તસ્વભાવવાળા ગગન વગેરેનો મૂર્ત્ત દ્રવ્યથી વ્યાઘાત થતો નથી. તેમ મતિજ્ઞાન ફક્ત અમૂર્ત્તસ્વભાવવાળું હોય તો તેનો પણ મૂર્ત્ત દ્રવ્યથી વ્યાઘાત સંભવી ન શકે. પરંતુ મૂર્ત્ત દ્રવ્યથી મતિજ્ઞાનનો વ્યાઘાત તો થાય જ છે. આથી મતિજ્ઞાન મૂર્ત્ત છે. આ જ અભિપ્રાયથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'પ્રસ્તુતમાં મતિજ્ઞાન મૂર્ત્ત છે. કારણ કે તે મૂર્ત્ત દ્રવ્યથી ઉત્પન્ન થયેલ છે. જો મતિજ્ઞાન મૂર્ત્ત ન હોય તો મૂર્ત્તદ્રવ્યથી મતિજ્ઞાન સ્ખલિત કેમ થાય ?' ત્રણ કાળના તમામ મૂર્ત્ત-અમૂર્ત્ત દ્રવ્ય અને તેના સર્વ પર્યાયો કેવલજ્ઞાનના વિષય છે. કેવલજ્ઞાન પોતાના વિષયોથી ઉત્પન્ન નથી. કારણ કે અતીતાદિ પદાર્થો અવિદ્યમાન હોવા છતાં કેવલજ્ઞાનના વિષય બને છે. કેવલજ્ઞાન તો આત્માના શુદ્ધસ્વભાવના કારણે પ્રગટ થાય છે. કેવલજ્ઞાન મૂર્ત્ત ન કહેવાય. કારણ કે તે મૂર્ત્તદ્રવ્યથી ઉત્પન્ન થતું નથી તથા મૂર્ત્તદ્રવ્યથી સ્ખલિત થતું નથી. આ રીતે અહીં ઊહાપોહ કરવો.

## ❀ સાધુગુણ કથંચિત્ મૂર્ત્ત : વિશેષાવશ્યકવૃત્તિ ❀

**(प्रकृते.)** પ્રસ્તુતમાં **વિશેષાવશ્યકભાષ્યની મલધારવ્યાખ્યા**નો એક સંદર્ભ પણ અનુસંધાન કરવા યોગ્ય

---

1. मूर्त्तमिह मतिज्ञानं मूर्त्तिमद्द्रव्येण जनितं यस्मात्। यदि न हि मूर्त्तं ज्ञानं ततः (तर्हि) कथं स्खलितं हि मूर्त्तेन?।।

सिद्धगुणास्तु नैवम्। ततो विशेषेण तेऽमूर्त्ता एव" (वि.आ.भा.३२७८ वृ.) इति **विशेषावश्यकभाष्य-मलधारवृत्ति**वचनमप्यनुसन्धेयम्।

उपलक्षणाद् वेदनाजनकत्वात् कर्म अपि विजातीयगुणारोपाद् वेदना प्रोच्यते। इदमेवाभिप्रेत्य **भगवत्यां** [1]"कम्म वेदणा" (भ.सू.७/३/२७९) इत्युक्तम्। 'कर्म वेदना' इति कथनं स्वविजातीयपर्याये विजातीयगुणोपचारोऽसद्भूतव्यवहार इति भावः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'मतिज्ञानं मूर्त्तमि'त्युक्त्या तस्मिन्नैव परिपूर्णं स्वाऽऽधिपत्यं वर्तते इत्युपदर्शितम्। व्यवधानाऽतिदूरत्वाऽतिसामीप्याऽतिसादृश्यादिना तत् परिस्खलत्यपि। अत एव व्यापके, सूक्ष्मे, प्रबले चाऽपि स्वकीयमतिज्ञाने नैव निर्भरतया भाव्यम्, न वा तेन मदितव्यम्, अपि तु सततं सोत्साहतया केवलज्ञानोपलब्धयेऽन्तरङ्गापवर्गमार्गगमनोद्यमपरायणता आत्मसात् कार्या। ततश्च [2]"छिंदित्तु जाई-मरणस्स बंधणं उवेइ भिक्खू अपुणागमं गइं" (द.वै.१०/२१) इति **दशवैकालिकसूत्रो**क्ताम् अपुनरावृत्तिं सिद्धिगतिं छिन्नजाति-मरणबन्धनः उपैति।।७/१४।।

---

છે. ત્યાં જણાવેલ છે કે "સાધુ ભગવંતો દેહધારી હોવાથી મૂર્ત્ત છે. મૂર્ત્તના ગુણો મૂર્ત્તદ્રવ્યથી અભિન્ન હોવાથી મૂર્ત્તસાધુના જ્ઞાનાદિ ગુણોને કથંચિત્ મૂર્ત્ત કહી શકાય છે. પરંતુ સિદ્ધ ભગવંતના કેવલજ્ઞાનાદિ ગુણો તો ઉપચારથી પણ મૂર્ત્ત કહેવા શક્ય નથી. તેથી તે વિશેષ રીતે અમૂર્ત્ત જ છે."

### ❖ કર્મ વેદના છે ! ❖

(उपल.) મતિજ્ઞાનને મૂર્ત્ત કહેવાની વાત ઉપલક્ષણરૂપ છે. તેથી 'કર્મ વેદના છે' - આ વચન પણ વિજાતીય અસદ્ભૂત વ્યવહાર તરીકે સમજી શકાય છે. કર્મ વેદનાજનક છે. પુદ્ગલ દ્રવ્યનો પર્યાય કર્મ છે. આત્માનો વિભાવગુણ વેદના છે. પુદ્ગલ દ્રવ્ય જડ છે. આત્મા ચેતન છે. તેથી વિજાતીય દ્રવ્યના ગુણનો કર્મમાં આરોપ કરવાથી કર્મ પણ વેદના કહેવાય છે. આ જ અભિપ્રાયથી **ભગવતીસૂત્ર**માં જણાવેલ છે કે 'કર્મ વેદના છે.' આ કથન વિજાતીય પર્યાયમાં વિજાતીય ગુણનો આરોપ કરનાર અસદ્ભૂત વ્યવહાર ઉપનયસ્વરૂપ છે. આ અહીં તાત્પર્ય સમજવું. કર્મ અને વેદના પણ પરસ્પર વિજાતીય છે.

### ❋ મતિજ્ઞાન ઉપર મુસ્તાક ન બનો ❋

**આધ્યાત્મિક ઉપનય** :- મતિજ્ઞાનને મૂર્ત્ત કહીને 'આત્માનું પરિપૂર્ણ આધિપત્ય તેના ઉપર નથી' - તેવું સૂચિત કરેલ છે. દીવાલ વગેરે વ્યવધાન, અતિદૂરત્વ, અતિસાન્નિધ્ય, અતિસાદૃશ્ય વગેરે પરિબળોથી મતિજ્ઞાન સ્ખલના પણ પામે છે. માટે પોતાનું મતિજ્ઞાન ગમે તેટલું વ્યાપક, સૂક્ષ્મ અને બળવાન દેખાતું હોય તો પણ તેના ઉપર મદાર બાંધ્યા વિના, તેના ઉપર મુસ્તાક બન્યા વિના, કેવલજ્ઞાનની સંપ્રાપ્તિ માટે અંતરંગ પુરુષાર્થને પ્રબળ બનાવવા માટે, આત્મસાત્ કરવા માટે સતત ઉલ્લસિત રહેવું. અંતરંગ પુરુષાર્થને પ્રબળ બનાવ્યા બાદ આત્માર્થી સાધક જન્મ-મરણના બંધનને છેદીને જ્યાંથી સંસારમાં પુનરાવર્તન નથી થતું તેવી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે. આ અંગે **દશવૈકાલિકસૂત્ર**માં જણાવેલ છે કે "જન્મ-મરણના બંધનને છેદીને ભિક્ષુ = સંયમી પુનરાગમનશૂન્ય એવી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે." (૭/૧૪)

---

1. कर्म वेदना। 2. छित्त्वा जाति-मरणयोः बन्धनम्, उपैति भिक्षुः अपुनरागमां गतिम्।

**અસદ્ભૂત *દોઉ ભાંતિ રે, જીવ અજીવનઈં; વિષયજ્ઞાન* જિમ ભાખિઈં એ ॥૭/૧૫॥(૧૦૪)**

દોઉ ભાંતિ સ્વજાતિ♦ વિજાતિ **અસદ્ભૂતવ્યવહાર**✿ કહિયઇં. **જિમ જીવાજીવ વિષય જ્ઞાન** (ભાખિઈં=) કહિયઇં. ઈહાં જીવ જ્ઞાનની સ્વજાતિં છઈં, અનઈં અજીવ વિજાતિ છઈં. એ ૨ નો વિષય-વિષયિભાવ નામઇં ઉપચરિત સંબંધ છઈ, તે સ્વજાતિવિજાત્યસદ્ભૂત કહિયઇં. ૩.

तृतीयमसद्भूतव्यवहारोपनयं निरूपयति – '**स्वे**'ति।

**स्व-परजातिमाश्रित्य तृतीयः स्यादसद्भूतः।**
**जीवाजीवात्मकं ज्ञानं यथा बुद्धौ विभासते।।७/१५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – स्व-परजातिमाश्रित्य तृतीयः असद्भूतः स्यात्। यथा जीवाऽजीवात्मकं ज्ञानं बुद्धौ विभासते।।७/१५।।

**स्व-परजातिम् आश्रित्य तृतीयः असद्भूतः** स्याद् यः स्वजाति-विजातिद्रव्ये स्वगुणारोपात् स्वजातीयविजातीयगुणोपचारोऽसद्भूतव्यवहारः उपनय इत्यभिधीयते। **यथा जीवाऽजीवात्मकं ज्ञानं बुद्धौ** व्यवहारे च **विभासते**। अत्र जीवः ज्ञानजातीयः अजीवश्च ज्ञानविजातीयः। जीवाजीवयोः ज्ञानविषयतया विषय-विषयिभावाभिधानोपचरितसम्बन्धेन ज्ञानं जीवेऽजीवे चारोप्यते।

नव्यन्यायपरिभाषयेत्थमुच्यते जीवाऽजीवविषयकमेकमेव ज्ञानं स्वनिष्ठविषयितानिरूपितविषय-

**અવતરણિકા** :- ત્રણ ભેદવાળા અસદ્ભૂત વ્યવહાર ઉપનયના બે ભેદને જણાવ્યા બાદ હવે ગ્રંથકારશ્રી તેના ત્રીજા ભેદનું પંદરમા શ્લોકમાં નિરૂપણ કરે છે :-

**❈ અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ત્રીજો ભેદ ❈**

**શ્લોકાર્થ** :- સ્વ-પરજાતિની અપેક્ષાએ ત્રીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય થાય છે. જેમ કે જીવ -અજીવ સ્વરૂપ જ્ઞાન બુદ્ધિમાં ભાસે છે. (૭/૧૫)

**વ્યાખ્યાર્થ** :- સ્વજાતિ-પરજાતિને આશ્રયીને ત્રીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય થાય છે કે જે સ્વજાતિ -વિજાતિદ્રવ્યમાં સ્વગુણનો આરોપ કરવાથી સ્વજાતિ-વિજાતિગુણોપચાર અસદ્ભૂત વ્યવહાર ઉપનય નામથી ઓળખાય છે. જેમ કે 'જીવાજીવસ્વરૂપ જ્ઞાન છે' - આ પ્રમાણે બુદ્ધિમાં અને વ્યવહારમાં ભાસે છે તે પ્રસ્તુત અસદ્ભૂત વ્યવહાર સમજવો. અહીં જીવ માટે જ્ઞાન સજાતીય ગુણ છે અને અજીવ માટે જ્ઞાન વિજાતીય ગુણ છે. જીવ અને અજીવ જ્ઞાનનો વિષય હોવાથી વિષય-વિષયિભાવ નામના ઉપચરિત સંબંધથી જીવમાં અને અજીવમાં જ્ઞાનનો આરોપ કરીને કહેવામાં આવે છે કે 'જીવ-અજીવસ્વરૂપ જ્ઞાન છે.'

**❈ જીવાજીવાત્મક જ્ઞાન ❈**

**(નવ્ય.)** નવ્યન્યાયની પરિભાષા મુજબ આ રીતે કહી શકાય છે કે જ્ઞાન વિષયી છે. જીવ-અજીવ વિષય છે. જ્ઞાનમાં રહેલી વિષયિતા અને જીવાજીવનિષ્ઠ વિષયતા પરસ્પર સાપેક્ષ છે, એક-બીજાથી

❖ કો.(૯)માં 'દોઈ' પાઠ. * પુસ્તકોમાં 'ગ્યાન' પાઠ. મો.(૨)માં 'વિષયપાન' પાઠ. કો.(૪)નો પાઠ લીધો છે. ♦ કો.(૧૩)માં '**स्वजात्ये विजात्ये**' પાઠ. ✿ કો.(૧૩)માં '...હારસંબંધ' પાઠ. ♦ P(૨)માં '..જાતિસ..' પાઠ. કો.(૧૩)માં '...જાતિઅસ...' પાઠ.

"**स्वजातीयांशे किं नायं सद्भूतः ? इति चेत् ?,**

तालक्षणेन वृत्त्यनियामकसम्बन्धेन जीवेऽजीवे च युगपद् वर्तते। अत एव जीवेऽजीवे च ज्ञानात्मकं गुणम् आरोप्य 'जीवाजीवौ ज्ञानमि'ति व्यवहारः स्वजातीय-विजातीयद्रव्ये गुणारोपेण स्वजातीय -विजातीयगुणोपचारोऽसद्भूतव्यवहारोपनय उच्यते। तदुक्तम् **आलापपद्धतौ** "स्वजाति-विजात्यसद्भूतव्यवहारः, यथा – ज्ञेये जीवेऽजीवे 'ज्ञानमि'ति कथनम्, ज्ञानस्य विषयत्वाद्" (आ.प.पृ.१०) इति। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** चापि "[1]णेयं जीवमजीवं तं पि य णाणं खु तस्स विसयादो। जो भणइ एरिसत्थं ववहारो सो असब्भूदो।।" (न.च.५७, द्र.स्व.प्र.२२८) इति। ज्ञानस्य आत्मद्रव्यं स्वजातीयं जडद्रव्यञ्च स्वविजातीयम्। ज्ञानं जीवस्य स्वजातीयगुणः अजीवस्य च विजातीयगुणः। जीवाजीवयोः ज्ञानविषयत्वे निरुक्तसम्बन्धेन 'जीवाजीवौ ज्ञानमि'त्यभिधानं स्वजातीय-विजातीयद्रव्ये गुणारोपणात् स्वजातीय -विजातीयगुणोपचारोऽसद्भूतव्यवहार इति भावः।

***अथ*** 'जीवाजीवौ ज्ञानमि'ति व्यवहारः स्वजातीयांशे किं न सद्भूतः ? ***इति चेत्*** ?

નિરૂપિત છે. જ્ઞાનનિષ્ઠવિષયિતાથી નિરૂપિત વિષયતા જીવાજીવમાં રહે છે. તેથી જીવને અને અજીવને વિષય બનાવનાર એક જ જ્ઞાન સ્વનિષ્ઠવિષયિતાનિરૂપિત વિષયતાસ્વરૂપ વૃત્તિઅનિયામક સંબંધથી એકીસાથે જીવમાં અને અજીવમાં રહે છે. આ જ કારણથી જીવમાં અને અજીવમાં જ્ઞાનસ્વરૂપ ગુણનો આરોપ કરીને 'જીવાજીવ જ્ઞાન છે' - આવો વ્યવહાર સ્વજાતીય-વિજાતીયદ્રવ્યમાં ગુણનો આરોપ કરનાર હોવાથી તેને સ્વજાતીય-વિજાતીયગુણનો આરોપ કરનાર અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. તેથી જ **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "સ્વજાતિ-વિજાતિઅસદ્ભૂત વ્યવહાર ત્રીજો ભેદ છે. જેમ કે જ્ઞેય એવા જીવમાં અને અજીવમાં જ્ઞાનનો ઉપચાર કરવો. જ્ઞાનનો વિષય હોવાથી જીવ-અજીવમાં જ્ઞાનનો આરોપ કરવો તે સ્વજાતિ-વિજાતિઅસદ્ભૂત વ્યવહાર ઉપનય તરીકે માન્ય છે." તેથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "જ્ઞેય = જ્ઞાનવિષય જીવ પણ છે અને અજીવ પણ છે. જ્ઞાનનો વિષય હોવાથી જીવાજીવને જે 'જ્ઞાન' કહે છે તે અસદ્ભૂત વ્યવહાર છે." જ્ઞાન માટે જીવદ્રવ્ય એ સ્વજાતીય દ્રવ્ય છે. તથા જડદ્રવ્ય જ્ઞાન માટે વિજાતીય દ્રવ્ય છે. જીવ માટે જ્ઞાન એ સ્વજાતીય ગુણ છે તથા અજીવ માટે જ્ઞાન એ વિજાતીય ગુણ છે. જ્ઞાન વિના જીવ નથી રહેતો તથા જીવ વિના જ્ઞાન નથી રહેતું. માટે જ્ઞાન અને જીવ પરસ્પર સજાતીય છે. જ્યારે જ્ઞાન કદાપિ જડમાં ઉત્પન્ન થતું નથી. તેથી જ્ઞાન નામનો ગુણ અને-જડ દ્રવ્ય પરસ્પર વિજાતીય છે. તેમ છતાં જ્ઞાન જીવને અને અજીવને જાણે છે. આમ જ્ઞાનનો વિષય હોવાથી પૂર્વોક્ત વિષય-વિષયિભાવ સંબંધથી 'જીવ અને અજીવ જ્ઞાન છે' - આમ કહેવું, તે સ્વજાતીય-વિજાતીય દ્રવ્યમાં ગુણનો આરોપ કરવાના લીધે 'સ્વજાતીય -વિજાતીયગુણ ઉપચાર અસદ્ભૂત વ્યવહાર ઉપનય' નામે ઓળખાય છે. આ મુજબ પ્રસ્તુતમાં આશય છે.

**શંકા** :- (अथ.) 'જીવાજીવ જ્ઞાન છે' - આવો આરોપાત્મક વ્યવહાર સજાતીય અંશમાં સદ્ભૂત કેમ ન કહેવાય ? મતલબ કે જ્ઞાન માટે જીવ સજાતીય દ્રવ્ય છે. તેથી સજાતીય દ્રવ્ય અંશમાં ઉપરોક્ત

1. ज्ञेयं जीवमजीवं तदपि च ज्ञानं खलु तस्य विषयात्। यो भणति ईदृशार्थं व्यवहारः सोऽसद्भूतः।।

न,♦ विजातीयांश इव विषयतासंबन्धस्योप☐चरितस्यैवानुभवाद् इति गृहाण।" *इति १०४ गाथार्थः* ॥७/१५॥

**न**, विजातीयांशे इव सजातीयांशेऽपि विषयतासम्बन्धस्य वृत्त्यनियामकत्वेन ज्ञानसमानकालीनत्वेन वा उपचरितस्यैव इदृशे व्यवहारे प्रत्यये चानुभवात्। 'न हि औपचारिकसम्बन्धेन यो यत्र व्यवह्रियते स तत्र मुख्यवृत्त्या बुद्धौ अवभासते' इति- समाधानं गृहाण। ज्ञेय-ज्ञानयोः आधाराधेयभावविकलयोः विषयतासम्बन्ध उपचरित उच्यते। आधाराऽऽधेयभावशालिनोः ज्ञातृ-ज्ञानयोस्तु अपृथग्भावः अनुपचरितः सम्बन्ध उच्यते। ततश्च 'जीवाजीवौ ज्ञानमि'त्यत्र सजातीय-विजातीयज्ञेयांशे ज्ञानस्योपचरितसम्बन्धेन भानात् तादृशव्यवहारे असद्भूतत्वं विज्ञेयम्।

આરોપ સદ્ભૂત વ્યવહાર કહેવો જોઈએ ને ?

### ❊ વિષયતાસંબંધ ઉપચરિત ❊

**સમાધાન** :- (ન.) આ શંકા વ્યાજબી નથી. કારણ કે વિષયતાસંબંધ વૃત્તિઅનિયામક સંબંધ છે. મતલબ કે વિષયતાસંબંધથી આધાર-આધેયભાવની પ્રતીતિ લોકોને થતી નથી. તેથી વિજાતીય અંશની જેમ સજાતીય અંશમાં પણ વિષયતાસંબંધ તો ઉપચરિત જ બને છે. અથવા તો એમ પણ કહી શકાય કે વિષયતા જ્ઞાનસમાનકાલીન હોવાથી ઉપચરિત છે, આરોપિત છે. 'જીવાજીવાત્મક જ્ઞાન છે'- આ પ્રમાણે જે વ્યવહાર અને પ્રતીતિ થાય છે, તેમાં જીવ અને અજીવ બન્ને અંશમાં વિષયતાસંબંધ ઔપચારિક જ અનુભવાય છે. ઉપચરિત સંબંધથી જેનો જ્યાં વ્યવહાર થાય છે તે ત્યાં મુખ્ય વૃત્તિથી રહેલ છે - તેવું કોઈને બુદ્ધિમાં ભાસતું નથી. આ પ્રમાણે ઉપરોક્ત શંકાનું સમાધાન તમારે ગ્રહણ કરવું. આશય એ છે કે જ્ઞેય અને જ્ઞાન વચ્ચે આધાર-આધેયભાવ નથી. તેથી તે બન્ને વચ્ચેનો વિષયતાસંબંધ ઉપચરિત કહેવાય છે. જ્યાં આધાર-આધેયભાવ હોય છે, તેવા જ્ઞાતા અને જ્ઞાન વચ્ચે તો અપૃથગ્ભાવ મુખ્ય સંબંધ કહેવાય છે. તેથી 'જીવાજીવ જ્ઞાન છે' - આવા સ્થળે સજાતીય-વિજાતીય જ્ઞેય અંશમાં જ્ઞાનનો વિષયતાસ્વરૂપ ઉપચરિત સંબંધ દ્વારા બોધ થતો હોવાથી પ્રસ્તુત વ્યવહાર અસદ્ભૂત જ સમજવો.

### ❊ ઉપચરિત સંબંધનો વિચાર ❊

**સ્પષ્ટતા** :- 'घटवद् भूतलं' - આ પ્રમાણે જે પ્રતીતિ થાય છે, તેમાં સંયોગ નામનો અનુપચરિત સંબંધ ભૂતલમાં ભાસે છે. પરંતુ 'न्यायवत् पुस्तकं' - આવા પ્રકારની પ્રતીતિમાં ન્યાય અને પુસ્તક વચ્ચે પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ નામનો ઉપચરિત સંબંધ ભાસે છે. તેમ પ્રસ્તુતમાં જીવાજીવ અને જ્ઞાન વચ્ચે જે વિષય-વિષયિભાવ સ્વરૂપ સંબંધ ભાસે છે, તે ઉપચરિત છે. ઔપચારિક વિષયતા સંબંધથી જ્ઞાનનો જીવાજીવમાં ઉપચાર કરવામાં આવે છે. પ્રસ્તુતમાં વિષયતાસંબંધ ઔપચારિક હોવાથી 'જીવાજીવાત્મક જ્ઞાન છે' - આવા વ્યવહારમાં સજાતીય અંશમાં પણ અસદ્ભૂતપણું જ રહેલ છે - તેવું સિદ્ધ થાય છે.

♦ મો.(૨)માં 'ન' નથી. ☐ કો.(૧૩)માં '...बन्धोप...' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

ज्ञानं दर्शनस्याऽप्युपलक्षणम्। ततश्च 'जीवाजीवौ दर्शनमि'त्यस्याऽप्यत्रैव समावेशः।

ज्ञेये ज्ञानाद्युपचारानभ्युपगमे 'ज्ञानं घटविषयकमेवोत्पन्नं, न तु पटादिविषयकमि'ति नैव ज्ञायेत, ज्ञानस्य पटादेरिव घटादपि व्यावृत्तत्वादिति ज्ञेयादौ ज्ञान-दर्शनोपचारोऽपि सङ्गतः। इदमेवाभिप्रेत्य **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"णो उवयारं कीरइ णाणस्स हु दंसणस्स वा णेए। किह णिच्छित्ती णाणं अण्णेसिं होइ णियमेण ?॥" (न.च.७०, द्र.स्व.प्र.२४१) इति।

इदमत्राकूतम् – यदा घटविषयकं ज्ञानं जायते तदा घटे ज्ञानीयविषयता उपजायते। अतः स्वनिरूपितविषयतासम्बन्धेन ज्ञानं घटे वर्तते। अतो ज्ञानं घटे एवोपचर्यते। अत एव 'विवक्षितज्ञानं घटस्यैव, न पटादेः' इति निश्चीयते। इत्थं यस्मिन् विषयतासम्बन्धेन ज्ञानमुपचर्यते तस्यैव परिच्छेदो ज्ञानाद् भविष्यति, नान्यस्येति सप्रयोजन एवायमुपचारः इति।

---

### ❖ જીવાજીવાત્મક દર્શન : સજાતીય-વિજાતીય આરોપ ❖

(**ज्ञानं.**) ઉપરોક્ત દૃષ્ટાંતમાં 'જ્ઞાન' શબ્દ દર્શનનું પણ ઉપલક્ષણ છે. તેથી 'જીવાજીવસ્વરૂપ દર્શન છે' - આવો વ્યવહાર પણ સજાતીય-વિજાતીય દ્રવ્યમાં સજાતીય-વિજાતીય ગુણનો આરોપ કરનાર અસદ્ભૂત વ્યવહાર સ્વરૂપે જ જાણવો.

[redacted] :- જીવાજીવસ્વરૂપ જ્ઞેય પદાર્થમાં જ્ઞાન, દર્શન વગેરેનો ઉપચાર કરવાની જરૂર શી છે?

### ❁ જ્ઞેયમાં જ્ઞાનનો ઉપચાર સપ્રયોજન ❁

[redacted] :- (**ज्ञेये.**) જીવ-અજીવ વગેરે જ્ઞેય પદાર્થમાં જ્ઞાન, દર્શન વગેરે ગુણોનો આરોપ માન્ય કરવામાં ન આવે તો ઘટજ્ઞાન ઉત્પન્ન થયા બાદ 'મારા આત્મામાં ઘટવિષયક જ જ્ઞાન ઉત્પન્ન થયેલ છે, પટાદિવિષયક નહિ' - આ પ્રમાણેની જાણકારી મળી નહિ શકે. કારણ કે જ્ઞાન તો પટાદિની જેમ ઘટથી પણ વ્યાવૃત્ત જ છે. તેથી જ્ઞાનમાં ઘટવિષયકત્વ છે કે પટાદિવિષયકત્વ છે ? તેનો નિર્ણય થઈ નહિ શકે. તેથી જ્ઞેય અને દૃશ્ય પદાર્થમાં જ્ઞાન, દર્શન વગેરે ગુણોનો ઉપચાર પણ યુક્તિસંગત જ છે. આ જ અભિપ્રાયથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "જો જ્ઞાનનો કે દર્શનનો જ્ઞેય પદાર્થમાં ઉપચાર કરવામાં ન આવે તો 'નિયમા પટભિન્ન ઘટાદિ પદાર્થનું જ્ઞાન ઉત્પન્ન થયું છે' - તેવો નિશ્ચય કઈ રીતે થઈ શકે ?"

### ❖ વિષયતાસંબંધથી જ્ઞાનનો ઉપચાર ❖

(**इद.**) આશય એ છે કે ઘટવિષયક જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે ઘટમાં જ્ઞાનનિરૂપિત વિષયતા પ્રગટે છે, પટમાં નહિ. તેથી સ્વનિરૂપિત વિષયતાસંબંધથી જ્ઞાન ઘટમાં રહેશે. તેથી ઘટમાં જ જ્ઞાનનો ઉપચાર કરવામાં આવે છે. આ જ કારણસર તે જ્ઞાન ઘટનું કહેવાશે, પટાદિનું નહિ. આમ જે જ્ઞેયમાં વિષયતા સંબંધથી જ્ઞાનાદિનો ઉપચાર કરવામાં આવે તે જ જ્ઞેય પદાર્થનો તે જ્ઞાનાદિ દ્વારા બોધ થાય, અન્ય જ્ઞેય પદાર્થનો નહિ. આ પ્રમાણે પ્રસ્તુતમાં ઉપચાર સપ્રયોજન જ છે - તેમ ફલિત થાય છે.

---

1. नो उपचारः क्रियते ज्ञानस्य हि दर्शनस्य वा ज्ञेये। कथं निश्चितिः ज्ञानम् अन्येषां भवति नियमेन ?॥

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ज्ञान-दर्शनात्मक उपयोगः यदा यं पदार्थं स्वविषयीकरोति तदा स तत्स्वरूपः सम्पद्यते, यथा जीवज्ञाने सति ज्ञानं जीवस्वरूपं भवति, वीतरागज्ञाने सति ज्ञानं वीतरागस्वरूपं भवति, रागिज्ञाने च सति ज्ञानं रागिस्वरूपं भवति। तथा यत्स्वरूपं ज्ञानं भवति आत्माऽपि तत्स्वरूपेणैव परिणमति। कलत्र-पुत्रादिगोचरप्रियपरिचयकरणे हि तद्वियोगादिपीडा ध्रुवा। इदमभिप्रेत्य **त्रिषष्टिशलाकापुरुषचरित्रे श्रीसुपार्श्वनाथ**देशनायां "सम्बन्धानात्मनो जन्तुर्यावतः कुरुते प्रियान्। तावन्तो हृदये तस्य जायन्ते शोकशङ्कवः।।" (त्रि.श.च.३/५/१०३) इत्युक्तम्। ततश्च राग-द्वेषादिरूपेण स्वात्मानम् अपरिणमय्य वीतरागतया परिणमनमिच्छता आत्मार्थिना काञ्चन-कामिनी-कामवासना-कीर्त्ति-कायादिगोचरप्रियत्वप्रकारकज्ञाननिमग्नतामपहाय देव-गुर्वादितत्त्वत्रय-ज्ञानादिरत्नत्रयबोध-सम्प्राप्तयेऽहर्निशमादरेण यतितव्यमिति हितोपदेशो ध्वन्यतेऽत्र। तदनुसरणेन च "कल्याणरूपः परमोऽपवर्गः" (अ.त.२/३६) इति **अध्यात्मतत्त्वालोको**क्तः मोक्षः प्रत्यासन्नः स्यात्।।७/१५।।

**❯ જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાનો સંબંધ સમજીએ ❯**

[illegible] :- જ્ઞાન-દર્શનસ્વરૂપ ઉપયોગ જે સમયે જે પદાર્થનું અવગાહન કરે છે તે સમયે તે ઉપયોગ તે સ્વરૂપે બની જાય છે. જેમ કે જીવનું જ્ઞાન થાય તો જ્ઞાન જીવસ્વરૂપ બને, વીતરાગનું જ્ઞાન થાય તો જ્ઞાન વીતરાગસ્વરૂપ બને, રાગીનું જ્ઞાન કરવામાં આવે તો જ્ઞાન રાગીસ્વરૂપ બને છે. તથા જે સ્વરૂપે જ્ઞાન પરિણમે છે, તે સ્વરૂપે જીવ પણ પરિણમે છે. પત્ની, પુત્ર વગેરેનો પ્રિયસ્વરૂપે પરિચય કરવામાં આવે તો તેના વિયોગમાં માનસિક આઘાત-પ્રત્યાઘાતાદિ પીડા નિશ્ચિત સમજવી. આ જ અભિપ્રાયથી **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ શ્રીસુપાર્શ્વનાથ પ્રભુની દેશનાને જણાવવાના અવસરે કહેલ છે કે 'જીવ જેટલા પોતાના સંબંધોને પ્રિય કરે છે, તેટલા શોકના શૂળ તેના હૃદયમાં પેદા થાય છે.' તેથી પોતાના આત્માનું રાગ-દ્વેષાદિરૂપે પરિણમન કર્યા વિના સ્વયં વીતરાગસ્વરૂપે પરિણમી જવા માટે ઝંખનારા સાધકે કંચન-કામિની-કામવાસના-કીર્ત્તિ-કાયા વગેરે સંબંધી પ્રિયપણાની બુદ્ધિમાં ઊંડા ઉતરવાને બદલે પંચપરમેષ્ઠીની, દેવ-ગુરુ આદિ તત્ત્વત્રયની અને જ્ઞાનાદિરત્નત્રયની હાર્દિક જાણકારી મેળવવા માટે રાત-દિવસ અહોભાવપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ - તેવો હિતકારી ઉપદેશ અહીં ધ્વનિત થાય છે. તે ઉપદેશને અનુસરવાથી **અધ્યાત્મતત્ત્વાલોક** ગ્રંથમાં **ન્યાયવિજયજી**એ દર્શાવેલ કલ્યાણસ્વરૂપ પરમ મુક્તિ નજીક આવે. (૭/૧૫)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ પાપનો ઉદય ન થાય તેની સાવધાની રાખે છે.**
  **શ્રદ્ધા પાપનો બંધ ન થાય તેની તકેદારી રાખે છે.**
- **બુદ્ધિને શરીરના નિરીક્ષણની અભિલાષા છે.**
  **શ્રદ્ધાને આત્માના પરીક્ષણની અને સંશોધનની ઝંખના છે.**

**ઉપચરિતાસદ્ભૂત રે, કરિઈં ઉપચારો; જેહ એક ઉપચારથી [ઽ]એ ॥૭/૧૬॥ (૧૦૫)**

**જેહ એક ઉપચારથી** બીજો ઉપચાર જે **કરિઓ**[□], તે **ઉપચરિતાસદ્ભૂત** વ્યવહાર[♦] કહિઈં *છઈ ઇતિ ભાવાર્થ ઇતિ ૧૦૫ ગાથાર્થ.* ॥૭/૧૬॥

द्वितीयोऽसद्भूतव्यवहारोपनयः प्रकारान्तरेण त्रिविधभेदोपदर्शनेन व्याख्यातः। अधुना उपचरिताऽसद्भूतव्यवहाराख्यं तृतीयमुपनयमाह – '**एके**'ति।

**एकोपचारतो यत्र द्वितीयस्तु विधीयते।**
**स तूपचरिताऽभूत-व्यवहारः प्रकथ्यते।।७/१६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यत्र तु एकोपचारतः द्वितीयः (उपचारः) विधीयते सः (उपनयः) तु उपचरिताऽसद्भूतव्यवहारः प्रकथ्यते।।७/१६।।

**यत्र** उपनये **तु एकोपचारतः** = एकमाऽऽरोपं कृत्वा **द्वितीयः** उपचारः सम्बन्धविशेषेण **विधीयते स** उपनयः **तु उपचरिताऽभूतव्यवहारः** = उपचरिताऽसद्भूतव्यवहारोपनयः **प्रकथ्यते**। अयमाशयः – यत्र एक उपचारः कृतः स उपचरित उच्यते। तस्मिन् उपचरितपदार्थे पुनरुपचारेण कथनं हि उपचरिताऽसद्भूतव्यवहारोपनयः उच्यते ।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यथैकमसत्यभाषणमसत्योक्तिशतं भाषयति एका च ममता

---

**અવતરણિકા** :- ગ્રંથકારશ્રીએ ૧૨ થી ૧૫ શ્લોક દ્વારા પ્રસ્તુત સાતમી શાખામાં બીજા અસદ્ભૂત વ્યવહાર સ્વરૂપ ઉપનયનું બીજી રીતે ત્રણ ભેદ બતાવવા દ્વારા નિરૂપણ કર્યું. હવે આ જ શાખાના પ્રથમ શ્લોકમાં નિર્દિષ્ટ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર નામના ત્રીજા ઉપનયનું નિરૂપણ ગ્રંથકારશ્રી કરી રહ્યા છે :-

### ❈ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર : ત્રીજો ઉપનય ❈

**શ્લોકાર્થ** :- જે ઉપનયમાં એક ઉપચાર કરીને બીજો ઉપચાર કરવામાં આવે છે, તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. (૭/૧૬)

**વ્યાખ્યાર્થ** :- જે ઉપનયમાં એક આરોપને કરીને બીજો આરોપ વિશેષ પ્રકારના સંબંધ દ્વારા કરવામાં આવે છે તે ઉપનયને ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય કહેવાય છે. આશય એ છે કે જેમાં એક વાર ઉપચાર થયેલો હોય તે ઉપચરિત પદાર્થ કહેવાય. તથા આ ઉપચરિત પદાર્થમાં ફરીથી અન્ય ઉપચાર કરીને પ્રતિપાદન કરવું તે ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય કહેવામાં આવે છે.

### ❁ આરોપ પરંપરા ન વધારીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- એક જૂઠ સો જૂઠ બોલાવે. એક મમત્વ સેંકડો મમત્વભાવને પેદા કરે. તેમ સાવધાની રાખવામાં ન આવે તો એક આરોપ અનેક આરોપને કરાવે. આ વાતને ધ્યાનમાં રાખી

---

ઽ પુસ્તકોમાં 'રે' પાઠ. લી.(૧)નો પાઠ લીધો છે. □ કો.(૯)માં 'કર્યો' પાઠ. ♦ કો.(૧૩)માં '...હારથી' પાઠ.
*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

ममत्वशतानि जनयति तथा आत्मजागृतिविरहे एक आरोपः नानारोपान् कारयति। इदं तत्त्वं चेतसिकृत्य क्वचिदपि कस्यचिदपि वस्तुनः समारोपणावसरे ममतादिना समारोपपरम्परा यथा न वर्धते तथा जागरितव्यम्। एतद्विशेषस्त्वग्रे स्पष्टीभविष्यति। सकलसमारोपत्यागे [1]"निव्वाणं ति अबाहं ति सिद्धी लोगग्गमेव य। खेमं सिवं अणाबाहं जं तरंति महेसिणो।।" (उत्त.२३/८३) इति **उत्तराध्ययनसूत्रो**क्तिगोचरा वयं स्यामः।।७/१६।।

કોઈ પણ વસ્તુનો ક્યાંય પણ આરોપ કરતી વખતે મમત્વભાવથી તે આરોપની પરંપરા વધી ન જાય તે પ્રકારની સાવધાની પ્રત્યેક સાધકે રાખવી જ રહી. આવો ઉપદેશ અહીં સૂચિત થાય છે. આ અંગે વિશેષ બાબત આગળ (૭/૧૭-૧૮) સમજાવવામાં આવશે. તમામ સમારોપનો ત્યાગ કરવામાં આવે તો નિમ્નોક્ત **ઉત્તરાધ્યયસૂત્ર**ની ગાથાનો વિષય બનવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થાય. તે ગાથાનો અર્થ આવો છે કે 'તે (૧) નિર્વાણ, (૨) અબાધ (પીડાશૂન્ય સ્થળ), (૩) સિદ્ધિ, (૪) લોકાગ્ર, (૫) ક્ષેમ અને (૬) શિવ સ્વરૂપ સ્થાન છે કે જ્યાં મહર્ષિઓ નિરાબાધપણે જાય છે.' (૭/૧૬)

**લખી રાખો ડાયરીમાં.....**

- **સાધના મોક્ષમાર્ગનો માઈલસ્ટોન છે.**
  **ઉપાસના સ્વયં મંજિલ છે.**
- **સાધનાના કેન્દ્રસ્થાને પુદ્ગલનો ત્યાગ છે.**
  **દા.ત. વંકચૂલ.**
  **ઉપાસનાના કેન્દ્રસ્થાને પ્રભુનો રાગ છે.**
  **દા.ત. દર્દુરાંક દેવ.**
- **વાસના સ્વયં વિકૃત-બીભત્સ હોવા છતાં સૌંદર્યનું પ્રદર્શન કરવા લાલચુ છે.**
  **સહજ સૌંદર્યથી પરિપૂર્ણ ઉપાસનાને સાદગીના દર્શનમાં તૃપ્તિ છે.**
- **બુદ્ધિ પુણ્યહીન પ્રત્યે ધિક્કાર રાખે છે.**
  **શ્રદ્ધા ગુણહીન પ્રત્યે પણ કરુણા દાખવે છે.**

1. निर्वाणम् इति, अबाधम् इति, सिद्धिः, लोकाग्रमेव च। क्षेमं शिवम् अनाबाधं यत् तरन्ति महर्षयः।।

**♦તેહ સ્વજાતિં જાણો રે, હું પુત્રાદિક; પુત્રાદિક ✡છઈં માહરા□ એ ॥૭/૧૭॥ (૧૦૬)**

उपचरिताऽसद्भूतव्यवहारभेदानाह – 'स्वे'ति।

**स्व-परोभयजात्याऽस्य त्रयो भेदा विकल्पिताः।**
**'अहं पुत्रो' 'मदीयाश्च पुत्राद्या' आदिमो भवेत्।।७/१७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अस्य स्व-परोभयजात्या त्रयो भेदाः विकल्पिताः। 'पुत्रोऽहम्', 'पुत्राद्याश्च मदीयाः' आदिमो भवेत्।।७/१७।।

**अस्य** उपचरिताऽसद्भूतव्यवहारोपनयस्य **स्व-परोभयजात्या त्रयो भेदाः** = प्रकाराः **विकल्पिताः**। तथाहि – (१) स्वजातीयोपचरिताऽसद्भूतव्यवहारः, (२) विजातीयोपचरिताऽसद्भूतव्यवहारः, (३) स्वजातीय-विजातीयोपचरिताऽसद्भूतव्यवहारश्चेति। उपचरितोपचर्यमाणयोः पदार्थयोः मिथः सजातीयत्वे

[illegible] :- આ શાખામાં પૂર્વે પ્રથમ શ્લોકમાં ઉપનયના ત્રણ ભેદનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. તેમાંથી સદ્ભૂત વ્યવહાર અને અસદ્ભૂત વ્યવહાર નામના બે ઉપનયનું નિરૂપણ થઈ ચૂકેલ છે. હવે ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર નામના ત્રીજા ઉપનયના ભેદોને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**⊛ ત્રીજા ઉપનયના ત્રણ ભેદ ⊛**

[illegible] :- સ્વજાતિ, પરજાતિ અને ઉભયજાતિ - આ ત્રણની અપેક્ષાએ ત્રીજા ઉપનયના ત્રણ પ્રકારો વિશેષરૂપે માન્ય કરાયેલા છે. 'પુત્ર હું છું' અને ' પુત્ર વગેરે મારા છે' - આવો વિકલ્પ પ્રથમ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયસ્વરૂપ બને છે. (૭/૧૭)

[illegible] :- ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર નામના ત્રીજા ઉપનયના ત્રણ પ્રકારો સ્વજાતિ, પરજાતિ અને ઉભયજાતિ - આ ત્રણની અપેક્ષાએ વિશેષરૂપે માન્ય કરાયેલા છે. તે આ રીતે - (૧) સ્વજાતીય ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય, (૨) વિજાતીય ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય અને (૩) સ્વજાતીય-વિજાતીય ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય. અહીં ઉપચરિતપદાર્થ અને અન્ય ઉપચાર કરાઈ રહેલો પદાર્થ - આ બન્ને પરસ્પર સમાન જાતિવાળા હોય તો પ્રથમભેદ થાય. તે બન્ને પદાર્થ પરસ્પર વિજાતીય હોય = જુદી-જુદી જાતિવાળા હોય તો બીજો ભેદ થાય. તથા તે બન્ને પદાર્થ પરસ્પર ઉભયજાતિવાળા હોય ત્યારે તૃતીય પ્રકાર પ્રાપ્ત થાય છે.

**❈ અન્ય પ્રકારે ત્રીજા ઉપનયના ત્રણ ભેદ ❈**

(उपल.) સ્વજાતિ વગેરેની અપેક્ષાએ અહીં ઉપચરિત અસદ્ભૂત વ્યવહારના જે ત્રણ પ્રકાર બતાવવામાં આવેલ છે તે ઉપલક્ષણ છે. અર્થાત્ 'આ ઉપલક્ષણ છે' - એવું કહેવાથી બીજી રીતે પણ પ્રસ્તુત તૃતીય ઉપનયના ત્રણ પ્રકાર પડી શકે છે - તેવું સ્વયં સમજી લેવાનું સૂચન અહીં કરાયેલ છે. બીજી રીતે ત્રીજા ઉપનયના ત્રણ પ્રકાર આ રીતે જાણવા - (૧) સત્યવિષયક ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર, (૨) અસત્યવિષયક ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર અને (૩) સત્યાસત્યવિષયક ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર.

♦ કો.(૪)માં 'તેહ જ' પાઠ. ✡ કો.(૧)માં 'છિ માહરા હું એહનો એ' પાઠ. □ કો.(૧૨)માં 'માહરો' પાઠ.

**તે સ્વજાતિઈ** ❒ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર **જાણો**, જે "**હું પુત્રાદિક**♦", ❋'**માહરા પુત્રાદિક(છઈ)**'❋ ઈમ કહિઈ. ઈહાં "●હું", "માહરા" એહિવું કહેવું પુત્રાદિકનઈં વિષયઈ, તે પુત્રાદિક ઉપચરિયા છઈ,

विजातीयत्वे उभयजातीयत्वे च क्रमश इमे त्रयो भेदाः सम्पद्यन्ते।

उपलक्षणात् सत्याऽसत्योभयविषयत्वेनापि त्रयो भेदा उपचरितासद्भूतव्यवहारस्य ज्ञेयाः। इदमेवाऽभिप्रेत्योक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च "[1]उवयारा उवयारं सच्चासच्चेसु उहयअत्थेसु। सज्जाइइयरमिस्से उवयरिओ कुणइ ववहारो।। (न.च.७१, द्र.स्व.प्र. २४०) [2]देसवई देसत्थो अत्थवणिज्जो तहेव जंपंतो। 'मे देसं' 'मे दव्वं' सच्चासच्चंपि उभयत्थं।।" (न.च.७२, द्र.स्व.प्र.२४१) इति। देशपतेः देशस्वामित्वकथनं सत्यं, देशस्थस्य देशममत्वकथनम् असत्यम्, धनपतेः धनस्वामित्वकथनं सत्याऽसत्यम्, राज्ञोऽपि कथञ्चित् तद्धनस्वामित्वादित्याशयः।

स्वजातीयोपचरिताऽसद्भूतव्यवहारस्योदाहरणमाह – '**पुत्रः अहम्** एव' इति। अत्र हि पुत्रे स्वत्वं व्यवह्रियते। 'अयं पुत्रः अहमेव ज्ञातव्यः, न मद्भिन्न' इति तदाकूतम्। प्रकृते पुत्रव्यक्तौ

આમ બીજી રીતે પણ ઉપચરિત અસદ્ભૂતવ્યવહારના ત્રણ ભેદ જાણવા. આવા જ અભિપ્રાયથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "સત્ય, અસત્ય અને સત્યાસત્ય પદાર્થમાં તથા સ્વજાતીય, વિજાતીય અને સ્વજાતીય-વિજાતીય પદાર્થમાં એક ઉપચાર દ્વારા બીજા ઉપચારનું જે વિધાન કરવામાં આવે, તે ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય કહેવાય. (૧) દેશનો સ્વામી કહે છે કે 'આ દેશ મારો છે.' (૨) દેશમાં રહેલ વ્યક્તિ માલિકીના ભાવથી કહે છે કે 'આ દેશ મારો છે.' અને (૩) જે ધનપતિ હોય છે તે કહે છે કે 'આ ધન મારું છે.' આ કથન ક્રમશઃ સત્ય, અસત્ય અને સત્યાસત્ય એવા ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય સ્વરૂપ છે." દેશનો રાજા પોતાની જાતને દેશનો સ્વામી કહે તે વાત સત્ય છે. પણ તે દેશમાં રહેનાર પ્રજા 'આ દેશ મારો છે' - આવું કહીને પોતાની જાતને દેશના સ્વામી તરીકે દર્શાવે તો તે અસત્ય છે. તથા શ્રીમંત વ્યક્તિ 'આ ધન મારું છે' - એવું કહેવા દ્વારા પોતાને ધનના સ્વામી તરીકે જણાવે છે. તે વાત સત્યાસત્ય = મિશ્રવચન સ્વરૂપ છે. કારણ કે અપેક્ષાએ રાજા પણ શ્રીમંતના ધનનો માલિક છે. પ્રસ્તુત ઉદાહરણમાં આ આશય છે.

### ✥ ત્રીજા ઉપનયનો પ્રથમ ભેદ સમજીએ ✥

(**સ્વ.**) સ્વજાતીય ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર સ્વરૂપ (ત્રીજા ઉપનયના) પ્રથમ ભેદના ઉદાહરણને ગ્રંથકારશ્રી જણાવે છે. 'પુત્ર હું જ છું' - આ પ્રમાણેનો વિકલ્પ ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર નામના ઉપનયનો પ્રથમ પ્રકાર જાણવો. પ્રસ્તુતમાં પુત્રને વિશે સ્વત્વનો = પોતાપણાનો વ્યવહાર થાય છે. કહેવાનો આશય એ છે કે અત્યંત મમતા વગેરેના લીધે 'આ પુત્ર છે, તે હું જ જાણવો. એ મારાથી

❒ P(૧)માં 'ઉપચરિતસંબંધેન અસદ્ભૂત' પાઠ. ♦ પાઠા૦ શાં.માં 'માહરા પુત્રાદિક' નથી. ❋...❋ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૯+૧૨)+ આ.(૧) + લી.(૨+૩) + સિ. + મો.(૨)માં છે. ● પુસ્તકોમાં 'હું' નથી. સિ. + આ.(૧) + મો.(૨) + કો.(૭+૯+૧૨)માં છે. 1. उपचारादुपचारं सत्यासत्येषु उभयार्थेषु। स्वजातीतरमिश्रेषु उपचरितः करोति व्यवहारः।। 2. देशपतिः देशस्थः अर्थपतिर्यः तथैव जल्पन्। 'मम देशो' 'मम द्रव्यं' सत्यासत्यमपि उभयार्थम्।।

તેહસ્યું આત્માનો ❖ભેદાભેદ સંબંધ ઉપચરિઇં છઇં.

पुत्रत्वधर्म उपचरितः वर्तते। उपचरितसम्बन्धेन पुत्रत्ववति तत्र आत्मनः अभेदसम्बन्धः निमित्त-ममत्व-प्रयोजनवशेन उपचर्यते। इत्थं स्वसम्बन्धिपुत्रत्वमुपचर्य अत्र स्वाऽभेदसम्बन्धो योजितः। दृश्यते हि रागान्धतया कामान्धतया वा 'अयमहमेव', 'इयमहमेव' इति पुत्र-पत्नीप्रभृतिषु स्वत्वव्यवहारः। अतः 'पुत्रः अहम्' इत्यादिः विकल्प उपचरितोपचारतया बोध्यः। उपचरितोपचारस्यैवाऽसद्भूतत्व-साधकत्वादस्य उपचरितोपचाराऽसद्भूतव्यवहाररूपता बोध्या। पुत्रत्वप्रमुखस्याऽऽत्मपर्यायरूपतया सजातीयत्वादस्य उपनयस्य स्वजातीयोपचरिताऽसद्भूतव्यवहारत्वमवगन्तव्यम्।

इत्थमेव '**पुत्राद्याः च मदीयाः**' इति उपचारोऽपि **आदिमः** = स्वजातीयोपचरिताऽसद्भूतव्यवहारो **भवेत्**। तदुक्तम् **आलापपद्धतौ** अपि "स्वजात्युपचरिताऽसद्भूतव्यवहारः, यथा – पुत्राद्यहं मम वा पुत्रादि[1]" (आ.प.पृ.१०) इति। पुत्रादिव्यक्तिषु पुत्रत्वप्रभृतिपर्यायमुपचर्य तत्र भेदसम्बन्धेन मदीयत्वोपचारकरणाद् उपचरितोपचारः प्रकृते बोध्यः। पुत्रादिपर्यायाणां आत्मपर्यायत्वेन सजातीयत्वात् स्वजातीयोपचरिता-

ભિન્ન નથી.' આવા અભિપ્રાયથી 'પુત્ર એ હું જ છું' - આવો વ્યવહાર થાય છે. અહીં પુત્ર વ્યક્તિમાં પુત્રત્વધર્મ એ ઉપચરિત છે, કલ્પિત છે. ઉપચરિતસંબંધથી = આરોપિતસંબંધથી પુત્રત્વપર્યાયવિશિષ્ટમાં નિમિત્તવશ કે મમત્વવશ કે પ્રયોજનવશ પોતાના અભેદસંબંધનો ઉપચાર થાય છે. આ રીતે સ્વસંબંધી પુત્રત્વને અહીં ઉપચારથી જોડીને તેમાં પોતાનો અભેદસંબંધ જોડેલ છે. રાગાંધતાથી પુત્રને વિશે સ્વત્વનો ઉપચાર કરીને 'આ હું જ છું', 'મારો દીકરો અને હું કાંઈ જુદા નથી' - એમ બોલતા લોકો દેખાય જ છે. તે જ રીતે કામાંધતાથી પત્નીને વિશે સ્વત્વનો આરોપ કરીને 'આ એ હું જ છું', 'એ અને હું કાંઈ જુદા નથી' - એવો વ્યવહાર જોવા મળે જ છે. આથી 'પુત્ર હું છું' - ઈત્યાદિ વિકલ્પ ઉપચરિત ઉપચાર તરીકે જાણવો. ઉપચરિત પદાર્થમાં થતો પ્રસ્તુત ઉપચાર જ તે વિકલ્પમાં અસદ્ભૂતપણાને સિદ્ધ કરી આપે છે. તેથી 'પુત્ર હું છું' - આ પ્રમાણેનો વિકલ્પ ઉપચરિત ઉપચારસ્વરૂપ અસદ્ભૂતવ્યવહાર જાણવો. પ્રસ્તુતમાં પુત્રત્વ વગેરે આત્મપર્યાયસ્વરૂપ હોવાથી સ્વજાતીય = આત્મજાતીય પર્યાય છે. તેથી તેનો ઉપચાર કરનાર પ્રસ્તુત ઉપનય 'સ્વજાતીય ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર' તરીકે જાણવો.

### ❋ એક ઉપચાર પછી બીજો ઉપચાર ❋

(**इत्थमेव.**) આ જ રીતે 'આ પુત્ર વગેરે મારા છે' - આ પ્રમાણેનો ઉપચાર પણ સ્વજાતીય ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર બને. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર તેને જાણવો. જેમ કે 'પુત્ર, પત્ની વગેરે હું છું' અથવા 'પુત્ર વગેરે મારા છે' - આ પ્રમાણેનો ઉપચાર." પુત્રવ્યક્તિ વગેરેમાં પુત્રત્વ વગેરે પર્યાયનો ઉપચાર કરીને તેમાં ભેદસંબંધથી મારાપણાનો ઉપચાર કરવાથી પ્રસ્તુત વ્યવહાર ઉપચરિત વ્યવહાર સ્વરૂપ સમજવો. એક ઉપચાર કર્યા બાદ, બીજો ઉપચાર જે વ્યવહારમાં થાય, તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર કહેવાય. આ આપણે પાછળના શ્લોકમાં જોઈ ગયા

❖ આ.(૧)માં 'ભેદ' પાઠ. 1. आलापपद्धतिग्रन्थस्य अन्यप्रतौ 'पुत्रदारादि मम' इति पाठः।

*તેહસ્યું આત્માનો ભેદ **स्ववीर्यपरिणामत्वात्**, અભેદસંબંધ પરંપરાહેતુ ઉપચરિત છે.*

सद्भूतव्यवहारत्वमस्योपनयस्यावगन्तव्यम्। 'पुत्रः अहम्' इत्यादौ पुत्रे स्वत्वारोपाद् अभेदसम्बन्धेन उपचारो बोध्यः। 'पुत्रो मम' इत्यादौ च पुत्रे स्वीयत्वारोपाद् भेदसम्बन्धेन उपचारो बोध्यः।

***न चा***ऽत्र भेदस्य पारमार्थिकत्वाद् उपचरितत्वं कथमुच्यते ? इति ***शङ्कनीयम्,***

पुत्रस्य स्ववीर्यपरिणामरूपतया तत्र स्वभेदस्य उपचरितत्वात्।

***न चै***वं 'पुत्रोऽहमि'त्यत्राऽभेदस्य पारमार्थिकत्वं स्यादिति ***वाच्यम्,***

तत्राऽभेदस्याऽप्युपचरितत्वात्, पुत्रं प्रति स्वस्य परम्परया हेतुत्वात्। घटं प्रति दण्डस्य स्वजन्यभ्रमिद्वारा इव पुत्रं प्रति पितुः स्वशरीरजन्यवीर्यव्यापारेण कारणत्वेन तयोः अनुपचरिताऽभेदाऽसम्भवात्।

***अथ*** पुत्रत्वादयः चेद् आत्मपर्यायाः तर्हि कथमसद्भूतत्वमत्रोपनये इति ***चेत्*** ?

છીએ. પુત્ર, પત્ની વગેરે પર્યાયો આત્માના પર્યાયો હોવાથી સજાતીય છે. પણ સજાતીય પુત્ર વગેરે પર્યાયનો પુત્રશરીર વગેરેમાં ઉપચાર કરીને, તેમાં મારાપણાનો આરોપ કરનાર પ્રસ્તુત ઉપનય સ્વજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર સ્વરૂપ જાણવો. 'પુત્ર હું' ઈત્યાદિ સ્થળે પુત્રમાં સ્વત્વનો આરોપ થવાના લીધે અભેદસંબંધથી ઉપચાર જાણવો. તથા 'પુત્ર મારો' વગેરે સ્થળે પુત્રમાં સ્વીયત્વનો આરોપ થવાના લીધે ભેદસંબંધથી ઉપચાર જાણવો. આટલો અહીં બન્ને ઉપચારમાં તફાવત છે - એમ પંડિતોએ જાણવું.

### પિતા પુત્ર વચ્ચે ભેદ-અભેદ ઔપચારિક

**શંકા** :- (न चा.) 'પુત્ર મારો છે' - આ વાક્યમાં છઠ્ઠી વિભક્તિ દ્વારા જે ભેદનું ભાન થાય છે, તે ભેદ તો પારમાર્થિક જ છે. તેથી પુત્રનિષ્ઠ સ્વભેદને ઉપચરિત કઈ રીતે કહી શકાય ?

**સમાધાન** :- (पुत्र.) પુત્ર સ્વવીર્યપરિણામસ્વરૂપ છે. પોતાની ધાતુનો પરિણામ પોતાનાથી સર્વથા ભિન્ન ન હોય. તેથી પુત્રમાં સ્વભેદ ઔપચારિક જ કહેવાય.

**શંકા** :- (न चै.) જો પિતા અને પુત્ર વચ્ચેનો ભેદ ઔપચારિક હોય તો એનો અર્થ એ થયો કે તે બન્ને વચ્ચે પરમાર્થથી અભેદ હશે. બેમાંથી એક તો પારમાર્થિક જ હોય ને ! તેથી 'પુત્ર એ હું જ છું.' અહીં પિતા-પુત્ર વચ્ચે જણાતા અભેદને ઉપચરિત નહિ કહેવાય.

**સમાધાન** :- (तत्रा.) 'આ પુત્ર એ હું જ છું' - આ વાક્યમાં પિતા અને પુત્ર વચ્ચે જે અભેદ જણાય છે તે પણ ઔપચારિક જ છે. કારણ કે પુત્ર પ્રત્યે પિતા પરંપરાસંબંધથી હેતુ છે. જેમ દંડ સ્વજન્ય ચક્રભ્રમિ નામના વ્યાપાર દ્વારા ઘટનું કારણ હોવાથી દંડ અને ઘટ વચ્ચે પારમાર્થિક અભેદ નથી તેમ પિતા સ્વશરીરજન્ય વીર્યસ્વરૂપ વ્યાપાર દ્વારા પુત્રનું કારણ હોવાથી પિતા અને પુત્ર વચ્ચે પણ પારમાર્થિક અભેદ સંભવતો નથી. તેથી 'આ પુત્ર એ હું જ છું' - આ પ્રમાણે જે વ્યવહાર થાય છે તેના દ્વારા જણાતો અભેદ પણ ઔપચારિક જ છે.

**શંકા** :- (अथ.) જો પુત્રત્વ વગેરે ધર્મો આત્માના પર્યાય હોય તો તેનો વ્યવહાર કરનાર પ્રસ્તુત

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે.

પુત્રાદિક તે શરીર[□] આત્મપર્યાયરૂપઇં સ્વજાતિ છઈ, પણિ કલ્પિત છઇ, નહીં તો ▸સ્વશરીરસંબંધ જોડી સંબંધી જોડયા◂ સ્વશરીરજન્ય મત્કુણાદિકનઇં પુત્ર કાં ન કહિયઈં ? ॥૭/૧૭॥

***न,*** जननी-जनकादिसापेक्षत्वेन पुत्रत्वादिपर्यायाणां कल्पितत्वात्।

***न च*** स्वशरीरजन्यत्वाद् पुत्रत्वादिपर्यायाणाम् आत्मन्यनुपचरितत्वमेवेति ***वाच्यम्,***

एवं सति मत्कुण-यूका-कृम्यादीनामपि स्वशरीरजन्यत्वेन स्वपुत्रत्वापत्तेः। तथा च मत्कुणादौ स्वशरीरजन्यत्वसम्बन्धसंयोजनतः 'अयं मम पुत्र' इत्येवम् आत्मसम्बन्धित्वयोजकव्यवहारस्यापि प्रमाणत्वापत्तेरिति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – पित्रादिव्यक्तौ अपि पितृत्वादीनां पर्यायाणां काल्पनिकतया

ઉપનય અસદ્ભૂત કેમ કહેવાય ?

### ❀ નિત્ય આત્મામાં પુત્રત્વ કાલ્પનિક ❀

[redacted] :- (न.) તમારી દલીલ બરાબર નથી. કારણ કે પુત્રત્વ વગેરે માતા-પિતા વગેરેની અપેક્ષાએ ઉત્પન્ન થયેલ છે. તેથી વાસ્તવમાં પુત્રત્વ વગેરે પર્યાયો આત્મામાં કલ્પિત છે. આવા કલ્પિત પુત્રત્વ વગેરે પર્યાયોનો વ્યવહાર કરવાને લીધે પ્રસ્તુત ઉપનય અસદ્ભૂત છે - આમ માનવું જરૂરી છે.

[redacted] :- (न च.) 'આ પુત્ર વગેરે મારા છે' - આવા પ્રકારના વ્યવહારમાં જે પુત્રત્વ વગેરે પર્યાયનું ભાન થાય છે, તે પર્યાયો પોતાના (મા-બાપના) શરીરથી ઉત્પન્ન થાય છે. તેથી સામેના આત્મામાં તે પુત્રત્વ આદિ પર્યાયો ઉપચરિત (= કાલ્પનિક) નહિ પણ વાસ્તવિક જ છે. દા.ત. રામચંદ્રજીના આત્મામાં જે પુત્રત્વ પર્યાય છે તે વાસ્તવિક છે, કાલ્પનિક નહિ. તેથી દશરથ રાજા રામચંદ્રજીને ઉદ્દેશીને 'આ પુત્ર મારો છે' - આ પ્રમાણે જે વ્યવહાર કરે તે વ્યવહારને અનુપચરિત જ માનવો જોઈએ.

### ✾ સ્વશરીરજન્યત્વ પુત્રત્વનિયામક નથી ✾

[redacted] :- (एवं.) પોતાના શરીરથી ઉત્પન્ન થવાના લીધે પુત્રત્વ વગેરે પર્યાયો વાસ્તવિક હોય તો સ્વશરીરજન્ય માંકડ, જૂ, કૃમિ વગેરેને પણ પોતાના પુત્ર માનવાની આપત્તિ આવશે. મતલબ કે દશરથ રાજા સ્વશરીરજન્ય રામચંદ્રજીને ઉદ્દેશીને 'આ પુત્ર મારો છે' - એવો પ્રમાણિક વ્યવહાર કરે છે, તેમ દશરથ રાજા સ્વશરીરજન્ય માંકડ, જૂ, કૃમિ વગેરેને ઉદ્દેશીને પણ 'આ મારા દીકરા છે' - એવો વ્યવહાર કરે તો તેને સાચો માનવાની આપત્તિ દુર્વાર બનશે. રામચંદ્રજીની જેમ માંકડ વગેરેમાં પણ સ્વશરીરજન્યત્વસંબંધને જોડીને તેમાં જ સ્વસંબંધીપણું જોડવાની બાબત તો બન્ને સ્થળે સમાન જ છે. અહીં જે કહેવાયેલ છે, તે માત્ર દિશાસૂચન છે. તે મુજબ આગળ ઘણું વિચારી શકાય છે.

[redacted] :- પરદ્રવ્યની અપેક્ષાએ એક ઉપચાર કરીને, અહીં અન્ય ઉપચાર કરવામાં આવે છે. તેથી તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે.

### ❖ રાગાદિ પરિણામોને તજીએ ❖

[redacted] :- પિતા વગેરે વ્યક્તિમાં પણ પિતૃત્વ વગેરે પર્યાયો કાલ્પનિક છે. તેથી તેમાં

□ ફક્ત B(૨)માં 'શરીર' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત B(૨)માં છે. પુસ્તકાદિમાં નથી. કો.(૧૨)માં તે પાઠ 'કહિયઈં' પછી છે.

तत्र स्वत्व-स्वीयत्वसम्बन्धस्याऽपि काल्पनिकत्वसिद्धेः तत्सम्बन्धमूलकस्नेहराग-कामरागादितः स्वात्मा मुमुक्षुणा मोचयितव्यः। तदर्थं तत्त्वदृष्ट्यवलम्बनेन स्वजातीयोपचरिताऽसद्भूतव्यवहारोपनयजन्यकल्पना-शिल्पविश्रान्तिः कार्या। 'अहमस्य पिता, तस्य पुत्रः, एतस्य पितृव्यः, तस्याश्च पतिः' इत्यादि-व्यवहारविषयीभूताः पितृत्व-पुत्रत्वादिपर्यायाः परमार्थतो नैवात्मनि संतिष्ठन्ते किन्तु लोकव्यवहारा-नुसारेण कल्प्यन्ते। "देहेष्वात्मधिया जाताः पुत्र-भार्यादिकल्पनाः। सम्पत्तिमात्मनस्ताभिर्मन्यते हा हतं जगत्।।" (स.त.१४, स.श.१४) इति **समाधितन्त्र-समाधिशतकयोः** कारिका स्मर्तव्याऽत्र।

क्वचित् पितरौ स्वपुत्रादिदीक्षादौ अन्तरायं प्रकुर्वतः। वस्तुतः तदानीमेतदुपनयदृष्ट्या मदीय-पुत्रत्वादेरुपचरितत्त्वं विज्ञाय 'न वस्तुतो मदीयमिह किञ्चिदपि' इति विमृश्य मोहमपाकृत्य पुत्रादि-हितं कार्यम्। इत्थम् एतादृशकाल्पनिकपर्यायविचारावर्त्तनिमज्जनपरिहारतः स्वात्मनि यथा राग-द्वेषादिमलिनपरिणामप्रवाहो नैव प्रादुर्भवेत् तथा यतितव्यम्। ततश्च "मोक्षः सर्वथाऽष्टविधकर्ममल-वियोगलक्षणः" (आ.नि.१०३/पृ.११० अव.) इति **ज्ञानसागरसूरिभिः आवश्यकनिर्युक्त्यवचूर्णौ** दर्शितः प्रत्यासन्नः स्यात्।।७/१७।।

---

સ્વત્વસંબંધ કે સ્વીયત્વ સંબંધ પણ કાલ્પનિક સિદ્ધ થાય છે. મતલબ કે પિતાના આત્મામાં રહેલું પિતૃત્વ જ જો કાલ્પનિક હોય તો તેમાં 'હું-મારા' પણાની આપણી બુદ્ધિ તો તદ્દન કાલ્પનિક જ કહેવાય ને ! તેથી તે 'હું-મારા' પણાના સંબંધ ઉપર નભનારા સ્નેહરાગ, કામરાગ વગેરેથી મુમુક્ષુએ પોતાનો આત્મા વહેલી તકે છોડાવવો. તે માટે તત્ત્વદૃષ્ટિનું આલંબન લઈને પ્રસ્તુત સજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયની કલ્પનાઓની રચનાથી વિશ્રાન્ત થવું. 'હું તેનો પિતા છું, તેમનો દીકરો છું, તેનો કાકો છું, તેણીનો પતિ છું' - આ પ્રમાણેનો જે વ્યવહાર થાય છે, તેના વિષયભૂત પિતૃત્વ આદિ પર્યાયો વાસ્તવમાં આત્મામાં રહેતા નથી. પરંતુ લોકવ્યવહારના આધારે આત્મામાં તેની કલ્પના કરાય છે. "શરીરોમાં આત્મા તરીકેની (= 'હું'પણાની) બુદ્ધિના કારણે 'મારો પુત્ર, મારી પત્ની'- ઈત્યાદિ કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. તે કલ્પનાઓથી જીવ (પુત્રાદિને) પોતાની સંપત્તિ માને છે. (તે તુચ્છ કલ્પનામાં જ સંપત્તિના દર્શન જીવ કરે છે.) હાય ! આ જગત આમ હણાયેલ છે" - આ **સમાધિતંત્ર**ની અને **સમાધિશતક**ની કારિકા અહીં યાદ કરવી.

(**क्व.**) ક્યારેક પુત્ર-પુત્રી વગેરેને દીક્ષા અપાવવામાં કે ધર્મ કરવામાં મા-બાપ અંતરાય કરતા હોય છે. વાસ્તવમાં આવા અવસરે ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનયને લક્ષમાં રાખીને મા-બાપે વિચારવું જોઈએ કે 'પુત્ર-પુત્રી મારા છે - આ વ્યવહાર ઉપચરિત છે, અસદ્ભૂત છે. વાસ્તવમાં તો જગતમાં એક પણ સગા-સ્નેહી મારા નથી' - આવી વિચારણાથી પોતાનો મોહ દૂર કરીને પુત્ર-પુત્રીનું સાચું હિત કરવું જોઈએ. આ રીતે પિતૃત્વ-માતૃત્વ વગેરે જે પર્યાયો વાસ્તવિક ન હોય પણ કાલ્પનિક હોય તેના વિચારવમળમાં સતત ખોવાયેલા રહીને આપણા આત્મામાં રાગ-દ્વેષાદિ મલિન પરિણામોનો પ્રવાહ ઉત્પન્ન ન થઈ જાય તેની કાળજી રાખવી. તેનાથી **આવશ્યકનિર્યુક્તિઅવચૂર્ણિ**માં **શ્રીજ્ઞાનસાગરસૂરિ**એ દર્શાવેલ આઠ કર્મમલનો સર્વથા વિયોગ થવા સ્વરૂપ મોક્ષ નજીક આવે. (૭/૧૭)

**વિજાતિથી તે જાણો રે, વસ્ત્રાદિક મુઝ; ગઢ-દેશાદિક ઉભયથી એ ॥૭/૧૮॥ (૧૦૭)**

**વિજાત્યુપચરિતાસદ્ભૂત** વ્યવહાર **તે** (**જાણો**+) કહિઇં, જે "(**મુઝ**=) માહરાં **વસ્ત્રાદિક**" ઈમ કહિયઇં.

---

पुत्रादिपर्याये स्वजातीयपर्यायारोपणात्मकं प्रथमम् उपचरिताऽसद्भूतव्यवहारोपनयं निरूप्य उपचरिताऽसद्भूतव्यवहारस्य द्वितीय-तृतीयप्रकारौ विवृणोति – '**वस्त्रे**'ति।

**'वस्त्राणि मे' विजात्योपचरिताऽभूत इष्यते।**

**'वप्र-देशादिकं मे' स्यादुभयाऽऽरोपतस्तथा।।७/१८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – 'वस्त्राणि मे' (इति उपचारः) विजात्या उपचरिताऽभूतः इष्यते। तथा 'वप्र-देशादिकं मे' (इति विकल्पः) उभयारोपतः स्यात्।।७/१८।।

'**वस्त्राणि मे**' इति उपचारः **विजात्या** = वैजात्येन **उपचरिताऽभूतः** = उपचरिताऽसद्भूत-व्यवहार **इष्यते**। अत्र पुद्गलपर्याये वस्त्रत्वादिकं कल्पितम्। कल्पितवस्त्रादिनामसु वस्त्रादिषु स्वीयत्वमुपचर्यते। उपचरिते भेदसम्बन्धेनाऽन्योपचारकरणादस्य उपचरितोपचारता विज्ञेया। वस्त्रादीनां पुद्गलपर्यायरूपतया नाऽऽत्मसाजात्यम् इति विजातीयोपचरितोपचारोऽयमुच्यते।

परमार्थत आत्मनः स्वामित्वं स्वगुण-पर्यायेष्वेव, न तु वस्त्रादिषु। न ह्यन्यद्रव्यपर्यायेऽपरद्रव्य-

---

**અવતરણિકા** :- પુત્રાદિસ્વરૂપ પર્યાયમાં સ્વજાતીય પર્યાયનો આરોપ કરવા સ્વરૂપ પ્રથમ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર નામના ઉપનયનું નિરૂપણ કર્યા બાદ ગ્રંથકારશ્રી બીજા અને ત્રીજા પ્રકારના ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનું નિરૂપણ કરે છે :-

**શ્લોકાર્થ** :- 'મારા વસ્ત્ર'- આ પ્રમાણેનો વ્યવહાર વિજાતિથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય છે. તથા 'કિલ્લો, દેશ વગેરે મારા છે' - આ પ્રમાણેનો વ્યવહાર ઉભય આરોપથી માન્ય છે. (૭/૧૮)

**✱ ત્રીજા ઉપનયના બીજા ભેદને સમજીએ ✱**

**વ્યાખ્યાર્થ** :- 'આ મારા વસ્ત્ર છે' - આ પ્રમાણેનો ઉપચાર વિજાતીયની અપેક્ષાએ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય છે. પ્રસ્તુતમાં વસ્ત્રત્વ વગેરે પર્યાયો પુદ્ગલ દ્રવ્યના કલ્પિત પર્યાયો છે. જેને વિશે વસ્ત્ર વગેરે નામની કલ્પના કરવામાં આવેલ છે તે વસ્ત્રાદિસ્વરૂપ પૌદ્ગલિક પર્યાયોમાં પોતાપણાનો ઉપચાર કરીને 'વસ્ત્રાદિ મારા છે' - આમ કહેવાય છે. આમ કાલ્પનિક = ઔપચારિક = ઉપચરિત વસ્ત્રાદિમાં પોતાપણાનો ભેદસંબંધથી બીજો ઉપચાર થવાથી આ ઉપચરિત ઉપચાર જાણવો. તથા તે પર્યાયો આત્મા માટે સજાતીય નથી, પરંતુ વિજાતીય છે. તેથી વસ્ત્રસંબંધી મારાપણાનો વ્યવહાર એ વિજાતીય ઉપચરિત ઉપચાર કહેવાય છે.

**✱ આત્મા સ્વગુણ-પર્યાયનો જ સ્વામી ✱**

(**परमा.**) વાસ્તવમાં આત્માની માલિકી તો પોતાના જ ગુણોમાં અને પર્યાયોમાં છે, વસ્ત્ર વગેરેમાં નહિ. વસ્ત્રાદિસ્વરૂપ પુદ્ગલપર્યાયમાં આત્માની માલિકી છે જ નહિ. એક દ્રવ્યના પર્યાયમાં અન્ય દ્રવ્યનું સ્વામિત્વ ન હોય. પરદ્રવ્યના પર્યાયમાં આત્માની પોતાની માલિકી કઈ રીતે હોઈ શકે ? તેથી વસ્ત્ર

स्वामित्वं सम्भवति। अतः तत् तेषु असद्भूतमिति 'वस्त्राणि मे' इति उपचारः विजातीयोपचरिताऽसद्भूतव्यवहारोपनय इति कथ्यते। तदुक्तम् **आलापपद्धतौ** "विजात्युपचरितासद्भूतव्यवहारः, यथा – वस्त्राऽऽभरण-हेम-रत्नादि मम" (आ.प.पृ.११) इति। तदुक्तं **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"आहरण-हेम-रयणं वच्छादीया ममेति जप्पंतो। उवयरिय-असब्भूओ विजाइ दव्वेसु णायव्वो।।" (न.च.७४, द्र.स्व.प्र.२४३) इति। एतादृशमत्यभिनिवेशाद् मिथ्यात्वदार्ढ्यं भवति। तदुक्तं **योगसारप्राभृते अमितगतिना** "मयीदं कार्मणं द्रव्यं कारणेऽत्र भवाम्यहम्। यावदेषाऽमतिस्तावन्मिथ्यात्वं न निवर्तते।।" (यो.सा.प्रा.३/५)।

***ननु*** नाम-स्थापना-द्रव्य-भावभेदेन वस्त्रादीनि चतुर्धा भवन्ति। न च चतुर्विधानामेतेषामौदारिकादि-पुद्गलपर्यायरूपता समस्ति, आगमतो भाववस्त्रादीनां वस्त्राद्युपयोगाश्रयरूपत्वेन ज्ञातृस्वरूपत्वात्, सूक्ष्मदृष्ट्या च वस्त्राद्युपयोगरूपत्वेनाऽऽत्मगुणस्वरूपत्वात्। तत्कथं वस्त्रादीनां पुद्गलपर्यायरूपता, येन विजातीयोपचरिताऽसद्भूतव्यवहारोपनयरूपता 'मम वस्त्राणि' इति प्रयोगस्य स्यादिति ***चेत्*** ?

વગેરે પૌદ્ગલિક પર્યાયોમાં જીવને પ્રતીત થતું મારાપણું અસદ્ભૂત = કાલ્પનિક છે. તેથી 'આ મારા વસ્ત્રો છે' - તે પ્રમાણેનો ઉપચાર પ્રસ્તુતમાં વિજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારને ત્રીજા ઉપનયનો બીજો ભેદ જાણવો. જેમ કે 'વસ્ત્ર, આભૂષણ, સોનું, રત્ન વગેરે મારા છે' - આ પ્રમાણેનો વ્યવહાર." **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "પ્રસ્તુતમાં, 'આભૂષણ, સોનું, રત્ન અને વસ્ત્ર વગેરે મારા છે' - આવું કથન વિજાતીય દ્રવ્યમાં ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય તરીકે જાણવા યોગ્ય છે." આવા પ્રકારની બુદ્ધિની પક્કડ આવવાથી મિથ્યાત્વ દૃઢ બને છે. તેથી જ **અમિતગતિ** દિગંબરે **યોગસારપ્રાભૃત**માં જણાવેલ છે કે "મારામાં આ કાર્મણ દ્રવ્ય રહેલું છે. આ કામ કરવામાં હું અધિકારી થાઉં છું - આવી દુર્બુદ્ધિ જ્યાં સુધી છે, ત્યાં સુધી મિથ્યાત્વ દૂર થતું નથી."

## ● વસ્ત્ર કેવલ પુદ્ગલપર્યાયસ્વરૂપ નથી ●

**પૂર્વપક્ષ** :- (ननु.) નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ - આ પ્રમાણે દરેક પદાર્થના ઓછામાં ઓછા ચાર નિક્ષેપ (=પ્રકાર) પડે છે. તેથી વસ્ત્ર, આભૂષણ વગેરેના પ્રસ્તુતમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપે ચાર નિક્ષેપ (=ભેદ) થશે. જેમ કે (૧) નામવસ્ત્રાદિ, (૨) સ્થાપનાવસ્ત્રાદિ, (૩) દ્રવ્યવસ્ત્રાદિ અને (૪) ભાવવસ્ત્રાદિ. પરંતુ નામાદિ ચારેય પ્રકારના વસ્ત્રાદિ ઔદારિક આદિ પુદ્ગલના પર્યાય સ્વરૂપ બને તેવું સંભવિત નથી. કારણ કે **અનુયોગદ્વારસૂત્ર**ની પરિભાષા મુજબ વસ્ત્ર આદિના ઉપયોગવંત જ્ઞાતા (= જ્ઞાયક જીવદ્રવ્ય) આગમથી ભાવવસ્ત્ર આદિ તરીકે માન્ય છે. તથા સૂક્ષ્મ દૃષ્ટિથી તો આગમથી ભાવવસ્ત્ર વગેરે વસ્ત્રાદિના ઉપયોગસ્વરૂપ છે. તથા જ્ઞાનાદિઉપયોગ તો આત્માનો ગુણ છે. તેથી આગમથી ભાવવસ્ત્ર આદિ આત્મગુણ સ્વરૂપ બનશે, પુદ્ગલપર્યાય સ્વરૂપ નહિ. દ્રવ્યવસ્ત્ર વગેરે પુદ્ગલના પર્યાય સ્વરૂપ હોવા છતાં પણ નામાદિ ચારેય પ્રકારના વસ્ત્રાદિ પુદ્ગલપર્યાયસ્વરૂપ નથી કે જેના લીધે 'આ મારાં વસ્ત્ર છે' - એવા પ્રકારનો વાક્યપ્રયોગ વિજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય સ્વરૂપ બની શકે.

1. आभरण-हेम-रत्नानि वस्त्रादीनि ममेति जल्पन्। उपचरिताऽसद्भूतो विजातिद्रव्येषु ज्ञातव्यः।।

***मैवम्***, नामादिवस्त्राणां शरीराऽऽच्छादनाद्यर्थक्रियाकारित्वविरहेण, प्रामाणिकलोकव्यवहारानुपयोगित्वेन, निष्प्रयोजनत्वेन चेह स्वीकाराऽनौचित्यात्, स्वीकारेऽपि वा कल्पितत्वात्।

न हि नामवस्त्रादि, स्थापनावस्त्रादि, आगमतो द्रव्यवस्त्रादि, नोआगमतो वा ज्ञशरीर -भव्यशरीर-तद्व्यतिरिक्तद्रव्यवस्त्रादि, आगमतो भाववस्त्रादि वा विद्वज्जनप्रसिद्धवस्त्रत्त्वादिरूपेण परमार्थतोऽस्ति किन्तु नोआगमतो भाववस्त्रादिकमेव वस्त्रत्त्वादिना व्यवहर्तव्यतया प्रकृतेऽभिमतम्। न हि वस्त्रादिक्रयणाय प्रस्थितः पुमान् नामवस्त्रादि, स्थापनावस्त्रादि, द्रव्यवस्त्रादि वा क्रीणाति। द्रव्यवस्त्रादेरपि वस्त्रत्त्वे कर्पास-तन्तु-वल्कलादेरपि वस्त्रत्वादिना प्रामाणिकव्यवहारः प्रसज्येत।

### ❋ નામ-સ્થાપનાદિ વસ્ત્રો પ્રસ્તુતમાં અનુપયોગી ❋

[illegible] :- (**मैव.**) તમારી વાત બરોબર નથી. કારણ કે નામાદિ વસ્ત્રો શરીરઆચ્છાદન વગેરે ક્રિયા કરી શકતા નથી. તથા પ્રામાણિક લોકવ્યવહારમાં ઉપયોગી નથી. તદુપરાંત, નામાદિ વસ્ત્રોથી કોઈ પ્રયોજન સરતું નથી. તેથી નામવસ્ત્ર વગેરેનો સ્વીકાર કરવો પ્રસ્તુતમાં ઉચિત નથી. કદાચ નામાદિ વસ્ત્રનો સ્વીકાર કરી લેવામાં આવે તો પણ તે કલ્પિત જ છે, વાસ્તવિક નહિ. (અહીં નામાદિ વસ્ત્રો આ રીતે સમજવા. (૧) 'વસ્ત્ર' આવું નામ એટલે નામવસ્ત્ર. અથવા કોઈક વ્યક્તિનું કે વસ્તુનું 'વસ્ત્ર' એવું નામ પાડવામાં આવે તો તે વ્યક્તિ કે વસ્તુ પણ નામવસ્ત્ર કહેવાય. (૨) વસ્ત્રની આકૃતિ-ચિત્ર એટલે સ્થાપનાવસ્ત્ર. (૩) દ્રવ્યવસ્ત્રના બે ભેદ છે, આગમથી દ્રવ્યવસ્ત્ર અને નોઆગમથી દ્રવ્યવસ્ત્ર. વસ્ત્રને જાણનાર વ્યક્તિ વર્તમાનમાં વસ્ત્રઉપયોગ વગરની હોય તો તે વ્યક્તિ એટલે આગમથી દ્રવ્યવસ્ત્ર. નોઆગમથી દ્રવ્યવસ્ત્રના ત્રણ ભેદ છે. (ક) જ્ઞશરીર દ્રવ્યવસ્ત્ર, (ખ) ભવ્યશરીર દ્રવ્યવસ્ત્ર અને (ગ) તદ્વ્યતિરિક્ત દ્રવ્યવસ્ત્ર. જે વ્યક્તિ વસ્ત્રના સ્વરૂપને જાણી અને મૃત્યુ પામી હોય તેનો મૃતદેહ એટલે નોઆગમથી જ્ઞશરીર દ્રવ્યવસ્ત્ર. જે માણસ વર્તમાનમાં વસ્ત્રને ન જાણવા છતાં ભવિષ્યમાં વસ્ત્રનો જાણકાર બનવાનો હોય તેને નોઆગમથી ભવ્યશરીર દ્રવ્યવસ્ત્ર કહેવાય. તથા વસ્ત્રરૂપે પરિણમનારા તંતુઓ એટલે નોઆગમથી તદ્વ્યતિરિક્ત વસ્ત્ર. (૪) ભાવવસ્ત્રના બે ભેદ છે. આગમથી ભાવવસ્ત્ર અને નોઆગમથી ભાવવસ્ત્ર. વર્તમાનમાં વસ્ત્રના ઉપયોગવંત જ્ઞાતા કે તથાવિધ જ્ઞાનાદિઉપયોગ એટલે આગમથી ભાવવસ્ત્ર. શરીરઆચ્છાદન આદિ અર્થક્રિયા કરવા માટે સમર્થ તંતુનિર્મિત વસ્ત્ર એટલે નોઆગમથી ભાવવસ્ત્ર.)

(**न हि.**) નામવસ્ત્ર, સ્થાપનાવસ્ત્ર, આગમથી દ્રવ્યવસ્ત્ર, નોઆગમથી જ્ઞશરીર-ભવ્યશરીર-તદ્વ્યતિરિક્ત દ્રવ્યવસ્ત્ર કે આગમથી ભાવવસ્ત્ર વગેરેમાં પ્રસિદ્ધ વસ્ત્રત્વ વગેરે જાતિ રહેતી નથી. આથી તથાવિધ વસ્ત્રત્વ વગેરે જાતિરૂપે નામ-સ્થાપના-દ્રવ્ય વસ્ત્ર વગેરે પરમાર્થથી વિશ્વમાં નથી. તે અપેક્ષાએ નામાદિ વસ્ત્ર કાલ્પનિક છે. ફક્ત નોઆગમથી ભાવવસ્ત્ર વગેરે જ વસ્ત્રત્વાદિરૂપે અહીં વ્યવહાર કરવા યોગ્ય તરીકે અભિપ્રેત છે. તેથી જ વસ્ત્ર વગેરેની ખરીદી કરવા નીકળેલો માણસ નામવસ્ત્ર, સ્થાપનાવસ્ત્ર કે દ્રવ્યવસ્ત્ર વગેરેની ખરીદી કરતો નથી. પરંતુ નોઆગમથી ભાવવસ્ત્ર સ્વરૂપે જે પ્રસિદ્ધ હોય તેને જ ખરીદે છે. જો દ્રવ્યવસ્ત્ર વગેરે પણ વસ્ત્રરૂપે પારમાર્થિક હોય તો કપાસ, તંતુ, વૃક્ષની છાલ (=વલ્કલ) વગેરેનો પણ વસ્ત્રસ્વરૂપે કોઈ વ્યવહાર કરે તો તેવા વ્યવહારને પ્રામાણિક માનવાની આપત્તિ આવે. કારણ કે કપાસ વગેરેમાં પણ ભવિષ્યમાં વસ્ત્રરૂપે પરિણમવાની યોગ્યતા વર્તમાનકાળે રહેલી છે જ.

ઈહાં વસ્ત્રાદિક પુદ્ગલના♦ પર્યાય⁑ નામાદિ ભેદઈ* કલ્પિત છઈ, નહીં તો વલ્કલાદિક શરીરાચ્છાદક વસ્ત્ર કાં ન કહિયઇં? તેહ✿ વિજાતિમાં સ્વસંબંધ♦ ઉપચરિત□ છઈ.

***एतेन*** यत्रैव शरीराच्छादकत्वादि तत्रैवास्तु वस्त्रत्वादिकमित्यनुपचरितमेव नोआगमतो भाववस्त्रादौ तदित्यपि ***निरस्तम्***,

वल्कल-कदलीपर्ण-तृणविशेषादेरपि शरीराऽऽच्छादकत्वाऽविशेषाद् वस्त्रत्वादिना क्रयविक्रयादि-व्यवहारापत्तेः। अतः नोआगमतो भाववस्त्रादिकमपि वस्त्रत्वादिना औपचारिकमेव स्वीकर्तव्यम्। इत्थं परमार्थतो नाम-स्थापना-द्रव्य-भावभेदेन पुद्गलपर्यायात्मकं वस्त्रादिकमौपचारिकमेव। ततो वस्त्रा-दीनां कल्पितपुद्गलपर्यायविशेषरूपतया तत्र स्वीयत्वसम्बन्धोपचारकरणे विजातीयोपचरिताऽसद्भूत-

**શંકા** :- (एतेन.) સારું, તો પછી જે વસ્તુમાં શરીરને ઢાંકવાનું સામર્થ્ય હોય તેમાં જ વસ્ત્રત્વ વગેરે જાતિ માનો. નોઆગમથી ભાવવસ્ત્ર (લોકપ્રસિદ્ધ કપડા) વગેરે જ તેવા છે. કપાસ કે તંતુ વગેરે શરીરનું આચ્છાદન કરવા માટે સમર્થ નથી. તેથી કપાસ વગેરેમાં વસ્ત્રત્વ જાતિ નહિ રહે. તેથી કપાસ વગેરે દ્રવ્યવસ્ત્રનો કે નામવસ્ત્રનો કે સ્થાપનાવસ્ત્રનો વસ્ત્ર તરીકે કોઈ વ્યવહાર કરે તો તેવા વ્યવહારને પ્રામાણિક માનવાની આપત્તિને અહીં અવકાશ નથી. વસ્ત્રત્વશૂન્યમાં વસ્ત્ર તરીકેનો વ્યવહાર ઉન્મત્ત માણસ સિવાય બીજો કોણ કરે ? આ રીતે શરીરાચ્છાદકત્વરૂપ વસ્ત્રત્વ તો અનુપચરિત = તાત્ત્વિક જ બનશે ને ?

### શરીરઆચ્છાદકને પણ વસ્ત્ર ન કહેવાય

**સમાધાન** :- (वल्क.) ના, શરીરનું આચ્છાદન કરવામાં સમર્થ વસ્તુમાં વસ્ત્રત્વ જાતિનો સ્વીકાર કરવાની વાત પણ વ્યાજબી નથી. કારણ કે શાલ, ચાદર, પટ વગેરે વસ્ત્ર જેમ શરીરનું આચ્છાદન કરવા માટે સમર્થ છે તેમ વૃક્ષની છાલ, કેળાના વૃક્ષના પાંદડા, વિશેષ પ્રકારનું વિશાળ ઘાસ વગેરે પણ શરીરનું આચ્છાદન કરવા માટે સમર્થ છે. તેથી વસ્ત્રને ખરીદવા કે વેચવા માટે નીકળેલ માણસ વૃક્ષની છાલ વગેરેને પણ વસ્ત્રરૂપે ખરીદવાનું કે વેચવાનું કાર્ય કરે તો તેવા વ્યવહારને પણ પ્રામાણિક માનવાની આપત્તિ આવશે. પરંતુ વસ્ત્રનો ક્રય-વિક્રય કરવા માટે નીકળેલો માણસ શરીરઆચ્છાદનસમર્થ વૃક્ષછાલ વગેરેનો ક્રય-વિક્રય કરતો નથી. તેથી માનવું જોઈએ કે નોઆગમથી ભાવવસ્ત્ર સ્વરૂપ પદાર્થ પણ વસ્ત્રસ્વરૂપે ઔપચારિક = કલ્પિત જ છે. શાલ, ચાદર વગેરે જે વસ્તુ નોઆગમથી ભાવવસ્ત્ર સ્વરૂપે પ્રસિદ્ધ છે તે તો પુદ્ગલ દ્રવ્યનો એક પ્રકારનો પર્યાય જ છે. આમ સિદ્ધ થાય છે કે નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ - આ ચાર ભેદથી પૌદ્ગલિક પર્યાયસ્વરૂપ વસ્ત્ર વગેરે પરમાર્થથી તો ઔપચારિક જ છે, વાસ્તવિક નહિ. તેથી ઉપચરિત પૌદ્ગલિક પર્યાય સ્વરૂપ વસ્ત્રાદિ વસ્તુમાં મારાપણાનો (= માલિકીનો) સંબંધ આરોપિત કરવો, તે ઉપચરિતમાં અન્ય વિજાતીયતત્ત્વનો ઉપચાર કરવા સ્વરૂપ હોવાથી વિજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય તરીકે જ માનવો જોઈએ - તેવું ફલિત થાય છે.

♦ પુસ્તકોમાં 'પુદ્ગલ પર્યાય' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે. ⁑ કો.(૧૩)માં 'પર્યાયમાંહિ' પાઠ. *. મ.માં 'ભેદ' પાઠ. કો.(૭)નો પાઠ લીધો છે. ✿ કો.(૧૩)માં 'તેહને' પાઠ. ♦ કો.(૧૩)માં 'સ્વસંબંધે' પાઠ. □ પુસ્તકોમાં 'ઉપચરિઈ' પાઠ. લા.(૨)નો પાઠ લીધો છે.

"**માહરા ગઢ, દેશ** પ્રમુખ (=**આદિક**) છઈ" - ઈમ કહતાં (**ઉભયથી**=) સ્વજાતિ-વિજાત્યુપચરિતાસદ્ભૂત વ્યવહાર કહિઈ. જે માટઈં ગઢ = કોટ□, દેશાદિક જીવ-અજીવ ઉભય સમુદાયરૂપ છઈ.॥૭/૧૮॥ (૧૦૭)

व्यवहारोपनय एष्टव्य इति फलितम्। साधूनां भाववस्त्रं तु अष्टादश शीलाङ्गसहस्राणीति **बृहत्कल्पभाष्या**नुसारेण (गा.६०४) बोध्यम्।

"वाच्यस्य वाचकं नाम, प्रतिमा स्थापना मता। गुण-पर्यायवद् द्रव्यम्, भावः स्याद् गुण-पर्ययौ।।" "लक्षणं नाम विज्ञेयम्, स्थापनाऽत्रोपलक्षणम्। कारणं स्वीकृतं द्रव्यम्, कार्यं भावतया मतम्।।" इति निक्षेप-चतुष्टयसङ्ग्राहिके कारिके अत्र स्मर्तव्ये। एवं कल्पितविजातीयद्रव्यपर्याये स्वभेदसम्बन्धारोपकारी विजातीयोपचरिताऽसद्भूतव्यवहारः गतः।

स्वजातीय-विजातीयोपचरिताऽसद्भूतव्यवहारमुदाहरति – **तथा 'वप्र-देशादिकं मे'** इति विकल्पः **उभयारोपतः** = स्वसजातीयविजातीयोपचारतः **स्यात्**, वप्र-देशादीनां जड-चेतनोभयसमूहरूपत्वात्।

તથા સાધુઓનું ભાવવસ્ત્ર તો અઢાર હજાર શીલાંગ છે - એમ **બૃહત્કલ્પભાષ્ય** મુજબ જાણવું.

## ❀ ચાર નિક્ષેપનો પરિચય ❀

(**"વાચ્ય.**) ચાર નિક્ષેપનો સંગ્રહ કરનારા બે શ્લોક અહીં યાદ કરવા સ્વરૂપે પરામર્શકર્ણિકામાં જણાવેલ છે. તેનો અર્થ આ મુજબ છે. (૧) વાચ્ય વસ્તુનું જે વાચક = પ્રતિપાદક હોય તેને નામનિક્ષેપ જાણવો. (૨) પ્રતિમા સ્થાપનાનિક્ષેપ તરીકે માન્ય છે. (૩) ગુણ-પર્યાય જેમાં રહે તે દ્રવ્યનિક્ષેપ. (૪) તથા ગુણ-પર્યાય ભાવનિક્ષેપરૂપે સંમત છે. બીજી રીતે ચાર નિક્ષેપને ઓળખાવવા માટે કહી શકાય કે - (૧) નામનિક્ષેપને = યૌગિકશબ્દને અહીં લક્ષણપ્રતિપાદક જાણવો. (૨) સ્થાપનાનિક્ષેપને ઉપલક્ષણ (= મુખ્ય વસ્તુના સૂચકરૂપે/સ્મારકસ્વરૂપે) સમજવો. (૩) ઉપાદાનકારણને દ્રવ્યનિક્ષેપરૂપે સ્વીકારવું. તથા (૪) કાર્ય ભાવનિક્ષેપ તરીકે માન્ય છે.' આ રીતે કલ્પિત વિજાતીય દ્રવ્યના પર્યાયમાં સ્વસંબંધનો = સ્વભેદસંબંધનો = સ્વીયત્વનો આરોપ કરનાર વિજાતીય ઉપચરિતઅસદ્ભૂત વ્યવહાર નામના (ત્રીજા ઉપનયના બીજા ભેદ સ્વરૂપ) ઉપનયનું નિરૂપણ પૂર્ણ થયું.

## ❀ ત્રીજા ઉપનયના ત્રીજા ભેદને સમજીએ ❀

(**સ્વજાતીય.**) ત્રીજા ઉપનયના ત્રીજા ભેદ સ્વરૂપ સ્વજાતીય-વિજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનું ઉદાહરણ ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા દેખાડે છે. 'ગઢ, દેશ વગેરે મારા છે' - આ પ્રમાણેનો વિકલ્પ સ્વજાતીય-વિજાતીય ઉપચારની અપેક્ષાએ થાય છે. ગઢ, દેશ વગેરે કેવલ જડ સ્વરૂપ નથી કે કેવલ ચેતન સ્વરૂપ નથી. પરંતુ જડ-ચેતન બન્નેના સમૂહ સ્વરૂપ છે. પૃથ્વી, પત્થર, ઈંટ, મકાન, માણસો વગેરેમાં ગઢત્વ, દેશત્વ ઉપચરિત છે. તેમાં મારાપણાનો = સ્વસ્વામિત્વસંબંધનો ઉપચાર ઉપરોક્ત કથનમાં થાય છે. તેથી તેવા ગઢમાં મારાપણાનો ઉપચાર સ્વજાતીય-વિજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર તરીકે માન્ય કરવો ઉચિત છે. ગઢ, દેશ વગેરે જડ-ચેતન ઉભયના સમૂહ સ્વરૂપ હોવાથી જ રાજગૃહ નગરનું સ્વરૂપ બતાવવાના અવસરે શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમસ્વામીના પ્રશ્નના જવાબમાં રાજગૃહ

□ ફક્ત P(૨)માં જ 'કોટ' છે.

अत एव ***राजगृहनगर***स्वरूपप्रकाशनावसरे **भगवत्यां** "[1]किमिदं भंते ! नगरं रायगिहं ति पवुच्चइ ?, किं पुढवी नगरं रायगिहं ति पवुच्चइ, आउ नगरं रायगिहं ति पवुच्चइ ? जाव वणस्सइ ?... टंका कूडा सेला सिहरी पब्भारा... उज्झर-निज्झर-चिल्लल-पल्लल-वप्पिणा... अगड-तडाग-दह-नदीओ वावि-पुक्खरिणी-दीहिया -गुंजालिया सरा सरपंतियाओ सरसरपंतियाओ बिलपंतीयाओ .... आरामुज्जाणा काणणा वणाइं वणसंडाइं वणराइओ... देवउल-सभा-पवा-थूभा-खातिय-परिखाओ... सिंघाडग-तिग-चउक्क-चच्चर-चउम्मुह-महापहा... देवा देवीओ मणुस्सा मणुस्सीओ तिरिक्खजोणिओ तिरिक्खजोणिणीओ आसण-सयण-खंभ-भंड-सचित्ताचित्तमीसयाइं दव्वाइं नगरं रायगिहं ति पवुच्चइ ?,

---

નગરને સચિત્ત-અચિત્ત-મિશ્ર સ્વરૂપે જણાવેલ છે. **ભગવતીસૂત્ર**નો પ્રબંધ નીચે મુજબ છે.

## ❋ રાજગૃહ નગર સજીવ-નિર્જીવઉભયસ્વરૂપ ❋

:- 'હે ભગવંત ! આ રાજગૃહ નગર શું કહેવાય છે ? શું પૃથ્વી એ રાજગૃહ નગર કહેવાય ? શું પાણી એ રાજગૃહ નગર કહેવાય ? શું અગ્નિ એ રાજગૃહ નગર કહેવાય ? શું વાયુ એ રાજગૃહ નગર કહેવાય ? શું વનસ્પતિ એ રાજગૃહ નગર કહેવાય ?.......જેના શિખરની ટોચ કપાયેલી છે તેવા પર્વતો, શિખરો, શૈલો (= શિખર વિનાના પર્વતો), શિખરવાળા પહાડો, થોડા નમેલા પહાડો એ શું રાજગૃહ નગર કહેવાય ? પર્વતથી પડતાં પાણીના ઝરા, નિર્ઝરો, કચરાવાળા પાણીનું સ્થાન, આનંદદાયક જળસ્થાન, ક્યારાવાળો પ્રદેશ એ શું રાજગૃહ નગર કહેવાય ?...... કૂવા, તળાવ, સરોવર, નદી, ચોખંડી (ચોરસ) વાવડીઓ, ગોળ વાવડીઓ, લાંબી વાવડીઓ, જેમાં ગુંજારવ કરતું પાણી રહેલું છે તેવા જળસ્થાન, જેમાં આપમેળે પાણી પ્રગટ થયું છે તેવા સરોવરો, સરોવરની પંક્તિઓ, જેમાં એક તળાવનું પાણી બીજા તળાવમાં તથા બીજા તળાવનું પાણી ત્રીજા તળાવમાં જાય તેવા પ્રકારની તળાવની શ્રેણીઓ, તથા બિલની શ્રેણીઓ શું રાજગૃહ નગર કહેવાય ? .... બગીચો, ઉદ્યાન, ગામની નજીકનું વન (= ઉપવન), ગામથી દૂર રહેલા વનો, વનખંડો, વનરાજીઓ એ શું રાજગૃહ નગર કહેવાય ? ... દેવકુલ, સભા, પાણીની પરબ, સ્તૂપ, ખાઈ અને પરિખાઓ એ શું રાજગૃહ નગર કહેવાય ?.... શૃંગાટક (= Δ ત્રિકોણ આકારનો માર્ગ), જ્યાં ત્રણ રસ્તા ભેગા થાય તે ત્રિકમાર્ગ (⊥ આવા આકારનો માર્ગ), જ્યાં ચાર માર્ગ ભેગા થાય તે (╪ આવા આકારવાળો) ચતુષ્ક માર્ગ, જ્યાં સર્વ રસ્તા ભેગા થાય તે (✳ આવા આકારવાળો) ચોક, ચાર દરવાજાવાળો માર્ગ, અને મહામાર્ગ એ શું રાજગૃહ નગર કહેવાય ?.... દેવો, દેવીઓ, મનુષ્યો, મનુષ્ય સ્ત્રીઓ, તિર્યંચો, તિર્યંચ સ્ત્રીઓ એ શું રાજગૃહ નગર કહેવાય ? .... આસન, શયન, થાંભલો, વાસણો તથા સચિત્ત, અચિત્ત અને

---

1. किम् इदं भदन्त ! नगरं राजगृहम् इति प्रोच्यते ? किं पृथ्वी नगरं राजगृहम् इति प्रोच्यते ? आपः नगरं राजगृहम् इति प्रोच्यते ? यावद् वनस्पतिः ? ... टंकाः कूटाः शैलाः शिखरिणः... प्राग्भाराः ... उर्झर-निर्झर-चिल्वल-पल्वल-वप्रिणः... अवट-तडाग-ह्रद-नद्यः... वापी-पुष्करिणी-दीर्घिका-गुञ्जालिकाः सरांसि सरःपङ्क्तिकाः... सरःसरःपङ्क्तिका बिलपङ्क्तिकाः.... आरामोद्यानाः काननानि वनानि वनखण्डानि वनराजयः... देवकुल-सभा-प्रपा-स्तूप-खातिक-परिखाः... शृङ्गाटक-त्रिक-चतुष्क -चत्वर-चतुर्मुख-महापन्थानः... देवाः देव्यः मनुष्याः मानुष्यः तिर्यग्योनयः तिर्यग्योनिन्यः आसन-शयन-स्तम्भ-भाण्ड-सचित्त -अचित्त-मिश्राणि द्रव्याणि नगरं राजगृहम् इति प्रोच्यते ?

[1]गोयमा ! पुढवीवि नगरं रायगिहं ति पवुच्चइ जाव सच्चित्ताचित्तमीसयाइं दव्वाइं नगरं रायगिहं ति पवुच्चइ" (भ.सू.श.५, उ.८, सू.२२३, पृ.२४६) इत्येवं भगवता **श्रीमहावीरेण** प्रतिपादितम्।

प्रकृते "(१) [2]गामा ति वा णगरा ति वा, (२) निगमा ति वा रायहाणी ति वा, (३) खेडा ति वा कब्बडा ति वा... जीवा ति या अजीवा ति या पवुच्चति" (स्था.२/४/सू.९५/पृष्ठ-८६) इति **स्थानाङ्गसूत्र**मपि स्मर्तव्यम्।

इह जड-चेतनोभयपर्याये वप्रत्व-देशत्वादिकं कल्पितम्। उपचरितवप्रादिनामसु जीवाऽजीवोभय-पर्यायात्मकेषु वप्रादिषु रागादिपारवश्येन स्वीयत्वमुपचर्यते। उपचरिते भेदसम्बन्धेनाऽन्योपचारकरणाद-स्योपचरितोपचारताऽवसेया। उपचिरतस्य वप्रादेः आत्मनः सजातीय-विजातीयोभयरूपत्वादस्य स्व-

મિશ્ર દ્રવ્યો એ શું રાજગૃહ નગર કહેવાય ?'

[redacted] :- (**गोय.**) 'હે ગૌતમ ! પૃથ્વી પણ રાજગૃહ નગર કહેવાય છે. પાણી પણ રાજગૃહ નગર કહેવાય છે...... યાવત્ સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યો રાજગૃહ નગર કહેવાય છે.'

[redacted] :- ભગવાન મહાવીરના ઉપરોક્ત ઉત્તર દ્વારા 'રાજગૃહ જીવાજીવસ્વભાવવાળું છે' - તેવું ફલિત થાય છે. મગધ દેશમાં આવેલ (વર્તમાનકાળમાં બિહારમાં આવેલ તથા '**રાજગિર**' નામથી ઓળખાતી) અમુક જમીન પોતાના સચિત્ત-અચિત્ત-મિશ્રપણાને લીધે તથા ત્યાં રહેલ વિવિધ દ્રવ્યોના સચિત્ત-અચિત્ત-મિશ્રપણાને લીધે રાજગૃહ જીવ-અજીવ ઉભયસમૂહ સ્વરૂપ છે. આ પ્રમાણે જણાવવાનો ભગવાન મહાવીરનો આશય છે. તેથી 'ગઢ, દેશ વગેરે પણ જડ-ચેતન ઉભયસમૂહ સ્વરૂપ છે' - તેવું ત્રીજા ઉપનયના ત્રીજા ભેદમાં જે જણાવેલ છે તે શ્વેતાંબર આગમથી પણ સંમત છે. આ પ્રમાણે ફલિત થાય છે.

(**प्रकृते.**) પ્રસ્તુતમાં **સ્થાનાંગજી**નો સૂત્રસંદર્ભ પણ યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'ગામ હોય કે નગર હોય, વેપારીઓના નિવાસસ્થાન હોય કે રાજધાની હોય, ધૂળના કિલ્લાવાળા જનવાસ (ખેટ) હોય કે સામાન્ય નગર (કર્બટ) હોય.. તે જીવ અને અજીવ જ કહેવાય છે' મતલબ કે **ઠાણાંગજી**ના પ્રસ્તુત સંદર્ભ દ્વારા પણ સૂચિત થાય છે કે ગામ, નગર વગેરે જીવ-અજીવ ઉભયસ્વરૂપ છે.

### ❖ સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનો મત ❖

(**इह.**) આપણે ઉપર જોઈ ગયા તે મુજબ કિલ્લો (= વપ્ર), દેશ, ગામ વગેરે પદાર્થ જડ-ચેતનઉભયસ્વરૂપ છે. જડ-ચેતનઉભયના પર્યાયમાં વપ્રત્વ, દેશત્વ વગેરેની કલ્પના થાય છે. આ પ્રથમ ઉપચાર છે. તથા કિલ્લો વગેરે નામની જેમાં કલ્પના કરવામાં આવેલ છે તેવા જડ-ચેતનઉભયપર્યાયાત્મક કિલ્લા વગેરેમાં રાગાદિની પરવશતાથી મારાપણાનો બીજો ઉપચાર કરવામાં આવે છે. એક ઉપચરિત પદાર્થમાં ભેદસંબંધથી અન્ય ઉપચાર કરવાના લીધે 'કિલ્લો, દેશ વગેરે મારા છે' - આવું કથન એ ઉપચરિત ઉપચારસ્વરૂપ જાણવું. ઔપચારિક કિલ્લા આદિ જડ-ચેતનઉભયસ્વરૂપ હોવાથી આત્મા માટે

1. गौतम ! पृथ्वी अपि नगरं राजगृहम् इति प्रोच्यते... यावत् सचित्त-अचित्त-मिश्राणि द्रव्याणि नगरं राजगृहम् इति प्रोच्यते। 2. ग्रामा इति वा नगराणि इति वा; निगमा इति वा राजधानी इति वा; खेटा इति वा कर्बटा इति वा.. जीवा इति चाऽजीवा इति च प्रोच्यते।

सजातीय-विजातीयोपचरिताऽसद्भूतव्यवहारोपनयरूपता सम्मता।

इदमेवाभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** "स्वजाति-विजात्युपचरिताऽसद्भूतव्यवहारः, यथा 'देश-राज्य-दुर्गादि मम' इति" (आ.प.पृ.१०) इति। **नयचक्रे** अपि "[1]देसं च रज्ज दुग्गं एवं जो चेव भणइ मम सव्वं। उहयत्थे उवयरिओ होइ असब्भूयववहारो।।" (न.च.७५) इत्युक्तम्। शब्दलेशभेदेन **द्रव्यस्वभावप्रकाशे** स्वजाति-विजातिद्रव्ये स्वजातिविजातिद्रव्यपर्यायाऽऽरोपणः उपचरिताऽसद्भूतव्यवहारो दर्शित इत्यवधेयम्।

इदञ्चात्रावधेयम् – मुख्यार्थाभावे सति प्रयोजन-निमित्तबलेन प्रवर्त्तमानोऽपि उपचारः सम्बन्धं विना नैव प्रवर्त्तते। स च सम्बन्धः नानाविधः। तथाहि – (१) स्व-स्वामिभावसम्बन्धः धन-चैत्रयोः। (२) परिणाम-परिणामिभावसम्बन्धः ज्ञानात्मनोः। (३) भेदाभेदसम्बन्धः जनक-पुत्रयोः। (४) संश्लेष-संश्लेषिभावसम्बन्धः देहात्मनोः। (५) कार्य-कारणभावसम्बन्धः घट-चक्रयोः। (६) प्रयोज्य-प्रयोजकभावसम्बन्धः मोक्ष-शास्त्रयोः। (७) आधाराधेयभावसम्बन्धः मञ्च-पुरुषयोः। (८) संयोग-संयोगिभावसम्बन्धः कुन्त-पुरुषयोः। (९) प्रतिपाद्य-प्रतिपादकभावसम्बन्धः अर्थ-शब्दयोः पदार्थ-ग्रन्थयोः

---

સજાતીય-વિજાતીય ઉભયાત્મક છે. તેથી ઉપરોક્ત કથન સ્વસજાતીય-વિજાતીય ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય તરીકે સંમત છે.

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર એ ત્રીજા ઉપનયનો ત્રીજો પ્રકાર છે. જેમ કે 'દેશ-રાજ્ય-કિલ્લો વગેરે મારા છે' - આ પ્રમાણેનો વિકલ્પ." **નયચક્ર** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "જે વ્યવહાર 'દેશ, રાજ્ય, કિલ્લો વગેરે સર્વ પદાર્થ મારા છે' - આ પ્રમાણે બોલે છે તે સ્વજાતિ-વિજાતિ-ઉભયપદાર્થવિષયક ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે." **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં થોડાક શબ્દના ફેરફારથી સ્વજાતિ-વિજાતિ એવા દ્રવ્યમાં સ્વજાતિ-વિજાતિદ્રવ્યના પર્યાયનો આરોપ કરનાર ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર **માઈલ્લધવલે** દર્શાવેલ છે. વાચકવર્ગે આ વાત ધ્યાનમાં રાખવી.

### ❀ ઉપચારનિયામક અનેકવિધ સંબંધ ❀

(**इद.**) અહીં એક બાબત ખ્યાલમાં રાખવી કે મુખ્ય અર્થનો બાધ હોય ત્યાં નિમિત્તવશ અને પ્રયોજનવશ પ્રવર્ત્તતો એવો પણ ઉપચાર સંબંધ વિના તો નથી જ પ્રવર્તતો. તે ઉપચારનિયામક સંબંધ અનેક પ્રકારે હોય છે. તે આ પ્રમાણે :- (૧) ધન અને ચૈત્ર વચ્ચે સ્વ-સ્વામિભાવ સંબંધ હોય છે. (જુઓ-૮/૬) (૨) જ્ઞાન અને આત્મા વચ્ચે પરિણામ-પરિણામિભાવ સંબંધ હોય છે. (૩) પિતા-પુત્ર વચ્ચે ભેદાભેદ સંબંધ હોય છે. (જુઓ-૭/૧૭) (૪) દેહ-આત્મા વચ્ચે સંશ્લેષ-સંશ્લેષિભાવ સંબંધ હોય છે. (જુઓ-૮/૭) (૫) ઘટ અને ચક્ર વચ્ચે કાર્ય-કારણભાવ સંબંધ હોય છે. (૬) મોક્ષ અને શાસ્ત્ર વચ્ચે પ્રયોજ્ય-પ્રયોજકભાવ સંબંધ હોય છે. (૭) માંચડા અને પુરુષ વચ્ચે આધારાધેયભાવ સંબંધ હોય

---

1. देशश्च राज्यं दुर्गम् एवं यश्चैव भणति मम सर्वम्। उभयार्थे उपचरितो भवत्यसद्भूतव्यवहारः ।।

वा। (१०) ज्ञान-ज्ञेयभावसम्बन्धः मति-घटयोः। (११) श्रद्धा-श्रद्धेयभावसम्बन्धः रुचि-मोक्षयोः। (१२) ध्यान-ध्येयभावसम्बन्धः प्रणिधान-परमेश्वरयोः। (१३) उपास्योपासकभावसम्बन्धः गुरु-शिष्ययोः। (१४) गौण-मुख्यभावसम्बन्धः द्विरेफे श्यामेतरवर्णयोः। (१५) अंशांशिभावसम्बन्धः वस्त्रदेश-वस्त्रयोः। (१६) अङ्गाङ्गिभावसम्बन्धः काष्ठ-प्रस्थकयोः। एवं यथायोगमन्येऽपि सम्बन्धा उपचारस्थलेऽन्वेषणीयाः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – निश्चयतस्तु न वप्र-देश-राज्यादिकमात्मनः, तत्र अनात्मधर्मोपलब्धेः। तस्माद् 'मम देश-राज्यादि' इति भणनं निश्चयतः केवलं मोह एव। इदमेवाभिप्रेत्य **समयसारे कुन्दकुन्दस्वामि**ना "[1]जह को वि णरो जंपइ 'अम्हं गाम-विसय-णयर-रट्ठं'। ण य हुंति तस्स ताणि उ भणइ य मोहेण सो अप्पा।।" (स.सा.३२५) इत्युक्तम्।

स्वकीयशरीरेऽपि नास्माकमाधिपत्यं समस्ति। न वाऽस्मदीयमस्तकेऽपि स्वामित्वमस्माकं वर्तते।

છે. (૮) ભાલા અને પુરુષ વચ્ચે સંયોગ-સંયોગીભાવ સંબંધ હોય છે. (૯) અર્થ અને શબ્દ વચ્ચે અથવા પદાર્થ અને શાસ્ત્ર વચ્ચે પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ સંબંધ હોય છે. (૧૦) બુદ્ધિ અને ઘટ વચ્ચે જ્ઞાન-જ્ઞેયભાવ સંબંધ હોય છે. (૧૧) રુચિ અને મોક્ષ વચ્ચે શ્રદ્ધા-શ્રદ્ધેયભાવ સંબંધ હોય છે. (૧૨) પ્રણિધાન = ચિત્તએકાગ્રતા અને પરમાત્મા વચ્ચે ધ્યાન-ધ્યેયભાવ સંબંધ હોય છે. (૧૩) ગુરુ અને શિષ્ય વચ્ચે ઉપાસ્ય-ઉપાસકભાવ સંબંધ હોય છે. (જુઓ - ૧૨/૨) (૧૪) ભમરામાં શ્યામવર્ણ અને અન્ય વર્ણો વચ્ચે ગૌણ-મુખ્યભાવ સંબંધ હોય છે. (શાખા - ૮/૨૩) (૧૫) વસ્ત્રનો એક દેશ અને વસ્ત્ર વચ્ચે અંશ-અંશિભાવ સંબંધ હોય છે. (જુઓ - શાખા ૧૨/૬). (૧૬) કાષ્ઠ અને પ્રસ્થક વચ્ચે અંગ-અંગિભાવ સંબંધ હોય છે. (જુઓ - શાખા ૪/૧૩ + ૬/૯ + ૮/૧૫). ૪ થી ૮ શાખા સુધી જે-જે ઉપચારો કરવામાં આવેલ છે, તેમાં ઉપરના સંબંધો ઉપયોગી બને છે. આ રીતે યથાયોગ્ય રીતે બીજા પણ સંબંધો ઉપચારસ્થળે વિચારવા-તપાસવા અને તેના માધ્યમથી ઉપચાર કરવા.

### ❋ 'મારું ગામ-નગર' - આવી બુદ્ધિ એ મૂઢતા ❋

[redacted] :- નિશ્ચયનયની દૃષ્ટિથી તો કિલ્લો, દેશ, રાજ્ય વગેરે પદાર્થ આત્માના નથી. દેશ વગેરે ઉપર પરમાર્થથી આત્માની માલિકી નથી. કારણ કે દેશ વગેરે વસ્તુમાં અનાત્મધર્મો (= જડ વસ્તુના ગુણધર્મો) ઉપલબ્ધ થાય છે. તેથી 'મારો દેશ', 'મારું રાજ્ય', 'મારો ગઢ' વગેરે બોલવું તે નિશ્ચયનયની દૃષ્ટિથી તો કેવલ મૂઢતા જ છે. આવા જ અભિપ્રાયથી **કુંદકુંદસ્વામીએ સમયસાર** નામના ગ્રંથમાં જણાવેલ છે કે "જેમ કોઈક માણસ 'આ અમારું ગામ, નગર, રાષ્ટ્ર છે' - આ પ્રમાણે બોલે તો તે ગામ, નગર કે રાષ્ટ્ર તે માણસના બની જતા નથી. ફક્ત મૂઢતાને લીધે તે માણસ તે પ્રકારે બોલે છે."

### ❋ શું માલિકીને ઓળખીએ છીએ ખરા ? ❋

(स्व.) આપણું શરીર પણ આપણી માલિકીમાં નથી. આપણા માથા ઉપર પણ આપણું આધિપત્ય

1. यथा कोऽपि नरो जल्पति 'अस्माकं ग्राम-विषय-नगर-राष्ट्राणि'। न च भवन्ति तस्य तानि तु भणति च मोहेन स आत्मा ।।

यदाकदाचित् शिरोवेदना प्रादुर्भवेत्, यथाकथञ्चिद् उदरशूलं पीडयेत्, यथेच्छं कर-पादादयः अस्मान् बाधेरन्, यत्रक्वचित् हृदयमुपरमेत्। इत्थमस्मदीयदेहाऽङ्गादिष्वपि स्वकीयस्वामित्वविरहे कुतः वप्र-नगर-राज्य-राष्ट्रादिष्वस्माकमाधिपत्यं सम्भवेत् ?

इदं यथावस्थितरूपेण चेतसिकृत्य प्रयोजनविशेषसत्त्वे एव 'मदीयो देशः, मदीयं राज्यमि'त्यादय औपचारिकव्यवहाराः तुष-व्रीहिन्यायभावितान्तःकरणतया कार्याः, अन्यथा ममत्वावर्तनिमज्जनतो मिथ्यात्वघोराऽन्धकारगहनदीर्घभवाटवीभ्रमणं नैवाऽसुलभमित्यवधेयम्। तादृशोपचाराऽनाश्रयणे तु [1]"अणंतनाणं, अणंतदंसणं, अणंतसम्मत्तं, अणंतो आणंदो, अणंतं च विरीयं च त्ति पंचाणंतगं" (दी.क.पृ.१५) इति **अपापाबृहत्कल्पा**ऽपराऽभिधाने **दीपोत्सवकल्पे श्रीजिनप्रभसूरिणा** दर्शिता सिद्धगुणसम्पत् सुलभा स्यात् ।।७/१८।।

---

નથી. ગમે ત્યારે માથું દુઃખે, ગમે તે રીતે પેટમાં શૂળ ઉપડે, ગમે ત્યારે મનસ્વીપણે હાથ-પગ તૂટે, ગમે ત્યાં હૃદય બંધ પડી જાય. જો આ રીતે આપણાં શરીર ઉપર પણ આપણું સ્વામિત્વ ન હોય તો ગઢ, નગર, રાજ્ય કે રાષ્ટ્ર ઉપર આપણું વર્ચસ્વ કઈ રીતે હોઈ શકે ?

## ✡ ફોતરા છોડો, ધાન્ય સ્વીકારો ✡

(इदं.) આ બાબતને બરોબર ખ્યાલમાં રાખીને વિશેષ પ્રકારનું પ્રયોજન હોય તો જ 'મારો દેશ, મારું રાજ્ય' વગેરે ઔપચારિક વ્યવહાર કરવો. તે પણ તુષ-વ્રીહિન્યાયથી અંતઃકરણને ભાવિત કરીને કરવો. જેમ ઘઉં અને ફોતરા મિશ્ર હોય ત્યારે ડાહ્યો માણસ ફોતરા છોડીને ઘઉંને અલગ તારવી લે છે. ફોતરાને છૂટા પાડીને ઘઉં લેવા શક્ય ન હોય ત્યારે ફોતરાથી મિશ્રિત ઘઉંને ડાહ્યો માણસ કદાચ સંયોગવિશેષમાં ખરીદે તો પણ ઘઉંની કિંમત જેટલી ફોતરાની કિંમત તેના મગજમાં હોતી નથી. તે કદાપિ ઘઉં તુલ્ય મૂલ્યાંકન ફોતરાનું કરતો નથી. ખરીદી પછી ઘઉંમાંથી ફોતરાને દૂર કરવાની ક્રિયામાં તે લાગી જાય છે. તેમ ફોતરા જેવા દેશ-રાજ્ય-શરીર સાથે ઘઉં તુલ્ય આત્માનો સંબંધ વિચારી આત્મજ્ઞાની અનિવાર્ય પરિસ્થિતિમાં ઉપરોક્ત વ્યવહાર સાવધાનીથી કરતા હોય છે. અન્યથા મમત્વના વમળમાં અટવાઈને, મિથ્યાત્વના ઘોર અંધકારમાં ફસાઈને દીર્ઘ ભવાટવીમાં ભૂલા પડતાં વાર લાગે નહિ. આ બાબતની આત્માર્થી જીવે કાળજી રાખવી. તેવા ઉપચારોનો રુચિપૂર્વક આશ્રય કરવામાં ન આવે તો **દીપોત્સવકલ્પ**માં દર્શાવેલ સિદ્ધોની ગુણસંપત્તિ સુલભ થાય. શ્રી**જિનપ્રભસૂરિ**જીએ રચેલ **દીપોત્સવકલ્પ**નું બીજું નામ **અપાપાબૃહત્કલ્પ** છે. ત્યાં જણાવેલ છે કે '(૧) અનંત જ્ઞાન, (૨) અનંત દર્શન, (૩) અનંત સમ્યક્ત્વ, (૪) અનંત આનંદ અને (૫) અનંત શક્તિ - આ પાંચેય સિદ્ધો પાસે અનંત હોય છે.' (૭/૧૮)

---

1. अनन्तज्ञानम्, अनन्तदर्शनम्, अनन्तसम्यक्त्वम्, अनन्त आनन्दः, अनन्तं च वीर्यञ्चेति पञ्चाऽनन्तकम्।

**□ઉપનય ભાખ્યા એમ રે, અધ્યાતમ ★નય; કહી પરીક્ષા જસ લહો એ ॥૭/૧૯॥ (૧૦૮)**

**ઈમ ઉપનય** (**ભાખ્યા** =) કહિયા, હિવઇ આગિલી ઢાલમાંહિં, **અધ્યાત્મનય** ¥**કહીઈ** છઇં, એહમાંહિં ગુણ-દોષ ※**પરીક્ષા** કરી ભલો **યશ** (**લહો**=) પામો. ॥૭/૧૯॥

उपसंहरति – '**त्रय**' इति।

**त्रय उपनया उक्ताः, तेषां परीक्षया यशः।**

**लभतामधुनाऽध्यात्म-नयकथोच्यते मुदा।।७/१९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – त्रय उपनया उक्ताः। तेषां परीक्षया यशः लभताम्। अधुना अध्यात्मनयकथा मुदा उच्यते।।७/१९।।

एवं सद्भूताऽसद्भूतोपचरिताऽसद्भूतव्यवहाररूपेण **त्रय उपनया** अनुपदमेव **देवसेनादि**-तात्पर्यानुसारेण **उक्ताः**। **तेषाम्** उपनयानां सप्रभेदानां **परीक्षया** = मध्यस्थदृष्ट्या आगमानुसारेण गुण-दोषपरीक्षणेन **यशः** = सर्वदिग्गामिश्लाघां **लभताम्**।

इह ये सद्भूताऽसद्भूतादयो व्यवहाराः प्रदर्शिताः ते सर्वेऽपि अपेक्षाविशेषेण सत्या एव द्रष्टव्या न तु मिथ्या, अन्यथा तथाविधशब्दप्रयोगादस्खलितप्रतीति-व्यवहार-तन्निमित्तककर्मबन्ध-निर्जरादिकं

:- પ્રસ્તુત ૭ મી શાખામાં સદ્ભૂત, અસદ્ભૂત અને ઉપચરિત અસદ્ભૂત - આમ ત્રણ ઉપનયનું નિરૂપણ કર્યા બાદ પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

:- ત્રણ ઉપનયનું નિરૂપણ કર્યું. તેની પરીક્ષા દ્વારા યશને પ્રાપ્ત કરવો. હવે અધ્યાત્મનયની કથા આનંદથી કહેવાય છે. (૭/૧૯)

**❀ પરીક્ષા કરવામાં મધ્યસ્થતા જરૂરી ❀**

:- આ રીતે સાતમી શાખામાં સદ્ભૂત વ્યવહાર, અસદ્ભૂત વ્યવહાર અને ઉપચરિત અસદ્ભૂત વ્યવહારસ્વરૂપે ત્રણ ઉપનયનું ૧૮ શ્લોક દ્વારા, દિગંબર **દેવસેનજી** વગેરે વિદ્વાનોના તાત્પર્ય અનુસાર, પ્રતિપાદન થયું. મધ્યસ્થ દૃષ્ટિથી આગમ અનુસારે તે ત્રણેય ઉપનયો અને તેના અવાન્તર ભેદોમાં રહેલ ગુણ-દોષની પરીક્ષા કરવા દ્વારા સર્વ દિગ્ગામી શ્લાઘાસ્વરૂપ યશને આપ પ્રાપ્ત કરો.

**❀ વિશેષ દૃષ્ટિકોણથી દરેક ઉપચાર સત્ય ❀**

(इह.) અહીં જે સદ્ભૂત, અસદ્ભૂત વગેરે વ્યવહાર સ્વરૂપ ઉપનય જણાવેલ છે તે તમામ ઉપનય ચોક્કસ પ્રકારની અપેક્ષાથી વિચાર કરવામાં આવે તો સત્ય જ છે, અસત્ય નહિ - તેમ સમજવું. જો આ ઉપનય સત્ય ન હોય તો ત્રિવિધ ઉપનયસંબંધી તથાવિધ શબ્દપ્રયોગ કરવાથી શ્રોતાવર્ગમાં તે તે અર્થવિષયક અસ્ખલિત પ્રતીતિ તથા અસ્ખલિત વ્યવહાર થઈ ન શકે. તેમજ તથાવિધ ઔપચારિક શબ્દપ્રયોગના નિમિત્તે શ્રોતા, વક્તા વગેરેને કર્મબંધ-કર્મનિર્જરા વગેરે ફળની પ્રાપ્તિ થઈ ન શકે. તેથી

□ P(૧)માં 'ઉભય' પાઠ. ★ પા.માં 'નયૈ' પાઠ. પુસ્તકોમાં 'નય' પાઠ. ¥ પુસ્તકોમાં 'કહી નઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ※ આ.(૧)માં 'પરીક્ષા કરી ભલો યશ..' પાઠ. પુસ્તકોમાં 'પરીક્ષાનો યશ' પાઠ.

न स्यात्। अत एवोक्तं **नयचक्रे देवसेनेन** "[1]सद्दत्थपच्चयओ संतो भणिओ जिणेहिं ववहारो। जस्स ण हवेइ संतो हेऊ दुण्हं पि तस्स कुदो ?।।" (न.च.६३) इति। तथापि नवविधनयादिपरिभाषायाः परीक्षणीयता प्रकृते विवक्षिता। यथा चैतत्परीक्षणीयता भवेत् तथा अग्रेतनशाखायां (८/८) वक्ष्यत इत्यवधेयम्।

**अधुना अध्यात्मनयकथा** = द्विविधाध्यात्मनयकथा यथा **मुदा उच्यते** तथा सावधानं श्रुणुताम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'मध्यस्थदृष्ट्या, आगमानुसारेण, गुण-दोषापेक्षया च दिगम्बरीयनयोपनयाः परीक्षितव्याः' इति विधानादिदमत्र सूच्यते यदुत (१) कस्याऽपि काऽपि उक्तिः हीनदृष्ट्या, तिरस्कारदृष्ट्या, पक्षपातदृष्ट्या वा नैव परीक्षामर्हति; (२) न वा स्वकीयाऽभिगमाऽवधारणाद्यनुसारेण पारीक्ष्यमर्हति, (३) न वा छन्दोऽलङ्कार-लयाऽऽरोहाऽवरोहाद्यपेक्षयैव परीक्षण-

---

જ **દેવસેનજી**એ **નયચક્ર**માં જણાવેલ છે કે "ત્રિવિધ ઉપનય સ્વરૂપ વ્યવહારને જિનેશ્વર ભગવંતે સત્ય કહેલ છે. કારણ કે તે વ્યવહારમાં વપરાયેલ શબ્દો દ્વારા તથાવિધ અર્થની પ્રતીતિ શ્રોતાને થાય છે. જેનો હેતુ સત્ય ન હોય તે વચન શ્રોતાને અને વક્તાને કઈ રીતે તથાવિધ પ્રતીતિ વગેરે કે કર્મનિર્જરા વગેરે કરાવે?" આમ ઉપનયો અમુક પ્રકારની અપેક્ષાએ સત્ય જ છે. તેમ છતાં પણ દેવસેનજીએ બતાવેલા નવ પ્રકારના નયો વગેરેની પરિભાષા પ્રસ્તુતમાં પરીક્ષા કરવા યોગ્ય છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં વિવક્ષિત છે. નવ પ્રકારના નય વગેરેની પરિભાષા જે રીતે પરીક્ષા કરવા યોગ્ય છે, તે રીત આગળની આઠમી શાખાના આઠમા શ્લોકથી કહેવામાં આવશે. આ વાતનો વાચકવર્ગે ખ્યાલ રાખવો.

**ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર ઉપનય** (તૃતીય ઉપનય પ્રભેદ)

| **સ્વજાતીય** | **વિજાતીય** | **સજાતીય-વિજાતીય** |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |

(**અધુના.**) હવે દિગંબર દેવસેનજી દ્વારા કથિત બે પ્રકારના અધ્યાત્મનયની કથા જે રીતે આનંદથી કહેવામાં આવે છે, તે રીતે આપ સર્વે સાવધાન થઈને સાંભળો. (જુઓ - આઠમી શાખા)

### ⊛ પરીક્ષા કરવાની ત્રણ શરતને ઓળખીએ ⊛

**આધ્યાત્મિક ઉપનય** :- દિગંબરકથિત નય - ઉપનયની પરીક્ષા (૧) મધ્યસ્થ દૃષ્ટિથી, (૨) આગમ અનુસારે તથા (૩) ગુણ-દોષની અપેક્ષાએ કરવી - આ પ્રમાણે જે વિધાન અહીં સંસ્કૃત વ્યાખ્યામાં કરવામાં આવેલ છે, તે ખૂબ માર્મિક વાત છે. આનાથી એવું ફલિત થાય છે કે (૧) કોઈ પણ વ્યક્તિની વાતની પરીક્ષા હીનદૃષ્ટિથી કે તિરસ્કારદૃષ્ટિથી કે પક્ષપાતથી કરવી યોગ્ય નથી. (૨) તથા પોતાની માન્યતા, અવધારણા કે સંકલન મુજબ કોઈ પણ વ્યક્તિની વાતની પરીક્ષા કરવી એ પણ વ્યાજબી નથી. (૩) તેમજ કોઈ પણ વ્યક્તિની વાતમાં રહેલા શબ્દો કે છંદ-અલંકાર-પ્રાસ-આરોહ-અવરોહ વગેરે બાબતો

---

1. शब्दार्थप्रत्ययतः सन् भणितो जिनैर्व्यवहारः। यस्य न भवेत् सन् हेतुः द्वयोरपि तस्य कुतः ?।।

मर्हति।

वस्तुत एतन्नियमत्रितयपालनतः परीक्षाकुशल एव सर्वदिग्गामियशोविजयलब्ध्यधिकारीति एतादृशाधिकारित्वोपलब्धये यतितव्यं प्रवचनप्रभावनाकामिभिरिति सूच्यतेऽत्र। तादृशयत्नबलेन "मुक्त-जन्म-जरा-मृत्यु-रोग-शोक-भयार्तयः। विश्वातीतसुखाः सिद्धाः" (उप.क.१६५) इति **उपदेशकल्पवल्ल्यां सुमतिविजय**गणिदर्शितं सिद्धस्वरूपं प्रत्यासन्नं स्यात्।।७/१९।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**ऽभिधानायां स्वरचितवृत्तौ सप्तमशाखायाम् **उपनयपरामर्शा**ऽऽख्यः सप्तमः अधिकारः।।७।।

---

ઉપર બહુ ભાર આપવાના બદલે તેમાં રહેલ ગુણ-દોષ પ્રત્યે આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરવી જોઈએ.

**⁂ ...તો યશ અને વિજય મળે ⁂**

**(वस्तु.)** વાસ્તવમાં આ ત્રણ નિયમનું પાલન કરીને પરીક્ષા કરવાની કુશળતા ધરાવનાર વ્યક્તિ જ સર્વદિગ્ગામી યશ અને વિજય મેળવવાનો અધિકારી છે. તેથી જિનશાસનની ખરી પ્રભાવના કરવાની કામનાવાળા આત્માર્થી સાધકોએ ઉપરોક્ત અધિકાર મેળવવા માટે પ્રયત્ન કરવો જોઈએ - એવું અહીં સૂચિત થાય છે. તેવા પ્રયત્નના પ્રભાવથી **ઉપદેશકલ્પવલ્લી**માં શ્રી**સુમતિવિજયગણિવરે** દર્શાવેલ સિદ્ધસ્વરૂપ નજીક આવે. ત્યાં જણાવેલ છે કે 'સિદ્ધ ભગવંતો જન્મ-જરા-મરણ-રોગ-શોક-ભય-પીડાથી છૂટી ગયેલા છે તથા વિશ્વના તમામ જીવોના સુખને ઓળંગી જાય તેવા સુખને તેઓએ પ્રાપ્ત કરેલ છે.' **(૭/૧૯)**

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ
સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક,
પંન્યાસપ્રવર શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના
શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી
દ્વારા સ્વરચિત *'દ્રવ્યાનુયોગપરામર્શ'* (*દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ* અનુસારી) ગ્રંથની
**'પરામર્શકર્ણિકા'** નામની સ્વરચિત વૃત્તિની સાતમી શાખાના
**'કર્ણિકાસુવાસ'** નામના ગુજરાતી વિવરણમાં
*'ઉપનય પરામર્શ'* નામનો
સાતમો અધિકાર પૂર્ણ થયો.

**✧ સાતમી શાખા સમાપ્ત ✧**

## ❁ શાખા - ૭ અનુપ્રેક્ષા ❁

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. અસદ્ભૂત વ્યવહાર ઉપનયના પ્રકારો અને દૃષ્ટાંતો જણાવો.
૨. કોઈ પણ પાંચ ઉપનય વિશે નયચક્ર તથા દ્રવ્યસ્વભાવપ્રકાશ ગ્રંથનું મંતવ્ય જણાવો.
૩. સદ્ભૂત વ્યવહારનય જે સંજ્ઞા વગેરેના ભેદથી ભેદનું પ્રતિપાદન કરે છે તે દસ તત્ત્વો જણાવો.
૪. અસદ્ભૂત વ્યવહાર ઉપનયના ત્રણ ભેદ સદૃષ્ટાંત સમજાવો.
૫. 'વસ્ત્ર' શબ્દના નિક્ષેપ સદૃષ્ટાંત સમજાવો.
૬. 'જ્ઞાન આત્માનો ગુણ છે' - આ વાક્યને કયા ઉપનયમાં ગોઠવી શકાય ? શા માટે ?
૭. ઉપચરિત સદ્ભૂત વ્યવહાર ઉપનયના પ્રકાર, ઉદાહરણ સાથે જણાવો.
૮. સદ્ભૂત વ્યવહારનયના ભેદો દૃષ્ટાંત સાથે જણાવો.
૯. 'ઉપચાર' શબ્દના વિવિધ અર્થ સદૃષ્ટાંત જણાવો.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. સ્થિતિની અપેક્ષાએ આત્મા અને ગુણ વચ્ચે ભેદને જણાવો.
૨. શરીર અને જીવ વચ્ચે અભેદવ્યવહાર શા કારણે થાય છે ?
૩. ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયની વ્યાખ્યા જણાવો.
૪. જીવનું લક્ષણ જણાવો.
૫. ઉપનય કોને કહેવાય ?
૬. જીવ કામ-ક્રોધસ્વરૂપ છે - કઈ રીતે ?
૭. 'ઉપચાર' એટલે શું ?
૮. અસદ્ભૂત વ્યવહાર ઉપનયની વ્યાખ્યા જણાવો.
૯. ઉપનયના ભેદ-પ્રભેદોના નામ જણાવો.
૧૦. 'હું ગોરો છું' અને 'ગોરો હું છું' આ બે વાક્ય એક નથી - સિદ્ધ કરો.

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. રાજગૃહી નગર નિર્જીવ સ્વરૂપ છે.
૨. મતિજ્ઞાન વ્યવહારથી શરીરજન્ય છે.
૩. આત્મદ્રવ્ય નિત્ય હોવાથી તેનું કોઈ પણ કારણ નથી.
૪. 'ચૈત્યનું ઘર' માં 'નું' શબ્દ ભેદસૂચક છે.
૫. ચૈત્યવંદન મહાભાષ્યમાં કહેલ છે કે "ચાર ઉપચારવાળી પૂજા હોય છે."
૬. ઉદ્દેશ્ય-વિધેયભાવ શ્રોતાની ઈચ્છાને આધીન છે.
૭. 'માંચડાઓ હસે છે' - આ વાક્યમાં માચડામાં પુરુષનો ઉપચાર થયેલ છે.

૮. આપ્તમીમાંસા ઉપર અષ્ટશતી ટીકા સમન્તભદ્રાચાર્યજીએ રચેલ છે.

૯. 'જીવાજીવ જ્ઞાન છે' - આ વ્યવહાર વિજાતીય અંશમાં સદ્ભૂત કહી શકાય.

૧૦. ઘટસંબંધી જ્ઞાન થાય ત્યારે વિષયતાસંબંધથી જ્ઞાનમાં ઘટ રહેશે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. દશકુમાર ગ્રંથ | (૧) નાટક |
| ૨. न्यायवत् पुस्तकं | (૨) ઉપચાર = નિપુણતા |
| ૩. 'હું શરીર છું' | (૩) વૃત્તિનિયામક સંબંધ |
| ૪. જૈમિનીસૂત્ર | (૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર |
| ૫. મનુસ્મૃતિ | (૫) શાબરભાષ્ય |
| ૬. રઘુવંશ | (૬) ઉપચાર = કર્તવ્ય |
| ૭. માલવિકાગ્નિમિત્ર | (૭) દ્રવ્યમાં પર્યાયનો આરોપ |
| ૮. વિક્રમોર્વશીય | (૮) વૃત્તિઅનિયામક સંબંધ |
| ૯. घटवद् भूतलं | (૯) ઉપચાર = ચિકિત્સા |
| ૧૦. 'હું ગોરો છું' | (૧૦) કાવ્ય |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. 'લાંચ' અર્થમાં 'ઉપચાર' શબ્દનો ઉલ્લેખ ----- માં છે. (વિક્રમોર્વશીય, હિતોપદેશ, દશકુમાર ચરિત)

૨. 'માધુર્ય' અર્થમાં 'ઉપચાર' શબ્દનો ઉલ્લેખ ---- માં છે. (અગ્નિપુરાણ, મનુસ્મૃતિ, સર્વદર્શનસંગ્રહ)

૩. દેશનો સ્વામી કહે કે 'આ દેશ મારો છે' - તે ---- ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે. (સત્ય, અસત્ય, સત્યાસત્ય)

૪. ---- હોય તે વિધેય બને. (વ્યાપક, પ્રસિદ્ધ, અપ્રસિદ્ધ)

૫. 'હું પુત્ર છું' - આ ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનો ---- ભેદ બોલે છે. (પહેલો, બીજો, ત્રીજો)

૬. અસદ્ભૂત વ્યવહાર ઉપનયના ---- ભેદ પ્રમાણે 'જીવાજીવાત્મક જ્ઞાન' છે. (પ્રથમ, દ્વિતીય, તૃતીય)

૭. ભાવલેશ્યાનો સમાવેશ ---- માં થાય છે. (ગુરુ, લઘુ, અગુરુલઘુ, ગુરુલઘુ)

૮. ----- વ્યવહાર ઉપનયના મતે અણુ અનેકપ્રદેશવાળો છે.
(સદ્ભૂત, અસદ્ભૂત, ઉપચરિત અસદ્ભૂત)

૯. પરસ્પર અનુગ્રહ કરવો તે ----- નું કાર્ય છે. (જીવ, અજીવ, ગુણ)

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.

લખી રાખો ડાયરીમાં.....

- સાધના એટલે સત્ત્વનું ઊર્ધ્વીકરણ.

  દા.ત. વજ્રબાહુ.

  ઉપાસના એટલે શરણાગતિનું ઊર્ધ્વીકરણ.

  દા.ત. ગૌતમ સ્વામી.

- વાસનાની ગતિ ઓટ તરફ છે.

  ઉપાસના સદા ભરતી તરફ પ્રગતિશીલ, ઊર્ધ્વગામી પગ માંડે છે.

- બુદ્ધિને 'અહં'નો પ્રેમ છે.

  શ્રદ્ધાને 'અર્હં' નો પ્રેમ છે.

- સાધનાના કેન્દ્રસ્થાને અપ્રમત્તતા છે.

  દા.ત. પ્રસન્નચંદ્ર રાજર્ષિ.

  ઉપાસનાના કેન્દ્રસ્થાને અહોભાવ છે.

  દા.ત. ચંડરુદ્રાચાર્યના શિષ્ય.

- પ્રેમની સંકુચિતતા, વિકૃતતા, પંગુતા, પોકળતા વાસનામાં ફેરવાય છે.

  પ્રેમની વિશાળતા, ઊંડાઈ, ઊંચાઈ ઉપાસનામાં રૂપાંતરિત થાય છે.

- સાધના ધારદાર અને તેજદાર બનવા તત્પર છે.

  ઉપાસના હંમેશા નમણી અને નાજુક હોય છે.

- મધ્યાહ્ન સમયે પણ વાસના અંધકારને શોધે છે.

  મધ્ય રાત્રિએ પણ ઉપાસના પરમાત્મપ્રકાશને ઝંખે છે.


દ્રવ્ય-ગુણ-પર્યાયનો
ઢાળ
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
આધ્યાત્મિક નયનિરૂપણ+દેવસેનમત સમીક્ષા
द्रव्यानुयोगपरामर्शः

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૮

## द्रव्यानुयोगपरामर्शः शाखा-८

आध्यात्मिकनयनिरूपणं
देवसेनमतस्य च समीक्षा

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

## ઢાળ-૮

## द्रव्यानुयोगपरामर्शः शाखा-८

आध्यात्मिकनयनिरूपणं
देवसेनमतस्य च समीक्षा

# शाखा - ८ आध्यात्मिकनयनिरूपणं देवसेनमतस्य च समीक्षा

अध्यात्मभाषया नयद्वैविध्यम् (८/१)
शुद्धाशुद्धनिश्चयविचारणा (८/२)
निरुपाधिक-सोपाधिकगुणविचारणा (८/२)
स्वभावगुणपर्याय-विभावगुणपर्यायविचारणा (८/२)
व्यवहारनयस्य भेद-प्रतिभेदनिरूपणम् (८/३)
सद्भूताऽसद्भूतव्यवहारनयः (८/३)
सारोपाऽनारोपसद्भूतव्यवहारनयः (८/४-५)
असंश्लेषित-संश्लेषिताऽसद्भूतव्यवहारनयः (८/६-७)
दिगम्बरमताऽऽलोचनम् (८/८)
जघन्यादिविभागेन नयप्ररूपणा (८/९)
द्रव्य-पर्यायार्थरूपेण द्वौ नयौ, तयोः च सप्तनयेषु अन्तर्भावः (८/१०-१२)
अर्पिताऽनर्पितनयस्वरूपादिविचारणा (८/१०-११)
ऋजुसूत्रनयस्य पर्यायार्थिकता (८/१३)
चतुर्विधद्रव्यांशविचारणा (८/१३)
द्रव्यार्थिक-पर्यायार्थिकनययोः सप्तनयान्तर्भावस्य सिद्धिः (८/१४)
नैगमादिनयानां प्रदेशादिदृष्टान्तेन विचारणा (८/१५)
ज्ञान-क्रियानययोः सप्तनयवृत्तिता (८/१५)
दिगम्बरदेवसेनप्ररूपितनवनयनिरासः (८/१६)
नयानां सप्तविधत्वसिद्धिः (८/१७)
प्रस्थकादिदृष्टान्तेन प्रदेशार्थनयविचारणा (८/१८)
व्यवहारनये उपचारवैविध्यम् (८/१९)
नयवाक्यमपि सकलादेशस्वरूपम् (८/२०)
निश्चयनयेऽपि उपचार-लक्षणयोः स्वीकृतिः (८/२०)
सर्वनयानां सत्यत्व-मिथ्यात्वविचारणा (८/२०)
निश्चयनयस्वरूपप्रदर्शनम् (८/२१)
अष्टविधः निश्चयनयविषयः (८/२२)
अष्टविधः व्यवहारनयविषयः (८/२३)
देवसेनमतपरीक्षोपसंहारः (८/२४)
मध्यस्थभावेन समालोचनायां दोषाऽभावः (८/२५)

## ❋ ટૂંકસાર ❋

: શાખા - ૮ :

અહીં આધ્યાત્મિક નયને જણાવેલ છે.

અધ્યાત્મની દૃષ્ટિએ નયના બે પ્રકાર છે - નિશ્ચયનય અને વ્યવહારનય. (૮/૧)

નિશ્ચયનયના બે પ્રકાર છે. શુદ્ધ નિશ્ચયનય કેવળજ્ઞાનસ્વરૂપ જીવને માને છે અને અશુદ્ધ નિશ્ચયનય મતિજ્ઞાનાદિસ્વરૂપ જીવને માને છે. આમ નિશ્ચયનય મૌલિક ગુણો તરફ લક્ષ દોરે છે. (૮/૨)

વ્યવહારનયના સદ્ભૂત અને અસદ્ભૂત એ બે પ્રકાર છે. સદ્ભૂત વ્યવહારનયના આરોપ અને અનારોપ એ બે પ્રકાર છે. અસદ્ભૂત વ્યવહારના અસંશ્લેષિત અને સંશ્લેષિત એ બે પ્રકાર છે. જીવો વ્યવહારથી પોતાના કહેવાતા ઔપાધિક ગુણો, કીર્ત્તિ-કરિયાણું-કસ્તૂરી-કિંકર-કૂવો-કૃષિ-કાંચન -કામિની-કન્યા-કુંવર-કુટુંબ-કુળ-કાયા વગેરેને છોડી, નિરુપાધિક ગુણોને પકડી મોક્ષમાર્ગે વિકાસ કરે છે. (૮/૩-૪-૫-૬-૭)

દિગંબરોની નયની પરિભાષામાં કંઈક ફરક પડે છે. શ્વેતાંબરો નયના સાત ભેદ માને છે તથા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકને તેમાં સમાવે છે. જ્યારે દિગંબરો નયના સાત ભેદ + દ્રવ્યાસ્તિક નય + પર્યાયાસ્તિક નય એમ નવ પ્રકાર પાડે છે. આ પ્રરૂપણા આગમથી વિપરીત હોવાથી ગ્રંથકારને દિગંબરો પર દિલગીરી જાગે છે. કારણ કે તેમ તો નયમાં અર્પિતનય વગેરે અનેક પ્રકાર પાડવાની આપત્તિ આવે. જે દિગંબરોને પણ માન્ય નથી. (૮/૮-૯-૧૦-૧૧)

આગમિક મતે નૈગમાદિ સાત નયમાં પહેલા ચાર નય દ્રવ્યાસ્તિક છે અને છેલ્લા ત્રણ નય પર્યાયાસ્તિક છે. તાર્કિક મતે ઋજુસૂત્ર પર્યાયાસ્તિક છે. દિગંબરપ્રરૂપિત નવ નય શાસ્ત્રમાન્ય નથી. (૮/૧૨-૧૩-૧૪)

સંગ્રહ-વ્યવહારનયમાં નૈગમનય આવી જાય છતાં પ્રદેશાદિ દૃષ્ટાંતમાં તે અલગ તરી આવે છે. અહીં **અનુયોગદ્વાર**ના પ્રસ્થક-વસતિ-પ્રદેશ ત્રણ દૃષ્ટાંતનો વિચાર કરેલ છે. (૮/૧૫)

દિગંબરોની નવ નયની પ્રરૂપણામાં આગમનો વિરોધ આવે છે. (૮/૧૬-૧૭-૧૮)

દિગંબરોએ નવ નય ઉપરાંતમાં જે ત્રણ ઉપનય બતાવ્યા છે તે ત્રણ ઉપનયને વ્યવહારનયમાં ગોઠવવાનું જણાવેલ છે. કારણ કે ત્રણ ઉપનય સ્વતંત્ર નય નથી. (૮/૧૯)

દિગંબરો વ્યવહારનયમાં ઉપચારને સ્વીકારે છે, નિશ્ચયનયમાં નહિ. તે વ્યાજબી નથી. (૮/૨૦)

**વિશેષાવશ્યકભાષ્ય**માં જે સ્વરૂપે નિશ્ચયનય અને વ્યવહારનય બતાવેલ છે, તે જ સ્વરૂપે તેના લક્ષણ સ્વીકારી મોક્ષમાર્ગમાં આગળ વધવું. (૮/૨૧)

નિશ્ચયનય આત્માનું આંતરિક ગુણાત્મક સ્વરૂપ જણાવે છે. અનેક જીવોમાં શુદ્ધ ચૈતન્યને તે સમાન રૂપે જુવે છે. તથા વસ્તુના નિર્મળ પરિણામને તે જુએ છે. (૮/૨૨)

વ્યવહારનય અનેક લક્ષણોમાં જે વિશિષ્ટ લક્ષણ હોય તેને જાહેર કરે છે. આથી દરેક વ્યક્તિમાં દયા વગેરે જે ગુણ વિલક્ષણરૂપે દેખાય તેને પકડી મોક્ષમાર્ગે આગળ વધવા તે પ્રેરણા કરે છે.(૮/૨૩)

આમ નિશ્ચયનયનું અને વ્યવહારનયનું આગમસાપેક્ષ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો. પરંતુ સ્વતંત્ર બુદ્ધિથી તેમાં તોડ-ફોડ ન કરવી. અંતે પારમાર્થિક સુયશને મેળવવો. (૮/૨૪-૨૫)

ઢાળ - ૮

(♦કપૂર હુઇ અતિ ઉજલું રે - એ દેશી.□)

**✡દોઇ મૂલનય ભાખિયા રે, નિશ્ચય નઈ વ્યવહાર;**
**નિશ્ચય દ્વિવિધ તિહાં કહિઓ♦ રે, શુદ્ધ અશુદ્ધ પ્રકાર રે ॥૮/૧॥ (૧૦૯)**
**પ્રાણી પરખો આગમભાવ. (એ આંકણી)**

પ્રથમ અધ્યાત્મભાષાઇં ૨ બે (મૂલ) નય (ભાખિયા=) કહિયા. એક **નિશ્ચયનય**, બીજો **વ્યવહારનય.**

• द्रव्यानुयोगपरामर्शः •

**शाखा - ८**

यथाप्रतिज्ञातमेवाह – '**निश्चये**'ति।

**निश्चय-व्यवहारौ द्वौ नयावध्यात्मभाषया।**
**तत्राऽऽदिमो द्विधा ज्ञेयः शुद्धाऽशुद्धप्रकारतः।।८/१।।**
**भो प्राणिन् ! शास्त्रभावं रे, परीक्ष्याऽत्र स गृह्यताम्।। ध्रुवपदम्।।**

• द्रव्यानुयोगपरामर्शकर्णिका •

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अध्यात्मभाषया निश्चय-व्यवहारौ द्वौ नयौ। तत्र आदिमः शुद्धाऽशुद्धप्रकारतः द्विधा ज्ञेयः।।८/१।।

भो प्राणिन् ! शास्त्रभावं परीक्ष्याऽत्र सः गृह्यताम् रे।। ध्रुवपदम्।।

**अध्यात्मभाषया** = आध्यात्मिकपरिभाषया तु **निश्चय-व्यवहारौ** इति **द्वौ** एव **नयौ** = मूलनयौ भवतः। तदुक्तम् **आलापपद्धतौ** "पुनरप्यध्यात्मभाषया नया उच्यन्ते। तावन्मूलनयौ द्वौ निश्चयो व्यवहारश्च।

❋ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકાસુવાસ** ❋

[illegible] :- પૂર્વે જે પ્રમાણે પ્રતિજ્ઞા કરેલી હતી, તે પ્રમાણે આધ્યાત્મિકનયનું નિરૂપણ કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

### ✠ આધ્યાત્મિક પરિભાષા મુજબ નયવિચાર ✠

[illegible] :- અધ્યાત્મની પરિભાષા મુજબ નિશ્ચય અને વ્યવહાર - આમ બે નયો છે. તેમાં પહેલો નય શુદ્ધ અને અશુદ્ધ પ્રકારની અપેક્ષાએ દ્વિવિધ છે. (૮/૧)

હે ભવ્ય પ્રાણી ! અહીં આગમભાવને પરખીને સ્વીકારવો. (**ધ્રુવપદ**)

[illegible] :- આધ્યાત્મિક પરિભાષા મુજબ તો નિશ્ચય અને વ્યવહાર - એમ બે જ નયો પ્રાપ્ત થાય છે. **આલાપપદ્ધતિ** ગ્રંથમાં આ બાબતને જણાવતા કહેલ છે કે "વળી, અધ્યાત્મભાષાથી નયોનું નિરૂપણ થાય છે. સૌ પ્રથમ મૂળ નય બે છે - નિશ્ચય અને વ્યવહાર. તે બન્નેમાં નિશ્ચયનય અભેદને

♦ કો.(૧૨)માં 'રે જાયા તુઝ વિણ ઘડી રે છ માસ- એ દેશી' પાઠ. □ કો.(૧૨)માં 'પૂતા તુજ વિણ- એ દેશી' પાઠ. ✡ પુસ્તકોમાં 'દોઉ' પાઠ. અહીં કો.(૫+૮+૧૨+૧૩) નો પાઠ લીધો છે. ♦ કો.(૨+૯)માં 'કહ્યો' પાઠ.

•**તિહાં નિશ્ચયનય દ્વિવિધ કહિઓ.** એક **શુદ્ધ** નિશ્ચયનય, બીજો (પ્રકાર) **અશુદ્ધ** નિશ્ચયનય. હે **પ્રાણી** ! **આગમ**ના **ભાવ (પરખો,)** પરખીનઈં ગ્રહો. *એ હિતોપદેશ શ્રદ્ધાવંતને જાણવો.* ॥૮/૧॥ (૧૦૯)

---

तत्र निश्चयनयोऽभेदविषयो व्यवहारो भेदविषयः" (आ.प.पृ.२०) इति। प्रकृते [1]"दो नया खलु ववहारो निच्छओ चेव" (आ.नि.८१४) इति **आवश्यकनिर्युक्ति**वचनं स्मर्तव्यम्। [2]"दिट्ठी य दो नया खलु ववहारो निच्छओ चेव।" (वि.आ.भा. २७१४) इति **विशेषावश्यकभाष्य**वचनं न विस्मर्तव्यम्।

प्रामाण्यं तूभयनयसमन्वये एव सम्मतम्। इदमेवाभिप्रेत्य **आवश्यकनिर्युक्तौ** [3]"उभयनयमयं पुण पमाणं" (आ.नि.७१५) इत्युक्तमित्यवधेयम्।

**तत्र** = तयोः मध्ये **आदिमः** = निश्चयनयः **शुद्धाऽशुद्धप्रकारतः द्विधा** = द्विप्रकारः **ज्ञेयः**।

**रे प्राणिन्** ! **अत्र** = आध्यात्मिकपरिभाषायां **शास्त्रभावम्** = आगमभावं निरीक्ष्य **परीक्ष्य** च **स** दिगम्बरोक्तो भावो **गृह्यताम्**। श्रद्धावन्तं प्रति अयं हितोपदेशः।। ***ध्रुवपदव्याख्यानम्***।।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – वस्तुकेन्द्रितविचारणामपहाय आत्मकेन्द्रितमांसलमीमांसायां निजां तत्त्वदृष्टिं प्राधान्यतः प्रस्थाप्य तत्त्वनिर्णयगोचरमौलिकप्रणालिका हि आध्यात्मिकपरिभाषा उच्यते।

---

પોતાનો વિષય બનાવે છે. તથા વ્યવહારનય ભેદને પોતાનો વિષય બનાવે છે." 'નય ખરેખર બે છે. (૧) નિશ્ચય અને (૨) વ્યવહાર' - આ પ્રમાણે **આવશ્યકનિર્યુક્તિ**નું વચન પણ અહીં સ્મર્તવ્ય છે. **વિશેષાવશ્યકભાષ્ય**માં પણ આ જ વાત કરી છે. તે પણ ભૂલવા જેવી નથી.

(**प्रामा.**) 'જો વ્યવહાર ભેદવિષયક હોય અને નિશ્ચય અભેદવિષયક હોય તો તે બન્નેમાંથી સાચું કોણ ?' - આવી શંકાનું સમાધાન એ છે કે નિશ્ચયનો અને વ્યવહારનો સમન્વય કરવામાં આવે તો જ સચ્ચાઈ પ્રગટે. આ જ અભિપ્રાયથી **આવશ્યકનિર્યુક્તિ**માં શ્રી**ભદ્રબાહુસ્વામી**જીએ જણાવેલ છે કે 'નિશ્ચય અને વ્યવહાર - એમ ઉભયનયનો મીલિત મત જ પ્રમાણભૂત છે.' આ વાત વિજ્ઞવાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

(**तत्र.**) નિશ્ચય અને વ્યવહાર - આ બે નયની અંદર સૌ પ્રથમ નિશ્ચયનય શુદ્ધ અને અશુદ્ધ પ્રકારની અપેક્ષાએ દ્વિવિધ છે.

(**रे.**) હે ભવ્ય પ્રાણી ! આ આધ્યાત્મિક પરિભાષામાં આગમભાવને નીરખીને અને પરખીને દિગંબરે નિરૂપણ કરેલા ભાવને તમે ગ્રહણ કરો. શ્રદ્ધાવંત શિષ્ય પ્રત્યે આ હિતોપદેશ છે. (**ધ્રુવપદવ્યાખ્યા**)

## ❈ આત્મલક્ષી વિચારણા કરીએ ❈

[redacted] :- વસ્તુલક્ષી વિચારણાને બદલે આત્મલક્ષી પરિપુષ્ટ વિચારણા કરવા ઉપર આપણી દૃષ્ટિને કેન્દ્રિત કરી, તત્ત્વનિર્ણય કરવાની મૌલિક પ્રણાલિકા એટલે આધ્યાત્મિક પરિભાષા. તેથી આત્માના લાભ-નુકસાનને મુખ્યરૂપે નજરમાં રાખી કોઈ પણ ઘટનાનું કે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાની

---

● કો.(૯) + સિ.માં 'तत्र' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. આ.(૧)માં છે. 1. द्वौ नयौ खलु व्यवहारो निश्चयश्चैव। 2. दृष्टी च द्वौ नयौ खलु व्यवहारो निश्चयश्चैव। 3. उभयनयमतं पुनः प्रमाणम्।

ततश्च आत्मन आय-व्ययौ प्रधानीकृत्य कस्याश्चिद् अपि परिस्थितेः समीक्षणपद्धतिः सर्वेणाऽपि आत्मार्थिना आत्मसात् कार्या, इत्थमेव तात्त्विकाराधकभावसम्पत्तेः। ततश्चाऽखिलदोषशून्यस्वभावता **नमस्कारमाहात्म्योक्ता** अविलम्बेन प्रादुर्भवेत्। तदुक्तं तत्र **सिद्धसेनसूरि**भिः "शुभाऽशुभैः परिक्षीणैः कर्मभिः केवलस्य या। चिद्रूपताऽऽत्मनः सिद्धौ सा हि शून्यस्वभावता।।" (न.मा.२/२०) इति।।८/१।।

વિચારપદ્ધતિને અપનાવવા પ્રત્યેક આત્માર્થી સાધકે સદા તત્પર રહેવું જોઈએ - તેવી સૂચના અહીં પ્રાપ્ત થાય છે. કારણ કે આ રીતે જ તાત્ત્વિક આરાધકભાવ પ્રાપ્ત થાય છે. તથા ત્યાર બાદ **નમસ્કારમાહાત્મ્ય**માં જણાવેલ સકલદોષશૂન્યસ્વભાવતા ઝડપથી પ્રગટે છે. ત્યાં શ્રી**સિદ્ધસેનસૂરિ**જીએ દર્શાવેલ છે કે "તમામ શુભ -અશુભ કર્મો સર્વથા ક્ષીણ થતાં સિદ્ધશિલામાં ફક્ત એકલા આત્માની ચિદ્રૂપતા = જ્ઞાનરૂપતા બચે છે. તે જ શૂન્યસ્વભાવતા છે." (૮/૧)

લખી રાખો ડાયરીમાં.....

- તમામ સાધના તમામ સ્થળે-સમયે શક્ય નથી.
  ઉપાસનાને સમયનું અને સ્થળનું બંધન નથી.
- વાસના કાયમ ભીખમંગી છે.
  બિનશરતી શરણાગતિ સ્વરૂપ ઉપાસના મહાદાનેશ્વરી છે.
- સાધનાનું ચાલકબળ શક્તિ છે.
  દા.ત. બાહુબલી મુનિ
  ઉપાસનાનું ચાલકબળ ભક્તિ છે.
  દા.ત. સુલસા
- સાધનાનો ચાહક દેહવિલોપન કરે.
  દા.ત. તામલી તાપસ
  ઉપાસનાનો ચાહક આત્મવિલોપન કરે.
  દા.ત. સાધ્વી મૃગાવતી
- સાધનાનો પ્રારંભ વૈરાગ્યથી થાય છે.
  દા.ત. દ્વારિકાદાહવિરક્ત પાંડવો.
  ઉપાસનાનો પ્રારંભ વિનયથી થાય છે.
  દા.ત. વિનયી પુષ્પશાલ.

**જીવ કેવલાદિક યથા[§] રે, શુદ્ધવિષય નિરુપાધિ;**
**મઈનાણાદિક આતમા રે, અશુદ્ધ તે સોપાધિ રે ॥૮/૨॥ (૧૧૦) પ્રાણી.**

(**યથા**) જીવ તે કેવલજ્ઞાનાદિરૂપ છઇ - ઇમ જે **નિરુપાધિ** કહિઈં કર્મોપાધિરહિત કેવલજ્ઞાનાદિક **શુદ્ધ** [❖]ગુણ **વિષય** લેઇ, આત્માનઈં અભેદ દેખાડિઈં [*]છઈં તેહ શુદ્ધ નિશ્ચયનય જાણવઉં[♦]. **મતિજ્ઞાનાદિક** અશુદ્ધ ગુણનઈં **આત્મા** કહિઈં, **તે અશુદ્ધ** નિશ્ચયનય, [*]**सोपाधिकत्वात्**[*] ॥૮/૨॥ (૧૧૦.)

---

आध्यात्मिकपरिभाषानुसारेण एव निश्चयनयद्वयमुदाहरणतः स्पष्टयति - '**केवले**'ति।

**केवलज्ञानभावो हि जीवोऽनुपाधिको यथा।**
**शुद्धगोचर आद्यस्तु मति-श्रुतादयोऽन्यथा।।८/२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् - अनुपाधिकः शुद्धगोचरः आद्यः (निश्चयः)। यथा 'केवलज्ञानभावः जीवः' (इति वचनम्)। 'मति-श्रुतादयः जीवः' (इति वचनं तु) अन्यथा।।८/२।।

**आद्यः** = शुद्धनिश्चयनयो **हि** एवं बोध्यो **यथा** '**केवलज्ञानभावः जीवः**' इति कथनम्। अत्र हि यः **अनुपाधिकः** = कर्मजन्योपाधिशून्यः केवलज्ञान-दर्शनादिरूपः शुद्धभावः तमुपादाय तत्राऽऽत्मनोऽभेदो दर्श्यते। अत एवायं निश्चयनयः **शुद्धगोचर** उच्यते। केवलज्ञानादिकं शुद्धगुणमुद्दिश्य तादात्म्यसम्बन्धेनाऽऽत्मनो विधानं शुद्धनिश्चयनये भवतीति भावः।

'**मति-श्रुतादयो** = मति-श्रुतादिज्ञानानि **जीवः**' इति कथनं **तु अन्यथा** = अशुद्धनिश्चयनयः,

---

**અવતરણિકા** :- આધ્યાત્મિક પરિભાષા મુજબ જ નિશ્ચયનયના બે ભેદને ઉદાહરણ દ્વારા ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે :-

### ❋ આધ્યાત્મિક નિશ્ચયના બે ભેદ ❋

**શ્લોકાર્થ** :- નિરુપાધિક શુદ્ધવિષયક પ્રથમ નિશ્ચયનય છે. જેમ કે 'કેવલજ્ઞાનસ્વરૂપ ભાવ એ જીવ છે' - આ કથન. 'મતિ-શ્રુત વગેરે જીવ છે' - આ કથન તો અશુદ્ધ નિશ્ચયનય છે. (૮/૨)

**વ્યાખ્યાર્થ** :- પ્રથમ શુદ્ધ નિશ્ચયનય આ પ્રમાણે સમજવો. જેમ કે 'કેવલજ્ઞાન સ્વરૂપ ભાવ એ જીવ છે' - આવું કથન. કર્મજન્ય ઉપાધિથી શૂન્ય = નિરુપાધિક એવા જે કેવલજ્ઞાન-દર્શન વગેરે સ્વરૂપ શુદ્ધ ભાવો છે, તેને ગ્રહણ કરીને તે શુદ્ધભાવમાં આત્માનો અભેદ પ્રસ્તુત નિરૂપણમાં દર્શાવવામાં આવે છે. આથી જ નિશ્ચયનયનો પ્રથમ ભેદ શુદ્ધવિષયક કહેવાય છે. કહેવાનો આશય એ છે કે કેવલજ્ઞાન વગેરે શુદ્ધ ગુણને ઉદ્દેશીને તાદાત્મ્યસંબંધથી આત્માનું વિધાન શુદ્ધ નિશ્ચયનયમાં થાય છે.

('**मति.**) 'મતિ-શ્રુત વગેરે જ્ઞાન એ જીવ છે' - આવું કથન કરવું તે અશુદ્ધ નિશ્ચયનય છે. કારણ કે મતિજ્ઞાન વગેરે ગુણો સોપાધિક હોવાથી અશુદ્ધ ગુણો છે. અશુદ્ધ એવા મતિજ્ઞાન વગેરે ગુણોને

---

§ મો.(૨)માં 'થયો' પાઠ. ❖ 'ગુણ' પદ પુસ્તકોમાં નથી. કો.(૭) + કો.(૯+૧૨+૧૩) + લી.(૨+૩) + મો.(૨) + આ.(૧)માં છે. * પુસ્તકોમાં 'છઈં' નથી. કો.(૯)માં છે. ♦ પુસ્તકોમાં 'જાણવઉં' પદ નથી. ફક્ત કો.(૧૨)માં છે. * પુસ્તકોમાં 'સોપાધિકત્વાત્' નથી. કો.(૧૩) + આ.(૧)માં છે.

सोपाधिकत्वात्, मतिज्ञानादिकमशुद्धगुणमुपादाय तत्राऽऽत्मनोऽभेदस्योपदर्शनात्। इदमभिप्रेत्य **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "असौ (= अभिनिबोधः) आत्मैव, ज्ञान-ज्ञानिनोः कथञ्चिदव्यतिरेकाद्" (वि.आ.भा.८१ वृ.) इत्युक्तम्। अत्र हि अभिनिबोधाऽपराऽभिधानमतिज्ञानमात्मत्त्वेनोपदर्शितम्। मतिज्ञानादिकमशुद्धगुणमुद्दिश्य तादात्म्यसम्बन्धेनाऽऽत्मनो विधानं अशुद्धनिश्चयनये भवतीति भावः।

***एतेन*** [1]"नियमा सुयं तु जीवो" (बृ.क.भा.१३९) इति **बृहत्कल्पभाष्योक्तिः**, [2]"सुयं तु परमत्थओ जीवो" (वि.आ.भा. ९९) इति च **विशेषावश्यकभाष्योक्तिरपि *व्याख्याता***, परमार्थतः = अशुद्धनिश्चयतः, श्रुतज्ञान-ज्ञानिनोः अनन्यभूतत्वेन श्रुतमुद्दिश्य तादात्म्यसम्बन्धेन आत्मनो विधानात्।

पूर्वोक्तः (५/१६) सप्तमो द्रव्यार्थिकः वक्ष्यमाणया (१३/४) साध्यवसानालक्षणया इदंत्वेन श्रुतादिकं जीवगुणं जीवविधया दर्शयति, अयं तु वक्ष्यमाणया (१३/४) सारोपालक्षणया श्रुतत्वादिनैव।

ગ્રહણ કરીને તેમાં આત્માના અભેદનું દર્શન પ્રસ્તુત નિશ્ચયનય કરાવે છે. તેથી તે નિશ્ચયને અશુદ્ધ કહેવામાં આવે છે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં જણાવેલ છે કે 'આ અભિનિબોધ આત્મા જ છે.કારણ કે જ્ઞાન-જ્ઞાની વચ્ચે કથંચિત્ અભેદ રહેલો છે.' અહીં અભિનિબોધ એટલે કે મતિજ્ઞાન આત્મદ્રવ્યસ્વરૂપે જણાવેલ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કર્મજન્યઉપાધિગ્રસ્ત અશુદ્ધ એવા મતિજ્ઞાનાદિને ઉદ્દેશીને તાદાત્મ્યસંબંધથી આત્માનું વિધાન અશુદ્ધ નિશ્ચયનયમાં થાય છે.

### ❈ વિશેષાવશ્યકભાષ્યની સ્પષ્ટતા ❈

**(एते.)** **બૃહત્કલ્પભાષ્ય**માં તથા **વિશેષાવશ્યકભાષ્ય**માં "પરમાર્થથી તો શ્રુત નિયમા આત્મા છે" - આ પ્રમાણે જે જણાવેલ છે, તેનું પણ સ્પષ્ટીકરણ ઉપરોક્ત રીતે થઈ જાય છે. કેમ કે 'પરમાર્થથી = અશુદ્ધનિશ્ચયથી' - આવું ત્યાં અભિપ્રેત છે. તેથી ત્યાં તાત્પર્ય એમ સમજવું કે - અશુદ્ધ નિશ્ચયનયથી શ્રુતજ્ઞાન અને શ્રુતજ્ઞાની વચ્ચે અભેદ હોવાથી શ્રુતજ્ઞાનને ઉદ્દેશીને અભેદસંબંધથી આત્માનું વિધાન થાય છે.

**શંકા** :- પૂર્વે પાંચમી શાખામાં જણાવેલ અન્વયદ્રવ્યાર્થિક નામનો સાતમો દ્રવ્યાર્થિક પણ આત્માના ગુણને આત્મા તરીકે જણાવીને ગુણ-ગુણીનો અભેદ જણાવે છે. તથા પ્રસ્તુત શુદ્ધ અને અશુદ્ધ નિશ્ચયનય પણ આત્મગુણને આત્મા તરીકે દર્શાવીને ગુણ-ગુણીનો અભેદ જ બતાવે છે. તેથી સાતમા દ્રવ્યાર્થિકમાં અને પ્રસ્તુત શુદ્ધ-અશુદ્ધ નિશ્ચયનયમાં ઐક્ય થવાની આપત્તિ આવશે.

### ✡ અન્વયદ્રવ્યાર્થિક અને શુદ્ધ-અશુદ્ધનિશ્ચય વચ્ચે ભેદ ✡

**સમાધાન** :- **(पूर्वो.)** પાંચમી શાખામાં જણાવેલ સાતમો અન્વયદ્રવ્યાર્થિકનય શ્રુતત્વાદિસ્વરૂપે નહિ પરંતુ इदन्त्व સ્વરૂપે = પુરોવર્તીસ્વરૂપે શ્રુતાદિ તમામ આત્મગુણોને આત્મદ્રવ્ય તરીકે સાધ્યવસાના લક્ષણા વડે જણાવે છે. જ્યારે પ્રસ્તુત અશુદ્ધ નિશ્ચયનય તો સારોપા લક્ષણા વડે શ્રુતત્વાદિસ્વરૂપે શ્રુતાદિ આત્મગુણોને આત્મા તરીકે જણાવે છે અને શુદ્ધ નિશ્ચયનય કેવલજ્ઞાનત્વાદિસ્વરૂપે કેવલજ્ઞાનાદિ આત્મગુણોને આત્મા તરીકે દર્શાવે છે, ઈદન્ત્વસ્વરૂપે નહિ. સાધ્યવસાના અને સારોપા લક્ષણા આગળ (૧૩/૪) જણાવવામાં આવશે. તદુપરાંત, સાતમો દ્રવ્યાર્થિક પદાર્થલક્ષી છે. જ્યારે પ્રસ્તુત નય તો આત્મલક્ષી

1. नियमात् श्रुतं तु जीवः। 2. श्रुतं तु परमार्थतो जीवः।

स च पदार्थकेन्द्रितः, अयन्तु आत्मकेन्द्रित इति नाऽन्वयद्रव्यार्थिक-शुद्धाऽशुद्धनिश्चयनयाऽभेद-प्रसङ्ग इति भावनीयम्।

***ननु*** श्रुतज्ञानस्य जीवस्वरूपत्वे तन्नाशे जीवनाश आपद्येत इति ***चेत्*** ?

***भवतु***, का नामाऽस्माकम् अनेकान्तवादिनां हानिः ? सर्वथा जीवनाशस्य तदाऽनभ्युपगमात्, जीवस्य उत्पाद-व्यय-ध्रौव्यस्वभावत्वात्, अनन्तपर्यायकलितत्वाच्च। श्रुतपर्यायेण जीवस्य नाशेऽपि केवलज्ञानादिपर्यायेणोत्पादात्, सचेतनत्वाऽमूर्त्तत्व-द्रव्यत्व-सत्त्व-प्रमेयत्वादिपर्यायैश्च ध्रुवत्वात्। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [1]"तं जइ जीवो, नासे तण्णासो, होउ, सव्वसो नत्थि। जं सो उप्पाय-व्वय-धुवधम्माणंत-पज्जाओ।।" (वि.आ.भा.५४३) इति।

**आलापपद्धतौ देवसेनेन** "निश्चयो द्विविधः - शुद्धनिश्चयः अशुद्धनिश्चयश्च। तत्र निरुपाधिकगुण-गुण्यभेदविषयकः शुद्धनिश्चयो यथा 'केवलज्ञानादयो जीव' इति। सोपाधिकगुण-गुण्यभेदविषयोऽशुद्धनिश्चयो

---

છે. આટલો અહીં તફાવત છે. તેથી અન્વયદ્રવ્યાર્થિકનય અને શુદ્ધ-અશુદ્ધનિશ્ચયનય એક થવાની આપત્તિને અવકાશ નથી. આમ વિભાવના કરવી.

**શંકા** :- (ननु.) જો શ્રુતજ્ઞાન એ જીવ હોય તો શ્રુતજ્ઞાનનો નાશ થતાં જીવનો નાશ થશે.

### ❋ એક પર્યાયરૂપે નાશ છતાં અન્યપર્યાયરૂપે ધ્રૌવ્યાદિ અવ્યાહત ❋

**સમાધાન** :- (भव.) ભલે શ્રુતરૂપે જીવનો નાશ થાવ. અમને અનેકાન્તવાદીને એમાં શું વાંધો હોઈ શકે ? શ્રુતનો નાશ થતાં સર્વથા જીવનો નાશ અમે માનતા નથી. કેમ કે જીવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વભાવવાળો છે તથા અનંતપર્યાયોથી યુક્ત છે. તેથી શ્રુતપર્યાયનો નાશ થતાં શ્રુતપર્યાયસ્વરૂપે જીવનો નાશ થવા છતાં પણ કેવલજ્ઞાનાદિપર્યાયરૂપે જીવની ઉત્પત્તિ થાય જ છે. તથા અચેતનત્વ, અમૂર્ત્તત્વ, દ્રવ્યત્વ, સત્ત્વ, પ્રમેયત્વ વગેરે પર્યાય સ્વરૂપે ધ્રૌવ્ય પણ જીવમાં વિદ્યમાન જ છે. જેમ કાનખજૂરાનો એક પગ નાશ પામે ત્યારે પણ બીજા પગો હાજર હોવાથી કાનખજૂરાનું અસ્તિત્વ જોખમાતું નથી. અન્ય પગથી વિશિષ્ટ એવો કાનખજૂરો જીવતો રહી શકે છે. બરાબર તે જ રીતે જીવનો એકાદ પર્યાય નાશ પામે તો પણ અન્ય અનંતા પર્યાયો હાજર હોવાથી જીવનું અસ્તિત્વ જોખમાતું નથી. અન્ય અનંત પર્યાયથી વિશિષ્ટ એવો જીવ ટકી શકે છે. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્યમાં** જણાવેલ છે કે "તે શ્રુતજ્ઞાન જો જીવ હોય તો શ્રુતજ્ઞાનનો નાશ થતાં જીવનો નાશ થશે. ભલે થાવ. પરંતુ જીવનો સર્વથા ઉચ્છેદ નહિ થાય. કારણ કે જીવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત છે અને અનંતપર્યાયમય છે."

### 卐 શુદ્ધ-અશુદ્ધ નિશ્ચય વિચારણા 卐

(आला.) **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજીએ** જણાવેલ છે કે "નિશ્ચયનયના બે પ્રકાર છે - શુદ્ધ નિશ્ચયનય અને અશુદ્ધ નિશ્ચયનય. તેમાંથી શુદ્ધ નિશ્ચયનય નિરુપાધિક ગુણ અને ગુણી વચ્ચેના અભેદને પોતાનો વિષય બનાવે છે. જેમ કે 'કેવલજ્ઞાન વગેરે શુદ્ધ ગુણો એ જીવ છે' - આવું વચન. તથા

---

1. तद् यदि जीवः, नाशे तन्नाशः, भवतु, सर्वशो नास्ति। यत् स उत्पाद-व्यय-ध्रौव्यधर्माऽनन्तपर्यायः।।

यथा 'मतिज्ञानादयो जीव' इति" (आ.प.पृ.२०) इत्युक्तम् ।

***यद्यपि*** जयधवलायां (भा.१ पृ.४४) **वीरसेनस्वामिना** मतिज्ञानादीनां केवलज्ञानांशरूपताया दर्शितत्वेन शुद्धत्वमेव। अत एव तेषां सम्यग्ज्ञानरूपता उच्यते, न त्वज्ञानरूपता ***तथापि*** सोपाधिकत्वाऽपेक्षया तेषामशुद्धत्वमत्रोक्तमित्यवधेयम् ।

यच्च पूर्वोक्त(७/१०)रीत्या **भगवत्यां** [1]"आया नियमं दंसणे" (भ.सू.१२/१०/४६८) इत्युक्तम्, यच्च **महाप्रत्याख्यानप्रकीर्णके** [2]"आया मे दंसणे चरित्ते" (म.प्र.प्र.११) इत्युक्तम्, यच्च **आवश्यकनिर्युक्तौ** [3]"आया खलु सामाइयं" (आ.नि.७९०) इत्युक्तम्, यच्च **भगवत्याम्** [4]"आया णे अज्जो ! सामाइए" (भ.सू.१/९/२४) इत्युक्तम्, यच्च **ओघनिर्युक्तौ विशेषावश्यकभाष्ये** च [5]"आया चेव अहिंसा" (ओ.नि.७५५, वि.आ.भा.३४३१) इत्युक्तम्, यच्च **मरणविभक्ति-महाप्रत्याख्यानाऽऽतुरप्रत्याख्यानप्रकीर्णकेषु समयसारे भावप्राभृते** च [6]"आया पच्चक्खाणे" (म.वि.२१६, म.प्र.११, आतु. प्र.२५, स.सा.२७७, भा.प्रा.५८) इत्युक्तम्, यदपि च **प्रवचनसारे** [7]"आदा धम्मो मुणेदव्वो" (प्र.सा.१/१९) इत्युक्तं तदपि निरुपाधिकगुण-गुण्यभेदविषयकत्वेन

---

અશુદ્ધ નિશ્ચયનય સોપાધિક ગુણ અને ગુણી વચ્ચે રહેલા અભેદને પોતાનો વિષય બનાવે છે. જેમ કે 'મતિજ્ઞાન વગેરે ગુણ એ જીવ છે' - આવું વચન."

## ❖ મતિજ્ઞાનાદિ શુદ્ધ છતાં અશુદ્ધ ❖

(यद्यपि.) જો કે **વીરસેનસ્વામી**એ **જયધવલા** વ્યાખ્યાગ્રંથમાં (ભાગ-૧, પૃ.૪૪) મતિજ્ઞાન વગેરેને કેવલજ્ઞાનના અંશ તરીકે જણાવેલ છે. કેવલજ્ઞાન શુદ્ધ હોવાથી તેના અંશસ્વરૂપ મતિજ્ઞાન વગેરે પણ શુદ્ધ જ હોય. મતિજ્ઞાનાદિ શુદ્ધ હોવાથી જ સમ્યગ્જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. બાકી તો તે અજ્ઞાનરૂપ જ કહેવાવા જોઈએ. તે શુદ્ધ હોવાના લીધે જ અજ્ઞાનાત્મક કહેવાતા નથી. તેમ છતાં મતિજ્ઞાનાદિ સોપાધિક હોવાની અપેક્ષાએ અહીં તેને નિશ્ચયનયની દૃષ્ટિએ અશુદ્ધ જણાવેલ છે. આ વાત ખ્યાલમાં રાખવી.

## ❈ ભગવતીસૂત્ર આદિના સંદર્ભનો વિમર્શ ❈

(यच्च.) (૧) પૂર્વે (૭/૧૦) દર્શાવ્યા મુજબ **ભગવતીજીસૂત્ર**માં જણાવેલ છે કે 'આત્મા એ નિયમા = અવશ્ય દર્શન છે.' (૨) **મહાપ્રત્યાખ્યાનપયન્ના**માં 'મારો આત્મા દર્શન તથા ચારિત્ર છે' - આમ જણાવેલ છે. (૩) **આવશ્યકનિર્યુક્તિ**માં 'આત્મા એ જ સામાયિક છે' - આ મુજબ દર્શાવેલ છે. (૪) **ભગવતીસૂત્ર**માં 'હે આર્ય ! આત્મા એ જ સામાયિક છે' - આમ બતાવેલ છે. (૫) **ઓઘનિર્યુક્તિ**માં અને (૬) **વિશેષાવશ્યકભાષ્ય**માં 'આત્મા જ અહિંસા છે' - આમ કહેલ છે. (૭) **મરણવિભક્તિપ્રકીર્ણક**, (૮) **મહાપ્રત્યાખ્યાનપ્રકીર્ણક**, (૯) **આતુરપ્રત્યાખ્યાનપ્રકીર્ણક**, (૧૦) **સમયસાર** તથા (૧૧) **ભાવપ્રાભૃત** ગ્રંથમાં જણાવેલ છે કે 'આત્મા એ જ પચ્ચક્ખાણ છે.' (૧૨) **પ્રવચનસાર**માં પણ દર્શાવેલ છે કે 'આત્માને ધર્મ જાણવો.' અહીં આત્માને દર્શન-ચારિત્ર આદિ ગુણસ્વરૂપે જે જણાવેલ છે, તે પણ નિરુપાધિક ગુણ અને ગુણી વચ્ચેના તાદાત્મ્યને પોતાનો વિષય બનાવે છે. તથા આત્માને અહિંસા, પચ્ચક્ખાણ વગેરે

---

1. आत्मा नियमेन दर्शनम्। 2. आत्मा मे दर्शनं चारित्रम्। 3. आत्मा खलु सामायिकम्। 4. आत्मा णं आर्य ! सामायिकम्। 5. आत्मा चैव अहिंसा। 6. आत्मा प्रत्याख्यानम्। 7. आत्मा धर्मो मुणितव्यः (= ज्ञातव्यः)।

निरुपाधिकपर्याय-पर्याय्यभेदविषयकत्वेन वा शुद्धनिश्चयेऽन्तर्भावनीयम्, सजातीयद्रव्य-गुणादेरभिन्नत्वात्। द्रव्य-भावकर्मोदयाऽप्रतिहतस्य दर्शनसामान्यस्य दर्शनत्वेन चारित्रसामान्यस्य च चारित्रत्वेन रूपेण शुद्धात्मगुणत्वं तु प्रसिद्धमेव । एवमेवाऽहिंसासामान्यस्याऽहिंसात्वेन रूपेण आत्मनः शुद्धपर्यायत्वम् अवसेयम्। इत्थञ्च निश्चयनयत्वावच्छिन्नो गुण-गुणिनोः पर्याय-पर्यायिणोश्चाऽभेदमेवोपदर्शयतीति सिद्धम्। परं ज्ञानोपयोगकाले एव ज्ञानानन्यो ज्ञानी निश्चयेनोच्यते। इदमेवाभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"जह वा नाणाऽणण्णो नाणी नियओवओगकालंमि" (वि.आ.भा.३४३८) इत्युक्तम्।

इदञ्चात्राऽवधेयम् – केवलमनावृतं चैतन्यम् आत्मनः स्वभावगुणः, कर्मनिरपेक्षत्वात्। अत एव स शुद्धगुणः निरुपाधिकगुणश्चोच्यते। केवलज्ञानं तु स्वभावगुणपर्याय उच्यते। सावृतं चैतन्यञ्चात्मनो विभावगुणः, कर्मकृतत्वात्। केवलज्ञानावरणोदयजन्यत्वादेव मत्यादयो मतिज्ञानावरणादिक्षयोपशम-

પર્યાયસ્વરૂપે જે દર્શાવેલ છે, તે નિરુપાધિક પર્યાય અને પર્યાયી વચ્ચેના તાદાત્મ્યને પોતાનો વિષય બનાવે છે. તેથી તે તમામ કથન શુદ્ધનિશ્ચયનયમાં અંતર્ભાવ કરવા યોગ્ય છે. આનું પણ કારણ એ છે કે આત્મા અને દર્શન, ચારિત્ર, સામાયિક, જ્ઞાન વગેરે ગુણો પરસ્પર સજાતીય છે. સજાતીય દ્રવ્ય અને ગુણ વગેરે તો પરસ્પર અભિન્ન હોય છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન વગેરે દર્શનના ભેદોનો ઉલ્લેખ કર્યા વિના, દર્શનત્વરૂપે દર્શનગુણ તો આત્માનો શુદ્ધ ગુણ જ છે. કેમ કે તે દ્રવ્યકર્મ-ભાવકર્મના ઉદયથી હણાયેલ નથી. તથા સામાયિક, છેદોપસ્થાપનીય વગેરે ભેદોનો ઉલ્લેખ કર્યા વિના ચારિત્રત્વરૂપે ચારિત્ર પણ આત્માનો શુદ્ધ ગુણ જ છે. આ વાત તો પ્રસિદ્ધ જ છે. તેથી ઉપરોક્ત **ભગવતીજી** વગેરેના વચનનો શુદ્ધ નિશ્ચયનયમાં સમાવેશ વ્યાજબી છે. તે જ રીતે એકેન્દ્રિયની દયા, કીડીની અહિંસા વગેરે પ્રકાર પાડ્યા વિના અહિંસાત્વરૂપે અહિંસાસામાન્ય આત્માના શુદ્ધપર્યાય તરીકે જ્ઞાતવ્ય છે. હિંસા, જૂઠ વગેરે પ્રતિયોગીના ઉલ્લેખ વિના પચ્ચક્ખાણસામાન્ય પણ પ્રત્યાખ્યાનત્વરૂપે આત્માનો શુદ્ધપર્યાય જ જાણવો. આ રીતે સિદ્ધ થાય છે કે નિશ્ચયનયત્વઅવચ્છિન્ન = સર્વ નિશ્ચયનય ગુણ-ગુણી વચ્ચે તથા પર્યાય-પર્યાયી વચ્ચે અભેદને દર્શાવે છે. પરંતુ જ્ઞાનના ઉપયોગ સમયે જ 'જ્ઞાની જ્ઞાનથી અભિન્ન છે' - આવું નિશ્ચયનય કહે છે. આ જ આશયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'જ્ઞાનોપયોગકાળે જ્ઞાની જ્ઞાનથી અભિન્ન છે.'

### ❋ નિરુપાધિક-સોપાધિક ગુણની સમજણ ❋

(**इदञ्चा.**) પ્રસ્તુતમાં એક વાત ધ્યાનમાં રાખવી કે આત્માનું કેવલ ચૈતન્ય = અનાવૃત ચૈતન્ય તે આત્માનો સ્વભાવગુણ છે. કેમ કે તે કર્મથી નિરપેક્ષ છે. તેથી જ અનાવૃત ચૈતન્ય શુદ્ધ ગુણ અને નિરુપાધિક ગુણ કહેવાય છે. કેવલજ્ઞાન તો સ્વભાવગુણપર્યાય કહેવાય છે. આત્માનું ચૈતન્ય આવરાય તો તે સાવૃત ચૈતન્ય = આવરણયુક્ત ચૈતન્ય એ આત્માનો વિભાવગુણ કહેવાય છે. કારણ કે તે કર્મજન્ય છે. મતિજ્ઞાન વગેરે ગુણો કર્મજન્ય છે, કેવલજ્ઞાનાવરણઉદયજન્ય છે. તેથી જ મતિજ્ઞાન વગેરે વિભાવગુણના પર્યાય = સાવૃત ચૈતન્યના પર્યાય કહેવાય છે. મતિજ્ઞાનાદિ જ્ઞાનોમાં ફક્ત કેવલજ્ઞાના-વરણોદયજન્યત્વ માનવાથી મતિજ્ઞાનાદિની તરતમતા સંગત થઈ શકતી નથી. તેથી તેમાં તારતમ્યની

1. यथा वा ज्ञानानन्यो ज्ञानी निजकोपयोगकाले।

प्रयुक्ततारतम्यशालिनः सावृतचैतन्यलक्षणस्य विभावगुणस्य पर्यायाः प्रोच्यन्ते। तदुक्तं **माइल्लधवलेन द्रव्यस्वभावप्रकाशे** [1]"मदि-सुद-ओही-मणपज्जयं च अण्णाण तिण्णि जे भणिया। एवं जीवस्स इमे विहावगुणपज्जया सव्वे।।" (द्र.स्व.प्र.२४) इति।

अयमत्राशयः – आत्मनः स्वाभाविकगुणो हि ज्ञानम्। तच्च त्रयोदशगुणस्थानके आविर्भूय सर्वकालीन-सर्वदैशिक-सर्वद्रव्य-सर्वपर्यायान् साक्षात् परिच्छिनत्ति। किन्तु छद्मस्थदशायां तदेव ज्ञानं कषायोदयविकृतं सद् मतिज्ञानादिरूपेण परिणमति, मलविद्धनागमणिप्रकाशवत्। इदमभिप्रेत्य **अकलङ्कस्वामिना लघीयस्त्रये** "मलविद्धमणेर्व्यक्तिर्यथाऽनेकप्रकारतः। कर्मविद्धात्मनो व्यक्तिस्तथाऽनेकप्रकारतः।।" (ल.त्र.५७) इत्युक्तम्। इयं विकृतज्ञानदशा हि विभावगुणपर्याय उच्यते इति।

प्रकृते "गुणानां परमं रूपं न दृष्टिपथमृच्छति। यत्तु दृष्टिपथप्राप्तं तन्मायेव सुतुच्छकम्।।" (सि.वि.४/९ वृ.पृ.२६०, यो.सू.भा.४/१३, यो.भा.भा. ४/१३, पा. ४/१३, त.वै.४/१३, भाम.पृ.३५२, त.सिं.पृ.८०) इति **सिद्धिविनिश्चयवृत्तौ , योगसूत्रभाष्ये, योगसूत्रभाष्यभास्वत्याम्, पातञ्जलरहस्ये, तत्त्ववैशारद्यां, ब्रह्मसूत्रशाङ्करभाष्यभामत्यां, तत्त्वोपप्लवसिंहे** च समुद्धृता कारिका अनुभूयमानमत्यादिविभावगुणानां नश्वरतां दर्शयति।

---

સંગતિ કરવા માટે મતિજ્ઞાનાવરણ વગેરે કર્મના ક્ષયોપશમને મતિજ્ઞાનાદિગત તરતમતાનો પ્રયોજક માનવામાં આવે છે. પરંતુ મતિજ્ઞાનાદિ ચારેય જ્ઞાનો સોપાધિક જ છે. તેથી જ **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તથા ત્રણ અજ્ઞાન - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન - આ બધા જ જીવના વિભાવગુણ પર્યાય છે."

## ✥ વિભાવગુણપર્યાયને ઓળખીએ ✥

**(अयम.)** આશય એ છે કે જીવનો સ્વાભાવિક ગુણ જ્ઞાન છે. તેરમા ગુણસ્થાનકે તે કેવલજ્ઞાનસ્વરૂપે પ્રગટ થઈને સર્વ કાળના, સર્વ ક્ષેત્રના, સર્વ દ્રવ્યને અને તેના સર્વ પર્યાયોને અસંદિગ્ધરૂપે અને સ્પષ્ટપણે જાણે છે. પરંતુ તે જ જ્ઞાનગુણ છદ્મસ્થદશામાં કષાયના ઉદયથી વિકૃત થઈને મતિજ્ઞાન આદિ સ્વરૂપે પરિણમે છે. મલયુક્ત નાગમણિ વગેરેનો પ્રકાશ જેમ ઓછાવત્તા અંશે કચરો ખસવાથી વિવિધ પ્રકારે પરિણમે તેમ આ સમજવું. આ જ અભિપ્રાયથી **અકલંકસ્વામી**એ **લઘીયસ્ત્રય**માં જણાવેલ છે કે 'જેમ મલયુક્ત મણિની અભિવ્યક્તિ અનેક પ્રકારે થાય છે, તેમ કર્મયુક્ત આત્માની (= આત્મગુણોની) અભિવ્યક્તિ અનેક પ્રકારે થાય છે.' જ્ઞાનગુણની આ વિકારયુક્ત અવસ્થા જ વિભાવગુણપર્યાય કહેવાય છે.

## ❀ વિભાવગુણ તુચ્છ-નશ્વર ❀

**(प्रकृ.)** **સિદ્ધિવિનિશ્ચયવ્યાખ્યા**માં, **યોગસૂત્રભાષ્ય**માં, **યોગસૂત્રભાષ્યની ભાસ્વતી વ્યાખ્યા**માં, **પાતંજલરહસ્ય**માં, **યોગસૂત્રની તત્ત્વવૈશારદી વ્યાખ્યા**માં, **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**ની **ભામતી વૃત્તિ**માં તથા **તત્ત્વોપપ્લવસિંહ** ગ્રંથમાં ઉદ્ધૃત કરેલ કારિકામાં જણાવેલ છે કે 'ગુણોનું શ્રેષ્ઠ-શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિગોચર બનતું નથી. તથા ગુણોનું જે સ્વરૂપ દૃષ્ટિગોચર બને છે તે માયાની જેમ અત્યન્ત તુચ્છ છે.' છદ્મસ્થ જીવો જે મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો અનુભવ કરે છે, તે તુચ્છ છે, નાશવંત છે. તેના તરફ તે અંગુલિનિર્દેશ કરે છે.

---

1. मति-श्रुतावधि-मनःपर्याया अज्ञानानि त्रीणि च ये भणिताः। एवं जीवस्येमे विभावगुणपर्यायाः सर्वे।।

स्वभावगुणपर्यायनिरूपणावसरे तु **द्रव्यस्वभावप्रकाशे** [1]"णाणं दंसण-सुह-वीरियं च जं उहयकम्म-परिहीणं। तं सुद्धं जाण तुमं जीवे गुणपज्जयं सव्वं।।" (द्र.स्व.प्र.२५) इति प्रोक्तमित्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – निष्कपटं दीर्घकालं यावत् निरन्तरं शक्तिमनिगुह्य आराधना-गोचरं प्रचुरं प्रचण्डं पुरुषकारं कृत्वाऽपि कर्मवैषम्येन नियतिवैचित्र्येण कालप्रातिकूल्येन अशुभनिमित्त-पारवश्येन वा अनेकशः नानाविधदोषपराजित आत्मार्थी यदा हतोत्साहतागर्तायां निमज्जति, साधनासाफल्यसमुल्लासशिखरात् परिभ्रश्यति तदा तादृशमात्मार्थिनं निश्चयनयः गुण-गुण्यभेदमुपदर्श्येदं सूचयति यदुत 'आत्मनिष्ठानादिशुद्धकैवल्याऽनन्तशक्तिज्योतिरेव त्वम्। परमार्थतः तत्रैव तवाऽस्तित्वम्। त्वं न ततो भिद्यसे। आत्मस्वरूपं केवलज्ञानादिकं नैव विगतम्। उत्तिष्ठ। कैवल्य-ज्योतिषि तवेमां दृष्टिमुपादेयतया स्थापय। कुकर्म-काल-नियति-निमित्तादिकं विगमिष्यति अचिरेण'। इत्थं निश्चयनयोपदेशं श्रुत्वा अभ्युपगम्य चात्मार्थी उत्साहादिसमापूरितप्राणः सम्पद्यते। ततश्चाऽऽराधना चैतन्यवती प्राणवती च जायमाना द्रुतं "मोक्षो ज्ञानानन्दमयः" (कृ.गी.७३) इति **कृष्णगीतायां बुद्धिसागरसूरिभिः** दर्शितं मोक्षं प्रापयति।।८/२।।

### ❋ સ્વભાવગુણપર્યાયની વિચારણા ❋

**(स्वभाव.)** સ્વભાવગુણપર્યાયનું નિરૂપણ કરવાના અવસરે તો **દ્રવ્યસ્વભાવપ્રકાશ**માં જણાવેલ છે કે "જીવમાં દ્રવ્યકર્મથી અને ભાવકર્મથી રહિત જે જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય (વગેરે) ગુણ હોય છે, તે તમામને તમે જીવના શુદ્ધગુણપર્યાય તરીકે જાણો." આ રીતે નિરુપાધિક જ્ઞાનાદિને સ્વભાવગુણપર્યાય તરીકે દિગંબર **માઈલ્લધવલે** જણાવેલ છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

### ❁ કૈવલ્યજ્યોતિસ્વરૂપ આત્માને ઓળખીએ ❁

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રામાણિકપણે દીર્ઘ કાળ સુધી નિરંતર અહોભાવપૂર્વક શક્તિ છૂપાવ્યા વિના સાધનામાર્ગે પુષ્કળ-પ્રચંડ પુરુષાર્થ કરવા છતાં કર્મની વિષમતાથી, નિયતિની વિચિત્રતાથી, કાળબળની પ્રતિકૂળતાથી કે વિષમ પરિસ્થિતિની પરવશતાથી જાણ્યે-અજાણ્યે અનેક વખત નાના, મોટા દોષોનો શિકાર બની જનારો સાધક જ્યારે હતાશાની ઊંડી ખાઈમાં ગરકાવ થઈ જાય છે, સાધનામાર્ગે સફળતાને મેળવવાના ઉલ્લાસના શિખરથી ગબડી પડે છે, ત્યારે હતોત્સાહ બનેલા તેવા આત્માર્થી સાધકને નિશ્ચયનય ગુણ-ગુણીનો અભેદ દર્શાવી એવું સૂચિત કરે છે કે 'આત્મામાં રહેલ અનાદિશુદ્ધ કૈવલ્ય જ્યોતિ અને અનંત શક્તિ એ જ તું છે. પરમાર્થથી ત્યાં જ તારું અસ્તિત્વ છે. તું તેનાથી જુદો નથી. તથા આત્મસ્વરૂપ કેવલજ્ઞાન કાંઈ ખોવાઈ ગયેલું નથી. તેથી ઉઠ, ઉભો થા. કૈવલ્ય જ્યોતિ ઉપર તારી નજરને ઉપાદેયપણે સ્થિર કર. કુકર્મ, કુકાળ, કુનિયતિ, કુનિમિત્ત આપમેળે ઝડપથી રવાના થઈ જશે.' આવો નિશ્ચયનયનો ઉપદેશ સાંભળી, સ્વીકારી સાધકના ઉલ્લાસ-ઉમંગમાં પ્રાણ પૂરાય છે. તથા તેની સાધના વેગવંતી અને ચૈતન્યવંતી બની તેને ઝડપથી **કૃષ્ણગીતા**માં **શ્રીબુદ્ધિસાગરસૂરિજી**એ વર્ણવેલ જ્ઞાન-આનંદમય મોક્ષમાં પહોંચાડે છે. (૮/૨)

1. ज्ञानं दर्शन-सुख-वीर्यं च यदुभयकर्मपरिहीणम्। तं शुद्धं जानीहि त्वं जीवे गुणपर्यायं सर्वम्।।

નિશ્ચયનય તે અભેદ દેખાડઇં. વ્યવહારનય તે ભેદ દેખાડઈ છઈ -

**દોઈ ભેદ વ્યવહારના રે◆, સદ્ભૂતાસદ્ભૂત;**

**એક વિષય સદ્ભૂત છઈ રે✡, પરવિષયાસદ્ભૂત રે ||૮/૩|| (૧૧૧) પ્રાણી.**

**વ્યવહારનયના ૨ ભેદ** કહ્યાં છઇ. એક **સદ્ભૂત** વ્યવહાર ✦જાણવો. બીજો વલી **અસદ્ભૂત** વ્યવહાર છે. ▸**એક વિષય** કહતાં એકદ્રવ્યાશ્રિત, તે **સદ્ભૂત** વ્યવહાર. **પરવિષય** તે **અસદ્ભૂત**વ્યવહાર◂ *કહીઈ. અહો પ્રાણી ! એહવા ભાવ જાણવઉ. આગમના પરખઉ. એ ૧૧૧મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ||૮/૩||

गुण-गुण्याद्यभेदग्राहकं निश्चयं प्रदर्श्य साम्प्रतं भेदग्राहिणं व्यवहारनयं सभेदमुपदर्शयति – '**द्विभेद**' इति।

**द्विभेदो व्यवहारः सद्भूताऽसद्भूतभेदतः।**

**एकद्रव्याश्रितो ह्याद्यः परद्रव्याश्रितोऽपरः।।८/३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सद्भूताऽसद्भूतभेदतः व्यवहारः द्विभेदः। आद्यः हि एकद्रव्याश्रितः, अपरः (च) परद्रव्याश्रितः।।८/३।।

विशेषरूपेण गुण-गुणिप्रभृतीनां भेदग्राहको हि नयो **व्यवहारः** उच्यते आध्यात्मिकपरिभाषया। स च **सद्भूताऽसद्भूतभेदतः द्विभेदः** = द्विप्रकारः भवति – (१) सद्भूतव्यवहारनयः (२) असद्भूतव्यवहारनयश्चेति।

तत्र **आद्यः** = सद्भूतव्यवहारनयो **हि एकद्रव्याश्रितः** = एकवस्तुविषयो भवति। **अपरः** = द्वितीयः असद्भूतव्यवहारनयः तु **परद्रव्याश्रितः** = भिन्नद्रव्यविषयो भवति।

**અવતરણિકા** :- ગુણ-ગુણી વગેરે વચ્ચે અભેદને ગ્રહણ કરનાર નિશ્ચયનયનું નિરૂપણ કરીને હવે ભેદગ્રાહી વ્યવહારનયને તેના પ્રકાર સાથે દેખાડતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

### ❋ આધ્યાત્મિક વ્યવહારનયના બે ભેદનું પ્રતિપાદન ❋

**શ્લોકાર્થ** :- સદ્ભૂત અને અસદ્ભૂત - આ મુજબના ભેદથી વ્યવહારના બે ભેદ છે. સદ્ભૂત વ્યવહાર એક દ્રવ્યને આશ્રયીને રહેલો છે. અસદ્ભૂત વ્યવહાર ભિન્ન દ્રવ્યને આશ્રયીને રહેલો છે. (૮/૩)

**વ્યાખ્યાર્થ** :- ગુણ-ગુણી વગેરેમાં વિશેષરૂપે ભેદને ગ્રહણ કરનાર નય આધ્યાત્મિક પરિભાષાથી વ્યવહારનય કહેવાય છે. સદ્ભૂત અને અસદ્ભૂત - આ મુજબના ભેદથી તે વ્યવહારના બે પ્રકાર છે. મતલબ કે સદ્ભૂત વ્યવહારનય અને અસદ્ભૂત વ્યવહારનય - આ પ્રમાણે વ્યવહારનયના બે ભેદ છે.

(**तत्र.**) આ બે ભેદમાં પ્રથમ સદ્ભૂત વ્યવહારનય એક જ વસ્તુને પોતાનો વિષય બનાવે છે. અર્થાત્ અભિન્ન દ્રવ્યને આશ્રયીને સદ્ભૂત વ્યવહારનય પ્રવર્તે છે. જ્યારે બીજો અસદ્ભૂત વ્યવહારનય તો ભિન્ન દ્રવ્યને આશ્રયીને પ્રવર્તે છે.

◆ પુસ્તકોમાં 'જી' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ✡ પુસ્તકોમાં 'જી' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. ✦ 'જાણવો' પાઠ ફક્ત કો.(૧૩) + આ.(૧)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ સિ.+કો.(૯)માં નથી. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

तदुक्तम् **आलापपद्धतौ** "व्यवहारो द्विविधः सद्भूतव्यवहारोऽसद्भूतव्यवहारश्च। तत्रैकवस्तुविषयः सद्भूतव्यवहारः, भिन्नवस्तुविषयोऽसद्भूतव्यवहारः" (आ.प.पृ.२०) इति। सद्भूताऽसद्भूतव्यवहारनयोपयोगः त्रयोदशशाखायां (१३/४,५,६) वक्ष्यत इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – शुद्धाऽशुद्धनिश्चयनयनिमज्जनसामर्थ्य-स्थैर्ययोः विरहे स्वात्मद्रव्यमीमांसाप्राधान्येन सद्भूतव्यवहारोपनयमुपयुज्य निजात्मद्रव्ये निमज्जनीयम्। सद्भूतव्यवहारनयतः गुण-गुणिप्रभृतिभेददर्शनेन व्यवहारनयमर्यादावर्ती आत्मार्थी स्वात्मद्रव्यभिन्नगुणादीनुपार्जयितुमुत्सहते। इत्थं स मोक्षमार्गेऽभिसर्पति। ततश्च "आकाररहितं शुद्धं स्वस्वरूपे व्यवस्थितम्। सिद्धावष्टगुणोपेतं निर्विकारं निरामयम्।।" (प.प.२१) इति **परमानन्दपञ्चविंशति**सन्दर्शितं सिद्धस्वरूपं नैव दुर्लभम् ।।८/३।।

---

(तदु.) તેથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "વ્યવહારનયના બે ભેદ છે. સદ્ભૂતવ્યવહાર અને અસદ્ભૂતવ્યવહાર. તેમાં સદ્ભૂત વ્યવહારનય તેને કહેવાય જે એક જ વસ્તુમાં ભેદનો વ્યવહાર કરે. ભિન્ન વસ્તુઓમાં ભેદનો વ્યવહાર કરનાર અસદ્ભૂત વ્યવહારનય કહેવાય છે." સદ્ભૂતવ્યવહાર નયનો ઉપયોગ કેવી રીતે ક્યાં થાય છે ? તે તેરમી શાખાના ચોથા શ્લોકમાં કહેવાશે. તથા અસદ્ભૂતવ્યવહારનો ઉપયોગ કેવી રીતે ક્યાં થાય ? તે વાત તેરમી શાખાના ચોથા, પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં જણાવાશે. આ વાતને અધ્યેતાવર્ગે ખ્યાલમાં રાખવી.

### ❀ ગુણ-ગુણીમાં ભેદદર્શનનું પ્રયોજન ❀

**આધ્યાત્મિક ઉપનય** :- શુદ્ધ-અશુદ્ધ નિશ્ચયનયની વિચારણામાં ઊંડા ઉતરવાની પોતાની ક્ષમતા કે સ્થિરતા ન જણાતી હોય તો સ્વાત્મદ્રવ્યની વિચારણા મુખ્ય બને તે રીતે સદ્ભૂત વ્યવહારનયનો ઉપયોગ કરી આત્મામાં ઠરવા માટે પ્રયત્ન કરવો. સદ્ભૂત વ્યવહારથી ગુણ-ગુણી વગેરેમાં ભેદનું દર્શન કરવા દ્વારા સ્વભિન્ન ગુણ વગેરેને પ્રગટ કરવા માટે વ્યવહારુ આત્માર્થી જીવને ઉત્સાહ પ્રગટે છે. આ રીતે તે જીવ મોક્ષમાર્ગમાં આગળ ધપે છે. ત્યાર બાદ 'મોક્ષમાં આકારશૂન્ય, શુદ્ધ, નિજસ્વરૂપમાં વ્યવસ્થિત, આઠ ગુણથી યુક્ત, નિર્વિકાર, વ્યાધિમુક્ત ચૈતન્ય હોય છે' - આ પ્રમાણે **પરમાનંદપંચવિંશતિ**માં સારી રીતે દર્શાવેલ સિદ્ધસ્વરૂપ દુર્લભ રહેતું નથી. (૮/૩)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ કર્મસત્તાની આજ્ઞા માને છે.**
  **શ્રદ્ધા ધર્મ મહાસત્તાની આજ્ઞાને શિરોમાન્ય કરે છે.**
- **તમામ વાસના ભયંકર છે.**
  **તમામ ઉપાસના ભદ્રંકર છે.**

**ઉપચરિતાનુપચરિતથી♦ રે, પહિલો દોઇ પ્રકાર;**
**સોપાધિક ગુણ-ગુણિં⁑ ભેદઈ રે, ✡જિઅની મતિ ઉપચાર રે ॥૮/૪॥ (૧૧૨) પ્રાણી.**

♦પહિલો જે સદ્ભૂતવ્યવહાર તે બે **પ્રકારિં** છઈ, એક **ઉપચરિત** સદ્ભૂત વ્યવહાર *જાણવો.* બીજો **અનુપચરિત** સદ્ભૂત વ્યવહાર. **સોપાધિકગુણ-ગુણિભેદ** દેખાડિઈં. તિહાં પ્રથમ ભેદ. જિમ - "**जीवस्य मतिज्ञानं** *ज्ञेयम्.*" ઉપાધિ તેહ જ ઇહાં **ઉપચાર** *કહીઈ. ઈતિ પદાર્થ. હે પ્રાણી ! એહવા શાસ્ત્રના ભાવ છઈ.* ॥૮/૪॥

सद्भूतव्यवहारनयं विभजति - '**सद्भूत**' इति।

**सद्भूतोऽपि द्विधाऽऽरोपाऽनारोपभेदतः खलु।**
**'जीवस्य हि मतिज्ञानं' सोपाधिगुणभेदतः।।८/४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् - सद्भूतोऽपि आरोपाऽनारोपभेदतः द्विधा खलु। सोपाधिगुणभेदतः 'जीवस्य हि मतिज्ञानम्' (इति उपचारः यथा)।।८/४।।

अध्यात्मपरिभाषया व्यवहारनय इव **सद्भूतोऽपि** = सद्भूतव्यवहारनयोऽपि **द्विधा** = द्विभेदः **खलु** = एव भवति।

"खलु स्याद् वाक्यभूषायां खलु वीप्सा-निषेधयोः। निश्चिते सान्त्वने मौने जिज्ञासादौ खलु स्मृतम्।।" (वि.लो.अव्ययवर्गे श्लो.६९) इति **विश्वलोचनकोशे धरसेनाचार्य**वचनमत्र स्मर्तव्यम्।

द्वौ भेदौ कथमित्याह - **आरोपानारोपभेदतः** = उपचरितानुपचरितप्रकारमाश्रित्य। उपचरित-

**અવતરણિકા** :- વ્યવહારનયના પ્રથમ ભેદ સદ્ભૂત વ્યવહારનયનો ગ્રંથકાર વિભાગ કરે છે :-

### ✻ સદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું નિરૂપણ ✻

**શ્લોકાર્થ** :- સદ્ભૂત વ્યવહારનય પણ આરોપ અને અનારોપ - આવા ભેદથી બે પ્રકારે જ થાય છે. સોપાધિક ગુણમાં ગુણીના ભેદની અપેક્ષાએ 'જીવનું મતિજ્ઞાન' - આ પ્રમાણે ઉપચાર કરવો તે પ્રથમ સદ્ભૂત વ્યવહાર છે. (૮/૪)

**વ્યાખ્યાર્થ** :- અધ્યાત્મની પરિભાષા મુજબ વ્યવહારનયના સદ્ભૂત અને અસદ્ભૂત જેમ બે ભેદ છે, તેમ સદ્ભૂત વ્યવહારનયના પણ બે ભેદ જ થાય છે.

### ❖ 'खलु' શબ્દના વિવિધ અર્થો ❖

(खलु.) મૂળ શ્લોકમાં રહેલ 'खलु' શબ્દ અહીં જકાર = નિશ્ચય અર્થમાં **વિશ્વલોચનકોશ**ના આધારે જણાવેલ છે. ત્યાં **ધરસેનાચાર્ય**એ જણાવેલ છે કે '(૧) વાક્યશોભા, (૨) વીપ્સા, (૩) પ્રતિષેધ, (૪) નિશ્ચય = જકાર = અવધારણ, (૫) સાંત્વન, (૬) મૌન, (૭) જિજ્ઞાસા વગેરે અર્થમાં 'खलु' શબ્દ કહેવાયેલ છે.'

**પ્રશ્ન** :- (द्वौ.) સદ્ભૂત વ્યવહારનયના બે ભેદ કઈ રીતે થાય ?

♦ કો.(૪)માં '...રિતાર્થ' પાઠ. લા.(૨)માં '...પચારથી' પાઠ. ⁑ મો.(૨)માં 'ગુણિં' પાઠ નથી. ✡ જિઅની = જીવની. ♦ સિ. + કો.(૯)માં 'પ્રથમ' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨) + લી.(૧)માં છે.

सद्भूतव्यवहारः अनुपचरितसद्भूतव्यवहारश्चेत्यर्थः।

आद्योदाहरणमाह – '**जीवस्य हि मतिज्ञानं** ज्ञेयमि'ति कथनम्। अत्र हि **सोपाधिगुणभेदतः** = सोपाधिके मतिज्ञानलक्षणे गुणे गुणिभेदम् आश्रित्य = विषयीकृत्य मतिज्ञाने जीवभेद उपचर्यते। तदुक्तम् **आलापपद्धतौ देवसेनेन** "सद्भूतव्यवहारोऽपि द्विविधः, उपचरिताऽनुपचरितभेदात्। तत्र सोपाधिगुण -गुणिभेदविषय उपचरितसद्भूतव्यवहारः, यथा – 'जीवस्य मतिज्ञानादयो गुणाः" (आ.प.पृ.२०) इति। हे भव्य ! एतादृशाः शास्त्रभावाः सन्ति।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – सद्भूतव्यवहारनयतः गुण-गुणिभेददर्शनेन समीचीनपुरुषकार-प्राप्ता मत्यादयो गुणाः सोपाधिकत्वेन विनश्वराः इत्यवगम्य लब्धक्षायोपशमिकाऽशुद्धसोपाधिक-मतिज्ञानादिगुण-नश्वरशक्तिप्रभृतिना न मदितव्यम्, अपि तु मतिज्ञानादिनैर्मल्यप्रापकभगवद्भक्ति -गुरुविनय-साधुवैयावृत्त्याद्युपासनानिर्भरतया भाव्यम्। ततश्च "मोक्षः कर्मक्षयलक्षणः" (उत्त.२८/३० बृ.पृ. ६९७) **उत्तराध्ययनवृत्तौ कमलसंयमोपाध्यायदर्शितः** सुलभः स्यात्।।८/४।।

---

**ઉત્તર** :- ઉપચરિત અને અનુપચરિત પ્રકારને આશ્રયીને (અર્થાત્ સદ્ભૂત વ્યવહારમાં રહેલ ઉપચરિતત્વ અને અનુપચરિતત્વ નામના ધર્મવિશેષને આશ્રયીને) સદ્ભૂત વ્યવહારના બે ભેદ પડે છે. (૧) ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય અને (૨) અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય.

(आद्यो.) સદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું ઉદાહરણ ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા જણાવે છે કે 'જીવનું મતિજ્ઞાન જાણવું' - આવું કથન ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય કહેવાય. પ્રસ્તુત ઉપચરિત સદ્ભૂત વ્યવહાર સોપાધિક એવા મતિજ્ઞાન સ્વરૂપ ગુણમાં ગુણીભેદનું = જીવભેદનું અવગાહન કરે છે. તેથી તે ઉપચરિત છે. આત્મભિન્નદ્રવ્યની અપેક્ષા તે રાખતો નથી. તેથી સદ્ભૂત છે. સોપાધિક ગુણમાં ગુણીના ભેદને પોતાનો વિષય કરે છે. તેથી તે નિશ્ચય નહિ પણ વ્યવહાર છે. ભેદાવગાહન કરીને ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય ઉપરોક્ત સોપાધિક ગુણ-ગુણિભેદગોચર ઉપચાર કરે છે. તેથી જ **આલાપપદ્ધતિ**માં **દેવસેનજી**એ જણાવેલ છે કે "સદ્ભૂત વ્યવહારનયના પણ બે ભેદ છે.ઉપચરિત સદ્ભૂત વ્યવહાર અને અનુપચરિત સદ્ભૂત વ્યવહાર. ઉપાધિયુક્ત ગુણમાં ગુણીના ભેદનો વ્યવહાર કરનાર નય ઉપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. જેમ કે 'જીવના મતિજ્ઞાન વગેરે ગુણો છે' - આ વ્યવહાર." હે ભવ્યાત્મા ! આવા પ્રકારના શાસ્ત્રના ભાવો = પદાર્થો છે.

### ✡ સોપાધિક ગુણ ઉપર મદાર ન બાંધવો ✡

**આધ્યાત્મિક ઉપનય** :- ગુણ-ગુણીમાં ભેદનું દર્શન કરીને ગુણની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કર્યા બાદ 'પ્રાપ્ત થયેલા મતિજ્ઞાનાદિ ગુણો પણ સોપાધિક હોવાથી વિનશ્વર છે' - આ હકીકતને મનોગત કરીને આત્માર્થી સાધકે પ્રાપ્ત થયેલા ક્ષાયોપશમિક-અશુદ્ધ-સોપાધિક મતિજ્ઞાનાદિ ગુણો ઉપર મદાર બાંધવાને બદલે, પ્રાપ્ત થયેલ નાશવંત શક્તિઓ ઉપર મુસ્તાક રહેવાને બદલે, નિર્મલ મતિજ્ઞાનાદિને પ્રાપ્ત કરાવનાર ભગવદ્ભક્તિ, ગુરુવિનય, સાધુસેવા વગેરે ઉપાસનામાં નિર્ભર રહેવું જોઈએ. તેના લીધે **ઉત્તરાધ્યયનસૂત્રવૃત્તિ**માં **કમલસંયમ ઉપાધ્યાયજી**એ દર્શાવેલ કર્મક્ષયસ્વરૂપ મોક્ષ સુલભ બને. (૮/૪)

**નિરુપાધિક ગુણ-ગુણિભેદઈં રે, અનુપચરિત સદ્ભૂત;**
**કેવલજ્ઞાનાદિક ગુણા રે, આતમના ᵟઅદ્ભુત રે ॥૮/૫॥ (૧૧૩) પ્રાણી.**

**નિરુપાધિક ગુણ-ગુણિભેદઈં** બીજો ભેદ ▸તે **અનુપચરિત સદ્ભૂત** વ્યવહાર કહીઈં.◂ *ઈમ બુધજનઈં કહીયઉ.* યથા (**આતમના કેવલજ્ઞાનાદિક અદ્ભુત ગુણા.**) "**जीवस्य केवलज्ञानम्**●" ઈહાં ઉપાધિરહિતપણું તેહ જ નિરુપચારપણું જાણવું. *ઈતિ ૧૧૩મી ગાથાનો અર્થ પૂર્ણ.* ॥૮/૫॥

सद्भूतव्यवहारस्य द्वितीयं भेदं प्रतिपादयति – '**अनुपचरित**' इति।

**अनुपचरितो भूतो निरुपाधिकभेदतः।**
**'जीवस्य केवलज्ञानं' निरुपाधितया यथा।।८/५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – निरुपाधिकभेदतोऽनुपचरितः भूतः (उच्यते)। यथा निरुपाधितया 'जीवस्य केवलज्ञानम्' (इति)।।८/५।।

'**निरुपाधिकभेदतः** = निरुपाधिके गुणे गुणिभेदं विषयीकृत्य प्रवर्तमानः **अनुपचरितः भूतः** = सद्भूतो व्यवहारनयः अध्यात्मपरिभाषया उच्यते' इति बुधजनेन प्रतिपाद्यते। **यथा 'जीवस्य केवलज्ञानम्**' इति व्यवहारः। एतद्विषयीभूतस्य केवलज्ञानस्य **निरुपाधितया** = विशुद्धगुणतया तत्र जीवभेदावगाहित्वाद् अस्य व्यवहारस्य अनुपचरितत्वमवसेयम्। आत्मभिन्नद्रव्यनिरपेक्षतयाऽस्य सद्भूतत्वं बोध्यम्। षष्ठ्या गुण-गुणिभेदावगाहितयाऽस्य व्यवहारत्वं विज्ञेयम्।

**અવતરણિકા** :- સદ્ભૂત વ્યવહારનયના પ્રથમ ભેદનું નિરૂપણ કર્યા બાદ ગ્રંથકારશ્રી તેના બીજા ભેદને જણાવતા કહે છે કે :-

### ❖ સદ્ભૂત વ્યવહારના બીજા ભેદનું પ્રતિપાદન ❖

**શ્લોકાર્થ** :- નિરુપાધિક ભેદની અપેક્ષાએ અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય બને છે. જેમ કે 'નિરુપાધિક હોવાથી જીવનું કેવલજ્ઞાન' - આવો વ્યવહાર. (૮/૫)

**વ્યાખ્યાર્થ** :- 'નિરુપાધિક = સ્વાભાવિક એવા ગુણમાં ગુણીના ભેદને પોતાનો વિષય બનાવીને પ્રવર્તતો વ્યવહાર અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય છે' - આ પ્રમાણે આધ્યાત્મિક પરિભાષાથી કહેવાય છે. આ પ્રમાણે પંડિત જન પ્રતિપાદન કરે છે. જેમ કે 'જીવનું કેવલજ્ઞાન' - આવો વ્યવહાર અનુપચરિત સદ્ભૂત વ્યવહાર જાણવો. પ્રસ્તુત વ્યવહારમાં વ્યવહારનો વિષય બનનાર કેવલજ્ઞાન આત્માનો નિરુપાધિક = વિશુદ્ધ ગુણ છે. નિરુપાધિક એવા કેવલજ્ઞાનમાં જીવના ભેદનું અવગાહન કરવાના લીધે પ્રસ્તુત વ્યવહાર અનુપચરિત છે - તેમ સમજવું. આત્મભિન્ન દ્રવ્યની કોઈ અપેક્ષા પ્રસ્તુત વ્યવહાર રાખતો નથી. તેથી પ્રસ્તુત વ્યવહારને સદ્ભૂત સમજવો. તથા છઠ્ઠી વિભક્તિ દ્વારા ગુણ-ગુણીમાં ભેદનું અવગાહન

ᵟ લી.(૧)માં 'અસદ્ભૂત' અશુદ્ધ પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી. કો.(૧૩) + આ.(૧)માં છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. ● લી.(૧) + લા.(૨)માં '...ज्ञानं प्राप्यते क्रमेण' ઈતિ અધિક પાઠ.

इदमेवाभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** अपि "निरुपाधिकगुण-गुणिभेदविषयः अनुपचरितसद्भूतव्यवहारः, यथा – जीवस्य केवलज्ञानादयो गुणाः" (आ.प.पृ.२०) इति।

***यद्यपि*** आत्मा केवलज्ञानाद्यनन्तगुण-पर्यायपिण्डरूपोऽखण्ड एव निश्चयनयतः ***तथापि*** लोको हि तत्तद्गुणादिभेदं विना नात्मानं विजानातीति गुण-गुण्याद्यभेदे सत्यपि 'जीवस्य ज्ञानादयो गुणा' इत्यादिः तद्भेदोपचारलक्षणो व्यवहारः लोकावबोधहेतवे क्रियते। इदमेवाभिप्रेत्य **नयचक्रे द्रव्यस्वभावप्रकाशे** च [1]"जो चेव जीवभावो णिच्छयदो होइ सव्वजीवाणं। सो चिय भेदुवयारा जाण फुडं होइ ववहारो।।" (न.च.६७, द्र.स्व.प्र.२३८) इत्युक्तमिति।

अयमत्राभिप्रायः – सकलात्मानुगतनैश्चयिकस्वभावस्य भेदोपचारकरणे तु व्यवहारनयसीमाऽऽगतत्वं स्यात्। तथाहि – निश्चयत आत्मनोऽनन्तगुणाऽखण्डपिण्डरूपतया ज्ञानाद्यभिन्नत्वेऽपि स्वतन्त्रधर्मप्रज्ञापनां विना व्यवहारिणो लोका धर्मिणं ज्ञातुं न प्रत्यलाः। अतः तादृशलोकावबोधार्थं गुणाऽभिन्न-

કરવાથી પ્રસ્તુત શબ્દપ્રયોગ વ્યવહારનય સ્વરૂપ છે, નહિ કે નિશ્ચયનય સ્વરૂપ - તેમ જાણવું.

(इद.) આવા આશયથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "નિરુપાધિક ગુણ અને ગુણી વચ્ચેના ભેદને પોતાનો વિષય બનાવનાર નય અનુપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. જેમ કે 'જીવના કેવલજ્ઞાન વગેરે ગુણો છે' - આવો વ્યવહાર."

### ❋ ભેદ ઉપચારનું પ્રયોજન ❋

(यद्यपि.) જો કે નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા તો કેવલજ્ઞાન વગેરે અનન્ત ગુણોના અને પર્યાયોના પિંડ સ્વરૂપ અખંડ દ્રવ્ય જ છે. તેમ છતાં જુદા જુદા ગુણ વગેરેના ભેદ વિના લોકો આત્માને વિશેષરૂપે જાણતા નથી. તેથી નિશ્ચયથી ગુણ-ગુણી વગેરેમાં અભેદ હોવા છતાં પણ 'જીવના જ્ઞાન વગેરે ગુણો'... ઈત્યાદિ રૂપે ગુણ-ગુણીમાં ભેદનો ઉપચાર કરવા સ્વરૂપ વ્યવહાર લોકોની જાણકારી માટે કરવામાં આવે છે. આ જ અભિપ્રાયથી **નયચક્ર** અને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે "નિશ્ચયનયથી જે જીવસ્વભાવ સર્વ જીવોમાં હોય છે, તે જ સ્વભાવમાં ભેદનો ઉપચાર કરવાથી વ્યવહારનય બને છે. આવું સ્પષ્ટપણે જાણવું."

### ❋ અનંત ગુણપિંડસ્વરૂપ આત્મા ❋

(अय.) અહીં કહેવાનો આશય એ છે કે જીવનો જે નૈશ્ચયિક સ્વભાવ સર્વ જીવોમાં ઉપલબ્ધ થાય છે, તેમાં પણ જો ભેદનો ઉપચાર કરવામાં આવે તો તે નૈશ્ચયિક સ્વભાવ પણ વ્યવહાર નયની સીમામાં આવી જાય છે. તે આ રીતે સમજવું કે - નિશ્ચયનયની દૃષ્ટિથી આત્મા અને જ્ઞાન-દર્શન આદિ ગુણો વચ્ચે ભેદ નથી. કેમ કે આત્મા નિશ્ચયથી અનંત ધર્મોનો એક અખંડ પિંડ છે. પરંતુ વ્યવહારી માણસો સ્વતંત્ર ધર્મની (=ગુણની) પ્રરૂપણા વિના ધર્મીને (=ગુણીને) સમજી શકતાં નથી. તેથી તેઓને સમજાવવા માટે અભિન્ન વસ્તુમાં પણ જ્ઞાનાદિ ધર્મોનો ભેદ કરીને એવો ઉપદેશ કરવામાં આવે છે કે 'આત્માના

1. यश्चैव जीवभावो निश्चयतो भवति सर्वजीवानाम्। स चैव भेदोपचाराद् जानीहि स्फुटं भवति व्यवहारः।।

गुणिनि गुणभेदोपचारेण हि व्यवहारनयोऽत्र स्वात्मलाभं लभत इति स एकस्मिन्नपि अनेकतामुपचरति। यथोक्तम् **अध्यात्मबिन्दौ हर्षवर्धनो**पाध्यायेनाऽपि "व्यवहारेण तु ज्ञानादीनि भिन्नानि चेतनात्। राहोः शिरोवदप्येषोऽभेदे भेदप्रतीतिकृत्।।" (अ.बि.३/११) इति।

'आत्मनि ज्ञानम्' इत्यपि अनुपचरितसद्भूतव्यवहारेऽन्तर्भवति, अर्थं प्रति षष्ठी-सप्तम्योः विभक्त्योः अभेदेन एकद्रव्याश्रितनिरुपाधिकगुण-गुणिभेदस्योपदर्शनात्। अत्र प्रतीयमान आधाराधेय-भावः तथाविधप्रतीत्या पारमार्थिक एव अवसेयः। यथोक्तं **स्याद्वादकल्पलतायां** "आधाराऽऽधेयाभ्यां कथञ्चिदपृथग्भूतस्य आधाराधेयभावस्य अबाधितानुभवसिद्धत्वेन अकाल्पनिकत्वाद्' (शा.वा.स.५/१२ वृ.) इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अनुपचरितसद्भूतव्यवहारनयदृष्ट्या सोपाधिक-क्षायोपशमिक-गुणा विनश्वरत्वेन अपूर्णतया च मूल्यहीना महत्त्वहीनाश्च। स्वभिन्नविनश्वराऽपूर्णगुणोपलब्ध्या आत्मार्थी कथं निर्भयो निश्चिन्तश्च भवेत् ? ततश्च नैश्चयिकस्वाऽभिन्नक्षायिक-परिपूर्णगुणोपलब्धये आत्मार्थिना

---

જ્ઞાન, દર્શન આદિ ગુણો છે' - આમ અભિન્ન વસ્તુમાં (ગુણથી અભિન્ન ગુણીમાં) ભેદનો = ગુણાદિભેદનો ઉપચાર કરવાથી વ્યવહારનય અહીં અસ્તિત્વમાં આવે છે. આમ વ્યવહારનય એકમાં અનેકતાનો ઉપચાર કરે છે. ઉપાધ્યાય શ્રી**હર્ષવર્ધન**જીએ પણ **અધ્યાત્મબિંદુ**માં જણાવેલ છે કે "વ્યવહારથી તો ચેતનથી જ્ઞાનાદિ ભિન્ન છે. રાહુ મસ્તકસ્વરૂપ હોવા છતાં જેમ 'રાહુનું મસ્તક' - આ વ્યવહાર ભેદપ્રતીતિને કરાવે છે, તેમ આત્મા જ્ઞાનાદિસ્વરૂપ હોવા છતાં વ્યવહાર તે બે વચ્ચે ભેદ જણાવે છે."

### આધારાધેયભાવ વાસ્તવિક છે : સ્યાદ્વાદકલ્પલતા

(**'आत्म.)** 'આત્મામાં જ્ઞાન છે' - આવો વ્યવહાર પણ અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયમાં અંતર્ભૂત થાય છે. કારણ કે એકદ્રવ્યાશ્રિત જ્ઞાનગુણનો ઉલ્લેખ ત્યાં સોપાધિકપણે નહિ પરંતુ નિરુપાધિકપણે થયેલ છે. સોપાધિકગુણમાં ગુણીભેદનું અવગાહન ન કરવાના લીધે તેનો સમાવેશ ઉપચરિત સદ્ભૂત વ્યવહારમાં થાય નહિ. પણ એકદ્રવ્યાશ્રિત નિરુપાધિક ગુણમાં ગુણીના ભેદને દેખાડવાના લીધે તેનો અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયમાં જ સમાવેશ થાય.ઉપરોક્ત વ્યવહારમાં યદ્યપિ ભેદબોધક ષષ્ઠી વિભક્તિ નથી. તેમ છતાં અર્થની દૃષ્ટિએ છઠ્ઠી અને સાતમી વિભક્તિમાં કોઈ ફરક નથી. તેથી તે વ્યવહારનય તરીકે જ ગણાય. ઉપરોક્ત વાક્યપ્રયોગમાં સાતમી વિભક્તિ દ્વારા જે આધારાધેયભાવ જણાય છે તે તથાવિધ અબાધિત પ્રતીતિથી જણાતો હોવાથી પારમાર્થિક જ જાણવો.આ અંગે **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યામાં પાંચમા સ્તબકમાં જણાવેલ છે કે 'આધાર અને આધેય - બન્નેથી કથંચિત્ અપૃથગ્ એવો આધારાધેયભાવ અબાધિત અનુભવથી સિદ્ધ હોવાથી કાલ્પનિક નથી, વાસ્તવિક છે.' આ અંગે શાંતિથી વિભાવના કરવી.

### ❁ ક્ષાયોપશમિક ગુણનો ભરોસો ન કરવો ❁

**આધ્યાત્મિક ઉપનય** :- અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયની દૃષ્ટિમાં સોપાધિક, ક્ષાયોપશમિક ગુણો નાશવંત હોવાથી અને અપૂર્ણ હોવાથી નિર્મૂલ્ય અને નિર્માલ્ય છે. ખરેખર આત્મભિન્ન, વિનશ્વર અને અધૂરા ગુણોને મેળવી સદા માટે સાધક નિર્ભય અને નિશ્ચિંત કઈ રીતે બની શકે ? તેથી પરમાર્થથી

सततं यतितव्यम्। तत एव सर्वदा सर्वत्र आत्मार्थी निश्चलो निर्भयो निश्चिन्तश्च भवेत्। इत्थं सोपाधिकगुणान् उपेक्ष्य अत्र स्वकीयक्षायिक-निरुपाधिक-परिपूर्णगुणवैभवसम्प्राप्तये समुद्यमः कर्तव्य इति हितोपदेशः अनुपचरितसद्भूतव्यवहारनयतो ग्राह्यः।

तादृशसमुद्यमबलेन हि [1]"सो तस्स सव्वस्स दुहस्स मुक्को जं बाहई सययं जंतुमेयं। दीहामयविप्पमुक्को पसत्थो तो होइ अच्चंतसुही कयत्थो।।" (उत्त.३२/११०) इति **उत्तराध्ययनसूत्रो**क्तं सिद्धसुखमाविर्भवति अचिरेण।।८/५।।

---

= શુદ્ધનિશ્ચયનયથી પોતાનાથી અભિન્ન એવા ક્ષાયિક અને પૂર્ણ ગુણોની ઉપલબ્ધિ માટે સાધકે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેના માધ્યમથી જ સાધક સર્વદા સર્વત્ર નિશ્ચલ, નિશ્ચિત અને નિર્ભય બની શકે. આમ સોપાધિક ગુણોની ઉપેક્ષા કરીને પોતાના ક્ષાયિક-નિરુપાધિક-પરિપૂર્ણ એવા ગુણવૈભવને પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરવાની પાવન પ્રેરણા અહીં પ્રસ્તુત અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય દ્વારા મેળવવા જેવી છે.

### ❀ સમ્યક્ ઉદ્યમથી મોક્ષપ્રાપ્તિ ❀

(**ताद्.**) તથાવિધ સમ્યક્ ઉદ્યમના બળથી જ **ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવેલ સિદ્ધસુખ ઝડપથી પ્રગટ થાય છે. ત્યાં સિદ્ધસુખનું વર્ણન કરતાં જણાવેલ છે કે 'સિદ્ધાત્મા તે જન્મ-મરણાદિ તમામ દુઃખમાંથી મુક્ત થયા છે, જે દુઃખ આ જીવને સતત પીડિત કરે છે. દીર્ઘકાલીન કર્મના રોગમાંથી તે પૂર્ણતયા મુક્ત થયા છે. તેથી જ પ્રશંસાપાત્ર છે. તે સિદ્ધાત્મા અત્યંત સુખી અને કૃતાર્થ છે.' (૮/૫)

લખી રાખો ડાયરીમાં.....

- **કોમળ લાગતી વાસના કઠણ, કઠોર ને નઠોર છે. કઠણ જણાતી ઉપાસના માખણ કરતાં ય વધુ મુલાયમ છે.**
- **સાધનાનો અતિરેક ક્યારેક ભોગની આમંત્રણપત્રિકા બને. દા.ત. કંડરિક**
  **ઉપાસનાનો ઉછાળો કેવલજ્ઞાનને ખેંચી લાવે છે. દા.ત. મૃગાવતી સાધ્વીજી.**
- **વાસનામાં બોલાતા શબ્દો પાળેલા ગુલામ જેવા હોય છે. ઉપાસનામાં ઉદ્ભવતા શબ્દો સ્વયંભૂ ગંગોત્રીના ધોધ જેવા છે.**

---

1. स तस्मात् सर्वस्माद् दुःखाद् मुक्तः यद् बाधते सततं जन्तुमेतम्। दीर्घाऽऽमयविप्रमुक्तः प्रशस्तः ततो भवति अत्यन्तसुखी कृतार्थः।।

**અસદ્ભૂતવ્યવહારના જી, ઈમ જ ભેદ છઈ દોઈ[§];**
**પ્રથમ અસંશ્લેષિતયોગઈ રે[♦], દેવદત્ત ધન જોઈ રે ॥૮/૬॥ (૧૧૪) પ્રાણી.**

**અસદ્ભૂત** વ્યવહારના **ઈમ જ** બે ભેદ[✡] છઈ, એક ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર. બીજો અનુપચરિતાસદ્ભૂત વ્યવહાર. **પહેલો** ભેદ **અસંશ્લેષિતયોગઈ** (**જોઈ**=) કલ્પિત સંબંધઈ હોયઇ. જિમ

अवसरसङ्गतिप्राप्तम् असद्भूतव्यवहारं विभज्य निरूपयति – '**अभूते**'ति।

**अभूतव्यवहारस्य द्वौ भेदावादिमो यथा।**
**स्वमिदं देवदत्तस्य' ह्यसंश्लेषितयोगतः।।८/६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अभूतव्यवहारस्य द्वौ हि भेदौ। आदिमोऽसंश्लेषितयोगतः (भवति)। यथा 'देवदत्तस्य इदं स्वम्' (इति व्यवहारः)।।८/६।।

परमार्थतो यत्र यन्नास्ति तत्र तत् सम्बन्धविशेषमवलम्ब्य लोकप्रसिद्ध्यनुसारेण उपचरति यः नयः स विभिन्नवस्तुविषयतया असद्भूतव्यवहारः ज्ञेयः। सद्भूतव्यवहारस्येव **अभूतव्यवहारस्य** = असद्भूतव्यवहारस्याऽपि **द्वौ हि** = एव **भेदौ** विज्ञेयौ (१) उपचरिताऽसद्भूतव्यवहारः (२) अनुपचरिताऽसद्भूतव्यवहारश्चेति। **मुक्तावलीकोशा**ऽपरनाम्नि **विश्वलोचनकोशे** "हि विशेषेऽवधारणे। हि पादपूरणे हेतौ" (वि.लो.अव्ययवर्ग-श्लो.८४/पृ.४२०) इति **धरसेनाचार्य**वचनादत्र हिशब्दोऽवधारणार्थे दर्शितः, तथैवाऽत्रेष्टत्वात्।

**અવતરણિકા** :- દ્વિવિધ સદ્ભૂત વ્યવહારનયનું નિરૂપણ કર્યા બાદ અવસરસંગતિથી પ્રાપ્ત થયેલ અસદ્ભૂત વ્યવહારનયનો વિભાગ કરવા પૂર્વક તેનું નિરૂપણ ગ્રંથકારશ્રી કરી રહ્યા છે :-

### ❯ અસદ્ભૂત વ્યવહારના પ્રથમ ભેદનું પ્રકાશન ❯

**શ્લોકાર્થ** :- અસદ્ભૂત વ્યવહારના બે ભેદ છે. પ્રથમ અસદ્ભૂત વ્યવહાર અસંશ્લેષિત યોગથી થાય છે. જેમ કે 'દેવદત્તનું ધન' - આવો વ્યવહાર. (૮/૬)

**વ્યાખ્યાર્થ** :- જે વસ્તુ પરમાર્થથી જ્યાં ન હોય તે વસ્તુનો ત્યાં વિશેષ પ્રકારનો સંબંધ શોધી, તે સંબંધના આલંબનથી, લોકપ્રસિદ્ધિ મુજબ, તે વસ્તુનો ત્યાં ઉપચાર જે નય કરે તે નય અસદ્ભૂત વ્યવહાર જાણવો. કારણ કે તે નય વિભિન્ન વસ્તુને પોતાનો વિષય બનાવે છે. વિભિન્નવસ્તુવિષયકત્વ નામનો ધર્મ વ્યવહારનયમાં અસદ્ભૂતપણાને સાધી આપે છે. સદ્ભૂત વ્યવહારની જેમ અસદ્ભૂત વ્યવહારના પણ બે જ ભેદ જાણવા. (૧) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર અને (૨) અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર. **ધરસેનાચાર્યએ વિશ્વલોચનકોશ** રચેલ છે. તેનું બીજું નામ **મુક્તાવલીકોશ** છે.તેમાં અવ્યયવર્ગમાં તેમણે 'हि' શબ્દના (૧) વિશેષ, (૨) અવધારણ = જકાર, (૩) પાદપૂર્તિ અને (૪) હેતુ - આ ચાર અર્થ જણાવેલ છે. તેમાંથી અવધારણ અર્થ અહીં ઈષ્ટ છે. તેને જ અહીં જણાવેલ છે.

§ મો.(૧)માં 'હોઈ' નથી. ♦ પુસ્તકોમાં 'જી' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. ✡ 'ભેદ' પદ પુસ્તકોમાં નથી. કો.(૧૩) + આ.(૧)માં છે.

"**દેવદત્તનું ધન**" - ઈહાં ધન દેવદત્તનઈં સંબંધ સ્વ-સ્વામિભાવરૂપ કલ્પિત છઈ. તે માટઈં ઉપચાર. દેવદત્ત નઈં ધન એક દ્રવ્ય નહીં. તે માટઈં અસદ્ભૂત - એમ ભાવના કરવી. ***इति भावार्थः*** ॥८/६॥

तत्र **आदिमः** = उपचरिताऽसद्भूतव्यवहारः **असंश्लेषितयोगतः** = संश्लेषरहितवस्तुगोचर-कल्पितसम्बन्धमाश्रित्य भवति, **यथा 'देवदत्तस्य इदं स्वम्'** इति व्यवहारः। "स्वं निजे धने" (अ.स. ए.का.१४) इति **अनेकार्थसङ्ग्रहान्तर्गते एकस्वरकाण्डे श्रीहेमचन्द्रसूरिः**। "स्वं तु त्रिष्वात्मीये धने" (वि.लो. ए.ना.का.२५) इति **विश्वलोचनकोशान्तर्गते एकाक्षरीनानार्थकाण्डे धरसेनाचार्यः**। अत्र धन-देवदत्तयोः जीव-शरीरयोरिव क्षीर-नीरयोरिव वा न मिथोऽनुस्यूतत्वमस्ति। अतः तौ मिथः संश्लेषशून्यौ भवतः। अत एव तयोः स्व-स्वामिभावसम्बन्धः कल्पितः इति उपचरितत्वमस्य व्यवहारस्याऽवगन्तव्यम्। धन-देवदत्तयोः नैकद्रव्यत्वमस्ति, धनस्य जडत्वात्, देवदत्तस्य चेतनत्वात्।

किञ्च, द्रविणं हि नैकविधं किन्तु सुवर्ण-रजत-रत्न-माणेक-रूप्यक-नाणक-धान्य-क्षेत्र-चतुष्पदादि-भेदेन नानाविधं नानासङ्ख्याकञ्च। देवदत्तस्त्वेक एवेति तयोः विभिन्नद्रव्यत्वमेव। इत्थञ्च विभिन्नद्रव्यसापेक्षत्वादेव अस्य व्यवहारस्याऽसद्भूतत्वमवसेयम्।

## દેવદત્ત-ધન વચ્ચે ઔપચારિક સંબંધ

(**तत्र**.) દ્વિવિધ અસદ્ભૂત વ્યવહારનયમાં ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર નામનો પ્રથમ ભેદ સંશ્લેષરહિત = અસંયુક્ત વસ્તુમાં ઔપચારિક સંબંધને આશ્રયીને થાય છે. જેમ કે 'દેવદત્તનું આ પોતાનું ધન' - આ પ્રમાણેનો વ્યવહાર. મૂળ શ્લોકમાં રહેલ 'स्वं' શબ્દનો અર્થ પોતાનું ધન થાય. આ અર્થ **શ્રીહેમચન્દ્રસૂરિજીએ અનેકાર્થસંગ્રહ** અંતર્ગત **એકસ્વરકાંડ**માં તથા દિગંબરાચાર્ય **ધરસેનજીએ વિશ્વલોચનકોશ** અંતર્ગત **એકાક્ષરીનાનાર્થકાંડ**માં દર્શાવેલ છે. ત્રણેય લિંગમાં 'स्व' શબ્દ આવે છે. પ્રસ્તુત વ્યવહારનો વિષય બનનાર દેવદત્ત અને ધન પરસ્પર વિશેષ પ્રકારના સંયોગથી શૂન્ય છે. શરીર અને આત્મા જેમ એક-બીજામાં ભળી જાય છે, દૂધ અને પાણી જેમ એક-બીજામાં ભળી જાય છે તેમ દેવદત્ત અને ધન એક-બીજામાં ભળી જતા નથી. આથી દેવદત્ત અને ધન પરસ્પર સંશ્લેષશૂન્ય કહેવાય છે. તેથી જ ધન અને દેવદત્ત વચ્ચે સ્વ-સ્વામિભાવ નામના સંબંધની કલ્પના કરવામાં આવે છે. આમ સંશ્લેષશૂન્ય ધન અને દેવદત્ત વચ્ચે સ્વ-સ્વામિભાવ નામના ઔપચારિક સંબંધની કલ્પના કરીને 'દેવદત્તનું ધન' - આ પ્રમાણે જે વ્યવહાર પ્રવર્તે છે, તેને ઉપચરિત જાણવો. તેમજ ધન અને દેવદત્ત એક દ્રવ્ય નથી, પણ જુદા જુદા દ્રવ્ય છે. કારણ કે ધન જડ છે અને દેવદત્ત ચેતન છે.

## દેવદત્ત-ધન વચ્ચે ભેદસિદ્ધિ

(**किञ्च**.) વળી, ધન ફક્ત એક પ્રકારનું નથી. પરંતુ સોનુ, ચાંદી, રત્ન, માણેક, રૂપું, નાણું, ધાન્ય, ક્ષેત્ર, ચતુષ્પદ વગેરે ભેદથી ધન અનેક પ્રકારનું છે. તથા ધનની સંખ્યા પણ વિવિધ છે, ઘણી છે. જ્યારે વિવક્ષિત દેવદત્ત તો ફક્ત એક જ છે. તેથી દેવદત્ત અને ધન આ બન્ને ભિન્ન દ્રવ્ય જ છે. આમ વિભિન્ન દ્રવ્યને સાપેક્ષ હોવાના લીધે જ ઉપરોક્ત ઉપચરિત વ્યવહારને અસદ્ભૂત જાણવો.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

इदमेवाभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** "असद्भूतव्यवहारो द्विविधः, उपचरिताऽनुपचरितभेदात्। तत्र संश्लेषरहितवस्तुसम्बन्धविषय उपचरिताऽसद्भूतव्यवहारः, यथा 'देवदत्तस्य धनमि'ति" (आ.प.पृ.२०)।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अस्य नयस्य औपचारिकत्वेन इदं ज्ञाप्यते यदुत – निश्चयनयतः एकस्य द्रव्यस्य अन्यस्मिन् द्रव्ये स्वामित्वं नास्ति, न वा एकं द्रव्यम् अपरद्रव्यकार्यं करोति। इदं चेतसिकृत्य लोकव्यवहारनिर्वाहकृते एव 'इदमस्य गृहम्, तत् तस्य धनम्' इति व्यवहारकरणे आत्मार्थी मिथ्यात्वमोहोदयाऽकलङ्कितः स्यात्। अत एव "निश्चयं हृदि धृत्वैव, व्यवहारं य आचरेत्। प्राप्स्यति पुण्यशाली सः, पारं भवोदधेर्ननु।।" (सी.स्त.५/४) इति **यशोविजयवाचकैः** गुर्जरभाषानिबद्धे **सीमन्धरस्वामिस्तवने** पञ्चविंशत्युत्तरशतगाथाप्रमाणे पठ्यते। एतत्सर्वं विस्मृत्य लोकव्यवहारनिमग्नो रङ्को जीवः आत्मभानं विमुच्य मोक्षमार्गात् परिभ्रश्यति। इदमात्मार्थिना न कदापि विस्मर्तव्यम्। इत्थमेव "कर्मक्षयेण जीवस्य स्वस्वरूपस्थितिः शिवम्" (ष.द.स.१६) इति **षड्दर्शनसमुच्चये** मलधारि**राजशेखरसूरि**प्रदर्शितं शिवस्वरूपमविलम्बेनाऽऽविर्भवेत्।।८/६।।

---

### ❈ સંશ્લેષશૂન્યમાં ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ❈

(**इदमेव.**) આવા જ અભિપ્રાયથી **આલાપપદ્ધતિ** ગ્રંથમાં જણાવેલ છે કે "અસદ્ભૂત વ્યવહારના બે ભેદ છે. ઉપચરિત અને અનુપચરિત. પરસ્પર સંશ્લેષશૂન્ય વસ્તુઓના સંબંધને પોતાનો વિષય બનાવનાર નય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે. જેમ કે 'દેવદત્તનું ધન' - આ પ્રમાણેનો વ્યવહાર."

### 卐 લોકવ્યવહારમાં ગળાડૂબ ન બનીએ 卐

**આધ્યાત્મિક ઉપનય** :- આ વ્યવહારનય ઔપચારિક છે, ઉપચારપ્રધાન છે. તેનાથી એવું જણાય છે કે નિશ્ચયનયથી એક દ્રવ્યનું બીજા દ્રવ્ય ઉપર સ્વામિત્વ હોતું નથી. નિશ્ચયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કોઈ કાર્ય પણ કરતું નથી. આ તાત્ત્વિક બાબતને લક્ષમાં રાખીને ફક્ત લોકવ્યવહારના નિર્વાહ માટે 'મોન્ટુનું ઘર', 'પિન્ટુનું ધન', ઈત્યાદિ બોલવામાં આવે તો મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી જીવ કલંકિત ન બને. તેથી જ શ્રીસીમંધરસ્વામીના **સવાસો ગાથાના સ્તવનમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે :-

**"નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જી, પાળે જે વ્યવહાર,**
**પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર."** (પાંચમી ઢાળ, ચોથી ગાથા)

ઉપરોક્ત તાત્ત્વિક હકીકતને ભૂલીને તથાવિધ લોકવ્યવહારમાં ગળાડૂબ બનેલો રાંક જીવ આત્મભાન ભૂલીને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે. આ વાત આત્માર્થી સાધકે કદાપિ ભૂલવી ન જોઈએ. આ રીતે જ આપણું શિવસ્વરૂપ = સિદ્ધસ્વરૂપ ઝડપથી પ્રગટે. શિવસ્વરૂપને જણાવતાં મલધારી શ્રી**રાજશેખરસૂરિ**જીએ **ષડ્દર્શનસમુચ્ચય**માં જણાવેલ છે કે 'કર્મોનો ઉચ્છેદ થવાથી જીવ પોતાના સ્વરૂપમાં રહે તે જ શિવ = સિદ્ધિ = મુક્તિ છે.' (૮/૬)

**સંશ્લેષિતયોગઈં બીજો રે, જિમ આતમનો દેહ;**

**નય ઉપનય *નયચક્રમાં રે, કહિયા મૂલનય એહ• રે ॥૮/૭॥ (૧૧૫) પ્રાણી.**

**બીજો** ભેદ **સંશ્લેષિતયોગઈં** કર્મજ સંબંધઈં જાણવો. **જિમ "આત્માનું** શરીર (=**દેહ**)". આત્મ-દેહનો સંબંધ. ધન સંબંધની પરિં કલ્પિત નથી. વિપરીત ભાવનાઈં નિવર્ત્તઇં નહીં, યાવજ્જીવ રહઇ. તે માટઇં એ અનુપચરિત.

अनुपचरिताऽसद्भूतव्यवहारनयं निरूपयति – '**स्यादि**'ति ।

**स्यात् संश्लेषितयोगेन द्वितीयो 'देह आत्मनः'।**

**यथोक्तौ नयचक्रे हि मूलनयान्वितौ इमौ।।८/७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – असंश्लेषितयोगेन द्वितीयः (असद्भूतव्यवहारः) स्यात्, यथा 'आत्मनो देहः' (इति व्यवहारः)। नयचक्रे हि मूलनयान्वितौ इमौ (उक्तौ)।।८/७।।

**संश्लेषितयोगेन** = परस्पराऽनुवेधलक्षणसंश्लेषविशिष्टवस्तुसम्बन्धेन **द्वितीयः** अनुपचरिताऽसद्भूत-व्यवहारः **स्यात्**, **यथा** '**आत्मनो देह**' इति व्यवहारः। अत्र हि देहाऽऽत्मनोः क्षीर-नीरवद् मिथः संश्लेषविशिष्टयोः भेदः षष्ठ्या प्रतीयते। भेदग्राहकत्वादेव 'आत्मनो देह' इति प्रयोगस्य न निश्चयनयत्वं किन्तु व्यवहारनयत्वम्। प्रकृते द्रविण-देवदत्तसम्बन्ध इव देहात्मसम्बन्धो न कल्पितः। न हि विपरीतभावनया देहात्मसम्बन्धो निवर्तते किन्तु यावज्जीवमनुवर्तत इति अनुपचरितत्वमस्य

**અવતરણિકા** :- અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**❋ અસદ્ભૂત વ્યવહારના બીજા ભેદને સમજીએ ❋**

**શ્લોકાર્થ** :- સંશ્લેષિત યોગથી બીજો = અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર બને છે. જેમ કે 'જીવનું શરીર' - આવો વ્યવહાર. નયચક્ર ગ્રંથમાં મૂળનયથી યુક્ત આ નય અને ઉપનય કહેલા છે. (૮/૭)

**વ્યાખ્યાર્થ** :- પરસ્પર ભળી જવા સ્વરૂપ સંશ્લેષ જે વસ્તુમાં રહેલ હોય તેવી વસ્તુના સંબંધની અપેક્ષાએ અસદ્ભૂત વ્યવહારના બીજા ભેદ સ્વરૂપ = અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય સ્વરૂપ બને છે. જેમ કે 'આત્માનું શરીર' - આ વ્યવહાર. શરીર અને આત્મા ક્ષીર-નીરની જેમ એક-બીજામાં ભળી જવા સ્વરૂપ સંશ્લેષથી યુક્ત છે. આવા શરીર અને આત્મા વચ્ચે 'આત્માનું શરીર'- ઈત્યાકારક વ્યવહારમાં છઠ્ઠી વિભક્તિ દ્વારા ભેદની પ્રતીતિ થાય છે. ભેદગ્રાહી હોવાથી જ 'આત્માનું શરીર' - આ પ્રયોગ નિશ્ચયનય સ્વરૂપ નથી, કિન્તુ વ્યવહારનય સ્વરૂપ છે. દેવદત્ત અને ધનના સંબંધની જેમ દેહ અને આત્માનો સંબંધ કલ્પિત નથી, વાસ્તવિક છે. કારણ કે 'શરીર મારું નથી' - આમ વિપરીત ભાવના કરવાથી શરીર અને આત્મા વચ્ચેનો સંબંધ દૂર થતો નથી. પરંતુ યાવજ્જીવ સુધી દેહ અને આત્માનો સંબંધ સતત રહે છે. તેથી 'આત્માનું શરીર' - આ વ્યવહાર અનુપચરિત જાણવો. શરીર જડ છે અને આત્મા ચેતન છે. તેથી શરીર અને આત્મા અભિન્ન દ્રવ્ય નથી, વિભિન્ન દ્રવ્ય છે. તેથી

* કો.(૯)+સિ.માં 'નયચક્રથી' પાઠ. • કો.(૧૩) + આ.(૧)માં 'હોય' પાઠ.

અનઇં ભિન્નવિષય. માટઇં અસદ્ભૂત જાણવો.

એ **નય ઉપનય** દિગંબર *દેવસેન*કૃત **નયચક્ર**માંહિં **કહિયા** છઈ, ૨ **મૂલનય** સહિત.

व्यवहारस्य विज्ञेयम्। देहस्याऽचेतनत्वम् आत्मनश्च चेतनत्त्वमिति तयोः भिन्नद्रव्यत्वमेवेत्यस्य अनुपचरितव्यवहारस्याऽसद्भूतत्वमवगन्तव्यम्।

इदमेवाऽभिप्रेत्योक्तम् **आलापपद्धतौ** "संश्लेषसहितवस्तुसम्बन्धविषयः अनुपचरिताऽसद्भूतव्यवहारः, यथा 'जीवस्य शरीरमि'ति" (आ.प.पृ.२०)।

**नयचक्रे** = **नयचक्रा**भिधाने उपलक्षणाद् **आलापपद्धति**नाम्नि च प्रकरणे **हि इमौ** = नयोपनयौ **मूलनयान्वितौ** = आध्यात्मिकपरिभाषानुसृतनिश्चय-व्यवहारनयसहितौ **देवसेनेन उक्तौ**। तौ चेह तत्तद्-गाथोक्त्युपदर्शनेन तत्र तत्र स्थले दर्शितौ आगम-युक्तिपुरस्सरं यथौचित्येन अस्माभिः समर्थितौ च।

**देवचन्द्रवाचकैः आगमसारे** (पृ.२०) **बुद्धिसागरसूरिभिश्च षड्द्रव्यविचारे** (पृ.२६) प्रकारान्तरेण शुद्धाऽशुद्ध-शुभाऽशुभोपचरिताऽनुपचरितभेदेन षड्विधो व्यवहारनय उपादर्शि सोऽपीहानुसन्धेयः

'આત્માનું શરીર' - આ અનુપચરિત વ્યવહારને અસદ્ભૂત જાણવો.

### ❀ દેહાત્મસંબંધ વાસ્તવિક છે ❀

(**इदमे.**) આ જ અભિપ્રાયથી **આલાપપદ્ધતિ**માં કહેલ છે કે "સંશ્લેષયુક્ત વસ્તુઓના સંબંધને વિષય કરતો નય અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર જાણવો. જેમ કે 'જીવનું શરીર' - આવો શબ્દપ્રયોગ."

### ❈ દિગંબરમત સમર્થન ❈

(**नय.**) **નયચક્ર** નામના પ્રકરણમાં તથા ઉપલક્ષણથી **આલાપપદ્ધતિ** નામના પ્રકરણમાં આધ્યાત્મિક પરિભાષા મુજબ નિશ્ચયનય અને વ્યવહારનય નામના બે મૂળ નયથી યુક્ત નવવિધ નય અને ત્રિવિધ ઉપનયને **દેવસેનજી**એ જણાવેલ છે. તે મૂળ નયથી યુક્ત નય અને ઉપનય પ્રસ્તુત **દ્રવ્યાનુયોગપરામર્શ** ગ્રંથમાં **નયચક્ર** અને **આલાપપદ્ધતિ** ગ્રંથની તે તે વિષયસંબંધી ઉપયોગી ગાથા અને ઉક્તિ (= વચન) દેખાડવા દ્વારા તે તે સ્થળે દર્શાવેલ છે. તથા આગમ અને યુક્તિપૂર્વક ઔચિત્ય અનુસાર મૂળ નયથી યુક્ત તે નય અને ઉપનય - બન્નેનું સમર્થન પણ અમે અહીં કરેલ છે.

### ❃ નયચક્ર આલાપપદ્ધતિનું ઉપલક્ષક ❃

**સ્પષ્ટતા** :- દિગંબર **દેવસેનજી**એ **નયચક્ર** ગ્રંથમાં નવ પ્રકારના નય અને ત્રણ પ્રકારના ઉપનયની પ્રક્રિયા દર્શાવેલ છે. પરંતુ **નયચક્ર** ગ્રંથમાં આધ્યાત્મિક પરિભાષા મુજબ નિશ્ચય અને વ્યવહાર નય દર્શાવેલા નથી. પણ **આલાપપદ્ધતિ** નામના ગ્રંથમાં તેનું નિરૂપણ **દેવસેનજી**એ કરેલ છે. નવ નયની અને ત્રણ ઉપનયની વાત પણ **આલાપપદ્ધતિ**માં ઉપલબ્ધ થાય છે. તેથી **દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસ**માં **મહોપાધ્યાયજી** મહારાજે અહીં **નયચક્ર** ગ્રંથનો ઉલ્લેખ કરેલો હોવા છતાં પણ **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા** વ્યાખ્યામાં ઉપલક્ષણથી **આલાપપદ્ધતિ** પ્રકરણનું પણ ગ્રહણ કરવામાં આવેલ છે.

(**देव.**) ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી**એ **આગમસાર**માં તથા શ્રી**બુદ્ધિસાગરસૂરિજી**એ **ષડ્દ્રવ્યવિચાર** પ્રકરણમાં "(૧) શુદ્ધવ્યવહાર, (૨) અશુદ્ધવ્યવહાર, (૩) શુભવ્યવહાર, (૪) અશુભ વ્યવહાર, (૫) ઉપચરિત

***इति भावार्थः**। ઈતિ ૧૧૫મી ગાથાનો અર્થ. પ્રાણી ! તુમ્હેં ઈમ આગમના ભાવ સમજ્યો.* ॥૮/૭॥

---

पूर्वोक्तः (६/१२) आध्यात्मिकपरिभाषानुसारेण। हे भव्य ! इत्थम् आगमभावा विज्ञेयाः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – कार्मण-तैजसौदारिकादिशरीरैः समं क्षीर-नीरवद् आत्मन एकीभवनात् शरीरे अहन्त्व-ममत्वभावोऽनादिकालप्रसूतः। साम्प्रतं शरीरात्मसंश्लेषत्यागाऽसम्भवेऽपि देहाध्यासपरित्यागाय अनुपचरितासद्भूतनयतः जायमाना 'इदं मे शरीरम्' इति बुद्धिस्तु हंसक्षीरन्यायेन त्याज्यैव, अन्यथाऽज्ञानग्रस्तता न दुर्लभा। तदुक्तं **समयसारे कुन्दकुन्दस्वामिना** [1]"अण्णाणमोहिदमदी मज्झमिणं भणदि पोग्गलं दव्वं" (स.सा.२३) इति। प्रकृते "यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम्। लभते स न निर्वाणं तप्त्वाऽपि परमं तपः।।" (स.त.३३) इति **समाधितन्त्र**कारिकाऽपि स्मर्तव्या। अनिवार्यतया आवश्यकतया च क्वचित् तथाविधव्यवहारकरणाऽवसरेऽपि जागृतिः धारणीया। ततश्च [2]"सासयसुक्खो धुव्वो मुक्खो" (श्रा.प्र.३८९) इति **श्रावकप्रज्ञप्तौ** दर्शितो मोक्षः सुलभः स्यात्।।८/७।।

---

વ્યવહાર અને (૬) અનુપચરિત વ્યવહાર"- આમ બીજી રીતે છ પ્રકારે વ્યવહારનય જણાવેલ છે. પૂર્વે (૬/૧૨) આની છણાવટ થઈ ગઈ છે. તેનું પણ અહીં આધ્યાત્મિક પરિભાષા મુજબ અનુસંધાન કરવું. હે ભવ્ય પ્રાણી ! આ રીતે તમે આગમના ભાવોને સમજો.

### દેહસંશ્લેષ ન છૂટે તો પણ દેહાધ્યાસને તો છોડીએ જ

**આધ્યાત્મિક ઉપનય** :- આત્મા અને કાર્મણ શરીર, તૈજસ શરીર, ઔદારિક શરીર વગેરે ક્ષીર -નીરની જેમ એકમેક થઈને રહેલા હોવાથી શરીરમાં મમત્વ ભાવ અને 'હું'પણાનો ભાવ = દેહાધ્યાસ જીવને અનાદિ કાળથી રહેલ છે. શરીર અને આત્માનો સંશ્લેષ આપણાથી કદાચ વર્તમાનમાં દૂર ન થઈ શકે, તો પણ તેવો દેહાધ્યાસ છોડવા માટે 'આ શરીર મારું છે' - આવી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી ઉત્પન્ન થતી બુદ્ધિને તો હંસક્ષીરન્યાયથી આપણે જરૂર અટકાવવી જોઈએ. જેમ પાણી અને દૂધ એકમેક થયા હોવા છતાં હંસ પાણીને છોડી દૂધ પકડે છે, તેમ શરીર-આત્મા મિશ્રિત થયા હોવા છતાં આત્માર્થી સાધક શરીરમાં અહં-મમબુદ્ધિને છોડી આત્મામાં અહંબુદ્ધિને પકડે છે. બાકી અજ્ઞાનગ્રસ્તતા દુર્લભ બનતી નથી. તેથી જ તો **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જણાવેલ છે કે "અજ્ઞાનથી મોહિતમતિવાળો જીવ 'આ (શરીરાદિ) પુદ્ગલ દ્રવ્ય મારું છે' - આમ બોલે છે." 'આ મુજબ જે અવિનાશી આત્માને દેહથી ભિન્નસ્વરૂપે જાણતો નથી, તે ઘોર તપશ્ચર્યા કરવા છતાં મોક્ષને મેળવતો નથી' - આવું **પૂજ્યપાદસ્વામી**એ **સમાધિતન્ત્ર**માં જે કહેલ છે, તે પણ અહીં યાદ કરવા યોગ્ય છે. અનિવાર્યપણે અને આવશ્યકપણે કવચિત્ 'આ મારું શરીર છે' - એવો વ્યવહાર કરવાના અવસરે પણ તથાવિધ આત્મજાગૃતિ ટકાવી રાખવી. તેનાથી **શ્રાવકપ્રજ્ઞપ્તિ**માં જણાવેલ શાશ્વતસુખમય ધ્રુવ મોક્ષ સુલભ થાય. (૮/૭)

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

1. अज्ञानमोहितमतिर्ममेदं भणति पुद्गलं द्रव्यम्। 2. शाश्वतसौख्यो ध्रुवो मोक्षः।

**વિષયભેદ યદ્યપિ નહીં રે, ઇહાં અમ્હારઇ થૂલ;[§]**
**ઉલટી પરિભાષા ઈસી રે, [♦]તો પણિ દાઝઈ મૂલ રે ॥૮/૮॥ (૧૧૬) પ્રાણી.**

ઈહાં **યદ્યપિ અમ્હારઈ** = શ્વેતાંબરનઈં, **થૂલ** કહતાં મોટો, **વિષયભેદ** કહતાં અર્થનો ફેર **નથી. તો પણિ મૂલ** કહતાં [□]પ્રથમથી, (**ઈસી** = આવી) **ઉલટી** = વિપરીત, **પરિભાષા** = શૈલી કરી, તે [*]**દાઝઈ**

देवसेनमतं समीक्षते – '**ने**'ति ।

**नाऽस्ति बह्वर्थभिन्नत्वं यद्यप्यस्मत्तथापि हि।**
**मूलतः परिभाषाया वैपरीत्यं दुनोति नः।।८/८।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यद्यपि अस्मत् (सकाशाद्) बह्वर्थभिन्नत्वं नास्ति तथापि मूलतः हि परिभाषायाः वैपरीत्यं नः दुनोति।।८/८।।

गुडजिह्विकान्यायेनाह – **यद्यपि अस्मत्** श्वेताम्बरजैनेभ्यः सकाशाद् दिगम्बरदेवसेनमते **नास्ति बह्वर्थभिन्नत्वं** = नैव अतिशयेन भूयान् विषयभेदो वर्तते **तथापि मूलतः** = प्रथमतो **हि** = एव 'नव मूलनयाः त्रयश्च उपनया' इत्येवं **परिभाषायाः** = नयादिगोचरशैल्या **वैपरीत्यं** = विपर्यासो **नः** = अस्मान् श्वेताम्बरजैनान् **दुनोति** = खेदयति।

***अथा**स्तु* नयोपनयगोचरायां देवसेनीयायां परिभाषायां श्वेताम्बरपरिभाषातो वैपरीत्यम्, किं वश्छिन्नम् ? न हि देवसेनेन श्वेताम्बरीयनयपरिभाषा दूषिता। नवविधनय-त्रिविधोपनयनिरूपणे

**અવતરણિકા** :- આ રીતે નય-ઉપનય આદિની પ્રક્રિયા દેવસેનજીના મત મુજબ અહીં દર્શાવ્યા બાદ ગ્રંથકારશ્રી તે મતની સમીક્ષા કરે છે :-

### ❀ દિગંબરમત સમાલોચના ❀

**શ્લોકાર્થ** :- જો કે અમારા કરતાં દિગંબરમતમાં બહુ મોટો અર્થભેદ નથી, તો પણ પહેલેથી જ પરિભાષામાં આવેલો વિપર્યાસ અમને ખિન્ન કરે છે. (૮/૮)

**વ્યાખ્યાર્થ** :- પૂર્વ કાળમાં કડવી દવા આપતા પૂર્વે નાના બાળકની જીભ ઉપર ગોળ ચોપડતા હતા. જેથી બાળકને દવા કડવી ન લાગે. આજકાલ ડોક્ટરો Sugar-coated દવા આપે છે. આ પદ્ધતિથી અહીં ગ્રંથકારશ્રી દિગંબરોની સામે કહે છે કે - અમે શ્વેતાંબર જૈનો છીએ. અમારા કરતા દિગંબર દેવસેનના મતમાં જો કે અત્યન્ત મોટો અર્થભેદ = વિષયભેદ નથી. તો પણ પહેલેથી જ "નવ મૂળનય અને ત્રણ ઉપનય" - આ પ્રમાણે નય વગેરે સંબંધી પરિભાષાને **દેવસેન**જીએ વિપરીત કરેલી છે. તે પરિભાષાવિપર્યાસ અમને શ્વેતાંબર જૈનોને ખેદ પમાડે છે.

**શંકા** :- (**અથા.**) નય અને ઉપનય સંબંધી દિગંબર દેવસેનજીની પરિભાષામાં શ્વેતાંબરીય નયપરિભાષા કરતાં વિપર્યાસ ભલે રહ્યો. તેમાં તમને શું નુકસાન થાય છે ? કેમ કે દેવસેનજીએ શ્વેતાંબરીય

§ મ.માં 'થલ' અશુદ્ધ પાઠ. ♦ કો.(૫)માં 'તો ય' પાઠ. □ કો.(૧૩)માં 'પ્રથમની' પાઠ. * દાઝ = દુઃખ, ગુસ્સો. આધારગ્રંથ- **પ્રેમપચીસી** વિશ્વનાથજાની રચિત. પ્રકા. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

છીએ = ખેદ કરીએ છીએ. "**यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम्। असमञ्जसं तु दृष्ट्वा, तथापि परिखिद्यते चेतः ।।" (भ.सु.स.६७२, सु.र.भा.प्रक.५/पृ.२४१, सू.मु.श्लो.१३७) इति वचनात्** *ઈતિ ૧૧૬મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૮/૮॥

---

दिगम्बरसभायां क्रियमाणे को वः चेतःखेदः ? इति ***चेत्*** ?

***सत्यम्,*** तथापि दिगम्बर-श्वेताम्बरोभयसम्प्रदायसम्मत**तत्त्वार्थसूत्रा**दितः सर्वथैव विपरीता नयोपनयपरिभाषेत्यसामञ्जस्यं दृष्ट्वा चेतो नो दूयतेतराम्। अयमेव सज्जनानां स्वभावो यदुताऽनुचितं परकीयमपि दृष्ट्वा चेतःसन्तापः। अत एव **भर्तृहरिसुभाषितसङ्ग्रहे सुभाषितरत्नभाण्डागारे सूक्तिमुक्तावल्यां** च "यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम्। असमञ्जसमिति मत्वा तथापि खलु खिद्यते चेतः।।" (भ.सु.स.६७२, सु.र.भा.प्रक.५/पृ.२४१, सू.मु.श्लो.१३७) इत्युक्तम्। अयमत्राशयः - रासभः पश्वधमः द्राक्षा चोत्तमफलम्। तयोः समागमः परकीयक्षेत्रेऽपि अनुचित इति विमृश्य सज्जनमनः खेदमापद्यते। प्रकृते परकीयक्षेत्रसमो दिगम्बरसम्प्रदायः रासभस्थानीयो देवसेनः, द्राक्षोपमाः नयाः, तन्निरूपणं च भक्षणसममिति विमृश्य सज्जनानामिव अस्माकं मनः खेदमापद्यते इति भावनीयम्।

---

નયપરિભાષાનું ખંડન તો કરેલું નથી. દિગંબરોની સભામાં દેવસેનજી નવ પ્રકારના નયનું અને ત્રણ પ્રકારના ઉપનયનું નિરૂપણ કરે, તેમાં તમારા મનમાં ખેદ શા માટે થાય ?

## ✤ અનુચિત પ્રવૃત્તિ ખેદજનક ✤

**સમાધાન** :- (सत्य.) તમારી વાત સાચી છે. દિગંબર દેવસેનજીએ નયસંબંધી શ્વેતાંબર પ્રક્રિયાનું ખંડન નથી કરેલું. ફક્ત પોતાનો મત પોતાના ગ્રંથમાં તેણે જણાવેલ છે. તો પણ દિગંબર અને શ્વેતાંબર - બન્ને સંપ્રદાયમાં માન્ય એવા **તત્ત્વાર્થસૂત્ર** વગેરે ગ્રંથો કરતાં તદ્દન વિપરીત એવી નય-ઉપનયસંબંધી પરિભાષા દેવસેનજીએ પ્રયોજેલી છે. તેથી પ્રાચીન સૂત્ર કરતાં અલગ પદ્ધતિથી નિરૂપણ કરવા સ્વરૂપ અસમંજસપણું જોઈને અમારું મન અત્યંત ખિન્ન થાય છે. સજ્જનોનો સ્વભાવ જ એવો છે કે પારકું પણ અનુચિત વર્તન જોઈને સજ્જનોના મનમાં સંતાપ થાય છે. આ જ કારણથી **ભર્તૃહરિસુભાષિતસંગ્રહ** ગ્રંથમાં, **સુભાષિતરત્નભાંડાગાર** ગ્રંથમાં તથા **સૂક્તિમુક્તાવલી** ગ્રંથમાં જણાવેલ છે કે "બીજા માણસના ખેતરમાં ગધેડો દ્રાક્ષને ચરી રહ્યો હોય તેમાં જો કે અમને કોઈ હાનિ થતી નથી તો પણ 'એ પ્રવૃત્તિ અસમંજસ = અનુચિત છે' - એવું માનીને અમારું મન ખિન્ન થાય છે." આશય એ છે કે ગધેડો નીચ પ્રાણી છે તથા દ્રાક્ષ ઉત્તમ પ્રકારનું ફળ છે. તેથી તે બન્નેનો સમાગમ અયોગ્ય છે - એમ જાણીને જેમ સજ્જનનું ચિત્ત ખેદને પામે છે. તેમ પારકા ખેતર સમાન દિગંબરસંપ્રદાયમાં દ્રાક્ષતુલ્ય નયોનું નિરૂપણ (= ભક્ષણ) ગધેડાતુલ્ય દેવસેન કરે છે તે અનુચિત જાણીને સજ્જનની જેમ અમારું ચિત્ત ખેદને પામે છે. આ મુજબના ભાવાર્થને અહીં વાચકવર્ગે શાંતિથી વિચારવો.

---

*....* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

यथेच्छं शास्त्रग्रहणम् उत्सूत्रप्ररूपणञ्च श्रुताऽऽशातनारूपतया यथाच्छन्दत्वाऽऽपादकतया च महतेऽनर्थाय सम्पद्येते। प्रकृते [1]"उस्सुत्तमायरंतो उस्सुत्तं चेव पन्नवेमाणो। एसो उ अहाच्छंदो इच्छाछंदो य एगट्ठा।।" (व्य.भा.उ.१/भा.३/गा.२३४/पृ.११२) इति **व्यवहारभाष्य**वचनम्,

[2]"तित्थयर-पवयण-सुयं आयरियं गणहरं महिड्ढीयं। आसायंतो बहुसो अणंतसंसारिओ होति।।" (उप.प.४२३) इति **उपदेशपद**वचनम्,

[3]"आसायण मिच्छत्तं, आसायणवज्जणाउ सम्मत्तं। आसायणाणिमित्तं कुव्वइ दीहं च संसारं।।" (उप.मा. ४१०) इति **उपदेशमाला**वचनम्,

[4]"उम्मग्गदेसणाए मग्गविपडिवादए। परं मोहेणं रंजंतो महामोहं पकुव्वति।।" (प.क.भा.१३५८) इति **पञ्चकल्पभाष्य**वचनम्,

[5]"एगवयणदोसेणं गोयमा ! निबंधिऊण अणंतसंसारियत्तणं" (म.नि.अ.५/सू.८४४) इति **सावद्याचार्याधिकारगतं महानिशीथ**वचनम्,

## ❋ શ્રુતની આશાતના અત્યંત દારુણ ❋

**(યથે.)** યથેચ્છ રીતે, મનસ્વીપણે શાસ્ત્રને પકડવા અને ઉત્સૂત્રપ્રરૂપણા = આગમસૂત્રબાહ્યપ્રરૂપણા કરવી - આ બન્ને બાબત શ્રુતની આશાતનાસ્વરૂપ છે. તથા યથાચ્છંદપણાને (= સાધુપણાની હીનતાને) લાવનાર છે. તેથી તે બન્ને બાબત મોટા અનર્થ માટે થાય છે. આથી દેવસેનજીએ આગમબાહ્ય નવનયપ્રરૂપણા ન કરવી જોઈએ. આ અંગે અનેક શાસ્ત્રવચનો અહીં અવશ્ય યાદ કરવા યોગ્ય છે.

**(૧) વ્યવહારભાષ્ય**માં જણાવેલ છે કે 'જે ઉત્સૂત્રનું આચરણ કરે તથા ઉત્સૂત્રની પ્રરૂપણા કરે તેને યથાચ્છંદ જાણવો. યથાચ્છંદ અને ઈચ્છાછંદ - આ બન્ને શબ્દો એકાર્થક છે.'

**(૨) ઉપદેશપદ**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ જણાવેલ છે કે 'તીર્થંકર, પ્રવચન (= સંઘ), શ્રુત, આચાર્ય, ગણધર અને મહર્દ્ધિક = લબ્ધિધર મહાત્મા - આ છ તત્ત્વની વારંવાર આશાતના કરનાર અનંતસંસારી થાય છે.' નવનયપ્રરૂપણા આગમની આશાતના સ્વરૂપ હોવાથી અનંતસંસાર વધવાની સંભાવના દેવસેનજી માટે ઊભી રહે છે - આવું અહીં આડકતરી રીતે સૂચિત થાય છે.

**(૩) ઉપદેશમાલામાં ધર્મદાસગણી**એ જણાવેલ છે કે 'શ્રુતાદિની આશાતના એ મિથ્યાત્વ છે. આશાતનાના ત્યાગથી સમ્યક્ત્વ મળે છે. ધર્મી એવો પણ જીવ આશાતનાના નિમિત્તે સંસારને દીર્ઘ કરે છે.'

**(૪) પંચકલ્પભાષ્ય**માં પણ જણાવેલ છે કે 'ઉન્માર્ગદેશનાથી અને મોક્ષમાર્ગના અસ્વીકારથી શ્રોતાને મોહોદયથી ખુશ કરતો જીવ મહામોહને પ્રકૃષ્ટપણે બાંધે છે'

**(૫) મહાનિશીથ**માં સાવદ્યાચાર્યના અધિકારમાં જણાવેલ છે કે 'હે ગૌતમ ! ચૈત્યવાસીઓની સમક્ષ એક ઉત્સૂત્ર વચન બોલવાના દોષથી અનંતસંસારીપણું બાંધીને **સાવદ્યાચાર્યે** ગંભીર ભૂલ કરી.'

1. उत्सूत्रम् आचरन् उत्सूत्रं चैव प्रज्ञापयन्। एषः तु यथाच्छन्दः इच्छाच्छन्दः चैकार्थौ।। 2. तीर्थकर-प्रवचन-श्रुतम् आचार्यं गणधरं महर्द्धिकम्। आशातयन् बहुशः अनन्तसंसारिको भवति।। 3. आशातना मिथ्यात्वम्, आशातनावर्जनातः सम्यक्त्वम्। आशातनानिमित्तं करोति दीर्घञ्च संसारम्।। 4. उन्मार्गदेशनया मार्गविप्रतिपत्त्या। परं मोहेन रञ्जयन् महामोहं प्रकरोति।। 5. एकवचनदोषेण गौतम ! निबध्य अनन्तसंसारित्वम्।

[1]"उस्सुत्तभासगाणं बोहिणासो अणंतसंसारो" (हि.मा.४७६, ष.श.५७, स.श.२९, गा.स.१८, प्र.प.४८०) इति च **हितोपदेशमाला-षष्टिशतक-सङ्ग्रहशतक-गाथासहस्री-प्रवचनपरीक्षाणां** वचनम् अवश्यं स्मर्तव्यम्।

"दुर्गृहीतं क्षिणोत्येव शास्त्रं शस्त्रमिवाऽबुधम्। सुगृहीतं तदेव तं शास्त्रं शस्त्रं च रक्षति।।" (च.सं.सिद्धि-स्थान-अ.१२/७८) इति **चरकसंहितावचनञ्च** नाऽत्र विस्मर्तव्यम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अन्यदीयविचार-वाणी-वर्तनेषु अनौचित्यदर्शने सति सज्जनान्तःकरणे करुणैव परिस्फुरति। करुणया च सज्जनचेतसि सन्तापः सञ्जायते। निर्व्याजकरुणयैव प्रेरितः सज्जनः सिद्धान्तार्थविप्लवाद्यापादकक्षतिपरिमार्जनाय अन्यदीयक्षतीः योग्यभाषया योग्यरीत्या चान्यस्मै दर्शयति, "धर्मध्वंसे क्रियालोपे सत्सिद्धान्तार्थविप्लवे। अपृष्टेनाऽपि शक्तेन वक्तव्यं तन्निषेधितुम्।।" (यो.शा. २/६४/आन्तरश्लोक-१५०) इति **योगशास्त्रद्वितीयप्रकाशवृत्ति**गताऽऽन्तरश्लोकं प्रतिसन्धाय। क्षतिप्रदर्शनाभिप्रायः नान्यदीयापयशःप्रभृतिगोचरः। स्वक्षतिपरिमार्जनपरायणं चान्यं दृष्ट्वा सज्जनमनः प्रमोदाऽऽपूरितं सम्पद्यते। एतादृशसज्जनताबलेन [2]"साइ-अपज्जवसाणं निरुवमसुहमुत्तमं" (ज.च.१६/६६६) इति **जम्बूचरिते श्रीगुणपालेन** उक्तं मोक्षसुखं समीपं स्यात् ।।८/८।।

(૬) **હિતોપદેશમાલા, ષષ્ટિશતક (નેમિચંદ્રકૃત), સંગ્રહશતક, ગાથાસહસ્રી, પ્રવચનપરીક્ષા**માં પણ જણાવેલ છે કે 'ઉત્સૂત્રભાષકોની બોધિ (સમકિત) નાશ પામે છે તથા અનંત સંસાર વધે છે.'

### ✡ દુર્ગૃહીત શાસ્ત્ર-શસ્ત્ર સ્વનાશક : ચરકસંહિતા ✡

("**દુર્ગૃ.**) **ચરકસંહિતા**માં જણાવેલ છે કે 'ખરાબ રીતે પકડેલ શાસ્ત્ર, શસ્ત્રની જેમ અજ્ઞાનીને ખતમ કરે જ છે. તથા સારી રીતે પકડેલું શાસ્ત્ર અને શસ્ત્ર જાણકારની રક્ષા કરે છે.' મતલબ કે દેવસેનજી આડેધડ નવ નયની આગમનિરપેક્ષપણે જે પ્રરૂપણા કરે છે, તે તેના માટે નુકસાનકારક છે.

### ❋ દોષદર્શન કરાવવાનું તાત્પર્ય સમજીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- બીજાના વિચારમાં, વાણીમાં કે વર્તનમાં કોઈક સ્ખલના કે અનૌચિત્ય જોવા મળે, ત્યારે સજ્જનના હૃદયમાં તેના પ્રત્યે તિરસ્કારના બદલે કરુણાબુદ્ધિ જન્મે છે. તથા આ કરુણાથી જ સજ્જનના મનમાં સંતાપ = ખેદ થાય છે. તેથી નિઃસ્વાર્થ કરુણાથી પ્રેરાઈને સજ્જન વ્યક્તિ સામેના માણસને સુધારવાના આશયથી તથા સૈદ્ધાન્તિક પરમાર્થોનો ઉચ્છેદ વગેરે કરનારી તેની ભૂલને સુધારવાના આશયથી યોગ્ય શબ્દોમાં યોગ્ય રીતે તેને તેની ભૂલ દેખાડે છે. **યોગશાસ્ત્ર**ના દ્વિતીય પ્રકાશની **વ્યાખ્યામાં** આંતરશ્લોકમાં **શ્રીહેમચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે 'ધર્મનો નાશ થાય, ક્રિયાનો લોપ થાય કે સાચા સિદ્ધાન્તોના પરમાર્થનો ઉચ્છેદ (કે આડખીલી) થાય તો તેનો નિષેધ કરવા માટે શક્તિશાળીએ વગર પૂછે પણ બોલવું જોઈએ.' આ શાસ્ત્રવચનને લક્ષમાં રાખીને સજ્જન સામેની વ્યક્તિને સામે ચાલીને પણ સમજાવવા માટે પ્રયત્ન કરે છે. તે માટે ક્વચિત્ કડવા-આકરા વેણ સજ્જન બોલે તો પણ દોષદર્શન કરાવવાની પાછળ સામેના માણસને ઉતારી પાડવાનો, બદનામ કરવાનો કે જાહેરમાં હલકા ચિતરવાનો ભાવ સજ્જનના હૃદયમાં હોતો નથી. તથા સામેનો માણસ પોતાની ભૂલને સુધારે તો તે જોઈને સજ્જનનું હૃદય આનંદવિભોર બને છે. આવી સજ્જનતાના બળથી **'જંબૂચરિયં'**માં **શ્રીગુણપાલે** કહેલ, સાદિ-અનંત ઉત્તમ નિરુપમસુખ = મોક્ષસુખ નજીક આવે. (૮/૮)

1. उत्सूत्रभाषकाणां बोधिनाशः अनन्तसंसारित्वम्। 2. साद्यपर्यवसानं निरुपमसुखमुत्तमम्।

તે *બોટિક*ની ઉલટી પરિભાષા દેખાડિઇં છઇં -

**☆તત્ત્વાર્થિ નય સાત છઈં જી, આદેશાંતર પંચ;**

**♦અંતર્ભાવિત ઉદ્ધરી રે, નવનો કિસ્યો એ પ્રપંચ રે ? ॥૮/૯॥ (૧૧૭) પ્રાણી.**

**તત્ત્વાર્થસૂત્રઇં ૭ નય** કહિયા **છઈ**. અનઇં **આદેશાંતર** કહતાં મતાંતર તેહથી **૫** નય કહિયા છઇં. "**सप्त मूलनयाः, पञ्च - इत्यादेशान्तरम्**" એ સૂત્રઈં. સાંપ્રત, સમભિરૂઢ, એવંભૂત એ ત્રણ્યનઇં શબ્દ

नयगोचरायाः दिगम्बरदेवसेनपरिभाषाया वैपरीत्यमेवोपदर्शयति – '**तत्त्वार्थे**' इति।

**तत्त्वार्थे हि नयाः सप्त मतान्तरेण पञ्च च।**

**अन्तर्भूतौ कुतो द्रव्य-पर्यायार्थौ पृथक्कृतौ ?।।८/९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तत्त्वार्थे हि सप्त नयाः (प्रोक्ताः)। मतान्तरेण च पञ्च (नयाः प्रोक्ताः)। (तेषु) द्रव्य-पर्यायार्थौ अन्तर्भूतौ (तथापि) कुतः पृथक्कृतौ ?।।८/९।।

**तत्त्वार्थे** = दिगम्बरीये **तत्त्वार्थाधिगमसूत्रे हि** "नैगम-सङ्ग्रह-व्यवहार-र्जुसूत्र-शब्द-समभिरूढैवम्भूता नयाः" (त.सू.१/३३) इत्येवं **नयाः सप्त** प्रोक्ताः। [1]"नेगम-संगह-ववहारु-ज्जुसुए चेव होइ बोधव्वे। सद्दे य समभिरूढे एवंभूए य मूलनया॥" (आ.नि.७५४) इति **आवश्यकनिर्युक्ति**वचनमत्र स्मर्तव्यम्। **मतान्तरेण च** = आदेशान्तरेण तु **पञ्च नयाः** श्वेताम्बरीये **तत्त्वार्थाधिगमसूत्रे** प्रोक्ताः, साम्प्रत-समभिरूढैवम्भूतनयानां शब्दनयत्वेन सङ्ग्रहात्। इदमेवाभिप्रेत्य श्वेताम्बरीये **तत्त्वार्थसूत्रे** "नैगम-सङ्ग्रह-व्यवहारर्जुसूत्र-शब्दा नयाः"

**અવતરણિકા** :- નયની બાબતમાં દિગંબર દેવસેનની પરિભાષા કઈ રીતે વિપરીત છે ? એ જ બાબતને ગ્રંથકારશ્રી દેખાડે છે :-

**શ્લોકાર્થ** :- તત્ત્વાર્થસૂત્રમાં સાત નય કહેલા છે અને મતાંતરથી પાંચ નય કહેલા છે. તેમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો સમાવેશ થઈ જાય છે. તો શા માટે તે બન્નેને (દેવસેને) અલગ કર્યા ? (૮/૯)

**❋ સાત અને પાંચ નયના વિભાગને સમજીએ ❋**

**વ્યાખ્યાર્થ** :- દિગંબરીય **તત્ત્વાર્થાધિગમ સૂત્ર**માં નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત સ્વરૂપ સાત નય કહેલા છે. અહીં **આવશ્યકનિર્યુક્તિ**નું વચન યાદ કરવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય - આ પ્રમાણે સાત મૂલનય જાણવા.' તથા મતાંતરથી પાંચ નય શ્વેતાંબરીય **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં કહેલા છે. સામ્પ્રતનય, સમભિરૂઢનય અને એવંભૂતનય આ ત્રણેય નયનો શબ્દનયત્વરૂપે સંગ્રહ કરીને પાંચ નય મતાંતરથી ત્યાં બતાવેલા છે. આ જ અભિપ્રાયથી શ્વેતાંબરીય **તત્ત્વાર્થસૂત્ર**માં જણાવેલ છે કે "નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ - આમ પાંચ નયો છે. તેમાંથી નૈગમનયના બે ભેદ અને શબ્દનયના ત્રણ ભેદ છે." સામાન્યગ્રાહક નૈગમ અને વિશેષગ્રાહક નૈગમ - આ રીતે નૈગમનયનો બે પ્રકારે વિભાગ થાય. તથા સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂતરૂપે શબ્દનયનો ત્રણ પ્રકારે વિભાગ થાય. આ શ્વેતાંબરીય

☆ મ.માં '**तत्त्वारथि**' પાઠ. અહીં કો.(૨)નો પાઠ લીધો છે. ♦ પુસ્તકોમાં 'અંતરભાવિ...' પાઠ. કો.(૧૩) + આ.(૧)માં પાઠ લીધો છે. 1. नैगम-सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्राश्चैव भवन्ति बोद्धव्याः। शब्दश्च समभिरूढ एवम्भूतश्च मूलनयाः।।

એક નામઈં સંગ્રહિઈં, તિવારઈં પ્રથમ ચાર સાથિ પાંચ ♦કહિઈં. **अत एव** ઈકેકના ૧૦૦ (શત) ભેદ હુઈ છઈં, તિહાં પણિ ૭૦૦ તથા ૫૦૦ ભેદ. ઈમ ૨ મત કહિયા છઈં. **यथोक्तम्** ***आवश्यके*** –

[1]**"इक्किक्को य सयविहो, सत्त सया णया हवंति एमेव।**
**अण्णो वि य आएसो, पंचेव सया णयाणं तु।।" (आ.नि.७५९)**

---

(त.सू.१/३४), "आद्य-शब्दौ द्वि-त्रिभेदौ" (त.सू.१/३५) इति। नैगमस्य सामान्यग्राहक-विशेषग्राहकरूपेण द्विधा विभागः शब्दनयस्य च साम्प्रत-समभिरूढैवम्भूतनयरूपेण त्रिधा विभाग इति सूत्रार्थः। ततश्च पञ्चनयवादिमते तत्र शब्दनयपदेन साम्प्रत-समभिरूढैवम्भूतनयाः सङ्गृहीताः। **जीवसमासे**ऽपि [2]"नेगम -संगह-ववहारु-ज्जुसुए चेव सद्द नया" (जी.स.१४३) इत्युक्तम्।

***एतेन*** "शब्दप्रधाना नयाः = शब्दनयाः। ते च त्रयः शब्द-समभिरूढैवम्भूताख्याः" (स्था.सू.३/३/सू.१९२ भाग-१/पृष्ठ-२५८ वृत्तिः) इति **स्थानाङ्गसूत्रवृत्ति**कृद्वचनमपि ***व्याख्यातम्,*** साम्प्रतपदस्थाने शब्दपदप्रयोगेण तदुपपत्तेः। अत एव प्रत्येकं शतभेदकल्पने सप्तनयवादिमते नयानां सप्त शतानि पञ्चनयवादिमते तु पञ्च शतानि भेदा भवन्ति।

इमे द्वे मते शास्त्रप्रसिद्धे। तदुक्तं **श्रीभद्रबाहुस्वामिभिः आवश्यकनिर्युक्तौ** [1]"इक्किक्को य सयविहो सत्त सया णया हवंति एमेव। अन्नो वि य आएसो पंचेव सया नयाणं तु।।" (आ.नि.७५९) इति।

---

**તત્ત્વાર્થસૂત્ર**નો અર્થ સમજવો. તેથી પાંચ નયને માનનારા આચાર્યના મતે શબ્દનય દ્વારા સામ્પ્રત, સમભિરૂઢ અને એવંભૂત નયનો સંગ્રહ થાય છે. આમ તાત્પર્ય સમજવું. **જીવસમાસ**માં પણ પાંચ નય કહેલ છે.

### ❀ શબ્દનયના ત્રણ ભેદ ❀

**(एते.)** આનાથી **સ્થાનાંગસૂત્રવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિજી**ની એક વાતની પણ છણાવટ થઈ જાય છે. તેઓશ્રીએ ત્યાં જણાવેલ છે કે "શબ્દપ્રધાન નય એટલે શબ્દનય. તેના ત્રણ ભેદ છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત." અહીં તેઓશ્રીએ 'સામ્પ્રત' એવો ઉલ્લેખ કરવાના સ્થાને 'શબ્દ' એવો ઉલ્લેખ કરેલ છે. તેમ સમજવાથી અમે અહીં જણાવેલ બાબત સાથે કોઈ પણ વિરોધ આવ્યા વિના તેઓશ્રીની વાત સંગત થઈ જશે. પાંચમા શબ્દનયના પ્રથમ ભેદને 'શબ્દ' કહો કે 'સામ્પ્રત' કહો, અર્થમાં તો ફરક પડતો નથી. માટે વિરોધને અવકાશ નથી. આમ શબ્દનય દ્વારા સાંપ્રત આદિ ત્રણે નયનો સંગ્રહ થઈ શકતો હોવાથી જ પ્રત્યેક મૂળ નયના સો ભેદની કલ્પના કરવામાં આવે તો 'સાત મૂળ નય છે' - આવું માનનારા આચાર્ય ભગવંતના મતે સાત નયના સાતસો ભેદ થાય છે તથા 'પાંચ મૂળ નય છે' - આવું માનનારા આચાર્ય ભગવંતના મતે પાંચ નયના પાંચસો ભેદ થાય છે.

### ❀ નયના ૭૦૦, ૬૦૦, ૫૦૦ વગેરે ભેદો ❀

**(इमे द्वे.)** આ બન્ને મત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તેથી જ **શ્રીભદ્રબાહુસ્વામીજી આવશ્યકનિર્યુક્તિ** ગ્રંથમાં જણાવે છે કે "એક-એક નયના સો ભેદ થાય છે. આ રીતે કુલ સાતસો નય થાય છે. તથા 'નય

---

♦ શાં.માં 'કહિઈં' પાઠ નથી. લી.(૧+૨+૪)નો પાઠ લીધો છે. 1. एकैकश्च शतविधः सप्त शतानि नया भवन्ति एवमेव। अन्योऽपि चादेशः पञ्चैव शतानि नयानां तु।। 2. नैगम-सङ्ग्रह-व्यवहार-र्जुश्रुताः चैव शब्दा नयाः।

श्रीमलधारिहेमचन्द्रसूरिभिस्तु **विशेषावश्यकवृत्तौ** एतद्व्याख्या "एतेषां मूलजातिभेदतः सप्तानां नैगमादिनयानामेकैकः प्रभेदतः शतविधः = शतभेदः। एवं च सर्वैरपि प्रभेदैः सप्त नयशतानि भवन्ति। अन्योऽपि चादेशः = प्रकारस्तेन पञ्च नयशतानि भवन्ति। शब्दादिभिस्त्रिभिरपि नयैर्यदैक एव शब्दनयो विवक्ष्यते तदा पञ्चैव मूलनया भवन्ति, एकैकस्य च शतविधत्वात् पञ्चशतविधत्वं नयानाम्। 'अन्नो वि य'त्ति अपिशब्दात् षट्, चत्वारि, द्वे वा शते नयानाम्। तत्र यदा सामान्यग्राहिणो नैगमस्य सङ्ग्रहे, विशेषग्राहिणस्तु व्यवहारेऽन्तर्भावो विवक्ष्यते तदा मूलनयानां षड्विधत्वादेकैकस्य च शतभेदत्वात् षट्शतानि नयानाम्। यदा तु सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्रलक्षणास्त्रयोऽर्थनया विवक्ष्यन्ते, एकस्तु शब्दनयः पर्यायास्तिकस्तदा चत्वारो मूलनया भवन्ति, प्रत्येकं च शतभेदत्वाच्चत्वारि नयशतानि। यदा तु नैगमादयश्चत्वारोऽप्येको द्रव्यास्तिकः, शब्दनयास्तु त्रयोऽप्येक एव पर्यायास्तिक इत्येवं द्वावेव नयौ विवक्ष्येते तदाऽनयोः प्रत्येकं शतभेदत्वाद् द्वे नयशते भवतः" (वि.आ.भा.२२६४ मल.वृ.) इत्येवं कृता। **प्रवचनसारोद्धारे**ऽपि (८४८) एवंप्रकारा गाथा वर्त्तत इत्यवधेयम्।

---

પાંચસો જ છે' - આ પ્રમાણે બીજો પણ મત છે."

## ❋ વિવક્ષાભેદથી નયભેદ ❋

(श्रीम.) **આવશ્યકનિર્યુક્તિ**ની ઉપરોક્ત ગાથા **વિશેષાવશ્યકભાષ્ય**માં વણી લેવામાં આવેલી છે. વિશેષાવશ્યકભાષ્યની ઉપરોક્ત ગાથાની વ્યાખ્યા કરતા **મલધારી શ્રીહેમચંદ્રસૂરિ**એ જણાવેલ છે કે "મૂળ જાતિના પ્રકારની અપેક્ષાએ નૈગમ વગેરે સાત નય છે. તે એક-એક નયના અવાન્તર ભેદની દૃષ્ટિએ સો પ્રકાર પડે છે. આ રીતે સર્વ અવાન્તર પ્રકારની અપેક્ષાએ કુલ સાતસો નય થાય છે. આ બાબતમાં બીજો પણ એક મત છે. બીજા મત મુજબ નયના પાંચસો ભેદ થાય છે. છેલ્લા શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય દ્વારા ફક્ત એક શબ્દનયની જ વિવક્ષા કરવામાં આવે (અર્થાત્ શબ્દનય કહેવાથી છેલ્લા ત્રણેય નયનો સંગ્રહ થઈ જાય છે - તેવું અભિપ્રેત હોય) તો મૂળ નય ફક્ત પાંચ જ થાય છે. તથા પ્રત્યેક નયના સો ભેદ હોવાથી અવાન્તર નયો પાંચસો થશે. **ભદ્રબાહુસ્વામીજી** મહારાજે 'अन्नो वि य' આવું પ્રાકૃત ભાષામાં કહેવા દ્વારા જે 'वि' = 'अपि' શબ્દનો ઉલ્લેખ કરેલો છે, તેનાથી અવાન્તર પ્રભેદની અપેક્ષાએ ૬૦૦, ૪૦૦, ૨૦૦ નયો થાય છે - તેમ જાણવું. તે આ રીતે - જ્યારે સામાન્યગ્રાહક નૈગમનયનો સંગ્રહનયમાં સમાવેશ કરવામાં આવે અને વિશેષગ્રાહક નૈગમનયનો વ્યવહારનયમાં સમાવેશ કરવામાં આવે ત્યારે મૂળ નય સંગ્રહથી માંડીને એવંભૂત સુધીના કુલ છ નય પ્રાપ્ત થશે. પ્રત્યેકના અવાન્તર સો ભેદ હોવાથી અવાન્તર ભેદની અપેક્ષાએ છ મૂળ નયના કુલ અવાન્તર ૬૦૦ ભેદ પ્રાપ્ત થશે. તથા 'સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્રસ્વરૂપ ત્રણ અર્થનય અને શબ્દ નામનો એક પર્યાયાસ્તિક નય' - આવી વિવક્ષા કરવામાં આવે ત્યારે મૂળ નય ચાર થાય છે. તથા પ્રત્યેકના સો ભેદ હોવાથી અવાન્તર ભેદની અપેક્ષાએ કુલ ૪૦૦ નય પ્રાપ્ત થાય છે. જ્યારે નૈગમ વગેરે ચારેય નય એક દ્રવ્યાસ્તિકનયરૂપે વિવક્ષિત હોય તથા શબ્દ વગેરે ત્રણેય નયો પર્યાયાસ્તિકરૂપે એક જ છે - તેવી વિવક્ષા કરવામાં આવે ત્યારે દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક - આમ મૂળ નયના બે ભેદ પ્રાપ્ત થશે. તથા પ્રત્યેકના સો ભેદ હોવાથી અવાન્તર ભેદની અપેક્ષાએ કુલ ૨૦૦ ભેદ પ્રાપ્ત થશે." **પ્રવચનસારોદ્ધાર**માં પણ આવા પ્રકારની ગાથા આવે છે. તે વાતને ધ્યાનમાં રાખવી.

***एतेन*** "अथैवम्भूत-समभिरूढयोः शब्द एव चेत् ?। अन्तर्भावस्तदा पञ्च, नयपञ्चशतीभिदः।।" (न.क.२०) इति **नयकर्णिकायां विनयविजयवाचकवचनमपि *व्याख्यातम्*।**

मध्यमविवक्षाविशेषतः पुनः चत्वारो नयाः ज्ञेयाः। तदुक्तं **समवायाङ्गसूत्रवृत्तौ श्रीअभयदेवसूरिवरेण** "नयचतुष्कं चैवम्, नैगमनयो द्विविधः - सामान्यग्राही विशेषग्राही च। तत्र यः सामान्यग्राही स सङ्ग्रहेऽन्तर्भूतः, विशेषग्राही तु व्यवहारे। तदेवं सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्राः शब्दादित्रयं चैक एवेति चत्वारो नयाः" (स.सू.२२ वृ.पृ.८३) इति। **आवश्यकनिर्युक्तिचूर्णौ** (आ.नि.गा.७५९/चू.पृ.३३०) अपि एवमेव चत्वारो नया उक्ताः। तद्विस्तारे तु चत्वारि शतानि। तदुक्तं **प्रवचनसारोद्धारवृत्तौ** "सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्र-शब्दा इति चत्वार एव मूलनयाः। एकैकश्च शतविध इति चत्वारि शतानि" (प्र.सारो.८४८ वृ.) इति।

अतिबृहद्विवक्षायां तु नयानाम् आनन्त्यम्। तदुक्तं **श्रीमल्लिषेणसूरिभिः स्याद्वादमञ्जर्याम्** "नयाश्च अनन्ताः, अनन्तधर्मत्वाद् वस्तुनः, तदेकधर्मपर्यवसितानां वक्तुः अभिप्रायाणां च नयत्वाद्" (अन्य.व्य.२८/

---

### ❀ નયના ૫૦૦ ભેદનું સમર્થન ❀

(**एतेन.**) **નયકર્ણિકા**માં **ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી**એ જણાવેલ છે કે "જો એવંભૂતનયનો અને સમભિરૂઢનયનો શબ્દનયમાં જ અન્તર્ભાવ કરીએ તો મૂળનયના પાંચ ભેદ પડે. તથા અવાન્તર કુલ ૫૦૦ નય થાય." આ વાતની પણ છણાવટ **શ્રીહેમચંદ્રસૂરિજી**ના કથન દ્વારા થઈ જાય છે.

### ❋ મધ્યમવિવક્ષાથી નયવિભાગપ્રદર્શન ❋

(**मध्यम.**) મધ્યમ પ્રકારની વિશેષ વિવક્ષા કરવામાં આવે તો નયના ચાર ભેદ જાણવા. તેથી **સમવાયાંગસૂત્રની વ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "નયના ચાર ભેદ આ મુજબ સમજવા. નૈગમનયના બે ભેદ છે. સામાન્યગ્રાહી અને વિશેષગ્રાહી. તેમાં જે સામાન્યગ્રાહી નૈગમનય છે, તેનો સંગ્રહનયમાં અન્તર્ભાવ થાય છે. વિશેષગ્રાહક = ભેદગ્રાહક નૈગમનયનો તો વ્યવહારનયમાં અન્તર્ભાવ થાય છે. તેથી સંગ્રહ અને વ્યવહાર નય કરતાં સ્વતંત્ર અસ્તિત્વ નૈગમનય ધરાવતો નથી. તથા છેલ્લા ત્રણ શબ્દ વગેરે નયોની ફક્ત એક શબ્દનયરૂપે વિવક્ષા કરવામાં આવે તો (૧) સંગ્રહ, (૨) વ્યવહાર, (૩) ઋજુસૂત્ર અને (૪) શબ્દ - આ રીતે ચાર મૂળ નય થાય છે." **આવશ્યકનિર્યુક્તિચૂર્ણિ**માં પણ આ જ પ્રમાણે ચાર નય જણાવ્યા છે. પ્રત્યેક નયના સો ભેદ હોવાથી આ ચાર નયનો વિસ્તાર કરવામાં આવે તો કુલ ૪૦૦ નય પ્રાપ્ત થાય છે. તેથી **પ્રવચનસારોદ્ધારની વૃત્તિ**માં જણાવેલ છે કે "સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ - આ પ્રમાણે મૂળ નય ફક્ત ચાર જ છે. પ્રત્યેક મૂળ નયના સો ભેદ પડે છે. તેથી કુલ ચારસો નય પ્રાપ્ત થાય છે."

### ❈ વિસ્તાર વિવક્ષાથી નયો અનન્તા છે ❈

(**अति.**) નયવિભાગની ઉત્કૃષ્ટ વિવક્ષા કરવામાં આવે તો નયો અનંતા છે. **શ્રીમલ્લિષેણસૂરિજી** મહારાજે **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** પ્રકરણની **સ્યાદ્વાદમંજરી** નામની વ્યાખ્યામાં જણાવેલ છે કે 'નયો અનંતા છે. કારણ કે વસ્તુના ગુણધર્મો અનંતા છે. તથા પ્રત્યેક વસ્તુના એક-એક ગુણધર્મને મુખ્યરૂપે ગ્રહણ કરનારા વક્તાઓના અભિપ્રાયો = આશયો જ નયસ્વરૂપ છે. તેથી નય પણ અનંત બની જાય

पृ.३७५) इति।

"ते च सर्वे नया अतिविस्तारविवक्षायामनन्ता भवन्ति, यतो नानावस्तुनि अनन्तांशानाम् एकैकांशविधायिनो ये वक्तुः उपन्यासाः ते सर्वे नयाः" (स.भ.न.प्र.पृ.३४) इति व्यक्तं **सप्तभङ्गीनयप्रदीपे**।

***न च*** पर्यायाणाम् अनन्तत्वेऽपि आयुषः परिमितत्वाद् वाचश्च क्रमवृत्तित्वान्न ते सर्वे वक्तुं शक्या इति नयाऽऽनन्त्यमशक्यमिति ***शङ्कनीयम्,***

कालानन्त्याद् व्यक्त्यानन्त्याच्च तदुपपत्तेः।

पूर्वोक्ता (४/९) [1]"जावइया वयणपहा तावइया चेव हुंति नयवाया। जावइया नयवाया तावइया चेव हुंति परसमया।।" (स.त.३/४७) इति **सम्मतितर्क**गाथा अत्र स्मर्तव्या। तदुक्तं **गोम्मटसारे** अपि **कर्मकाण्डे** [2]"जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा। जावदिया णयवादा तावदिया चेव होंति परसमया।।" (गो.सा.क.का.८९४) इति। तदुक्तं **विशेषावश्यकभाष्येऽपि** [3]"जावन्तो वयणपहा तावन्तो वा नया..." (वि.

તે સ્વાભાવિક છે." અનન્તગુણધર્મમય વસ્તુ અંગે વક્તાઓના અભિપ્રાયો અનંતા સંભવી શકે છે.

("ते च.) વાચકશિરોમણિ **યશોવિજયજી** મહારાજે પણ **સપ્તભંગી-નયપ્રદીપ** નામના પ્રકરણમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે "અત્યંત વિસ્તારની વિવક્ષા કરવામાં આવે તો એ સર્વ નયો અનન્તા થાય છે. કારણ કે વસ્તુઓ અનેક છે. તથા પ્રત્યેક વસ્તુના અંશો (= ધર્મો) અનન્તા હોય છે. વક્તા જ્યારે વસ્તુગત પ્રત્યેક અંશનું વિધાન કરનારા વચનોની રજૂઆત કરે તો તે તમામ ઉપન્યસ્ત વચનો નય બને છે. તેથી અત્યંત વિસ્તારની અપેક્ષાએ અનંતા નય સિદ્ધ થાય છે."

**શંકા** :- (न च.) પર્યાયો ભલે અનંત હોય. પણ તે બધાને બોલવા તો શક્ય નથી જ ને ? કેમ કે આયુષ્ય સીમિત છે તથા વાણી ક્રમશઃ જ પદાર્થનિરૂપણ કરે છે. તેથી એક જીવનમાં અનન્ત પર્યાયોને બોલવા અશક્ય જ છે તો વચનાત્મક નય અનન્ત કઈ રીતે બને ?

### ❊ અનન્તનયનું સમર્થન ❊

**સમાધાન** :- (काला.) એક વ્યક્તિ એક ભવમાં ભલે અનન્ત પર્યાયને બોલી ન શકે. પરંતુ અનન્ત ભવમાં તો એક વ્યક્તિ અનન્ત પર્યાયને બોલી શકે જ છે ને ! તથા બોલનાર વ્યક્તિ પણ અનન્ત કાળમાં અનન્ત હોય છે. તેથી અનન્ત કાળ અને અનન્ત વક્તા - બન્નેની અપેક્ષાએ અનન્ત પર્યાયને બોલવા શક્ય જ છે. તેથી અનન્ત વચનાત્મક અનન્ત નય શક્ય છે.

### ❊ વચનપદ્ધતિતુલ્ય નયસંખ્યા ❊

(पूर्वो.) ચોથી શાખામાં (શ્લો.૯) દર્શાવેલી **સંમતિતર્ક**ની ગાથા અહીં યાદ કરવી. ત્યાં જણાવેલ છે કે "જેટલા વચનમાર્ગ છે તેટલા જ નયવાદ છે. તથા જેટલા નયવાદ છે તેટલા જ પરસમયો (= અન્યદર્શનો) છે." **સંમતિતર્ક**માં **સિદ્ધસેનદિવાકરસૂરિજી** મહારાજે જણાવેલી જ વાત **ગોમ્મટસાર** ગ્રંથમાં પણ **કર્મકાણ્ડ**ની અંદર જણાવેલ છે. **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં પણ જણાવેલ છે કે "જેટલા વચનમાર્ગ છે તેટલા જ નય છે."

**1+2**. यावन्तः वचनपथाः तावन्तः चैव भवन्ति नयवादाः। यावन्तः नयवादाः तावन्तः चैव भवन्ति परसमयाः।। **3**. यावन्तः वचनपथाः तावन्तो वा नयाः...।

એહવી શાસ્ત્રરીતિ છોડી, **અંતર્ભાવિત** ●કહતાં સાતમાંહિં ભેલ્યા જે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક તે **ઉદ્ધરી** = અલગા કાઢી, **નવ** નય કહિયા, **તે સ્યો પ્રપંચ ?** ચતુર મનુષ્ય વિચારી જોઓ. ॥૮/૯॥

---

आ.भा.२२६५) इति।

श्रुतानुसारिणः सर्वेऽपि वचनमार्गाः मतिविशेषरूपा अपि श्रुतज्ञानरूपेण विज्ञेयाः। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"जावंतो वयणपहा सुयाणुसारेण केइ लब्भंति। ते सव्वे सुयनाणं ते याऽणंता मइविसेसा।।" (वि.आ.भा.२२६५) इति प्रासङ्गिकं भावनीयम्।

इत्थं सप्तसु पञ्चसु वा नयेषु **अन्तर्भूतौ द्रव्य-पर्यायार्थौ** = द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ इति जैनशास्त्रशैलीं त्यक्त्वा **कुतः** = कस्मात् कारणात् तेभ्यः उद्धृत्य **पृथक्कृतौ** = पार्थक्येनोपदर्शितौ 'नव नया' इत्याद्युक्त्या **देवसेनेन** ? इति जिनसमयवेदिभिः चिन्तनीयम्।

**स्थानाङ्गसूत्रे अनुयोगद्वारसूत्रे** च [2]"सत्त मूलनया पन्नत्ता, तं जहा - (१) नेगमे, (२) संगहे, (३) ववहारे, (४) उज्जुसुत्ते, (५) सद्दे, (६) समभिरूढे, (७) एवंभूते" (स्था.७/५५२, अनु.सू.६०६) इत्युक्त्या मूलनयविभागे नवविधत्वं न समाम्नातमिति द्योत्यते। **श्रीशीलाङ्काचार्येणा**ऽपि **आचाराङ्गवृत्तौ** "ज्ञानविशेषा

---

### ✡ શ્રુતાનુસારી નયવાદો શ્રુતજ્ઞાનસ્વરૂપ ✡

(**श्रुता.**) શ્રુતગ્રન્થને અનુસરનારા બધા ય વચનમાર્ગો વિશેષ પ્રકારના મતિજ્ઞાનસ્વરૂપ હોવા છતાં પણ શ્રુતજ્ઞાનરૂપ જ જાણવા. આ અંગે **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'શ્રુતશાસ્ત્રાનુસારે જેટલા પણ વચનમાર્ગ = મતિજ્ઞાનવિશેષ મળે છે તે બધાય શ્રુતજ્ઞાન છે. તે શ્રુતાનુસારી મતિવિશેષ અનંતા છે'. શ્રુતાનુસારી હોવાથી મતિવિશેષને અહીં શ્રુતજ્ઞાનસ્વરૂપે જણાવેલ છે. આ પ્રાસંગિક = પ્રસંગસંગતિપ્રાપ્ત બાબત વિશે વાચકવર્ગે વિભાવના કરવી. હવે મૂળ વાત ઉપર આવીએ.

### ❂ પ્રાચીન આગમિક શૈલી ન છોડીએ ❂

(**इत्थं.**) આ રીતે અનેક શાસ્ત્રના સંદર્ભ દ્વારા આપણે જોઈ શકીએ છીએ કે સાત નયમાં અથવા તો પાંચ નયમાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો અન્તર્ભાવ થઈ જાય છે. જૈન શાસ્ત્રોની આ આગવી શૈલી છે. આ પ્રસિદ્ધ આગમિક શૈલીને છોડીને કયા કારણે તે પાંચ કે સાત નયમાંથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને બહાર કાઢીને 'નવ નયો છે' - આવું કહેવા દ્વારા પાંચ કે સાત નયથી જુદા સ્વરૂપે તે બન્ને નયને દેવસેનજીએ જણાવેલા છે ? આ બાબતને જિનાગમવેદી પ્રૌઢ વ્યક્તિઓએ શાંતિથી વિચારવી.

(**स्था.**) **સ્થાનાંગસૂત્ર**માં તથા **અનુયોગદ્વારસૂત્ર**માં પણ "સાત મૂલ નય જણાવેલ છે. તે આ રીતે - (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત નય" - આ પ્રમાણે મૂલનયવિભાગ જણાવેલ છે. તેથી મૂળનયના વિભાગમાં નવ ભેદ માન્ય નથી - તેમ સૂચિત થાય છે. **શ્રીશીલાંકાચાર્યજી**એ પણ **આચારાંગસૂત્રવ્યાખ્યાના** પ્રારંભમાં 'જ્ઞાનવિશેષ

---

● પુસ્તકોમાં 'કહતાં' નથી. કો.(૯)+સિ.માં છે. 1. यावन्तः वचनपथाः श्रुतानुसारेण केचिद् लभ्यन्ते। ते सर्वे श्रुतज्ञानं ते चानन्ताः मतिविशेषाः।। 2. सप्त मूलनयाः प्रज्ञप्ताः। तद् यथा – (१) नैगमः, (२) सङ्ग्रहः, (३) व्यवहारः, (४) ऋजुसूत्रः, (५) शब्दः, (६) समभिरूढः, (७) एवम्भूतः।

नयाः। ते च नैगमादयः सप्त" (आ.सू.वृ.पृ.३) इत्युक्तम्। "साम्प्रतं नयाः, ते चाऽमी - नैगम-सङ्ग्रह -व्यवहार-र्जुसूत्र-शब्द-समभिरूढैवम्भूताख्याः सप्तैव" (सू.कृ.श्रु.स्क.२/अ.७/सू.८१/पृ.४२६) इत्युक्त्या **सूत्रकृताङ्गसूत्रवृत्तौ** अपि एवकारेण मूलनयविभागे सप्ताऽतिरिक्तनयनिषेधोऽकारि। **दशवैकालिकवृत्तौ** (१/५/नि.१४८)**हरिभद्राचार्यैः प्रवचनसारोद्धारे** (गाथा-८४७) च **नेमिचन्द्राचार्यैः** सप्त मूलनया दर्शिताः। ततश्च नवधा मूलनयविभागप्रदर्शनं नाऽऽगमसम्मतं न वा युक्तिसङ्गतमाभातीति फलितमेतावता।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् - 'नैगमाद्यन्तर्भावान्न द्रव्यार्थिक-पर्यायार्थिकनययोः पार्थक्योपदर्शनं युक्तमाभाती'ति यदुक्तं ग्रन्थकृता तत इदं शिक्षितव्यं यदुत केनचित् कारणेन कस्यचिदुक्तेरस्मदसम्मतत्वेऽपि तं प्रति अस्मद्वक्तव्यं स्वादुशब्दगर्भं यथा स्यात् तथा कार्यम्, न तु कटु -कर्कशशब्दगर्भम्। अस्मच्छब्दा नोद्वेगसूचकाः, अपि तु कारुण्यदर्शकाः स्युः तथा कार्यम्। अधिकारदर्शकभाषां परित्यज्य प्रेम-वात्सल्यगर्भा भाषाऽस्माभिः प्रयोक्तव्या। ततश्च महामुनिः **योगसारे** दर्शितं "निःशेषक्लेशनिर्मुक्तं प्राप्नोति परमं पदम्" (यो.सा.५/४९) इति।।८/९।।

---

નય કહેવાય. તે નૈગમાદિ સાત છે' - આમ જણાવેલ છે. તથા તેઓશ્રીએ જ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**ના અંત ભાગમાં પણ જણાવેલ છે કે 'હવે નયનું નિરૂપણ કરવાનો અવસર છે. તે નયો (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ, (૭) એવંભૂત - આ પ્રમાણે સાત જ છે.' જકારનો પ્રયોગ કરવા દ્વારા શ્રી**શીલાંકાચાર્ય**જીએ મૂલનયવિભાગમાં સાત નયથી વધારે નયનો પ્રવેશ કરવાનો નિષેધ કરેલ છે. આ કથનથી સૂચિત થાય છે કે આગમિક પરંપરામાં પણ 'મૂલનય નવ પ્રકારના છે' - આવો વિભાગ માન્ય નથી. શ્રી**હરિભદ્રસૂરિ**એ **દશવૈકાલિકવ્યાખ્યા**માં (૧/૫/નિર્યુક્તિ-ગાથા ૧૪૮ વૃ.) તથા શ્રી**નેમિચન્દ્રાચાર્ય**જીએ **પ્રવચનસારોદ્ધાર**માં (ગાથા-૮૪૭) મૂળ નય સાત જ જણાવેલ છે. તેથી અત્યાર સુધીની ચર્ચા દ્વારા 'નવ પ્રકારે મૂલનયનું પ્રદર્શન આગમસંમત પણ જણાતું નથી કે તર્કસંગત પણ જણાતું નથી' - એવું ફલિત થાય છે.

### ❈ ખફા થવાના બદલે ખેદને વ્યક્ત કરીએ ❈

**આધ્યાત્મિક ઉપનય** :- "નૈગમ વગેરે સાત નયમાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો સમાવેશ થઈ જવાથી તે બન્ને નયને અલગ કરીને નવ નયનું નિરૂપણ કરવું વ્યાજબી જણાતું નથી" - આવું પોતાનું તાત્પર્ય ગ્રંથકારશ્રીએ જે શબ્દમાં રજૂ કરેલ છે, તેનાથી એક એવો બોધપાઠ આપણે શીખવા જેવો છે કે કોઈ પણ વ્યક્તિની વાત આપણને કોઈ પણ કારણસર ગમતી ન હોય, મંજૂર ન હોય, તે વાતનો સ્વીકાર કરવો વ્યાજબી જણાતો ન હોય તો પણ તે વ્યક્તિની સામે આપણા શબ્દો પથ્થર જેવા ભારેખમ ન હોવા જોઈએ પરંતુ હળવાફૂલ હોવા જોઈએ. આપણા શબ્દો સામેની વ્યક્તિ પ્રત્યે નારાજગી વ્યક્ત કરવાને બદલે દિલગીરી વ્યક્ત કરે તેવા જોઈએ, ખફા થવાને બદલે ખેદ વ્યક્ત કરે તેવા જોઈએ. ટૂંકમાં તાત્પર્ય એ છે કે અધિકારની ભાષામાં બોલવાને બદલે પ્રેમ-લાગણી-વાત્સલ્યની ભાષાનો, તેવા સમયે પણ, પ્રયોગ કરવો. તેના લીધે મહામુનિ **યોગસાર**માં દર્શાવેલ, સર્વ ક્લેશોથી રહિત પરમ પદને પ્રાપ્ત કરે છે. (૮/૯)

**પજ્જયત્થ દ્રવ્યારથો રે, જો તુમ્હે અલગા દિટ્ઠ;**
**[ઙ]અપ્પિયઅણપ્પિય ભેદથી રે, કિમ ઈગ્યાર ન ઈટ્ઠ રે ॥૮/૧૦॥ (૧૧૮) પ્રાણી.**

ઈમઈ કરતાં **પર્યાયાર્થ, દ્રવ્યાર્થ** નય **જો તુમ્હે અલગા** દીઠા, અનઈ *ઈમ એ* ૯ નય કહિયા. તો **અર્પિત, અનર્પિત** એહ ૨ નય (**ભેદથી**=) અલગા કરી નઈં, ઈમ **૧૧**♦ નય✡ **કિમ ન** (**ઈટ્ઠ**=) વાંછ્યા?

देवसेनाभिप्रायमाशङ्क्य प्रतिविधत्ते – '**द्रव्यार्थे**'ति।

**द्रव्यार्थ-पर्ययार्थौ चेत् तत्र दृष्टौ पृथक् त्वया।**
**अर्पिताऽनर्पितौ कस्माद् नेष्येते हि पृथक् त्वया ?॥८/१०॥**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – तत्र द्रव्यार्थ-पर्यायार्थौ त्वया पृथक् दृष्टौ (इति) चेत् ? (तर्हि) त्वया कस्माद् अर्पिताऽनर्पितौ पृथग् हि नेष्येते ?॥८/१०॥

**तत्र = नयचक्रे** नयनिरूपणे [1]"पज्जयं गउणं किच्चा दव्वं चिय जो हु गिण्हए लोए। सो दव्वत्थो भणिओ विवरीओ पज्जयत्थो दु॥" (न.च.१७) इत्युक्त्या पर्यायोपसर्जन-द्रव्यानुपसर्जनाभ्यां द्रव्यार्थिकत्वं द्रव्योपसर्जन-पर्यायानुपसर्जनाभ्यां च पर्यायार्थिकत्वमिति तत्प्रवृत्तिनिमित्तं पुरस्कृत्य नैगमादिभ्यो सप्तभ्यः **द्रव्यार्थ-पर्ययार्थौ** = द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ **त्वया** देवसेनेन **पृथग् दृष्टौ** कृतौ चेति **चेत्**? तर्हि **त्वया** देवसेनेन **कस्मात्** कारणात् ताभ्याम् अतिरिक्तः द्रव्यार्थिक-पर्यायार्थिकनयः नेष्यते ? पूर्वोक्त-

**અવતરણિકા** :- દેવસેનજીના અભિપ્રાયની આશંકા કરીને તેનો જવાબ ગ્રંથકારશ્રી આપે છે :-

**❀ દેવસેનમત દોષગ્રસ્ત ❀**

**શ્લોકાર્થ** :- જો નયચક્ર ગ્રંથમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય તમે જુદા જુદા જોયેલા હોય તો શા માટે તમે અર્પિત અને અનર્પિત નયને જુદા નથી માનતા ? (૮/૧૦)

**❋ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયની સમજણ ❋**

**વ્યાખ્યાર્થ** :- **દેવસેનજીએ નયચક્ર** ગ્રંથમાં જણાવેલ છે કે "લોકમાં પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને જ જે નય ગ્રહણ કરે છે તે દ્રવ્યાર્થિકનય કહેવાય છે. તેનાથી વિપરીત પ્રવૃત્તિ કરે તે પર્યાયાર્થિક-નય કહેવાય છે." આવું કહેવા દ્વારા 'પર્યાયની ગૌણતા અને દ્રવ્યની મુખ્યતા, દ્રવ્યાર્થિકપણું જણાવે છે તથા દ્રવ્યની ગૌણતા અને પર્યાયની મુખ્યતા, પર્યાયાર્થિકપણું જણાવે છે' - આમ સૂચિત કરેલ છે. આ રીતે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય - આ બન્ને પદોનું પ્રવૃત્તિનિમિત્ત દેવસેનજીએ દર્શાવેલ છે. આ બાબતને લક્ષમાં રાખીને ગ્રંથકારશ્રી **દેવસેનજીને** એમ કહે છે કે "હે દેવસેનજી ! નયચક્ર ગ્રંથમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક શબ્દના પ્રવૃત્તિનિમિત્તને આગળ કરીને નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને જો તમે જુદા જોયેલા છે તથા જુદા કરેલા છે, તો કયા કારણથી

ઙ મ.માં 'અપ્પિયણપ્પિય' પાઠ. B(૨)નો પાઠ લીધેલ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.
♦ કો.(૯)માં 'એકાદશ' પાઠ. ✡ કો.(૧૩)માં 'નયમાંહિ અર્પિત' પાઠ.
1. पर्यायं गौणं कृत्वा द्रव्यं चैव यो हि गृह्णाति लोके। स द्रव्यार्थो भणितः विपरीतः पर्यायार्थस्तु॥

*इति भावार्थः। इति ११८મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥८/१०॥

रीत्या (६/७) **जयधवलायां** केवलद्रव्यार्थिकविषयग्राहक-केवलपर्यायार्थिकविषयग्राहकाभ्याम् अतिरिक्तत्वेन तदुभयविषयग्राहकस्य नैगमतृतीयभेदस्य उपदर्शनात्। एवमेव **कस्मात्** कारणात् तुल्ययुक्त्या **अर्पितानर्पितौ** नयौ नैगमादिभ्यो नयेभ्यः **पृथग् हि** = भिन्नौ एव **नेष्येते** ? **तत्त्वार्थसूत्रे** "अर्पिताऽनर्पितसिद्धेः" (त.सू.५/३१) इत्येवं तन्निर्देशोपलब्धेः।

***एतेन*** [1]"दव्वट्ठियवत्तव्वं सामण्णं, पज्जवस्स य विसेसो। एए समोवणीआ विभज्जवायं विसेसंति।।" (स.त.३/५७) इत्येवं **सम्मतितर्के** द्रव्यार्थिक-पर्यायार्थिकनययोः प्रतिपादितत्वात् तौ पृथग् दृष्टौ दर्शितौ च **नयचक्रे** अस्माभिः, अर्पिताऽनर्पितयोर्नययोः कुत्राऽप्यदृष्टत्वान्न नैगमादिभ्यो नयेभ्यः अर्पिताऽनर्पितनयौ स्वतन्त्रतयेष्येते इति ***निरस्तम्,***

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - આ બન્નેથી ભિન્ન સ્વરૂપે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયને માન્ય કર્યો નથી ? કારણ કે પૂર્વે (૬/૭) જણાવેલ પદ્ધતિ મુજબ, દિગંબર **વીરસેનાચાર્ય**એ કેવલ દ્રવ્યાર્થિકવિષયગ્રાહક પ્રથમ નૈગમ અને કેવલ પર્યાયાર્થિકવિષયગ્રાહક દ્વિતીય નૈગમ કરતાં ભિન્ન સ્વરૂપે દ્રવ્યાર્થિક -પર્યાયાર્થિકઉભયવિષયગ્રાહક નામનો નૈગમનો તૃતીય પ્રકાર **જયધવલા**માં જણાવેલ છે. તુલ્ય યુક્તિથી દેવસેનજીએ પણ મૂળનયમાં દશમા નય તરીકે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયને જણાવવો જ જોઈએ ને ! તે જ રીતે દેવસેનજીએ કયા કારણસર નૈગમ આદિ નયો કરતાં અર્પિતનયને અને અનર્પિતનયને ભિન્નરૂપે જ માન્ય નથી કર્યા ? કેમ કે નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને જુદા માનવાની જેમ અર્પિત અને અનર્પિત નયને પણ નૈગમ આદિ નય કરતાં જુદા માનવાની યુક્તિ તો સમાન જ છે. **તત્ત્વાર્થસૂત્ર**માં 'अर्पिताऽनर्पितसिद्धेः' આવું કહેવા દ્વારા અર્પિતનયનો અને અનર્પિતનયનો નિર્દેશ ઉપલબ્ધ થાય જ છે. તેથી નવ નયના બદલે બાર નયનો નિર્દેશ તમારે કરવો જોઈએ."

### ❀ અર્પિતાદિ નયનું આપાદન નિરાધાર : દિગંબર ❀

**પૂર્વપક્ષ** :- (एतेन.) **સંમતિતર્ક**માં જણાવેલ છે કે "દ્રવ્યાર્થિકનયના વચનનો વિષય સામાન્ય ધર્મ છે અને પર્યાયાર્થિકનયનો વિષય વિશેષ ધર્મ છે. આ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય બન્ને ભેગા થઈને વિભજ્યવાદને = સ્યાદ્વાદને વિશેષ સ્વરૂપ ધારણ કરાવે છે." આ રીતે **સંમતિતર્ક** ગ્રંથમાં શ્રી**સિદ્ધસેનસૂરિ** મહારાજ પણ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનું પ્રતિપાદન કરે છે. તેથી નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને પૃથક્ સ્વરૂપે અમે દિગંબરોએ જોયેલા છે. તથા **નયચક્ર** ગ્રંથમાં નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને અલગ દેખાડેલા છે. પરંતુ અર્પિતનયને અને અનર્પિતનયને અમે કોઈ પણ ગ્રંથમાં જોયેલ નથી. તેથી નૈગમ આદિ નયો કરતાં સ્વતંત્રરૂપે અર્પિત અને અનર્પિત નય અમને ઈષ્ટ નથી. તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની જેમ અર્પિતને અને અનર્પિત નયને સ્વતંત્ર મૂળ નય સ્વરૂપે માનીને મૂળનયનો વિભાગ અમે દિગંબરોએ દર્શાવેલ નથી.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. 1. द्रव्यास्तिकवक्तव्यं सामान्यं पर्यायस्य च विशेषः। एतौ समुपनीतौ विभज्यवादं विशेषयतः।।

तत्त्वार्थे तन्निर्देशस्य कृतत्वात्, **बृहत्स्वयम्भूस्तोत्रे**ऽपि "अनेकान्तः प्रमाणात्ते तदेकान्तोऽर्पितान्नयात्" (बृ.स्व.स्तो.१०३) इत्येवमर्पितनयस्योक्तत्वात्, **विद्यानन्दस्वामि**ना अपि **तत्त्वार्थश्लोकवार्त्तिके नयविवरणे** "अर्थ-पर्याययोः तावद् गुण-मुख्यस्वभावतः। क्वचिद् वस्तुन्यभिप्रायः प्रतिपत्तुः प्रजायते।।" (त.श्लो.न.वि.४२) इत्येवमर्पणानर्पणयोरुक्तत्वात्, **विशेषावश्यकभाष्ये**ऽपि [1]"दव्वट्ठियस्स दव्वं वत्थुं पज्जवनयस्स पज्जाओ। अप्पियमयं विसेसो सामन्नमणप्पियनयस्स।।" (वि.आ.भा. ३५८८) इति तन्निर्देशोपलब्धेश्च। ततश्च श्वेताम्बर-दिगम्बरोभयसम्प्रदायग्रन्थेषु द्रव्यार्थिक-पर्यायार्थिकयोरिव अर्पिताऽनर्पितनययोरुपलम्भेन द्वादशधा मूलनयविभागो देवसेनेन दर्शनीयः स्यादित्यपरिहार्या इयम् आपत्तिः।

## ❀ અર્પિતાદિ નયનું આપાદન શાસ્ત્રસાપેક્ષ : શ્વેતાંબર ❀

**ઉત્તરપક્ષ** :- **(तत्त्वार्थे.)** તમારી આ વાત બરાબર નથી. કેમ કે અમે હમણાં જ તત્ત્વાર્થસૂત્રનો સંદર્ભ દર્શાવી ચૂક્યા છીએ. તે **તત્ત્વાર્થસૂત્ર**માં અર્પિતનય અને અનર્પિતનય વાચકશિરોમણિ **ઉમાસ્વાતિજી** મહારાજે દેખાડેલ જ છે. તથા **બૃહત્સ્વયંભૂસ્તોત્ર**માં પણ **સમન્તભદ્રસ્વામી**એ જણાવેલ છે કે "હે જિનેશ્વર ભગવંત ! પ્રમાણની અપેક્ષાએ તમારો મત અનેકાન્ત સ્વરૂપ છે. તથા અર્પિતનયની અપેક્ષાએ તમારો મત એકાંત સ્વરૂપ છે." આ પ્રમાણે અર્પિતનયનો ઉલ્લેખ તમને પણ માન્ય એવા સમન્તભદ્ર સ્વામીએ કરેલ છે. દિગંબર આચાર્ય **વિદ્યાનંદસ્વામી**એ પણ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં **નયવિવરણ** પ્રકરણમાં જણાવેલ છે કે "દ્રવ્ય અને પર્યાય વચ્ચે ગૌણ-મુખ્ય સ્વભાવની અપેક્ષાએ કોઈક વસ્તુમાં જાણકાર વ્યક્તિને વિશેષ પ્રકારનો અભિપ્રાય ઉત્પન્ન થાય છે." અહીં મુખ્યસ્વભાવ દ્વારા અર્પણાને અને ગૌણસ્વભાવ દ્વારા અનર્પણાને તેમણે જણાવેલ છે. **વિશેષાવશ્યકભાષ્ય**માં પણ શ્વેતાંબરશિરોમણિ **શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણે** જણાવેલ છે કે "દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય છે અને પર્યાયાર્થિકનયનો વિષય પર્યાય છે. વિશેષ ધર્મ અર્પિતનયને સંમત છે. તથા સામાન્ય ધર્મ અનર્પિતનયને સંમત છે." આ રીતે **વિશેષાવશ્યકભાષ્ય**માં પણ અર્પિત અને અનર્પિત નયનો ઉલ્લેખ થયેલ છે. ઉપરોક્ત શાસ્ત્રસંદર્ભનું તાત્પર્ય એટલા જ અંશમાં અભિપ્રેત છે કે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની જેમ અર્પિત અને અનર્પિત નયનો ઉલ્લેખ શ્વેતાંબર અને દિગંબર બન્ને સંપ્રદાયને માન્ય એવા વિવિધ ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની જેમ અર્પિત અને અનર્પિત નયને સ્વતંત્ર મૂળ નય માની, બાર મૂળનયનો વિભાગ બતાવવાની આપત્તિ દિગંબર દેવસેનજીને અપરિહાર્ય બની રહેશે.

## ✡ અર્પિત-અનર્પિતનયની સ્પષ્ટતા ✡

**સ્પષ્ટતા** :- **વિશેષાવશ્યકભાષ્યકાર**નું તાત્પર્ય એવું જણાય છે કે વિશેષધર્મની વિવક્ષા કરનાર અર્પિત નયનો વિષય વિશેષ ધર્મ છે તથા વિશેષધર્મની વિવક્ષા ન કરનાર અનર્પિતનયનો વિષય સામાન્ય ધર્મ છે. પરંતુ આનો અર્થ એવો નથી કે સામાન્ય ધર્મ અર્પિતનયનો વિષય ન જ બને. સામાન્ય ધર્મની વિવક્ષા કરનાર અર્પિતનયનો વિષય સામાન્યધર્મ પણ બની જ શકે છે. તથા સામાન્ય ધર્મની વિવક્ષા ન કરનાર અનર્પિત નયનો વિષય વિશેષ ધર્મ પણ બની શકે છે. ટૂંકમાં વિવક્ષા = અર્પણા અને અવિવક્ષા = અનર્પણા. તેથી જો નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને શાસ્ત્રના આધારે

1. द्रव्यास्तिकस्य द्रव्यं वस्तु पर्यवनयस्य पर्यायः। अर्पितमतं विशेषः सामान्यमनर्पितनयस्य।।

**विशेषावश्यकभाष्या**नुसारेण (गा.३५८८) अर्पिताऽनर्पितनयद्वये नैगमादीनां समवताराऽभ्युपगमे तु तुल्यन्यायेन द्रव्यार्थिक-पर्यायार्थिकनयद्वये नैगमादिसमवतारस्याऽप्रत्याख्येयत्वात् सप्तैव मूलनयाः स्युः, न तु नव।

***अनेन*** अर्पितत्वानर्पितत्वयोः ज्ञानधर्मत्वेऽपि बाह्यार्थधर्मत्वविरहान्नार्पितानर्पितनययोः पार्थक्येनोपदेश इति ***निरस्तम्,***

तयोः बाह्यार्थधर्मत्वाभावे तन्निष्ठतया तज्ज्ञानस्य भ्रमत्वापत्तेः। न च तयोर्बाह्यवस्तुधर्मत्वमसिद्धम्। तदुक्तं **विशेषावश्यकभाष्यवृत्तौ श्रीहेमचन्द्रसूरिभिः** "स्वधर्मैः विशेषवद्भिः पर्यायैः अविशेषितं सामान्यरूपं वस्तु अनर्पितमभिधीयते। तदेव च पर्यायान्तरैः = पर्यायविशेषैः विशेषितमर्पितमुच्यते" (वि.आ.भा.२१७१ वृ.) इति।

---

જુદા દર્શાવવા એ દિગંબર દેવસેનજીને અભિમત હોય તો અર્પિતનયને અને અનર્પિતનયને પણ ઉપરોક્ત શાસ્ત્રના આધારે નૈગમ આદિ નયો કરતાં જુદા દર્શાવવાની સમસ્યા અપરિહાર્ય બની રહેશે.

### ⊛ ...તો મૂલનય સાત જ થશે, નવ નહિ ⊛

(**विशे.**) દેવસેનજી **વિશેષાવશ્યકભાષ્ય** મુજબ જો અર્પિત-અનર્પિતનયમાં નૈગમાદિનો સમવતાર માન્ય કરે તો તુલ્યન્યાયથી **વિશેષાવશ્યકભાષ્ય** મુજબ જ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયમાં નૈગમાદિના સમવતારને દેવસેનજી રોકી નહિ શકે. તેથી મૂલનય સાત જ થશે, નવ નહિ - આટલું નિશ્ચિત થાય છે.

**પૂર્વપક્ષ** :- (अनेन.) અર્પિતત્વ અને અનર્પિતત્વ આ બન્ને જ્ઞાનનો ગુણધર્મ હોવા છતાં પણ બાહ્ય પદાર્થનો ગુણધર્મ નથી. તેથી અર્પિતનયનો અને અનર્પિતનયનો, નૈગમ આદિ નયો કરતાં અલગ ઉપદેશ દેવસેનજીએ કરેલ નથી. જે ગુણધર્મ બાહ્ય પદાર્થમાં = જ્ઞેયમાં રહેતો હોય તેના આધારે નયનો ઉદ્ભવ થાય છે. જે ધર્મ જ્ઞાનમાં રહેતો હોય તેના આધારે સ્વતંત્રપણે નયનો ઉદ્ભવ થઈ શકતો નથી. તેથી દેવસેનજીએ અગિયાર નયના બદલે નવ મૂળ નયનો ઉપદેશ **નયચક્ર** ગ્રંથમાં આપેલ છે, તે વ્યાજબી છે.

### ❖ અર્પિતત્વાદિ વાસ્તવિક છે ❖

**ઉત્તરપક્ષ** :- (तयोः.) તમારી ઉપરોક્ત વાત વ્યાજબી નથી. કારણ કે અર્પિતત્વ અને અનર્પિતત્વ બાહ્ય પદાર્થનો ગુણધર્મ ન હોય તો 'તે બન્ને ગુણધર્મ બાહ્ય પદાર્થમાં રહેલા છે' - તેવા પ્રકારનું જ્ઞાન ભ્રમરૂપ થવાની આપત્તિ સર્જાય. તથા 'અર્પિતત્વ અને અનર્પિતત્વ' - આ બન્ને ગુણધર્મો બાહ્ય વસ્તુમાં રહેલા છે - આ વાત શાસ્ત્રથી અસિદ્ધ નથી, પરંતુ શાસ્ત્ર આધારે સિદ્ધ જ છે. તેથી **વિશેષાવશ્યકભાષ્ય-વૃત્તિ**માં મલધારી **હેમચંદ્રસૂરિ** મહારાજે જણાવેલ છે કે "વિશેષતાને ધરાવનારા જે પર્યાયો પોતાના (વસ્તુના) ગુણધર્મો છે, તેનાથી અવિશેષિત સામાન્ય સ્વરૂપ વસ્તુ અનર્પિત કહેવાય છે. તથા તે જ વસ્તુને જો વિશેષતાને ધારણ કરનારા પર્યાયોથી વિશેષિત કરવામાં આવે તો તે અર્પિત કહેવાય છે." અહીં વ્યાખ્યાકાર મહર્ષિએ વસ્તુને જ અનર્પિત કે અર્પિત કહેવા દ્વારા અનર્પિતત્વ અને અર્પિતત્વ - આ બન્ને ગુણધર્મો વસ્તુમાં = જ્ઞેય પદાર્થમાં રહેલા છે - તેવું સૂચિત કરેલ છે.

तदुक्तं **तत्त्वार्थराजवार्त्तिके अकलङ्काचार्येण** अपि "धर्मान्तरविवक्षाप्रापितप्राधान्यम् = अर्पितम्। अनेकात्मकस्य वस्तुनः प्रयोजनवशाद् यस्य कस्यचिद् धर्मस्य विवक्षया प्रापितप्राधान्यम् अर्थरूपम् अर्पितम् = उपनीतमिति यावत् (त.रा.वा.५/३२/१)। तद्विपरीतम् अनर्पितम्। प्रयोजनाभावात् सतोऽपि अविवक्षा भवति इति उपसर्जनीभूतम् = अनर्पितमित्युच्यते" (त.रा.वा.५/३२/२) इति। **तत्त्वार्थश्रुतसागरीवृत्त्या**दावपि (५/३२) अयमेव आशयः प्रकटीकृतः। ततश्च द्रव्यार्थ-पर्यायार्थयोः नैगमादिनयेभ्यः पार्थक्येन निरूपणे अर्पितानर्पितनयावपि तेभ्यः पृथगेव निरूपणीयौ स्याताम्।

उपलक्षणाद् अर्थनय-व्यञ्जननयावपि चतुर्थशाखायां त्रयोदशश्लोकव्याख्यायाम् "एवं सत्तवियप्पो" (स.त.१/४९) इत्यादिरूपेण **सम्मतितर्क**संवादोपदर्शितौ मूलनयविभागे द्रव्यार्थिक-पर्यायार्थिकनयवत् पार्थक्येन

## ❈ દિગંબરમત મુજબ અર્પિત-અનર્પિતવિચાર ❈

(तदुक्तं.) માત્ર શ્વેતાંબરમત મુજબ જ નહિ, પરંતુ દિગંબરમત અનુસાર પણ 'અર્પિતત્વ અને અનર્પિતત્વ જ્ઞેય પદાર્થના ગુણધર્મ છે' - તેવું સિદ્ધ થાય છે. તેથી જ **તત્ત્વાર્થરાજવાર્તિક** ગ્રંથમાં દિગંબર આચાર્ય **અકલંકસ્વામી**એ પણ જણાવેલ છે કે "વસ્તુમાં રહેલા અન્ય ગુણધર્મોની વિવક્ષા દ્વારા જે વસ્તુસ્વરૂપ પ્રાધાન્યને પ્રાપ્ત કરે છે તે અર્પિત કહેવાય છે. કહેવાનો મતલબ એ છે કે વસ્તુ અનેકાંત સ્વરૂપ છે. અનેકધર્માત્મક એવી વસ્તુમાં રહેલા જે કોઈ ગુણધર્મોની વિશેષપ્રકારના પ્રયોજનના લીધે વિવક્ષા કરવામાં આવે ત્યારે તેવી વિવક્ષાથી વસ્તુનું જે સ્વરૂપ મુખ્યતાને ધારણ કરે છે, તે વસ્તુસ્વરૂપ અર્પિત = ઉપનીત કહેવાય છે. તથા તેનાથી વિપરીત એવું જે વસ્તુસ્વરૂપ હોય તે અનર્પિત કહેવાય છે. મતલબ કે વસ્તુમાં અનેક ધર્મો રહેલા હોવા છતાં પણ જે ગુણધર્મને દર્શાવવાનું વક્તાને પ્રયોજન ન હોય તે ગુણધર્મ વસ્તુમાં રહેલો હોવા છતાં પણ વક્તા તેની વિવક્ષા કરતા નથી. તેથી અવિવક્ષિત ધર્માત્મક વસ્તુસ્વરૂપ ગૌણ બની જાય છે. તેથી વસ્તુનું તેવું સ્વરૂપ અનર્પિત કહેવાય છે." **શ્રુતસાગર** નામના દિગંબરાચાર્યએ તત્ત્વાર્થસૂત્રની જે વૃત્તિ બનાવી છે તે **તત્ત્વાર્થશ્રુતસાગરી** વ્યાખ્યા તરીકે પ્રસિદ્ધ છે. તત્ત્વાર્થની **શ્લોકવાર્તિક** વગેરે અન્ય દિગંબર વ્યાખ્યાઓ પણ જાણીતી છે. તેમાં પણ ઉપર મુજબનો જ આશય પ્રગટ કરવામાં આવેલ છે. આ રીતે દિગંબરમત મુજબ પણ અર્પિતત્વ અને અનર્પિતત્વ જ્ઞેય પદાર્થમાં રહે છે - તેમ સિદ્ધ થાય છે. તેથી નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય જુદાં છે - તેવું નિરૂપણ કરવામાં આવે તો નૈગમ આદિ નયો કરતાં અર્પિતનય અને અનર્પિતનય પણ જુદાં જ છે' - તેવું નિરૂપણ કરવું જરૂરી બની જાય છે.

## ❁ ચૌદ નયની આપત્તિ ❁

(उप.) અહીં સ્વતંત્ર મૂળનય તરીકે અર્પિત અને અનર્પિત નયનો ઉલ્લેખ કરવાની જે આપત્તિ આપેલ છે, તે તો ઉપલક્ષણ છે. તેથી નૈગમ આદિ નયો કરતાં ભિન્ન અર્થનય અને વ્યંજનનય (=શબ્દનય) પણ સ્વતંત્રરૂપે મૂળનય તરીકે દર્શાવવા જરૂરી બની જશે. ચોથી શાખાના તેરમા શ્લોકમાં **સંમતિતર્ક**ગ્રંથની 'एवं सत्तवियप्पो' (સં.ત.૧।૪૯) ગાથાના સંવાદ દ્વારા 'સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર નામના ત્રણ અર્થનય તથા શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નામના ત્રણ વ્યંજનનય = શબ્દનય છે' - આ પ્રમાણે જે જણાવેલ છે,

वक्तव्यौ स्याताम्, युक्तेरुभयत्र तुल्यत्वादिति चतुर्दश मूलनयभेदा भवेयुः।

इयांस्त्वत्र विशेषो यदुत **सिद्धसेनदिवाकर**मते सङ्ग्रहादयः त्रयः अर्थनयाः सिद्धान्तमते तु नैगमादयः चत्वारः अर्थनयाः, व्यञ्जननयास्तु शब्दनयाऽपराऽभिधाना उभयमतेऽन्त्याः त्रय एव। प्रकृते "नैगमाद्याः चत्वारोऽपि अर्थनयाः, अर्थमेव प्राधान्येन शब्दोपसर्जनमिच्छन्ति। शब्दाद्यास्तु त्रयः शब्दनयाः शब्दप्राधान्येन अर्थमिच्छन्ति" (सू.कृ.श्रु.स्क.२/अ.७/सू.८१/पृ.४२६) इति **सूत्रकृताङ्गव्याख्यायां श्रीशीलाङ्काचार्य**वचनमनुसन्धेयम्। अयमेवार्थो **विशेषावश्यकभाष्ये**ऽपि [1]"अत्थप्पवरं सद्दोवसज्जणं वत्थु-मुज्जुसुत्तंता। सद्दप्पहाणमत्थोवसज्जणं सेसया बिंति।।" (वि.आ.भा.२२६२) इत्येवमुपदर्शितः। **प्रमाणनय-तत्त्वालोकालङ्कार**कृतः (७/४४-४५), **अर्हद्गीता**कृतः (अ.गी.१०/८), **कार्त्तिकेयानुप्रेक्षावृत्ति**कारस्य चाऽप्यत्रैवमेवाऽभिप्रायः (गा.२७४ वृ.)।

एवमेव शुद्धाऽशुद्धनयौ अपि मूलनयविभागे स्वातन्त्र्येण वक्तव्यौ स्याताम्, शब्दादिनयत्रिके

તેનું અહીં અનુસંધાન કરવું. તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને જો મૂલનયવિભાગમાં સ્વતંત્ર મૂલનય તરીકે **દેવસેન**જી ગણાવે તો અર્થનયને અને વ્યંજનનયને પણ તેણે મૂલનયવિભાગમાં સ્વતંત્ર નયસ્વરૂપે માનવા પડશે. કેમ કે યુક્તિ તો બન્ને પક્ષે સમાન જ છે. તેથી ચૌદ મૂલનયભેદ થશે.

### ❀ અર્થનય તાર્કિકમતે ત્રણ, સિદ્ધાંતમતે ચાર ❀

(**इयां.**) અહીં વિશેષતા એટલી ધ્યાનમાં રાખવી કે સિદ્ધસેનદિવાકરજીના મતે મૂલ નય છ હોવાથી સંગ્રહ વગેરે ત્રણ અર્થનય છે. જ્યારે સિદ્ધાન્તમતે તો નૈગમાદિ ચાર અર્થનય છે. બન્નેના મતે વ્યંજનનય = શબ્દનય તો છેલ્લા ત્રણ જ છે. પ્રસ્તુતમાં **સૂયગડાંગવ્યાખ્યા**માં **શ્રીશીલાંકાચાર્ય**જીની વાતનું અનુસંધાન કરવું જરૂરી છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે "નૈગમ વગેરે ચારેય નયો અર્થનયો છે. કેમ કે તે અર્થને જ મુખ્યરૂપે માને છે. શબ્દને તેઓ ગૌણ બનાવે છે. તથા શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નામના ત્રણ નય શબ્દનય = વ્યંજનનય છે. કારણ કે તે ત્રણેય નયો શબ્દને મુખ્ય બનાવીને ગૌણ ભાવે અર્થને ઈચ્છે છે." **વિશેષાવશ્યકભાષ્ય**માં પણ આ જ અર્થ નીચે મુજબ જણાવેલ છે કે "ઋજુસૂત્ર સુધીના ચાર નયો શબ્દને ગૌણ કરીને, અર્થને મુખ્ય બનાવીને વસ્તુને જણાવે છે. તેથી તે અર્થનય બને છે. બાકીના ત્રણ નયો શબ્દને મુખ્ય કરીને તથા અર્થને ગૌણ કરીને વસ્તુને જણાવે છે." તેથી પાછલા ત્રણ નયો શબ્દનય = વ્યંજનનય બને છે. **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**ના કર્તા શ્વેતાંબરશિરોમણિ **વાદિદેવસૂરિ**જીનો, **અર્હદ્ગીતા**ના કર્તા **મેઘવિજયજી** ઉપાધ્યાયનો અને **કાર્તિકેયાનુપ્રેક્ષાવ્યાખ્યાકાર** દિગંબર **શુભચન્દ્ર**નો પણ પ્રસ્તુતમાં આવો જ અભિપ્રાય છે. આમ નૈગમ આદિ સાત નય + દ્રવ્યાર્થિકનય + પર્યાયાર્થિકનય + દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય + અર્પિત અને અનર્પિત નય + અર્થનય અને વ્યંજનનય - આમ મૂળ નયના કુલ ચૌદ પ્રકારો પ્રાપ્ત થવાની આપત્તિ દેવસેનજીના મતમાં દુર્વાર બનશે.

### ❀ દેવસેનજીને સોળ મૂલનયની આપત્તિ ❀

(**एवमे.**) દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો મૂલનયવિભાગમાં સમાવેશ કરીને નવવિધ નયની પ્રરૂપણા કરવાનો

1. अर्थप्रवरं शब्दोपसर्जनं वस्तु ऋजुसूत्रान्ताः। शब्दप्रधानमर्थोपसर्जनं शेषका ब्रुवते।।

पर्यायार्थिकत्वस्येव शुद्धत्वस्य नैगमादिनयचतुष्के च द्रव्यार्थिकत्वस्येव अशुद्धत्वस्य आगमसम्मतत्वात्, [1]"भावं चिय सद्दनया सेसा इच्छंति सव्वनिक्खेवे" (वि.आ.भा.२८४७) इति **विशेषावश्यकभाष्य**गाथाविवरणे शुद्धत्वात् शब्दादिनयत्रितये भावनिक्षेपग्राहकत्वस्य अशुद्धत्वाच्च नैगमादिचतुष्के सर्वनिक्षेपग्राहकत्वस्य श्री**मलधारिहेमचन्द्रसूरि**भिः दर्शितत्वात्। **बृहत्कल्पभाष्यवृत्तौ** (गा.१५) अपि शब्दादीनां शुद्धनयत्वमुक्तम्।

यद्वा ऋजुसूत्रादिचतुष्के शुद्धत्वं नैगमादित्रिके चाऽशुद्धत्वं ज्ञेयम्, [2]"न क्खरइ अणुवओगे वि..." (वि.आ.भा.४५५) इत्यादि**विशेषावश्यकभाष्य**गाथाया **वृत्तौ** श्री**हेमचन्द्रसूरि**भिः तथैवोक्तत्वात्। ततश्च द्रव्यार्थिक-पर्यायार्थिकाऽर्पिताऽनर्पित-व्यञ्जनार्थ-शुद्धाऽशुद्ध-नैगमादिभेदेन षोडशधा मूलनयविभागः प्रसज्येत, युक्तेः उभयत्र तुल्यत्वात्।

एवं **विशेषावश्यकभाष्योक्ता**नां (गा.६१-७०) नाम-स्थापना-द्रव्य-भावनयानामपि मूलनयविभागे

---

આગ્રહ દેવસેનજી ન છોડે તો દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકની જેમ શુદ્ધ-અશુદ્ધ નયનો પણ મૂળનયના વિભાગમાં સ્વતંત્રનયરૂપે પ્રવેશ તેણે માન્ય કરવો પડશે. કારણ કે શબ્દાદિ ત્રણ નય જેમ પર્યાયાર્થિકનય છે, તેમ શુદ્ધનય તરીકે પણ આગમસંમત છે. તથા નૈગમાદિ ચાર નય જેમ દ્રવ્યાર્થિકનય છે, તેમ અશુદ્ધનય તરીકે પણ આગમસંમત છે. આ બાબત આગમસંમત હોવાનું કારણ એ છે કે [1]"भावं चिय सद्दनया..." ગાથાના વિવરણમાં શ્રી**હેમચન્દ્રસૂરિ**જી જણાવે છે કે 'શબ્દાદિ ત્રણ નય શુદ્ધનય હોવાના લીધે ભાવનિક્ષેપને જ ગ્રહણ કરે છે. તથા નૈગમાદિ ચાર નયો અશુદ્ધ હોવાના લીધે બધા જ નિક્ષેપાઓને ગ્રહણ કરે છે.' આથી સિદ્ધ થાય છે કે પ્રથમ ચાર નયને અશુદ્ધનય પણ કહેવાય તથા છેલ્લા ત્રણ નયને શુદ્ધનય પણ કહેવાય. **બૃહત્કલ્પભાષ્યવૃત્તિ**માં પણ શબ્દાદિ નયોને શુદ્ધ કહેલા છે.

### શુદ્ધ-અશુદ્ધનયની અન્ય વિચારણા

**(यद्वा.)** અથવા અન્ય દૃષ્ટિકોણથી ઋજુસૂત્ર વગેરે પાછલા ચાર નયો શુદ્ધ નય તથા નૈગમાદિ ત્રણ નય અશુદ્ધ જાણવા. કારણ કે શ્રુતજ્ઞાનના ૧૪ ભેદમાંથી 'અક્ષર' નામનો પ્રથમ ભેદ દેખાડવાના અવસરે [2]'न क्खरइ...' (ગા.૪૫૫) ઈત્યાદિ **વિશેષાવશ્યકભાષ્ય**ની ગાથાની વ્યાખ્યામાં **મલધારી** શ્રી**હેમચન્દ્રસૂરિ**જી ઉપર મુજબ નૈગમાદિ ત્રણને અશુદ્ધનય અને પાછલા ચારને શુદ્ધનય તરીકે જણાવે છે. તેથી જો દેવસેનજી નૈગમાદિ સાત નયોમાં અંતર્ભૂત એવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને મૂલનયવિભાગમાં સ્વતન્ત્રપણે જણાવે તો દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય, અર્પિતનય, અનર્પિતનય અર્થનય, વ્યંજનનય, શુદ્ધનય, અશુદ્ધનયનો પણ ત્યાં નિર્દેશ કરવો જરૂરી બની જશે. કેમ કે યુક્તિ તો બન્ને પક્ષે સમાન જ છે. તથા તેવું કરવામાં તો મૂલનય નવના બદલે ૧૬ બની જવાની આપત્તિ દેવસેનને આવશે.

### ૨૦ મૂળનય થવાની આપત્તિ

**(एवं.)** એ જ રીતે **વિશેષાવશ્યકભાષ્ય**માં બતાવેલ નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય અને ભાવનય- આ અન્ય ચાર નયોનો પણ દ્રવ્યાર્થિકાદિની જેમ મૂળનયવિભાગમાં સમાવેશ કરવો જરૂરી બની જશે.

---

1. भावं चैव शब्दनयाः, शेषा इच्छन्ति सर्वनिक्षेपान्। 2. न क्षरति अनुपयोगेऽपि...।

स्वातन्त्र्येण प्रवेशाद् विंशतिर्मूलनयभेदाः प्रसज्येरन्, द्रव्यार्थिकस्येव नाम-स्थापना-द्रव्यनयानां नैगमादौ पर्यायार्थिकस्येव च भावनयस्य ऋजुसूत्रादौ प्रवेशात्।

एवञ्चाऽतीतभावप्रज्ञापक-प्रत्युत्पन्नभावप्रज्ञापकादिभेदाद् अनेकधा मूलनयभेदाः प्रसज्येरन्, तेषामपि मूलनयविभागे नानाऽभिप्रायेण प्रवेशोपलब्धेः। तदुक्तम् **आवश्यकनिर्युक्तिचूर्णौ श्रीजिनदासगणि**महत्तरेण [1]"दो मूलनया – दव्वट्ठिओ य पज्जवट्ठिओ य। एक्केको सयविहो। एवं दो णयसया। अहवा दो नया वावहारिओ णेच्छतितो य। तो उदाहरणं – वावहारियणयस्स 'कालतो भमरो', णेच्छतियणयस्स 'पंचवन्नो जाव अट्ठफासो'। अहवा दो मूलणया – अप्पियववहारितो य अणप्पियववहारितो य, उदाहरणं जीवो नारकत्त्वेनाऽर्पितः जीवत्वेनानर्प्पितः, एवं तिर्यग्मनुष्यदेवत्त्वेनापि भाव्यम्। अहवा दो नया तीयभावपन्नवतो य पडुप्पन्नभावपन्नवतो य" (आ.नि.गा.७५९ चू.) इति।

કેમ કે દ્રવ્યાર્થિકનયની જેમ નામનય-સ્થાપનાનય-દ્રવ્યનયનો નૈગમાદિનયોમાં સમાવેશ થાય છે તથા પર્યાયાર્થિકનયની જેમ ભાવનયનો ઋજુસૂત્રાદિ નયોમાં સમાવેશ થાય છે. તેથી જો મૂલનયવિભાગમાં દ્રવ્યાર્થિકાદિ નયનો ઉલ્લેખ કરવામાં આવે તો નામાદિ નયોનો પણ તેમાં નિર્દેશ કરવો દેવસેન માટે જરૂરી બની જશે. કેમ કે યુક્તિ તો ઉભયત્ર સમાન જ છે. તથા તેવું કરવામાં આવે તો ૯, ૧૨, ૧૪ કે ૧૬ નહિ પણ ૨૦ મૂળનયોને માનવાની આપત્તિ દેવસેન માટે દુર્વાર બનશે.

### ❀ ૨૩ મૂળનયની આપત્તિ ❀

(**एवञ्चा.**) એ જ રીતે ભૂતકાલીન ભાવનો પ્રરૂપક નય, વર્તમાનકાલીન ભાવનો પ્રજ્ઞાપક નય વગેરેનો પણ મૂળનયવિભાગમાં પ્રવેશ માન્ય કરવાથી મૂલનયના અનેક (= ૨૦ થી પણ વધુ) ભેદ થવાની આપત્તિ આવશે. કારણ કે અતીતભાવપ્રજ્ઞાપક વગેરે નયોનો પણ મૂલનયવિભાગમાં અલગ-અલગ અભિપ્રાયથી શાસ્ત્રકારોએ સમાવેશ કરેલો હોય તેવું ગ્રંથોમાં જોવા પણ મળે છે. શ્રી**જિનદાસગણિમહત્તરે આવશ્યકનિર્યુક્તિચૂર્ણિ**માં જણાવેલ છે કે "બે મૂલનય છે. (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક. એક -એકના સો ભેદ છે. આ રીતે કુલ ૨૦૦ નય થાય. અથવા બે મૂલનય છે. (૧) વ્યાવહારિક અને (૨) નૈશ્ચયિક. તેમાં 'ભમરો કાળો છે' - આમ બોલવું તે વ્યાવહારિકનયનું ઉદાહરણ છે. તથા નૈશ્ચયિકનયના મતે 'ભમરો પાંચવર્ણવાળો યાવત્ આઠ સ્પર્શવાળો છે' - આ ઉદાહરણ છે.(આ જ શાખાના ૨૩ મા શ્લોકમાં આ વાત જણાવવામાં આવશે.) અથવા બે મૂલ નય છે. (૧) અર્પિત વ્યાવહારિકનય અને (૨) અનર્પિત વ્યાવહારિકનય. દા.ત. જીવને ઉદ્દેશીને 'આ નારકી છે' - એમ કહેવામાં આવે તે વાક્યમાં જીવ નારકી તરીકે અર્પિત કહેવાય તથા જીવ તરીકે અનર્પિત કહેવાય. આ જ રીતે તિર્યંચ, મનુષ્ય, દેવ તરીકે પણ જીવમાં અર્પિતપણું વિચારવું. આ રીતે અર્પિત-અનર્પિત વ્યવહારનય સમજવા. અથવા નયના બે પ્રકાર છે - (૧) અતીતભાવ પ્રજ્ઞાપક તથા (૨) વર્તમાનભાવ પ્રજ્ઞાપક."

1. द्वौ मूलनयौ – द्रव्यास्तिकश्च पर्यवास्तिकश्च। एकैकः शतविधः। एवं द्वे नयशते। अथवा द्वौ नयौ व्यावहारिकः नैश्चयिकश्च। तत्र उदाहरणम् – व्यावहारिकनयस्य 'कालकः भ्रमरः', नैश्चयिकनयस्य 'पञ्चवर्णः यावद् अष्टस्पर्शः'। अथवा द्वौ मूलनयौ - अर्पितव्यावहारिकश्च अनर्पितव्यावहारिकश्च। उदाहरणं जीवः नारकत्वेन अर्पितः, जीवत्वेन अनर्पितः। एवं तिर्यग्मनुष्यदेवत्वेनाऽपि भाव्यम्। अथवा द्वौ नयौ – अतीतभावप्रज्ञापकश्च प्रत्युत्पन्नभावप्रज्ञापकश्च।

[1]"मंगलपयत्थजाणयदेहो..." (वि.आ.भा.४४) इत्यादि**विशेषावश्यकभाष्यगाथावृत्तौ श्रीहेमचन्द्रसूरि**भिः अतीतकालनय-भाविकालनयौ अपि दर्शितौ। ततश्च त्रयोविंशतिभेदा मूलनयविभागे देवसेनस्य समापद्येरन्।

सूक्ष्मदृष्ट्या तु **प्रवचनसारवृत्ति**परिशिष्टोक्तरीत्या (प्र.सा.वृ.प.पृ.४९३) अस्तित्वनय-नास्तित्वनयाऽवक्तव्यत्वनय-विकल्पनयाऽविकल्पनय-सामान्यनय-विशेषनय-नित्यनयाऽनित्यनय-सर्वगतनयाऽसर्वगतनय-शून्यनयाऽशून्यनय-द्वैतनयाऽद्वैतनय-नियतिनयाऽनियतिनय-स्वभावनयाऽस्वभावनय-कालनयाऽकाल-नयादिपरामर्शे अपरिमितमूलनयापत्तिः देवसेनस्य अप्रत्याख्येया, अस्तित्व-नास्तित्वादिनयानामपि तुल्य-

## ❀ અતીતાદિનય અવશ્ય સ્વીકાર્ય ❀

("मंग.) વળી, **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં દ્રવ્યમંગલના જ્ઞશરીર અને ભવ્યશરીર - એમ બે ભેદનું નિરૂપણ કરતાં મલધારી શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ અતીતકાલનય અને અનાગતકાળનય પણ જણાવેલા છે. તેથી મૂળનયના વિભાગમાં ત્રણ કાળની અપેક્ષાએ નવા ત્રણ નયોનો પણ સમાવેશ દેવસેનજીએ કરવો પડશે. આ રીતે વિચારીએ તો મૂળનય વિભાગમાં કુલ ૨૩ ભેદો દેવસેનજીએ માન્ય કરવા પડશે.

**સ્પષ્ટતા** :- વાચકવર્ગને સરળતાથી બોધ થાય તે માટે દેવસેનજીને કયા ૨૩ નયોને મૂળનયવિભાગમાં અવશ્ય રાખવા પડશે ? તેનો નામનિર્દેશ અહીં કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) દ્રવ્યાર્થિકનય | (૨) પર્યાયાર્થિકનય | (૩) દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય |
| (૪) નૈગમનય | (૫) સંગ્રહનય | (૬) વ્યવહારનય |
| (૭) ઋજુસૂત્રનય | (૮) શબ્દનય | (૯) સમભિરૂઢનય |
| (૧૦) એવંભૂતનય | (૧૧) અર્પિતનય | (૧૨) અનર્પિતનય |
| (૧૩) અર્થનય | (૧૪) વ્યંજનનય | (૧૫) શુદ્ધનય |
| (૧૬) અશુદ્ધનય | (૧૭) નામનય | (૧૮) સ્થાપનાનય |
| (૧૯) દ્રવ્યનય | (૨૦) ભાવનય | (૨૧) અતીતભાવપ્રજ્ઞાપકનય |
| (૨૨) વર્ત્તમાનભાવપ્રજ્ઞાપકનય | (૨૩) અનાગતભાવપ્રજ્ઞાપકનય | |

## ❀ ઢગલાબંધ મૂળનયોની આપત્તિ ❀

(सू.) **કુંદકુંદસ્વામી**એ રચેલ **પ્રવચનસાર** ગ્રંથ ઉપર દિગંબરાચાર્ય **અમૃતચંદ્ર**જીએ **તત્ત્વપ્રદીપિકા** નામની વ્યાખ્યા રચેલી છે. તેના છેડે પરિશિષ્ટમાં બતાવેલ રીત મુજબ સૂક્ષ્મદષ્ટિથી વિચારવામાં આવે તો ઉપર જણાવેલ ૨૩ નયો ઉપરાંત ઢગલાબંધ મૂળનયોને માનવાની આપત્તિ દિગંબર દેવસેન માટે દુર્વાર બનશે. તે આ મુજબ- ઉપર જણાવેલ ત્રેવીસ મૂળનય ઉપરાંત (૨૪) અસ્તિત્વનય, (૨૫) નાસ્તિત્વનય, (૨૬) અવક્તવ્યત્વનય, (૨૭) વિકલ્પનય, (૨૮) અવિકલ્પનય, (૨૯) સામાન્યનય, (૩૦) વિશેષનય, (૩૧) નિત્યનય, (૩૨) અનિત્યનય, (૩૩) સર્વગતનય, (૩૪) અસર્વગતનય, (૩૫) શૂન્યનય, (૩૬) અશૂન્યનય, (૩૭) દ્વૈતનય, (૩૮) અદ્વૈતનય, (૩૯) નિયતિનય, (૪૦) અનિયતિનય,

1. मङ्गलपदार्थज्ञायकदेहः....।

युक्त्या स्वातन्त्र्येण मूलनयविभागे प्रवेशसम्भवात्।

एवमेव सूक्ष्मेक्षिकया ज्ञाननय-क्रियानयौ, उत्सर्गनयाऽपवादनयौ, दैवनय-पुरुषकारनयौ, गुणिनयाऽगुणिनयौ, कर्तृनयाऽकर्तृनयौ, भोक्तृनयाऽभोक्तृनयौ चाऽऽध्यात्मिकमूलनयविभागे व्यवहार-निश्चयनयौ इव **प्रवचनसारवृत्ति**परिशिष्टानुसारेण पार्थक्येन वाच्यौ स्यातामिति चतुर्दश आध्यात्मिक-मूलनयाः स्युरिति तत्रापि विभागन्यूनतादोष इति यावत् तात्पर्यमवसीयते।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – प्रमाणदृष्टानन्तधर्मात्मकवस्तुगतविभिन्नगुणनिर्णयो नयैः भवतीति कृत्वा नयोपयोगः प्रमाणसामीप्याऽऽभिमुख्योपलब्धये सम्मतः। अतो नयविभागः तथा न कार्यः येन पदार्थस्वरूपपरिच्छेदपथपरिप्रश्नः प्रादुर्भवेदिति ग्रन्थकृतः तात्पर्यम्। अनेनेदमत्रोपदिष्टं यद् अखिलाऽऽचार-विचारोच्चारप्रारम्भपूर्वम् इदं विशदतया बोद्धव्यं यदुत 'अनेन आचारादिना अस्माकं

---

(૪૧) સ્વભાવનય, (૪૨) અસ્વભાવનય, (૪૩) કાલનય, (૪૪) અકાલનય - વગેરે નયોની વિચારણા કરવામાં આવે તો આ પ્રમાણે ઢગલાબંધ મૂળનયની આપત્તિનું નિવારણ દેવસેન કરી શકે તેમ નથી. કારણ કે અસ્તિત્વ-નાસ્તિત્વાદિ નયોનો નિર્દેશ દિગંબર **દેવસેન**ના પૂર્વજ દિગંબર **અમૃતચંદ્રાચાર્ય**જીએ જ કરેલ છે તથા મૂળનયના વિભાગમાં અસ્તિત્વ-નાસ્તિત્વાદિ નયોનો પણ સ્વતંત્રરૂપે પ્રવેશ સંભવી શકે છે. કારણ કે યુક્તિ તો બન્ને પક્ષે સમાન જ છે.

### ❀ આધ્યાત્મિકનયવિભાગમાં પણ ન્યૂનતા દોષ ❀

(एव.) તે જ રીતે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો આધ્યાત્મિક મૂલનયના વિભાગમાં (૧) વ્યવહારનય અને (૨) નિશ્ચયનયની જેમ (૩) જ્ઞાનનય અને (૪) ક્રિયાનય, (૫) ઉત્સર્ગનય અને (૬) અપવાદનય, (૭) ભાગ્યનય અને (૮) પુરુષકારનય (ઉદ્યમનય), (૯) ગુણિનય અને (૧૦) અગુણિનય, (૧૧) કર્તૃનય અને (૧૨) અકર્તૃનય તેમજ (૧૩) ભોક્તૃનય અને (૧૪) અભોક્તૃનય પણ **પ્રવચનસારવૃત્તિ**ના પરિશિષ્ટ મુજબ સ્વતંત્ર રીતે **દેવસેન**જીએ બતાવવા જોઈએ. કેમ કે આધ્યાત્મિક નયવિભાગમાં તેઓનો સમાવેશ કરવા યોગ્ય છે. આમ બેના બદલે ચૌદ આધ્યાત્મિક મૂલનયને માનવાની દિગંબરમતમાં આપત્તિ આવશે. તેથી પ્રમેયલક્ષી મૂલનયવિભાગની જેમ આધ્યાત્મિક મૂલનયવિભાગમાં પણ દેવસેનજીને ન્યૂનતાદોષ દુર્વાર બનશે. ત્યાં સુધીનું ગ્રંથકારશ્રીનું તાત્પર્ય અમને જણાય છે.

### ✻ પ્રમાણથી દૂર ન જઈએ ✻

**આધ્યાત્મિક ઉપનય** :- પ્રમાણદૃષ્ટ અનન્તધર્માત્મક વસ્તુમાં અલગ અલગ ગુણધર્મોનો નિર્ણય નયના માધ્યમથી થાય છે. મતલબ કે નયનો ઉપયોગ પ્રમાણની નજીક જવા માટે, અભિમુખ થવા માટે છે. તેથી નયોનો વિભાગ એવો ન હોવો જોઈએ કે જેના લીધે પ્રમાણની નજીક જવાના બદલે વસ્તુસ્વરૂપના નિર્ણયના માર્ગમાં ગૂંચવણ ઉભી થાય. આ પ્રમાણે અહીં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય છે. તેનાથી આધ્યાત્મિક બોધપાઠ એટલો લેવા જેવો છે કે કોઈ પણ આચાર-વિચાર કે ઉચ્ચારના પ્રારંભપૂર્વે આપણને એટલું તો સ્પષ્ટ ખ્યાલમાં હોવું જ જોઈએ કે આના દ્વારા આપણે શું કરવા માંગીએ છીએ ? આનું પરિણામ

किम् अभिप्रेतम् ? वयं किं कर्तुं सन्नद्धाः स्मः ? एतत्फलं किमागमिष्यति ? अल्पाऽऽयकृते बहुव्ययः अनेन स्याद् न वा ? यदस्मल्लिप्सितं तदुपायः अयमेव यदुत अन्यः कश्चित् ? अतोऽपि प्रशस्ततर उपायः शक्यो न वा ? प्रशस्ततरोपायप्रयोगे वर्तमानः संयोगः साधको बाधको वा ?' इत्यादिकं विमृश्यैव किमपि अनुष्ठानम् आरब्धव्यम्, येनोत्तरकालं चित्तं सन्तापाऽऽविष्टं न स्यात्। एतादृशबोधबलेन **तत्त्वार्थसूत्रहारिभद्रीवृत्तौ** दर्शितं "अव्याबाधसुखलक्षणम्, अनन्तम्, अनुपमम्, परमार्थं मोक्षम्" (त.सू.१०/उपसंहार हा.वृ.पृ.५३६) अचिरेण लभते महामुनिः॥८/१०॥

---

શું આવવાનું છે ? થોડોક લાભ મેળવવા જતાં વધુ નુકસાન તો નથી થવાનું ને ? આપણે જે મેળવવા માંગીએ છીએ તેનો આ યોગ્ય ઉપાય છે કે કેમ ? આનાથી વધુ સારો ઉપાય શું શક્ય છે ખરો ? વધુ સારા ઉપાયને અજમાવવામાં વર્તમાનના સંયોગો સાધક છે કે બાધક છે ?... ઈત્યાદિ બાબતોનો વિચાર કરીને જ કોઈ પણ કાર્ય શરૂ કરવું જોઈએ, જેથી પાછળથી પસ્તાવાનો વારો ન આવે. તેવા પ્રકારની સમજણના સામર્થ્યથી મહામુનિ **તત્ત્વાર્થસૂત્રહારિભદ્રીવૃત્તિ**માં વર્ણવેલ (૧) અવ્યાબાધસુખ સ્વરૂપ, (૨) અનંત, (૩) અનુપમ, (૪) પરમાર્થ સ્વરૂપ મોક્ષને ઝડપથી મેળવે છે. (૮/૧૦)

**લખી રાખો ડાયરીમાં.....**

- **વાસના આત્માના સશરીરી સ્વરૂપમાં જ અટવાય છે. ઉપાસના આત્માના/પરમાત્માના અશરીરી સ્વરૂપમાં ભળવા ઝંખે છે.**

- **સાધનામાં સંયોગાનુસાર ભરતી-ઓટ આવે.**
  **દા.ત. આર્દ્રકુમાર.**
  **ઉપાસના સદા પૂરબહારમાં ખીલવા સર્જાયેલ છે.**
  **દા.ત. કુમારપાળપુત્ર નૃપસિંહ.**

- **ગાઢ બેહોશીની ક્ષણ એ વાસના.**
  **પરિપૂર્ણ જાગૃતિની ક્ષણ એ ઉપાસના.**

- **બુદ્ધિ વિના સાધનામાં આગળ વધી શકાય નહિ. શ્રદ્ધા વિના ઉપાસનાનું ઉડ્ડયન અશક્ય છે.**

- **બુદ્ધિ બીજાના દોષની ગટરના ઢાંકણા ખોલે છે. શ્રદ્ધા બીજાના દોષની ગટરના ઢાંકણા બંધ કરે છે.**

**સંગ્રહ-વ્યવહારાદિકઈં રે, જો તુમ્હે ભેલો તેહ;**
**આદિ અંત નયથોકમાં જી, કિમ નવિ ભેલો એહ રે ॥૮/૧૧॥ (૧૧૯) પ્રાણી.**

હિવઈં, (**જો તુમ્હે**) ઈમ કહસ્યો જે "**अर्पितानर्पितसिद्धेः (त.सू.५/१३)**" ઈત્યાદિક ***તત્ત્વાર્થસૂત્રા***દિકમાંહિ, જે અર્પિત-અનર્પિતનય કહિયા છઈ; તે અર્પિત કહતાં વિશેષ કહિયઇં, અનર્પિત કહતાં સામાન્ય કહિઈં.

---

दिगम्बराशयमाशङ्क्य निराकुरुते – '**सङ्ग्रहे**' इति ।

**सङ्ग्रहे व्यवहारे चैतावन्तर्भावितौ यदि।**
**आद्यन्तनयवृन्दे न, तावन्तर्भावितौ कुतः?।।८/११।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यदि सङ्ग्रहे व्यवहारे च एतौ (अर्पिताऽनर्पितौ नयौ) अन्तर्भावितौ (तर्हि त्वया) तौ कुतः आद्यन्तनयवृन्दे नाऽन्तर्भावितौ ?।।८/११।।

**यदि** अर्प्यते विशिष्यते इति अर्पितः = विशेषः, अनर्पितम् = अविशेषितं = सामान्यमित्याशयेन "अर्पितानर्पितसिद्धेः" (त.सू.५/३१) इति **तत्त्वार्थसूत्रोक्तौ एतौ** = अर्पितानर्पितनयौ विशेष-सामान्यगोचरौ इति कृत्वा यथाक्रमं **व्यवहारे** = व्यवहारादिके विशेषग्राहकनये **सङ्ग्रहे च** सामान्यग्राहकनये त्वया देवसेनेन **अन्तर्भावितौ चेत्** ? ***तर्हि*** त्वया **तौ** = द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ **कुतः आद्यन्तनयवृन्दे** = यथाक्रमं नैगमादिनयवृन्दे एवम्भूतादिपाश्चात्यनयसमूहे च **नान्तर्भावितौ**, येन 'सप्तैव मूलनया' इति जिनागमशैली सुस्थिता भवेत् ?

---

**અવતરણિકા** :- દિગંબરના અભિપ્રાયની આશંકા કરીને ગ્રંથકારશ્રી તેનું નિવારણ કરે છે :-

**શ્લોકાર્થ** :- જો સંગ્રહ અને વ્યવહાર નયમાં અર્પિત અને અનર્પિત નયનો અંતર્ભાવ કરતા હો તો પ્રાથમિક નયસમૂહમાં દ્રવ્યાર્થિકનો અને પાછલા નયસમૂહમાં પર્યાયાર્થિકનો અંતર્ભાવ કેમ નથી કરતા ?(૮/૧૧)

### ❋ અર્પિત-અનર્પિતનયના અંતર્ભાવની વિચારણા ❋

**વ્યાખ્યાર્થ** :- જેની અર્પણા થાય તે અર્પિત કહેવાય. અર્પણા થવી એટલે વિશેષતા થવી, મુખ્યતા થવી. તેથી અર્પિત એટલે વિશેષ નામનો ગુણધર્મ. તથા જેની અર્પણા ન થાય, જેની મુખ્યતા ન થાય તે અવિશેષિત = સામાન્ય = અનર્પિત ગુણધર્મ કહેવાય. અર્પિતને = વિશેષને દર્શાવનાર નય 'અર્પિત નય' કહેવાય. તથા અનર્પિતને = સામાન્યને દર્શાવનાર નય 'અનર્પિતનય' કહેવાય. આવા આશયથી 'अर्पितानर्पितसिद्धेः' - આ પ્રમાણે **तत्त्वार्थसूत्र**માં જણાવેલ છે. તેથી વિશેષવિષયક અર્પિતનય છે. તથા સામાન્યવિષયક અનર્પિતનય છે. તેથી હે દેવસેનજી ! જો તમે વિશેષગ્રાહક વ્યવહાર વગેરે નયમાં અર્પિતનયનો અંતર્ભાવ તથા સામાન્યગ્રાહક સંગ્રહનયમાં અનર્પિતનયનો અંતર્ભાવ કરતા હો, તો તમે પ્રાથમિક નૈગમ આદિ નયોના સમૂહમાં દ્રવ્યાર્થિકનયનો તથા એવંભૂત વગેરે પાછલા નયોના સમૂહમાં પર્યાયાર્થિકનયનો અંતર્ભાવ શા માટે નથી કરતા ? કે જેના લીધે 'મૂળ નયો સાત જ છે' - આવો સિદ્ધાંત = આગમિક શૈલી અત્યંત સ્થિર રહે.

અનર્પિત **સંગ્રહમાંહિ** ♦ભિલઇ, અર્પિત **વ્યવહારાદિક** વિશેષનયમાંહિ **ભિલઇ**, તો **આદિ અંત** કહેતાં ✡પહિલા પાછિલા □**નયથોકમાંઝી** = નયના થોકડાંમાંહિ **એહ** બે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નય **કિમ નથી ભેલતાં** ? જિમ ⧗સાત જ મૂલનય કહવાઇ છઇ, તે ✝શૈલી સુબદ્ધ● રહઈ. ॥૮/૧૧॥

***यदि*** अर्पितनयः विशेषग्राहकत्वेन व्यवहारादिनये विशेषगोचरेऽन्तर्भावितः अनर्पितनयश्च सामान्यग्राहकत्वेन सङ्ग्रहनये सामान्यगोचरेऽन्तर्भावितः इति अर्पितानर्पितनयौ नैगमादिभ्यो न पृथगुक्तौ देवसेनेन ***तर्हि*** द्रव्यार्थिकनयः नैगमादिनयेषु पर्यायार्थिकश्च एवम्भूतादिपाश्चात्यनयेषु तुल्यतया अन्तर्भवत इति द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ नैगमादिभ्यो न भिद्येते इति सप्तैव मूलनयाः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अस्माभिः कस्मिंश्चित् पदार्थे प्रतिपादिते सति तत्समर्थनाय तादृशी युक्तिः न प्रयोक्तव्या, येन प्रसिद्धागमपरम्पराविलोपः प्रसज्येत। केवलं कदाग्रहग्रस्तान्तः-करणतया आगमनिरपेक्षकथनसमर्थने आभिनिवेशिकमिथ्यात्वग्रहतः अतिदीर्घकालं यावद् दारुण-भवाटवीभ्रमणं स्यात्। तत्परिहारे [1]"मोक्खं तु परमसोक्खं" (बृ.न.च.४०५) इति **बृहन्नयचक्रे माइल्लधवलेन** दर्शितं मोक्षं लभते महामुनिः।।८/११।।

**❯ દિગંબરમત પ્રતિબંદિગ્રસ્ત ❯**

(**यदि.**) પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીનો અભિપ્રાય એવો છે કે અર્પિતનય વિશેષગ્રાહક હોવાથી તેનો અંતર્ભાવ વિશેષવિષયક વ્યવહાર વગેરે નયમાં થઈ જતો હોવાથી તથા અનર્પિતનય સામાન્યગ્રાહક હોવાથી તેનો અંતર્ભાવ સામાન્યવિષયક સંગ્રહનયમાં થઈ જતો હોવાથી નૈગમ આદિ નયો કરતાં અર્પિતનયને અને અનર્પિતનયને જો દેવસેનજીએ અલગ દર્શાવ્યા ન હોય તો પ્રતિબંદિથી = તુલ્ય યુક્તિથી નૈગમ આદિ નયોમાં દ્રવ્યાર્થિકનયનો અંતર્ભાવ થતો હોવાથી તથા એવંભૂત વગેરે પાછલા નયોમાં પર્યાયાર્થિકનયનો અંતર્ભાવ થતો હોવાથી નૈગમ આદિ નયો કરતાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય અલગ નહિ થાય. તેથી મૂળ નયો નૈગમ વગેરે સાત જ બનશે.

**❋ આગમિક પરંપરાનો લોપ ન કરીએ ❋**

**આધ્યાત્મિક ઉપનય** :- એક વાર આપણા દ્વારા અમુક બાબતનું પ્રતિપાદન થઈ જાય ત્યારે તેના સમર્થન માટે આપણે તેવી યુક્તિ કે દલીલ દર્શાવવી ન જોઈએ કે જેથી પ્રસિદ્ધ આગમપરંપરાનો લોપ થઈ જાય. આપણા પક્ષે થયેલી ભૂલને સમજીને સુધારી લેવી જોઈએ. માત્ર કદાગ્રહથી પ્રેરિત થઈને આપણા આગમનિરપેક્ષ કથનનું સમર્થન કરવા જતાં આભિનિવેશિક મિથ્યાત્વનો વળગાડ થવાથી અત્યંત દીર્ઘ કાળ સુધી દારુણ ભવાટવીભ્રમણ કરવાનું દુર્ભાગ્ય ઊભું થઈ જતાં વાર લાગતી નથી. કદાગ્રહ-કુતર્કાદિને છોડવાથી **બૃહદ્નયચક્ર**માં **માઈલ્લધવલજી**એ દેખાડેલ પરમસુખમય મોક્ષને મહામુનિ મેળવે છે. (૮/૧૧)

♦ સિ.+કો.(૯)માં 'ભલે' પાઠ. ✡ પુસ્તકોમાં 'પાહિલા' પાઠ. આ.(૧)+સિ.+કો.(૯)નો પાઠ લીધો છે. □ પુસ્તકોમાં 'નયથોકમાંઝી' પદ નથી. ફક્ત કો.(૧૩)માં છે. ⧗ લી.(૩) + P(૨)માં 'ચાર' પાઠ. ✝ પુસ્તકોમાં 'વચન' પાઠ. લી.(૪) + આ.(૧) + કો.(૯) + સિ. + પા૦ હસ્તપ્રતમાં 'શૈલી' શબ્દ છે. મુદ્રિત પુસ્તકાદિમાં નથી. ● કો.(૧૩) + આ.(૧)માં 'સુવિધ' પાઠ. 1. मोक्षः तु परमसौख्यम्।

૭ નય મધ્યે દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિક❖નય ✻ભલ્યાની આચાર્યમતઈ પ્રક્રિયા દેખાડઈ છઈ

**"પજ્જવનય ★તિય અંતિમા રે, પ્રથમ દ્રવ્યનય ચ્યાર;"**

**જિનભદ્રાદિક ભાખિઆ રે, મહાભાષ્ય સુવિચાર રે ॥૮/૧૨॥ (૧૨૦) પ્રાણી.**

**અંતિમા** કહતાં છેહલા, જે ૩ ભેદ□ શબ્દ, સમભિરૂઢ, એવંભૂતનય રૂપ, તે **પર્યાયનય** કહિઇં. **પ્રથમ** (**ચ્યાર**=) ૪ નય નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ૠજુસૂત્રલક્ષણ, તે **દ્રવ્યાર્થિકનય** કહિઇં. ઈમ **જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણ** પ્રમુખ સિદ્ધાંતવાદી આચાર્ય (**ભાખિઆ**=) કહઇ છઈ. **મહાભાષ્ય** કહતાં ***વિશેષાવશ્યક***, તેહ મધ્યે ▸***જિનભદ્રગણિક્ષમાશ્રમણ***◂ (**સુવિચાર**) નિર્ધારઇં. ॥૮/૧૨॥

---

नैगमादिषु सप्तसु नयेषु द्रव्यार्थिक-पर्यायार्थिकनयान्तर्भावसम्बन्धिनीं श्वेताम्बरजैनाचार्यप्रक्रियां प्रदर्शयति – '**पर्याये**'ति।

**पर्यायार्थनया अन्त्यास्त्रयो द्रव्यनयाः खलु।**
**चत्वार आदिमा उक्ता विशेषावश्यके स्फुटम्।।८/१२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अन्त्यास्त्रयः पर्यायार्थनयाः। आदिमाश्चत्वारः खलु द्रव्यनयाः विशेषावश्यके स्फुटम् उक्ताः।।८/१२।।

**अन्त्याः त्रयः** शब्द-समभिरूढैवम्भूतलक्षणाः **पर्यायार्थनयाः** = पर्यायार्थिकनयाः। **द्रव्यनयाः** = द्रव्यार्थिकनयाः **आदिमाः चत्वारः खलु** निश्चितम्, "निश्चिते सान्त्वने मौने जिज्ञासादौ खलु स्मृतम्" (वि.लो.अव्यय-६९) इति **विश्वलोचनकोश**वचनात्, नैगम-सङ्ग्रह-व्यवहार-र्जुसूत्रलक्षणा **विशेषावश्यके** = **विशेषावश्यकमहाभाष्ये स्फुटं** = स्पष्टं सिद्धान्तवादिना श्री**जिनभद्रगणिक्षमाश्रमणेन उक्ताः** = निर्धारिताः।

---

**અવતરણિકા** :- નૈગમ આદિ સાત નયોમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો અંતર્ભાવ કઈ રીતે થાય છે ? તે બાબતમાં શ્વેતાંબર જૈનાચાર્યોની પ્રક્રિયાને ગ્રંથકારશ્રી જણાવે છે :-

### ❊ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો સાત નયમાં અંતર્ભાવ ❊

**શ્લોકાર્થ** :- પાછલા ત્રણ નયો પર્યાયાર્થિકનય છે. તથા પ્રાથમિક ચાર નયો ચોક્કસ દ્રવ્યાર્થિક છે. આ પ્રમાણે **વિશેષાવશ્યકભાષ્ય**માં સ્પષ્ટપણે જણાવેલ છે. (૮/૧૨)

**વ્યાખ્યાર્થ** :- શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય - આ છેલ્લા ત્રણ નયો પર્યાયાર્થિક જાણવા. નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ૠજુસૂત્ર સ્વરૂપ પ્રાથમિક ચાર નયો ચોક્કસ દ્રવ્યાર્થિક જાણવા. આ પ્રમાણે **વિશેષાવશ્યકમહાભાષ્ય**માં શ્રી**જિનભદ્રગણી ક્ષમાશ્રમણે** સ્પષ્ટ રીતે નિર્ધારિત છે. નિશ્ચિત બાબત, સાંત્વન, મૌન, જિજ્ઞાસા વગેરે અર્થમાં 'खलु' શબ્દ **વિશ્વલોચનકોશ**માં બતાવેલ છે. તે મુજબ અહીં 'खलु' નિશ્ચિત = ચોક્કસ અર્થમાં જણાવેલ છે.

---

❖ પુસ્તકોમાં 'નય' પદ નથી. સિ.+આ.(૧)+કો.(૭+૯+૧૩)માં છે. ✻ કો.(૯)માં 'ભેલ્યાથી' પાઠ. ★ પુસ્તકોમાં 'તિઅ' પાઠ. અહીં કો.(૯)+સિ.નો પાઠ લીધો છે. □ આ.(૧)માં 'ભેદ'ના બદલે 'નય' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૨)માં છે.

**अनुयोगद्वारसूत्रे** ऋजुसूत्रनयमते द्रव्यावश्यकं दर्शितम्। ततश्च तन्मते द्रव्यग्राहकत्वाद् ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वं स्पष्टम्। एवं **विनयविजयवाचकेन नयकर्णिकायां** "द्रव्यास्तिक-पर्यायास्तिकयोरन्तर्भवन्त्यमी आदावादिचतुष्टयमन्त्ये चान्त्यास्त्रयस्ततः"।। (न.क.२१) इत्युक्त्या ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वं दर्शितम्।

एवं **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** "नैगमादयः चत्वारोऽपि एको द्रव्यास्तिकः, शब्दनयास्तु त्रयोऽप्येक एव पर्यायास्तिक" (वि.आ.भा.२२६४ वृ.) इत्युक्त्या ऋजुसूत्रस्य द्रव्यार्थिकनयत्वमावेदितम्। **श्रीहरिभद्रसूरिभिः** श्री**मलयगिरिसूरि**भिश्च **आवश्यकनिर्युक्तिवृत्तौ** "नैगमादीनामृजुसूत्रपर्यन्तानां द्रव्यास्तिकत्वात् शब्दादीनाञ्च पर्यायास्तिकत्वाद्" (आ.नि.७५९) इत्युक्त्या ऋजुसूत्रस्य द्रव्यास्तिकत्वं दर्शितम्। **कोट्याचार्यै**रपि **विशेषावश्यकभाष्यवृत्तौ** "नैगमादि-ऋजुसूत्रान्तानां द्रव्यास्तिकत्वाद् इतरेषां पर्यायास्तिकत्वाद्" (वि.आ.भा. २७५५ को.वृ.) इत्युक्तम्।

**विशेषावश्यकभाष्ये** च [1]"णामाइतियं दव्वट्ठियस्स भावो अ पज्जवणयस्स" (वि.आ.भा.७५) इत्येवमुक्त्या पर्यायार्थिकनयस्य द्रव्यनिक्षेपानभ्युपगमो दर्शितः। ततश्च **श्रीजिनभद्रगणिक्षमाश्रमण**मतानुसारेण ऋजुसूत्रनयस्य द्रव्यावश्यकनिक्षेपग्राहकत्वाद् द्रव्यार्थिकनयान्तःपातित्वमेव सिध्यति।

## ❀ ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક છે - અનુયોગદ્વાર ❀

(अनु.) **અનુયોગદ્વારસૂત્ર**માં ઋજુસૂત્રનયના મતે દ્રવ્યઆવશ્યક દેખાડેલું છે. તેથી તેમના મતે ઋજુસૂત્ર નય દ્રવ્યગ્રાહક હોવાથી દ્રવ્યાર્થિકનય છે - તેવું સ્પષ્ટ થાય છે. આ જ રીતે **નયકર્ણિકા**માં **વિનયવિજયજી** ઉપાધ્યાયે જણાવેલ છે કે "દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નયમાં નૈગમ આદિ સાતે નયોનો અંતર્ભાવ થાય છે. દ્રવ્યાસ્તિકનયમાં નૈગમ આદિ ચાર નયોનો તથા પર્યાયાસ્તિકનયમાં પાછલા શબ્દ આદિ ત્રણ નયોનો અંતર્ભાવ થાય છે" - આ રીતે કહેવા દ્વારા 'ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક છે' - તેવું દર્શાવેલ છે.

## ❀ સિદ્ધાન્તમતે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક ❀

(एवं.) આ રીતે **હેમચન્દ્રસૂરિજી**એ **વિશેષાશ્યકભાષ્યવિવરણ**માં જણાવેલ છે કે "નૈગમ વગેરે ચારેય નય એક દ્રવ્યાસ્તિકનયરૂપે વિવક્ષિત છે તથા શબ્દાદિ ત્રણેય નય પર્યાયાર્થિકરૂપે વિવક્ષિત છે." તેમના મતે પણ ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક છે. **શ્રીહરિભદ્રસૂરિ**એ તથા શ્રી**મલયગિરિસૂરિજી**એ **આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'નૈગમનયથી માંડીને ઋજુસૂત્ર સુધીના નયો દ્રવ્યાસ્તિક છે તથા શબ્દ વગેરે નયો પર્યાયાસ્તિક છે.' આમ તેઓશ્રીએ ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિક તરીકે જણાવેલ છે. **કોટ્યાચાર્યજી**એ પણ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં આ જ વાત જણાવીને ઋજુસૂત્રને દ્રવ્યાસ્તિક કહેલ છે.

## ❀ શ્રીજિનભદ્રગણિમતે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક ❀

(विशे.) તથા **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "દ્રવ્યાસ્તિકનયના મતે નામ, સ્થાપના, અને દ્રવ્ય - એમ ત્રણ નિક્ષેપ છે અને પર્યાયાર્થિકમતે ભાવ નિક્ષેપ માન્ય છે." આ પ્રમાણે કહેવા દ્વારા પર્યાયાર્થિકનય દ્રવ્યનિક્ષેપનો સ્વીકાર નથી કરતો - તેવું **શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણે** દર્શાવેલ છે. તેથી શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણના મત મુજબ 'આવશ્યકના દ્રવ્યનિક્ષેપનું = દ્રવ્યઆવશ્યકનું ગ્રહણ કરવાના

1. नामादित्रिकं द्रव्यार्थिकस्य भावश्च पर्यवनयस्य।

**देवचन्द्रवाचकैः नयचक्रसारे** "द्रव्यार्थिकः चतुर्धा, नैगम-सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्रभेदात्। पर्यायार्थिकः त्रिधा, शब्द-समभिरूढ-एवम्भूतभेदाद्" (न.च.सा.१८५) इत्येवम् आगमानुसारेण सप्तनयविभजनम् अकारि।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – यथाकथञ्चित्तर्कादिना आर्षवचनोल्लङ्घनं महतेऽनर्थाय सम्पद्यते। तदुक्तं **भर्तृहरिणा वाक्यपदीये** "अतीन्द्रियानसंवेद्यान् पश्यन्त्यार्षेण चक्षुषा। ये भावान् वचनं तेषां नानुमानेन बाध्यते।।" (वा.प.१/३८), "हस्तस्पर्शादिवाऽन्धेन विषमे पथि धावता। अनुमानप्रधानेन विनिपातो न दुर्लभः।।" (वा.प.१/४१) इत्यादि।

नैगमादिचतुष्के द्रव्यार्थिकस्य शब्दादित्रितये च पर्यायार्थिकस्य समावेशाद् मूलनयविभागविस्तारकरणं निरर्थकमिति ग्रन्थकृत्तात्पर्यज्ञानादिदं बोद्धव्यं यत् किमपि प्रमेयं प्रमाणं वा व्यर्थतया विस्तृत्य श्रोतारो न भ्रामयितव्याः। न वा पुनरुक्तितः पिष्टपेषणं कृत्वा श्रोतृवैरस्यमुत्पादनीयम्, किन्तु परिमित-पथ्य-पवित्रपदानि प्रयोक्तव्यानि। ततः "चतुर्दशमहालोकमूर्द्धमुक्तिपदेश्वरम्" (ब्र.सि.स.६) इति **ब्रह्मसिद्धान्तसमुच्चयोक्तं** सदाशिवपदं सुलभं स्यात्।।८/१२।।

---

લીધે ઋજુસૂત્રનયનો સમાવેશ દ્રવ્યાર્થિકનયમાં જ થાય છે' - તેવું સિદ્ધ થાય છે.

### ❀ શ્રીદેવચંદ્રમતાનુસાર નયવિભજન ❀

(देव.) ખરતરગચ્છીય ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્રજી**એ **નયચક્રસાર**માં '(૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર અને (૪) ઋજુસૂત્રના ભેદથી દ્રવ્યાર્થિક ચાર પ્રકારે છે.(૧) શબ્દ, (૨) સમભિરૂઢ, (૩) એવંભૂત - આમ ત્રણ પ્રકારે પર્યાયાર્થિક છે' - આમ આગમાનુસારે સપ્ત નયનું વિભાજન કરેલ છે.

### ❀ આંધળા તર્કથી આગમદૃષ્ટિનો પરાભવ ન થાય ❀

**આધ્યાત્મિક ઉપનય** :- (**यथा.**) આડેધડ તર્ક વગેરે દ્વારા આર્ષપુરુષોના વચનનું ઉલ્લંઘન મોટા નુકસાનને કરે છે. તેથી જ **ભર્તૃહરિ**એ **વાક્યપદીય**માં જણાવેલ છે કે 'અનુભવ ન કરી શકાય તેવા અતીન્દ્રિય ભાવોને જે મહર્ષિઓ આર્ષ ચક્ષુથી = દિવ્યદૃષ્ટિથી જુએ છે, તેઓનું વચન અનુમાનથી બાધિત થતું નથી. હાથથી સ્પર્શ કરીને વિષમ (= ખાડા-ટેકરાવાળા) માર્ગમાં દોડતા આંધળા માણસનું પતન જેમ સુલભ છે, તેમ અનુમાનપ્રધાન = તર્કપ્રધાન માણસ વિષમ અધ્યાત્મમાર્ગમાં દોટ મૂકે તો તેનું પતન દુર્લભ નથી.' માટે નયવિભાગમાં આગમમાર્ગનું ઉલ્લંઘન દેવસેન માટે નુકસાનકારક થશે.

### ❀ વ્યર્થ વિસ્તાર ટાળીએ ❀

(नैग.) "દ્રવ્યાર્થિકનયનો નૈગમ આદિ ચાર નયમાં તથા પર્યાયાર્થિકનયનો શબ્દાદિ ત્રણ નયમાં સમાવેશ થવાથી તે બન્ને નયને મૂળનયના વિભાગમાં દર્શાવી મૂળનયના વિભાગનો વ્યર્થ વિસ્તાર જરૂરી નથી" - આ તાત્પર્ય જાણીને આપણે કોઈ પણ પ્રમેય કે પ્રમાણ વગેરે બાબતનો વ્યર્થ વિસ્તાર કરી શ્રોતાને મૂંઝવવાનો પ્રયત્ન ન કરવો. તથા પુનરુક્તિ દ્વારા પિષ્ટપેષણ જેવું કરીને શ્રોતાને કંટાળો જન્મે તેવું પણ ન કરવું. પરંતુ પરિમિત, પથ્ય અને પવિત્ર શબ્દનો પ્રયોગ કરવો. તેનાથી **બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય**માં વર્ણવેલ, ચૌદ મહા રાજલોકના મસ્તકના ભાગમાં રહેલ મુક્તિપદના સ્વામિત્વસ્વરૂપ સદાશિવપદ = સિદ્ધપદ સુલભ થાય. (૮/૧૨)

**સિદ્ધસેન પ્રમુખ ઈમ કહઈ રે, પ્રથમ દ્રવ્યનય તીન;**
**તસ ઋજુસૂત્ર ન સંભવઈ રે, દ્રવ્યાવશ્યક લીન રે ॥૮/૧૩॥ (૧૨૧) પ્રાણી.**

હિવઈ **સિદ્ધસેન**દિવાકર, ***મલ્લવાદી*** **પ્રમુખ** ***તર્કવાદી*** આચાર્ય ઈમ કહઈ છઇં, જે **પ્રથમ** (**તીન**=) ૩ નય - (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર લક્ષણ, તે **દ્રવ્યનય**♦ કહિયઈં. (૧) ઋજુસૂત્ર, (૨) શબ્દ, (૩) સમભિરૂઢ, (૪) એવંભૂત - એ ૪ નય પર્યાયાર્થિક કહિયઇં.

प्रकृते तार्किकशिरोमणि**सिद्धसेनदिवाकरसूरि**प्रमुखमतमाचष्टे – '**सिद्धसेने**'ति ।

**सिद्धसेनादिसिद्धान्ते द्रव्यनयास्त्रयः पुनः।**
**न, द्रव्यावश्यकोच्छेदाद्, ऋजुसूत्रस्य तन्मते।।८/१३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सिद्धसेनादिसिद्धान्ते पुनः आद्यास्त्रयः द्रव्यनयाः (इति) न (युक्तम्), तन्मते ऋजुसूत्रस्य द्रव्यावश्यकोच्छेदात्।।८/१३।।

**सिद्धसेनादिसिद्धान्ते** = श्रीसिद्धसेनदिवाकर-**मल्लवादि**प्रमुखतर्कवादिसूरिराद्धान्ते आद्याः **त्रयः** नैगम-सङ्ग्रह-व्यवहाराख्याः पुनः = एव, "स्युरेवं तु पुनर्वै वेत्यवधारणवाचकाः" (अ.को.३/४/१५) इति **अमरकोश**वचनाद् **द्रव्यनयाः** = द्रव्यार्थिकनयाः। यथोक्तं **सम्मतितर्कवृत्तौ श्रीअभयदेवसूरि**भिः "नैगम-सङ्ग्रह-व्यवहारलक्षणाः त्रयो नयाः शुद्ध्यशुद्धिभ्यां द्रव्यास्तिकमतम् आश्रिताः। ऋजुसूत्र-शब्द-समभिरूढै-वम्भूताः तु शुद्धितारतम्यतः पर्यायनयभेदाः" (स.त.१/३/पृ.३१०) इति। **वादिदेवसूरयो**ऽपि श्रीसिद्धसेन-

**અવતરણિકા** :- નૈગમ આદિ સાત નયોમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયનો અંતર્ભાવ કરવાની બાબતમાં તાર્કિકશિરોમણિ શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિ** વગેરે શ્વેતાંબર જૈનાચાર્યના મતને ગ્રંથકારશ્રી જણાવે છે :-

**શ્લોકાર્થ** :- સિદ્ધસેન દિવાકરસૂરિ વગેરેના સિદ્ધાંત મુજબ પ્રથમ ત્રણ નય દ્રવ્યાર્થિકનય છે. પણ આ વાત બરાબર નથી. કારણ કે તેમના મતે ઋજુસૂત્રનયમાં (અનુપયોગવાળી ધાર્મિક ક્રિયા સ્વરૂપ) દ્રવ્યઆવશ્યકનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે. (૮/૧૩)

### ❀ ઋજુસૂત્ર પર્યાયાર્થિકનય છે : તાર્કિક મત ❀

**વ્યાખ્યાર્થ** :- શ્રી**સિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજ, શ્રી**મલ્લવાદીસૂરિ** મહારાજ વગેરે તર્કવાદી જૈનાચાર્ય તરીકે પ્રસિદ્ધ છે. તેઓના સિદ્ધાંત મુજબ નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નામના પ્રથમ ત્રણ જ નય દ્રવ્યાર્થિકનય છે. "एवं, तु, पुनः, वै, वा - આ પ્રમાણે જે શબ્દો છે, તે અવધારણના વાચક છે" - આ મુજબ **અમરકોશ**માં જણાવેલ છે. તે મુજબ મૂળ શ્લોકમાં રહેલ 'पुनः' શબ્દ અહીં અવધારણ અર્થમાં જણાવેલ છે. **સંમતિતર્કવૃત્તિ**માં શ્રી**અભયદેવસૂરિ**જીએ જણાવેલ છે કે 'નૈગમ, સંગ્રહ અને વ્યવહાર સ્વરૂપ ત્રણ નયો શુદ્ધિ અને અશુદ્ધિ દ્વારા દ્રવ્યાસ્તિકમતનો આશ્રય કરીને રહેલા છે. તથા ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આ ચાર શુદ્ધિની તરતમતા દ્વારા પર્યાયનયના પ્રકારો છે.' **વાદિદેવસૂરિ** મહારાજ પણ શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજના મતને જ અનુસરે છે. તેઓશ્રીએ **પ્રમાણનય-**

♦ મો.(૧)માં 'દ્રવ્યાર્થનય' પાઠ.

मतानुयायिनः। तदुक्तं तैः **प्रमाणनयतत्त्वालोकालङ्कारे** "आद्यो नैगम-सङ्ग्रह-व्यवहारभेदात् त्रेधा" (प्र.न.त.७/६) इति। आद्यः = द्रव्यार्थिकनयः। तदुक्तं **यशोविजय**वाचकैरेव **नयोपदेशे** "तार्किकाणां त्रयो भेदा आद्या द्रव्यार्थतो मताः" (नयो.१८) इति। **जैनस्याद्वादमुक्तावल्यां** (४/५) **यशस्वत्सागरस्य स्याद्वादभाषायाञ्च शुभविजय**स्याप्ययमेवाभिप्रायः।

इदञ्चावधेयम् – **अनुयोगद्वारसूत्रचूर्ण्यां** [1]"आदिमा तिण्णि दव्वट्ठितो, सेसा पज्जवट्ठितो" (अनु.द्वा.सू.९७) इत्युक्त्या ऋजुसूत्रादीनां पर्यायास्तिकत्वं दर्शितम्। श्री**हरिभद्रसूरि**भिः श्री**हेमचन्द्रसूरि**भिश्चापि **अनुयोगद्वारवृत्तौ** "आद्याः त्रयः द्रव्यास्तिकः, शेषाः पर्यायास्तिकः" (अनु.द्वा.सू.९७) इत्येवं शेषपदेन ऋजुसूत्रादीनां चतुर्णां नयानां पर्यायास्तिकत्वं दर्शयद्भिः तार्किकमतमेवाऽनुसृतम्। **विशेषावश्यकभाष्यवृत्तौ** श्री**हेमचन्द्रसूरि**भिः अपि "द्रव्यार्थिकरूपाणाम् अशुद्धनयानां नैगम-सङ्ग्रह-व्यवहाराणामकृतं सामायिकम्, नित्यत्वात्, नभोवदिति। शुद्धानां तु निश्चयनयरूपाणामृजुसूत्रादीनां कृतं तत्, घटवद्" (वि.आ.भा.३३७०) इत्युक्त्या ऋजुसूत्रस्य पर्यायार्थिकत्वमेव ध्वनितम्। नवाङ्गीटीकाकृतः श्री**अभयदेवसूर**योऽपि तार्किकमतानुयायिनः। तदुक्तं तैः **स्थानाङ्गसूत्रवृत्तौ** "नैगम-सङ्ग्रह-व्यवहारर्जुसूत्र-शब्द-समभिरूढैवम्भूता नयाः। तत्र चाद्याः त्रयः 'द्रव्य-

---

**तत्त्वालोकालंकार** ग्रंथमां जणावेल छे के "नैगम, संग्रह अने व्यवहार नयना भेदथी प्रथम = द्रव्यार्थिकनय त्रण प्रकारे छे." मतलब के तेमना मते पण ऋजुसूत्रनय पर्यायार्थिक छे. महोपाध्याय श्री**यशोविजयजी** महाराजे ज **नयोपदेश**मां जणावेल छे के "तार्किक जैनाचार्योना मते नैगम आदि आद्य त्रण भेदो द्रव्यार्थिकनय तरीके मान्य छे." **जैनस्याद्वादमुक्तावली**मां **यशस्वत्सागरजी**नो तथा **स्याद्वादभाषा**मां **शुभविजयजी**नो पण आ ज अभिप्राय छे.

### आगमिक टीकाकारादिना मते पण ऋजुसूत्र पर्यायार्थिक नय

(इदञ्चा.) अहीं एक वात ए पण ध्यानमां राखवा योग्य छे के (१) **अनुयोगद्वारसूत्रचूर्णि**मां 'नैगमादि त्रण नय द्रव्यास्तिक छे तथा बाकीना नयो पर्यायास्तिक छे' - आ प्रमाणे कहेवा द्वारा ऋजुसूत्र वगेरे चारेयने पर्यायार्थिकनय तरीके जणावेल छे. (२) श्री**हरिभद्रसूरिजी** तथा (३) मलधारी श्री**हेमचन्द्रसूरिजी** महाराजे पण **अनुयोगद्वारसूत्रव्याख्या**मां 'प्रथम त्रण नय द्रव्यास्तिक छे तथा शेष नयो पर्यायास्तिक छे' - आवुं कहेवा द्वारा 'शेष' पद वडे ऋजुसूत्रादि चारेय नयोने पर्यायार्थिक तरीके ज जणावेल छे. मतलब के आगमचूर्णिकार अने समर्थ आगमिकव्याख्याकारो पण तार्किकमतने ज अनुसरेला छे. (४) **विशेषावश्यकभाष्यवृत्ति**मां **मलधारीहेमचन्द्रसूरिजी**ए पण "द्रव्यार्थिक स्वरूप अशुद्धनयात्मक नैगम, संग्रह अने व्यवहार छे. तेमना मते आकाशनी जेम सामायिक नित्य होवाथी अकृत छे. तथा निश्चयनयस्वरूप शुद्ध ऋजुसूत्र वगेरेना अभिप्रायथी तो घडानी जेम सामायिक कृत = जन्य छे" - आवुं कहेवा द्वारा तेओश्रीए ऋजुसूत्रनयने पर्यायार्थिकनय तरीके ज सूचित करेल छे. (५) नवांगीटीकाकार श्री**अभयदेवसूरिजी** महाराजा पण तार्किकमतने अनुसरनारा छे. तेओश्रीए **ठाणांगसूत्रव्याख्या**मां जणावेल

---

1. आदिमाः त्रयः द्रव्यार्थिकः, शेषाः पर्यायार्थिकः।

मेवार्थोऽस्ती'तिवादितया द्रव्यार्थिकेऽवतरन्ति, इतरे तु 'पर्याय एवार्थोऽस्ती'तिवादितया पर्यायार्थिकनये" (स्था.सू.१/१ वृ.पृष्ठ-१५) इति। **ऋषभपञ्चाशिकावृत्तौ** (गा.४०) **प्रभानन्दसूरी**णामप्ययमेवाभिप्रायः।

**उत्तराध्ययनबृहद्वृत्तौ श्रीशान्तिसूरि**भिरपि "जीवद्रव्यमेव ऋजुसूत्र-शब्द-समभिरूढैवम्भूतानां पर्यायनयानां मतेन हेतुः" (उत्त.बृ.वृ.२/निर्युक्ति-७१/पृ.७५) इत्येवं परिषहहेतुतां जीवद्रव्ये प्रतिपादयद्भिः ऋजुसूत्र-नयस्य पर्यायास्तिकनयत्वमुपदर्शितम्। अत्र हि परिषहहेतुतया दर्शितं जीवद्रव्यं पर्यायतयैव ऋजु-सूत्रादिभिः गृहीतं स्यादिति मन्तव्यम्, अन्यथा ऋजुसूत्रादौ तैः दर्शितस्य पर्यायार्थिकत्वस्य अनुप-पत्तेरित्यवधेयम्।

ऋजुसूत्रनिष्ठद्रव्यार्थिकत्वप्रतिपादकश्री**जिनभद्रगणिक्षमाश्रमण**रचितस्य **विशेषावश्यकभाष्यस्य वृत्तौ श्रीहेमचन्द्रसूरि**भिः "ऋजुसूत्रः पर्यायादिवादित्वसाम्यात् शब्दनये समवतरति" (वि.आ.भा.३५८७ वृ.) इति

---

છે કે "નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આમ સાત નયો છે. તેમાં પ્રથમ ત્રણ નયો દ્રવ્યાર્થિકનયમાં સમાવેશ પામે છે' 'દ્રવ્ય જ વસ્તુ છે' - આવું બોલવાના લીધે દ્રવ્યાર્થિકનય કહેવાય છે. તથા બાકીના ચાર નયોનો પર્યાયાર્થિકનયમાં સમાવેશ થાય છે. 'પર્યાય જ વસ્તુ છે' - આવું બોલવાના લીધે તે નય પર્યાયાર્થિક તરીકે ઓળખાય છે." (૬) **ઋષભપંચાશિકાવૃત્તિ**માં શ્રી**પ્રભાનંદસૂરિજી**નો પણ અભિપ્રાય ઋજુસૂત્રને પર્યાયાસ્તિક માનવામાં છે.

### ❋ ઋજુસૂત્ર વિશે શાંતિસૂરિજીનું મંતવ્ય ❋

(उत्तरा.) (૭) તથા **ઉત્તરાધ્યયનસૂત્રબૃહદ્વ્યાખ્યાકાર** વાદિવેતાલ શ્રી**શાંતિસૂરિજી** મહારાજને પણ ઋજુસૂત્ર પર્યાયાર્થિકનય તરીકે માન્ય છે. આનું કારણ એ છે કે તેઓશ્રીએ ત્યાં જણાવેલ છે કે 'ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આ ચાર પર્યાયનયના મતે જીવદ્રવ્ય એ જ પરિષહનો હેતુ છે.' આ રીતે જીવદ્રવ્યને પરિષહકારણ તરીકે દર્શાવીને 'ઋજુસૂત્રનય એ પર્યાયાર્થિકનય છે' - એવું તેઓશ્રીએ સૂચિત કરેલ છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે પરિષહકારણ તરીકે દર્શાવેલ જીવદ્રવ્યને ઋજુસૂત્રાદિ નયોએ પર્યાય સ્વરૂપે જ ગ્રહણ કરેલ છે, દ્રવ્યરૂપે નહિ - આ મુજબ સમજવું. અન્યથા શ્રી**શાંતિસૂરિજી** મહારાજે ત્યાં ઋજુસૂત્રાદિ ચારને પર્યાયનય તરીકે જણાવેલ છે, તે બાબત અસંગત થવાની સમસ્યા સર્જાશે. મતલબ કે આગમિક વ્યાખ્યાકારોને પણ ઋજુસૂત્રનય પર્યાયાર્થિકનયસ્વરૂપે માન્ય છે.

### ❯ ઋજુસૂત્ર અંગે હેમચંદ્રસૂરિજીનો અભિપ્રાય ❯

(ऋजु.) એ જ રીતે (૮) **જિનભદ્રગણિક્ષમાશ્રમણ**રચિત **વિશેષાવશ્યકભાષ્ય** ઉપર મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી** મહારાજે જે સંસ્કૃતવ્યાખ્યાની રચના કરેલ છે, તેમાં પણ જણાવેલ છે કે 'શબ્દનયની જેમ ઋજુસૂત્ર પર્યાયાદિનું પ્રતિપાદન કરે છે. પર્યાયવાદિત્વ વગેરે ગુણધર્મો સમાન હોવાના લીધે ઋજુસૂત્રનયનો શબ્દનયમાં સમવતાર થાય છે.' મતલબ કે "વિશેષાવશ્યકભાષ્યકાર **જિનભદ્રગણિક્ષમાશ્રમણજી** 'ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક નય છે' - આવું જણાવનારા છે" - આ બાબતને જાણવા છતાં **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથની **વ્યાખ્યામાં હેમચન્દ્રસૂરિજી** મહારાજે ઋજુસૂત્રને પર્યાયવાદી તરીકે જણાવેલ છે. આ રીતે આ

**द्रव्यार्थिकमते –** "सर्वे पर्यायाः खलु कल्पिताः ।
♦सत्यं तेष्वन्वयि द्रव्यं कुण्डलादिषु हेमवत् ।।" ( )

यदुक्तं तदप्यत्र विशिष्य स्मर्तव्यम्।

दिगम्बरसम्प्रदायेऽपि ऋजुसूत्रनयस्य पर्यायास्तिकत्वमभिमतम्। तदुक्तं **देवसेनेन नयचक्रे माइल्लधवलेन** च **द्रव्यस्वभावप्रकाशे** [1]"पढमतिया दव्वत्थी पज्जयगाही य इयर जे भणिया।" (न.च.४४/द्र.स्व.प्र.२१६) इति। **तत्त्वार्थश्लोकवार्त्तिके विद्यानन्दस्वामिना**ऽपि "द्रव्यार्थो व्यवहारान्तः, पर्यायार्थस्ततोऽपरः" (त.श्लो.पृ. २६८) इत्युक्तम्।

**अष्टसहस्रामपि** तेन "द्रव्यार्थिकप्रविभागाद्धि नैगम-सङ्ग्रह-व्यवहाराः पर्यायार्थिकप्रविभागादृजुसूत्रादयः" (अ.स.पृ.२८७) इति निरूपितम्। एवमेवाऽत्राऽभिप्रायः **कार्त्तिकेयानुप्रेक्षावृत्तौ** (गा.२६८)।

द्रव्यार्थिकमते – "सर्वे पर्यायाः खलु कल्पिताः। सत्यं तेष्वन्वयिद्रव्यं कुण्डलादिषु हेमवत्।।" ( ) इति। पर्यायाणां द्रव्याद् भिन्नत्वेऽसत्त्वम्, द्रव्यात्मकत्वे द्रव्यमेव परमार्थसदिति द्रव्यार्थिकनयमतम्।

કથન પણ અહીં વિશેષરૂપે સ્મર્તવ્ય બની જાય છે. આમ તાર્કિકમતે તથા અનેક આગમવ્યાખ્યાકારોના મતે 'ઋજુસૂત્રનય પર્યાયવાદી છે, પર્યાયાર્થિકનય છે' - તેવું જાણવા મળે છે.

## ❦ ઋજુસૂત્રનય પર્યાયાર્થિક છે : દિગંબર મત ❦

**(दिग.)** ફક્ત અનેક શ્વેતાંબર આચાર્યોના મતે જ નહિ, પરંતુ દિગંબરસંપ્રદાયમાં પણ ઋજુસૂત્ર પર્યાયાર્થિક નય તરીકે માન્ય છે. તેથી જ **દેવસેનજીએ નયચક્ર**માં તથા **માઈલ્લધવલે દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'પ્રથમ ત્રણ નૈગમ-સંગ્રહ-વ્યવહાર દ્રવ્યાર્થિકનય છે. તથા બાકીના ઋજુસૂત્ર વગેરે નય પર્યાયાર્થિક તરીકે કહેવાયેલા છે.' દિગંબર **વિદ્યાનંદસ્વામી**એ પણ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક**માં જણાવેલ છે કે 'વ્યવહારનય સુધી દ્રવ્યાર્થિકનય છે. વ્યવહારનય પછીના નયો પર્યાયાર્થિકનય છે.'

**(अष्ट.) અષ્ટસહસ્રી** ગ્રંથમાં પણ **વિદ્યાનંદસ્વામી**એ જણાવેલ છે કે 'દ્રવ્યાર્થિકનયના વિસ્તૃત વિભાગને આશ્રયીને નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નય જાણવા. તથા પર્યાયાર્થિકનયના વિસ્તૃત વિભાગની અપેક્ષાએ ઋજુસૂત્ર વગેરે નયો જાણવા.' મતલબ કે દિગંબરસંપ્રદાયમાં સર્વાનુમતે ઋજુસૂત્ર એ દ્રવ્યાર્થિક નહિ પણ પર્યાયાર્થિક નય છે. આ અંગે આવો જ અભિપ્રાય **કાર્તિકેયાનુપ્રેક્ષાવૃત્તિ**માં છે.

## ❦ દ્રવ્યાર્થિકનયનું મંતવ્ય ❦

**(द्रव्यार्थिक.)** દ્રવ્યાર્થિકનયના મતે "સર્વે પર્યાયો ખરેખર કલ્પિત છે. કુણ્ડલ, મુગટ વગેરે પર્યાયોમાં અનુગત સુવર્ણ દ્રવ્યની જેમ કલ્પિત પર્યાયોમાં અનુગત એવું દ્રવ્ય જ સત્ય = પારમાર્થિક છે." દ્રવ્યાર્થિકનયનો અભિપ્રાય એવો છે કે જો પર્યાયો દ્રવ્યથી ભિન્ન હોય તો અસત્ છે, મિથ્યા છે. તથા જો પર્યાયો દ્રવ્યથી અભિન્ન હોય તો દ્રવ્ય જ પરમાર્થસત્ બનશે, પર્યાય નહિ. આ જ અભિપ્રાયથી

♦ '**सत्यं**' પદ પુસ્તકાદિમાં નથી. કો.(૯+૧૨+૧૩)+સિ.+પા૦ માં છે. ધ.માં '**(तेषु) तेष्व...**' પાઠ છે. આ.(૧)માં '**तेष्वन्यदपि द्रव्यं**' પાઠ. 1. प्रथमत्रिका द्रव्यार्थिकाः, पर्ययग्राहिणश्चेतरे ये भणिताः।

**पर्यायार्थमते –** "द्रव्यं पर्यायेभ्योऽस्ति नो पृथक् ।
**यत्तैरर्थक्रिया दृष्टा नित्यं कुत्रोपयुज्यते ?।।" ( ) इति द्रव्यार्थ-पर्यायार्थनयलक्षणाद् अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजुसूत्रः शुद्धमर्थपर्यायं मन्यमानः कथं द्रव्यार्थिकः स्याद् ? इत्येतेषामाशयः।**

---

इदमेवाऽभिप्रेत्य **विशेषावश्यकभाष्ये** [1]"आविब्भाव-तिरोभावमेत्तपरिणामि दव्वमेवेयं। निच्चं बहुरूवं पि य नडो व्व वेसंतराऽऽवन्नो।।" (वि.आ.भा.२६६६), [2]"न सुवन्नादन्नं कुंडलाइ तं चिय तं तमागारं। पत्तं तव्ववएसं लभइ सरूवादभिन्नं ति।।" (वि.आ.भा.२६६९) इत्यादिकमुक्तम् इति पूर्वोक्तं (३/३) स्मर्तव्यमत्र।

पर्यायार्थमते – "द्रव्यं पर्यायेभ्योऽस्ति नो पृथक्। यत्तैरर्थक्रिया दृष्टा नित्यं कुत्रोपयुज्यते ?।।" ( ) इति। पर्यायव्यतिरेकेण द्रव्यस्याऽनुपलम्भादपि असत्त्वमिति। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [3]"पज्जायनयमयमिणं पज्जायत्थंतरं कओ दव्वं ? उवलंभव्ववहाराऽभावाओ खरविषाणं व।।" (वि.आ.भा.२६४६) इत्यादि।

इत्थं तावद् द्रव्यार्थिक-पर्यायार्थिकयोः स्वरूपमेव विलक्षणम्। अतः अतीताऽनागतपर्यायप्रतिक्षेपी

---

**વિશેષાવશ્યકભાષ્ય**માં કહ્યું છે કે "કેવલ આવિર્ભાવ અને તિરોભાવ સ્વરૂપે જ પરિવર્તન પામવાના સ્વભાવને ધરાવતું નિત્ય એવું દ્રવ્ય જ સત્ છે. જેમ રામ-રાવણ વગેરે અનેક વેશને ધારણ કરનારો નટ ભીમનો વેશ ધારણ કરે તો પણ તેનો તે જ હોય છે, તેમ દ્રવ્ય અંગે સમજવું. સુવર્ણ કરતાં ભિન્ન કુંડલાદિ પર્યાય નથી. પરંતુ સુવર્ણ દ્રવ્ય પોતે જ તે તે કુંડલ-કંકણાદિ આકારને = પર્યાયને પ્રાપ્ત કરી 'આ કુંડલ છે. આ કંકણ છે' - ઈત્યાદિ વ્યવહારને પ્રાપ્ત કરે છે. તે સમયે પણ દ્રવ્ય તો પોતાના સ્વરૂપથી બદલાતું નથી, ચલાયમાન થતું નથી." પૂર્વે (૩/૩) આ સંદર્ભ દર્શાવેલ. તેને અહીં યાદ કરવો.

### ❋ પર્યાયાર્થિકનયનું મંતવ્ય ❋

(**पर्यायार्थ.**) જ્યારે પર્યાયાર્થિકનયના મતે "પર્યાયો કરતાં અલગ કોઈ દ્રવ્ય નામનો પદાર્થ વિદ્યમાન નથી. કારણ કે 'પર્યાયો દ્વારા જ અલગ અલગ અર્થક્રિયા (કાર્યો) થાય છે' - તેવું દેખાય છે. નિત્ય એવું દ્રવ્ય કયા કાર્યમાં ઉપયોગી છે ?" (કહેવાનો આશય એ છે કે એકાંત નિત્ય દ્રવ્ય દ્વારા કોઈ પણ કાર્ય થવું શક્ય ન હોવાથી દ્રવ્યનો સ્વીકાર પર્યાયાર્થિકનય કરતો નથી.) પર્યાય વિના દ્રવ્યની પ્રાપ્તિ પણ ન થતી હોવાના લીધે દ્રવ્ય વિશ્વમાં વિદ્યમાન નથી. જો દ્રવ્ય સ્વતંત્ર વસ્તુ હોય તો પર્યાય વગર પણ તેની ઉપલબ્ધિ થવી જોઈએ. પણ તેવું નથી. તેથી પણ દ્રવ્ય કાલ્પનિક છે. તેથી જ તો **વિશેષાવશ્યકભાષ્ય**માં દર્શાવેલ છે કે "પર્યાયથી ભિન્ન દ્રવ્ય ક્યાંથી સંભવે ? કારણ કે પર્યાય વિના દ્રવ્ય જોવા નથી મળતું તથા એકલું દ્રવ્ય વ્યવહારમાં પણ ક્યાંય ઉપયોગમાં આવતું નથી. તેથી ગધેડાના શીંગડાની જેમ દ્રવ્ય અસત્ છે. આ મુજબ પર્યાયાર્થિકનયનો મત છે."

### ❖ દિવાકરજીના આશયની સ્પષ્ટતા ❖

(**इत्थं.**) આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયનું અને પર્યાયાર્થિકનયનું સ્વરૂપ જ વિલક્ષણ હોવાથી ઋજુસૂત્રનય

---

1. आविर्भाव-तिरोभावमात्रपरिणामि द्रव्यमेवेदम्। नित्यं बहुरूपमपि च नट इव वेषान्तरापन्नः।। 2. न सुवर्णादन्यत् कुण्डलादि तदेव तं तमाकारम्। प्राप्तं तद्व्यपदेशं लभते स्वरूपादभिन्नमिति।। 3. पर्यायनयमतमिदं पर्यायाऽर्थान्तरं कुतो द्रव्यम् ? उपलम्भ-व्यवहाराऽभावात् खरविषाणमिव।।

(**तस=**) તે આચાર્યનઈ મતઈ **ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકનઈ** વિષઈ **લીન ન સંભવઈ. તથા ચ** – [1]"**उज्जुसुअस्स एगो**♦ **अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, पुहत्तं णेच्छइ" (अनु.सू.१५) इति** ***अनुयोगद्वारसूत्र*****विरोधः।**

ऋजुसूत्रः शुद्धमर्थपर्यायं वक्ष्यमाणलक्षणं (१२/२) मन्यमानः कथं द्रव्यार्थिकः स्यात् ? इति **सिद्धसेनदिवाकर**सूरिप्रभृतीनामाशयः।

अत्र सिद्धान्तवादिश्री**जिनभद्रगणि**क्षमाश्रमणाभिप्रायस्त्वेवम्- **न** एतन्मतं युक्तम्, एवं हि **ऋजुसूत्रस्य** पर्यायार्थिकनयत्वाऽङ्गीकारे **तन्मते द्रव्यावश्यकोच्छेदाद्** = द्रव्यावश्यकाऽसम्भवात्, पर्यायार्थिकमते द्रव्यनिक्षेपस्याऽसम्मतत्वात्। तथा च [1]"उज्जुसुअस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, पुहत्तं णेच्छइ" (अनु.द्वा.सू.१५) इति **अनुयोगद्वारसूत्र**विरोधः स्यात्, पर्यायार्थिकत्वे ऋजुसूत्रस्य द्रव्यावश्यकाभ्युपगन्तृत्वाऽसम्भवात्। अत्र "एको देवदत्तादिः अनुपयुक्तोऽस्य मते आगमत एकं द्रव्यावश्यकमस्ति, 'पुहत्तं नेच्छइ'त्ति अतीतानागतभेदतः परकीयभेदतश्च पृथक्त्वं = पार्थक्यं नेच्छत्यसौ। किं तर्हि ? वर्तमानकालीनं स्वगतमेव चाभ्युपैति। तच्चैकमेव" (अनु.द्वा.सू.१५ म.वृ.पृ.३१) इति **मलधारवृत्तिः** द्रष्टव्या।

કઈ રીતે દ્રવ્યાર્થિકનયસ્વરૂપ બને ? કેમ કે ઋજુસૂત્રનય તો અતીત અને અનાગત પર્યાયનો અપલાપ કરે છે. તથા માત્ર વર્તમાનકાલીન શુદ્ધ અર્થપર્યાયને જ તે માને છે. (અર્થપર્યાયનું લક્ષણ આગળ ૧૨/૨માં કહેવામાં આવશે.) તેથી ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનય તરીકે માનવો વ્યાજબી છે. આ પ્રમાણે શ્રી**સિદ્ધસેન દિવાકરસૂરિ** મહારાજ વગેરેનો આશય છે.

## ❀ દિવાકરમત અસંગત : જિનભદ્રગણી ❀

(**अत्र.**) આ પ્રમાણે શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજનો જે મત આપણે જોઈ ગયા, તે અંગે સમીક્ષા કરતા સિદ્ધાન્તવાદી શ્રી**જિનભદ્રગણી ક્ષમાશ્રમણ**નો અભિપ્રાય તો એવો છે કે "**સિદ્ધસેન દિવાકરસૂરિજી** મહારાજનો ઉપરોક્ત મત વ્યાજબી નથી જ. આનું કારણ એ છે કે તે રીતે ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનય તરીકે માનવામાં આવે તો ઋજુસૂત્રનયના મતે દ્રવ્યઆવશ્યક અસંભવિત બની જશે. કારણ કે પર્યાયાર્થિક નયના મતે દ્રવ્યનિક્ષેપ માન્ય નથી. તથા ઋજુસૂત્રનય દ્રવ્યઆવશ્યક ન સ્વીકારે તો **અનુયોગદ્વારસૂત્ર** નામના આગમનો વિરોધ આવશે. ત્યાં જણાવેલ છે કે 'ઉપયોગશૂન્ય સામાયિક આદિ આવશ્યક કરનાર એક દેવદત્તાદિ વ્યક્તિ ઋજુસૂત્રનયની દૃષ્ટિમાં એક દ્રવ્યઆવશ્યક સ્વરૂપ છે. ઋજુસૂત્રનયને દ્રવ્યઆવશ્યકમાં પૃથક્ત્વ = અનેકત્વ કે સખંડત્વ (=સાંશત્વ) ઈષ્ટ નથી.' આપણે જોઈ શકીએ છીએ કે **અનુયોગદ્વારસૂત્ર** મુજબ ઋજુસૂત્રનયના મતે દ્રવ્યઆવશ્યક સ્વીકૃત છે. ઉપરોક્ત **અનુયોગદ્વારસૂત્રની વ્યાખ્યા** કરતાં મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી** મહારાજે જણાવેલ છે કે "એક અનુપયુક્ત દેવદત્તાદિ વ્યક્તિ ઋજુસૂત્રનયના મતે આગમથી એક દ્રવ્યાવશ્યક છે. ઋજુસૂત્ર અતીત, અનાગત અને પરકીયના ભેદની અપેક્ષાએ પાર્થક્ય = પૃથક્ત્વ = બહુત્વ માનતો નથી. પરંતુ વર્તમાનકાલીન સ્વકીય વસ્તુને જ તે ઈચ્છે છે. તથા વર્તમાનકાલીન સ્વકીય વસ્તુ તો એક જ હોય. તેથી ઋજુસૂત્રનય તેને જ એક દ્રવ્યાવશ્યકરૂપે સ્વીકારે છે" - આ પ્રમાણે ઉપરોક્ત **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યા** અહીં જોવા લાયક છે. અહીં સ્પષ્ટપણે 'ઋજુસૂત્રનય

1. ऋजुसूत्रस्यैकोऽनुपयुक्त एकं द्रव्यावश्यकम्, पृथक्त्वं नेच्छति। ♦ મુદ્રિત રાસ + હસ્તપ્રતોમાં '**एगे अणुवउत्ते एगं**' પાઠ.

ततश्च पर्यायार्थिकनयेन द्रव्यनिक्षेपाऽभ्युपगमे पर्यायार्थिकत्वव्याहतिः प्रसज्येत। तदुक्तं **सिद्धसेनदिवाकर**सूरिवरेणैव **सम्मतितर्के** प्रथमकाण्डे [1]"नामं ठवणा दविए त्ति एस दव्वट्ठियस्स णिक्खेवो। भावो अ पज्जवट्ठिअस्स परूवणा एस परमत्थो।।" (स.त.१/६) इति। तदुक्तं **तत्त्वार्थसूत्रवृत्तौ सिद्धसेनगणि**भिरपि "अत्र चाऽऽद्याः नामादयः त्रयः विकल्पा द्रव्यास्तिकस्य, तथा तथा सर्वार्थत्वात्; पाश्चात्यः पर्यायनयस्य, तथापरिणति-विज्ञानाभ्याम्" (त.सू.वृ.१/५ सि.वृ.पृ.४५) इति। प्रकृते तथापरिणतिः नोआगमतो भावनिक्षेपं दर्शयति तथाविज्ञानञ्च आगमतो भावनिक्षेपं ज्ञापयति। इदन्तु तार्किकसिद्धान्तेन तार्किकमतनिराकरणं बोध्यम्।

आगमसिद्धान्ततस्तु ऋजुसूत्रस्य नामादिनिक्षेपचतुष्काभ्युपगन्तृत्वं सम्मतमेव। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [2]"नामाइभेयविहियं पडिवज्जइ वत्थुमुज्जुसुओ" (वि.आ.भा.२२२६) इति। "नाम-स्थापना-द्रव्य-भावरूपान्

---

द्रव्यनिक्षेप माने छे' - तेम જણાવેલ છે. ઋજુસૂત્રનય જો પર્યાયાર્થિકનય હોય તો તે દ્રવ્યઆવશ્યકનો સ્વીકાર કરે તેવું શક્ય ન બની શકે.

## ❀ તાર્કિકસિદ્ધાન્તથી તાર્કિકમતની સમીક્ષા ❀

(तत.) તેથી જો પર્યાયાર્થિકનય દ્રવ્ય નિક્ષેપનો સ્વીકાર કરે તો પર્યાયાર્થિકનયમાં પર્યાયાર્થિકપણાની હાનિ થવાની આપત્તિ આવે. 'પર્યાયાર્થિકનય દ્રવ્ય નિક્ષેપનો સ્વીકાર કરે છે' - તેવું તો **સિદ્ધસેન દિવાકરસૂરિજી** મહારાજને પણ માન્ય નથી. કેમ કે તેઓશ્રીએ જ **સંમતિતર્ક** ગ્રંથના પ્રથમ કાંડમાં જણાવેલ છે કે 'નામ, સ્થાપના, દ્રવ્ય - આ ત્રણ નિક્ષેપ દ્રવ્યાર્થિકનયને માન્ય છે. તથા ભાવનિક્ષેપ પર્યાયાર્થિકનયની પ્રરૂપણાનો વિષય છે. આ પરમાર્થ જાણવો.' **તત્ત્વાર્થસૂત્ર**ની **વ્યાખ્યા**માં શ્રી**સિદ્ધસેનગણિવરે** પણ જણાવેલ છે કે 'પ્રસ્તુત ચાર નિક્ષેપમાંથી નામ, સ્થાપના અને દ્રવ્ય - આ પ્રથમ ત્રણ નિક્ષેપવિકલ્પ દ્રવ્યાર્થિકનયને માન્ય છે. કારણ કે દ્રવ્યાર્થિકનય મુખ્યતયા તે તે સ્વરૂપે નામાદિ ત્રણ નિક્ષેપને જ તમામ શબ્દોનો વિષય બનાવે છે. તથા અંતિમ = ભાવનિક્ષેપ પર્યાયનયનો વિષય છે. કારણ કે તે તે સ્વરૂપે વસ્તુની પરિણતિ અને તે તે સ્વરૂપે વસ્તુનું જ્ઞાન પર્યાયનયનો વિષય બને છે. વસ્તુપરિણતિ અને તેનું જ્ઞાન - આ બન્ને ભાવાત્મક છે. તેથી ભાવનિક્ષેપ પર્યાયનયના મતે વસ્તુ છે.' પ્રસ્તુતમાં 'તથાવિધ વસ્તુપરિણતિ' નોઆગમથી ભાવનિક્ષેપને દર્શાવે છે. અને 'તથાવિધ વિજ્ઞાન' આગમથી ભાવનિક્ષેપને જણાવે છે. અહીં 'દ્રવ્યાર્થિકનય ત્રણ નિક્ષેપને માને છે' - એવી જે વાત કરી તેના દ્વારા તાર્કિકસિદ્ધાન્તથી તાર્કિકમતનું નિરાકરણ સમજવું.

## ❀ સૈદ્ધાન્તિકમતથી તાર્કિકમતની સમાલોચના ❀

(आग.) આગમસિદ્ધાન્તને તો 'ઋજુસૂત્રનય નામાદિ ચારેય નિક્ષેપને માને છે' - આ વાત સંમત જ છે. તેથી જ તો **વિશેષાવશ્યકભાષ્ય**માં શ્રી**જિનભદ્રગણિ**ક્ષમાશ્રમણજીએ જણાવેલ છે કે "નામાદિ ચારેય પ્રકારથી વિહિત એવી વસ્તુને ઋજુસૂત્રનય સ્વીકારે છે." એની વ્યાખ્યામાં મલધારી શ્રી**હેમચન્દ્રસૂરિજી**

---

1. नाम स्थापना द्रव्यं इत्येष द्रव्यास्तिकस्य निक्षेपः। भावश्च पर्यवास्तिकस्य प्ररूपणा एष परमार्थः।।

2. नामादिभेदविहितं प्रतिपद्यते वस्तु ऋजुसूत्रः।

(૧) વર્તમાનપર્યાયાધાર☼રૂપ દ્રવ્યાંશ, (૨) પૂર્વાપરપરિણામસાધારણઊર્ધ્વતાસામાન્ય દ્રવ્યાંશ, (૩) સાદશ્યાસ્તિત્વરૂપ-તિર્યક્સામાન્ય દ્રવ્યાંશ - એહમાં એકઇં પર્યાયનય♦ ન₰ માનઇં, તો ઋજુસૂત્ર પર્યાયનય

चतुरोऽपि निक्षेपान् असौ मन्यते" (वि.आ.भा.२२२६ वृ.) इति **तद्वृत्तौ** मलधारि**हेमचन्द्रसूर**यः व्याख्यातवन्तः। 'असौ = ऋजुसूत्र' इति। [1]"भावं चिय सद्दणया, सेसा इच्छंति सव्वणिक्खेवे" (वि.आ.भा.२८४७) इत्यनेनाऽपि **विशेषावश्यकभाष्यकृताम्** ऋजुसूत्रे नामादिनिक्षेपचतुष्टयग्राहकत्वमभीष्टमेव। ततश्चाऽऽवश्यकद्रव्यनिक्षेपाऽभ्युपगमे उभयमतानुसारेण ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वमेव स्यादिति श्री**जिनभद्रगणि**क्षमाश्रमणाकूतम्।

इदन्त्वत्रावधेयम् - प्रमाणतः पदार्थः सामान्यतया नाम-स्थापना-द्रव्य-भावात्मकः स्यात्। तत्र द्रव्यांशः त्रिधा सम्भवति। तथाहि - (१) वर्तमानपर्यायाऽऽधारस्वरूपद्रव्यांशः, (२) पूर्वापरपरिणाम-साधारणोर्ध्वतासामान्यात्मकद्रव्यांशः, (३) सादृश्याऽस्तित्वस्वरूपतिर्यक्सामान्यलक्षणद्रव्यांशः।

મહારાજે જણાવેલ છે કે "નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ સ્વરૂપ ચારેય નિક્ષેપને પ્રસ્તુત ઋજુસૂત્ર માને છે." તથા 'શબ્દનયો ભાવનિક્ષેપને જ માને છે. બાકીના નૈગમાદિ બધા (= ૪) નયો સર્વ નિક્ષેપને માને છે' - આ પ્રમાણે પણ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે. તેથી ઉપરોક્ત બન્ને વાત દ્વારા સિદ્ધ થાય છે કે 'ઋજુસૂત્રનય નામ આદિ ચારેય નિક્ષેપને માને છે' - આ બાબત વિશેષાવશ્યકભાષ્યકારને ઈષ્ટ જ છે. તેથી **અનુયોગદ્વારસૂત્ર** મુજબ ઋજુસૂત્રનય આવશ્યકનો દ્રવ્યનિક્ષેપ સ્વીકારે તો તાર્કિક -સૈદ્ધાન્તિક ઉભય મતે તે દ્રવ્યાર્થિકનય જ બને, પર્યાયાર્થિક નહિ. આ મુજબ અહીં સંમતિકાર સમક્ષ **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણજી**નું તાત્પર્ય છે.

## ત્રિવિધ દ્રવ્યાંશની વિચારણા

(इदन्त्व.) પ્રસ્તુતમાં એક બાબત ખ્યાલમાં રાખવા જેવી છે કે પ્રમાણની દૃષ્ટિએ પદાર્થ સામાન્યથી નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવાત્મક બને. પદાર્થમાં રહેલ નામાદિ ચાર અંશમાંથી દ્રવ્યાંશ ત્રણ પ્રકારે હોય છે. તે આ રીતે - (૧) વર્તમાન પર્યાયના આધાર સ્વરૂપ દ્રવ્યાંશ, (૨) પૂર્વાપર પરિણામમાં અનુગત ઉર્ધ્વતાસામાન્ય સ્વરૂપ દ્રવ્યાંશ અને (૩) સાદશ્ય અસ્તિત્વ સ્વરૂપ તિર્યક્સામાન્યાત્મક દ્રવ્યાંશ.

**સ્પષ્ટતા** :- (૧) 'गुणपर्यायवद् द्रव्यं' - આ વ્યાખ્યા મુજબ પર્યાયનો આધાર બને તે દ્રવ્ય કહેવાય. પર્યાય ક્ષણિક હોવાથી અતીત અને અનાગત પર્યાય વર્તમાનકાળે હાજર નથી હોતા. તેથી વસ્તુનો જે અંશ વર્તમાનકાલીન પર્યાયનો આધાર બને તે દ્રવ્યાંશ કહેવાય. (૨) બીજી શાખામાં દર્શાવેલ ઊર્ધ્વતાસામાન્ય પણ દ્રવ્યાંશ કહેવાય (૩) વર્તમાનકાલીન અનેક ઘડાઓમાં 'આ ઘડો છે, આ ઘડો છે' - આવી અનુગત બુદ્ધિને કરનાર ઘટનિષ્ઠ સાદશ્યઅસ્તિત્વ એ તિર્યક્સામાન્ય કહેવાય. બીજી શાખામાં વર્ણવેલ તે તિર્યક્સામાન્ય દ્રવ્યસ્વરૂપ છે. આમ પદાર્થગત દ્રવ્યાત્મક અંશ ત્રણ પ્રકારે સંભવે.

☼ મુદ્રિત પુસ્તકમાં '..ધારાંશદ્ર..' પાઠ છે. કો.(૧૨+૧૩)+પા. પ્રત મુજબ પાઠ અહીં લીધેલ છે. ♦ શાં.માં 'પર્યાયનતિર્યક્' અશુદ્ધ પાઠ. ₰ લી.(૩)માં 'ન' નથી. 1. भावमेव शब्दनयाः, शेषा इच्छन्ति सर्वनिक्षेपान्।

કહેતાં, એ સૂત્ર કિમ મિલઇ ?

तत्राऽऽद्यं द्रव्यांशं पर्यायास्तिकनयो न मन्यते, पर्यायातिरिक्ताऽऽधारस्य तन्मते कल्पितत्त्वात्।

नाऽपि द्वितीयम्, तन्मते पूर्वाऽपरपरिणामयोः विनष्टाऽनुत्पन्नत्वेनाऽसत्त्वात्, पूर्वापरपरिणामसाधारणवस्तुनोऽसत्त्वात्।

नाऽपि तृतीयम्, तन्मते सर्वेषां पर्यायाणां स्वलक्षणत्वेन सादृश्यस्यैवाऽसत्त्वात्। ततश्च ऋजुसूत्रस्य पर्यायास्तिकनयत्वे त्रिविधान्यतरद्रव्यांशाऽग्राहकत्वेन द्रव्यावश्यकप्रतिपादकत्वमेव न स्यात्। ततश्चोक्तम् **अनुयोगद्वार**सूत्रवचनं कथं सङ्गच्छेत ? तस्माद् ऋजुसूत्रः द्रव्यार्थिकनयतया वक्तव्यः।

**न चै**वमनुयोगद्वारसूत्रविरोधपरिहारेऽपि पूर्वं (६/१३) क्षणिकपर्यायवादी सूक्ष्मर्जुसूत्रः कियत्का-

### ❀ પર્યાયાર્થિકનયમાં દ્રવ્યાંશ અસ્વીકાર્ય ❀

**(तत्रा.)** ઉપરોક્ત ત્રણ પ્રકારના દ્રવ્યાંશમાંથી વર્તમાનપર્યાયઆધાર સ્વરૂપ પ્રથમ પ્રકારના દ્રવ્યાંશને પર્યાયાસ્તિક માનતો નથી. કારણ કે તેના મતે પર્યાયથી અતિરિક્ત આધાર વાસ્તવિક નથી, કલ્પિત છે.

**(नाऽपि.)** તથા ઊર્ધ્વતાસામાન્ય સ્વરૂપ બીજા પ્રકારના દ્રવ્યાંશને પણ પર્યાયાર્થિક માનતો નથી. કારણ કે ઊર્ધ્વતાસામાન્ય તો પૂર્વાપર પરિણામમાં અનુગત મૃત્તિકા આદિ દ્રવ્યસ્વરૂપ છે. તથા પર્યાયાર્થિકના મતે પૂર્વપરિણામ = પૂર્વકાલીન પર્યાય વિનષ્ટ હોવાથી વર્તમાનમાં હાજર નથી. તથા અપરપરિણામ = ભવિષ્યકાલીન પર્યાય અનુત્પન્ન હોવાથી વર્તમાનમાં હાજર નથી. તેથી પૂર્વાપરપરિણામમાં અનુગત એવું દ્રવ્ય (=વસ્તુ), પર્યાયાર્થિકનયના મતે સંભવતું નથી. તેથી બીજા પ્રકારનો દ્રવ્યાંશ પણ પર્યાયાર્થિકને માન્ય નથી.

**(नाऽपि तृ.)** ત્રીજા પ્રકારના દ્રવ્યાંશને પણ પર્યાયાર્થિક સ્વીકારતો નથી. ત્રીજા પ્રકારનો દ્રવ્યાંશ તિર્યક્સામાન્ય છે. તથા તિર્યક્સામાન્ય સાદૃશ્યઅસ્તિત્વ સ્વરૂપ છે. પર્યાયાર્થિકના મતે તમામ પર્યાયો સ્વલક્ષણસ્વરૂપ = પરસ્પર અત્યંત વિલક્ષણ = વિશેષાત્મક જ હોય છે. કોઈ પણ બે પર્યાય સરખા હોતા નથી. તેથી પર્યાયાર્થિકના મતે સાદૃશ્ય = તુલ્યપરિણામ જ અસત્ છે. તેથી સાદૃશ્યઅસ્તિત્વ સ્વરૂપ તિર્યક્સામાન્ય નામના ત્રીજા દ્રવ્યાંશને પણ પર્યાયાર્થિક માનતો નથી. આ ત્રણ પ્રકારના દ્રવ્યાંશ સિવાય ચોથા પ્રકારે દ્રવ્યાંશ સંભવતો નથી. તેથી ઋજુસૂત્ર જો પર્યાયાર્થિક હોય તો ઉપરોક્ત ત્રણ પ્રકારના દ્રવ્યાંશમાંથી એક પણ પ્રકારના દ્રવ્યાંશને તે સ્વીકારશે નહિ. કેમ કે પર્યાયાસ્તિક પદાર્થગત કોઈ પણ પ્રકારના દ્રવ્યાંશને માનવા તૈયાર નથી. તેથી ઋજુસૂત્ર જો પર્યાયાર્થિક હોય તો તે દ્રવ્યાંશગ્રાહક ન હોવાથી દ્રવ્યઆવશ્યકનું પ્રતિપાદન કરી નહિ શકે. તથા તેવું માનવામાં આવે તો "ઋજુસૂત્રના મતે એક અનુપયુક્ત સામાયિક આદિ આવશ્યક એટલે એક દ્રવ્યઆવશ્યક" - આવું પ્રતિપાદન કરનાર **અનુયોગદ્વારસૂત્ર** કઈ રીતે સંગત થશે ? તેની સાથે વિરોધ ન આવે તે માટે ઋજુસૂત્રને દ્રવ્યાર્થિક કહેવો જરૂરી છે.

**શંકા** :- **(न चै.)** ઋજુસૂત્રને દ્રવ્યાર્થિક કહેવા દ્વારા અનુયોગદ્વારસૂત્ર સાથે વિરોધનો પરિહાર ભલે થઈ જાય. પરંતુ પૂર્વે છઠ્ઠી શાખાના ૧૩ મા શ્લોકમાં જે વાત કહેલી તેની સાથે તમારે વિરોધ આવશે. ત્યાં જણાવેલ છે કે 'ક્ષણિક પર્યાયને માને-બોલે તે સૂક્ષ્મ ઋજુસૂત્રનય. તથા અલ્પ કાળ સુધી રહેનાર

તે માટઇં "*ક્ષણિકદ્રવ્યવાદી* સૂક્ષ્મ ઋજુસૂત્ર, તત્તદ્વર્ત્તમાનપર્યાયાપન્નદ્રવ્યવાદી સ્થૂલ ઋજુસૂત્ર ❖દ્રવ્યનય કહવો" - ઈમ સિદ્ધાન્તવાદી કહઇ છઇં.

"**अनुपयोगद्रव्यांशमेव सूत्रपरिभाषितमादायोक्तसूत्रं तार्किकमतेनोपपादनीयम् इत्यस्मदेकपरिशीलितः**

लीनपर्यायवादी च स्थूलर्जुसूत्रनयः इति यदुक्तं तद् विरुध्येतेति ***शङ्कनीयम्,***

तत्र क्षणिकद्रव्यवादी सूक्ष्मर्जुसूत्रः तत्तद्वर्तमानपर्यायापन्नद्रव्यवादी च स्थूलर्जुसूत्र इति व्याख्यानान्न कोऽपि दोषः। इत्थञ्च ऋजुसूत्रनयस्य द्रव्यार्थिकनयान्तर्भावेन दर्शिताऽ**नुयोगद्वारसूत्रो**क्तिरपि सङ्गच्छेत, सामायिकाद्यावश्यकसूत्रार्थानुपयुक्त-निरंश-क्षणिकाऽऽत्मद्रव्यस्य सूक्ष्मर्जुसूत्रनयमतेन तत्तत्सामायिकाद्यावश्यकसूत्रार्थाऽनुपयोगलक्षणनानास्थूलवर्तमानपर्यायापन्नात्मद्रव्यस्य च स्थूलर्जुसूत्रनयमतेन द्रव्यावश्यकत्वसम्भवादिति सिद्धान्तपक्षवादिनः सूरयो वदन्ति।

वस्तुतः तार्किकमतानुसारेण ऋजुसूत्रस्य पर्यायार्थिकनयत्वेऽपि [1]"अणुवओगो दव्वं" (अनु.द्वा. सू.१४) इति **अनुयोगद्वारसूत्र**परिभाषितम् अनुपयोगलक्षणं चतुर्थं द्रव्यांशमेव उपादाय वर्तमानानुपयुक्तावश्यकपर्याये द्रव्यपदोपचाराद् [2]"उज्जुसुअस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, पुहत्तं णेच्छइ"

પર્યાયને માને-બોલે તે સ્થૂલ ઋજુસૂત્રનય.' તેથી ઋજુસૂત્રને દ્રવ્યાર્થિકનય કહો તો ક્ષણિક કે કિયત્કાલીન પર્યાયને માનવાની કે બોલવાની વાત ઋજુસૂત્રનયમાં કઈ રીતે સંગત થશે ?

### ❋ ઋજુસૂત્રવ્યાખ્યામાં પરિષ્કાર ❋

**સમાધાન** :- (तत्र.) આ વિરોધનો પરિહાર ત્યાં વ્યાખ્યાને થોડી બદલી દેવાથી = પરિષ્કાર કરવાથી થઈ જશે. તે આ રીતે - સૂક્ષ્મ ઋજુસૂત્ર ક્ષણિક દ્રવ્યને માને-બોલે. તથા સ્થૂલ ઋજુસૂત્ર તત્ તત્ વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરનાર દ્રવ્યને માને-બોલે. પૂર્વે (૬/૧૩) દર્શાવેલ ઋજુસૂત્રનયના બે ભેદની આ રીતે વ્યાખ્યા કરવાથી ઋજુસૂત્રને દ્રવ્યાર્થિક માની શકાશે. તેથી **અનુયોગદ્વારસૂત્ર**ના વિરોધનો પણ પરિહાર થઈ જશે. તે આ રીતે - સૂક્ષ્મ ઋજુસૂત્રના મતે સામાયિક વગેરે આવશ્યકસૂત્રના અર્થમાં ઉપયોગ ન રાખનાર નિરંશ, ક્ષણિક આત્મદ્રવ્ય = દ્રવ્યઆવશ્યક. તથા સ્થૂળ ઋજુસૂત્રના મતે તે તે સામાયિક આદિ આવશ્યકસૂત્રના અર્થમાં ઉપયોગ ન રાખવા સ્વરૂપ જુદા જુદા સ્થૂલ (= સામાન્યતઃ અન્તર્મુહૂર્તકાલવ્યાપી) વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરેલ આત્મદ્રવ્ય = દ્રવ્યઆવશ્યક. આમ ઋજુસૂત્રનયના મતે દ્રવ્યઆવશ્યક સંભવી શકે છે. આ મુજબ સિદ્ધાન્તપક્ષવાદી શ્રી**જિનભદ્રગણી ક્ષમાશ્રમણ** વગેરે પૂર્વાચાર્યો કહે છે.

### ❋ ચોથા દ્રવ્યાંશનું નિરૂપણ ❋

(वस्तु.) વાસ્તવમાં તો તાર્કિકમત મુજબ ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનય માનવામાં આવે તો પણ અનુયોગદ્વારસૂત્રનો વિરોધ આવવાની સંભાવના નથી. આનું કારણ એ છે કે 'અનુપયોગ દ્રવ્ય કહેવાય' - આ પ્રમાણે **અનુયોગદ્વારસૂત્ર**માં અનુપયોગસ્વરૂપ પારિભાષિક ચોથા પ્રકારનો જે દ્રવ્યાંશ દર્શાવેલ છે, તેને લઈને વર્તમાન અનુપયુક્ત આવશ્યકપર્યાયમાં 'દ્રવ્ય' પદનો ઉપચાર કરી શકાય છે. તથા

❖ કો.(૧૨+૧૩) + લા.(૨)માં 'દ્રવ્યનય' પાઠ. પુસ્તકોમાં 'નય' પાઠ.

1. अनुपयोगः द्रव्यम्। 2. ऋजुसूत्रस्य एकः अनुपयुक्तः आगमतः एकं द्रव्यावश्यकम्, पृथक्त्वं न इच्छति।

**पन्थाः" ॥८/१३॥**

(अनु.द्वा.सू.१५) इति **अनुयोगद्वारसूत्र**वचनं **सिद्धसेना**दितार्किकसूरिमतेन उपपादनीयम्, पर्यायास्तिकनयेन मुख्यद्रव्यांशस्यैव प्रतिक्षेपात्, न त्वौपचारिकस्यानुपयोगलक्षणस्य द्रव्यांशस्येति अस्मदेकपरिशीलितः पन्थाः इति **महोपाध्याययशोविजयगणिवराः द्रव्य-गुण-पर्यायरासस्तबके** प्राहुः।

"नैतत् कमनीयम्, नामादिवदनुपचरितद्रव्यनिक्षेपदर्शनपरत्वादुक्तसूत्रस्य। न चेदेवम्, शब्दादिष्वपि कथञ्चिदुपचारेण द्रव्यनिक्षेपप्रसङ्गात्, [1]"पुहत्तं नेच्छइ" (अनु.द्वा.१५) इत्यादिना अनुपयुक्तसामायिकाद्यावश्यकेषु पृथक्त्वनिषेधेऽपृथक्त्वेन द्रव्यविधेरावश्यकत्वात्, एकविशेषनिषेधस्य तदितरविशेषविधिपर्यवसायित्वादित्यादिस्तु **जिनभद्र**मुखारविन्दनिर्गलद्वचनमकरन्दसन्दर्भोपजीविनां ध्वनिः" (शा.वा.स्त.७/का.१७वृ./पृ.१०७)

આવા પ્રકારનો ઉપચાર કરીને 'એક અનુપયુક્ત સામાયિક આદિ આવશ્યક ઋજુસૂત્રનયના મતે એક દ્રવ્યઆવશ્યક છે. તેના મતે દ્રવ્યઆવશ્યકમાં અનેકત્વ ઈષ્ટ નથી' - આ પ્રમાણે **અનુયોગદ્વારસૂત્ર**નું જે વચન ઉપલબ્ધ થાય છે તેની સંગતિ **સિદ્ધસેન દિવાકરજી** વગેરે તાર્કિક જૈનાચાર્યોના મતે થઈ શકે છે. આનું કારણ એ છે કે પર્યાયાસ્તિકનય મુખ્ય દ્રવ્ય અંશનો જ અપલાપ કરે છે. અનુપયોગસ્વરૂપ ઔપચારિક દ્રવ્ય અંશનો અપલાપ પર્યાયાસ્તિકનય કરતો નથી. આ પ્રમાણે અનુયોગદ્વારસૂત્રના સમર્થનનો માત્ર અમે ખેડેલો માર્ગ જાણવો. આ પ્રમાણે **મહોપાધ્યાય યશોવિજયજી** ગણિવર દ્રવ્ય-ગુણ-પર્યાય રાસના સ્તબકમાં જણાવે છે. આ રીતે તાર્કિકમતનું મહોપાધ્યાયજી મહારાજે સમર્થન કર્યું છે.

## ❀ સૈદ્ધાન્તિકમતનું સમર્થન ❀

(**"नैतत्.**) "પરંતુ ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનય માનીને અનુપયોગ સ્વરૂપ પારિભાષિક દ્રવ્યાંશને લઈને ઉપરોક્ત રીતે અનુયોગદ્વારસૂત્રનું તાર્કિકમતે સમર્થન કરવું વ્યાજબી નથી. આનું કારણ એ છે કે નામાદિ નિક્ષેપની જેમ આવશ્યકસંબંધી અનુપચરિત દ્રવ્ય નિક્ષેપને જ ઋજુસૂત્રનયનો વિષય બતાવવામાં ઉપરોક્ત અનુયોગદ્વારસૂત્ર તત્પર છે. મતલબ કે 'એક અનુપયુક્ત સામાયિક આદિ આવશ્યક ઋજુસૂત્ર નયના મતે એક દ્રવ્યઆવશ્યક છે' - આ પ્રમાણે **અનુયોગદ્વારસૂત્ર**માં ઋજુસૂત્રના વિષયરૂપે સામાયિક આદિ આવશ્યકસંબંધી જે દ્રવ્યનિક્ષેપ દર્શાવેલ છે તે પારિભાષિક = ઔપચારિક દ્રવ્યાંશને દર્શાવવામાં તત્પર નથી. પરંતુ અનુપચરિત = વાસ્તવિક દ્રવ્યાંશને જણાવવામાં જ તે સૂત્ર તત્પર છે. જો 'સામાયિક આદિ આવશ્યકસંબંધી અનુપચરિત દ્રવ્યનિક્ષેપ ઋજુસૂત્રનયનો વિષય છે' - આવું દર્શાવવાનું અનુયોગદ્વારસૂત્રનું તાત્પર્ય માનવામાં ન આવે તો શબ્દાદિ નયોના વિષયમાં પણ કારણતા વગેરે સ્વરૂપ દ્રવ્યસાદશ્યને લઈને કારણતાના આશ્રયમાં દ્રવ્યપદનો ઉપચાર કરીને શબ્દાદિ નયોમાં પણ દ્રવ્યનિક્ષેપને સ્વીકારવાની આપત્તિ દુર્વાર બનશે. બીજી વાત એ છે કે [1]**"पुहत्तं नेच्छइ"** ઇત્યાદિરૂપે ઉપરોક્ત **અનુયોગદ્વારસૂત્ર**માં અનુપયુક્ત સામાયિક આદિ આવશ્યકોમાં = દ્રવ્યઆવશ્યકમાં પૃથક્ત્વનો = અનેકત્વનો નિષેધ કરેલ છે. તેથી તે આવશ્યકનું અપૃથક્રૂપે = એકદ્રવ્યરૂપે વિધાન કરવું અનિવાર્ય છે. કારણ કે કોઈ પણ સામાન્ય વસ્તુના એક વિશેષ અંશનો નિષેધ તેના અન્ય વિશેષ ગુણધર્મોનું વિધાન કરવામાં ફલિત થાય છે. આ પ્રમાણે **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણના મુખારવિંદમાંથી નીકળતા વચનાત્મક મકરંદના સંદર્ભ ઉપર નિર્ભર રહેવાવાળા વિદ્વાનોનો અવાજ છે." તે **શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય** ગ્રંથની **સ્યાદ્વાદકલ્પલતા**

1. पृथक्त्वं नेच्छति।

**स्याद्वादकल्पलतायां** सप्तमस्तबके श्रूयते। प्रकृते 'अपृथक्त्वेन = एकद्रव्यत्वेन' इति विवरणतः ऋजुसूत्रनयः अनुपचरितद्रव्यनिक्षेपमभ्युपगच्छतीति सिद्धमित्याकूतम्। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [1]"इच्छइ सुयम्मि भणियं सो दव्वं किंतु न पुहत्तं" (वि.आ.भा.२८४८) इति। 'सुयम्मि = **अनुयोगद्वारसूत्रे**'। 'सो = ऋजुसूत्रः'। अधिकन्तु जिज्ञासुभिः **विशेषावश्यकभाष्य-स्याद्वादकल्पलता**तोऽवसेयम्।

"यदि चानुपयोगांशमादाय वर्तमानावश्यकपर्याये द्रव्यपदोपचाराद् द्रव्यावश्यकत्वसङ्गतिकरणेऽपि 'एकोऽनुपयुक्त एकं द्रव्यावश्यकमि'त्यत्रानुपयोगस्य विषयनियन्त्रितत्वेनाऽर्थैक्यादुद्देश्य-विधेयभावानुपपत्तिरिति विभाव्यते,

વ્યાખ્યાના સાતમા સ્તબકમાં સંભળાય છે. પ્રસ્તુતમાં 'અપૃથકત્વ' શબ્દનો અર્થ 'એકદ્રવ્યત્વ' કરવાથી ઋજુસૂત્રનય અનુપચરિત દ્રવ્યનિક્ષેપને માને છે - તેમ સિદ્ધ થાય છે. આ પ્રમાણે **સ્યાદ્વાદકલ્પલતા**વિવરણનું તાત્પર્ય જણાય છે. કેમ કે **વિશેષાવશ્યકભાષ્ય**માં **શ્રીજિનભદ્ર**ગણી ક્ષમાશ્રમણે જણાવેલ છે કે "ઋજુસૂત્ર દ્રવ્યનિક્ષેપને માને જ છે. પરંતુ અનેક દ્રવ્યાવશ્યકને (પૃથક્ત્વને) નથી માનતો. આ મુજબ **અનુયોગદ્વારસૂત્ર**માં જણાવેલ છે." આ રીતે **શ્રીજિનભદ્ર**ગણીજીનો મત છે. આ અંગે અધિક જાણકારી જિજ્ઞાસુ વાચકવર્ગે **વિશેષાવશ્યકભાષ્ય**માંથી તથા **સ્યાદ્વાદકલ્પલતા**માંથી મેળવી લેવી.

## ❖ તાર્કિકમતનું નિરાકરણ : નયોપદેશવૃત્તિ ❖

("**यदि.**) "અનુપયોગસ્વરૂપ પારિભાષિક દ્રવ્યાંશને લઈને વર્તમાન આવશ્યકપર્યાયમાં 'દ્રવ્ય' પદનો ઔપચારિક પ્રયોગ કરીને 'અનુપયુક્ત સામાયિક આદિ વર્તમાન આવશ્યકપર્યાય ઋજુસૂત્રના મતે દ્રવ્યઆવશ્યક છે' - આ પ્રમાણે, તાર્કિકમતાનુસાર, અર્થસંગતિ કરવામાં આવે તો પણ **અનુયોગદ્વારસૂત્ર**માં 'એક અનુપયુક્ત ઋજુસૂત્રના મતે એક દ્રવ્યઆવશ્યક છે' - આ પ્રમાણે જે જણાવેલ છે ત્યાં પૂર્વાર્ધ ભાગ ઉદ્દેશ્યરૂપ અને ઉત્તરાર્ધ ભાગ વિધેયસ્વરૂપ હોવાથી ઉદ્દેશ્ય-વિધેયભાવની અસંગતિ થશે. મતલબ કે 'એક અનુપયુક્ત આવશ્યક' ને ઉદ્દેશીને 'એક દ્રવ્ય આવશ્યક'નું વિધાન **અનુયોગદ્વારસૂત્ર**માં કરવામાં આવેલ છે. ઉદ્દેશ્યભાગમાં અનુપયોગ વિષયથી નિયંત્રિત થયેલો છે. કારણ કે ઉપયોગ નિયમા સવિષયક હોય છે. તેથી ઉદ્દેશ્યભાગનો અર્થ થશે - 'એક આવશ્યકગોચર વર્તમાન ઉપયોગનો અભાવ.' તથા વિધેયભાગમાં પણ 'દ્રવ્યઆવશ્યક' કહેવા દ્વારા ઉપરોક્ત રીતે વિષયથી નિયંત્રિત એવો અનુપયોગ પ્રવેશ પામેલ છે. પરંતુ આ રીતે માનવામાં તો ઉદ્દેશ્ય વિભાગનો અર્થ અને વિધેય વિભાગનો અર્થ એક બની જશે. તેથી ઉદ્દેશ્ય-વિધેયભાવ જ અસંગત થઈ જશે. કારણ કે અનુપયોગસ્વરૂપે જ દ્રવ્યઆવશ્યકતાનું પ્રતિપાદન એવું સૂચવે છે કે દ્રવ્યઆવશ્યક એટલે અનુપયુક્ત આવશ્યક. અર્થાત્ આવશ્યકવિષયક વર્તમાન ઉપયોગનો અભાવ. તેથી 'એક અનુપયુક્ત આવશ્યક એક દ્રવ્યઆવશ્યક છે' - આ પ્રમાણે **અનુયોગદ્વારસૂત્ર**માં ઋજુસૂત્રનો જે મત દર્શાવેલ છે, તેનું અર્થઘટન એમ થશે કે 'એક અનુપયુક્ત આવશ્યક એક અનુપયુક્ત આવશ્યક છે.' અર્થાત્ 'એક આવશ્યકગોચર વર્તમાન ઉપયોગનો અભાવ એ એક આવશ્યકગોચર વર્તમાન ઉપયોગનો અભાવ છે.' અહીં ઉપરોક્ત વાક્યના પૂર્વાર્ધમાં રહેલ ઉદ્દેશ્ય ભાગ અને ઉત્તરાર્ધમાં રહેલ વિધેય ભાગ - આ બન્નેના અર્થમાં કશો જ તફાવત

1. इच्छति श्रुते भणितं स द्रव्यं किन्तु न पृथक्त्वम्।

तदा द्रव्यावश्यकपदं द्रव्यावश्यकत्वेन व्यवहर्तव्यपरं विवरणपरतया वैतद् योजनीयमिति न कश्चिद् दोष इत्यालोचयामः" (नयो.का.१८ वृ.) इति **नयामृततरङ्गिण्य**भिधानायां **नयोपदेशवृत्तौ यशोविजयवाचकेन्द्राः** एव वदन्ति।

अयमत्राशयः – यथा 'घटमानय' इत्युक्ते 'घट इति किम् ?' इति पर्यनुयोगे सति 'कुम्भः घटः' इत्युत्तरेण 'घटपदं घटत्वेन व्यवहर्त्तव्यपरमि'त्यवगम्य –'कुम्भो घटत्वेन व्यवहर्तव्यः' इति शाब्दबोधो जायते तथा 'एकोऽनुपयुक्त एकं द्रव्यावश्यकमि'त्युक्ते 'द्रव्यावश्यकपदं द्रव्यावश्यकत्वेन

---

નથી. તેથી અનુપયોગરૂપ દ્રવ્યાંશની વિવક્ષા કરવાથી ઉદ્દેશ્ય-વિધેયભાવ સંગત ન થાય. ('રામ રાજા છે' - આવું બોલાય. કારણ કે રામને ઉદ્દેશીને રાજાપણાનું વિધાન કરવામાં આવે છે. અહીં 'રામ' અને 'રાજા' શબ્દના અર્થમાં ફરક હોવાથી ઉપરોક્ત રીતે ઉદ્દેશ્ય - વિધેયભાવ સંભવી શકે છે. પરંતુ 'રામ કોણ છે ?' - આ પ્રશ્નના જવાબરૂપે 'રામ રામ છે' - આવું ન બોલાય. કારણ કે રામને ઉદ્દેશીને રામનું જ વિધાન ઉપરોક્ત વાક્યમાં કરવામાં આવે છે કે જે શક્ય નથી. કેમ કે 'રામ' અને 'રામ' શબ્દના અર્થમાં તો કોઈ જ ફરક નથી. જે બે શબ્દના અર્થમાં ફરક હોય તથા ઉદ્દેશ્યતા-અવચ્છેદક અને વિધેય બન્નેનું સામાન્યાધિકરણ્ય સંભવિત હોય ત્યાં જ ઉદ્દેશ્ય-વિધેયભાવ સંભવી શકે.)"

### ❋ તાર્કિકમતનું સમર્થન : નયોપદેશવૃત્તિ ❋

(**तदा.**) "જો આ પ્રમાણે તાર્કિકમતમાં આપત્તિ આપવામાં આવે તો દ્રવ્યઆવશ્યક તરીકે જેનો વ્યવહાર થાય છે તે પદાર્થનો વાચક 'દ્રવ્યઆવશ્યક' શબ્દ છે - તેવી રીતે, તાર્કિક મતાનુસાર, અર્થ-સંગતિ કરવી. અથવા 'દ્રવ્યઆવશ્યક' શબ્દ વિવરણ કરવામાં તત્પર છે - તે રીતે તાર્કિકમતથી યોજના કરવી. તેથી ઋજુસૂત્રનયને પર્યાયાર્થિક માનવામાં કે **અનુયોગદ્વારસૂત્રનું** સમર્થન કરવામાં કોઈ પણ દોષ નહિ આવે. એવું અમે વિચારીએ છીએ." આ પ્રમાણે **મહોપાધ્યાય યશોવિજયજી** મહારાજે જ **નયોપદેશ** ગ્રંથની **નયામૃતતરંગિણી** નામની સ્વોપજ્ઞ વૃત્તિમાં જણાવેલ છે.

### ❋ ઉદ્દેશ્ય-વિધેયભાવની વિચારણા ❋

(**अयम.**) અહીં **મહોપાધ્યાયજી** મહારાજનો આશય એ છે કે ઘટ અને કુંભ શબ્દનો અર્થ એક જ છે. તેથી 'કુંભ ઘટ છે' - આ પ્રમાણે કુંભત્વને ઉદ્દેશીને ઘટનું વિધાન થઈ શકતું નથી. તેમ છતાં કોઈ માણસ કુંભને ઘડો કહેવાય તેવું સમજતો ન હોય ત્યારે 'ઘડો લાવ'- આ પ્રમાણે તેને કહેવામાં આવે ત્યારે તે પ્રશ્ન કરે છે કે 'ઘડો એટલે શું ?' ત્યારે સામેની વ્યક્તિ બાહોશ હોવાથી સમજી જાય છે કે 'કુંભને ઘડો કહેવાય' - તેવું આ માણસ સમજતો નથી. તેથી કુંભથી પરિચિત એવા તે માણસને સામેની વ્યક્તિ કહે છે કે 'કુંભ એ ઘડો છે.' અહીં કુંભને ઉદ્દેશીને ઘટત્વનું વિધાન કરવામાં આવે છે. યદ્યપિ કુંભ અને ઘટ શબ્દના અર્થમાં કોઈ ફરક નથી. તેમ છતાં ઉપરોક્ત સ્થળે ઉદ્દેશ્ય-વિધેયભાવ સહુ કોઈને સંમત છે. પરંતુ "કુંભત્વ અને ઘટત્વ એક હોવાથી ઉદ્દેશ્યતાઅવચ્છેદક અને વિધેય વચ્ચે કોઈ તફાવત ન રહેવાથી ઉદ્દેશ્ય-વિધેયભાવ કઈ રીતે સંગત થઈ શકે ?" આ પ્રશ્નનું સમાધાન એ છે કે ઉપરોક્ત સ્થળે 'ઘટ' પદ ઘટ તરીકે જેનો વ્યવહાર થાય તેને બતાવવામાં તત્પર છે. મતલબ કે 'કુંભ એ ઘડો છે' - આ પ્રકારે જે જવાબ આપવામાં આવેલ છે, તેનું અર્થઘટન એવું થાય છે

व्यवहर्तव्यपरमि'त्यवगम्य 'एकोऽनुपयुक्त एकद्रव्यावश्यकत्वेन व्यवहर्तव्य' इति शाब्दबोध उदेति। एवमुपदर्शितानुयोगद्वारसूत्रं सोद्देश्य-विधेयभावं तार्किकमतेऽपि सङ्गच्छते।

यद्वा 'को हंसः ?' इति पर्यनुयोगे "पयोऽम्बुभेदी हंसः स्याद्" (**प्रमाणमीमांसावृत्तौ** १/२/४ उद्धरणम्) इत्युत्तरस्य यथा विवरणरूपता तथैव तार्किकमतानुसारेण 'किमेकं द्रव्यावश्यकम् ?' इति प्रश्ने 'एकोऽनुपयुक्त एकं द्रव्यावश्यकमि'ति प्रत्युत्तरस्याऽपि विवरणरूपतया नोद्देश्य-विधेयभावाऽसङ्गतिरिति **नयोपदेशवृत्ति**दर्शितकल्पान्तरतात्पर्यमित्यवधेयम्। **नयरहस्ये**ऽपि (पृ.३८) तार्किकमतं परिष्कृतं समर्थितञ्च **यशोविजयवाचकैः**।

(१) ***यथा*** **हरिभद्रसूरिभिः आवश्यकनिर्युक्तिवृत्तौ** (श्लो.७५९) ऋजुसूत्रस्य द्रव्यास्तिकत्वम्

---

કે 'કુંભ એ ઘડા તરીકે વ્યવહાર કરવા યોગ્ય છે.' મતલબ કે ઉપરોક્ત વાક્ય દ્વારા કુંભને ઉદ્દેશીને ઘડા તરીકેનો વ્યવહાર કરવો - એવું વિધાન કરવું અભિપ્રેત છે. અહીં ઉદ્દેશ્યતાઅવચ્છેદક અને વિધેય બદલાઈ જવાથી ઉદ્દેશ્ય-વિધેયભાવ સંગત થઈ શકે છે. બરાબર આ જ રીતે પ્રસ્તુતમાં પણ એવું સમજવું કે 'એક અનુપયુક્ત આવશ્યક એ એક દ્રવ્યઆવશ્યક છે' - આ પ્રમાણે **અનુયોગદ્વારસૂત્ર**ના વચનનું અર્થઘટન આ મુજબ કરવું કે 'એક અનુપયુક્ત આવશ્યક એ એક દ્રવ્ય આવશ્યક તરીકે વ્યવહાર કરવા યોગ્ય છે.' મતલબ કે એક અનુપયુક્ત આવશ્યકને ઉદ્દેશીને એક દ્રવ્ય આવશ્યક તરીકે વ્યવહાર કરવો - એવું વિધાન કરવાનું અનુયોગદ્વારસૂત્રકારને અભિપ્રેત છે. આ રીતે તાર્કિકમતાનુસાર પણ **અનુયોગદ્વારસૂત્ર**ની તથા તેમાં જણાવેલ ઉદ્દેશ્ય-વિધેયભાવની સંગતિ થઈ શકે છે.

### ❈ 'વિવરણ'ની સમજણ ❈

(**यद्वा.**) 'હંસ કોને કહેવાય ?' આમ કોઈ પૂછે ત્યારે વિદ્વાન માણસ કહે છે કે 'દૂધ અને પાણીને જુદા પાડે તેવા પંખીને હંસ કહેવાય. દૂધ અને પાણીને જુદું પાડનાર પંખી તથા હંસ - આ બન્ને પદાર્થ એક જ છે, જુદા નથી. તેમ છતાં હંસનું વિવરણ કરવાના લીધે તેવું વાક્ય નિર્દોષ મનાય છે. તે જ રીતે 'ઋજુસૂત્રનયના મતે એક દ્રવ્યઆવશ્યક કોને કહેવાય ?' આવો કોઈ પ્રશ્ન પૂછે તો તેના જવાબમાં **અનુયોગદ્વારસૂત્રકાર** ફરમાવે છે કે 'એક અનુપયુક્ત આવશ્યક એ એક દ્રવ્યઆવશ્યક છે.' અહીં અનુપયુક્ત આવશ્યક અને દ્રવ્યઆવશ્યક આ બન્ને પદાર્થ, તાર્કિકમતાનુસાર, એક જ છે, જુદા નથી. તેમ છતાં દ્રવ્યઆવશ્યકનું વિવરણ કરવાના લીધે અનુયોગદ્વારસૂત્રકારનો જવાબ નિર્દોષ જ છે. વિવરણ-રૂપતાના લીધે ઉદ્દેશ્ય-વિધેયભાવની ત્યાં અસંગતિ નથી. **નયોપદેશ** ગ્રંથની **નયામૃતતરંગિણી** વ્યાખ્યામાં 'वा' = 'અથવા' કહેવા દ્વારા જે બીજો વિકલ્પ બતાવેલ છે તેનો અર્થ આ રીતે સમજવો. **નયરહસ્ય**માં પણ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**એ પ્રસ્તુત તાર્કિકમતનો પરિષ્કાર અને તેનું સમર્થન કરેલ છે.

### ❖ સમ્યક્ ક્ષયોપશમની વિવિધતા ❖

(**यथा.**) અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે (**૧**) **શ્રીહરિભદ્રસૂરિજી** જેવા સમર્થ તાર્કિક આગમટીકાકારશ્રીએ **આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા**માં (ગાથા-૭૫૯) ઋજુસૂત્રનયને દ્રવ્યાસ્તિક જણાવેલ છે. તથા **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યા**માં (સૂ.૯૭) તેઓશ્રીએ જ ઋજુસૂત્રનયને પર્યાયાર્થિક જણાવેલ છે.

**अनुयोगद्वारसूत्रवृत्तौ**(सू.९७) च तैः तस्य पर्यायार्थिकत्वं दर्शितम्, (२) यथा च **हेमचन्द्रसूरिभिः विशेषावश्यकभाष्यवृत्तौ** (गा.२२६४) पूर्वम् ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वं दर्शितं पश्चात् तैरेव तत्रैवाऽग्रे द्विकृत्वः (वि.आ.भा.३३७० + ३५८७) **अनुयोगद्वारसूत्रवृत्तौ** (अनु.सू.९७) च द्विकृत्वः तस्य पर्यायार्थिकत्वं दर्शितम्, (३) यथा च **हेमचन्द्रसूरि**भिरेव [1]"भावं चिय..." (वि.आ.भा.२८४७) इत्यादि पूर्वोक्त(४/१३+८/१०) **विशेषावश्यकभाष्यवृत्तौ** ऋजुसूत्रस्य अशुद्धत्वं दर्शितं पश्चाच्च तैरेव तत्रैवाऽग्रे सामायिकनिरूपणावसरे "शुद्धानां तु निश्चयनयरूपाणाम् ऋजुसूत्रादीनां कृतं तद्" (वि.आ.भा.३३७० वृ.) इत्येवम्, श्रुतज्ञान-द्वितीयभेदनिरूपणावसरे तत्रैव "शुद्धानां तु ऋजुसूत्रादीनां ज्ञानं क्षरमेव" (वि.आ.भा.४५५ वृ.) इत्येवम्, "सुद्धनया निव्वाणं संजमं बेंति" (वि.आ.भा.११३२) इति **विशेषावश्यकभाष्यस्य वृत्तौ** च "शुद्धनयाः ऋजुसूत्र-शब्दादयः" (वि.आ.भा.११३२ वृ.) इत्येवम् ऋजुसूत्रस्य विशुद्धत्वं कण्ठत उक्तम्, (४) यथा च **हेमचन्द्रसूरि**भिरेव **जीवसमासवृत्तौ** (गा.८५) कालस्याऽतिरिक्तद्रव्यरूपता दर्शिता, पश्चाच्च तैरेव **विशेषावश्यकभाष्यवृत्तौ** (गा.२०३३/२०३५) **अनुयोगद्वारसूत्रवृत्तौ** (सूत्र-१३१/पृ.१८५) च कालस्य जीवाजीव-पर्यायरूपता दर्शिता, (५) यथा च तैरेव **विशेषावश्यकभाष्यवृत्तौ** (गा.१४१,३१६,३९८,२१८०) अर्थ

(२) मलधारी श्री**हेमचन्द्रसूरि**જી જેવા સમર્થ આગમટીકાકારે પણ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં પૂર્વે (ગા.૨૨૬૪) ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકરૂપે જણાવ્યો તથા પછી તે જ ગ્રંથમાં આગળ (ગા.૩૩૭૦ +૩૫૮૭) તેઓશ્રીએ બે વાર ઋજુસૂત્રને પર્યાયાર્થિકનય તરીકે જણાવેલ છે. તેમજ **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યા**માં પણ તેઓશ્રીએ જ બે વાર ઋજુસૂત્રને પર્યાયાર્થિક તરીકે દર્શાવેલ છે. આ વાતને હમણાં (૮/૧૩) જ આપણે જોઈ ગયા છીએ તથા પૂર્વે (૬/૧૨) પણ **અનુયોગદ્વારવૃત્તિ**ના સંદર્ભમાં સમજી ગયા છીએ.

(૩) તેમજ [1]"भावं चिय...." ઈત્યાદિ પૂર્વોક્ત(૪/૧૩+૮/૧૦) **વિશેષાવશ્યકભાષ્ય**ગાથાની **વ્યાખ્યા**માં **હેમચંદ્રસૂરિ**જીએ ઋજુસૂત્રનયને અશુદ્ધ જણાવેલ છે તથા પાછળથી તેઓશ્રીએ જ તે જ ગ્રંથમાં આગળ 'સામાયિક કૃત છે કે અકૃત ?' આ વિષયનું નિરૂપણ કરવાના અવસરે "નિશ્ચયનયસ્વરૂપ શુદ્ધ ઋજુસૂત્ર વગેરે નયોના મતે સામાયિક કૃત છે" - આવું કહેવા દ્વારા ઋજુસૂત્રને શુદ્ધનય જણાવેલ છે. તે જ રીતે શ્રુતજ્ઞાનના 'ક્ષર' નામના બીજા ભેદને સમજાવવાના અવસરે તેઓએ **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં "ઋજુસૂત્ર વગેરે શુદ્ધનયોના મતે તો જ્ઞાન ક્ષર = નશ્વર જ છે" - આવું કહેવા દ્વારા ઋજુસૂત્રને શુદ્ધનય જણાવેલ છે. તથા 'શુદ્ધ નયો સંયમને જ મોક્ષ કહે છે' - આ **વિશેષાવશ્યકભાષ્યની વ્યાખ્યા**માં પણ તેઓએ 'ઋજુસૂત્ર, શબ્દનય વગેરે શુદ્ધ નયો છે' - આમ જણાવેલ છે.

(૪) તેમજ મલધારી **હેમચન્દ્રસૂરિ**જીએ **જીવસમાસવ્યાખ્યા**માં કાળને સ્વતંત્ર છઠ્ઠા દ્રવ્ય તરીકે જણાવેલ છે. તથા પાછળથી તેઓશ્રીએ જ **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં અને **અનુયોગદ્વારસૂત્રવ્યાખ્યા**માં કાળને જીવાજીવના પર્યાયસ્વરૂપે જણાવેલ છે.

(૫) તથા શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ જ **વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ**માં અર્થપર્યાય અને વ્યંજનપર્યાય વિશે પોતાના જુદા-જુદા પાંચ અભિપ્રાયને સૂચિત કર્યા છે.

1. भावं चैव......।

-व्यञ्जनपर्यायगोचरं स्वाभिप्रायपञ्चकं द्योतितम् ***तथा*** **महोपाध्याययशोविजयगणिवरैः द्रव्य-गुण-पर्यायरासस्तबके** (८/१३), **नयोपदेशवृत्तौ** (का.१८) **नयरहस्ये** (पृ.३८) च तार्किकमतमनुसृतम्, **स्याद्वादकल्पलतायाञ्च** (७।१७) आगमिकमतं समर्थितम्, एकस्यापि ग्रन्थकृतः क्षेत्र-कालाऽवस्थादिभेदेन ज्ञानावरणादिकर्मक्षयोपशमवैविध्यसम्भवात्। सर्वेऽपि एते सदादेशाः भगवदनुमतनानाभिप्रायाऽनुयायित्वादित्यवधेयम्।

**मलयगिरिचरणैस्तु आवश्यकनिर्युक्तिवृत्तौ** प्रथमगाथावतरणिकायां "(**अनुयोगद्वार**)सूत्राभिप्रायेण तु ऋजुसूत्रोऽपि अविशुद्धो द्रव्यास्तिकनयः, तस्यापि द्रव्याभ्युपगमात्। तथा **चानुयोगद्वारसूत्रम्** – [1]"उज्जुसुयस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, पुहत्तं नेच्छइ" (अनु.द्वा.सू.१५) इति" (आ.नि.पृ.१२) व्याख्यातम्।

तेषामयमभिप्रायः अस्माकं प्रतिभाति यदुत – ऋजुसूत्रस्य सिद्धसेनीयमते पर्यायार्थिकत्वं श्रीजिनभद्रगणिमते च द्रव्यार्थिकत्वमिति मतद्वयसमन्वयार्थं शुद्धाऽशुद्धभेदेन ऋजुसूत्रं द्विविधतया विभज्य शुद्धर्जुसूत्रस्य पर्यायमात्राभ्युपगमपरत्वात् सिद्धसेनीयाऽभिप्रायेण पर्यायार्थिकेऽन्तर्भावः, अशुद्धर्जु-

---

જેમ હરિભદ્રસૂરિજી અને હેમચન્દ્રસૂરિજી જુદા-જુદા ગ્રંથમાં ઋજુસૂત્રનય વગેરેની બાબતમાં ક્યારેક સૈદ્ધાન્તિકમતને, તો ક્યારેક તાર્કિકમતને અનુસર્યા છે, તેમ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** ગણિવરશ્રી પણ ઋજુસૂત્રનયની બાબતમાં દ્રવ્ય-ગુણ-પર્યાયરાસના ટબામાં (૮/૧૩), **નયોપદેશવૃત્તિ નયામૃતતરંગિણી**માં અને **નયરહસ્ય**માં તાર્કિકમતને અનુસર્યા છે તથા **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**ની પ્રૌઢ વ્યાખ્યા **સ્યાદ્વાદકલ્પલતા**માં (૭/૧૭) તેઓશ્રીએ આગમિકમતનું સમર્થન કરેલ છે. આમ એક જ બાબતમાં વિવિધ પ્રકારનું નિરૂપણ અલગ-અલગ ગ્રંથોમાં એક જ ગ્રંથકાર પરમર્ષિ કરે છે, તેનું કારણ એ છે કે ક્ષેત્ર-કાળ-અવસ્થા (= આત્મદશા) વગેરે બદલવાના નિમિત્તે જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમમાં પણ વૈવિધ્ય સંભવે છે. એક જ વ્યક્તિએ મોક્ષમાર્ગાનુસારિણી પ્રજ્ઞાના પ્રકર્ષથી એક જ બાબતમાં પોતાના અલગ-અલગ તારણો અલગ અલગ સ્થળે દર્શાવેલ હોય તેવું શક્ય છે. પરંતુ 'આમાં એક મત સાચો અને બીજો મત ખોટો' - આવું નક્કી ન કરી લેવું. પરંતુ સર્વજ્ઞ ભગવંતને માન્ય એવા વિવિધ અભિપ્રાયોને ઉપરોક્ત ગ્રંથકારો અનુસરેલા હોવાથી ઉપરોક્ત બધા જ મંતવ્યો સાચા છે - તેમ સમજવું.

### ❈ દ્રવ્યાવશ્યક અંગે શ્રીમલયગિરિસૂરિજીનો અભિપ્રાય ❈

**(मलय.)** શ્રી**મલયગિરિસૂરિજી** મહારાજે **આવશ્યકનિર્યુક્તિવ્યાખ્યા**માં પ્રથમ ગાથાની અવતરણિકામાં જ જણાવેલ છે કે – "અનુયોગદ્વારસૂત્રના અભિપ્રાયથી તો ઋજુસૂત્રનય પણ અશુદ્ધ હોય તો દ્રવ્યાસ્તિકનય છે. કેમ કે અશુદ્ધ ઋજુસૂત્રનય પણ દ્રવ્યનિક્ષેપનો સ્વીકાર કરે છે. તેથી **અનુયોગદ્વારસૂત્ર**માં 'એક અનુપયુક્ત ઋજુસૂત્રમતે આગમથી એક દ્રવ્યાવશ્યક છે' - આમ જણાવેલ છે."

**(तेषा.)** તેની પાછળ તેઓશ્રીનો આશય એવો જણાય છે કે - 'સિદ્ધસેનીય મતે ઋજુસૂત્ર પર્યાયાર્થિક છે તથા શ્રીજિનભદ્રગણિમતે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક છે' - આ મુજબ બે મતભેદ પ્રસિદ્ધ છે. તેના સમન્વય માટે ઋજુસૂત્રના શુદ્ધ અને અશુદ્ધ - એમ બે પ્રકારના વિભાગ કરીને શુદ્ધ ઋજુસૂત્ર પર્યાયમાત્રનો સ્વીકાર કરવામાં તત્પર હોવાથી સિદ્ધસેનીય મતે તેનો પર્યાયાર્થિકમાં સમાવેશ કરી શકાય છે. તથા

---

1. ऋजुसूत्रस्य एकोऽनुपयुक्त आगमत एकं द्रव्यावश्यकम्, पृथक्त्वं नेच्छति।

सूत्रस्य च द्रव्यनिक्षेपाभ्युपगमपरत्वाद् अनुयोगद्वारसूत्रयथाश्रुतार्थग्राहिजिनभद्रगणिक्षमाश्रमणाऽभिप्रायेण द्रव्यार्थिकेऽन्तर्भावः कर्तुं शक्यते इति। इत्थं 'शुद्धर्जुसूत्रः पर्यायार्थिकः अशुद्धर्जुसूत्रश्च द्रव्यार्थिक' इत्यभ्युपगम्य प्रकृततार्किकाऽऽगमिकमतभेदसमाधानं तैरकारीति।

वयं तु ब्रूमः – ऋजुसूत्रनयस्य पर्यायार्थिकत्वेऽपि गुणसन्ततिलक्षणद्रव्यग्राहकत्वं सम्भवत्येव। न हि तादृशद्रव्याभ्युपगममात्रेण ऋजुसूत्रस्य पर्यायार्थिकत्वं–प्रच्यवते। तदुक्तम् **उत्तराध्ययनबृहद्वृत्तौ वादिवेतालश्रीशान्तिसूरिभिः** "पर्यायनयस्याऽपि गुणसंहतिरूपस्य द्रव्यस्य इष्टत्वात्। तदुक्तं – "पर्यायनयोऽपि द्रव्यमिच्छति गुणसन्तानरूपमि"ति ( ) गाथार्थः" (उत्त.अ.२/निर्यु.७१/पृ.७५) इति। **विशेषावश्यकभाष्य-मलधारवृत्तौ** अपि पर्यायार्थिकनयाभिप्रायप्रदर्शनावसरे "पूर्वापरीभावेन प्रतीत्यसमुत्पादसमुत्पन्नगुणसमुदाये द्रव्योपचारप्रवृत्तेः" (वि.आ.भा.१६४८ मल.वृ.) इत्युक्तम्। **नयामृततरङ्गिण्यां** "पर्यायार्थमते द्रव्यं = द्रव्य-पदार्थः सदृशक्षणसन्ततिरेव" (नयो. १६/वृ.पृ.१२५) इति **यशोविजयवाचकाः**। **नयरहस्ये**ऽपि (पृ.३५) प्रत्यभिज्ञादिनिमित्ततया सजातीयक्षणपरम्परास्वरूपद्रव्याऽभ्युपगमः पर्यायार्थिकनये दर्शितः। ततश्चात्र

---

અશુદ્ધ ઋજુસૂત્ર દ્રવ્યનિક્ષેપનો સ્વીકાર કરવામાં તૈયાર હોવાથી **અનુયોગદ્વારસૂત્ર**ના યથાશ્રુત અર્થનો અંગીકાર કરનારા શ્રી**જિનભદ્રગણી**ના મતે તેનો દ્રવ્યાર્થિકમાં સમાવેશ કરી શકાય છે. આમ 'શુદ્ધ ઋજુસૂત્ર = પર્યાયાર્થિક અને અશુદ્ધ ઋજુસૂત્ર = દ્રવ્યાર્થિક' - આવું સ્વીકારીને **મલયગિરિસૂરિજી**એ ઉપરોક્ત તાર્કિક અને આગમિક મતનું સમાધાન સૂચિત કરેલ છે. આમ અમને જણાય છે.

### ⁂ ઋજુસૂત્રસંમત દ્રવ્યાવશ્યક અંગે નવી વિચારણા ⁂

(**वयं.**) અમે (= દ્રવ્યાનુયોગપરામર્શ-કર્ણિકાકાર મુનિ યશોવિજય ગણી) તો આ બાબતમાં એમ કહીએ છીએ કે - ઋજુસૂત્રનય પર્યાયાર્થિક હોય તો પણ ગુણસન્તાનસ્વરૂપ = ગુણપ્રવાહાત્મક = પર્યાયધારાસ્વરૂપ દ્રવ્યનું તે ગ્રહણ કરી શકે જ છે. ગુણસંતતિસ્વરૂપ દ્રવ્યનો સ્વીકાર કરવા માત્રથી ઋજુસૂત્રનય પર્યાયાર્થિક તરીકે મટી જતો નથી. તેથી તો વાદિવેતાલ શ્રી**શાન્તિસૂરિજી** મહારાજે **ઉત્તરાધ્યયનસૂત્ર**ની **શિષ્યહિતા** નામની **બૃહદ્વૃત્તિ**માં જણાવેલ છે કે "પર્યાયનયને પણ ગુણસંઘાતસ્વરૂપ = ગુણપ્રવાહાત્મક દ્રવ્ય માન્ય છે. તેથી જ પૂર્વાચાર્યોએ જણાવેલ છે કે 'પર્યાયનય પણ ગુણસંતતિસ્વરૂપ દ્રવ્યને ઈચ્છે છે' - આ પ્રમાણે ગાથાર્થ છે." અહીં આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે **શાંતિસૂરિજી** જેવા સમર્થ તાર્કિક આગમવ્યાખ્યાકાર પણ પર્યાયાર્થિકનયને દ્રવ્યગ્રાહી માને છે તથા એ બાબતમાં પ્રાચીન જૈનાચાર્યના વચનને સાક્ષીસ્વરૂપે દેખાડે પણ છે. તેમજ **વિશેષાવશ્યકભાષ્યમલધારવૃત્તિ**માં પણ પર્યાયાર્થિકનયનો અભિપ્રાય દેખાડવાના અવસરે કહ્યું છે કે 'પૂર્વોત્તરભાવરૂપે સાપેક્ષ રહીને ઉત્પન્ન થતા પદાર્થોની ઉત્પત્તિને પ્રતીત્યસમુત્પાદ કહેવાય છે. આવા પ્રતીત્યસમુત્પાદથી ઉત્પન્ન થયેલા એવા ગુણોના સમુદાયમાં દ્રવ્યનો ઉપચાર = વ્યવહાર કરવાની પ્રવૃત્તિ પર્યાયાર્થિકનયમાં થાય છે.' **નયોપદેશવૃત્તિ નયામૃતતરંગિણી**માં **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે 'સમાન ક્ષણોનો પ્રવાહ એ જ પર્યાયાર્થિકનયમતે દ્રવ્ય = દ્રવ્યપદાર્થ છે.' **નયરહસ્ય**માં પણ પ્રત્યભિજ્ઞા વગેરેના નિમિત્તરૂપે સજાતીય-ક્ષણપરંપરાસ્વરૂપ દ્રવ્ય પર્યાયાર્થિકનયને માન્ય છે - આમ જણાવેલ છે. આમ (૧) ઉત્તરાધ્યયનબૃહદ્વૃત્તિ,

'सामायिकाद्यावश्यकसूत्रार्थानुपयुक्तसजातीयचेतनाप्रवाहलक्षणम् आत्मद्रव्यम् एकं द्रव्यावश्यकमि'त्येवं पूर्वोक्तानुयोगद्वारसूत्रवचनव्याख्यानाद् ऋजुसूत्रनयस्य पर्यायास्तिकत्वेऽपि निरुक्तैकद्रव्यावश्यकाभ्युपगन्तृत्वं सङ्गच्छत एवेति तार्किकमतं समर्थनीयम्।

किञ्च, द्रव्यावश्यकाभ्युपगममात्रेण न ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वम् आपद्येत, पर्यायार्थिकतया सर्वसम्मतेन शब्दनयेनाऽपि ज्ञशरीर-भव्यशरीरव्यतिरिक्तद्रव्यनिक्षेपाऽङ्गीकारात्। यथोक्तम् **अनुयोगद्वारसूत्रचूर्णौ** शब्दनयम् अधिकृत्य [1]"तं चेव पडुप्पण्णकालियं अत्थं उज्जुसुत्ताभिप्पायतो विसेसिययरं इच्छति, जहा णिक्खेवे णेच्छइ णाम-ट्ठवणाघडं ज्ञसरीर-भव्यसरीरद्रव्यघडं च" (अनु.सू.६०६ चू.पृ.६२५) इति। न ह्यत्र **जिनदासगणिम**हत्तरैः शब्दनयमतोपदर्शनावसरे तद्व्यतिरिक्तद्रव्यनिक्षेपाऽनभ्युपगमो दर्शितः। तथा च शब्दनयापेक्षया अशुद्धस्य ऋजुसूत्रस्य द्रव्यावश्यकाभ्युपगन्तृत्वे कथं द्रव्यार्थिकत्व-

(૨) તેમાં ઉદ્ધૃત સાક્ષીપાઠ, (૩) વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ, (૪) નયામૃતતરંગિણી અને (૫) નયરહસ્ય - આ પાંચ વચનના આધારે પ્રસ્તુતમાં 'उज्जुसुअस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं' આવા પૂર્વોક્ત **અનુયોગદ્વારસૂત્ર**ના વચનની વ્યાખ્યા એવી કરી શકાય છે કે - સામાયિક વગેરે આવશ્યકપ્રતિપાદક સૂત્રના અર્થમાં અનુપયુક્ત એવી સજાતીય ચેતનાના પ્રવાહ સ્વરૂપ જે આત્મદ્રવ્ય છે, તે એક દ્રવ્યાવશ્યક છે. આ મુજબ વ્યાખ્યા કરવાથી ઋજુસૂત્રનયને પર્યાયાર્થિક માનવામાં આવે તો પણ 'ઋજુસૂત્રનય ઉપરોક્ત એક દ્રવ્યઆવશ્યક સ્વીકારે છે' - આવું તાર્કિકમતથી સંગત થઈ શકે જ છે. આ રીતે વિદ્વાનોએ પ્રસ્તુતમાં વિચારણા કરવી.

### ❋ પર્યાયાર્થિકનયમાં દ્રવ્યનિક્ષેપ માન્ય - અનુયોગદ્વારચૂર્ણિ ❋

(**किञ्च.**) વળી, દ્રવ્યાવશ્યકનો સ્વીકાર કરવા માત્રથી ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક બની જવાની આપત્તિને અવકાશ ન હોવાનું કારણ એ પણ છે કે પર્યાયાર્થિક તરીકે સર્વમતે માન્ય શબ્દનય પણ તદ્વ્યતિરિક્ત = જ્ઞશરીર-ભવ્યશરીરવ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપનો સ્વીકાર કરે છે. **અનુયોગદ્વારસૂત્રચૂર્ણિ**માં **શ્રીજિનદાસગણિમહત્તરે** શબ્દનયની માન્યતાને જણાવતા કહેલ છે કે "ઋજુસૂત્રમાન્ય વર્ત્તમાનકાલીન તે જ અર્થને ઋજુસૂત્રના અભિપ્રાય કરતાં વધુ વિશુદ્ધ = સૂક્ષ્મ રીતે શબ્દનય માને છે. ઋજુસૂત્ર કરતાં શબ્દનયનો મત વધુ વિશુદ્ધ એ રીતે છે કે નિક્ષેપની અંદર નામઘટ, સ્થાપનાઘટ, જ્ઞશરીર દ્રવ્યઘટ, ભવ્યશરીર દ્રવ્યઘટ શબ્દનયને માન્ય નથી." પ્રસ્તુતમાં **જિનદાસગણિમહત્તરે** શબ્દનયનો અભિપ્રાય જણાવવાના અવસરે 'તદ્વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપ શબ્દનયને માન્ય નથી' - આવું જણાવેલ નથી. આશય એ છે કે નોઆગમથી દ્રવ્યનિક્ષેપના ત્રણ ભેદ - (૧) જ્ઞશરીર, (૨) ભવ્યશરીર,(૩) તદ્વ્યતિરિક્ત = જ્ઞશરીર -ભવ્યશરીરભિન્ન દ્રવ્યનિક્ષેપ. આ ત્રણમાંથી શબ્દનયને પ્રથમ બે માન્ય નથી. આનો અર્થ એ થયો કે તદ્વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપ શબ્દનયને સંમત છે. શબ્દનય તો ઋજુસૂત્ર કરતાં વધુ વિશુદ્ધ છે. તેમ છતાં તે તદ્વ્યતિરિક્ત દ્રવ્યનિક્ષેપને સ્વીકારીને જો પર્યાયાર્થિક બની શકતો હોય તો શબ્દનય કરતાં

1. तं चैव प्रत्युत्पन्नकालिकम् अर्थम् ऋजुसूत्राऽभिप्रायतः विशेषिततरम् इच्छति। यथा निक्षेपे नेच्छति नाम-स्थापनाघटं ज्ञशरीर-भव्यशरीरद्रव्यघटं च।

मापद्येत ?

तत्त्वतः प्रकृते द्रव्यावश्यकम् अनुपयुक्तक्रियाविशेषलक्षणविभावपर्याय एव आत्मनः। ततश्च द्रव्यावश्यकलक्षणपर्यायाऽभ्युपगमे का हानिः पर्यायार्थिकर्जुसूत्रस्य ? इति सिद्धसेनीयपक्षपरिष्कारप्रकारः अस्मदुपकल्पितो विभाव्यतां विदुषां निवहेन।

***यद्वा*** ऋजुसूत्रस्य पर्यायार्थिकत्वेऽपि वर्त्तमानसमयवर्तिनानापर्यायगुम्फितैकसामयिकद्रव्यग्राहकतया द्रव्यनिक्षेपः तत्र सम्भवत्येव। द्रव्यस्य पर्यायभिन्नतया असत्त्वेऽपि तदभिन्नतया सत्त्वम् ऋजुसूत्रसम्मतमेव। न ह्येतावता तस्य पर्यायार्थिकत्वम् ऋजुसूत्रत्वं वा व्याहन्येत, अतीताऽनागत-परकीय-नानात्वाऽग्रहणात्। प्रकृते **षट्खण्डागमवृत्तौ धवलायां वीरसेनाचार्येण** साक्षेप-परिहारं [1]"कधमुज्जुसुदे पज्जवट्ठिए दव्वणिक्खेवो त्ति ? ण, तत्थ वट्टमाणसमयाणंतगुणण्णिदएगदव्वसंभवादो" (ष.ख.१/१/१ ध.पुस्तक १/पृ.१६) इत्युक्तम्।

वस्तुतस्तु [2]"अणुवओगो दव्वं" (अनु.द्वा.१४) इति **अनुयोगद्वारसूत्रो**क्त्यनुसारेण यद् अनुपयोगलक्षणं

અશુદ્ધ એવો ઋજુસૂત્ર દ્રવ્યનિક્ષેપનો સ્વીકાર કરે એટલા માત્રથી તે દ્રવ્યાર્થિક કઈ રીતે બની જાય?

**❃ દ્રવ્યાવશ્યક પર્યાયસ્વરૂપ ❃**

(तत्त्व.) તાત્ત્વિક રીતે વિચારીએ તો અનુપયુક્ત આવશ્યકક્રિયાસ્વરૂપ વિભાવાત્મક આત્મપર્યાય એ જ દ્રવ્યાવશ્યક તરીકે 'एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं' - આ **અનુયોગદ્વારસૂત્ર** દ્વારા સૂચિત થાય છે. તેથી પ્રસ્તુત દ્રવ્યાવશ્યકસ્વરૂપ વિભાવપર્યાયનો સ્વીકાર ઋજુસૂત્રનય કરે તો શું વાંધો છે ? આટલા માત્રથી ઋજુસૂત્રમાંથી પર્યાયાર્થિકપણું રવાના થઈ જાય અને દ્રવ્યાર્થિકપણું તેમાં આવી જાય - આવી સમસ્યાને પ્રસ્તુતમાં કોઈ જ અવકાશ નથી. આ પ્રમાણે સિદ્ધસેનીય મતના પરિષ્કારની એક પદ્ધતિ અમે વિચારેલ છે. તેના વિશે વિદ્વાનોનું વૃંદ વિભાવના કરે.

**❃ ધવલાવ્યાખ્યાકારનું મંતવ્ય ❃**

(यद्वा.) અથવા તો એમ પણ કહી શકાય કે ઋજુસૂત્રનય પર્યાયાર્થિક હોવા છતાં પણ દ્રવ્યનિક્ષેપ તેમાં સંભવી શકે છે. કારણ કે વર્ત્તમાનસમયે રહેલા અનેક પર્યાયોથી વણાયેલ એકસમયસ્થિતિવાળા દ્રવ્યનું ગ્રહણ ઋજુસૂત્ર કરે છે. ઋજુસૂત્રનયના મતે પર્યાયથી ભિન્ન દ્રવ્ય ન હોવા છતાં પર્યાયથી અભિન્નસ્વરૂપે તો દ્રવ્યની વિદ્યમાનતા તેને માન્ય જ છે. પરંતુ આટલા માત્રથી તેમાંથી પર્યાયાર્થિકપણું કે ઋજુસૂત્રપણું રવાના થતું નથી. કારણ કે તે અતીતપણાને, અનાગતપણાને, પરકીયત્વને કે અનેકત્વને ગ્રહણ કરતો નથી. આ અંગે **ષટ્ખંડાગમની ધવલા** વ્યાખ્યામાં **વીરસેનાચાર્ય**એ પ્રશ્નોત્તરપૂર્વક જણાવેલ છે કે "ઋજુસૂત્ર પર્યાયાર્થિક છે તો તેમાં દ્રવ્યનિક્ષેપ કઈ રીતે સંભવે ? આ પ્રશ્નનો જવાબ એ છે કે વર્ત્તમાનસમયવર્તી અનંત ગુણોથી (=પર્યાયથી) વણાયેલ એક દ્રવ્યનું ગ્રહણ ઋજુસૂત્રમાં સંભવે છે."

(वस्तु.) વાસ્તવમાં તો 'અનુપયોગ એ દ્રવ્ય છે' - આમ **અનુયોગદ્વારસૂત્ર**માં જે જણાવેલ છે, તે મુજબ અનુપયોગસ્વરૂપ દ્રવ્યત્વને લક્ષમાં રાખીને ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યક માને એટલા માત્રથી તેમાંથી પર્યાયાસ્તિકપણું રવાના થતું નથી. કારણ કે અનુપયોગ એ પર્યાય છે. મતલબ કે આવશ્યકમાં રહેલ

1. कथमृजुश्रुते पर्यवास्तिके द्रव्यनिक्षेप इति ? न, तत्र वर्तमानसमयानन्तगुणान्वितैकद्रव्यसम्भवात्। 2. अनुपयोगो द्रव्यम्।

द्रव्यत्वं तद् अभ्युपगच्छतः ऋजुसूत्रस्य पर्यायास्तिकत्वं न प्रच्यवते, न वा द्रव्यास्तिकमात्रत्वम् आपद्यते, अनुपयोगस्य पर्यायत्वात्, ध्रौव्यादिलक्षणस्य द्रव्यस्य अत्र अनधिकारात्।

किञ्च, (१) "ऋजुसूत्रवचनविच्छेदः मूलाधारः येषां नयानां ते पर्यायार्थिकाः" (ध.पुस्तक १/१-१-१ पृ.८५) इति **धवलाव्याख्या**प्रदर्शितेन, (२) "परि = भेदम् = ऋजुसूत्रवचनविच्छेदम् एति = गच्छति इति पर्यायः। स पर्यायः अर्थः = प्रयोजनम् अस्येति पर्यायार्थिक" (ज.ध.पुस्तक-१ / गा.१४ / पृ.१९८) इति **जयधवलावृत्ति**दर्शितेन, (३) "पर्याय एव अर्थः = कार्यम् अस्य, न द्रव्यम्, अतीताऽनागतयोः विनष्टाऽनुत्पन्नत्वेन व्यवहाराऽभावात् स एव एकः कार्य-कारणव्यपदेशभागिति पर्यायार्थिकः" (त.रा.वा.१/३३) इति **तत्त्वार्थराजवार्त्तिको**क्तेन, (४) "पर्येति = उत्पाद-विनाशौ प्राप्नोति इति पर्यायः, स एव अर्थः अस्ति यस्यासौ पर्यायार्थिकः" (र.अव.७/५) इति च **रत्नाकरावतारिका**प्रदर्शितेन पर्यायार्थिकनयलक्षणेन आक्रान्तस्य ऋजुसूत्रस्य कथं न पर्यायार्थिकत्वं स्यात् ?

---

અનુપયોગ અંશ સ્વરૂપ જે દ્રવ્યત્વને ઋજુસૂત્ર માને છે, તે પર્યાય હોવાથી ઋજુસૂત્ર પર્યાયવિષયક જ બને છે. તેથી ઋજુસૂત્રને પર્યાયસ્તિક કહેવામાં કોઈ વાંધો નથી. તથા તેવું દ્રવ્યાવશ્યક માનવાથી ઋજુસૂત્રનય માત્ર દ્રવ્યાસ્તિકસ્વરૂપ બનવાની આપત્તિ પણ નહિ આવે. કારણ કે ધ્રૌવ્યાદિલક્ષણવાળા દ્રવ્યની પ્રસ્તુતમાં વિવક્ષા નથી.

### ✡ ઋજુસૂત્રમાં પર્યાયાર્થિકનયનું લક્ષણ વિદ્યમાન ✡

(**किञ्च**.) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે દિગંબરસંપ્રદાયમાં અને શ્વેતાંબર આમ્નાયમાં પર્યાયાર્થિકનયના જે જે લક્ષણો બતાવેલ છે, તે ઋજુસૂત્રમાં સંગત થાય છે. તો પછી ઋજુસૂત્રને પર્યાયાર્થિકનય કેમ ન કહેવાય ? તે લક્ષણો આ પ્રમાણે સમજવા.

(૧) **ષટ્ખંડાગમ**ની **ધવલા** વ્યાખ્યામાં દિગંબરાચાર્ય **વીરસેન**જીએ જણાવેલ છે કે "ઋજુસૂત્રવચનનો કાળ (= વિચ્છેદ) જે નયોનો મૂલાધાર છે તે પર્યાયાર્થિક કહેવાય."

(૨) **કષાયપ્રાભૃત**ની **જયધવલા** વ્યાખ્યામાં પણ **વીરસેનાચાર્ય**એ જણાવેલ છે કે "પર્યાય શબ્દમાં 'પરિ' ઉપસર્ગ રહેલો છે. તેનો અર્થ છે ભેદ. ભેદનો અર્થ છે ઋજુસૂત્રવચનનો = વર્ત્તમાનવચનનો કાળ. અર્થાત્ વર્ત્તમાનસમયમાત્રને જે પામે તે પર્યાય કહેવાય. આ પર્યાય જે નયનું પ્રયોજન હોય તે પર્યાયાર્થિક કહેવાય."

(૩) **તત્ત્વાર્થરાજવાર્ત્તિક**માં પણ **અકલંકસ્વામી**એ જણાવેલ છે કે 'પર્યાય જ જેનો અર્થ = કાર્ય છે તે પર્યાયાર્થિક કહેવાય. તેનું કાર્ય (પ્રયોજન) દ્રવ્ય નથી. કારણ કે અતીત પદાર્થ વિનષ્ટ છે તથા અનાગત પદાર્થ અનુત્પન્ન છે. તેથી અતીત-અનાગત પદાર્થ દ્વારા કોઈ વ્યવહાર થઈ શકતો નથી. આથી કાર્ય-કારણ તરીકેના વ્યવહારનો કોઈ વિષય હોય તો તે માત્ર વર્ત્તમાન પર્યાય જ છે. આવું માનનાર નય પર્યાયાર્થિક છે.'

(૪) **રત્નાકરાવતારિકા** ગ્રંથમાં શ્વેતાંબરશિરોમણિ **રત્નપ્રભસૂરિ**જીએ પણ જણાવેલ છે કે 'જે ઉત્પાદ -વિનાશને પ્રાપ્ત કરે તે પર્યાય કહેવાય. આવો પર્યાય જ જેનું પ્રયોજન હોય તે પર્યાયાર્થિક કહેવાય.'

(५) [1]"मूलणिमेणं पज्जवणयस्स उज्जुसुयवयणविच्छेदो" (स.त.१/५) इति **सम्मतितर्कोक्तिः** अपि प्रकृते स्मर्तव्या।

किञ्च, आगमचूर्णिकार-टीकाकाराणाम् अपि ऋजुसूत्रस्य पर्यायार्थिकत्वं सम्मतमेव। तथाहि - (१) **अनुयोगद्वारसूत्रचूर्णौ जिनदासगणि**महत्तरैः [2]"आदिमा तिण्णि दव्वठितो, सेसा पज्जवठितो" (अनु.द्वा.सू.९७ चू.पृ.२१) इत्युक्त्या ऋजुसूत्रस्य पर्यायार्थिकत्वं दर्शितमेव। (२) **श्रीहरिभद्रसूरि**भिः अपि **अनुयोगद्वारसूत्रवृत्तौ** "आद्याः त्रयो द्रव्यास्तिकः, शेषाः पर्यायास्तिक" (अनु.द्वा.सू.९७ हा.वृ.पृ.३१) इत्युक्तम्। (३) **श्रीहेमचन्द्रसूरि**भिः अपि **अनुयोगद्वारसूत्रवृत्तौ** "आद्याः त्रयः द्रव्यास्तिकः, शेषास्तु पर्यायास्तिकः" (अनु.द्वा.सू.९७ हे.वृ.पृ.७१) इत्युक्तम्। तैरेव (४) **विशेषावश्यकभाष्यवृत्तौ** "ऋजुसूत्रः पर्यायादिवादित्वसाम्यात् शब्दनये समवतरति" (वि.आ.भा.३५८७ मल.वृ.पृ.३६९) इत्युक्तम्। (५) **स्थानाङ्गसूत्रवृत्तौ अभयदेवसूरि**भिरपि "तत्र चाऽऽद्याः त्रयः 'द्रव्यमेवाऽर्थोऽस्ती'ति वादितया द्रव्यार्थिकेऽवतरन्ति। इतरे तु 'पर्याय एव अर्थोऽस्ती'ति वादितया पर्यायार्थिकनये" (स्था.सू.१/१/वृ.पृ.१५) इत्युक्त्या ऋजुसूत्रस्य पर्यायार्थिकत्वमावेदितमेव पूर्वम्।

किञ्च, **लब्धिसूरि**भिः अपि **तत्त्वन्यायविभाकरे** "आद्याः त्रयो द्रव्यार्थिकनयाः, परे चत्वारः पर्यायार्थिकनयाः,

(५) પ્રસ્તુતમાં **સંમતિતર્ક**માં **શ્રીસિદ્ધસેનદિવાકરજી**નું વચન પણ સ્મર્તવ્ય છે. ત્યાં જણાવેલ છે કે 'ઋજુસૂત્રના વચનની = વર્તમાનવચનની વિચ્છેદસ્વરૂપ કાલિકમર્યાદા પર્યાયનયનો મૂલ આધાર છે.' ઉપરોક્ત પાંચેય ગ્રંથમાં જણાવેલ પર્યાયાર્થિકનયના લક્ષણ ઋજુસૂત્રમાં રહે જ છે. તો પછી તેને પર્યાયાર્થિક કેમ ન કહેવાય? મતલબ કે ઋજુસૂત્રને ઉપરોક્ત શાસ્ત્રાધારે પર્યાયાર્થિક માનવો વધુ ઉચિત છે.

## ❖ આગમચૂર્ણિ-ટીકાકારના મતે પણ ઋજુસૂત્ર પર્યાયાર્થિક ❖

(**किञ्च.**) વળી, બીજી એક અગત્યની વાત એ છે કે ફક્ત દિગંબરસંપ્રદાય મુજબ કે ફક્ત શ્વેતાંબર તાર્કિકમત મુજબ જ નહિ પણ અનેક આગમિકચૂર્ણિકારોના અને આગમવ્યાખ્યાકારોના મતે પણ ઋજુસૂત્રનય પર્યાયાર્થિક જ છે. તે આ રીતે સમજવું.(૧) **અનુયોગદ્વારસૂત્રચૂર્ણિ**માં **જિનદાસગણિમહત્તરે**, (૨) **અનુયોગદ્વારસૂત્રટીકા**માં **શ્રીહરિભદ્રસૂરિજી**એ તથા (૩) મલધારી **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ સ્પષ્ટપણે જણાવેલ છે કે 'પ્રથમ ત્રણ નય દ્રવ્યાસ્તિક છે તથા બાકીના બધા નયો પર્યાયાસ્તિક છે.' અહીં સ્પષ્ટપણે ઋજુસૂત્ર વગેરે પાછલા ચાર નયોને પર્યાયાસ્તિક તરીકે જણાવેલ જ છે. તેમજ (૪) **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં **શ્રીહેમચન્દ્રસૂરિજી**એ જ નયોનો સમવતાર કરવાના અવસરે સ્પષ્ટપણે જણાવેલ છે કે 'પર્યાયવાદિત્વ વગેરે સમાનતાના લીધે ઋજુસૂત્રનો શબ્દનયમાં સમવતાર થાય છે.' આમ આગમવ્યાખ્યાકારોના મતે પણ ઋજુસૂત્રને પર્યાયાર્થિક માનવામાં કોઈ બાધ નથી આવતો - તેમ ફલિત થાય છે. (૫) **ઠાણાંગસૂત્રવ્યાખ્યા**માં **શ્રીઅભયદેવસૂરિજી**એ પણ પ્રથમ ત્રણ નયનો દ્રવ્યાર્થિકમાં અને છેલ્લા ચાર નયનો પર્યાયાર્થિકમાં સમવતાર દર્શાવીને ઋજુસૂત્રને પર્યાયાર્થિક તરીકે જણાવેલ છે. પૂર્વે આ શ્લોકની વ્યાખ્યામાં જ આ સંદર્ભો જણાવેલ છે.

(**किञ्च, ल.**) **શ્રીલબ્ધિસૂરિજી**એ પણ **તત્ત્વન્યાયવિભાકર** ગ્રંથમાં હેતુ દેખાડવાપૂર્વક જણાવેલ છે

1. मूलणिमेणं पर्यवनयस्य ऋजुश्रुतवचनविच्छेदः। 2. आदिमाः त्रयो द्रव्यास्तिकः, शेषाः पर्यवास्तिकः।

द्रव्यमात्रविषयकत्वात्, पर्यायमात्रविषयकत्वाच्च" (त.न्या.वि.पृ.९०) इत्येवं हेतुपुरस्सरमुक्तमित्यवधेयम्।

***यदि*** चान्वयरूपतया प्रतिभासमानत्वात् स्वकीयाऽखिलगुण-पर्यायान् द्रव्यतया व्यवस्थापयन् यः सप्तमोऽन्वयद्रव्यार्थिकः पूर्वं (५/१६) दर्शितः तत्स्थानीयः प्रकृतः ऋजुसूत्रनयोऽभिमतः स्यात्, ***तर्हि*** स्यादेव तस्य द्रव्यार्थिकत्वम्, आवश्यकसूत्रार्थानुपयुक्त-वर्त्तमानदेवदत्तादिपर्याये अन्वयविभावनेन द्रव्यत्वमुपचर्य 'एको निरुक्ताऽनुपयुक्तवर्त्तमानदेवदत्तादिपर्यायः आगमत एकं द्रव्यावश्यकपदवाच्यम्' इत्येवं व्याख्यानाद् उक्तानुयोगद्वारसूत्रोपपत्तेः। तथा च पर्यायमेव द्रव्यतया गृह्णतः ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वं परिभावनीयम्। इत्थञ्चाऽऽगमिकमतमपि सङ्गतिमङ्गति।

इदञ्चाऽत्राऽवधेयम् – [1]"उज्जुसुअस्स एगो अणुवउत्तो...." (अनु.द्वा.सू.१५) इत्याद्य**नुयोगद्वारसूत्रा**नुसारेण एकोऽनुपयुक्तो देवदत्तादिः एकं द्रव्याऽऽवश्यकम्, देवदत्तीयषड्द्रव्यावश्यकानां पार्थक्यं = बहुत्वं नेच्छति ऋजुसूत्रः। न हि साम्प्रतकाले एकस्मिन्नेव देवदत्तादौ युगपद् द्रव्यावश्यकबाहुल्यं सम्भवति।

કે "પ્રથમ ત્રણ નય દ્રવ્યાર્થિક છે. કારણ કે તે દ્રવ્યમાત્રવિષયક છે. તથા છેલ્લા ચાર નય પર્યાયાર્થિકનય છે. કેમ કે તે ફક્ત પર્યાયને પોતાનો વિષય બનાવે છે." આ વાતને વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી.

### શ્રીજિનભદ્રગણીના મતનું સમર્થન

(यदि.) પૂર્વે (૫/૧૬) દ્રવ્યાર્થિકનયના સાતમા ભેદરૂપે અન્વયદ્રવ્યાર્થિક નયની વાત કરી હતી. તમામ ગુણ-પર્યાયની અન્વયરૂપે પ્રતીતિ થવાથી પોતપોતાના તમામ ગુણ-પર્યાયોને તે અન્વયદ્રવ્યાર્થિક નય દ્રવ્યરૂપે સ્થાપિત કરે છે. તેથી તે તે દ્રવ્યમાં રહેલા ગુણ-પર્યાયને તે તે દ્રવ્યરૂપે ગ્રહણ કરનાર અન્વયદ્રવ્યાર્થિક નયના સ્થાનમાં જો દ્રવ્યાવશ્યકગ્રાહક ઋજુસૂત્રનયને ગોઠવવામાં આવે તો અન્વયદ્રવ્યાર્થિકતુલ્ય બનવાથી પ્રસ્તુત ઋજુસૂત્રનય જરૂર દ્રવ્યાર્થિકનય બની શકે છે. તેથી હવે ઋજુસૂત્રનય આવશ્યક સૂત્રાર્થમાં અનુપયુક્ત એવા વર્તમાનકાલીન દેવદત્તાદિ પર્યાયમાં અન્વયનું = અનુગતપણાનું વિભાવન કરવાના લીધે તેમાં દ્રવ્યત્વનો ઉપચાર કરશે. આ રીતે પ્રસ્તુત પર્યાયને દ્રવ્યાત્મક માનીને 'उज्जुसुअस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं' - આ મુજબના **અનુયોગદ્વારસૂત્ર**નો અર્થ ઋજુસૂત્રનય એવો કરશે કે 'એક આવશ્યકસૂત્રાર્થઅનુપયુક્ત વર્તમાનકાલીન દેવદત્તાદિપર્યાય આગમતઃ એક દ્રવ્યાવશ્યક પદાર્થ છે.' આ રીતે ઉપરોક્ત અનુયોગદ્વારસૂત્રની સંગતિ થઈ શકે છે. આમ ઉપરોક્ત રીતે પર્યાયને જ દ્રવ્ય તરીકે ગ્રહણ કરનાર ઋજુસૂત્રનયમાં દ્રવ્યાર્થિકપણાનું વ્યાપક રીતે વિભાવન કરવું. આમ 'ઋજુસૂત્ર દ્રવ્યાર્થિકનય છે' - આ પ્રમાણે **જિનભદ્રગણિક્ષમાશ્રમણ**નો મત પણ સંગત થાય છે.

### દ્રવ્યાવશ્યક એક-અનેક : ઋજુસૂત્રનય

(इदञ्चा.) અહીં એક વાત એ પણ ધ્યાનમાં લેવા જેવી છે કે [1]'उज्जुसुअस्स एगो अणुवउत्तो' ઇત્યાદિ **અનુયોગદ્વારસૂત્ર** મુજબ ઋજુસૂત્રનયમતે એક અનુપયુક્ત દેવદત્તાદિ એક દ્રવ્ય આવશ્યક છે. તે નય યુગપત્ દેવદત્તના સામાયિકાદિ છ દ્રવ્યઆવશ્યકોને માન્ય કરતો નથી. ખરેખર વર્તમાનકાળે એક જ દેવદત્તાદિમાં એકીસાથે અનેક દ્રવ્યાવશ્યક સંભવતા નથી જ. 'કરેમિ ભંતે...' બોલે ત્યારે સામાયિક આવશ્યક હોય

1. ऋजुसूत्रस्य एकः अनुपयुक्तः...।

इदमेवाभिप्रेत्य **नन्दिसूत्रचूर्णिटिप्पनके चन्द्रसूरिणा** ऋजुसूत्राभिप्रायप्रदर्शनावसरे [1]"पुहत्तं नेच्छइत्ति अतीताऽनागतभेदतः परकीयभेदतश्च पृथक्त्वं = पार्थक्यं नेच्छति असौ। किं तर्हि ? वर्त्तमानकालीनं स्वगतमेव चाऽभ्युपैति। तच्च एकमेव" (न.सू.चू.पृ.१७३/टि.१९) इत्युक्तम्।

पञ्च जिनबिम्बानि युगपद् नमस्कुर्वतो देवदत्तस्य पञ्च नमस्कारान् अभ्युपगच्छतो व्यवहारनयाद् भिन्नः ऋजुसूत्रः, तादृशदेवदत्तीयनमस्काराणां तन्मते ऐक्यात्। ऋजुसूत्रमते नमस्कर्तृभेदे एव नमस्कारभेदः सम्मतः। व्यवहारमते नमस्कार्यभेदेऽपि नमस्कारभेदः। आवश्यकं च वर्त्तमानकाले कुर्वताम् अनुपयुक्तनानाजनानां द्रव्यावश्यकं प्रदेशवत् तन्मते भाज्यं स्यात्। ***यथा*** प्रदेशोदाहरणे ऋजुसूत्रनयानुसारेण **अनुयोगद्वारसूत्रे** [2]"भतियव्वो पदेसो - (१) सिया धम्मपदेसो, (२) सिया अधम्मपदेसो, (३) सिया आगासपदेसो, (४) सिया जीवपदेसो, (५) सिया खंधपदेसो" (अनु.द्वा.सू.४७६) इत्युक्तं ***तथा***ऽत्र 'स्याद्

પણ દ્વિતીય વગેરે પાંચ આવશ્યક ન હોય. 'લોગસ્સ..' બોલે ત્યારે પ્રથમ કે તૃતીયાદિ પાંચ આવશ્યક ન હોય. આ જ અભિપ્રાયથી **નંદિસૂત્રચૂર્ણિટિપ્પણ**માં **શ્રીચંદ્રસૂરિજી**એ જણાવેલ છે કે "ઋજુસૂત્ર પૃથક્ત્વ નથી માનતો - આનો અર્થ એ છે કે અતીત-અનાગતભેદથી અને પરકીયભેદથી તે પાર્થક્યને = ભિન્નતાને માનતો નથી. 'તો શું માને છે ?' - આવી જિજ્ઞાસા થાય તો તેનું સમાધાન એ છે કે ઋજુસૂત્ર વર્તમાનકાલીન અને સ્વગત પદાર્થને જ માને છે. તથા તે તો એક જ હોય છે." તેથી પ્રસ્તુતમાં એવું અર્થઘટન કરી શકાય કે દેવદત્તાદિનું પોત-પોતાનું દ્રવ્યાવશ્યક ઋજુસૂત્રમતે એક જ છે.

### ❈ વ્યવહાર-ઋજુસૂત્ર વચ્ચે ભેદ ❈

(**पञ्च.**) પ્રસ્તુતમાં વ્યવહારનય અને ઋજુસૂત્રનય - આ બન્ને વચ્ચેનો તફાવત સ્પષ્ટ રીતે સમજવા એક દૃષ્ટાંતને વિચારીએ. દા.ત.દેવદત્ત એકીસાથે પાંચ જિનબિંબોને નમસ્કાર કરે તો વ્યવહારનય કહેશે કે 'દેવદત્તમાં પાંચ નમસ્કાર છે.' 'નમો અરિહંતાણં' બોલતી વખતે અનંતા અરિહંતોને માનસપટ ઉપર રાખીને નમસ્કાર કરવામાં આવે તો અનંત નમસ્કારનો લાભ મળે - એવો વ્યવહાર પણ થાય જ છે. જ્યારે તે અંગે ઋજુસૂત્રનય કહેશે કે 'દેવદત્તમાં ફક્ત એક જ નમસ્કાર છે.' આમ ઋજુસૂત્રમતે નમસ્કર્તા બદલાય તો જ નમસ્કાર ભિન્ન બને છે. જ્યારે વ્યવહારનયના મતે તો નમસ્કાર્ય બદલાય તો પણ નમસ્કાર બદલાય છે. પરંતુ તે રીતે દ્રવ્યાવશ્યક અંગે વિચારીએ તો ઉપયોગ વગર સામાયિક વગેરે છ આવશ્યકોને કરનાર દેવદત્ત એક દ્રવ્યાવશ્યક છે. પરંતુ જ્યારે ઉપયોગશૂન્યપણે અનેક વ્યક્તિઓ વર્તમાનકાળે એકીસાથે પ્રતિક્રમણ કરે તો ઋજુસૂત્રનયના મત મુજબ દ્રવ્યઆવશ્યક પ્રદેશની જેમ ભજનીય = વિભાજનયોગ્ય બને. ઋજુસૂત્રનય મુજબ પ્રદેશોદાહરણને દેખાડતા **અનુયોગદ્વારસૂત્ર**માં જણાવેલ છે કે "પ્રદેશ વિભાજનયોગ્ય છે. (૧) કથંચિત્ ધર્માસ્તિકાયપ્રદેશ, (૨) કથંચિત્ અધર્માસ્તિકાયપ્રદેશ, (૩) કથંચિત્ આકાશપ્રદેશ, (૪) કથંચિત્ જીવપ્રદેશ, (૫) કથંચિત્ સ્કંધપ્રદેશ." જેમ ઋજુસૂત્ર ઉપરોક્ત રીતે પ્રદેશના પાંચ ભેદ પાડે છે તેમ પ્રસ્તુતમાં ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકનું પણ વિભાજન કરશે કે કથંચિત્ દેવદત્તનું દ્રવ્યાવશ્યક, કથંચિત્ યજ્ઞદત્તીય દ્રવ્યાવશ્યક, કથંચિત્ ચૈત્રીયદ્રવ્યાવશ્યક, કથંચિત્

1. पृथक्त्वं नेच्छतीति। 2. भाज्यः प्रदेशः - (१) स्याद् धर्मप्रदेशः, (२) स्याद् अधर्मप्रदेशः, (३) स्याद् आकाशप्रदेशः, (४) स्याद् जीवप्रदेशः, (५) स्यात् स्कन्धप्रदेशः।

देवदत्तीयद्रव्यावश्यकम्, स्याद् यज्ञदत्तीयद्रव्यावश्यकम्, स्यात् चैत्रीयद्रव्यावश्यकम्, स्याद् मैत्रीयद्रव्यावश्यकमि'त्यादिरीत्या यथास्वम् आत्मीयात्मीयमेव द्रव्यावश्यकं भजनीयम् ऋजुसूत्रमतानुसारेण। न हि देवदत्तीय-यज्ञदत्तीयादिद्रव्यावश्यकानाम् ऐक्यम् ऋजुसूत्रसम्मतम्, आधारभेदे आधेयभेदाभ्युपगमात्, अन्यथा तस्य सङ्ग्रहेण साङ्कर्यम् आपद्येत।

"ऋजुसूत्रश्च प्रत्येकं प्रत्येकं जीवे जीवे व्यतिरिक्तां हिंसामिच्छति" (ओ.नि.गा.७५६ वृ.) इति **ओघनिर्युक्तिवृत्ति**कृदुक्तिरपि एतदर्थसमर्थनपरा द्रष्टव्या।

स्वीयावश्यकापेक्षया अन्यस्य अन्यदीयाऽऽवश्यकस्य स्वस्मिन्नसत्त्वात्, साम्प्रतकाले च स्वकीयावश्यकस्य कर्त्रैक्येन एकत्वादेव द्रव्यावश्यके प्रतिस्वम् एकत्वप्रवादः **अनुयोगद्वारसूत्रे** ज्ञेयः।

મૈત્રીયદ્રવ્યાવશ્યક... ઈત્યાદિ. આમ યથાયોગ્ય રીતે પોતપોતાનું જ દ્રવ્યાવશ્ક ઋજુસૂત્ર મુજબ વિભાજન પામશે. દેવદત્તીય દ્રવ્યાવશ્યક અને યજ્ઞદત્તીય દ્રવ્યાવશ્યક વગેરે ઋજુસૂત્રનયથી એક નથી. કારણ કે આધારભેદે ઋજુસૂત્ર આધેયભેદને માને છે. જો દ્રવ્યાવશ્યકના અધિકરણસ્વરૂપ અનુપયુક્ત દેવદત્ત, યજ્ઞદત્ત વગેરે જુદા-જુદા હોવા છતાં ઋજુસૂત્રનય તે તે દ્રવ્યાવશ્યકોને એક જ માને તો તેને સંગ્રહનયની સાથે સાંકર્ય આવી પડે. અર્થાત્ તેવી સ્થિતિમાં ઋજુસૂત્ર અને સંગ્રહ બન્ને એક થવાની આપત્તિ આવે.

### ઋજુસૂત્રમાન્ય દ્રવ્યનિક્ષેપપૃથકત્વ - દ્રોણાચાર્ય

("ऋजु.) **દ્રોણાચાર્યજીએ ઓઘનિર્યુક્તિવૃત્તિ**માં એક સુંદર વાત ઋજુસૂત્ર અંગે જણાવેલ છે. ત્યાં તેઓશ્રીએ કહેલ છે કે 'ઋજુસૂત્રનય એક-એક જીવમાં જુદી-જુદી હિંસાને માને છે.' આશય એ છે કે એક ઘેટાને પાંચ કસાઈ એકીસાથે મારે તો ઘેટું એક હોવા છતાં હિંસક પાંચ હોવાથી દરેકમાં જુદી-જુદી હિંસાને ઋજુસૂત્રનય માનશે. તેથી ઉપરોક્ત સ્થળે હિંસ્ય એક હોવા છતાં હિંસક પાંચ હોવાથી પ્રત્યેકની હિંસાક્રિયાને જુદી-જુદી માનીને ઋજુસૂત્રનય પાંચ હિંસાને માનશે. તેથી અમે જે જણાવ્યું કે 'દેવદત્ત વગેરે આવશ્યકકર્તા જુદા-જુદા હોવાથી દરેકના જુદા-જુદા દ્રવ્યાવશ્યકને ઋજુસૂત્ર માનશે' - તેનું જ સમર્થન શ્રીદ્રોણાચાર્યની વાત કરે છે. તેથી 'ઋજુસૂત્ર અનેક દ્રવ્યાવશ્યકને એકીસાથે માને છે'- આમ સિદ્ધ થાય છે.

**શંકા** :- તો પછી અનુયોગદ્વારસૂત્રમાં 'ઋજુસૂત્રનય પૃથક્ત્વ નથી માનતો' - આવું જે જણાવેલ છે તેનું શું કરશું ? તેની સાથે ઉપરોક્ત વાતનો વિરોધ આવશે.

### ઋજુસૂત્રમાન્ય એક દ્રવ્યાવશ્યકની સંગતિ

**સમાધાન** :- (स्वीया.) ના, અહીં વિરોધને અવકાશ નથી. કેમ કે **અનુયોગદ્વારસૂત્ર**નું તાત્પર્ય એવું છે કે - ઋજુસૂત્રનય એમ માને છે કે પોતાનું જ દ્રવ્યાવશ્યક સત્ છે. અન્યનું દ્રવ્યાવશ્યક પોતાના આવશ્યકની અપેક્ષાએ અસત્ છે. કારણ કે પરકીય આવશ્યક પોતાનામાં અવિદ્યમાન હોય છે. તથા વર્તમાનકાળમાં તો પોતાનું આવશ્યક એક જ હોય. કારણ કે સામાયિક વગેરે છ આવશ્યકોનો કર્તા એક છે. આ અભિપ્રાયથી અનુપયુક્ત પ્રત્યેક આવશ્યકકર્તામાં ઋજુસૂત્રમતે દ્રવ્યાવશ્યક એક હોવાનો અનુયોગદ્વારસૂત્રનો પ્રવાદ સમજવો.

त्रैकालिक-सर्वकर्तृकद्रव्यावश्यकानां सङ्ग्रहमते ऐक्यम्, ऋजुसूत्रमते तु वर्त्तमानकालीनं प्रतिस्वं द्रव्यावश्यकमेकं व्यक्तिभेदे च पृथगिति विवेकः। इत्थमेव "ऋजुसूत्रादयस्तु बहुत्वं नेच्छन्ति, वर्त्तमान-समयवर्तिनः स्वकीयस्यैव एकस्य प्रत्येकं प्रत्येकम् अभ्युपगमाद्" (वि.आ.भा. २८६९ वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्तौ** नमस्कारनिर्युक्तिविवरणोक्तिरपि सङ्गच्छते इति आगमिकमतं सूक्ष्ममीक्षणीयम्।

वस्तुतस्तु ऋजुसूत्रस्य न शुद्धद्रव्यास्तिकत्वम्, न वा शुद्धपर्यायास्तिकत्वम्, किन्तु द्रव्यार्थिक-पर्यायार्थिकोभयात्मकत्वमेव, इत्थमेव आगमसिद्धान्तस्य व्यवस्थिततत्वात्। तदुक्तं श्री**जिनदासगणि**महत्तरैः **आवश्यकनिर्युक्तिचूर्ण्यां** [1]"दव्वट्ठितो सुद्धो संगहो, पज्जवट्ठितो सुद्धो एवंभूतो, मज्झिमा दव्वट्ठित-पज्जवट्ठिता" (आ.नि.चू.गा.७६०, पृ.३३१) इति। ततश्चाऽनुपयुक्तसामायिकाद्याऽऽवश्यके आवश्यकसूत्राद्यनुपयुक्त-देवदत्तादिपर्याये आवश्यकाद्यनुपयुक्ताऽऽत्मद्रव्ये वा ऋजुसूत्रेण एकद्रव्याऽऽवश्यकत्वाऽभ्युपगमेऽपि

### ⁂ ઋજુસૂત્ર-સંગ્રહ વચ્ચે ભેદ પ્રદર્શન ⁂

(**त्रैका.**) હકીકત એ છે કે ત્રણ કાળના તમામ આવશ્યકકર્તાઓના દ્રવ્યાવશ્યક સંગ્રહનયના મતે એક જ છે. જ્યારે ઋજુસૂત્રનયના મતે તો પ્રત્યેક વ્યક્તિમાં પોતાનું વર્તમાનકાલીન દ્રવ્યાવશ્યક એક હોય છે. તથા વ્યક્તિભેદ થતાં તે દ્રવ્યાવશ્યક જુદું બની જાય છે. અર્થાત્ બે અલગ-અલગ વ્યક્તિના દ્રવ્યાવશ્યક એક નથી. આ પ્રમાણે સંગ્રહ અને ઋજુસૂત્ર નય વચ્ચે તફાવત છે. આ રીતે વ્યક્તિભેદે દ્રવ્યાવશ્યક ભિન્ન માનવામાં આવે તો જ **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**માં નમસ્કારનિર્યુક્તિવિવરણ પ્રસંગે જે જણાવેલ છે તે પણ સંગત થઈ શકશે. ત્યાં **હેમચન્દ્રસૂરિ**જીએ જણાવેલ છે કે "ઋજુસૂત્ર વગેરે નયો બહુત્વને = અનેકત્વને માનતા નથી. કારણ કે જે વર્તમાનસમયવર્તી સ્વકીય હોય તેવી જ એક વસ્તુને પ્રત્યેક-પ્રત્યેકમાં તેઓ સ્વીકારે છે." અર્થાત્ અલગ-અલગ વ્યક્તિમાં જે એક-એક સ્વકીય દ્રવ્યાવશ્યક રહે છે તે પરસ્પર પૃથક્ છે. પરંતુ એક વ્યક્તિમાં અનેક દ્રવ્યાવશ્યક નથી. આ પ્રમાણે આગમિક પરંપરાના હિમાયતી શ્રી**જિનભદ્રગણી** ક્ષમાશ્રમણ આદિના મતને સૂક્ષ્મ રીતે વિચારવાની અહીં ભલામણ કરાયેલ છે.

### ⁂ ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ઉભયસ્વરૂપ ⁂

(**वस्तु.**) વાસ્તવમાં તો ઋજુસૂત્ર નથી તો શુદ્ધ દ્રવ્યાર્થિકનય કે નથી શુદ્ધ પર્યાયાર્થિકનય. પરંતુ તે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકઉભયાત્મક જ નય છે. મતલબ કે ઋજુસૂત્રમાં ફક્ત દ્રવ્યાર્થિકપણું કે ફક્ત પર્યાયાર્થિકપણું નથી. પરંતુ બન્નેનું મિશ્રણ છે. તેથી તે ઉભયસ્વરૂપ છે. આ રીતે જ આગમિક સિદ્ધાન્તની વ્યવસ્થા પૂર્વાચાર્યોને માન્ય છે. તેથી જ તો સમર્થચૂર્ણિકાર શ્રી**જિનદાસગણિ**મહત્તરશ્રીએ **આવશ્યક-નિર્યુક્તિચૂર્ણિ**માં અત્યંત સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ છે કે "શુદ્ધદ્રવ્યાર્થિક સંગ્રહનય છે. શુદ્ધપર્યાયાર્થિક એવંભૂતનય છે. તથા વચલા પાંચેય નય દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ઉભયસ્વરૂપ છે." તેથી (૧) અનુપયુક્ત સામાયિકાદિ આવશ્યકને કે (૨) આવશ્યકસૂત્રાર્થમાં અનુપયુક્ત દેવદત્તાદિ પર્યાયને કે (૩) આવશ્યકાદિમાં અનુપયુક્ત આત્મદ્રવ્યને ઋજુસૂત્રનય એક દ્રવ્યાવશ્યક તરીકે માને તો પણ કોઈ દોષ નથી. કારણ

1. द्रव्यार्थिकः शुद्धः सङ्ग्रहः, पर्यवार्थिकः शुद्धः एवम्भूतः, मध्यमा द्रव्यार्थिक-पर्यवार्थिकाः।

न काचित् क्षतिः, तस्य द्रव्यार्थिक-पर्यायार्थिकोभयात्मकतया मुख्य-गौणभावेन स्वकीयैकवर्त्तमानद्रव्य -पर्यायोभयाऽभ्युपगमपरत्वादिति ध्येयम्।

प्रकृते [1]"दव्वट्ठिओ त्ति तम्हा नत्थि णओ नियम सुद्धजाईओ। ण य पज्जवट्ठिओ णाम कोइ भयणाय उ विसेसो।।" (स.त.१/९/पृ.४०८) इति **सम्मतितर्क**वचनमप्यनुसन्धेयम्।

ऋजुसूत्रस्य केवलद्रव्यार्थिकत्वे द्रव्यस्य त्रैकालिकत्वेन ऋजुसूत्रेऽतीताऽनागताऽग्राहकत्वराद्धान्त-व्याकोपः स्यात्। ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वेऽपि पर्यायमात्रग्राहकत्वस्वीकारे "द्रव्यास्तिकस्य ध्रौव्यमात्र-वृत्तित्वाद्" (त.सि.वृ.५/२९/पृ.३७७) इति **तत्त्वार्थसूत्रसिद्धसेनीयवृत्ति**वचनविरोधो वा प्रसज्येतेत्यस्माकम् आभाति। बहुश्रुतैः अन्यथाऽपि सूत्रसङ्गतिः कार्या।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'उपयोगशून्या धर्मक्रिया द्रव्यानुष्ठानमि'ति विज्ञाय अस्मद-खिलानुष्ठानेषु (१) 'अनेन सदनुष्ठानेन मे कर्मनिर्जरा भविष्यत्येवे'ति श्रद्धा, (२) 'अनेन आत्मवि-

કે ઉપર જોઈ ગયા તેમ ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ઉભયસ્વરૂપ હોવાથી સ્વકીય એક વર્તમાન દ્રવ્ય અને પર્યાય બન્નેનો ગૌણ-મુખ્યભાવે સ્વીકાર કરવામાં તે તત્પર છે. આ રીતે અહીં **દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા**માં કહેલ સાર ધ્યાનમાં રાખવો.

### કોઈ પણ નય કેવલ દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક નથી

(प्रकृ.) પ્રસ્તુતમાં **સંમતિતર્ક**ની એક ગાથા પણ અનુસંધાન કરવા યોગ્ય છે. ત્યાં **શ્રીસિદ્ધસેન-દિવાકરસૂરિજી**એ જણાવેલ છે કે "વિશેષશૂન્ય સામાન્ય અવિદ્યમાન હોવાના કારણે શુદ્ધજાતીય એવો દ્રવ્યાર્થિકનય નિયમા નથી. તથા સામાન્યશૂન્ય વિશેષ અસત્ હોવાથી શુદ્ધજાતીય પર્યાયાર્થિક નામનો કોઈ નય નથી. વિવક્ષાથી જ આવો ભેદ પડે છે કે 'આ દ્રવ્યાર્થિકનય છે અને તે પર્યાયાર્થિકનય છે.' પરંતુ પરમાર્થથી કોઈ નય કેવલદ્રવ્યાર્થિક કે કેવલપર્યાયાર્થિક નથી."

### ઋજુસૂત્ર માત્ર દ્રવ્યાર્થિક નથી

(ऋजु.) જો ઋજુસૂત્રનયને કેવલદ્રવ્યાર્થિક માનવામાં આવે તો તેને અવશ્ય દ્રવ્યગ્રાહક માનવો પડશે. તથા દ્રવ્ય તો ત્રૈકાલિક છે. તેથી ઋજુસૂત્ર અતીત-અનાગત-વર્તમાનકાલીન વસ્તુનો ગ્રાહક બનવાથી 'ઋજુસૂત્ર અતીત-અનાગતનો અગ્રાહક છે' - આવો સિદ્ધાન્ત ભાંગી પડશે. ઋજુસૂત્રને શુદ્ધ દ્રવ્યાર્થિક માનવામાં આ દોષ દુર્વાર છે. જો ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક હોવા છતાં વર્ત્તમાનપર્યાયને જ ગ્રહણ કરે તો 'દ્રવ્યાર્થિકનય માત્ર ધ્રૌવ્યને જ ગ્રહણ-કરવામાં પ્રવર્ત્તે છે' - આ પ્રમાણે **તત્ત્વાર્થસૂત્રસિદ્ધસેનીય વ્યાખ્યા**માં જે જણાવેલ છે, તેનો વિરોધ આવીને ઊભો રહેશે. માટે તેને માત્ર દ્રવ્યાર્થિક ન મનાય. આ મુજબ અમને (પરામર્શકર્ણિકાકારને) જણાય છે. બહુશ્રુત વિદ્વાનોએ અન્યથા પણ સૂત્રસંગતિ કરવી.

### ભાવ અનુષ્ઠાનના સાત પ્રાણને સમજીએ

**આધ્યાત્મિક ઉપનય** :- 'અનુપયોગવાળી ધાર્મિક ક્રિયા દ્રવ્યઅનુષ્ઠાન છે' - આવું જાણીને આપણી પ્રત્યેક ક્રિયા (૧) 'આ અનુષ્ઠાનથી કર્મનિર્જરા થશે જ' - તેવી **શ્રદ્ધા**, (૨) 'આ અનુષ્ઠાન દ્વારા મારે

1. द्रव्यार्थिक इति तस्माद् नास्ति नयः नियमेन शुद्धजातीयः। न च पर्यवार्थिको नाम कश्चिद् भजनायाः तु विशेषः।।

शुद्धिरेव केवला मया प्राप्तव्या' इति आशयशुद्धिः, (३) 'अनन्ततीर्थङ्करीयनिर्व्याजकरुणयाऽधिकृतापवर्गमार्गाराधनाऽवसरोऽयं महान् मया लब्धः' इति आदरभावः, (४) 'विधि-यतना-सूत्रार्थालम्बनोपयोगगर्भैकाग्रतया मयाऽऽराधना कर्तव्या' इति जागृतिः, (५) नव-नवसंवेगः, (६) निर्वेदः, (७) असङ्गभावश्चेत्येते सप्त भावाः पूरयितव्याः। इत्थं सकलानुष्ठानानां भावानुष्ठानरूपेण परिणमनं सोल्लासतया कर्तव्यम्।

ततश्च [1]"अह सुइय-सयल-जगसिहरमरुय-निरुवम-सहाव-सिद्धिसुहं। अनिहणमव्वाबाहं तिरयणसारं अणुहवंति।।" (स.प्र.७०) इति **सप्ततिका**भिधाने **षष्ठकर्मग्रन्थे चन्द्रर्षिमहत्तर**दर्शितं सिद्धिसुखम् आसन्नतरं भवेत्।।८/१३।।

---

ફક્ત આત્મવિશુદ્ધિ જ પ્રાપ્ત કરવી છે' - તેવી **આશયશુદ્ધિ**, (૩) 'અનંતા તીર્થંકર ભગવંતોની નિસ્વાર્થ કરુણાથી આ મોક્ષમાર્ગને આરાધવાની મને સુંદર તક સાંપડેલી છે' - આવો **અહોભાવ**, (૪) 'વિધિ, જયણા અને સૂત્ર-અર્થ-આલંબનમાં ઉપયોગપૂર્વક મારે તન્મયતા સાથે આરાધના કરવી છે' - આવી **જાગૃતિ, (૫) સંવેગ, (૬) નિર્વેદ** અને (૭) **અસંગભાવ** - આ સાત ભાવોથી યુક્ત હોવી જોઈએ. આમ આ સાત ભાવોને પ્રત્યેક અનુષ્ઠાનમાં વણીને આપણા તમામ અનુષ્ઠાનોને ભાવ અનુષ્ઠાનરૂપે પરિણમાવવા આપણે તત્પર રહેવું જોઈએ.

### ❊ સિદ્ધિસુખને સમજીને અનુભવીએ ❊

(તત.) તેનાથી છઠ્ઠા **કર્મગ્રંથ**માં દર્શાવેલ સિદ્ધિસુખ ખૂબ જ નજીક આવે છે. છઠ્ઠા કર્મગ્રંથનું નામ **સપ્તતિકાપ્રકરણ** છે. ત્યાં શ્રી**ચન્દ્રર્ષિમહત્તરે** જણાવેલ છે કે 'કર્મક્ષય થયા બાદ (૧) એકાન્તે પવિત્ર, (૨) સંપૂર્ણ,(૩) જગતમાં શ્રેષ્ઠ, (૪) રોગરહિત, (૫) નિરુપમ, (૬) સ્વભાવભૂત, (૭) અનન્ત, (૮) અવ્યાબાધ, (૯) રત્નત્રયના સારભૂત એવા સિદ્ધિસુખને જીવો અનુભવે છે.' (૮/૧૩)

લખી રાખો ડાયરીમાં.....

- **વાસના અભિપ્રાયના સુખને મેળવી અનુભૂતિના આનંદથી વંચિત રહે છે.**
  **ઉપાસના સદા અનુભૂતિના નિજાનંદમાં ગળાડૂબ રહે છે.**
- **ઉપાસનાશૂન્ય સાધના સંસારને વધારી શકે છે.**
  **દા.ત. જમાલી**
  **ઉપાસનામાં તમામ કર્મોને બાળવાની શક્તિ ધરબાયેલી છે. દા.ત. માષતુષ મુનિ.**

---

1. अथ शुचिक-सकल-जगच्छिखरमरुज-निरुपम-स्वभाव-सिद्धिसुखम्। अनिधनमव्याबाधं त्रिरत्नसारम् अनुभवन्ति।।

**ઈમ અંતર્ભાવિતતણો રે, કિમ અલગો ઉપદેશ;**
**પાંચ થકી જિમ સાતમાં♦ રે, વિષયભેદ નહીં લેશ રે ॥૮/૧૪॥ (૧૨૨) પ્રાણી.**

**ઈમ અંતર્ભાવિત** કહતાં ૭ માંહિ ભેલ્યા, જે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક; (**તણો**=) તેહનો **અલગો ઉપદેશ કિમ** કરિઓ? જો ઈમ કહસ્યો "મતાંતરઈ **૫** નય કહિઈં છઈં, તેહમાં ૨ નય ભેલ્યા; (**થકી**) તેહનો

---

दर्शितमीमांसां प्रकृते योजयति – '**अन्तर्भावितयो**'रिति।

**अन्तर्भावितयोरेवं कस्मादुक्तिः पृथक् कृता ?।**
**पञ्चभ्यः सप्तवन्नैव भेदलेशोऽपि वर्तते।।८/१४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – एवम् अन्तर्भावितयोः पृथग् उक्तिः कस्मात् कृता ? पञ्चभ्यः सप्तवद् (नवनयेषु) भेदलेशः अपि नैव वर्तते।।८/१४।।

**एवं** सिद्धान्तवादि-तर्कवादिसूरिद्वयमतानुसारेण नैगमादिषु सप्तसु सङ्ग्रहादिषु वा षट्सु नयेषु **अन्तर्भावितयोः** द्रव्यार्थिक-पर्यायार्थिकनययोः **कस्मात्** कारणाद् देवसेनेन नैगमादिभ्यः **पृथग् उक्तिः कृता** ? न ह्यत्र किञ्चित् प्रयोजनमुपलभामहे। अरण्यरुदनन्यायेन निष्प्रयोजनेयमुक्तिः।

---

**અવતરણિકા** :- ઉપર જણાવેલી મીમાંસાને ગ્રંથકારશ્રી પ્રસ્તુતમાં જોડે છે :-

**❈ સાત નયથી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ભિન્ન નથી ❈**

**શ્લોકાર્થ** :- આ રીતે અન્તર્ભાવ પામનાર દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનું પૃથક્ કથન શા માટે કરેલ છે ? પાંચ નયો કરતાં સાત નયોમાં જેમ ભેદ રહેલો છે, તેમ સાત નયો કરતાં તો નવ નયોમાં લેશ પણ ભેદ રહેલો નથી. (૮/૧૪)

**વ્યાખ્યાર્થ** :- આ રીતે સિદ્ધાન્તવાદી શ્રી**જિનભદ્રગણી**ના મતે નૈગમ આદિ પ્રથમ ચાર નયમાં દ્રવ્યાર્થિકનો તથા શબ્દાદિ છેલ્લા ત્રણ નયોમાં પર્યાયાર્થિકનો સમાવેશ થાય છે. તથા તર્કવાદી **સિદ્ધસેન દિવાકરસૂરિજી**ના મતે સંગ્રહ અને વ્યવહાર નયમાં દ્રવ્યાર્થિકનો અન્તર્ભાવ તથા ઋજુસૂત્ર આદિ ચાર નયમાં પર્યાયાર્થિકનો અન્તર્ભાવ થાય છે. તેમના મતે સામાન્યગ્રાહી નૈગમનો સંગ્રહમાં તથા વિશેષગ્રાહી નૈગમનો વ્યવહારમાં સમાવેશ થાય છે. તેથી સંગ્રહ-વ્યવહાર નયથી ભિન્ન સ્વરૂપે નૈગમ નામનો નય સિદ્ધસેન દિવાકરસૂરિજીને માન્ય જ નથી. આમ નૈગમ નામના સ્વતંત્ર નયમાં દ્રવ્યાર્થિકનો સમાવેશ કરવાની દિવાકરજીના મતે આવશ્યકતા રહેતી નથી. ટૂંકમાં, સિદ્ધાન્તવાદી આચાર્ય અને તાર્કિક આચાર્ય - બન્ને મત મુજબ નૈગમ આદિ સાત નયોમાં કે સંગ્રહાદિ છ નયોમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો સમાવેશ થઈ જાય છે. તો પછી કયા કારણે **દેવસેનજી**એ નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનું અલગ કથન કર્યું છે ? નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને મૂળ નય તરીકે સ્વતંત્રપણે બતાવવામાં કોઈ પ્રયોજન અમને જણાતું નથી. તેથી દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નયનું પૃથક્ કથન કરીને નવ પ્રકારના મૂળનયનો વિભાગ દર્શાવવો વ્યાજબી જણાતો નથી. જંગલમાં રડવાનું જેમ નિષ્પ્રયોજન છે, તેમ નવનયપ્રરૂપણા નિષ્પ્રયોજન છે.

---

♦ કો.(૪)માં 'સાતનો' પાઠ.

૭ નય ✿કહતાં જિમ ♦અલગો ઉપદેશ છઇં, તિમ અમ્હારઈં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનો અલગો ઉપદેશ હુસ્યઇ" - તો શબ્દ, સમભિરૂઢ, એવંભૂત નય● જિમ વિષયભેદ છઇ, તિમ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો ૭ નયથી ભિન્ન વિષય દેખાડો. ૩ નયનઇં એક સંજ્ઞાઈં સંગ્રહી ૫ નય કહિયા છઇં, પણિ બિં⧖ વિષય ભિન્ન છઇં□. ઈહાં **વિષય** (ભેદ=) ભિન્ન **નથી** (લેશ).

***न च*** यथा तत्त्वार्थसूत्रे पञ्चनयादेशानुसारतो नैगमादिषु पञ्चसु नयेषु अन्तर्भूतयोरपि समभिरूढैवम्भूतनययोः सप्तनयादेशानुसारतः पृथगुक्तिः तथा सप्तनयादेशानुसारतो नैगमादिषु सप्तसु नयेषु अन्तर्भूतयोः अपि द्रव्यार्थिक-पर्यायार्थिकनययोरस्मन्मते पृथगुक्तिः सम्भवेदेवेति ***वाच्यम्***,

यत एवं सति शब्दात् समभिरूढैवम्भूतनययोरिव नैगमादिभ्यः सप्तभ्यो द्रव्यार्थिक-पर्यायार्थिकनययोः विषयपार्थक्यं दर्शनीयं स्यात्। साम्प्रत-समभिरूढैवम्भूतनयान् शब्दनयपदेन सङ्गृह्य पञ्चनयकथनेऽपि तेषां काल-कारकादिभेद-शब्दभेद-क्रियाभेदलक्षणो विषयभेदः समस्त्येव। इत्थं **पञ्चभ्यो** नयेभ्यः **सप्तवत्** = सप्तनयेष्विव सप्तभ्यो नयेभ्यः नवनयेषु **भेदलेशः** = स्तोकविषयभेदः **अपि नैव वर्तते**। ततश्च नवमूलनयकल्पना अजागलस्तनन्यायेन निष्फलैव।

## ❋ દ્રવ્યાર્થિકાદિ સ્વતન્ત્ર નય : દિગંબર ❋

**દિગંબર** :- (न च.) જેમ **તત્ત્વાર્થસૂત્ર**માં જણાવેલ પાંચ નયના આદેશ મુજબ નૈગમ આદિ પાંચે નયોમાં પ્રવેશ પામનાર એવા પણ સમભિરૂઢ અને એવંભૂત નયનું, સાત નયના આદેશ મુજબ, અલગ વિધાન કરવામાં આવેલ છે. તેમ સાત નયના આદેશ મુજબ નૈગમ આદિ સાત નયોમાં અન્તર્ભાવ પામનાર દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નયનું અમારા મતે પૃથક્ કથન સંભવી શકે જ છે. તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને અલગ પાડીને નવ પ્રકારના નયોનો વિભાગ દર્શાવવામાં કોઈ દોષ આવતો નથી.

## ❋ સાત નયથી ભિન્ન વિષય દ્રવ્યાર્થિકાદિમાં અસંભવ ❋

**શ્વેતાંબર** :- (यत.) જો આ રીતે તમે દિગંબરો નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને અલગ જણાવતા હો તો શબ્દનય કરતાં જેમ સમભિરૂઢ અને એવંભૂત નયનો વિષય શાસ્ત્રમાં અલગ જણાવેલ છે, તેમ નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક નયનો વિષય અલગ બતાવવો પડશે. પાંચ નયને બતાવનાર **ઉમાસ્વાતિજી** મહારાજે સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત નયનો 'શબ્દનય' એવા નામથી સંગ્રહ કરીને 'મૂળ નયો પાંચ છે' - એવું કથન કરેલ છે. તેમ છતાં પણ સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત - આ ત્રણે નયોમાં વિષયભેદ રહેલો જ છે. સાંપ્રતનય કાલ, કારક, લિંગ વગેરેના ભેદથી અર્થભેદ માને છે. સમભિરૂઢનય શબ્દભેદથી અર્થભેદ માને છે. તથા એવંભૂતનય ક્રિયાભેદથી અર્થભેદ માને છે. આ રીતે છેલ્લા ત્રણ નયોમાં પરસ્પર વિષયભેદ તો રહેલો જ છે. તેથી સમનયવાદી આચાર્યના મતે 'મૂળ નયો સાત છે' - તે વાત વ્યાજબી જ છે. પરંતુ આ રીતે પાંચ નયો કરતાં સાત નયમાં જેમ વિષયભેદ રહેલો છે, તે રીતે સાત નયો કરતાં નવ નયોમાં આંશિક પણ વિષયભેદ

✿ પુસ્તકમાં 'કરતાં' પાઠ છે. કો.(૧૨)+પા. પ્રતનો પાઠ અહીં લીધો છે. ♦ સિ.માં 'અલગો' પદ નથી. ● પુસ્તકોમાં 'નઈ' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ⧖ ફક્ત લી.(૪)માં 'બિં' પાઠ છે. □ કો.(૧૩)માં 'છઈં નહી' પાઠ.

तदुक्तम् **अनेकान्तव्यवस्थाप्रकरणे**ऽपि **महोपाध्याययशोविजय**गणिवरैः "न च 'पञ्च नया' इत्येक आदेशः, 'सप्त' इति अन्य इतिवत् 'सप्त नया' इत्येक आदेशो 'नव' इत्यन्य इत्यस्मदभिप्रेतमिति साम्प्रतम्, भिन्नविषयाणां शब्दादीनां त्रयाणां शब्दत्वेन ऐक्यं स्वातन्त्र्यं च अभिप्रेत्य पञ्च-सप्तादेशभेदद्वयसम्भवेऽपि प्रकृते विषयभेदाऽभावेन तदसम्भवाद्" (अ.व्य.भाग-२/पृ.१३५) इत्यादिकम्।

***ननु*** पूर्वं (५/१०-१९) 'कर्मोपाधिनिरपेक्षशुद्धद्रव्यार्थिकनयः, उत्पाद-व्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः...' - इत्यादिरूपेण दशधा द्रव्यार्थिकनयनिरूपणावसरे नैगमादिभ्यः सप्तभ्यो नयेभ्यः द्रव्यार्थिकनयविषयभेदः दर्शित एव। एवम् 'अनादिनित्यः पर्यायार्थिकः, सादिनित्यः पर्यायार्थिकः' - इत्यादिरूपेण पर्यायार्थिकनयोऽपि षड्विधरूपेण पूर्वं (६/१-६) व्याख्यात इति तद्विषयभेदोऽपि दर्शित एवेति कथं न सप्तभ्यः नवसु नयेषु विषयभेदलेशोऽपि इति ***चेत्*** ?

રહેલો નથી. તેથી નવ મૂળનયની કલ્પના, બકરીના ગળામાં રહેલ આંચળની જેમ, નિષ્ફળ જ છે.

### ❋ પાછલા ત્રણ નયમાં ભેદ-અભેદની સિદ્ધિ ❋

(**तदुक्त.**) **અનેકાન્તવ્યવસ્થા પ્રકરણ**માં પણ શંકા-સમાધાનરૂપે **મહોપાધ્યાય યશોવિજયજી** ગણિવરે જણાવેલ છે કે "પ્રસ્તુતમાં જેમ શ્વેતાંબરમતે 'નયો પાંચ છે' - આ પ્રમાણે એક આદેશ, તથા 'નયો સાત છે' - એ પ્રમાણે બીજો આદેશ છે. તેમ 'મૂળ નયો સાત છે' - એમ એક આદેશ તથા 'મૂળ નયો નવ છે' - એવો બીજો મત છે - આવું અમને દિગંબરોને અભિમત છે — આવું દેવસેનકથન વ્યાજબી નથી. કારણ કે શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આ ત્રણ નયનો શબ્દત્વરૂપે અભેદ કરીને પાંચ નયનો આદેશ સંભવે છે. તથા શબ્દાદિ ત્રણ નયોના વિષયો ભિન્ન હોવાથી શબ્દાદિ ત્રણેય નયો સ્વતંત્ર બને છે - એવા અભિપ્રાયથી 'મૂળ નયો સાત છે' આવો મત સંભવી શકે છે. પરંતુ પ્રસ્તુતમાં નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયમાં વિષયભેદ ન હોવાથી નવ નયનો આદેશ સંભવી શકતો નથી."

### ❀ દ્રવ્યાર્થિકાદિમાં વિષયભેદ છે : પૂર્વપક્ષ ❀

**દિગંબર** :- (**ननु.**) પૂર્વે પાંચમી શાખાના દસથી ઓગણીસ શ્લોક સુધીમાં (૧) કર્મઉપાધિનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય, (૨) ઉત્પાદ-વ્યય ગૌણ કરીને મુખ્યતયા સત્તાનો ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય ..... ઈત્યાદિરૂપે દસ પ્રકારે દ્રવ્યાર્થિકન્સ્યનું નિરૂપણ કરવાના અવસરે નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક-નયનો વિષયભેદ દેખાડેલ જ છે. તે જ રીતે પૂર્વે છઠ્ઠી શાખાના એકથી છ શ્લોકમાં (૧) અનાદિ નિત્ય પર્યાયાર્થિકનય, (૨) સાદિ નિત્ય પર્યાયાર્થિકનય... ઈત્યાદિ રૂપે પર્યાયાર્થિકનય પણ છ પ્રકારનો દર્શાવેલ જ છે. નૈગમ આદિ નયો કરતાં પર્યાયાર્થિકનયનો વિષયભેદ પણ ત્યાં દેખાડેલ જ છે. તેથી 'નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક આદિ નવ નયોમાં લેશ પણ વિષયભેદ રહેતો નથી' - આવું કેમ કહી શકાય ? તેથી નવ નયનું વિભાજન વ્યાજબી જ છે.

જે દ્રવ્યાર્થિકના ૧૦ ભેદ દેખાડ્યા, તે સર્વ શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિકમાંહિં આવઈ.

***मैवम्***, द्रव्यार्थिकनयस्य दशाऽपि भेदाः सङ्ग्रहादिनयेषु समाविशन्ति, तेषां द्रव्यार्थिकनयगोचरग्राहकत्वात्। तथाहि – (१) कर्मोपाधिनिरपेक्षशुद्धद्रव्यार्थिकनयः 'संसारी जीवः सिद्धसदृश' इति प्रतिपादकः विशेषसङ्ग्रहनयान्तःपाती भवति।

(२) उत्पाद-व्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकनयः 'द्रव्यं नित्यम्' इति वदन् सामान्यसङ्ग्रहनिविष्टो भवति।

(३) भेदकल्पनानिरपेक्षः शुद्धद्रव्यार्थिकनयः 'द्रव्यं निजगुण-पर्यायस्वभावादभिन्नमि'ति प्ररूपकः भेदकल्पनानपेक्षतया सामान्यसङ्ग्रहे प्रविष्टः। अत एवोक्तं **सम्मतितर्कवृत्तौ** "शुद्धो द्रव्यास्तिको नयः सङ्ग्रहनयाभिमतविषयप्ररूपकः" (स.त.१/३/पृ.२७२) इति।

(४) कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः 'क्रोधादिमयः जीवः' इति दर्शकः अशुद्धसङ्ग्रहे।

(५) उत्पाद-व्ययसापेक्षः सत्ताग्राहकोऽशुद्धद्रव्यार्थिकनयः 'एकस्मिन् समये उत्पाद-व्यय-ध्रौव्यात्मकं द्रव्यमि'ति निरूपकः ऋजुसूत्रनयानुगृहीतसङ्ग्रहान्तर्भूतः, एकसमयवर्तिसमुत्पाद-व्ययपर्यायाणाम् ऋजु-

## 卐 દ્રવ્યાર્થિકાદિમાં વિષયભેદ નથી : ઉત્તરપક્ષ 卐

**શ્વેતાંબર** :- (मैवम्.) તમારી આ વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે દ્રવ્યાર્થિકનયના દશેય ભેદોનો સમાવેશ સંગ્રહ આદિ નયોમાં થઈ જાય છે. કેમ કે સંગ્રહ આદિ નયો દ્રવ્યાર્થિકનયના વિષયનું જ ગ્રહણ કરે છે. તે સમાવેશ આ રીતે સમજવો.

(૧) કર્મઉપાધિનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય એવું પ્રતિપાદન કરે છે કે 'સંસારી જીવ સિદ્ધતુલ્ય છે.' જીવના બે ભેદ પાડી સંસારીરૂપે તમામ જીવનો એક વિભાગમાં સંગ્રહ અને અન્ય જીવોનો સિદ્ધ વિભાગમાં સંગ્રહ કરનાર પ્રસ્તુત પ્રથમ દ્રવ્યાર્થિક નયનો અન્તર્ભાવ વિશેષ સંગ્રહનયમાં થાય છે.

(૨) ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને મુખ્યતયા સત્તાનું ગ્રહણ કરનાર શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહે છે કે 'દ્રવ્ય નિત્ય છે.' દ્રવ્યાર્થિકનયના પ્રસ્તુત બીજા ભેદનો પ્રવેશ સામાન્ય સંગ્રહનયમાં થાય છે.

(૩) ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહે છે કે 'દ્રવ્ય પોતાના ગુણ-પર્યાય-સ્વભાવથી અભિન્ન છે.' અહીં ભેદની કલ્પનાને અવકાશ ન હોવાથી સામાન્ય સંગ્રહનયમાં તે પ્રવેશે છે. તેથી જ **સંમતિતર્કવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'શુદ્ધદ્રવ્યાસ્તિકનય તો સંગ્રહનયમાન્ય એવા વિષયની પ્રરૂપણા કરે છે.'

(૪) કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એવું દેખાડે છે કે 'ક્રોધાદિમય જીવ છે.' કર્મસાપેક્ષ અશુદ્ધિને દર્શાવનાર પ્રસ્તુત નયનો સમાવેશ અશુદ્ધ સંગ્રહનયમાં થાય છે.

(૫) ઉત્પાદ-વ્યયસાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક કહે છે કે 'એક સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક દ્રવ્ય છે.' દ્રવ્યાર્થિકનય હોવા છતાં ઉત્પાદ-વ્યય પર્યાયને ગ્રહણ કરવાને લીધે એ અશુદ્ધ છે. તથા એક જ દ્રવ્યમાં ઉત્પાદ આદિ પર્યાયનો સંગ્રહ પણ કરે છે. તેમજ એકસમયવર્તી ઉત્પાદ-વ્યય પર્યાય ઋજુસૂત્રનયનો વિષય છે. તેથી તેનો સમાવેશ ઋજુસૂત્રનયથી અનુગૃહીત સંગ્રહમાં થાય છે.

सूत्रनयविषयत्वात् ।

(६) भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकनयः 'आत्मनो ज्ञानादिगुणाः' इति प्ररूपकः विशेषसङ्ग्रहभेदकव्यवहारनयान्तर्गतः। तथाहि – द्रव्यत्व-गुणत्वाभ्यां पदार्थविभजनेऽपि द्रव्यत्वेन चेतनाऽचेतनद्रव्यसङ्ग्राहको गुणत्वेन च ज्ञानादि-रूपादिगुणसङ्ग्राहकोऽत्र विशेषसङ्ग्रहनयो बोध्यः। द्रव्यमध्याद् आत्मानं गुणमध्याच्च ज्ञानादीन् पृथक्कृत्य तदुभयभेदकारित्वेनाऽयं विशेषसङ्ग्रहभेदकव्यवहारनयेऽन्तर्भवति ।

(७) अन्वयद्रव्यार्थिकनयः 'गुण-पर्यायस्वभावं द्रव्यमि'ति प्रदर्शकः शुद्धसङ्ग्रहनयानुपाती।

(८) स्वद्रव्यादिग्राहकद्रव्यार्थिकः 'स्वद्रव्याद्यपेक्षया द्रव्यमस्ती'ति प्रतिपादयन् नैगमादौ समाविशति, विधिरूपत्वात्। पूर्वं चतुर्थशाखायां त्रयोदशकारिकायां प्रस्थकविषयकनयसप्तभङ्गीनिरूपणावसरे नैगममाश्रित्य या विधिकल्पना दर्शिता सेहाऽनुसन्धेया।

(९) परद्रव्यादिग्राहकद्रव्यार्थिकः 'परद्रव्याद्यपेक्षया द्रव्यं नास्ती'ति कथयन् सत्त्वव्यावृत्तिपरत्वाद् व्यवहारेऽन्तर्भवति।

(१०) परमभावग्राहकद्रव्यार्थिकः 'ज्ञानस्वरूप आत्मा' इति निरूपयन् शुद्धसङ्ग्रहे ऋजुसूत्रे

---

(૬) ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એવી પ્રરૂપણા કરે છે કે 'જ્ઞાનાદિ આત્માના ગુણો છે.' જ્ઞાન અને આત્મા વચ્ચે ભેદ પાડનાર પ્રસ્તુત છઠ્ઠા દ્રવ્યાર્થિકનયનો અન્તર્ભાવ વિશેષસંગ્રહભેદક વ્યવહારનયમાં થાય છે. તે આ રીતે - દ્રવ્યરૂપે અને ગુણરૂપે પદાર્થનો વિભાગ કરવા છતાં પણ જડ, ચેતન વગેરે તમામ દ્રવ્યનો દ્રવ્યરૂપે સંગ્રહ કરનાર અને જ્ઞાનાદિ, રૂપ-રસાદિ ગુણોનો ગુણરૂપે સંગ્રહ કરનાર નય અહીં વિશેષસંગ્રહનય જાણવો. આ વિશેષસંગ્રહનયના વિષયનો ભેદ કરનાર વ્યવહારનય દ્રવ્યોમાંથી આત્માને જુદો પાડી તથા ગુણોમાંથી જ્ઞાનાદિને અલગ પાડી, આત્મા અને જ્ઞાનાદિ વચ્ચે ભેદને દર્શાવે છે. તેથી વિશેષસંગ્રહભેદક વ્યવહારનયમાં પ્રસ્તુત છઠ્ઠા દ્રવ્યાર્થિકનયનો સમાવેશ કરવો વ્યાજબી છે.

(૭) અન્વય દ્રવ્યાર્થિકનય પોતાનું મંતવ્ય એવું દર્શાવે છે કે 'ગુણ-પર્યાયસ્વભાવવાળું દ્રવ્ય છે.' અહીં ગુણ અને પર્યાય બન્નેનો દ્રવ્યમાં સમાવેશ થતો હોવાથી સાતમા દ્રવ્યાર્થિકનયનો શુદ્ધસંગ્રહનયમાં અનુપ્રવેશ થાય છે.

(૮) સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય એવું પ્રતિપાદન કરે છે કે 'સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ દ્રવ્ય વિદ્યમાન છે.' આ આઠમા દ્રવ્યાર્થિકનયનો સમાવેશ નૈગમ આદિ નયોમાં પણ થઈ શકે છે. કારણ કે તે વિધિસ્વરૂપ છે, વિધાયક છે. ચોથી શાખાના તેરમા શ્લોકમાં પ્રસ્થકવિષયક નયસપ્તભંગીના નિરૂપણ અવસરે **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથનો સંવાદ અમે દર્શાવેલ છે. ત્યાં નૈગમનયને આશ્રયીને વિધિકલ્પના દર્શાવેલ છે. તેનું અહીં અનુસંધાન કરવું.

(૯) પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય કહે છે કે 'પરદ્રવ્યાદિની અપેક્ષાએ દ્રવ્ય અસત્ છે.' આ નય સત્ત્વની વ્યાવૃત્તિ = બાદબાકી કરવામાં પરાયણ હોવાથી તેનો વ્યવહારનયમાં અન્તર્ભાવ થાય છે.

(૧૦) પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય એવું નિરૂપણ કરે છે કે 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે.' આ

वा प्रविशति। ततश्च दशविधानामपि द्रव्यार्थिकनयभेदानां नैगमादिनयेभ्यः विषयभेदो नैव सम्भवतीति सिद्धम्।

एवं पर्यायार्थिकस्य ये षड् भेदाः देवसेनेन दर्शिताः तेऽपि न युक्ताः। विषयलेशभेदेन तद्भेदाभ्युपगमे तु (१) कर्मोपाधिरहितनित्यशुद्धपर्यायार्थिकस्येव अभव्यत्वलक्षणपारिणामिकभावग्राहकस्य कर्मोपाधिरहित-नित्याऽशुद्धपर्यायार्थिकस्य, (२) औपशमिकसम्यक्त्वग्राहकस्य कर्मोपाधिरहितसादि-सान्तशुद्धपर्यायार्थिकस्य, (३) भव्यत्वग्राहकस्य च कर्मोपाधिरहिताऽनादिसान्तशुद्धपर्यायार्थिकस्य अतिरिक्तत्वम् अपरिहार्यम्, उभयत्र युक्तेः तुल्यत्वात्।

एवमेव (४) जन्म-मरणादिग्राहकस्य कर्मोपाधिसापेक्षाऽनित्याऽशुद्धपर्यायार्थिकस्येव अभव्यनिष्ठ-

---

દ્રવ્યાર્થિકનયનો શુદ્ધસંગ્રહનયમાં અથવા ઋજુસૂત્રમાં સમાવેશ થાય છે. આમ દ્રવ્યાર્થિકનયના દશેય ભેદોનો નૈગમ આદિ નયોમાં સમાવેશ થઈ જાય છે. તેથી દશેય પ્રકારના દ્રવ્યાર્થિકનયોના ભેદોનો નૈગમ આદિ નયો કરતાં વિષયભેદ સંભવતો નથી - તેવું સિદ્ધ થાય છે.

### દેવસેનદર્શિત પર્યાયાર્થિકવિભાગ પણ અનુચિત

(**एवं.**) આ જ રીતે દેવસેનજીએ પર્યાયાર્થિકનયના જે છ ભેદોને જણાવેલા છે તે પણ યોગ્ય નથી. કારણ કે થોડાક જ વિષયભેદથી જો પર્યાયાર્થિકનયના નવા-નવા ભેદો પાડવામાં આવે તો દેવસેનજીએ પર્યાયાર્થિકના છ નહિ પરંતુ તેનાથી વધુ ભેદ સ્વીકારવા પડશે. તે આ રીતે - (૧) કર્મોપાધિરહિત નિત્યશુદ્ધ પયાયાર્થિક નામનો જે પાંચમો પ્રકાર દેવસેનજીએ સંસારીના સિદ્ધત્વપર્યાયને ગ્રહણ કરનાર તરીકે જણાવેલો હતો, તેમ અભવ્યત્વ નામના પારિણામિક ભાવને ગ્રહણ કરનાર કર્મોપાધિરહિત નિત્યઅશુદ્ધ પર્યાયાર્થિકનયને સ્વતંત્રરૂપે દેવસેનજીએ જણાવવો પડશે. કેમ કે અભવ્યત્વ અનાદિ પારિણામિકભાવ હોવાથી કર્મોપાધિનિરપેક્ષ છે તથા નિત્ય અશુદ્ધ છે. તથા (૨) જીવમાં રહેલ ઔપશમિક સમ્યક્ત્વને ગ્રહણ કરનાર કર્મોપાધિરહિત સાદિ-સાન્ત શુદ્ધપર્યાયાર્થિકનયને પણ દેવસેનજીએ સ્વતંત્ર ભેદ માનવો પડશે. કેમ કે દર્શનમોહનીયકર્મના વિપાકોદયથી અને પ્રદેશોદયથી ઔપશમિક સમ્યક્ત્વ નિરપેક્ષ છે તથા તે માત્ર અંતર્મુહૂર્તમાત્રકાલીન છે. (૩) તે જ રીતે ભવ્યત્વ પરિણામને ગ્રહણ કરનાર કર્મોપાધિરહિત અનાદિ-સાન્ત શુદ્ધપર્યાયાર્થિકનય પણ તેણે સ્વતન્ત્રરૂપે દર્શાવવો પડશે. કેમ કે ભવ્યત્વ અનાદિ પારિણામિક ભાવ હોવાથી કર્મોપાધિનિરપેક્ષ પર્યાય છે. તે નાશ પામવા યોગ્ય છે તથા શુદ્ધ છે. પૂર્વોક્ત ચાર પર્યાયાર્થિક કરતાં પાંચમો જો સ્વતંત્ર હોય તો ઉપરોક્ત ત્રણ પર્યાયાર્થિકને પણ સ્વતંત્રરૂપે દેવસેને બતાવવા પડશે. કારણ કે જે યુક્તિ પાંચમા પર્યાયાર્થિકને સ્વતંત્ર દર્શાવવા માટે દેવસેનજી દર્શાવશે, તે જ યુક્તિથી ઉપરોક્ત ત્રણેય પર્યાયાર્થિકનયમાં સ્વતંત્રતા સિદ્ધ થઈ જશે.

### તેર પર્યાયાર્થિકનયની આપત્તિ

(**एवमे.**) આ જ રીતે (૪) જન્મ-મરણાદિગ્રાહક છઠ્ઠા કર્મોપાધિસાપેક્ષ (સાદિ-સાન્ત) અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિકની જેમ અભવ્ય જીવમાં રહેલ સંસારિત્વ વગેરેને ગ્રહણ કરનાર કર્મોપાધિસાપેક્ષ અનાદિઅનન્ત અશુદ્ધ પર્યાયાર્થિકને પણ ચોક્કસ દેવસેને જુદો જણાવવો પડશે. છઠ્ઠા ભેદથી તેનું ગ્રહણ થઈ શકતું

संसारित्वादिग्राहकस्य कर्मोपाधिसापेक्षानाद्यनन्ताऽशुद्धपर्यायार्थिकस्य, (५) भव्यनिष्ठैकेन्द्रियत्वादिग्राहकस्य कर्मोपाधिसापेक्षानादि-सान्ताऽशुद्धपर्यायार्थिकस्य, (६) अभव्यनिष्ठव्यवहारराशिवर्तित्वादिग्राहकस्य कर्मोपाधिसापेक्षसाद्यनन्ताऽशुद्धपर्यायार्थिकस्य (७) औपशमिक-क्षायोपशमिकसम्यक्त्वादिग्राहकस्य च कर्मोपाधिसापेक्षसादि-सान्तशुद्धपर्यायार्थिकस्य अवश्यवक्तव्यत्वापत्तेः, युक्तेरुभयत्राऽविशेषात्। ततश्च पर्यायार्थिकस्य त्रयोदशभेदाः प्रसज्येरन् देवसेनस्य।

वस्तुतः अनाद्यनन्त-साद्यनन्त-सादिसान्ताऽनादिसान्तरूपेण पर्यायचातुर्विध्यात् पर्यायार्थिकस्य विषय-भेदप्राप्तभेदस्य चत्वार एव भेदा देवसेनेन वाच्याः, तत्रैवेतरप्रकाराणां समावेशात्। तदुक्तं स्थिति-पुरस्कारेण पर्यायचतुष्कनिरूपणावसरे **देवचन्द्र**वाचकैः **नयचक्रसारे** "(१) मेर्वाद्यनादिनित्यपर्यायाः, (२) चरमशरीरत्रिभागन्यूनावगाहनादयः सादिनित्यपर्यायाः, (३) सादिसान्तपर्यायाः भाव-शरीराऽध्यवसायादयः,

---

નથી. કારણ કે જન્મ-મરણાદિ અનિત્ય છે. જ્યારે અભવ્યનો સંસાર તો શાશ્વત = નિત્ય છે. તથા (૫) ભવ્યાત્મામાં રહેલ એકેન્દ્રિયત્વાદિ પર્યાય અનાદિ-સાન્ત છે. તે કર્મસંયોગજનિત અશુદ્ધદશા છે. તેથી તેને ગ્રહણ કરનાર કર્મોપાધિસાપેક્ષ અનાદિ-સાન્ત અશુદ્ધપર્યાયાર્થિકને પણ સ્વતંત્રસ્વરૂપે દેવસેને જણાવવો પડશે. (૬) અભવ્ય અનાદિકાળથી અવ્યવહારરાશિમાં છે. તે ભવિતવ્યતાદિવશ વ્યવહારરાશિમાં આવે છે ખરો. પણ તે કદાપિ મોક્ષે જતો નથી. તેથી અભવ્યાત્મામાં વ્યવહારરાશિવર્તિત્વ સાદિ -અનંતકાલીન પર્યાય છે. તે કર્મસંયોગજનિત અશુદ્ધ પર્યાય છે. માટે તેને ગ્રહણ કરનાર કર્મોપાધિસાપેક્ષ સાદિ-અનન્ત અશુદ્ધપર્યાયાર્થિકને પણ દેવસેનજીએ જુદો જણાવવો પડશે. (૭) ઔપશમિક, ક્ષાયોપશમિક સમકિત વગેરેને ગ્રહણ કરનાર કર્મોપાધિસાપેક્ષ સાદિ-સાન્ત શુદ્ધ પર્યાયાર્થિકને પણ દેવસેને જરૂર જુદો દર્શાવવો પડશે. કારણ કે જન્મ-મરણાદિ જેમ કર્મોદયજન્ય હોવાથી અશુદ્ધ છે, તેમ સમકિત વગેરે અશુદ્ધ નથી. કર્મઉપશમાદિજન્ય હોવાથી વ્યવહારથી તે શુદ્ધ છે. દેવસેનજીએ જે છ પર્યાયાર્થિક જણાવેલા છે, તેમાંના પ્રથમ પાંચની અંદર જો છઠ્ઠાનો સમાવેશ ન થઈ શકતો હોય તો ઉપરના ચાર નયોનો પણ દેવસેનદર્શિત છ પર્યાયાર્થિકનયોમાં સમાવેશ નહિ થાય. જે યુક્તિ છઠ્ઠા પર્યાયાર્થિકને પાંચ પર્યાયાર્થિકથી સ્વતંત્રરૂપે સિદ્ધ કરવા માટે દેવસેન દર્શાવશે, તે જ યુક્તિથી ઉપરોક્ત ચાર પર્યાયાર્થિકમાં પણ સ્વતંત્રતા સિદ્ધ થઈ જશે. કેમ કે યુક્તિ તો બન્ને સ્થળે સમાન લાગુ પડે છે. તેથી દેવસેનસંમત છ પર્યાયાર્થિક + ત્રણ + ચાર = તેર પર્યાયાર્થિકભેદો દેવસેનમતે સિદ્ધ થવાની આપત્તિ આવશે.

### ✡ સર્વ પર્યાયોનો ચાર પર્યાયમાં સમાવેશ ✡

(**वस्तु.**) વાસ્તવમાં તો (૧) અનાદિ-અનંત,(૨) સાદિ-અનંત, (૩) સાદિ-સાન્ત અને (૪) અનાદિ -સાન્ત આ સ્વરૂપે પર્યાયના ચાર ભેદ હોવાથી પર્યાયાર્થિકનયના ચાર ભેદ જ દેવસેનજીએ દર્શાવવા જોઈએ. કારણ કે વિષયભેદ જ નયભેદમાં નિયામક છે. પર્યાયાર્થિકના બાકીના ભેદોનો સમાવેશ તે ચાર પ્રકારમાં જ થઈ જાય છે. કાલિક સ્થિતિને મુખ્ય કરીને ઉપાધ્યાયશ્રી **દેવચન્દ્ર**જી મહારાજે ચાર પ્રકારના પર્યાયનું નિરૂપણ કરવાના અવસરે **નયચક્રસાર** પ્રકરણમાં જણાવેલ છે કે '(૧) પુદ્ગલની મેરુપર્વત વગેરે અવસ્થા તે અનાદિ નિત્ય પર્યાય છે. (૨) ચરમશરીરની અવગાહના કરતાં ત્રીજો

(४) अनादिसान्तपर्याया भव्यत्वादयः" (न.च.सा.पृ.१८१) इति।

किञ्च, षड्विधपर्यायार्थिकनयप्रतिपादने नाम-स्थापना-द्रव्य-भावलक्षणनिक्षेपपर्यायग्राहकनयानां प्रकृतोद्देश्यतावच्छेदकीभूतपर्यायार्थिकत्वाऽऽक्रान्तत्वेऽपि प्रातिस्विकरूपेणोक्तविभाज्यताऽवच्छेदकधर्मैः असङ्ग्रहाद् देवसेनोक्तषड्विधपर्यायार्थिकविभागे न्यूनताऽऽपत्तिः दुर्वारैव।

***न च*** नामादीनामपर्यायतेति ***शङ्क्यम्,***

[1]"नामादओ वि भावा जं, ते वि हु वत्थुपज्जाया" (वि.आ.भा.५५) इति **विशेषावश्यकभाष्य**वचनात् तेषामपि वस्तुपर्यायत्वात्। तथापि पर्यायार्थिकमात्रस्य नामादिपर्यायाऽग्राहकत्वे पर्यायार्थिकनयविभागे न्यूनत्वं दुर्वारमेव। "नामनिक्षेपो द्विविधः सहजः साङ्केतिकश्च। स्थापनाऽपि सहजा आरोपजा च"

ભાગ ન્યૂન અવગાહના = સિદ્ધાવગાહના વગેરે સાદિ-નિત્ય પર્યાય છે. (૩) ભાવ, શરીર અને અધ્યવસાયસ્થાન વગેરે સાદિ-સાન્ત પર્યાય છે. (૪) ભવ્યત્વ = સિદ્ધિગમનયોગ્યત્વ વગેરે પર્યાય અનાદિ-સાન્ત પર્યાય છે.' તેથી છ પ્રકારે પર્યાયાર્થિકના ભેદોને દેવસેનજીએ બતાવેલ છે, તે યોગ્ય નથી.

## ❖ પર્યાયાર્થિકના સત્તર ભેદની સમસ્યા ❖

(**किञ्च.**) વળી, બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે પર્યાયાર્થિકના છ પ્રકારે ભેદ પાડવામાં આવે તો પણ નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ - આ ચાર પ્રકારના નિક્ષેપપર્યાયોને ગ્રહણ કરનારા પર્યાયાર્થિકનયોનો દેવસેનજી છ પ્રકારમાંથી કયા પ્રકારમાં સમાવેશ કરશે ? તેનો સમાવેશ કરવો તો જરૂરી જ છે. કેમ કે તે ચારેય નયો પ્રસ્તુત પર્યાયાર્થિકત્વસ્વરૂપ ઉદ્દેશ્યતાઅવચ્છેદક ધર્મના આશ્રય છે. તેમ છતાં પણ અનાદિનિત્યશુદ્ધપર્યાયાર્થિકત્વ વગેરે છ વિભાજ્યતાઅવચ્છેદક ધર્મો દ્વારા ચોક્કસ નિયતસ્વરૂપે તે ચારેય નિક્ષેપગ્રાહકનયોનો સંગ્રહ થઈ શકતો નથી. તેથી દેવસેનજીએ દર્શાવેલ ષડ્વિધ પર્યાયાર્થિકનયવિભાગમાં ન્યૂનતા દોષની આપત્તિ દુર્વાર જ બનશે. તેથી ઉપરોક્ત ૧૩ + ૪ = ૧૭ પર્યાયાર્થિકનયને માનવાની સમસ્યા દેવસેનમતમાં ઊભી થશે.

**શંકા** :- (न च.) નામાદિ નિક્ષેપ વસ્તુના પર્યાય નથી. તે વાસ્તવિક ગુણધર્મ નથી, પણ કલ્પિત ગુણધર્મો છે. તેથી તેને ગ્રહણ કરનાર પર્યાયાર્થિકનયની ચર્ચાને પ્રસ્તુતમાં કોઈ અવકાશ જ નથી. છ પ્રકારના પર્યાયાર્થિક નયો વાસ્તવિક ગુણધર્મોને = પર્યાયોને ગ્રહણ કરવાના અભિપ્રાયથી દેવસેનજીએ દર્શાવેલા છે. કાલ્પનિક ગુણધર્મોને ગ્રહણ કરવાના અભિપ્રાયથી નહિ. બાકી તો કાલ્પનિક ગુણધર્મો અનંતા સંભવતા હોવાથી અનંત પર્યાયાર્થિકનયની આપત્તિ આવે. આ તો કોઈ પણ રીતે વ્યાજબી નથી.

## ❋ નિક્ષેપ પણ વસ્તુપર્યાય છે ❋

**નિરાકરણ** :- (**"नामा.**) તમારી શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં શ્રી**જિનભદ્રગણિ**ક્ષમાશ્રમણે જણાવેલ છે કે 'નામ વગેરે ભાવો પણ વસ્તુના પર્યાય છે.' તેથી નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ - આ ચારેય વસ્તુના પર્યાય = વાસ્તવિક ગુણધર્મો જ સિદ્ધ થાય છે. તેમ છતાં કોઈ પણ પર્યાયાર્થિકનય જો નામાદિ પર્યાયનો ગ્રાહક ન હોય

1. नामादयोऽपि भावाः यत्, तेऽपि खलु वस्तुपर्यायाः।

જે ૬ ભેદ પર્યાયાર્થિકના દેખાડ્યા, તે સર્વ ઉપચરિતાનુપચરિતવ્યવહાર, શુદ્ધાશુદ્ધ ૠજુસૂત્રાદિકમાંહિં આવઈ.

(न.च.सा.पृ.१८२) इत्यादिकं **देवचन्द्र**वाचककृत**नयचक्रसारतो** विज्ञेयम्। ततश्च देवसेनस्य सप्तदश पर्यायार्थिकभेदाः समापद्येरन्।

सूक्ष्मदृष्ट्या वक्ष्यमाण(१४/३-७+१५-१६)शुद्धाऽशुद्धद्रव्यव्यञ्जनपर्याय-शुद्धाऽशुद्धगुणव्यञ्जन-पर्याय-शुद्धाऽशुद्धद्रव्यार्थपर्याय-शुद्धाऽशुद्धगुणार्थपर्याय-सजातीयपर्याय-विजातीयपर्याय-स्वभावगुणपर्याय-विभावगुणपर्याय-सूक्ष्मपर्याय-बादरपर्यायग्राहकत्वादिभेदेन तद्विभजने तु ततोऽप्यधिका भेदाः प्रसज्येरन्।

તો દેવસેનમતે પર્યાયાર્થિકનયવિભાગમાં ન્યૂનતા દોષ દુર્વાર જ બનશે. 'નામનિક્ષેપના બે ભેદ છે - (૧) સહજ નામનિક્ષેપ અને (૨) સાંકેતિક નામનિક્ષેપ. સ્થાપના નિક્ષેપના પણ બે ભેદ છે. (૧) સહજ સ્થાપનાનિક્ષેપ અને (૨) આરોપજન્ય સ્થાપનાનિક્ષેપ...' ઈત્યાદિ બાબત ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્ર**જીરચિત **નયચક્રસાર** પ્રકરણમાંથી જાણી લેવી. આશય એ છે કે પર્યાયાર્થિકના સત્તર ભેદો દેવસેનજીએ માન્ય કરવા પડશે.

## સત્તર પર્યાયાર્થિકનયનો નિર્દેશ

**સ્પષ્ટતા** :- પર્યાયાર્થિકનયના જે સત્તર ભેદોની આપત્તિ દેવસેનમતમાં અહીં જણાવેલ છે, તેના નામ નીચે મુજબ સમજવા.

(૧) અનાદિનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય
(૨) સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય
(૩) અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય
(૪) અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય
(૫) કર્મોપાધિરહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય
(૬) કર્મોપાધિરહિત નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય
(૭) કર્મોપાધિશૂન્ય સાદિ-સાન્ત શુદ્ધ પર્યાયાર્થિક નય
(૮) કર્મોપાધિશૂન્ય અનાદિ-સાન્ત શુદ્ધ પર્યાયાર્થિક નય
(૯) કર્મોપાધિસાપેક્ષ સાદિ-સાન્ત અશુદ્ધ પર્યાયાર્થિક નય
(૧૦) કર્મોપાધિસાપેક્ષ અનાદિ-અનન્ત અશુદ્ધ પર્યાયાર્થિક નય
(૧૧) કર્મોપાધિસાપેક્ષ અનાદિ-સાન્ત અશુદ્ધ પર્યાયાર્થિક નય
(૧૨) કર્મોપાધિસાપેક્ષ સાદિ-અનન્ત અશુદ્ધ પર્યાયાર્થિક નય
(૧૩) કર્મોપાધિસાપેક્ષ સાદિ-સાન્ત શુદ્ધ પર્યાયાર્થિક નય
(૧૪) નામનિક્ષેપગ્રાહક પર્યાયાર્થિક નય
(૧૫) સ્થાપનાનિક્ષેપગ્રાહક પર્યાયાર્થિક નય
(૧૬) દ્રવ્યનિક્ષેપગ્રાહક પર્યાયાર્થિક નય
(૧૭) ભાવનિક્ષેપગ્રાહક પર્યાયાર્થિક નય

**(સૂક્ષ્મ.)** હજુ સૂક્ષ્મદૃષ્ટિથી આગળ (૧૪/૩ થી ૭ + ૧૫-૧૬) બતાવવામાં આવશે તે (૧૮) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય, (૧૯) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય, (૨૦) શુદ્ધ ગુણવ્યંજનપર્યાય, (૨૧) અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય, (૨૨) શુદ્ધ દ્રવ્યાર્થપર્યાય, (૨૩) અશુદ્ધ દ્રવ્યાર્થપર્યાય, (૨૪) શુદ્ધ ગુણાર્થપર્યાય, (૨૫) અશુદ્ધ ગુણાર્થપર્યાય, (૨૬) સજાતીયપર્યાય, (૨૭) વિજાતીયપર્યાય, (૨૮) સ્વભાવગુણપર્યાય, (૨૯) વિભાવગુણપર્યાય, (૩૦) સૂક્ષ્મપર્યાય, (૩૧) બાદરપર્યાય વગેરેને ગ્રહણ કરવાની દૃષ્ટિએ પર્યાયાર્થિકનયનો વિભાગ વિચારવામાં આવે તો સત્તર કરતાં પણ ઘણાં વધુ પર્યાયાર્થિકપ્રકારોની આપત્તિ દેવસેનમતમાં મોઢું ફાડીને ઊભી જ છે.

किञ्च, येऽपि पर्यायार्थिकस्य षड् भेदा देवसेनेन **नयचक्राऽऽलापपद्धत्योः** दर्शिताः इह च पूर्वं षष्ठशाखायां (६/१-६) व्याख्याताः ते सर्वेऽपि ऋजुसूत्रादावन्तर्भवन्ति। तथाहि –

(१-२) पर्यायार्थिकस्य आद्यौ द्वौ भेदौ अनादिनित्य-सादिनित्यपर्यायग्राहकौ अशुद्धर्जुसूत्रादि-नयान्तर्भूतौ विज्ञेयौ।

(३) सत्तागौणत्वेन उत्पाद-व्ययग्राहकस्वभावोऽनित्यशुद्धपर्यायार्थिकनयः 'प्रतिसमयं विनाशिनः पर्याया' इति प्रतिपादकः शुद्धर्जुसूत्राद्यन्तःपाती।

(४) सत्तासापेक्षस्वभावोऽनित्याऽशुद्धपर्यायार्थिकनयः 'एकस्मिन् समये त्रयात्मकः पर्यायः' इति निरूपकः व्यवहारानुगृहीतर्जुसूत्रनयान्तःप्रविष्टः, केवलस्य ऋजुसूत्रस्य सत्ताग्राहकत्वाभावात्। यद्वा एतत्क्षणविशिष्टस्य ध्रौव्यस्य पर्यायतया तस्य केवले ऋजुसूत्रेऽपि समावेशो युज्यते।

(५) 'सिद्धसदृशाः शुद्धाः संसारिणां पर्यायाः' इति दर्शकः कर्मोपाधिनिरपेक्षस्वभावो नित्य-

## ❈ પર્યાયાર્થિકનયના છ ભેદ પણ સ્વતંત્ર નથી ❈

**(किञ्च.)** વળી, **નયચક્ર** તથા **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ પર્યાયાર્થિકનયના જે છ ભેદ દર્શાવેલા છે તથા આ જ ગ્રન્થમાં પૂર્વે છઠ્ઠી શાખામાં ૧ થી ૬ શ્લોક સુધી જેનું વિવેચન કરવામાં આવેલ છે, તે બધા પર્યાયાર્થિકનયના પ્રકારો પણ ઋજુસૂત્રનય વગેરેમાં અન્તર્ભાવ પામે છે. તે આ રીતે :-

(૧-૨) પર્યાયાર્થિકનયનો અનાદિ નિત્ય પર્યાયનો ગ્રાહક પ્રથમ ભેદ અને સાદિ નિત્ય પર્યાયનો ગ્રાહક દ્વિતીય ભેદ - આ બન્ને ભેદોનો અશુદ્ધ ઋજુસૂત્રનય વગેરેમાં અન્તર્ભાવ થાય છે - તેમ જાણવું. કારણ કે અશુદ્ધ ઋજુસૂત્રનય દીર્ઘકાલીન પર્યાયનો સ્વીકાર કરે છે.

(૩) સત્તાને = ધ્રૌવ્યને ગૌણ કરીને ઉત્પાદ-વ્યય પર્યાયને ગ્રહણ કરવાના સ્વભાવવાળો ત્રીજો અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય એવું પ્રતિપાદન કરે છે કે 'પર્યાયો પ્રત્યેક સમયે નાશ પામે છે.' ક્ષણિક પર્યાયને મુખ્ય કરવાના લીધે પ્રસ્તુત ત્રીજા પર્યાયાર્થિકનયનો શુદ્ધ ઋજુસૂત્રનય વગેરેમાં અન્તર્ભાવ થાય છે. કારણ કે શુદ્ધ ઋજુસૂત્રનય વગેરે ક્ષણભંગુર પર્યાયોને પોતાનો મુખ્ય વિષય બનાવે છે.

(૪) સત્તાસાપેક્ષ = દ્રવ્યગ્રાહક સ્વભાવવાળો ચોથો અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય એવું નિરૂપણ કરે છે કે 'એક જ સમયે પર્યાય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.' પર્યાયાર્થિકનયના પ્રસ્તુત ચોથા ભેદનો કેવલ ઋજુસૂત્રનયમાં અન્તર્ભાવ થઈ શકતો નથી. કારણ કે શુદ્ધ ઋજુસૂત્રનય ધ્રૌવ્યગ્રાહક નથી. પરંતુ વ્યવહારનયથી અનુગૃહીત ઋજુસૂત્રનયમાં તેનો સમાવેશ થઈ શકે છે. કેમ કે વ્યવહારનય દ્રવ્યગ્રાહક હોવાથી ધ્રૌવ્યગ્રાહી છે. તેથી ધ્રૌવ્યગ્રાહી વ્યવહારનયથી અનુગૃહીત ઉત્પાદ-વ્યયગ્રાહી ઋજુસૂત્રનયમાં ચોથા પર્યાયાર્થિકનયનો અન્તર્ભાવ કરવો વ્યાજબી છે. અથવા ચોથા પર્યાયાર્થિકનયનો ફક્ત શુદ્ધ ઋજુસૂત્રનયમાં પણ સમાવેશ થઈ શકે છે. કારણ કે વર્તમાનક્ષણવિશિષ્ટ ધ્રૌવ્ય ક્ષણિક હોવાથી શુદ્ધ પર્યાયસ્વરૂપ છે. તથા ક્ષણિક પર્યાયને તો કેવલઋજુસૂત્રનય પણ ગ્રહણ કરી શકે છે. આમ વ્યવહારનયથી અનુગૃહીત ન હોય તેવા પણ ઋજુસૂત્રસામાન્યમાં ચોથા પર્યાયાર્થિકનયનો સમાવેશ સંગત જ છે.

(૫) કર્મોપાધિનિરપેક્ષ સ્વભાવવાળો નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય એવું દર્શાવે છે કે 'સંસારી જીવોના

शुद्धपर्यायार्थिकनयः अनुपचरितव्यवहारनयप्रविष्टः, शुद्धपर्यायाणां निरुपाधिकत्वात्, तत्र चाऽस्य षष्ठीबोधितजीवभेदाऽवगाहित्वादिति पूर्वोक्तरीत्या (८/५) भावनीयम्।

(६) कर्मोपाधिसापेक्षस्वभावोऽनित्याऽशुद्धपर्यायार्थिकनयः 'संसारिणामुत्पत्ति-मरणे स्तः' इति प्ररूपकः सोपाधिकपर्याय-पर्यायिभेदावगाहितया उपचरितव्यवहारनये समाविशति। ततश्च षड्विधानामपि पर्यायार्थिकभेदानां शुद्धाऽशुद्धर्जुसूत्रादिनयेभ्यो विषयपार्थक्यं नैव सम्भवतीति सिद्धम्।

इत्थं द्रव्यार्थिकभेदानां नैगमादौ पर्यायार्थिकभेदानाञ्च ऋजुसूत्रादौ समावेशेन नयसप्तकगोचरतः तयोः विषयभेदः न सिध्यतीति नवधा नयविभागप्रदर्शनमन्याय्यमिति फलितम्।

***न च*** गो-बलिवर्दन्यायेन द्रव्यार्थिक-पर्यायार्थिकनययोः नैगमादिसप्तनयेभ्यः कथञ्चिद्विषयभेदात् तेभ्यः तौ अतिरिच्येते इति श्रोतृबोधवैशद्यार्थं निरूप्यतेऽस्माभिरिति ***वाच्यम्,***

પર્યાયો સિદ્ધતુલ્ય શુદ્ધ છે.' પર્યાયાર્થિકના પ્રસ્તુત પાંચમા ભેદનો અનુપચરિત વ્યવહારનયમાં સમાવેશ થઈ શકે છે. કારણ કે શુદ્ધ પર્યાયો નિરુપાધિક છે, સ્વાભાવિક છે. તથા આ નય શુદ્ધપર્યાયોમાં જીવના ભેદનું અવગાહન કરે છે. ષષ્ઠી વિભક્તિ ભેદદ્યોતક છે. ગુણ-ગુણી, પર્યાય-પર્યાયી વગેરેમાં વ્યવહારનય ભેદગ્રાહક બને છે. તેથી તેને વ્યવહારનય કહેવો જરૂરી છે. તથા નિરુપાધિક શુદ્ધપર્યાયવિષયક હોવાથી તે વ્યવહારને અનુપચરિત કહેવો ઉચિત છે. પ્રસ્તુત શાખાના પાંચમા શ્લોકમાં દર્શાવ્યા મુજબ આ સમજી લેવું.

(૬) કર્મજન્ય ઉપાધિને સાપેક્ષ એવા સ્વભાવને ધારણ કરનાર અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય એવી પ્રરૂપણા કરે છે કે 'સંસારી જીવોના જન્મ-મરણ થાય છે.' પ્રસ્તુત છઠ્ઠા પર્યાયાર્થિકનયનો ઉપચરિત વ્યવહારનયમાં સમાવેશ થાય છે. કારણ કે જન્મ-મરણ વગેરે સોપાધિક પર્યાયના ભેદનું પર્યાયીમાં = સંસારી જીવમાં તે અવગાહન કરે છે. ષષ્ઠી વિભક્તિ ભેદબોધક છે. તથા ભેદઅવગાહી હોય તે વ્યવહારનય બને. જન્મ-મરણ જીવના અશુદ્ધ પર્યાય છે, સોપાધિક પર્યાય છે. તેથી સોપાધિક વ્યવહારનયમાં તેનો સમાવેશ કરવો વ્યાજબી છે.

## ❖ નવનયકલ્પના અયોગ્ય ❖

(इत्थं.) આમ પર્યાયાર્થિકનયના છ પ્રકારના ભેદોનો શુદ્ધ-અશુદ્ધ ઋજુસૂત્રનય વગેરેમાં સમાવેશ થઈ જતો હોવાથી પર્યાયાર્થિકનયના બધાય ભેદોમાં શુદ્ધ-અશુદ્ધ ઋજુસૂત્રનય વગેરે કરતાં વિષયભેદ સંભવતો નથી જ - તેવું સિદ્ધ થાય છે. આમ દ્રવ્યાર્થિકના દશ ભેદનો નૈગમ આદિ નયમાં અને પર્યાયાર્થિકના છ ભેદનો ઋજુસૂત્ર વગેરે-નયમાં સમાવેશ થઈ જવાથી નૈગમ આદિ સાત નયોના વિષય કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના વિષયમાં ભેદ સિદ્ધ થઈ શકતો નથી. તેથી નૈગમ આદિ સાત નયોના બદલે દ્રવ્યાર્થિક આદિ નવ નયનો જે વિભાગ દેવસેનજીએ દર્શાવેલ છે, તે વ્યાજબી નથી. આવું ઉપરોક્ત ચર્ચા દ્વારા ફલિત થાય છે.

**દિગંબર** :- (न च.) નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયમાં ગો -બલિવર્દન્યાયથી કથંચિત્ વિષયભેદ રહેલો હોવાથી 'નૈગમ આદિ સાત નયો કરતાં તે બન્ને નયો અતિરિક્ત = સ્વતંત્ર છે' - એવું અમે શ્રોતાને સ્પષ્ટ બોધ થાય તે માટે નિરૂપણ કરીએ છીએ.

"**गो-बलिवर्द**" ન્યાયઈં વિષયભેદઈં ભિન્ન નય કહિયઈં, તો "**स्यादस्त्येव, स्यान्नास्त्येव**" ઈત્યાદિ સપ્તભંગી મધ્યે કોટિ પ્રકારઈં અર્પિતાનર્પિત સત્ત્વાસત્ત્વગ્રાહક ▸નય ભિન્ન ભિન્ન કરતાં ※સપ્તમૂલ◂ નય પ્રક્રિયા ભાંજઈ. એ પંડિતઈં વિચારવું. *ઇતિ ૧૨૨મી ગાથાનો અર્થ સંપૂર્ણ.* ॥૮/૧૪॥

एवं सति 'स्वद्रव्यादिचतुष्टयेभ्यो घटोऽस्ति एव, परद्रव्यादिचतुष्टयेभ्यो घटो नास्ति एव' इत्यादिरूपेण सप्तभङ्ग्यां स्वद्रव्यादिचतुष्टयगोचरानेकविधार्पणाऽनर्पणातः कोटिशः सत्त्वाऽसत्त्वग्राहकनयभेदकरणेन हि समयप्रसिद्धा नैगमादिसप्तमूलनयप्रक्रिया भज्येत। ततश्च तादृशार्पिताऽनर्पितसत्त्वाऽसत्त्वग्राहकनानानयप्रक्रियया प्रसिद्धा सप्तभङ्गी भज्येत, गो-बलिवर्दन्यायतः कोटिशः प्रकारसम्भवेन कोटिभङ्गीप्रसङ्गात्। शक्यं हि एवमपि वक्तुं यदुत 'स्वद्रव्यापेक्षया यदस्तित्वं घटस्य

### ❋ 'ગો-બલિવર્દ' ન્યાયની સ્પષ્ટતા ❋

**સ્પષ્ટતા** :- સંસ્કૃત ભાષામાં 'गो' શબ્દ ગાય અને બળદ બન્નેનો વાચક છે. તેથી બે ગાય અને ત્રણ બળદ આવી રહેલા હોય ત્યારે 'पञ्च गावः आगच्छन्ति' - એવું કહેવામાં કોઈ બાધ નથી. પરંતુ તેવું કહેવાથી શ્રોતાને સામેથી 'બે ગાય અને ત્રણ બળદ આવે છે કે ત્રણ ગાય અને બે બળદ આવે છે કે પાંચેય ગાય આવે છે કે પાંચેય બળદ આવે છે' - આ બાબતનો સ્પષ્ટ બોધ થઈ શકતો નથી. તેથી તેવા સ્થળે શ્રોતાને સ્પષ્ટ બોધ કરાવવા માટે વક્તા એવું બોલે છે કે 'द्वे गावौ त्रयश्च बलिवर्दाः आगच्छन्ति.' જેમ 'पञ्च गावः आगच्छन्ति' - આવું બોલવામાં કોઈ પણ પ્રકારનો વિષયબાધ ન હોવા છતાં પણ ગાય અને બળદ વચ્ચે કાંઈક ભેદ રહેલ હોવાથી શ્રોતાને સ્પષ્ટ બોધ થાય તે માટે 'द्वे गावौ त्रयश्च बलिवर्दाः' - આવું બોલવામાં આવે છે, તેમ નૈગમ આદિ નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયમાં કથંચિત્ ભેદ રહેલો હોવાથી શ્રોતાને નય અંગે સ્પષ્ટ બોધ કરાવવા માટે સાત નયના બદલે નવ નયોનું નિરૂપણ **દેવસેનજીએ નયચક્ર** ગ્રંથમાં કરેલ છે - આવું પ્રસ્તુતમાં દિગંબરનું તાત્પર્ય જણાય છે.

### ۞ દિગંબરમતમાં સપ્તમૂલનયપ્રક્રિયાભંગનો પ્રસંગ ۞

**શ્વેતાંબર** :- (**एवं सति.**) જો ગો-બલિવર્દ ન્યાયથી નૈગમ આદિ નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયમાં કથંચિત્ ભેદ હોવાથી તમે સાત નયના બદલે નવ નયનું નિરૂપણ કરતા હો, તો તેવી રીતે સર્વત્ર વિચારણા કરવા જતાં સપ્તમૂલનયપ્રક્રિયા ભાંગી પડશે. તે આ રીતે :- 'સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ ઘટ સત્ જ છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ ઘટ અસત્ જ છે.' આ રીતે સપ્તભંગીમાં સ્વદ્રવ્યાદિ ચતુષ્કની જુદી-જુદી અર્પણા (= વિવક્ષા) અને અનર્પણા (= અવિવક્ષા) કરીને કરોડો પ્રકારે સત્ત્વ-અસત્ત્વગ્રાહક નયને જુદા કરવામાં આવે તો સપ્તભંગીમાં આગમપ્રસિદ્ધ નૈગમાદિ સાત મૂળ નયની પ્રક્રિયા ભાંગી પડશે. તથા અર્પિત-અનર્પિત સ્વરૂપે સત્ત્વાસત્ત્વગ્રાહક વિભિન્ન નયોની મૌલિક પ્રક્રિયા માન્ય કરવામાં આવે તો તેવી નયની પ્રક્રિયા કરવાના લીધે પ્રસિદ્ધ એવી સપ્તભંગી ભાંગી પડશે. કારણ કે તે રીતે ગો-બલિવર્દન્યાયથી વિચાર કરવામાં આવે તો કરોડો ભાંગા = પ્રકાર સંભવતા હોવાથી સપ્તભંગીના બદલે કોટિભંગી = કરોડભંગી માનવાની આપત્તિ આવશે. આનું કારણ એ છે કે અહીં

▸...◂ ચિહ્નદ્વયગત પાઠ પુસ્તકોમાં નથી. લી.(૨+૩+૪) + આ.(૧) + કો.(૭+૯+૧૩) + સિ. + પા૦ પ્રતમાંથી લીધેલ છે. ※ (૨+૩+૪)માં 'સપ્તમૂલ' પાઠ છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

ततो भिन्नमेवाऽस्तित्वं स्वक्षेत्रापेक्षया' तथा 'स्वक्षेत्राऽपेक्षया यदस्तित्वं घटस्य ततो भिन्नमेवास्तित्वं स्वकालापेक्षया' इत्यादि।

न हि यदेव मार्त्तघटास्तित्वं कान्यकुब्जमार्त्तघटे तदेव पाटलिपुत्रमार्त्तघटे वर्तते; न वा यदेव कान्यकुब्जमार्त्तघटास्तित्वं वासन्तिक-कान्यकुब्जमार्त्तघटे तदेव शैशिर-कान्यकुब्जमार्त्तघटे वर्त्तते, एकनाशेऽपरस्याऽप्युच्छेदापत्तेः।

ततश्च 'घटः स्यादस्ति एव' इति स्थाने गो-बलिवर्दन्यायेन 'घटः स्वद्रव्यतोऽस्ति एव', 'घटः

---

આ રીતે પણ કહી શકાય છે કે 'સ્વદ્રવ્યની અપેક્ષાએ ઘટમાં જે અસ્તિત્વ છે, તેના કરતાં સ્વક્ષેત્રની અપેક્ષાએ ઘટનું અસ્તિત્વ જુદું જ છે. તથા સ્વક્ષેત્રની અપેક્ષાએ ઘટનું જે અસ્તિત્વ છે, તેના કરતાં સ્વકાળની અપેક્ષાએ ઘટનું અસ્તિત્વ જુદું જ છે.' આ રીતે જુદા-જુદા સ્વરૂપે સત્ત્વગ્રાહક પ્રથમ ભાંગામાં જ અનેક પ્રકારો આવી પડશે.

**શંકા** :- ઘટનિષ્ઠ સ્વદ્રવ્યસાપેક્ષ અસ્તિત્વ કરતાં ઘટનિષ્ઠ સ્વક્ષેત્રાદિસાપેક્ષ અસ્તિત્વ જુદું છે - તેવું માનવામાં પ્રમાણ શું છે ?

### ✻ દ્રવ્યસાપેક્ષ અસ્તિત્વ કરતાં ક્ષેત્રાદિસાપેક્ષ અસ્તિત્વ પૃથક્ ✻

**સમાધાન** :- (न हि.) 'ઘટનિષ્ઠ સ્વદ્રવ્યસાપેક્ષ અસ્તિત્વ કરતાં સ્વક્ષેત્રાદિસાપેક્ષ અસ્તિત્વ ભિન્ન છે' - આ વાત પ્રામાણિક જ છે. તે આ રીતે - એક માટીનો ઘડો કાન્યકુબ્જમાં (પ્રાયઃ રાજસ્થાનમાં રહેલ કનોજમાં) ઉત્પન્ન થયેલો હોય અને બીજો માટીનો ઘડો પાટલિપુત્રમાં ઉત્પન્ન થયેલો હોય તો તે બન્ને માટીના ઘડાનું અસ્તિત્વ એક નથી, પણ જુદું જુદું છે. મતલબ કે કાન્યકુબ્જ શહેરમાં ઉત્પન્ન થયેલ માટીના ઘડામાં જે માર્ત્તઘટઅસ્તિત્વ = મૃણ્મય ઘટઅસ્તિત્વ = સ્વમૃત્તિકાદ્રવ્યસાપેક્ષ ઘટઅસ્તિત્વ રહેલું છે, તે જ અસ્તિત્વ પાટલિપુત્ર શહેરમાં ઉત્પન્ન થયેલા માટીના ઘડામાં રહેતું નથી. જો કાન્યકુબ્જ ક્ષેત્રમાં નિષ્પન્ન મૃણ્મય ઘટમાં અને પાટલિપુત્ર ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ માર્ત્તઘટમાં રહેનાર માર્ત્તઘટઅસ્તિત્વ એક જ હોય તો કાન્યકુબ્જમાં નિષ્પન્ન થયેલ ઘડાનો નાશ થતાં પાટલિપુત્ર શહેરમાં ઉત્પન્ન થયેલ ઘડાનો પણ નાશ થવાની આપત્તિ આવશે. કારણ કે બન્ને ઘડાનું અસ્તિત્વ એક જ છે. તે જ રીતે કાન્યકુબ્જ શહેરમાં વસંતઋતુમાં ઉત્પન્ન થનાર માટીના ઘડામાં જે કાન્યકુબ્જક્ષેત્રસાપેક્ષ માર્ત્તઘટઅસ્તિત્વ રહેલું છે, તે જ અસ્તિત્વ કાન્યકુબ્જ શહેરમાં શિશિરઋતુમાં ઉત્પન્ન થનાર માટીના ઘડામાં રહેતું નથી. જો કાન્યકુબ્જ ક્ષેત્રમાં વસંતઋતુમાં ઉત્પન્ન થયેલ માટીના ઘડામાં જે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલસાપેક્ષ ઘટઅસ્તિત્વ છે, તે જ ઘટઅસ્તિત્વ કાન્યકુબ્જ શહેરમાં શિયાળામાં ઉત્પન્ન થયેલ માટીના ઘડામાં રહેતું હોય તો તે વસંતઋતુકાલીન ઘટનો નાશ થતાં શિશિરકાલીન ઘટનો પણ નાશ થવાની આપત્તિ આવશે. કારણ કે તે બન્ને ઘડામાં રહેલું અસ્તિત્વ એક જ છે - તેવું તમે માનો છો. (જેમ લોકવ્યવહારમાં દશરથનું અસ્તિત્વ અને કૌશલ્યાપતિનું અસ્તિત્વ એક જ હોવાથી દશરથનો નાશ થતાં કૌશલ્યાપતિનો નાશ થાય છે તેમ પ્રસ્તુતમાં સમજવું.)

### ✻ પ્રથમ ભંગના સ્થાનમાં અનેક ભંગની આપત્તિ ✻

(तत.) આમ ગો-બલિવર્દન્યાયથી વિચારીએ તો ઘટમાં રહેનાર સ્વદ્રવ્યસાપેક્ષ અસ્તિત્વ, સ્વક્ષેત્રસાપેક્ષ

स्वक्षेत्रतोऽस्त्येव', 'घटः स्वकालतोऽस्त्येव', 'घटः स्वभावतोऽस्त्येव' 'घटः स्वसम्बन्धेनाऽस्त्येव', 'घटः स्ववाचकापेक्षवाच्यत्त्वेनाऽस्त्येव', 'घटः स्वप्रमीतिविषयत्वेनाऽस्ति एव' इत्यादिरूपेण बहवो भङ्गाः स्युः। एवं 'घटः स्यान्नास्त्येवे'त्यत्राऽपि बोध्यम्। एवमेव तृतीय-चतुर्थादिभङ्गस्थाने दर्शित-सत्त्वाऽसत्त्वगोचरविविधप्रकारसंवेधेन नानाविधा भङ्गा गो-बलिवर्दन्यायेन दर्शयितव्याः स्युः। ततश्च सप्तभङ्ग्युच्छेदेन कोटिभङ्गी प्रसज्येतेत्यवधेयं मनीषिभिः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – आगमानुसारतः तत्त्वविचारणा कार्या - इत्येवमर्पणाऽत्र क्रियते।

---

સત્ત્વ, સ્વકાળસાપેક્ષ વિદ્યમાનતા અને સ્વભાવસાપેક્ષ હાજરી પરસ્પર વિભિન્ન હોવાથી સપ્તભંગીના પ્રથમ ભાંગામાં 'घटः स्याद् अस्ति एव' આવું કહેવાના બદલે તેના સ્થાનમાં 'घटः स्वद्रव्यतः अस्ति एव', 'घटः स्वक्षेत्रतः अस्ति एव', 'घटः स्वकालतः अस्ति एव' 'घटः स्वभावतः अस्ति एव' - આ પ્રમાણે કહેવું પડશે. તે જ રીતે 'ઘટ સ્વસંબંધથી સત્ છે' અને 'પરસંબંધથી ઘટ અસત્ છે' તથા 'સ્વવાચકશબ્દસાપેક્ષ વાચ્યતારૂપે ઘટ સત્ છે', 'પરવાચકશબ્દસાપેક્ષ વાચ્યતારૂપે ઘટ અસત્ છે'. તેમજ 'ઘટ સ્વપ્રમાવિષયત્વરૂપે સત્ છે' અને 'પરપ્રમાસાપેક્ષવિષયત્વરૂપે ઘટ અસત્ છે' - આવા પણ અનેક ભાંગાઓ આવી પડશે. તેથી સપ્તભંગીનો જે પ્રથમ ભાંગો ઘટીય અસ્તિત્વને સૂચવનારો છે, તેના સ્થાને સ્વદ્રવ્ય-ક્ષેત્ર વગેરેના ચાર ભાંગા અને તદુપરાંત ઉપરોક્ત નવા અનેક ભાંગાઓ = પ્રકારો પણ ઉમેરવા પડશે. તેથી ચાર ઉપરાંત 'घटः स्वसम्बन्धेन अस्ति एव', 'घटः स्ववाचकापेक्षवाच्यत्वेन अस्ति एव', 'घटः स्वप्रमीतिविषयत्वेन अस्ति एव...' ઈત્યાદિ રૂપે અનેક ભાંગાઓ = પ્રકારો ઘટસત્ત્વને સૂચવનારા પ્રાપ્ત થશે. તે જ રીતે 'घटः स्याद् नास्ति एव' - આ પ્રમાણે સપ્તભંગીસ્થ દ્વિતીય ભાંગાના સ્થાનમાં પણ 'घटः परद्रव्यतः नास्ति एव', 'घटः परक्षेत्रतः नास्ति एव...' ઈત્યાદિરૂપે અનેક (ઘટસત્ત્વદર્શક ભાંગાઓની સંખ્યા જેટલા) ભાંગાઓ દર્શાવવા પડશે. તે જ રીતે સપ્તભંગીના ત્રીજા, ચોથા વગેરે ભાંગાઓના સ્થાને ઉપર મુજબ સત્ત્વ, અસત્ત્વ સંબંધી અનેક પ્રકારનો પરસ્પર સંવેધ કરવાથી ઢગલાબંધ ભાંગાઓ ગો-બલિવર્દન્યાયથી દર્શાવવા પડશે. તેથી સપ્તભંગીનો ઉચ્છેદ થવાથી કોટિભંગી માનવાની આપત્તિ આવશે. આ બાબતને પ્રાજ્ઞ વાચકોએ ખાસ ધ્યાનમાં રાખવી.

### ❀ ગો-બલિવર્દન્યાય કોટિભંગીઆપાદક ❀

**સ્પષ્ટતા** :- ગો-બલિવર્દન્યાયથી અમુક વિશેષતાને મનોગત કરીને જેમ સાત નયના બદલે નવ નય દેવસેનજીએ બતાવેલા છે, તેમ ગો-બલિવર્દન્યાયથી જ સત્ત્વ, અસત્ત્વમાં રહેલ કથંચિત્ ભેદને = વિશેષતાને ધ્યાનમાં રાખીને સપ્તભંગીના બદલે ઉપરોક્ત રીતે કોટિભંગી દર્શાવવાની આપત્તિ દેવસેનજીને આવશે. કારણ કે યુક્તિ તો બન્ને ઠેકાણે સમાન રીતે જ લાગુ પડે છે. જો કોટિભંગીના બદલે, આગમના અનુસારે, સપ્તભંગીને જ જણાવવાનું કાર્ય દેવસેનજી કરતા હોય તો નવ નયના બદલે, આગમના અનુસારે, સાત જ નયને દેવસેનજીએ જણાવવા જોઈએ. આવું પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય જણાય છે.

### ✡ દેશનાપદ્ધતિ અંગે કાંઈક સૂચન ✡

**આધ્યાત્મિક ઉપનય** :- આગમ અનુસારે તત્ત્વની વિચારણા કરવા ઉપર અહીં ભાર અપાયેલ

एवं प्रसिद्धागमिकपरम्परावैलक्षण्येन यन्निरूपणे न कोऽपि महान् विशेषः तन्निरूपणं पूर्वाचार्यपरम्परानुसारेणैव कर्तुं युज्यते। इत्थमेवाऽस्मदीयशास्त्रनिष्ठा निर्वाह्यते अस्मद्देशनापद्धतिश्च न श्रोतॄणां व्यामोहोत्पादिका सम्पद्यते। इदं सर्वैरेव प्राज्ञैः धर्मोपदशकैश्च निजचेतसि समवधातव्यम्।

ततश्च "निरञ्जना निष्क्रियका गतस्पृहा अस्पर्धका बन्धन-सन्धिवर्जिताः। सत्केवलज्ञाननिधानबन्धुरा निरन्तरानन्दसुधारसाञ्चिताः।।" (जै.त.सा.३६८) इति **जैनतत्त्वसारे** महोपाध्याय**सुरचन्द्रगणि**दर्शितं सिद्धसुखं प्रत्यासन्नतरं स्यात्।।८/१४।।

છે. તથા જે પદાર્થનું પ્રસિદ્ધ આગમિક પરંપરા કરતાં જુદી પ્રણાલિકાથી નિરૂપણ કરવામાં કશી મહત્ત્વપૂર્ણ વિશેષતા ન હોય તો તેવા સ્થળે પૂર્વાચાર્યોની પ્રસિદ્ધ પ્રણાલિકાને અનુસરીને જ પદાર્થનું નિરૂપણ કરવું વ્યાજબી છે. આવું કરવામાં જ આપણી શાસ્ત્રનિષ્ઠા જળવાય છે અને આપણી દેશનાપદ્ધતિ પણ શ્રોતાને વ્યામોહજનક બનતી નથી. આ બાબતને દરેક આત્માર્થી વિચારકોએ અને ઉપદેશકોએ પોતાના ચિત્તમાં સારી રીતે ધ્યાનમાં રાખવી.

### ❊ સિદ્ધસ્વરૂપની નિકટ પહોંચીએ ❊

(**તતશ્ચ.**) તેવી શાસ્ત્રનિષ્ઠાગર્ભિત ધર્મદેશનાથી **જૈનતત્ત્વસાર** ગ્રંથમાં જણાવેલ સિદ્ધસુખ ખૂબ નજીક આવે છે. ત્યાં મહોપાધ્યાય શ્રી**સુરચન્દ્રગણી**એ સિદ્ધ ભગવંતના સુખમય સ્વરૂપને દર્શાવતા કહેલ છે કે 'સિદ્ધાત્માઓ (૧) નિરંજન, (૨) નિષ્ક્રિય, (૩) સ્પૃહાશૂન્ય, (૪) સ્પર્ધારહિત, (૫) બંધન-સંધિવર્જિત, (૬) તાત્ત્વિક કેવલજ્ઞાનાત્મક નિધાનથી સુંદર તથા (૭) નિરંતર આનંદરૂપી અમૃતરસથી યુક્ત હોય છે.' (૮/૧૪)

**લખી રાખો ડાયરીમાં.....**

- **દુઃખભીતિથી સાધનાનો પ્રારંભ શક્ય છે.**
  **દા.ત. યાચક સંપ્રતિરાજાનો જીવ.**
  **પ્રભુસ્મૃતિ વિના ઉપાસનાનો શુભારંભ શક્ય નથી.**
  **દા.ત. સુભૂમ ચક્રી.**
- **વાસનાને માનપત્રની જ તાલાવેલી છે.**
  **ઉપાસનાને ભાનપત્ર મેળવવાની ઝંખના છે.**
- **પ્રભુની જેમાંથી બાદબાકી થાય તે આચાર, વિચાર, ઉચ્ચાર વાસના બને છે.**
  **પ્રભુ જેમાં ભળે તે આચાર, વિચાર, ઉચ્ચાર ઉપાસના બને છે.**

"જો વિષયભેદઇં નયભેદ કહસ્યો, તો સામાન્યનૈગમ સંગ્રહમાંહિ, વિશેષનૈગમ વ્યવહારનયમાં ભેલતાં ૬ જ નય થઈ જાસ્યઇં." એહવી શિષ્યની ♣આશંકા ટાલવાનઇં અર્થિ કહેઈ છઈ -

**સંગ્રહ□ નઈ વ્યવહારથી રે, નૈગમ કિહાંઇક ભિન્ન;**

**♦તિણ તે અલગો ✡તેહથી રે, એ તો દોઈ અભિન્ન રે ॥૮/૧૫॥ (૧૨૩) પ્રાણી.**

યદ્યપિ **સંગ્રહનય-વ્યવહારનય**માંહિં જ સામાન્ય-વિશેષ ✻ચર્ચાઈં **નૈગમનય** ✠ભલઇ છઈ,

---

नन्वेवं विषयभेदेनैव नयभेदाऽभ्युपगमे सामान्यनैगमस्य सङ्ग्रहे विशेषनैगमस्य च व्यवहारे समावेशात् षडेव नयाः स्युः इत्याशङ्कामपाकर्तुमाचष्टे – '**सङ्ग्रहे**'ति।

**सङ्ग्रह-व्यवहाराभ्यां नैगमो भिद्यते क्वचित्।**

**ततस्ताभ्यां विभिन्नः सोऽविभिन्नविषयाविमौ।।८/१५।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सङ्ग्रह-व्यवहारभ्यां नैगमः क्वचिद् भिद्यते, ततः ताभ्यां सः (नैगमः) विभिन्नः। (किन्तु) इमौ (द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ) अविभिन्नविषयौ (मतौ)।।८/१५।।

***यद्यपि*** मूलनयविभागे नैगमः सामान्यग्राही अभिमतो विशेषग्राही वा ? इति प्रश्ने सति आद्ये तस्य सङ्ग्रहे समावेशः, अन्त्ये च तस्य व्यवहारे निवेशः इति सामान्य-विशेषान्यतरग्राहकत्वमीमांसायां तस्य तयोरेवान्तर्भावः सम्भवति। तदुक्तं **सम्मतितर्कवृत्तौ श्रीअभयदेवसूरिभिः** "नैगमस्य सामान्यग्राहिणः

---

**અવતરણિકા** :- "જો વિષયભેદ હોય તો જ નયને સ્વતંત્ર માનવામાં આવે તો નૈગમનયને સ્વતંત્રરૂપે બતાવી નહિ શકાય. કારણ કે સામાન્યગ્રાહક નૈગમનયનો સંગ્રહનયમાં અને વિશેષગ્રાહક નૈગમનયનો વ્યવહારનયમાં સમાવેશ થઈ જાય છે. આમ સંગ્રહ અને વ્યવહાર નયના વિષય કરતાં નૈગમનયનો વિષય જુદો ન હોવાથી નૈગમનયનું સ્વતંત્ર અસ્તિત્વ નહિ રહે. તેથી કુલ છ જ મૂલનયો બનશે" - આવા પ્રકારની શંકા કે દલીલ દિગંબર કરે તો તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**શ્લોકાર્થ** :- સંગ્રહ અને વ્યવહાર નય કરતાં નૈગમનય ક્યાંક જુદો પડે છે. તેથી સંગ્રહ-વ્યવહાર કરતાં નૈગમ જુદો છે. પરંતુ દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નયનો વિષય તો નૈગમાદિ સાત નયો કરતાં જુદો નથી. (તેથી નવનયવિભાગ યોગ્ય નથી.) (૮/૧૫)

### ❖ નૈગમનયનો સંગ્રહ-વ્યવહારમાં અંતર્ભાવ ❖

**વ્યાખ્યાર્થ** :- જો કે પ્રસ્તુત સમનયવાદી શ્વેતાંબર સામે પણ દિગંબર આદિ વિદ્વાનો એવી દલીલ કરી શકે છે કે મૂલનયવિભાગમાં જે નૈગમનય અભિમત છે, તે સામાન્યગ્રાહક અભિમત છે કે વિશેષગ્રાહક? જો સામાન્યધર્મગ્રાહક નૈગમનય મૂલનયવિભાગમાં અભિપ્રેત હોય તો તેનો સંગ્રહનયમાં સમાવેશ થઈ જશે. તથા વિશેષધર્મગ્રાહક નૈગમનય અહીં વિવક્ષિત હોય તો તેનો વ્યવહારનયમાં પ્રવેશ થઈ જશે. આમ સામાન્ય કે વિશેષ - બેમાંથી કોઈ પણ ગુણધર્મને ગ્રહણ કરનારા નૈગમનયનો સમાવેશ

---

♣ પુસ્તકોમાં 'શંકા' પાઠ. કો.(૧૨+૧૩)નો પાઠ લીધો છે. □ મો.(૨)માં 'સંગ્રહથી ને' પાઠ. ♦ કો.(૯)માં 'તેણિ' પાઠ. ✡ આ.(૧)માં 'દોયથી' પાઠ. ✻ મો.(૨)માં 'ચર્ચાઈ'ના બદલે 'પર્યાય' પાઠ. ✠ લી.(૧)માં 'ટલઈ' પાઠ.

सङ्ग्रहेऽन्तर्भूतत्वाद् विशेषग्राहिणश्च व्यवहारे इति नैगमाभावाद्" (स.त.१/३/पृ.२८५) इति।

अत एव **विशेषावश्यकभाष्ये** [1]"सामन्नमह विसेसो पच्चुप्पण्णं च भावमेत्तं च। पइसद्दं च जहत्थं च वयणम्मिह संगहाईणं।।" (वि.आ.भा.३५८६) इत्येवं नैगमनयस्य सङ्ग्रह-व्यवहारयोरन्तर्भावेन सङ्ग्रहादीनां षण्णां नयानां मतं संक्षिप्योपदर्शितम्। कण्ठतोऽपि तत्रैव [2]"जो सामण्णग्गाही स नेगमो संगहं गओ अहवा। इयरो ववहारमिओ" (वि.आ.भा.३९) इत्युक्तम्। अग्रेऽपि तत्रैव [3]"जं च पवेसो नेगमनयस्स दोसु बहुसो समक्खाओ" (वि.आ.भा.२८५४) इत्युक्तम्। **पञ्चकल्पभाष्ये** (२२३९) अपि एवमाशयः।

तदुक्तं **समवायाङ्गवृत्तौ** अपि "नैगमनयो द्विविधः सामान्यग्राही विशेषग्राही च। तत्र यः सामान्यग्राही स सङ्ग्रहे अन्तर्भूतः, विशेषग्राही तु व्यवहारे" (स.सू.अ.२२ पृ.८३) इति। ततश्च षडेव मूलनयाः

---

કરવાની વિચારણા કરવામાં આવે તો નૈગમનો સંગ્રહમાં કે વ્યવહારમાં અંતર્ભાવ સંભવે જ છે. તેથી જ **સંમતિતર્ક** ગ્રંથની **વાદમહાર્ણવ** નામની વ્યાખ્યામાં તર્કપંચાનન શ્રી**અભયદેવસૂરીશ્વરજી** મહારાજે જણાવેલ છે કે 'સામાન્યધર્મગ્રાહક નૈગમનયનો સંગ્રહનયમાં અંતર્ભાવ થાય છે તથા વિશેષગુણધર્મગ્રાહક નૈગમનયનો વ્યવહારનયમાં અંતર્ભાવ થાય છે. માટે નૈગમનયનું સ્વતંત્ર અસ્તિત્વ નથી.'

## ✡ છ નયમતદર્શનનું રહસ્ય ✡

**(अत.)** આ જ કારણસર **વિશેષાવશ્યકભાષ્યમાં શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** 'સંગ્રહનયના વચનનો વિષય સામાન્ય છે. વ્યવહારનયના વચનનો વિષય વિશેષ છે. ઋજુસૂત્રનયના વચનનો વિષય વર્તમાનકાલીન ભાવ છે. શબ્દનયના વચનનો વિષય ભાવમાત્ર છે. સમભિરૂઢનયના વચનનો વિષય પ્રતિશબ્દવાચ્ય વિશિષ્ટ ભાવ છે. અને એવંભૂતનયના વચનનો વિષય શબ્દાનુસારી યથાર્થ ભાવ (= શબ્દવાચ્ય-અર્થક્રિયાવિશિષ્ટ અર્થ) છે' - આ પ્રમાણે સંગ્રહ વગેરે છ નયોનો મત સંક્ષેપમાં જણાવેલ છે. તેની પાછળ તેઓશ્રીનો આશય એ જ છે કે નૈગમનયનો સંગ્રહ અને વ્યવહાર નયમાં અંતર્ભાવ થઈ જાય છે. જો નૈગમનયનો વિષય સંગ્રહાદિ છ નયો કરતાં ભિન્ન હોય તો તેઓશ્રીએ સંગ્રહાદિ છ નયના બદલે સાત નયના વિષયનો ત્યાં સંક્ષેપમાં નિર્દેશ કરેલો હોત. પરંતુ તેઓશ્રીએ તેવું કરેલ નથી. તથા સ્પષ્ટપણે પણ **વિશેષાવશ્યકભાષ્ય**માં જ જણાવેલ છે કે 'જે સામાન્યગ્રાહી નૈગમ છે, તે સંગ્રહનયમાં અન્તર્ભૂત છે. તથા જે વિશેષગ્રાહી નૈગમ છે, તે વ્યવહારનયમાં પ્રવિષ્ટ થાય છે.' **વિશેષાવશ્યકભાષ્ય**માં જ આગળ જણાવેલ છે કે 'સંગ્રહ અને વ્યવહાર નયમાં નૈગમનયનો સમાવેશ અનેક વાર શાસ્ત્રોમાં જણાવેલ છે.' **પંચકલ્પભાષ્ય**માં પણ આવા આશયથી નૈગમનો સંગ્રહ-વ્યવહારમાં સમાવેશ કર્યો છે.

## ❀ સંગ્રહાદિમાં નૈગમનયનો સમાવેશ ❀

**(तदु.)** **સમવાયાંગસૂત્રવ્યાખ્યા**માં પણ જણાવેલ છે કે 'નૈગમનયના બે પ્રકાર છે. (૧) સામાન્યગ્રાહી અને (૨) વિશેષગ્રાહી. તેમાંથી જે સામાન્યધર્મગ્રાહી નૈગમ છે, તેનો અંતર્ભાવ સંગ્રહનયમાં થાય છે. તથા વિશેષધર્મગ્રાહક નૈગમનો સમાવેશ તો વ્યવહારનયમાં થાય છે.' આ પ્રમાણે સાત નયના બદલે

---

1. सामान्यमथ विशेषः प्रत्युत्पन्नं च भावमात्रं च। प्रतिशब्दं च यथार्थं च वचनमिह संग्रहादीनाम्। 2. यः सामान्यग्राही स नैगमः सङ्ग्रहं गतोऽथवा। इतरो व्यवहारमितः। 3. यच्च प्रवेशो नैगमनयस्य द्वयोर्बहुशः समाख्यातः।

તો હિ પણિ **કિહાંઇક** પ્રદેશાદિ દૃષ્ટાંત સ્થાનઈં (તેહથી) **ભિન્ન** થાઈ છઈ.

स्युरिति दिगम्बरैः वक्तुं शक्यते।

***तथापि* सङ्ग्रह-व्यवहाराभ्यां** नयाभ्यां **नैगमः क्वचित्** पूर्वोक्तेषु (४/१३) वक्ष्यमाणेषु (८/१८) च प्रदेश-प्रस्थक-वसतिदृष्टान्तेषु **भिद्यते**। तथाहि 'नैगमनयः तावद् धर्माऽधर्माऽऽकाश-जीव-स्कन्धानां तद्देशस्य चेति षण्णां प्रदेशमाह। सङ्ग्रहस्तु धर्माऽधर्माऽऽकाश-जीव-स्कन्धानां पञ्चानामेव प्रदेशमाह, यतः देश-प्रदेशौ मिथो नातिरिच्येते, 'दासेन मे खरः क्रीतो दासोऽपि मे, खरोऽपि मे' इति न्यायाद् देशस्य स्वीयत्वेन तत्प्रदेशस्याऽपि स्वीयत्वाऽव्यभिचारात्। ततश्च पञ्चानामेव प्रदेश इति सङ्ग्रहमतम्।

व्यवहारस्त्वाह – पञ्चानां प्रदेशस्तदा स्याद् यदि साधारणः स्यात्, यथा 'पञ्चानां गोष्ठिकानां

---

છ મૂલ નય પ્રાપ્ત થશે. આવું દિગંબર વગેરે વિદ્વાનો શ્વેતાંબરોને કહી શકે છે.

**❀ પ્રદેશ ઉદાહરણમાં નૈગમ-સંગ્રહનયનું મંતવ્ય વિભિન્ન ❀**

(**तथापि.**) તો પણ શ્વેતાંબરમતાનુસાર સાત મૂળ નયનો વિભાગ વ્યાજબી જ છે. કારણ કે નૈગમનય પૂર્વોક્ત (૪/૧૩) તથા આગળ (૮/૧૮) જણાવાશે તે પ્રદેશ, પ્રસ્થક, વસતિ દૃષ્ટાંતમાં સંગ્રહ-વ્યવહાર કરતાં જુદો પડે છે. તે આ રીતે સમજવું. સૌપ્રથમ પ્રદેશ દૃષ્ટાંતમાં નૈગમનય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ, પુદ્ગલસ્કંધ અને તેનો દેશ - આ છ ના પ્રદેશને જણાવે છે. જ્યારે સંગ્રહનય તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ અને પુદ્ગલસ્કંધ - આ પાંચના જ પ્રદેશને જણાવે છે. દેશના પ્રદેશને તે જુદો માનતો નથી. આનું કારણ એ છે કે દેશ અને પ્રદેશ વચ્ચે પરસ્પર કોઈ ફરક નથી. સંગ્રહનયનું મંતવ્ય એવું છે કે ધર્માસ્તિકાય વગેરેનું પોતાના દેશમાં (= અંશમાં) સ્વીયત્વ = સ્વસંબંધિત્વ વિદ્યમાન છે. તેથી ધર્માસ્તિકાય વગેરેના દેશના પ્રદેશમાં ( = નિરંશ અંશમાં) પણ તેનું સ્વીયત્વ અવશ્ય આવી જાય છે. આ માટે એક ન્યાય પ્રસિદ્ધ છે. જેમ કોઈ વ્યક્તિનો દાસ = ગુલામ જો ગધેડાને ખરીદે, તો તે વ્યક્તિ પોતાના ગુલામે ખરીદેલ ગધેડાને પણ પોતાનો જ સમજે છે. કારણ કે તે વ્યક્તિને પોતાના ગુલામમાં સ્વીયત્વની બુદ્ધિ છે. તેથી ગુલામે ખરીદેલ ગધેડામાં પણ તેને સ્વીયત્વની બુદ્ધિ થાય છે. આ ન્યાયથી ધર્માસ્તિકાયદેશમાં ધર્માસ્તિકાયનું સ્વીયત્વ રહે છે તો ધર્માસ્તિકાયદેશસંબંધી પ્રદેશમાં પણ ધર્માસ્તિકાયનું સ્વીયત્વ રહેવું અનિવાર્ય છે. તેમાં કોઈ વિસંવાદ નથી. નૈગમનય ધર્માસ્તિકાય વગેરેના દેશના પણ પ્રદેશનો સ્વીકાર કરે છે. જ્યારે સંગ્રહનય તે રીતે માનવાના બદલે ઉપરોક્ત રીતે ધર્માસ્તિકાય વગેરે પાંચના જ પ્રદેશનો સ્વીકાર કરે છે.

**❀ પ્રદેશ દૃષ્ટાંતમાં વ્યવહારનયનું પ્રતિપાદન ❀**

(**व्यवहार.**) સંગ્રહનયની જેમ વ્યવહારનય 'ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યના પ્રદેશ છે' આવું માનતો નથી. વ્યવહારનયનો આશય એવો છે કે જે એક વસ્તુ અનેક વ્યક્તિસંબંધી હોય તેમાં જ અનેકવ્યક્તિ-સંબંધિત્વનો વ્યવહાર માન્ય થઈ શકે. જેમ એક ગોષ્ઠીમાં રહેવાવાળા પાંચ માણસોનું સ્વામિત્વ જે સુવર્ણદ્રવ્યમાં હોય તે સુવર્ણદ્રવ્યને ઉદ્દેશીને એવો વ્યવહાર થઈ શકે છે કે 'પાંચ માણસોનું આ સુવર્ણ

उक्तं च – [1]छण्हं तह पंचण्हं, पंचविहो तह य होइ भयणिज्जो ।
तम्मि य सो य पएसो, सो चेव ण चेव सत्तण्हं ।। ( ) इत्यादि।

हिरण्यमि'ति। प्रकृते तु प्रत्येकवृत्तिः प्रदेश इति 'पञ्चविधः प्रदेश' इति भणितव्यमिति विषयभेदेन यथाक्रममेते प्रदेशदृष्टान्ते शुद्धिभाजः। ततश्च न कृत्स्ननैगमस्य सङ्ग्रह-व्यवहारयोः समावेशः सम्भवति।

इदमेवाभिप्रेत्योक्तं [1]"छण्हं तह पंचण्हं पंचविहो तह य होइ भयणिज्जो। तम्मि य सो य पएसो, सो चेव ण चेव सत्तण्हं।।" ( ) इति। अस्या व्याख्या एवं बोध्या – '(१) नैगमनयस्य मते षण्णां = धर्माऽधर्माऽऽकाश-जीव-स्कन्ध-तद्देशानां प्रदेशः। (२) सङ्ग्रहनयस्य मते पञ्चानां धर्माधर्माकाश -जीव-स्कन्धानां प्रदेशः। (३) व्यवहारनयस्य मते पञ्चविधः प्रदेशः।

(४) तथा च भवति भजनीयः = भाज्यः प्रदेशः ऋजुसूत्रनयस्य मते। तथाहि – तन्मते

છે.' કારણ કે તે એક જ સુવર્ણદ્રવ્ય પાંચ માણસ સંબંધી છે. તે જ રીતે જો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ અને પુદ્ગલસ્કંધ - આ પાંચસંબંધી કોઈ એક સાધારણ પ્રદેશ હોય તો તેને ઉદ્દેશીને 'ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યનો આ પ્રદેશ છે' - આ પ્રમાણેનો વ્યવહાર થઈ શકે. પરંતુ ધર્માસ્તિકાય આદિ પાંચ દ્રવ્યસંબંધી કોઈ એક સાધારણ પ્રદેશ તો છે જ નહિ. જે ધર્માસ્તિકાયનો પ્રદેશ છે, તેનાથી ભિન્ન જ અધર્માસ્તિકાયનો પ્રદેશ છે. તથા જે અધર્માસ્તિકાયનો પ્રદેશ છે, તેનાથી જુદો જ ધર્માસ્તિકાયનો પ્રદેશ છે. આમ ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યમાં કોઈ સાધારણ પ્રદેશ ન હોવાથી 'પાંચ દ્રવ્યનો આ પ્રદેશ' - આ પ્રમાણે વ્યવહાર થઈ શકતો નથી. તેથી 'આ ધર્માસ્તિકાયનો પ્રદેશ છે. આ અધર્માસ્તિકાયનો પ્રદેશ છે. આ આકાશનો પ્રદેશ છે. આ જીવનો પ્રદેશ છે. આ પુદ્ગલસ્કંધનો પ્રદેશ છે' - આ પ્રમાણે જ વ્યવહાર કરવો પડશે. તેથી 'પ્રદેશ પાંચ પ્રકારના છે' - આ મુજબ વ્યવહારનય માને છે. આ રીતે વિષયભેદથી પ્રદેશદષ્ટાંતમાં નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નય ક્રમશઃ શુદ્ધિને ધારણ કરનારા છે. તેથી સંપૂર્ણ નૈગમનયનો સમાવેશ સંગ્રહ અને વ્યવહાર નયમાં થઈ શકતો નથી.

### ❯ પ્રાચીન શાસ્ત્રસંદર્ભની સ્પષ્ટતા ❯

**(इदमेवा.)** આ જ અભિપ્રાયથી પ્રાચીન ગ્રંથમાં જણાવેલ છે કે '(૧) છ ના પ્રદેશ, (૨) પાંચના પ્રદેશ, (૩) પાંચ પ્રકારના પ્રદેશ, (૪) પ્રદેશ ભાજ્ય છે, (૫) તે દ્રવ્યમાં પ્રદેશ છે અને (અથવા) તે દ્રવ્યસ્વરૂપ પ્રદેશ છે, (૬) તે દ્રવ્યસ્વરૂપ પ્રદેશ અને (૭) પ્રદેશ નથી જ. આ પ્રમાણે સાત નયનું ક્રમશઃ મંતવ્ય છે.' આ ગાથાની વધુ સ્પષ્ટતા આ પ્રમાણે સમજવી કે - (૧) 'ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યો અને તેના દેશ - આ છના પ્રદેશ છે' - આ પ્રમાણે નૈગમનયનો મત છે.

(૨) 'ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યના પ્રદેશ છે' - આ સંગ્રહનયનો મત છે.

(૩) 'પાંચ પ્રકારના પ્રદેશ છે' - આ મુજબ વ્યવહારનયનો મત છે.

(૪) 'કથંચિત્ ધર્મદ્રવ્યનો પ્રદેશ છે. કથંચિત્ અધર્મદ્રવ્યનો પ્રદેશ છે. કથંચિત્ આકાશનો પ્રદેશ છે. કથંચિત્ જીવનો પ્રદેશ છે. કથંચિત્ પુદ્ગલસ્કંધનો પ્રદેશ છે' - આ પ્રમાણે ઋજુસૂત્રનયનો અભિપ્રાય

1. षण्णां तथा पञ्चानां पञ्चविधः तथा च भवति भजनीयः। तस्मिन् च सः च प्रदेशः, सः चैव न चैव सप्तानाम्।।

स्याद्धर्मास्तिकायस्य प्रदेशः, स्यादधर्मास्तिकायस्य प्रदेशः इत्यादिः। तदुक्तम् **अनुयोगद्वारसूत्रवृत्तौ श्रीहरिभद्रसूरिभिः** प्रदेशोदाहरणनिरूपणे ऋजुसूत्रनयाभिप्रायं दर्शयद्भिः "भाज्यः प्रदेशः, स्याद् धर्मस्य इत्यादिः। अपेक्षावशेन भाज्यः, यो यस्य आत्मीयः स एवाऽस्ति, परकीयस्य परधनवद् निष्प्रयोजनत्वात्, खरविषाणवद् अप्रदेश एवेत्यतः स्याद् धर्मप्रदेशः इति" (अनु.द्वा.सू.४७६)।

(५) शब्दनयस्य मते तस्मिन् धर्मास्तिकायादौ प्रदेशः = धर्मास्तिकायादिः, स वा धर्मास्तिकायादिः प्रदेशः = धर्मास्तिकायादिः। चकारो वाकारार्थे द्रष्टव्यः। तदुक्तं **नयरहस्ये** प्रदेशोदाहरणे शब्दनयाभिप्रायं दर्शयद्भिः **यशोविजयवाचकैः** अपि "धर्मे धर्मः इति वा प्रदेशः = धर्मः, अधर्मे अधर्म इति वा प्रदेशः = अधर्म" (न.रह.पृ.४६) इत्यादिकम्।

(६) समभिरूढस्य मते स धर्मास्तिकायादिः एव प्रदेशः। तदुक्तं समभिरूढाभिप्रायप्रदर्शनाऽवसरे **विशेषावश्यकभाष्ये** [1]"देसी चेव य देसो" (वि.आ.भा.२२४७) इति।

---

છે. **અનુયોગદ્વારસૂત્રની વ્યાખ્યા**માં પ્રદેશ દૃષ્ટાન્તનું નિરૂપણ કરવાના અવસરે **શ્રીહરિભદ્રસૂરિજી** મહારાજાએ ઋજુસૂત્રનયનો અભિપ્રાય જણાવતા કહેલ છે કે "ઋજુસૂત્રનયના મતે પ્રદેશ ભાજ્ય = ભજનીય = ભજનાયોગ્ય છે. તે ભજના આ રીતે સમજવી. 'કથંચિત્ ધર્માસ્તિકાયનો પ્રદેશ, કથંચિત્ અધર્માસ્તિકાયનો પ્રદેશ' ઈત્યાદિ. અપેક્ષા અનુસાર આ ભજના કરવી. કારણ કે જે પ્રદેશ જે દ્રવ્યનો પોતાનો હોય તે જ પ્રદેશ છે. કેમ કે બીજા દ્રવ્યનો પ્રદેશ તો પારકા ધનની જેમ નિષ્પ્રયોજન = અકિંચિત્કર છે. તેથી ગધેડાના શીંગડાની જેમ પરકીય દ્રવ્યનો પ્રદેશ એ ધર્માસ્તિકાય દ્રવ્યનો અપ્રદેશ જ બને. તેથી કથંચિત્ = સ્વકીય દ્રવ્યની અપેક્ષાએ ધર્માસ્તિકાયનો પ્રદેશ....' વગેરે ભજના કરવી."

(૫) પ્રદેશ ઉદાહરણમાં શબ્દનયનું મંતવ્ય એવું છે કે 'ધર્માસ્તિકાયનો પ્રદેશ એ ધર્માસ્તિકાયસ્વરૂપ છે. અધર્માસ્તિકાયનો પ્રદેશ એ અધર્માસ્તિકાયસ્વરૂપ છે...' ઈત્યાદિ અથવા 'ધર્મદ્રવ્યાત્મક પ્રદેશ છે તે ધર્માસ્તિકાય છે. અધર્મદ્રવ્યસ્વરૂપ પ્રદેશ છે તે અધર્માસ્તિકાય છે....' ઈત્યાદિ. ઉદ્ધૃત કરેલા મૂળ શ્લોકમાં રહેલ 'च' શબ્દ 'અથવા' અર્થમાં છે. તે જ અર્થને અમે ગુજરાતીમાં દર્શાવેલ છે. **મહોપાધ્યાયશ્રી યશોવિજય** ગણિવરે પણ પ્રદેશ દૃષ્ટાન્તમાં શબ્દનયનો અભિપ્રાય જણાવતા **નયરહસ્ય** ગ્રન્થમાં કહેલ છે કે "ધર્માસ્તિકાયનો જે પ્રદેશ છે તે જ ધર્માસ્તિકાયસ્વરૂપ છે, અન્ય નહીં. અથવા ધર્માસ્તિકાયથી અભિન્ન જે પ્રદેશ છે તે જ ધર્માસ્તિકાયસ્વરૂપ છે, અન્ય નહિ. અહીં સ્પષ્ટરૂપે બીજી રીતે પણ નિયમન થઈ જાય છે કે ધર્માસ્તિકાયનો જે પ્રદેશ છે તે ધર્માસ્તિકાયસ્વરૂપ જ છે, અધર્માસ્તિકાયાદિસ્વરૂપ નહિ. તે જ રીતે અધર્માસ્તિકાયના પ્રદેશ અંગે પણ આ પ્રમાણે કહેવું જોઈએ કે - અધર્માસ્તિકાયનો જે પ્રદેશ છે તે અધર્માસ્તિકાયાત્મક જ છે, ધર્માસ્તિકાયાત્મક નહિ. અથવા અધર્માસ્તિકાયથી અભિન્ન જે પ્રદેશ છે તે અધર્માસ્તિકાયસ્વરૂપ જ છે, ધર્માસ્તિકાયઆદિ સ્વરૂપ નહિ." ઈત્યાદિ આગળ સમજી લેવું.

(૬) સમભિરૂઢ કહે છે કે 'ધર્માસ્તિકાયસ્વરૂપ જ પ્રદેશ છે. અધર્માસ્તિકાયસ્વરૂપ જ પ્રદેશ છે....' ઈત્યાદિ. તેથી જ સમભિરૂઢનયનો અભિપ્રાય દેખાડવાના અવસરે **વિશેષાવશ્યકભાષ્ય**માં **શ્રીજિનભદ્રગણી**

---

1. देशी चैव च देशः।

(७) न चैवं देश-प्रदेशौ एवम्भूतनयस्य मते इति देश-प्रदेशकल्पनारहितमखण्डमेव वस्तु स्वीकर्तव्यमिति सप्तानां नैगमादिनयानां प्रदेशोदाहरणे विषयभेदो द्रष्टव्यः'।

न केवलं प्रदेशोदाहरणे प्रस्थकोदाहरणेऽपि नैगममतं सङ्ग्रहादन्यद्। तथाहि – प्रस्थकः मगधदेशप्रसिद्धो धान्यमानविशेषः। तदर्थं वनगमन-दारुच्छेदन-तक्षणोत्किरण-लेखन-प्रस्थकपर्यायावि-

ક્ષમાશ્રમણે કહ્યું છે કે 'દેશી = સ્કંધ = ધર્માસ્તિકાયાદિ એ જ દેશ છે.' મતલબ કે સ્કંધાત્મક ધર્માસ્તિકાયાદિથી ભિન્ન = સ્વતન્ત્ર વસ્તુરૂપે દેશ સમભિરૂઢને માન્ય નથી.

(૭) એવંભૂતનય કહે છે કે 'દેશ અને પ્રદેશ છે જ નહિ. તેથી દેશની કે પ્રદેશની કલ્પનાથી રહિત અખંડ વસ્તુ જ સ્વીકારવી જોઈએ' - આ પ્રમાણે પ્રદેશ દૃષ્ટાંતમાં નૈગમાદિ સાતેય નયોના મંતવ્ય જુદા પડે છે. (વાચકવર્ગને ખ્યાલ હશે કે પૂર્વે ચોથી શાખાના તેરમા શ્લોકમાં પ્રસ્થકાદિ દૃષ્ટાન્ત આપણે સમજી ગયા છીએ. તથા આ જ શાખાના ૧૮ મા શ્લોકમાં પુનઃ પ્રદેશ આદિ ત્રણેય ઉદાહરણની વિચારણા કરશું. તે વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી.)

### ❈ પ્રસ્થક દૃષ્ટાંતમાં નૈગમનયનું મંતવ્ય ❈

(**न केव.**) ફક્ત પ્રદેશ ઉદાહરણમાં જ નૈગમનયનું મંતવ્ય સંગ્રહનય કરતાં જુદું પડે છે - તેવું નથી. પ્રસ્થક ઉદાહરણમાં પણ નૈગમનયનું મંતવ્ય સંગ્રહનય કરતાં જુદું પડી જાય છે. તે આ રીતે સમજવું. મગધ દેશમાં પૂર્વકાળમાં અનાજને માપવાનું એક પ્રકારનું ચોક્કસ સાધન 'પ્રસ્થક' તરીકે ઓળખાતું હતું.

(૧) તે પ્રસ્થક માટે લાકડું લેવા સુથાર વનમાં જાય, ત્યારે કોઈ તેને પૂછે કે 'તમે શું કરો છો ?' - તો તે જવાબ આપે છે કે 'પ્રસ્થક લેવા જાઉં છું.'

(૨) પ્રસ્થક માટે લાકડાને કાપવાની-છેદવાની પ્રવૃત્તિ તે સુથાર કરે ત્યારે તેને પૂછવામાં આવે કે 'તમે શું કરો છો ?' - તો તે કહે છે કે 'પ્રસ્થક બનાવું છું.'

(૩) જ્યારે સુથાર પ્રસ્થક માટે જંગલમાંથી લાવેલ લાકડામાં તક્ષણ ક્રિયા = છોલવાની ક્રિયા કરે તે સમયે પૂછવામાં આવે કે 'તમે શું કરો છો ?' - ત્યારે પણ તે જવાબ આપે છે કે 'પ્રસ્થક કરું છું.'

(૪) પ્રસ્થકયોગ્ય લાકડામાંથી વચ્ચેનો ભાગ ઉકેરવામાં આવે, અનાજ ભરવા યોગ્ય પોલાણ કરવામાં આવે તેને ઉત્કિરણ કહેવામાં આવે છે. ઉત્કિરણ કરતા સુથારને કોઈ પૂછે કે 'તમે શું કરો છો ?' ત્યારે તે કહે છે કે 'પ્રસ્થક કરું છું.'

(૫) ઉત્કિરણ ક્રિયા પછી ચોક્કસ પ્રમાણમાં (ઓછું નહિ કે વધારે નહિ તે રીતે અનાજ ભરાય તે માટે તે પોલાણવાળા ભાગમાંથી ઓછી-વત્તી જગ્યા દૂર કરીને તેને માપસર કરવામાં આવે તે ક્રિયાને 'લેખન' કહેવામાં આવે છે.) લેખન ક્રિયા બાદ પ્રસ્થક આકાર તૈયાર થઈ જાય છે. 'લેખન' ક્રિયા ચાલી રહેલી હોય ત્યારે પૂછવામાં આવે કે 'તમે શું કરો છો ?' તો જવાબ મળે છે કે 'પ્રસ્થક કરું છું.'

(૬) લેખનક્રિયા બાદ તે કાષ્ઠખંડમાં પ્રસ્થક પર્યાય પ્રગટ થાય છે. અમુક ચોક્કસ પ્રકારના માપ કરતાં ઓછું કે વધારે અનાજ ન આવે તે પ્રકારે તૈયાર થયેલ તે કાષ્ઠપાત્રને 'પ્રસ્થક' કહેવામાં આવે

भावेषु यथोत्तरशुद्धा नैगमभेदाः। अतिशुद्धनैगमस्त्वाकुट्टितनामानं प्रस्थकमाह।

व्यवहारस्याऽप्येवमेव मार्गः।

सङ्ग्रहस्तु विशुद्धत्वात् कारणे कार्योपचारं कार्याऽकरणकाले च प्रस्थकं नाङ्गीकुरुते।

वसतिः = आधारता। सा च यथोत्तरशुद्धानां नैगमभेदानां लोके, तिर्यग्लोके, जम्बूद्वीपे,

---

છે. આ નૈગમનયના ક્રમશઃ ઉત્તરોત્તર ચઢિયાતી શુદ્ધિવાળા પ્રકાર છે. પ્રસ્થકનિમિત્તક વનગમનક્રિયા કરતાં કાષ્ઠછેદનક્રિયા પ્રસ્થકની નજીક છે. આમ નજીકનો ઉપચાર હોવાથી અરણ્યગમન કરતાં કાષ્ઠછેદનને પ્રસ્થક કહેનાર નૈગમ શુદ્ધ છે. કાષ્ઠછેદન કરતાં કાષ્ઠતક્ષણક્રિયા પ્રસ્થકની વધુ નજીક છે. તેના કરતાં પણ કાષ્ઠઉત્કિરણક્રિયા પ્રસ્થકની વધુ નજીક છે. તેના કરતાં પણ કાષ્ઠલેખનક્રિયા પ્રસ્થકની વધુ સમીપવર્તી છે. તેના કરતાં પણ પ્રસ્થકપર્યાયનો આવિર્ભાવ વધુ શુદ્ધ પ્રસ્થક છે. આથી દર્શિત નૈગમનયના છ ભેદો ક્રમશઃ ઉત્તરોત્તર વધુ શુદ્ધિને ધારણ કરનારા છે.

(૭) અતિશુદ્ધ નૈગમનય તો જે કાષ્ઠપાત્રને રાજા કે સરકાર તરફથી 'પ્રસ્થક' તરીકેનો સિક્કો લાગેલો છે, તેને જ પ્રસ્થક તરીકે સ્વીકારે છે. કારણ કે રાજમહોરવાળા પ્રસ્થકમાં જ લોકો વારંવાર અસ્ખલિત રીતે 'પ્રસ્થક' શબ્દનો પ્રયોગ કરે છે. સાર્વલૌકિક અસ્ખલિત 'પ્રસ્થક'શબ્દપ્રયોગવિષયભૂત તે પ્રસ્થક જ વાસ્તવિક પ્રસ્થક છે. કારણ કે તેમાં ઉપચારનું મિશ્રણ નથી. વનગમનાદિ ક્રિયાના ઉદ્દેશ્યસ્વરૂપ કાષ્ઠખંડમાં જે પ્રસ્થકપર્યાય છે, તે તરતમભાવથી અશુદ્ધિ ધરાવે છે. તેથી અરણ્યપ્રસ્થાન, કાષ્ઠછેદન આદિ ક્રિયાના વિષયભૂત કાષ્ઠમાં પ્રસ્થક તરીકેનો વ્યવહાર અતિશુદ્ધ નૈગમનય કરતો નથી.

## ❈ પ્રસ્થક દૃષ્ટાંતમાં વ્યવહારનયનો અભિપ્રાય ❈

(व्यव.) પ્રસ્થક ઉદાહરણમાં વ્યવહારનયનું મંતવ્ય પણ નૈગમનય જેવું જ છે. તેમાં પણ પ્રથમ છ ભેદ તરતમભાવવાળી ઉત્તરોત્તર ચઢિયાતી શુદ્ધિને ધારણ કરનારા છે. જ્યારે અતિશુદ્ધ વ્યવહારનય અનુપચરિત રાજમહોરયુક્ત પ્રસ્થકને જ પ્રસ્થક તરીકે માને છે.

(सङ्ग्र.) જ્યારે સંગ્રહનય તો વિશુદ્ધ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર માનતો નથી. તથા પ્રસ્થક તરીકેનું કાર્ય ન થતું હોય ત્યારે પ્રસ્થકને પ્રસ્થક તરીકે માનવા તૈયાર નથી.

**સ્પષ્ટતા** :- પ્રસ્થક દૃષ્ટાંતમાં નૈગમ અને વ્યવહાર નયની માન્યતા કરતાં સંગ્રહનયની માન્યતા જુદી જ છે. વનગમન, કાષ્ઠછેદન, તક્ષણ આદિ ક્રિયાનો વિષય બનનાર કાષ્ઠ એ પ્રસ્થક પ્રત્યે પરંપરાથી કારણભૂત છે. તેથી તેમાં પ્રસ્થકસ્વરૂપ કાર્યનો ઉપચાર કરીને નૈગમ અને વ્યવહાર નય 'પ્રસ્થક' તરીકેનો વ્યવહાર માન્ય કરે છે. પરંતુ સંગ્રહનય કારણમાં કાર્યનો ઉપચાર માનતો નથી. તેમજ નૈગમાદિસંમત પ્રસ્થક જ્યારે અનાજને માપવાનું કામ ન કરે ત્યારે પણ સંગ્રહનય તેનો પ્રસ્થક તરીકે સ્વીકાર નથી કરતો.

## ❀ 'વસતિ' દૃષ્ટાંતથી સાત નયનો વિચાર ❀

(वसतिः.) નૈગમનયનો વિષય પ્રદેશ, પ્રસ્થક અને વસતિ દૃષ્ટાંતમાં સંગ્રહનય કરતાં જુદો પડે છે - આ વાત પૂર્વે જણાવેલી. તેમાંથી પ્રદેશ અને પ્રસ્થક દૃષ્ટાંતના નિરૂપણમાં તે વાતને આપણે સમજી ગયા. હવે તૃતીય 'વસતિ' દૃષ્ટાંતનો અવસર છે. અહીં 'વસતિ' શબ્દનો અર્થ 'આધારતા' વિવક્ષિત છે. 'દેવદત્ત વસે છે' - આ વાક્યને સાંભળીને શ્રોતાને પ્રશ્ન ઉદ્ભવે છે કે 'દેવદત્ત ક્યાં વસે છે?'

भरतक्षेत्रे, तद्दक्षिणार्धे, पाटलिपुत्रे, देवदत्तगृहे, तन्मध्यगृहे चावसेया।

इह प्रतिभेदं पूर्वापेक्षया उत्तरत्र शुद्धिसत्त्वेऽपि उपचाराश्रयणाद् अशुद्धिरप्यनाविला।

अतिशुद्धनैगमस्तु 'वसन् वसति' इत्याह। व्यवहारेऽप्ययमेवानुसरणीयः पन्थाः।

"सङ्ग्रहस्तु 'संस्तारकारूढ एव वसति' इत्यभ्युपैति, अन्यत्र हि वासार्थ एव तस्य न घटते। न चायं प्रागवदुपचारमप्याश्रयते" (न.र.पृ.७०) इत्यादिकं **नयरहस्ये** व्यक्तम्।

આ પ્રશ્નના સમાધાન માટે અનેક પ્રકારના ઉત્તરો પ્રાપ્ત થાય છે. કોઈ કહે કે 'દેવદત્ત લોકમાં વસે છે.' આ જવાબ આપવા છતાં 'લોકના કયા વિભાગમાં દેવદત્ત રહે છે ?' તેવી જિજ્ઞાસા ઉભી જ છે. તેને ટાળવા લોકરૂપ આધારમાં કંઈક સંકોચ કરી જવાબ મળે છે કે 'દેવદત્ત તિર્યગ્લોકમાં રહે છે.' આગળનું સમાધાન જે સામાન્ય નૈગમના અભિપ્રાયથી આપેલ તેની અપેક્ષાએ પછીના નૈગમવિશેષમાં વિશુદ્ધિ વધારે છે. કારણ કે સંકુચિત આધારમાં આ નયનો અભિપ્રાય રહેલો છે. પરંતુ હજુ ઉત્તરોત્તર થતી જિજ્ઞાસાની નિવૃત્તિ માટે ઉત્તરોત્તર વિશુદ્ધ એવા વિશેષનૈગમના અભિપ્રાયે 'દેવદત્ત જંબૂદ્વીપમાં રહે છે', 'ભરતક્ષેત્રમાં રહે છે', 'દક્ષિણાર્ધ ભરતમાં રહે છે', 'પાટલિપુત્રમાં રહે છે', 'દેવદત્તના ઘરમાં રહે છે', 'દેવદત્તના ઘરના વચલા ઓરડામાં રહે છે' વગેરે અલગ અલગ જવાબો અધિક સંકુચિત આધારતાને સ્પષ્ટપણે બતાડીને જિજ્ઞાસુને સંતોષ પમાડે છે.

### તર-તમભાવથી શુદ્ધિ-અશુદ્ધિવિચાર

(**इह.**) આ દરેક નૈગમવિશેષના અભિપ્રાયોમાં પૂર્વ-પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તરમાં વિશુદ્ધિ વધુ હોવા છતાં દરેકમાં ઉપચારનો આશ્રય લેવો પડતો હોવાથી અવિશુદ્ધિ પણ અવ્યાહતપણે રહે છે. એકના ધર્મનો બીજામાં આરોપ કરવો એ જ ઉપચાર છે. વાસ્તવમાં દેવદત્તઆધારતા = દેવદત્તપ્રતિયોગિક-સંયોગાનુયોગિતા તદ્રૂપે પરિણત એક ગૃહમધ્યક્ષેત્રમાં છે. આવી આધારતા કંઈ લોક, મધ્યલોક, જંબુદ્વીપ વગેરેમાં સંભવિત નથી. પણ લોક વગેરેમાં ગૃહમધ્યભાગના ધર્મનો = ગૃહમધ્યભાગત્વનો આરોપ ઉપરોક્ત દરેક જવાબમાં હોવાથી ઉપરના જવાબો અવિશુદ્ધ છે.

(**अति.**) તેમજ અતિશુદ્ધ નૈગમની અપેક્ષાએ તો 'દેવદત્ત ઘરના વચલા ઓરડામાં છે' - આવો જવાબ પણ અવિશુદ્ધ છે. કારણ કે જે સમયે ઘરના મધ્યભાગમાં દેવદત્ત વસવાટનો અનુભવ કરે તે જ સમયે મધ્યભાગમાં દેવદત્તની આધારતાને અતિશુદ્ધ નૈગમનય સ્વીકારે છે. જ્યારે પ્રસ્તુતમાં (= પૂર્વતન નૈગમના મંતવ્યમાં) તો નિવાસાનુભવકાલીન મધ્યગૃહત્વનો મધ્યમગૃહમાં આરોપ કરવા સ્વરૂપ ઉપચાર છે. આથી અતિશુદ્ધનૈગમનયાનુસારે તો 'वसन् वसति' = 'નિવાસના સમયે મધ્યગૃહમાં દેવદત્ત રહે છે' - આવો જવાબ ઉપચારરહિત હોવાથી માન્ય છે. તેમજ વ્યવહારનયના ભેદોમાં પણ નૈગમનયાનુસારે જ પૂર્વ પૂર્વ ભેદની અપેક્ષાએ ઉત્તરોત્તર ભેદમાં રહેલ વિશુદ્ધિનો ઉત્કર્ષ જાણવો.

### સંગ્રહનયમાં ઉપચાર અમાન્ય

("**सङ्ग्र.**) સંગ્રહનય તો ઘરમાં રહેલ પલંગ પર દેવદત્ત જે સમયે બેઠેલો હોય, તે જ સમયે દેવદત્ત માટે 'વસતિ' શબ્દનો પ્રયોગ સ્વીકારે છે. જ્યારે દેવદત્ત પલંગ પર નથી બેઠેલો, ત્યારે તેવા દેવદત્તને વિષે 'વાસ' શબ્દનો અર્થ જ નથી ઘટી શકતો. 'વાસ' શબ્દનો અર્થ આધારતા છે. ગૃહનિષ્ઠ

प्रकृते "निलयनौपम्यं यथा – 'क्व वसति भवान् ?' इति पृष्टे कश्चिदाह 'लोकेऽहं वसामि, तथा, तिर्यग्लोके, मनुष्यक्षेत्रे, जम्बूद्वीपे, भरतक्षेत्रे, मध्यमखण्डे, पाटलिपुत्रे, वसतौ, संस्तारके, आकाशप्रदेशेषु, यावदाह – 'स्वात्मनि वसामि' इत्येवम् एतान् सर्वानपि प्रकारान् नैगमो मन्यते" (वि.आ.भा.२१८८ मल.वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्ति**प्रबन्धोऽपि विशिष्य विज्ञैः अवधातव्यः।

[1]"वत्थुं वसइ सहावे" (वि.आ.भा.२२४२) इत्यादिरूपेण **विशेषावश्यकभाष्ये** वसतिदृष्टान्ते शब्दादिनयमतम् उपदर्शितं तदपीहाऽनुसन्धेयम्।

इत्थञ्च प्रस्थक-वसतिदृष्टान्तयोः नैगम-व्यवहारयोः अभिप्रायैक्येऽपि नैगम-सङ्गहयोः अभिप्रायभेदः समस्त्येव। प्रदेशोदाहरणे तु नैगम-सङ्ग्रह-व्यवहाराणां त्रयाणामपि नयानाम् अभिप्रायभेदः

---

આધારતા અને દેવદત્તનિષ્ઠ આધેયતા પરસ્પર સાકાંક્ષ હોવાથી પરસ્પરથી નિરૂપિત બને છે. આ રીતે જ ઘર અને દેવદત્ત વચ્ચે આધાર-આધેયભાવ સિદ્ધ થાય છે. તેથી વાસ શબ્દનો અર્થ છે દેવદત્તમાં રહેલ ગૃહાધેયત્વ. તથા તે તો પલંગ પર ચડેલ, ગાદી-ગાદલા ઉપર બેસેલ દેવદત્તમાં જ ઘટી શકે છે. આવો સંગ્રહનયનો અભિપ્રાય છે. તેમજ નૈગમનયે અને વ્યવહારનયે સંસ્તારકારૂઢભિન્ન પુરુષમાં ગૃહાધેયત્વ સ્વરૂપ વાસાર્થનો જે આરોપ કરેલ છે, તેને સંગ્રહનય સ્વીકારતો નથી. કેમ કે સંગ્રહનય ઉપચારમાં માનતો નથી. ઈત્યાદિ બાબત **મહોપાધ્યાય શ્રીયશોવિજય** મહારાજે **નયરહસ્ય** ગ્રંથમાં સ્પષ્ટપણે જણાવેલી છે.

### ❈ વસતિ દૃષ્ટાંતમાં નૈગમમંતવ્ય : વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા ❈

(**प्रकृ.**) પ્રસ્તુતમાં વસતિદૃષ્ટાન્ત અંગે **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**માં જણાવેલ પ્રબંધ વિજ્ઞ વાચકવર્ગે વિશેષ રીતે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ત્યાં જણાવેલ છે કે "નિલયન દૃષ્ટાંત આ મુજબ છે કે - 'આપ ક્યાં વસો છો ?' આ પ્રમાણે કોઈ પ્રશ્ન પૂછે ત્યારે સામેનો માણસ કહે છે કે '(૧) હું લોકમાં વસુ છું. (૨) તિર્છાલોકમાં રહું છું. (૩) મનુષ્યક્ષેત્રમાં રહું છું. (૪) જંબૂદ્વીપમાં વસવાટ કરું છું. (૫) ભરતક્ષેત્રમાં રહું છું. (૬) મધ્યમખંડમાં રહું છું. (૭) પાટલિપુત્ર શહેરમાં રહું છું. (૮) મકાનમાં રહું છું. (૯) પથારીમાં રહું છું. (૧૦) આકાશપ્રદેશોમાં રહું છું. યાવત્ (૧૧) સ્વાત્મામાં રહું છું.' - આ મુજબના તેના બધાય પ્રકારના જવાબોને નૈગમનય માન્ય કરે છે."

### ❖ વસતિદૃષ્ટાન્તમાં શુદ્ધનયમત ❖

("**वत्थुं.**) 'વસ્તુ સ્વભાવમાં વસે છે' - ઈત્યાદિરૂપે **વિશેષાવશ્યકભાષ્ય**માં વસતિ દૃષ્ટાન્તમાં શબ્દાદિ શુદ્ધનયોનો મત જણાવેલ છે. તેનું પણ પ્રસ્તુતમાં અનુસંધાન કરવું.

### ❀ નૈગમનયનો સંગ્રહ-વ્યવહારથી બહિર્ભાવ ❀

(**इत्थ.**) આ રીતે પ્રસ્થક અને વસતિ - આ બે ઉદાહરણમાં નૈગમનયનો અને વ્યવહારનયનો અભિપ્રાય એક હોવા છતાં નૈગમ અને સંગ્રહ નયનો અભિપ્રાય જુદો પડી જ જાય છે. આમ નૈગમનો અભિપ્રાય સંગ્રહનય કરતાં કથંચિત્ અલગ બનવાથી સંગ્રહનય કરતાં નૈગમનય જુદો સિદ્ધ થાય છે.

---

1. वस्तु वसति स्वभावे।

समस्ति एव। ततश्च प्रदेशाद्युदाहरणबलेन नैगम-सङ्ग्रह-व्यवहारनयानां कथञ्चिद् विषयभेदात् **सङ्ग्रह-व्यवहाराभ्यां नैगमो भिद्यते**। **ततः** = तस्मात् कारणात् **ताभ्यां** = सङ्ग्रह-व्यवहाराभ्यां **सः** = नैगमनयः **विभिन्नः** कथितः। इदन्तु आगमाभिप्रायेण ज्ञेयम्।

**स्याद्वादरत्नाकरकृतः** (स्या.रत्ना.७/५३/पृष्ठ-१०७०) **वादिदेवसूरेः** अभिप्रायेण तु प्रस्थकोदाहरणेऽपि नैगम-व्यवहारनययोः विषयभेदः समस्त्येवेति पूर्वं चतुर्थशाखायां (४/१३) दर्शितमेव। अतः तार्किकमते प्रदेश-प्रस्थकोदाहरणयोः नैगम-सङ्गह-व्यवहाराणां विषयभेदाद् **नैगमो** नयः **सङ्ग्रह-व्यवहाराभ्यां भिद्यते** = अतिरिच्यते। **ततः** = तस्मात् कारणात् **ताभ्यां** = सङ्ग्रह-व्यवहाराभ्यां **सः** = नैगमनयः **विभिन्नः** = पृथग् ज्ञेयः।

प्रस्थकौदनाद्युदाहरणाऽपेक्षयैव **वादिदेवसूरिभिः स्याद्वादरत्नाकरे** "अनिष्पन्नाऽर्थसङ्कल्पमात्रग्राही नैगमः" (स्या.रत्ना.७/७) इत्याद्युक्तमित्यवधेयम्।

***यद्यपि*** नरकावासप्रतिष्ठानोदाहरणे नैगमादीनां त्रयाणां नयानामभिप्रायो न भिद्यते। तदुक्तं

---

તથા પ્રદેશ ઉદાહરણમાં તો નૈગમ, સંગ્રહ અને વ્યવહાર - આ ત્રણેય નયોનો અભિપ્રાય પરસ્પર અલગ જ છે. આમ પ્રદેશ વગેરે ઉદાહરણમાં પોતાનું સ્વતંત્ર મંતવ્ય દર્શાવનારા નૈગમનયનો સંગ્રહ અને વ્યવહાર નયમાં સમાવેશ થઈ શકતો ન હોવાથી પ્રદેશ આદિ દૃષ્ટાન્તના બળથી આગમમાં સંગ્રહ અને વ્યવહાર નય કરતાં નૈગમનયને જુદો દર્શાવેલ છે. આ વાત આગમના અભિપ્રાયથી જાણવી.

**(સ્યા.)** જ્યારે **સ્યાદ્વાદરત્નાકર**ના કર્તા **વાદિદેવસૂરિજી** મહારાજના અભિપ્રાયથી તો પ્રદેશ દૃષ્ટાંતની જેમ પ્રસ્થક ઉદાહરણમાં પણ નૈગમનયના અને વ્યવહારનયના વિષયમાં તફાવત છે જ. પૂર્વે ચોથી શાખાના તેરમા શ્લોકની વ્યાખ્યામાં આ વાત દર્શાવેલ જ છે. આથી તાર્કિકમત મુજબ વિચાર કરીએ તો પ્રદેશ ઉદાહરણમાં અને પ્રસ્થક ઉદાહરણમાં નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયનો વિષય જુદો હોવાથી સંગ્રહ અને વ્યવહાર નય કરતાં નૈગમનય અતિરિક્ત = સ્વતંત્ર સિદ્ધ થાય છે. તે કારણે સંગ્રહ અને વ્યવહાર કરતાં નૈગમનયને જુદો જાણવો.

### ❈ સંગ્રહ-વ્યવહાર કરતાં નૈગમ સ્વતંત્રનય : શ્રીવાદિદેવસૂરિ ❈

**(પ્રસ્થ.)** પ્રસ્થક ઉદાહરણ તથા પૂર્વે (૬/૧૦) જણાવેલ ભાતનું ઉદાહરણ વગેરેની અપેક્ષાએ શ્રી**વાદિદેવસૂરિ**જીએ **સ્યાદ્વાદરત્નાકર**માં જણાવેલ છે કે "અનિષ્પન્ન પદાર્થના સંકલ્પમાત્રને પણ નૈગમનય પોતાના મુખ્ય વિષય (=પ્રસ્થકાદિ) તરીકે ગ્રહણ કરે છે." મતલબ કે 'પ્રસ્થકાદિ ઉદાહરણમાં સંગ્રહ-વ્યવહાર કરતાં નૈગમ જુદો પડે છે.' આ વાત તેઓશ્રીના મનમાં સ્પષ્ટપણે રહેલી હોવાથી જ તેઓશ્રીએ ત્યાં નૈગમનું ઉપરોક્ત સ્વરૂપ દર્શાવેલ છે. વિજ્ઞ વાચકવર્ગે આ બાબતને ખ્યાલમાં રાખવી.

### ☬ ત્રિવિધ નરકપ્રતિષ્ઠાન વિચાર ☬

**(યદ્યપિ.)** જો કે નરકાવાસ ક્યાં રહેલ છે ? આ અંગેના ઉદાહરણમાં નૈગમ વગેરે ત્રણેય નયોનો

**स्थानाङ्गसूत्रे** [1]"तिपतिट्ठिया णरगा पन्नत्ता। तं जहा – पुढविपतिट्ठिता, आगासपतिट्ठिता, आयपतिट्ठिता। णेगम-संगह-ववहाराणं पुढविपतिट्ठिया, उज्जुसुतस्स आगासपतिट्ठिया, तिण्हं सद्दणयाणं आयपतिट्ठिया" (स्था.३/३/सू.१९२ पृ.२५७) इति ***तथापि*** प्रदेश-प्रस्थकाद्युदाहरणेषु तु तदभिप्रायः भिद्यत एवेति न नैगमः सर्वथा तयोरन्तर्भावयितुं शक्य इत्यवधेयम्।

प्रदेशाद्युदाहरणं चोपलक्षणं सामायिकाधिकरण-करणकालादीनाम्, तेष्वपि स्थलेषु नैगमस्य सङ्ग्रह – व्यवहाराभ्यां भेदात्। तथाहि – (१) नैगमनये मनोज्ञद्रव्येषु व्यवस्थितस्य सामायिकं निर्वर्त्त्यते, सङ्ग्रहादिनये तु सर्वद्रव्येषु व्यवस्थितस्य। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [2]"कीरइ सामाइयं नेगमो मणुण्णेसु सयणाइसु भासइ" (वि.आ.भा.३३८५) इति, [3]"सेसा बिंति तओ सव्वदव्वेसु" (वि.आ.भा.३३८६) इति च।

---

અભિપ્રાય બદલાતો નથી. તેથી **સ્થાનાંગસૂત્ર**માં જણાવેલ છે કે 'નરક ત્રણ સ્થાનમાં પ્રતિષ્ઠિત છે. તે આ રીતે - (૧) પૃથ્વીપ્રતિષ્ઠિત, (૨) આકાશપ્રતિષ્ઠિત અને (૩) આત્મપ્રતિષ્ઠિત. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયના મતે નરક પૃથ્વીપ્રતિષ્ઠિત છે. ઋજુસૂત્રનયના મતે નરક આકાશપ્રતિષ્ઠિત છે, આકાશમાં રહેલ છે. તથા છેલ્લા ત્રણ શબ્દનય (સાંપ્રત, સમભિરૂઢ, એવંભૂત નય) મુજબ નરક આત્મપ્રતિષ્ઠિત છે, સ્વપ્રતિષ્ઠિત છે. મતલબ કે છેલ્લા ત્રણ નયના મતે નરક પોતાના સ્વરૂપમાં જ રહેલ છે, અન્યત્ર નહિ.' આ પ્રમાણે **સ્થાનાંગસૂત્ર** મુજબ નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયનો અભિપ્રાય નરકના આધાર વિશે એકસરખો જ છે. તો પણ પ્રદેશ, પ્રસ્થક વગેરે ઉદાહરણોમાં તો નૈગમાદિ ત્રણેય નયનો અભિપ્રાય બદલાય જ છે. તેથી નૈગમનયનો સંગ્રહ કે વ્યવહાર નયમાં સર્વથા = સંપૂર્ણતયા અંતર્ભાવ કરવો શક્ય નથી. આ બાબત ખ્યાલમાં રાખવી.

### ❋ સામાયિકના અધિકરણને વિશે નયમતભેદ ❋

(**પ્રદેશા.**) 'પ્રદેશ વગેરે ઉદાહરણમાં નૈગમનો અભિપ્રાય સંગ્રહ-વ્યવહારના અભિપ્રાયથી જુદો પડે છે' - આવું જે અહીં જણાવેલ છે તે ઉપલક્ષણ છે. મતલબ કે પ્રદેશ વગેરે દૃષ્ટાંત સિવાય પણ બીજા એવા ઘણા સ્થળો છે, જેમાં નૈગમમત સંગ્રહ-વ્યવહારના મતથી જુદો પડતો હોય. દા.ત. સામાયિકનું અધિકરણ કયા દ્રવ્યો છે ? જીવ સામાયિકનો કર્તા ક્યારે બને ? ઈત્યાદિ બાબતમાં પણ નૈગમનો મત સંગ્રહાદિના અભિપ્રાયથી જુદો પડે છે. તે આ રીતે સમજવું.

(૧) નૈગમનયના મતે મનગમતા શયન-આસનાદિ દ્રવ્યોમાં રહેલો જીવ સામાયિકને (= સમતાને) કરે છે. જ્યારે સંગ્રહ વગેરે નયોના અભિપ્રાયથી તો ઈષ્ટ-અનિષ્ટ સર્વ પ્રકારના શયનાસનાદિ દ્રવ્યોમાં રહેલો જીવ સામાયિકને કરે છે.આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "મનગમતા શયનાદિ દ્રવ્યોમાં રહેલો જીવ સામાયિકને કરે છે. આમ નૈગમનય કહે છે. બાકીના સંગ્રહાદિ નયો કહે છે કે ઈષ્ટ શયનાદિના બદલે અનિષ્ટ કટાસણા-શયનાદિ ઉપર જીવ બેસેલો હોય તો પણ તે સામાયિકને કરે જ છે. તેથી ઈષ્ટ-અનિષ્ટ સર્વ દ્રવ્યોમાં રહેલો જીવ સામાયિકને કરે છે."

---

1. त्रिप्रतिष्ठिता नरकाः प्रज्ञप्ताः। तद्यथा – पृथिवीप्रतिष्ठिताः, आकाशप्रतिष्ठिताः, आत्मप्रतिष्ठिताः। नैगम-सङ्ग्रह-व्यवहाराणां पृथिवीप्रतिष्ठिताः, ऋजुसूत्रस्य आकाशप्रतिष्ठिताः, त्रयाणां शब्दनयानामात्मप्रतिष्ठिताः। 2. क्रियते सामायिकं नैगमो मनोज्ञेषु शयनादिकेषु भाषते। 3. शेषा ब्रुवन्ति ततः सर्वद्रव्येषु।

(२) नैगममते सामायिके उद्दिष्टे एव जीवः सामायिकस्य कर्ता भवति, सङ्ग्रह-व्यवहारौ तु तदनन्तरं गुरुपादमूले समासीनः शिष्यः तत्कर्तेति ब्रुवाते। तदुक्तम् **आवश्यकनिर्युक्तिलघुभाष्ये** [1]"उद्दिट्ठे नेगम, उवट्ठिए संगहो अ ववहारो" (आ.नि.१०२७ गाथोत्तरं ल.भा.१७७) इति। **विशेषावश्यकभाष्ये** अपि [2]"उद्दिट्ठे च्चिय नेगमनयस्स कत्ताऽणहिज्जमाणो वि" (वि.आ.भा.३३९१) इति, [3]"संगह-ववहाराणं पच्चासन्नयरकारणत्तणओ। उद्दिट्ठमि तदत्थं गुरुपामूले समासीणो।।" (वि.आ.भा.३३९२) इति दर्शितम्।

(३) ग्रामोदाहरणेऽपि सङ्ग्रहमताद् नैगममतं भिद्यत इति व्यक्तं **बृहत्कल्पभाष्ये** (१०९९)।

***एतेन*** [4]"तुल्लत्ते पि इहं नेगमस्स वत्थंतरे भेओ" (वि.आ.भा.३८) इति **विशेषावश्यकभाष्यवचनं** ***व्याख्यातम्***, विशेषाभ्युपगमे नैगमस्य व्यवहारेण सह सदृशाभिप्रायत्वेऽपि सामान्याऽभ्युपगमे नानात्वस्येव सामान्याऽभ्युपगमे नैगमस्य सङ्ग्रहेण सह समानाभिप्रायत्वेऽपि विशेषाऽभ्युपगमे नानात्वस्या-

## सामायिककाળમાં નયમતભેદ

(૨) જીવ સામાયિકને ક્યારે કરે છે ? આ પ્રશ્નના જવાબમાં નૈગમનય એમ કહે છે કે સામાયિકનો ઉદ્દેશ જીવ કરે કે તરત જ જીવ સામાયિકનો કર્તા બને છે. જ્યારે સંગ્રહ અને વ્યવહાર નય એમ કહે છે કે સામાયિકના ઉદ્દેશ પછી સામાયિક અધ્યયન ભણવા માટે ગુરુદેવના ચરણકમલની સમીપ બેસેલો શિષ્ય સામાયિકનો કર્તા થાય છે. આ અંગે **આવશ્યકનિર્યુક્તિ લઘુભાષ્ય**માં જણાવેલ છે કે 'સામાયિકનો ઉદ્દેશ કરવા માત્રથી નૈગમનયમતે સામાયિક ઉત્પન્ન થાય છે. જ્યારે સંગ્રહ અને વ્યવહાર નય કહે છે કે સામાયિક માટે ગુરુ પાસે ઉપસ્થિત થવામાં આવે ત્યારે સામાયિક ઉત્પન્ન થાય છે.' આ જ બાબતનો વિસ્તાર કરતાં **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "સામાયિક અધ્યયનને ન ભણવા છતાં પણ સામાયિકનો ઉદ્દેશ થાય ત્યારે જ નૈગમનયના મતે જીવ સામાયિકનો કર્તા થાય છે. જ્યારે સંગ્રહ અને વ્યવહાર નય કહે છે કે - સામાયિકનો ઉદ્દેશ કર્યા પછી સામાયિક અધ્યયન ભણવા માટે શિષ્ય જ્યારે ગુરુના ચરણકમલ પાસે બેસેલો હોય ત્યારે તે સામાયિકનો કર્તા થાય છે. કારણ કે સામાયિકના ઉદ્દેશ કરતાં સામાયિકને ભણવા માટે ગુરુસમીપ અવસ્થાન એ સામાયિકનું વધુ નજીકનું કારણ છે."

(૩) 'ગ્રામ' ઉદાહરણમાં પણ સંગ્રહમત કરતાં નૈગમમત જુદો પડે છે. આ વાત **બૃહત્કલ્પભાષ્ય**માં સ્પષ્ટ છે. તેથી સંગ્રહ અને વ્યવહાર કરતાં નૈગમ સ્વતંત્ર નય તરીકે સિદ્ધ થાય છે.

## નૈગમની સ્વતંત્રતા અબાધિત

(एते.) આના દ્વારા **વિશેષાવશ્યકભાષ્ય**ની એક વાતનું સ્પષ્ટીકરણ થઈ જાય છે. ત્યાં **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** જણાવેલ છે કે "નૈગમ-વ્યવહારનય તુલ્ય હોવા છતાં પણ સામાન્યપદાર્થને વિશે નૈગમનય વ્યવહારનય કરતાં જુદો પડી જાય છે." મતલબ એ છે કે જેમ વિશેષ પદાર્થનો સ્વીકાર કરવાની દૃષ્ટિએ નૈગમનયનો વ્યવહારનયની સાથે અભિપ્રાય સમાન હોવા છતાં પણ સામાન્ય પદાર્થનો સ્વીકાર કરવાની દૃષ્ટિએ નૈગમ વ્યવહારનય કરતાં જુદો પડી જાય છે તેમ સામાન્ય પદાર્થનો સ્વીકાર

1. उद्दिष्टे नैगमः, उपस्थिते सङ्ग्रहश्च व्यवहारः। 2. उद्दिष्टे एव नैगमनयस्य कर्ताऽनधीयानोऽपि। 3. सङ्ग्रह-व्यवहारयोः प्रत्यासन्नकारणत्वतः। उद्दिष्टे तदर्थं गुरुपादमूले समासीनः।। 4. तुल्यत्वेऽपि इह नैगमस्य वस्त्वन्तरे भेदः।

ऽप्रत्याख्येयत्वात्।

यद्वा **विशेषावश्यकभाष्य**दर्शितस्य (गा.२१८८) सत्ताग्राहिणः केवलसामान्यवादिनः सर्वाऽविशुद्धस्य नैगमाऽऽद्यभेदस्य भवतु सङ्ग्रहनये समवतारः, विशेषमात्रग्राहिणः च केवलविशेषवादिनः सर्वविशुद्धस्य नैगमतृतीयभेदस्य भवतु व्यवहारनये समावेशः। परं गोत्वादिसामान्यविशेषग्राहिणो विशुद्धाऽविशुद्धस्य नैगमद्वितीयभेदस्य तु न सङ्ग्रहे न वा व्यवहारेऽन्तर्भावः सम्भवति, तयोः सामान्य-विशेषाऽन्यतरमात्रग्राहकत्वात्।

विशेषसङ्ग्रहनयस्य जीवत्वाद्यवान्तरसामान्यग्राहकत्वेऽपि तत्सामान्यांशग्राहित्वमेव न तूभयांशग्राहित्वमिति न सामान्य-विशेषोभयग्राहिणो विशुद्धाऽविशुद्धस्य नैगमद्वितीयभेदस्य तत्र समावेशः सम्भवतीत्यवधेयम्।

***एतेन*** "सङ्ग्रहे व्यवहारे वा नान्तर्भावः समीक्ष्यते। नैगमस्य तयोरेकवस्त्वंशप्रवणत्वतः।।" (त.सू.१/

---

કરવાની દૃષ્ટિએ નૈગમનયનો સંગ્રહનયની સાથે સમાન અભિપ્રાય હોવા છતાં પણ વિશેષ પદાર્થનો સ્વીકાર કરવાની દૃષ્ટિએ સંગ્રહનયનો ભેદ પણ નૈગમનયમાં અબાધિત જ રહેશે.

### સામાન્ય-વિશેષગ્રાહી નૈગમનય સ્વતંત્ર

(यद्वा.) અથવા એમ કહી શકાય કે **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં નૈગમનયનો જે પ્રથમ ભેદ સત્તાગ્રાહક = કેવલ સામાન્યવાદી = માત્રસામાન્યગુણધર્મગ્રાહક જણાવેલ છે, તે સર્વથા અશુદ્ધ નૈગમનય છે. તેથી તેનો સમાવેશ ભલે સંગ્રહનયમાં થાય. તથા તે જ ગ્રંથમાં શ્રી **જિનભદ્રગણિક્ષમાશ્રમણે** નૈગમનયનો જે ત્રીજો ભેદ દર્શાવેલ છે, તે કેવલવિશેષવાદી હોવાથી માત્ર વિશેષ ગુણધર્મનો ગ્રાહક છે. તેથી તે સંપૂર્ણતયા વિશુદ્ધિયુક્ત નૈગમનય છે. વિશેષવાદી હોવાથી તેનો સમાવેશ ભલે વ્યવહારનયમાં થાય. પરંતુ તે ગ્રંથમાં નૈગમનયનો જે બીજો ભેદ દર્શાવેલ છે તે વિશુદ્ધ-અવિશુદ્ધ છે. તે નય ગોત્વ વગેરે સામાન્ય-વિશેષ ગુણધર્મનો ગ્રાહક છે. સત્તા = સત્ત્વ = અસ્તિત્વ નામના સામાન્ય ગુણધર્મની અપેક્ષાએ ગોત્વ વિશેષ ધર્મ છે. તથા નીલગોત્વ, ગિરનારીગાયપણું વગેરે વિશેષ ગુણધર્મની અપેક્ષાએ ગોત્વ સામાન્ય ધર્મ છે. આમ ગોત્વ નથી કેવલ સામાન્ય ગુણધર્મ કે નથી કેવલ વિશેષ ગુણધર્મ. પરંતુ તે સામાન્ય-વિશેષ ગુણધર્મ છે. તેથી જ નૈગમનયના બીજા ભેદનો નથી તો કેવલ સંગ્રહનયમાં સમાવેશ થઈ શકતો કે નથી તો કેવલ વ્યવહારનયમાં સમાવેશ થઈ શકતો. સંગ્રહનય માત્ર સામાન્ય ગુણધર્મનો ગ્રાહક છે તથા વ્યવહારનય કેવલ વિશેષધર્મગ્રાહક છે. તેથી ગોત્વાદિસ્વરૂપ સામાન્ય-વિશેષઉભયાત્મક ગુણધર્મને ગ્રહણ કરનાર દ્વિતીય નૈગમનયનો સંગ્રહ-વ્યવહાર નયમાં સમાવેશ થઈ શકતો નથી.

(विशेष.) યદ્યપિ વિશેષસંગ્રહનય જીવત્વરૂપ અવાંતર સામાન્યને ગ્રહણ કરે છે. પણ તે તેમાંના સામાન્ય અંશને જ ગ્રહણ કરે છે, ઉભયસ્વરૂપને નહિ. તેથી સામાન્યવિશેષઉભયાત્મક ગુણધર્મને ગ્રહણ કરનાર દ્વિતીય શુદ્ધાશુદ્ધ નૈગમનયનો વિશેષસંગ્રહનયમાં પણ સમાવેશ શઈ શકતો નથી.

### દિગંબરમતે પણ નૈગમનય સ્વતંત્ર

(एतेन.) **વિદ્યાનંદસ્વામી** નામના દિગંબર આચાર્યે **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** ગ્રંથમાં નયવિવરણ પ્રકરણમાં

(**तिण**=) તે માટઇં કિહાંઇક ભિન્ન વિષયપણાથી (**તે**=) નૈગમનય (**તેહથી**) ભિન્ન (=**અલગો**) કહિઓ.

**એ તો** (દોઈ=) ૨ નય દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નૈગમાદિક નયથી **અભિન્ન**વિષય છઈ, તો તે અલગા કરિનઈં નવ ભેદ નયના કિમ કહિઈં ? **इति** ૧૨૩મી ગાથાર્થ ॥८/१५॥

---

३४ त.श्लो.वा.न.वि.३८) इति **तत्त्वार्थश्लोकवार्त्तिकान्तर्गतनयविवरणे विद्यानन्दोक्तिरपि** ***व्याख्याता,*** युगपद् गौण-मुख्यभावेन सामान्य-विशेषोभयग्राहिनैगमविशेषस्य केवलसामान्यग्राहकसङ्ग्रह-केवलविशेषग्राहि-व्यवहारनयाभ्यां भेदादित्यवधेयम् ।

परम् **इमौ** द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ तु नैगमादिभ्यः सप्तनयेभ्यः **अविभिन्नविषयौ** = अपृथग्गोचरौ मतौ। ततो नैगमादिभ्यः सप्तभ्यः पृथक् कृत्वा कथं बधिरकर्णजपन्यायेन निष्फला नवनयभेदप्ररूपणा **देवसेनेन** क्रियते? नैगमादिनयेभ्यः विषयभेदविरहादेव तयोः नैगमादीनां सप्तानां सङ्ग्रहादीनां वा षण्णां नयानां समवतारः तर्काऽऽगमविहितः निराबाधः। [1]“तित्थयरवयणसंगह-विसेसपत्थारमूलवायरणी। दव्वट्ठिओ य पज्जवनओ य सेसा वियप्पा सिं।।” (स.त.१/३) इत्येवं पूर्वोक्त(२/१२)**सम्मतितर्क**गाथायां

---

જણાવેલ છે કે ‘નૈગમનયનો સંગ્રહ કે વ્યવહાર નયમાં સમાવેશ થઈ શકતો નથી. કારણ કે સંગ્રહ-નય નૈગમનયના ફક્ત એક સામાન્ય અંશનું જ ગ્રહણ કરવામાં તત્પર છે. તથા વ્યવહાર નૈગમનયના ફક્ત એક વિશેષ અંશનું જ ગ્રહણ કરવામાં તત્પર છે. જ્યારે નૈગમનય તો સામાન્ય અને વિશેષ - આમ બે અંશનું ગ્રહણ કરે છે.’ **વિદ્યાનંદસ્વામી**એ જે પ્રસ્તુત કથન કરેલ છે, તેની પણ સ્પષ્ટતા અમારા ઉપરોક્ત કથન દ્વારા થઈ જાય છે. આશય એ છે કે ગૌણ-મુખ્યભાવથી એકીસાથે સામાન્ય -વિશેષ ઉભયવિધ ગુણધર્મને ગ્રહણ કરનાર નૈગમનય ખરેખર સંગ્રહ-વ્યવહાર નય કરતાં જુદો પડી જાય છે. કારણ કે સંગ્રહનય કેવલ સામાન્ય અંશનો ગ્રાહક છે. તથા વ્યવહારનય કેવલ વિશેષ અંશનો ગ્રાહક છે. આ નવો તર્ક પણ વિદ્વાનોએ ખ્યાલમાં રાખવો.

### સાત નયથી દ્રવ્યાર્થિકાદિ પૃથક્ નથી

(**પર.**) ઉપરોક્ત વિચારણા દ્વારા સ્પષ્ટ થાય છે કે નૈગમનયનો સંગ્રહ કે વ્યવહાર નયમાં પૂર્ણતયા સમાવેશ થઈ શકતો ન હોવાથી નૈગમ વગેરે સાત નયનો વિભાગ બતાવવો વ્યાજબી જ છે. પરંતુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો વિષય તો નૈગમાદિ સાત નયોના વિષય કરતાં જુદો નથી જ. તેથી નૈગમાદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને દેવસેનજી શા માટે જુદા પાડીને નવ પ્રકારના મૂલ નયની પ્રરૂપણા કરે છે ? તે સમજાતું નથી. બહેરા માણસના કાનમાં મંત્ર ફૂંકવા જેવી તે પ્રરૂપણા નિષ્ફળ છે. નૈગમ આદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના વિષય જુદા ન હોવાના લીધે તે બન્ને નયમાં નૈગમાદિ સાત નયોનો કે સંગ્રહ વગેરે છ નયોનો સમાવેશ આગમશાસ્ત્રમાં અને તર્કશાસ્ત્રમાં માન્ય કરેલ છે, તે નિર્દોષ જ છે. પૂર્વોક્ત(૨/૧૨) **સમ્મતિતર્ક**ગાથામાં શ્રી**સિદ્ધસેનદિવાકરજી**એ પણ જણાવેલ છે કે ‘તીર્થંકરના વચનોના વિષયભૂત સામાન્યપદાર્થના ફેલાવાની મૂળથી વ્યાખ્યાને કરનાર

---

1. तीर्थकरवचनसङ्ग्रह-विशेषप्रस्तारमूलव्याकरणी। द्रव्यार्थिकश्च पर्यवनयश्च शेषाः विकल्पाः तयोः।।

शेषनयानां द्रव्यार्थिक-पर्यायार्थिकविकल्परूपतया प्रतिपादनेन तयोः समवतारस्य युक्तत्वात्।

***एतेन*** नैगमादीनां सप्तानां सङ्ग्रहादीनां वा षण्णां नयानां निश्चयनय-व्यवहारनययोः ज्ञाननय-क्रियानययोश्च समवतारोऽपि ***व्याख्यातः***, स्थूलदृष्ट्या नैगमादीनां त्रयाणां व्यवहारनय-क्रियानययोः ऋजुसूत्रादीनां च निश्चयनय-ज्ञाननययोः समावेशसम्भवात्। इदमेवाभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [1]"एयाण समोयारो दव्वट्ठिय-पज्जवट्ठियदुगम्मि। सेसेसु य संभवओ ताणं च परोप्परं कज्जो।।" (वि.आ.भा. ३५८७) इति। अत्र "शेषेषु = निश्चयनय-व्यवहार-ज्ञान-क्रियादिनयेषु पूर्वोक्तेषु वा सप्तसु नयशतेषु" (वि.आ.भा.३५८७ मल.पृ.) इति **तद्वृत्तौ हेमचन्द्रसूरयः** प्राहुः। यथोक्तं **सूत्रकृताङ्गवृत्तौ शीलाङ्काचार्येण** अपि "ज्ञान-क्रियानययोः सर्वेऽपि एते स्वधिया समवतारणीयाः" (सू.कृ.२/७/८१ पृ.४२७) इति। 'एते = सप्त नयाः'। सप्तानां षण्णां वा नयानां द्रव्यार्थिक-पर्यायार्थिकनयाभ्यां सर्वथा विषयपार्थक्ये तेषां तयोरन्तर्भाव एव विशेषावश्यकभाष्यप्रभृतिप्रदर्शितोऽनुपपन्नः स्यात्।

---

દ્રવ્યાર્થિકનય છે. તથા તીર્થંકરના વચનોના વિષયભૂત વિશેષપદાર્થના વિસ્તારની મુખ્યતયા સૌપ્રથમ વ્યાખ્યાને કરનાર પર્યાયાર્થિકનય છે. બીજા નયો તે બન્નેના વિકલ્પ છે.' આ રીતે દિવાકરજીએ અન્ય નયોને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયના વિકલ્પરૂપે જણાવેલ હોવાના લીધે તે બન્નેમાં અન્ય નયોનો સમાવેશ થાય તે તર્કસંગત જ છે. તેથી નવવિધ મૂલનયવિભાગ વ્યાજબી નથી.

### ❀ જ્ઞાન-ક્રિયાનયમાં સાત નયનો સમવતાર ❀

(**एतेन.**) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયમાં સાત કે છ નયનો સમાવેશ આગમવિહિત હોવાની હમણાં જે વાત કરી તેનાથી અન્ય બે બાબત પણ સ્પષ્ટ થઈ જાય છે કે નિશ્ચયનયમાં અને વ્યવહારનયમાં તથા જ્ઞાનનયમાં અને ક્રિયાનયમાં પણ નૈગમાદિ સાત નયોનો કે સંગ્રહાદિ છ નયોનો સમાવેશ થઈ જ જાય છે. સ્થૂલ દૃષ્ટિથી કે સામાન્ય દૃષ્ટિથી વિચારીએ તો નૈગમાદિ ત્રણ નયોનો વ્યવહારનયમાં અને ક્રિયાનયમાં સમાવેશ સંભવે છે. તથા ઋજુસૂત્રાદિ ચાર નયોનો નિશ્ચનયમાં અને જ્ઞાનનયમાં સમાવેશ સંભવે છે. આ જ અભિપ્રાયથી શ્રી**જિનભદ્રગણી** ક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં જણાવેલ છે કે 'નૈગમાદિ સાત નયોનો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - આ બે નયમાં સમવતાર = સમાવેશ થાય છે. તથા શેષ = નિશ્ચય, વ્યવહાર, જ્ઞાનનય, ક્રિયાનય વગેરેમાં અથવા પૂર્વોક્ત ૭૦૦ નયોમાં પણ નૈગમાદિ નયોનો સમાવેશ થાય છે. તેમ જ નૈગમાદિનયોનો પણ યથાસંભવ પરસ્પર સમાવેશ કરવો.' શ્રી**શીલાંકાચાર્ય**જીએ પણ **સૂયગડાંગવ્યાખ્યા**માં જણાવેલ છે કે "જ્ઞાનનય અને ક્રિયાનય - આ બન્નેમાં પ્રસ્તુત નૈગમાદિ સાતેય નયોનો સમવતાર શાસ્ત્રપરિકર્મિત સ્વમતિથી કરવો." આ અંગે જો નૈગમાદિ સાત નયોનો કે સંગ્રહાદિ છ નયોનો વિષય દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના વિષય કરતાં સર્વથા ભિન્ન હોય તો સાત કે છ નયોનો તે બન્ને નયમાં સમાવેશ થવાની વાત **વિશેષાવશ્યકભાષ્ય** વગેરે ગ્રંથો દેખાડે છે તે જ અસંગત થઈ જાય. આમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનું નૈગમાદિ નયોથી સ્વતંત્ર અસ્તિત્વ તર્કશાસ્ત્ર અને આગમ દ્વારા બાધિત હોવાથી નવ પ્રકારે મૂલ નયનો વિભાગ દેખાડવો વ્યાજબી નથી - તેવું સિદ્ધ થાય છે.

---

1. एतेषां समवतारः द्रव्यार्थिक-पर्यवार्थिकद्विके । शेषेषु च सम्भवतः तेषां च परस्परं कार्यः ।।

वस्तुतः द्रव्यास्तिक-पर्यायास्तिकाऽतिरिक्तनयविधया नैगमाद्यस्तित्वं दिगम्बराणामप्यनभिमतम्, निर्विषयत्वात्। इदमेवाऽभिप्रेत्य दिगम्बर**वीरसेनाचार्येण कषायप्राभृतस्य जयधवलावृत्तौ** "उभयनयविषयीकृत-विधि-प्रतिषेधधर्मव्यतिरिक्तत्रिकालगोचरानन्तधर्माऽनुपलम्भात्, उपलम्भे वा द्रव्य-पर्यायार्थिकनयाभ्यां व्यतिरिक्तस्य तृतीयस्य नयस्याऽस्तित्वमासजेत्। न चैवम्, निर्विषयस्य तस्याऽस्तित्वविरोधाद्" (क.प्रा.भाग-१/गा.१४ ज.ध.पृ.१८५) इत्युक्तम्। ततश्च नवनयविभागाऽभ्युपगमे देवसेनस्य अपसिद्धान्तोऽपि दुर्वारः स्यात्।

**अकलङ्काचार्येणा**ऽपि **सिद्धिविनिश्चये** "तत्र मूलनयौ द्रव्य-पर्यायार्थगोचरौ" (सि.वि.१०/४/ भाग-२/ पृ.६६७) इत्युक्त्या नैगमादिसप्तनयप्रकृतिविधया द्रव्यार्थिक-पर्यायार्थिकयोः प्रदर्शनात् तद्विरोधोऽपि नवविधमूलनयप्रदर्शकस्य देवसेनस्य दुर्निवारः स्यादित्यवधेयम्।

**श्रीशीलाङ्काचार्येण** तु **सूत्रकृताङ्गसूत्रवृत्तौ** "साम्प्रतं नयाः। ते च नैगमादयः सप्त। नैगमस्य सामान्य

---

## ❖ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકથી નૈગમાદિ સ્વતંત્ર નથી ❖

(वस्तु.) વાસ્તવમાં તો દ્રવ્યાસ્તિકથી અને પર્યાયાસ્તિકથી અતિરિક્ત નયસ્વરૂપે નૈગમ વગેરેનું અસ્તિત્વ દિગંબરોને પણ માન્ય નથી. કારણ કે દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિકભિન્ન નયનો વિષય જ વિશ્વમાં ગેરહાજર છે. આ જ અભિપ્રાયથી દિગંબરાચાર્ય **વીરસેનજીએ કષાયપ્રાભૃતની જયધવલા** વ્યાખ્યામાં જણાવેલ છે કે "દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - આ બે નય દ્વારા વિષય તરીકે કરાયેલ વિધિરૂપ અને નિષેધરૂપ ગુણધર્મોને છોડીને તેનાથી ભિન્ન બીજા ત્રિકાલવર્તી અનન્ત ગુણધર્મો મળતા નથી. મતલબ કે વસ્તુમાં જેટલા પણ ગુણધર્મો મળે છે, તે કાં તો વિધિરૂપ છે કાં તો નિષેધાત્મક છે. વિધિ-પ્રતિષેધથી બહિર્ભૂત કોઈ પણ ગુણધર્મ ક્યાંય પણ નથી. વિધિસ્વરૂપ ગુણધર્મને દ્રવ્યાસ્તિકનય ગ્રહણ કરે છે. નિષેધાત્મક ગુણધર્મને પર્યાયાસ્તિકનય ગ્રહણ કરે છે. જો વિધિરૂપ તથા નિષેધરૂપ ગુણધર્મોથી ભિન્ન અન્યવિધ ગુણધર્મોની હાજરીને વસ્તુમાં માનવામાં આવે તો દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિકથી ભિન્ન ત્રીજા સ્વતંત્રનયનું પણ અસ્તિત્વ માનવું પડે. પરંતુ તેવું તો છે નહિ. કારણ કે વિષય વિના ત્રીજા સ્વતંત્ર નયનું અસ્તિત્વ માનવામાં વિરોધ આવે." તેથી દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક - આ બન્નેથી ભિન્નરૂપે નૈગમાદિ નયોનો મૂળનયવિભાગમાં ઉલ્લેખ કરવાથી **દેવસેનજી**ને અપસિદ્ધાન્ત દોષ દુર્વાર બનશે.

## ❀ દેવસેનમતમાં વિરોધાદિ દોષ ❀

(अक.) તે જ રીતે **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં **અકલંક** નામના દિગંબરાચાર્યએ પણ 'દ્રવ્યાર્થ-પર્યાયાર્થિકવિષયક બે મૂલનય છે' - આવું કહેવા દ્વારા નૈગમાદિ સાત નયોની પ્રકૃતિસ્વરૂપે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય જણાવેલ છે. તેથી નવ મૂલનયવાદી **દેવસેનજી**ને અકલંકાચાર્ય સાથે પણ વિરોધ તથા અપસિદ્ધાન્ત દોષ દુર્વાર બનશે.

## ❀ સાત નયોનો સમવતાર : શીલાંકાચાર્ય ❀

(श्रीशीला.) **શ્રીશીલાંકાચાર્યે** તો **સૂયગડાંગસૂત્રવૃત્તિ**માં નૈગમ વગેરે નયોનો સૌથી છેલ્લે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયમાં સમવતાર કરેલો છે. ત્યાં તેઓશ્રીએ જણાવેલ છે કે 'હવે નયોનો અવસર

-विशेषात्मकतया सङ्ग्रह-व्यवहारप्रवेशात् सङ्ग्रहादयः षट्। समभिरूढेत्थम्भूतयोः शब्दनयप्रवेशात् नैगम -सङ्ग्रह-व्यवहारर्जुसूत्र-शब्दाः पञ्च। नैगमस्याऽपि अन्तर्भावात् चत्वारः। व्यवहारस्याऽपि सामान्य-विशेषरूपतया सामान्य-विशेषात्मनोः सङ्ग्रहर्जुसूत्रयोः अन्तर्भावात् सङ्ग्रहर्जुसूत्र-शब्दाः त्रयः। ते (?तेषां) च द्रव्यास्तिक -पर्यायास्तिकाऽन्तर्भावाद् द्रव्यास्तिक-पर्यायस्तिकाभिधानौ द्वौ नयौ" (सू.कृ.१/१६/४/पृ.२६६) इत्येवं नैगमादीनाम् अन्ततो गत्वा द्रव्यार्थिक-पर्यायार्थिकयोः समवतारोऽकारीति न विस्मर्तव्यमत्र।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – 'सङ्ग्रहादितः नैगमस्य क्वचिदभिप्रायभेदात् पार्थक्यमर्हति, न तु द्रव्यार्थिक-पर्यायार्थिकयोः' इति ग्रन्थकृदुक्तितात्पर्यतोऽयमाध्यात्मिकोपदेशो ग्राह्यो यदुत (१) स्वमतिकल्पनया आगमनैरपेक्ष्येण नैव जातु तत्त्वं प्रतिपादनीयम्। (२) परेण आगमबाह्यतत्त्वे दर्शिते सति तस्मै अप्रकुप्य, आगमरीत्या परः प्रतिबोध्यः, येन अन्येषां तत्त्वव्यामोहो न स्यात्। (३) परप्रतिबोधे स्वात्मोत्कर्षो नैव विधेयः। (४) तदप्रतिबोधे मध्यस्थतया भाव्यम्। किन्तु (५)

---

છે (૧) તે નયો નૈગમ વગેરે સાત છે. (૨) તેમાં નૈગમ સામાન્ય-વિશેષાત્મક હોવાથી સંગ્રહ અને વ્યવહાર નયમાં સમાઈ જાય છે. તેથી સંગ્રહ વગેરે છ નયો થાય છે. (૩) સમભિરૂઢ અને ઈત્થંભૂત (એવંભૂત) નયનો શબ્દનયમાં સમાવેશ થવાથી નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ - આ પાંચ નયો થાય છે. (૪) નૈગમનયનો પણ સંગ્રહ-વ્યવહારમાં અંતર્ભાવ કરવાથી ચાર નયો થશે. (૫) વ્યવહારનય પણ સામાન્ય-વિશેષાત્મક હોવાથી સામાન્યવ્યવહારનો સામાન્યાત્મક સંગ્રહનયમાં સમાવેશ થવાથી તથા વિશેષાત્મકવ્યવહારનો વિશેષાત્મક ઋજુસૂત્રમાં સમાવેશ થવાથી સંગ્રહ, ઋજુસૂત્ર અને શબ્દ - આમ ત્રણ નયો થશે. (૬) તે ત્રણ નયનો દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નયમાં અંતર્ભાવ થવાથી દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નામના બે જ નયો રહેશે.' આ રીતે છેવટે નૈગમાદિનો દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકમાં તેમણે સમવતાર કર્યો છે. આ વાત અહીં ભૂલવા જેવી નથી.

### નિજઅકલ્યાણ કરીને પરકલ્યાણ કર્તવ્ય નથી

**આધ્યાત્મિક ઉપનય** :- 'સંગ્રહાદિ કરતાં નૈગમનો વિષય ક્યાંક જુદો હોવાથી તેને સંગ્રહાદિ કરતાં જુદો બતાવવો વ્યાજબી છે પણ નૈગમાદિ સાત નય કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો વિષય જુદો ન હોવાથી તે બન્નેને અલગ દર્શાવી નવવિધ નયવિભાગ દર્શાવવો વ્યાજબી નથી' - આ પ્રમાણે ગ્રંથકારશ્રીનું તાત્પર્ય એવો આધ્યાત્મિક બોધ આપે છે કે :-

(૧) પોતાની મતિકલ્પનાથી આગમનિરપેક્ષ રીતે તત્ત્વની પ્રરૂપણા આપણે કરવી ન જોઈએ.

(૨) કોઈ આગમબાહ્ય પ્રરૂપણા કરે તો, તેના પ્રત્યે દ્વેષભાવ રાખ્યા વિના, આગમના આધારે તે વ્યક્તિને પ્રેમથી સમજાવવાનો આપણે પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ, જેથી બીજા લોકોને વ્યામોહ ન થાય.

(૩) સામેની વ્યક્તિને સમજાવવામાં સફળતા મળી જાય તો અભિમાનથી છકી જવું ન જોઈએ.

(૪) તે ન સમજે તો "માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચિંધવા ઉભો રહું, કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરું" - આવી મધ્યસ્થ ભાવનામાં આપણે સ્થિર થવું.

तस्मै नैव द्वेषादिकं कार्यम्, स्वाऽकल्याणतः परप्रतिबोधे व्ययाधिक्यापत्तेः।

तादृशजागृतितः [1]"ण य सव्वण्णू वि इमं उवमाऽभावा चएति परिकहिउं। ण य तिहुयणे वि सरिसं सिद्धसुहस्साऽवरं अत्थि।।" (ध.स.१३८६) इति **धर्मसङ्ग्रहण्यां श्रीहरिभद्रसूरिभिः** दर्शितं सिद्धसुखं समीपतरवर्ति स्यादित्यवधेयम्।।८/१५।।

---

(૫) પરંતુ તેના પ્રત્યે ધિક્કાર-તિરસ્કારભાવ આપણામાં પ્રગટવો ન જોઈએ. સ્વનું બગાડીને બીજાને સુધારવા જવામાં લાભ કરતાં નુકસાન વધુ છે. આ જાગૃતિ આત્માર્થીએ ખાસ રાખવી.

### ❀ સિદ્ધસુખનો મહિમા પ્રગટાવીએ ❀

(तादृ.) તેવી જાગૃતિના લીધે **ધર્મસંગ્રહણિ**માં વર્ણવેલ નિરુપમ સિદ્ધસુખ અત્યંત નજીક આવે. ત્યાં **શ્રીહરિભદ્રસૂરિજી**એ દર્શાવેલ છે કે 'ખરેખર ત્રણેય ભુવનમાં સિદ્ધસુખ સમાન બીજી કોઈ ચીજ નથી. આમ યોગ્ય ઉપમા ન હોવાથી સર્વજ્ઞ પણ સિદ્ધસુખને પૂરેપૂરું કહેવાને સમર્થ નથી.' (૮/૧૫)

**લખી રાખો ડાયરીમાં.....**

- **ભીંજાવાના, પલળવાના, પીગળવાના સંયોગોમાં પણ કોરાધાકોર રહેવાની પ્રકૃતિ વાસનાને વરી છે. પરમાત્માની ભક્તિમાં ભીંજાવાની, પલળવાની, પીગળવાની પ્રકૃતિને ઉપાસનાએ આત્મસાત્ કરી છે.**
- **વાસના બ્રહ્મને પણ શબ્દમાં ફેરવવા પ્રયત્ન કરે છે. ઉપાસનાના કારણે જ શબ્દ બ્રહ્મ થઈ શકે છે.**
- **બુદ્ધિ પરમાત્મામાં પણ દોષના દર્શન કરે છે. શ્રદ્ધા છદ્મસ્થ ગુરુમાં પણ પરમાત્માના દર્શન કરે છે.**
- **સાધના પ્રાયઃ પરપ્રતિબોધ અને જગતસુધારણાને અભિમુખ છે. ઉપાસના તો સ્વપ્રતિબોધ અને જાતસુધારણાને સન્મુખ છે.**
- **વિભિન્ન સમય અને સ્થળે સાધના બદલાય છે. ઉપાસના સર્વત્ર એક સ્વરૂપ રહે છે.**

---

1. न च सर्वज्ञोऽपि इदम् उपमाऽभावात् शक्नोति परिकथयितुम्। न च त्रिभुवनेऽपि सदृशं सिद्धसुखेनाऽपरम् अस्ति।।

**ઈમ કરતાં એ પામીઇ રે, સર્વ વિભક્ત[§] વિભાગ;**
**જીવાદિક પરિ કો નહીં રે, ઈહાં પ્રયોજન લાગ રે ॥૮/૧૬॥ (૧૨૪) પ્રાણી.**

**ઈમ કરતાં** = *કહતાં ઈમ કરતા થકાં* ૯[□] નય દેખાડતાં, ***પામીઈ** છઈ (**સર્વ**) સઘલા* **વિભક્ત**નો **વિભાગ** થાઈ = વહિંચ્યાનું વહિંચવું થાઈ, *પિણ **જીવાજીવાદિકની પરે** (**ઈહાં**) કોઈ વિભાગ (**પ્રયોજન**

---

नवविधनयनिरूपणे अन्यं दोषमाचष्टे – '**विभक्तयो**'रिति।

**विभक्तयोः विभागः स्याद् नवनयोपदर्शने।**
**नाऽत्र प्रयोजनं किञ्चिज्जीवादिकविभक्तिवत्।।८/१६।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – नवनयोपदर्शने विभक्तयोः विभागः स्यात्। जीवादिकविभक्तिवद् अत्र किञ्चित् प्रयोजनं न (ज्ञायते)।।८/१६।।

**नवनयोपदर्शने** = द्रव्यार्थिकादिनवविधमूलनयनिरूपणे सति प्रसिद्धजीवाऽजीवविभाग इव न कश्चिद् मूलनयविभागः स्यात् किन्तु **विभक्तयोः** = विभाज्यतावच्छेदकधर्मपुरस्कारेण विभागीकृतयोः एव **विभागः** = विभजनं **स्यात्**, न तु जीवादितत्त्वविभागवत् सप्रयोजनः स्यात्। इदमेवाऽभिप्रेत्य **अनेकान्तव्यवस्थाप्रकरणे** "एवं हि द्रव्यार्थिकत्व-पर्यायार्थिकत्वाभ्यां सामान्यतो नयविभागं कृत्वा सङ्ग्रहर्जु-सूत्रादीनां द्रव्यार्थिक-पर्यायार्थिकभेदानामेवाऽनुपदम् उपदर्शनेन विभक्तविभागः कृतः स्यात्, न तु एकविभागः,

---

**અવતરણિકા** :- દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો વિષય નૈગમાદિ નય કરતાં જુદો નથી - આવું બતાવ્યા બાદ ગ્રંથકારશ્રી દેવસેનજીને 'નવ પ્રકારના નયની પ્રરૂપણા કરવામાં અન્ય કયો દોષ આવે છે ?' તે હકીકત જણાવે છે :-

### ❖ દેવસેનમતમાં વિભક્તવિભાગ દોષ ❖

**શ્લોકાર્થ** :- નવ પ્રકારના મૂલ નયને જણાવવામાં તો વિભક્તનો વિભાગ થશે. જીવ વગેરે તત્ત્વના વિભાગની જેમ પ્રસ્તુતમાં કોઈ પણ આધ્યાત્મિક પ્રયોજન જણાતું નથી. (૮/૧૬)

**વ્યાખ્યાર્થ** :- જો દ્રવ્યાર્થિક વગેરે નવ પ્રકારના મૂલ નયોનું નિરૂપણ કરવામાં આવે તો પ્રસિદ્ધ જીવ-અજીવસંબંધી વિભાગની જેમ મૂલનયવિભાગ નહિ થાય. પરંતુ વિભક્ત એવા બે નયોનું = વિભાજ્યતાઅવચ્છેદક ધર્મને મુખ્ય કરીને વિભાગ પાડેલા એવા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકસ્વરૂપ બે નયોનું જ વિભજન થશે. પરંતુ જીવાદિતત્ત્વવિભાગની જેમ સપ્રયોજન વિભાગ નહિ થાય. આ જ આશયથી **મહોપાધ્યાયજી** મહારાજે **અનેકાંતવ્યવસ્થા** પ્રકરણમાં જણાવેલ છે કે "આ રીતે દ્રવ્યાર્થિકત્વ અને પર્યાયાર્થિકત્વ સ્વરૂપ બે વિભાજ્યતાઅવચ્છેદક ધર્મ દ્વારા સામાન્યથી 'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - એમ બે મૂળ નયો છે' આમ નયવિભાગને દેખાડીને સંગ્રહ વગેરે દ્રવ્યાર્થિકનયના જ ભેદને અને ઋજુસૂત્ર વગેરે પર્યાયાર્થિકનયના જ ભેદને તરત દેખાડવાથી વિભક્તનો = વિભાગીકૃત નયનો જ વિભાગ કર્યો

---

§ લી.(૧+૩)માં 'વિભક્તિ' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. પુસ્તકાદિમાં નથી.
□ લી.(૪)માં 'બિ' અશુદ્ધ પાઠ.

લાગ = લાગે) **નહિ.*** તિવારઈ- "**जीवा द्विधा – संसारिणः सिद्धाः (च), संसारिणः पृथिवीकायिकादिषड्भेदाः,**

सङ्ग्रहर्जुसूत्राद्यन्तर्भावशीलयोः द्रव्यार्थिक-पर्यायार्थिकयोः पृथग्विभागस्य कर्तुमशक्यत्वाद्, अन्यथा अर्पिता-ऽनर्पितभेदद्वयाऽऽधिक्येन एकादशधाऽपि किं न नयविभागो देवानांप्रियस्य अभिमतः स्याद् ?" (अ.व्य. भाग-२, पृ.१३५) इत्याद्युक्तम्।

वस्तुतः [1]"संसारत्था य सिद्धा य दुविहा जीवा विआहिआ" (उत्त.३६/४८) इति **उत्तराध्ययनसूत्र**वचनात्,

ગણાશે. પરંતુ એક વિભાગ - અખંડ વિભાગ કર્યો નહિ ગણાય. કારણ કે દ્રવ્યાર્થિકનયનો સંગ્રહ વગેરે નયમાં અંતર્ભાવ થવાનો સ્વભાવ છે તથા પર્યાયાર્થિકનયનો ઋજુસૂત્રનય વગેરેમાં અંતર્ભાવ પામવાનો સ્વભાવ છે. તેથી તે બન્ને નયને સંગ્રહ વગેરે નયથી અલગ બતાવીને વિભાગ કરવો શક્ય નથી. બાકી તો અર્પિત અને અનર્પિત - આમ બે નયને ઉમેરીને નવના બદલે અગિયાર નયનો વિભાગ પણ શા માટે દેવાનાંપ્રિય (=મૂર્ખ) દેવસેનજીને અભિમત ન બને?"

## ✠ નવનય વિભાગમાં દોષની સ્પષ્ટતા ✠

**સ્પષ્ટતા** :- વિભાજ્યતાઅવચ્છેદક ધર્મ તેને કહેવાય કે જે વિભજનીય = વિભાજ્ય (= વિભાગ કરવા યોગ્ય) વસ્તુમાં રહે તથા જે ઉદ્દેશ્યતાઅવચ્છેદકનો વ્યાપ્ય હોય, તેમ જ પરસ્પર વિરુદ્ધ = પરસ્પર અસમાનાધિકરણ (= એકત્ર અવૃત્તિ) હોય. દા.ત. પ્રસ્તુતમાં નયનો વિભાગ કરવો અભિપ્રેત છે. તેથી નયને ઉદ્દેશીને વિભાગનું વિધાન અહીં કરવામાં આવે છે. નયત્વ એ ઉદ્દેશ્યતાઅવચ્છેદક બનશે. તથા દ્રવ્યાર્થિકત્વ અને પર્યાયાર્થિકત્વ આ બે ગુણધર્મો વિભાજ્યતાઅવચ્છેદક બનશે. કારણ કે તે બન્ને ધર્મો વિભાજ્યમાં = નયમાં રહે છે, નયત્વના વ્યાપ્ય = ન્યૂનવૃત્તિ છે તથા પરસ્પરવ્યધિકરણ = પરસ્પર અસમાનાધિકરણ છે. આનો અર્થ એ થયો કે નયના બે ભેદ છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. હવે જો નયના નવ ભેદ દર્શાવવામાં આવે તો નૈગમત્વ, સંગ્રહત્વ અને વ્યવહારત્વ - આ ત્રણ ધર્મો દ્રવ્યાર્થિકત્વના સમાનાધિકરણ બનવાથી વિભાજ્યતાઅવચ્છેદક બની નહિ શકે. તેમ જ ઋજુસૂત્રત્વ, શબ્દત્વ વગેરે ધર્મો પર્યાયાર્થિકત્વના સમાનાધિકરણ બનવાથી વિભાજ્યતાઅવચ્છેદક બની નહિ શકે. નૈગમત્વ, સંગ્રહત્વ વગેરે ગુણધર્મો નયત્વના સાક્ષાત્ વ્યાપ્ય નથી. પરંતુ દ્રવ્યાર્થિકત્વના તે વ્યાપ્ય છે. તથા ઋજુસૂત્રત્વ, શબ્દત્વ વગેરે ધર્મો પણ નયત્વના સાક્ષાત્ વ્યાપ્ય નથી. પરંતુ પર્યાયાર્થિકત્વના તે વ્યાપ્ય (= ન્યૂનવૃત્તિ સમાનાધિકરણ ધર્મ) છે. આમ દ્રવ્યાર્થિકત્વ, પર્યાયાર્થિકત્વ, નૈગમત્વ વગેરે નવ ધર્મો પરસ્પર સમાનાધિકરણ બનવાથી વિભાજ્યતાઅવચ્છેદક નહિ બની શકે. નયત્વવ્યાપ્ય દ્રવ્યાર્થિકત્વ વગેરેના વ્યાપ્ય નૈગમત્વાદિ ધર્મો બનવાથી નવ નયોનું પ્રદર્શન વિભાગીકૃત નયનો વિભાગ બનશે, મૂલનયનો વિભાગ નહિ બને. તેથી 'મૂલનયો નવ નહિ પણ સાત છે' - તેમ નયવિભાગ દર્શાવવો વધુ ઉચિત છે.

## ❋ વિભાગ પ્રક્રિયા પ્રદર્શન ❋

(**વસ્તુતઃ**) વાસ્તવમાં તો 'જીવો બે પ્રકારના કહેવાયેલા છે (૧) સંસારી અને સિદ્ધ' - આ પ્રમાણે **ઉત્તરાધ્યયનસૂત્ર**ના વચનને અનુસરીને તથા 'સંસારમાં આવેલ જીવો બે પ્રકારના કહેવાયેલા છે. તે આ

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત કો.(૧૩)માં છે. પુસ્તકાદિમાં નથી.

1. संसारस्थाः च सिद्धाः च द्विविधाः जीवाः व्याख्याताः।

**सिद्धाः पञ्चदशभेदाः।''** એ રીતિં □**''नयो द्विधा, द्रव्यार्थिकः पर्यायार्थिकश्च**♦ **। द्रव्यार्थिकस्त्रिधा नैगमादिभेदात्। ऋजुसूत्रादिभेदात् चतुर्धा पर्यायास्तिकः।''** ઇમ કહિઉં જોઇઈ.

[1]"दुविहा संसारसमावन्नगा जीवा पन्नत्ता, तं जहा – तसा चेव थावरा चेव" (स्था.२/४/१०१) इति **स्थानाङ्गसूत्र**वचनाच्च यथा जीवाः द्विविधाः – संसारिणः सिद्धाश्च। तत्र संसारिणः त्रस-स्थावरभेदेन द्विविधाः पृथिवीकायिकादिषड्भेदाः वा, सिद्धाश्च पञ्चदशभेदाः इत्येवं मूलतो द्वौ जीवभेदौ प्रदर्श्य तत्र द्वौ षड् वा पञ्चदश च भेदा यथाक्रमं निरूप्यन्ते तथा नयो द्विधा द्रव्यार्थिक-पर्यायार्थिकभेदात्। तत्र द्रव्यार्थिकः त्रिधा नैगमादिभेदात् पर्यायार्थिकश्च चतुर्धा ऋजुसूत्रादिभेदादित्येवं मूलतो द्वौ नयभेदौ प्रदर्श्य तत्र त्रयः चत्वारश्च भेदा यथाक्रमं वाक्यद्वयेन निरूपणीयाः स्युः; न तु 'नव मूलनया' इति। ऋजुगत्या सिध्यतोऽर्थस्य वक्रेण साधनाऽयोगादिति न्यायोऽत्र लब्धावसरः।

**षट्खण्डागमवृत्तौ धवलायां कषायप्राभृतवृत्तौ** च **जयधवलायां दिगम्बरवीरसेनाचार्येण**ाऽपि "प्रमाण-परिगृहीताऽर्थैकदेशे वस्त्वध्यवसायो नयः। स द्विविधः - (१) द्रव्यार्थिकः (२) पर्यायार्थिकश्च।.... द्रव्यार्थिकः त्रिविधः - (१) नैगमः, (२) सङ्ग्रहः, (३) व्यवहारश्च।... पर्यायार्थिको द्विविधः – (१) अर्थनयः, (२) व्यञ्जननयश्च। ... तत्र अर्थनयः ऋजुसूत्रः।.... व्यञ्जननयः त्रिविधः – (१) शब्दः, (२) समभिरूढः, (३)

રીતે - (૧) ત્રસ અને (૨) સ્થાવર' - આ પ્રમાણે **સ્થાનાંગસૂત્ર**ના વચનને અનુસરીને 'જીવો બે પ્રકારના છે. સંસારી અને સિદ્ધ. તેમાંથી સંસારી જીવના ત્રસ અને સ્થાવર - એમ બે ભેદ અથવા પૃથ્વીકાય વગેરે છ ભેદો છે તથા સિદ્ધના પંદર ભેદો છે' - આ પ્રમાણે સૌપ્રથમ જીવના બે ભેદ દેખાડીને સંસારીના બે કે છ અને સિદ્ધના પંદર - આ મુજબ યથાક્રમ તેના ભેદો જેમ દર્શાવવામાં આવે છે તેમ 'નયના બે ભેદ છે - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. તેમાં દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદ છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર. તથા પર્યાયાર્થિકનયના ચાર ભેદ છે. ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત' - આ પ્રમાણે સૌપ્રથમ એક વાક્ય દ્વારા નયના બે ભેદ દેખાડીને બીજા વાક્ય દ્વારા તેમાં ક્રમશઃ ત્રણ અને ચાર ભેદનું નિરૂપણ કરવું જોઈએ. પણ મૂલથી 'નય નવ પ્રકારના છે' - આવું નિરૂપણ કરવું વ્યાજબી નથી. 'સરળ પદ્ધતિથી જે વસ્તુ સિદ્ધ થાય તેની વક્ર માર્ગથી સિદ્ધિ કરવી એ યોગ્ય નથી.' આ ન્યાય અહીં અવસરપ્રાપ્ત છે.

## ❋ દેવસેનજીને ધવલા-જયધવલા સાથે વિરોધ ❋

**(षट्.)** દિગંબરાચાર્ય **વીરસેને** પણ **ષટ્ખંડાગમ**ની **ધવલા**વ્યાખ્યામાં તથા **કષાયપ્રાભૃત**ની **જયધવલા**વ્યાખ્યામાં નવવિધ નયવિભાગ નથી જણાવ્યો. પણ મૂળથી બે નય જણાવી તેના અવાન્તરનયસ્વરૂપે નૈગમાદિને જણાવેલ છે. તે આ રીતે - "પ્રમાણ દ્વારા નિશ્ચિત થયેલ પદાર્થના એક અંશમાં વસ્તુ તરીકેનો નિશ્ચય નય કહેવાય છે. તેના બે ભેદ છે - (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક... દ્રવ્યાર્થિકના ત્રણ ભેદ છે. (૧) નૈગમ, (૨) સંગ્રહ અને (૩) વ્યવહાર... પર્યાયાર્થિકના બે ભેદ છે. (૧) અર્થનય અને (૨) વ્યંજનનય... તેમાં અર્થનય ઋજુસૂત્ર છે. વ્યંજનનય ત્રણ પ્રકારે છે. (૧) શબ્દ, (૨)

□ કો.(૧૨+૧૩)માં 'રીતે **नया**' પાઠ. ♦ પુસ્તકોમાં '.....**र्थिकभेदात्**' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

1. द्विविधाः संसारसमापन्नकाः जीवाः प्रज्ञप्ताः, तद् यथा - त्रसाश्चैव स्थावराश्चैव।

પણિ "**नव नयाः**" - ઇમ એકવાક્યતાઈં વિભાગ કીધો, તે સર્વથા મિથ્યા જાણવો. નહીં તો "**जीवाः, संसारिणः, सिद्धाः**" - ઈત્યાદિ વિભાગવાક્ય પણિ થાવા પામઈં.

एवम्भूतः" (ध.पुस्तक-१/१-१-१ पृ.८३-८६, ज.ध.पेज्जदोसविहत्ती-पुस्तक-१/गा.१४/पृ.२००-२०२) इत्येवमेव नयविभाग उपदर्शितः, न तु नवधा इति देवसेनस्याऽपसिद्धान्तोऽपि दुर्वार एवेत्यवधेयम्।

***एतेन*** "द्रव्यार्थिक-पर्यायार्थिकप्रविभागवशान्नैगमादयः। शब्दार्थनया बहुविकल्पा मूलनयद्वयशुद्ध्यशुद्धिभ्याम्।।" (आ.मी.१०४ अ.श.) इति **अकलङ्कस्य अष्टशती**वचनमपि ***व्याख्यातम्।*** किन्तु 'नव नया' इत्येवमेकवाक्यतया देवसेनेन यो नयविभागः कृतः स तु सर्वथा मिथ्या ज्ञेयः, अन्यथा 'जीवाः त्रयोविंशतिभेदाः, तथाहि – संसारी, सिद्धः, पृथिवीकायिकादिषट्कः जिनाऽजिनादिसिद्धाश्च पञ्चदश'

સમભિરૂઢ અને (૩) એવંભૂત." આ રીતે મૂળથી નવ નય વીરસેનાચાર્યને પણ માન્ય નથી. તેથી **દેવસેન**જીને ધવલા-જયધવલા વ્યાખ્યાની સાથે વિરોધ દુર્વાર થશે.

**વીરસેનાચાર્યસંમત નયવિભાગ**




*** શુદ્ધિ-અશુદ્ધિ દ્વારા નયબાહુલ્ય ***

(एतेन.) **સમન્તભદ્રાચાર્ય**કૃત **આપ્તમીમાંસા** ગ્રંથ ઉપર **અષ્ટશતી** નામનો ભાષ્યગ્રંથ દિગંબર **અકલંકાચાર્યજી**એ બનાવેલ છે. તેમાં તેમણે જણાવેલ છે કે "દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો પ્રવિભાગ (= પ્રકૃષ્ટ વિભજન) કરવાથી નયના નૈગમ વગેરે અનેક વિકલ્પો = ભાંગાઓ = પ્રકારો પ્રાપ્ત થાય છે. તેમાં પણ શબ્દનય અને અર્થનય સ્વરૂપ જુદા પ્રકાર પડે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક સ્વરૂપ મૂલ નયની શુદ્ધિ અને અશુદ્ધિ દ્વારા આ અનેક પ્રકારો થાય છે." અમે ઉપર જે વાત જણાવી તેના દ્વારા **અકલંકાચાર્ય**ના પ્રસ્તુત વચનની પણ છણાવટ થઈ જાય છે. પરંતુ 'નયો નવ છે' - આ પ્રમાણે એક જ વાક્ય દ્વારા દેવસેનજીએ નયોનો જે વિભાગ કરેલો છે તે તો સર્વથા મિથ્યા જ જાણવો. જો મૂળ નય દ્વિવિધ, પ્રથમ ત્રિવિધ, દ્વિતીય ચતુર્વિધ - આ પ્રમાણે બે વાક્ય દ્વારા નયનો વિભાગ બતાવવાના બદલે 'નયો નવ છે' - આ પ્રમાણે એક જ વાક્ય દ્વારા નયવિભાગપ્રદર્શન જો સમ્યક્ હોય તો 'જીવ દ્વિવિધ છે. સંસારી અને સિદ્ધ. તથા સંસારી દ્વિવિધ કે ષડ્વિધ અને સિદ્ધ પંદર પ્રકારે' - આ પ્રમાણે બે વાક્ય દ્વારા જીવવિભાગને બતાવવાના બદલે એક જ વાક્ય દ્વારા 'જીવો ૨૩ પ્રકારના છે. (૧) સંસારી, (૨) સિદ્ધ, (૩ થી ૮) પૃથ્વીકાયાદિ છ, (૯ થી ૨૩) જિન-અજિન આદિ પંદર સિદ્ધ'-

હિવઈં કોઇ કહસ્યઇ જે "**जीवाजीवौ तत्त्वम्** - ઈમ કહતાં અનેરાં તત્ત્વ આવ્યાં. તો પણિ ૭ તત્ત્વ, ૯ ⁸તત્ત્વ ✡જિમ કહિઈં છઈં, તિમ '**द्रव्यार्थिक-पर्यायार्थिकौ नयौ**' ઈમ કહતાં અનેરા નય આવઈં છઈં, તોહિં અમ્હે સ્વપ્રક્રિયાઈં નવ નય કહિસ્યું."

इत्यपि विभागवाक्यं प्रमाणं स्यात्। यद्वा 'जीवाः संसारिणः सिद्धाः' इति त्रिधा विभागः प्रसज्येत। न चैवं भवति। तस्माद् नयत्वसाक्षाद्व्याप्यौ तु द्वौ धर्मौ, नयत्वव्याप्यव्याप्याः तु त्रयः चत्वारश्च धर्मा इत्येवाभ्युपगमः श्रेयान्।

***ननु*** निरुक्तरीत्या 'जीवाऽजीवौ तत्त्वमि'त्युक्तौ आश्रवादीनि अवान्तरतत्त्वान्येवेति न्यायप्राप्तं तथापि "जीवाऽजीवाऽऽस्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम्" (त.सू.१/४) इत्येवम् **उमास्वाति**वाचकैः **तत्त्वार्थसूत्रे** मूलतत्त्वानि एव सप्तेति दर्शितम्। तद्वदेव 'द्रव्यार्थिक-पर्यायार्थिकौ नयौ' इत्युक्तौ नैगमादयोऽवान्तरनया एवेति न्यायप्राप्तं तथापि वयं दिगम्बराः स्वप्रक्रियया 'नव मूलनयाः' इति वक्ष्याम इति ***चेत्*** ?

***मैवम्***, **प्रज्ञापनासूत्रे** [1]"पन्नवणा दुविहा पन्नत्ता। तं जहा – (१) जीवपन्नवणा य (२) अजीवपन्नवणा

આ પ્રમાણે જીવવિભાગ દર્શાવવામાં આવે તો તે વાક્યને પણ પ્રમાણભૂત માનવું પડશે. અથવા 'જીવ, સંસારી, સિદ્ધ' - આ ત્રિવિધ વિભાગને પણ પ્રામાણિક માનવો પડશે. પરંતુ તેવું તો શાસ્ત્રકારોને માન્ય નથી. તેથી નયત્વના સાક્ષાદ્ વ્યાપ્ય બે ધર્મ દ્રવ્યાર્થિકત્વ અને પર્યાયાર્થિકત્વ. તથા નયત્વવ્યાપ્ય તે બે ગુણધર્મના વ્યાપ્ય નૈગમત્વાદિ ત્રણ ધર્મો અને ઋજુસૂત્રત્વાદિ ચાર ધર્મો - આ પ્રમાણે સ્વીકાર કરવો તે જ શ્રેયસ્કર છે. તેથી 'મૂલનય દ્વિવિધ - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. દ્રવ્યાર્થિક ત્રિવિધ નૈગમાદિ. પર્યાયાર્થિક ચતુર્વિધ ઋજુસૂત્રાદિ' - આ મુજબ નયવિભાગવાક્ય વધુ વ્યાજબી છે.

### ❁ નવનયસમર્થન : પૂર્વપક્ષ ❁

**દિગંબર** :- (**ननु.**) તમે નયવિભાગવાક્યનો 'બે મૂલનય દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય' - આમ નિર્દેશ કરીને 'નૈગમાદિ ત્રણ દ્રવ્યાર્થિકનય અને ઋજુસૂત્રાદિ ચાર પર્યાયાર્થિકનય' - આ રીતે અવાન્તર નયવિભાજન કરો છો તો તે જ પદ્ધતિએ તત્ત્વવિભાગવાક્યનો 'જીવ અને અજીવ મૂલતત્ત્વ' - આવો નિર્દેશ કરીને 'તેના અવાન્તર ભેદ આશ્રવ, સંવર વગેરે' - આ પ્રમાણે નિર્દેશ કરવો ન્યાયસંગત = યુક્તિસંગત બનવો જોઈએ. તેમ છતાં વાચકવર્ય **ઉમાસ્વાતિજી** મહારાજે તે પ્રમાણે મૂલ તત્ત્વનો અને અવાન્તર તત્ત્વનો નિર્દેશ કર્યો નથી. પરંતુ 'જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ - આ તત્ત્વ છે' - આ પ્રમાણે **તત્ત્વાર્થસૂત્ર**માં તેઓશ્રીએ મૂલ તત્ત્વ જ સાત દર્શાવ્યા છે. તે જ રીતે જો અમે દિગંબરો 'મૂલનય બે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક' - આવું કહીએ તો નૈગમ વગેરે સાત નયો મૂલનયના અવાન્તર ભેદસ્વરૂપ જ બને - આ વાત ન્યાયસંગત છે. તેમ છતાં ઉમાસ્વાતિજી મહારાજની જેમ અમે દિગંબર પ્રક્રિયાથી 'નવ મૂળનયો છે' - એવું કહીશું. આવું કહેવામાં શું વાંધો?

### ❁ નવનયનિરાકરણ : ઉત્તરપક્ષ ❁

**શ્વેતાંબર** :- (**मैव.**) આ વાત વ્યાજબી નથી. કારણ કે **પ્રજ્ઞાપનાસૂત્ર**માં 'પ્રજ્ઞાપના (= તત્ત્વપ્રરૂપણા)

⁸ શાં.માં 'ફક્ત સાત તત્ત્વ' પાઠ. ✡ 'જિમ' પદ પુસ્તકોમાં નથી. કો.(૭+૯+૧૨+૧૩) + સિ. + આ.(૧)માં છે.

1. प्रज्ञापना द्विविधा प्रज्ञप्ता। तद् यथा - (१) जीवप्रज्ञापना च (२) अजीवप्रज्ञापना च।

તેહનઈં કહિઈં જે તિહાં પ્રયોજનભેદઈં ભિન્ન ભિન્ન તત્ત્વવ્યવહાર માત્ર સાધ્ય છઇ, તે તિમ જ સંભવઈ. ઈહાં ઈતરવ્યાવૃત્તિ સાધ્ય છઇ.

---

य" (प्र.सू.१/१) इत्युक्त्या 'जीवाऽजीवौ तत्त्वम्' इति दर्शितम्। **तत्त्वार्थसूत्रे** च "जीवाऽजीवाऽऽश्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम्" (त.सू.१/४) इत्युक्त्या सप्त तत्त्वानि इति, अन्यत्र च 'जीवाऽजीव-पुण्य-पापाऽऽश्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षास्तत्त्वम्' इत्येवं नव तत्त्वानीति प्रयोजनभेदेन यानि विभिन्नानि तत्त्वानि मोक्षौपयिकनानातत्त्वव्यवहारमात्रसाधकत्वेन विभक्तानि तानि च तथैव सम्भवन्ति।

इह च अनतिसङ्क्षिप्ताऽनतिविस्तरविवक्षया नयनिष्ठविभाज्यताऽवच्छेदकव्याप्य-मिथोऽसमानाधिकरण-यावद्धर्मपुरस्कारेण नयप्रतिपादनं हि नयविभागो बोध्यः। प्रक्रान्तो मूलनयविभागो विवक्षित-विभाज्यतावच्छेदकव्याप्यधर्माश्रये विभाज्यतावच्छेदकव्याप्यधर्मान्तराश्रयप्रतियोगिकभेदसाधकः। तथा

---

બે પ્રકારે કહેવાયેલ છે. તે આ રીતે - (૧) જીવપ્રજ્ઞાપના અને (૨) અજીવપ્રજ્ઞાપના' - આવું કહીને (૧) 'જીવ અને અજીવ - બે પ્રકારના તત્ત્વ છે' આમ નિરૂપણ કરેલ છે. **તત્ત્વાર્થસૂત્ર**માં (૨) 'જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ - આ તત્ત્વ છે' - આમ સપ્તવિધ તત્ત્વનું નિરૂપણ છે. અન્ય ગ્રંથોમાં (૩) 'જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ - આ તત્ત્વ છે' - આ મુજબ નવવિધ તત્ત્વનું નિરૂપણ મળે છે. આમ જુદા-જુદા પ્રયોજનથી વિભિન્ન રીતે વિભાગ પાડેલ તત્ત્વો વ્યાજબી જ છે. કારણ કે મોક્ષના ઉપાયભૂત વિભિન્ન તત્ત્વ સંબંધી વ્યવહારમાત્રના સાધક સ્વરૂપે તેને ત્યાં દેખાડેલ છે. અલગ-અલગ તત્ત્વના ભેદોને દેખાડવા દ્વારા ત્યાં વિભિન્ન તત્ત્વવ્યવહાર એ સાધ્ય છે. તથા તે તત્ત્વો તે રીતે જ સંભવી શકે છે.

**સ્પષ્ટતા** :- મોક્ષમાં ઉપાયભૂત તત્ત્વવ્યવહાર માત્ર એ વિભિન્ન તત્ત્વવિભાગથી કઈ રીતે સાધ્ય છે ? આ વાત આ જ શ્લોકની વ્યાખ્યામાં આગળ બતાવવામાં આવશે.

### ❋ મૂળનયવિભજન પદ્ધતિને સમજીએ ❋

(इह च.) તથા અહીં મૂલનયનો જે વિભાગ પ્રસ્તુત છે, તે અત્યંત સંક્ષેપથી કે અત્યંત વિસ્તારથી નહિ પણ મધ્યમવિવક્ષાથી અભિપ્રેત છે. અહીં નય વિભાજ્ય છે. નયમાં વિભાજ્યતા છે. નયગત વિભાજ્યતાનું અવચ્છેદક નયત્વ છે. તાદૃશ નયત્વના વ્યાપ્ય હોય અને પરસ્પર અસમાનાધિકરણ હોય તેવા તમામ ગુણધર્મોને આગળ કરીને નયોનું પ્રતિપાદન કરવું તે મધ્યમવિવક્ષાથી નયવિભાગ જાણવો. પ્રસ્તુત નયવિભાગ તો વિવક્ષિત વિભાજ્યતાઅવચ્છેદકના વ્યાપ્ય એવા ધર્મના આશ્રયમાં અન્ય વિભાજ્યતા-અવચ્છેદકવ્યાપ્ય એવા ગુણધર્મના આશ્રયના ભેદનો સાધક છે. મતલબ કે વિભાગ પાડેલા પ્રત્યેક નયમાં અન્યનયવ્યાવૃત્તિ જ મૂલનયવિભાગથી સાધ્ય છે. તેથી પ્રસ્તુતમાં મૂલનયવિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય એવા એક ધર્મનો આધાર અને મૂલનયવિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય એવા અન્ય ગુણધર્મનો આધાર ભિન્ન હોય તો જ તે તે ગુણધર્મોને મૂલનયવિભાજક માની શકાય. તથા તાદૃશ મૂલનયવિભાજક ગુણધર્મના જેટલા ભેદ હોય તેટલા જ મૂલનયના ભેદ સિદ્ધ થાય. તેથી પ્રસ્તુતમાં ફલિતાર્થ એવો પ્રાપ્ત થાય છે કે સર્વ નયોમાં અનુગત એવા નયત્વ નામના વિભાજ્યતાઅવચ્છેદકીભૂત ગુણધર્મના વ્યાપ્ય જેટલા ગુણધર્મો

च विभाज्यतावच्छेदकीभूतनयत्वव्याप्य-मिथोऽसमानाधिकरण-नैगमत्वाद्यवान्तरधर्मप्रकारकप्रमासाध्यो नयविभाग इति फलितम्। नयविभाजकधर्मविधया सम्मतानां विभाज्यतावच्छेदकव्याप्यधर्माणां मिथः समानाधिकरणत्वे तादृशविभागेन प्रतिनयम् इतरनयव्यावृत्तिः साधयितुमशक्या इति तन्निवेश आवश्यकः।

अत्र साधनकोटौ मिथोऽसमानाधिकरणत्वप्रवेशादेव नवनयविभागो व्यवच्छिन्नः, द्रव्यार्थिकत्वस्य नयत्वव्याप्यनैगमत्वादिसमानाधिकरणत्वात् पर्यायार्थिकत्वस्य च नयत्वव्याप्यैवम्भूतत्वादिसमानाधिकरणत्वात्।

---

પરસ્પર અસમાનાધિકરણ = વ્યધિકરણ હોય તેટલા જ ગુણધર્મો મૂળ નયના વિભાજક ગુણધર્મ બની શકે. જો નયવિભાજકધર્મ તરીકે સંમત એવા પ્રસ્તુત વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ગુણધર્મો પરસ્પર સમાનાધિકરણ હોય તો તેના દ્વારા કરાયેલ મૂલનયવિભાગ પ્રત્યેક નયમાં ઈતરનયવ્યાવૃત્તિનો સાધક ન જ બની શકે. તેથી વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ગુણધર્મો પરસ્પર અસમાનાધિકરણ હોવા જરૂરી છે. તથા પ્રસ્તુતમાં તેવા વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ગુણધર્મ તરીકે નૈગમત્વ વગેરે સાત ધર્મો જ પ્રાપ્ત થશે. કારણ કે જ્યાં નૈગમત્વ રહે છે ત્યાં સંગ્રહત્વાદિ છ ધર્મો નથી રહેતા તથા જ્યાં સંગ્રહત્વ રહે છે ત્યાં નૈગમત્વાદિ છ ધર્મો નથી રહેતા. આમ નયત્વવ્યાપ્ય નૈગમત્વાદિ સાત ગુણધર્મો પરસ્પર અસમાનાધિકરણ હોવાથી 'નયો સાત છે' - આ મૂલનયવિભાગવાક્ય પ્રમાણભૂત છે. કેમ કે નૈગમત્વાદિ સાત ગુણધર્મોમાં નયત્વવ્યાપ્યત્વની બુદ્ધિ તથા પરસ્પરવ્યધિકરણત્વની બુદ્ધિ સત્ય = પ્રમા છે. તાદૃશ નૈગમત્વાદિપ્રકારક પ્રમા બુદ્ધિથી સાધ્ય હોવાથી તે સપ્તવિધ મૂલનયવિભાગ વિશ્વસનીય છે.

## ❊ સપ્તનયવિભાગનું સમર્થન ❊

(अत्र.) પ્રસ્તુતમાં અન્યનયવ્યાવૃત્તિસાધક એવો નયવિભાગ સાધ્ય છે. તથા તાદૃશ પ્રમા બુદ્ધિ તેનું સાધન છે. સાધનકોટિમાં રહેલ બુદ્ધિના વિશેષણરૂપે નયત્વવ્યાપ્ય જે ગુણધર્મનો પ્રવેશ કરવામાં આવેલ છે, તેના વિશેષણ તરીકે 'પરસ્પર અસમાનાધિકરણત્વ' નો નિવેશ કરવાથી નવ પ્રકારના નયવિભાગની બાદબાકી થઈ જાય છે. કેમ કે દ્રવ્યાર્થિકત્વ અને પર્યાયાર્થિકત્વ નામના બે ગુણધર્મો નયત્વવ્યાપ્ય હોવા છતાં નૈગમત્વાદિ ગુણધર્મોના વ્યધિકરણ નથી. દ્રવ્યાર્થિકત્વ નામનો ગુણધર્મ પ્રસ્તુતમાં નૈગમત્વાદિ ધર્મને સમાનાધિકરણ છે. તથા પર્યાયાર્થિકત્વ નામનો ગુણધર્મ પ્રસ્તુતમાં એવંભૂતત્વ આદિ ધર્મને સમાનાધિકરણ છે. નૈગમત્વ આદિ ગુણધર્મના આશ્રયભૂત નૈગમ વગેરે નયોમાં દ્રવ્યાર્થિકત્વ રહે છે. તેથી દ્રવ્યાર્થિકત્વ એ વિવક્ષાવશ નયત્વવ્યાપ્ય એવા નૈગમત્વાદિને સમાનાધિકરણ છે. તે જ રીતે એવંભૂતત્વ આદિ ધર્મોના આશ્રયભૂત એવંભૂત વગેરે નયોમાં પર્યાયાર્થિકત્વ રહે છે. તેથી પર્યાયાર્થિકત્વ પણ નયત્વવ્યાપ્ય તરીકે વિવક્ષિત એવા એવંભૂતત્વાદિને સમાનાધિકરણ છે. આમ 'દ્રવ્યાર્થિકાદિ નવવિધ નય છે' - તેમ નહિ, પરંતુ 'નૈગમાદિ સપ્તવિધ નય છે' - આ મૂલનયવિભાગવાક્ય વધુ સંગત છે.

**શંકા** :- નયત્વવ્યાપ્ય ધર્મના વિશેષણ તરીકે 'પરસ્પરઅસમાનાધિકરણત્વ' નો પ્રવેશ કરવાની શી જરૂર છે ? વિભાજ્યતાઅવચ્છેદક ધર્મના ઘટક તરીકે પરસ્પરવ્યધિકરણત્વનો પ્રવેશ કરવામાં ન આવે તો નવ પ્રકારના મૂલ નયનો વિભાગ કરવામાં કોઈ દોષ નહિ આવે ને ? પછી તો સમાનાધિકરણ

તિહાં હેતુકોટિં અનપેક્ષિતભેદપ્રવેશઇં વૈયર્થ્ય દોષ હોઈ.

इतरव्यावृत्तिसाधकस्य मिथोऽसमानाधिकरणत्वस्य त्यागेन हेतुकोटौ द्रव्यार्थिकत्व-पर्यायार्थिकत्वप्रवेशे तु हेतोः व्यर्थविशेषणघटितत्वापत्तेः तादृशनवनयविभागप्रदर्शनवैयर्थ्यात्। इदमत्राकूतम् – नयविभागवाक्येन इतरनयव्यावृत्तिः प्रतिनयं साध्यते। इत्थमेव प्रतिनयं स्वातन्त्र्यं सिध्येत। ततश्च 'नैगमः स्वेतरभिन्नः सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्र-शब्द-समभिरूढैवम्भूताऽन्यतमनयविषयभिन्नविषयकत्वाद्' इति व्यतिरेक्यनुमानप्रयोगत एवेतरनयव्यवच्छेदोपपत्तौ हेतुकोटौ अनपेक्षितद्रव्यार्थिक-पर्यायार्थिकनयद्वयप्रवेशे वैयर्थ्येन व्याप्यत्वाऽसिद्धिः प्रसज्येत।

तथा च व्यर्थविशेषणघटितहेतुप्रयोगेन प्रकृते प्रतिवादिनोऽधिकोक्तिस्वरूपनिग्रहस्थानेन निगृही-

ધર્મની બાદબાકી કરવાનો કોઈ પ્રશ્ન જ નહિ રહે ને ?

### ❁ ....તો વિભાગવાક્ય નિરર્થક બને ❁

**સમાધાન** :- (इतर.) પરસ્પરસમાનાધિકરણ ધર્મની વિભાજ્યતાઅવચ્છેદક ધર્મમાંથી બાદબાકી કરનાર 'પરસ્પરઅસમાનાધિકરણત્વ' નામના વિશેષણને નયત્વવ્યાપ્ય વિભાજ્યતાઅવચ્છેદક ગુણધર્મમાંથી કાઢીને હેતુકોટિમાં દ્રવ્યાર્થિકત્વનો અને પર્યાયાર્થિકત્વનો પ્રવેશ કરવામાં આવે તો હેતુ વ્યર્થવિશેષણથી ઘટિત થવાની આપત્તિના લીધે તથાવિધ નવ નયનો વિભાગ દેખાડવો વ્યર્થ બની જશે. પ્રસ્તુતમાં આશય એ છે કે નયોનું વિભાજન કરનાર વાક્ય દ્વારા પ્રત્યેક નયમાં અન્ય નયોનો ભેદ સાધવામાં આવે છે. મતલબ કે નયવિભાગવાક્યથી દરેક નયની અન્ય નયોથી વ્યાવૃત્તિ = બાદબાકી = ભિન્નતા સિદ્ધ કરવી એ મુખ્ય પ્રયોજનરૂપે અભિપ્રેત છે. તો જ વિભક્ત પ્રત્યેક નયો સ્વતંત્રરૂપે સિદ્ધ થાય. તેથી આ પ્રયોજનની સિદ્ધિ માટે પ્રસ્તુતમાં 'નૈગમનય સ્વેતરનયથી ભિન્ન છે. કારણ કે તે સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આ છ નયમાંથી કોઈ પણ નયના વિષયથી ભિન્ન વિષયોનું અવગાહન કરનાર છે' - આવો વ્યતિરેકી અનુમાનપ્રયોગ કરવો જરૂરી બને છે. આવો અનુમાનપ્રયોગ કરવાથી જ સિદ્ધ થાય છે કે પદાર્થને જોવાની બાબતમાં નૈગમનયનો જે દૃષ્ટિકોણ છે તે સંગ્રહાદિ છ નયોના દ્રષ્ટિકોણથી અલગ છે. આ રીતે જુદા-જુદા નયોને પક્ષ બનાવીને અલગ-અલગ અનુમાનપ્રયોગ કરવાથી 'દરેક નય, અન્ય બધા જ નયોથી અલગ છે' - એવું સિદ્ધ થઈ જ જાય છે, તો પછી હેતુકોટિમાં જેની અપેક્ષા નથી તેવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે નયોનો પ્રવેશ કરવો જરૂરી રહેતો નથી. તે બન્ને નયનો હેતુકોટિમાં = હેતુશરીરમાં ઘટકરૂપે પ્રવેશ કરવામાં આવે તો તે ઘટકીભૂત વિશેષણ વ્યર્થ હોવાથી વ્યાપ્યત્વઅસિદ્ધિ નામનો હેત્વાભાસ લાગુ પડશે. 'पर्वतो वह्निमान्' આવી પ્રતિજ્ઞાની સિદ્ધિ માટે 'धूमात्' ના બદલે 'नीलधूमात्' આવો હેતુ બતાવવામાં આવે તો જેમ વ્યાપ્યત્વાસિદ્ધિ નામનો હેત્વાભાસ અનુમાનપ્રયોગમાં લાગુ પડે છે તેમ પ્રસ્તુતમાં દેવસેનને વ્યાપ્યત્વાસિદ્ધિ દોષની આપત્તિ આવશે.

### ⁂ વ્યર્થવિશેષણઘટિત હેતુથી નિગ્રહસ્થાન આપત્તિ ⁂

(**तथा.**) તથા વ્યર્થવિશેષણથી ઘટિત એવા હેતુનો પ્રયોગ કરવાથી પ્રતિવાદી **દેવસેનજી** પ્રસ્તુત સ્થળે અધિકોક્તિ સ્વરૂપ નિગ્રહસ્થાનથી તો જરૂર ઘેરાઈ જશે. કહેવાનો આશય એ છે કે 'पर्वतो वह्निमान्'

तत्वं सुदुर्निवारमवसेयम्। 'नैगमः स्वेतरभिन्नः सङ्ग्रह-व्यवहार-र्जुसूत्र-शब्द-समभिरूढैवम्भूत-द्रव्यार्थिक-पर्यायार्थिकाऽन्यतमनयविषयभिन्नविषयकत्वादि'त्यत्र देवसेनीयहेतौ व्यर्थविशेषणघटितत्वञ्च स्वसमानाधिकरणप्रकृतसाध्यव्याप्यताऽवच्छेदकधर्मान्तरघटितत्वलक्षणं बोध्यम्। स्वं सङ्ग्रहाद्यष्टकान्यतमनयगोचरभिन्नविषयकतात्वम्, तत्समानाधिकरणम् अथ च नैगमाऽन्यनयव्यावृत्तिलक्षणप्रकृतसाध्यव्याप्यताऽवच्छेदकं यद् धर्मान्तरं सङ्ग्रहादिषट्काऽन्यतमनयविषयाऽन्यविषयकतात्वं तद्घटिततया देवसेनीयहेतोः व्यर्थविशेषणघटितत्वेन देवसेनः अधिकोक्तिरूपनिग्रहस्थानेन निगृह्यते इति।

किञ्च, व्यर्थविशेषणघटितहेत्वङ्गीकारे 'नैगमः स्वेतरभिन्नः सङ्ग्रह-व्यवहार-र्जुसूत्र-शब्द-समभि-

---

આ પ્રતિજ્ઞાની સિદ્ધિ કરવા માટે ધૂમ હેતુ પર્યાપ્ત છે. તેમ છતાં તેને છોડીને નીલધૂમને હેતુ તરીકે દર્શાવવામાં આવે તો અધિક કથન સ્વરૂપ નિગ્રહસ્થાન પણ દુર્વાર જ છે. બરાબર આ જ રીતે વ્યર્થવિશેષણથી ઘટિત એવા હેતુનો પ્રયોગ કરવાથી અધિક કથન = નિરર્થક કથન સ્વરૂપ નિગ્રહસ્થાનથી બચવું પણ દેવસેનજી માટે મુશ્કેલ જ છે, અશક્યપ્રાયઃ જ છે. પ્રસ્તુતમાં દેવસેનસંમત અનુમાનપ્રયોગનો આકાર આ મુજબ સમજવો. 'નૈગમનય સ્વેતરભિન્ન છે. કારણ કે સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત, દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક - આ આઠ નયોમાંથી કોઈ પણ નયના વિષયથી ભિન્ન વિષયનું તે અવગાહન કરે છે.' આ અનુમાન પ્રયોગમાં દેવસેનજીના હેતુમાં સ્વસમાનાધિકરણપ્રકૃતસાધ્યવ્યાપ્યતાઅવચ્છેદકધર્માન્તરઘટિતત્વસ્વરૂપ વ્યર્થવિશેષણઘટિતત્વ નામનો દોષ લાગુ પડે છે તેમ સમજવું. તે આ રીતે - સ્વ = સંગ્રહાદિઅષ્ટવિધઅન્યતમનયવિષયભિન્નવિષયકતાત્વ. તથા તેને સમાનાધિકરણ હોય અને નૈગમાન્યવ્યાવૃત્તિસ્વરૂપ પ્રસ્તુત સાધ્યનું વ્યાપ્યતાઅવચ્છેદક હોય તેવો અન્ય ગુણધર્મ છે સંગ્રહાદિષટ્કઅન્યતમવિષયભિન્નવિષયકતાત્વ. તેનાથી ઘટિત છે દેવસેનસંમત એવો સંગ્રહાદિઅષ્ટવિધ-અન્યતમનયવિષયભિન્નવિષયકત્વસ્વરૂપ હેતુ. (જેમ 'पर्वतो वह्निमान् नीलधूमात्' - આ સ્થળે સ્વ = નીલધૂમત્વ હેતુ એ પોતાને સમાનાધિકરણ હોય અને વહ્નિવ્યાપ્યતાઅવચ્છેદક હોય તેવા ધૂમત્વ ધર્મથી ઘટિત હોવાથી વ્યર્થવિશેષણઘટિત બને છે, તેમ પ્રસ્તુતમાં યોજના કરવી.) નવ્યન્યાયની ગૂઢ પરિભાષા મુજબ આ વાત અહીં કરવામાં આવેલ છે. સાદી ભાષામાં એમ કહી શકાય કે હેતુના શરીરમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો પ્રવેશ કર્યા વિના જ 'નૈગમનય પોતાના સિવાયના નયોથી જુદો છે' આવું સિદ્ધ થતું હોય તો શા માટે તેનો તેમાં પ્રવેશ કરવો ? હેતુના ઘટકરૂપે વ્યર્થવિશેષણો લગાડવાથી વ્યર્થ ગૌરવ, વ્યર્થ કથન, અધિકકથન સ્વરૂપ દોષ તો દેવસેનને અવશ્ય લાગુ પડશે. આમ અધિકકથનાત્મક નિગ્રહસ્થાનથી દેવસેન ઘેરાઈ જશે, પકડાઈ જશે, હારી જશે.

## ૨૩ કે ૪૪ મૂળ નયની આપત્તિ

(किञ्च.) વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે વ્યર્થ વિશેષણથી ઘટિત એવો પણ હેતુ જો માન્ય કરવામાં આવે તો હેતુકોટિમાં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયની જેમ અર્પિતનય, અનર્પિતનય, અર્થનય, વ્યંજનનય વગેરેનો સમાવેશ પણ માન્ય કરવો પડશે. તેથી દેવસેનજીની સામે જો કોઈક વિદ્વાન આ જ શાખામાં પૂર્વે ૧૦ મા શ્લોકની વ્યાખ્યામાં જણાવી ગયા તે રીતે ૨૩ નયની

रूढैवम्भूत-द्रव्यार्थिक-पर्यायार्थिकाऽर्पिताऽनर्पिताऽर्थनय-व्यञ्जननय-शुद्धनयाऽशुद्धनय-नामनय-स्थापनानय-द्रव्यनय-भावनयाऽतीतनयाऽनागतनय-प्रत्युपन्ननयान्यतमनयविषयभिन्नविषयकत्वादि'ति प्रयोगात् पूर्वोक्त-रीत्या (८/१०) त्रयोविंशतिविधनयसिद्धिरापद्येत, आक्षेप-परिहारयोः तुल्ययोग-क्षेमत्वात्। सूक्ष्मदृष्ट्या वा चतुश्चत्वारिंशन्नयाः प्रसज्येयुः। ततश्च नवविधनयविभागप्रदर्शनमनुचितमेव।

व्यर्थविशेषणघटितत्वस्य चोपलक्षणतया देवसेनीयहेतोः बाधितत्वम्, स्वरूपाऽसिद्धत्वं सत्प्रतिपक्षितत्वञ्च बोध्यम्। तथाहि – (१) नैगमस्य द्रव्यार्थिकनयत्वेन नैगमान्यसङ्गहाद्यष्टकान्तर्गतद्रव्यार्थिकनयव्यावृत्तत्वं बाध्यते।

(२) सङ्ग्रहादिसप्तकान्यतमविषयभिन्नविषयकत्वेऽपि द्रव्यार्थिकनयविषयविषयकतया सङ्ग्रहा-

---

સિદ્ધિ કરવા માટે એવો અનુમાન પ્રયોગ કરે કે 'નૈગમનય સ્વેતરભિન્ન છે. કારણ કે સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત, દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, અર્પિતનય, અનર્પિતનય, અર્થનય, વ્યંજનનય, શુદ્ધનય, અશુદ્ધનય, નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય, ભાવનય, અતીતનય, અનાગતનય, વર્તમાનનયના વિષયથી ભિન્ન વિષયનું અવગાહન કરનાર છે' - તો તેની સામે કોઈ પણ પ્રકારનો પ્રતિકાર દેવસેનજી નહિ કરી શકે. કારણ કે હેતુના શરીરમાંથી અર્પિત વગેરે તેર નયોની બાદબાકી કરવા માટે દેવસેનજી જે યુક્તિ દેખાડશે, તે જ યુક્તિથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની પણ હેતુમાંથી બાદબાકી થઈ જશે. ત્રેવીસ નયની સિદ્ધિ કરનાર વિદ્વાનના મતમાં વ્યર્થવિશેષણઘટિત હેતુ, વ્યર્થગૌરવ, અધિક કથન વગેરે જે સમસ્યાઓ દેવસેનજી દેખાડશે, તે તે સમસ્યાઓ નવનયનો વિભાગ દેખાડનાર દેવસેનજીને પણ અવશ્ય લાગુ પડશે. તથા તે આપત્તિઓના નિવારણ માટે જે જે સમાધાન દેવસેનજી તરફથી જણાવવામાં આવશે, તે તે સમાધાનો બાવીસ નયને સાધનારા વિદ્વાન માટે પણ સુલભ હશે. આ રીતે તો ૨૩ અથવા પૂર્વે (૮/૧૦) જણાવ્યા મુજબ સૂક્ષ્મદૃષ્ટિથી ૪૪ નયની સિદ્ધિ = અનુમિતિ થવાની આપત્તિ આવશે. માટે દેવસેનજીએ નવ નયનો જે વિભાગ દેખાડેલ છે, તે તદ્દન અનુચિત ફલિત થાય છે.

### ☙ દેવસેનમતમાં બાધ, સ્વરૂપઅસિદ્ધિ અને સત્પ્રતિપક્ષ ☙

(**વ્યર્થ.**) અહીં 'દેવસેનીય હેતુ વ્યર્થવિશેષણથી ઘટિત છે' - આવું જે જણાવેલ છે, તે ઉપલક્ષણ છે, અન્ય દોષનું સૂચક છે. તેથી પ્રસ્તુતમાં દેવસેનીય હેતુમાં બાધ, સ્વરૂપઅસિદ્ધિ અને સત્પ્રતિપક્ષ - આ ત્રણ દોષ પણ સમજી લેવા. તે આ રીતે :- (૧) દિગંબર અને શ્વેતાંબર - બન્ને પરંપરામાં નૈગમ દ્રવ્યાર્થિકનય તરીકે માન્ય છે. દ્રવ્યપ્રધાન = દ્રવ્યાર્થિક હોવાથી નૈગમનયમાં સંગ્રહાદિઅષ્ટક-અન્યતરવિષયભિન્નવિષયકત્વ હેતુ દ્વારા સંગ્રહાદિ આઠ નયની જે વ્યાવૃત્તિ = ભિન્નતા સાધવી છે તે બાધિત થાય છે. આનું કારણ એ છે કે નૈગમેતર = નૈગમભિન્ન સંગ્રહાદિ આઠ નયોમાં દ્રવ્યાર્થિકનયનો દિગંબર- મત મુજબ સમાવેશ થાય છે તથા સાધ્યકોટિપ્રવિષ્ટ દ્રવ્યાર્થિકનયવ્યાવૃત્તિ તો નૈગમનયમાં અવિદ્યમાન છે, બાધિત છે. નૈગમનય તો દ્રવ્યાર્થિક જ છે. તેથી તે દ્રવ્યાર્થિકનયથી વ્યાવૃત્ત = ભિન્ન કઈ રીતે સંભવે ? આમ સાધ્યશૂન્યતાનો પક્ષમાં નિશ્ચય થવાથી દેવસેનમતમાં બાધ દોષ લાગુ પડે છે.

(૨) તથા નૈગમનય દ્રવ્યાર્થિકનય હોવાથી જ તે દ્રવ્યાર્થિકનયવિષયભિન્નવિષયનું અવગાહન કરતો

द्यष्टकाऽन्यतमनयविषयभिन्नविषयकत्वं नैगमे स्वरूपतः न सिध्यति ।

एवं (३) 'नैगमः सङ्ग्रहाद्यष्टनयाऽन्यः सङ्ग्रहाद्यष्टकाऽन्यतमनयविषयभिन्नविषयकत्वाद्' इति अनुमानस्य 'नैगमः न सङ्ग्रहाद्यष्टनयाऽन्यः सङ्ग्रहाद्यष्टकाऽन्यतमविषयविषयकत्वाद्' इत्यनेन सत्प्रतिपक्षितत्वम्, नैगमस्य द्रव्यार्थिकत्वानतिक्रमात्। ततश्च नैव नवधा नयविभागस्य न्याय्यत्वमिति स्थितम्, अन्यथा 'धर्माधर्माकाश-जीव-पुद्गल-काल-घट-पटा द्रव्याणी'त्यपि द्रव्यविभागः स्वीकर्तव्यः स्यात्। व्यर्थश्च तादृशविभागः, निष्प्रयोजनत्वात्।

---

નથી. નૈગમનય દ્રવ્યાર્થિકનયવિષયવિષયક જ છે. માટે સંગ્રહાદિ સાત નયના વિષયથી ભિન્ન વિષયનું નૈગમ અવગાહન કરતો હોવા છતાં તેમાં સંગ્રહાદિઅષ્ટકઅન્યતમનયવિષયભિન્નવિષયકત્વ સ્વરૂપ હેતુ રહેતો નથી. આમ પક્ષમાં હેતુ ન રહેવાથી સ્વરૂપઅસિદ્ધિ નામનો દોષ દેવસેનમતમાં દુર્વાર બનશે.

(૩) તેમજ 'નૈગમનય સંગ્રહાદિ આઠ નયથી સ્વતંત્ર છે. કારણ કે સંગ્રહાદિ આઠમાંથી કોઈ પણ એક નયના વિષયથી અન્ય એવા વિષયનું અવગાહન કરે છે' - આવા દેવસેનસંમત અનુમાનપ્રયોગની સામે એવો અનુમાનપ્રયોગ પણ થઈ શકે છે કે 'નૈગમનય સંગ્રહાદિ આઠ નયોથી સ્વતંત્ર નથી. કારણ કે સંગ્રહાદિ આઠ નયમાંથી કોઈ એક નયના વિષયને જ નૈગમ પોતાનો વિષય બનાવે છે.' આમ સાધ્યાભાવસાધક અન્ય હેતુ મળવાથી દેવસેનસંમત અનુમાનપ્રયોગ સત્પ્રતિપક્ષ નામના દોષથી કલંકિત થાય છે. તેથી નવ પ્રકારે નયનો વિભાગ કોઈ પણ રીતે ન્યાયસંગત નથી - આટલું નક્કી થાય છે. જો આવું માનવામાં ન આવે (અર્થાત્ વિભાજ્યતાઅવચ્છેદક ધર્મો પરસ્પરસમાનાધિકરણ હોય તેમ છતાં પણ વિભાગવાક્ય પ્રમાણભૂત હોય - તેવું માનવામાં આવે અથવા હેતુકોટિમાં અનપેક્ષિત ભેદોનો = નિરર્થક પ્રકારોનો પ્રવેશ માન્ય કરવામાં આવે) તો 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવ, પુદ્ગલ, કાલ, ઘટ, પટ દ્રવ્યો છે' - આ પ્રમાણે દ્રવ્યવિભાગવાક્યને પણ પ્રમાણભૂત માનીને તે પ્રમાણે પણ આઠ દ્રવ્યનો સ્વીકાર કરવો પડશે. પરંતુ તેવો દ્રવ્યવિભાગ વ્યર્થ છે. કારણ કે તેવો વિભાગ બતાવવાથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી.

### ❀ અસંકીર્ણ ધર્મ વિભાજ્યતાઅવચ્છેદક બને ❀

**સ્પષ્ટતા** :- વસ્તુનો વિભાગ કરવા પાછળ આશય 'તે વસ્તુના કેટલા પ્રકાર પડે છે ?' તે દર્શાવવાનો હોય છે. તેથી વિભાજ્ય વસ્તુમાં રહેલા પરસ્પર અસંકીર્ણ ગુણધર્મ શોધી, તેને વિભાજ્યતાઅવચ્છેદક બનાવીને તે વસ્તુનો વિભાગ દર્શાવવામાં આવે છે. દા.ત. 'દ્રવ્યના પ્રકાર કેટલા હોય છે ?' આ જિજ્ઞાસાના શમન માટે 'ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ અને પુદ્ગલ દ્રવ્ય છે' - આ પ્રમાણે દ્રવ્યવિભાગ જણાવવામાં આવે છે. ધર્માસ્તિકાયત્વ જે દ્રવ્યમાં રહે છે ત્યાં અધર્માસ્તિકાયત્વ વગેરે ચાર ગુણધર્મો નથી રહેતા તથા જ્યાં અધર્માસ્તિકાયત્વ રહે છે ત્યાં ધર્માસ્તિકાયત્વ આદિ ધર્મચતુષ્ક ગેરહાજર હોય છે. આમ ધર્માસ્તિકાયત્વ વગેરે પાંચેય ધર્મો પરસ્પર અસંકીર્ણ = અસમાનાધિકરણ = વ્યધિકરણ હોવાથી 'દ્રવ્ય પાંચ પ્રકારના છે' - તેવો વિભાગ દર્શાવવામાં દોષ રહેતો નથી. પરસ્પર સમાનાધિકરણ ધર્મોને જો વિભાજ્યતાઅવચ્છેદક માની શકાતા હોય તો ધર્માસ્તિકાયત્વ, અધર્માસ્તિકાયત્વ, આકાશત્વ, જીવત્વ, પુદ્ગલત્વ, કાલત્વ, ઘટત્વ, પટત્વને વિભાજ્યતાઅવચ્છેદક ગુણધર્મ બનાવીને

जीवादितत्त्वविभागनिरूपणे तु तत्त्वपदस्य मुमुक्षुप्रवृत्त्युपयुक्तज्ञानविषये रूढतया प्रयोजनविशेषसद्भावात् तत्त्वविभागे विभाज्यतावच्छेदकव्याप्यविशेषणविधया मिथोऽसमानाधिकरणत्वप्रवेशस्याऽनपेक्षणात्, जीवादौ मोक्षादिव्यावृत्तेः अनभिमतत्वात्, भिन्न-भिन्नप्रयोजनकतत्त्वव्यवहारप्रवृत्तेः तत्र

---

'ધર્મ, અધર્મ, આકાશ, જીવ, પુદ્ગલ, કાળ, ઘટ અને પટ - આ આઠ દ્રવ્યો છે' - આ અષ્ટદ્રવ્યવિભાગવાક્ય પણ પ્રમાણ બની જાય. પરંતુ તે પ્રમાણ નથી. કારણ કે ઘટનો અને પટનો પુદ્ગલદ્રવ્યમાં સમાવેશ થઈ જાય છે. તથા દશમી શાખામાં જણાવવામાં આવશે તે મુજબ, કાલનો જીવમાં અને અજીવમાં સમાવેશ થઈ જાય છે. ઘટત્વ વગેરે ગુણધર્મો પુદ્ગલત્વના સમાનાધિકરણ હોવાથી તથા કાલત્વધર્મ જીવત્વ-અજીવત્વનો સમાનાધિકરણ હોવાથી અષ્ટદ્રવ્યવિભાગવાક્ય પ્રમાણભૂત નથી. જે ધર્મો સમાનાધિકરણ હોય તેને જો વિભાજ્યતાઅવચ્છેદક તરીકે માન્ય કરવામાં આવે તો ઘટ, પટની જેમ મકાન, ખુરશી વગેરે દ્રવ્યનો પણ દ્રવ્યવિભાગવાક્યમાં પ્રવેશ માન્ય કરવો પડે. તેવું માન્ય કરીને દ્રવ્યના લાખો, કરોડો યાવત્ અનંત ભેદ પાડવા પડે. તેવા દ્રવ્યવિભાગથી કોઈ પ્રયોજન પણ સરતું નથી. તેથી તેવો દ્રવ્યવિભાગ વ્યર્થ છે. તેથી વિભાજ્યતાઅવચ્છેદક (= વિભાગનિયામક) ધર્મો અસંકીર્ણ હોવા જરૂરી છે. તેથી સાધનકોટિમાં પરસ્પર અસમાનાધિકરણત્વનો વિભાજ્યતાઅવચ્છેદકના વિશેષણ તરીકે પ્રવેશ જરૂરી છે. આથી 'નયો નવ પ્રકારના છે' - આ પ્રમાણે જે મૂલનયવિભાગવાક્ય **દેવસેન**જીએ દર્શાવેલ છે, તે પ્રમાણભૂત નહિ બની શકે. કારણ કે નયત્વવ્યાપ્ય દ્રવ્યાર્થિકત્વ ધર્મ નૈગમત્વાદિને સમાનાધિકરણ છે તથા નયત્વવ્યાપ્ય પર્યાયાર્થિકત્વ ગુણધર્મ ઋજુસૂત્રત્વ વગેરેને સમાનાધિકરણ છે.

**શંકા** :- 'વિભાજ્યતાઅવચ્છેદક પરસ્પર અસમાનાધિકરણ જ હોવા જોઈએ' - આ નિયમ માન્ય કરવામાં આવે તો સાત કે નવ તત્ત્વનો વિભાગ પણ માન્ય નહિ બની શકે. કારણ કે જીવ અને અજીવ તત્ત્વમાં જ આશ્રવાદિ તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે. આશ્રવત્વાદિ ધર્મો જીવત્વ-અજીવત્વને સમાનાધિકરણ બની જવાથી સાત તત્ત્વનો કે નવ તત્ત્વનો વિભાગ પણ અસંગત બની જશે.

## ✡ તત્ત્વવિભાગવૈવિધ્ય સપ્રયોજન છે ✡

**સમાધાન** :- (**જીવાદિ.**) તમારી શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે દ્રવ્યવિભાગનું કે નયવિભાગનું નિરૂપણ કરવાના અવસરે સાધનકોટિમાં વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ગુણધર્મના વિશેષણ તરીકે પરસ્પર અસમાનાધિકરણત્વનો પ્રવેશ કરવા છતાં પણ જીવાદિ તત્ત્વના વિભાગનું નિરૂપણ કરવાના અવસરે તો તત્ત્વવિભાગમાં વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ગુણધર્મના વિશેષણ તરીકે 'પરસ્પર વૈયધિકરણ્ય'-નો પ્રવેશ કરવાની અપેક્ષા = આવશ્યકતા રહેતી નથી. કેમ કે પ્રસ્તુતમાં 'તત્ત્વ' શબ્દ એ મુમુક્ષુની પ્રવૃત્તિમાં ઉપયોગી એવા જ્ઞાનના વિષયમાં રૂઢ છે. મુમુક્ષુપ્રવૃત્તિમાં ઉપયોગી એવા જ્ઞાનનો વિષય એ જ અહીં તત્ત્વપદાર્થ હોવાથી સાત કે નવ પ્રકારે તત્ત્વનું નિરૂપણ કરવામાં વિશેષ પ્રકારનું પ્રયોજન રહેલું છે. અહીં જીવાદિમાં મોક્ષાદિ તત્ત્વની વ્યાવૃત્તિ = બાદબાકી અભિમત નથી. જીવાદિ પદાર્થને વિશે અલગ-અલગ પ્રયોજનવાળી તત્ત્વવ્યવહારસંબંધી પ્રવૃત્તિ જ અહીં સાધ્ય છે. નયવિભાગમાં ઈતરનયવ્યાવૃત્તિ સાધ્ય હોવાથી અસમાનાધિકરણત્વનો પ્રવેશ જરૂરી છે. પરંતુ તત્ત્વવિભાગમાં અસમાનાધિકરણત્વનો પ્રવેશ આવશ્યક નથી. તત્ત્વવિભાગનિરૂપણમાં તે આ રીતે સમજવું. તત્ત્વવિભાગમાં

તત્ત્વપ્રક્રિયાઇં એ પ્રયોજન છઇ - જીવ, અજીવ એ ૨ મુખ્ય ♦જ્ઞેય પદાર્થ ભણી કહવા. બંધ, મોક્ષ મુખ્ય હેય, ઉપાદેય છઇ તેહ ભણી. ●બંધકારણ ભણી આશ્રવ*. મોક્ષ મુખ્યપુરુષાર્થ❖ છઇ, તે માટઇં તેહનાં ૨ કારણ - સંવર, નિર્જરા કહવાં. **એ ૭** તત્ત્વ કહવાની **પ્રયોજન** પ્રક્રિયા.

साध्यत्वात्। तथाहि – तत्त्वविभागे जीवाऽजीवौ मुख्यज्ञेयपदार्थरूपेण वाच्यौ, बन्धः प्रधानहेयतत्त्वतया मोक्षश्च प्रधानोपादेयतत्त्वतया निरूपणीयः, मुख्यहेयात्मकबन्धसाधनतया आश्रवः प्रतिपादनीयः, मोक्षस्य मुख्यपुरुषार्थत्वात् तत्साधनतया संवर-निर्जरे वक्तव्ये इति मोक्षौपयिकप्रयोजनानुसारेण सप्ततत्त्वनिरूपणप्रक्रिया विज्ञेया। एतदभिप्रायेण **तत्त्वार्थाधिगमसूत्रे** (१/४), **श्रावकप्रज्ञप्तौ** (६३), **सम्मतितर्कवृत्तौ** (३/६३/पृ.७३२), **उपमितिभवप्रपञ्चायां कथायाम्** (भाग-२/प्रस्ताव-४/षड्दर्शननिरूपण-पृ.१७६), **त्रिषष्टिशलाकापुरुषचरित्रे** (४/४/२२३), **देवानन्दसूरिकृते समयसारे** (१/१), **मङ्गलविजयरचिते जैनतत्त्वप्रदीपे**, **वैराग्यकल्पलतायां** (५/१२१६), **हितोपदेशमालावृत्तौ** (गा.१५), **आचारदिनकरे** (भाग-१/पृ.३५), **अष्टशतीभाष्ये** (१०/१०५) च तत्त्वसप्तकविरचनाऽकारि।

पुण्य-पापयोः शुभाशुभबन्धप्रकारयोः व्यक्त्या पृथक्कृत्य तत्र प्रक्षेपे तु अभ्युदयसंवलितमोक्षोपयोगिबोधलक्षणप्रयोजनवशात् तादृश्येव प्रक्रिया नवतत्त्वनिरूपणस्याऽवसेया।

***एतेन*** [1]"जीवाइसत्ततत्तं पण्णत्तं जं जहत्थरूपेण। तं चेव णवपयत्था सपुण्ण-पावा पुणो हौंति।।"

જીવ અને અજીવ - બે તત્ત્વ મુખ્ય જ્ઞેય પદાર્થસ્વરૂપે કહેવા યોગ્ય છે. મુખ્ય હેયપદાર્થરૂપે બંધતત્ત્વનું અને મુખ્ય ઉપાદેયતત્ત્વરૂપે મોક્ષ પદાર્થનું નિરૂપણ કરવું યોગ્ય છે. તેમજ મુખ્ય હેયતત્ત્વસ્વરૂપ બંધપદાર્થના કારણસ્વરૂપે આશ્રવનું પ્રતિપાદન પણ કરવું જરૂરી છે. તથા ધર્મ-અર્થ-કામાદિ ચાર પુરુષાર્થમાં મોક્ષ પ્રધાનપુરુષાર્થ હોવાથી તેના સાધનરૂપે સંવર અને નિર્જરા તત્ત્વને પણ બતાવવા આવશ્યક બને છે. આ પ્રમાણે મોક્ષઉપયોગી વિશેષ પ્રયોજન મુજબ સાત તત્ત્વનું નિરૂપણ કરવાની પ્રક્રિયા સમજવી. આ અભિપ્રાયથી **તત્ત્વાર્થાધિગમસૂત્ર, શ્રાવકપ્રજ્ઞપ્તિ, સમ્મતિતર્કવ્યાખ્યા, ઉપમિતિભવપ્રપંચા કથા** (ષડ્દર્શન નિરૂપણ), **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**, શ્રીદેવાનંદસૂરિકૃત **સમયસાર**, શ્રીમંગલવિજયરચિત **જૈનતત્ત્વપ્રદીપ, વૈરાગ્યકલ્પલતા, હિતોપદેશમાલાવૃત્તિ (પરમાનંદસૂરિકૃત), આચારદિનકર** તથા **અષ્ટશતીભાષ્ય** ગ્રંથમાં સાત તત્ત્વની રચના = પ્રરૂપણા થયેલ છે.

### ❁ સ્વર્ગ સહિત મોક્ષ માટે જરૂરી તત્ત્વબોધ ❁

**(पुण्य.)** પુણ્ય શુભકર્મબંધનો પ્રકાર છે. પાપ અશુભકર્મબંધનો પ્રકાર છે. તેથી તે બન્નેને વ્યક્તિગતરૂપે અલગ પાડીને સાત તત્ત્વમાં ઉમેરવામાં આવે તો તેવા જ પ્રકારની પ્રક્રિયા નવ તત્ત્વના નિરૂપણમાં જાણવી. સ્વર્ગસંવલિત મોક્ષ માટે ઉપયોગી તત્ત્વનો બોધ કરાવવાનું પ્રયોજન ત્યાં રહેલું છે.

### ❖ નવતત્ત્વનિરૂપણ ❖

**(एतेन.)** ઉપર નવ તત્ત્વના નિરૂપણની પ્રક્રિયા અને પ્રયોજન બતાવ્યા. તેનાથી જ **દ્રવ્યસ્વભાવપ્રકાશ,**

♦ પુસ્તકોમાં 'જ્ઞેય' નથી. લી.(૪) + સિ.+કો.(૧૨+૧૩)+કો.(૯)+આ.(૧)માં છે. ● લા.(૨)માં 'સંબંધ' પાઠ.
* કો.(૧૩)માં 'આશ્રવ હેતુ' પાઠ. ❖ કો.(૯)+સિ.માં 'મુખ્યપદાર્થ' પાઠ.
1. जीवादिसप्ततत्त्वं प्रज्ञप्तं यद् यथार्थरूपेण। तच्चैव नव पदार्थाः सपुण्य-पापाः पुनर्भवन्ति।।

પુણ્ય, પાપ રૂપ શુભાશુભબંધભેદ વિગતિં અલગા કરી, એહ જ પ્રક્રિયા ૯ તત્ત્વ કથનની જાણવી. ॥૮/૧૬॥

(द्र.स्व.प्र.१५९) इति **द्रव्यस्वभावप्रकाशे माइल्लधवल**वचनम्, [1]"जीवाजीवा य बंधो य, पुण्णं पावासवो तहा। संवरो निज्जरा मोक्खो संतेए तहिया नव।।" (उत्त.२८/१४) इति **उत्तराध्ययनसूत्र**वचनम्, [2]"जीवाऽजीवा पुण्णं पावासव-संवरो य निज्जरणा। बंधो मुक्खो य तहा नव तत्ता हुंति नायव्वा।।" (न.त.१) इति **नवतत्त्वप्रकरण**वचनं च ***व्याख्यातम्।***

***तुङ्गिका***नगरीश्रावकसमृद्धिवर्णनाऽवसरे **भगवतीसूत्रे** द्वितीयशतके [3]"अभिगयजीवाऽजीवा उवलद्धपुण्ण-पावा आसव-संवर-निज्जर-किरियाऽहिगरण-बंध-प्पमोक्खकुसला" (भ.सू.श.२/उ.५/सू.१३०) इत्यादिरूपेण नव तत्त्वानि दर्शितानि। **उमास्वाति**वाचकैरेव **प्रशमरतौ** "जीवाऽजीवाः पुण्य-पापाश्रव-संवराः सनिर्जरणाः। बन्धो मोक्षश्चैते सम्यक् चिन्त्या नव पदार्थाः।।" (प्र.र.१८९) इत्येवमुक्तम्। **गोम्मटसारे**ऽपि [4]"णव य पदत्था जीवाजीवा ताणं च पुण्ण-पावदुगं। आसव-संवर-णिज्जर-बंधा मोक्खो य होंति त्ति।।" (गो.सा.जी.का. ६२१) इत्युक्तम्।

**ઉત્તરાધ્યયનસૂત્ર** અને **નવતત્ત્વપ્રકરણ** - ગ્રંથની નિમ્નોક્ત ગાથાની પણ સ્પષ્ટતા થઈ જાય છે. **માઈલ્લધવલ** નામના દિગંબર વિદ્વાને **દ્રવ્યસ્વભાવપ્રકાશ** ગ્રંથમાં જણાવેલ છે કે 'યથાર્થ સ્વરૂપે જે જીવાદિ સાત તત્ત્વ (**ઉમાસ્વાતિજી** મહારાજે **તત્ત્વાર્થસૂત્ર**માં) દર્શાવેલ છે, તે જ સાત તત્ત્વ પુણ્ય અને પાપ સાથે ગણવામાં આવે તો નવ તત્ત્વ થાય છે.' **ઉત્તરાધ્યયનસૂત્ર**માં પણ દર્શાવેલ છે કે "જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા તથા મોક્ષ - આ નવ પદાર્થ વાસ્તવિક છે." **નવતત્ત્વપ્રકરણ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે 'જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - આ પ્રમાણે નવ તત્ત્વ જાણવા યોગ્ય છે.' ('મોક્ષ ન મળે ત્યાં સુધી સ્વર્ગાદિ સદ્ગતિ મળે અને અંતે મોક્ષ મળે' આવું કઈ રીતે બને? તેવી જિજ્ઞાસાના શમન માટે સ્વર્ગસહિત મોક્ષમાં ઉપયોગી એવા તત્ત્વનો બોધ કરાવવાના આશયથી નવ તત્ત્વની પ્રરૂપણા શાસ્ત્રકાર ભગવંતોએ કરેલી છે.

## ❊ ભગવતીસૂત્રાદિમાં નવ તત્ત્વનો નિર્દેશ ❊

**(तुङ्गि.)** તુંગિયા નગરીના શ્રાવકોની બાહ્ય-અભ્યંતર સમૃદ્ધિનું વર્ણન કરવાના અવસરે **ભગવતીસૂત્ર**માં આડકતરી રીતે નવતત્ત્વનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ત્યાં જણાવેલ છે કે 'તુંગિયા નગરીના શ્રાવકોએ જીવ-અજીવને જાણેલા છે, પુણ્ય-પાપને ઓળખેલ છે. તથા આશ્રવ, સંવર, નિર્જરા, કાયિકી આદિ ક્રિયા, અધિકરણ, બંધ, પ્રકૃષ્ટ મોક્ષ - આ પદાર્થોની હેયોપાદેયતા અંગે તેઓ કુશળ છે.' **ઉમાસ્વાતિજી** મહારાજે પણ **પ્રશમરતિ** પ્રકરણમાં સાત નહિ પણ નવ પદાર્થનો ઉલ્લેખ કરેલ છે. તે આ રીતે 'જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - આ નવ પદાર્થ સારી રીતે ચિંતન

1. जीवाजीवौ च बन्धश्च पुण्यं पापाश्रवः तथा। संवरो निर्जरा मोक्षः सन्त्येते तथ्या नव।।
2. जीवाऽजीवौ पुण्यं पापाऽऽश्रव-संवराः च निर्जरणा। बन्धः मोक्षः च तथा नव तत्त्वानि भवन्ति ज्ञातव्यानि।
3. अभिगतजीवाऽजीवा उपलब्धपुण्य-पापा आश्रव-संवर-निर्जरा-क्रियाऽधिकरण-बन्ध-प्रमोक्षकुशलाः।
4. नव च पदार्था जीवाऽजीवाः तेषां च पुण्य-पापद्विकम्। आश्रव-संवर-निर्जरा-बन्धा मोक्षश्च भवन्तीति।।

नवतत्त्वनिरूपणं **हरिभद्रसूरिकृते षड्दर्शनसमुच्चये** (श्लो.४७), **राजशेखरसूरिकृते षड्दर्शनसमुच्चये** (श्लो.१२), **षड्दर्शनपरिक्रमे** (श्लो.६), **अम्बप्रसादकृते नवतत्त्वसंवेदने** (श्लो.२६), **जयशेखरसूरिकृते प्रबोधचिन्तामणौ** (६/११३), **उपमितिभवप्रपञ्चायां कथायां** (प्रस्ताव-१, भा.१-पृ.८१ + प्रस्ताव-४/भाग-२/श्लोक-१९५/पृ.७८), **नेमिचन्द्रसूरिकृते प्रवचनसारोद्धारे** (गा.९७४), **देवेन्द्रसूरिकृते जयशेखरसूरिकृते जिनचन्द्रगणिकृते** च **नवतत्त्वप्रकरणे** (गा.१ + १ + ४), **अभयदेवसूरिकृते नवतत्त्वभाष्ये** (गा.३७ + ५३), **चन्द्रकवेध्यकप्रकीर्णके** (गा.७०), **शुभविजयकृतायां स्याद्वादभाषायाम्** (सू.२), **यशस्वत्सागरकृतायां जैनस्याद्वादमुक्तावल्याम्** (३/१७१), **सिद्धसेनसूरिकृते नमस्कारमाहात्म्ये** (८/१०), **जिनेश्वरसूरिकृते प्रमालक्षणे** (३०६), **पर्यन्ताराधना-**ऽपराऽभिधाने **आराधनासारे** (२९), **गुणपालकृते जम्बूचरिते** (श्लो.७७२, पृ.१५४), **प्रद्युम्नसूरिकृते विचारसारप्रकरणे** (गा.३९२), **चन्द्रप्रभसूरिकृते दर्शनशुद्धिप्रकरणे** (गा.२०७), **यतिजीतकल्पवृत्तौ** (गा.३२/वृ.पृ.३१), **अध्यात्मसारे** (१८/३), **सम्यक्त्वप्रकरणे** (गा.२४२), **कुन्दकुन्दस्वामिकृते समयसारे** (गा.१३), **पञ्चास्तिकायसङ्ग्रहे** (गा.१०८) च, **समन्तभद्रसूरिकृते रत्नकरण्डकश्रावकाचारे** (श्लो.४६), **नेमिचन्द्रकृते लघुद्रव्यसङ्ग्रहे** (गा.३) **बृहद्द्रव्यसङ्ग्रहे** (गा.२८) च, **अमितगतिकृते योगसारप्राभृते** चोपलभ्यते इत्यवधेयम्।

पुण्य-पापयोः कर्मत्वेन निर्देशे तु अष्टधाऽपि तत्त्वविभागः सम्भवति। ***एतेन*** "जीवाऽजीवाऽऽस्रव

---

કરવા યોગ્ય છે.' **ગોમ્મટસાર** ગ્રંથમાં જીવકાંડમાં પણ ઉપરોક્ત નવ પદાર્થનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

## ✡ નવતત્ત્વપ્રદર્શક ગ્રંથોની ઝલક ✡

(नव.) નવતત્ત્વનું નિરૂપણ (૧) શ્રીહરિભદ્રસૂરિકૃત **ષડ્દર્શનસમુચ્ચય**માં, (૨) શ્રી**રાજશેખરસૂરિ**કૃત **ષડ્દર્શનસમુચ્ચય**માં, (૩) **ષડ્દર્શનપરિક્રમ**માં, (૪) **અંબપ્રસાદ**કૃત **નવતત્ત્વસંવેદન**માં, (૫) શ્રીજય**શેખરસૂરિ**કૃત **પ્રબોધચિંતામણિ**માં, (૬) **ઉપમિતિભવપ્રપંચા કથા**માં (સમ્યગ્દર્શનસ્વરૂપ - ચાર પુરુષાર્થ અન્તર્ગત), (૭) **નેમિચંદ્રસૂરિ**કૃત **પ્રવચનસારોદ્ધાર**માં, (૮)(A) દેવેન્દ્રસૂરિકૃત **નવતત્ત્વપ્રકરણ**માં, (B) જય**શેખરસૂરિ**કૃત **નવતત્ત્વપ્રકરણ**માં તથા (C) **જિનચન્દ્રગણિ**કૃત **નવતત્ત્વપ્રકરણ**માં, (૯) **અભયદેવસૂરિ**કૃત **નવતત્ત્વભાષ્ય**માં, (૧૦) **ચન્દ્રકવેધ્યકપ્રકીર્ણક**માં, (૧૧) **શુભવિજય**રચિત **સ્યાદ્વાદભાષા**માં, (૧૨) **યશસ્વત્સાગર**કૃત **જૈન સ્યાદ્વાદમુક્તાવલી**માં, (૧૩) **સિદ્ધસેનસૂરિ**કૃત **નમસ્કારમાહાત્મ્ય**માં, (૧૪) **જિનેશ્વરસૂરિ**કૃત **પ્રમાલક્ષણ**માં, (૧૫) **આરાધનાસાર**માં (તેનું બીજું નામ **પર્યન્તારાધના** છે.), (૧૬) ગુણપાલકૃત જંબૂચરિતમાં (પ્રાકૃત), (૧૭) **પ્રદ્યુમ્નસૂરિ**કૃત **વિચારસારપ્રકરણ**માં, (૧૮) **ચંદ્રપ્રભસૂરિ**કૃત **દર્શનશુદ્ધિપ્રકરણ**માં, (૧૯) **સાધુરત્નસૂરિ**કૃત **યતિજીતકલ્પવૃત્તિ**માં, (૨૦) **અધ્યાત્મસાર**માં, (૨૧) **સમ્યક્ત્વપ્રકરણ**માં, (૨૨) **કુંદકુંદસ્વામિ**કૃત **સમયસાર**માં તથા (૨૩) **પંચાસ્તિકાયસંગ્રહ**માં, (૨૪) **સમંતભદ્રસ્વામિ**કૃત **રત્નકરંડકશ્રાવકાચાર**માં, (૨૫) **નેમિચંદ્ર**કૃત **લઘુદ્રવ્યસંગ્રહ**માં તથા (૨૬) **બૃહદ્દ્રવ્યસંગ્રહ**માં અને (૨૭) **અમિતગતિ**કૃત **યોગસારપ્રાભૃત**માં મળે છે. આ વાત ખ્યાલમાં રાખવી.

## ✵ જયધવલામાં આઠ તત્ત્વનો નિર્દેશ ✵

(पुण्य.) જો પુણ્યનો અને પાપનો કર્મ તરીકે નિર્દેશ કરવામાં આવે તો આઠ પ્રકારે પણ તત્ત્વવિભાગ સંભવે છે. આવું કહેવાથી **કષાયપ્રાભૃતની જયધવલા** વ્યાખ્યાના એક સંદર્ભની પણ સ્પષ્ટતા થઈ જાય

-संवर-निर्जरा-बन्ध-मोक्षभेदेन सप्तविधं वा, जीवाऽजीव-कर्माऽऽस्रव-संवर-निर्जरा-बन्ध-मोक्षभेदेन अष्टविधं वा, जीवाऽजीव-पुण्य-पापाऽऽस्रव-संवर-निर्जरा-बन्ध-मोक्षभेदेन नवविधं वा" (क.प्रा.पेज्जदोसविहत्ती पुस्तक-१, गा.१४, ज.ध.पृ.१९५) इति **जयधवला**वचनमपि ***व्याख्यातम्*** ।

वस्तुतोऽष्टविधतत्त्वनिरूपणे किञ्चित् प्रयोजनं न समवगम्यते, कर्मत्वेनाऽभ्युदयकारणत्वाऽयोगात्। हेयतयोपदिष्टमपि कर्म विद्वज्जनानन्दकारि न भवति, पुण्यानुबन्धिपुण्यत्वादिरूपेण कथञ्चिदुपादेयत्वादिति अविरुद्धाऽपि नाऽष्टविधतत्त्वकल्पना घटामञ्चतीहेति भावनीयम् ।

**अर्हद्गीतायां मेघविजयोपाध्यायेन** निर्जराप्रतिपक्षतया वेदनादर्शनेन दशधा तत्त्वविभागोऽकारि (अ.गी.१६/३ + १९/६-७) इत्यवधेयम् ।

किन्तु **जीवादिकविभक्तिवद्** = जीवाजीवादिनवतत्त्वविभागवद् **न** = नैव **अत्र** = द्रव्यार्थिक-पर्यायार्थिकौ पृथक्कृत्य नवविधमूलनयविभागनिरूपणे **प्रयोजनम्** = आध्यात्मिकप्रयोजनं **किञ्चिद्** ज्ञायते आकाशमुष्टिहननन्यायेन। अतो न नवनयनिरूपणं न्याय्यम्, आगमाऽऽशातनाप्रसङ्गात् ।

---

છે. ત્યાં દિગંબર **વીરસેનાચાર્યએ** જણાવેલ છે કે "(૧) જીવ, (૨) અજીવ, (૩) આશ્રવ, (૪) સંવર, (૫) નિર્જરા, (૬) બંધ, (૭) મોક્ષ - આ ભેદથી તત્ત્વ સાત પ્રકારે છે. અથવા (૧) જીવ, (૨) અજીવ, (૩) કર્મ, (૪) આશ્રવ, (૫) સંવર, (૬) નિર્જરા, (૭) બંધ, (૮) મોક્ષ - આવા ભેદથી તત્ત્વ આઠ પ્રકારે છે. અથવા (૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ,(૫) આશ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ, (૯) મોક્ષ - આવા ભેદથી તત્ત્વ નવ પ્રકારે છે."

### ❀ અષ્ટતત્ત્વનિર્દેશ નિષ્પ્રયોજન ❀

(वस्तु.) વાસ્તવમાં તો આઠ પ્રકારે તત્ત્વનું નિરૂપણ કરવાની પાછળ કોઈ પ્રયોજન સારી રીતે સમજાતું નથી. કારણ કે કર્મત્વરૂપે કર્મમાં સ્વર્ગકારણતા રહેલી નથી કે જેના લીધે સ્વર્ગયુક્ત મોક્ષ માટે આઠ તત્ત્વનો બોધ ઉપયોગી બને. તથા હેય તરીકે કર્મનો ઉલ્લેખ થાય તો પણ અષ્ટવિધતત્ત્વવિભાગ વિદ્વાન લોકોને આનંદદાયક બનતો નથી. કારણ કે પુણ્યાનુબંધી પુણ્ય વગેરે સ્વરૂપે તો કર્મ કથંચિત્ = વ્યવહારનયથી ઉપાદેય છે જ. તેથી કર્મ સર્વથા હેય પણ નથી. જિનનામકર્મ, આહારકનામકર્મ વગેરે અમુકદશામાં ઉપાદેય પણ છે. પુણ્ય-પાપનો કર્મમાં સમાવેશ થવાથી આઠ તત્ત્વની કલ્પનામાં કોઈ વિરોધ ન હોવા છતાં ઉપરોક્ત કારણસર તે કલ્પના અહીં સંગત નથી. આ અંગે ઊંડાણથી વિચારવું.

### ❀ દશ પ્રકારે તત્ત્વવિભાગ ❀

(अर्ह.) **અર્હદ્ગીતામાં શ્રીમેઘવિજય ઉપાધ્યાયે** નવતત્ત્વમાં નિર્જરાના પ્રતિપક્ષરૂપે વેદના (= કર્મોદય) દેખાડવા દ્વારા દશ પ્રકારે તત્ત્વવિભાગ જણાવેલ છે. આ બાબતને ખ્યાલમાં રાખવી.

### ❀ નવ નયનું નિરૂપણ નિરર્થક ❀

(किन्तु.) પરંતુ જીવ, અજીવ વગેરે નવ તત્ત્વના વિભાગની જેમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયને અલગ કરીને નવ નયનો વિભાગ બતાવવામાં તો કોઈ પણ પ્રકારનું આધ્યાત્મિક પ્રયોજન જણાતું નથી. આકાશને મુષ્ઠિથી મારવાના પ્રયત્નની જેમ પ્રસ્તુત બાબત નિરર્થક જણાય છે. તેથી નવ તત્ત્વની

तदुक्तं साक्षेप-परिहारम् **अनेकान्तव्यवस्थाप्रकरणे** "न च सप्तधा नवधा च तत्त्वविभागवद् नयविभागोऽपि तथा नाऽनुपपन्न इति वक्तुं युक्तम्, तत्र केवलनिःश्रेयसोपयोग्यभ्युदयसंवलिततदुपयोगिबोधलक्षणप्रयोजनभेदेन विभागद्वैविध्यसम्भवेऽपि प्रकृते प्रयोजनभेदाऽभावेन **अनुयोगद्वार-स्थानाङ्ग-तत्त्वार्थ**महाशास्त्राद्यभिहितं सप्तधा नयविभागमुल्लङ्घ्य नवधा तत्करणस्य सूत्राऽऽशातनाकलङ्कितत्वाद्" (अ.व्य.भाग-२, पृ.१३६) इति भावनीयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्त्वेवम्– 'नवधा नयविभागोपदर्शने आध्यात्मिकप्रयोजनं किञ्चिद् नास्ति' इत्यनुक्त्वा 'नवधा नयविभागोपदर्शने आध्यात्मिकप्रयोजनं किञ्चिद् न ज्ञायते' इति यदुक्तं तत्तात्पर्यं तु स्वकीयकठोरतापरित्याग एव। 'युष्मदुक्तौ नास्ति प्रयोजनं किञ्चिदि'त्युक्तौ तु वक्तुः नैष्ठुर्यमापद्येत। 'युष्मदुक्तौ न प्रयोजनं किञ्चिद् ज्ञायते' इत्युक्तौ तु न नैष्ठुर्यसम्भवः, परस्मिन्

જેમ નવ નયનું નિરૂપણ કરવું જરાય વ્યાજબી નથી. કારણ કે તેવું કરવાથી આગમની આશાતના થવાની સમસ્યા સર્જાય છે.

### ❁ આગમઆશાતનાને ટાળીએ ❁

(तदु.) આ જ બાબતને પ્રશ્ન-પ્રત્યુત્તરરૂપે **મહોપાધ્યાયશ્રી યશોવિજયજી** મહારાજે **અનેકાન્તવ્યવસ્થા** ગ્રંથમાં નીચે મુજબ જણાવેલ છે. "પ્રસ્તુતમાં 'સાત પ્રકારે અને નવ પ્રકારે જેમ જીવાજીવાદિ તત્ત્વનો વિભાગ શાસ્ત્રમાં સંમત છે, તેમ નયવિભાગ પણ સાત પ્રકારે અને નવ પ્રકારે અસંગત નહિ બને' - આ પ્રકારે દિગંબરોએ દલીલ કરવી યોગ્ય નથી. આનું કારણ એ છે કે તત્ત્વવિભાગ અંગે તો કેવલ મોક્ષઉપયોગી તત્ત્વબોધ કરાવવા સ્વરૂપ પ્રયોજનને લીધે તત્ત્વાર્થસૂત્રમાં જીવ-અજીવ વગેરે સાત તત્ત્વો બતાવેલા છે તથા સ્વર્ગસહિત મોક્ષઉપયોગી તત્ત્વબોધ કરાવવા સ્વરૂપ પ્રયોજનને લીધે નવતત્ત્વપ્રકરણ વગેરે ગ્રંથોમાં પુણ્ય-પાપસહિત નવ પ્રકારના તત્ત્વનો વિભાગ દર્શાવેલ છે. આમ જુદા-જુદા પ્રયોજનથી બે પ્રકારનો તત્ત્વવિભાગ સંભવે છે. પરંતુ સપ્તવિધ નયના બદલે દ્રવ્યાર્થિકાદિ પ્રસ્તુત નવવિધ નયને બતાવવાની પાછળ તો કોઈ અલગ પ્રકારનું પ્રયોજન છે જ નહિ. તો પછી શા માટે **અનુયોગદ્વારસૂત્ર, સ્થાનાંગસૂત્ર, તત્ત્વાર્થાધિગમ** મહાશાસ્ત્ર વગેરેમાં દર્શાવેલ સપ્તવિધ નયવિભાગનું ઉલ્લંઘન કરીને નવ પ્રકારનો નયવિભાગ દર્શાવવો ? નવ પ્રકારે નયનો વિભાગ કરવાની દેવસેનજીની પ્રવૃત્તિ આગમસૂત્રની આશાતના કરવા સ્વરૂપ કલંકથી દૂષિત છે. માટે નવ પ્રકારે નયનો વિભાગ કરવો વ્યાજબી નથી." મહોપાધ્યાયજીની આ વાત શાંતિથી વાગોળવી.

### ❀ કઠોરતાને છોડીએ ❀

**આધ્યાત્મિક ઉપનય** :- આ શ્લોકની વ્યાખ્યામાં બીજી વાર **અનેકાંતવ્યવસ્થાપ્રકરણ**નો સંવાદ દર્શાવતા પૂર્વે 'નવ પ્રકારે મૂલ નયનો વિભાગ બતાવવામાં કોઈ પણ પ્રકારનું આધ્યાત્મિક પ્રયોજન રહેલું નથી' - આવું કહેવાના બદલે 'નવ પ્રકારે મૂલ નયનો વિભાગ બતાવવામાં કોઈ પણ પ્રકારનું આધ્યાત્મિક પ્રયોજન જણાતું નથી' - આ મુજબ 'દ્રવ્યાનુયોગપરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં જણાવેલ છે. આવું કહેવાની પાછળ વ્યાખ્યાકારનો આશય પોતાની કઠોરતાના પરિહારનો છે. 'તમારી વાતમાં કોઈ પ્રયોજન રહેલું નથી' - આ પ્રમાણે આક્ષેપાત્મક ભાષામાં કહેવામાં આપણો પરિણામ કઠોર થાય. 'તમારી

तथाविधाऽऽक्षेपाऽकरणात्। एतावतेदं फलितं यदुत सत्यमपि स्वपरिणामनैष्ठुर्याऽऽपादकाऽऽक्षेपक-भाषया नैव वाच्यम्, अन्यथा सत्यप्रतिपादनलाभाऽपेक्षया स्वपरिणामनैष्ठुर्य-वैरपरम्परासर्जनादिव्य-याधिक्यापत्तेः।

तादृशाऽप्रशस्तभाषापरिहारतश्च "यदत्र चक्रिणां सौख्यं यच्च स्वर्गे दिवौकसाम्। कलयाऽपि न तत् तुल्यं सुखस्य परमात्मनाम्।।" (तत्त्वानु. २४६) इति **तत्त्वानुशासने नागसेनेन** दर्शितं सिद्धसुखं प्रत्यासन्नं भवेत् ।।८/१६।।

---

વાતમાં અમને કોઈ પ્રયોજન જણાતું નથી' - આવું બોલવામાં આપણો પરિણામ કઠોર થતો નથી. કારણ કે તેવું બોલવામાં સામેની વ્યક્તિ ઉપર આપણે કોઈ આક્ષેપ નથી કરતાં. આના ઉપરથી આ બોધપાઠ લેવા જેવો છે કે સાચી વાત પણ આપણા પરિણામ કઠોર થાય તેવી ભાષામાં, આક્ષેપકારી ભાષામાં કદાપિ બોલવી ન જોઈએ. અન્યથા સત્યપ્રરૂપણા કરવાનો જે લાભ થાય તેના કરતાં પણ પરિણામની કઠોરતા, વૈરપરંપરાસર્જન વગેરે સ્વરૂપ આધ્યાત્મિક નુકસાન વધી જાય તેવી સંભાવના જણાય છે.

### સંસારસુખ બિંદુ, સિદ્ધસુખ સિંધુ

**(तादृशा.)** તેવી અપ્રશસ્ત ભાષાને છોડવાથી **તત્ત્વાનુશાસન**માં વર્ણવેલ સિદ્ધસુખ નજીક આવે. ત્યાં **નાગસેન**જીએ જણાવેલ છે કે 'મનુષ્યલોકમાં ચક્રવર્તીઓને જે સુખ છે તથા સ્વર્ગમાં દેવોને જે સુખ છે, તે સિદ્ધ પરમાત્માઓના સુખના અંશની પણ તુલના નથી કરી શકતું.' મતલબ કે તમામ સાંસારિક સુખોના કહેવાતા મહાસાગરો સિદ્ધસુખના બિંદુ પાસે પણ વામણા છે, તુચ્છ છે, નગણ્ય છે. (૮/૧૬)

લખી રાખો ડાયરીમાં.....

- **બહારથી સોહામણી લાગતી વાસના અંદરથી બિહામણી છે. ઉપાસના નિતાંત સોહામણી છે.**
- **સાધના દૃશ્ય છે; સ્થૂળ છે. ઉપાસના અદૃશ્ય છે, સૂક્ષ્મ છે.**
- **જિનપ્રવચનના શ્રવણથી સાધનાનું સત્ત્વ સ્ફૂરે. દા.ત. મેઘકુમાર. જિન-વચનના સ્મરણથી ઉપાસનાનો ઉમંગ ઉમટે. દા.ત. નાગકેતુ (પૂજા).**

**ભિન્ન પ્રયોજન ❋વિણ કહિયા રે, સાત⧗ મૂલનય સૂત્ર;**
***તિણિં અધિકું કિમ ★કહિઉં રે, રાખિઈં નિજઘર સૂત્ર રે ॥૮/૧૭॥ (૧૨૫) પ્રાણી.**

ઈહાં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકઈં **ભિન્નોપદેશ**નું કોઈ **પ્રયોજન નથી.** તે માટઈં [1]**"सत्त मूलणया पन्नत्ता"**

---

देवसेनस्य सूत्राऽऽशातनामेव ग्रन्थकृदुपदर्शयति – '**भिन्ने**'ति।

**भिन्नप्रयोजनाऽभावे सूत्रोक्तं नयसप्तकम्।**
**सूत्रं निजगृहे क्षिप्त्वाऽधिकं किमुच्यते त्वया।।८/१७।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – सूत्रोक्तं नयसप्तकं (प्रसिद्धम्)। भिन्नप्रयोजनाऽभावे निजगृहे सूत्रं क्षिप्त्वा त्वया किम् अधिकमुच्यते ?।।८/१७।।

**सूत्रोक्तं** = [2]"से किं तं णए ? सत्त मूलणया पण्णत्ता। तं जहा – णेगमे, संगहे, ववहारे, उज्जुसुए, सद्दे, समभिरूढे, एवंभूए" (अनु.द्वा.सू.१५२) इत्येवम् **अनुयोगद्वारसूत्रेण** पूर्वोक्तेन (८/९) प्रदर्शितं **नयसप्तकं** प्रसिद्धम्। **विबुधविमलसूरिभिः**श्चापि **सम्यक्त्वपरीक्षायां** "नैगम-सङ्ग्रहौ ज्ञेयौ, व्यवहारर्जुसूत्रकौ। शब्द-समभिरूढैवम्भूताः सप्त नयाः स्मृताः।।" (स.प.१६) इत्येवमुक्तम्। **जैनस्याद्वादमुक्तावल्यां** (४/५) **यशस्वत्सागर**स्याप्ययमेवाभिप्रायः। तदुक्तं **नयकर्णिकायां विनयविजय**वाचकवर्येण अपि "नैगमः सङ्ग्रहश्चैव व्यवहारर्जुसूत्रकौ। शब्दः समभिरूढै-वम्भूतौ चेति नयाः स्मृताः।।" (न.क.२) इति। **भिन्नप्रयोजनाऽभावे** =

---

**અવતરણિકા** :- નવ પ્રકારના નયના પ્રકાર બતાવનાર દિગંબર દેવસેનજીને ગ્રંથકાર આગમની આશાતનાસ્વરૂપ દોષને જ દેખાડે છે :-

### ❁ મૂળ નય સાત : અનુયોગદ્વાર ❁

**શ્લોકાર્થ** :- અનુયોગદ્વારસૂત્રમાં સાત નય બતાવેલા છે. અલગ પ્રયોજન ન હોવા છતાં પોતાના ઘરમાં આગમસૂત્રને રાખી મૂકીને તમે કેમ અધિક પ્રતિપાદન કરો છો ? (૮/૧૭)

**વ્યાખ્યાર્થ** :- પૂર્વોક્ત (૮/૭) **અનુયોગદ્વારસૂત્ર** સંદર્ભમાં જણાવેલ છે કે 'નય કેટલા છે ? સાત મૂલ નય બતાવેલા છે. તે આ રીતે - (૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ, (૭) એવંભૂત નય.' આ રીતે સાત નય આગમપ્રસિદ્ધ છે. **વિબુધવિમલસૂરિજી**એ પણ **સમ્યકત્વપરીક્ષા** પ્રકરણમાં નૈગમાદિ સાત નયો જણાવેલ છે. **જૈન સ્યાદ્વાદમુક્તાવલીમાં યશસ્વત્સાગરજી**નો પણ આ જ અભિપ્રાય છે. **નયકર્ણિકા** ગ્રંથમાં ઉપાધ્યાય શ્રી**વિનયવિજયજી** મહારાજે પણ સાત નયો જણાવેલ છે. શાસ્ત્રકારોના પ્રયોજન કરતાં ભિન્ન પ્રયોજન ન હોવા છતાં હે દેવસેનજી ! સાત નયનું પ્રતિપાદન કરનારા

---

❋ પુસ્તકોમાં 'વિન' પાઠ. કો.(૯)નો પાઠ લીધો છે. લી.(૧)માં 'નવિ' પાઠ છે. ⧗ મો.(૨)માં 'ધૂલ...' અશુદ્ધ પાઠ.
* તિણિં = તિણઈં = તેણઈ = તેણે કરી = તે કારણે (આધારગ્રંથ- હરિવલ્લભ ભાયાણી સંપાદિત **તેરમા-ચૌદમા શતકના ત્રણ પ્રાચીન ગુજરાતી કાવ્યો, નેમિરંગરત્નાકરછંદ, કવિ લાવણ્ય સમયની લઘુકાવ્યકૃતિઓ, ધ વીસળદેવ રાસ**, પ્રકા. કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ, કેમ્બ્રિજ, ૧૯૭૬, **ષડાવશ્યક બાલાવબોધ**) ★ શાં.માં 'ભાષિઈં' પાઠ. કો.(૧)નો પાઠ લીધો છે.
1. सप्त मूलनयाः प्रज्ञप्ताः। 2. अथ किं ते नयाः ? सप्त मूलनयाः प्रज्ञप्ताः। तद् यथा - नैगमः, सङ्ग्रहः, व्यवहारः, ऋजुसूत्रः, शब्दः, समभिरूढः, एवम्भूतः।

(**अनु.द्वा.सू.१५२**) એહવું **સૂત્રઈં કહિઉં** છઈં, (**તિણિં**) તે ઉલ્લંઘી (**અધિકું**=) ૯ નય **કહિઈં**, તો (**નિજ**=) આપણાં **ઘરનું સૂત્ર કિમ** (**રાખિઈં**=) રહઈ? તે માટઈં "**નવ नयाः**" (**आ.प.पृ.६**) ☐એમ કહેતો ***દેવસેન બોટિક*** ઉત્સૂત્રભાષી જાણવો **इत्यर्थः**♦ ॥૮/૧૭॥

---

प्रयोजनविशेषविरहे सति **निजगृहे सूत्रं** = सप्तनयप्रतिपादकमनुयोगद्वारसूत्रवचनं **क्षिप्त्वा** = प्रक्षिप्य सूत्राद् **अधिकम्** = उत्सूत्रं नवविधनयनिरूपणलक्षणं **किमुच्यते त्वया** देवसेनेन ? कुत्सायां किंपदं ज्ञेयम्, "किं प्रश्ने कुत्स्नेऽपि च" (अ.स.परिशिष्ट-१२) इति **अनेकार्थसङ्ग्रह**वचनात्, यतः अनुयोगद्वारसूत्रमुल्लङ्घ्य नयत्वसाक्षाद्व्याप्यनवविधधर्मनिरूपणे क्रियमाणे स्वसमयगतं निरुक्तं सूत्रं कथं सङ्गच्छेत ? ततश्च **आलापपद्धतौ** "नव नयाः" (आ.प.पृ.६) इति वदन् दिगम्बरो देवसेन उत्सूत्रभाषितयाऽवसेयः। 'अहृदयवचसाम् अहृदयम् उत्तरम्' इति न्यायेनेदं बोध्यम्।

न केवलं देवसेनेन श्वेताम्बरसम्मतम् अनुयोगद्वारसूत्रम् उल्लङ्घितं किन्तु दिगम्बरशास्त्र-वृन्दमपि। तथाहि – दिगम्बरीये **तत्त्वार्थसूत्रे** "नैगम-सङ्ग्रह-व्यवहारर्जुसूत्र-शब्द-समभिरूढैवम्भूता नयाः" (त.सू.१/३३) इत्युक्तम्। **विद्यानन्दस्वामिना तत्त्वार्थश्लोकवार्तिके नयविवरणे** "सप्तैते नियतं युक्ताः नैगमस्य नयत्वतः" (न.वि.४०) इत्युक्त्या नैगमादयः सप्तैव मूलनया दर्शिताः। **लघीयस्त्रये अकलङ्कस्वामिना**ऽपि

---

**અનુયોગદ્વારસૂત્ર**ના વચનને પોતાના ઘરમાં રાખી મૂકીને નવ પ્રકારના નયની પ્રરૂપણા કરવા સ્વરૂપે ઉત્સૂત્રને તમે શું બોલો છો ? પોતાના ઘરની મર્યાદા જાળવવી જોઈએ. જુદી-જુદી વાતો કરવી ન જોઈએ. "પ્રશ્ન અને કુત્સા = જુગુપ્સ અર્થમાં 'किं' વપરાય" - આમ **અનેકાર્થસંગ્રહ**માં શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ જણાવેલ છે. તે મુજબ અહીં મૂળ શ્લોકમાં રહેલ 'किं' શબ્દ કુત્સા અર્થમાં જાણવો. કારણ કે અનુયોગદ્વારસૂત્રનું ઉલ્લંઘન કરીને નયત્વના સાક્ષાદ્ વ્યાપ્ય દ્રવ્યાર્થિકત્વ વગેરે નવ પ્રકારના ગુણધર્મોનું પ્રતિપાદન કરવામાં આવે તો આપણા સિદ્ધાન્તમાં રહેલ ઉપરોક્ત અનુયોગદ્વારસૂત્ર કઈ રીતે સંગત થશે ? બિલકુલ નહિ થાય. તેથી 'નયો નવ છે' - આ પ્રમાણે **આલાપપદ્ધતિ** ગ્રંથમાં બોલનાર દિગંબર **દેવસેન** ઉત્સૂત્રભાષી તરીકે જાણવો. આ રીતે અહીં દેવસેન પ્રત્યે જુગુપ્સા વ્યક્ત કરવામાં આવેલ છે. 'નિષ્ઠુર વાણીવાળા જીવોને નિષ્ઠુર જવાબ આપવો' - આ ન્યાયથી પ્રસ્તુત જવાબ સમજવો.

### ❯ દિગંબરસંપ્રદાયમાં પણ સાત નય માન્ય છે ❯

(**न केवलं.**) દિગંબર દેવસેનજીએ ફક્ત શ્વેતાંબરજૈનસંમત અનુયોગદ્વારસૂત્રનું ઉલ્લંઘન નથી કર્યું પરંતુ દિગંબર શાસ્ત્રસમૂહનું પણ તેણે ઉલ્લંઘન કરેલ છે. તે આ રીતે - દિગંબરીય **તત્ત્વાર્થસૂત્ર** ગ્રંથમાં જણાવેલ છે કે 'નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ૠજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત - આ નયો છે.' સંગ્રહ કે વ્યવહાર નયમાં નૈગમનયનો સમાવેશ ન કરનાર દિગંબર **વિદ્યાનંદસ્વામી**એ **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** ગ્રંથમાં **નયવિવરણ** પ્રકરણમાં જણાવેલ છે કે 'નૈગમ એ નય હોવાના લીધે પ્રસ્તુત સાત નય નિયતરૂપે માનવા યુક્તિસંગત છે.' આવું કહેવા દ્વારા તેમણે પણ 'મૂળ નય નૈગમ વગેરે સાત જ છે' - આમ દર્શાવેલ છે. 'શ્રુતવિશેષાત્મક નયો નૈગમાદિ પ્રકારે સાત છે' - આ મુજબ **લઘીયસ્ત્રય** ગ્રંથમાં કહેવા દ્વારા

---

☐ 'એમ' ૫૬ પુસ્તકોમાં નથી. કો.(૯)+સિ.+આ.(૧)માં છે. ♦ ફક્ત કો.(૧૩)માં જ 'ઈત્યર્થઃ' પાઠ છે.

"श्रुतभेदा नयाः सप्त नैगमादिप्रभेदतः" (ल.त्र.६७) इत्युक्त्या सप्तैव नया इति सूचितम्।

ततश्चोत्सूत्रभाषणाऽपसिद्धान्तदोषौ देवसेनस्य दुर्वारौ। तत्राऽपि उत्सूत्रभाषणन्तु महादोषः। तदुक्तं **गुरुस्थापनाशतके श्रीधरेण** [1]"एगे उस्सुयवयणे जंपिए जं हवेइ बहु पावं। तं सयजीहो वि नरो न तीरए कहिउ वाससए।।" (गु.स्था.श.८८) इति भावनीयम्।

स्वयमेव **देवसेनेना**ऽपि **नयचक्रे** [2]"पढमतिया दव्वत्थी, पज्जवगाही य इयर जे भणिया" (न.च.४४) इत्युक्त्वा 'स्वशस्त्रं स्ववधाय' इति न्यायः अनुसृतः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – निष्प्रयोजनं स्वबुद्ध्या आगमवैलक्षण्येन पदार्थप्रतिपादने उत्सूत्रप्ररूपणा-जिनागमाशातना-दीर्घसंसारित्वादिदोषापत्तेः पारमेश्वरप्रवचनोक्तपदार्थप्रतिपादनात् पूर्वं (१) प्रकृते

---

**અકલંકસ્વામી**એ પણ 'મૂલનય સાત જ છે' - તેમ સૂચિત કરેલ છે. જો તેમના મતે નવ મૂલનયો હોત તો સાતના બદલે નવ નયનું અર્થનય-શબ્દનયમાં વિભાજન તેમણે કર્યું હોત. પણ તેમણે તેમ કરેલ નથી. તેથી મૂલનયો સાત જ છે - તેમ ફલિત થાય છે. આથી દિગંબર-શ્વેતાંબર બન્ને પ્રકારના સંપ્રદાયના પ્રાચીન ગ્રંથોમાં નયના સાત પ્રકાર જ માન્ય છે, નવ નહિ - આવું ફલિત થાય છે.

### ❋ ઉત્સૂત્રપ્રરૂપણા મોટો દોષ ❋

(**तत.**) તેથી આગમિક પરિભાષા મુજબ ઉત્સૂત્રભાષણ અને દાર્શનિક પરિભાષા મુજબ અપસિદ્ધાન્ત - આ બે દોષ દેવસેનને દુર્વાર બનશે. આગમનું ઉલ્લંઘન કરવાથી ઉત્સૂત્રભાષણ તથા દિગંબર પૂર્વાચાર્યોના વચનનું ઉલ્લંઘન કરવાથી અપસિદ્ધાન્ત દોષ દુર્વાર છે. આ બન્નેમાં પણ ઉત્સૂત્રભાષણ તો બહુ મોટો દોષ છે. તેથી જ **ગુરુસ્થાપનાશતક**માં **શ્રીધરે** જણાવેલ છે કે 'ફક્ત એક ઉત્સૂત્રવચન બોલવામાં આવે તેનાથી જે પુષ્કળ પાપ લાગે છે, તેને સો વર્ષ સુધી સેંકડો જીભવાળો વિદ્વાન માણસ કહે તો પણ તે પૂરેપૂરું પાપકથન કરવા માટે શક્તિમાન નથી.' આ બાબતની ઊંડાણથી વિભાવના કરવી.

### ❋ પોતાનું શાસ્ત્ર-શસ્ત્ર પોતાના વધ માટે ❋

(**स्वय.**) ખુદ દેવસેને પણ જાતે જ **નયચક્ર**માં 'નૈગમ, સંગ્રહ, વ્યવહાર - આ પ્રથમ ત્રણ નય દ્રવ્યાર્થિક છે. તથા બાકીના બતાવેલા ઋજુસૂત્રાદિ ચાર નયો પર્યાયગ્રાહી = પર્યાયાર્થિક છે' - આ કહીને મૂળ નય સાત સ્વીકારીને તેનો બે નયમાં સમવતાર કર્યો છે. મતલબ કે ત્યાં નવ નય નથી જણાવ્યા. તથા **આલાપપદ્ધતિ**માં **દેવસેને** નવ નય બતાવેલા છે. તેથી દેવસેનનું વચનાત્મક = શાસ્ત્રસ્વરૂપ શસ્ત્ર દેવસેનના પોતાના જ વધ (= નિગ્રહ કે પરાજય) માટે બને તેવા ન્યાયને દેવસેન અનુસરે છે.

### ❋ બોલતા પૂર્વે સાવધાની ❋

[illegible] :- વગર કારણે, વગર પ્રયોજને આપણી બુદ્ધિથી આગમ કરતાં અલગ રીતે કોઈ પણ પદાર્થનું પ્રતિપાદન કરવામાં ઉત્સૂત્રપ્રરૂપણા, આગમઆશાતના, દીર્ઘસંસારિત્વ વગેરે દોષો વળગી પડતાં વાર નથી લાગતી. તેથી કાંઈ પણ બોલતા પૂર્વે (૧) 'આ બાબતમાં આગમશાસ્ત્રો શું કહે છે?

---

1. एकस्मिन् उच्छ्रुतवचने जल्पिते यद् भवति बहु पापम्। तत् शतजिह्वोऽपि नरो न तरति कथयितुं वर्षशतम्।।

2. प्रथमत्रिका द्रव्यार्थिकाः, पर्यायग्राहिणश्च इतरे ये भणिताः।

जिनागमाभिप्रायः कीदृशः ? (२) मदीयप्ररूपणयाऽऽगमाऽऽशातना स्यान्न वा ? (३) पूर्वाचार्यपरम्परापराङ्मुखता ममाऽऽपद्येत न वा ?' इत्यादिकं स्वचेतसि विचारणीयम्। ततश्च "अत्यक्षं विषयातीतं निरौपम्यं स्वभावजम्। अविच्छिन्नं सुखं यत्र स मोक्षः परिपठ्यते।।" (ज्ञाना.१३/८) इति **ज्ञानार्णवे शुभचन्द्राचार्येण** दर्शितः मोक्षः निकटः स्यात्।।८/१७।।

(૨) મારા બોલવાથી આગમની આશાતના તો નહિ થાય ને ? (૩) પૂર્વાચાર્યોથી વિમુખ થઈને તો હું નથી બોલી રહ્યો ને ?' ઈત્યાદિ બાબતની કાળજી રાખવી અનિવાર્ય છે. તેવી કાળજીના લીધે **જ્ઞાનાર્ણવ**માં દિગંબરાચાર્ય **શુભચંદ્રજી**એ વર્ણવેલ મોક્ષ નિકટ આવે. ત્યાં જણાવેલ છે કે 'જ્યાં (૧) અતીન્દ્રિય, (૨) વિષયાતીત, (૩) અનુપમ, (૪) સ્વભાવજન્ય - સ્વાધીન, (૫) અવિચ્છિન્ન-અખંડ-નિરંતર સુખ હોય તે મોક્ષ કહેવાય છે.' (૮/૧૭)

લખી રાખો ડાયરીમાં.....

- **સાધનાના પ્રાણ છે - એકાગ્રતા, બુદ્ધિની સૂક્ષ્મતા, વિધિપાલન અને નિયમિતતા.**

  **ઉપાસનાના પ્રાણ છે - અહોભાવ, હૃદયની સ્વચ્છતા, સરળતા, શ્રદ્ધા અને ભક્તિ.**

- **બુદ્ધિને પોતાના અંતરાય ટાળવામાં રસ છે.**

  **શ્રદ્ધાને બીજાના અંતરાય ટાળવામાં રસ છે.**

- **આવેગ-આવેશ-આતુરતા વાસનાને વરેલા છે.**

  **ઉપાસના શાંત-પ્રશાંત-ઉપશાંત-ઠરેલ છે.**

- **ઉત્તરસાધક વિના સાધનાની પૂર્તિ મુશ્કેલ છે.**

  **ઉપાસનામાં તો ઉપાસ્ય અને ઉપાસક વચ્ચે અદ્વૈત ઝળહળે છે.**

- **સાધના પ્રભુનો વિયોગ મિટાવે છે.**

  **દા.ત. મુનિ જમાલિ.**

  **ઉપાસના પ્રભુનું વિસ્મરણ હટાવે છે.**

  **દા.ત. અનુપમા દેવી.**

♦દશભેદાદિક પણિ ઈહાં રે, ⁑ઉપલક્ષણ કરી જાણી;

નહીં તો ✡કહો ♦અંતર્ભાવઈ રે, પ્રદેશાર્થ કુણ ઠાણિ રે ? ॥૮/૧૮॥ (૧૨૬) પ્રાણી.

ઈહાં = *નયચક્ર* ગ્રંથમાંહિ, દિગંબરઈં દ્રવ્યાર્થિકાદિ ૧૦ ભેદાદિક કહિયાં, તે **પણિ ઉપલક્ષણ કરી** જાણો. **નહીં તો પ્રદેશાર્થ**નય **કુણ ઠાણિ** આવઈ ? તે વિચારયો. **उक्तं च सूत्रे** – [1]"दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठ-पएसट्ठयाए" इत्यादि।

नवमूलनयविभागवैतथ्यमुपदर्श्य तत्प्रभेदविभागवैतथ्यमुपदर्शयति – '**दशे**'ति।

**दशभेदादिरप्यत्र ज्ञेयः कृत्वोपलक्षणम्।**

**अन्तर्भावोऽन्यथा ब्रूहि प्रदेशार्थस्य कुत्र नु ?॥८/१८॥**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – अत्र दशभेदादिरपि उपलक्षणं कृत्वा ज्ञेयः। अन्यथा प्रदेशार्थस्य अन्तर्भावः कुत्र नु ? (तत्) ब्रूहि॥८/१८॥

**अत्र** = नयचक्रप्रकरणे आलापपद्धतिप्रकरणे च देवसेनप्रदर्शितः **दशभेदादिः** = दशविध-द्रव्यार्थिकनय-षड्विधपर्यायार्थिकादिः **अपि उपलक्षणं कृत्वा ज्ञेयः**, न तु विभागरूपेण। **अन्यथा** = दशविधद्रव्यार्थिकनय-षड्विधपर्यायार्थिक-त्रिविधनैगम-द्विविधसङ्ग्रहादिरूपेण नवविधनयावान्तरनयविभजने हे देवसेन ! **ब्रूहि प्रदेशार्थस्य** = प्रदेशार्थनयस्य **अन्तर्भावः** = समावेशः दशविधद्रव्यार्थिकादिनयमध्ये **कुत्र नु** स्यात् ? तथा तदसमावेशाद् नवविधनयावान्तरनयविभागस्य न्यूनता स्यात्, विभाज्यतावच्छेदकाऽऽक्रान्तस्य क्लृप्तविभाज्यतावच्छेदकव्याप्यधर्माऽनाश्रयत्वात्। "नु प्रश्ने" (अ.स.परिशिष्ट-१६)

**અવતરણિકા** :- દિગંબર દેવસેનજી દ્વારા કરાયેલ નવ મૂલનયવિભાગમાં ખોટાપણું જણાવી, 'તે મૂલનયના પ્રભેદોનો વિભાગ પણ મિથ્યા છે' - એવું જણાવવા ગ્રંથકારશ્રી કહે છે કે :-

### ❋ પ્રદેશાર્થનય વિચારણા ❋

**શ્લોકાર્થ** :- પ્રસ્તુતમાં દશભેદ વગેરે પણ ઉપલક્ષણ કરીને જાણવા. અન્યથા પ્રદેશાર્થનયનો અંતર્ભાવ ક્યાં થશે ? તે તમે જણાવો. (૮/૧૮)

**વ્યાખ્યાર્થ** :- **નયચક્રપ્રકરણ** તથા **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેનજી**એ જણાવેલ દ્રવ્યાર્થિકનયના દશ ભેદ તથા પર્યાયાર્થિકનયના છ ભેદ વગેરે પણ ઉપલક્ષણ કરીને જાણવા, વિભાગસ્વરૂપે નહિ. જો આવું માનવામાં ન આવે અર્થાત્ પ્રથમ દ્રવ્યાર્થિકનય દશ પ્રકારે છે. બીજો પર્યાયાર્થિકનય છ પ્રકારે છે. ત્રીજો નૈગમનય ત્રણ પ્રકારે છે. .....ઈત્યાદિરૂપે નવ પ્રકારના નયનો અવાન્તર વિભાગ પાડવામાં આવે તો હે દેવસેન ! તમે બોલો - પ્રદેશાર્થનયનો સમાવેશ દશવિધ દ્રવ્યાર્થિકનય વગેરેમાં કયા સ્થળે થશે ? એકેયમાં તેનો અંતર્ભાવ થઈ શકે તેમ નથી. **અનેકાર્થસંગ્રહકોશ** મુજબ પ્રશ્ન અર્થમાં અહીં 'नु' જણાવેલ છે. પ્રદેશાર્થનયનો તેમાં સમાવેશ ન થવાથી દેવસેનદર્શિત નવવિધ નયના અવાન્તર

♦ કો.(૧+૨)માં 'દેશ...' પાઠ. ⁑ મો.(૨)માં 'ઉજલ...' અશુદ્ધ પાઠ. ✡ કો.(૪)માં 'કિમ' પાઠ. ♦ કો.(૪+૫+૬+૮)માં 'અંતર્ભવઈ' પાઠ. કો.(૯) + સિ.માં 'અંતર્ભવિ' પાઠ. 1. द्रव्यार्थतया, प्रदेशार्थतया, द्रव्यार्थ-प्रदेशार्थतया।

इति **अनेकार्थसङ्ग्रहवचनादत्र** नु प्रश्नार्थे बोध्यः।

***यथा*** 'एक-द्वि-त्रि-चतुरिन्द्रिया जीवाः' इति जीवविभागोपदर्शने न्यूनता, विभाज्यतावच्छेदकीभूत-जीवत्वधर्माश्रयाणां हयादीनां पञ्चेन्द्रियजीवानां विभाज्यतावच्छेदकव्याप्यैकेन्द्रियत्वादिचतुष्टयान्यतमाऽनाश्रयत्वात् ***तथा*** 'द्रव्यार्थिकादयो दशविध-षड्विधादयः' इति मूलनयावान्तरनयविभागदर्शने न्यूनतादोषस्याऽपरिहार्यत्वमेव, विभाज्यतावच्छेदकीभूतद्रव्यार्थिकनयत्वाश्रयस्य प्रदेशार्थनयस्य विभाज्यतावच्छेदकव्याप्यकर्मोपाधिशून्यशुद्धद्रव्यार्थिकत्वादिदशकान्यतमाऽनाश्रयत्वात्।

***न च*** प्रदेशार्थनय एव नास्तीति न न्यूनतादोष इति ***वाच्यम्,*** सोमिलवक्तव्यतायां **भगवतीसूत्रे**

---

નયવિભાગમાં ન્યૂનતા દોષ લાગુ પડશે. કારણ કે વિભાજ્યતાઅવચ્છેદકધર્મથી આક્રાંત હોવા છતાં પ્રદેશાર્થનય આવશ્યક વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય એવા દેવસેનદર્શિત કોઈ પણ ધર્મનો આશ્રય બનતો નથી.

### ❀ નવનયવિભાગમાં પણ ન્યૂનતા ❀

(**यथा.**) વિભાજ્યતાઅવચ્છેદક ધર્મથી વિશિષ્ટ જે જે પદાર્થ હોય તે તમામ જો કોઈક વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ધર્મનો આશ્રય બને તો જ તે વિભાગ સમ્યક્ કહેવાય. જો વિભાજ્યતાઅવચ્છેદક ધર્મનો આશ્રય એ વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ધર્મનો આશ્રય ન બને તો વિભાગમાં ન્યૂનતા દોષ લાગુ પડે. દા.ત. 'જીવના ચાર ભેદ છે - (૧) એકેન્દ્રિય, (૨) બેઈન્દ્રિય, (૩) તેઈન્દ્રિય, (૪) ચઉરિંદ્રિય' - આ પ્રમાણે જીવનો વિભાગ બતાવવામાં આવે તો તેમાં ન્યૂનતા દોષ રહેલો છે. કારણ કે વિભાજ્યતાઅવચ્છેદકીભૂત જીવત્વ ધર્મનો આશ્રય હોવા છતાં પણ ઘોડો, ગાય વગેરે પંચેન્દ્રિય જીવો વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય એકેન્દ્રિયત્વ, બેઈન્દ્રિયત્વ વગેરે વિવક્ષિત ચાર ધર્મોમાંથી એકનો પણ આશ્રય બનતા નથી. તેમ 'નયો નવ પ્રકારના છે. દ્રવ્યાર્થિક વગેરે નવ નયો ક્રમશઃ દશવિધ, ષડ્વિધ વગેરે પ્રકારે છે' - આ પ્રમાણે દેવસેનજીએ દર્શાવેલ મૂલનયનો અવાન્તર નયવિભાગ પણ ન્યૂનતા દોષથી ગ્રસ્ત છે. કારણ કે વિભાજ્યતાઅવચ્છેદકીભૂત દ્રવ્યાર્થિકનયત્વ નામના ગુણધર્મનો આશ્રય હોવા છતાં પ્રદેશાર્થનય પ્રસ્તુતમાં વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય તરીકે જણાવેલ કર્મોપાધિરહિત શુદ્ધ દ્રવ્યાર્થિકત્વ વગેરે દશ ગુણધર્મોમાંથી એક પણ ગુણધર્મનો આશ્રય બનતો નથી. ટૂંકમાં, પંચેન્દ્રિય જીવનો ઉપરોક્ત ચાર પ્રકારના જીવોમાં સમાવેશ ન થવાથી જેમ ઉપરોક્ત ચતુર્વિધ જીવવિભાગ ન્યૂનતાદોષથી ગ્રસ્ત છે, તેમ પ્રદેશાર્થનયનો દશ દ્રવ્યાર્થિકનયોમાં સમાવેશ ન થવાથી દશવિધ દ્રવ્યાર્થિકનય વગેરે અવાન્તરનયવિભાગ ન્યૂનતાદોષથી ગ્રસ્ત છે. તેથી દશવિધ દ્રવ્યાર્થિકનય વગેરેનું પ્રદર્શન પણ અવાન્તર નયવિભાગસ્વરૂપ નથી, પણ ઉપલક્ષણ છે - તેમ સમજવું વ્યાજબી છે. ઉપલક્ષણ અન્યવિધ નયનું અસ્તિત્વ સ્વીકારે છે. જ્યારે નયવિભાગવાક્ય કે અવાન્તરનયવિભાગવાક્ય અન્યવિધ નયનું કે અવાન્તરનયનું અસ્તિત્વ માન્ય કરતો નથી. માટે દશવિધાદિનયદર્શક વાક્યને ઉપલક્ષણ કહેવામાં દોષ નથી. પણ વિભાગવાક્ય કહેવામાં ન્યૂનતા દોષ આવે છે.

### ❀ સોમિલ વક્તવ્યતા વિચાર ❀

(**न च.**) 'પ્રદેશાર્થનય જ શાસ્ત્રમાન્ય નથી. માટે નવવિધ નયમાં તેનો સમાવેશ ન થવાનો કે તન્નિમિત્તક ન્યૂનતા દોષ આવવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો' - આ મુજબ અહીં શંકા ન

तस्य निर्देशात्। तदुक्तं तत्र [1]"दव्वट्ठियाए एगे अहं, नाण-दंसणट्ठयाए दुविहे अहं, पएसट्ठयाए अक्खए वि अहं..." (भ.सू.१८/१०/६४७) इति। **तद्वृत्तिलेशस्त्वेवम्** "जीवद्रव्यस्यैकत्वेन द्रव्यार्थतया 'एकोऽहं', न तु प्रदेशार्थतया, तेषामसङ्ख्येयत्वात्। तथा कञ्चित्स्वभावमाश्रित्यैकत्वसङ्ख्याविशिष्टस्यापि पदार्थस्य स्वभावान्तरद्वयापेक्षया द्वित्वमपि न विरुद्धमित्यत उक्तं 'नाण-दंसणट्ठयाए दुविहे अहं' इति। तथा प्रदेशार्थतयाऽसङ्ख्येयप्रदेशतामाश्रित्य अक्षतोऽप्यहम्, सर्वथा प्रदेशानां क्षयाभावाद्" (भ.सू.१८/१०/६४७ वृ.)। सोमिलवक्तव्यतारहस्यं तु अवोचाम **अध्यात्मवैशारद्याम् अध्यात्मोपनिषद्वृत्तौ** (१/३०-३१)।

अत्र हि प्रदेशार्थनयो दर्शित एव। न च तस्य दशविधद्रव्यार्थिकनयविभागे समावेशः सम्भवति, द्रव्यार्थिकनयविभाज्यताऽवच्छेदकव्याप्यधर्माऽनाक्रान्तत्वात्। ***न च*** द्रव्यार्थिकनयसामान्ये तस्यान्तर्भावोऽस्तु इति ***वाच्यम्,*** अखण्डस्कन्धग्राहकसामान्यद्रव्यार्थनयापेक्षया भगवता स्वस्मिन् एकत्वस्यैवोक्तत्वात्, प्रदेशार्थनयेन त्वसङ्ख्येयत्वस्याभिप्रेतत्वात्। तत्र तदन्तर्भावे च प्रदेशार्थतयाऽक्षतत्वा-

કરવી. કારણ કે **ભગવતીસૂત્ર**ના અઢારમા શતકમાં **સોમિલ** બ્રાહ્મણના પ્રશ્નનો જવાબ આપવાના અવસરે પ્રદેશાર્થનયનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ત્યાં ભગવાન મહાવીરે સોમિલ બ્રાહ્મણને જણાવેલ છે કે 'દ્રવ્યાર્થથી હું એક છું. જ્ઞાન-દર્શનાર્થથી હું દ્વિવિધ છું. પ્રદેશાર્થથી હું અક્ષય પણ છું.' શ્રી**અભયદેવસૂરિજી** મહારાજે ઉપરોક્ત ભગવતીસૂત્રવચનની વ્યાખ્યા કરતાં જે જણાવેલ છે, તેનો પ્રસ્તુતમાં ઉપયોગી અંશ આ મુજબ છે કે "જીવ દ્રવ્ય એક હોવાથી દ્રવ્યાર્થથી = દ્રવ્યદષ્ટિએ 'હું એક છું.' પરંતુ પ્રદેશાર્થથી = આત્મપ્રદેશદષ્ટિએ હું એક નથી. કારણ કે આત્મપ્રદેશો તો અસંખ્ય છે. તેમ જ કોઈક સ્વભાવને આશ્રયીને એક = એકત્વસંખ્યાયુક્ત પણ પદાર્થ અન્ય બે સ્વભાવને આશ્રયીને દ્વિત્વ સંખ્યાથી યુક્ત હોય તો પણ તેમાં કોઈ વિરોધ આવતો નથી. તેથી જ ભગવાને જણાવેલ છે કે 'જ્ઞાન અને દર્શન સ્વભાવની દષ્ટિએ હું દ્વિવિધ = દ્વિત્વસંખ્યાયુક્ત પણ છું.' તથા પ્રદેશાર્થથી = આત્મપ્રદેશદષ્ટિથી અસંખ્ય આત્મપ્રદેશની અપેક્ષાએ 'હું અક્ષય પણ છું.' કારણ કે સર્વ પ્રકારે આત્મપ્રદેશોનો નાશ થતો નથી." સોમિલવક્તવ્યતાનું રહસ્ય અમે **અધ્યાત્મોપનિષદ્**ની **અધ્યાત્મવૈશારદી** વ્યાખ્યામાં જણાવેલ છે.

## ❋ પ્રદેશાર્થનયવિચાર ❋

(**अत्र.**) અહીં આપણે જોઈ શકીએ છીએ કે ભગવાને સ્વયં પ્રદેશાર્થનય બતાવેલ જ છે. માટે 'પ્રદેશાર્થનય આગમોક્ત નથી' - એવું કહી શકાતું નથી. દેવસેનજીએ જે દશ પ્રકારના દ્રવ્યાર્થિકનય બતાવેલ છે, તેમાં તો પ્રદેશાર્થનયનો સમાવેશ નથી જ થઈ શકતો. કારણ કે દ્રવ્યાર્થિકનયના દેવસેનદર્શિત વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય કર્મોપાધિરહિતશુદ્ધદ્રવ્યાર્થિકત્વાદિ દશ ગુણધર્મોમાંથી એક પણ વિભાજ્યતા-અવચ્છેદકવ્યાપ્યધર્મ પ્રસ્તુત પ્રદેશાર્થનયમાં રહેતો નથી. તેથી પૂર્વોક્ત ન્યૂનતાદોષ દુર્વાર બનશે. દ્રવ્યાર્થિક-નયસામાન્યમાં પ્રદેશાર્થનયનો અંતર્ભાવ થઈ નથી શકતો. કારણ કે અખંડ સ્કંધ દ્રવ્યના ગ્રાહક એવા દ્રવ્યાર્થિકનયસામાન્યની અપેક્ષાએ ભગવાને પોતાનામાં એકત્વ સંખ્યા જ દર્શાવેલ છે. પ્રદેશાર્થનયની દષ્ટિએ તો ભગવાનને પોતાનામાં અસંખ્યાતત્વ જ અભિપ્રેત છે. કારણ કે આત્મપ્રદેશો અસંખ્ય છે.

1. द्रव्यार्थिकतया एकोऽहम्, ज्ञान-दर्शनार्थतया द्विविधोऽहम्, प्रदेशार्थतया अक्षतोऽप्यहम्...।

તથા કર્મોપાધિસાપેક્ષ❖જીવ⌘ભાવગ્રાહક દ્રવ્યાર્થિક જિમ કહિઓ, તિમ જીવસંયોગસાપેક્ષ*પુદ્ગલભાવગ્રાહક નય પણિ ભિન્ન કહિઓ જોઇઇ, ઈમ અનંત ભેદ થાઇ.

ऽभिधानमप्यनतिप्रयोजनं स्यात्, द्रव्यार्थिकसम्मतशाश्वतत्वग्राहकतया प्रदेशार्थनयस्य विभाज्यताऽवच्छेदकाऽऽक्रान्तत्वेऽपि विभाज्यताऽवच्छेदकव्याप्यधर्मशून्यत्वाद् विभागन्यूनतादोषश्च दुर्वार एव स्यादिति *दिक्*।

किञ्च, यथा कर्मोपाधिसापेक्षजीवभावग्राहकोऽशुद्धद्रव्यार्थिकनयः द्रव्यार्थिकचतुर्थभेदरूपेण कथितः तथा जीवसंयोगसापेक्षपुद्गलभावग्राहकनयोऽपि पृथग् वक्तव्यः स्यात्। एवं परमभावग्राहकद्रव्यार्थिकनयवद् अपरमभावग्राहकद्रव्यार्थिकनयोऽपि 'दर्शनस्वरूप आत्मा' इत्यादिप्रतिपादकः पृथक् स्वीकर्तव्यः स्यात्। एवं प्रातिस्विकतत्तद्विशेषधर्मपुरस्कारेण अनन्ताः नयभेदाः प्रसज्येरन्। ततश्च न दशविधद्रव्यार्थिकप्रभृत्यष्टाविंशतिविधाऽवान्तरनयप्रदर्शकवाक्यस्य मूलनयावान्तरनयविभागवाक्य-

વળી, દ્રવ્યાર્થિકનયસામાન્યમાં પ્રદેશાર્થનયનો અંતર્ભાવ કરવામાં આવે તો પ્રદેશાર્થનયથી અક્ષયત્વ = અવિનાશિત્વ = શાશ્વતત્વ દર્શાવવાનું કોઈ વિશેષ પ્રયોજન પણ રહેતું નથી. પ્રદેશાર્થનયનો દ્રવ્યાર્થિકનયસામાન્યમાં સમાવેશ થઈ જતો હોય તો ભગવાને દ્રવ્યાર્થિકનયસામાન્યની દૃષ્ટિએ જ એકત્વ અને અવિનાશિત્વ - આ બન્ને ગુણધર્મો પોતાનામાં દર્શાવેલ હોત. પરંતુ તેવું જણાવેલ નથી. દ્રવ્યાર્થથી એકત્વ અને પ્રદેશાર્થથી અક્ષતત્વ દર્શાવેલ છે. તેથી દશ વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ધર્મથી શૂન્ય એવા દ્રવ્યાર્થિકનયસામાન્યરૂપે પ્રદેશાર્થિકનયને માની શકાય નહિ - તેવું સિદ્ધ થાય છે. તથા પ્રદેશાર્થનયને દ્રવ્યાર્થિકસામાન્યરૂપ માનો તો પણ દશવિધ દ્રવ્યાર્થિકવિભાગમાં તેનો સમાવેશ ન થવાથી પૂર્વોક્ત વિભાગન્યૂનતા દોષ તો ઊભો જ રહેશે. કેમ કે દ્રવ્યાર્થિકસંમત શાશ્વતત્વને ગ્રહણ કરવાથી પ્રદેશાર્થનયમાં વિભાજ્યતાઅવચ્છેદક હોવા છતાં વિભાજ્યતાઅવચ્છેદકવ્યાપ્ય ધર્મ રહેતો નથી. અહીં જે કહેવામાં આવેલ છે તે તો એક દિગ્દર્શન માત્ર છે. હજુ આના આધારે આગળ ઉપર ઘણું વિચારી શકાય તેમ છે. આ હકીકતને જણાવવા માટે 'પરામર્શકર્ણિકા' વ્યાખ્યામાં 'दिक्' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે.

### દેવસેનીય નયવિભાગમાં ન્યૂનતા

(**किञ्च.**) વળી, બીજી વાત એ છે કે દિગંબર દેવસેનજીએ **નયચક્ર** ગ્રંથમાં જેમ કર્મોપાધિસાપેક્ષ જીવભાવગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિકનયને દ્રવ્યાર્થિકના ચોથા ભેદ રૂપે જણાવેલ છે, તેમ જીવસંયોગસાપેક્ષ પુદ્ગલભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયને પણ જુદો દર્શાવવો જોઈએ. તે જ રીતે પરમભાવગ્રાહક દશમા દ્રવ્યાર્થિકનયની જેમ અપરમભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય પણ અલગ બતાવવો જોઈએ. 'અપરમભાવગ્રાહક નય શેનું પ્રતિપાદન કરશે ?' - તેવી શંકા ન કરવી. કારણ કે જ્ઞાન ગુણ જેમ આત્માનો પરમભાવ છે, તેમ દર્શનગુણ આત્માનો અપરમભાવ છે. તેથી પરમભાવગ્રાહક નય 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે' - આ પ્રમાણે પ્રતિપાદન કરે છે, તેમ અપરમભાવગ્રાહક નય 'આત્મા દર્શનસ્વરૂપ છે' - આ પ્રમાણે પ્રતિપાદન કરી શકે છે. આમ પ્રાતિસ્વિક = વ્યક્તિગત તે તે વિશેષ ગુણધર્મોને શોધી, તેને આગળ

❖ કો.(૧૨)માં 'સાપેક્ષાજીવ' પાઠ. ⌘ લી.(૩)માં 'જીવાભાવ' અશુદ્ધ પાઠ છે. * કો.(૧૨)માં 'સાપેક્ષાપુ..' પાઠ.

તથા પ્રસ્થકાદિ §દૃષ્ટાંતઈં નૈગમાદિકના અશુદ્ધ, અશુદ્ધતર, અશુદ્ધતમ, શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમાદિ ભેદ (**કહો**) કિહાં (**અંતર્ભાવઈં=**) સંગ્રહિયા જાઇ ? "ઉપચાર માટઈં તે ઉપનય કહિઈં" - તો અપસિદ્ધાંત થાઈ. ***અનુયોગદ્વારઈં*** તે નયભેદ દેખાડયા છઇ. ॥૮/૧૮॥

रूपता सम्भवति, न्यूनतापत्तेः।

किञ्च, प्रस्थक-वसतिप्रमुखदृष्टान्तैः नैगमादेः अशुद्धाऽशुद्धतराऽशुद्धतम-शुद्ध-शुद्धतर-शुद्धतमादिभेदाः नवविधमूलनयानामष्टाविंशतिभेदेषु मध्ये कुत्राऽन्तर्भावनीयाः? न चोपचारभावेन प्रवर्तनात् ते उपनयाः, अपसिद्धान्तापातात्। **अनुयोगद्वारसूत्रे** नयभेदत्वेन तेषामुपदर्शनात्। तदुक्तं तत्र [1]"से किं तं नयप्पमाणे ?, नयप्पमाणे तिविहे पण्णत्ते, तं जहा - पत्थगदिट्ठंतेणं, वसहिदिट्ठंतेणं, पएसदिट्ठंतेणं। से किं तं पत्थगदिट्ठंतेणं ?, पत्थगदिट्ठंतेणं से जहानामए केई पुरिसे परसुं गहाय अडवीहुत्ते गच्छेज्जा, तं पासित्ता केई वएज्जा - कहिं भवं गच्छसि ? अविसुद्धो नेगमो भणइ - पत्थगस्स गच्छामि। तं च केई छिंदमाणं पासित्ता वएज्जा - किं भवं छिंदसि ? विसुद्धो नेगमो भणइ - पत्थयं छिंदामि। तं च केई तच्छमाणं पासित्ता

કરીને જુદા-જુદા નયને બતાવવામાં આવે તો નયના અનંતા ભેદો માનવાની આપત્તિ દેવસેનજીને લાગુ પડશે. તેથી દશ વિશેષ ગુણધર્મોને શોધીને દ્રવ્યાર્થિકનયના દશભેદ બતાવવાની દેવસેનજીની વાત વ્યાજબી નથી. તેથી દ્રવ્યાર્થિકનયના દશભેદ, પર્યાયાર્થિકના છ ભેદ... એમ કુલ ૨૮ પ્રકારે અવાન્તરનયના ભેદોને દર્શાવનાર વાક્ય મૂલનયના અવાન્તરનયો સંબંધી વિભાગવાક્ય બની શકતું નથી. તેને અવાન્તર-નયવિભાગવાક્ય માનવામાં ઉપરોક્ત ભેદોનો સમાવેશ ન થવાથી પૂર્વવત્ ન્યૂનતાદોષ લાગુ પડે છે.

## પ્રસ્થક ઉદાહરણમાં નૈગમનયના વિવિધ અભિપ્રાયો

(**किञ्च.**) વળી, હજુ એક અગત્યની વાત એ છે કે પ્રસ્થક, વસતિ વગેરે દૃષ્ટાંતથી નૈગમ વગેરે નયના જે અશુદ્ધ, અશુદ્ધતર, અશુદ્ધતમ, શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ આદિ ભેદો દર્શાવેલ છે, તે ભેદોનો દેવસેનજી નવ પ્રકારના મૂલનયના અટ્ઠાવીસ ભેદોમાંથી કયા ભેદમાં = પ્રકારમાં સમાવેશ કરશે ? નયના એક પણ પ્રભેદમાં તેનો અંતર્ભાવ થઈ શકતો નથી. 'ઉપચારભાવથી = ઔપચારિકરૂપે પ્રવર્તતા હોવાથી તે પ્રસ્થક દૃષ્ટાંતાદિના પ્રતિપાદક વચનો ઉપનય સ્વરૂપ છે, નયરૂપ નહિ' - આવી દલીલ ન કરવી. કારણ કે તેવું માનવામાં અપસિદ્ધાન્ત દોષ આવી પડશે. અપસિદ્ધાન્ત દોષ લાગુ પડવાનું કારણ એ છે કે **અનુયોગદ્વારસૂત્ર**માં પ્રસ્થકાદિદૃષ્ટાંતદર્શક વચનોને જુદા-જુદા નયસ્વરૂપે દર્શાવેલ છે.

**અનુયોગદ્વારસૂત્ર**માં જણાવેલ છે કે 'તે નયપ્રમાણ શું છે ? નયપ્રમાણ ત્રણ પ્રકારે છે. તે આ રીતે (૧) પ્રસ્થક દૃષ્ટાંતથી, (૨) વસતિ દૃષ્ટાંતથી અને (૩) પ્રદેશ દૃષ્ટાંતથી. પ્રસ્થક દૃષ્ટાંતથી નય નામના પ્રમાણનું સ્વરૂપ શું છે? પ્રસ્થક દૃષ્ટાંતથી તેનું સ્વરૂપ આ મુજબ છે. જેમ કે અમુક નામવાળો કોઈ પુરુષ કુહાડી લઈને જંગલ તરફ પ્રસ્થાન કરતો હોય, તેને જોઈને કોઈ પૂછે કે 'તમે ક્યાં જાવ છો ?'

§ P(૨)માં 'પ્રકારાદિ' પાઠ. 1. अथ किं तद् नयप्रमाणम् ? नयप्रमाणं त्रिविधं प्रज्ञप्तम्, तद् यथा – प्रस्थकदृष्टान्तेन, वसतिदृष्टान्तेन, प्रदेशदृष्टान्तेन। अथ किं तत् प्रस्थकदृष्टान्तेन ? प्रस्थकदृष्टान्तेन तद् यथानाम कश्चित् पुरुषः परशुं गृहीत्वा अटवीमुखः गच्छेत्, तं दृष्ट्वा कश्चिद् वदेत् - क्व भवान् गच्छति ? अविशुद्धो नैगमो भणति - प्रस्थकाय गच्छामि। तं च कश्चिद् छिन्दन्तं दृष्ट्वा वदेत् - किं भवान् छिनत्ति? विशुद्धो नैगमो भणति - प्रस्थकं छिनद्मि। तं च कश्चित् तक्षन्तं दृष्ट्वा

[1]वएज्जा - किं भवं तच्छसि ? विसुद्धतराओ णेगमो भणइ - पत्थयं तच्छामि। तं च केई उक्कीरमाणं पासित्ता वएज्जा - किं भवं उक्कीरसि ? विसुद्धतराओ णेगमो भणइ - पत्थयं उक्कीरामि। तं च केई (वि)लिहमाणं★ पासित्ता वएज्जा - किं भवं (वि)लिहसि ? विसुद्धतराओ णेगमो भणइ - पत्थयं (वि)लिहामि। एवं विसुद्धतरस्स णेगमस्स नामाऽऽउड्डिओ पत्थओ।

[2]एवमेव ववहारस्सवि। संगहस्स चिय-मिय-मेज्जसमारूढो पत्थओ। उज्जुसुयस्स पत्थओऽवि पत्थओ, मेज्जंपि पत्थओ। तिण्हं सद्दनयाणं पत्थयस्स अत्थाहिगारजाणओ जस्स वा वसेणं पत्थओ निप्फज्जइ। से तं पत्थयदिट्ठंतेणं" (अनु.द्वा.सू.४७४)।

[3]"से किं तं वसहिदिट्ठंतेणं ? वसहिदिट्ठंतेणं से जहानामए केई पुरिसे कंचि पुरिसं वएज्जा - कहिं भवं

- તો અવિશુદ્ધ નૈગમનય કહે છે કે 'પ્રસ્થક લેવા માટે જાઉં છું.' તે પુરુષ જંગલમાં પ્રસ્થકયોગ્ય લાકડાને છેદવાનું કામ કરતો હોય ત્યારે તેને કોઈ પૂછે કે 'તમે શું છેદો છો ?' - તો વિશુદ્ધ નૈગમનય કહે કે 'હું પ્રસ્થકને છેદું છું.' તે પુરુષ પ્રસ્થક બનાવવા માટે છેદેલા કાષ્ઠખંડને છોલતો હોય ત્યારે તેને કોઈ પૂછે કે 'તમે શું છોલો છો ?' - તો વિશુદ્ધતર નૈગમનય કહે કે 'હું પ્રસ્થકને છોલું છું.' પ્રસ્થકયોગ્ય કાષ્ઠખંડને ઉકેરવાનું કામ કરતા તે પુરુષને જોઈને કોઈ પૂછે કે 'તમે શું ઉકેરો છો ?' - તો અધિક વિશુદ્ધ નૈગમનય જવાબ આપે છે કે 'પ્રસ્થકને ઉકેરું છું.' તેમજ પ્રસ્થકયોગ્ય કાષ્ઠખંડમાં લેખનીથી લેખન★ ક્રિયાને કરતા પુરુષને જોઈને કોઈ પૂછે કે 'તમે શેની લેખન ક્રિયા (ખરબચડાપણું ઊંચા-નીચાપણું દૂર કરીને માપસર કરવાની ક્રિયા) કરો છો ?' - તો તે અધિકતર શુદ્ધ નૈગમનય કહે છે કે 'પ્રસ્થકની લેખન ક્રિયા કરું છું.' જ્યારે અત્યંત વિશુદ્ધ નૈગમનયના અભિપ્રાય મુજબ તો રાજસત્તા તરફથી પ્રસ્થક તરીકેનો સિક્કો જેને લાગેલો છે, તેવો પ્રસ્થક જ પ્રસ્થક તરીકે માન્ય છે.

(एव.) વ્યવહારનયના પણ આ જ રીતે અશુદ્ધ, શુદ્ધ, શુદ્ધતર વગેરે પ્રકારો અને વિવિધ અભિપ્રાયો જાણવા. સંગ્રહનયના મતે ચિત = ધાન્યથી વ્યાપ્ત તથા મિત = માપવા યોગ્ય ધાન્યથી પરિપૂર્ણ, ધાન્યને માપવામાં પ્રવૃત્ત થયેલ પ્રસ્થક જ પ્રસ્થક કહેવાય છે. ઋજુસૂત્રનયના મતે પ્રસ્થક પણ પ્રસ્થક છે તથા પ્રસ્થકથી મપાયેલ ધાન્ય પણ પ્રસ્થક છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આમ છેલ્લા ત્રણ નયના મત મુજબ 'પ્રસ્થકસ્વરૂપગોચર પરિજ્ઞાનમાં ઉપયુક્ત પુરુષ પ્રસ્થક છે. અર્થાત્ પ્રસ્થકના સ્વરૂપની વ્યાપક જાણકારીમાં ઉપયોગવંત પુરુષ એ પ્રસ્થક છે. અથવા જે પ્રસ્થકકર્તૃગત ઉપયોગના આધારે પ્રસ્થક નિષ્પન્ન થાય છે, તે ઉપયોગ એ જ પ્રસ્થક છે.' આ રીતે પ્રથમ પ્રસ્થક દૃષ્ટાંતથી 'નય' નામનું પ્રમાણ કહેવાય છે.

## ✽ 'વસતિ' દૃષ્ટાંતથી નૈગમનયનું નિરૂપણ ✽

("से किं.) 'વસતિ' દૃષ્ટાંતથી 'નય' નામનું પ્રમાણ કઈ રીતે કહેવાયેલ છે ? આ પ્રશ્નનો જવાબ

1. वदेत् - किं भवान् तक्षति ? विशुद्धतरो नैगमो भणति - प्रस्थकं तक्षामि। तं च कश्चिद् उत्किरन्तं दृष्ट्वा वदेत् - किं भवान् उत्किरति ? विशुद्धतरो नैगमो भणति - प्रस्थकम् उत्किरामि। तं च कश्चित् लिखन्तं दृष्ट्वा वदेत् - किं भवान् लिखति ? विशुद्धतरो नैगमो भणति - प्रस्थकं लिखामि। एवं विशुद्धतरस्य नैगमस्य नामाऽऽकुट्टितः प्रस्थकः।

★. 'लेखनं = लेखन्या मृष्टं करणम्' इति **अनुयोगद्वारमलधारवृत्तौ**। 2. एवमेव व्यवहारस्यापि। सङ्ग्रहस्य चित-मित -मेयसमारूढः प्रस्थकः। ऋजुसूत्रस्य प्रस्थकोऽपि प्रस्थकः, मेयमपि प्रस्थकः। त्रयाणां शब्दनयानां प्रस्थकस्य अर्थाधिकारज्ञः (प्रस्थकः) यस्य वा वशेन प्रस्थको निष्पद्यते। तदेतत् प्रस्थकदृष्टान्तेन। 3. अथ किं तद् वसतिदृष्टान्तेन ? वसतिदृष्टान्तेन तद्

वससि ? तं अविसुद्धो णेगमो भणइ लोगे वसामि।

[1]लोगे तिविहे पण्णत्ते, तं जहा – उड्ढलोए अहोलोए तिरिअलोए। तेसु सव्वेसु भवं वससि ? विसुद्धो णेगमो भणइ - तिरिअलोए वसामि। तिरिअलोए जंबूद्दीवाइआ सयंभूरमणपज्जवसाणा असंखिज्जा दीवसमुद्दा पण्णत्ता। तेसु सव्वेसु भवं वससि ? विसुद्धतराओ णेगमो भणइ - जंबूद्दीवे वसामि। जंबूद्दीवे दस खेत्ता पण्णत्ता, तं जहा – भरहे, एरवए, हेमवए, एरण्णवए, हरिवस्से, रम्मगवस्से, देवकुरा, उत्तरकुरा, पुव्वविदेहे, अवरविदेहे। तेसु सव्वेसु भवं वससि ? विसुद्धतराओ णेगमो भणइ - भरहे वासे वसामि।

भरहे वासे दुविहे पण्णत्ते, तं जहा – दाहिणड्ढभरहे उत्तरड्ढभरहे अ। तेसु सव्वेसु (दोसु) भवं वससि ? विसुद्धतराओ णेगमो भणइ - दाहिणड्ढभरहे वसामि।

[2]दाहिणड्ढभरहे अणेगाइं गामाऽऽगर-णगर-खेड-कब्बड-मडंब-दोणमुह-पट्टणाऽऽसम-संवाह-सण्णिवेसाइं। तेसु

આ રીતે છે કે જેમ અમુક નામવાળો પુરુષ કોઈક માણસને પૂછે કે 'આપ ક્યાં વસો છો ?' - તો તે પુરુષને અશુદ્ધ નૈગમનય (= અશુદ્ધનૈગમનયવાદી) કહે છે કે 'હું લોકમાં વસુ છું.'

(लो.) 'લોક ત્રણ પ્રકારે કહેવાયેલ છે. (૧) ઊર્ધ્વલોક, (૨) અધોલોક તથા (૩) તિર્યગ્લોક. શું આપ આ ત્રણેય લોકમાં વસો છો ?' - આ પ્રશ્નના જવાબમાં વિશુદ્ધ નૈગમનય (= વિશુદ્ધનૈગમ-નયવાદી) કહે છે કે 'તિર્યક્ લોકમાં હું વસુ છું.' 'તિર્યક્લોકમાં જંબૂદ્વીપથી માંડીને સ્વયંભૂરમણ સુધીના અસંખ્ય દ્વીપ-સમુદ્ર શાસ્ત્રમાં દર્શાવેલા છે. શું આપ તિર્યક્લોકવર્તી તે તમામ દ્વીપોમાં અને સાગરોમાં વસો છો ?' - આ પ્રશ્નના જવાબમાં પૂર્વ કરતાં અધિક શુદ્ધિ ધરાવનાર નૈગમનય કહે છે કે 'જંબૂદ્વીપમાં વસુ છું.'

'જંબૂદ્વીપમાં પણ દશ ક્ષેત્રો શાસ્ત્રમાં દર્શાવેલ છે. તે આ રીતે (૧) ભરત ક્ષેત્ર, (૨) ઐરાવત ક્ષેત્ર, (૩) હિમવંત ક્ષેત્ર, (૪) હિરણ્યવંત ક્ષેત્ર, (૫) હરિવર્ષ ક્ષેત્ર, (૬) રમ્યક્ ક્ષેત્ર, (૭) દેવકુરુ, (૮) ઉત્તરકુરુ, (૯) પૂર્વ મહાવિદેહ, (૧૦) પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર. શું તિર્યગ્લોકવર્તી જંબૂદ્વીપમાં આવેલા આ તમામ ક્ષેત્રમાં આપ વસો છો ?' - આ પ્રશ્નના જવાબમાં પૂર્વ કરતાં અધિક શુદ્ધિને ધરાવનારો નૈગમનય કહે છે કે 'હું ભરતક્ષેત્રમાં વસુ છું.'

(भर.) 'ભરતક્ષેત્ર પણ બે પ્રકારે શાસ્ત્રમાં દર્શાવેલ છે. દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર અને ઉત્તરાર્ધ ભરતક્ષેત્ર. આપ શું બન્ને ભરતક્ષેત્રમાં વસો છો ?' - આ પ્રશ્નના જવાબમાં પૂર્વ કરતાં અધિક શુદ્ધિને ધરાવનાર નૈગમનય કહે છે કે 'હું દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રમાં વસુ છું.'

(दाहि.) 'દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પણ અનેક ગામ, ખાણ, નગર, ધૂળીયા કિલ્લાવાળી વસાહત =

यथानाम कश्चित् पुरुषः कञ्चित् पुरुषं वदेत् - 'क्व भवान् वसति?' तं अविशुद्धो नैगमो भणति - लोके वसामि।

1. लोकः त्रिविधः प्रज्ञप्तः, तद् यथा - ऊर्ध्वलोकः अधोलोकः तिर्यग्लोकः। तेषु सर्वेषु भवान् वसति ? विशुद्धो नैगमो भणति - तिर्यग्लोके वसामि। तिर्यग्लोके जम्बूद्वीपादिकाः स्वयम्भूरमणपर्यवसानाः असंख्येयाः द्वीपसमुद्राः प्रज्ञप्ताः। तेषु सर्वेषु भवान् वसति ? विशुद्धो नैगमो भणति - जम्बूद्वीपे वसामि। जम्बूद्वीपे दश क्षेत्राणि प्रज्ञप्तानि, तद् यथा - भरतः, ऐरवतः, हिमवतः, ऐरण्यवतः, हरिवर्षः, रम्यग्वर्षः, देवकुरुः, उत्तरकुरुः, पूर्वविदेहः, अपरविदेहः। तेषु सर्वेषु भवान् वसति ? विशुद्धतरो नैगमो भणति - भरते वसामि। भरतः वर्षः द्विविधः प्रज्ञप्तः, तद् यथा - दक्षिणार्धभरतः उत्तरार्धभरतः च। तयोः सर्वयोः (द्वयोः) भवान् वसति ? विशुद्धतरो नैगमो भणति – दक्षिणार्धभरते वसामि।

2. दक्षिणार्धभरते अनेके ग्रामाकर-नगर-खेट-कर्बट-मडम्ब-द्रोणमुख-पट्टण-आश्रम-संबाध-सन्निवेशाः। तेषु सर्वेषु भवान् वसति ?

सव्वेसु भवं वससि ? विसुद्धतराओ णेगमो भणइ – पाडलिपुत्ते वसामि।

पाडलिपुत्ते अणेगाइं गिहाइं, तेसु सव्वेसु भवं वससि ? विसुद्धणेगमो भणइ – देवदत्तस्स घरे वसामि। देवदत्तस्स घरे अणेगा कोट्ठगा। तेसु सव्वेसु भवं वससि ? विसुद्धणेगमो भणइ – गब्भघरे वसामि। एवं विसुद्धस्स णेगमस्स वसमाणो, एवमेव ववहारस्सवि।

संगहस्स संथारसमारूढो वसइ। उज्जुसुअस्स जेसु आगासपएसेसु ओगाढो तेसु वसइ। तिण्हं सद्दनयाणं आयभावे वसइ। से तं वसहिदिट्ठंतेणं" (अनु.द्वा.सू.४७५)।

[1]"से किं तं पएसदिट्ठंतेणं ? (१) पएसदिट्ठंतेणं णेगमो भणइ – छण्हं पएसो, तं जहा – धम्मपएसो,

---

ખેટ, કર્બટ (= ખરાબ નગર), મડંબ (= જેની ચારે બાજુ ગામડાઓ દૂર-દૂર હોય), દ્રોણમુખ (= જલ-સ્થલમાર્ગવાળું ગામ), પટ્ટણ (= અનેક દેશમાંથી આવેલ કરિયાણા જ્યાં વેચતા હોય તે સ્થાન), આશ્રમ, સંબાધ (= વિવિધ જાતિવાળા ઘણા બધા લોકોથી ખીચોખીચ ભરાયેલ સ્થાન), સન્નિવેશ (= ગાય-ભેંસના તબેલા) આવેલા છે. શું આપ તે તમામ ગામ વગેરેમાં વસો છો ?' - આ પ્રશ્નના જવાબમાં પૂર્વ કરતાં અધિક શુદ્ધિને ધરાવનાર નૈગમનય કહે છે કે 'પાટલિપુત્ર નગરમાં હું વસુ છું.'

**(पाड.)** 'પાટલિપુત્ર નગરમાં પણ અનેક ઘરો આવેલા છે. શું આપ પાટલિપુત્રવર્તી તમામ ઘરોમાં વસો છો ?' - આ પ્રશ્નના જવાબમાં પૂર્વ કરતાં અધિક શુદ્ધિને ધરાવનાર નૈગમનય કહે છે કે 'હું દેવદત્તના ઘરમાં રહું છું.' 'દેવદત્તના ઘરમાં અનેક ઓરડાઓ છે. શું આપ તે તમામ ઓરડાઓમાં વસો છો ?' - આ પ્રશ્નના જવાબમાં પૂર્વ કરતાં અધિક શુદ્ધિને ધારણ કરનારો નૈગમનય કહે છે કે 'ગર્ભગૃહમાં વસુ છું.' આ રીતે 'વસતિ' ઉદાહરણમાં વિશુદ્ધ નૈગમનયના મતે વસનારો માણસ વસે છે - તેમ જાણવું. આ જ રીતે વ્યવહારનયના પણ અનેક પ્રકારો અને અનેક મંતવ્યો જાણવા.

## ❀ વસતિ દૃષ્ટાંતથી સંગ્રહાદિનયનું પ્રતિપાદન ❀

**(संगहस्स.)** સંગ્રહનયના મતે સંથારામાં (પથારીમાં) આરૂઢ થયેલો દેવદત્ત વસે છે. ઋજુસૂત્રના મતે સંથારામાં આરૂઢ થયેલો દેવદત્ત જે આકાશપ્રદેશોમાં અવગાઢ (= રહેલો) છે, તે આકાશપ્રદેશોમાં જ દેવદત્ત વસે છે. સંપૂર્ણ સંથારામાં કે સંથારાવર્તી તમામ આકાશપ્રદેશોમાં દેવદત્ત વસતો નથી. આથી પૂર્વના નૈગમ-વ્યવહારાદિ નયો કરતાં પ્રસ્તુત ઋજુસૂત્રનય અધિક શુદ્ધ દૃષ્ટિને ધરાવે છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયના મતે દેવદત્ત આત્મસ્વભાવમાં વસે છે. આ મત પૂર્વના નયોના અભિપ્રાય કરતાં પણ વધુ શુદ્ધ છે. આ રીતે બીજા વસતિ દૃષ્ટાંતથી 'નય' નામનું પ્રમાણ જાણવું.

## ❀ પ્રદેશ દૃષ્ટાંતથી નૈગમાદિ નયનું પ્રતિપાદન ❀

**("से किं.)** પ્રદેશસંબંધી ત્રીજા ઉદાહરણથી 'નય' નામનું પ્રમાણ કેવા પ્રકારે છે ? આ પ્રશ્નનો જવાબ વિવિધ સ્વરૂપે મળે છે. તે આ મુજબ (૧) નૈગમનય કહે છે - 'છનો પ્રદેશ હોય છે. તે

---

विशुद्धतरो नैगमो भणति – पाटलिपुत्रे वसामि। पाटलिपुत्रे अनेकानि गृहाणि। तेषु सर्वेषु भवान् वसति ? विशुद्धतरो नैगमो भणति- देवदत्तस्य गृहे वसामि। देवदत्तस्य गृहे अनेके कोष्ठकाः। तेषु सर्वेषु भवान् वसति ? निशुद्धतरो नैगमो भणति – गर्भगृहे वसामि। एवं विशुद्धस्य नैगमस्य वसन्(वसति)। एवमेव व्यवहारस्यापि। सङ्ग्रहस्य संस्तारकारूढः वसति। ऋजुसूत्रस्य येष्वाकाशप्रदेशेष्ववगाढस्तेषु वसति। त्रयाणां शब्दनयानामात्मनो भावे वसति। तदेतद् वसतिदृष्टान्तेन।

1. अथ किं तत् प्रदेशदृष्टान्तेन ? (१) प्रदेशदृष्टान्तेन नैगमो भणति – षण्णां प्रदेशः, तद् यथा – धर्मप्रदेशः, अधर्मप्रदेशः,

अधम्मपएसो, आगासपएसो, जीवपएसो, खंधपएसो, देसपएसो।

(२) एवं वयंतं णेगमं संगहो भणइ – जं भणसि – 'छण्हं पएसो' तं न भवइ। कम्हा ? जम्हा जो देसपएसो सो तस्सेव दव्वस्स। जहा को दिट्ठंतो ? दासेण मे खरो कीओ, दासोऽवि मे खरोऽवि मे। तं मा भणाहि छण्हं पएसो। भणाहि – 'पंचण्हं पएसो'। तं जहा – धम्मपएसो, अधम्मपएसो, आगासपएसो, जीवपएसो, खंधपएसो।

(३) एवं वयंतं संगहं ववहारो भणइ – जं भणसि – 'पंचण्हं पएसो' तं न भवइ। कम्हा ? जइ जहा पंचण्हं गोट्ठिआणं पुरिसाणं केइ दव्वजाए सामण्णे भवइ। तं जहा – हिरण्णे वा सुवण्णे वा धणे वा धण्णे वा, तो जुत्तं वत्तुं जहा पंचण्हं पएसो। तं मा भणिहि 'पंचण्हं पएसो', भणाहि – पंचविहो पएसो, तं जहा - धम्मपएसो, अधम्मपएसो, आगासपएसो, जीवपएसो, खंधपएसो।

આ રીતે - ધર્માસ્તિકાયનો પ્રદેશ, અધર્માસ્તિકાયનો પ્રદેશ, આકાશપ્રદેશ, જીવપ્રદેશ, પુદ્ગલસ્કંધપ્રદેશ, ધર્માધર્માકાશાદિના દેશનો પ્રદેશ.'

(૨) આ પ્રમાણે બોલતા નૈગમનયને સંગ્રહનય કહે છે કે "હે નૈગમનય! 'છનો પ્રદેશ' - આ મુજબ તું જે કહે છે તે બરાબર નથી. કારણ કે જે છઠ્ઠો દેશનો પ્રદેશ બતાવ્યો, તે તો તે જ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો પ્રદેશ છે. 'આ અંગે લોકોમાં દૃષ્ટાંત શું છે ?' - તેવું જો પૂછવામાં આવે તો તેનો જવાબ એ છે કે - મારા ગુલામે ગધેડાની ખરીદી કરી. પરંતુ ગુલામ મારો હોવાથી તેણે ખરીદેલો ગધેડો પણ મારો જ છે. આ મુજબ લોકમાં કહેવાય છે. તેમ ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યના દેશનો પ્રદેશ પણ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યનો જ પ્રદેશ બને છે. તેથી હે નૈગમનય! 'છનો પ્રદેશ' આવું ન બોલ. પણ 'પાંચનો પ્રદેશ' આ પ્રમાણે બોલ. તે આ મુજબ - ધર્માસ્તિકાયનો પ્રદેશ, અધર્માસ્તિકાયનો પ્રદેશ, આકાશનો પ્રદેશ, જીવનો પ્રદેશ, પુદ્ગલસ્કંધનો પ્રદેશ."

(૩) આ પ્રમાણે બોલતા સંગ્રહનયને વ્યવહારનય કહે છે કે "હે સંગ્રહનય ! તું 'પાંચનો પ્રદેશ' આ મુજબ બોલે છે તે સંભવ નથી. આનું કારણ એ છે કે જેમ પાંચ ગોઠિયા મિત્ર પુરુષોની વચ્ચે ઘાટ ઘડેલું સોનું કે ઘાટ ઘડ્યા વગરનું સોનું કે ધન કે ધાન્યાદિ કોઈ સાધારણ દ્રવ્યસમૂહ જો હોય તો તે દ્રવ્યને ઉદ્દેશીને 'આ પાંચ મિત્રોનું સુવર્ણાદિ દ્રવ્ય છે' - એમ બોલી શકાય. આ રીતે જો ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યમાં અનુગત = સાધારણ કોઈ પ્રદેશ હોય તો તેને ઉદ્દેશીને 'આ ધર્માસ્તિકાયાદિ પાંચનો પ્રદેશ છે' - આ મુજબ બોલી શકાય. પરંતુ તેવું તો નથી. ધર્માસ્તિકાય વગેરે પાંચેય દ્રવ્યોની વચ્ચે

---

आकाशप्रदेशः, जीवप्रदेशः, स्कन्धप्रदेशः, देशप्रदेशः।

(२) एवं वदन्तं नैगमं सङ्ग्रहो भणति - यद् भणसि 'षण्णां प्रदेशः' तन्न भवति। कस्मात् ? यस्माद् यो देशप्रदेशः स तस्यैव द्रव्यस्य। यथा को दृष्टान्तः ? 'दासेन मे खरः क्रीतः, दासोऽपि मे खरोऽपि मे'। तन्मा भण - षण्णां प्रदेशः। भण - पञ्चानां प्रदेशः, तद् यथा - धर्मप्रदेशः, अधर्मप्रदेशः, आकाशप्रदेशः, जीवप्रदेशः, स्कन्धप्रदेशः।

(३) एवं वदन्तं सङ्ग्रहं व्यवहारो भणति - यद् भणसि 'पञ्चानां प्रदेशः' तन्न भवति। कस्मात् ? यदि यथा पञ्चानां गोष्ठिकानां पुरुषाणां किञ्चिद् द्रव्यजातं सामान्यं भवति, तद् यथा - हिरण्यं वा सुवर्णं वा धनं वा धान्यं वा, ततो युक्तं वक्तुं तथा पञ्चानां प्रदेशः। तन्मा भण 'पञ्चानां प्रदेशः'। भण - पञ्चविधः प्रदेशः, तद् यथा - धर्मप्रदेशः, अधर्मप्रदेशः, आकाशप्रदेशः, जीवप्रदेशः, स्कन्धप्रदेशः।

(४) एवं वयंतं ववहारं उज्जुसुओ भणइ – जं भणसि – 'पंचविहो पएसो' तं न भवइ। कम्हा ? जइ ते पंचविहो पएसो एवं ते एक्कक्को पएसो पंचविहो। एवं ते पणवीसतिविहो पएसो भवइ। तं मा भणाहि 'पंचविहो पएसो'। भणाहि – भइयव्वो पएसो – सिअ धम्मपएसो, सिअ अधम्मपएसो, सिअ आगासपएसो, सिअ जीवपएसो, सिअ खंधपएसो।

(५) एवं वयंतं उज्जुसुयं संपइ सद्दनओ भणइ – जं भणसि 'भइयव्वो पएसो' तं न भवइ। कम्हा ? जइ भइअव्वो पएसो एवं ते धम्मपएसोऽवि सिअ धम्मपएसो, सिअ अधम्मपएसो, सिअ आगासपएसो,

કોઈ સાધારણ પ્રદેશ નથી. દરેક દ્રવ્યના પ્રદેશો તો વિભિન્ન જ હોય છે. તેથી 'પાંચનો પ્રદેશ' - આ પ્રમાણે તારે બોલવું યોગ્ય નથી. તેથી 'પાંચનો પ્રદેશ' - આ મુજબ હે સંગ્રહનય ! તું ના બોલ. પરંતુ એમ બોલ કે 'પાંચ પ્રકારનો પ્રદેશ છે.' તે આ પ્રમાણે - ધર્માસ્તિકાયપ્રદેશ, અધર્માસ્તિકાયપ્રદેશ, આકાશપ્રદેશ, જીવપ્રદેશ, સ્કંધપ્રદેશ - આમ પાંચ પ્રકારના પ્રદેશ છે." આ પ્રમાણે વ્યવહારનયનું વક્તવ્ય છે.

## ❁ પ્રદેશ દૃષ્ટાંતથી ઋજુસૂત્રનયનું નિરૂપણ ❁

(૪) ઉપર મુજબ બોલતા વ્યવહારનયને ઋજુસૂત્રનય કહે છે કે - "હે વ્યવહારનય ! તું જે કહે છે કે 'પાંચ પ્રકારના પ્રદેશ' તે સંભવતું નથી. કારણ કે જો તારા મંતવ્ય મુજબ પાંચ પ્રકારનો પ્રદેશ હોય તો આ રીતે તો એક-એક પ્રદેશ = ધર્માસ્તિકાયાદિપ્રદેશ પાંચ પ્રકારનો થઈ જશે. કારણ કે તારા શબ્દથી તો તેવી જ પ્રતીતિ થાય છે. તેવું થવાથી તો તારા મતે ૨૫ પ્રકારના પ્રદેશ થવાની આપત્તિ આવશે. તેથી 'પાંચ પ્રકારના પ્રદેશ છે' - આ મુજબ તું ન બોલ. પરંતુ એવું બોલ કે 'પ્રદેશ ભાજ્ય છે.' ભાજ્ય = ભજના કરવા યોગ્ય. જૈન દર્શનમાં ભજનાને દર્શાવવા માટે 'स्यात्' કે 'कथञ्चित्' શબ્દનો પ્રયોગ થાય છે. તેથી પ્રદેશસંબંધી ભજનાનો ઉલ્લેખ આ રીતે સમજવો કે 'કથંચિત્ (= સ્વકીય દ્રવ્યની અપેક્ષાએ) ધર્માસ્તિકાયપ્રદેશ, કથંચિત્ અધર્માસ્તિકાયપ્રદેશ, કથંચિત્ આકાશપ્રદેશ, કથંચિત્ જીવપ્રદેશ અને કથંચિત્ પુદ્ગલસ્કંધપ્રદેશ.' આ પ્રમાણે પ્રદેશસંબંધી ભજના = વિકલ્પ = વ્યવસ્થા ઋજુસૂત્રનય દર્શાવે છે.

**સ્પષ્ટતા** :- જે પ્રદેશ જે દ્રવ્યનો પોતાનો હોય તે જ તેનો પ્રદેશ છે. કારણ કે બીજા દ્રવ્યનો પ્રદેશ તો પારકા ધનની જેમ અકિંચિત્કર જ છે. તેથી 'કથંચિત્' શબ્દ દ્વારા 'સ્વકીય દ્રવ્યની અપેક્ષા' અર્થ ઋજુસૂત્રનયને અભિપ્રેત છે. આ બાબત પૂર્વે આ જ શાખામાં ૧૫ મા શ્લોકની વ્યાખ્યાના વિવેચનમાં જણાવેલ છે. તેથી અહીં ફરીથી તેનું વિવેચન કરવામાં આવતું નથી.

## ❖ પ્રદેશ દૃષ્ટાંતથી શબ્દનયનું નિરૂપણ ❖

(૫) ઉપર મુજબ બોલતા ઋજુસૂત્રનયને શબ્દનય કહે છે કે - "હે ઋજુસૂત્રનય ! 'પ્રદેશ ભાજ્ય છે' - આ પ્રમાણે તું જે કહે છે તે બરાબર નથી. આનું કારણ એ છે કે જો પ્રદેશ ભાજ્ય = ભજનીય = વિકલ્પનીય હોય તો આ રીતે માનવાથી 'ધર્માસ્તિકાયપ્રદેશ કે જે તારા મત મુજબ કથંચિત્

(४) एवं वदन्तं व्यवहारम् ऋजुसूत्रो भणति - यद् भणसि 'पञ्चविधः प्रदेशः' तन्न भवति। कस्मात् ? यदि ते पञ्चविधः प्रदेशः एवं स एकैकः प्रदेशः पञ्चविधः। एवं ते पञ्चविंशतिविधः प्रदेशः भवति। तन्मा भण - पञ्चविधः प्रदेशः ! भण - भाज्यः प्रदेशः - स्याद् धर्मप्रदेशः, स्याद् अधर्मप्रदेशः, स्याद् आकाशप्रदेशः, स्याद् जीवप्रदेशः, स्यात् स्कन्धप्रदेशः।

(५) एवं वदन्तम् ऋजुसूत्रम् सम्प्रति शब्दनयो भणति - यद् भणसि 'भाज्यः प्रदेशः' तन्न भवति। कस्मात् ? यदि भाज्यः प्रदेशः एवं ते (= तव) धर्मप्रदेशोऽपि स्याद् धर्मप्रदेशः, स्याद् अधर्मप्रदेशः, स्याद् आकाशप्रदेशः,

[1]सिअ जीवपएसो, सिअ खंधपएसो। अधम्मपएसोऽवि सिअ धम्मपएसो जाव सिअ खंधपएसो। आगासपएसो वि सिअ धम्मपएसो जाव सिअ खंधपएसो। जीवपएसोऽवि सिअ धम्मपएसो जाव सिअ खंधपएसो।

[2]खंधपएसोऽवि सिअ धम्मपएसो जाव सिअ खंधपएसो। एवं ते अणवत्था भविस्सइ। तं मा भणाहि - 'भइयव्वो पएसो'। भणाहि – धम्मे पएसे से पएसे धम्मे, अहम्मे पएसे से पएसे अहम्मे, आगासे पएसे से पएसे आगासे, जीवे पएसे से पएसे नोजीवे, खंधे पएसे से पएसे नोखंधे" (अनु.द्वा.सू.४७६) इत्यादि।

धर्मास्तिकायादीनां त्रयाणां प्रतिस्वम् एकत्वात् तद्रूपतायाः तत्प्रदेशे सम्भवेऽपि जीव-पुद्गलानाम्

---

ધર્માસ્તિકાયપ્રદેશાત્મક છે, તે પણ કથંચિત્ અધર્માસ્તિકાયપ્રદેશાત્મક થશે, કથંચિત્ આકાશપ્રદેશસ્વરૂપ થશે, કથંચિત્ જીવપ્રદેશરૂપ અને કથંચિત્ પુદ્ગલસ્કંધપ્રદેશસ્વરૂપ થશે' - આ પ્રમાણેની ભજના પણ માન્ય કરવી પડશે. જેમ ધર્માસ્તિકાયપ્રદેશમાં પાંચ પ્રકારની ભજના ઉપર મુજબ બતાવી શકાય છે, તેમ અધર્માસ્તિકાયપ્રદેશ વગેરેમાં પણ પાંચ-પાંચ પ્રકારે ભજના દર્શાવી શકાય છે. જેમ કે 'અધર્માસ્તિકાયપ્રદેશ પણ કથંચિત્ ધર્માસ્તિકાયપ્રદેશાત્મક થશે, કથંચિત્ અધર્માસ્તિકાયપ્રદેશસ્વરૂપ થશે, કથંચિત્ આકાશપ્રદેશાત્મક થશે, કથંચિત્ જીવપ્રદેશસ્વરૂપ થશે, કથંચિત્ પુદ્ગલસ્કંધપ્રદેશરૂપ થશે.' તથા 'આકાશપ્રદેશ પણ કથંચિત્ ધર્માસ્તિકાયપ્રદેશાત્મક થશે, કથંચિત્ અધર્માસ્તિકાયપ્રદેશરૂપ થશે... યાવત્ કથંચિત્ પુદ્ગલસ્કંધપ્રદેશાત્મક થશે.' 'જીવપ્રદેશ પણ કથંચિત્ ધર્માસ્તિકાયપ્રદેશાત્મક થશે. કથંચિત્ અધર્માસ્તિકાયપ્રદેશાત્મક થશે... યાવત્ કથંચિત્ પુદ્ગલસ્કંધપ્રદેશાત્મક થશે.'

(**खंध.**) આ જ રીતે 'પુદ્ગલસ્કંધપ્રદેશ પણ કથંચિત્ ધર્માસ્તિકાયપ્રદેશસ્વરૂપ થશે.... યાવત્ કથંચિત્ સ્કંધપ્રદેશસ્વરૂપ થશે.' આ રીતે હે ઋજુસૂત્રનય ! પ્રદેશને ભાજ્ય બતાવવામાં તો પ્રદેશોમાં નિયતરૂપતાનો ઉચ્છેદ થવાથી અનવસ્થા = અવ્યવસ્થા દોષ પ્રાપ્ત થશે. (અર્થાત્ અમુક ચોક્કસ પ્રદેશ ધર્માસ્તિકાયનો જ છે, અધર્માસ્તિકાયનો નહિ - આવી વ્યવસ્થા નહિ રહે) તેથી હે ઋજુસૂત્રનય ! 'પ્રદેશ ભાજ્ય છે' - આ મુજબ ન બોલ. પરંતુ એવું બોલ કે 'ધર્માસ્તિકાયાત્મક જે પ્રદેશ છે, તે પ્રદેશ અવશ્ય ધર્માસ્તિકાયસ્વરૂપ જ છે. અધર્માસ્તિકાયાત્મક જે પ્રદેશ છે, તે પ્રદેશ અવશ્ય અધર્માસ્તિકાય સ્વરૂપ જ છે. આકાશાત્મક જે પ્રદેશ છે, તે પ્રદેશ અવશ્ય આકાશસ્વરૂપ જ છે. જીવાત્મક જે પ્રદેશ છે, તે પ્રદેશ અવશ્ય નોજીવસ્વરૂપ જ છે. સ્કંધાત્મક જે પ્રદેશ છે, તે પ્રદેશ અવશ્ય નોસ્કંધસ્વરૂપ જ છે.' આ મુજબ **અનુયોગદ્વારસૂત્ર**માં જણાવેલ છે.

## ❋ 'નોજીવ' શબ્દપ્રયોગના તાત્પર્યની સ્પષ્ટતા ❋

(**धर्मा.**) ધર્માસ્તિકાય આદિ કરતાં જીવ અને પુદ્ગલસ્કંધની બાબતમાં પ્રદેશ ઉદાહરણમાં થોડો તફાવત છે. તે આ છે કે - 'જીવનો પ્રદેશ તે નોજીવસ્વરૂપ છે'. અહીં 'નો' શબ્દયુક્ત 'જીવ' શબ્દનો પ્રયોગ શબ્દનય કરે છે. તે જ રીતે પુદ્ગલસ્કંધના પ્રદેશને જણાવવા માટે પણ 'નોસ્કંધ' આ રીતે 'નો' શબ્દથી

---

1. स्याद् जीवप्रदेशः, स्यात् स्कन्धप्रदेशः। अधर्मप्रदेशोऽपि स्याद् धर्मप्रदेशः.... यावत् स्यात् स्कन्धप्रदेशः। आकाशप्रदेशोऽपि स्याद् धर्मप्रदेशः... यावत् स्यात् स्कन्धप्रदेशः। जीवप्रदेशोऽपि स्याद् धर्मप्रदेशः...यावत् स्यात् स्कन्धप्रदेशः।

2. स्कन्धप्रदेशोऽपि स्याद् धर्मप्रदेशः... यावत् स्यात् स्कन्धप्रदेशः। एवं ते अनवस्था भविष्यति। तन्मा भण - भाज्यः प्रदेशः। भण - धर्मः प्रदेशः स प्रदेशः धर्मः, अधर्मः प्रदेशः स प्रदेशः अधर्मः, आकाशः प्रदेशः स प्रदेशः आकाशः, जीवः प्रदेशः स प्रदेशः नोजीवः, स्कन्धः प्रदेशः स प्रदेशः नोस्कन्धः....।

अनन्तत्वात् तत्प्रदेशे सकलजीवादिराशिरूपता न सम्भवतीति 'नोजीव' इत्यादिप्रयोगः कृतः। किन्तु राश्यन्तरमत्र नाऽभ्युपगम्यते इति न त्रैराशिकरोहगुप्तमतप्रवेशः। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"न य रासिभेयमिच्छइ" (वि.आ.भा.२४७७) इति। विवक्षितजीवादनन्यरूप एव प्रदेशः जीवप्रदेशः नोजीवशब्दवाच्यः इत्यर्थः।

अधिकम् **अनुयोगद्वारसूत्र-विशेषावश्यकभाष्यतो** विज्ञेयम्।

प्रस्थकस्वरूपञ्च [2]"(१) दो असतीओ = पसती, (२) दो पसतीओ = सेतिया, (३) चत्तारि सेतियाओ = कुलओ, (४) चत्तारि कुलया = पत्थो" (अनु.द्वा.सू.३१८) इति **अनुयोगद्वारसूत्रे**

યુક્ત 'સ્કંધ' શબ્દનો પ્રયોગ શબ્દનય કરે છે. જ્યારે ધર્માસ્તિકાય વગેરેના પ્રદેશને દર્શાવવા માટે 'નો' શબ્દ વગર 'ધર્માસ્તિકાય' વગેરે શબ્દનો પ્રયોગ શબ્દનય કરે છે. આનું કારણ એ છે કે ધર્મ, અધર્મ અને આકાશ - આ ત્રણ દ્રવ્ય સંખ્યાની દૃષ્ટિએ એક-એક છે. તેથી ધર્માસ્તિકાયના પ્રદેશને સંપૂર્ણ ધર્માસ્તિકાયસ્વરૂપ કહેવું સંગત બને છે. પરંતુ જીવ અને પુદ્ગલસ્કંધ દ્રવ્ય સંખ્યાથી અનંત છે. તેથી કોઈ એક જીવપ્રદેશ સકલજીવરાશિથી અભિન્ન તો નથી જ. એક જીવપ્રદેશ સકલજીવરાશિના એક દેશસ્વરૂપ જે વિવક્ષિત જીવ છે, તેનાથી જ ફક્ત અભિન્ન છે. આમ જીવપ્રદેશને સકલજીવરાશિના એકદેશસ્વરૂપે દર્શાવવા માટે 'નો' શબ્દનો પ્રયોગ શબ્દનય કરે છે. તે જ રીતે સ્કંધપ્રદેશ પણ સકલપુદ્ગલસ્કંધરાશિથી અભિન્ન નથી, પણ તેના એક ભાગથી જ અભિન્ન છે. આવું દર્શાવવા માટે સ્કંધનો પ્રદેશ નોસ્કંધસ્વરૂપે જણાવેલ છે. પરંતુ જીવરાશિ કરતાં નોજીવરાશિ સ્વતંત્રરૂપે અહીં માન્ય નથી. તેથી ત્રૈરાશિક **રોહગુપ્ત** નામના છઠ્ઠા નિહ્નવના મતમાં પ્રવેશ થવાની આપત્તિ નહિ આવે. **વિશેષાવશ્યકભાષ્ય**માં આ અંગે જણાવેલ છે કે 'રાશિભેદને = સ્વતંત્ર નોજીવરાશિને સમભિરૂઢ (તથા શબ્દ) નય ઈચ્છતો નથી.' તેથી જીવથી અભિન્ન એવો જ પ્રદેશ એ જીવપ્રદેશ છે તથા નોજીવશબ્દનો તે જ અર્થ છે.

## નૈગમાદિના ભેદો ઉપનય નહિ, નય છે

**(अधिक.)** પ્રસ્તુત ગ્રંથમાં પ્રદેશ દૃષ્ટાંત દ્વારા નૈગમ આદિ પાંચ નયનું સ્વરૂપ જ દર્શાવેલ છે. સમભિરૂઢનયનું અને એવંભૂતનયનું નિરૂપણ પ્રદેશ દૃષ્ટાંતથી કરેલ નથી. કારણ કે અહીં જે મૂળ વાત ચાલી રહી છે કે 'પ્રસ્થક વગેરે ત્રણ ઉદાહરણથી અશુદ્ધ-શુદ્ધ-શુદ્ધતર વગેરે નૈગમાદિના જે ભેદોનું નિરૂપણ શાસ્ત્રમાં ઉપલબ્ધ થાય છે તે ઉપનય તરીકે નહિ પણ નય તરીકે જ સમજવા' - તે વાતને સિદ્ધ કરવા માટે અનુયોગદ્વારસૂત્રના ઉપરોક્ત વચનનો સંદર્ભ પર્યાપ્ત છે. તથા પૂર્વે (૪/૧૩ તથા ૮/૧૫) પણ બે વાર પ્રદેશ આદિ દૃષ્ટાંતનું નિરૂપણ થઈ ચૂકેલ છે. તેથી પુનરુક્તિ દોષને કથંચિત્ ટાળવા માટે પણ અહીં સંપૂર્ણ સૂત્રસંદર્ભ દર્શાવેલ નથી. વ્યર્થ ગ્રંથવિસ્તાર દોષનું નિવારણ કરવાનો આશય પણ અહીં રહેલો છે. તેમ છતાં અધિક જિજ્ઞાસા ધરાવનાર વિજ્ઞ વાચકો **અનુયોગદ્વારસૂત્ર**નું તથા **વિશેષાવશ્યકભાષ્ય**નું અવલોકન કરીને ત્યાંથી પોતાની જિજ્ઞાસાને સંતોષી શકે છે.

**(प्रस्थ.)** પ્રસ્થકનું સ્વરૂપ **અનુયોગદ્વારસૂત્ર**માં વ્યવહારનયને આશ્રયીને આ પ્રમાણે જણાવેલ કે '(૧) બે અસૃતિ (માગધદેશપ્રસિદ્ધ અસલી) = ૧ પ્રસૃતિ, (૨) બે પ્રસૃતિ (પસલી) = ૧ સેતિકા, (૩) ચાર સેતિકા = ૧ કુડવ. તથા (૪) ચાર કુડવ = ૧ પ્રસ્થક.' માગધપરિભાષાને અનુસરીને **ભાવપ્રકાશ**

1. न च राशिभेदमिच्छति। 2. द्वे असृती = प्रसृतिः, द्वे प्रसृती = सेतिका, चतस्रः सेतिकाः = कुडवः, चत्वारः कुडवाः = प्रस्थः।

व्यवहारनयमाश्रित्योक्तम्। मागधपरिभाषानुसारेण **भावप्रकाशे भावमिश्रेण** "कुडवोऽर्धशरावकः" (भा.प्र.पूर्वखण्ड-७/१२), "शरावाभ्यां भवेत् प्रस्थ" (भा.प्र.पूर्वखण्ड-७/१४/पृ.३७२) इत्युक्तमित्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – वसतिदृष्टान्ते शब्दादिनयत्रितयाभिप्रायतः 'देवदत्त आत्मस्वरूपे वसति' इत्यत्र प्रणिधातव्यम्। सर्वं वस्तु परमार्थतः स्वात्मन्येव वसति, नान्यत्र। यथोक्तं **विशेषावश्यकभाष्ये** [1]"वत्थुं वसइ सहावे सत्ताओ चेयणा व जीवम्मि" (वि.आ.भा.२२४२) इति। 'यदि आत्मा अचेतने वसेत्, स्वस्वभावहानिः प्रसज्येत' इत्यवगम्य निरन्तरमुपयोगमात्माभिमुखीकृत्य आत्मरुचिदार्ढ्येन निजस्वभावरमणतातः आत्मस्वभावे वस्तव्यं शब्दादिनयत्रितयाभिप्रायतः। परद्रव्य-गुण-पर्यायेभ्यः पृथग्भूय स्वात्मद्रव्य-गुण-पर्यायेषु वसन्नेव परमार्थतः आत्मा भवति, अन्यथा आत्माऽपि अनात्मा भवेत्। इदं चेतसिकृत्य 'निजाऽहितकारिसकलवृत्ति-प्रवृत्तिभ्यो विरम्य स्वात्मकल्याणसाधकवृत्ति-प्रवृत्तिषु निमज्ज्य, उपयोगं शुद्धं कृत्वा, आत्मद्रव्यशुद्धिमनुभूय स्वात्मद्रव्ये वसन्तः स्यामः' इति प्रभुं प्रार्थयामः। तस्याः प्रामाणिकत्वे तु [2]"जत्थ नत्थि जरा, मच्चू, वाहिणो, वेयणा तहा" (उत्त.२३/८१) इति **उत्तराध्ययनसूत्रोक्तं** लोकाग्रं न दूरे। पूर्वम् आत्मस्थितिविशेषप्राप्तिलक्षणा मुक्तिः तदनन्तरञ्च स्थानविशेषप्राप्तिलक्षणा मुक्तिरित्याशयः।।८/१८।।

---

ગ્રંથમાં **ભાવમિશ્રજી**એ પરિભાષાપ્રકરણમાં જણાવેલ છે કે 'અડધો શરાવ = એક કુડવ, તથા બે શરાવથી પ્રસ્થક બને.' મતલબ કે 'પ્રસ્થક = ચાર કુડવ' - આ વાત તેમને પણ માન્ય છે. તે ખ્યાલમાં રાખવું.

## ❋ નિજસ્વભાવમાં વસવાટ કરીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- 'વસતિ' દૃષ્ટાંતમાં શબ્દાદિ ત્રણ નયનો અભિપ્રાય જણાવેલ હતો કે 'દેવદત્ત આત્મસ્વરૂપમાં વસે છે' - તેના ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં જ પરમાર્થથી રહે છે, અન્યત્ર નહિ. આ અંગે **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'સત્ હોવાના લીધે દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં વસે છે. જેમ ચેતના જીવમાં વસે છે તેમ દરેક વસ્તુમાં સમજવું.' જો આત્મા જડ પદાર્થમાં રહે તો આત્મસ્વભાવ ગુમાવી બેસે. આવું જાણીને સતત ઉપયોગને આત્મકેન્દ્રિત કરી, આત્મરુચિ દૃઢ કરી, નિજસ્વભાવમાં રમણતા કરવા દ્વારા, શબ્દાદિ ત્રણ નયની દૃષ્ટિએ, આત્મસ્વભાવમાં વસવાટ કરવો. પરદ્રવ્ય, પરગુણ, પરપર્યાય - આ ત્રણમાંથી ખસી સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયમાં વસે તે જ પરમાર્થથી આત્મા છે. અન્યથા આત્મા પણ અનાત્મા બની જાય. આ હકીકતને ખ્યાલમાં રાખી 'નિજને નુકસાન કરનાર તમામ વૃત્તિ-પ્રવૃત્તિથી વિરામ પામી, આત્મકલ્યાણસાધક વૃત્તિ-પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહી, ઉપયોગને શુદ્ધ કરી, આત્મદ્રવ્યશુદ્ધિને અનુભવી, આપણે સ્વાત્મામાં વસવાટ કરનારા બનીએ' - તેવી પરમેશ્વરને પ્રાર્થના. આ પ્રાર્થના પ્રામાણિક હોય તો **ઉત્તરાધ્યયનસૂત્ર**માં દર્શાવેલ લોકાગ્ર સિદ્ધશિલા દૂર ન રહે. ત્યાં કહેલ છે કે 'જ્યાં ઘડપણ, મોત, રોગ તથા વેદના નથી તે લોકાગ્ર છે.' આશય એ છે કે પૂર્વે આત્મામાં પૂર્ણતયા વસવાટ કરવા સ્વરૂપ મોક્ષ મળે છે. તથા ત્યાર બાદ સ્થાનવિશેષની પ્રાપ્તિ સ્વરૂપ મુક્તિ મળે છે. આત્મસ્થિતિવિશેષપ્રાપ્તિરૂપ મુક્તિ વિના સ્થાનવિશેષપ્રાપ્તિરૂપ મુક્તિ શક્ય નથી. (૮/૧૮)

---

1. वस्तु वसति स्वभावे सत्त्वात् चेतनेव जीवे। 2. यत्र नास्ति जरा, मृत्युः, व्याधयः, वेदनाः तथा।

એહ જ દ્રઢઇ છઇ -

**ઉપનય પણિ અલગા નહીં રે, જે વ્યવહાર સમાય❖;**

**નહીં તો ભેદ પ્રમાણનો રે, ઉપપ્રમાણ પણિ થાય રે ॥૮/૧૯॥ (૧૨૭) પ્રાણી.**

**ઉપનય પણિ** (જે) કહ્યા, તે નય વ્યવહાર-નૈગમાદિકથી **અલગા (નહીં** =) નથી. (તે તેહમાં **સમાય**.) उक्तं च *तत्त्वार्थसूत्रे* - "उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः" (त.सू.भा.१.३५) इति।

---

इदमेव दृढयति - '**भिन्ना**' इति।

**भिन्ना नोपनया यस्माद् व्यवहारे पतन्ति ते।**

**अन्यथोपप्रमाणे स्यात् प्रमाणस्य प्रकारता।।८/१९।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् - उपनयाः न भिन्नाः, यस्मात्ते व्यवहारे पतन्ति। अन्यथा उपप्रमाणे प्रमाणस्य प्रकारता स्यात्।।८/१९।।

**उपनयाः** = निरुक्तत्रिविधोपनया अपि **न** नैगमादिसप्तनयेभ्यो **भिन्नाः**, **यस्मात्** कारणात् **ते** त्रिविधा अपि उपनयाः **व्यवहारे** = व्यवहाराभिधाने मूलनये **पतन्ति** = समाविशन्ति, उपचारस्य मूलनयेऽप्यभ्युपगमात्। उक्तञ्च **तत्त्वार्थसूत्रभाष्ये उमास्वाति**वाचकवरैः "उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः" (त.सू.भा.१/३५) इति। तदिदं 'क्षीरं विहाय अरोचकग्रस्तस्य सोवीररुचिः' इति न्यायानुसरणं देवसेनस्य।

व्यवहारश्चोपलक्षणं नैगमादेः, तत्राऽप्युपचारस्य अभ्युपगमात्। नैगमो हि प्रस्थकसङ्कल्पादि-

---

**અવતરણિકા** :- આ જ વાતને દૃઢ કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :-

**શ્લોકાર્થ** :- ઉપનયો ભિન્ન (= નૈગમાદિ સાત નયથી સ્વતંત્ર) નથી. કારણ કે તે વ્યવહારમાં સમાવિષ્ટ થાય છે. અન્યથા ઉપપ્રમાણ પ્રમાણનો પ્રકાર થશે. (૮/૧૯)

**વ્યાખ્યાર્થ** :- (૧) સદ્ભૂત વ્યવહાર ઉપનય, (૨) અસદ્ભૂત વ્યવહાર ઉપનય અને (૩) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય - આ પ્રમાણે જે ત્રણ ઉપનય પૂર્વે સાતમી શાખામાં જણાવેલા હતા, તે પણ નૈગમ આદિ સાત નય કરતાં ભિન્ન નથી. કારણ કે તે ત્રણેય ઉપનયો વ્યવહાર નામના ત્રીજા મૂલ નયમાં અંતર્ભાવ પામે છે. ઉપચાર તો મૂલ નયમાં પણ માન્ય જ છે. તેથી જ નૈગમાદિ પાંચ નયમાંથી ત્રીજા વ્યવહારનયનું નિરૂપણ કરવાના અવસરે વાચકશિરોમણિ **ઉમાસ્વાતિ** મહારાજે **તત્ત્વાર્થસૂત્રભાષ્ય**માં જણાવેલ છે કે 'ઉપચારબહુલ વિસ્તૃતવિષયવાળો લૌકિકપ્રાયઃ વ્યવહારનય છે.' તેથી જેમ ભોજનની અરુચિથી ઘેરાયેલ માણસને મધુર ખીરના બદલે ફીકી ખારી કાંજી ગમે, તેમ મિથ્યાત્વથી ઘેરાયેલા દેવસેનને જિનોક્ત વ્યવહારનયના બદલે સ્વતંત્ર ઉપનય ગમે છે.

## ❀ નૈગમાદિ નયમાં ઉપચાર વિચાર ❀

(વ્યવ.) મૂળ શ્લોકમાં જે 'વ્યવહાર' શબ્દ જણાવેલ છે તે ઉપલક્ષણ છે. તેથી નૈગમ વગેરે નયનું

---

❖ પુસ્તકોમાં 'સમાઈ.. થાઈ' પાઠ. અહીં કો.(૪+૯)+સિ.નો પાઠ લીધો છે.

(**નહીં તો** =) ✻ઈમ કરતાં નયભેદનઈં જો ઉપનય કરી માનસ્યો તો, "**स्व-परव्यवसायि ज्ञानं प्रमाणम्**" (**प्र.न.त.१/२**) એ લક્ષણઈં લક્ષિત જ્ઞાનરૂપ **પ્રમાણનો** (**ભેદ**=) એકદેશ મતિજ્ઞાનાદિક અથવા તદ્દેશ અવગ્રહાદિક તેહનઈં **ઉપપ્રમાણ પણિ** (**થાય**. તિમ) કાં નથી કહતાં ?

कमपि प्रस्थकरूपेण मन्यते। सङ्ग्रहो हि संस्तारकसमारूढमपि वसतिविधया स्वीकुरुते। ऋजुसूत्रश्च स्वकीय-साम्प्रतकालीनं जलाहरणादिक्रियाशून्यमपि कम्बुग्रीवादिमत्पदार्थं घटत्वेनोररीकुरुते। उत्तरनय-वक्तव्यताश्रवणेन एते पूर्ववर्तिनः सर्वे हि प्रकारान्तरेण उपचारा एव ज्ञेया इति दिक्।

विपक्षबाधमाचष्टे – **अन्यथा** = उपनयस्य नयान्तर्भूतत्वेऽपि नयसङ्कीर्णतानिरासाय पार्थक्येन उपनये नयप्रकारता सम्मता स्यात् तर्हि उपप्रमाणस्य प्रमाणान्तर्भूतत्वेऽपि प्रमाणविषयसङ्कीर्णता-ऽपाकरणाय पार्थक्येन **उपप्रमाणे प्रमाणस्य प्रकारता स्याद्** एव। सोऽयमजां निष्काशयतः

પણ અહીં ગ્રહણ કરી લેવું. કેમ કે નૈગમાદિ નયમાં પણ ઉપચારનો સ્વીકાર કરવામાં આવેલ છે. નૈગમનય પ્રસ્થકના સંકલ્પ વગેરેને પણ પ્રસ્થક તરીકે માને છે. સંગ્રહનય સંથારા ઉપર બેસેલ દેવદત્ત વગેરેને 'વસતિ' તરીકે સ્વીકારે છે. ઋજૂસૂત્રનય સ્વકીય વર્તમાનકાલીન જલાહરણાદિક્રિયાશૂન્ય એવા પણ કંબુગ્રીવાદિમાન્ પદાર્થને ઘટ તરીકે સ્વીકારે જ છે. તે તે નયના ઉત્તરવર્તી નયોના અભિપ્રાયને સાંભળવાથી - જાણવાથી ઉપરોક્ત પૂર્વવર્તી બધા મંતવ્યો બીજી રીતે ઉપચારસ્વરૂપે જ જાણવા યોગ્ય છે. અહીં જે કહેવાયેલ છે તે તો દિશાસૂચન માત્ર છે. તે મુજબ હજુ આગળ વિચારી શકાય તેમ છે.

### ♫ વ્યવહારનયમાં ઉપચાર વૈવિધ્ય ♫

**સ્પષ્ટતા** :- નૈગમાદિ મૂલ નયમાં જે ત્રીજો વ્યવહારનય છે, તે અવારનવાર ઉપચાર કરીને પોતાનું મંતવ્ય જણાવે છે. કારણમાં કાર્યનો ઉપચાર, આધારનો આધેયમાં ઉપચાર, નિકટના ભવિષ્યકાળમાં વર્તમાન કાળનો ઉપચાર... આવા અનેકવિધ ઉપચારો કરીને વ્યવહારનય 'आयुः घृतम्', 'मञ्चाः क्रोशन्ति', 'एष गच्छामि' ઈત્યાદિ વાક્યપ્રયોગો કરે છે. સદ્ભૂત વ્યવહાર, અસદ્ભૂત વ્યવહાર વગેરે ઉપનયો પણ ઉપચાર કરીને પ્રવૃત્તિ કરતા હોવાથી તે ત્રણેય ઉપનયોનો વ્યવહારનયમાં સમાવેશ થઈ શકે છે. નૈગમાદિ નયો પણ ઉપચારને માન્ય કરે છે. માટે ઉપનયોને નૈગમ, વ્યવહાર આદિ નય કરતાં જુદા દર્શાવવાની દેવસેનજીની પ્રવૃત્તિ વ્યાજબી નથી. તેવું અહીં ગ્રંથકારશ્રીનું તાત્પર્ય છે.

**શંકા** :- સદ્ભૂત વ્યવહાર વગેરે નયના જ પ્રકાર છે. નયના એક જાતના પ્રકાર હોવાથી જ તે ત્રણેયને ઉપનય તરીકે અલગ દર્શાવ્યા છે.

### ♫ ઉપનયની જેમ ઉપપ્રમાણ પણ સ્વીકાર્ય બનશે ♫

**સમાધાન** :- (विपक्ष.) ઉપરોક્ત માન્યતા બાધિત થાય છે. તે આ રીતે - જો ઉપનયનો નયમાં અંતર્ભાવ થવા છતાં નયોમાં સંકીર્ણતાને (= ખીચોખીચપણાને) હટાવવા માટે ઉપનયમાં સ્વતંત્રરૂપે નયભેદરૂપતા = નયપ્રકારતા માન્ય કરવામાં આવે તો ઉપપ્રમાણનો પ્રમાણમાં અંતર્ભાવ થવા છતાં પ્રમાણમાં વિષયગીચતાને (= સંકીર્ણતાને) દૂર કરવા માટે ઉપપ્રમાણને પ્રમાણનો પ્રકાર = ભેદ માનવાની આપત્તિ

✻ પુસ્તકોમાં 'ઈમઈ' પાઠ. કો.(૯)+સિ.નો પાઠ લીધો છે.

**तस्मात्** - નય-ઉપનય એ પ્રક્રિયા ***બોટિકની*** શિષ્યબુદ્ધિઅંધન♦માત્ર જાણવી. ***इति १२७ गाथार्थः*** ॥८/१९॥

क्रमेलकाऽऽपातन्यायः। इदमत्राऽऽकूतम् - यदि देवसेनेन नयभेदत्वादेवोपनयत्वेन ते त्रिविधाः सद्भूताऽसद्भूतोपचरितासद्भूतलक्षणा व्यवहाराः पृथगुक्ताः तर्हि "स्व-परव्यवसायिज्ञानं प्रमाणमि"ति (प्र.न.त. १/२) **प्रमाणनयतत्त्वालोकालङ्कार**सूत्रोक्तलक्षणलक्षितस्य, यद्वा "सम्यगर्थनिर्णयः प्रमाणम्" (प्र.मी.१/१/२) इति पूर्वोक्त(४/२)**प्रमाणमीमांसा**दर्शितस्य, ज्ञानात्मकप्रमाणस्यैकदेशः मतिज्ञानादिकः यद्वा तद्देशोऽवग्रहादिकः कथं नोपप्रमाणत्वेन पृथगुच्यते? आक्षेप-परिहारयोः तुल्ययोग-क्षेमत्वात्। न च मत्यादेः अवग्रहादेर्वा उपप्रमाणत्वं सम्मतं देवसेनस्य। उपप्रमाणापत्तिः उपलक्षणतया बोध्या। तेन 'उपनिक्षेपः, उपज्ञानम्, उपदर्शनम्' इत्यादिकमपि देवसेनेन दर्शनीयं स्यात्, अन्यथा अर्धजरतीयन्याय आपद्येत। प्रमाणबलायातः पदार्थः केन निवार्यते ? इति न्यायः प्रकृते लब्धावसरः। ततो नोपनयप्ररूपणाऽपि तेन कर्तव्या इति न्यायप्राप्तम्। तस्माद् देवसेनस्य नवविधनय-त्रिविधोपनयप्रक्रिया

આવશે જ. આ તો બકરું કાઢવા જતાં ઊંટ પેસી ગયા જેવું થયું. પ્રસ્તુતમાં કહેવાનો આશય એ છે કે દેવસેનજીએ જો નયના ભેદ હોવાથી સદ્ભૂત, અસદ્ભૂત અને ઉપચરિત અસદ્ભૂત - આ ત્રણેય વ્યવહાર ઉપનય તરીકે અલગ જણાવ્યા હોય તો પ્રમાણના ભેદસ્વરૂપ હોવાથી મતિજ્ઞાનાદિ કે અવગ્રહાદિ ઉપપ્રમાણસ્વરૂપે કેમ અલગ ન જણાવ્યા ? કારણ કે **(૧) પ્રમાણનયતત્ત્વાલોકાલંકારસૂત્ર** નામના ગ્રંથમાં શ્રી**વાદિદેવસૂરિજી** મહારાજે 'સ્વ-પરનો નિશ્ચય કરનાર જ્ઞાન પ્રમાણ છે' આ પ્રમાણે પ્રમાણનું લક્ષણ દર્શાવેલ છે. (૨) કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્રસૂરિજી**એ **પ્રમાણમીમાંસા** ગ્રંથમાં 'સમ્યગ્ અર્થનિર્ણય પ્રમાણ કહેવાય'- આમ જણાવેલ છે. પૂર્વે (૪/૨) આ સંદર્ભ દર્શાવેલ છે. તેમાંના કોઈ પણ વિશેષ પ્રકારના પ્રમાણલક્ષણથી લક્ષિત જ્ઞાનાત્મક પ્રમાણનો એક દેશ = ભાગ મતિજ્ઞાન વગેરે છે. તથા તેનો દેશ અવગ્રહ, ઈહા, અપાય વગેરે છે. તેથી 'નયના એક અવાન્તર ભેદ તરીકે જો ઉપનય કહેવાય તો પ્રમાણના એક અવાન્તર ભેદ તરીકે ઉપપ્રમાણ પણ દેવસેનજીએ દેખાડવું જોઈએ' - આ વાત તુલ્ય યુક્તિથી સ્વીકાર્ય બની જાય છે. સવાલ અને જવાબ તો બન્ને પક્ષમાં સમાન જ છે. અર્થાત્ જે દલીલ-તર્ક ઉપપ્રમાણના ખંડન માટે દિગંબર બતાવશે, તે જ દલીલ-તર્ક ઉપનયના નિરાકરણ માટે સમર્થ હશે. તથા જે યુક્તિ ઉપનયનું સમર્થન કરવા માટે દિગંબર દર્શાવશે, તે જ યુક્તિ ઉપપ્રમાણનું સમર્થન કરશે. અહીં ઉપપ્રમાણની આપત્તિ ગ્રંથકારશ્રીએ દેવસેનને આપેલ છે, તે ઉપલક્ષણ છે. તેથી ઉપનિક્ષેપ, ઉપજ્ઞાન, ઉપદર્શન વગેરે પણ દેવસેને ઉપનયની જેમ જણાવવા પડશે. બાકી અર્ધજરતીય ન્યાય લાગુ પડશે. 'પ્રમાણના બળથી પ્રાપ્ત પદાર્થનો પ્રતિકાર કોણ કરી શકે ?' - આ ન્યાય અહીં અવસરપ્રાપ્ત છે. માટે નય-ઉપનયની જેમ દિગંબરે પ્રમાણ-ઉપપ્રમાણ બન્નેનો સ્વીકાર કરવો પડશે. પરંતુ મતિજ્ઞાન વગેરે કે અવગ્રહ-ઈહા-અપાયાદિ જ્ઞાન ઉપપ્રમાણ તરીકે દિગંબર દેવસેનજીને સંમત નથી. તેથી ઉપનયની પ્રરૂપણા પણ દેવસેનજીએ ન કરવી જોઈએ. તેવું ન્યાયથી સિદ્ધ થાય છે. આ કારણથી દેવસેનજીએ દર્શાવેલ

♦ કો.(૧૨)માં 'ધ્યંધન' પાઠ. પુસ્તકોમાં 'બુદ્ધિધંધન...' પાઠ. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે.

केवलं मुग्धशिष्यध्यन्धनरूपेण ज्ञातव्या। नानातन्त्रानुसारेण विविधानि प्रमाणलक्षणानि तु अग्रे (१२/१४) दर्शयिष्यन्त इत्यवधेयम्।

वस्तुतः प्रमाण-नयौ हि यथावस्थितवस्तुस्वरूपोपलब्धेः मुख्यमार्गौ। मूलनयमार्गच्छिद्रतो नवविधनय-त्रिविधोपनयकल्पनया नयमार्गो दूष्यते देवसेनेन। शिष्यमतिपरिकर्मणार्थम् उपनयानां युज्यमानत्वेऽपि उपचारबहुलविस्तृतार्थकमूलव्यवहारनयान्तःपातिनां तेषां स्वातन्त्र्येण कल्पना नैव युज्यते। जिनमतानभिज्ञतया आपातरमणीयकपोलकल्पितकल्पनातो जिनोक्तप्रमाण-नयमार्गव्यवस्था दूषयितुं नार्हति।

यद्यपि वचनमार्गतुल्यसङ्ख्याकत्वमेव नयमार्गाणां तथापि मूलनयविभागः सप्तधैव निरूढो जिनमते। पूर्वोक्तरीत्या (८/९) सप्तसु नैगमादिनयेषु द्रव्यार्थ-पर्यायार्थनयौ समाविशतः त्रिविधाश्च

---

નવ પ્રકારના નયની અને ત્રણ પ્રકારના ઉપનયની પ્રક્રિયા કેવલ મુગ્ધ શિષ્યોની બુદ્ધિને આંધળી કરવા સ્વરૂપ જ જાણવી. અનેક દર્શનોના આધારે પ્રમાણના વિવિધ લક્ષણો આગળ બારમી શાખાના ચૌદમા શ્લોકની વ્યાખ્યામાં બતાવવામાં આવશે. તેની વિજ્ઞ વાચકવર્ગે નોંધ લેવી.

### ✿ ઉપનયોનો વિવિધ વ્યવહારનયોમાં સમાવેશ ✿

**(वस्तु.)** વાસ્તવમાં યથાવસ્થિતપણે વસ્તુના સ્વરૂપની જાણકારી મેળવવાના મુખ્ય વ્યવસ્થિત માર્ગો તો પ્રમાણ અને નય છે. મૂળનયમાર્ગની સીધી સડકમાં પણ છીંડાઓ પાડીને દેવસેનજી નવ પ્રકારના નયની અને ત્રણ પ્રકારના ઉપનયની કલ્પના કરે છે. તેથી મૂળનયમાર્ગ ડહોળાય છે, દૂષિત થાય છે. નયમાર્ગના યાત્રીઓ વ્યામોહમાં પડે છે. શિષ્યબુદ્ધિને તીક્ષ્ણ કરવા માટે, સૂક્ષ્મ બનાવવા માટે ઉપનયો ઉપયોગી જરૂર છે. પરંતુ સાત મૂળ નયના ત્રીજા ભેદ સ્વરૂપ વ્યવહારનયમાં જ તેનો સમાવેશ થઈ શકે છે. કેમ કે મૂળ વ્યવહારનય ઉપચારબહુલ છે. તથા તેનો વિષય વ્યાપક છે. છતાં ઉપચારબહુલ વિવિધ ઉપનયોનો વ્યવહારનયમાં સમાવેશ કરવાના બદલે તેનાથી સ્વતંત્રરૂપે ઉપનયોની કલ્પના દેવસેન કરે છે. તે બિલકુલ વ્યાજબી નથી. 'દેવસેનજી જે વિષયોનું નિરૂપણ કરે છે, તે શ્વેતાંબરોને માન્ય જ નથી કે વિપરીત છે' - એવું નથી, પરંતુ જે રીતે તે વિષયોનું નિરૂપણ કરે છે, તે રીત વ્યાજબી નથી. તે રીત વ્યામોહને પેદા કરનારી છે. સાચી હકીકત પણ ખોટી પદ્ધતિએ રજૂ કરવામાં આવે ત્યારે હકીકતને ધક્કો પહોંચે છે. જિનેશ્વર ભગવંતના મતની સાચી જાણકારી ન હોવાથી આપાતરમણીય કપોલકલ્પિત કલ્પનાઓ કરીને જિનોક્ત પ્રમાણસ્વરૂપ નેશનલ હાઈવે (રાષ્ટ્ર-ધોરીમાર્ગ) અને નયાત્મક સ્ટેટ હાઈવે (રાજ્ય-ધોરીમાર્ગ) અંગેની વ્યવસ્થાને દૂષિત કરવી એ બિલકુલ વ્યાજબી નથી.

### ❀ મૂલનય સાત જ વ્યાજબી છે ❀

**(यद्यपि.)** જો કે જેટલા વચનમાર્ગ - વાણીવ્યવહાર છે, તેટલા જ નયમાર્ગ છે. તો પણ સમજવા માટે મૂળનયનો વિભાગ સાત પ્રકારે જ જિનમતમાં પ્રસિદ્ધ છે. પૂર્વે આ જ શાખાના નવમા શ્લોકમાં જણાવેલી પદ્ધતિ મુજબ નૈગમાદિ સાત નયોમાં જ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય સમાઈ જાય છે. તો પછી શા માટે સ્વતંત્ર નવ નયની પ્રરૂપણા કરવી ? તથા સાતમી શાખામાં દર્શાવેલ દેવસેનસંમત ત્રણ પ્રકારના ઉપનયોનો છઠ્ઠી શાખામાં દર્શાવેલ ઉપાધ્યાય**દેવચન્દ્ર**સંમત બે પ્રકારના વ્યવહારનયના અનેક

उपनयाः पूर्वोक्तेषु (६/१२) **देवचन्द्रवाचको**पदर्शितेषु द्विविधव्यवहारनयाऽवान्तरभेदेषु यथायोगं समवतरन्तीति न तेषां स्वातन्त्र्येण कल्पनाऽर्हतीत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – अनावश्यकैकवस्तुस्वीकारोऽनेकानावश्यकवस्तुस्वीकारनिमित्ततामापद्येतेति कृत्वा यथा अनावश्यकाऽनधिकृतमेकमपि प्रवर्तनम्, चिन्तनम् उच्चारणं वा न स्यात् तथा सततं जागरितव्यमित्युपदेशोऽत्र लभ्यते। तादृशोपदेशानुसरणेन [1]"सुराऽसुर-नराणं सव्वद्धापिंडिआइं सौक्खाइं जस्साऽणंतभागे न भवंति" (स.सा.ना.९) इति **समयसारे देवानन्दसूरिभिः** वर्णितं सिद्धसुखं पार्श्ववर्ति स्यात्।।८/१९।।

અવાન્તર ભેદોમાં યથાયોગ્ય રીતે સમવતાર થઈ જાય છે. આ રીતે નૈગમાદિ સાત મૂળનયમાં રહેલ ત્રીજા નયના જ ભેદ-પ્રભેદોમાં ઉપનયોનો સમાવેશ થઈ જતો હોય તો તેનાથી સ્વતંત્રરૂપે ત્રિવિધ ઉપનયની કલ્પના **દેવસેનજી**એ શા માટે કરવી પડે ? તે વ્યાજબી નથી. આ વાત ખ્યાલમાં રાખવી.

### ❋ બિનઅધિકૃત ચેષ્ટા છોડીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- સ્વતંત્રપણે બિનજરૂરી એક વસ્તુનો સ્વીકાર એ હકીકતમાં અનેક અનાવશ્યક અનર્થકારી વસ્તુના સ્વીકારમાં નિમિત્ત બની જાય છે. આવું જાણીને બિનજરૂરી બિનઅધિકૃત એક પણ ચેષ્ટા કે ચિંતન કે શબ્દોચ્ચારણ ન થઈ જાય તેની સતત સાવધાની રાખવાનો પવિત્ર આધ્યાત્મિક સંદેશ પ્રસ્તુત શ્લોક દ્વારા સંપ્રાપ્ત થાય છે. તેવા આધ્યાત્મિક સંદેશને અનુસરવાથી **સમયસાર** ગ્રંથમાં **શ્રીદેવાનંદસૂરિજી**એ વર્ણવેલ સિદ્ધસુખ પડખે આવી જાય. ત્યાં જણાવેલ છે કે 'દેવ, દાનવ, માનવના સર્વ કાળના ભેગા કરેલા સુખો સિદ્ધસુખના અનંતમાં ભાગની પણ તુલનામાં આવતા નથી.' (૮/૧૯)

લખી રાખો ડાયરીમાં.....

- **ઉકળાટ-કકળાટ-ખખડાટ-ધમધમાટ-તમતમાટ...**
  **આ બધા છે અતૃપ્ત વાસનાના અજીર્ણ.**
  **પ્રશાન્ત ઉપાસના સુપાચ્ય છે, રિ-એક્શનલેસ છે.**
- **વાસના ક્લેશ-સંક્લેશ સર્જે છે.**
  **ઉપાસના ક્લેશશૂન્ય પ્રસન્નતાને લહેરાવે છે.**
- **વાસના પોતાના પ્રેમ વર્તુળમાં એક-બે વ્યક્તિને સમાવી જગત આખાની બાદબાકી કરે છે.**
  **ઉપાસના પોતાના વાત્સલ્યવર્તુળમાં તમામનો સમાવેશ કરે છે.**

1. सुराऽसुर-नराणां सर्वाद्धापिण्डितानि सौख्यानि यस्याऽनन्तभागे न भवन्ति।

**વ્યવહારઈં નિશ્ચય થકી રે, સ્યો ઉપચાર વિશેષ ?;**
**મુખ્યવૃત્તિ જો એકની રે, તો ઉપચારી સેસ રે ॥૮/૨૦॥ (૧૨૮) પ્રાણી.**

♦વ્યવહારનયનઈં વિષેં ઉપચાર છઇ, નિશ્ચયમાંહિ **ઉપચાર** નથી, એ પણિ (**નિશ્ચય થકી**) **સ્યો વિશેષ** ? (જો) જિવારઇ **એકનયની મુખ્યવૃત્તિ** લેઈઇ, (**તો**) તિવારઈં (**સેસ**=) બીજા નયની **ઉપચાર**વૃત્તિ આવઇં.

यत्तु "निश्चय-व्यवहारौ द्वौ नयावध्यात्मभाषया" (द्रव्या.प.८/१) इत्यादिना इहैव शाखायां देवसेनमतानुसारेणोक्तं तत्समीक्षणार्थमुपक्रमते – '**निश्चयादि**'ति।

**निश्चयाद् व्यवहारे को भेदो येनोपचारता? ।**
**यदैकनयमुख्यत्वं तदाऽन्यनयगौणता।।८/२०।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – निश्चयाद् व्यवहारे को भेदः येन (व्यवहारनये) उपचारता (स्वीक्रियते) ? (यतः) यदैकनयमुख्यत्वं तदाऽन्यनयगौणता (सम्पद्यते एव)।।८/२०।।

किञ्च, **निश्चयाद्** = निश्चयनयाद् **व्यवहारे** = व्यवहारनये **को भेदः** = विशेषः समस्ति **येन** कारणेन व्यवहारनये **उपचारता** स्वीक्रियते, न तु निश्चयनये ? यतः [1]"सुद्धनया निव्वाणं संजमं बेंति" (वि.आ.भा.११३२) इति पूर्वोक्त(८/१३)**विशेषावश्यकभाष्या**नुसारेण निश्चयस्याऽपि शुद्धनयाऽपराऽभिधानस्य उपचाराभ्युपगन्तृत्वं प्रसिद्धमेव। न हि निरुपचरितवृत्त्या सर्वसंवरस्य मोक्षरूपता सम्भवति। तदुक्तं श्री**हेमचन्द्रसूरिभिः** अपि **तद्वृत्तौ** "शुद्धनयाः = ऋजुसूत्र-शब्दादयः संयममेव निर्वाणमाहुः, अत्यन्तप्रत्यासन्न-

**અવતરણિકા** :- પ્રસ્તુત આઠમી શાખાના પ્રથમ શ્લોકમાં 'અધ્યાત્મભાષાથી નિશ્ચય અને વ્યવહાર - આમ બે નય છે' - (૮/૧) ઈત્યાદિ બાબત દેવસેનમતાનુસાર જણાવેલ હતી. તેની સમીક્ષા-સમાલોચના કરવા માટે ગ્રંથકારશ્રી પ્રયત્ન કરે છે :-

**શ્લોકાર્થ** :- નિશ્ચયનય કરતાં વ્યવહારનયમાં એવી તે કઈ વિશેષતા છે કે વ્યવહારમાં જ ઉપચારનો સ્વીકાર તમે કરો છો ? જ્યારે એક નયને મુખ્ય કરવામાં આવે ત્યારે બીજો નય ગૌણ = ઉપચરિત બને છે જ. (૮/૨૦)

## ❀ નિશ્ચય-વ્યવહાર બન્નેમાં ઉપચાર સંમત છે ❀

**વ્યાખ્યાર્થ** :- વળી, નિશ્ચયનય કરતાં વ્યવહારનયમાં એવી તે કઈ વિશેષતા છે કે જે વિશેષતાના કારણે દેવસેનજી વ્યવહારનયમાં ઔપચારિકતા સ્વીકારે છે પણ નિશ્ચયનયમાં ઔપચારિકતાને સ્વીકારતા નથી ? કારણ કે 'શુદ્ધનયો સંયમને મોક્ષ માને છે' - આમ પૂર્વોક્ત(૮/૧૩) **વિશેષાવશ્યકભાષ્ય**ગાથામાં જે જણાવેલ છે તે મુજબ શુદ્ધનય જેનું બીજું નામ છે તેવા નિશ્ચયનયમાં પણ ઉપચારનો સ્વીકાર પ્રસિદ્ધ છે. જો ઉપચારનો આશ્રય કરવામાં ન આવે તો સર્વસંવરસ્વરૂપ સંયમને મોક્ષ કઈ રીતે કહી શકાય ? ન જ કહી શકાય. શ્રી**હેમચંદ્રસૂરિ**જીએ પણ આ બાબતની સ્પષ્ટતા કરતાં **વિશેષાવશ્યકભાષ્યવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'ઋજુસૂત્ર, શબ્દનય આદિ શુદ્ધનયો છે. તે સંયમને જ મોક્ષ કહે છે. મોક્ષસ્વરૂપ કાર્યનું

♦ પુસ્તકોમાં 'વ્યવહાનઈં' પાઠ કો.(૧૨)નો પાઠ લીધો છે. 1. शुद्धनया निर्वाणं संयमं ब्रुवन्ति।

कारणे सर्वसंवरसंयमे कार्यस्य निर्वाणस्य उपचाराद्" (वि.आ.भा.११३२ मल.वृ.) इति। आदिपदेन समभिरूढैवम्भूतनयौ ग्राह्यौ।

***एतेन*** [1]"सद्दुज्जुसुयाणं पुण निव्वाणं संजमो चेव" (आ.नि.७८९) इति **आवश्यकनिर्युक्ति**वचनं ***व्याख्यातम्***।

अत्र "शब्द-ऋजुसूत्रयोः पुनः कारणे कार्योपचाराद् निर्वाणमार्ग एव निर्वाणं संयम एवेत्यनुमतम्। ऋजुसूत्रम् उल्लङ्घ्य आदौ शब्दोपन्यासः शेषोपरितननयानुमतसङ्ग्रहार्थः" (आ.नि.७८९ हा.वृ.) इति **आवश्यकनिर्युक्तिहारिभद्रीवृत्ति**वचनावलम्बनतः 'निश्चयपदेन समभिरूढैवम्भूतौ एव ग्राह्यौ' इति कुत-

અત્યંત નિકટનું કારણ સર્વસંવર નામનું સંયમ છે. ચઉદમા ગુણસ્થાનકે જે સર્વસંવર સંયમ છે, તે મોક્ષનું નિકટતમ કારણ હોવાથી તેમાં કાર્યસ્વરૂપ મોક્ષનો ઉપચાર કરવામાં આવે છે.' મતલબ કે કારણમાં કાર્યનો ઉપચાર શુદ્ધનયસ્વરૂપ નિશ્ચયનયમાં પણ માન્ય જ છે. શ્રીહેમચન્દ્રસૂરિજીએ શબ્દનય પછી આદિ લખેલ છે. તેનાથી સમભિરૂઢ અને એવંભૂત બન્ને નય ગ્રહણ કરી લેવા. આથી ફલિત એવું થશે કે ઋજુસૂત્ર વગેરે પાછલા ચારેય શુદ્ધનય = નિશ્ચયનય કારણમાં કાર્યનો ઉપચાર કરીને સર્વસંવર સંયમને મોક્ષ કહે છે. આમ વ્યવહારનયની જેમ નિશ્ચયનયમાં પણ ઉપચાર તો સ્વીકૃત જ છે. તેવું સિદ્ધ થાય છે.

### ❃ આવશ્યકનિર્યુક્તિવચન સ્પષ્ટીકરણ ❃

(एतेन.) 'શબ્દ અને ઋજુસૂત્ર નયના મતે સંયમ એ જ નિર્વાણ છે' - આ પ્રમાણે **આવશ્યકનિર્યુક્તિ** ગ્રંથમાં શ્રી**ભદ્રબાહુસ્વામી**જીએ જે જણાવેલ છે તેનું પણ સ્પષ્ટીકરણ અમારા ઉપરોક્ત કથન દ્વારા થઈ જાય છે. મતલબ કે ત્યાં પણ તાત્પર્ય એવું જ છે કે ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત - આ ચારેય શુદ્ધનયોના મતે કારણમાં કાર્યનો ઉપચાર કરીને સર્વસંવર સંયમ એ જ મોક્ષ છે.

**દિગંબર** :- અમે નિશ્ચયનયને ઉપચારગ્રાહક નથી માનતા તે પાછલા બે નયની અપેક્ષાએ સમજવું. મતલબ કે સમભિરૂઢ અને એવંભૂત નામના બે નિશ્ચયનય ઉપચારગ્રાહક નથી. આ રીતે વ્યવહાર કરતાં નિશ્ચય જુદો પડી જાય છે. આવું અમારું તાત્પર્ય સમજવું.

### ❀ સર્વ નયોમાં ઉપચાર માન્ય ❀

**શ્વેતાંબર** :- (अत्र.) ભાગ્યશાળી ! તમારા કુતર્કનું નિવારણ તો અમે કરેલ 'આદિ' પદના ખુલાસાથી થઈ જ જાય છે. તેમ છતાં તેનાથી તમને પૂરો સંતોષ ન થયો હોય તો ઉપરોક્ત '**આવશ્યકનિર્યુક્તિ**' ગાથાની વ્યાખ્યામાં શ્રી**હરિભદ્રસૂરિ**જીએ જે વિવેચન કરેલ છે તેનાથી પણ તમારા કુતર્કનું નિરાકરણ થઈ જાય છે. **આવશ્યકનિર્યુક્તિહારિભદ્રી વ્યાખ્યા**માં જણાવેલ છે કે "સંયમ નિર્વાણનો માર્ગ છે. તેમ છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને શબ્દ અને ઋજુસૂત્ર નય સંયમને (= મોક્ષમાર્ગને) જ મોક્ષ માને છે. જો કે સાત નયના ક્રમ મુજબ પહેલાં ઋજુસૂત્રનય આવે. પછી શબ્દનય આવે. તેમ છતાં આવશ્યકનિર્યુક્તિમાં 'ઋજુસૂત્ર-શબ્દનયના મતે ...' આવું કહેવાના બદલે મૂલનયક્રમનું અતિક્રમણ કરીને 'શબ્દ-ઋજુસૂત્રના મતે...' આમ જે જણાવેલ છે તે શબ્દનય દ્વારા ઉપરના બે સમભિરૂઢ અને એવંભૂત નયને સંમત અર્થનો સંગ્રહ કરવા માટે છે." અહીં સ્પષ્ટ રીતે શ્રીહરિભદ્રસૂરિજીએ જણાવેલ છે કે ઋજુસૂત્ર,

1. शब्दर्जुसूत्रयोः पुनः निर्वाणं संयम एव।

र्कोऽपि प्रत्याख्यायते, ऋजुसूत्रादिनयचतुष्केन सर्वसंवरचारित्रे निर्वाणोपचाराऽङ्गीकारात्।

***अथो***पचारकरणेऽपि स्वस्य अनुपसर्जनीभावेन निश्चयस्य व्यवहाराद् वैलक्षण्यमिति ***चेत्*** ?

***न***, यतः **यदा एकनयमुख्यत्वं** = विवक्षितैकनयस्य प्राधान्यवृत्तिः गृह्यते **तदा अन्यनयगौणता** = विवक्षिताऽन्यनयस्योपचारवृत्तिः सम्पद्यते एव। ततश्च निश्चयनयार्पणाकाले व्यवहारनयस्येव व्यवहारनयार्पणाकाले निश्चयनयस्योपसर्जनभावेनौपचारिकताऽपि तादृशी स्यादेव, अन्यथा अर्धजरतीयन्यायापत्तेः। ततश्च देवसेनेन व्यवहारे इव निश्चयेऽपि आध्यात्मिकपरिभाषया उपसर्जनीभावलक्षणा उपचारवृत्तिः स्वीकार्यैव।

ततश्च व्यवहारे इव निश्चयेऽपि देवसेनेन उपचारा दर्शनीया एव आध्यात्मिकपरिभाषानुसारेण, उपचारोपसर्जनीभावयोः उभयत्र तुल्यत्वात्, अन्यथाऽर्धजरतीयापत्तेरित्याशयः।

---

શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત - આ ચારેય નયના મતે સર્વસંવર નામના સંયમમાં મોક્ષનો ઉપચાર માન્ય જ છે. તેથી વ્યવહારનયમાં ઔપચારિકતા માનવી અને નિશ્ચયનયમાં ઔપચારિકતા ન માનવી - આવી દેવસેનની વાતમાં કાંઈ તથ્ય જણાતું નથી.

**દિગંબર** :- (अथो.) શ્વેતાંબરોએ જણાવ્યા મુજબ અમે 'નિશ્ચયનય ઉપચાર કરે છે' - આટલું માનીએ છીએ. તેમ છતાં પણ નિશ્ચયનય સ્વયં કદાપિ ગૌણ બનતો નથી. જ્યારે વ્યવહાર જાતે જ ગૌણ બની જાય છે. આટલી બાબતમાં તો વ્યવહાર અને નિશ્ચય વચ્ચે વિલક્ષણતા છે જ.

### ❀ બન્ને નય ગૌણ બને છે ❀

**શ્વેતાંબર** :- (न.) ના, તમારી આ દલીલ પણ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે વ્યવહાર -નિશ્ચય બન્ને સમાન રીતે ગૌણ બને છે. તે આ રીતે સમજવું. જ્યારે વિવક્ષિત એક નયને મુખ્ય તરીકે સ્વીકારવામાં આવે ત્યારે વિવક્ષિત નય કરતાં અન્ય નયમાં ગૌણતા = ઔપચારિકતા = ઉપચારવૃત્તિ સંપન્ન થાય છે જ. તેથી નિશ્ચયનયની અર્પણા = મુખ્યરૂપે વિવક્ષા કરવાના સમયે જેમ વ્યવહારનયમાં ગૌણતાસ્વરૂપ ઔપચારિકતા સંપન્ન થાય છે તેમ વ્યવહારનયની મુખ્યરૂપે અર્પણા = વિવક્ષા કરવાના અવસરે નિશ્ચયનયમાં પણ ઔપચારિકતા = ઉપચારવૃત્તિ = ગૌણતા સંપન્ન થશે જ. અન્યથા અર્ધજરતીયન્યાય લાગુ પડશે. તેથી દેવસેનજીએ વ્યવહારનયની જેમ નિશ્ચયનયમાં પણ આધ્યાત્મિક પરિભાષા મુજબ ગૌણતાસ્વરૂપ ઉપચારવૃત્તિ માન્ય કરવી જ જોઈએ. એવું ગ્રંથકારનું તાત્પર્ય છે.

### ❋ નિશ્ચયનયમાં ઉપચારની આપત્તિ ❋

(तत.) **આલાપપદ્ધતિ** ગ્રંથમાં **દેવસેન**જીએ આધ્યાત્મિક પરિભાષા મુજબ, નિશ્ચય અને વ્યવહાર એમ બે મૂલનય દર્શાવીને ફક્ત વ્યવહારમાં ઉપચાર દર્શાવેલ છે. આ બાબતની સમીક્ષા કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે વ્યવહારમાં ઉપચાર અને ગૌણભાવ હોવાથી જો દેવસેનજી વ્યવહારમાં ઉપચાર દર્શાવે તો નિશ્ચયમાં પણ ઉપચાર અને ગૌણભાવ હોવાથી, આધ્યાત્મિક પરિભાષા મુજબ, નિશ્ચયના પણ ઉપચાર તેણે દર્શાવવા જોઈએ. અન્યથા અર્ધજરતીય ન્યાય લાગુ પડે. જેમ 'સ્ત્રી અડધી યુવતી અને અડધી ઘરડી છે' - તેવું ન બોલાય, તેમ ઉપચાર અને ગૌણભાવ ઉભયત્ર હોવા છતાં 'વ્યવહારમાં ઉપચાર

अत एव "स्यादस्त्येव" એ □નયવાક્યઈં અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયઈં અસ્તિત્વધર્મ મુખ્યવૃત્તિ લેતાં, કાલાદિક ૮ ઈં ✻અભેદવૃત્ત્યુપચારઈં અસ્તિત્વસંબદ્ધ સકલ ધર્મ લેતાં જ સકલાદેશરૂપ નયવાક્ય થાઈ; ઈમ *આકર*♦ ગ્રંથઈં પ્રસિદ્ધ છઈ.

वचनात्मकैकनयार्पणायामितरनयवृत्तेरौपचारिकत्वलाभादेव 'स्यादस्त्येव' इति नयवाक्ये अस्तित्वग्राहकनिश्चयनयमतेन अस्तित्वधर्मस्य मुख्यवृत्त्या कालाद्यष्टकाऽभेदोपचारवृत्तितश्चाऽस्तित्वधर्मसम्बद्धानाम् अस्तित्वभिन्नानां तद्वस्तुगतानां सकलधर्माणां ग्रहणादेव सकलादेशात्मकं नयवाक्यं सम्पद्यते इति **स्याद्वादरत्नाकरे** प्रसिद्धम्। तच्चेहैव पूर्वं चतुर्थशाखायां (४/१४) दर्शितमिति नाऽत्र पुनस्तन्यते।

***यद्यपि*** नयसप्तभङ्गी विकलादेशस्वभावतया समाम्नाता। तदुक्तं **रत्नाकरावतारिकायां** "विकलादेशस्वभावा हि नयसप्तभङ्गी, वस्त्वंशमात्रप्ररूपकत्वात्। सकलादेशस्वभावा तु प्रमाणसप्तभङ्गी, सम्पूर्णवस्तुस्वरूपप्ररूपकत्वाद्" (रत्ना.अ.७/५३) इति। यथोक्तं **लघीयस्त्रये अकलङ्कस्वामिना**ऽपि "उपयोगौ श्रुतस्य

માનો અને નિશ્ચયમાં ઉપચાર ન માનો' તે ન ચાલે.

### ⊛ નયવાક્ય પણ સકલાદેશ સ્વરૂપ ⊛

(**वच.**) નય બે સ્વરૂપે છે. (૧) જ્ઞાનસ્વરૂપ-અધ્યવસાયાત્મક નય તથા (૨) વચનાત્મક નય. વચનાત્મક નયની **(A)** શક્તિ અને **(B)** લક્ષણા નામની બે વૃત્તિ છે. શક્તિનામક વૃત્તિથી વાક્યસ્વરૂપ નય જે અર્થને જણાવે, તે અર્થ મુખ્ય બન્યો કહેવાય. ત્યારે તે સિવાયના અર્થને જણાવનારી વચનાત્મક નયની વૃત્તિ ઔપચારિક = લક્ષણાસ્વરૂપ બની જાય છે. આ જ કારણથી નયવાક્ય સકલાદેશાત્મક સંપન્ન થાય છે. તે આ રીતે સમજવું. દા.ત. 'स्याद् अस्ति एव' આ પ્રમાણે અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયના વાક્યમાં અસ્તિત્વધર્મનું મુખ્યવૃત્તિથી = શબ્દશક્તિથી ગ્રહણ થાય છે. તેથી સકલાદેશ વાક્યના લાભ માટે પ્રસ્તુતમાં કાલ આદિ પૂર્વોક્ત (૪/૧૪) આઠ તત્ત્વના માધ્યમથી અસ્તિત્વસંબદ્ધ તથા અસ્તિત્વભિન્ન વિવક્ષિતવસ્તુગત સર્વ ગુણધર્મોનું અભેદોપચારવૃત્તિથી = અભેદગોચર લક્ષણાથી ભાન કરવામાં આવશે. આમ શક્તિથી અસ્તિત્વનું અને અભેદગોચર ઉપચારવૃત્તિથી અસ્તિત્વસંબદ્ધ ઉપરોક્ત અન્ય તમામ ગુણધર્મોનું વસ્તુમાં ભાન કરાવવાથી જ તે નયવાક્ય સકલાદેશાત્મક બને છે - આ પ્રમાણે **સ્યાદ્વાદરત્નાકર**માં પ્રસિદ્ધ છે. આ બાબત પૂર્વે ચોથી શાખામાં ૧૪મા શ્લોકની વ્યાખ્યામાં દર્શાવેલ છે. તેથી અહીં ફરીથી તે બાબત જણાવવામાં નથી આવતી.

### ❖ નિશ્ચયનયમાં પણ ઉપચાર માન્ય ❖

(**यद्यपि.**) જો કે નયસપ્તભંગી વિકલાદેશસ્વભાવવાળી માન્ય છે. તેથી તો **રત્નાકરાવતારિકા** ગ્રંથમાં જણાવેલ છે કે "નયસપ્તભંગી વિકલાદેશસ્વભાવવાળી છે. કારણ કે તે વસ્તુના ફક્ત અમુક અંશનું પ્રતિપાદન કરે છે. જ્યારે પ્રમાણસપ્તભંગી તો સકલાદેશસ્વભાવવાળી છે. કેમ કે તે વસ્તુના સંપૂર્ણ સ્વરૂપની પ્રરૂપણા કરે છે." દિગંબર **અકલંકસ્વામી**એ પણ **લઘીયસ્ત્રય** ગ્રંથમાં જણાવેલ છે કે 'શ્રુતના બે ઉપયોગના નામ છે સ્યાદ્વાદ અને નય. સ્યાદ્વાદ એટલે સકલાદેશ તથા નય એટલે વિકલાદેશ.' તેમ છતાં પણ કાલાદિ

□ કો.(૧૨)માં 'નયના વા...' પાઠ. ✻ કો.(૧૩)માં 'ભેદવૃ..' પાઠ. ♦ B(૨)માં 'આચાર' અશુદ્ધ પાઠ.

द्वौ, स्याद्वाद-नयसंज्ञितौ। स्याद्वादः सकलादेशो नयो विकलसङ्कथा।।" (ल.त्र.३/१२) इति। ***तथापि*** नयसप्तभङ्ग्यां प्रतिभङ्गं कालाद्यष्टकाऽभेदशक्तिवृत्त्युपचारवृत्तिभ्यां नयवाक्यस्याऽपि सकलादेशात्मकता सम्मता **स्याद्वादरत्नाकरे** (४/४३)। इत्थञ्चात्र कालाद्यष्टकाऽभेदशक्तिवृत्त्युपचारवृत्तिभ्यामस्तित्व-तदितराऽखिलधर्मग्रहणाऽभ्युपगमे व्यवहारनयवद् निश्चयनयेऽपि उपचारवृत्तिः लक्षणाऽभिधाना अनाविलैवेति फलितम्।

सप्तभङ्ग्याः प्रतिभङ्गं सकलादेशस्वभावत्वादेकैकोऽपि भङ्गः सकलादेशविवक्षायां नयवाक्यरूपोऽपि प्रमाणं स्यात्, कालाद्यष्टभिः अभेदवृत्तिप्राधान्यादभेदवृत्त्युपचाराद् वा यौगपद्येनाऽनन्तधर्मात्मकवस्तुप्रतिपादकत्वात्। इत्थञ्च व्यवहारनये इव शुद्धद्रव्यार्थिकनयात्मके निश्चयनयेऽपि लक्षणाऽभिधाना उपचारवृत्तिः अनाविलैव। ततश्च व्यवहारवद् निश्चयेऽपि उपचारा अपक्षपातेनाऽवश्यं वाच्याः

---

આઠ તત્ત્વના માધ્યમે અભેદગોચર શક્તિવૃત્તિથી કે અભેદગોચર ઉપચારવૃત્તિથી નયવાક્ય પણ સકલાદેશ તરીકે સમ્મત છે. આ વાત **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથમાં જણાવેલ છે. આ રીતે પ્રસ્તુતમાં કાલાદિ આઠ તત્ત્વસંબંધી અભેદગોચર શક્તિવૃત્તિ કે અભેદોપચારવૃત્તિ દ્વારા અસ્તિત્વનું અને અસ્તિત્વ સિવાયના તમામ ગુણધર્મોનું જ્ઞાન સ્વીકારવામાં આવે તો વ્યવહારનયની જેમ નિશ્ચયનયમાં પણ 'લક્ષણા' નામની ઉપચારવૃત્તિ નિરાબાધ જ રહે છે - આમ ફલિત થાય છે. આથી નિશ્ચયનયમાં પણ ઉપચાર તો આવ્યો જ.

### ❈ નિશ્ચયનયમાં અભેદગોચર ઉપચારવૃત્તિ ❈

**સ્પષ્ટતા** :- ચોથી શાખાના ચૌદમા શ્લોકમાં સકલાદેશ, કાલાદિ આઠ તત્ત્વ, અભેદવૃત્તિપ્રાધાન્ય અને અભેદવૃત્તિઉપચાર.. ઈત્યાદિ બાબતની વિસ્તારથી છણાવટ થઈ ચૂકેલ હોવાથી ફરીથી તેનું અહીં વિવેચન કરવામાં નથી આવતું. પ્રસ્તુતમાં તાત્પર્ય એટલું જ છે કે 'स्याद् अस्ति एव' આવા વાક્યસ્વરૂપ નિશ્ચયનય દ્વારા મુખ્યતયા જે અસ્તિત્વ ગુણધર્મનો વસ્તુમાં બોધ થાય છે તે જ અસ્તિત્વ ધર્મથી સંકળાયેલ તદ્વસ્તુગત અન્ય અનંતા ગુણધર્મોનું કાલાદિ આઠ તત્ત્વો દ્વારા અભેદગોચર ઉપચારવૃત્તિથી = લક્ષણાથી ભાન થાય છે. મતલબ કે 'स्याद् अस्ति एव' વાક્યમાં રહેલ 'अस्ति' પદની વસ્તુગત અનંતધર્માત્મકતામાં લક્ષણા થવાથી તે નયવાક્ય પણ અભેદગોચર ઉપચારવૃત્તિથી વસ્તુની સમગ્રતાનું = અનંતધર્માત્મકતાનું પ્રતિપાદન કરે છે. તેથી તે નયવાક્ય પણ સકલાદેશસ્વરૂપ બને છે. આમ **સ્યાદ્વાદરત્નાકર** ગ્રંથ મુજબ, નિશ્ચયનયમાં પણ ઉપચારવૃત્તિ = લક્ષણા નામની જઘન્યવૃત્તિસ્વરૂપ ઉપચાર માન્ય જ છે.

### ❋ નિશ્ચયનયમાં પણ લક્ષણા માન્ય ❋

(सप्त.) સપ્તભંગીનો પ્રત્યેક ભાંગો સકલાદેશાત્મક સ્વભાવને ધારણ કરે છે. તેથી સકલાદેશની વિવક્ષા હોય ત્યારે સપ્તભંગીનો એક-એક પણ ભાંગો નયવાક્યસ્વરૂપ હોવા છતાં પ્રમાણાત્મક બનશે. કારણ કે કાલ વગેરે આઠ તત્ત્વના માધ્યમથી અભેદવૃત્તિપ્રાધાન્યથી કે અભેદવૃત્તિઉપચારથી સપ્તભંગીનો પ્રત્યેક ભાંગો વસ્તુમાં એકી સાથે અનન્તધર્માત્મકતાનું પ્રતિપાદન કરે છે. આ રીતે વ્યવહારનયની જેમ શુદ્ધદ્રવ્યાર્થિકનયસ્વરૂપ નિશ્ચયનયમાં પણ 'લક્ષણા' નામની ઉપચારવૃત્તિ તો નિરાબાધ રીતે સંભવે જ છે. તેથી દેવસેનજીએ વ્યવહારનયની જેમ નિશ્ચયનયમાં પણ, પક્ષપાત કર્યા વગર, અવશ્ય ઉપચારોને

"સ્વ-સ્વાર્થઈં સત્યપણાનો અભિમાન તો સર્વનયનઈં માંહોમાહિં છઈં જ.

स्युरिति यावत् तात्पर्यमत्रानुसन्धेयम्।

***अथ*** व्यवहारनयप्राधान्यार्पणायां स्वार्थे सत्यत्वमाभिमानिकमेव, न तु वास्तवम्। निश्चये तु नैवमिति न निश्चयनयस्यौपचारिकता गौणतात्मिका सम्भवतीति ***चेत्*** ?

***न***, निश्चयनयार्पणायां स्वार्थे सत्यत्वमाभिमानिकमेव न तु वास्तवमिति न व्यवहारनयस्यौपचारिकता तादृशी सम्भवतीत्यपि वक्तुं शक्यत्वात्। ततश्च व्यवहारेऽपि उपचारप्रदर्शनं कथम् ? इत्यपि वक्तुं शक्यत एव।

स्वविषयप्राधान्यसिद्धये स्व-स्वार्थे सत्यत्वाभिमानन्तु सर्वेषामेव नयानां मिथः सम्भवत्येव।

દર્શાવવા જોઈએ. ત્યાં સુધી ગ્રંથકારના તાત્પર્યનું પ્રસ્તુતમાં અનુસંધાન કરવું.

**દિગંબર** :- (अथ.) વ્યવહારનયની મુખ્યતા વિવક્ષિત હોય ત્યારે નિશ્ચયનયમાં ઔપચારિકતા = ગૌણતા સંભવતી નથી. કારણ કે ત્યારે વ્યવહારનયના વિષયમાં જે સત્યતા છે તે આભિમાનિક = કાલ્પનિક જ છે, વાસ્તવિક નથી. નિશ્ચયનયમાં આવું નથી. વ્યવહારનયના વિષયમાં સત્યતા જ જો વાસ્તવિક ન હોય તો વ્યવહારનયને મુખ્ય બનાવવાથી, વ્યવહારનયના વિષયને મુખ્ય કરવાથી, નિશ્ચયનયમાં કે નિશ્ચયનયના વિષયમાં ગૌણતા કઈ રીતે આવી જાય ? આમ નિશ્ચયમાં ગૌણતાસ્વરૂપ ઉપચારનો સંભવ જ નથી.

## ❀ દિગંબરમત પ્રતિબંદીગ્રસ્ત ❀

**શ્વેતાંબર** :- (न, निश्चय.) ના, તમારી આ દલીલ વ્યાજબી નથી. કારણ કે તુલ્ય યુક્તિથી એવું પણ કહી શકાય છે કે 'નિશ્ચયનયની મુખ્યતા વિવક્ષિત હોય ત્યારે વ્યવહારનયમાં ઔપચારિકતા = ઉપચારવૃત્તિ = ગૌણતા સંભવતી નથી. કારણ કે ત્યારે નિશ્ચયનયના વિષયમાં જે સત્યતા છે તે આભિમાનિક = કાલ્પનિક જ છે, વાસ્તવિક નથી. જો નિશ્ચયનયના વિષયમાં સત્યતા વાસ્તવિક ન હોય તો નિશ્ચયનયને કે નિશ્ચયનયવિષયને મુખ્ય બનાવવાથી વ્યવહારનયમાં કે વ્યવહારનયના વિષયમાં ગૌણતા કઈ રીતે આવી જાય ? આમ વ્યવહારનયમાં ગૌણતાસ્વરૂપ ઉપચારનો સંભવ નથી. તો વ્યવહાર નયમાં પણ ઉપચાર કઈ રીતે બતાવી શકાય ?' આમ કોઈ કહે તો તેનો જવાબ શું દેશો ?

**દિગંબર** :- નિશ્ચયનયમાં પ્રાધાન્યની વિવક્ષા નથી હોતી પણ વ્યવહારનયમાં જ પ્રાધાન્યની વિવક્ષા હોય છે. તેથી વ્યવહારનયને પોતાના વિષયમાં સત્યત્વનું અભિમાન હોય છે, નિશ્ચયનયને નહિ. તેથી વ્યવહારમાં ઉપચાર બતાવેલા છે, નિશ્ચયના નહિ. આ મુજબ જવાબ આપી શકાય છે.

## ❀ સર્વ નયમાં સ્વવિષય સત્યત્વનું અભિમાન ❀

**શ્વેતાંબર** :- (स्व.) તમારા આ તર્કમાં તથ્ય નથી રહેલ. આનું કારણ એ છે કે પોતાના વિષયની મુખ્યતાને સિદ્ધ કરવા માટે પોતપોતાના વિષયમાં સત્યતાનું અભિમાન તો બધા જ નયોમાં પરસ્પર સંભવે જ છે. તેથી વ્યવહારનય જેમ પોતાના વિષયની મુખ્યતા સિદ્ધ કરવા માટે પોતાના વિષયમાં સત્યતાનું અભિમાન ધારણ કરે છે, તેમ નિશ્ચયનય પણ પોતાના વિષયની મુખ્યતા સિદ્ધ કરવા માટે

न चैतावतैतेषां मिथ्यात्वापत्तिः, स्वविषयप्राधान्यरूपस्वतन्त्रतायाश्च मिथ्यात्वाऽप्रयोजकत्वादिति व्यक्तं **नयरहस्ये**।

**उपदेशरहस्यवृत्तौ** अपि "सर्वनयात्मके भगवत्प्रवचने यथोपयोगम् अधिकृतनयावलम्बनस्य अदुष्टत्वात्। विपञ्चितञ्चेदं **कल्पलतायाम्**" (उप.र.४२ वृ.) इत्युक्तम्। **न्यायखण्डखाद्ये**ऽपि "नयान्तरेण अभिनिविष्ट-नयखण्डनस्य अपि शास्त्रार्थत्वात्, 'दुष्टांशच्छेदतो नांह्री दूषयेद् विषकण्टक' इति न्यायाद्" (न्या.ख.खा. पृ.२०) इत्युक्तम्।

सर्वथैव परनयविषयोच्छेदकत्त्वे तु सर्वेषामेव नयानां मिथ्यावादित्त्वं सम्मतमेव किन्तु स्वविषय-प्राधान्यार्पणे सर्वेषां नयानां सत्यत्त्वमभिमतमेव। इदमेवाभिप्रेत्य **सम्मतितर्के** [1]"निययवयणिज्जसच्चा परनयवियालणे मोहा" (स.त.१/२८) इत्युक्तम्। परविषयौदासीन्येनैव स्वविषयसत्यत्वं नानाभिप्रायेषु

પોતાના વિષયમાં સત્યતાનું અભિમાન ધારણ કરે જ છે. તેથી 'નિશ્ચયનયના વિષયમાં પ્રાધાન્યની વિવક્ષા નથી હોતી' - આ વાત વ્યાજબી નથી.

**શંકા** :- (न चै.) જો દરેક નય પોતાના વિષયની મુખ્યતાને સિદ્ધ કરવા માટે પોતાના વિષયમાં સત્યતાનું અભિમાન કરે તો દરેક નયની સત્યતા કાલ્પનિક હોવાથી તમામ નય મિથ્યા બનવાની આપત્તિ આવશે. તેથી દરેક નય પોતપોતાના વિષયમાં સત્યતાનું અભિમાન કરે તેવું કઈ રીતે સંભવે ?

### ✡ સ્વવિષયમુખ્યતા મિથ્યાત્વપ્રયોજક નથી ✡

**સમાધાન** :- દરેક નયોને પોતાના વિષયમાં મુખ્યતા દર્શાવવાનો અધિકાર છે. આ રીતે વિચારીએ તો દરેક નય સ્વતંત્ર છે. પોતાના વિષયમાં મુખ્યતા દર્શાવવા સ્વરૂપ સ્વતંત્રતા નયને મિથ્યા બનાવવામાં પ્રયોજક બનતી નથી. અન્ય નયના વિષયનું નિરાકરણ કરવામાં આવે તો નય મિથ્યા બનવાની આપત્તિ આવે. પરંતુ 'પોતાના વિષયની મુખ્યતા દર્શાવવા માત્રથી નય દુર્નય બની જાય' - તેવું શાસ્ત્રકારોને માન્ય નથી. આ વાત **નયરહસ્યમાં મહોપાધ્યાયજી**એ સ્પષ્ટપણે દર્શાવેલ છે. તે ખાસ ધ્યાનમાં રાખવું.

### ❀ દુર્નયખંડન શાસ્ત્રસંમત ❀

(उप.) **ઉપદેશરહસ્યવૃત્તિ**માં પણ મહોપાધ્યાયજીએ જણાવેલ છે કે "સર્વનયાત્મક જિનશાસનમાં ઉપયોગાનુસાર = પ્રયોજનાનુસાર વિવક્ષિત એક નયનું અવલંબન કરવામાં આવે તો કોઈ દોષ નથી. આ બાબત **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** ગ્રંથની **સ્યાદ્વાદકલ્પલતા** વ્યાખ્યામાં વિસ્તારથી જણાવેલ છે." જિજ્ઞાસુવર્ગ ત્યાં દૃષ્ટિપાત કરી શકે છે. **ન્યાયખંડખાદ્ય** ગ્રંથમાં પણ મહોપાધ્યાયજીએ જણાવેલ છે કે "કદાગ્રહગ્રસ્ત નયનું ખંડન અન્ય નયથી કરવું એ પણ શાસ્ત્રસંમત છે. કારણ કે બન્ને પગના દૂષિત ભાગને ઝેરી કાંટાથી કાઢવામાં આવે તો વિષકંટક બન્નેય પગને દૂષિત કરતો નથી જ - આવો નિયમ છે."

### ❖ સર્વ નયો મિથ્યા : પ્રવાદવિશેષ ❖

(सर्वथैव.) જો બધી જ રીતે અન્ય નયના વિષયનો દરેક નય અપલાપ કરે તો બધા જ નયો મિથ્યાવાદી બની જાય. આવું શાસ્ત્રકારોને સંમત જ છે. પરંતુ દરેક નયો પોતાના વિષયની આપેક્ષિક રીતે મુખ્યતા દર્શાવે તો સત્ય છે જ. આ જ અભિપ્રાયથી **સંમતિતર્ક પ્રકરણ**માં જણાવેલ છે કે "દરેક

1. निजकवचनीयसत्याः परनयविचालने मोघाः (= व्यर्थाः)।

ફલથી સત્યપણું તો સમ્યગ્દર્શનયોગઈ જ છઇં." ***इति** ૧૨૮ ગાથાનો અર્થ પૂર્ણ.* ॥૮/૨૦॥

नयेषु ज्ञात्वा नयविधिज्ञः न ज्ञेयेषु मुह्यति न वा सर्वनयमयाऽऽगमाऽऽशातनां करोति। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"एवं सविसयसच्चे परविसयपरंमुहे तए नाउं। नेएसु न संमुज्झइ न य समयासायणं कुणइ।।" (वि.आ.भा. २२७२) इति। सर्वथैव अन्यनयविषयोन्मूलनाभिप्रायेणैव [2]"सव्वे वि णया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा" (स.त.१/२१) इति **सम्मतितर्के**, "नयाः मिथ्यादृशः" (स्था.सू.३/३/१९३/ वृ.पृ.२५९) इति च **स्थानाङ्गसूत्रवृत्तौ** प्रोक्तम्।

फलतः सत्यत्वं तु सर्वेषामेव नयवादानां सम्यग्दर्शनयोगादेव भवति, सम्यग्दृष्टेरेव रत्नावलीन्यायेन सर्वनयसमाहारतः समस्तवस्तुपरिच्छेदसम्भवात्। इदमेवाभिप्रेत्योक्तं **विशेषावश्यकभाष्ये** [3]"न समत्तवत्थुगमगा वीसुं रयणावलीए मणउ व्व। सहिया समत्तगमगा मणओ रयणावलीए व्व।।" (वि.आ.भा.२२७१) इति।

નયો પોત પોતાના વિષયમાં સત્ય છે. પરંતુ અન્ય નયના વિષયનો અપલાપ કરે તો દરેક નયો મિથ્યા બની જાય છે." અન્ય નયના વિષયોમાં ઉદાસીનતા રાખવાના લીધે જ પોતાના વિષયમાં સત્યતા દરેક નયોમાં આવે છે. જુદા-જુદા અભિપ્રાયવાળા નયોમાં રહેલી આવી સત્યતાને જાણીને નયવિધિજ્ઞ વિદ્વાન જ્ઞેય પદાર્થોમાં મૂંઝાતો નથી કે સર્વનયમય એવા આગમની આશાતના કરતો નથી. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'અન્ય નયના વિષયથી પરાઙ્મુખ બનવાથી સ્વવિષયમાં સત્ય બનનારા નયોને જાણીને નયવેત્તા જ્ઞેય પદાર્થોમાં મૂંઝાતો નથી કે આગમની આશાતનાને કરતો નથી.' અન્ય નયના વિષયનું સર્વ પ્રકારે ઉન્મૂલન કરવાના અભિપ્રાયથી જ **સંમતિતર્ક**માં તથા **સ્થાનાંગસૂત્રવૃત્તિ**માં જણાવેલ છે કે 'પોતાના પક્ષમાં કદાગ્રહ રાખનારા બધા ય નયો મિથ્યાવાદી છે.'

### ❀ સમ્યગ્દર્શન દ્વારા નયવાદ પ્રમાણ ❀

**(फल.)** ફલની અપેક્ષાએ સત્યતા તો બધા જ નયવાદોમાં સમ્યગ્દર્શનના યોગથી જ થાય છે. કારણ કે સમ્યગ્દષ્ટિ આત્મા જ રત્નાવલીદૃષ્ટાંતથી સર્વનયોનો પરસ્પર સાપેક્ષભાવે અનુગમ કરીને સંપૂર્ણ વસ્તુનો નિશ્ચય કરે એ શક્ય છે. મિથ્યાદષ્ટિ આવું કાર્ય કરી શકતો નથી. આ જ અભિપ્રાયથી **વિશેષાવશ્યકભાષ્ય**માં શ્રી**જિનભદ્ર**ગણી ક્ષમાશ્રમણે જણાવેલ છે કે "છૂટા-છવાયા નયો સંપૂર્ણ વસ્તુને સાચી રીતે જણાવી શકતા નથી. જેમ અલગ-અલગ રહેલા મણિઓ 'રત્નાવલી'ના વ્યવહારનો વિષય બની શકતા નથી, તેમ જુદા-જુદા સ્વતન્ત્ર નયો 'પ્રમાણ' વ્યવહારનું ભાજન બનતા નથી. તથા જેવી રીતે એક દોરામાં પરોવાયેલા મણિઓને 'રત્નાવલી' કહી શકાય છે તેવી રીતે પરસ્પર સાપેક્ષભાવે ભેગા થયેલા નયો 'પ્રમાણ' વ્યવહારનો વિષય બને છે. કેમ કે તે સંપૂર્ણ વસ્તુસ્વરૂપનો સાચો નિર્ણય કરાવે છે." સર્વનયસમન્વય તો સમકિતી જ કરી શકે છે. તેથી સર્વ નયવાદોને સમ્યગ્દર્શનના યોગે ફલતઃ સત્ય કહ્યા છે, તે વ્યાજબી જ છે - તેમ સમજવું.

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ ફક્ત લા.(૨)માં છે. **1.** एवं स्वविषयसत्यान् परविषयपराङ्मुखान् तान् ज्ञात्वा। ज्ञेयेषु न संमुह्यति न च समयाशातनां करोति।। **2.** सर्वे अपि नयाः मिथ्यादृष्टयः स्वपक्षप्रतिबद्धाः। **3.** न समस्तवस्तुगमका विष्वग् रत्नावल्याः मणयः इव। सहिताः समस्तगमका मणयः रत्नावल्याः इव।।

***न चै***वमभिन्नग्रन्थीनां मार्गानुसारिक्षयोपशमवतामपि नयवादाश्रयणमसङ्गतं स्यात्, निजस्वरूपतो नयवादैकान्तस्याऽशुद्धत्वादिति ***शङ्कनीयम्,***

निजस्वरूपतोऽशुद्धत्त्वेऽपि तादृशस्थले फलतः शुद्धत्वं सर्वेषां नयवादानां स्याद्वादव्युत्पादकतयेत्यर्वाग्दशायां तत्त्वजिज्ञासया मध्यस्थभावेन सर्वथा तदाश्रयणं न्याय्यमिति परमार्थः (त.सू. १/३५/पृ.३९६ यशो.वृ.) इति **तत्त्वार्थसूत्रवृत्तौ यशोविजयवाचक**वराभिप्रायः।

"तथापि एकान्तयुक्तीनां तत्त्वतो मिथ्यात्वाद् आश्रयणाऽनौचित्यमिति ***चेत्*** ? ***न***, 'असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते' इति न्यायेन शिष्यमतिविस्फारणार्थं तदुपादानस्याऽपि न्याय्यत्वाद्" (न्या.ख.खा.भाग-२ पृ.४१९) इति व्यक्तं **न्यायखण्डखाद्ये**।

**શંકા** :- (न चै.) જો સમ્યગ્દર્શનના યોગથી જ તમામ નયવાદો ફલતઃ સત્યતાને ધારણ કરતા હોય તો જે જીવોએ ગ્રંથિભેદ કરેલો નથી, તેવા જીવો માર્ગાનુસારી ક્ષયોપશમને ધરાવતા હોવા છતાં જો નયવાદનો આશ્રય કરે તો તે અસંગત બની જશે. કારણ કે તેવા જીવો પાસે સમ્યગ્દર્શન ન હોવાથી તેમણે સ્વીકારેલા નયવાદમાં ફલતઃ સત્યત્વનો સંભવ નથી. તથા પોતાના સ્વરૂપની દૃષ્ટિએ તો નયવાદ એકાન્ત અશુદ્ધ જ છે. આમ ફલસાપેક્ષ શુદ્ધિ કે સ્વરૂપસાપેક્ષ શુદ્ધિ તેવા માર્ગાનુસારી જીવોએ સ્વીકારેલ નયવાદમાં ગેરહાજર હોવાથી માર્ગાનુસારી ક્ષયોપશમવાળા મંદમિથ્યાત્વી જીવો નયવાદનો આશ્રય કરી નહિ શકે.

### ❋ મિથ્યાનય પણ અવસ્થાવિશેષમાં ઉપયોગી ❋

**સમાધાન** :- (निज.) તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે તમામ નયવાદો = નયવાક્યો પોતાના સ્વરૂપની દૃષ્ટિએ અશુદ્ધ હોવા છતાં માર્ગાનુસારી ક્ષયોપશમવાળા મંદમિથ્યાત્વી જીવો તત્ત્વજિજ્ઞાસાભાવે વિવિધ પ્રકારના નયવાક્યોનો સ્વીકાર કરે તો તેવા જીવોને સ્યાદ્વાદની સાચી સમજણ પ્રાપ્ત થાય છે. તથા આગળ જતાં તેના પરિણામરૂપે સમ્યગ્દર્શનની પણ નિષ્પત્તિ થાય છે. આમ તેવા જીવો માટે તમામ નયવાદો સ્યાદ્વાદના વ્યુત્પાદક હોવાથી ફલતઃ (= પરિણામતઃ) શુદ્ધ બની જાય છે. તેથી પ્રાથમિક અવસ્થામાં તત્ત્વજિજ્ઞાસાથી મધ્યસ્થભાવે નયવાદનો આશ્રય કરવો સર્વથા ન્યાયસંગત છે. આ પરમાર્થ છે. આ પ્રમાણે **તત્ત્વાર્થસૂત્રવ્યાખ્યામાં મહોપાધ્યાય યશોવિજયજી** મહારાજનો અભિપ્રાય છે.

### ❋ શિષ્યમતિવિસ્ફારણ માટે નયવાદ આવકાર્ય ❋

("तथा.) **ન્યાયખંડખાદ્ય**માં આ જ બાબતને પ્રશ્નોત્તરીરૂપે નિમ્નોક્ત પદ્ધતિથી જણાવેલ છે.

**પ્રશ્ન** :- 'स्यात्' પદનું ગ્રહણ કરવાથી નય ભલે દૂષિત ન થાય. તો પણ એકાન્તવાદની યુક્તિઓ પરમાર્થથી તો મિથ્યા જ છે. મિથ્યા હોવાથી તેનો આશ્રય કરવો સાધુ માટે યોગ્ય તો ન જ કહેવાય ને ?!

**પ્રત્યુત્તર** :- ના, તમારી દલીલ વ્યાજબી નથી. કારણ કે 'કારણવશ અસત્ય માર્ગમાં રહેલો માણસ ત્યાં રહીને સત્યમાર્ગની અભિલાષા કરે છે.' આ ન્યાયથી શિષ્યમતિને વધુ તેજસ્વી બનાવવા માટે નયવાદનું અવલંબન પણ યુક્તિસંગત જ છે.

*एतेन* 'साधूनां नयवादेषु प्रवृत्तिरुचिता न वा ?' इत्यपि **समाहितम्**। तदुक्तं **तत्त्वार्थसूत्रवृत्तौ** न्यायविशारदेन "उत्सर्गतो हि पारमेश्वरप्रवचनपरिणतबुद्धीनां स्याद्वादाभिधानमेवोचितम्, परिपूर्णवस्तुप्रतिपादकत्वात्। तद्व्युत्पत्त्यर्थितया तु शिष्याणामंशग्राहिषु नयवादेष्वप्यपवादतः प्रवृत्तिरुचितैव, 'अशुद्धे वर्त्मनि स्थित्वा ततः शुद्धं समीहते' इत्यादिन्यायाद्," (त.सू.१/३५/पृ.३९५ यशो.वृ.) इति भावनीयम्। प्रकृते "असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते" (वा.प.२/२४०) इति **वाक्यपदीये भर्तृहरि**वचनं स्मर्तव्यम्।

वस्तुतस्तु निश्चय-व्यवहारयोः द्रव्यार्थिक-पर्यायार्थिकरूपतैव। तयोश्च नैगमादिनयसप्तके समवतारः पूर्वं (८/९) दर्शित एवेति आध्यात्मिकपरिभाषानुसारतो नैगमाद्यतिरिक्तरूपेण निश्चय-व्यवहारनयप्रदर्शनमपि अतिरिक्तद्रव्यार्थिक-पर्यायार्थिकनयप्रदर्शनमिव देवसेनस्य नैव युज्यते। तदुक्तं **लघीयस्त्रयतात्पर्यवृत्तौ** "द्रव्यं श्रितो निश्चयनयो द्रव्यार्थिकः, पर्यायाश्रितो व्यवहारनयः पर्यायार्थिकः" (ल.त्र.१७ वृ.) इति घोटकाऽऽरूढो विस्मृतघोटको देवसेनः अपसिद्धान्तग्रस्तः सञ्जातः। 'न हि

---

## ● ઉત્સર્ગથી સ્યાદ્વાદદેશના, અપવાદથી નયદેશના ●

(एतेन.) "સાધુઓ નયવાદમાં પ્રવૃત્તિ કરે તો તે ઉચિત છે કે નહિ ?" - આવી શંકાનું પણ ઉપરોક્ત પ્રતિપાદન દ્વારા સમાધાન થઈ જાય છે. તેથી જ **તત્ત્વાર્થસૂત્રની વ્યાખ્યા**માં ન્યાયવિશારદ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે "જિનપ્રવચનથી જેની બુદ્ધિ પરિણત થયેલી છે તેવા મહાત્માઓ ઉત્સર્ગથી (નયવાદના બદલે) સ્યાદ્વાદનું પ્રતિપાદન કરે તે જ ઉચિત છે. કારણ કે સ્યાદ્વાદ જ વસ્તુના પરિપૂર્ણ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. પરંતુ જેમને સ્યાદ્વાદની સાચી સમજણ નથી પ્રાપ્ત થઈ તેવા શિષ્યો તો સ્યાદ્વાદની સાચી સમજણ મેળવવાની કામનાથી અંશગ્રાહી નયવાદમાં પણ અપવાદથી પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિ ઉચિત જ છે. કારણ કે 'અશુદ્ધ માર્ગમાં રહીને ત્યાંથી શુદ્ધ માર્ગની કામનાને સંયોગવિશેષમાં માણસ કરે છે' - આવા પ્રકારનો ન્યાય ઉપરોક્ત આપવાદિક નયવાદપ્રવૃત્તિનું સમર્થન કરે છે." આ પ્રમાણે મહોપાધ્યાયજી મહારાજે જે જણાવેલ છે તેનો શાંતિથી વિચાર કરવો. **વાક્યપદીય** ગ્રંથમાં **ભર્તૃહરિ**એ જે જણાવેલ છે કે 'અસત્ય માર્ગમાં રહીને ત્યાંથી સાધક સત્યની = સત્યમાર્ગની કામના કરે છે' - તેનું પણ અહીં સ્મરણ કરવું.

## ❀ સ્વતન્ત્ર નિશ્ચય-વ્યવહારપ્રદર્શન અનુચિત ❀

(वस्तु.) વાસ્તવમાં તો નિશ્ચયનય દ્રવ્યાર્થિકનયસ્વરૂપ જ છે. તથા વ્યવહારનય પર્યાયાર્થિકસ્વરૂપ જ છે. તેમજ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયનો સમવતાર તો આ જ શાખામાં નવમા શ્લોકના વિવરણમાં દર્શાવેલ જ છે. તેથી આધ્યાત્મિક પરિભાષા મુજબ નૈગમાદિ સાત નયોથી સ્વતન્ત્રરૂપે નિશ્ચય-વ્યવહારપ્રદર્શન પણ સ્વતન્ત્ર દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના પ્રદર્શનની જેમ દેવસેન માટે અયોગ્ય જ છે. **લઘીયસ્ત્રયતાત્પર્યવૃત્તિ**માં જણાવેલ છે કે 'દ્રવ્યનો આશ્રય કરવાના લીધે નિશ્ચયનય દ્રવ્યાર્થિક છે. તથા પર્યાયનો આશ્રય કરવાના લીધે વ્યવહારનય પર્યાયાર્થિક છે.' ઉપરોક્ત દિગંબર ગ્રંથને પણ દેવસેનજી ભૂલી ગયા. આ તો 'ઘોડા ઉપર ચઢેલો માણસ ઘોડાને જ ભૂલી જાય' - તેના જેવું થયું. દિગંબરમતસ્વરૂપ ઘોડાને દિગંબર દેવસેન ભૂલી જાય તે બાબત અપસિદ્ધાન્તની આપાદક બને છે. 'ખરેખર હરણનું

हरिणशावको भवति प्रतिपक्षः पञ्चाननस्य' इति न्यायोऽत्र लब्धावसरः।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – नयवादानां स्वरूपतोऽशुद्धत्वेऽपि सम्यग्दर्शनयोगेन फलतः शुद्धिरुपलभ्यते इति ज्ञात्वा द्रव्यानुयोगाभ्यासी आत्मार्थी आराधकः षड्दर्शन-सप्तनय-सप्तभङ्गी -प्रमाणचतुष्टय-निक्षेपचतुष्टयमीमांसाप्रवृत्तौ नैश्चयिकसम्यग्दर्शनोपलब्धिलक्ष्यविस्मरणं यथा न स्यात् तथा यतेतेति न केवलमभिलषणीयम्, अपि तु अनिवार्यम् आवश्यकम् आदरणीयञ्च। इत्थञ्च (१)विषय-कषायमन्दता-(२)ज्ञानगर्भवैराग्य-(३)निर्निदानभगवद्भक्ति-(४)निर्निमित्तगुरुसमर्पणभाव -(५)स्वभूमिकोचितकर्तव्यपालनपरायणतानां निरन्तरं संवेदनान्वितहृदयेन सेवनतः स्वात्मनि ग्रन्थिभेद-गोचराऽमोघसामर्थ्यमाविर्भाव्य तात्त्विकसम्यग्दर्शनप्रादुर्भावप्रस्तावान्न भ्रंशितव्यमित्युपदेशः। तदनुसरणेन च शीघ्रं "रत्नत्रयं मोक्षः" (अ.सा.१८/१८०) इति ऋजुसूत्रादिनयानुसारेण **अध्यात्मसारोक्तो** मोक्षः सुलभः स्यात्।।८/२०।।

---

બચ્ચું ક્યારેય સિંહના પ્રતિપક્ષી તરીકે ગોઠવાઈ ન શકે' - આ ન્યાય અહીં અવસરપ્રાપ્ત છે.

### ❯ સ્યાદ્વાદ અને નયવાદ વચ્ચે વિશેષતા ❯

**સ્પષ્ટતા** :- સાચા માર્ગે ચાલીને ઈચ્છિત મંઝિલને પ્રાપ્ત કરવી તે ઉત્સર્ગ છે. પરંતુ સાચા માર્ગથી દૂર રહેલ વ્યક્તિ કાંટાળા માર્ગમાં રહીને પણ સાચા નિષ્કંટક માર્ગને મેળવવા માટે પ્રયત્ન કરે છે. ખોટા રસ્તે રહેલ ત્યાંથી સાચા માર્ગને પ્રાપ્ત કરીને ઈચ્છિત મંઝિલને મેળવી લે, તે અપવાદ કહેવાય. સ્યાદ્વાદ = સાચો નિષ્કંટક માર્ગ, નયવાદ = કાંટાળો માર્ગ. સ્યાદ્વાદનું પ્રતિપાદન = ઉત્સર્ગમાર્ગ. નયવાદનું પ્રતિપાદન = અપવાદમાર્ગ. ઉત્સર્ગમાર્ગે ચાલવાનું સામર્થ્ય ધરાવનાર વ્યક્તિ ઉત્સર્ગમાર્ગે ચાલે તે ઉત્તમ છે. જેને ઉત્સર્ગમાર્ગ મળે તેમ ન હોય તે વ્યક્તિ અપવાદમાર્ગે ચાલે તે મધ્યમ છે. તેથી પ્રસ્તુતમાં સ્યાદ્વાદનું નિરૂપણ એ ઔત્સર્ગિક ઉત્તમ મોક્ષમાર્ગ છે. તથા નયવાદનું નિરૂપણ આપવાદિક અને મધ્યમ પ્રકારનો મોક્ષમાર્ગ જ છે. ઉત્સર્ગમાર્ગને ન અપનાવી શકનારા જીવોએ અપવાદમાર્ગનો આશ્રય કરવો તે પણ ન્યાયસંગત જ છે.

### 卐 ગ્રંથિભેદનો માર્ગ અપનાવીએ 卐

**આધ્યાત્મિક ઉપનય** :- નયવાદમાં સ્વરૂપતઃ અશુદ્ધિ હોવા છતાં સમ્યગ્ દર્શનના યોગે ફલતઃ શુદ્ધિ પ્રાપ્ત થાય છે. આવું જાણીને દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરનાર આત્માર્થી સાધક ષડ્દર્શનની વિચારણામાં કે સપ્તનય, સપ્તભંગી, પ્રમાણચતુષ્ટય, નિક્ષેપચતુષ્ટય આદિની વિચારણામાં ઊંડા ઉતરે ત્યારે નૈશ્ચયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું લક્ષ્ય ચૂકી ન જવાય તેની સાવધાની રાખે તે માત્ર ઈચ્છનીય જ નહિ, પરંતુ અનિવાર્ય, આવશ્યક અને આવકાર્ય પણ છે. (૧) વિષય-કષાયની મંદતા, (૨) જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, (૩) નિષ્કામ ભગવદ્ભક્તિ, (૪) બિનશરતી ગુરુસમર્પણભાવ અને (૫) સ્વભૂમિકાયોગ્ય કર્તવ્યપાલનમાં તત્પરતા - આ પાંચ તત્ત્વનું સતત સંવેદનશીલ હૃદયથી સેવન કરવા દ્વારા 'પોતાના આત્મામાં ગ્રંથિભેદનું અમોઘ સામર્થ્ય ઉછાળી તાત્ત્વિક સમ્યગ્દર્શનને પ્રગટાવવાની તક ચૂકવી નહિ' - આ ઉપદેશ અહીં મળે છે. તેને અનુસરવાથી ઋજુસૂત્રાદિ નયોના મત મુજબ **અધ્યાત્મસાર**માં જણાવેલ કર્મોચ્છેદક રત્નત્રયસ્વરૂપ મોક્ષ ઝડપથી સુલભ થાય. (૮/૨૦)

**તિણઈ ભાષ્યઈ ભાખિઉં રે, આદરિઈ નિરધાર;**

**♦તત્ત્વારથ નિશ્ચય ગ્રહઈ રે, ⁑જનઅભિમત વ્યવહાર રે ॥૮/૨૧॥ (૧૨૯) પ્રાણી.**

(**તિણઈ** =) તે માટઈ નિશ્ચય-વ્યવહારનું લક્ષણ **ભાષ્યઈ** = ***વિશેષાવશ્યકઈ*** (**ભાખિઉં** =) કહિઉં છઈ, ✡તિમ **નિરધારો આદરિવાઈ**♦. "**तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः**" ।

व्यवहारे इव निश्चये गौणतालक्षण उपचारो यदि सम्मतः तर्हि विभिन्ना निश्चय-व्यवहार-नयप्रवृत्तिः केन प्रकारेण आगमे दर्शिता? इत्याशङ्कायामाह – '**विशेषे**'ति ।

**विशेषावश्यकोक्ते ते आद्रियेतां ततः खलु।**

**गृह्णाति निश्चयः तत्त्वं व्यवहारो जनोदितम्।।८/२१।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – ततः विशेषावश्यकोक्ते ते (= निश्चयव्यवहारलक्षणे) खलु आद्रियेताम्। निश्चयः तत्त्वं गृह्णाति। व्यवहारः (तु) जनोदितम् (अर्थं गृह्णाति)।।८/२१।।

**ततः** = तस्मात् कारणाद् **विशेषावश्यकोक्ते** = विशेषावश्यकभाष्यगदिते **ते** = निश्चय-व्यवहारनयलक्षणे **खलुः** = एव **आद्रियेताम्**। तदेवाह – **निश्चयः** नयः **तत्त्वं** = परमार्थं = युक्तिसिद्धम् आन्तरिकं मिथ्याऽऽरोपशून्यं पदार्थस्वरूपं **गृह्णाति**। "तत्त्वम् = अनारोपितं रूपम्" (स.प.५२) इति **सप्तपदार्थ्यां शिवादित्यमिश्रः**। "अतस्मिन् तदध्यवसायः = आरोपः। तद्रहितं वस्तुनः स्वरूपं तत् तत्त्वम्" (स.प.५२ वृ.पृ.११४) इति **सप्तपदार्थीवृत्तौ जिनवर्धनसूरिः**। प्रकृते मिथ्याऽऽरोपं

**[illegible]** :- નિશ્ચયમાં જો વ્યવહારની જેમ ગૌણતા સ્વરૂપ ઉપચાર માન્ય હોય તો નિશ્ચયની અને વ્યવહારની અલગ પ્રવૃત્તિ આગમમાં કેમ દર્શાવેલી છે ? આ શંકાના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે કે :-

**❋ નિશ્ચય-વ્યવહાર નયને ઓળખીએ ❋**

**શ્લોકાર્થ** :- તેથી વિશેષાવશ્યકભાષ્યમાં જણાવેલ નિશ્ચય-વ્યવહારના લક્ષણને જ આદરવા. નિશ્ચય તત્ત્વને ગ્રહણ કરે છે. વ્યવહાર લોકસંમત અર્થને ગ્રહણ કરે છે. (૮/૨૧)

**વ્યાખ્યાર્થ** :- તે કારણથી **વિશેષાવશ્યકભાષ્ય**માં દર્શાવેલ નિશ્ચયનયનું લક્ષણ અને વ્યવહારનયનું લક્ષણ જ આદરવા યોગ્ય છે. ગ્રંથકારશ્રી તે જ જણાવે છે. નિશ્ચયનય પદાર્થના તત્ત્વને = યુક્તિસિદ્ધ પારમાર્થિક, મિથ્યા આરોપથી રહિત એવા આંતરિક સ્વરૂપને ગ્રહણ કરે છે. **સપ્તપદાર્થી** ગ્રંથમાં વૈશેષિકાનુયાયી **શિવાદિત્ય મિશ્ર** જણાવે છે કે 'વસ્તુનું અનારોપિત સ્વરૂપ એ તત્ત્વ છે.' આની સ્પષ્ટતા કરતાં **જિનવર્ધનસૂરિ**એ **સપ્તપદાર્થીવ્યાખ્યા**માં જણાવેલ છે કે 'જે પદાર્થ જે સ્વરૂપે ન હોય તે સ્વરૂપનો તેમાં અધ્યવસાય = બોધ થાય તે આરોપ કહેવાય. આવા પ્રકારના આરોપથી = ભ્રમથી રહિત એવું વસ્તુનું જે સ્વરૂપ હોય તે તત્ત્વ કહેવાય.' તેથી પ્રસ્તુતમાં જે નય મિથ્યા આરોપને છોડીને, આગમ મુજબ, મુખ્ય-ગૌણભાવથી વણાયેલ હોય તે રીતે યુક્તિસિદ્ધ પદાર્થના પારમાર્થિક = અભ્રાન્ત સ્વરૂપનો

♦ પુસ્તકોમાં 'તત્ત્વઅર...' પાઠ. આ.(૧)નો પાઠ લીધો છે. ⁑ P(૨)માં 'જિન' પાઠ. ✡ લા.(૨)માં 'એ પદનો અર્થ ભિન્ન લિખાણી છઈ તિમ નિરધારો.' પાઠ. ♦ પુસ્તકોમાં 'આદરિનઈ' પાઠ નથી. કો.(૧૨)માં છે.

તત્ત્વ અર્થ તે યુક્તિસિદ્ધ અર્થ જાણવો. **લોકાભિમત** તે **વ્યવહાર**પ્રસિદ્ધ.

***યદ્યપિ*** પ્રમાણ ઈં તત્ત્વાર્થગ્રાહી છઇ ***તથાપિ*** પ્રમાણ = સકલતત્ત્વાર્થગ્રાહી, **નિશ્ચયનય** = એકદેશ-**તત્ત્વાર્થગ્રાહી** એ ભેદ જાણવો.

---

विमुच्य आगमानुसारतो मुख्य-गौणभावानुवेधेन यौक्तिकपदार्थपारमार्थिकस्वरूपग्राही निश्चय इत्यर्थः। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"परमत्थपरो मण्णइ निच्छइओ" (वि.आ.भा.३५८९) इति। [2]"भूदत्थो देसिदो दु सुद्धणओ" (स.सा.११) इति **समयसारे कुन्दकुन्दस्वामिना** शुद्धनयपदेन निश्चयनय एवोक्तः। तदुक्तं **पञ्चकल्पभाष्यचूर्णौ** "शुद्धनयाः = निश्चयनया इत्यर्थः" (प.क.भा.२६३७ चू.) इति।

**व्यवहारो** नयस्तु **जनोदितं** = लोकव्यवहारप्रसिद्धं बाह्यं पदार्थस्वरूपं **गृह्णाति**। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [3]"लोगववहारपरो ववहारो" (वि.आ.भा.३५८९) इति।

***यद्यपि*** प्रमाणमपि तत्त्वार्थग्राहकमस्ति ***तथापि*** प्रमाणस्य सकलतत्त्वार्थग्राहित्वं निश्चयस्य च नयत्वेन एकांशतत्त्वार्थग्राहकत्वमित्यनयोः विशेषो बोद्धव्यः।

***ननु*** तर्हि व्यवहारस्य किम् अवशिष्टैकदेशीयतत्त्वग्राहित्वं यदुत अतत्त्वग्राहित्वम् ?

***उच्यते,*** निश्चय-व्यवहारनययोः स्वरूपमेव तावत् परस्परं विलक्षणम्। अत एव वस्तुग्रहणे यथा निश्चयः प्रवर्तते ततोऽन्यथैव व्यवहारः प्रवर्तते। क्षकिरणयन्त्रतुल्यो निश्चयो हि वस्तुन

---

બોધ કરાવે તે નિશ્ચયનય - આવું અર્થઘટન કરવું. **વિશેષાવશ્યકભાષ્ય**માં આ અંગે કહેલ છે કે 'પરમાર્થમાં તત્પર નય નૈશ્ચયિક કહેવાય છે.' "સદ્ભૂતપદાર્થવિષયક શુદ્ધનય કહેવાયેલ છે" - આ મુજબ **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**એ જે જણાવેલ છે તેમાં 'શુદ્ધનય' શબ્દથી નિશ્ચયનયને જ જણાવેલ છે. **પંચકલ્પભાષ્યચૂર્ણિ**માં 'શુદ્ધનય એટલે નિશ્ચયનય' - આવો અર્થ જણાવેલ છે.

**(व्यव.)** વ્યવહારનય તો પદાર્થના તેવા બાહ્ય સ્વરૂપને ગ્રહણ કરે છે કે જે લોકવ્યવહારમાં પ્રસિદ્ધ હોય. તેથી જ **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે 'લોકવ્યવહારમાં તત્પર હોય તે વ્યવહારનય કહેવાય.'

### 卐 પ્રમાણ અને નિશ્ચયનય વચ્ચે તફાવત 卐

**(यद्यपि.)** પ્રમાણ પણ નિશ્ચયનયની જેમ તાત્ત્વિક = પારમાર્થિક અર્થનું ગ્રહણ કરે છે. તેમ છતાં પણ પ્રમાણ અને નિશ્ચયનય પરસ્પર અભિન્ન બની જવાની આપત્તિને પ્રસ્તુતમાં કોઈ અવકાશ નથી. કારણ કે પ્રમાણ સંપૂર્ણ પારમાર્થિક અર્થનું ગ્રહણ કરે છે. જ્યારે નિશ્ચય તો નય હોવાના લીધે વસ્તુના એક અંશ સ્વરૂપ પારમાર્થિક તત્ત્વનું ગ્રહણ કરે છે. આ રીતે પ્રમાણ અને નિશ્ચયનય વચ્ચે ભેદ જાણવો.

**શંકા** :- **(ननु.)** જો નિશ્ચયનય આંશિક તત્ત્વને ગ્રહણ કરનાર હોય તો વ્યવહારનય શું બાકી રહેલા આંશિક તત્ત્વને ગ્રહણ કરનાર છે કે અતત્ત્વને ગ્રહણ કરનાર ?

### ❋ નિશ્ચય-વ્યવહારની બોધશૈલી વિલક્ષણ ❋

**સમાધાન** :- **(उच्य.)** સૌપ્રથમ તમે એ વાત સમજી લો કે નિશ્ચયનયનું અને વ્યવહારનયનું સ્વરૂપ જ પરસ્પર વિલક્ષણ છે. તેથી જ વસ્તુનો બોધ કરવા માટે નિશ્ચયનય જે રીતે પ્રવર્તે છે, તે કરતાં

---

1. परमार्थपरः मन्यते नैश्चयिकः। 2. भूतार्थो दर्शितस्तु शुद्धनयः। 3. लोकव्यवहारपरः व्यवहारः।

નિશ્ચયનયની વિષયતા⁑ અનઇં વ્યવહારનયની વિષયતા જ અનુભવસિદ્ધ ભિન્ન છઇ, ❖અંશ જ્ઞાનં✠નિષ્ઠ.

आन्तरिकं स्वरूपं परिच्छिनत्ति, तथैव तस्य तत्परत्वात्। छायाचित्रयन्त्रसमो व्यवहारस्तु बाह्यं लोकग्राह्यं वस्तुस्वरूपं गृह्णाति, तथैव तस्य तत्परत्वात्।

अत एव ज्ञानात्मकनिश्चयनयनिष्ठविषयितातो व्यवहारनयनिष्ठविषयिता भिद्यते। तत एव अर्थनिष्ठा निश्चयनयनिष्ठविषयितानिरूपिता व्यवहारनयनिष्ठविषयितानिरूपिता च विषयता मिथो भिद्येते। अनुभवसिद्धञ्चैतत् सर्वमित्यनपलपनीयम्।

***यद्यपि*** ज्ञान-ज्ञेय-ज्ञातृलक्षणस्य त्रिविधस्य पदार्थस्य बाह्याऽऽन्तरस्वरूपेषु स्वतः भेदः सम्भवति ***तथापि*** ज्ञेयपदार्थनिष्ठनानाविषयतासु स्वतो नैव कश्चिद् भेदः, तासां ज्ञाननिष्ठविषयितासापेक्षत्वात्। अतोऽत्र विषयताभेदनियामकतया विषयिताभेदः, तन्नियामकतया च निश्चय-व्यवहारज्ञानस्वरूपभेदः अतिरिक्तविषयितामतानुसारेण उपदर्शितः, अन्यथा विषयिताभेदकृते निश्चय-व्यवहारज्ञानस्वरूपभेदोपदर्शनमत्राऽनतिप्रयोजनं स्याद् इत्यवधेयम्।

---

જુદી જ રીતે વ્યવહારનય પ્રવર્તે છે. X-Ray મશીન જેવો નિશ્ચયનય વસ્તુના આંતરિક સ્વરૂપનો નિર્ણય કરે છે. કેમ કે આંતરિક સ્વરૂપનો નિર્ણય કરવામાં તે તત્પર છે. જ્યારે Camera સમાન વ્યવહારનય તો લોકો સમજી શકે તેવા વસ્તુના બાહ્ય સ્વરૂપનો બોધ કરે છે. કેમ કે તેવો બોધ કરવામાં તે તત્પર છે.

(**अत.**) તેથી જ પ્રસ્તુતમાં નિશ્ચયનયાત્મક જ્ઞાનમાં રહેલી વિષયિતા કરતાં વ્યવહારનયાત્મક જ્ઞાનમાં રહેલી વિષયિતા જુદી પડી જાય છે. તે પરસ્પર ભિન્ન હોવાના કારણે જ નિશ્ચયનયનિષ્ઠ વિષયિતાથી નિરૂપિત એવી જ્ઞેયમાં રહેનારી વિષયતા અને વ્યવહારનયગત વિષયિતાથી નિરૂપિત જ્ઞેયગત વિષયતા પરસ્પર અલગ પડે છે. આ બધી બાબત અનુભવસિદ્ધ છે. તેથી અપલાપ કરવા યોગ્ય નથી.

### ❀ વિષયતાભેદ વિષયિતાભેદને સાપેક્ષ ❀

(**यद्यपि.**) પદાર્થના ત્રણ પ્રકાર છે. (૧) જ્ઞાન, (૨) જ્ઞેય અને (૩) જ્ઞાતા. આ ત્રણેય પ્રકારના પદાર્થના બાહ્ય અને આંતરિક સ્વરૂપમાં જો કે સ્વતઃ ભેદ સંભવે છે. તેમ છતાં જ્ઞેય પદાર્થમાં રહેનારી વિવિધ વિષયતાઓમાં પરસ્પર ભેદ સ્વતઃ નહિ પરંતુ પરતઃ હોય છે. કારણ કે વિષયતાઓ જ્ઞાનગત વિષયિતાને સાપેક્ષ છે. તેથી પ્રસ્તુતમાં જ્ઞેયગત વિષયતાના ભેદમાં નિયામક તરીકે જ્ઞાનગત વિષયિતાનો ભેદ જણાવેલ છે. તથા વિષયિતાના ભેદના નિયામક તરીકે નિશ્ચયજ્ઞાનના અને વ્યવહારજ્ઞાનના સ્વરૂપમાં ભેદ દેખાડ્યો છે. આ બાબત 'જ્ઞાન કરતાં વિષયિતા અતિરિક્ત છે' - આ મત મુજબ જણાવેલ છે. વિષયિતા પોતાના આશ્રયભૂત જ્ઞાનસ્વરૂપ જ હોય તો વિષયિતાના ભેદ માટે અહીં નિશ્ચય-વ્યવહારજ્ઞાનના સ્વરૂપનો ભેદ દેખાડવાની જરૂરત જ ન રહે. આ બાબત ખ્યાલમાં રાખવી.

---

⁑ ધ.માં 'વિશેષતા' પાઠ. ❖ આ.(૧)માં '**अत्र**' પાઠ. કો.(૭+૯+૧૦+૧૨)માં '**अत्राज्ञान न निष्ठप्रकार**' પાઠ. કો.(૫ + ૧૩ + ૨૧) + સં.(૩) + લી.(૧ + ૨ + ૩) '**अत्राऽज्ञान न निष्ठ**' પાઠ. કો.(૧૪) + મો.(૨)માં '**अत्राऽज्ञान निष्ठ**' પાઠ. B(૧)માં '**अंश ज्ञाने न निष्ठ**' પાઠ. કો.(૩ + ૪ + ૬ + ૧૫) + લી.(૪)નો પાઠ લીધો છે. ✠ અંશતા નનિષ્ઠ પાલિ. તથા ભા. + સં.(૨ + ૪) + પુસ્તકોમાં 'અંશજ્ઞાન ન નિષ્ઠ' પાઠ. 'અસતા નનિષ્ઠા.' તર્કણા.

જિમ સવિકલ્પકજ્ઞાનનિષ્ઠ પ્રકારિતાદિક અન્યવાદી ભિન્ન માનઈ છઈ, ઈમ હૃદયમાંહિં વિચારવું. ॥૮/૨૧॥

वस्तुतः प्रकृते निश्चयनयविषयो हि आंशिकतत्त्वभूतः, व्यवहारनयविषयस्तु क्वचित् तत्त्वौपयिकः क्वचिच्च तत्त्वाऽनुपायभूतः। **पञ्चसूत्रो**क्तरीत्या (५/५५) पारलौकिकप्रवृत्तिशोधकत्वात् तत्त्वौपयिकः व्यवहारविषयो हि मणिप्रभा-मणिबुद्धिन्यायेन तात्त्विक उच्यते, इतरश्च सामान्यलोकव्यवहारगोचरः 'अहं देहः, मम पुत्र-कलत्र-देश-दुर्गादिः' इत्यादिलक्षणः -अतात्त्विकः कथ्यते। अतो निश्चय-व्यवहारनयनिरूपिता विषयता मिथो भिन्ना इति फलितम्। स्वरूपतो विभिन्नतया ज्ञेयनिष्ठविषयता-भेदकारि निश्चयनयविषयित्वं व्यवहारनयविषयित्वञ्च सविकल्पात्मकं श्रुतज्ञाननिष्ठं प्रमाणज्ञानांशरूपम् अवसेयम्। ते च तथा मिथो भिन्ने, यथा नैयायिकसम्मताः सविकल्पकज्ञाननिष्ठाः प्रकारिता-विशेष्यिता-संसर्गिताख्य-विषयिताः मिथो भिन्नाः। ततश्च निश्चय-व्यवहारनयप्रवृत्तिः विभिन्ना इति चित्तेऽवधातव्यम्। अत्र **द्रव्यानुयोगतर्कणायां** किञ्चित् स्खलितम्।

## તાત્ત્વિક-અતાત્ત્વિક ગોચર વ્યવહાર

**(वस्तु.)** વાસ્તવિક રીતે નિશ્ચયનયનો વિષય આંશિક તત્ત્વસ્વરૂપ છે. જ્યારે વ્યવહારનયનો વિષય ક્યારેક તત્ત્વની ઉપલબ્ધિમાં ઉપાયભૂત હોય છે તથા ક્યારેક તત્ત્વોપલબ્ધિમાં ઉપાયભૂત નથી હોતો. **પંચસૂત્ર**ના છેડે દર્શાવેલ પદ્ધતિ મુજબ પારલૌકિક પ્રવૃત્તિનો શોધક હોવાથી વ્યવહારનયનો જે વિષય તત્ત્વની ઉપલબ્ધિમાં ઉપાય બને તે વિષય 'મણિપ્રભામાં મણિની બુદ્ધિ' ન્યાયથી તાત્ત્વિક કહેવાય છે. આશય એ છે કે તેજસ્વી નાગમણિમાં 'આ મણિ છે' એવી બુદ્ધિનો વિષય તાત્ત્વિક છે. જ્યારે થાંભલા વગેરેના લીધે સ્વયંપ્રકાશક નાગમણિ દેખાતો ન હોવા છતાં તેની તેજસ્વી પ્રભા આજુબાજુમાં દેખાતી હોય ત્યારે મણિના બદલે મણિપ્રભામાં 'આ મણિ છે' આવી બુદ્ધિ દૂર રહેલા માણસને થાય તો તે બુદ્ધિનો વિષય યદ્યપિ તાત્ત્વિક નથી. કેમ કે મણિપ્રભા મણિ નથી. પરંતુ તે બુદ્ધિના આધારે ત્યાં જનારને નાગમણિની ઉપલબ્ધિ તો થાય છે જ. તેથી મણિપ્રભામાં થતી મણિબુદ્ધિ મણિની ઉપલબ્ધિમાં ઉપાય બને છે. મણિપ્રભામાં મણિબુદ્ધિ તત્ત્વૌપયિક = તત્ત્વપ્રાપ્તિમાં ઉપાયભૂત = મણિપ્રાપ્તિમાં સહાયભૂત હોવાથી તાત્ત્વિક ગણાય છે. ફલપ્રાપ્તિની દૃષ્ટિએ તે બુદ્ધિનો વિષય પણ તાત્ત્વિક ગણી શકાય. આ રીતે તત્ત્વની ઉપલબ્ધિમાં ઉપાયભૂત વ્યવહારનયવિષય પણ 'મણિપ્રભામાં મણિબુદ્ધિ' ન્યાયથી ફલદૃષ્ટિથી તાત્ત્વિક ગણી શકાય. તથા જે તત્ત્વની ઉપલબ્ધિમાં ઉપાયભૂત ન હોય તેવો વ્યવહારવિષય અતાત્ત્વિક કહેવાય. જેમ કે 'હું શરીર છું', 'મારો પુત્ર, મારી પત્ની, મારો દેશ કે કિલ્લો' વગેરે બુદ્ધિસ્વરૂપ વ્યવહારનયનો વિષય અતાત્ત્વિક છે. તેથી ફલિત થાય છે કે નિશ્ચયનિરૂપિત વિષયતા અને વ્યવહારનિરૂપિત વિષયતા પરસ્પર ભિન્ન છે. નિશ્ચય-વ્યવહારમાં રહેનારી વિષયિતા સ્વરૂપથી જ વિભિન્ન છે, સ્વયમેવ વિલક્ષણ છે. તેથી જ તે અર્થનિષ્ઠ વિષયતાને ભિન્ન સિદ્ધ કરે છે. અર્થનિષ્ઠ વિષયતાને ભિન્ન સિદ્ધ કરનાર નિશ્ચયનયનિષ્ઠ વિષયિતા તથા વ્યવહારગત વિષયિતા એ સવિકલ્પાત્મક શ્રુતજ્ઞાનગત છે તથા પ્રમાણજ્ઞાનના અંશસ્વરૂપ છે - તેમ જાણવું. આ બન્ને વિષયિતા પરસ્પર તે રીતે જુદી છે જે રીતે નૈયાયિકસંમત સવિકલ્પજ્ઞાનનિષ્ઠ પ્રકારિતા, વિશેષ્યિતા અને સંસર્ગિતા નામની વિષયિતા પરસ્પર જુદી છે. આથી નિશ્ચયનયની અને વ્યવહારનયની પ્રવૃત્તિ શાસ્ત્રમાં વિભિન્ન દર્શાવી છે. આમ આ બાબતને સ્વચિત્તમાં ધારવી. અહીં **દ્રવ્યાનુયોગતર્કણા**માં કાંઈક સ્ખલના થઈ છે.

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – तीव्रमुमुक्षान्वित आत्मार्थी नानाजनमध्ये अकामतोऽपि लोकप्रसिद्धवस्तुव्यवहारं करोति। न हि 'मे देहः, गृहम्, कुटुम्बम्' इत्यादिव्यवहारकरणे मुमुक्षोः लेशतोऽपि आदरः समस्ति तथापि तथाव्यवहारः क्वचित् कर्तव्यतामापद्यते। एतादृशव्यवहारनिमज्जनतः मोक्ष-शुद्धात्मतत्त्वाविर्भावलक्ष्याऽविस्मरणकृते मुमुक्षुः तत्त्वग्राहकनिश्चयनयमत्यादरेण गृह्णाति।

इत्थं जनसमवाये कर्तव्यताऽऽपन्नप्रवृत्तिं व्यवहारनयतः प्रयोजनभूतां मत्वा निश्चयनयत उपादेयभूतं परमात्मतत्त्वमाविर्भावयितुमनवरतमन्तःकरणे स यतत एव। इत्थमेव तीव्रमुमुक्षा ग्रन्थिभेद-घातिकर्मच्छेदौ कृत्वा तं परमनिजधाम प्रापयति। "व्यवहार-निश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः। प्राप्नोति देशनायाः स एव फलमविकलं शिष्यः" (पु.सि.८) इत्येवं **पुरुषार्थसिद्ध्युपाय**कारिका संस्मर्तव्याऽत्र। तादृशमध्यस्थताबलेन "समस्तद्वन्द्ववर्जितमव्याबाधं सिद्धपरमात्मसुखं" (मा.प.३१८) **मार्गपरिशुद्धिवृत्तौ कुलचन्द्रसूरिभिः** दर्शितं शीघ्रं लभते मुनिः॥८/२१॥

### ❊ જ્ઞાનની વિવિધ વિષયિતા વિલક્ષણ છે ❊

**સ્પષ્ટતા** :- નૈયાયિકમતે 'घट-घटत्व-समवायाः' આ પ્રકારે જે નિર્વિકલ્પ જ્ઞાન ઈન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્ન થાય છે તેમાં (૧) પ્રકારિતા, (૨) વિશેષ્યિતા કે (૩) સંસર્ગિતા નામની વિષયિતા રહેતી નથી. જ્યારે 'अयं घटः' આવા સવિકલ્પ જ્ઞાનમાં તે ત્રિવિધ વિષયિતા રહે છે. જેમ નૈયાયિક મતે 'સવિકલ્પ જ્ઞાનની ત્રિવિધ વિષયિતા પરસ્પર ભિન્ન છે', તેમ જૈનમતે 'નિશ્ચય-વ્યવહારનયની વિષયિતા પરસ્પર ભિન્ન છે.' નિશ્ચયનય = એક્સ-રે મશીન. તથા વ્યવહારનય = કેમેરો. બન્નેનું કાર્યક્ષેત્ર સાવ જુદું. આમ બન્ને નયની વિષયિતામાં રહેલ ભેદ અનુભવસિદ્ધ હોવાથી અપલાપ કરવા યોગ્ય નથી.

### ❊ મુમુક્ષુ બાહ્ય વ્યવહારમાં ઉદાસીન, નિશ્ચયમાં સુલીન ❊

**આધ્યાત્મિક ઉપનય** :- મોક્ષરૂપી પરમ તત્ત્વને પોતાનામાં પ્રગટ કરવાની તીવ્ર ઝંખના (=મુમુક્ષા) ધરાવનાર મુમુક્ષુ પણ લોકોની વચ્ચે અને સમાજની વચ્ચે રહે છે. તેથી લોકવ્યવહારમાં પ્રસિદ્ધ એવી વસ્તુનો વ્યવહાર કરવો ઈચ્છનીય ન હોય તો પણ તેના માટે અનિવાર્ય બની જાય છે. 'મારું શરીર, ઘર, પરિવાર...' ઈત્યાદિ વ્યવહાર કરવામાં મુમુક્ષુને મુદ્દલે રસ હોતો નથી. તેમ છતાં તેવો લોકસંમત વ્યવહાર તેને અનિવાર્યપણે ક્યારેક કરવો પડતો હોય છે. આ પ્રકારના લૌકિક વ્યવહારમાં ગળાડૂબ બનીને મોક્ષતત્ત્વને, શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવાનું લક્ષ્ય ચૂકી ન જવાય તે માટે, 'અહં-મમ' આવા ઘંટીના બે પડ વચ્ચે પીસાઈ ન જવાય તે માટે તત્ત્વગ્રાહી નિશ્ચયનય રૂપી ખીલાને તે વળગી રહે છે.

(इत्थं.) આમ ક્વચિત્ જનસમાજમાં કરવી પડતી પ્રવૃત્તિને વ્યવહારનયથી પ્રયોજનભૂત માની નિશ્ચયસંમત પરમ ઉપાદેય પરમાત્મતત્ત્વના પ્રગટીકરણનો પુરુષાર્થ અવિરતપણે તેના અંતઃકરણમાં પ્રવર્તતો હોય છે. તો જ તીવ્ર મુમુક્ષા ગ્રંથિભેદ અને ઘાતિકર્મછેદ કરાવી તેને નિજ ધામમાં પહોંચાડે છે અને ત્યાં સદા સ્થિર કરે છે. **પુરુષાર્થસિદ્ધિઉપાય**માં જણાવેલ છે કે 'જે વ્યવહારનયને અને નિશ્ચયનયને વસ્તુસ્વરૂપ વડે યથાર્થપણે જાણીને નિશ્ચય-વ્યવહારનયના પક્ષપાતથી રહિત થાય છે, તે જ શિષ્ય ઉપદેશના સંપૂર્ણ ફળને પામે છે.' તેવી મધ્યસ્થતાના બળથી મુનિ **માર્ગપરિશુદ્ધિવ્યાખ્યા**માં શ્રી**કુલચંદ્રસૂરિજી**એ દર્શાવેલ, રાગ-દ્વેષાદિ સમસ્ત દ્વન્દ્વોથી શૂન્ય, અવ્યાબાધ એવા સિદ્ધ પરમાત્માના સુખને ઝડપથી મેળવે છે. (૮/૨૧)

**[8]અભ્યંતરતા બાહ્યનઈ રે, જે છે[♦] બહુવિગતિ[✡] અભેદ;**
**[❒]નિર્મલ પરિણતિ દ્રવ્યની રે, એ સવિ નિશ્ચયભેદ રે ॥૮/૨૨॥ (૧૩૦) પ્રાણી.**

જે બાહ્ય અર્થનઈં ઉપચારઈં **અભ્યંતરપણું** કરિઈં (છે), તે નિશ્ચયનયનો અર્થ જાણવો. **યથા** –
**समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शची ।**
**ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ।। (ज्ञा.सा.२०/२) इत्यादि ।**

---

निश्चयनयविषयानाचष्टे – '**बाह्यत**' इति।

**बाह्यतोऽभ्यन्तरं रूपं विभिन्नव्यक्त्यभिन्नता।**
**निर्मलपरिणामश्च निश्चयविषया इमे।।८/२२।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – बाह्यतोऽभ्यन्तरं रूपं (ग्राह्यं), विभिन्नव्यक्त्यभिन्नता (कार्या), (वस्तुनो) निर्मलपरिणामश्च, इमे निश्चयविषयाः (ज्ञेयाः) ॥८/२२॥

(१) **बाह्यतः** = बहिरिन्द्रियग्राह्यपदार्थमुपमित्य **अभ्यन्तरम्** = आत्मगुणादिलक्षणम् आन्तरं **रूपं** = स्वरूपं निश्चयनयो गृह्णाति ज्ञापयति च। यथा **ज्ञानसारे** "समाधिर्नन्दनं, धैर्यं दम्भोलिः, समता शची। ज्ञानं महाविमानञ्च वासवश्रीरियं मुनेः।।" (ज्ञा.सा.२०/२) इति। अत्र हि मुनेः अभ्यन्तरं स्वरूपं महेन्द्रसम्पदुपमया प्रकटीकृतम्। तथाहि – समाधिलक्षणं नन्दनाभिधानोपवनं, धैर्यलक्षणं वज्रं, समतालक्षणा इन्द्राणी, ज्ञानात्मकञ्च महाविमानं मुनेः पार्श्वेऽस्ति। ततश्च यथा महाविमानेन नन्दनोपवनं सम्प्राप्य वज्रात्मकेन्द्रलक्षणप्रभावेण उपलब्धां शचीं शचीपतिः उपभुङ्क्ते तथा देहात्म-

---

**અવતરણિકા** :- હવે ગ્રંથકારશ્રી નિશ્ચયનયના વિષયોને જણાવે છે :-

## નિશ્ચય નયના ત્રણ વિષયનો પરિચય

**શ્લોકાર્થ** :- (૧) બાહ્ય પદાર્થ દ્વારા અભ્યન્તર સ્વરૂપ ગ્રહણ કરવું, (૨) અનેક વ્યક્તિમાં અભેદ કરવો અને (૩) દ્રવ્યની નિર્મળ પરિણતિ - આ ત્રણ નિશ્ચયનયના વિષય છે. (૮/૨૨)

**વ્યાખ્યાર્થ** :- (૧) બહિરિન્દ્રિયગ્રાહ્ય પદાર્થનો ઉપચાર કરીને, બાહ્ય પદાર્થની ઉપમા આપીને આત્માદિ વસ્તુના આંતરિક ગુણાત્મક સ્વરૂપને નિશ્ચયનય ગ્રહણ કરે છે, જણાવે છે. જેમ કે મુનિનું અભ્યન્તર સ્વરૂપ જણાવવા માટે **જ્ઞાનસાર** પ્રકરણમાં જણાવેલ છે કે "મુનિ પાસે સમાધિ નન્દનવન છે, ધૈર્ય વજ્ર છે, સમતા ઈન્દ્રાણિ છે અને જ્ઞાન મહાવિમાન છે. મુનિ પાસે રહેલ આ ઈન્દ્રનું ઐશ્વર્ય છે" - અહીં મહેન્દ્રના વૈભવની ઉપમા દ્વારા મુનિનું અભ્યન્તર સ્વરૂપ પ્રગટ કરવામાં આવેલ છે. તે આ રીતે - સમાધિસ્વરૂપ નંદનવન, ધૈર્યસ્વરૂપ વજ્ર, સમતારૂપી ઈન્દ્રાણી, જ્ઞાનાત્મક મહાવિમાન મુનિ પાસે છે. તેથી નંદન નામના ઉપવનમાં, મહાવિમાન દ્વારા પહોંચીને વજ્રસ્વરૂપ ઈન્દ્રલક્ષણના પ્રભાવથી ઈન્દ્રાણીને મેળવનાર વજ્રધારી ઈન્દ્ર જેમ ઈન્દ્રાણીની સાથે ક્રીડા કરે છે તેમ સમાધિસ્વરૂપ

---

8 લી.(૪)માં 'અભ્યંતર' પાઠ. ♦ પુસ્તકોમાં 'છે' નથી. આ.(૧)માં છે. ✡ કો.(૪)માં 'વિગત' પાઠ. ❒ પુસ્તકોમાં 'નિરમલ' પાઠ. કો.(૧૨)નો પાઠ લીધો છે.

श्रीपुण्डरीकाध्ययनाद्यर्थोऽप्येवं भावनीयः।

भेदविज्ञानेन समाधिं समधिगम्य धैर्यप्रभावेण उपसर्गादिष्वपि समतां मुनीद्र उपभुङ्क्ते इत्यर्थोऽत्र विद्योतितः। अत्र हि समाधौ नन्दनवनम्, धैर्ये दम्भोलिम्, समतायां शचीम्, ज्ञाने च महाविमानम् उपचर्य तादृशोपमाभिः मुनेः आन्तरस्वरूपं निश्चयनयो गृह्णाति। इत्थं मुनेः शक्रर्द्ध्या समृद्धत्वम् अभ्यन्तरमुपमितमिति निश्चयनयप्रथमविषयोदाहरणमवसेयम्।

अत्र "सर्वेऽपि पुद्गलाः कर्कर-चिन्तामण्यादिपरिणताः जीवाश्च भक्ताऽभक्ततया परिणताः। ते सर्वे न मम। भिन्ना एते। तेषु का राग-द्वेषपरिणतिः ? - इत्यवलोकनेन समपरिणतिः = समता। सा शची = स्वधर्मपत्नी" (ज्ञा.सा.२०/२ वृ.) इति **ज्ञानसारवृत्तौ ज्ञानमञ्जर्यां श्रीदेवचन्द्रवाचकः**।

एवं **सूत्रकृताङ्गसूत्र**गतद्वितीयश्रुतस्कन्धोपदर्शितश्रीपुण्डरीकाध्ययनाद्यर्थोऽपि प्रकृते निश्चयनय-प्रथमविषयस्योदाहरणान्तररूपेण विभावनीयः। तत्र हि पुण्डरीकोत्खननोद्देशतः चतुर्दिगागतेन पुरुष-चतुष्टयेनाऽसमुद्धृतं महापुण्डरीकं पुष्करिणीतीरस्थमुनिध्वनित उत्पतितमित्युपमया मनुष्यलोकलक्षण-

---

નંદનવનમાં દેહાત્મભેદવિજ્ઞાનાત્મક મહાવિમાન દ્વારા પહોંચીને ધૈર્યસ્વરૂપ વજ્રને ધારણ કરનારા મુનિસ્વરૂપ ઈન્દ્ર ઉપસર્ગ-પરિષહોની વચ્ચે પણ સમતારૂપી ઈન્દ્રાણીની સાથે વારંવાર નિજસ્વરૂપસ્થિરતા રૂપી ક્રીડાને કરે છે - આવો અર્થ અહીં વિશેષ રીતે સૂચિત થાય છે. અહીં સમાધિમાં નંદનવનનો ઉપચાર, ધૈર્યમાં વજ્રનો ઉપચાર, સમતામાં ઈન્દ્રાણીનો ઉપચાર, જ્ઞાનમાં મહાવિમાનનો ઉપચાર કરીને મુનિના આંતરિકસ્વરૂપને નિશ્ચયનય ગ્રહણ કરે છે. આ રીતે ઈન્દ્રની સમૃદ્ધિ દ્વારા મુનિની અભ્યન્તર સમૃદ્ધિની સરખામણી = તુલના કરાયેલ છે. આ પ્રમાણે નિશ્ચયનયના પ્રથમ વિષયનું ઉદાહરણ જાણવું.

### ❖ સમતાનો પરિચય ❖

(अत्र.) ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્રજી**એ **જ્ઞાનસાર**ની **જ્ઞાનમંજરી** વ્યાખ્યામાં જણાવેલ છે કે "કાંકરા કે ચિંતામણિરત્ન વગેરે સ્વરૂપે પરિણમેલા તમામ પુદ્ગલો અને ભક્ત-અભક્તસ્વરૂપે પરિણમેલા તમામ જીવો તે મારા નથી. તો તેના ઉપર રાગ-દ્વેષના પરિણામ શું કરવા ? - આવું વિચારીને સર્વ પુદ્ગલ અને જીવો ઉપર સમાન પરિણતિ કેળવવી તે સમતા કહેવાય. તે મુનીન્દ્રની પોતાની ધર્મપત્ની છે."

### ❖ પુંડરીક અધ્યયનનું તાત્પર્ય ❖

(एवं.) **સૂત્રકૃતાંગસૂત્ર**માં આવેલ બીજા **શ્રુતસ્કન્ધ**માં દર્શાવેલ શ્રીપુંડરીક અધ્યયન વગેરેના પદાર્થ પણ આ રીતે પ્રસ્તુતમાં નિશ્ચયનયના પ્રથમ વિષયના અન્ય ઉદાહરણ સ્વરૂપે ઊંડાણથી વિચારવા યોગ્ય છે. 'પાણીની વાવડીમાં રહેલ પુંડરીકને = કમળને ઉખેડવાના ઉદ્દેશથી ચારે દિશામાંથી આવેલા ચાર પુરુષ દ્વારા તે કમળ ઉખેડી ન શકાયું. પરંતુ તે વાવડીના કિનારે રહેલા મહાત્માના અવાજથી તે મોટું કમળ આપમેળે ઉછળીને બહાર આવ્યું' - આ પ્રમાણે **સૂયગડાંગસૂત્ર**માં કથાનક જણાવાયેલ છે. વાસ્તવમાં આ કથા માત્ર કથાસ્વરૂપે જણાવવી અભિપ્રેત નથી. પરંતુ તે કથામાં રહેલ દરેક પદાર્થને ઉપમા બનાવવા દ્વારા બીજો જ કોઈક ગર્ભિતાર્થ જણાવવો અભિપ્રેત છે. તે આ રીતે - પાણીથી ભરેલી વાવડી એટલે મનુષ્યલોક. પાણી એટલે આઠ કર્મ. આઠ કર્મરૂપી પાણીથી છલોછલ ભરેલી મનુષ્યલોક

જે (બહુ=) ઘણી **વ્યક્તિનો અભેદ** દેખાડિઈં, તે પણિ નિશ્ચયનયાર્થ[§] જાણવો. જિમ [1]"**एगे[♦] आया**" **(स्थानाङ्ग-१/१/२) इत्यादि सूत्रं *ज्ञेयं विबुधजनैः।***

पुष्करिणी कर्माष्टकजलपरिप्लाविता कामभोगकर्दमोपप्लुता सामान्यलोकलक्षणनानालघुपुण्डरीकोपेता चक्रवर्त्यादिभूपलक्षणैकमहापुण्डरीकसम्पन्ना तीर्थान्तरीयलक्षणपुरुषचतुष्टयसमेता धर्मतीर्थलक्षणतीरवती रागादिरहितभिक्षुसद्धर्मदेशनाऽऽकर्णनसमुत्पतितचक्रवर्त्यादिराजपौण्डरीकवत्तयाऽभिहिता। इत्थं बाह्योपमयाऽभ्यन्तरस्वरूपकथनं हि निश्चयनयस्य तत्त्वप्रतिपादनशैली वर्तते।

(२) तथा **विभिन्नव्यक्त्यभिन्नता** = नानाविलक्षणपदार्थैकता अपि शुद्धसङ्ग्रहनयाऽऽत्मकनिश्चयनयगोचरतया सम्मता। यथा [1]"एगे आया" (स्था.सू.१/१/२) इति **स्थानाङ्गसूत्र**वचनम्, वस्तुत आत्मनाम् अनन्तत्वेऽपि शुद्धचैतन्यस्याऽखिलाऽऽत्मद्रव्यानुगतत्वेन तथोक्तेः।

***एतेन*** [2]"एवं 'एगे आया एगे दंडे य होइ किरिया य'। करणविसेसेण य तिविहजोगसिद्धी वि

સ્વરૂપ વાવડી કામ-ભોગસ્વરૂપ કાદવથી વ્યાપ્ત છે. વાવડીમાં જેમ નાના અનેક કમળો હોય છે, તેમ સામાન્ય લોકો સ્વરૂપ અનેક નાના કમળોથી મનુષ્યલોકસ્વરૂપ વાવડી સંપન્ન છે. તથા રાજા સ્વરૂપ એક મોટા કમળથી તે વાવડી વિશિષ્ટ શોભાને ધારણ કરે છે. જૈનદર્શનની બહાર રહેલા ચાર સંન્યાસી પુરુષો તે રાજાને સંસારમાંથી ઉખેડવાનો, સાધુ બનાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ રાજા તેનાથી પ્રતિબોધ પામતો નથી. આમ રાજાને પ્રતિબોધ કરવામાં નિષ્ફળ ગયેલા અન્યધર્મીઓથી મનુષ્યલોકરૂપ વાવડી વ્યાપ્ત છે. વાવડીનો કાંઠો એટલે ધર્મતીર્થ = જિનશાસન. મનુષ્યલોકરૂપી વાવડીના કાંઠા સ્વરૂપ જિનશાસનમાં રહેલ રાગ-દ્વેષાદિ ભાવોથી રહિત એવા મહાત્માની સદ્ધર્મદેશના સાંભળવાથી પ્રતિબોધ પામીને ચક્રવર્તી વગેરે રાજકમળ = મહાકમળ સામે ચાલીને સંસારનો ત્યાગ કરે છે. આવું તાત્પર્ય **સૂયગડાંગ** સૂત્રના કથાનકની પાછળ રહેલું છે. આમ બાહ્ય પદાર્થનો અભ્યંતર પદાર્થમાં ઉપચાર કરીને તત્ત્વના આંતરિક સ્વરૂપનું કથન કરવું, તે નિશ્ચયનયની તત્ત્વનિરૂપણ કરવાની શૈલી છે.

### ❀ અનેકમાં એકતા નિશ્ચયનયગમ્ય ❀

(૨) તથા અનેક વિલક્ષણ પદાર્થમાં અભેદ પણ શુદ્ધસંગ્રહનયાત્મક નિશ્ચયનયના વિષય તરીકે સંમત છે. જેમ કે **સ્થાનાંગસૂત્ર**માં જણાવેલ છે કે 'આત્મા એક છે.' વાસ્તવમાં આત્મા અનંતા હોવા છતાં 'શુદ્ધ ચૈતન્ય તમામ આત્માઓમાં સમાન છે' - એવું જણાવવા માટે ત્યાં આત્મા એક જણાવેલ છે.

### ❀ આત્મા, દંડ, ક્રિયા એક છે : સમ્મતિતર્ક ❀

(एते.) આવું કહેવાથી **સંમતિતર્ક** પ્રકરણની એક ગાથાની પણ છણાવટ થઈ જાય છે. તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે - "આ પ્રમાણે સંગ્રહનયના અભિપ્રાયથી 'આત્મા એક છે, દંડ એક છે અને ક્રિયા એક છે' - ઈત્યાદિ કથન જાણવું. તથા મન-વચન-કાયાસ્વરૂપ વિશેષ પ્રકારના કરણથી વ્યવહારનયદૃષ્ટિએ

§ લી.(૨)માં 'નવ્ય' પાઠ. ♦ પુસ્તકોમાં '**णो आया**' પાઠ. કો.(૪+૭+૮+૯+૧૩) + સિ. + B(૨) + P(૨+૩+૪) + લી.(૧+૨) + આ.(૧)નો પાઠ લીધો છે. *...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી ફક્ત લા.(૨) + લી.(૧) માં છે.

1. एक आत्मा। 2. एवम् 'एक आत्मा एको दण्डश्च भवति क्रिया च'। करणविशेषेण च त्रिविधयोगसिद्धिरपि अविरुद्धा।।

વેદાંતદર્શન પણિ શુદ્ધસંગ્રહનયાદેશરૂપ શુદ્ધનિશ્ચયનયાર્થ *સમ્મતિ* ગ્રંથઇં કહિઉં છઇ.

अविरुद्धा।।" (स.त.१/४९) इति **सम्मतितर्क**गाथा अपि *व्याख्याता*।

वेदान्तदर्शनमपि शुद्धसङ्ग्रहनयादेशरूपं शुद्धद्रव्यास्तिकनयलक्षणनिश्चयार्थकं **सम्मतितर्के** नय-मीमांसायां भाषितम्। तदुक्तं **सम्मतितर्के** [1]"दव्वट्ठियनयपयडी सुद्धा संगहपरूवणाविसओ" (स.त.१/४/पृ.३१५) इति। तदुक्तं **सम्मतितर्कवृत्तौ** अपि "शुद्धो द्रव्यास्तिको नयः सङ्ग्रहनयाभिमतविषयप्ररूपकः। तथा च सङ्ग्रहनयाभिप्रायः – सर्वमेकम्, सदविशेषाद्" (स.त.१/३/पृ.२७२) इति पूर्वोक्तं(८/१४) स्मर्तव्यमत्र। अत्र "एक एव हि भूतात्मा" (अ.बि.उ.प.१२/पृ.१५) इति **अमृतबिन्दूपनिषद्व**चनम्, "एकमेवाऽद्वितीयं ब्रह्म" (छा.उ.६/२/१) इति **छान्दोग्योपनिषद्व**चनम्, "नेह नानास्ति किञ्चन" (बृह.उ.४/४/१९) इति **बृहदारण्यकोपनिषद्व**चनम्, "पुरुष एवेदं सर्वम्" (ऋ.वे.१०/९०, ऋ.म.१०/९०/२, श्वे.उ.३/१५) इति **ऋग्वेद-ऋक्संहितामण्डल-श्वेताश्वतरोपनिषदां** वचनञ्च शुद्धनिश्चयनयविषयतया द्रष्टव्यम्।

सर्वजीवेषु एकत्वसंवेदनात् कैवल्यं सुलभं स्यात्। तदुक्तं **मेघविजयोपाध्यायेन** अर्हद्गीतायां

આત્મામાં ત્રણ પ્રકારના યોગની સિદ્ધિ કરવામાં પણ કોઈ વિરોધ આવતો નથી."

**સ્પષ્ટતા** :- **સ્થાનાંગસૂત્ર**માં 'આત્મા એક છે, દંડ એક છે, ક્રિયા એક છે' - આમ જણાવેલ છે. જો કે આત્મા અનંતા છે. મનોદંડ, વચનદંડ અને કાયદંડ રૂપે દંડ પણ ત્રણ પ્રકારે છે. ક્રિયા પણ મન-વચન-કાયાથી જન્ય હોવાથી ત્રિવિધ છે. છતાં સંગ્રહનયના અભિપ્રાયથી આત્મા, દંડ, ક્રિયા વગેરેમાં ઐક્યનું પ્રતિપાદન **ઠાણાંગસૂત્ર**માં કરેલ છે. આ પ્રમાણે સંમતિકારનું તાત્પર્ય અહીં ઉપયોગી છે.

### ❀ વેદાંતદર્શન નિશ્ચયનયાનુગામી ❀

(**वेदान्त.**) વેદાંતદર્શન શુદ્ધસંગ્રહનયના આદેશ સ્વરૂપ છે. તેથી તે પણ શુદ્ધદ્રવ્યાસ્તિકનયસ્વરૂપ નિશ્ચયનયના વિષયનું પ્રતિપાદન કરે છે. આ વાત **સંમતિતર્ક**માં આ પ્રમાણે જણાવેલ છે કે "દ્રવ્યાર્થિકનયની શુદ્ધ પ્રકૃતિ સંગ્રહનયની પ્રરૂપણાને વિષય બનાવે છે." પૂર્વોક્ત (૮/૧૪) **સંમતિતર્કવ્યાખ્યા**માં પણ જણાવેલ છે કે "શુદ્ધ દ્રવ્યાસ્તિકનય સંગ્રહનયને સંમત એવા વિષયનું પ્રતિપાદન કરે છે. તથા સંગ્રહનયનો અભિપ્રાય એવો છે કે તમામ વસ્તુ એક છે. કારણ કે તમામ વસ્તુમાં રહેલ સત્ત્વ = સત્તા = સત્પણું = અસ્તિત્વ તુલ્ય છે." 'ખરેખર એક જ ભૂતાત્મા (= દેહવર્તી આત્મા) છે' - આવું **અમૃતબિન્દુઉપનિષદ્**વચન, 'અદ્વિતીય બ્રહ્મ એક જ છે' - આવું **છાન્દોગ્યોપનિષદ્**વચન, 'અહીં કશું અનેક નથી' - આમ **બૃહદારણ્યકઉપનિષદ્**વચન, 'આ આત્મા જ છે' - આવું **ઋગ્વેદ**નું, **ઋક્સંહિતામંડલ**નું તથા **શ્વેતાશ્વતરોપનિષદ્**નું વચન પ્રસ્તુતમાં શુદ્ધનિશ્ચયનયના વિષય તરીકે સમજવું.

**સ્પષ્ટતા** :- અનેક પદાર્થમાં એકતાનું પ્રતિપાદન એ નિશ્ચયનયનું મુખ્ય લક્ષણ છે. શુદ્ધ સંગ્રહનય અનેક પદાર્થમાં એકતાનું પ્રતિપાદન કરે છે. તેથી શુદ્ધ દ્રવ્યાસ્તિકનયાત્મક શુદ્ધસંગ્રહનય નિશ્ચયનયસ્વરૂપ બને છે. વેદાંતદર્શન પણ અનેક આત્માઓમાં અભેદનું પ્રતિપાદક છે. કારણ કે વેદાંતદર્શનની પ્રકૃતિ શુદ્ધ સંગ્રહનય છે. તેથી વેદાંતદર્શન નિશ્ચયનયની જેમ અનેકમાં એકતાનું દર્શન કરાવે છે.

(**सर्व.**) સર્વ જીવોમાં એકત્વનું સંવેદન થવાથી કેવલજ્ઞાન સુલભ બને. તેથી જ **મેઘવિજયજી** ઉપાધ્યાયે

1. द्रव्यार्थिकनयप्रकृतिः शुद्धा सङ्ग्रहप्ररूपणाविषयः।

તથા **દ્રવ્યની** જે **નિર્મલ પરિણતિ** બાહ્યનિરપેક્ષ પરિણામ, તે પણિ નિશ્ચયનયનો અર્થ જાણવો. જિમ [1]**"आया (णे अज्जो !) सामाइए, आया (णे अज्जो !) सामाइअस्स अट्ठे" (भ.सू.१/९/२४)।**

---

"यदैकत्वविमर्शः स्यात् तदैव केवलोदयः" (अ.गी.१५/८) इति भावनीयम्।

(३) वस्तुनो **निर्मलपरिणामश्च** = बाह्यनिरपेक्षः परिणामः पुनः निश्चयविषयः ज्ञेयः। यथा [1]"आया णे अज्जो ! सामाइए, आया णे अज्जो ! सामाइयस्स अट्ठे" (भ.सू.१/९/२४) इति पूर्वोक्तं(८/२) **भगवतीसूत्र**वचनम्, [2]"आया खलु सामाइयं" (आ.नि.७९०, अ.म.प.१३९) इति पूर्वोक्तम् (७/१० + ८/२) **आवश्यकनिर्युक्ति**वचनम् **अध्यात्ममतपरीक्षा**वचनञ्च, [3]"आया सामाइयं" (आ.नि.भा.१४९, वि.आ.भा.३४३१) इति **आवश्यकनिर्युक्तिलघुभाष्य-विशेषावश्यकभाष्य**वचनम्, [4]"आया चेव अहिंसा" (ओ.नि.७५५, वि.आ.भा.३५३६) इति **ओघनिर्युक्ति-विशेषावश्यकभाष्य**योः पूर्वोक्तं (७/१० + ८/२) वचनम्, [5]"आया पच्चक्खाणे, आया मे संजमे तवे जोगे" (म.वि.२१६, म.प्र.११, वीरभद्रीय आतु.प्र.२५, स.सा.२७७, भा.प्रा.५८) इति पूर्वोक्तं(८/२) **मरणविभक्ति-महाप्रत्याख्यानाऽऽतुरप्रत्याख्यानप्रकीर्णक-समयसार-भावप्राभृत**वचनम्, [6]"आदा पच्चक्खाणे, आदा मे संवरे जोगे" (नि.सा.१००) इति **नियमसार**वचनम्, [7]"आदा धम्मो मुणेदव्वो" (प्र.सा.१/१९) इति पूर्वोक्तं (८/२) **प्रवचनसार**वचनं च निश्चयनयार्थपरतया बोध्यम्।

---

**અર્હદ્ગીતા**માં જણાવેલ છે કે 'જ્યારે એકત્વવિમર્શ થાય, ત્યારે જ કેવલજ્ઞાનોદય થાય.'

### ❀ આત્મા જ સામાયિક : નિશ્ચયનય ❀

(૩) વસ્તુનો નિર્મળ પરિણામ ખરેખર બાહ્ય પદાર્થથી નિરપેક્ષ છે. તે નિશ્ચયનયનો ત્રીજો વિષય જાણવો. નિમ્નોક્ત શાસ્ત્રવચનો તેનું પ્રતિપાદન કરે છે. જેમ કે પૂર્વોક્ત (૮/૨) **ભગવતીસૂત્ર** સંદર્ભમાં જણાવેલ છે કે "હે આર્ય ! આત્મા સામાયિક છે. હે આર્ય ! આત્મા સામાયિક શબ્દનો અર્થ છે." પૂર્વોક્ત (૭/૧૦ + ૮/૨) **આવશ્યકનિર્યુક્તિ** ગાથામાં પણ જણાવેલ છે કે "આત્મા જ સામાયિક છે." **આવશ્યકનિર્યુક્તિ લઘુભાષ્ય**માં તથા **વિશેષાવશ્યકભાષ્ય**માં પણ જણાવેલ છે કે "આત્મા સામાયિક છે." પૂર્વોક્ત (૭/૧૦ + ૮/૨) **ઓઘનિર્યુક્તિ**માં અને **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "આત્મા જ અહિંસા છે." પૂર્વોક્ત (૮/૨) **મરણવિભક્તિ પ્રકીર્ણક, મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક, આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણક, સમયસાર** તથા **ભાવપ્રાભૃત** સંદર્ભમાં જણાવેલ છે કે "આત્મા પચ્ચક્ખાણ છે. આત્મા જ મારું સંયમ (= ચારિત્ર), તપ અને યોગ છે." **નિયમસાર**માં કહેલ છે કે 'આત્મા પચ્ચક્ખાણ છે. આત્મા જ મારો સંવર (= ચારિત્ર) અને યોગ છે.' પૂર્વોક્ત (૮/૨) **પ્રવચનસાર**ગાથામાં પણ જણાવેલ છે કે "આત્માને ધર્મ જાણવો." આ શાસ્ત્રવચનો બાહ્ય પદાર્થથી નિરપેક્ષ એવી વસ્તુની અંતરંગ નિર્મળ પરિણતિસ્વરૂપ નિશ્ચયસંમત તૃતીય વિષયનું પ્રતિપાદન કરવામાં તત્પર જાણવા.

---

**1**. आत्मा णे आर्य ! सामायिकः, आत्मा णे आर्य ! सामायिकस्य अर्थः। **2**. आत्मा खलु सामायिकम्। **3**. आत्मा सामायिकम्। **4**. आत्मा चैव अहिंसा। **5**. आत्मा प्रत्याख्यानम्, आत्मा मे संयमः तपः योगः। **6**. आत्मा प्रत्याख्यानम्, आत्मा मे संवरः योगः। **7**. आत्मा धर्मः ज्ञातव्यः।

ઈમ જે જે રીતિં લોકાતિક્રાંત અર્થ પામિઈ, **(એ સવિ)** તે તે **નિશ્ચયનય**નો **ભેદ** થાઈ. તેહથી લોકોત્તરાર્થભાવના આવઈ. ॥૮/૨૨॥

कर्मबन्धोदयोदीरणादिकलङ्कितसंसारिजीवगतां कर्मबन्धोदयादिजन्याऽशुद्धिम् उपेक्ष्य निश्चयनयो हि सर्वात्मगतां स्वभावसापेक्षाम् अन्तरङ्गविशुद्धिं चेतसिकृत्य 'आत्मा सामायिकाऽहिंसाप्रत्याख्यानादिः' इत्येवं प्रतिपादयतीति भावः।

इत्थं यया यया रीत्या लोकातिक्रान्ता येऽर्था इह उपलभ्यन्ते ते निश्चयनयविषया भवन्ति। **इमे निश्चयविषया** ज्ञेयाः। तेभ्यश्च लोकोत्तरार्थविषयिणी भावना सम्पद्यते। लोकोत्तरं जिनशासनं सम्प्राप्य लोकोत्तरपदार्थविषयिणी भावनैव तावद् आत्मसात्कार्या तदनन्तरञ्च स्वभूमिकोचितव्यवहारनयानुसारतः स्वशक्त्यनिगूहनेन सर्वत्र तदनुकूला साधना आत्मसात्कार्येति भावः।

अन्ये च पञ्च निश्चयनयविषया अग्रेतनश्लोकव्याख्यायां दर्शयिष्यन्ते इति अष्टविधः निश्चयविषय इत्यवधेयम्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – औदार्य-दाक्षिण्य-दया-दान-विनय-वैराग्यादिलौकिकगुणसौन्दर्य-

### નિર્મળ પરિણતિ : નિશ્ચયવિષય

**(कर्म.)** સંસારી આત્મા કર્મના બંધ-ઉદય-ઉદીરણા વગેરેથી કલંકિત છે. સંસારી જીવના કર્મબંધ -ઉદયાદિજન્ય વિકૃત સ્વરૂપની ઉપેક્ષા કરીને નિશ્ચયનય તમામ આત્મદ્રવ્યમાં રહેલ પરપદાર્થનિરપેક્ષ અંતરંગ નિર્મળ પરિણતિ ઉપર જ પોતાની દૃષ્ટિને અને રુચિને કેન્દ્રિત કરે છે. તથા આત્માની સ્વભાવસાપેક્ષ નિર્મળ પરિણતિને ઉદ્દેશીને જ નિશ્ચયનય આત્માને સામાયિક, અહિંસા, પચ્ચક્ખાણ, સંયમ, તપ, યોગ અને ધર્મ તરીકે જણાવે છે. આ પ્રમાણે પ્રસ્તુતમાં તાત્પર્ય સમજવું.

### લોકાતિક્રાંત તત્ત્વ દ્વારા લોકોત્તરભાવના પ્રગટે

**(इत्थं.)** આ રીતે જે જે રીતે લોકાતિક્રાંત (= સામાન્ય લોકો સ્થૂલ બુદ્ધિથી સમજી ન શકે તેવા ગહન) જે અર્થો જગતમાં ઉપલબ્ધ થાય છે, તે પદાર્થો નિશ્ચયનયના વિષયો જાણવા. તથા નિશ્ચયનયના લોકાતીત વિષયો દ્વારા લોકોત્તર પદાર્થ સંબંધી ભાવના સંપન્ન થાય છે. લોકોત્તર જિનશાસનને પ્રાપ્ત કરીને લોકોત્તર પદાર્થ સંબંધી ભાવના જ સૌપ્રથમ આત્મસાત્ કરવા યોગ્ય છે. તથા ત્યાર બાદ પોતાની ભૂમિકાને યોગ્ય એવા વ્યવહારનય મુજબ પોતાની શક્તિ છૂપાવ્યા વિના, સર્વત્ર લોકોત્તર ભાવનાને અનુકૂળ એવી સાધના આત્મસાત્ કરવી. આ પ્રમાણે પ્રસ્તુતમાં આશય છે.

### નિશ્ચયનયવિષયના આઠ પ્રકાર

**(अन्ये.)** નિશ્ચયનયના ત્રણ વિષયો જણાવ્યા. નિશ્ચયનયના અન્ય પાંચ વિષયો ૨૩ મા શ્લોકની વ્યાખ્યામાં જણાવવામાં આવશે. તેથી નિશ્ચયનયના વિષયો આઠ પ્રકારે છે - આ વાત ખ્યાલમાં રાખવી.

### લૌકિક-લોકોત્તર ગુણસૌંદર્ય પ્રગટાવીએ

**આધ્યાત્મિક ઉપનય** :- ઔદાર્ય, દાક્ષિણ્ય, દયા, દાન, વિનય, વૈરાગ્ય વગેરે લૌકિક ગુણવૈભવને પ્રાપ્ત કર્યા બાદ જ જિનશાસનને મેળવવાનો વાસ્તવિક અધિકાર મળે છે. કારણ કે લૌકિક ગુણો પ્રાપ્ત

मुपलभ्यैवाऽर्हत्प्रवचनप्रवेशाधिकारः परमार्थतः प्राप्यते, लौकिकगुणलाभोत्तरमेव निश्चयसम्मतनिर्मलपरिणतिस्वरूपलोकोत्तरगुणाविर्भावसम्भवात्, अर्हत्प्रवचनस्य लोकोत्तरगुणप्रापकत्वात्, लौकिकगुणसौन्दर्यलाभोत्तरकालं लोकोत्तरगुणसौन्दर्यमात्मन्याविर्भावयितुमेवाऽर्हत्प्रवचनस्याऽऽवश्यकत्वात्, लोकोत्तरगुणसौन्दर्याऽऽविर्भाव एवाऽर्हत्प्रवचनप्राप्तिसाफल्याच्च। तदर्थं स्वभूमिकोचितव्यवहारो नैव त्याज्य आत्मार्थिना। तदुक्तं **भावदेवसूरिभिः पार्श्वनाथचरित्रे** "यथैवाऽछिन्दता वृक्षं गृह्यते तस्य तत् फलम्। व्यवहारमनुल्लङ्घ्य ध्यातव्यो निश्चयस्तथा।। निश्चयस्तत्त्वसारोऽपि व्यवहारेण निर्वहेत्। सकलस्याऽपि देवस्य रक्षा प्राहरिकैर्भवेद्।।" (पा.च.सर्ग-६/ श्लो.३३९-३४०/पृ.१५०) इति। ततश्च प्राथमिकव्यवहारनयाऽऽचारस्थैर्योत्तरकालमात्मार्थिना नैश्चयिकलोकोत्तरविषयाभ्यासः संवेदनशीलहृदयेन बद्धकक्षतया कर्तव्यः।

इत्थमेवाभ्यासः शुद्धाध्यात्मस्वरूपः सम्पद्यते। तत एव उत्सर्गाऽपवादमय-ज्ञानक्रियात्मक-शुद्धव्यवहारनिश्चयस्वरूपभावस्याद्वाद-गम्यलोकोत्तरतात्पर्यार्थभावनाऽऽत्मनि प्रादुर्भवेत्। तादृशभावनादार्ढ्येन स्वभूमिकोचितचारुपञ्चाचार-माधुर्यानुभवोपहितध्यान-समता-वृत्तिसङ्क्षयतः **षोडशकवृत्तौ योगदीपिकायां यशोविजयवाचकैः** वर्णिता "अखण्डशुद्धज्ञान-सुखाद्यन्वय्यात्मद्रव्यरूपा" (षो.१६/३ वृ.पृ.३५७) मुक्तिः महामुनिना लभ्यते द्रुतम्।।८/२२।।

---

થાય પછી જ નિશ્ચયસંમત નિર્મળ પરિણતિ સ્વરૂપ લોકોત્તર ગુણો પ્રગટવાની સંભાવના છે. તથા જિનશાસન તો લોકોત્તર છે, લોકોત્તર ગુણનું પ્રાપક છે. લૌકિક ગુણસૌંદર્ય મેળવ્યા બાદ લોકોત્તર ગુણોનું સૌંદર્ય આત્મામાં પ્રગટાવવા માટે જ જિનશાસનની આવશ્યકતા છે. તથા લોકોત્તર ગુણસૌંદર્ય આત્મામાં પ્રગટે તો જ જિનશાસનની પ્રાપ્તિ પરમાર્થથી સફળ થાય. તે માટે પોતાની ભૂમિકાને યોગ્ય એવા વ્યવહારને આત્માર્થી આરાધકે કદાપિ છોડવો ન જોઈએ. તેથી જ તો **ભાવદેવસૂરિજીએ પાર્શ્વનાથચરિત્ર**માં જણાવેલ છે કે 'જેમ વૃક્ષને નહિ છેદનારો માણસ વૃક્ષના ફળને મેળવે છે. તેમ વ્યવહારનું (= વૃક્ષનું) ઉલ્લંઘન કર્યા વિના નિશ્ચયનું (ફળનું) ધ્યાન રાખવું. તત્ત્વપ્રધાન ભલે નિશ્ચય હોય. તો પણ વ્યવહારથી જ તે નિશ્ચયનો નિર્વાહ થાય છે. રાજા ભલે બધી બાબતે પરિપૂર્ણ (सकल) હોય. તો પણ તેવા રાજાની રક્ષા ચોકીદારો દ્વારા જ થાય છે.' મતલબ કે ચોકીદારતુલ્ય વ્યવહાર રાજાતુલ્ય નિશ્ચયને સંભાળે છે. તથા ચોકીદાર દ્વારા જ રાજા સુધી પહોંચાય છે. તેથી નિશ્ચયપ્રેમીએ સ્વભૂમિકાને યોગ્ય વ્યવહારને આત્મીયભાવે સ્વીકારી, વ્યવહારનયના પ્રાથમિક આચારોમાં સ્થિર થયા બાદ નિશ્ચયનયના લોકોત્તર વિષયોનો સંવેદનશીલ હૃદયે અભ્યાસ કરવામાં સતત તત્પર રહેવું જોઈએ.

(इत्थ.) આવું બને તો જ તે અભ્યાસ શુદ્ધ અધ્યાત્મસ્વરૂપ બને અને તેના દ્વારા ઉત્સર્ગ-અપવાદમય જ્ઞાન-ક્રિયાત્મક શુદ્ધવ્યવહાર-નિશ્ચયસ્વરૂપ એવા ભાવસ્યાદ્વાદથી ગમ્ય લોકોત્તર તાત્પર્યાર્થની ભાવના આત્મામાં પ્રગટ થઈ શકે. તથા આ પાવન ભાવના આત્મસાત્ થવા દ્વારા પોતાની ભૂમિકાને યોગ્ય એવા સુંદર પંચાચારના માધુર્યની થયેલી અનુભૂતિથી સંપ્રાપ્ત થયેલ ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય - આ ત્રણ તત્ત્વના માધ્યમથી **યોગદીપિકા** નામની **ષોડશકવ્યાખ્યામાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે દર્શાવેલ, અખંડ શુદ્ધ જ્ઞાન-સુખ વગેરે સ્વરૂપે અન્વયી = વિદ્યમાન એવા આત્મદ્રવ્યસ્વરૂપ મુક્તિને મહામુનિ ઝડપથી મેળવે છે. (૮/૨૨)

**જેહ ભેદ છઈ વિગતિનો રે, □જે ઉત્કટ● પર્યાય;**
**કાર્યનિમિત્ત અભિન્નતા રે, એ વ્યવહાર ઉપાય રે ॥૮/૨૩॥ (૧૩૧) પ્રાણી.**

♦જેહ **વ્યક્તિનો** ભેદ દેખાડિઇં (છઈ) "**अनेकानि द्रव्याणि, अनेके जीवाः**" ઈત્યાદિ રીતિં, તે વ્યવહાર-નયનો અર્થ. તથા (જે) ઉત્કટ **પર્યાય** જાણીયઈં, તેહ પણિ વ્યવહારનયનો અર્થ. **अत एव** – [1]"**णिच्छयणएण पंचवण्णे**✠ **भमरे, ववहारणएण कालवण्णे**" ઈત્યાદિ સિદ્ધાંતઈં પ્રસિદ્ધ છઇ.

निश्चयनयविषयवैविध्यमुक्त्वा व्यवहारनयविषयवैविध्यमभिधत्ते – '**व्यक्तीनामि**'ति ।

**व्यक्तीनां बहुतामाह यश्चैवोत्कटपर्ययम् ।**
**कार्य-कारणयोरैक्यं व्यवहारः स उच्यते ।।८/२३।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – यः (नयः) व्यक्तीनां बहुताम्, उत्कटपर्ययं कार्य-कारणयोरैक्यं च आह सः व्यवहारः उच्यते ।।८/२३।।

(१) **यः** नयो भेदग्राहकत्वाद् **व्यक्तीनां** = वस्तूनां **बहुताम्** = अनेकताम् **आह स व्यवहार उच्यते**, यथा 'अनेकानि द्रव्याणि, अनेके जीवाः' इत्यादिः व्यवहारनयविषयः । सोऽपि तात्त्विक एव, न त्वतात्त्विकः । इत्थं विषयगतनानात्वनिरूपणप्रवणता व्यवहारनयेऽवगन्तव्या ।

एवं (२) **यो** नयः लोकानुगामित्वाद् **उत्कटपर्ययम्** = उद्भूतं पर्यायम् **आह सः** अपि **व्यवहारो** नय **उच्यते**, यथा 'कृष्णो भ्रमर' इति । अत एव **विशेषावश्यकभाष्ये श्रीजिनभद्रगणिभिः**

**અવતરણિકા** :- નિશ્ચયનયના વિવિધ વિષયને જણાવ્યા બાદ ગ્રંથકારશ્રી વ્યવહારનયના વિવિધ વિષયનું પ્રતિપાદન કરે છે :-

### ❀ વ્યવહારનયના વિષયને ઓળખીએ ❀

**શ્લોકાર્થ** :- જે નય (૧) વસ્તુમાં અનેકતાને જણાવે, (૨) ઉત્કટ પર્યાયને જણાવે અને (૩) કાર્ય-કારણની એકતાને જણાવે તે વ્યવહારનય કહેવાય છે. (૮/૨૩)

**વ્યાખ્યાર્થ** :- (૧) જે નય ભેદગ્રાહક હોવાના કારણે વસ્તુઓમાં અનેકતાને જણાવે, તે વ્યવહારનય કહેવાય છે. જેમ કે 'દ્રવ્યો અનેક છે', 'જીવો અનેક છે'... ઈત્યાદિ નિરૂપણ વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનો પ્રસ્તુત વિષય પણ તાત્ત્વિક જ છે, અતાત્ત્વિક નથી. આ રીતે વ્યવહારનય વિષયમાં રહેનારી અનેકતા-વિવિધતા જણાવવામાં કુશળ છે - તેમ જાણવું. વ્યવહારનયની આ પ્રથમ વ્યાખ્યા છે.

### ❀ નિશ્ચય-વ્યવહારથી ભમરાનું નિરૂપણ ❀

(एवं.) (૨) તે જ રીતે જે નય આમજનતાનો અનુયાયી હોવાથી ઉત્કટતાવાળા પર્યાયને જણાવે તે પણ વ્યવહારનય કહેવાય છે. જેમ કે 'ભમરો કાળો છે' - આવું પ્રતિપાદન વ્યવહારનય કરે છે. વ્યવહારનયની આ બીજી વ્યાખ્યા જાણવી. વ્યવહારનય ઉત્કટ પર્યાયનો પ્રતિપાદક હોવાથી જ

□ કો.(૪)માં 'એક' પાઠ લી.(૧) + લા.(૨)માં 'તે' પાઠ. ● આ.(૧)માં 'ઉત્કૃષ્ટિ' પાઠ. ♦ કો.(૧૩)માં 'જિહાં' પાઠ. કો.(૧૨)માં 'તિહાં' પાઠ. ✠ પુસ્તકોમાં '**वण्णो**' પાઠ. કો.(૭+૯)+સિ.નો પાઠ લીધો છે. 1. निश्चयनयेन पञ्चवर्णः भ्रमरः, व्यवहारनयेन कालवर्णः ।

[1]"लोगव्ववहारपरो ववहारो भणइ 'कालओ भमरो'। परमत्थपरो मण्णइ णिच्छइओ 'पंचवण्णो' त्ति।।" (वि.आ.भा.३५८९) इति निरूपितम्।

**श्रीहेमचन्द्रसूरिकृता तद्वृत्तिस्त्वेवम्** "लोकव्यवहाराभ्युपगमपरो नयो व्यवहारनय उच्यते। स च कालवर्णस्यैवोत्कटत्वेन लोके व्यवह्रियमाणत्वाद् भणति = प्रतिपादयति 'कालको भ्रमर' इति। परमार्थपरस्तु = पारमार्थिकार्थवादी नैश्चयिको = निश्चयनय उच्यते । स पुनर्मन्यते 'पञ्चवर्णो भ्रमरः' बादरस्कन्धत्वेन तच्छरीरस्य पञ्चवर्णपुद्गलैर्निष्पन्नत्वात् शुक्लादीनाञ्च न्यग्भूतत्वेनाऽनुपलक्षणाद्" (वि.आ.भा.३५८९वृ.) इति।

यथा (१) अतिदूराद् मेरु-स्वर्गादिः, (२) अतिसामीप्याद् नेत्रपक्ष्मादिः, (३) अतिसौक्ष्मात् परमाण्वादिः, (४) मनोऽनवस्थानाद् मूढचित्तैः घटादिः, (५) इन्द्रियाऽपाटवाद् बधिरादिभिः शब्दादिः,

---

**વિશેષાવશ્યકભાષ્ય** ગ્રંથમાં **શ્રીજિનભદ્રગણી** ક્ષમાશ્રમણે જણાવેલ છે કે "લોકવ્યવહારમાં તત્પર એવો વ્યવહારનય કહે છે કે 'ભમરો કાળો છે.' પરમાર્થમાં તત્પર નૈશ્ચયિકનય ભમરાને પાંચ વર્ણવાળો માને છે."

**(श्रीहेम.)** મલધારી **હેમચંદ્રસૂરિ** મહારાજે ઉપરોક્ત ગાથાની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે "લોકવ્યવહારમાં પ્રચલિત માન્યતાનો સ્વીકાર કરવામાં જે નય તત્પર હોય તે વ્યવહારનય કહેવાય છે. ભમરામાં કાળો વર્ણ ઉત્કટ હોવાથી સામાન્ય લોકો ભમરામાં તેનો જ વ્યવહાર કરે છે. વ્યવહારનય લોકાનુયાયી હોવાથી 'ભમરો કાળો છે' - આવું પ્રતિપાદન કરે છે. પારમાર્થિક વિષયને જણાવનાર નય તો નિશ્ચયનય કહેવાય છે. નિશ્ચયનય માને છે કે 'ભમરો પાંચ વર્ણવાળો છે.' આવું માનવાનું કારણ એ છે કે જૈનદર્શન મુજબ ભમરાનું શરીર બાદર (= સ્થૂલ) પુદ્ગલસ્કન્ધસ્વરૂપ છે. તથા જે જે પુદ્ગલસ્કન્ધો બાદર હોય છે, તે તે પુદ્ગલસ્કંધો લાલ, પીળો, નીલો, શ્યામ અને શ્વેત - આ પાંચ વર્ણવાળા જ પુદ્ગલોથી નિષ્પન્ન થાય છે. આમ બાદર પુદ્ગલસ્કન્ધ સ્વરૂપ ભમરાનું શરીર પંચવર્ણયુક્ત પુદ્ગલોથી ઉત્પન્ન થયેલ હોવાના લીધે પાંચ વર્ણવાળું છે. આ પ્રમાણે નિશ્ચયનય પ્રતિપાદન કરે છે. ભમરાનું શરીર પરમાર્થથી પાંચ રૂપવાળું હોવા છતાં પણ આપણને ભમરાના શરીરમાં કાળું રૂપ દેખાય છે. સફેદ વગેરે રૂપ દેખાતા નથી. આનું કારણ એ છે કે ભમરાના શરીરમાં શ્યામ વર્ણ ઉત્કટ છે અને બાકીના શુક્લ વગેરે ચાર વર્ણ અનુત્કટ છે."

### ✻ અનુપલબ્ધિના ૨૧ કારણો ✻

**(यथा.)** (૧) અતિદૂર હોવાના લીધે મેરુપર્વત, સ્વર્ગ વગેરે દેખાતા નથી. પરંતુ તેનો મતલબ એ નથી કે મેરુ વગેરે નથી.

(૨) અતિસમીપ હોવાના લીધે આંખની પાંપણ, આંખનો મેલ વગેરે આંખેથી દેખાતા નથી.

(૩) અતિસૂક્ષ્મ હોવાથી પરમાણુ વગેરે દેખાતા નથી.

(૪) મન ઠેકાણે ન હોવાથી મૂઢમનવાળા લોકોને ઘટાદિ પદાર્થો ખ્યાલમાં આવતા નથી.

(૫) ઈન્દ્રિય નબળી હોવાથી બહેરા વગેરે માણસોને શબ્દ વગેરે સંભળાતા નથી.

---

1. लोकव्यवहारपरो व्यवहारो भणति 'कालको भ्रमरः'। परमार्थपरो मन्यते नैश्चयिकः 'पञ्चवर्ण' इति।।

(६) मतिमान्द्याद् गहनशास्त्रपरमार्थः, (७) अशक्यत्वाद् निजकर्णादिः, (८) व्यवधानाऽपराऽभिधानाद् आवरणाद् मेघच्छन्नः राकेशादिः, (९) अभिभवाद् दिवा तारकादिः, (१०) समानाभिहाराऽपराऽभिधानात् साजात्यात् तण्डुलराशिपतितः विवक्षितः तण्डुलः, (११) अनुपयोगात् स्त्रीसक्तचेतसा शेषविषयः, (१२) अनुपायाद् ज्वरमापकेन दुग्धादिमानम्, (१३) विस्मृतेः पूर्वोपलब्धः गृहादिः, (१४) दुरुपदेशात् कनक-रत्नादिः, (१५) मोहाद् आत्मादिपदार्थः, (१६) विदर्शनाद् जात्यन्धैः रूपादिः, (१७) वार्धक्यादिविकारात् निखातनिधिभूमिभागः, (१८) भूखननादिक्रियाविरहाद् वृक्षमूलादिः, (१९) अनधिगमाद् अश्रुतशास्त्रेण शास्त्रार्थः, (२०) कालविप्रकर्षात् **पद्मनाभ**तीर्थकरादिः, (२१) स्वभावविप्रकर्षाद् आकाशादिः सन्नपि नोपलभ्यते तथा न्यग्भूतत्वात् सन्नपि भ्रमरादिगतः शुक्लादिवर्णो नोपलभ्यत इति दृश्यम्।

---

(૬) બુદ્ધિ મંદ હોવાથી ગહન શાસ્ત્રોના પરમાર્થ સમજાતા નથી.

(૭) અશક્ય હોવાથી પોતાના કાન વગેરેનું ચાક્ષુષ પ્રત્યક્ષ નથી થતું.

(૮) વાદળથી ઢંકાયેલ પૂનમનો ચન્દ્ર વગેરે વ્યવધાનના = આવરણના લીધે દેખાતા નથી.

(૯) સૂર્યના પ્રકાશથી અભિભવ થવાના લીધે દિવસે તારા વગેરે જોવામાં આવતા નથી.

(૧૦) ચોખાના ઢગલામાં મૂકેલો અમુક ચોખાનો દાણો ગોતવા છતાં સમાનાભિહારના = સાજાત્યના લીધે 'આ એ જ છે' - આવી પ્રત્યભિજ્ઞાનો વિષય બનતો નથી, ઓળખાતો નથી.

(૧૧) સ્ત્રીમાં આસક્ત મનવાળા માણસને અનુપયોગથી બાકીના તમામ પદાર્થોનું ભાન થતું નથી.

(૧૨) દૂધ વગેરેને માપવાનું સાધન ન હોવાથી થર્મોમીટર દૂધને માપી શકતું નથી.

(૧૩) પૂર્વે જાણેલ-અનુભવેલ ઘર વગેરે વિસ્મૃતિદોષના લીધે યાદ આવતા નથી.

(૧૪) સાચો ઉપદેશ, શિક્ષણ ન મળવાને લીધે સુવર્ણ, રત્ન વગેરે સાચી રીતે પરખાતા નથી.

(૧૫) મોહના ઉદયથી આત્મા વગેરે પદાર્થો હોવા છતાં સમજાતા નથી.

(૧૬) દૃષ્ટિની વિગુણતાના લીધે જેમ જન્માન્ધ માણસને રૂપાદિ દેખાતા નથી.

(૧૭) ઘડપણ વગેરે વિકૃતિના લીધે જ્યાં પૂર્વે નિધાન દાટેલ હોય તે જમીનનો ભાગ ઓળખાતો નથી.

(૧૮) જમીન ખોદવા વગેરેની ક્રિયા ન કરવાથી વૃક્ષના મૂળ વગેરે દેખાતા નથી. પરંતુ તેનો અર્થ એવો ન કરી શકાય કે વૃક્ષનું મૂળ છે જ નહિ.

(૧૯) શાસ્ત્રને ન સાંભળવાથી બોધ ન હોવાના લીધે શાસ્ત્રના પદાર્થોની સમજણ મળતી નથી.

(૨૦) આવતી ચોવીસીના **પદ્મનાભ** તીર્થંકર કાળની અપેક્ષાએ દૂર હોવાથી દેખાતા નથી.

(૨૧) આકાશ વગેરે પદાર્થો સ્વભાવથી દૂર રહેલા છે, પ્રત્યક્ષઅયોગ્યસ્વભાવવાળા છે. તેથી હાજર હોવા છતાં પણ દેખાતા નથી.

જેમ ઉપરોક્ત સ્થળે વિદ્યમાન પદાર્થો જણાતા નથી, તેમ ભમરામાં શ્વેત વગેરે વર્ણ વિદ્યમાન હોવા છતાં અનુત્કટ હોવાથી આંખેથી દેખાતા નથી. પરંતુ ન દેખાવાના લીધે 'ભમરામાં શ્વેતવર્ણ નથી' - એમ કહી ન શકાય તેમ સમજવું. અનુપલબ્ધિના ૨૧ કારણોની વિચારણા અહીં પ્રાસંગિક સમજવી.

"अतिदूरात् सामीप्याद् इन्द्रियघाताद् मनोऽनवस्थानात्। सौक्ष्म्याद् व्यवधानाद् अभिभवात् समानाभिहाराच्च।।" (सा.का.७ + ज.क.ल.२/५) इति **ईश्वरकृष्णकृता साङ्ख्यकारिका रत्ननन्दिकृता** च **जल्पकल्पलता**कारिकाऽप्यत्र स्मर्तव्या अनुपलब्धिहेतुप्रतिपादिका।

प्रकृतमुच्यते - सत्स्वपि बहुषु वर्ण-गन्ध-रस-स्पर्शेषु यो यत्र जनपदस्य ग्राह्यः तमेव तत्र व्यवहारनयो मन्यते प्ररूपयति च, सतोऽपि शेषान् वर्णादीन् मुञ्चति, लोकनिश्चयार्थं तस्य प्रवृत्तेः। न हि लोकाऽग्राह्यार्थप्रतिपादने लौकिकानां तन्निश्चयः सम्भवति। अत एव **विशेषावश्यकभाष्ये** [1]"भमराइपंचवण्णाइं निच्छए जत्थ वा जणवयस्स। अत्थे विणिच्छओ सो विणिच्छयत्थो त्ति सो गेज्झो।। [2]बहुतरउ त्ति य तं चिय गमेइ संते वि सेसए मुयए। संववहारपरतया ववहारो लोगमिच्छंतो।।" (वि.आ.भा.२२२०/२१) इत्युक्तम्। **प्रवचनसारोद्धारवृत्तौ** (गा.८४७) **श्रीसिद्धसेनसूरे**रप्ययमेवात्राभिप्रायः।

---

("**अति.**) '(૧) અતિદૂર, (૨) અતિ સામીપ્ય, (૩) ઈન્દ્રિયઘાત, (૪) મનની અસ્થિરતા, (૫) સૂક્ષ્મતા, (૬) વ્યવધાન (=આવરણ), (૭) અભિભવ અને (૮) સમાનાભિહારના (=સાજાત્યના) લીધે વસ્તુ જણાતી નથી' - આ રીતે અનુપલબ્ધિહેતુદર્શક **ઈશ્વરકૃષ્ણ**કૃત **સાંખ્યકારિકા**ને તથા **રત્નનંદિ**રચિત **જલ્પકલ્પલતા**ની કારિકાને પણ અહીં યાદ કરવી.

## ❀ વ્યવહારનય ઉત્કટગુણગ્રાહી ❀

(**प्रकृत.**) હવે પ્રસ્તુત વાત કરીએ. વસ્તુમાં અનેક વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોવા છતાં જે વસ્તુમાં જે વર્ણ આદિ લોકો દ્વારા જાણી શકાય, તે જ વર્ણ આદિને તે વસ્તુમાં વ્યવહારનય માને છે અને દર્શાવે છે. અન્યવિધ વર્ણ, ગંધાદિ તે વસ્તુમાં હોવા છતાં પણ વ્યવહારનય તેનો ત્યાગ (= ઉપેક્ષા) કરે છે. કારણ કે વ્યવહારનય લોકોને વસ્તુનો નિશ્ચય કરાવવા માટે પ્રવર્તે છે. લોકો જેને જાણી ન શકે તેવા અર્થની પ્રરૂપણા કરવામાં આવે તો સામાન્ય લોકોને તેવા અર્થનો નિશ્ચય ન થઈ શકે. તેથી વ્યવહારનય તેની ઉપેક્ષા કરે છે. આ જ કારણસર **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે "ભમરા વગેરે જે પદાર્થો નિશ્ચયથી પાંચ વર્ણ વગેરેથી યુક્ત હોવા છતાં પણ સામાન્ય લોકોને જે વર્ણ આદિ અર્થનો ભમરા વગેરે પદાર્થમાં નિર્ણય થાય તે જ વર્ણાદિ વ્યવહારનયથી ગ્રાહ્ય = માન્ય છે. કારણ કે લોકગ્રાહ્ય વસ્તુનો વિશેષ પ્રકારે નિર્ણય કરાવવો તે વ્યવહારનયનું પ્રયોજન છે. જે વસ્તુમાં જે વર્ણ, ગંધ આદિ પ્રચુર પ્રમાણમાં હોય તેને જ વ્યવહારનય જણાવે છે. વસ્તુમાં અન્ય વર્ણ, ગંધ આદિ ગુણધર્મો હોવા છતાં પણ તેને વ્યવહારનય છોડી દે છે. કારણ કે વ્યવહારનય લોકના વ્યવહારનું સમર્થન કરવામાં તત્પર હોવાથી લોકોના અભિપ્રાયને માન્ય કરે છે." **પ્રવચનસારોદ્ધારવ્યાખ્યા**માં (ગાથા-૮૪૭) શ્રી**સિદ્ધસેનસૂરિ**નો પણ 'ભમરો કાળો છે' - આ બાબતમાં નિશ્ચય અને વ્યવહાર નયથી શ્રી**જિનભદ્રગણી** ક્ષમાશ્રમણ જેવો જ અભિપ્રાય છે.

---

1. भ्रमरादिपञ्चवर्णादौ निश्चये यत्र वा जनपदस्य। अर्थे विनिश्चयः स विनिश्चयार्थ इति स ग्राह्यः।।

2. बहुतरक इति च तमेव गमयति सतोऽपि शेषकान् मुञ्चति। संव्यवहारपरतया व्यवहारो लोकमिच्छन्।।

प्रकृते [1]"भमरे णं भंते ! कतिवन्ने ? पुच्छा। गोयमा ! एत्थ णं दो नया भवंति। तं जहा-(१) निच्छइयनए य (२) वावहारियनए य। वावहारियनयस्स कालए भमरे। नेच्छइयनयस्स पंचवन्ने जाव अट्ठफासे पन्नत्ते" (भ.सू.१८/६/६३०) इति **भगवतीसूत्रप्रबन्धो**ऽपि अनुसन्धेयः।

***न च*** 'कृष्णो भ्रमर' इत्यत्र विद्यमानेतरवर्णप्रतिषेधाद् ***भ्रान्तत्वम्,***

अनुद्भूतत्वेनाऽविवक्षया तद्व्युदासेऽतात्पर्याद्, उद्भूतवर्णविवक्षाया एवाऽभिलापादिहेतुत्वात्, कृष्णादिपदस्योद्भूतकृष्णादिपरत्वाद्वा।

### ❀ ભમરા વિશે દ્વિવિધનય : ભગવતીસૂત્ર ❀

(**प्रकृते.**) અહીં **ભગવતીસૂત્ર**નો એક પ્રબંધ પણ અનુસંધાન કરવા યોગ્ય છે. તે આ મુજબ :-

**ગૌતમસ્વામી** : હે ભગવંત ! ભમરાને કેટલા વર્ણ હોય છે ?

**મહાવીર સ્વામી** : હે ગૌતમ ! અહીં બે નય છે. નૈશ્ચયિકનય અને વ્યાવહારિકનય. વ્યાવહારિક નયના મતે ભમરો કાળો છે. નૈશ્ચયિકનયના મતે ભમરામાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ કહેવાયેલ છે.

**શંકા** :- (न च.) શાસ્ત્રીય સમજણવાળા લોકો ભમરામાં શ્વેત, રક્ત વગેરે વર્ણને પણ માને છે. જૈનાગમ અનુસારે શ્યામ વર્ણ સિવાયના પણ વર્ણો ભમરામાં અવશ્ય વિદ્યમાન છે. તેથી 'ભમરો કાળો છે' - આમ વ્યવહારનય પ્રતિપાદન કરશે તો તેવા પ્રતિપાદનથી ભમરામાં વિદ્યમાન શુક્લ આદિ વર્ણનો નિષેધ થશે. વિદ્યમાન વિષયનો અપલાપ કરવાથી વ્યવહારનય ભ્રાન્ત બની જશે.

### ❀ વ્યવહારનય અનુદ્ભૂત વર્ણાદિનો અનિષેધક ❀

**સમાધાન** :- (अनु.) તમારી શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે જૈનાગમ દ્વારા ભમરામાં કૃષ્ણ વર્ણ સિવાયના જે રક્ત આદિ વર્ણોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, તેનો નિષેધ કરવામાં વ્યવહારનયનું તાત્પર્ય નથી. પરંતુ લાલ વગેરે વર્ણ ભમરામાં વિદ્યમાન હોવા છતાં પણ ઉદ્ભૂત = પ્રગટ નથી. અનુદ્ભૂત હોવાથી લાલ વગેરે વર્ણ પ્રત્યક્ષયોગ્ય નથી. તેથી ભમરામાં લાલ વગેરે વર્ણોની વિવક્ષા વ્યવહારનય કરતો નથી. તેથી વ્યવહારનય ભ્રાન્ત બનવાની આપત્તિને પ્રસ્તુતમાં કોઈ અવકાશ રહેતો નથી. શ્યામ વર્ણ તો ભમરામાં ઉદ્ભૂત છે. તેથી ભમરામાં માત્ર શ્યામ વર્ણની વિવક્ષા વ્યવહારનય કરે છે. ઉદ્ભૂતવર્ણની વિવક્ષા જ 'ભમરો કાળો છે.' ... ઈત્યાદિ શબ્દપ્રયોગ સ્વરૂપ વ્યવહારનો હેતુ છે. તેથી વ્યવહારનય ભમરામાં ફક્ત શ્યામ રૂપને માને છે અને તેનું પ્રતિપાદન કરે છે. રક્ત વગેરે વર્ણો ભમરામાં વિદ્યમાન હોવા છતાં પણ 'ભમરો લાલ છે, પીળો છે.'... ઈત્યાદિ વાક્યનો પ્રયોગ વ્યવહારનય કરતો નથી. કારણ કે ભમરામાં રહેલા રક્તાદિ વર્ણો ઉદ્ભૂત ન હોવાથી તેની વિવક્ષા વ્યવહારનયને સંમત નથી.

### ❀ કૃષ્ણપદ ઉત્કટકૃષ્ણરૂપપરક ❀

(कृष्णा.) 'ભમરો કાળો છે' - આવું પ્રતિપાદન કરનાર વ્યવહારનય ભ્રાન્ત નથી. તેનું બીજું કારણ એ છે કે વ્યવહારનય 'कृष्णो भ्रमरः' - આ પ્રમાણે જે વાક્યનો પ્રયોગ કરે છે, તેમાં રહેલ 'કૃષ્ણ'

1. भ्रमरो णं भदन्त ! कतिवर्णः ? पृच्छा। गौतम ! अत्र द्वौ नयौ भवतः। तद् यथा - (१) नैश्चयिकनयश्च (२) व्यावहारिकनयश्च। व्यावहारिकनयस्य कालकः भ्रमरः। नैश्चयिकनयस्य पञ्चवर्णः.... यावद् अष्टस्पर्शः प्रज्ञप्तः।

તથા **કાર્યનઇં નિમિત્ત** કહતાં કારણ. એહોનઇં **અભિન્નપણું** કહિયઇ, (એ=) તે પણિ **વ્યવહારનયનો ઉપાય** છઇ. જિમ "**आयुर्घृतम्**" ઈત્યાદિક કહિઈં. ઇમ - "**गिरिर्दह्यते, कुण्डिका स्रवति**" ઇત્યાદિક વ્યવહાર ભાષા અનેકરૂપ કહઇ છઈ. ॥૮/૨૩॥

---

अतात्पर्यज्ञं प्रति एतस्याऽप्रामाण्येऽपि तात्पर्यज्ञं प्रति प्रामाण्यात्, लोकव्यवहाराऽनुकूलत्वाच्चेत्यधिकं (न.रह.पृ.१२९) **नयरहस्ये**ऽनुसन्धेयम्।

(३) **कार्य-कारणयोश्च** = नैमित्तिक-निमित्तयोः पुनः **ऐक्यम्** = अभेदम् **एव य** उपचारकारित्वाद् **आह स व्यवहारः** = व्यवहारनय **उच्यते**, यथा 'आयुर्घृतम्' इत्यादिः। अत्रायुः प्रति घृतस्य निमित्तकारणत्वात् तयोरैक्यमभिहितम्। एवं 'गिरिर्दह्यते', 'कुण्डिका स्रवति' इत्यादिलक्षणा अनेकविधा या व्यवहारसत्यभाषोच्यते साऽपि व्यवहारनयाभिप्रायप्रसूताऽवसेया। तदुक्तं **श्रीमलयगिरिसूरिभिः प्रज्ञापनावृत्तौ** "लोका हि गिरिगततृणदाहे तृणादिना सह गिरेरभेदविवक्षया 'गिरिर्दह्यते' इति ब्रुवन्ति" (प्र.सू.पद-११ वृ.) इति।

---

શબ્દનો અર્થ 'ઉત્કટ = ઉદ્ભૂત કૃષ્ણ વર્ણ' - અભિપ્રેત છે. તેથી તે વાક્યથી અર્થબોધ એવો થશે કે 'ભમરો ઉદ્ભૂત શ્યામ વર્ણવાળો છે.' ભમરામાં રહેલા રક્ત વગેરે વર્ણો તો ઉદ્ભૂત નથી જ. ફક્ત શ્યામ રૂપ જ તેમાં ઉદ્ભૂત છે. તેથી ઉપરોક્ત વાક્યથી ઉત્પન્ન થનારો બોધ ભ્રમાત્મક નહિ બને. તેથી 'कृष्णो भ्रमरः' - આવું પ્રતિપાદન કરનાર વ્યવહારનય ભ્રાન્ત નહિ બને.

### ❈ એક જ વાક્ય પ્રમાણ - અપ્રમાણ ❈

(**अतात्पर्य.**) 'कृष्णो भ्रमरः' - આ વાક્યમાં કૃષ્ણ શબ્દનું તાત્પર્ય ઉદ્ભૂત કૃષ્ણરૂપમાં છે - આવું જે માણસ સમજતો નથી, તેવા અતાત્પર્યજ્ઞ શ્રોતા પ્રત્યે ઉપરોક્ત વાક્યજન્ય બોધમાં અપ્રામાણ્ય હોવા છતાં જે સ્યાદ્વાદવ્યુત્પન્ન શ્રોતાને 'कृष्ण' પદનું ઉદ્ભૂત કૃષ્ણ રૂપમાં તાત્પર્ય જ્ઞાત છે તેવા શ્રોતા પ્રત્યે 'कृष्णः भ्रमरः' - આ વાક્યજન્ય બોધ પ્રમાણ જ છે. કારણ કે ઉપરોક્ત વાક્યનો પ્રયોગ પ્રસિદ્ધ લોકવ્યવહારને અનુકૂળ છે. આ બાબતની અધિક જાણકારી મેળવવા **નયરહસ્ય**નું અનુસંધાન કરવું.

### ❋ કાર્ય-કારણમાં ઐક્ય વ્યવહારગમ્ય ❋

(૩) નૈમિત્તિક કાર્ય અને નિમિત્ત કારણ બન્ને વચ્ચે અભેદને જે નય જણાવે, તે વ્યવહારનય કહેવાય. વ્યવહારનય નિમિત્તકારણમાં કાર્યનો ઉપચાર કરતો હોવાથી તે બન્નેમાં અભેદનું પ્રતિપાદન કરે છે. જેમ કે 'ઘી આયુષ્ય છે' - આ પ્રકારનો વાક્યપ્રયોગ વ્યવહારનય કરે છે. આયુષ્યસ્વરૂપ નૈમિત્તિક કાર્ય પ્રત્યે 'ઘી' નિમિત્ત કારણ છે. તેથી ઘીમાં આયુષ્યનો ઉપચાર કરીને ઉપરોક્ત વાક્યમાં ઘી અને આયુષ્ય વચ્ચે ઐક્ય જણાવાય છે. આ રીતે 'પર્વત બળે છે', 'કુંડી ઝરે છે'.... ઈત્યાદિ સ્વરૂપ અનેક પ્રકારની જે વ્યવહારસત્ય ભાષા કહેવાય છે, તે પણ વ્યવહારનયના અભિપ્રાયથી ઉત્પન્ન થયેલી જાણવી. **પ્રજ્ઞાપનાસૂત્રની વ્યાખ્યામાં શ્રીમલયગિરિસૂરિ**એ જણાવેલ છે કે "વાસ્તવમાં પર્વત બળતો નથી, પરંતુ પર્વતમાં રહેલ ઘાસ બળે છે. તેમ છતાં પર્વતમાં રહેનારા ઘાસ વગેરે સળગતા હોય ત્યારે ઘાસ વગેરેની સાથે પર્વતના અભેદની વિવક્ષા કરીને 'પર્વત બળે છે' - આમ લોકો બોલે છે."

एवं कुण्डिकाया अद्रवत्वेन स्रवणान्वयाऽसम्भवेऽपि तस्याः स्वगतजलेन सहाऽभेदमुपचर्य 'कुण्डिका स्रवति' इत्येवं लोका वदन्ति।

यदपि "बलाहको विद्योतते – इति विद्युदभेदविवक्षायां प्रयोगाद्" (वा.प.३/७/२० हे.वृ.) इति **वाक्यपदीयवृत्तौ हेलाराजः** आचष्टे तदप्यत्रानुसन्धेयम्।

उपलक्षणाद् 'अनुदरा कन्या', 'नदी पीयते', 'अलोमा एडका' इत्यादीनां ग्रहणम्।

---

(**एवं.**) તે જ રીતે 'कुण्डिका स्रवति' - આ વાક્યપ્રયોગ વ્યવહારનયના તૃતીય વિષય સ્વરૂપે દર્શાવવાની પાછળ આશય એ રહેલો છે કે કુંડીમાં રહેલ પાણી, દૂધ વગેરે દ્રવીભૂત વસ્તુ માટીની કુંડીમાંથી ઝરી રહેલ છે. કુંડી દ્રવીભૂત વસ્તુ નથી કે તે ઝરી શકે. આમ સ્રવણ ક્રિયાનો અન્વય કુંડીમાં થઈ શકતો નથી. તેથી 'કુંડી ઝરે છે' - આ વાક્યનો શક્યાર્થ બાધિત થાય છે. તેમ છતાં 'કુંડી ઝરે છે', 'ઘડો ઝરે છે'.... ઈત્યાદિ જે વાક્યપ્રયોગ લોકવ્યવહારમાં ઉપલબ્ધ થાય છે, તે ઉપચારથી જ સમજવો. ભિન્ન પદાર્થમાં અભેદનો વ્યવહાર કરવો તે ઉપચાર કહેવાય છે. છિદ્ર દ્વારા માટીની કુંડીમાંથી પાણી, દૂધ વગેરે દ્રવ પદાર્થ ઝરી રહેલ છે. કુંડીનો પાણી, દૂધ વગેરે સાથે અભેદ ઉપચાર કરીને 'કુંડી ઝરે છે' - આ પ્રમાણે લોકો બોલે છે.

### અભેદઉપચાર અન્યદર્શનસંમત

(**यदपि.**) ભર્તૃહરિએ રચેલ **વાક્યપદીય** ગ્રંથની **વ્યાખ્યામાં હેલારાજ** નામના વિદ્વાને "વાદળામાંથી વીજળીનો ચમકારો થાય ત્યારે 'વાદળ ચમકે છે' - આ પ્રમાણે લોકો બોલે છે. વાસ્તવમાં વાદળ ચમકતું નથી. પરંતુ વીજળી ચમકે છે. તેમ છતાં વિદ્યુત સાથે વાદળના અભેદની વિવક્ષા કરીને 'વાદળ ચમકે છે' - આ પ્રમાણે લોકો બોલે છે" - આ પ્રમાણે જે કહેલ છે તેનું પણ પ્રસ્તુતમાં વ્યવહારનયના ત્રીજા પ્રકાર સ્વરૂપે અનુસંધાન કરવું.

### વિવિધ ઔપચારિક પ્રયોગોનો નિર્દેશ

(**उपलक्षणा.**) ઉપર જણાવેલ દૃષ્ટાંતો ઉપલક્ષણ સ્વરૂપ છે. તેથી ફક્ત ઉપરોક્ત ઉપચારો જ વ્યવહારનયસંમત ત્રીજા પ્રકારના વિષયના સીમાડામાં આવે છે તેવું નથી. પરંતુ આ સિવાયના અનેક ઉપચારોનો પણ વ્યવહારનયના ત્રીજા પ્રકારમાં સમાવેશ કરી લેવો. આ પ્રમાણે અહીં સૂચિત થાય છે. તેથી 'अनुदरा कन्या', 'નદી પીવાય છે', 'ઘેટી વાળ વગરની છે.'... ઈત્યાદિ ઔપચારિક વાક્યપ્રયોગો પણ વ્યવહારનયના ત્રીજા વિષય તરીકે ગણવા યોગ્ય છે. કન્યાને પેટ નથી હોતું - એવું નથી. પરંતુ તેની કમર અત્યંત પાતળી હોવાથી 'આ કન્યા પેટ વગરની છે' - આવું ઔપચારિક કથન થાય છે. નદી પીવાતી નથી. પણ નદીનું પાણી પીવાય છે. તેમ છતાં નદી અને નદીગત પાણી વચ્ચે અભેદનો ઉપચાર કરી 'નદી પીવાય છે' - આ પ્રમાણે ઔપચારિક વાક્યપ્રયોગ થાય છે. તે જ રીતે તાજેતરમાં જે ઘેટીના વાળ (=ઉન) ઉતારી લેવામાં આવેલ છે, તેવી ઘેટીની ચામડી ઉપર અતિ અલ્પ પ્રમાણમાં વાળ તો હોય જ છે. તેમ છતાં તે વાળ લણી શકાય તેવા નથી હોતા. તેથી 'આ ઘેટી વાળ વગરની છે' - એવો પ્રયોગ કરવામાં આવે છે. આવો વાક્યપ્રયોગ કરવાની પાછળ વક્તાનું તાત્પર્ય એવું છે કે ઘેટી લણવાયોગ્ય વાળ વગરની છે. મતલબ કે 'વાળ' શબ્દની 'લણવા

"न च गिरि-तृणादीनामभेदाभिधानान्मृषावादित्वप्रसङ्गः, व्यावहारिकाऽभेदाऽऽश्रयणेनाऽदोषत्वादिति" (भा.रह.गा.३१ वृ.) व्यक्तमुक्तं **महोपाध्याययशोविजयैः भाषारहस्ये**। अधिकन्तु अस्मत्कृत**मोक्षरत्ना**भिधानाया **भाषारहस्यवृत्ति**तोऽवसेयम्।

(४) यद्वा किमप्येकैकस्यैव नयस्य यद् मतं तद् व्यवहारः प्रतिपद्यते, नाऽन्यत्, जात्यन्धानां गजैकदेशे तथागजव्यपदेशवत्। स हि सर्वैरपि प्रकारैः विशिष्टं सर्वनयमतसमूहमयं वस्तु प्रतिपत्तुं न शक्नोति, स्थूलदर्शित्वात्। निश्चयस्तु परमार्थतो वस्तु अखण्डं यथाभूतं परिपूर्णं तथैव प्रतिपद्यते। तदुक्तं **विशेषावश्यकभाष्ये** [1]"अहवेगनयमयं चिय ववहारो जं न सव्वहा सव्वं। सव्वनयसमूहमयं विणिच्छओ

યોગ્ય વાળ' અર્થમાં લક્ષણા = ઉપચાર = આરોપ પ્રસ્તુતમાં વક્તાને અભિપ્રેત છે. આમ ઉપરોક્ત અનેકવિધ ઉપચારો વ્યવહારનયના તૃતીય વિષયસ્વરૂપે વિવિધ દૃષ્ટિકોણથી વિચારવા.

**શંકા** :- (**"न च.**) આયુષ્ય અને ઘી, પર્વત અને ઘાસ, કુંડી અને પાણી, વાદળ અને વિદ્યુત... ઈત્યાદિ પદાર્થો પરસ્પર ભિન્ન છે. પરસ્પર ભિન્ન એવા તે પદાર્થમાં વ્યવહારનય અભેદનું પ્રતિપાદન કરે છે. તેથી વ્યવહારનયવાદી મૃષાવાદી બની જશે.

## ✡ વ્યાવહારિક અભેદ નૈશ્ચયિક ભેદનો અવિરોધી ✡

**સમાધાન** :- તમારી શંકા વ્યાજબી નથી. કારણ કે ઘી અને આયુષ્ય, પર્વત અને ઘાસ વગેરે પદાર્થોમાં નૈશ્ચયિક ભેદ હોવા છતાં વ્યાવહારિક અભેદ પણ વિદ્યમાન છે. ઉપરોક્ત ઔપચારિક વાક્યપ્રયોગો આયુષ્ય અને ઘી, પર્વત અને ઘાસ વગેરે વચ્ચે નૈશ્ચયિક અભેદનું પ્રતિપાદન નથી કરતા. પરંતુ વ્યાવહારિક અભેદનું પ્રતિપાદન કરે છે. તથા આયુષ્ય અને ઘી, પર્વત અને ઘાસ વગેરે વચ્ચે વ્યાવહારિક અભેદ તો અબાધિત જ છે. નૈશ્ચયિક ભેદ વ્યાવહારિક અભેદનો વિરોધી નથી. આમ વ્યવહારનય વ્યાવહારિક અભેદનું આલંબન કરીને પર્વત અને ઘાસ વગેરેમાં અભેદનું પ્રતિપાદન કરતો હોવાથી ઉપરોક્ત વાક્યપ્રયોગો નિર્દોષ છે. તેથી પ્રસ્તુત વ્યવહારનયવાદીને મૃષાવાદી બનવાની આપત્તિને અવકાશ નથી. આમ **મહોપાધ્યાય શ્રીયશોવિજયજીએ ભાષારહસ્ય**માં સ્પષ્ટપણે જણાવેલ છે. આ બાબતમાં અધિક જાણકારી મેળવવા ઈચ્છતા જિજ્ઞાસુ વાચકવર્ગે **ભાષારહસ્ય** ગ્રન્થ ઉપર અમે બનાવેલ **મોક્ષરત્ના** વ્યાખ્યા જોવી.

## ❃ નિશ્ચય-વ્યવહારની વિલક્ષણ વ્યાખ્યા ❃

(૪) અથવા કાર્યમુખે વ્યવહારનયની ચોથી વ્યાખ્યા એવી થઈ શકે છે કે એક-એક નયનું જે કાંઈ પણ મંતવ્ય હોય તેને વ્યવહારનય સ્વીકારે છે. અનેક નયનો સમન્વય કરીને પ્રાપ્ત થનાર મંતવ્યને તે માનતો નથી. જેમ કે હાથીના એક અવયવમાં સંપૂર્ણતયા હાથીનો વ્યવહાર જન્માંધ વ્યક્તિઓ કરે તે વ્યવહારનય. મતલબ કે હાથીના પગને સ્પર્શીને સમગ્રતયા 'હાથી થાંભલા જેવો જ છે' - આવો વ્યવહાર, હાથીના કાનને પકડીને 'ગજરાજ સૂપડા સમાન જ છે' - આવું પ્રતિપાદન જન્માંધ માણસો કરે, તેના જેવો વ્યવહારનય કહેવાય. વ્યવહારનય સર્વ ગુણધર્મોથી વિશિષ્ટ સર્વનયમતસમૂહાત્મક વસ્તુનો સ્વીકાર કરી શકતો નથી. કેમ કે તે સ્થૂલદર્શી છે. જ્યારે નિશ્ચય તો પરમાર્થથી વસ્તુ જેવા પ્રકારની હોય તેવા જ પ્રકારે સંપૂર્ણ અખંડ વસ્તુનો સ્વીકાર કરે છે. તેથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે

1. अथवैकनयमतमेव व्यवहारो यन्न सर्वथा सर्वम्। सर्वनयसमूहमयं विनिश्चयो यद् यथाभूतम् ।।

जं जहाभूयं।।" (वि.आ.भा.३५९०) इति। अत्र **कोट्याचार्यवृत्तिः** एवम् "अथवा यावत् किञ्चिद् एकनयमतं स सर्वो व्यवहारः, असत्यत्वात्, विवक्षितैकहस्त्यवयवस्पर्शने हस्तिव्यपदेशवत्। तथा चाह – यस्मात् कारणाद् असौ व्यवहारो न सर्वथा = सर्वात्मना सर्वं वस्तु सर्वनयसमूहात्मकं प्रतिपद्यते। विनिश्चयतस्तु अभिधीयते यद् यथाभूतम्, सम्यक्त्वात्, चक्षुष्मद्धस्तिदर्शनवद्" (वि.आ.भा.को.वृ.गा.४३३३) इति।

प्रकृतव्याख्यायां व्यवहारः दुर्नयत्वाक्रान्तः, [1]"सव्वे वि णया मिच्छद्दिट्ठी" (स.त.१/२१) इति **सम्मतितर्क**वचनात्। निश्चयस्तु जिनमतलक्षणः प्रमाणत्वाऽऽक्रान्तः, सर्वनयसमाहारेण पारमार्थिकवस्तुप्रतिपादनप्रवणत्वात्। 'दुर्नय-प्रमाणभेदेन ज्ञानं द्विविधमि'ति परिभाषेहाऽनुसृता।

***एतेन*** "सकलनयग्राहकं प्रमाणम्" (न.च.सा.पृ.२१८) इति **नयचक्रसारे देवचन्द्र**वाचकोक्तिरपि ***व्याख्याता***, सर्वनयसमाहारस्य निश्चयात्मकतया प्रमाणत्वोपपत्तेः।

કે "અથવા એકનયના મતને જ માને તે વ્યવહાર છે. કેમ કે તે સર્વનયસમૂહમય સર્વ વસ્તુને સર્વથા માનતો નથી. જ્યારે વિનિશ્ચય તો યથાભૂત વસ્તુને માને છે." પ્રસ્તુત **વિશેષાવશ્યકભાષ્ય**ગાથાની વ્યાખ્યા કરતાં **કોટ્યાચાર્ય** ભગવંતે જણાવેલ છે કે "અથવા જે કાંઈ પણ એક નયનું મંતવ્ય હોય તે સર્વ વ્યવહારનયરૂપે જ્ઞાતવ્ય છે. કારણ કે તે અસત્ય છે. જેમ અંધ વ્યક્તિ હાથીના પગ વગેરે એક અવયવને સ્પર્શીને 'સંપૂર્ણતયા હાથી થાંભલા જેવો છે' - આવો વ્યવહાર કરે તે અસત્ય છે તેમ એક-એક નયના મંતવ્ય સ્વરૂપ વ્યવહાર અસત્ય છે. કારણ કે આ વ્યવહાર ક્યારેય સર્વનયસમૂહાત્મક સર્વ વસ્તુને સર્વાત્મના = સંપૂર્ણતયા સ્વીકારતો નથી. નિશ્ચય દ્વારા તો જે વસ્તુ જે સ્વરૂપે હોય તે તમામ સ્વરૂપે બતાવાય છે. કારણ કે તે સત્ય છે. જેમ દેખતો માણસ હાથીના દર્શન સંપૂર્ણતયા કરે છે, તેમ નિશ્ચયનય સંપૂર્ણતયા વસ્તુનો યથાર્થ બોધ કરે છે." સુનય, દુર્નય અને પ્રમાણ- આમ ત્રણ પ્રકારના જ્ઞાનના વિભાગની એક પરિભાષા છે. બીજી પરિભાષા મુજબ જ્ઞાન દ્વિવિધ છે - દુર્નય અને પ્રમાણ. બીજી પરિભાષાને અનુસરીને, **કોટ્યાચાર્યવ્યાખ્યા** મુજબ, વિશેષાવશ્યકભાષ્યની ઉપરોક્ત ગાથામાં વ્યવહારને દુર્નય સ્વરૂપ અને નિશ્ચયને પ્રમાણાત્મક જણાવેલ છે.

### વ્યવહાર દુર્નય, નિશ્ચય પ્રમાણાત્મક

(**પ્રકૃત.**) કોટ્યાચાર્યજીએ કરેલી ઉપરોક્ત વ્યાખ્યામાં 'બધા ય નયો મિથ્યાવાદી છે' - આ પ્રમાણે **સમ્મતિતર્ક** પ્રકરણના વચનને આશ્રયીને વ્યવહાર દુર્નયસ્વરૂપ બતાવાયેલ છે. જ્યારે નિશ્ચય તો ઉપરોક્ત વ્યાખ્યામાં જિનમતસ્વરૂપ પ્રમાણસ્વરૂપે બતાવાયેલ છે. કારણ કે ઉપદર્શિત નિશ્ચય સર્વનયોનો સમન્વય કરીને પારમાર્થિક વસ્તુનું પ્રતિપાદન કરવામાં તત્પર છે.

### સકલનયગ્રાહક પ્રમાણ : શ્રીદેવચન્દ્રજી

(**એતે.**) અમે ઉપર જે છણાવટ કરી તેનાથી ખરતરગચ્છીય ઉપાધ્યાય શ્રી**દેવચન્દ્ર**જી મહારાજની એક વાતની પણ સ્પષ્ટતા થઈ જાય છે. તેઓશ્રીએ **નયચક્રસાર** ગ્રંથમાં જણાવેલ છે કે 'સર્વ નયોને ગ્રહણ કરે તે પ્રમાણ છે.' સર્વ નયોના અભિપ્રાયોને સમ્યક્ રીતે ભેગા કરવાથી વાક્યમાં કે બોધમાં નિશ્ચયાત્મકતા આવવાથી પ્રમાણરૂપતા તેમાં સંગત થઈ શકે છે. આ રીતે તેનું અર્થઘટન ઉપરોક્ત

1. सर्वे अपि नया मिथ्यादृष्टयः।

प्रकृते "मिथ्यादृष्टयः एते (= सर्वे नयाः), असम्पूर्णार्थग्राहित्वात्, गजगात्रभिन्नदेशसंस्पर्शने बहुविधविवादमुखरजात्यन्धवृन्दवत्। ... जिनमतं सर्वनयमयम् अत्यन्तम् अनवद्यम्, सम्पूर्णार्थग्राहित्वात्, चक्षुष्मतां समन्तात् समस्तहस्तिशरीरदर्शनोल्लापवद्" (वि.आ.भा.गा.७२ वृ.) इति **विशेषावश्यकभाष्यमलधारवृत्तिः**रपि चेतसि निधेया मनीषिभिः।

[1]"ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ" (स.सा.११) इति **समयसारे कुन्दकुन्दोक्तिः**, "निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम्" (पु.सि.५) इति **पुरुषार्थसिद्ध्युपाये अमृतचन्द्रोक्तिः**, "भूतार्थो ननु निश्चयस्तदितरोऽभूतार्थमावेदयन्" (अ.बि.१/५) इति **अध्यात्मबिन्दौ हर्षवर्धनवाचकोक्तिश्च** अनुसन्धेया।

(५) यद्वा पर्यायावलम्बनो व्यवहारो ज्ञेयः। तदुक्तम् **अध्यात्मबिन्दुस्वोपज्ञवृत्तौ हर्षवर्धनोपाध्यायेन** "द्रव्याश्रितो निश्चयः, पर्यायाश्रितो व्यवहारः" (अ.बि.१/५ वृ.) इति। **लघीयस्त्रयतात्पर्यवृत्तौ** अपि "द्रव्यं

---

દૃષ્ટિકોણથી કરી શકાય છે.

**(प्रकृते.)** પ્રસ્તુતમાં **વિશેષાવશ્યકભાષ્યમલધારવ્યાખ્યા**નો એક સંદર્ભ પણ મનમાં મનનીયસ્વરૂપે ધારણ કરવા યોગ્ય છે. ત્યાં શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ ૭૨ મી ગાથાની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે "આ સર્વ નયો મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે અસંપૂર્ણ અર્થને તે ગ્રહણ કરનાર છે. જેમ હાથીના શરીરના અમુક -અમુક ભાગોનો સ્પર્શ કરીને 'હાથી સૂપડા જેવો જ છે, હાથી થાંભલા જેવો જ છે' - આ પ્રમાણે અનેક પ્રકારના વિવાદ કરવામાં રસ ધરાવનાર જન્માંધ વ્યક્તિઓનું ટોળું અંશમાત્રગ્રાહક હોવાથી અપ્રમાણભૂત છે, તેમ સર્વ નયોને વિશે સમજવું. જ્યારે સર્વનયમય જિનમત તો અત્યંત નિર્દોષ છે. કારણ કે તે સંપૂર્ણ અર્થને ગ્રહણ કરે છે. જેમ નિર્મળ આંખવાળા માણસો ચોતરફ હાથીના સંપૂર્ણ શરીરને જોઈને હાથીનું નિરૂપણ કરીને બોલે તો તે વાત પ્રમાણ છે, તેમ સર્વનયાત્મક જિનપ્રવચન પ્રમાણભૂત છે." વિશેષાવશ્યકભાષ્યની ૩૫૯૦ મી ગાથાની કોટ્યાચાર્યની વ્યાખ્યા અને ૭૨ મી ગાથાની મલધાર વ્યાખ્યા - બન્નેનો સમન્વય કરવાથી અમે જણાવેલ વાત વાચકવર્ગના મનમાં સ્પષ્ટ થઈ જશે.

### ❁ ભૂતાર્થ નિશ્ચય, અસદ્ભૂતાર્થ વ્યવહાર ❁

**("वव.)** 'વ્યવહાર અસદ્ભૂતઅર્થપ્રકાશક અને શુદ્ધનય (નિશ્ચયનય) સદ્ભૂતપદાર્થપ્રકાશક કહેવાયેલ છે' - આ પ્રમાણે **સમયસાર**માં **કુંદકુંદસ્વામી**ના વચનનું તેમજ 'અહીં નિશ્ચયનયને સદ્ભૂતપદાર્થયુક્તરૂપે અને વ્યવહારને અસદ્ભૂતાર્થયુક્તરૂપે જ્ઞાનીઓ વર્ણવે છે' - આ મુજબ **પુરુષાર્થસિદ્ધિઉપાય** ગ્રંથમાં દિગંબર **અમૃતચન્દ્રાચાર્ય**ની ઉક્તિનું તથા 'નિશ્ચય ચોક્કસ ભૂતાર્થગોચર છે. જ્યારે વ્યવહાર તો અસદ્ભૂત અર્થને જણાવે છે' - આ મુજબ **અધ્યાત્મબિંદુ**માં **હર્ષવર્ધન** ઉપાધ્યાયના વચનનું અનુસંધાન કરવું.

### ⁂ દ્રવ્યાશ્રિત નિશ્ચય, પર્યાયાશ્રિત વ્યવહાર : હર્ષવર્ધનજી ⁂

**(૫)** અથવા તો પર્યાયનું અવલંબન કરનારો વ્યવહારનય સમજવો. કેમ કે શ્રી**હર્ષવર્ધન** ઉપાધ્યાયજીએ **અધ્યાત્મબિંદુસ્વોપજ્ઞવૃત્તિ**માં જણાવેલ છે કે 'દ્રવ્યનો આશ્રય કરનારો નિશ્ચય છે તથા પર્યાયનો આશ્રય કરનારો વ્યવહાર છે.' **અકલંકસ્વામી**એ **લઘીયસ્ત્રય**ની **તાત્પર્યવૃત્તિ**માં પણ જણાવેલ છે કે 'દ્રવ્યને આશ્રયીને

---

1. व्यवहारोऽभूतार्थः भूतार्थो देशितस्तु शुद्धनयः।

श्रितो निश्चयनयो द्रव्यार्थिकः, पर्यायाश्रितो व्यवहारनयः पर्यायार्थिकः" (ल.त्र.१७ वृ.) इत्युक्तम् इति पूर्वोक्तं (८/२०) स्मर्तव्यमत्र।

**वादिदेवसूरयस्तु स्याद्वादरत्नाकरे** "निश्चयनयस्य एवम्भूताद् अनन्यत्वम्, व्यवहारनयस्य तृतीयाऽशुद्धद्रव्यार्थिकाद् अनन्यत्वम्। अन्ये तु 'निश्चयो द्रव्यार्थिकः, व्यवहारः पर्यायार्थिक' इति ब्रुवते। तत्त्वं केवलिगम्यम्" (प्र.न.त.७/५३ स्या.रत्ना.वृ. ) इत्याहुः। तन्मते निश्चयप्रतिपक्षी व्यवहारः नैगमादिसप्तनयान्तर्गततृतीयनयाद् नाऽतिरिच्यते। अत्र अन्यपदेन श्री**हर्षवर्धनो**पाध्याया**ऽकलङ्कस्वामि**प्रभृतिग्रहणं कार्यम्।

(६) **नियमसारवृत्तौ पद्मप्रभः** तु "पराश्रितो व्यवहारः...स्वाश्रितो निश्चयः" (नि.सा.१६०/वृ.पृ.३१३-१४) इत्याचष्टे।

(७) **प्रवचनसारवृत्तौ अमृतचन्द्रः** तु "शुद्धद्रव्यनिरूपणात्मको निश्चयनयः।... अशुद्धद्रव्यनिरूपणात्मको व्यवहारनयः" (प्र.सा.२/९७) इत्याह।

(८) "स्वकल्याणकारी निश्चयनयः, विश्वकल्याणकारी च व्यवहारनयः" (http://www/Jainuniversity.org/PDFs/lib/lib_4_12.pdf) इति **जैनविश्वविद्यालया**भिधाने **विद्युच्चित्कोषे** दर्शितं परिभाषान्तरमप्यत्र न विस्मर्तव्यम्।

---

નિશ્ચયનય રહેલો છે. તેથી નિશ્ચયનય દ્રવ્યાર્થિક છે. તથા પર્યાયોને આશ્રયીને વ્યવહારનય રહેલો છે. તેથી તે વ્યવહારનય પર્યાયાર્થિક છે.' પૂર્વે (૮/૨૦) આ સંદર્ભ જણાવેલ. તેને અહીં યાદ કરવો. ઉપરોક્ત બન્ને વ્યાખ્યાગ્રંથ દ્વારા એવું ફલિત થાય છે કે જે નય પર્યાયને મુખ્યતયા પોતાનો વિષય બનાવે તે વ્યવહારનય બને છે. આ રીતે વ્યવહારનયનું શાસ્ત્રસંમત પાંચમું સ્વરૂપ સમજવું.

### ❀ નિશ્ચય-વ્યવહાર અંગે શ્રીવાદિદેવસૂરિમત ❀

**(वादि.) વાદિદેવસૂરિજી**એ તો **સ્યાદ્વાદરત્નાકર**માં "નિશ્ચયનય એવંભૂત નામના પર્યાયાર્થિકનયથી અભિન્ન છે. વ્યવહારનય ત્રીજા અશુદ્ધદ્રવ્યાર્થિકનયથી અભિન્ન છે. અન્ય વિદ્વાનો તો એમ કહે છે કે 'નિશ્ચય દ્રવ્યાર્થિકનય છે. વ્યવહાર પર્યાયાર્થિકનય છે.' અહીં તત્ત્વ કેવલીગમ્ય છે" - આમ જણાવેલ છે. તેમના મતે પૂર્વોક્ત નૈગમાદિ સપ્તનય અન્તર્ગત એવા વ્યવહારનયસ્વરૂપ જ નિશ્ચયપ્રતિપક્ષી વ્યવહારનય છે. તેનાથી તે અતિરિક્ત નથી. ત્યાં 'અન્ય' પદથી શ્વેતાંબરાગ્રણી શ્રી**હર્ષવર્ધન** ઉપાધ્યાય, દિગંબર **અકલંકસ્વામી** વગેરેનું ગ્રહણ કરી લેવું. શ્રીવાદિદેવસૂરિજીના મતે તો નિશ્ચય-વ્યવહાર નૈગમાદિ સાત નયોમાંથી સાતમા અને ત્રીજા નયમાં ક્રમશઃ અંતર્ભાવ પામે છે.

(૬) **નિયમસારવૃત્તિ**માં **પદ્મપ્રભ** તો જણાવે છે કે "પરાશ્રિત વ્યવહાર છે. સ્વાશ્રિત નિશ્ચય છે."

(૭) **પ્રવચનસારવ્યાખ્યા**માં દિગંબરાચાર્ય **અમૃતચન્દ્રજી** તો એમ કહે છે કે "નિશ્ચયનય શુદ્ધદ્રવ્યનિરૂપક છે.. વ્યવહારનય અશુદ્ધદ્રવ્યનિરૂપક છે."

(૮) **'જૈન યુનિવર્સિટી'** નામની **વેબસાઈટ**માં નવી પરિભાષામાં જણાવેલ છે કે 'નિશ્ચયનય આત્મકલ્યાણકારી = સ્વકલ્યાણકારી છે. તથા વ્યવહારનય વિશ્વકલ્યાણકારી છે.' આ બાબત પણ અહીં

इत्थं व्यवहारनयस्य अष्टविधत्वेऽपि **देवसेनेन आलापपद्धतौ** (पृ.८) **नयचक्रे** (गा.३७) च 'द्रव्याणि जीवाऽजीवाः' इत्येवं सामान्यसङ्ग्रहनयभेदकस्य व्यवहारनयस्य शुद्धत्वं 'जीवाः संसारिणो मुक्ताश्चे'त्येवं विशेषसङ्ग्रहभेदकस्य व्यवहारनयस्य चाऽशुद्धत्वमित्युक्त्या व्यवहारनयस्य यद् द्विविधत्वमुपदर्शितम् (दृश्यतां - शाखा-६/श्लो.१२), यच्च पूर्वोक्त(८/३)रीत्या **आलापपद्धतौ** "व्यवहारो द्विविधः सद्भूतव्यवहारोऽसद्भूतव्यवहारश्च" (आ.प.पृ.२०) इत्येवम् आध्यात्मिकव्यवहारनयद्वैविध्यमुक्तं तत्तु जिनागमपरिभाषामर्मविद्भ्यो न रोचते, विभागस्य न्यूनत्वात्, जिनागमपरिभाषातः अत्यन्तं विपर्यस्तत्वाच्च।

---

ભૂલવા જેવી નથી.

**સ્પષ્ટતા** :- પ્રસ્તુત સંપૂર્ણ પ્રબંધ વિચારતાં ફલિત થાય છે કે વાદિદેવસૂરિમતે નિશ્ચયપ્રતિપક્ષી વ્યવહારનય સપ્તનયગત તૃતીય વ્યવહારનયથી અતિરિક્ત ન હોવાથી પૂર્વે જણાવ્યા મુજબ કુલ વ્યવહારનયના આઠ સ્વરૂપ છે. વ્યવહારનય (૧) ભેદગ્રાહી છે, (૨) ઉત્કટ પર્યાયને ગ્રહણ કરવાથી લોકાનુયાયી છે, (૩) ઉપચારકારી છે, (૪) એકાંશગ્રાહી છે, સખંડ વસ્તુનો ગ્રાહક છે, (૫) પર્યાયાશ્રિત છે, (૬) પરાશ્રિત છે, (૭) અશુદ્ધદ્રવ્યજ્ઞાપક છે તથા (૮) વિશ્વકલ્યાણકારી છે. તેથી વ્યવહારનયના વિષયો પણ આઠ પ્રકારના બને છે. તે જ રીતે નિશ્ચયનયના (૧) બાહ્યાર્થથી ઉપચરિત અભ્યંતર પદાર્થનો ગ્રાહક, (૨) અનેક વ્યક્તિમાં અભેદગ્રાહી, (૩) વિમલ પરિણામનો પ્રેક્ષક - આ ત્રણ પ્રકાર આગલા શ્લોકમાં જણાવ્યા. તથા અહીં બાકીના પાંચ પ્રકાર આ પ્રમાણે જણાવેલ છે કે નિશ્ચય (૪) સદ્ભૂત પરિપૂર્ણ અખંડ અર્થનો ગ્રાહક છે, (૫) દ્રવ્યાશ્રિત છે, (૬) સ્વાશ્રિત છે, (૭) શુદ્ધ દ્રવ્યનો પ્રજ્ઞાપક છે તથા (૮) સ્વકલ્યાણકારી છે.

### ❋ દેવસેનમતમાં અન્ય બે દોષ ❋

(**इत्थं.**) આ રીતે વ્યવહારનયના બે નહિ પણ આઠ ભેદ છે. તેમ છતાં **આલાપપદ્ધતિ** અને **નયચક્ર** ગ્રંથમાં **દેવસેન** વ્યવહારનયના જે ફક્ત બે ભેદ પાડે છે, તે જિનાગમની પરિભાષાના રહસ્યવેત્તાઓને ગમતું નથી. તે બન્ને પ્રકરણમાં દેવસેને 'દ્રવ્યના બે ભેદ છે - જીવ અને અજીવ' - આવું કહેવા દ્વારા સામાન્ય સંગ્રહનયના વિષયનો ભેદ પાડનાર શુદ્ધ વ્યવહારનયને જણાવેલ છે. તથા 'જીવના બે ભેદ છે - સંસારી અને મુક્ત' - આવું કહીને વિશેષસંગ્રહનયના વિષયમાં ભિન્નતાને જણાવનાર અશુદ્ધ વ્યવહારનયને જણાવેલ છે. દેવસેનજીએ આ રીતે વ્યવહારનયના આઠના બદલે ફક્ત બે જ ભેદ પાડેલા છે. તેમજ પૂર્વોક્ત (૮/૩) રીતે **આલાપપદ્ધતિ**માં આધ્યાત્મિક વ્યવહારનયના સદ્ભૂત અને અસદ્ભૂત - આમ બે જ ભેદ **દેવસેને** દર્શાવેલ છે. તે પણ જિનાગમરહસ્યવેદીઓને નાપસંદ હોવાનું કારણ એ છે કે આ રીતે વ્યવહારનયનો વિભાગ કરવાથી વિભાગન્યૂનતા દોષ લાગુ પડે છે. એ રીતે કાંઈ 'કાળો ભમરો, પર્વત બળે છે' વગેરે પૂર્વે જણાવેલા વ્યવહારનયોનો સમાવેશ થઈ શકતો નથી. કેમ કે તેઓ સામાન્યસંગ્રહના કે વિશેષસંગ્રહના વિષયના ભેદક નથી તેમજ પૂર્વોક્ત (૮/૩-૪-૫-૬-૭) સદ્ભૂત-અસદ્ભૂત વગેરે આધ્યાત્મિકવ્યવહારનયના પણ વિષય બનતા નથી. તથા દેવસેનમતમાં બીજો દોષ એ રહેલો છે કે એ રીતે પાડેલો વ્યવહારનયનો વિભાગ જિનાગમપરિભાષાથી અત્યંત વિપરીત પણ બને છે.

लोकव्यवहारौपयिकाऽन्त्यविशेषग्राहकस्य व्यवहारनयस्य शुद्धत्वम्, सामान्य-विशेषलक्षणाऽवान्तरविशेषग्राहकस्य च व्यवहारनयस्य नयान्तरविषयाऽवगाहितयाऽशुद्धत्वमित्युच्यमानं तु जिनप्रवचनमर्मवित्पर्षदि शोभते, यथा यथा सङ्ग्रहनयविषयो भिद्यते तथा तथा व्यवहारनयशुद्धेः प्रकर्षादिति।

इहोक्तानां 'कृष्णो भ्रमरः, आयुर्घृतम्, गिरिर्दह्यते, कुण्डिका स्रवति, बलाहको विद्योतते, अनुदरा कन्या, नदी पीयते, अलोमा एडका' (८/२३) इत्यादीनाम्, पूर्वोक्तानाञ्च (६/१२) **देवचन्द्रवाचक**सम्मतानां **नयचक्रसाराऽऽगमसारयोः** दर्शितानां वस्तुगतशुद्धव्यवहार-साधनशुद्धव्यवहार-वस्तुप्रवृत्तिव्यवहार-साधनप्रवृत्तिव्यवहार-लौकिकप्रवृत्तिव्यवहार-शुभव्यवहाराऽशुभव्यवहारादिलक्षणानां व्यवहारविशेषाणां **देवसेन**सम्मतद्विविधव्यवहारे समावेशाऽसम्भवेन न्यूनतादोषो **देवसेनेन** अप्रत्याख्येय एवेति भावनीयम्।

अत्रेदमस्माकमाभाति – सूक्ष्मदृष्ट्या निश्चयनये शुद्धसङ्ग्रह-ऋजुसूत्र-शब्द-समभिरूढैवम्भूतनयाः

---

### ❈ વ્યવહારનયશુદ્ધિના પ્રકર્ષની વિચારણા ❈

(**लोक.**) વાસ્તવમાં તો વ્યવહારનયની શુદ્ધિ અને અશુદ્ધિ જુદી જ રીતે માન્ય છે. તે આ રીતે - લોકવ્યવહારમાં ઉપાયભૂત એવા અંત્યવિશેષને ગ્રહણ કરનાર નય એ શુદ્ધ વ્યવહારનય તથા સામાન્ય-વિશેષસ્વરૂપ અવાન્તર વિશેષનો ગ્રાહક વ્યવહારનય અન્ય નયના વિષયનો ગ્રાહક હોવાથી અશુદ્ધ વ્યવહાર. આ રીતે કહેવામાં આવે તો જિનપ્રવચનરહસ્યવેત્તાઓની પર્ષદામાં શોભાસ્પદ બને. કારણ કે જેમ જેમ સંગ્રહનયનો વિષય ભેદાતો જાય તેમ તેમ વ્યવહારનયની શુદ્ધિ પ્રકૃષ્ટ થતી જાય છે.

### ❁ દેવસેનમતમાં ન્યૂનતા દોષ દુર્વાર ❁

(**इहो.**) પૂર્વે આ જ શ્લોકની વ્યાખ્યામાં (૧) કાળો ભમરો, (૨) ઘી આયુષ્ય છે, (૩) પર્વત બળે છે, (૪) કુંડી ઝરે છે, (૫) વાદળ ચમકે છે, (૬) કન્યા પેટશૂન્ય છે, (૭) નદી પીવાય છે, (૮) ઘેટી વાળરહિત છે' - ઈત્યાદિ લોકપ્રસિદ્ધ વ્યવહારો જણાવેલા છે તથા પૂર્વે છઠ્ઠી શાખાના બારમા શ્લોકની વ્યાખ્યામાં **નયચક્રસાર** અને **આગમસાર** ગ્રંથના સંદર્ભ દેખાડવા પૂર્વક, **ઉપાધ્યાયદેવચન્દ્ર**માન્ય એવા (૧) વસ્તુગત શુદ્ધવ્યવહાર, (૨) સાધનશુદ્ધવ્યવહાર, (૩) વસ્તુપ્રવૃત્તિ વ્યવહાર, (૪) સાધનપ્રવૃત્તિ વ્યવહાર, (૫) લૌકિકપ્રવૃત્તિ વ્યવહાર, (૬) પુણ્યજનક શુભવ્યવહાર, (૭) પાપજનક અશુભવ્યવહાર વગેરે સ્વરૂપ અનેક પ્રકારના વ્યવહારો વિસ્તારથી જણાવેલા છે. પરંતુ તેઓનો સમાવેશ **દેવસેન**દર્શિત વ્યવહારસામાન્ય (નવનયઅંતર્ગત પાંચમો નય) તથા આધ્યાત્મિક વ્યવહારનય (૮/૩-૭) - આ બન્નેમાં સંભવતો નથી. તેથી દેવસેનજીને ન્યૂનતા દોષ અવશ્ય લાગુ પડશે. વ્યવહારનયવિભાગપ્રદર્શનમાં ન્યૂનતા દોષનું નિવારણ દેવસેન કરી શકે તેમ નથી.આ રીતે આ અંગે ઊંડાણથી વિચારવું.

### ⁂ નિશ્ચય-વ્યવહારની આગવી ઓળખ ⁂

(**अत्रे.**) અહીં અમને એવું જણાય છે કે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો નિશ્ચયનયમાં શુદ્ધસંગ્રહ, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયો અંતર્ભાવ પામે છે. તથા વ્યવહારનયમાં નૈગમ, અશુદ્ધ

व्यवहारे च नैगमाऽशुद्धसङ्ग्रह-व्यवहारनयाः अन्तर्भवन्ति। "ये पर्यायेषु निरतास्ते ह्यन्यसमयस्थिताः। आत्मस्वभावनिष्ठानां ध्रुवा स्वसमयस्थितिः।।" (अ.उप.२/२६) इति **अध्यात्मोपनिषदु**क्त्यनुसारेण 'द्रव्यदृष्टिः स्वसमयः, पर्यायदृष्टिश्च परसमयः' इति परिभाषातः शुद्धात्मद्रव्यग्राहको निश्चयनयः तदितरे च व्यवहारनयत्वाऽऽक्रान्ता इति दिक्।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – (१) भोजन-पान-वस्त्रपरिधानाद्यवसरे 'नेहाऽहमेव केवल आत्मा, अन्येऽपि जीवाः सन्त्येवे'ति व्यवहारनयप्रथमविषयं चेतसिकृत्य किङ्कर-प्रेष्य-दीनाऽनाथ-भिक्षुकादिकं प्रति स्वचित्तमनुकम्पावासितं कार्यम्।

(२) दया-दान-विनय-विवेक-विनम्रता-निर्दम्भतादिगुणगणविभूषितं साध्वादिकं दृष्ट्वा मनसि गुणानुरागाय, वचसि गुणानुवादाय काये च गुणानुकरणाय यतितव्यम्।

(३) 'पुस्तकं ज्ञानम्', 'जिनबिम्बं सम्यग्दर्शनम्', 'रजोहरणाद्युपकरणं चारित्रम्' इत्येवं निमित्त-नैमित्तिकयोः अभेदमुपचर्य ज्ञानादिकं प्रतीव पुस्तकाद्युपकरणं प्रति अपि स्वचेतसि बहुमाना-ऽऽदरादिभावमाधाय तदाशातनादिकं सततं परिहर्तव्यम्।

---

સંગ્રહ અને વ્યવહાર નયનો સમાવેશ થાય છે. તેમજ મહોપાધ્યાય શ્રી**યશોવિજય**જી ગણિવરે **અધ્યાત્મઉપનિષદ્**માં જણાવેલ છે કે 'જે જીવો પર્યાયમાં ગળાડૂબ છે, તે પરસમયમાં = અન્યદર્શનમાં = મિથ્યાદર્શનમાં રહેલા છે. તથા જે સાધકો આત્મસ્વભાવમાં લીન થયા છે, તેઓ ચોક્કસ સ્વસમયમાં (= જૈન દર્શનમાં) રહેલા છે.' આ કથન મુજબ 'દ્રવ્યદષ્ટિ = સ્વસમય અને પર્યાયદષ્ટિ = પરસમય' - આવી પરિભાષા ઉપસ્થિત થાય છે. તે મુજબ શુદ્ધ આત્મદ્રવ્યને જે નય ગ્રહણ કરે, તે નિશ્ચયનય. તથા તે સિવાયના બધા જ નયો વ્યવહારનય - આ મુજબ ફલિત થાય છે. આ તો દિશાસૂચનમાત્ર છે. તે મુજબ હજુ આ વિષયમાં ઘણું વિચારી શકાય તેમ છે. તેવું જણાવવા પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં 'दिक्' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે.

### ❖ ઔપચારિક પ્રયોગોનો આધ્યાત્મિક ઉદ્દેશ ❖

**આધ્યાત્મિક ઉપનય** :- (૧) ખાવા-પીવાનો કે ખરીદવાનો પ્રસંગ આવે ત્યારે 'આ દુનિયામાં માત્ર હું એક જ જીવ નથી. બીજા પણ અનેક જીવો રહેલા છે' - આ રીતે વ્યવહારનયના પ્રથમ વિષયને યાદ કરી નોકર-ચાકર, ગરીબ માણસ, ભિખારી વગેરે પ્રત્યે આપણા હૈયાને અનુકંપાથી વાસિત કરવું જોઈએ.

(૨) દયા, દાન, વિનય, વિવેક, નમ્રતા, નિર્દંભતા આદિ ઉત્કટ ગુણધર્મો જે વ્યક્તિમાં દેખાય, તે વ્યક્તિ પ્રત્યે મનમાં ગુણાનુરાગ, વચનમાં ગુણાનુવાદ, કાયામાં ગુણાનુકરણ આવે તે માટે પ્રયત્ન કરવો.

(૩) 'પુસ્તક જ્ઞાન છે', 'જિનપ્રતિમા સમ્યગ્દર્શન છે', 'રજોહરણ આદિ ઉપકરણો ચારિત્ર છે' - આ રીતે પુસ્તકાદિ નિમિત્તકારણ અને નૈમિત્તિક જ્ઞાનાદિ કાર્ય વચ્ચે અભેદનો ઉપચાર કરી જ્ઞાનાદિની જેમ જ્ઞાનાદિના ઉપકરણો પ્રત્યે પણ બહુમાન ભાવ જાળવી, તેની આશાતનાને ટાળવા માટે સતત

(४) न जातुचिद् नयान्तराऽभिप्रायनिरपेक्षतया कस्मिंश्चिद् एकनयमते निर्भरः कार्यः, मिथ्यात्वापत्तेः।

(५) शुभाऽशुभपर्यायाणां प्रायशः राग-द्वेषोत्पादकतया परित्यागेन शुद्धपर्यायावलम्बितया भाव्यम्।

(६) परतप्तिं विमुच्य स्वात्मैव सर्वत्र सर्वदा प्राधान्येन अवलम्बनीयः। पराश्रितव्यवहारोपयोगे सावधानतया भाव्यम्।

(७) सर्वजीवेषु अशुद्धस्वरूपोपेक्षणेन शुद्धात्मद्रव्यं निरूपणीयम्।

(८) यथाशक्ति स्व-परहितपरतया भाव्यम्।

इत्थं निरुक्तव्यवहारनयविषयाष्टकमाध्यात्मिकदृष्ट्या अन्वय-व्यतिरेकमुखेन उपयुज्य, विशुद्धपुण्यमुपचित्याऽविलम्बेनाऽविघ्नं "निर्मलाऽऽनन्दशुद्धम्, अव्याबाधम्, अपुनरावृत्ति, महितम्, अनन्तज्ञान -दर्शनपूर्णम्, परमाऽऽह्वयम्, अमूर्त्ताऽसङ्ग-निरामयं निर्वाणनगरं निराबाधं" (ज्ञा.सा.उपसंहार-१६/ज्ञा.म. पृ.४१९) **ज्ञानमञ्जर्यां देवचन्द्रवाचकेन** दर्शितम् अभिसर्पति आत्मार्थी ।।८/२३।।

---

પ્રયત્નશીલ રહેવું.

(૪) ક્યારેય પણ અન્ય નયથી નિરપેક્ષ બનીને કોઈ પણ એક નયના અભિપ્રાયમાં મુસ્તાક બનવું ન જોઈએ.

(૫) શુભપર્યાય રાગજનક છે તથા અશુભપર્યાય દ્વેષજનક છે. મોટા ભાગે આવું જ બનતું હોય છે. તેથી શુભ-અશુભ બન્ને પ્રકારના પર્યાયોને છોડીને શુદ્ધપર્યાય-સિદ્ધત્વપર્યાયનું નિરંતર અવલંબન કરવું જોઈએ. પર્યાયાશ્રિત વ્યવહારનયનો આ રીતે ઉપયોગ કરવો જોઈએ.

(૬) પારકી પંચાત છોડીને સર્વત્ર સર્વદા મુખ્યતયા પોતાના આત્માનું જ અવલંબન લેવું જોઈએ. પરાશ્રિત વ્યવહારના ઉપયોગમાં સાધકે સાવધ રહેવું.

(૭) સર્વ જીવોમાં અશુદ્ધસ્વરૂપની ઉપેક્ષા કરીને શુદ્ધ આત્મસ્વરૂપનું નિરીક્ષણ કરવું.

(૮) શક્તિ છુપાવ્યા વિના સ્વ-પરહિતમાં તત્પર બનવું.

### ❖ વિશુદ્ધ પુણ્યનો સંચય આદરણીય ❖

(इत्थं.) ટૂંકમાં, પરામર્શકર્ણિકા વ્યાખ્યામાં દર્શાવેલ વ્યવહારનયના આઠ વિષયોનો આ રીતે અન્વય-વ્યતિરેકમુખે આધ્યાત્મિક દૃષ્ટિથી ઉપયોગ કરવામાં આવે તો આત્માર્થી સાધક વિશુદ્ધ પુણ્યસંચય કરી ઝડપથી નિર્વિઘ્નપણે, **દેવચન્દ્રજી** ઉપાધ્યાયે **જ્ઞાનસાર**ની **જ્ઞાનમંજરી** ટીકામાં દેખાડેલ, નિર્વાણનગર તરફ આગળ વધે છે. ત્યાં નિર્વાણનગરનું વર્ણન કરતાં જણાવેલ છે કે '(૧) નિર્મળ આનંદથી વિશુદ્ધ, (૨) પીડારહિત, (૩) જ્યાંથી કોઈએ રવાના થવું ન પડે, (૪) દેવેન્દ્રાદિથી પૂજિત-વંદિત, (૫) અનન્ત જ્ઞાન-દર્શનથી પૂર્ણ, (૬) 'પરમ' જેનું નામ છે, (૭) અમૂર્ત, (૮) અસંગ, (૯) નિરોગી અને (૧૦) નિરાબાધ-નિર્વ્યાઘાત એવું નિર્વાણનગર છે.' (૮/૨૩)

**ઈમ બહુ વિષય નિરાકરી રે, કરતાં તસ સંકોચ;**
**કેવલ બાલક બોધવા રે, દેવસેન આલોચ રે ॥૮/૨૪॥ (૧૩૨) પ્રાણી.**

એહવા નિશ્ચયનય, વ્યવહારનયના (**ઈમ બહુ**) ઘણા (**વિષય=**) અર્થ **નિરાકરી** કહેતા ટાલી (**તસ=**) તેહનો **સંકોચ કરતાં** = થોડો ભેદ દેખાડતાં, ***નયચક્ર*** ગ્રંથકર્તા જે **દેવસેન**, તેહનો **આલોચ** (**કેવલ**) આપસરિખા કેતલાઇક **બાલ બોધવા**નો જ દીસઈ છઈ. પણિ સર્વાર્થ[ॐ] નિર્ણયનો આલોચ નથી દીસતો.

निश्चय-व्यवहारविषयनानात्वनिरूपणप्रयोजनं प्रकृते योजयति – '**इति**' इति।

**इति बह्वर्थतां हित्वा तयोः सङ्कोचतो ननु।**
**केवलं बालबोधाय देवसेनविचारणा।।८/२४।।**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – इति तयोः बह्वर्थतां हित्वा (तयोः) सङ्कोचतः ननु देवसेनविचारणा केवलं बालबोधाय।।८/२४।।

**इतिः** = एवंप्रकारेण **तयोः** = निश्चय-व्यवहारनययोः नानाविषयावगाहिता शास्त्रे प्रसिद्धा। तथापि तां **बह्वर्थतां** = नानाविधविषयावगाहितां **हित्वा** = परित्यज्य **तयोः** = निश्चय-व्यवहार-नययोः **सङ्कोचतः** = अल्पविषयविशेषकरणतः **ननु** इति विरोधोक्तौ, "ननु च स्याद् विरोधोक्तौ" (अ.चि.ना.मा.६/१७८) इति **अभिधानचिन्तामणिनाममालायां** श्री**हेमचन्द्रसूरि**वचनात्, **देवसेनविचारणा** = **नयचक्र**प्रमुखग्रन्थकारस्य नयोपनयमीमांसा **केवलं बालबोधाय** = स्वसमानकतिपयमतिमुग्धप्रतिबोधाय

**અવતરણિકા** :- નિશ્ચય અને વ્યવહાર નયના વિષયો અનેક પ્રકારના છે. તેના નિરૂપણના પ્રયોજનને પ્રસ્તુતમાં જોડતા ગ્રંથકારશ્રી કહે છે કે :-

**❋ દેવસેનમત સંકોચદોષગ્રસ્ત ❋**

**શ્લોકાર્થ** :- આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહાર નયના વિવિધ વિષયોને છોડી, તે બન્ને નયનો સંકોચ કરવાથી ખરેખર દેવસેનની વિચારણા કેવળ મુગ્ધ બાળકોને સમજાવવા માટે જ જાણવી. (૮/૨૪)

**વ્યાખ્યાર્થ** :- પ્રસ્તુત શાખાના ૨૨ અને ૨૩મા શ્લોકમાં જે પ્રકારે વિચારી ગયા તે પ્રકારે નિશ્ચયનય અને વ્યવહારનય અનેક વિષયોનું અવગાહન કરે છે. આ હકીકત શાસ્ત્રના પાને પાને પ્રસિદ્ધ છે. તેમ છતાં 'નિશ્ચય અને વ્યવહારનય અનેકવિધ વિષયોનું અવગાહન કરે છે' - આ બાબતને બતાવવાનું ટાળીને દેવસેનજીએ નિશ્ચયનય અને વ્યવહારનયના વિવિધ વિષયોમાં સંકોચ કરીને તેના થોડાક જ ભેદ દેખાડેલા છે. જે રીતે દેવસેનજીએ નિશ્ચય-વ્યવહારને વર્ણવેલ છે, તે જોતાં તેણે તે બન્નેનું મર્મગ્રાહી સ્વરૂપ સંપૂર્ણતયા નથી દર્શાવ્યું. માર્મિક રીતે નયસંબંધી સર્વ પદાર્થનો નિશ્ચય કરવા માટે દેવસેનકૃત વિચારણા સમર્થ નથી. આમ નિશ્ચય અને વ્યવહાર નયના ઘણા અર્થનો સંકોચ કરવાના લીધે **નયચક્ર** વગેરે ગ્રંથની રચના કરનાર દિગંબર **દેવસેન**ની નય-ઉપનયસંબંધી વિચારણા ફક્ત પોતાના જેવા કેટલાક મતિમુગ્ધ બાળકોને સમજાવવા માટે જ ઉપયોગી છે - તેમ જાણવું. પરંતુ નયસંબંધી તમામ અર્થનો

ॐ લી.(૩)માં 'સર્વાર્થસિદ્ધ' પાઠ.

શુદ્ધનયાર્થ તે શ્વેતામ્બર સંપ્રદાય શુદ્ધ નયગ્રંથનઇં અભ્યાસઈ જ જણાઇ. એ ભાવાર્થ. ॥૮/૨૪॥

दृश्या, न तु मर्मग्राहितया नयसत्कसर्वार्थनिश्चयाय।

कात्स्र्न्येन शुद्धनयार्थास्तु श्वेताम्बरजैनसम्प्रदायस्य **द्वादशारनयचक्राऽनेकान्तजयपताकाऽध्यात्मबिन्दु-ज्ञानसाराऽध्यात्मसाराऽध्यात्मोपनिषदादि**शुद्धनयग्रन्थाऽभ्यासादेवाऽवसेयाः कात्स्र्न्येन इति भावः।

***अथ*** एवं देवसेननिन्दाकरणेन भवतां सुजनत्वव्याकोपः प्रसज्येत इति ***चेत्*** ?

***मैवम्*** प्रकृते मध्यस्थतया देवसेनमतसमीक्षणद्वारा तीर्थङ्करप्रदर्शितसत्यमार्गप्रशंसाया एव उद्देश्यत्वात्, तस्याः तदविनाभावित्वेन इह तस्य अशक्यपरिहारत्वात्। 'न हि निन्दा निन्द्यं निन्दितुं प्रयुज्यते। किं तर्हि ? निन्दितादितरत् प्रशंसितुमि'ति न्यायोऽप्यत्र लब्धावसर इति ***दिक्***।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – ग्रन्थकृता यदुपदिष्टं देवसेनाय ततोऽयमाध्यात्मिकोपदेशो

નિશ્ચય કરવા માટે દેવસેનની નય-ઉપનયસંબંધી મીમાંસા ઉપયોગી બની શકે તેમ નથી. આ રીતે દેવસેનમતમાં વિરોધને જણાવવા માટે મૂળ શ્લોકમાં 'ननु' શબ્દ પ્રયોજેલ છે. **અભિધાનચિંતામણિનામમાલા**માં શ્રી**હેમચન્દ્રસૂરિ**જીએ 'ननु' અવ્યયને વિરોધકથન અર્થમાં જણાવેલ છે. તેને અનુસરીને અહીં 'ननु' નું અર્થઘટન કરેલ છે.

### ✡ શુદ્ધનયાર્થ શ્વેતાંબરસંપ્રદાયગમ્ય ✡

(का.) માર્મિક રીતે શુદ્ધનયના પદાર્થો તો શ્વેતાંબર જૈન સંપ્રદાયના શુદ્ધનયવિષયક **દ્વાદશારનયચક્ર, અનેકાન્તજયપતાકા, અધ્યાત્મબિંદુ, જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્** વગેરે ગ્રંથોના અભ્યાસથી જ સાંગોપાંગ-સંપૂર્ણતયા જાણી શકાય તેમ છે. તેવો અહીં ભાવાર્થ સમજવો.

**શંકા** :- (अथ.) શું આ રીતે દેવસેનની નિંદા કરવાથી આપની સજ્જનતા જોખમાશે નહિ ?

### ❉ નિંદા પણ પ્રશંસા માટે !!!! ❉

**સમાધાન** :- (मैव.) ના, તમારી શંકા અસ્થાને છે. કારણ કે અમે જે નિરૂપણ કરેલ છે, તે દેવસેન પ્રત્યે દ્વેષ રાખીને નહિ પરંતુ મધ્યસ્થભાવે કરેલ છે. તેથી નિંદાને કોઈ અવકાશ નથી. તથા મધ્યસ્થતાથી દેવસેનમતની સમીક્ષા કરવા દ્વારા તીર્થંકર ભગવંતે બતાવેલ સત્યમાર્ગની પ્રશંસા કરવી એ જ અમારો ઉદ્દેશ્ય છે. તે પ્રશંસા અહીં દેવસેનમતસમીક્ષાની વ્યાપ્ય છે. સમીક્ષા વ્યાપક છે. તેથી તેવી સમીક્ષા વિના તથાવિધ સત્યમાર્ગપ્રશંસા અહીં અશક્ય છે. તેમ છતાં તમને નિંદા જણાતી હોય તો અહીં અવસરોચિત નિમ્નોક્ત ન્યાયને પણ યાદ કરવો. તે આ પ્રમાણે - "નિંદા નિંદનીયની નિંદા માટે કરાતી નથી. 'તો શા માટે કરાય છે ?' નિંદિત સિવાયની બીજી સારી વસ્તુની પ્રશંસા કરવા માટે કરાય છે." આ એક દિગ્દર્શનમાત્ર છે. તે મુજબ આગળ પણ સમજી લેવું.

### ✺ ...તો મૌન વધુ શ્રેયસ્કર ✺

**આધ્યાત્મિક ઉપનય** :- દેવસેનજીને ગ્રંથકારશ્રીએ આપેલી હિતશિક્ષા દ્વારા આપણે એટલો આધ્યાત્મિક બોધપાઠ લેવા જેવો છે કે આગમિક પદાર્થોનું આપણી બુદ્ધિથી તોડ-ફોડ કરીને પ્રતિપાદન

ग्राह्यो यदुत आगमिकपदार्थानां स्वबुद्ध्या यथेच्छं प्रतिपादने बालत्वापत्तेः आगमिकशैल्या एव ते प्रतिपाद्याः, अन्यथा 'विद्वत्सदसि मूर्खाणां मौनं भूषणम्', 'अनुच्चारणे नव गुणाः', 'मौनं सर्वार्थसाधनम्' इत्याद्युक्त्या मौनमास्थेयम्।

नयवादस्य अतिगहनत्वात् सदैव बहुश्रुताधीनतया भाव्यमित्युपदेशः। इत्थमेव "उपाधिमात्रध्वंसो मोक्षः" (प्र.मी.२/३/१७) इति **प्रमाणमीमांसायां श्रीहेमचन्द्रसूरि**प्रदर्शितः मोक्षः सुलभः स्यात्।।८/२४।।

---

કરવા જતાં આપણે પંડિત કક્ષાએ પહોંચવાના બદલે બાળ કક્ષામાં જ અટવાઈ જઈએ. તેથી આગમિક પદાર્થોનું આગમિક શૈલી મુજબ જ પ્રતિપાદન કરવાની ટેક આપણે રાખવી જોઈએ. આગમિક શૈલીથી આગમિક પદાર્થોનું નિરૂપણ કરવાની શક્તિ ન હોય તો (૧) 'પંડિતોની સભામાં મૂર્ખાઓએ મૌન રહેવું', (૨) 'ન બોલવામાં નવ ગુણ', (૩) 'मौनं सर्वार्थसाधनं'.... ઈત્યાદિ ઉક્તિઓને લક્ષમાં રાખી મૌન રહેવું વધુ શ્રેયસ્કર છે.

### ⊛ બહુશ્રુતને આધીન રહીએ ⊛

(**नय.**) નયવાદ અત્યંત ગહન હોવાથી સદૈવ બહુશ્રુતને આધીન રહેવું. આ ઉપદેશ અહીં ગ્રાહ્ય છે. **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** મહારાજે જણાવેલ છે કે

**"અગમ અગોચર નયકથા, પાર કોથી ન લહીએ રે;**
**તેથી તુજ શાસન એમ કહે, બહુશ્રુતવચને રહીએ રે."**
**જયો જયો જગગુરુ જગધણી...**

આ રીતે જ **પ્રમાણમીમાંસા**માં **શ્રીહેમચન્દ્રસૂરિ**એ જણાવેલ, તમામ ઉપાધિના ધ્વંસસ્વરૂપ મોક્ષ સુલભ બને. (૮/૨૪)

લખી રાખો ડાયરીમાં.....

- **બુદ્ધિ કાયમ કહે છે 'આવતી કાલે સુખ મળશે.' પ્રતિકૂળ સ્થિતિમાં પણ શ્રદ્ધા કહે છે 'અત્યારે જ સુખ વિદ્યમાન છે.'**

- **સાધનાની સફળતાનો આધાર છે મનની દૃઢતા.**
  **દા.ત. મુનિ વિશ્વભૂતિ.**

  **ઉપાસનાની સફળતાનો આધાર છે મનની મુલાયમતા.**
  **દા.ત. વલ્કલચિરી.**

**ઈમ બહુવિધ નય ભંગસ્યૂં રે, ❑એક ♦જ ત્રિવિધ પયત્થ;**
**પરખો *હરખો ✡હિયડલઈ રે, સુજસ લહી પરમત્થ રે ॥૮/૨૫॥ (૧૩૩) પ્રાણી.**

**એ પ્રક્રિયામાંહિ** પણિ જે યુક્તિસિદ્ધ અર્થ છઇ, તે અશુદ્ધ ટાલીનઈં ઉપપાદિઉં છઇ. ▸તે માટઈં (**ઈમ=**) એહ●રીતેં (**બહુવિધ=**) બહુ પ્રકારઈં✤ ⧗**નયભંગઈ એક** જ (**પયત્થ=**) અર્થ **ત્રિવિધ** કહઈતાં દ્રવ્ય-ગુણ

प्रकृतविषयोपसंहारायाऽऽह – '**विविधे**'ति।

**विविधनयभङ्गैर्हि त्रैविध्यमेकवस्तुनि।**
**विविच्य मोदतां चित्ते लभतां सुयशः परम्॥८/२५॥**

प्रकृते दण्डान्वयस्त्वेवम् – विविधनयभङ्गैः हि एकवस्तुनि त्रैविध्यं विविच्य चित्ते मोदताम्, परं सुयशः (च) लभताम्॥८/२५॥

इह दिगम्बरदेवसेनोक्तनयोपनयविभागप्रक्रियायामपि योऽर्थो युक्त्यागमसिद्धः स तु अशुद्ध-विषयमपहायोपपादित इति नात्र नयमीमांसायां मत्सरलेशोऽप्यस्माकमवसेयः। यश्चाऽसङ्गतोऽर्थः देवसेनोक्त इह समालोचितः तत्राऽपि न नो विद्वेषः। किन्तु मध्यस्थतया यथावस्थिततत्त्वाऽऽ-विर्भावनमात्रमेवात्र बोध्यम्। तदुक्तं **श्रीशीलाङ्काचार्येण** अपि **श्रीसूत्रकृताङ्गसूत्रव्याख्यायाम्** आर्द्रकाध्ययन-विवरणे "राग-द्वेषवियुक्तस्य वस्तुस्वरूपाऽऽविर्भावने न काचिद् गर्हेति। अथ तत्राऽपि गर्हा भवति ? न

**અવતરણિકા** :- પ્રસ્તુત વિષયના ઉપસંહાર માટે ગ્રંથકારશ્રી જણાવે છે :-

**શ્લોકાર્થ** :- અનેક નયોના પ્રકાર દ્વારા એક જ વસ્તુમાં ત્રિરૂપતાને પરખીને હૈયામાં હરખો. તથા પારમાર્થિક સુયશને પામો. (૮/૨૫)

### ❃ મધ્યસ્થભાવે સમાલોચના નિર્દોષ ❃

**વ્યાખ્યાર્થ** :- પ્રસ્તુતમાં દિગંબર દેવસેનજીએ જણાવેલ નય-ઉપનયના વિભાગની પ્રક્રિયામાં પણ જે અર્થ યુક્તિ અને આગમ દ્વારા સિદ્ધ થઈ શકે તેમ છે, તેનું અહીં સમર્થન કરવામાં આવેલ છે. તથા અશુદ્ધ વિષયનું અહીં નિરાકરણ કરવામાં આવેલ છે. આથી પ્રસ્તુત નયમીમાંસામાં અમને લેશમાત્ર પણ ઈર્ષ્યાનો ભાવ દેવસેનજી પ્રત્યે નથી - તેમ વાચકવર્ગે સમજવું. તથા દેવસેનજીએ જણાવેલ જે અસંગત અર્થની અહીં સમાલોચના કરવામાં આવેલ છે તેમાં પણ અમને દેવસેનજી પ્રત્યે દ્વેષ નથી. પરંતુ અમે અહીં મધ્યસ્થ ભાવથી વાસ્તવિક તત્ત્વનું માત્ર નિરૂપણ કરેલ છે - તેમ સમજવું. આ અંગે શ્રી**શીલાંકાચાર્ય**જીએ પણ **સૂયગડાંગસૂત્રવ્યાખ્યા**માં આર્દ્રક અધ્યયનનું વિવરણ કરવાના અવસરે જણાવેલ છે કે "રાગ-દ્વેષરહિત વ્યક્તિ વસ્તુના સ્વરૂપને જણાવે એટલા માત્રથી નિંદા-ગર્હા કોઈ પણ પ્રકારે માન્ય નથી. જો વસ્તુનું મધ્યસ્થભાવે

❑ કો.(૧૩)માં 'એકવિધ' પાઠ. ♦ પુસ્તકોમાં 'જ' નથી. કો.(૮)માં છે. * મો.(૨)માં 'હરખો' નથી. ✡ હિયડલઈ = હૃદયમાં ગુર્જરરાસાવલી, પ્રકા. ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટ બરોડા. આ.(૧)માં 'હેડલે' પાઠ. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી. ● આ.(૧)નો પાઠ છે. શાં.+મ.+ધ.માં 'રીતિ' પાઠ છે. ✤ પુસ્તકોમાં 'પ્રકારનય...' પાઠ લા.(૨)નો પાઠ લીધો છે. ⧗ કો.(૧૨)માં '...પ્રકારનયે ભંગે' પાઠ.

-પર્યાયરૂપ **પરખો** = સ્વસમય - પરસમયનો અંતર જાણીનઈ **હૃદયનઈ** વિષઇં **હરખો, પરમાર્થ (સુજસ=)** જ્ઞાનયશ (લહી=) **પામી** ◂નઈ. *ઈતિ ગાથા ૧૩૩નો જાણવો અર્થ. અહો ભવિ પ્રાણી ! ઈણી ઢાલઈ એહવઉ નય સમજવઉ.* ॥૮/૨૫॥

---

तर्हि 'उष्णोऽग्निः, शीतम् उदकम्, विषं मारणात्मकम्' इत्येवमादि किञ्चिद् वस्तुस्वरूपम् आविर्भावनीयम्" (सू.कृ.श्रु.स्क.२/अ.६/सू.१४/पृ.३९३) इति।

इत्थञ्च **विविधनयभङ्गैः** = नानानयप्रकारैः **एकवस्तुनि हि** = एकत्रैव व्यक्तौ **त्रैविध्यं** = द्रव्य-गुण-पर्यायात्मकत्वं **विविच्य** = ऊहापोहाभ्यां विवेकविषयीकृत्य स्व-परसमयतत्त्वम् अवध्रियताम्, "ऊहापोहाभ्यां तत्त्वावधारणाद्" (वाच.भाग-२/पृ.१३९८) इति **वाचस्पत्यम्**। ततश्च स्व-परसमयभेदं विज्ञाय **चित्ते** = स्वहृदये **मोदताम्**। तत एव च **परं** = पारमार्थिकं **सुयशः** = ज्ञानयशो **लभताम्**।

प्रकृते आध्यात्मिकोपनयस्त्वेवम् – देवसेनमतमीमांसायां लेशतोऽपीर्ष्यादिभावः नैव स्यादिति ग्रन्थकृज्जागृतिः महत्त्वमाबिभर्ति। ततश्चेदं बोद्धव्यं यदुत परकीयमन्तव्यसमीक्षण-परीक्षणादौ परं

---

નિરૂપણ કરવામાં નિંદા દોષ લાગુ પડતો હોય તો 'અગ્નિ ગરમ છે. પાણી ઠંડુ છે. વિષ મારનાર છે.' - આવા પ્રકારે કોઈ પણ વસ્તુનું સ્વરૂપ દર્શાવી જ નહિ શકાય."

### ❋ ઊહાપોહ દ્વારા તત્ત્વઅવધારણ ❋

(इत्थ.) આ રીતે અનેક નયના વિવિધ પ્રકારો દ્વારા એક જ વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ ત્રૈવિધ્યને ઊહાપોહ દ્વારા વિવેકજ્ઞાનનો વિષય બનાવીને સ્વ-પર શાસ્ત્રના તત્ત્વનું તમે અવધારણ કરો. કારણ કે **વાચસ્પત્યમ્** શબ્દકોશ નામના ગ્રંથમાં જણાવેલ છે કે 'ઊહાપોહ દ્વારા તત્ત્વનું અવધારણ = નિશ્ચય થાય છે.' તેથી વિવેકદૃષ્ટિ દ્વારા સ્વ-પર શાસ્ત્રના ભેદને વિશેષરૂપે જાણીને તમે પોતાના હૃદયમાં આનંદ પામો અને પારમાર્થિક જ્ઞાનયશને પ્રાપ્ત કરો.

### ❋ આધ્યાત્મિક તૃપ્તિની ઓળખાણ ❋

**સ્પષ્ટતા** :- ઊહ = અન્વયમુખી વિચારણા તથા અપોહ = વ્યતિરેકમુખી વિચારણા. અન્વય-વ્યતિરેકમુખી વિચારણા દ્વારા જ વિવેકદૃષ્ટિ જાગૃત થઈ શકે છે. તથા વિવેકદૃષ્ટિના પરિપાકથી જ તત્ત્વની પરીક્ષા થઈ શકે છે. તેથી દિગંબર અને શ્વેતાંબર સંપ્રદાયમાં નયસંબંધી નિરૂપણ વિવિધ સ્વરૂપે ઉપલબ્ધ થાય છે. ઊહાપોહ દ્વારા તેની પરીક્ષા કરી દિગંબર સંપ્રદાયમાં નયસંબંધી જે કાંઈ પણ સારી વિચારણા ઉપલબ્ધ થાય તેને સ્વીકારી, ખોટી વિચારણાનો ત્યાગ કરી તથા શ્વેતાંબર સંપ્રદાયમાં નયસંબંધી આગમિક મૌલિકતાને ચઢિયાતી જાણીને ચિત્તમાં જે તૃપ્તિ પ્રગટે, તે જ આધ્યાત્મિક તૃપ્તિ સમજવી.

### ❋ તામસિક આનંદ છોડીએ ❋

**આધ્યાત્મિક ઉપનય** :- દેવસેનજીની નયવિચારણાની સમાલોચના કરતાં લેશ પણ ઈર્ષ્યાભાવ ન સ્પર્શી જાય તેની જાગૃતિ રાખવાની વાત પરામર્શકર્ણિકામાં દર્શાવેલ છે, તે અહીં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કોઈ પણ વ્યક્તિની માન્યતાની સમીક્ષા કે પરીક્ષા કરતી વખતે તે વ્યક્તિ પ્રત્યે કે તેની માન્યતા

---

*...* ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ પુસ્તકોમાં નથી ફક્ત લા.(૨)માં છે. ▸...◂ ચિહ્નદ્વયમધ્યવર્તી પાઠ કો.(૯)માં નથી.

प्रति दृष्टिद्वेषः स्वमतं प्रति दृष्टिरागो वा न स्यात् तदैव परमार्थतः समीक्षणाद्यधिकारः लभ्यते। मध्यस्थदशामुपलभ्य, ऊहापोहाभ्यां तत्त्वं परीक्ष्य, विवेकदृष्ट्या तत्त्वं निर्णीय य आनन्दो लभ्यते स एव आध्यात्मिकाऽऽनन्दो बोध्यः। निर्विवेकदृष्टिराग-द्वेषेर्ष्यादिना परमतसमीक्षणादितो य आनन्द उपलभ्यते स तु तामसो ज्ञेयः।

तं दूरतः त्यक्त्वा आध्यात्मिकाऽऽनन्दोपलब्धये यतितव्यमित्युपदेशः। इत्थमेव [1]"विरायइ कम्मघणम्मि अवगए कसिणब्भपुडावगमे व चंदिमे" (द.वै.८/६४) इति **दशवैकालिकसूत्रो**क्तं निरभ्रराकेशसमं सिद्धस्वरूपम् आविर्भवेत् ।।८/२५।।

इति श्रीवर्धमानतपोनिधि-न्यायविशारद-स्वर्गस्थगच्छाधिपतिश्रीमद्विजय**भुवनभानुसूरीश्वर**शिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-पार्श्वप्रज्ञालयतीर्थप्रेरक-पंन्यासप्रवरश्री**विश्वकल्याणविजयगणिवर**शिष्य-मुनि**यशोविजयगणि**रचितस्य **द्रव्य-गुण-पर्यायरासा**नुसारिणो **द्रव्यानुयोगपरामर्शस्य परामर्शकर्णिका**भिधानायां स्वरचितवृत्तौ अष्टमशाखायाम् **आध्यात्मिकनयनिरूपण-देवसेनमतसमीक्षा**भिधानः अष्टमोऽधिकारः ।।८।।

प्रत्ये આંધળો દ્વેષ કે ઈર્ષ્યા આપણામાં ન જન્મે તથા આપણા મત પ્રત્યે આંધળો રાગ પ્રવેશી ન જાય તો જ સમીક્ષા કે સમાલોચના કરવાનો અધિકાર પારમાર્થિક રીતે મળી શકે. આવી મધ્યસ્થદશા કેળવી, ઊહાપોહ દ્વારા તત્ત્વપરીક્ષા કરી, વિવેકદષ્ટિથી તત્ત્વનિર્ણય કરી જે આનંદ મળે તે જ આધ્યાત્મિક આનંદ સમજવો. સ્વમતનો આંધળો રાગ કે પરમતનો આંધળો દ્વેષ રાખી, ઈર્ષ્યાભાવથી બીજાને હલકા ચિતરી જે આનંદ મળે તે તામસિક આનંદ જાણવો.

(**तं.**) આત્માર્થી જીવે આવા તામસિક આનંદથી સદા દૂર રહી, આધ્યાત્મિક આનંદ મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું. આવો આધ્યાત્મિક ઉપદેશ આ શ્લોક દ્વારા પ્રાપ્ત થાય છે. આ રીતે જ વાદળરહિત શરદપૂનમના ચંદ્ર જેવું સિદ્ધસ્વરૂપ પ્રગટે. આ અંગે **દશવૈકાલિકસૂત્ર**માં જણાવેલ છે કે 'જેમ સંપૂર્ણ વાદળના પડલો રવાના થતાં ચંદ્ર શોભે, તેમ કર્મસ્વરૂપ વાદળા રવાના થતાં આત્મા શોભે છે.' (૮/૨૫)

પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન પૂજ્યવર્ય પદ્મમણિતીર્થોદ્ધારક પાર્શ્વપ્રજ્ઞાલયતીર્થપ્રેરક પંન્યાસપ્રવર શ્રી**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્યાણુ મુનિ **યશોવિજય** ગણી દ્વારા સ્વરચિત ***'દ્રવ્યાનુયોગપરામર્શ'*** (***દ્રવ્ય-ગુણ-પર્યાયરાસ*** અનુસારી) ગ્રંથની ***'પરામર્શકર્ણિકા'*** નામની સ્વરચિત વૃત્તિની આઠમી શાખાના ***'કર્ણિકાસુવાસ'*** નામના ગુજરાતી વિવરણમાં ***'આધ્યાત્મિકનયનિરૂપણ અને દેવસેનમત સમીક્ષા'*** નામનો આઠમો અધિકાર પૂર્ણ થયો.

**❈ આઠમી શાખા સમાપ્ત ❈**

1. विराजते कर्मघनेऽपगते कृत्स्नाभ्रपुटाऽपगमे इव चन्द्रमाः।

## ❁ શાખા - ૮ અનુપ્રેક્ષા ❁

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. દિગંબર-શ્વેતાંબર શાસ્ત્રના આધારે અર્પિત-અનર્પિત નયની સિદ્ધિ કરો.
૨. પ્રદેશ, પ્રસ્થક અને વસતિ દૃષ્ટાંતમાં નૈગમનયમાં વ્યવહારનય અને સંગ્રહનય કરતાં શી રીતે ભેદ પડે છે ?
૩. ઋજુસૂત્રનય વિશે સિદ્ધાંતમત અને સિદ્ધસેનમત જણાવો. તેની મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ સંગતિ શી રીતે કરે છે ?
૪. ઉપનયને નય કરતાં ભિન્ન માનવામાં શું આપત્તિ આવે ?
૫. વ્યવહારનયના ત્રણ પ્રકારો સદૃષ્ટાંત જણાવો.
૬. 'નયના અવાંતર ભેદ પાડો તો ૫૦૦ કે ૭૦૦ થાય, ૯૦૦ ન થાય' - આ વાક્યની સિદ્ધિ કરો.
૭. 'ગો-બલિવર્દ ન્યાય' શું છે ? તેને માનવામાં નયની સંખ્યામાં કઈ આપત્તિ આવશે ?
૮. સૂયગડાંગસૂત્રમાં બતાવેલ વાવડીનું દૃષ્ટાંત જણાવો.
૯. 'અર્પિતનય અને અનર્પિતનય પદાર્થના ગુણધર્મ છે' - તેવું દિગંબર અને શ્વેતાંબર આગમ દ્વારા સમજાવો.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. ઋજુસૂત્રનયને દ્રવ્યાસ્તિકમાં અંતર્ભાવ કરતા શાસ્ત્રપાઠો આપો.
૨. વિભાજ્યતાઅવચ્છેદક એટલે શું ? દૃષ્ટાંત આપો.
૩. નિશ્ચયનયના આઠ વિષય કયા છે ?
૪. નિશ્ચયનયના કોઈ પણ બે પ્રકાર જણાવો અને તેના દૃષ્ટાંત આપો.
૫. 'નોજીવ' ની જેમ 'નોઆકાશ' શબ્દપ્રયોગ શા માટે નથી થતો ?
૬. 'અર્ધજરતીય ન્યાય' ઓળખાવો.
૭. 'વિભાવગુણપર્યાય'ની સમજણ આપો.
૮. ચાર પ્રકારના દ્રવ્યાંશ જણાવો.
૯. દિગંબરોને પણ 'નય સાત છે' આ વાત માન્ય છે - આ સંબંધી શાસ્ત્રપાઠ આપો.
૧૦. સદ્ભૂત વ્યવહારનયના પ્રકાર તથા તેના દૃષ્ટાંત જણાવો.

**પ્ર.૩ વાક્ય સાચું છે કે ખોટું ? ખોટું હોય તો સુધારીને લખો.**

૧. અન્ય નયના વિષયનું નિરાકરણ કરે તે નય અચૂક મિથ્યા બની જાય.
૨. જંબૂદ્વીપમાં દસ ક્ષેત્ર આવેલા છે.
૩. નિશ્ચયનય એકમાં અનેકતાનો ઉપચાર કરે છે.

૪. 'નિર્વિકલ્પ અને સવિકલ્પ જ્ઞાનની વિષયિતા પરસ્પર ભિન્ન છે' - આમ વેદાંતી માને છે.
૫. સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સ્વદ્રવ્ય વિદ્યમાન છે - આ પર્યાયાર્થિકનયનો સમાવેશ નૈગમાદિમાં થઈ શકે છે.
૬. શુદ્ધ દ્રવ્યાસ્તિકનયાત્મક શુદ્ધ સંગ્રહનય નિશ્ચયનયસ્વરૂપ છે.
૭. તત્ત્વાર્થસૂત્રમાં નવ તત્ત્વોનો વિભાગ તત્ત્વવિભાગ સ્વરૂપ છે, જીવ-અજીવના પ્રભેદ સ્વરૂપે નથી.
૮. નિશ્ચયનય અને પ્રમાણ વચ્ચે તફાવત નથી.
૯. સ્વ-પરનો નિશ્ચય કરાવનાર જ્ઞાન પ્રમાણ છે.
૧૦. મતિજ્ઞાન કર્મજન્ય છે.

**પ્ર.૪ યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| ૧. વ્યવહારનય | (૧) સોમિલ બ્રાહ્મણ |
| ૨. વાક્યપદીય | (૨) કેવળજ્ઞાન |
| ૩. નિશ્ચયનય | (૩) જિનભદ્રગણી ક્ષમાશ્રમણ |
| ૪. સ્વભાવગુણ | (૪) ઉત્કટ પર્યાય |
| ૫. તર્કવાદી | (૫) દિગંબરકૃતિ |
| ૬. ભગવતી સૂત્ર | (૬) વાદળ ચમકે છે |
| ૭. તત્ત્વાર્થ રાજવાર્તિક | (૭) નિર્મળ પરિણતિ |
| ૮. તત્ત્વાર્થ શ્લોકવાર્તિક | (૮) કેવલ ચૈતન્ય |
| ૯. સ્વભાવગુણ-પર્યાય | (૯) સિદ્ધસેનદિવાકરસૂરિ |
| ૧૦. સિદ્ધાંતવાદી | (૧૦) વિદ્યાનંદસ્વામી |

**પ્ર.૫ ખાલી જગ્યા પૂરો.**

૧. ----- ના મતે લોકવ્યવહારમાં તત્પર હોય તેને વ્યવહારનય કહેવાય. (અનુયોગદ્વાર, સમ્મતિતર્ક, વિશેષાવશ્યકભાષ્ય)
૨. 'પ્રદેશ નથી જ' આવું મંતવ્ય ---- નયનું છે. (શબ્દ, સમભિરૂઢ, એવંભૂત)
૩. ------ ને ઉદ્દેશીને તાદાત્મ્યસંબંધથી આત્માનું વિધાન શુદ્ધ નિશ્ચયનયમાં થાય છે. (મતિજ્ઞાન, જાતિસ્મરણજ્ઞાન, કેવળજ્ઞાન)
૪. 'આત્મા પચ્ચક્ખાણ છે' - આ વિધાન ---- કરે છે. (ભગવતીસૂત્ર, પ્રવચનસાર, મરણવિભક્તિ)
૫. જિનેશ્વર ભગવંતનો મત ------ ની અપેક્ષાએ અનેકાન્ત સ્વરૂપ છે. (પ્રમાણ, અર્પિતનય, અનર્પિત નય)
૬. 'આત્મા એક છે, દંડ એક છે, ક્રિયા એક છે' આ વાક્ય ------ માં આવે છે. (આચારાંગ, ઠાણાંગ, સમવાયાંગ)
૭. ------ ની પરિભાષા મુજબ નિશ્ચય અને વ્યવહાર આમ બે નય છે. (અધ્યાત્મ, તર્ક, ન્યાય)
૮. 'પ્રદેશ ભાજ્ય છે' - આવું ------ નય કહે છે. (ૠજુસૂત્ર, શબ્દ, એવંભૂત)
૯. 'દેવદત્તનું ધન' - આવો વ્યવહાર ------ વ્યવહારનય કરે છે. (સંશ્લેષિત, અસંશ્લેષિત, અનુપચરિત)

નોંધ :- પ્રસ્તુત અનુપ્રેક્ષાના ઉત્તરો માટે જુઓ - ભાગ ૭, પરિશિષ્ટ - ૧૭.

## • 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - ભાગ ૧ થી ૭ ની પૃષ્ઠસૂચિ •


| ભાગ | ઢાળ/શાખા | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | ૧ + ૨ | ૧-૨૪૨ |
| | ૧. દ્રવ્યાનુયોગ માહાત્મ્ય | ૧-૮૬ |
| | ૨. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદસિદ્ધિ | ૮૭-૨૪૨ |
| (૨) | ૩ + ૪ + ૫ | ૨૪૩-૬૭૪ |
| | ૩. દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદસિદ્ધિ | ૨૪૩-૩૫૮ |
| | ૪. દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદાભેદસિદ્ધિ + સપ્તભંગી સ્થાપન | ૩૫૯-૫૬૨ |
| | ૫. નય-પ્રમાણસાપેક્ષ ભેદાભેદસિદ્ધિ + દ્રવ્યાર્થિકનયનિરૂપણ | ૫૬૩-૬૭૪ |
| (૩) | ૬ + ૭ + ૮ | ૬૭૫-૧૧૦૪ |
| | ૬. દિગંબરસંમત નયનું નિરૂપણ | ૬૭૫-૮૧૪ |
| | ૭. ઉપનય પરામર્શ | ૮૧૫-૯૦૪ |
| | ૮. આધ્યાત્મિકનય નિરૂપણ + દેવસેનમત સમીક્ષા | ૯૦૫-૧૧૦૪ |
| (૪) | ૯ + ૧૦ | ૧૧૦૫-૧૬૪૬ |
| | ૯. ઉત્પાદાદિ વિચાર | ૧૧૦૫-૧૩૮૪ |
| | ૧૦. દ્રવ્યભેદ નિરૂપણ | ૧૩૮૫-૧૬૪૬ |
| (૫) | ૧૧ + ૧૨ | ૧૬૪૭-૧૯૬૦ |
| | ૧૧. ગુણ + સામાન્યસ્વભાવ નિરૂપણ | ૧૬૪૭-૧૮૪૪ |
| | ૧૨. વિશેષસ્વભાવ નિરૂપણ | ૧૮૪૫-૧૯૬૦ |
| (૬) | ૧૩ + ૧૪ + ૧૫ | ૧૯૬૧-૨૩૫૨ |
| | ૧૩. સ્વભાવમાં નયયોજના | ૧૯૬૧-૨૧૧૦ |
| | ૧૪. વ્યંજનપર્યાય-અર્થપર્યાય નિરૂપણ | ૨૧૧૧-૨૨૪૪ |
| | ૧૫. જ્ઞાન માહાત્મ્ય | ૨૨૪૫-૨૩૫૨ |
| (૭) | ૧૬ + ૧૭ | ૨૩૫૩-૨૮૩૪ |
| | ૧૬. દ્રવ્યાનુયોગપરિજ્ઞાન પ્રાધાન્ય | ૨૩૫૩-૨૫૮૪ |
| | ૧૭. ગુરુપરંપરા પ્રશસ્તિ | ૨૫૮૫-૨૬૨૯ |
| | • ૧ થી ૧૮ પરિશિષ્ટ | ૨૬૩૦-૨૮૩૪ |


★ સંપૂર્ણ ★

**નોંધ :-** 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' - આ પુસ્તકના કુલ સાત ભાગના પ્રકાશન સાથે જ **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ + અધ્યાત્મ અનુયોગ'** ભાગ ૧-૨ પણ પ્રકાશિત થયેલ છે. તે બન્ને ભાગમાં રાસ+ટબો+પરામર્શ+શ્લોકાર્થ+આધ્યાત્મિક ઉપનય+પાઠાંતરાદિની ટિપ્પણી + દરેક શાખાનો ટૂંકસાર સમાવિષ્ટ છે.

जिनपतिप्रथिताऽखिलवाङ्मयी,
गणधराऽऽननमण्डपनर्तकी।
गुरुमुखाम्बुजखेलनहंसिका,
विजयते जगति श्रुतदेवता।।




श्रुतअधिष्ठायिका मा सरस्वती

सत्यमपि स्वपरिणामनैष्ठुर्यापादकाक्षेपकभाषया नैव वाच्यम्।

(कर्णिका-पृ.१०३५)

સાચી વાત પણ આપણા પરિણામ કઠોર થાય તેવી ભાષામાં, આક્ષેપકારી ભાષામાં કદાપિ બોલવી ન જોઈએ.

(કર્ણિકા સુવાસ)


દ્રવ્ય
ગુણ
પર્યાય



❀ પ્રકાશક ❀

**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઇર્લા**

પરમને પામવાનું પરિપૂર્ણ પરિબળ

દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ

MULTY GRAPHICS
(022) 23873222 / 23884222